Regd. No. B. 3047

# શ્રી સિદ્ધચક્ર

!!! વં.....દ.....ન.....હો !!!

## શ્રી સિદ્ધચક્રને

अर्हन्तः प्रातिहार्यैः सुरनरनिकरैरर्चनीयाः शिवाढ्याः
सिद्धाः निष्कर्मकिट्टा जनिमृतिरहिताः सर्ववेदिप्रगलभाः
आचार्या धर्मधुर्याः श्रुतगणपटवो वाचकाः सन्मुनीशाः
मोक्षाध्वालंबनाः श्रद्धतिमतिश्चरणैः सत्तपोभिः पुनन्तु ॥१॥

जिनेशितुश्चक्रभृतो वासुदेवस्य वा यथा ।
चक्रं तथेदं श्रीसिद्धचक्रं शासनकार्यकृत् ॥२॥

વર્ષ ૧૦ અંક ૧

[ ધનજીસ્ટ્રીટ : ૨૫, ૨૭ ]

વિક્રમસં. ૧૯૯૭, વીરસં. ૨૪૬૭, લવાજમ રૂ. ૨-૦-૦

તા. ૫-૧૦-૪૧ રવીવાર કિંમત ૧ાા આના

( ટાઈટલ પાના ૩નું ચાલુ )

છતાં આકસ્મિક ક્રોધનાં કારણો મળી જાય તો પણ ક્રોધ કરવાથી દૂર રહેવું એ ક્ષમાગુણ જે આચરણમાં પ્રધાન હોય તે ધર્મ. ઉપર પાંચ વિશેષણોથી ધર્મને અંગે સાર્થકતા જણાવવામાં આવી છે તેવી રીતે સર્વ વિશેષણો એટલે આખી વિશેષણની બાવીશી સુંદર અને સૂક્ષ્મ વિચાર શ્રેણીને માગી રહેલ છે તે વિશેષણોની બાવીશી નામમાત્રથી નીચે પ્રમાણે છે.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | કેવલી પ્રજ્ઞપ્ત | — | કેવલિ મહારાજે કહેલો એવો | ધર્મ |
| ૨ | અહિંસા લક્ષણ | — | અહિંસા જેનું લક્ષણ છે એવો | ધર્મ |
| ૩ | સત્યાધિષ્ઠિત | — | સત્યથી અધિષ્ઠિત એવો | ,, |
| ૪ | વિનયમૂલ | — | વિનય છે મૂલ જેમાં એવો | ,, |
| ૫ | ક્ષાન્તપ્રધાન | — | ક્ષમા છે પ્રધાન જેમાં એવો | ,, |
| ૬ | અહિરણ્ય સુવર્ણ | — | હિરણ્ય અને સુવર્ણ જેમાં રાખવાનું નથી એવો | ,, |
| ૭ | ઉપશમ પ્રભવ | — | ઉપશમ જેમાં ઉત્પન્ન થનાર એવો | ,, |
| ૮ | નવબ્રહ્મચર્ય ગુપ્ત | — | નવ પ્રકારના બ્રહ્મચર્યથી ગુપ્તી છે જેમાં એવો | ,, |
| ૯ | અપચમાન | — | જેમાં રાંધવાદિ ક્રિયા નથી એવો | ,, |
| ૧૦ | ભિક્ષાવૃત્તિ | — | જેમાં ભિક્ષાએ વૃત્તિ કરવાની છે એવો | ,, |
| ૧૧ | કુક્ષિસંબલ | — | જે કંઇ મળ્યું તે કુખમાંજ રાખવાનું છે પણ બીજા દિન માટે ખોરાક પણ સંગ્રહવાનું નથી એવો | ,, |
| ૧૨ | નિરગ્નિ શરણ | — | અગ્નિ અને ઘર નથી જેમાં એવો | ,, |
| ૧૩ | સંપ્રક્ષાલીધ | — | કર્મના દોષ રહિતપણાથી થવાવાળો એવો | ,, |
| ૧૪ | ત્યક્તદોષ | — | ચાલુ દોષોનો ત્યાગ કરવાવાળો એવો | ,, |
| ૧૫ | ગુણગ્રાહી | — | જેમાં ગુણોનુંજ ગ્રહણ કરવાપણું હોય એવો | ,, |
| ૧૬ | નિર્વિકાર | — | વિકાર રહિતપણું છે એવો | ,, |
| ૧૭ | નિર્વૃતિ લક્ષણ | — | નિર્વૃતિ લક્ષણવાળો એવો | ,, |
| ૧૮ | પંચમમહાવ્રત યુકત | — | પાંચમહાવ્રતોથી યુકત એવો | ,, |
| ૧૯ | અસંનિધિ સંચય | — | સંનિધિ અને સંચય જેમાં નથી એવો | ,, |
| ૨૦ | અવિસંવાદિ | — | વિસંવાદ એટલે મન વચન અને કાયાની વિરૂદ્ધતા જેમાં નથી એવો | ,, |
| ૨૧ | સંસાર પારગામી | — | સંસારના પારને પામવાનું જેમાં છે એવો | ,, |
| ૨૨ | નિર્વાણ લક્ષણ | — | મોક્ષરૂપી ફળ છે જેમાં એવો | ધર્મ |

આવી રીતે ઉપર જણાવેલી વિશેષણની બાવીશી જે ધર્મને લાગુ થયેલી હોય તે ધર્મ દુર્ગતિને રોકવારૂપ અને સદ્ગતિને આપવારૂપ તેના ફલને મેળવી આપનારો થાય તેવી શ્રદ્ધા સુજ્ઞોનેજ હોય અને તેજ શ્રદ્ધા પરમપવિત્ર શ્રદ્ધાના સ્થાનને લાયક ગણે. (સમ્પૂર્ણ)

# શ્રી સિદ્ધચક્ર

વર્ષ ૧૦ : ] આસો સુદ ૧૫ [ અંક ૧

તંત્રી
પાનાચંદ રૂપચંદ
ઝવેરી

: ઉ દ્દે શ :

શ્રીનવપદમય શ્રીસિદ્ધચક્રની આરાધના અને આયંબિલ વર્ધમાનતપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતા વાળી દેશના અને શંકાના સમાધાન (આદિ) નો ફેલાવો કરવો........................વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦........


## મ્હારૂં નવુ વર્ષ અને તેને અંગે મ્હારૂં નમ્ર નિવેદન

મ્હારા વાંચકોને એ વાત તો નવી જણાવવી પડે તેમ નથી કે હું મ્હારાં નવ વર્ષ સંપૂર્ણ કરીને દસમા વર્ષમાં પ્રવેશ કરૂં છું. મ્હારે એમ કહેવું જોઈએ કે જગતમાં કોઇ પણ પૂર્ણ અંકના ગુણાકારની અપેક્ષાએ અભંગ એવો અંક હોય તો તે માત્ર નવડોજ છે, કેમકે બે એ ગુણતાં અઢાર થાય, તો પણ આઠને એક નવ થાય. યાવત્ નવે ગુણતાં એકાશી થાય તો પણ એકને આઠ નવજ થાય. આ વાત જગતમાં પ્રસિદ્ધજ છે. માત્ર મ્હારા વાંચકોને યાદને માટે કહેવી પડી છે. અને આ નવનો અંક મ્હારી ઉંમરના પ્રમાણમાં જેમ મ્હારે હસ્તગત થયો છે, તેમ જે પવિત્ર નામ મેં ધારણ કરેલ છે તે શ્રીસિદ્ધચક્ર મહારાજના યંત્રમાં પણ નવના અંકને સ્થાન આપવાની માફક નવપદોનેજ સ્થાન આપવામાં આવ્યું છે. જો કે એ વાત તદ્દન સાચી છે કે ભગવાન્ જિનેશ્વરમહારાજના જીવો કે જેઓ અનાદિના તેવા તથાભવ્યત્વથી અન્ય જીવો કરતાં સત્તાએ ઉત્તમતાવાળા છે, પરન્તુ જૈનશાસ્ત્રને જાણનારાઓથી એ વાત તો અજાણી નથીજ કે જે જે જીવો તીર્થંકરપણું મેળવવાના હોય તે તે સર્વજીવો જે સમ્યક્ત્વ પામે તે સમ્યક્ત્વ તીર્થંકરના અન્ત્ય ભવસુધી નિયમિત

રહેવાનું હોય એમ બને નહિં. એકલું ઔપશમિક પમાય તેજ પ્રતિપાતી થયેલું હોય એમ નહિં, પરન્તુ ક્ષાયોપશમિક સમ્યકત્વ જે પ્રાપ્ત થયેલું હોય તે પણ ક્ષાયિક સમ્યકત્વ પામવાની અપેક્ષાએ નહિં, પરન્તુ મિથ્યાત્વ પામવાની અપેક્ષાએ પણ પ્રતિપાતી સમ્યકત્વ હોઇ શકે છે. એટલે જિનેશ્વર ભગવંતના જીવો જે જે સમ્યકત્વ પામે તે અપ્રતિપાતિજ હોય એવો નિયમ કહી શકાયજ નહિં, જો કે બહુલતાએ તો પ્રથમ ઔપશમિક નામનું સમ્યકત્વ અનાદિમિથ્યાદૃષ્ટિને હોય છે. અને તે ઔપશમિક સમ્યકત્વની સ્થિતિ અંતર્મુહૂર્ત્ત કરતાં વધારે હોતી નથી. જો કે ઔપશમિકપણું જે ઉપશમશ્રેણીમાં હોય છે તે કર્મનો પરાભવ દબાવવા દ્વારાએ કર્મોના ઉદયને દબાવી દેવારૂપ હોય છે, અને આદ્ય એવું ઔપશમિક સમ્યકત્વ પામતી વખત જીવને જે ઔપશમિક ગુણપ્રાપ્ત થાય છે તે વખતે મિથ્યાત્વ કર્મનો ઉદયજ હોતો નથી. અને તેથીજ ઔપશમિકપણું થાય છે એટલે ઉદયને દબાવવારૂપ ઉપશમશ્રેણિમાં સમ્યકત્વ અને ચારિત્રને અંગે હોય છે, જ્યારે આ અનાદિના મિથ્યાત્વીને પ્રાપ્ત થતા ઔપશમિક સમ્યકત્વમાં ઉદયનો અભાવ હોવાથી એટલે તે મિથ્યાત્વના પુદ્‌ગલોનો તે વખતે ઉદયકાળજ ન હોવાથી સમ્યકત્વ થાય છે અને તેને ઔપશમિક કહેવાય છે. આ વસ્તુ સમજવાથી તત્ત્વાર્થ ભાષ્યકારમહારાજે મનુષ્યગતિ સિવાય બીજી દેવ-તિર્યંચ અને નારકી એ ત્રણે ગતિઓમાં ઔપશમિક સમ્યકત્વનો જે અભાવ ગણ્યો છે તે કઇ અપેક્ષાએ ગણ્યો છે તે સમજાશે. અર્થાત્ સ્હેજે સમજી શકાશે કે પ્રયત્નથી થએલા ઉદયના રોધને ઔપશમિક તરીકે ગણીને તેવું ઔપશમિક સમ્યકત્વ શ્રેણિમાંજ હોય અને તે શ્રેણિગત ઔપશમિક સમ્યકત્વ મનુષ્યનેજ હોય તેમાં શંકાને સ્થાનજ નથી, આવી રીતે અનુદય જે મિથ્યાત્વના પુદ્‌ગલોના અભાવને લીધેજ છે તેવું ઔપશમિક સમ્યકત્વ જે જે તીર્થંકરોના જીવને પ્રાપ્ત થાય તેમને તેમને બહુલતાની રીતિએ તો તે સમ્યકત્વ છોડવુંજ પડે, એટલુંજ નહિં, પરન્તુ જિનેશ્વર ભગવંતના જીવોને પણ મનુષ્યભવના આંતરાવાળા ત્રણ ભવોથી વધારે ભવોનું પર્યટન થાય છે તે સમ્યકત્વના અવિચળપણાના અભાવને લીધેજ છે. એટલે ભગવાન્ જિનેશ્વર મહારાજના જીવને પ્રાપ્ત થએલ ઔપશમિક સમ્યકત્વ હોય કે તેવું પડવાવાળું ક્ષાયોપશમિક સમ્યકત્વ હોય, પરન્તુ તે સમ્યકત્વને વરબોધિ તરીકે એટલે અપ્રતિપાતી અને તીર્થંકર નામકર્મને લાવનાર તરીકે ગણવામાં આવતું નથી, પરન્તુ જે સમ્યકૂત્વ પ્રાપ્ત થતાંની સાથે જગતના જીવમાત્રને નિર્ગ્રંથપ્રવચનને માર્ગે લાવીને મોક્ષની પ્રાપ્તિ કરાવવાના વિચારોવાળું જે સમ્યકત્વ હોય તે વરબોધિ કહેવાય છે. જો કે તીર્થંકર નામકર્મનો બંધ તો અંતઃકોટાકોટિ સાગરોપમની તેની સ્થિતિ હોવાને લીધે મોક્ષે જવાના પ્હેલા અંતઃકોટાકોટિ સાગરોપમના કાલની વખતે પણ જિનનામકર્મનો બંધ થઇ શકે છે, પરન્તુ તે થએલો બંધ સંસારચક્રને ત્રણ ભવ શેષ રાખીને બાકીનો કાપી નાંખનારો હોતો નથી અને તેથીજ નિગોદમાં ગયેલા જીવોને પણ અગર એકેન્દ્રિયપણામાં પણ ગયેલા જીવોને પણ સત્તામાં તીર્થંકર નામકર્મ હોય છે, પરન્તુ તેવી રીતે સામાન્ય સમ્યકત્વના પ્રભાવે બંધાયેલા તીર્થંકર નામકર્મવાળા જીવોને જરૂર તીર્થંકરપણું મળેજ છે એવો નિયમ નથી. અને તેથીજ અસાવદ્યાચાર્યની જેવા સાવદ્યાચાર્યને બંધાયેલું તીર્થંકર નામકર્મ ચાલ્યું ગયું અને કંઇ કાલ સુધી સંસારમાં પરિભ્રમણ તીર્થંકર નામકર્મ બાંધનારા જીવને પણ થયું. આ વાત શાસ્ત્રોને જાણ-

નારાઓથી અજાણી **નથી.** એટલે આ ઉપરથી સ્પષ્ટપણે સમજી શકાશે કે તીર્થંકર નામકર્મ બાંધવાની વખતે પણ અપ્રતિપાતિ એવું વરબોધિ સમ્યક્ત્વ હોયજ એવો નિયમ શાસ્ત્રકારોએ રાખ્યો નથી. અને તેમને તે ઇષ્ટ પણ **નથી,** પરન્તુ શાસ્ત્રકારોએ એ વાત તો સ્પષ્ટ શબ્દોમાંજ જણાવી છે કે તીર્થંકર નામકર્મને નિકાચિત કરનારો અર્થાત્ સંસારચક્રને ઉખેડી નાંખતાં માત્ર ત્રણ ભવ જેટલો સંસાર રાખીને તીર્થંકર નામકર્મને નિકાચિત કરનારો જીવ જે કોઈ હોય તે વરબોધિવાળોજ હોય, અર્થાત્ કોઇ પણ જીવ તીર્થંકર નામકર્મની નિકાચના કરે ત્યારે તે અપ્રતિપાતી એવા વરબોધિવાળોજ હોય અને તે વરબોધિવાળો જીવ જગત્‌ના સર્વ જીવોને નિર્ગ્રંથ પ્રવચન એટલે ત્યાગમય જૈનશાસનમાં આવવાને માટે કટિબધ્ધ થયેલોજ હોય. અને તેવા વરબોધિવાળા જીવો જે કાંઈક અરિહંત–સિદ્ધ–પ્રવચન સ્થવિર–બહુશ્રુત આદિ વીસ સ્થાનકો આરાધવા દ્વારાએ જગત્‌ના જીવોને નિર્ગ્રંથ પ્રવચન તરફ રૂચિવાળા કરે, અને તેને અંગે તે અરિહંતાદિક વીસ પદોને તીર્થંકર નામકર્મ ઉપાર્જવાના સ્થાનક તરીકે ગણીને વીસ સ્થાનકોને 'વીસસ્થાનક' એવી સંજ્ઞા આપવામાં આવી છે **અને** તેથી શ્રીઆવશ્યક નિર્યુક્તિ–શ્રીજ્ઞાતાસૂત્ર આદિ શાસ્ત્રોમાં તીર્થંકર નામકર્મ નિકાચિત કરવાના કારણ તરીકે એ વીસ સ્થાનકોને જણાવવામાં આવેલા છે. પરન્તુ જૈનશાસ્ત્રને અને જગત્‌ના સ્વરૂપને જાણનારા મનુષ્યો જરૂર એ વાતને માની શકશે કે જગત્‌ના જીવો જેમ જુદા જુદા અભિપ્રાયવાળા–જુદી જુદી રૂચિવાળા હોય છે, તેવી રીતે ધર્મઆરાધના કરવાવાળા જીવો પણ જુદીજુદી અભિરૂચિવાળા અને જુદા જુદા વિચારોવાળા હોય તો તેમાં આશ્ચર્ય જેવું નથી. અને તેવા નાના રૂચિ અને નાના છંદ જીવોને માર્ગ પમાડવા માટે તે માર્ગ પમાડવાની અભિરૂચિ-વાળાઓએ જુદાજુદા રૂપે તે જીવોને માર્ગ બતાવવોજ જોઈએ. અને તેથીજ જગત્‌નું હિત કરવાને માટે નિકાચિત બંધાતા એવા તીર્થંકર નામકર્મના કારણો તરીકે વીસ સ્થાનકો કહેવામાં આવેલા છે, પરન્તુ તે વીસ નાના રૂચિ અને નાના છંદ ઉદ્દેશને બાદ કરીએ તો આરાધ્ય વસ્તુઓ તરીકે તે વીસે સ્થાનકોમાં નવજ વસ્તુ રહેલી છે. અને તે નવજ વસ્તુ મ્હેં જેનું નામ ધારણ કર્યું છે એવા શ્રીસિધ્ધચક્ર યંત્રની અંદર સ્થાપન કરવામાં આવેલું છે. એ વાત સર્વથા સાચીજ છે કે મ્હેં જેનું નામ ધારણ કરેલ છે તેમાં જણાવ-વામાં આવેલાં નવે પદો વ્યક્તિરૂપ કે આધારરૂપ તો નથીજ. વ્યક્તિરૂપ કે આધારરૂપ પદો કે જેને અંગે વંદના–નમસ્કાર–સત્કાર અને સન્માન કરતાં પણ અધિક એવી પર્યુપાસના બની શકે છે, અને જેને અંગે શાસ્ત્રકારો જગો જગોપર **वंदामि नमंसामि सक्कारेमि सम्माणेमि** એવાં મનોરથની ક્રિયાને સૂચવનારાં ક્રિયાપદો કહીને પછી ઉપાસ્ય એવાં કલ્યાણ–મંગળ–દૈવત અને ચૈત્ય તેની માફક પર્યુપાસના કરવાનું જણાવે છે. એટલે સ્પષ્ટ થયું કે કલ્યાણકારી વિગેરે પદાર્થો વંદન–નમસ્કારાદિની હદ કરતાં પણ ઉંચી એવી પર્યુપાસનાની હદમાં રહેલાં છે. તેવીજ રીતે શ્રીસિધ્ધચક્રમાં રહેલા નવપદોમાં પણ જે પ્હેલાં પાંચ પદો છે, અને જે પદોને મધ્યકર્ણિકા તથા દિશાઓમાં સ્થાપન કરવામાં આવેલા છે તે પદોવાળા જીવો પર્યુ-પાસનીય છે, અને તેથી તેમાં આવતા **नमस्** શબ્દરૂપ અવ્યયનો પ્રયોગ કેટલો બધો સાર્થક છે તે સમજવામાં આવશે. એ વાત તો વાચકોની ધ્યાન બહાર નહિંજ હોય કે તે પદોમાં **नमः** એવા અવ્યયનો પ્રયોગ ન હોત પરન્તુ **नम** એવા ક્રિયાપદનો પ્રયોગ હોત તો

શબ્દમાં લાઘવ થાત, અને તેની સાથે ષષ્ઠીવિભક્તિ જે ચતુર્થીના અર્થમાં કરવામાં આવી છે અને જેને લીધે તે નમસ્કાર્યના શબ્દમાં પણ ગુરૂત્વ થયું છે તે થાત નહિં. પરન્તુ અહિં જે નમઃ એવું ક્રિયાપદ વાપરીને બન્ને સ્થાને લાઘવ નહિં કરતાં નમઃ એવું અવ્યય વાપરીને જે સૂત્ર બનાવ્યું છે તે નમસ્ શબ્દમાં રહેલા પૂજા અર્થને ત્યાં લાગુ કરે છે. અને તેથીજ પંચમંગલ મહાશ્રુતસ્કંધની અંદર પર્યુપાસનાં કરવા લાયક એવાં પાંચ પદોને સ્થાન આપ્યું છે, પરન્તુ શાસ્ત્રોને જાણનારા કોઇથી એ વાત તો અજાણી નહિંજ હોય કે દરેક વ્યવહારરાશિવાળો જીવ પછી તે ભવ્ય હોય કે અભવ્ય હોય, પરન્તુ અનંતી વખત સમ્યક્ત્વની કરણી કરનારો દેશવિરતિને આચરનારો અને સર્વવિરતિને પાળનારો થઇ ગયો છે. અને તેવી સર્વ અવસ્થાઓમાં એક જૈનપણાની ખાતર પણ પંચ-પરમેષ્ઠિની નમસ્કારની સાથે પર્યુપાસના કરવીજ પડી છે અને કરી પણ છે, પરન્તુ તે નમસ્કારાદિની સાથે પર્યુપાસના કરી તેનું ફળ ભગવાન્ જિનેશ્વરમહારાજે ફરમાવ્યું તે નથી આવ્યું તે ચોક્કસ છે, પરન્તુ કેમ નથી આવ્યું એની વિચારણામાં જ્યારે સૂજ્ઞ મનુષ્યો ઉતરશે ત્યારેજ તેમને માલમ પડશે કે નમસ્કારાદિની સાથે જે પંચપરમેષ્ઠિની પર્યુપાસના કરવામાં આવી હતી તે સર્વપાપના નાશનું કારણ સમજીને તેમજ સર્વ-મંગલોમાં પ્રથમ મંગળ એટલે હિત પ્રાપ્તિનું કારણ એજ છે એમ સમજીને તે વંદનાદિની સાથે પર્યુપાસના કરવામાં આવી હતી. એટલે સ્પષ્ટ થયું કે તે પંચ-પરમેષ્ઠિને ચૂલામાં જણાવેલા હેતુથીજ પર્યુપાસનાદિ કરવામાં આવે તોજ ભગવાન્ જિનેશ્વરમહારાજે કહેલું ફળ તેમાં થઇ શકે, અને તેથી સર્વપાપના નાશના કારણ તરીકે તે સર્વમંગળની પ્રાપ્તિના કારણ તરીકે જે પંચપરમેષ્ઠિની પર્યુપાસના છે તે કોઇ વ્યક્તિ રાગ તરીકે કોઇ વ્યકિત મહત્તા તરીકે સમજવાની નથી. પરન્તુ સમ્યગ્દર્શન--સમ્યગ્જ્ઞાન–સમ્યગ્ચારિત્ર–તે સમ્યગ્-તપ–એ ચાર પરમ આવશ્યક આત્મીયગુણોમાં ભાજન તરીકે કોઇપણ જગત્માં હોય તો તે માત્ર પંચપરમેષ્ઠિજ છે. એવીજ રીતે ગુણની મહત્તા અને ગુણાનુરાગી-પણા દ્વારાએ પંચપરમેષ્ઠિનું આરાધન જૈનશાસનમાં ઇષ્ટ હોવાથી મ્હેં જેનું પવિત્ર નામ ધારણ કર્યું છે, એવા શ્રીસિદ્ધચક્રમાં પંચપરમેષ્ઠિના દેખાડનાર પાંચ પદો અને તેમનાં ગુણોના દેખાડનાર ચાર પદો સ્થાપન કરવામાં આવ્યાં છે. અને એ શ્રીસિદ્ધચક્ર યંત્રમાં જેમ અખંડ એવો નવનો આંક સ્થિર કરવામાં આવ્યો છે, તેવી રીતે મ્હારી ઉમરમાં પણ નવનો આંક સ્થિર થઇ ગયો છે. હવે હું દસના આંક તરફ આગળ વધું છું તે મ્હારા દસમા વર્ષમાં મ્હારા કર્ત્તવ્યનું ભાન હું મ્હારા વાંચકોને કરાવું તો તે સ્થાનસરજ છે.

# સાગર સમાધાન

**પ્રશ્ન**—વ્યવહારરાશી અવ્યવહારરાશી કયા મૂલ સૂત્રમાં છે?

**સમાધાન**—મૂલસૂત્રમાં વ્યવહારરાશિ અને અવ્યવહારરાશિ એવા સ્પષ્ટ શબ્દો હોય એમ જાણવામાં નથી. પરન્તુ ભગવતીજીમાં વનસ્પતિના જીવોના નિર્લેપનની મનાઇ કરી છે, તેથી અનાદિ વનસ્પતિ સિદ્ધ થાય. વનસ્પતિનો જે કાયસ્થિતિ કાળ કહેલો છે તે વ્યવહારરાશિના વનસ્પતિને આશ્રીને છે.

**પ્રશ્ન**—અવ્યવહારથી નીકળી તરત બાદરપણું પામે કે સૂક્ષ્મ પ્રત્યેકપણું, અથવાત્રસપણું કોઈ પામી શકે કે કેમ?

**સમાધાન**—મરૂદેવામાતા અનાદિ વનસ્પતિમાંથી આવીને મોક્ષે ગયા એમ કહેવાય છે, અને અનાદિવનસ્પતિ અવ્યવહારરાશિની નિગોદને ગણાય, તેથી અવ્યવહાર રાશિમાંથી નીકળી તરત બાદરપણું વગેરે પામવાનો નિષેધ કરાય નહિં.

**પ્રશ્ન**—વ્યવહાર-અવ્યવહાર બંને રાશિ અનાદિકાળથી છે. જેટલા મોક્ષે જાય તેટલાજ અનાદિ નિગોદમાંથી વ્યવહારમાં આવે તો વ્યવહાર રાશિના જીવોથી અવ્યવહાર રાશિના જીવો અસંખ્યાત ગુણા કે અનંતગુણા?

**સમાધાન**—વ્યવહારરાશિ કરતાં અવ્યવહાર રાશિના જીવોને અનંતગુણા માનવા.

**પ્રશ્ન**—પન્નવણાજીના ત્રીજાપદમાં પાના ૧૬૫થી ૧૬૮માં ૯૮ બોલના અલ્પ બહુત્વમાં એકલા વ્યવહાર રાશિના જીવોનું કે વ્યવહાર અવ્યવહાર બન્ને રાશિના જીવોનું ગ્રહણ છે? અને એ રાશિના ગ્રહણ માટે પાઠ યુક્તિ કે કોઇ પુરાવો છે?

**સમાધાન**—વિશેષણવતીમાં કાયસ્થિતિ વગેરે વ્યવહારમાં આવેલા જીવોને ઉદ્દેશીને છે, પણ અવ્યવહારને આશ્રીને ગણવામાં આવેલી નથી એમ જણાવેલ છે.

**પ્રશ્ન**—અલ્પ બહુત્વના ૮૭મા બોલમાં ભવ્ય લીધા તે તો અભવ્ય બાદ કરી બાકી બધા જીવો લીધા તે સૂક્ષ્મ બાદર નિગોદનાજ લેવા કે કેમ? કારણ કે ૮૯ના બોલમાં સામાન્ય વનસ્પતિ વિશેષાધિક લીધા છે તેથી નિગોદ સિવાયના

બીજા ભવ્ય પણ પ્રત્યેક જીવરાશિના ભવ્યો ત્યાં લીધા નથી તેમ લાગવાથી આ પ્રશ્નની જરૂર પડી છે.

**સમાધાન**—સત્તાશીમા બોલમાં જે ભવ્ય જીવો લીધા છે, તે સૂક્ષ્મબાદરનિગોદની સાથે બીજે રહેલ પણ લેવા. ૮૯ના બોલમાં સામાન્ય વનસ્પતિ અધિક કહી તે પ્રત્યેકની સંખ્યા નાખવાથી બની શકે.

પ્રશ્ન—સૂક્ષ્મ બાદર બન્ને નિગોદના ભવ્ય અભવ્ય લેવા ત્યારે વ્યવહાર અવ્યવહાર બન્ને રાશિ આવી ગઈ કે કેમ?

સમાધાન—વ્યવહારરાશિમાં સૂક્ષ્મબાદરમાં રહેલા ભવ્યો અને અભવ્યો લેવા.

પ્રશ્ન—વળી સૂક્ષ્મનિગોદમાં અભવ્ય લેવાથી અભવ્ય અવ્યવહારમાં પણ છે કે કેમ?

સમાધાન—અવ્યવહારમાં પણ અભવ્યો નથી એમ નહિં.

પ્રશ્ન—પન્નવણાજીના ૧૮મા પદમાં પાના-૩૮૦ વ્યવહાર અવ્યવહારના પ્રશ્નોત્તરમાં પા. ૩૮૦/૨ લીટી-૩ **अत्थि अणंता जीवा जेहिं न पत्तो तसाइ परिणामो** તે ગાથા જ્યાં જ્યાં આવે છે ત્યાં અવ્યવહારની પુષ્ટિ માટે છે પણ ત્યાં નીચે નવ દસ લીટીમાં **तत्रेदं** સૂત્ર **सांव्यवहारिकानधिकृत्यावसेयं** છે તે **इदं** પદવડે કયું સૂત્ર લેવું?

સમાધાન—**इदम्** પદવડે વનસ્પતિકાયના પરાવર્ત્તોને જણાવનાર સૂત્ર પન્નવણા ભાગ બીજાના પાના ૩૭૯ની પેલી પૂંઠીના **वणस्सइ असंखेज्जइ भागो** સુધીનું સૂત્ર લેવું.

પ્રશ્ન—અલ્પબહુત્વના ૭૬ પદ પછીના ૨૨ પદો જે લોકપ્રકાશના પાના ૯/૧માં આઠમે અને તે ૨૨ વસ્તુઓ લીધી છે તેજ છે. તેમાં ૭૭માં બાદરપણ પર્યાપ્તા અનંતગુણા તેથી ૮૨મા બોલમાં સૂક્ષ્મ પણ અપર્યાપ્તા અસંખ્યાતગુણા, તેથી ૮૪માં બોલમાં સૂક્ષ્મ પણ પર્યાપ્તા સંખ્યાતગુણા છે, તેથી પણ વ્યવહારથી અવ્યવહાર જીવો અસંખ્યાતગુણા જણાય છે, પણ પાંચમા અનંતામાં પડવાઈથી સિદ્ધ તેજ અનંતે અનંતગુણા કહ્યા તેમ આઠમા અનંતાની ૨૨ વસ્તુમાં કોઇ કોઇથી અનંતગુણી છે કે કેમ?

સમાધાન—સૂક્ષ્મ વનસ્પતિમાં પર્યાપ્તા સંખ્યાતગુણા લેવાથી અવ્યવહારરાશિ લેવીજ પડે એવું કંઇ નથી. વળી બાવીસ અનંતામાં ક્રમે અધિકતા છે એમ નિયમ

નહિં, પરન્તુ ન્યૂનાધિકપણું તો છેજ. મધ્યમ અનંતું ન્યૂનાધિકવાળું હોય છે.

પ્રશ્ન—જાતિભવ્ય વ્યવહારરાશિમાં છે કે કેમ?

સમાધાન—વ્યવહારરાશિમાં જાતિભવ્ય હોવાનો સંભવ નથી.

પ્રશ્ન—બાદરવનસ્પતિકાય પર્યાપ્તા આઠમે અનંતે તે પણ ૨૨ સ્થાનમાં પ્હેલે સ્થાને છે વળી બાદર થયા તે વ્યવહારી તો થઇ ગયા તેમાં પણ જેઓ ત્રસાદિ પરિણામ ન પામે તેઓ પણ હોય કે કેમ?

સમાધાન—ત્રસાદિપરિણામ પ્રાપ્ત ન થાય એમાં ત્રસ શબ્દ ઉપલક્ષણ તરીકે લેવાય અને તેથી ઉત્તરાર્દ્ધમાં નિગોદવાસનો અનુભવ કહ્યો છે. કેટલાકો અનાદિ વનસ્પતિપણું છોડવા માત્રથી વ્યવહારરાશિ માને છે. અને કેટલાકો પન્નવણાની માફક પૃથ્વીકાયિક આદિપણે એટલે શરીર પૃથક્પણે વ્યવહારિયા થવાનું માને છે.

પ્રશ્ન—અભવ્ય સિવાયના ત્રસપણું જેટલા જીવો પામે તેટલા તો મુક્તિમાં ગમે તે કાળે જાય કે કેમ?

સમાધાન—ત્રસપણું પામેલા ભવ્યો કોઇપણ કાલે મોક્ષે જાયજ એમ માનવામાં અડચણ નથી.

પ્રશ્ન—જીવાભિગમ, લોકપ્રકાશ, ભગવતીજી આદિ સૂત્રોમાં એકેન્દ્રિયમાં બે અજ્ઞાન અચક્ષુદર્શન ત્રણ યોગ વિગેરે જે ઉતાર્યા છે તે અવ્યવહાર વ્યવહાર બન્ને રાશિના જીવોમાં કે કેમ?

સમાધાન—અવ્યવહારમાં પણ બે અજ્ઞાન અને અચક્ષુદર્શન માનવામાં અડચણ નથી.

પ્રશ્ન—પરમાધામીને કઇ અને કેટલી લેશ્યાઓ હોય?

સમાધાન—પરમાધામી દેવતાઓને પણ ચારે લેશ્યા માનવામાં અડચણ નથી. કારણ કે ભવનપતિની દસ કાય છે. અને તેમાં અસુરકુમારની કાય શ્રેષ્ઠ છે, અને તે માંહેના તેઓ છે. ગુન્હો બતાવીને શિક્ષા કરનાર રાજાની પેઠે તેઓ પાપ સંભળાવીને શિક્ષા કરનારા છે.

પ્રશ્ન—બાવીસ તીર્થંકરના વારે શ્રાવકને પ્રતિક્રમણ કેટલાં? પાંચ કે બે?

સમાધાન—તેને માટે પ્રતિક્રમણનો સ્પષ્ટ ઉલ્લેખ નથી તો પણ શ્રાવકોને પાંચે રાઈ આદિ હોવાનો અસંભવ નથી. ઋજુપ્રાજ્ઞપણું સાધુને ઉદ્દેશીને ગણાય. અને તેથી તેઓને અણુવ્રતો પાંચેય હોય છે.

**પ્રશ્ન—ભરતથી વિદેહમાં યુગ બદલવામાં એકજ સમયનું અંતર** ભગવતીજીમાં બતાવ્યું

તો અહિં શ્રાવણુવદી એકમ (મારવાડી) સવારના સૂર્ય ઉદય તથા વર્ષ યુગાદિની શરૂઆત થઇ, તે વખતમાં વિદેહમાં સન્ધ્યાકાળનો વખત થવા આવે તો ત્યાં શું રાત્રિના બીજા સમયથી ગણત્રી લેવી તેમાં બીજા સમયનો હેતુ શો ?

સમાધાન—યુગનો પલ્ટો કે વર્ષનો પલ્ટો શ્રાવણુવદી એકમની સન્ધ્યાકાલથી ગણાય છે. અને તેનાજ બીજે સમયે મહાવિદેહમાં થાય. સૂર્યના ઉદય એમાં નિયમ નથી પણ તેની મંડલગતિ ઉપર આધાર છે.

પ્રશ્ન—મૂલાના પાંચે અંગ અભક્ષ્ય પન્નવણા આદિ કોઈમાં છે કે કેમ ? આ તરફ તો કાંદા સિવાય ચારે અંગ સાધુ સાધ્વી પણ વાપરે છે.

સમાધાન—જો કે શ્રાદ્ધવિધિમાં મૂલાનાં પાંચ અંગ અભક્ષ્ય કહ્યાં છે. તોપણ વર્ત્તમાનમાં મૂળા શિવાય બાકીનાં અંગો ઘણી જગે વપરાય છે.

પ્રશ્ન—મેરૂની વાવડીયોમાં તિર્યંચની ઉત્પત્તિમાં પંચેન્દ્રિય જલચર એકલા કે વિકલેન્દ્રિય પણ થાય ?

સમાધાન—મેરૂની વાવડીયોમાં વિકલેન્દ્રિય હોય તો અસંભવિત નથી.

પ્રશ્ન—અત્યારે વિજયાષ્ટકમાં એકેક તીર્થંકર ભગવંત વિચરે છે તો બાકીની સાત સાત વિજયોમાં કેવળીઓ હોય કે કેમ ? અને હોય તો તે સહિત દસ દસ લાખનો કેવલિપરિવાર ગણેલ છે કે કેમ ?

સમાધાન—વર્ત્તમાનમાં મહાવિદેહમાં તીર્થંકરોની હયાતિવાળી જે વિજયો છે, તેજ વિજયો હંમેશાં જઘન્યપદ વખતે રહે એવો નિયમ દેખવામાં આવ્યો નથી. બાકીની વિજયોમાં પણ સાધુઓનું વિચરવું અને કેવલિનું હોવું સર્વકાળે અસંભવિત છે એમ કહેવાય નહિં, પરન્તુ અધિકતા તીર્થંકરોના સાથેના કેવલિ સાધુઓની હોયજ તેથી તે સંખ્યા ગણી.

પ્રશ્ન—અનાદિનિગોદના જીવોને મિથ્યાત્વગુણુઠાણું ગણાય કે કેમ ?

સમાધાન—શાસ્ત્રોની અપેક્ષાએ કોઈપણ સંસારીજીવ ગુણુઠાણા વગરનો માન્યો નથી તેથી અવ્યવહારરાશિમાં પણ મિથ્યાત્વ ગુણુઠાણું છે એમ ગણાય. કેટલાક શાસ્ત્રકારો યથાભદ્રકપણાને અને વ્યક્ત મિથ્યાત્વપણાની પ્રાપ્તિને ગુણુઠાણું કહે છે તેઓની અપેક્ષાએ ન ગણાય.

પ્રશ્ન—સાંજના પડિલેહણનો કાજો વોસિરાવી ઈરિયાવહી કરવી કે કેમ ?

સમાધાન—વસતિનું પ્રમાર્જન કરીને કાજો વોસરાવવો પડે છે અને તેને અંગે ઇરિયાવહિયા હોવી સ્વાભાવિક છે. છતાં પૌષધવિધિ વગેરેમાં હોય ત્યાંથી બતાવવું.

પ્રશ્ન—આર્દ્રકુમારના પૂર્વભવના વૃત્તાન્તમાં સ્ત્રી જે સાધ્વીપણામાં હતી તે સાધુને રાગ થયો એ હકીકત શાથી જાણી શકી ?

સમાધાન—પોતે સાધુને વાત કરી. સાધુએ આચાર્યમહારાજને જણાવ્યું અને ત્યાંથી પ્રવર્ત્તિનીને જાણ થઈ અને તેથી તેણીને માલમ પડી.

પ્રશ્ન—સાધુરાગની વાત માલમ પડવાથી સાધ્વીઓ દેશાંતર ગઈ નહિં ?

સમાધાન—પ્રવર્ત્તિની અને સાધ્વી બધાંએ દેશાંતરે વિહાર કરી દીધો હોત, પણ સમવસરણ હોવાથી એકદી ન ગઈ.

પ્રશ્ન—સાધ્વીને અણસણ કરવાનો શો પ્રસંગ આવ્યો ?

સમાધાન—તે વખતે તે દેશમાં સકલ સાધુ સાધ્વીઓનું સમવસરણ થવાનો પ્રસંગ આવેલ અને તેમાં સાધ્વીને સંયમની રક્ષા મુશ્કેલ માલમ પડી તેથી અનશન કર્યું અને કાલ કરી દેવલોકે દેવીપણે થઇ.

પ્રશ્ન—તે સ્ત્રી સાધ્વીના કાલધર્મની વાત જ્યારે જાણી ત્યારે તે સાધુએ શું કર્યું ?

સમાધાન—તે સાધુને વિચાર થયો કે સાધ્વીએ સંયમની રક્ષા માટે જ્યારે અનશન કરી કાલ કર્યો તો હવે મારૂં જીવન વ્યર્થ છે, એમ ધારી પહેલાં દિવસ ઘણા હોય તો પણ અનશન આદર્યું અને કાલ કરી દેવલોકે દેવપણું મેળવ્યું.

પ્રશ્ન—સંયમરક્ષા માટે જીવનનો અનશન દ્વારાએ અંત લાવીને કાલ કરનાર દેવતા અને તેણીના કાલધર્મને સાંભળીને સંયમશુદ્ધિ માટે અનશન કરી કાલધર્મ પામી દેવલોક જનારની ભવાન્તરમાં શી દશા થઈ ?

સમાધાન—કેટલાક કથન પ્રમાણે તે સાધ્વીનો જીવ દેવલોકથી ચ્યવીને આર્યક્ષેત્રમાં સ્ત્રીપણે ઉપજ્યો. અને સાધુનો જીવ અનાર્યદેશમાં આર્દ્રકુમારપણે ઉપજ્યો. પરન્તુ ચૂર્ણિકારમહારાજના કથન પ્રમાણે તે સાધ્વીનો જીવ અનાર્યદેશમાં આર્દ્રકુમારપણે ઉપજ્યો, અને સાધુનો જીવ આર્યદેશમાં શેઠીયાને ઘેર છોકરીપણે અવતર્યો. ચૂર્ણિના વચન પ્રમાણે જ્યારે સાધ્વીનો જીવ આર્દ્રકુમાર છે અને સાધુનો જીવ જ્યારે શેઠની છોકરી છે, ત્યારે આર્દ્રકુમારને ચારિત્રની તીવ્ર ભાવના અને શેઠની છોકરીને ચારિત્રભાવનાથી રહિતપણું હોવા સાથે બીજાને પણ ચારિત્રથી દુર કરવાની અને દુર રાખવાની જે ભાવના અને પ્રવૃત્તિ થઈ છે તે પૂર્વભવના વર્ત્તનને અનુકૂલ ગણાય.

પ્રશ્ન—તે આર્દ્રકુમારે શેઠીયાની છોકરીનો સ્વીકાર કેમ કર્યો ?

સમાધાન—કેટલાકના કહેવા પ્રમાણે સંયમની રક્ષા દેશ ત્યાગ કરી જે અન્યત્ર દેશમાં વિહાર કરતાં પણ ભૂલા પડવાથી આર્દ્રકુમાર તે છોકરીની દાનશાલામાં આવી ગયા અને છોકરીએ પગના લાંછનથી ઓળખ્યા પછી તે છોકરી શેઠ રાજા વગેરેના કથનથી સ્વીકાર કર્યો. ત્યારે ચૂર્ણિના વચન પ્રમાણે તે છોકરી વગેરેના આગ્રહથી પોતે ગૃહસ્થપણું સ્વીકાર્યું નહિં, પછી છોકરી જ્યાં જ્યાં તે આર્દ્રકુમાર વિહાર કરતા જાય ત્યાં ત્યાં સાથે સાથે ગઈ–લોકોમાં આ આર્દ્રકુમારની સ્ત્રી છું એમ જાહેર કરતી ચાલે તેથી શાસનની હેલના ગામોગામ થાય એવો કુવિકલ્પ આવતાં છોકરીની સાથે ઘરમાં રહ્યા અને તેનો સ્વીકાર કર્યો.

# આગમોદ્ધારકની અમોઘદેશના

( ગતાંકથી ચાલુ )

## કુલાચારે દેવ, ગુરૂ, ધર્મની શ્રદ્ધા પણ આરાધનથી મળે છે.

જૈનકુલના બાલકની પણ શ્રદ્ધા કે રૂચિ સ્હેજે સંસ્કારથીજ, કુલાચારથીજ શુદ્ધદેવ, શુદ્ધગુરૂ, શુદ્ધધર્મ પ્રત્યે હોય છે. માર્ગથી પસાર થતા સન્યાસીને તે નમતો નથી, પણ સંવેગી સાધુને જોતાંજ પ્રમુદિત થાય છે. "આ મારા ગુરૂ" એવી તેના હૃદયમાં ભાવના જાગે છે. તે તરત પગે લાગે છે. નોરતાં વગેરેને તે પોતાના તહેવાર માનતો નથી. પજૂસણને પોતાના તહેવાર માને છે. દેવ, ગુરૂ, ધર્મની આવી શ્રદ્ધા બાલકને કુલાચારથીજ છે.

બીજા પદે કહેવામાં આવે છે કે **"पत्तिआमि णं भंते निग्गंथं पावयणं** "નિર્ગ્રંથ એવા પ્રવચનની પરીક્ષા કરી, સાચા જાણીને તેની પ્રતિતી કરૂં છું કે તેજ સાચું છે, ઇતર ખોટાં છે." ઝવેરીના દલાલે ઝવેરાતની કરેલી કિંમત ખરી ગણાય, વિશ્વાસપાત્ર ગણાય. કદાચ ઝવેરીને કિંમતની ખબર ન હોય, પણ દલાલને તો હોયજ. તેમ અહિં ભરૂંસો. જૈનશાસનમાં વર્તનારાની અપેક્ષાએ એમ નહિ તેથી ત્રીજા કરારમાં કબૂલે છે કે–**रोएमि णं** "મારી રૂચિ છે તે મને મળે."

સમ્યક્ત્વ કે દેશવિરતિ ઉચ્ચરનાર આ રીતે ભર સભામાં ત્રણ પ્રકારે એકરાર કરે છે. આનંદ શ્રાવકે કૃષ્ણજીએ ભરસભામાં આવી કબુલાત કરી તે. આ ત્રણ કબુલાતનુંજ નામ શાસન રૂચિ! **सविजीव करुं शासन रसी** સૂત્રમાં આપણે **શાસન** શબ્દને પકડી રાખ્યો પણ તેના સાચા અર્થને પકડી શકયા નથી.

## છએ જીવનિકાય માનવામાંજ સાચું સમ્યકત્વ છે.

### પ્રશ્ન—એકલી સદ્દહણાવાળાને સમ્યકત્વ હોય કે નહિં ?

હોય. સમ્યકત્વને માટે વચનો નિયમ નથી. શ્રાવકના પુત્રો, પૌત્રો, પ્રપૌત્રો, પુત્રીઓ, તેમાં સંતાનો તમામને નિર્સગ સમ્યકત્વ હોય, અર્થાત્ કુદરતી સમ્યકત્વ હોય. સમ્યકત્વના બે ભેદ.

૧. નિસર્ગ. ૨. અધિગમ. શ્રીહરિભદ્રસૂરિશ્વરજી મહારાજા કહે છે કે “ શ્રીજિનેશ્વર મહારાજાએ કહેલું તત્ત્વ છે” આવી જ્યાં ધારણા થઇ ત્યાં અપૂર્વકરણ ગણવું પડે. મિથ્યાત્વના ત્રણેય પુંજનો ક્ષય કર્યો ગણવો પડે.

સમજુ કરતાં અણસમજુને શ્રદ્ધા થાય તો તે વધારે ભાગ્યવાન્ ગણાય. દેખતો મનુષ્ય તો બજારમાંથી સારી વસ્તુ લઇ આવે તેમાં નવાઈ નથી. પણ આંધળો મનુષ્ય જો બજારમાંથી સારી સારી વસ્તુ લઈ આવે તો જરર તે ભાગ્યવાન્–નશીબદાર ગણાય. આ વાત થઈ ભાગ્યવાનની. ક્ષયોપશમના અંગે તો, બારમે ગુણસ્થાન કે, અષ્ટપ્રવચન માતાનુંજ ફકત જ્ઞાન હોય તો પણ અંતર્મુહૂર્ત બાદ તરત કેવલજ્ઞાન થાય છે. અવધિજ્ઞાનવાળા તથા મનઃપર્યવજ્ઞાનવાળા કેવલજ્ઞાન પામ્યાની સંખ્યા ઓછી છે. જ્યારે એકલા મતિજ્ઞાન શ્રુતજ્ઞાનવાળા કેવલજ્ઞાન પામ્યાની સંખ્યા વધારે છે. મનઃપર્યવ શિવાય ત્રણ જ્ઞાન પામીને કેવલજ્ઞાન પામનારથી સંખ્યા વધારે છે. આ તમામમાં ફરક સંખ્યાત ગુણોજ છે.

પ્રશ્ન—જીવ જે સમયે નિગોદમાંથી નીકળી વ્યવહાર રાશિમાં આવ્યો તે વખતે અન્ય નિગોદના જીવો કરતાં હલકો થયો તે તો નિશ્ચિત. પણ હલકો થયો અકસ્માતથી કે કોઇ કારણથી ?

તેની ધારણા ન હતી. તેનું હલકું થવું, બહાર આવવું ભવિતવ્યતાના યોગે થયું છે. ભવિતવ્યતાથીજ કર્મ બાંધે અલ્પ, અને તોડે ઘણું. તેથી અધિક નિર્જરાના કારણે જીવ નિગોદથી બહાર નીકળે છે. યોગ આકસ્મિક છે પણ કર્મનો બંધ અલ્પ અને નિર્જરા ઘણી એ તો ચોક્કસ.

ઇતરમાં સત્ય, અહિંસા, અનુકંપા આદિ શબ્દો છે પણ તેઓએ એકજ હિંસા માની. પૃથ્વી કાયાદિના હનનમાં હિંસા માની નથી. યમને અહિંસારૂપ માને છે. પતંજલિ પણ છ કાય માનતા નથી. બાઇબલવાળા વાયુની હિંસા માને છે, કોઇ અગ્નિની હિંસા માને છે. પણ કોઇ દર્શનકાર છ જીવનિકાયને માનવા તૈયાર નથી.

છએ જીવનિકાયને માનવામાંજ સાચું સમ્યક્ત્વ છે. શ્રીહરિભદ્રસૂરિશ્વરજી તથા શ્રીસિદ્ધસેનસૂરિશ્વરજી બન્ને તેમજ માને છે. સ્મૃતિકારોએ વનસ્પતિમાં જીવ માન્યો પણ સુખી દુઃખી ન માન્યો. તેને નિઃસંજ્ઞ કહી દીધો. ત્યાં હવે તેને અંગે હિંસા ટાળવાની કે અહિંસા પાળવાની રહી કયાં ?

આત્મામાં શ્રદ્ધા, રૂચિ અને પ્રતિતી ત્રણેય થાય ત્યારેજ સમજવું કે સમ્યકત્વ થયું. આવી સ્થિતિમાં જે પ્રથમ ભવમાં આવેલા હોય–**इणमेव पावयणं अट्ठे परमट्ठे सेसे अनट्ठे** આ ભાવનામાં આવેલો જીવજ ૮૪૦૦૦ વર્ષના અંધકારમાં ઉદ્યોત કરી શકે છે.

## નરકમાં સમકિતી જીવને પશ્ચાત્તાપનું દુઃખ વધારે છે.

આ આત્માઓ કેવા હોય ? **यस्य संक्लेशजनने रागो॰** ત્યાં રાગ હોય ખરો પણ ત્યાં–

કર્મકાય અવસ્થામાં સંકલેશને ઉત્પન્ન કરનારો રાગ હોતોજ નથી. સમ્યકત્વ પહેલાં પ્રથમ ભવમાં બાંધ્યું હોય તો સમ્યકત્વ પછી બાંધે નહિ. દેવલોકે ગયા સ્વર્ગે સંચર્યા એટલે સલામત થયા એમ નથી, ત્યાં પણ ભય ભારી છે. દેવેન્દ્રો પણ મરીને એકેન્દ્રિયાદિમાં ઉપજે. કમલમાં, મોતીમાં કે પાણીમાં ઉપજે. પણ તીર્થંકર નામકર્મ નિકાચન કરનાર આત્માને સ્વર્ગમાં પણ તેવો રાગ હોતો નથી, કે જેથી દુર્ગતિ થાય. તે રાગ સંકલેશ કરનારો કે આત્મભાન-ભૂલાવનારો હોતો નથી. સ્વાર્થમાં તત્પર બની પરાર્થને નહિ જોનારા રાગને એ આત્મામાં સ્થાનજ નથી.

આવો આત્મા, પૂર્વે આયુષ્ય બંધ થઇ ગયાનાં કારણે નરકે જાય તો ત્યાંની સંકટપરંપરા-ત્યાંના પારાવાર સંકટો પણ સમભાવે સહન કરે છે. ત્યાં પણ 'અમે ચૂકયા' એજ એજ ભાવના હોય છે. સમકિતિ જીવો નરકમાં વધારે દુઃખી હોય છે કેમકે ત્યાંના દુઃખ કરતાં તે જીવોને વધારે દુઃખ તો પશ્ચાતાપનું હોય છે. એ હૃદયમાં પશ્ચતાપનો પાર નથી.

વરબોધિ પામ્યા ત્યારથી, અપ્રતિપાતિ સમ્યકત્વ પામ્યા ત્યારથી જેઓ કર્મકાય અવસ્થાવાળા હોય તેઓજ દેવાધિદેવ તીર્થંકર થઇ શકે છે. ચક્રવર્તીઓ છ ખંડ જીતવા આરંભ કરે છે. તીર્થંકરને તો વિચાર થતાં દેવો આવીને ઉભા રહે છે. તીર્થંકર થનારાઓનો ઢંઢેરો તો આપોઆપ પીટાઇ જાય છે. અન્યને હત પ્રહત કરવાનો વખત તીર્થંકર મહારાજાને હોતોજ નથી.

ભરત મહારાજનું ચક્ર અટકયું-ચક્રશાળામાં ન ગયું તેથી તેમને પોતાના ભાઈઓને આજ્ઞા માનવાનું કહેવરાવવું પડયું. યુદ્ધની પરિસ્થિતિ ઊભી કરવી પડી. આ સ્થિતિ સંકલેશજનક છે.

આત્માની સ્થિતિ પલટાવે, આત્માને સન્માર્ગથી ભૂલાવે, દુર્ગતિમાં લઇ જાય તો સંકલેશજનક રાગ, કર્મકાય અવસ્થા ધારી, શ્રીતીર્થંકરના જીવને હોતો નથી અને એવો રાગ જેને ન હોય તેજ શ્રીતીર્થંકરદેવ થઈ શકે છે.

**यस्य संक्लेशजननो रागो नास्त्येव सर्वथा ।**
**न च द्वेषोऽपि सत्त्वेषु शमेन्धनदवानलः ॥१॥**

**કર્મકાય અવસ્થાથીજ તીર્થંકરદેવના આત્મામાં જેમ સંકલેશોત્પાદક રાગ હોતો નથી તેમ દાવાનળ જેવો દ્વેષ પણ હોતો નથી આવા રાગ દ્વેષ ભવાંતરથી ન હોય તેજ દેવાધિદેવ.**

**દેવતત્ત્વમાં ગુરૂતત્ત્વ, ધર્મતત્ત્વ છે.**

શાસ્ત્રકારમહારાજા શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ભવ્યજીવોના ઉપકારને માટે શ્રીઅષ્ટકજી પ્રકરણની રચના કરતાં જણાવે છે કે તમામ આસ્તિક દર્શનકારો તત્ત્વત્રયી (દેવ, ગુરૂ, ધર્મ)ને માને છે. આ ત્રણ તત્વોને માન્યા વિનાનું કોઇ પણ આસ્તિક દર્શન નથી. અનાર્યોએ પણ આ ત્રણ તત્વો તો સ્વીકાર્યા છે.

દેવ, ગુરૂ તથા ધર્મ સર્વદર્શનોને માન્ય. આ ત્રણેય તત્વોમાં પ્રથમ તત્વ કયું? જૈન શાસનમાં દેવતત્વ પ્રથમ છે. ગુરૂતત્વ તથા ધર્મ તત્વ પછી છે. તીર્થંકરદેવ નિયમ કરે છે કે જે શિષ્ય બનતા નથી તે ગુરૂ બની શકતા નથી. શિષ્ય થયા વિના ગુરૂ થવાય નહિં. એ નિયમ ગુરૂતત્વને અંગે છે. દેવમાં ગુરૂપણું નથી એમ નહિં. દેવ તો ઉત્કૃષ્ટ કોટિના ગુરૂ છે. મહાવ્રત, સામાયિકાદિ, બોધ દેશકપણુ આદિ ગુરૂતત્વમાં છે તેમ દેવતત્વમાં પણ છે. દેવ સંપૂર્ણપણે જ્ઞાતા છે. ગુરૂને તેમાંથીજ મળે છે. દેવ ધર્મને કેવલ જાણનારજ છે એમ નહિ પણ સંપૂર્ણપણે ધર્મ કરનાર છે. વીતરાગદશાને તેઓ પામેલા છે. તેઓ **सदा धर्मपरायणः** છે. ગુરૂ **धर्मकर्ता धर्मपरायणः** ખરા પણ છદ્મસ્થ હોવાથી **सदा** અર્થાત્ સતત તેવા હોય એવો નિયમ નહિં. અગીઆરમે ગુણસ્થાનકે ગયા પછી પણ, મનઃપર્યવજ્ઞાની થયા છતાં પણ, આહારકલબ્ધિનું સામર્થ્ય સંપ્રાપ્ત કર્યા છતાં પણ તે ગુરૂ તો પડી જાય–પતન પામે. તીર્થંકરદેવ એવા ગુરૂ કે કોઈપણ રીતિએ ચ્યૂત થાય નહિં. ભવાંતરની અપેક્ષાએ કે શ્રેણિની અપેક્ષાએ પણ દેવમાં પ્રતિપાતિપણું નથી, તેઓ ધર્મમાં સતત્ પરાયણ હોય છે અને જીવોને એકજ વસ્તુ જણાવે.

વકીલની ઓફીસમાં કાયદાનીજ વાતો હોય. ત્યાં આરીયાં તુરીયાંની વાતો હોતી નથી. વકીલો તેવી વાત નથી જાણતા એમ નહિ પણ તેવી વાત ત્યાં હોતીજ નથી. ઝવેરીને ત્યાં ઝવેરાત હીરા, મોતી, માણેક, પાના; પોખરાજ વગેરે સંબંધીજ વાતો હોય. ત્યાં કોલસાની વાતો ન જ હોય. તાત્પર્ય કે અમુક વ્યક્તિઓ અમુક વિષય કે અમુક વ્યાપારમાંજ લીન હોય છે. ગુરૂ પાસે એકજ વાત કે ધર્મદેશના! ગુરૂ એટલે **धर्मशास्त्रार्थदेशकः** અર્થાત્ ગુરૂ ધર્મ-શાસ્ત્રના અર્થને બતાવે છે. દેવગુરૂ પણ ધર્મ-શાસ્ત્રના અર્થને બતાવે છે. દેવતત્વમાં ગુરૂતત્વનો અભાવ નથી. દેવ ઉત્કૃષ્ટ ગુરૂ છે એ ખાસ ધ્યાન રાખો.

ગણધરેશ શ્રીગૌતમસ્વામિજી મહારાજાને, સ્કંદકે પૂછેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં શ્રીગૌતમ-સ્વામિજી ભગવાને એજ કહ્યું છે કે." આ વાત મ્હારા ધર્માચાર્યે કહી છે." સિંહ અણગાર પાક લેવા ગયા હતા. એ પાક ઘર માટે બનાવવામાં આવ્યો હતો. પાકની યાચના કરતાં વ્હોરાવનારે જ્યારે પૂછયું કે–"આપે શાથી જાણ્યું?" શ્રીસિંહઅણગાર પણ ત્યાં કહે છે કે–"ગુરૂમહા-રાજા શ્રીમહાવીર સ્વામીજીના કહેવાથી જાણ્યું છે." દેવાધિદેવ શ્રીમહાવીરદેવને આ રીતિએ ગુરૂ કહેવામાં આવ્યા છે. તાત્પર્ય કે દેવતત્ત્વમાં ગુરૂતત્ત્વનો અભાવ નથી. સમાવેશ છે.

## દેવતત્વને કથનીનો અધિકાર છે.

દેવ પાસે ઈરિયાવહિયાની ક્રિયા સ્થાપના-વગર પણ થાય છે કારણકે ગુરૂતત્વનું ત્યાં ઉંચામાં ઉંચું લક્ષણ છે.

શ્રીતીર્થંકરદેવો કેવલજ્ઞાનની ઉત્પત્તિ ન થાય ત્યાં સુધી દેશના દેતા નથી. શાથી ? અખતરો કરનારાઓ સાધ્ય સિદ્ધ કર્યા વિના શબ્દોચ્ચાર કરતા નથી. સંયમના સ્વીકારથી, તપ કરવાથી, ઉપસર્ગ પરિષહ સહેવા વગેરેથી આત્મા નિર્મલ બને છે. કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે એ તેઓ ત્યારેજ કહે છે કે સ્વયં અનુભવથી કેવલજ્ઞાન મેળવે છે. પ્રાપ્યને પ્રાપ્ત કર્યા પછીજ, ફલ પ્રત્યક્ષ થયા પછીજ તેઓ દેશના દે છે. શ્રી શ્રીજિનેશ્વરપણું આદર્શરૂપ છે. તેથી તેમની કથની અને કરણી, ઉભય સરખાંજ માનવાં પડે. ઈતરોમાં કથની જૂદી છે. કરણી જૂદી છે. "અદાન્ત, અશાન્ત, અમુમુક્ષુ બનો, સંસાર સારભૂત છે. મોક્ષની શી જરૂર છે ?" આવું ઈતરો પણ કહેવા તૈયાર નથી પણ કરણીમાં શાંત, દાંત, મુમુક્ષુ, ત્યાગી, મોક્ષ દેનારી કરણીમાં પરાયણ. આજ કારણે તેઓ દેવમાં લીલાના પડદાનો તથા ગુરૂમાં ગાદીના પડદાનો આશ્રય લે છે. અર્થાત્ 'લીલા' શબ્દથી વિપરીત કરણીનો બચાવ કરે છે. જૈન-શાસનમાં પોલને ઢાંકનારા પડદાને સ્થાન નથી. સ્થાન નથી માટે કથની તથા કરણી સમાન છે.

દેવતત્વમાં કથનીનો અધિકાર છે. કરણીનો અધિકાર ગુરૂને છે. ગુરૂને કથનીનો અધિકાર નથી. કરણીમાં જે પાર પામે, સંપૂર્ણ થાય, પરાકાષ્ઠાએ પહોંચે, સાધ્યને સિદ્ધ કરે તેજ કથનીનો અધિકારી બને છે. પીઓન (પટાવાળો) કે પોસ્ટમેન (ટપાલી) તો ચેક આપી જનારો છે. લખનારો તે નથી. પટાવાળા ઉપર વિશ્વાસ માત્ર એટલોજ રાખવાનો અથવા તેની તપાસ એટલીજ રાખવાની કે તે આપવામાં ફેરફાર તો નથી કરતો ! એકને બદલે બીજું કવર તો નથી આપતો ! ગુરૂતત્વ કે ધર્મતત્વની કથની કરનાર (કથક-ઉત્પાદક) કરણીમાં ઉત્કૃષ્ટ હોવા જોઈએ. **जिणपन्नत्तं तत्तं** તેટલા માટેજ કહેવામાં આવે છે. દેવમાં કથની હોવી જોઈએ. મુખ્ય કરણીમાં જેઓ કૃતકૃત્ય થયા છે તેઓજ ધર્મને કહી શકે છે.

દેવના શિષ્યો તે ગુરૂ. દેવે કહ્યો તે ધર્મ. ગુરૂ પણ દેવોપદિષ્ટ ધર્મના ઉપદેશક, પ્રચારક છે. શાસ્ત્રના આચારને માને પાળે તે ગુરૂ.

શંકા—શૈવ કે વૈષ્ણવમતાનુસાર આચાર-વાળા પણ ગુરૂ તો કહેવાય છે !

માટે તો પ્રથમ દેવતત્વને તપાસવાની જરૂર છે.

## ધર્મતત્વમાં ભૂલાય તો ભવાંતરો બગડે.

શંકા—દેવ જેવા તત્વને સામાન્ય સંસારી-ઓ તપાસે ? શી રીતે ? પરીક્ષક અધિક હોય કે ન્યૂન ? પરીક્ષક તો છોકરાઓ (વિદ્યાર્થીઓ) કરતાં વધારે જ્ઞાની હોવો જોઇએને ? તો પછી દેવની પરીક્ષા કરવાની વાત ઉચિત નથી કેમકે સંસારીઓ શું દેવથી અધિક છે ?

કોર્ટમાં કેસ માંડતી વખતે અગર તમારા ઉપર કેસ ચાલતો હોય ત્યારે કયો વકીલ રોકવો તેની તપાસ કરો છો કે નહિ ? શું તમારામાં વકીલ જેટલું જ્ઞાન છે ? અરે ! કહો કે કાયદાનું

સહજ જ્ઞાન પણ ન હોવા છતાં વકીલની તો તપાસ જરૂર કરો છો. તપાસનાર ભલે પોતે કક્ષામાં ન્યૂન હોય પણ સાધ્ય સિદ્ધ થઇ શકશે કે નહિ તેટલા પૂરતી તેણે દેવતત્વ. તપાસવાની જરૂર છે. દેવતત્વની આ તપાસ ફરજ કે સત્તાની રૂઈએ નથી. પણ આત્મકલ્યાણના કયા સાધનથી સાધ્ય સિદ્ધ થશે તેટલા પૂરતી આ તપાસ છે. આ તપાસમાં વાંધો હોય, ભૂલ હોય, તપાસ ન થાય, તપાસ ખોટી થાય તો આંધળે બહેરૂં કૂટાય છે જેથી ભવપરંપરામાં પરિભ્રમણ ચાલુ રહે છે. સામાન્ય શાકભાજી કે કપડું પણ તપાસ્યા વિના ખરીદવામાં આવતું નથી. શાક ખરીદવામાં ભૂલ થાય તો દિવસ બગડે, કપડું ખરીદવામાં ભૂલ થાય તો વર્ષ કે ઋતુ બગડે, સ્ત્રી તપાસવામાં ભૂલ થાય તો ભવ બગડે અને ધર્મગ્રહણમાં ભૂલ થાય તો અનેક ભવો બગડે.

**परीक्ष्य ।**

દેવ સ્વયં કહે છે કે—

'મારૂં વચન મારા કથનમાત્રથી કે ગૌરવથી માનતા ના! પરીક્ષા કરીને ગ્રહણ કરજો!" આટલા માટે તો દેવ, ગુરૂ તથા ધર્મનું લક્ષણ કહેવું પડયું છે. જેમ સોનાને તપાસવા માટે કસોટીની જરૂર છે તેમ અહિં ત્રણેય તત્વોને તપાસવા માટે તેના લક્ષણોની (લક્ષણ કથનની) જરૂર છે.

હવે ધર્મતત્વ તપાસતાં, તેનું લક્ષણ જોતાં અંતે દેવતત્વમાંજ જવું પડશે. હિંસાથી પાપ અને દયાથી પુણ્ય, પણ શાથી? દેવે તેમ કર્યું છે, કહ્યું છે માટે! ગુરૂ આવા હોય! શાથી તેવાજ! દેવે તેમ જણાવ્યું છે માટે! તાત્પર્ય કે પ્રાધાન્યે તો દેવતત્વજ છે. સ્પષ્ટતયા સિદ્ધ છે કે જેને શુદ્ધ દેવ મળ્યા તેને ગુરૂ અને ધર્મ પણ શુદ્ધ મળે છે. જો દેવતત્વ અશુદ્ધ મળે તો બાકીનાં બે તત્વો પણ અશુદ્ધજ મળવાનાં. માટે દેવને (દેવતત્વ)ને તપાસવાની પ્રથમ જરૂર છે. તે દેવતત્વ શી રીતે તપાસવું? દેવતત્વની તપાસ વર્ત્તમાન તથા ગતપરભવ ઉભય ભવોથી થાય છે. ગુરૂતત્વ અને ધર્મતત્વ એક ભવથી અને અનુક્રમે એક ક્ષણથી સાધ્ય છે. પણ દેવતત્વ એક ભવથી સાધ્ય નથી. અનેક ભવથી સાધ્ય છે. **तइओ भवो** તેટલાજ માટે કહેવામાં આવે છે. ઓછામાં ઓછી ત્રણ ભવની સ્થિતિ તો હોયજ. તીર્થંકરનો ભવ બાદ કરીએ બે ભવની સ્થિતિ તો હોયજ.

## કર્મકાય અવસ્થામાંના સમકિતની ભાવના વિશિષ્ટજ હોય છે.

શ્રીકલ્પસૂત્રમાં કાયમ શ્રવણ કરો છો કે શ્રીમહાવીર મહારાજા, બ્રાહ્મણી દેવાનંદાની કૂક્ષીમાં આવ્યા ત્યારે ઇંદ્રને વિચાર થયો કે તીર્થંકર, ચક્રવર્તી વાસુદેવ, બલદેવ નીચકુલમાં, તુચ્છકુલમાં કે ક્ષુદ્રકુલાદિમાં જન્મ લેતા નથી. જો કે તેવા કુલમાં ગર્ભમાં આવતા નથી. આવે તો આશ્ચર્ય! કદાચ તેવા આશ્ચર્ય રૂપે આવે તો

પણ તે સ્થાને જન્મે તો નહિજ ! અનંતી ઉત્સર્પિણી કે અવસર્પિણી થઈ જાય તો પણ તેવા પ્રકારના અધમકુલે–ગર્ભાવાસે ન જ ઉપજે !”

શ્રીમહાવીર મહારાજા દેવાનંદાની કૂક્ષીમાં આવ્યા છે તે આશ્ચર્ય ગણાયું છે. બ્રાહ્મણાદિ કુલને નીચ ગણાવ્યું છે, તે તીર્થંકરપણાની તથા ચક્રવર્તિપણા વગેરેની અપેક્ષાએ સમજવું. તેજ કુલમાં ઉત્પન્ન થયેલા ગણધરાદિને કુલસંપન્ન ગણાવ્યા છે. શ્રીતીર્થંકરદેવની અપેક્ષાએ કુલો રાજ્યશ્રીવાળાં જોઈએ. તેવાં કુલો ઉત્તમ ગણાય છે. અતઃ **रज्जसिरिं कारेमाणे पालेमाणो ।**

દેવતત્ત્વ માટે અનેક ભવોનું મંડાણ (તૈયારી) જોઈએ છે. તે હોય તોજ દેવત્વ સાંપડે છે. દેવ તે અનેક ભવોમાં કેવા હોય તે જણાવવા દેવની ત્રણ અવસ્થા કહી છે. ૧. કર્મકાય અવસ્થા. ૨. ધર્મકાય અવસ્થા. ૩. તત્ત્વકાય અવસ્થા. ધર્મકાય અવસ્થા. તથા તત્ત્વકાય અવસ્થા તો પ્રત્યક્ષ છે. સર્વ સાવદ્યયોગનો ત્યાગ કરે અને અનુક્રમે કેવલજ્ઞાન પામે ત્યારેજ દેવ દેશના દે છે.

કર્મકાય અવસ્થા કેવી હોય એ જાણવું જરૂરી છે. શ્રીતીર્થંકરદેવનો જીવ જ્યારથી સમ્યક્ત્વ પામે ત્યારથી જગતના ઉદ્ધારનીજ માત્ર ભાવના, તેમના આત્મામાં હોય છે.

(અપૂર્ણ)

# ગ્રાહકોને વિજ્ઞપ્તી

આ અંકથી શ્રીસિદ્ધચક્ર પેપરનું દશમું વર્ષ શરૂ થાય છે.

અમારા માનવંતા ગ્રાહકોને વિનંતિ કરવામાં આવે છે કે આ પત્રનું લવાજમ તુરત મોકલી આપવા મહેરબાની કરવી.

અત્રેના સ્થાનિક ગ્રાહકોએ એક માસની અંદર લવાજમ ભરી જવું.

જે સ્થળે આ પેપર ફ્રી મોકલવામાં આવે છે તેમને આ વર્ષે લવાજમ મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે.

જેઓ ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઇચ્છતા ન હોય તેઓએ મહેરબાની કરી તુરત લખી જણાવવું, જેથી ધાર્મિક સંસ્થાને નુકશાન થાય.

એક માસમાં જેમનું લવાજમ નહિં આવે તેમને વી. પી. કરવામાં આવશે.

—તંત્રી

( ટાઇટલ પાના ૪નું ચાલુ )

થતું નથી, તેમ વિરૂદ્ધ વસ્તુના કારણોથી પણ કાર્ય થતું નથી. એટલે ધર્મનું જે ફલ દુર્ગતિને રોકવારૂપ અને સદ્ગતિને પ્રાપ્ત કરવારૂપ ઉપર જણાવવામાં આવ્યું છે, તેમાં કોઇપણ સુજ્ઞનો કે આસ્તિકદર્શનને અનુસરવાવાળાનો વિરોધ હોયજ નહિં પરન્તુ તેવા ફળને નિપજાવી શકે તેવાં કારણો કયાં છે, કે જેને વાસ્તવિક રીતે ધર્મ સ્વરૂપવાળો ધર્મ કહી શકાય. એ ધર્મ સ્વરૂપને જણાવનારા કારણોને જણાવવા માટે શાસ્ત્રકાર ભગવાનોએ ધર્મના વિશેષણોની બાવીસી બ્હાર પાડેલી છે. તે વિશેષણની બાવીસીનું વિશેષ વિવેચન અત્રે ન કરતાં માત્ર તે ક્રમસર વિશેષણની બાવીસીજ જણાવવામાં આ કથનની સફળતા ગણવામાં આવી છે. ધર્મના યથાર્થ સ્વરૂપ માટે ગણાયેલી—

## ધર્મના વિશેષણની બાવીસી

૧ કેવલિમહારાજ એટલે જેઓને આર્થિક–શારીરિક કે કૌટુમ્બિક ખેંચાણ હોય નહિં તેમજ સ્વપર તરીકેનો વિભાગ થઇ રાગ દ્વેષ સર્વથા ન હોવા સાથે લોકાલોકપ્રકાશક એવા કેવળ જ્ઞાનવાળા પુરૂષે પ્રકાશેલો હોય.

૨ જગત્માં વર્ત્તતા સર્વજીવો વધાદિરહિતપણે બલાત્કારરહિતપણે–તાબેદારીરહિતપણે પીડારહિતપણે અને મરણરહિતપણે જીવવાને માટે હક્કદાર છે, અને તેથી કોઇપણ જીવને કોઇપણ જીવે હણવા વિગેરેનો હક ધરાવી શકાય નહિં એવી અહિંસારૂપ જેનું લક્ષણ છે તેવો ધર્મ ગણાય છે.

૩ જગત્ના સર્વજીવો હિતને પ્રાપ્ત કરે તેજ ઇષ્ટ ગણી જગત્ના સર્વ જીવોને હિતકારી એવાં વચનો વાપરવાં એજ ધર્મનો અધિષ્ઠાતા છે અર્થાત્ તેવા સત્યથી અધિષ્ઠિત ધર્મ ગણાય.

૪ સંસારમાં પરિવર્ત્તન કરવાવાળો જીવ અનાદિકાળથી પોતાના હિતને ભૂલેલો છે અને પૌદ્ગલિક અને સાંસારિક હેતુમાંજ હિતની બુદ્ધિ ધારી રહ્યો છે, તેવાને જો વાસ્તવિક આત્માના હિતની બુદ્ધિનો ખ્યાલ આવનાર હોય કે તેવી બુદ્ધિના સાધનોને સફલ કરવા માટે જો કોઇ પ્રયત્નશીલ હોય તો તે માત્ર મહાત્માઓજ છે. અને તેવા મહાત્માઓના સંસર્ગ, વિનય, ભક્તિ, વૈયાવચ્ચ, પ્રશંસા અને સેવા કરવી તેજ ધર્મવસ્તુનું મૂળ છે.

૫ જગત્માં અગ્નિ એક એવી વિચિત્ર ચીજ છે કે જેના સંયોગમાં આવેલી જગત્ની સર્વ ચીજો પોતાના મૂલ સ્વરૂપથી પરાવર્ત્તન પામે છે. એવી રીતે સંસાર સમુદ્રની અંદર જીવાત્માઓ માટે પણ ક્રોધરૂપી અગ્નિ એવી ચીજ છે કે જેના સંયોગને પ્રતાપે જીવની પરિણતિનું બેહુદુ રૂપ થયા શિવાય રહેતું નથી. માટે જેની અંદર ક્ષમાગુણ એટલે ક્રોધનાં કારણોથી દૂર રહેવું

( જુઓ ટાઇટલ પાનું ૨ )

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ, કણુપીઠ બજાર, સુરતમાં શાહ. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રીસિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભૂલેશ્વર. મુંબઇમાંથી પ્રગટ કર્યું.

# શ્રીકેવલિ મહારાજે કહેલા ધર્મની વિશિષ્ટતા

**જગતભરમાં** આસ્તિક અને નાસ્તિક એવી રીતે દર્શનના બે વિભાગો ગણવામાં આવે છે, તેમાં નાસ્તિકવર્ગ તો દેવને કે ગુરૂને નામાંતરે પણ માનવા તૈયાર નથીજ હોતો, પરંતુ ધર્મને તો કામને નામે પણ માને છે, અર્થાત્ નાસ્તિકોના મતે સંસારનું સૌભાગ્ય એજ ધર્મ ગણવામાં આવેલો છે. એટલે સ્પષ્ટ શબ્દોમાં એમ કહી શકીએ કે દુર્ગતિના સાધનોની પ્રાપ્તિનેજ નાસ્તિકદર્શનો ધર્મને નામે ધપાવે છે. જ્યારે આસ્તિક તરીકે ગણાતા દર્શનોમાં જો કે ઘણોભાગ તો ધર્મને માનવાની સાથે દેવ અને ગુરૂ એ બે તત્ત્વોનેજ માનનારો હોય છે, છતાં વૈદિક જેવા દર્શનકારો સર્વજ્ઞપણાદિકને નહિં માનનારા હોઈને વાસ્તવિક દેવતત્ત્વને માનનારા નથી હોતા અને કેટલાક દર્શનકારો વર્ણની શ્રેષ્ઠતાના પોકારમાં પડેલા હોવાથી ત્યાગી ગુરૂસંસ્થાને પણ માનવાવાળા હોતા નથી. છતાં સર્વ આસ્તિક દર્શનકારોને ધર્મરૂપી તત્ત્વ તો માનવાની ફરજ પડે છે અને તે માને પણ છે. સર્વ આસ્તિક દર્શનકારો સંસારનું પર્યટન કરનારો જીવ છે એવું માનતા હોઇને સંસારના પર્યટનમાં ભવિષ્યની ખરાબ જીંદગી ન મળે અને સારીજ જીંદગી મળે એવા પ્રયત્નો અને આ બન્નેને ધર્મ તરીકે ગણવાને માટે તૈયાર રહે છે. અને તે ધ્યેયને અનુસરી-નેજ સર્વઆસ્તિક દર્શનકારો **यतोऽभ्युदयनिःश्रेयसः सिद्धिः स धर्मः** એવી રીતે ધર્મનું લક્ષણ કરીને ભવિષ્યની ખરાબ જીંદગીનું નિવારણ અને સુંદર જીંદગીનું મેળવવું જેનાથી બને તેને ધર્મ માનવાને તૈયાર રહે છે. જગત્‌ની અંદર લોકોત્તર માર્ગ તરીકે પ્રસિદ્ધ એવો જૈનધર્મ પણ ધર્મના ફલને બતાવતી વખતે તેજ વસ્તુને અનુસરે છે અને તેથીજ જૈનધર્મમાં ધર્મનું ફલદ્વારાએ સ્વરૂપ જણાવતાં સ્પષ્ટપણે કહેવામાં આવે છે કે **दुर्गति प्रश्रितां जन्तून् यस्मात् धारयते ततः धत्ते चेतान् शुभे स्थाने तस्मात् धर्मः इति स्मृतः ।** અર્થાત્ દુર્ગતિ તરફ દુર્ગતિ દેવાવાળાં કાર્યો કરવા દ્વારાએ ધસી રહેલા જીવોને તે કાર્યોથી નિવર્ત્તાવવા દ્વારાએ દુર્ગતિમાં પડતાં બચાવી લે, અને સદ્‌ગતિનાં સાધનો દેખાડવા દ્વારાએ જીવોને સદ્‌ગતિના સ્થાને ધારણ કરે એ નિરૂક્તિથી ધર્મ ગણવામાં આવ્યો છે, પરન્તુ સુજ્ઞમનુષ્ય સ્હેજે સમજી શકશે કે ઉપરજણાવેલી સર્વ આસ્તિકદર્શન સંબંધી ધર્મની વ્યાખ્યા માત્ર ફલદ્વારાએજ જણાવવામાં આવેલી છે, પરન્તુ એ વાત જગત્‌માં સિદ્ધ છે કે કારણને અનુરૂપજ કાર્ય થઇ શકે છે, પરન્તુ જેમ કારણ વગર કાર્ય

( જુઓ ટાઇટલ પાનું ૩ )

Regd. No. B. 3047

# શ્રી સિદ્ધચક્ર

❖ !!! વં......દ......ન......હો !!! ❖

## શ્રી સિદ્ધચક્રને

अर्हन्तः प्रातिहार्यैः सुरनरनिकरैरर्चनीयाः शिवाढ्याः
सिद्धाः निष्कर्मकिट्टा जनिमृतिरहिताः सर्ववेदिप्रगल्भाः
आचार्या धर्मधुर्याः श्रुतगणपटवो वाचकाः सन्मुनीशाः
मोक्षाध्वालंबनाः श्रद्धतिमतिश्चरणैः सत्तपोभिः पुनन्तु ॥१॥

जिनेशितुश्चक्रभृतो वासुदेवस्य वा यथा ।
चक्रं तथेदं श्रीसिद्धचक्रं शासनकार्यकृत् ॥२॥

વર્ષ ૧૦ અંક ૨

[ ધનજીસ્ટ્રીટ : ૨૫, ૨૭ ]

વિક્રમસં. ૧૯૯૭, વીરસં. ૨૪૬૭, તા. ૨૦-૧૦-૪૧ સોમવાર

લવાજમ રૂ. ૨-૦-૦ કિંમત ૧।। આના

# સાગર સમાધાન

**પ્રશ્ન**—શ્રી સમવાયાંગ આદિ સૂત્રોમાં ગણધરમહારાજે કહેલ નમોત્થુણં૦ માં તથા શ્રીલલિતવિસ્તરા આદિ શ્રીસંઘના આચાર દેખાડનાર વિધિમાં જણાવતા અને આવશ્યકાદિ ક્રિયામાં કહેવાતા નમોત્થુણં૦માં **દીવો** આદિ છ પદો જણાવ્યાં નથી, અને ઉવવાઈજી તથા શ્રીકલ્પસૂત્રમાં અનુક્રમે કોણિક અને શક્રઈંદ્રે કહેલાં નમોત્થુણં૦માં તે પદો છે તેનું કારણ શું ?

**સમાધાન**—ઉપર જણાવેલા સ્થાનોમાં **દીવો**૦ આદિ છ પદો હોવા નહિં હોવાનો ફરક છે ખરો અને ટીકાકારોએ એ બાબતમાં ખુલાસો કર્યો નથી, છતાં એમ જણાય છે કે શ્રીસંઘને પિંડસ્થ-પદસ્થ-રૂપસ્થ અને રૂપાતીત અવસ્થા તથા છદ્મસ્થ-કેવલિ અને સિદ્ધ અવસ્થા વગેરે જન્મ પછીની અવસ્થાઓ સ્તુતિગોચર રાખવાથી અભૂતપૂર્વપણાની મહત્તા આદિ દર્શક દીવો આદિ પદો ન રાખ્યાં હોય અને શક્રેન્દ્રને ચ્યવનદશાથી સ્તવનાવિષય હોવાથી તે મહત્તાદર્શકપદો રાખ્યાં હોય, અને પ્રસિદ્ધ ચૈત્યવંદનવિધિ વિરતિવાળાઓને હોવાથી દીપાદિપણાની પ્રાર્થનીયતા ન ગણી હોય અને અવિરતિવાળા માટે કહેવાતા એકલા નમોત્થુણં૦માં દીવો આદિની ઉપમાથી પ્રાર્થનીયતા ગણી હોય. એ તો ચોક્કસ છે કે **દીવો**૦ આદિ પદો પ્રથમાન્તપણે કહેલાં છે. જ્યારે બીજાં બધાં પદો ચતુર્થીના અર્થવાળી છઠ્ઠીનાં અંતવાળાં છે. વિભક્તિને પલટાવવાની વાત છોડી દઇએ તો કહેવુંજ જોઇએ, કે એ પદો નમસ્કારના વિષયનાં નથી. વસ્તુતઃ ભગવાનના ઉપદેશેલા ચારિત્રરૂપ મોક્ષમાર્ગથી દૂર રહેલાઓને અદ્‌ભૂતતા દેખીને ઉપમાદિરૂપે કેવલ ઉપમા વાચક છે. સિંહ વિગેરે ઉપમાનો જ્યારે પુરૂષલોક ધર્મને અંગે છે. વળી ભગવાનનું શાસનથી ભરતાદિક્ષેત્રના ચાર છેડાનું ચક્રિપણું જણાવ્યા પછી વિરતિરૂપ શાસનથી દૂર રહેલા માટે છે. ભગવાનના સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનરૂપ શાસન તો ત્રણે લોકમાં હોય છે. માત્ર ભરતાદિકમાં તો તેઓના વિરતિરૂપ શાસનચક્રનું પ્રવર્ત્તન છે. અને તેથીજ ચાતુરંત ચક્રવર્ત્તી છે. દર્શનાદિની અપેક્ષાએ તો ત્રિલોક ચક્રવર્ત્તી છે, એમ જો માનવામાં આવે તો ભગવાન્‌ને દૂર દેખીને નમસ્કાર્યતાનો વિષય કરવા કરતાં દીવો૦ આદિ પદો કહે, એટલે હું અવિરતિ હોવાથી ભવસમુદ્રના મધ્યમાં છું, અને તમો જેમાં વર્ત્તો છો એવો વિરતિદ્વીપ પણ મ્હારાથી દૂર છે. સંસારને કરનાર સાંપરાયિક કર્મો જે ગાઢપણે થઇ રહ્યા છે તેનાથી બચાવનાર વિરતિમય પ્રાણ પણ દૂર છે. સંયમઆદિ જે ભવિષ્યના સંસારથી બચાવનાર શરણ તે રૂપ તમો પણ દૂર છો. બાહ્યાભ્યન્તર ગ્રન્થ છોડીને સુસ્થતા માટે આશ્રય કરાતા તમે દૂર છો. દિનપ્રતિદિન મળેલ ચારિત્ર પરિણામના અવલંબન અને વૃદ્ધિના કારણરૂપ એવા આધાર જેવા આપ દૂર છો. એવી કોઇક સ્થિતિ દર્શાવનાર એ પદો પ્રથમાંતમાં રહેલા ગણાય. નમસ્કાર કરવામાં બુદ્ધિથી પણ નમસ્કાર્યનું સન્નિધાન કરવું જોઇએ. રૂપક તરીકે વર્ણન કરતાં વર્ણનીયને બુદ્ધિ પણ નજીક ન લાવતાં દૂર રાખે માટે એ દીવો૦ વગેરે અવિરતિમાં દૂર રહેલા માટે હોવાં અસંભવિત નથી. શક્રસ્તવ અને ગણધરરચિતને સમજનારા સુજ્ઞો તો વિધિમાં દીવો૦ આદિ બોલેજ નહિં. નવા પાયચંદીયા આદિ મતો શિવાય પ્રાચીન ગચ્છો અને તેના આચાર્યો તો વિધિમાં તે દીવો૦ આદિ પદો કહેવાનું કહેતા નથી.

# શ્રીસિદ્ધચક્ર

વર્ષ ૧૦ :] આસો વદ ૦)) [ અંક ૨

: ઉદ્દેશ :
શ્રીનવપદમય શ્રીસિદ્ધચક્રની આરાધના અને આયંબિલ વર્ધમાનતપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાન (આદિ) નો ફેલાવો કરવો........................વાર્ષિક લવાજમ રૂા. ૨–૦ ૦........

તંત્રી
પાનાચંદ રૂપચંદ
ઝવેરી

## આગમોદ્ધારકની અમોઘદેશના

( ગતાંકથી ચાલુ )

અન્ય સામાન્ય જીવોને, સમ્યકત્વમાં **जगदपि मुच्यतां** એ ભાવના હોય છે ત્યારે કર્મકાય અવસ્થાધારી જીવને સમ્યકત્વ પામે ત્યારે 'જગતને તારૂ' એ ભાવના હોય છે. જગતના સમગ્ર જીવોને તારવાની ભાવના થવી એજ કર્મકાય અવસ્થાનો પ્રારંભ છે.

સામાન્ય સમકિતિની ભાવના હોય છે કે—

૧. કોઈપણ જીવ પાપ કરો નહિ.

૨. કોઈપણ જીવ દુઃખી થઓ નહિ.

૩. આખું જગત્ કર્મથી મૂકાઓ ! આખું જગત્ તરો.

કર્મકાય અવસ્થાધારી સમકિતિ તો આ ભાવનામાં તરબોળ હોય છે કે—"આવું ઝળઝળતું જૈનશાસન વિદ્યમાન છતાં જગત્ના જીવો મોહન્ધકારમાં રખડી કેમ રહ્યા છે ? હું તેમને સાવચેત કરૂં, તેમનો ઉદ્ધાર કરૂં, આવી નિર્મળ

ભાવનાથી વરબોધિ પ્રાપ્ત થાય છે અને કર્મકાય શરૂ થાય છે.

## કર્મકાય અવસ્થામાં દેવની સ્થિતિ કેવી હોય ?

કર્મકાય અવસ્થામાં રહેલા તીર્થંકર ભગવંતને રાગ, દ્વેષ, મોહ, શુરૂ, ધર્મનું સ્વરૂપ ભૂલાવતા નથી, આત્મભાનથી આત્માને પતન પમાડતા નથી.

## કહેવરાવવું દેવ અને ઉત્સંગમાં સ્ત્રી ?

શંકા—ઈતર દેવોમાં રાગાદિ છે તેની શી ખાત્રી ?

દુનિયાદારિમાં પણ અન્ય મનુષ્યની હાજરીમાં આનો સંસર્ગ હોતો નથી. સભામાં કોઈ સજ્જન પુરૂષ પોતાના ઉત્સંગમાં સ્ત્રીને લઈને બેસતો નથી. ફોટાઓ પડાવનારો પણ સજ્જન હોય તો સ્વસ્ત્રી સાથે પડાવે નહિ. જૂદી જૂદી પડાવી શકે છે. કહેવરાવવું છે દેવ, અને સ્ત્રી સાથે મૂર્તિમાં રહેવું છે. જૈનદર્શનમાં ચોવીસ તીર્થંકરોમાં ઘણા તો ગૃહસંસારી હતાને ? તેઓએ સ્ત્રી સાથેની મૂર્તિ કેમ ન રાખી ? આ દર્શનના સંસ્કારજ તેવા છે, કે મૂર્તિ સ્ત્રીઆદિ સહિત હોયજ નહિ કોઈ તેવી બનાવે તો સંઘ એકત્રીત થઈ ઉખેડી નખાવે.

ભોજે ધનપાલને દેવદર્શને મોકલ્યો હતો. વિષ્ણુના મંદિરમાં ધનપાળે પડદો આડો નાખ્યો હતો. તેમ કરવાનું રાજા ભોજે કારણ પૂછતાં તે પણ્ડિતે જણાવ્યું કે—"વિષ્ણુ, સ્ત્રીસાથે એકાંતમાં હતા. પતિ-પત્ની એકાન્તમાં હોય ત્યાં પરપુરૂષથી ન જઇ શકાય તેવી નીતિ છે. પૂજારી પડદો નાંખવો ભૂલી ગયો હશે એમ ધારી મેં મર્યાદા પાલનાર્થે પડદો નાંખ્યો હતો."

પ્રશ્ન—આશ્ચર્ય દશ શિવાય બીજાં પણ બને ખરાં કે દશજ બને ?

આ ચોવીશીની અપેક્ષાએ દશ છે પણ દશજ થાય તેવો નિયમ નથી. ઓછાં વધતાં પણ થાય ખરાં. અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી ચાલી જાય છતાં જે બનાવ ન બન્યો હોય તેવો બનાવ બને ત્યારે તે આશ્ચર્ય ગણાય.

દુનિયા પણ લજ્જા ધારણ કરે છે જ્યારે દેવપણું ધારણ કરનાર લજ્જાને ખીંટીએ મૂકે ત્યાં શું કહેવું.

તીર્થંકરદેવ તો દેવના ભવમાં તો સંપૂર્ણતયા વીતરાગ છે, પણ પ્રથમ ભવોમાં તેમનામાંનો રાગ મર્યાદાનું ઉલ્લંઘન કરાવનારો કે આત્મભાન ચૂકવનારો તત્ત્વકાય અવસ્થામાં તો રાગ હોતોજ નથી, પણ કર્મકાય અવસ્થામાં પણ તે આત્માની ઉત્તમતા એવી છે કે ત્યાં સંક્લેશજનક રાગ હોતો નથી.

## દ્વેષ સાધનથી પ્રગટે છે, રાગ વિના-સાધને પ્રગટે છે.

શંકા—રાગ દ્વેષ તથા મોહ ત્રણેય દૂર કરવાનાં છે, જ્યારે અહિં એકલો રાગ કેમ જણાવવામાં આવે છે ?

દ્વેષ અને મોહ બીજાં સાધનોની દરકાર રાખે છે, રાગ વગર સાધને પણ પ્રગટે છે.

નહિ મળેલા પદાર્થની ઇચ્છા ન્હાના બાલકને પણ થાય છે અર્થાત્ રાગને સાધનોની જરૂર નથી. દ્વેષ મળ્યા પછી ઉપજે છે. દ્વેષની મૂલ જડ તપાસીએ તો રાગજ છે. જેના પ્રત્યે રાગ, તેનો ઘાત થાય, તેનો કોઈ ઘાતક થાય અગર તે ઘાતક થાય તોજ દ્વેષ પ્રગટે છે. જગત્‌ની સ્થિતિએ રાગપૂર્વકજ દ્વેષ છે. દ્વેષપૂર્વક રાગ હોતો નથી.

શંકા—'શત્રુનો શત્રુ તે સ્હેજે મિત્ર!' આ ન્યાયમાં રાગ દ્વેષથી ઉત્પન્ન થયેલો કેમ નહિ?

પ્રથમ તે શત્રુ થયો તે શાથી? તેની જડ તપાસો તો રાગજ છે ને! આખી જંજાળને ઊભી કરનાર રાગજ છે તેથી પ્રથમ રાગ જણાવવામાં આવ્યો છે.

જીવ ઉપશમ કે ક્ષપકશ્રેણિ માંડે છે ત્યાં પણ શ્રેણિની અપેક્ષાએ પ્રથમ દ્વેષ જાય છે. દશમા ગુણસ્થાનકના અન્તભાગે લોભ જાય છે. તે લોભ મોહનીય પ્રકૃતિના ઘરનો છે માટે તે રાગમાં ગણાય.

ક્રોધ અલ્પ પ્રયત્નથી ખપે છે. તેનાથી અધિક અધિક પ્રયત્નોથી માન, માયા ખપાવાય છે, અને લોભના અસંખ્યાતા ટુકડા કરીએ ત્યારે, ઘણા પ્રયત્નોવડે લોભનો અંત થાય છે. પ્રવૃત્તિની અપેક્ષાએ પ્રથમ ઉત્પત્તિ રાગની છે.

જે વસ્તુ પ્રત્યે રાગ થાય તેનો નાશ થતાં દ્વેષ ઉપજે છે, માટે પ્રવૃત્તિની અપેક્ષાએ પ્રથમ રાગને રોકવાની જરૂર છે. દ્વેષને કોણ રોકી શકે? જે રાગને રોકી શકે છે તેજ દ્વેષને પણ રોકી શકે છે.

કુદેવનો નિષેધ પણ ત્યાં રાગનાં સાધનોથી છે ને? વૈષ્ણવની મૂર્તિમાં સ્ત્રી આખી છે ને! હથીયારાદિ તમામ અરધાં લેવામાં આવ્યાં છે. શાથી? વ્યાપકતા રાગની છે. પ્રવૃત્તિની દૃષ્ટિએ દ્વેષની જડ રાગ છે. માટેજ રાગના નિષેધની પ્રથમ જરૂર છે.

જેનામાં સંકલેશને ઉત્પન્ન કરનારો રાગ ભવાંતરથી ન હોય-નાશ પામ્યો હોય તેજ દેવ છે-તેજ દેવ બની શકે છે.

શંકા—**एव** કાર શા માટે કહેવામાં આવ્યો છે?

પ્રવૃત્તિની અપેક્ષાએ સંકલેશોત્પાદક રાગ નથી એ વાત ખરી, પણ જ્ઞાતિની અપેક્ષાએ **एव**કારની જરૂર છે. જ્ઞેય અને જ્ઞાત.

જે સ્વરૂપે જ્ઞેય તેજ વિશિષ્ટતા જ્ઞાનની છે. દર્શન કરતાં જ્ઞાનને આથીજ જુદું પાડવામાં આવે છે. જ્ઞેયની વિશિષ્ટતા દર્શનમાં નથી, પણ જ્ઞાનમાં છે. પૂર્વભવમાં તેઓ જ્ઞાનને જાણનારા હતા તેથી તેમણે તે જ્ઞાનથી સંકલેશોત્પાદક રાગને ઓળખી, અનિષ્ટ જાણી દૂર કર્યો. વરબોધિ પામ્યા પછી કયો રાગ ખરાબ છે તે જાણીનેજ નિષેધ કર્યો. અર્થાત્ તેમણે રાગને જ્ઞાનપૂર્વક રોકયો છે.

જ્ઞાનની વિશિષ્ટતાના કારણે કર્મકાય અવસ્થામાંનો રાગ સંકલેશને ઉત્પન્ન કરતો નથી. પ્રવૃત્તિરૂપે પણ તે સંકલેશને ઉત્પન્ન કરનાર નથીજ.

સામાયિકમાં ગૃહસ્થ પણ ઘરબાર કુટુંબ વગેરેને વોસિરાવી બેઠેલો છે. કેવો ? **समणो इव** શ્રમણ જેવો પણ બે ઘડી માત્ર ! સર્વથા પરિગ્રહ કે વિષયાદિ વિનાનો નહિં. શ્રીતીર્થંકરદેવના જીવોને કર્મકાયાવસ્થામાં અમુક ટાઇમેજ સંકલેશવાળો રાગ નથી એમ નહિ પણ સર્વકાલે નથી. બંધ, ઉદય કે ઉદીરણાની અપેક્ષાએ સર્વથા તેમનામાં સંકલેશ ઉત્પન્ન કરનારો રાગ હોતોજ નથી. નહિં તો ઉપશમશ્રેણિએ ચઢતાં, પડતાં અનંતાનુબંધી કે મિથ્યાત્વનો પ્રસંગ આવે. તાત્પર્ય કે બંધ, ઉદય, ઉદીરણા કે સત્તામાં પણ જેનામાં સંકલેશોત્પાદક રાગ કર્મકાય અવસ્થામાં નથી તેવા દેવ તેજ મહાદેવ છે. જેમનામાં ભવાંતરોથી તેવો રાગ હોતો નથી તેજ મહાદેવ, તેજ દેવાધિદેવ.

## દ્વેષ દાવાનલ જેવો છે

જગતમાં કેટલાકો એવા પણ હોય છે કે "મેં મરૂં પણ તુજે રાંડ કરૂં" એ કહેવત મુજબ પારકાને નુકશાન કરવાની વૃત્તિએ પ્રવૃત્તિ કરે છે.

કુરૂટ અને ઉત્કુરૂટ નામના બે સાધુઓ નગર બહાર કાયોત્સર્ગ ધ્યાને ઉભા છે. ચોમાસું હોવા છતાં ત્યાં વૃષ્ટિ ન થવાથી, ત્યાંના ગમારોએ વિચાર્યું કે વૃષ્ટિને આ સાધુઓએ રોકી છે. જેવું વિચાર્યું તેવું તેઓ બોલ્યા. પેલા મુનિઓએ તે સાંભળ્યું. પોતાની ઉપરના તે આળને દૂર કરવા તે મુનિઓએ વર્ષાદને તે કુણાલા નગરીમાં પન્નર દિવસ સુધી મૂશળધાર વર્ષવા કહ્યું. પોતાના તપનો પ્રભાવ હોય તો રાત્રિદિવસ નિરંતર વર્ષવા કહ્યું.

**वर्ष मेघ ! कुणालायां दिनानि दश पंच च ।**
**मुशलप्रमाणधाराभिः यथा रात्रौ तथा दिवा ॥**

હે મેઘ ! આ કુણાલાનગરીમાં પંદર દીવસ સતત વરસવાનું ચાલુ રાખ. કેવી રીતે ? મુશલપ્રમાણ ધારાથી તેમજ જેવી રીતે રાત્રે તેવીજ રીતે દીવસે પણ વરસવાનું ચાલુ રાખ.

તપના પ્રભાવે તેવી વૃષ્ટિ થઈ, નગરીનો નાશ થયો અને મુનિઓને સાતમી નરકે જવું પડયું. દ્વેષે કેટલો જુલમ કર્યો ?

ત્રણે અવસ્થામાં જેઓ રાગદ્વેષ વિનાના હોય તેઓજ દેવ મનાય છે.

**यतः । शमेन्धदवानलः ।** દેવમાં શમરૂપી કાષ્ઠને બાળનારો દાવાનળ જેવો દ્વેષ હોય નહિ.

શંકા—રાગમાં **संक्लेश** તથા **द्वेष** માં **शमे-न्धन**નું વિશેષણ શા માટે ?

રાગ કુટુમ્બી શત્રુ છે, દ્વેષ અગ્નિ જેવો છે, અને મોહ તે મીઠું ઝેર છે. તે વખતે ખરાબ ન લાગે પણ પરિણામે વિરસ છે. કુટુંબી માણસ અવળા પાટા બંધાવે તો પણ માલુમ ન પડે. રાગ પણ તેવોજ છે. માટે ત્યાં 'સંક્લેશજનક' વિશેષણ મૂકયું છે. દ્વેષ અગ્નિરૂપ છે માટે ત્યાં **शमेन्धन** વિશેષણ સમુચિત છે. **शमेन्धन** ની પાસે **दवानलः** કહ્યું. તે લોટા પાણીથી ન શમાય પણ મેઘથી શાન્ત થાય. તેમ દ્વેષ એવી ચીજ છે કે એકદમ શાન્ત ન

થાય. તેને તો માત્ર ધર્મરૂપી મેઘજ શાન્ત કરે.

સમતા લાકડાંરૂપ છે. દ્વેષરૂપી દાવાનળ ન સળગે ત્યાં સુધીજ તેની સલામતી છે. દાવાનળ સળગ્યા પછી લોટો, કુવો કે ગાગરથી શાન્તિ નથી, પણ મેઘથીજ શાન્તી થાય છે. તેમ સમતામાં સળગેલા દાવાનલની શાન્તિ ધર્મરૂપી મેઘથીજ થાય છે.

દ્વેષ હાડોહાડ વ્યાપ્યા પછી તે જીવો અહિં તો શું, નરકમાં પણ પરસ્પર લઢયા કરે છે, ઝઘડયા કરે છે. પલ્યોપમો અને સાગરોપમો સુધી લઢે છે.

લક્ષ્મણ અને રાવણ હજુ નરકમાં પણ લઢે છે એમ ઇતરો કહે છે.

આવા દ્વેષની શાંતિ ધર્મરૂપી અપૂર્વ મેઘથી-જ થાય.

આવો દ્વેષ શ્રીતીર્થંકરદેવના જીવને કર્મકાય અવસ્થામાં પણ ન હોય તો ધર્મકાય અવસ્થામાં કે તત્વકાય અવસ્થામાં તો હોયજ શાનો ?

---

**यस्य संक्लेशजननो रागो नास्त्येव सर्वथा ।**
**न च द्वेषोऽपि सत्त्वेषु शमेन्धन दवानलः ॥**

**કર્મકાય અવસ્થામાં સંકલેશ કરનારા, રાગ, દ્વેષ તથા મોહ જેનામાં ન હોય તેજ દેવ ! તેજ મહાદેવ ! !**

## પારમાર્થિક દેવતત્ત્વ એક ભવ સાધ્ય નથી. અનેક ભવ સાધ્ય છે.

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ભવ્યજીવોના કલ્યાણાર્થે અષ્ટકજી પ્રકરણની રચના કરતાં, પ્રથમ મહાદેવાષ્ટકનું નિરૂપણ કરે છે, કેમકે દર્શનમાત્રને માન્ય તત્ત્વત્રયીમાં પ્રાધાન્ય દેવતત્ત્વનું છે. ગુરૂતત્ત્વ તથા ધર્મતત્ત્વ દેવતત્ત્વને અવલંબીનેજ છે માટેજ દેવતત્ત્વ મુખ્ય છે તેથી તેનું નિરૂપણ પ્રથમ છે. ગુરૂ તથા ધર્મ તેવાજ માનવામાં આવશે કે જેવા સ્વરૂપવાળા દેવ મનાતા હશે. દેવ શ્રેષ્ઠ હોય, શુદ્ધ આચારવાળા હોય, તોજ ગુરૂ તથા ધર્મ તેવા સાંપડી શકે. જ્યાં દેવમાંજ પોલ હોય ત્યાં પછી તો મોટી બખોલો હોય તેમાં નવાઇ શી ? સદાચારની પરાકાષ્ઠાએ જેઓ પહોંચી ન શકયા હોય તેઓ સદાચારનો ઉપદેશ આપી શકતા નથી. તેવાઓ પાસે સદાચારનો ઉપદેશ તથા તેનાં સાધનો મેળવી શકવાની વગેરે આશા તેવા દેવ પાસેજ રહે કે જેઓ કૃતકૃત્ય થયા હોય-પાર પામ્યા હોય.

પારમાર્થિક દેવતત્ત્વ એક ભવ સાધ્ય નથી. અનેક જીવનથી સાધ્ય છે. ઈતિરોમાં તો એક ભવમાં માનવામાં આવ્યું છે. શ્રીજૈનશાસન, દેવનાં કલ્યાણકો ગર્ભથી માને છે. ચ્યવન કલ્યાણક, જન્મ કલ્યાણક, દીક્ષા કલ્યાણક, કેવલજ્ઞાન કલ્યાણક તથા નિર્વાણ કલ્યાણક એમ પાંચ માનવામાં આવે છે. ચ્યવન, જન્મ, દીક્ષાને પણ કલ્યાણકો માનવાથી સિદ્ધ છે કે દેવતત્ત્વ તે ભવાંતરે વવાયેલા વૃક્ષનું ફલ છે. જો તેમ ન હોય તો ગર્ભ કલ્યાણક હોયજ નહિં. કેવલજ્ઞાન તથા નિર્વાણને તો કલ્યાણક મનાય, પણ ચ્યવન, જન્માદિને કલ્યાણક માનવામાં આવે છે

માટે દૈવતત્વએ ભવાંતરનું ફળ છે. ગર્ભથીજ શ્રેષ્ઠત્વ આટલાજ માટે મનાય છે. ફલ માત્ર વ્યક્તિ પરત્વે નથી પણ અખિલ જગત્ પરત્વે છે. આંખ મીંચીને ઊઘાડીએ તેટલો સમય પણ જેમને શાતા નથી તેવા નારકોને પણ કલ્યાણકોના સમયે સુખ આનંદ વર્તે છે. તે પુરૂષોત્તમના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલ તથા નિર્વાણ કલ્યાણકો સમસ્ત જગતને યાવત્ દુઃખની પરાકાષ્ઠા ભોગવતા નારકીને પણ સુખ આપે છે. આ સ્થિતિ એકજ ભવથી સાધ્ય હોઇ શકે નહિ. તીર્થંકરને ભવમાંથી છેલ્લા ભવમાંજ તેમ બની શકે નહિ. આ પરિણામ ભવાંતરની આરાધનાનું છે.

દરેક તીર્થંકર બંધ થયેલા મોક્ષમાર્ગને ખુલ્લો કરે છે. બીજા તીર્થંકર વખતે પ્રથમ તીર્થંકર વખતનો તથા ચોવીશમા તીર્થંકર વખતે ત્રેવીશમા તીર્થંકર વખતનો ધર્મ ચાલતો હોય છે. શ્રીતીર્થંકરદેવ મોક્ષ માર્ગ ખુલ્લો કરે છે.

પર્યૂષણાપર્વમાં સાંભળો છો કે મોક્ષની મર્યાદા બે પ્રકારની છે. ૧. પાટપરંપરાએ. ૨. પર્યાયે. યુગાંતકૃત્ભૂમી, પર્યાયાન્તકૃત્ભૂમી.

શ્રીતીર્થંકરદેવે તીર્થ પ્રવર્તાવવાનું હોય ત્યારે મોક્ષમાર્ગ પ્રવર્તાવવાનો હોય છે. સમ્યગ્દર્શનાદિની પ્રવૃત્તિ તો ચાલુજ હોય છે. માત્ર મોક્ષમાર્ગથીજ બંધ હોય છે. તે માર્ગની ઉદ્ઘાટન ક્રિયા શ્રીતીર્થંકરદેવ કરે છે. ચોવીશ તીર્થંકરમાં તો એમ હોય કે સમ્યગ્દર્શનાદિની પ્રવૃત્તિ તો ચાલુ હોય, પણ પ્રથમ તીર્થંકર થાય છે ત્યારે તો મોક્ષ અને તેનો માર્ગ બન્ને હોતાં નથી. તે વખતે મોક્ષમાર્ગ પ્રગટ કરવો શી રીતે? જે વખતે સંસ્કારમાત્ર પણ હોતો નથી, તે વખતે પરાવર્ત્તન શી રીતે કરાય? સિદ્ધ થાય છે કે ભવાંતરના બીજનુંજ એ સામર્થ્ય છે. એનોજ એ પ્રભાવ છે. ગર્ભથી તીર્થંકરદેવને ત્રણ જ્ઞાન તો હોય છેજ. તેના પ્રતાપે અઢાર ક્રોડાક્રોડ સાગરોપમ સમયના અંધકારને ભેદી ઉદ્યોત, શ્રીઋષભદેવજી ભગવાન્ પ્રગટાવી શકયા તે પૂર્વભવના સંસ્કાર કે જ્ઞાનના આધારેજ! જો તેમ ન હોય તો આવા પરિવર્તનની કલ્પના પણ અશકય છે.

દેવપણું એક નહિ, પણ અનેક જન્મથી સાધ્ય છે. દેવ જ્યાં સુધી ઉચ્ચ અવસ્થામાં ન આવે ત્યાં સુધીની અવસ્થાનું નામ કર્મકાય અવસ્થા છે. શ્રીતીર્થંકરદેવના જન્મ વખતે ઈંદ્રો આવીને અભિષેકાદિ કરે છે તે ધર્મનો મહિમા વધારવા, એમ નથી. પણ ત્યાં તો પ્રબલ આકર્ષણ છે. જેણે અનેક જન્મો સુધી જગતના ઉદ્ધારનું ધ્યેય અખંડિતપણે જાળવી રાખ્યું હશે તે આત્માની પરિણતિ કેટલી ઉચ્ચ ભૂમિકાની હશે તે વિચારો! કલ્પસૂત્રમાં સાંભળવામાં આવે છે કે ઈંદ્ર નિર્મલ અવધિજ્ઞાનદ્વારા જંબુદ્વીપને નિહાળી રહ્યા છે. જગતના ઉદ્ધાર માટે શરીર, ધન માલ કુટુંબાદિનો ભોગ આપનાર જીવ તીર્થંકરગોત્ર બાંધે. તેવા આત્માની સહાય માટે ઈંદ્ર કેમ તૈયાર ન થાય?

ભરત ચક્રવર્તીએ, મરીચીને તે ભવમાં તીર્થંકર

માન્યા તે તો ભાવિની દૃષ્ટિએ. પણ જગત્‌ના ઉદ્ધારને માટેજ પ્રવૃત્ત આત્મા જ્યારે અવતરે ત્યારે સર્વ જગત્‌ને આશ્ચર્ય થાય, સુખ થાય, ઈંદ્રાદિ આકર્ષાઈને આવે તેમાં નવાઈ નથી.

**દેવત્વ અનેક ભવ સાધ્ય છે માટેજ ચ્યવન, જન્મ,દીક્ષાદિ કલ્યાણકો માની શકાય છે.**

કહેવત છે કે જાણીતો ગ્રહ નડે નહિ. એક રાજાએ જોષીને ભાવિ પૂછયું. તે જોષી વિદ્વાન્ હતો. કાયમ તેની આગાહી સાચી પડતી હતી. તેણે જણાવ્યું કે "બાર વર્ષ સુધી વરસાદનો છાંટો પણ થવાનો નથી." રાજાએ આથી પ્રજાને અનાજ સંઘરવા કહ્યું. આગાહી અવળી થઇ. વર્ષાદ તો ખૂબ થયો. જોશી ઉપર આખું ગામ ફિટ્કેરાયું. કોઈ જ્ઞાનીને પૂછવામાં આવ્યું કે— "જે જોષીની આગાહી કાયમ સાચી પડે છે તેની આગાહી આ વખત જૂઠી કેમ પડી?" જ્ઞાની મહાત્માએ ખુલાસો કર્યો. "જોષીએ માત્ર જોષ જોયો. જગત્ જોયું નહિ. અમુક શ્રેષ્ઠિને ત્યાં એક પુત્રનો પ્રસવ થયો છે. તેણે પૂર્વભવમાં એટલું બધું દાન દીધું છે કે તેનાં પગલાં જ્યાં હોય ત્યાં દુષ્કાલ હોય નહિ. તેના જન્મથી તેના પુણ્યથી વર્ષાદ થયો છે. તેના પૂર્વ મિત્રદેવોએ વર્ષાદ વર્ષાવ્યો છે." શેઠનો આ પુત્ર ભવિષ્યમાં ઉપકારી થશે કે નહિ તે વાત તો ભાવિના ગર્ભમાં છે, પણ સમસ્ત પ્રજા આ શેઠને ત્યાં ગઈ. તે પુણ્યવાન્ પુત્રને અવલોકયો! રાજાએ પણ તે બાલકને રાજ્ય સોંપ્યું. સામાન્ય બનાવમાં જો આટલું થાય તો જગત્‌ના ઉદ્ધારની ભાવના અનેક ભવોથી વહન કરનાર આત્માના પુણ્યથી શું ન થાય?

દેવાધિદેવ શ્રીમહાવીર ભગવાન્‌ના જીવે,નંદન-મુનિના ભવમાં લાગલાગટ એક લાખ વર્ષ સુધી માસ ક્ષમણો કર્યાં છે. શા માટે? કેવલ જગત્‌ના ઉદ્ધારની ભાવનાને ફલવતી કરવા માટે! આપણને એકવર્ષી તપ કેટલું મુશ્કેલ લાગે છે? મોટા ડુંગરા જેવું લાગે છે ને! લાખલાખ વર્ષ સુધી માસક્ષમણ શી રીતે થયાં હશે? તે આત્મા કેવો પ્રબલ હશે! આવો આત્મા જ્યારે દેવ તરીકેના (છેલ્લા) ભવમાં માતાના ગર્ભમાં આવે ત્યારે કોના આત્મામાં હર્ષ ન પ્રગટે? ઈંદ્ર મહારાજાને તો અવધિથી જાણવાથી અત્યાનંદ થાય! એમને તો નિરવધિ આનંદ થાય!! ગર્ભમાં તો પ્રભુની કાયા અંગુલના અસંખ્યાતમા ભાગે હોય ને! છતાં સૌધર્મેંદ્ર શક્રસ્તવથી સ્તુતિ કરે છે. શાથી? ઈંદ્રમહારાજા પણ શાસનના એટલા રાગી છે કે પ્રભુના ગર્ભ સમયે પણ શક્રસ્તવથી પ્રભુનું બહુમાન કરે છે. તે ઇંદ્રો જન્મસમયે સર્વ દેવોસહિત જન્માભિષેક કરે તેમાં આશ્ચર્ય શું? દેવપણું એક જીંદગીથી નહિ પણ અનેક પૂર્વ જીંદગીઓથી સાધ્ય છે માટે ચ્યવન, જન્મ, દીક્ષાદિ કલ્યાણકો માની શકાય છે.

શ્રીતીર્થંકરદેવના જીવ કર્મકાય અવસ્થાવાળા હોય છે અને તેવુંજ કર્મ બાંધે છે કે જે કર્મના પ્રતાપે તેઓ સમસ્ત જગત્‌ને પૂજ્ય બને છે, અને તે જગત્ માટે ઉદ્ધારનો માર્ગ ખુલ્લો

કરે છે. ભાવઆર્ય, [illegible] મુકે છે એમ નથી, પણ સાધનો પણ પુરાં પાડે છે. માર્ગ હોય છતાં સાધન ન મળે તો ગુંચ વધારે રહે. આ પુરૂષોત્તમ દેવાધિદેવ તે ગુંચ પણ ઉકેલે છે.

## તીર્થંકરપણામાં રહેલો પ્રભાવ તે ભવાંતરના કાર્યનુંજ પરિણામ છે.

ઇંદ્ર નિયમ યાદ કરે છે કે, "કોઇ દિવસ તીર્થંકર, ચક્રવર્તી, બલદેવ કે વાસુદેવ અન્તાદિ કુલમાં ઉપજે નહિ." આવો નિયમ શાથી? ભવાંતરથી જગત્ના ઉદ્ધારની ભાવના સતત ધારણ કરનાર, કર્મકાય અવસ્થાધારીજ આત્માઓ તીર્થંકર બને છે. આના વિના તીર્થંકરપણું મળતું નથી. જ્ઞાન, દર્શન, ચારિત્રમાં તીર્થંકર મહારાજ તથા કેવલી સરખાંજ છે. ફરક નથી પણ તીર્થંકર અધિક શાથી? તીર્થંકર માટે એ નિશ્ચિત હોય છે કે તેઓ પૂર્વભવે કર્મકાય અવસ્થાવાળા હોય છે. કેવલીમહારાજને પ્રથમ કર્મકાય અવસ્થા હોતી નથી. તેમ નિયમ પણ નથી. શ્રીતીર્થંકરદેવનું કર્મકાય અવસ્થાનું ફલ, કેવલજ્ઞાન સમયે દેશનાદ્વારા છે.

શ્રીતીર્થંકરદેવનો પુણ્ય પ્રભાવ એવો છે કે દેશના સમયે તેઓ એકી સાથે સર્વ શ્રોતાઓના સંશયોને છેદે છે. સામાન્ય કેવલીઓ તેમ કરી શકતા નથી.

**શંકા**—સામાન્ય કેવલી સંશયનો છેદ કેમ ન કરી શકે? અગર સંશયને કેમ ન જાણે?

માગણ જેમ લાભાન્તરાયના ક્ષયોપશમવાળો હોય તો ઘરમાં રહેલા મનુષ્યને ઓરડામાંથી આવીને આપવાનું મન થાય પણ જો લાભાન્તરાયનો ક્ષયોપશમ ન થયો હોય તો પાસે રહેલો મનુષ્ય પણ આપે નહિ. તેને આપવાની વૃત્તિ ઉદ્ભવે નહિ. તેજ રીતિએ શ્રીતીર્થંકરમહારાજામાં કેવલીમહારાજા કરતાં જ્ઞાન અધિક નથી પણ તેમની પર્ષદામાં પર્ષદાને એવોજ સંશય ઉપજે કે જેનો વ્યુચ્છેદ તેમનાં વચન દ્વારાએ થાય. શ્રીતીર્થંકરના ઉત્કૃષ્ટ પુણ્ય પ્રતાપે સભાને બીજી શંકા નજ ઉપજે. શંકા ઉપજે તે તેવીજ હોય કે જે તેમના વચનથી વ્યુચ્છેદ પામનારી હોય આવું ઉત્કૃષ્ટ પુણ્ય શાથી? કયાંથી? ભવાંતરોમાં જગત્ના હિતના અધ્યવસાયે, અધ્યવસાયાનુસાર અપાયેલા ભોગે આવું ઉત્કૃષ્ટ પુણ્ય સાંપડયું છે.

એકી સાથે સર્વ શ્રોતાઓનાં સંશયો ટળે અને પર્ષદાને આલ્હાદ ઉપજે તે કોઈ અનેરોજ હોય છે. આવું સામર્થ્ય ભવાંતરનું કાર્ય છે.

આવી કર્મકાય અવસ્થાના અધિકારીજ દેવ કે મહાદેવ છે. તેથી અન્યને (પરને) દેવ કે મહાદેવ નજ કહેવાય.

(અપૂર્ણ)

# તીર્થયાત્રા-સંઘયાત્રા

卐

[ વર્ષ ૯ : અંક ૧૫-૧૬થી ચાલુ ]

## પુસ્તકો લખાવવાં એ સાધુઓનું સ્વહસ્તક કાર્ય હતું.

ઉપર જણાવેલા સામાચારી કુલકના જોડેના સંસ્કૃત પાઠથી સાધુઓએ પુસ્તકનું જે લખવું તે તેમનું કાર્ય છે એમ સિદ્ધ થયું છે. તે એકલું વિધિવાદેજ હોય પણ એનો વર્ત્તાવ ન થયો હોય એમ નથી. ફક્ત અમદાવાદ દેશવિરતિ ધર્મારાધક સમાજ તરફથી છપાએલ પ્રશસ્તિસંગ્રહના વિભાગમાં નીચે પ્રમાણેનાં પુસ્તકો સાધુઓએ પોતાના હાથેજ લખેલાં છે

આ (इति) निर्मलमतिगणिनी रम्यां श्रीयोगशास्त्र-सद्वृत्तेः। द्वैतप्रकाशखंडस्य पुस्तिका लेखयामास ॥९॥ श्रीमानतुंगसूरेः पट्टस्थितपद्मदेव सूरीणां। तां प्रवचन-रसपात्रां प्रददौ पुण्याय पुण्यतराम् ॥१०॥

આ પ્રમાણે નિર્મલમતિ સાધ્વીજીએ શ્રીયોગશાસ્ત્રવૃત્તિની દ્વૈતપ્રકાશખંડની સુંદર એવી પુસ્તકાને લખાવી. અને પવિત્રતમ પ્રવચનરસનું પાત્ર એવી તે પ્રતને પુણ્યને માટે શ્રીમાનતુંગસૂરિના પાટપરંપરાએ આવેલા શ્રીપદ્મદેવસૂરિજી મહારાજને આપી.

श्रीकालिकाचार्यकथा० इतिश्री कालिकाचार्यकथानकं समाप्तं ॥ शुभं भवतु श्रीश्रमणसंघस्य ॥ श्रीपूर्णिमा-पक्षीयभट्टारकश्रीपुण्यतिलकसूरिचरणकमलध्यानैकमनसां श्रीयतिशेखरसूरीणां ॥

શ્રીકાલકાચાર્યનીકથા— એ પ્રમાણે શ્રીકાલકાચાર્યની કથા સમાપ્ત—શ્રીશ્રમણસંઘનું કલ્યાણ થાઓ શ્રીપુનમના પક્ષવાળા ભટ્ટારક શ્રીપુણ્યતિલકસૂરિ ચરણકમલમાં.

पियूषदेश्यामुपदेशभारतीं, निशम्य सम्यक् श्रुतभक्ति-भावितः। ग्रंथं स लक्षप्रमानमात्मनः, पुण्याय धन्यः स्वधनेन लेखयन् ॥१०॥ सोमवसुमनु (१४८१) मितेऽब्दे श्रीचित्कोशे व्यलीलिखत् योऽदात् ॥

અમૃત સરખી ઉપદેશની વાણીને સાંભળીને સારી રીતે શ્રુતજ્ઞાનની ભક્તિથી ભાવિત થયેલો ધન્ય પોતાના પુણ્યને માટે પોતાના ધનવડે એ લાખ પ્રમાણ ગ્રંથને લખાવ્યો. ૧૪૮૧માં લખાવ્યો (અને) જેણે ચિત્કોશમાં આપ્યો.

श्रीमत्तपागणनभोङ्गणभास्कराणां श्रीसोमसुंदर युगोत्त-मसूरिराजां। सम्यग् निशम्य श्रुतभक्त्युपदेशमेवमुल्ला-सितः प्रमदमेदुरितादरेण ॥१८॥ श्रीसिद्धांतादिक-ग्रंथलक्षं लेखयताऽमुना। तेन श्रीमेघनादेन लेखितः पुस्तकोप्यसौ ॥१९॥ चित्कोशस्थानके सोऽयं रोपितः कृतिनाऽमुना। कलशात् ज्ञानकल्पद्रुर्विरत्यादिकलो-दयैः ॥२०॥

શ્રીતપાગચ્છરૂપ આકાશમાર્ગમાં સૂર્યસમાન—યુગમાં ઉત્તમ શ્રીસોમસુંદરસૂરિમહારાજનો શ્રુતજ્ઞાનની ભક્તિના ઉપદેશથીજ એ પ્રમાણે હર્ષથી યુક્ત આદરવડે ઉલ્લાસિત થયો. ॥૧૮॥ શ્રીસિદ્ધાંતઆદિ લાખગ્રંથને લખતા આ તે શ્રીમેઘનાદવડે આ પુસ્તક પણ લખાયો. ॥૧૯॥ આ કૃતિવડે તે આ ચિત્કોશના સ્થાનકમાં સ્થાપન કર્યો. જ્ઞાનકલ્પવૃક્ષ વિરતિઆદિ ફલના ઉદયોવડે વૃદ્ધિ પામો. (ફલો) ॥૨૦॥

## સુશ્રાવકે અર્પણ કરેલાં પુસ્તકોની માલીકી કોની ?

ઉપર જણાવ્યા પ્રમાણે સાધુઓએ પોતેજ પુસ્તકો લખેલાં હોય અને તેની માલીકી સાધુનીજ હોય એમ નહિ, પરન્તુ શ્રાવકો લખાવીને પણ સાધુઓને પુસ્તક

અર્પણ કરતા હતા, અને તે દ્વારાએ પણ પુસ્તકની માલીકી સાધુઓનીજ રહે. તેજ પ્રશસ્તિસંગ્રહમાં અર્પણ કરનારાઓનાં નામોના લેખોમાંથી થોડા વાચકોની જાણ માટે નીચે પ્રમાણે આપીએ છીએ.

**चक्रे मुक्ति....(पथ स्वहस्तकलित) त्रैलोक्यलक्ष्मीरपि स्वायत्ता विदधे च दुर्गतिगतिस्तेनैव रुद्धात्मनः । येन स्वं भुजपंजरार्जितमिदं, वित्तं गुरोराज्ञया। सिद्धांताद्भुतपुस्तकस्य लिखने-साकल्यमारोपितं ॥११॥**

ત્રણ લોકની લક્ષ્મી એવી મુક્તિ સ્વાધીન કરાઇ અને આત્માની દુર્ગતિ પણ તેનાથીજ રોકાણી, જેનાથી ગુરૂની આજ્ઞાએ પોતાની ભૂજાએ મેળવેલું આ ધન સિદ્ધાંતના અદ્દ્ભૂત પુસ્તકના લખવામાં સાફલ્ય કરાયું.

**श्रीरत्नचूडकथा, पूजादिविधानफलं समाप्तं ॥ रत्नचूडकथा ॥ संवत् १२२१ ज्येष्ठसुदि ९ शुक्रदिने अद्येह श्रीमदणहिल्लपाटके महाराजाधिराज जिनशासनप्रभावकपरमश्रावकश्रीकुमारपालदेवराज्ये श्रीचड्डापल्यां च श्रीकुमारपालदेवधारवर्षनरेंद्रराज्ये श्रीचक्रेश्वरसूरि श्रीपरमानंदसूरिप्रमुखउपदेशेन श्रीचड्डापलिपुरीवास्तव्य श्रे० पूना श्रावकेण आशाचंद्र-आशारपोइणि-छाहिणि-राजू-प्रमुखमानुषसमेतेन इदं ज्ञाताधर्मकथां-रत्नचूडकथापुस्तकं लिखितमिति ।**

શ્રીરત્નચૂડકથા-પૂજા વિગેરે વિધાનનું ફલ સમાપ્ત-રત્નચૂડકથા૦ સં. ૧૨૨૧ જેઠ સુદિ નોમ શુક્રવારે આજ શ્રીમદ્ અણહિલપાટ નગરમાં મહારાજાધિરાજ જિનશાસનના પ્રભાવક પરમશ્રાવક શ્રીકુમારપાલદેવના રાજ્યમાં અને શ્રીચડ્ડાપલ્લીમાં શ્રીકુમારપાલદેવના ધારવર્ષ નરેન્દ્ર રાજ્યમાં શ્રીચક્રેશ્વરસૂરિ-શ્રીપરમાણંદસૂરિ વિગેરેના ઉપદેશવડે શ્રીચડ્ડાપલ્લિનગરીના રહેવાસી શેઠ પૂના શ્રાવકે-આશાચંદ્ર-આશારપોઇણી-છાહિણી-રાજુ વિગેરે મનુષ્યોએ સહિત આ જ્ઞાતા ધર્મકથામાં રત્નચૂડકથાનું પુસ્તક લખાવ્યું છે.

## સંયમના ઉપકરણોને અધિકરણ માનનારા દિગમ્બરોએ પણ પુસ્તક સંગ્રહ સ્વીકાર્યો છે.

આગળ જણાવેલી હકીકતથી એટલી વાત સ્પષ્ટ થાય છે કે વર્તમાનકાળમાં સાધુઓ પુસ્તકોનું જે ગ્રહણ કરે તે સમ્યગ્રૂપ છે. ભાવિક શ્રાવકોએ અશન પાન આદિકના દાનની માફક પુસ્તકનું દાન ગીતાર્થોને કરવું જોઇએ. સાધુઓએ પુસ્તકનું લખવું તે સ્વસાધ્ય કાર્ય તરીકે ગણવું જોઇએ. શ્વેતાંબર શાસ્ત્રો કે જે સાધુઓને સંયમના ઉપકરણો, રજોહરણ, મુહપત્તિ, વસ્ત્ર, પાત્ર વગેરે રાખવામાં સાધુત્વનો બાધ ગણતા નથી. તેઓજ આવી રીતે સાધુઓને પુસ્તકનું રાખવું, લખવું, દેવું વિગેરેનું સંજમરૂપ ગણાવે છે. એટલુંજ નહિં પરન્તુ જૈનશાસનમાંથી વીરસંવત ૬૦૯માં જુદા પડેલા જે દિગમ્બરો કે જેઓ સંયમને સાધવાવાળા રજોહરણ, મુહપત્તિ વસ્ત્ર, પાત્ર વગેરે ઉપકરણોને ઉપકરણરૂપે નહિં માનતાં અધિકરણરૂપે માને છે અને તેજ કારણથી તેઓએ વસ્ત્રાદિકનો ત્યાગ કરી પોતાનું જૈનપણું અદૃશ્ય કરીને દિગમ્બરપણું પકડયું છે. અર્થાત્ સંયમના ઉપકણોના ત્યાગમાંજ જેણે મુખ્ય સાધ્યબિંદુ રાખ્યું અને તેને આધારેજ પોતે અવસ્ત્ર, અચેલક, દિગમ્બર, નગ્ન વિગેરે શબ્દો રાખ્યા. તેવા દિગમ્બરો પણ સાધુઓને માટે પુસ્તક રાખવાનો સ્વીકાર કરે છે. અને તેથીજ તેમના અનેક શાસ્ત્રોમાં **शौचोपधि** એટલે સ્થંડિલ જઈ આવ્યા પછી શૌચ કરવાની માટે રખાતું કમ ણ્ડલુ સાધુને રાખવા લાયક તરીકે ગણાવેલું છે, તેવીજ રીતે પુસ્તકોપધિ કહીને પોતાના દિગમ્બર એવા સાધુઓને પણ પુસ્તક ઉપધિના નામે પુસ્તક રાખવાની છૂટ

રાખી છે. અર્થાત્ દિગમ્બર સાધુઓનું પણ પુસ્તકનું રાખવું તે સંયમને બાધ કરનાર તરીકે ગણવામાં આવ્યું નથી. જ્યારે સંયમનાં રજોહરણ આદિ ઉપકરણોને પણ અધિકરણને નામે છોડી દેનારા દિગમ્બરો પુસ્તકના સંગ્રહને માટે જે પ્રવૃત્તિ કરવામાં આવે તે સાધુને કે તેના સંયમને બાધ કરનાર નથી એવી માન્યતા ધરાવે, અને તે પ્રમાણે પ્રવૃત્તિ પણ રાખે તો પછી શ્વેતામ્બર લોકો કે જેઓ ઓઘો મુહપત્તિ આદિ સંયમના સાધનોને ઉપકરણ તરીકે માની સંયમની સાધના માટે રાખવાનું જરૂરી માને છે, તેઓ તો પુસ્તકનો સંગ્રહ જે સાધુ મહાત્માઓ કરે તે સંયમને કે સાધુને બાધ કરનાર ગણેજ શાના ? આ સ્થાને એક વાત જરૂર સમજવાની છે કે જેમ આહાર પાણી આદિનું ગ્રહણ સંયમના ઉત્થાનની સાથેજ ઉત્થિત થયેલું છે, તેમ પુસ્તકનું પણ ગ્રહણ સૂત્રના ઉત્થાનની સાથે ઉત્થિત થયેલું નથી, પરન્તુ સાધુઓને જેમ રોગાદિક કારણોને અંગે ઔષધાદિકનું ગ્રહણ સનિયત ઉત્થાનવાળું છે. તેવી રીતે શાસનમાં પુસ્તકનું ગ્રહણ શાસનની શરૂઆતથી ઉત્થિત થયેલું નથી, પરન્તુ ધારણા મેધા અને સ્મૃતિના હ્રાસને લીધે શાસનના મૂલભૂત જ્ઞાનને ટકાવવા માટે ઉત્પન્ન થયેલું છે. એટલે એમ કહી શકાય કે દિગમ્બરોએ પણ ધારણા આદિની હાનિને લીધે પુસ્તકાદિના ગ્રહણની જરૂરીયાત જોઈ અને તે પુસ્તકોને ગ્રહણ કરવામાં સંયમનું નિરાબાધપણું દેખ્યું.

## બ્રાહ્મીલીપીનું નામ સાર્થક કઇ રીતીએ ?

વાચકવૃંદને એ વાતનો તો ખ્યાલ હશે કે ભગવાન્ દેવર્દ્ધિ ગણિક્ષમાશ્રમણજીએ વીરસંવત્ ૯૮૦ કે જે પુસ્તકારોહણનો પ્રારંભ કાળ હોય વીરસંવત્ ૯૯૩ કે જે પુસ્તકમાં સિધ્ધાંતારોહણનો સમાપ્તિ કાળ હોય, તે વખતે સિધ્ધાંતને પુસ્તકારૂઢ કર્યો, પરન્તુ તેની પહેલાં શાસ્ત્રો પુસ્તક ઉપર લખાયેલાં નહોતાં એમ કોઈથી કહી શકાય તેમ નથી. કારણકે ભગવાન્ મહાવીર મહારાજને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું નહોતું તે વખત પણ થયેલા જિનદાસ શ્રાવકે પૌષધમાં પુસ્તકોનું વાંચન કરેલું છે, વળી લીપીનું ઉત્પત્તિ તો ભગવાન્ ઋષભદેવજી મહારાજે કરેલી છે, અને જેને લીધે જગતમાં બ્રાહ્મી લીપી તરીકે મૂલ લીપીનું ઓળખવામાં આવે છે, કેમકે ભગવાન્ ઋષભદેવજીએ એ લીપીનું વિધાન પોતાની પુત્રી જે બ્રાહ્મી નામની હતી તેના દ્વારાએ જગતમાં પ્રચલિત કરેલું હતું, જો કે કેટલાકો સ્વમતના કદાગ્રહને લીધે બ્રહ્માથી લીપીની ઉત્પત્તિ ગણાવીને મૂલલીપીનું બ્રાહ્મી નામ પણ સફળ કરવાં માગે છે, પરન્તુ તેઓ સ્વમતના કદાગ્રહને લીધે એ વાત તો ભૂલી જાય છે કે જો-તે બ્રહ્માથી ઉત્પન્ન થયેલ લીપીને અંગે લીપીનું નામ આપવું હોત તો તે લીપીનું બ્રાહ્મણી એવું નામ હોત, પરન્તુ બ્રાહ્મી એવું નામ હોવાનો સંભવ નહોતો. કોઈ પણ વ્યાકરણ કે કોશ કરનારે બ્રહ્માથી ઉત્પન્ન થયેલી લીપીને બ્રાહ્મી કહેવી એવું વ્યુત્પાદન પણ કરેલ નથી, એટલે બ્રહ્માને વાચક બ્રહ્મન્ શબ્દથી લીપીને બ્રાહ્મી તરીકે બનાવવા જેવું તે કેવળ સત્ય વસ્તુ ઉપર પડદો નાંખીને સ્વમતના હઠ કદાગ્રહને લીધે અસત્ય વસ્તુને સત્ય તરીકે પંડિતોમાં જાહેર કરવા જેવું થાય છે. એક વાત ધ્યાનમાં રાખવાની છે કે ભગવાન્ ઋષભદેવજી મહારાજની પુત્રીનું નામ બ્રાહ્મી હતું, અને તે પુત્રીનું નામ સંજ્ઞારૂપ હોવાને લીધે પ્રચલિત ગણાય. અને તેના દ્વારાએ પ્રવર્તેલી લીપીને જગત્ બ્રાહ્મી લીપી તરીકે ઓળખે તેમાં કોઇપણ પ્રકારનું આશ્ચર્ય નથી, વળી પુસ્તકોની હયાતિ આચાર્ય ભગવાન્ શ્રીસિદ્ધસેન દિવાકરજી પહેલાંના વખતમાં પણ હતી એમ તેજ આચાર્યમહારાજના ચરિત્રને જાણનારાઓથી અજાણી

નથી. આથી આચાર્યમહારાજ શ્રીદેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજીની પ્હેલાં જૈનશાસ્ત્રો પુસ્તકોમાં લખાયાં ન્હોતાં એમ તો કહી શકાયજ નહિં. પરંતુ કદાચ એમ કહેવામાં આવે તો તે ખોટું ગણી શકીએ નહિં કે ભગવાન્ દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજીની પ્હેલાં મતભેદની અંદર સિદ્ધાંત કરવાનો આધાર શ્રુતધર મહારાજાઓજ એટલે પૂર્વધર મહારાજાઓનાં વચનોજ હતાં, પરન્તુ શ્રીદેવર્દ્ધિગણિક્ષમાશ્રમણ પછી કોઇને પણ પૂર્વધરપણાની વૃદ્ધિ કે પૂર્વધરપણું રહ્યું નહિં. અને તેથી પરસ્પર મતભેદો થતાં કરાતો સિદ્ધાંત શ્રુતધરોના વચનો ઉપર નહિં રાખતાં, પુસ્તકારૂઢ થયેલા સિદ્ધાંત ઉપરજ રાખ્યો. સિદ્ધાંત પુસ્તકારૂઢ કર્યાનો અર્થ આ રીતે કે અન્યરીતિએ લેવામાં આવે તો પણ એ વાત તો ચોક્કસ છે કે ચૂર્ણિકારમહારાજાએ સરખા પણ પુસ્તકના ગ્રહણને સંયમરૂપ ગણાવે છે. એટલે શ્વેતામ્બરોમાં બહુધા પુસ્તક ગ્રહણની પ્રવૃત્તિ વીરભગવાનના નવસેં એંસી કે નવસો ત્રાણુ વર્ષ પછી થયેલી હોય, પરન્તુ દિગમ્બરો કે જેમની ઉત્પત્તિ વીરસંવત્ છસો ને નવ એટલે ભગવાન્ શ્રીદેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજીથી પ્હેલાં લગભગ ચાર સદીથી થયેલી ગણાય, તેમાં પણ પુસ્તકના ગ્રહણને પુસ્તકોપધિ એવા ચોકખા નામને સંયમના સાધન તરીકે ગ્રહણ કરેલ છે.

## પુસ્તકનું ગ્રહણ શાથી અને ક્યારે ?

યાદ રાખવું કે શ્વેતામ્બરો જ્યારે પુસ્તકને પુસ્તકના સીધા નામે સાધનપણું ન લેતાં જ્ઞાનના નામે સાધનપણું લે છે. એટલે જ્ઞાનની ખામીના કારણે પુસ્તક ગ્રહણ કરવાનું, આરોગ્યની ખામીના કારણે ઔષધ ગ્રહણ કરવા જણાવે છે, ત્યારે દિગમ્બરો તો ખુદ પુસ્તકનેજ ઉપધિરૂપે જણાવી પુસ્તકોપધિના નામે પુસ્તકને રાખવાની અને સંગ્રહવાની સંયમવાળા સાધુઓ માટે છુટ આપે છે. આ ઉપરથી એટલું તો કહી શકીશું કે સામાન્ય રીતે સાધુઓમાં પુસ્તકનો પ્રચાર તો વીરભગવાનની છઠ્ઠી સદીથી તો જરૂર થઇ ગયેલો હોવો જોઇએ. કેમકે એમ ન હોય તો દિગમ્બરોને પુસ્તકોપધિના નામે પુસ્તકોનું ગ્રહણ કરવાનું સાધુઓ માટે વિધાન કરવું પડતજ નહિં. અલબત્ત આ જગોપર એટલું તો કહી શકાય કે દિગમ્બરની પરંપરાવાળાઓ નગ્ન રહેવાને લીધે નગરાદિક સ્થાનોમાં ન રહી શકતા હોય અને તેથીજ તેઓમાં ગચ્છવૃદ્ધિ-કે મુનિઓની વૃદ્ધિ ન થતી હોય અને શ્રુતજ્ઞાનનો હ્રાસ તેઓમાં જલ્દી આવવા લાગ્યો હોય, અને તેથીજ તેઓને પોતાને ઘણા પ્હેલાં પુસ્તકને વળગવું પડ્યું હોય અને તેથી પુસ્તકોપધિને નામે પુસ્તકો રાખવાં પડ્યાં હોય પરન્તુ શ્વેતામ્બર સંપ્રદાયમાં નાગાપણું ન હોવાને લીધે નગર વિગેરેમાં સ્થાન થાય અને તેથીજ તેમના ગચ્છ અને સમુદાયની વૃદ્ધિ થાય અને તેને પ્રભાવે પરંપરાએ ચાલતા શ્રુતજ્ઞાનની હાનિનો પ્રસંગ જલ્દી ન આવે. તેથી તેઓને પુસ્તકના આધારે સિદ્ધાંત નક્કી કરવાનો વખત ઘણો મોડો લેવો પડે અને તેથી વીરમહારાજની દસમી સદીના છેલ્લા ભાગમાં શ્વેતામ્બરોને પણ પૂર્વગતશ્રુતની શ્રીદેવર્દ્ધિગણિક્ષમાશ્રમણ પછી આવશ્યક હાનિ દેખીને પુસ્તકને આધારેજ જ્ઞાન અને તેવા જ્ઞાનનેજ આધારે શાસનની પ્રવૃત્તિ-વૃદ્ધિ વિગેરે માનવામાં આવ્યાં હોય તો તેમાં આશ્ચર્ય નથી.

## દિગમ્બરોને પ્રભુવચન વ્યુચ્છેદ કેમ ?

એક વાત ધ્યાનમાં રાખવાની છે કે દિગમ્બર લોકો નગ્ન રહેતા હોવાને લીધે અને શાસનથી મૂર્ચ્છાપૂર્વકના ક્રોધને લીધે નીકળી ગયેલા હોવાથી તેઓને ભગવાન્ મહાવીરમહારાજા અને સુધર્મસ્વામીજીથી આવતું

પરંપરાનું શ્રુતજ્ઞાન મળી શકયું નહિં, અને તેથી તે દિગમ્બરોને શ્વેતામ્બરોના સંઘમાં શ્રાવકોને ભણવા લાયક જે તત્ત્વાર્થસૂત્ર સિદ્ધાંતના દોહનરૂપે હતું તે તત્ત્વાર્થસૂત્ર કોઇક તેવા શ્રાવકે બીજા કોઇક પાસેથી ગ્રહણ કરવાનો વખત આવ્યો, અને તેથી તેઓને પોતાનો મૂલ ગ્રન્થ કહો, કે આધારગ્રન્થ કહો તે શ્રી-તત્ત્વાર્થસૂત્રને ગણવાનું થયું. વળી દ્રાક્ષના વેલાએ નહિં પ્હોંચનાર જેમ શિયાળીયું દ્રાક્ષને ખાટી કહીને બીજા જાનવરોને ભડકાવે કે ભમાવે, તેમ આ દિગમ્બરોને પણ પરંપરાથી નીકળી જવાને લીધે તથા નાગા થઇને જંગલમાં રહેવાને લીધે પરંપરાગત ભગવાન્ જિનેશ્વરમહારાજનું જ્ઞાન મળ્યું નહિં અને તે દિગમ્બરોને એમજ પોકારવું પડયું કે ભગવાન્ જિનેશ્વરમહારાજના વચનોનો તો ન્યુચ્છેદજ થયેલો છે. યાદ રાખવું કે ઇસ્વીસનથી પ્હેલાંના શિલાલેખો દેશાન્તરીય ગ્રન્થો અને બૌદ્ધ જેવા સદીઓથી દેશ બ્હાર રહેલા બૌધ્ધાદિકના ગ્રન્થોથી ઐતિહાસિક અને ભૌગોલિક રીતિએ મળતું આવતું કેવલ શ્વેતામ્બરોનુંજ આગમ સાહિત્ય છે.

## શાસનની પ્રવૃત્તિ શાને આધારે ?

વાચકોએ ધ્યાન રાખવાની જરૂર છે કે શ્વેતામ્બરોના આગમોમાં ભગવાન્ મહાવીરમહારાજના વિરોધી તરીકે ગણાતા મનુષ્યોમાં પ્હેલો નંબર ગોશાલાનો છે. અને તે ગોશાલા મંખલિપુત્રનો વૃત્તાન્ત જુનાં બૌદ્ધ સાહિત્યો પણ પુરો પાડે છે, એટલુંજ નહિં પરન્તુ તે ગોશાલાની અધમતા હદ બ્હારની હતી એમ પણ જણાવે છે. તે ગોશાલા સંબંધી અંશે પણ હકીકત દિગમ્બરોના કોઇપણ શાસ્ત્રમાં જણાવવામાં આવેલી નથી. એટલે કહેવું જોઈએ કે શ્વેતામ્બર આગમો આરિસામાં હાથિના સમસ્ત અવયવોના સંકોચની માફક જિનેશ્વર ભગવાના સંક્ષેપવાળા અર્થને પણ સમર્થન કરનાર હોય તો તે માત્ર શ્વેતામ્બર આગમોજ છે. ધ્યાન રાખવું કે જુનામાં જુના શિલાલેખોમાં લખાયેલા કોટિકગણ. વજ્રીશાખા વગેરે ગણ અને શાખાઓ શ્રીશ્વેતામ્બરોમાંજ છે. શતસહસ્ર શબ્દ નિવર્ત્તન શબ્દ વગેરે તે કાલમાં મગધદેશમાં પ્રચલિત રૂઢ શબ્દોથી પણ શ્રીશ્વેતામ્બર આગમોજ અલંકૃત છે. એટલે કહેવું જોઇએ કે શ્વેતામ્બર આચાર્યોની પરંપરા અસ્ખલિત રીતે ચાલેલી હોઇ તેજ પરંપરામાં આગમોનો પ્રવાહ પણ અસ્ખલિતપણે વહ્યો. માત્ર શ્રીદેવર્દ્ધિગણિક્ષમાશ્રમણ પછી પૂર્વધર લબ્ધિવાળા કે પૂર્વધર કોઇ ન હોવાથી શ્રુતજ્ઞાનના સિદ્ધાંતનો આધાર માત્ર પુસ્તકો ઉપર રહ્યો, અને તેથી શ્વેતામ્બરોને પણ પુસ્તકને આધારે જે જિનેશ્વરભગવાનના વચનનું જ્ઞાન શાસ્ત્ર અને શાસનની પ્રવૃત્તિ અને વૃદ્ધિ માનવાની રહી. ઉપર જણાવ્યા પ્રમાણે જ્યારે પુસ્તકો સાધુઓને રાખવાનાં યોગ્ય છે એમ નક્કી થાય છે. ત્યારે પુસ્તકોનું સ્થાન અને દેશાન્તર નયન વગેરે કરવામાં સાધુઓએ કેવી રીતે વર્ત્તવું જોઇએ એ નક્કી કરવાનું જરૂરી રહે છે.

## પરંપરાગમ અને તે અંગે યોગ્યતા કોની ?

જિનેશ્વરમહારાજનાં આગમો આત્માગમ, અનંતરાગમ અને પરંપરાગમ એવી રીતે ત્રણજ પ્રકારનાં હતાં અને તે ત્રણે પ્રકારનાં આગમો શ્રમણનિર્ગ્રંથને આધારેજ છે એમ નક્કી થયું છે, અને આચાર્ય ભગવંત પ્રભવસ્વામીથી શાસનના અંત સુધી શ્રમણ નિર્ગ્રન્થોની પરંપરામાંજ તે પરંપરાગમ હોય, આ વાત શ્રીઅનુયોગદ્વાર વિગેરે શાસ્ત્રોને જાણનારાઓથી

અજાણી પણ નથી, જો કે પરંપરાથી ચાલતા આવેલા રીવાજોને પણ જગતમાં પરંપરા તરીકે ગણાય છે, પરન્તુ તે પરંપરા ચૂર્ણિકારમહારાજાઓએ કરણ એટલે ક્રિયાશબ્દ દ્વારાએ જણાવેલી છે. તે ક્રિયાની પરંપરા નિર્મૂલ ન હોય અગર સહેતુક નિર્મૂલ હોય તો પણ તે શાસનને અનુસરનારાઓએ માનવા લાયકજ રહે છે અને તે મનાય તેમાં આશ્ચર્ય નથી, પરન્તુ પરંપરાથી આવતો જે આગમશાસ્ત્ર એટલે જેને પરંપરાગમ કહેવાય છે, અને જે સૂત્ર, અર્થ અને તદુભયરૂપ ગણવામાં આવેલો છે તે પરંપરાગમની અપેક્ષાએ તેનો આધાર શ્રમણભગવંતોજ છે, તો તેવો પરંપરાગમ જે પુસ્તકારૂઢ થાય તે શ્રમણભગવંતો સિવાય બીજાથી તો થઇ શકે નહિં. કેમકે મૂળ વગર જેમ શાખા હોય નહિં, તેમ પરંપરાગમને જે ધારનારાજ ન હોય તેવાઓથી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના પરંપરાગમનું પુસ્તકારોહણ નજ હોય એ સ્વાભાવિક છે, અને તેવીજ રીતે તે પરંપરાગમને પરંપરાદ્વારાએ કે પુસ્તકદ્વારાએ ધારણ કરવાની યોગ્યતા પણ શ્રમણભગવંતોનીજ છે, અને તેથીજ શાસ્ત્રોમાં આગમને ધારણ કરવાને અંગે કાલગ્રહણઆદિક અને યોગાદિક અનુષ્ઠાનોને અંગે શ્રમણભગવંતોનોજ નિર્દેશ કરવામાં આવેલો છે. તથા અસ્વાધ્યાયકાલને અંગે પણ શ્રમણભગવંતોને ઉદ્દેશીનેજ કથન કરવામાં આવેલું છે. એટલે શ્રદ્ધાસંપન્ન મહાનુભાવો તો એ વાતને માન્યા શિવાય રહી શકેજ નહિં કે શ્રમણોપાસક વર્ગ પરંપરાગમનો અધિકારી મુખ્યતાએ નથી, પરન્તુ શ્રમણભગવંતો ગુરુપરંપરાદ્વારાએ કે પુસ્તકોદ્વારાએ પરંપરાગમને ધારવાને માટે લાયક છે.

## આગમના આધારભૂત કોણ?

આ વિચારનારને અંગે એ વાત જરૂર શ્રદ્ધાલુઓને માન્ય થશે કે પુસ્તકોની જરૂર અને પુસ્તકોનો ઉપયોગ મુખ્યતાએ સાધુભગવંતોનેજ હોય. શ્રમણોપાસક વર્ગને શાસ્ત્રકારોએ દશવૈકાલિકના ચોથા અધ્યયન સુધી સૂત્રને માટે અને પાંચમું અધ્યયન અર્થથકી જાણવાની યોગ્યતા છે એમ જણાવી તેટલા પુરતું જ્ઞાન તેને પણ પરંપરાથી મળે એમ જણાવ્યું છે, છતાં તે પરંપરાથી મળતું જ્ઞાન પણ શ્રમણોપાસક પાસેથી તો શ્રમણોપાસક વિધિપૂર્વક નજ મેળવી શકે. તે શ્રમણોપાસકને પણ પંચપરમેષ્ઠિ નમસ્કાર સરખા આવશ્યકના પાઠો પણ વિધિપૂર્વક તો શ્રમણભગવંતો પાસેથીજ લેવાના હોય છે. અને તેજ વિધિને ઉપધાન તરીકે ઓળખાવવામાં આવે છે. એટલે શ્રમણોપાસકવર્ગને તો આવશ્યકનું જે જ્ઞાન તે પણ શ્રમણભગવંતની પરંપરામૂલકજ હોય, પરન્તુ શ્રમણોપાસકવર્ગની પરંપરામૂલક હોયજ નહિં. એટલે શ્રીજિનેશ્વરમહારાજના આગમનો આધાર શ્રમણભગવંતોજ હોવાથી તેનાં પુસ્તકો પણ તેઓજ ઉત્પન્ન કરી શકે અને તેઓજ ધારણ કરી શકે, અને તેઓનીજ માલીકીમાં રહે એ વાત ઉપર જણાવવામાં આવી છે. આ વાતને સમજનારો મનુષ્ય એ વાત સ્હેજે સમજી શકશે કે પરમપ્રભાવક આચાર્યશ્રી મલવાદિજી મહારાજના ગુરુવર્યે પુસ્તકનો ભંડાર પોતાની પાસેજ રાખ્યો હતો અને તે ભંડાર છેવટે શ્રીપ્રવચનપ્રભાવક શ્રીમલવાદિજીની માતા કે જે શ્રમણી અવસ્થામાં હતી તેને સોંપવામાં આવ્યો હતો એ વાત સમજી શકાશે.

## પુસ્તકસંગ્રહ માટે સ્થાનની આવશ્યક્તા

શ્રમણ ભગવંતો પુસ્તકોને જ્યારે ઉત્પન્ન કરે. માલીકીથી રાખે ત્યારે તેમને તે પુસ્તકો રાખવાનું સ્થાન હોવું જોઇએ એમાં કોઈપણ સન્દેહને અવકાશ નથી. પરન્તુ શ્રમણભગવંતો અનગારપણાને તો મુખ્યત્વે ધારણ કરનારા હોય છે અને અગર વાસથી નીકળેલા હોય છે, તેજ તેમનો સાધુપણાનો મુખ્ય ધર્મ છે. અને તેથીજ શાસ્ત્રોમાં દીક્ષાના દરેક પ્રસંગોમાં **अगाराओ अणगारिअं पव्वइए** એમ કહી ગૃહસ્થાવાસ છોડીને ઘરની સ્વામિતારહિતપણારૂપ અણગારિતા લેવાનુંજ કહેવામાં આવે છે. એટલે કોઈપણ સંજોગોમાં શ્રમણ ભગવંતોથી ઘરની ઉત્પત્તિ કે માલીકી તો રાખી શકાયજ નહિ. અને જ્યારે ઘર કે જે પુસ્તકો રાખવાનું સ્થાન હોય તેની માલીકી શ્રમણ ભગવંતોની હોયજ નહિં અને પુસ્તકનો સંગ્રહ સામાન્ય નહિં પણ સકલ આગમો અને શાસ્ત્રોનો સંગ્રહ પુસ્તકારૂઢ થયેલો જ્યારે શ્રમણ ભગવંતોને રાખવાનો શાસન માટે જરૂરી છે, તો પછી તે એનો સમાવેશ શી રીતે કરવો ? આને માટે શાસ્ત્રોને વાંચનારાઓ તો સ્હેજે સમજી શકે તેમ છે કે શ્રદ્ધા-સંપન્ન શ્રમણોપાસકવર્ગ સાધુઓને દેવા માટે નહિં પરન્તુ શ્રમણ ભગવંતોની પાસે ચતુર્વિધ સંઘ ધર્મશાસ્ત્ર શ્રવણ કરવા બેસી શકે-સામાયિક-પ્રતિક્રમણ અને પૌષધ કરી શકે તેને માટે ઉપાશ્રયોની વ્યવસ્થા જરૂર કરવાવાળો હોય છે. અને તેવા ઉપાશ્રયોની જ્યાં જ્યાં સવડ હોય ત્યાંત્યાં શ્રમણભગવંતોને પોતાના પુસ્તક સંગ્રહો રાખવામાં અડચણ આવેજ નહિં, જગતમાં પણ દેખીએ છીએ કે મુખ્યતાએ પુરૂષવર્ગની માલીકીનાં મકાનો હોવા છતાં પણ સ્ત્રી-માતા-ભગિની આદિની સત્તાનાં પેટી-પટારા-કબાટો વગેરે રહે છે એમાં કંઇ અડચણ આવતી નથી. તો પછી શ્રમણોપાસક મહાશયના મકાનમાં સાધુભગવંતોનાં પુસ્તકો તેમની માલીકીનાં રહે તેમાં આશ્ચર્ય શું ? અને તેવી રીતે રહેલાં પુસ્તક-સંગ્રહો હજારો સ્થાનકોમાં અત્યારે વિદ્યમાન છે એમ કોઇથી ના કહી શકાય તેમ નથી.

## ઉપાશ્રયમાં પુસ્તકસંગ્રહથી થતો ફાયદો

શ્રમણભગવંતોનાં પુસ્તકસંગ્રહો શ્રમણોપાસક વર્ગના ઉપાશ્રયમાં રહે તેમાં એક મ્હોટો ફાયદો એ છે કે શ્રમણભગવંતો વિહાર કરીને બીજે સ્થાને ગયા હોય હોય તો પણ તે શ્રમણોપાસકવર્ગ શાસ્ત્ર પુસ્તકો તરફ ભક્તિ-બહુમાન ધરાવવવાળો હોવાથી ત્હેનું રક્ષણ કરી શકે અને તેને આવતા ઉપદ્રવોને હઠાવી શકે. વળી આજુબાજુ એ કાળયોગે કદાચિત્ શ્રમણભગવંતની પરંપરામાં એવી શિથીલતા થાય કે તેઓ તે પુસ્તક-સંગ્રહનો શાસન માટે ઉપયોગ ન કરતાં બીજા તેવા હલકા મુદ્દા માટેજ ઉપયોગ કરેલો તે શ્રમણોપાસકવર્ગ-ની ખ્યાલ બ્હાર જાય નહિં. અને ખ્યાલમાં આવવાથી તેનું સર્વપ્રકારે રૂંધન પણ કરી શકે. વાચકોએ એ વાત તો સ્હેજે સમજી શકાય તેવી છે કે પંચમહાવ્રતધારી શ્રમણભગવંતની પરંપરામાં શિથીલતા દાખલ થઇ પુસ્તકસંગ્રહનો દુરૂપયોગ થવાનો વખત આવે તો પછી લોભ અને લાલચમાં ઘેરાયેલા અને આરંભ અને પરિગ્રહમાં ડુબેલા તથા વિષયકષાયથી અહર્નિશ ઓતપ્રોત થયેલા શ્રમણોપાસક વર્ગની પરંપરામાં તો તેવી અધમ સિદ્ધિની મુરાદો ઉભી થવામાં એક લેશ પણ સન્દેહ રહી શકે નહિં.

(અપૂર્ણ)

# સમાલોચના

૧. શાસનમાં ભેદ પાડવા માટે આ રામપંથિયોએ શાસ્ત્ર, શાસન અને પરંપરાથી વિરૂદ્ધ એવો તિથિને ઝગડો ઉભો કરેલો છે અને તેથી નિર્ણય કરવાનો વખત આવતાં સામાન્ય સંપની વાત કરી જાળ પાથરે છે.

૨. શું આ રામપંથીયોના પરદાદાએ-હુકમમુનિ, શાંતિસાગર ત્રણ થુઇવાળા કે દયાનન્દી સાથે ચર્ચા કરતાં શાસન પાસે પ્રતિનિધિપણું માગ્યું હતું ? કે તે સામાવાળાઓએ પણ પ્રતિનિધિ થવાની માગણી કરી હતી ?

૩. રામ૦જીએ મુંબઇ સન્મુખ આવ્યા છતાં તિથિ બાબતના પોતાના પક્ષની સત્યતા માટે નથી બોલાતું, તેજ તે રામપંથિયોના જુઠા-પણાનો એકરાર છે ?

૪. નિર્ણય કરવા માટે અનેક વખત સ્હામા શાસનપક્ષવાળાએ આવવાનું કહેડાવ્યું છતાં તૈયાર ન થવું અને સામાન્ય સંપ અને પ્રતિનિધિ થવા આદિની વાતો ભાડુત પાસે ગબડાવવી એ તો કારમી કારસ્તાની છે.

૫. આરામ૦જીના નીમેલા પ્રતિનિધિએ પણ યોગ, ગુરૂભક્તિ અને પ્રતિનિધિપણાનાંજ જામનગર વખતે બ્હાનાં કહાડયાં હતાં. નાચવું ન હોય તે આંગણું વાંકુજ કહે. શાસન પક્ષે રામ૦ને ચર્ચા કરી નિર્ણય કરવાની ફરજ જણાવી છે અને જણાવશેજ.

(રામ-કથીર.)

( ટાઇટલ પાના ૪નું ચાલુ )

તટસ્થ મનુષ્યો તો બીજો વિકલ્પ માનીને એમ કહી શકે કે ભગવાન્ જિનેશ્વરમહારાજાઓ વરબોધિને પ્રાપ્ત ન કરે અને તીર્થંકરનામકર્મ તેનાથી બંધાય છે તે બાંધે નહિં ત્યાં સુધી નિયમિતપણે વિશ્વને ઉપકાર કરનારા હોય નહિં, પરન્તુ વરબોધિની પ્રાપ્તિ અને તીર્થંકરનામકર્મ બાંધ્યા પછી ભગવાન્ જિનેશ્વરો જરૂર વિશ્વને ઉપકાર કરનારાજ હોય છે, માટે અહિં કલિકાલસર્વજ્ઞ ભગવાન્ હેમચંદ્રસૂરિજી મહારાજે નહિં થયેલા ભાવને થવામાં ચ્વિ પ્રત્યય કરેલ છે. પરન્તુ રામ૦ કે તેને અનુસરનારા જંબુક૦ વગેરે જેઓ ભગવાન્ જિનેશ્વરમહારાજમાં રહેલ તથાભવ્યત્વની અનાદિથી ઉત્તમતા છે તે નહિં માનતાં ભગવાન્ જિનેશ્વરો અનાદિકાલથી પરને ઉપકાર કરવાના વ્યસનિપણાદિને લીધે અનાદિથી ઉત્તમતા માને છે તેઓને કલિકાલસર્વજ્ઞ ભગવાન્ હેમચંદ્રસૂરિજીનું આ વચન શ્રીપંચવસ્તુ શ્રીપંચાશક અને અષ્ટકજીના વચનની નિરર્થકતા ન થાય તો શાસનને ફાયદોજ થાય

●

# સમાલોચના.

૧. પર્વતિથિના ક્ષય કે વૃદ્ધિને આરાધનામાં માનવી. આ માન્યતા કેવલ રામપંથીયોનીજ છે, અને તે નવી શાસ્ત્ર, શાસન અને શુદ્ધપરંપરાથી વિરૂદ્ધ માન્યતાએ શાસનના કડકા કર્યા છે. એ સ્પષ્ટ હોવાથી તે રામપંથીયોના અન્યાડીપણાને જગત્ સમજે તેમ છે

૨. આ નવા શાસનવિરૂદ્ધ અને જાણી જોઇને જુઠ્ઠુ કરનાર એવા રામપંથીયો શિવાય અન્યમતવાલા દિગંબરો, ઢુંઢીયા, તેરાપંથી, આંચલીયા, ખરતરીયા, પાયચંદીયા કે કોઈપણ સત્યને અંગે થતી ચર્ચામાં પ્રતિનિધિ થવાની વાત કરી શકેજ નહિં, અને કરી પણ નથી, વળી આ રામ૦જીએ પ્રતિનિધિ નીમ્યો અને તેનું અધમપણું, નિરૂત્તરપણું અને ભાગી જવાનું થયું તેની જવાબદારી સ્વીકારી નથી એ સ્પષ્ટ છે

૩. આ રામપંથીયો શિવાય કોઇપણ શાસનને માનનાર આઠમ–ચઉદશ કે પુનમ અમાવાસ્યાની વૃદ્ધિ કે ક્ષય માનતોજ નથી વસ્તુતઃ આ રામ૦જીએજ પોતાનો નવો મત હોવાથી દરેકની પાસે જઇને પોતાની સત્યતા સાબીત કરવી ઠીક છે. રૂબરૂમાં લખાણ સાથે ચર્ચા કરવાથી રામપથીયો બધે સ્થાને ભાગ્યા છે, અને સાવ જુઠા હોવાથી ભાગશે. અંધભક્તોની લક્ષ્મીના વ્યયે કાગળ કાળાં કરવામાંજ આ જંબુ૦ ચીમન કનક૦ આદિકોએ તાલીમ લીધી છે. નવો જૂઠો મત ઉભો કરી મુંબાઇથી ગુજરાત અવાયું નહિં. પુના વગેરે સ્થાને દેશ પલટયો અને વર્ષો પછી મુંબાઈ આવતાં સમક્ષ ચર્ચા કરાતી નથી એ જુઠાપણાની જાહેરાત છે.

(રામ–પટણી)

---

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ, કણપીઠ બજાર સુરતમાં શાહ. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રીસિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભૂલેશ્વર, મુંબાઈમાંથી પ્રગટ કર્યું.

# કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રીહેમચંદ્રસૂરિજી શું કહે છે ?

विश्वोपकारकीभूततीर्थकृत्कर्मनिर्मितिः । सुरासुरनरैः पूज्यो वासुपुज्यः पुनातु वः ॥१॥

આ ઉપર જણાવવામાં આવેલો શ્લોક કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરિજીએ પરમાર્હતમહારાજા કુમારપાલને માટે રચેલ ત્રિષષ્ઠીયશલાકાપુરૂષચરિત્રમાં મંગલાચરણ તરીકે જણાવેલ, અને શ્રીજૈનશાસનને ધારનાર શ્રીતપાગચ્છમાં પાક્ષિક, ચાતુર્માસિક તથા સાંવત્સરિક પ્રતિક્રમણમાં નિયમિતપણે બોલાતા શ્રીસકલાર્હતનો શ્લોક છે. આ શ્લોકનો અર્થ નીચે જણાવાય છે. જેઓ પ્હેલાં માત્ર આત્મા સ્વજન કુટુંબ કે સંબંધીઓને માત્ર ઉપકાર કરનારા હોઈ વિશ્વ એટલે જગતને ઉપકાર કરનાર હોઈ વિશ્વ એટલે જગત્ ને ઉપકાર કરનારા ન્હોતા અને પછી વરબોધી એટલે શ્રેષ્ઠ એવું સમ્યક્ત્વ કે શ્રીતીર્થંકરનામકર્મને નિકાચિત કરતી વખત હોય છે, તે થયા પછી આખા વિશ્વને ઉપકારક થનાર એવું શ્રીતીર્થંકરનામકર્મનું નિર્માણ એટલે નિકાચન થયું છે, એવા શ્રીવાસુપૂજ્ય જે છે, તથા જે સુર, અસુર અને નરોના સમુદાયને હંમેશાં પૂજવા લાયકજ છે, તે શ્રીવાસુપૂજ્ય સ્વામીજી તમારૂં રક્ષણ કરો.

આ ઉપર જણાવેલ શ્લોક અને અર્થને જે શાસનના આધારભૂત શ્રીતપાગચ્છના આચાર્ય, ઉપાધ્યાય, પંન્યાસ, પ્રવર્ત્તક સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓ વિચારશૂન્ય ક્રિયા નહિં કરતા હોય અને સંસ્કૃત ભાષા ભણ્યા હશે તે તો સ્પષ્ટપણે સમજતા અને માનતા હશે. આ શ્લોકમાં अभूततद्भाव કે प्रागतत्तत्त्व માં ચ્વિ પ્રત્યય કરવામાં આવેલો છે તેમાં કોઇપણ વ્યાકરણને જાણનારની ધ્યાનબહાર રહે તેમ નથી તો હવે રામપંથીયો જરૂર નીચેની વાતોનો વિચાર કરશે.

૧. તીર્થ શબ્દથી લેવાતું શાસન પ્હેલાં વિશ્વને ઉપકાર કરનાર ન્હોતું અને પછી વિશ્વને ઉપકારી થયું એમ શું તેઓ માની શકશે ?

૨. શું તીર્થંકરમહારાજા પ્હેલાં વિશ્વને ઉપકારક ન્હોતા અને પછી ઉપકાર કરનાર થયા એમ માની શકશે ?

૩. શું તીર્થંકરનામકર્મ પ્હેલાં વિશ્વને ઉપકારી ન્હોતું અને પછી ઉપકાર કરનાર થયું એમ માની શકશે ?

૪. શું તીર્થંકરનામકર્મનું નિર્માણ એટલે નિકાચન પ્હેલાં જગતને ઉપકાર કરનાર ન્હોતું અને પછી જગતને ઉપકાર કરનાર તે થયું એમ તેઓ માની શકશે ?

તટસ્થ મનુષ્યો અને રામપંથીયો પણ પ્હેલા ત્રીજા અને ચોથા વિકલ્પને કબુલ કરી શકશેજ નહિ. કારણ કે શાસન, તીર્થંકરનામ અને તીર્થંકર નામનું નિકાચન એ ત્રણે વસ્તુઓ હંમેશાં વિશ્વને ઉપકાર કરનારીજ છે કોઇપણ દિવસ તે ત્રણે કે તે ત્રણેમાંથી એક વસ્તુ પણ વિશ્વને અનુપકારક હતી નહિં, અને અનુપકારક છતાં પાછળથી ઉપકાર વિશ્વને કરે એવું છેજ નહિં.

( જુઓ ટાઇટલ પાનું ૩ )

# શ્રી સિદ્ધચક્ર

!!! વં.....દ.....ન.....હો !!!

## શ્રી સિદ્ધચક્રને

अर्हन्तः प्रातिहार्यैः सुरनरनिकरैरर्चनीयाः शिवाढ्याः
सिद्धाः निष्कर्मकिट्टा जनिमृतिरहिताः सर्ववेदिप्रगल्भाः
आचार्या धर्मधुर्याः श्रुतगणपटवो वाचकाः सन्मुनीशाः
मोक्षाध्वालंबनाः श्रद्धितिमतिश्चरणैः सत्तपोभिः पुनन्तु ॥१॥

जिनेशितुश्चक्रभृतो वासुदेवस्य वा यथा ।
चक्रं तथेदं श्रीसिद्धचक्रं शासनकार्यकृत् ॥२॥


વર્ષ ૧૦ — અંક ૩

[ ધનજીસ્ટ્રીટ : ૨૫, ૨૭ ]

વિક્રમસં. ૧૯૯૮ વીરસં. ૨૪૬૮, — તા. ૩-૧૧-૪૧ સોમવાર

લવાજમ રૂ. ૨-૦-૦ — કિંમત ૧॥ આના

( ટાઇટલ પાના ૩ નું ચાલુ )

સિધ્ધના સમ્યગ્દર્શનમાં ફરક છે. એમ માની શકેજ નહિં. અર્થાત્ નથી તો સામાન્ય સમ્યગ્દર્શન અને વરબોધિના આવરણમાં ફરક તેમ નથી તો પર્યવસાને સિધ્ધ દશામાં તેના સ્વરૂપમાં ફરક. એટલે સામાન્ય સમ્યગ્દર્શન અને વરબોધિમાં પોતાના સ્વરૂપે કોઈપણ જાતનો ફરક નથી. એ ઉપરથી એ આશય નથી કે સામાન્ય સમ્યદ્દર્શન અને વરબોધિમાં ફરક નથી કેમકે એ વાત તો સ્પષ્ટ છે કે સામાન્ય સમ્યગ્દર્શન મુખ્યતાએ પોતાના આત્માના ઉદ્ધારના ફળવાળું છે. જ્યારે વરબોધિ એટલે પરમોત્કૃષ્ટ સમ્યગ્દર્શન જગતના જીવોના ઉધ્ધાર રૂપી ફળવાળું છે. પરંતુ તે ફરક સમ્યગ્દર્શનના સ્વરૂપથી નથી પણ જગતના ઉધ્ધારરૂપી ભાવનાના સહચરિતપણાની સત્તા અને અસત્તાને લીધે ફરકવાળું છે એટલે આવું અત્યંત ઉત્કૃષ્ટ વરબોધિ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરનારો મહાપુરૂષ તે જગતના ઉદ્ધારની ભાવનાને અંગે ત્રણ ભવો તે ભાવનામય રીતેજ પુરા કરે છે. એજ કારણથી શ્રીતત્વાર્થ સૂત્રની ટીકાકરનાર આચાર્ય ભગવંતોએ ભગવાન્ જિનેશ્વર મહારાજની શુભભાવનાની પરમ્પરા જણાવતાં એક ભવ અને બે ભવનો નિષેધ કરેલો છે. અર્થાત્ ઓછામાં ઓછા ત્રણભવો સુધી તો ભગવાન્ જિનેશ્વર મહારાજના આત્મામાં જગતના ઉદ્ધારની ભાવના અવશ્ય રહે છે. અને એ તીર્થંકર નામકર્મ નિકાચિત કરેલું હોવાથી ભગવાન્ જિનેશ્વર મહારાજાઓ છેલ્લા ભવમાં જરૂર તીર્થ એટલે જૈન શાસનને સ્થાપવાવાળાઓ જ થાય છે.

અર્થાત્ કોઇ કાળે કોઇ પણ ક્ષેત્રમાં એવું બન્યું નથી. બનતું નથી. અને બનશે પણ નહિં કે તીર્થંકર નામ કર્મને નિકાચિત કરનારા મહાપુરૂષો પોતાના છેલ્લા ભવમાં શ્રી જૈન શાસન રૂપી તીર્થને સ્થાપન કર્યા શિવાય કે પ્રવર્તાવ્યા શિવાય અવ્યાબાધ પદને પ્રાપ્ત કરી શકે. આવી રીતે અનેક ભવોના ભોગેથી ભગવાન્ જિનેશ્વર મહારાજા જે જૈન શાસનની સ્થાપના કરે છે તે શ્રી જૈન શાસન ત્રણે કાળમાં અબાધિત અને અવ્યાબાધ પ્રભાવ શાળી હોય તેમાં સુજ્ઞ વિચારક મનુષ્યોને તો આશ્ચર્ય લાગેજ નહિં. અને એવા શાસનને કહેનારા, યુકિતથી સાબીત કરનારા, અનુકુળ સાધનોને અમલમાં મૂકીને તેની સચોટ અસર કરનારા, પ્રતિકૂલ એવા બાધકોને દુર કરીને તેને નિષ્કંટક કરનારા, જગતના જીવોની દષ્ટિમાં તે શાસનને ચમકાવનારા, તે શાસન તરફ લાગણીવાળા થયેલા જીવોને સમ્પૂર્ણપણે સહાય કારક થઇ દષ્ટાંત રૂપ થનારા, તેમજ તે ત્રિકાલાબાધિત- અખંડ પ્રભાવશાલી- શ્રી જૈન શાસનની સ્થાપનાના ફળોને પોતે ભોગવવા સાથે બીજાઓને તેનો સમ્પૂર્ણ સ્વાદ ચખાડનારા એવા મહાનુભાવો હમ્મેશાં સુજ્ઞ મનુષ્યોને માનવા લાયક આરાધવા લાયક વાંદવાલાયક ઓતપ્રોત થયેલા હોવા જ જોઇએ અને હોય જ છે.

---

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શાહ. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રીસિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# શ્રી સિદ્ધચક્ર

વર્ષ ૧૦ : ] કારતક સુદ ૧૫ [ અંક ૩

: ઉદ્દેશ :

શ્રીનવપદમય શ્રીસિદ્ધચક્રની આરાધના અને આયંબિલ વર્ધમાનતપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાન (આદિ) નો ફેલાવો કરવો.......................વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦........

તંત્રી

પાનાચંદ રૂપચંદ

ઝવેરી


# આગમોદ્ધારકની અમોઘદેશના

( ગતાંકથી ચાલુ )

ચઊશરણ જાણનારા સમજતા હશે કે બધામાં સાધુઓ ગણાવ્યા છે. અરિહંત મહારાજા માટે જુદું જણાવ્યું છે. તેમની માતા, તેઓ ગર્ભમાં આવે ત્યારે મંગલમય નિર્મલ ચૌદ સ્વપ્નાંઓ જુએ છે. શ્રીતીર્થંકરના જીવોને કલ્યાણની સાધના પૂર્વભવોથી છે પણ ભોગવટો છેલ્લા ભવે માતાના ગર્ભમાંથીજ છે. માટેજ માતાને ચૌદ સ્વપ્નાં દૃષ્ટિગોચર થાય છે.

કર્મકાય અવસ્થામાં અનેરી ભાવના હોય છે તેનાજ પ્રભાવે આવું ફલ નીપજે છે. એ અવસ્થામાં સંકલેશ કરાવનારો રાગ હોતો નથી અર્થાત્ આત્માનું ભાન ભુલાવનારો રાગ, બંધ, ઉદય ઉદીરણા કે સત્તામાં હોતો નથી.

**ન ચ દ્વેષોऽપિ સત્ત્વેષુ ॥**

એકલો રાગ ન હોય માટે દેવતત્વ મળી જાય એમ માનતાતા ! **ન ચ દ્વેષોऽપિ** દ્વેષ પણ તે

અવસ્થામાં હોતો નથી. રાગ, દ્વેષ તથા મોહ આ ત્રણેય લક્ષણો જેનામાં ન હોય તેનેજ દેવ માની શકાય. આ ત્રણેય વિદ્રોહી તત્વો પૂર્વભવમાં-સાધકદશામાં હોય નહિં. કેવલજ્ઞાન પછી તો નજ હોય એ તો સ્પષ્ટ છે. છેલ્લું જીવન તે તો વૃક્ષ છે. ભવાંતરનાં જીવનો તો મૂલરૂપ છે. ગતભવોમાં કરાયેલાં કર્મો વર્તમાનભવે ભોગવવાં પડે છે. જેનાં પૂર્વજીવનો સારાં નથી તેઓ દેવ કે મહાદેવ થવા લાયક નથી. જેઓ દેવ થવાને લાયક છે તેઓનાં પૂર્વ જીવનોમાં રાગ દ્વેષ તથા મોહ હોતાં નથી.

શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજા જણાવે છે કે તીર્થંકરોમાં એક દ્વેષ જબ્બર હોય છે! તે કયો? જગત્‌માં વિસ્તૃત અજ્ઞાનાંધકારનો સદંતર નાશ કરવાનો! કર્મોને નાશ કરવાનો જુસ્સો જબ્બર હોય છે. આવી જબ્બર ભાવના વિના કર્મક્ષય બનેજ કયાંથી? "આ જગત્‌માં અજ્ઞાન કે મિથ્યાત્વનું નામ સરખું (નામશેષ) પણ રહેવું ન જોઇએ' આવી જબ્બર ભાવના જેનામાં હોય, આવી ઉચ્ચ પરિણતિનો વાસ જેનામાં હોય તેજ જગતનો ઉદ્ધાર કરી શકે. એ યાદ રહે કે આ દ્વેષ કોના પ્રત્યે છે? અજ્ઞાન પ્રત્યે! **न सत्त्वेषु।** કોઈપણ જીવાત્મા પ્રત્યે દ્વેષ હોય નહિં. પૃથ્વીકાય સરખા બારીક જીવ પ્રત્યે પણ દ્વેષનો છાંટો સરખો હોય નહિ. તે જીવ અવિરતિવાળો હોય તો પણ તેને સર્વવિરતિ બનાવવાની ભાવના વિદ્યમાન હોય છે.

## ઐતિહાસિક પુરૂષો કૃષ્ણાદિનું વિશિષ્ટ ધ્યેય

ઐતિહાસિક દૃષ્ટિએ વિચારીએ. શ્રીકૃષ્ણજીએ રાણીઓ પરણવા માટે કેટલા પ્રપંચ તથા યુદ્ધો કર્યાં છે. ત્રણ જગત્‌ના તે અધિષ્ઠાતાની આંખ લાલ થાય તો શું થાય? તેજ રાણીઓ દીક્ષા લેવા તૈયાર થતી ત્યારે પોતે રોકટોક તો ન્હોતા કરતા, પણ અતિઆડંબરપૂર્વક મહોત્સવ કરતા અને પ્રવ્રજ્યા અપાવતા હતા. પોતે ભલે અવિરતિ હતા, છતાં વિરતિનો મહોત્સવ કરતા હતા કેમકે તેમનું ધ્યેય તો છકાયની રક્ષાનું હતું.

કૃષ્ણજીની રાણીઓ પોતાની કુંવરીને શૃંગાર સજાવી કૃષ્ણજી પાસે મોકલતી હતી, કે જેથી કૃષ્ણજીનું તેને પરણાવવા ધ્યાન ખેંચાય. કૃષ્ણજી પૂછતા હતા કે-"રાણી થવું છે કે દાસી?" આ સીધો પ્રશ્ન છે. વાંકો ચૂકો નથી. તેમની કઈ દૃષ્ટિ! રાણીપણામાં દાસીપણું તથા સાધ્વીપણામાં રાણીપણું જેને દેખાય તે આત્માની કઇ પરિણતિ? કલ્પનામાં પણ આ વાત આવે? સોલ સોલ હજાર મુકુટબદ્ધ રાજાઓ જેની સેવામાં છે તેને આવો વિચાર આવવો સંભવે? શાથી આવ્યો? રાણીઓને દાસી માનવી અને રાજીમતી સરખી સાધ્વીજીઓને રાણીપદે માનવી. વિચારો આ આત્મા ત્યાગથી કેટલો પરિણત હશે? ભલે પ્રવૃત્તિ તેવી ન્હોતી પણ પરિણતિ કેવી હતી? આપણે તો કોઈને ખોટું લાગે માટે બોલતાં અચકાઈએ ત્યારે સોળહજાર રાજાઓ સન્મુખ તેમની રાણીઓને ગુલામી દશા ભોગવતી કહેવી-

કહેવરાવવી તે કયારે બને? રાજદરબાર તો ક્રીડા, રમત, વિનોદાદિનું સ્થાન છે ત્યાં રાજીમતી સરખી સાધ્વીઓમાં રાણીપણાની છાપ મારવી કયા આત્માથી બને? કુંવરીઓ પણ સમજે છે કે રાણી થવાના કથનમાં રાજીમતિની શિષ્યા થવાનો ઉદ્દેશ છે. અને દાસી થવાના કથનમાં રાજામાંના કોઇકની રાણી (દાસી) થવાનું સૂચન છે. આવો દઢ સંસ્કાર આખા રાજ્યમાં ફેલાયેલો છે. કુંવરીઓનાં મોંમાં આંગળાં નાંખીને-કહોને કે પરાણે 'રાણી થવું છે' એમ કહેવરાવી કૃષ્ણજીએ પોતાની પુત્રીઓને પ્રવ્રજ્યા અપાવી છે. રાણીઓ પણ કાંઈ બધી સરખી તો ન હોય! આવું પરિણામ જોઇને એક રાણીએ પોતાની કુંવરીને શીખવી રાખ્યું હતું કે દાસી થવાનીજ માગણી કરવી.

રાગમાં તો બને પણ ત્યાગમાં પણ વગર હરિફાઇએ દ્વેષ કરનારા કેટલાક બહુલકર્મી હોય છે.

કૃષ્ણજીના પ્રશ્નમાં જ્યારે તે પુત્રીએ દાસી થવાની માંગણી કરી ત્યારે કૃષ્ણજીને ભારે વિમાસણ થઇ. તેમનો ઉદ્દેશ તો પોતાની સંતતીને પ્રવ્રજ્યાના પુનિત પંથે વળાવવાનો હતો. આથી કૃષ્ણજીએ વિચારપૂર્વકનો માર્ગ યોજ્યો. તે પુત્રીનું લગ્ન તો કર્યું પણ કોની સાથે? કયાં વીરા શાળવી સાથે. કયાં ત્રણ ખંડનો અધિપતિ વાસુદેવ, અને કયાં વીરો શાલવી? શાલવી પોતે કુંવરીને પરણવા ઇચ્છતો નથી. પરણવા હામ ભીડતો નથી, કુંવરી તો તેને પરણવા ઇચ્છે જ શાની? છતાં કૃષ્ણજી બળાત્કારથી તે કુંવરી તે શાલવીને પરણાવે છે. હેતુ-પરિણામે તે પુત્રીને રાણી એટલે કે સાધ્વીજ બનાવવાનો છે. વાસુદેવ પોતાની પુત્રીને વીરા શાલવીને પરણાવે ત્યારે જનતામાં કેવી ચકચાર થાય? એ ચર્ચા કૃષ્ણજીના ખ્યાલ બહાર તો નજ હોય. પણ કૃષ્ણજી તો ધ્યેયલક્ષી છે. તેમને ચર્ચા કે ચકચારની પરવા નથી.

વીરો શાલવી પરણ્યો તો ખરો પણ વિચારો કે વાસુદેવની પુત્રી સાથે પોતે પતિ તરીકે વર્તવાની-આજ્ઞા વગેરે કરવાની હામ ભીડી શકે ખરો? એટલે તે તો કૃષ્ણજીનું કુંવરીનું ઉલટું બહુમાન સાચવે છે. કૃષ્ણજીને આ કયાં પાલવતું હતું? કૃષ્ણજી વીરા શાલવીને દબાણ કરે છે કે તેણે તે કુંવરી સાથે સામાન્ય કુલવધૂની જેમજ વર્તવું, અને તેની પાસેથી તમામ કામકાજ કરાવવું. વીરા શાલવીએ આવીને એકપછી એક હુકમો છોડવા માંડ્યા. જરા તોછડાઈ પણ બતાવી. કેમકે ખુદ વાસુદેવની તેવી પ્રેરણા હતી. ત્રણ ખંડના અધિષ્ઠાતાની લાલન પાલનમાં ઉછરેલી લાડકી તનયાથી શાલવીની તુંડાઇ સહન થાય ખરી? એટલે તેણીએ પણ કાંઇક વચનો સંભળાવ્યાં! વીરા શાલવીએ થપ્પડો લગાવી. ધડાધડ સોટીઓ મારી, સોળ ઉઠયા! આ બધાં કામ વાસુદેવનાં પોતાનાં છે. શા માટે? પોતાની પુત્રીને પ્રવ્રજ્યાપ્રદાન કરવા. કુંવરી આખરે રોતી રોતી પિતા પાસે આવી. વાસુદેવે ઉત્સંગમાં બેસાડી પૂછયું કે "બેટા! રડે છે કેમ?" પુત્રીએ હકીકત કહી. વાસુદેવ શું

નિવારણ ન કરી શકે? પણ તે તો કહે છે, "પુત્રી!' દાસીપણું તો એવુંજ હોય. હજી રાણીપણાની અભિલાષા હોય તો વીરા શાલવીને સમજાવી તેની પાસેથી છોડાવું."

વિચારો કે પુત્રીને સન્માર્ગે લાવવા પિતા ક્યાં સુધી પ્રયત્ન કરે છે? આખરે પુત્રી રાણી-પણાની માગણી કરે છે. અને કૃષ્ણજી તેણીને પ્રવ્રજ્યા અપાવે છે-રાજીમતીજીને સોંપે છે. અવિરતિ શ્રીકૃષ્ણજી આ રીતિએ પોતાના સંતાનોને સન્માર્ગે વાળે છે.

ભરત મહારાજા પણ છ ખંડના ચક્રવર્તી હતાં છતાં પુત્રો, પૌત્રો, રાણીઓ વગેરેને દીક્ષા અપાવી છે ને? તેઓ સર્વે એવા દઢ વિચારના હતા કે "જગત્‌નો કોઈપણ જીવ સંસારમાં રહે નહિ."

## પ્રશસ્ત દ્વેષ અવગુણ ઉપર હોય અવગુણી ઉપર હોય નહિં.

આથી સિદ્ધ છે કે ઉત્તમ જીવોને કોઈપણ જીવ પ્રત્યે દ્વેષ હોય નહિ

મિથ્યાત્વ અવિરતિ પ્રત્યે અદ્વિતીય દ્વેષ તેજ પ્રશસ્ત દ્વેષ!

પ્રશસ્ત દ્વેષ અવગુણ ઉપર હોય. અવગુણી ઉપર હોય નહિ.

પ્રશસ્ત રાગ ગુણ તથા ગુણી બન્નેમાં હોય. પ્રશસ્ત દ્વેષ અવગુણ ઉપરજ હોય. અવગુણી ઉપર હોઇ શકેજ નહિ. ક્રૂર કર્મ કરનારો હોય, નિઃશંકપણે પાપ પ્રવૃત્તિ કરનારો હોય, દેવ, ગુરૂ, ધર્મનો નિંદક હોય તેવા પ્રત્યે પણ દ્વેષ કરાય નહિ. જો ત્યાં દ્વેષ કરવામાં આવે તો જગત્‌માં ઉપેક્ષા ભાવ રહે નહિં. આવા પ્રત્યે પણ ઉપેક્ષા કરવી તેનુંજ નામ માધ્યસ્થ્ય છે યાને મધ્યસ્થ ભાવના છે. ગુણ કે ગુણી ઉભય પ્રત્યે રાગ તો ગુણો સંપૂર્ણ લાવવા માટે છે.

અવગુણનો દ્વેષ કરીએ તો અવગુણનો નાશ થાય પણ અવગુણી પ્રત્યે કરેલા દ્વેષનો નાશ શી રીતે થાય? જગત્‌માં અવગુણીઓ ઊડી જવાના-ચાલી જવાના નથી. સર્વકાલ સર્વકાલ રહેવાના છે માટે અવગુણી પ્રત્યે દ્વેષ હોઈ શકે નહિ. અવગુણી પ્રત્યેનો દ્વેષ પ્રશસ્ત હોઈ શકે નહિં.

આવશ્યક વૃત્તિકાર જણાવે છે કે મિથ્યા-ત્વાદિ પ્રત્યે દ્વેષ તેજ પ્રશસ્ત દ્વેષ છે. શ્રીહરિ-ભદ્રસૂરીશ્વરજી મહારાજા જણાવે છે કે—કર્મકાય અવસ્થાધારીને જીવમાત્ર પ્રત્યે દ્વેષ નથી.

શંકા—અગ્નિનો સ્વભાવ તપવાનો છે તેથી તેને શું નુકશાન? આત્માએ કર્મ બાંધ્યું હોય તો તપે તેમાં વાંધો શું?

દ્વેષનું સ્વરૂપ ધ્યાનમાં લ્યો. લાકડાં સળગે તેમાં છેવટે રાખજ હોય. આત્મામાં દ્વેષાનળ સળગે તો શમની ભસ્મ થઈ જાય માટે અનંતા-નુબંધી રૂપી લાકડાં રૂપી દ્વેષનો નિષેધ કરવામાં આવે છે.

શંકા—કાષ્ઠ શા માટે કહો છો? વજ્ર

ફ્હોને ! વજ્રને અગ્નિનો ભય નથી.

અગ્નિથી નાશ ન પામે તો વજ્ર મનાય પણુ જ્યારે અગ્નિથી નાશ પામે તો કાષ્ઠજ માનવા પડે ને ?

કર્મક્ષય અવસ્થાધારક, શ્રીજિનેશ્વરદેવોના આત્મામાં દ્વેષ હોતો નથી. દ્વેષ સમતારૂપી ઇન્ધનોને બાળવામાં દાવાનળ જેવો છે. દાવાનળ લાગે ત્યારે છોડીયું પણુ દેખવા માટે બાકી રહે નહિં. તેમ અહિં દ્વેષરૂપી દાવાનળ લાગે ત્યારે સમતાનો છાંટો પણુ દેખવા પમાય નહિં.

સાધુપણું હોવા છતાં તે મુનિને ક્રોધના કારણે ચંડકૌશિક સર્પનો ભવ થયો. સ્કંધક મુનિની દશા વિચારો ! ચારસેં નવ્વાણું (૪૯૯)ને બોધ કરીને આરાધના કરાવી કેવલજ્ઞાન ઉપજાવનાર પોતે પુરોહિત પ્રત્યે દ્વેષ કરીને કઇ ગતિ પામ્યા ? દ્વેષ થયો કે શમતાનો સંહાર ! કાષ્ઠો એકઠાં કરવા માટે વર્ષો જોઇએ પણુ અગ્નિના સંયોગે ભસ્મીભૂત ક્ષણુમાં થઇ જાય છે. ક્રોડ પૂર્વ વર્ષો સુધી સંયમ પાળીને આત્માને નિર્મલ કે શમતાવાળો બનાવી શકો, જ્ઞાનાદિગુણુસંપન્ન બનાવી શકો, પણુ તે સર્વ પરિસ્થિતિનો, માત્ર અંતર્મુહૂર્ત્તના ક્રોધમાં નાશ થઇ જાય છે.

ક્રોધે ક્રોડ પૂરવ તણું, સંજમ ફલ જાય—

સાધુ ઘણો તપીયો હતો, ધરતો મન વૈરાગ;
શિષ્યને ક્રોધ કર્યા થકી, થયો ચંડકોશીઓ નાગ.

આ સજ્ઝાય તો પ્રસિદ્ધ છે. યાદ છે ને !

જેને કર્મક્ષય અવસ્થામાં આવો દ્વેષ નથી તેજ દેવ છે ! મહાદેવ છે ! !

શંકા—ન્હાના બાલકોમાં રાગ, દ્વેષ કયાં હોય છે ? શું તેમને દેવ માનવા ?

જગત્માં એવી કેટલીક ટોળી હોય છે, કે જ્યાં, જેમને રાગ, દ્વેષ પાતળા રાખવા પડે છે. તે ટોળી કઇ ? નોકષાયની ટોળીમાં રમનારી ટોળી !

હાસ્યાદિ છ અને ત્રણુ વેદોરૂપી નવ નોકષાય ત્યાં તીવ્ર રાગ કે તીવ્ર દ્વેષ રાખ્યો પાલવતો નથી.

શ્રીતીર્થંકરદેવના જીવોને કર્મક્ષય અવસ્થામાં નવ નોકષાયરૂપી મોહ પણુ હોતો નથી.

આ નવ નોકષાય એવા વિલક્ષણુ છે કે વગર દેખે પણુ બેઠા બેઠા ઉથલપાથલ કર્યાજ કરે !

રાગ તથા દ્વેષ એ બન્ને તો મોહના ફાંટા છે !

શંકા—મોહનીયની અઠ્ઠાવીશ પ્રકૃતિ કેમ ન લીધી ?

અત્ર ગોબલીવર્દ ન્યાય સમજવો. બલદ માટે જુદો શબ્દ હોવાથી 'ગો'નો અર્થ 'ગાય'જ કરાય પણુ 'બળદ' નહિં. તેમ તક્રબલીન્યાયમાં **कौण्डिन्याय तक्रं** એટલે "બધાને દહિં આપો અને કૌણ્ડિન્યને તક્ર આપો" એ ન્યાયે અહિં મોહ શબ્દનો અર્થ રાગ, દ્વેષ તથા નોકષાય થાય છે છતાં રાગ અને દ્વેષ આગળ કહેવાઇ ગયા છે માટે બાકી રહેલા નોકષાય જાણુવા.

આ નવ નોકષાયજ તમામ ચાલચલગત બગાડનારા છે.

## પૂર્વે બાંધેલા કર્મોના વિકારોને રોકવા, નવા ન બાંધવા દેવા એજ ધર્મનું કાર્ય છે!

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારાર્થે શ્રીઅષ્ટકજી પ્રકરણની રચના કરી છે. અષ્ટકજી પ્રકરણમાં બત્રીશ અધિકાર કહેવાનાં છે. તે સર્વ અધિકારનો આધાર દેવતત્વ પર નિર્ભર છે. તેથી પ્રથમ મહા દેવાષ્ટક કહેવામાં આવ્યું છે.

જેમ પૂજનવિધિ દેવની સ્થિતિ પ્રમાણેજ હોય છે તેમ પ્રતિજ્ઞાઓ (નિયમો), આચારો તત્ત્વની પ્રરૂપણા (ઉપદેશ), યાવત્ મોક્ષનું દર્શાવાતું સ્વરૂપ દેવની સ્થિત્યનુંસારેજ હોય છે. જો દેવતત્ત્વ શુદ્ધ ન હોય તો બાકીના તમામ અધિકારો શુદ્ધ હોયજ કયાંથી? કેમકે મૂલતત્ત્વ તો દેવતત્ત્વ છે. ઇતરોમાં દેવને ગમે તે રીતિએ માને પણ જૈનદર્શનમાં તો દેવતત્વ આદર્શરૂપ માનવામાં આવે છે. પોતાના આત્માને જે સ્થિતિમાં લઇ જવો હોય તે માટે આદર્શરૂપ દેવ છે. મકાન બનાવવું હોય ત્યારે મીસ્ત્રી પાસે પ્લાન (નકશો) હોય. તે આધારે તે મકાન બનાવે તેજ રીતે અત્ર આત્માએ પોતે દેવત્વ પ્રાપ્ત કરવા દેવસ્વરૂપને આદર્શ તરીકે લક્ષ્યમાં રાખવાનું છે.

### દેવનું સ્વરૂપ કેવું છે?

प्रशमरस निमग्नं दृष्टियुग्मं प्रसन्नं ।
वदनकमलमंकः कामिनीसंगशून्यः ॥
करयुगमपियत्ते शस्त्रसंबंधवंध्यं ।
तदसिजगतिदेवो वीतरागस्त्वमेव ॥

અર્થ—

ચક્ષુઓ શાંતરસમાં મગ્ન છે. મુખ કમળ પ્રસન્ન છે. પલાંઠી સ્ત્રીસંગરહિત છે. બે હાથ હાથીયાર વગરના છે. માટે હે ભગવંત તમોજ જગતમાં વીતરાગ દેવ છે.

રાગદ્વેષાદિ તો આત્મા માટે મલરૂપ છે. અપલક્ષણ છે. આત્મા મલને ઇચ્છે તો તો કહેવું પડશે કે શું બ્રાહ્મણ ઢેઢડીને પરણવા ઇચ્છે છે? એ બ્રાહ્મણનું મૂલ્ય શું? શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ આત્મા જડનો અર્થી બને તેનુ કારણ? રાગનો વિકાર એજ કારણ છે. પ્રથમ બાંધેલું મોહનીય કર્મ ઉદયમાં આવે એટલે રાગની પરિણુતિ સ્વાભાવિકજ થાય છે. મોહનીયકર્મનાં ચીકણાં બંધાયેલાં કર્મો ઉદયમાં આવે ત્યારે રોકયાં રોકાતાં નથી. ધર્મ, આત્મા, કે ગુરૂનું કામ એ છે કે પૂર્વભવના બાંધેલા કર્મોના વિકારોને રોકવા અને નવા બંધાતા કર્મોને અટકાવવા.

એક વાત ચોક્કસ છે કે પૌદ્ગલિક વિકારો અનિષ્ટ લાગે છે પણ આત્માને રાગ થયા પછી તે ગમે છે. પછી તો તેને ઇચ્છે છે. પ્રશ્ન થશે કે ચેતન સ્વરૂપ આત્માને જડ કર્મો કેમ વળગે છે? કાર્મણરૂપી વિદ્યુતના પ્રદેશોથી બહારના પુદ્ગલો ખીંચાય છે આથી આત્મા સમયે સમયે સાત કે આઠ કર્મો બાંધે છે.

તૈજસ્ તથા કાર્મણ કર્મો એકઠાં છે. યોગમાં કાર્મણ એક પણ વ્યાપાર સંયુક્ત, માટે ગણાય ભેગા. તાવ આવે છે અગર શરીર સંબંધી થતા વિકારો આત્માને અનિષ્ટ લાગે છે પણ રાગ દ્વેષાદિ અનિષ્ટ લાગતા નથી.

### શંકા-અનિષ્ટ ન લાગે તેને વિકાર કેમ ગણાય?

ખસ ઉપર ખણવું કેટલું મીઠું લાગે છે? જો તે વખતે ખણતાં રોકવામાં આવે તો જુઓ મજા! જ્યાં ખણવું આટલું મીઠું લાગે તેવી ખસને ઉત્પન્ન કરવા કેટલાએ પ્રયત્ન કર્યો? ખસના ખણવાના સુખની

ઈચ્છા કેટલાએ કરી ? આવી મીઠી ખણુજ જે ખસમાં આવે છે. તેને વિકાર નહિ ગણુવોને ? વસ્તુમાં વિકૃતિ કરનાર ગુણુ વિકારજ ગણાય પછી તે ઈષ્ટ લાગે કે અનિષ્ટ. મૂલ વસ્તુમાં જે જે ફેરફાર તે સર્વ વિકૃતિ. રાગનાં સાધનો કે સ્વરૂપો ભલે આત્માને સારાં લાગે પણુ તે આત્માના સ્વરૂપથી વિકૃત છે. આત્માનું સ્વરૂપ સદ્ચિદાનંદમય છે. વીતરાગપણાવાળું છે તે વિનાનું કોઇપણુ સ્વરૂપ વિકૃત છે.

## આત્મા કયાંકથી આવ્યો છે અને કોઇક જગો પર જવાનો છે એ નક્કી છે !

અત્ર કર્મથી છોડાવે તેજ ઈષ્ટ. રાગના ઇષ્ટાનિષ્ટપણા તરફ અહિં જોવાનું નથી. ખલાસી તારનાર છે પણુ તારે છે હોડીદ્વારા. તેમ શ્રીજિનેશ્વરદેવ ઉગારે જરૂર પણુ સદાચારની પ્રવૃત્તિદ્વારા. સદાચારની પ્રવૃત્તિ ન આચરીએ તો ઉદ્ધાર થાય નહિં. કદાચ કોઇ અહિં ઇશ્વરવાદ લાવે તો ? કર્મવાદળને વિખેરવા માટે સદાચારરૂપ સાધનથી પરમેશ્વર ઉદ્ધાર કરે તે તો ઇષ્ટજ છે. ઈશ્વર જગત્ બનાવનાર નથી પણુ બતાવનાર જરૂર છે.

જો ઈશ્વરને બનાવનાર માનો તો તો આ તમામ ઇશ્વરે આપ્યું છે અને ઇશ્વરે આપેલા પદાર્થોનો ત્યાગ એ તો ઈશ્વરનું અપમાન. ત્યાગી સર્વે ઇશ્વરનું અપમાન કરનારા ! ઇશ્વરને બનાવનાર માનવામાં ત્યાગ કે વૈરાગ્યની ઉત્તમતા રહેશે નહિ. ઇશ્વરને બતાવનાર માનવામાં લેશ પણુ વાંધો નથી. આત્મા અનાદિનો છે પણુ આપણે તે જાણુતા ન હતા તે ઇશ્વર બતાવ્યું.

ગાય વગેરે ઘરનાં ઢોરો છે. ચરીને આવે છે, દૂધ દે છે, તેને પોતાની દશાનો ખ્યાલ-વિચાર હોતો નથી. આપણે મનુંષ્યપણાનો વિચાર સરખો કરતા નથી. બસ ; ખાવું, પીવું, કમાવુ અને આયુષ્ય પુરૂં થાય એટલે ચાલતા થવું ! આ સ્થિતિ જનાવર જેવી નથી ? કાયમ કુલ કુટુંબ વગેરેના પોષણમાંજ રહેવું એ જીવન તો જનાવરના જીવન જેવું છે. આથી શ્રી ગણુધર મહારાજાએ સૂત્રની રચના કરતાં પ્રથમ એ ઢંઢેરો પીટાવ્યો કે.

"મહાનુભાવો ! બીજું બધું પછી. પ્રથમ આ વાત લક્ષ્યમાં લે જો કે અમારો આત્મા કોઈક સ્થલેથી મરણુ પામી અહિં જન્મ્યો છે, તથા અહિં મરણુ પામીને પાછો બીજે જવાનો છે એ નકકી છે."

જેમ ન્હાનું બચ્ચું ભુલું પડયું હોય તેને પૂછો ગમે તેટલું પણુ બીચારૂં રડયાજ કરે. બીજું કંઇ બોલે નહિ. કેમકે ઘરબાર, શેરી કે માબાપનું નામ તે જાણુતું નથી. તેવી રીતે આ જીવ પૂર્વ ભવથી આવેલો છે, પણુ તે પોતે જાણુતો નથી કે દેવ, નારકી, તિર્યંચ કે મનુષ્ય, એ ચારમાંથી કઇ ગતિમાંથી અહિં આવ્યો છે ? ભલે તે ખબર નથી, પણુ આ જીવ ચારગતિમાંથી કોઇપણુ એક ગતિમાંથી આવ્યો છે એ નકકી છે. તથા બીજી ગતિમાં જવાનો છે એ નકકી થશે એટલે પોતે કયા રાજ્યમાં છે તેનો પણુ નિશ્ચય થશે.

## નિકાશનો પ્રતિબંધ !

જેમ અમેરિકા રાજ્યમાં સોનાની નિકાશ ઉપર પ્રતિબંધ છે અર્થાત્ ત્યાંથી સોનું બહાર લઇ જવાય નહિ. તેમ આ નરદેવના રાજ્યમાં પણુ શરીરની નિકાશનો પ્રતિબંધ છે. શરીરમાંથી તલમાત્ર ભાગ પણુ બીજી ગતિમાં લઇ જઇ શકાશે નહિં આ ભવમાં ભલે શરીરને પાંચ મણુનું કરો, પણુ તેની સાથે વ્યવહાર ફકત આ ભવ પુરતોજ એકલા શરીરે માટેજ પ્રતિબંધ છે એમ નહિ પણુ કુટુંબની નિકાશનો પણુ પ્રતિબંધ છે. ઋદ્ધિને અંગે તો નિકાશનો પ્રતિબંધ

હોય તેમાં પૂછવું જ શું ? જે રાજ્યમાં સર્વ નિકાશ ઉપર પ્રતિબંધ છે તે રાજ્યમાં આત્મા રહેલો છે. રાજ્યમાંના નિકાશ પ્રતિબંધની માહિતિ ગમારોને ભલે ન હોય પણ વેપારીઓને શ્રીમંતોને તો હોય. તેમ શરીર આદિના નિકાશના પ્રતિબંધની માહિતી ધર્મીઓને હોય છે. અધર્મીઓ જાણતા નથી. માત્ર રોટલા કે લૂગડાં (અન્નવસ્ત્ર) માટે રહેલા નોકરોને નિકાશનો પ્રતિબંધ ખ્યાલમાં હોતો નથી. તેજ રીતિએ માત્ર ખાનપાનમાં મશગુલ રહેનાર, રંગરાગમાં મ્હાલનાર જીવોને પુણ્ય પાપનો ખ્યાલ હોતો નથી. તેથી તેવાઓને ગતભવ કે ભાવિભવનો ખ્યાલ હોતો નથી.

જેમને પૂર્વભવનો ખ્યાલ છે તેમને આ ભવને અંગે નિકાશ પ્રતિબંધનો ખ્યાલ આવતો હોવાથી તેઓ કાંઇક ધર્મધ્યાન કરવા પ્રયત્ન શીલ બને છે. ઇતિહાસમાં ભટકડી પ્રજાનું વર્ણન આવે છે. આપણે પણ અહીંથી તહીં, તહીંથી કહીં અને કહીંથી અહીં એ રીતે ભટકતી પ્રજા છીએ. ચૌદરાજ લોકમાં એવું એક પણ સ્થાન નથી કે જ્યાં આત્મા ઠરીને ઠામ થાય અથવા જંપીને બેસી શકે. નીચે સાતમી નરકે અને ઉંચે સર્વાર્થસિદ્ધ વિમાન એ સર્વમાં ભટકવાનું તો છે જ. આ તમામ સ્થળો પટ્ટાના છે. પટ્ટાની મુદ્દતમાં વર્ષોની વધઘટ હોય. સર્વમાં છેવટે તમામને છોડીને-છાંડીને જવાનું-નીકળવાનું છે. પટ્ટાની જમીન ઉપર ચ્હાય જેવી યાને જેટલી ઇમારતો ચણો પણ મુદ્દત પુરી થાય એટલે ઇમારત ઉઠાવવાની જ ! ઇમારતમાંથી નીકળવાનુંજ !

અત્ર આર્યક્ષેત્રની જમીન મળી છે. શરીરની નિષ્પત્તિ પટ્ટાની જમીનમાં છે.

**सव्वाणि ठाणाणि असासयाणि** સર્વ સ્થાનકો અશાશ્વત્ છે. માલીકીનું કાંઇ નથી. દસ્તાવેજોમાં જમીનનાં લખાણો થાય છે તેમાં **यावच्चंद्र दिवाकरौ** લખવામાં આવે છે. પણ આ શરીર માટે **यावच्चंद्र दिवाकरौ** નહિ. કોઇની જન્મ પત્રિકા તેવી નથી. મુદ્દત પછી પચીશ, પચાશ-સાઠ-સીત્તેર-એંસી કે સો. સર્વ જમીન પટ્ટકની છે. તેથી એકવાત ગોખી રાખો કે. **अत्थि मे आया उववाइए** આત્મા કયાંઇથી આવીને ઉપજ્યો છે અને મરણ થયે કયાંક જવાનો છે. આ ભાવના જે આત્માની લાગણી છે.

દક્ષિણ આફ્રીકામાં દેશાવર જતાં, ખર્ચ પુરતા પૈસા વિના અધિક મુડી લઇ જવા દેવામાં આવતી નથી, જર્મનીમાંથી હિન્દી વિદ્યાર્થીઓ નીકળવા માંડયાં ત્યારે તેમની પાસેથી પણ ખર્ચ સિવાયના પૈસા જપ્ત કરાવ્યા હતા. અત્ર પણ એજ નિયમ છે કે- ચારે ગતિના રાજ્યમાં નિયમ કે શરીર, કુટુંબ, ધન વગેરે પરભવમાં સાથે લઇ જઇ શકાય નહિં. હવે સંસારની અપેક્ષાએ વિચારો ! શરીર, કુટુંબ તથા ધન તે ત્રણમાંથી એકને પણ સાથે લઈ જઈ શકાય નહિ. છતાં તે ત્રણ ઉપર નાચવું ! દાઝીનો મોટો ભાઈ લે કે નાનોભાઈ લે તેની ફીકર માબાપને હોય નહિ. કેમકે ઘરતો પોતાનું છે. બીજો ન લઈ જાય એજ માબાપે જોવાનું, તેમ શરીર, કુટુંબ, ધનની લેવડ દેવડ વર્તમાન ભવમાં ગમે તેટલી કરો, ગમે તેવી હારજીત કરો તેમાં વાંધો નથી પણ બહાર લઈ જવાનો પ્રતિબંધ છે.

## વ્યવહાર કર્મ દ્વારાજ છે !

ઈંગ્લાંડથી બેંકની શાખા જો હિન્દુસ્તાનમાં હોય તો ત્યાંનો ચેક લાવી અત્રે નાણાં લઇ શકાય છે, ચારે ગતિના લેવડ દેવડ માટેની એકજ ઓફીસ છે. તે કઇ ? નારકી અને મનુષ્યગતિ વચ્ચે, મનુષ્ય નારકી, દેવ નારકી, નારકી દેવ, તીર્યંચ અને મનુષ્ય આ સર્વ માટે ઓફીસ એક કર્મ છે. તે કર્મની ઓફી સ

જેવાં નાણાં જમે કરાવો તેવાં નાણાં અન્યગતિમાં તે આપેજ છે. કર્મ ઓફીસની સાથે લેવડ દેવડનો જેવો વ્યવહાર કર્યો હોય તેવોજ લેવડ દેવડનો વ્યવહાર કર્મ બીજી ગતિમાં પૂર્ણપણે સાચવે છે. સર્વ જીવોનો વ્યવહાર કર્મથીજ છે. ચક્રવર્તી, વાસુદેવ, કે રાજા મહારાજાઓ, તમામનો તમામ વ્યવહાર કર્મનાજ આધારે છે. ગત્યન્તરોની નિકાશ કે આવક તે માત્ર કર્મ ઓફીસ દ્વારાજ થઇ શકે છે.

આત્માએ યાદ રાખવું કે પોતે તે કર્મઓફીસ દ્વારાજ અત્ર જન્મ્યો છે અને તેજ મુજબ આગળ ઉપજશે. પોતે ભટકતી પ્રજાની ગણનામાં છે. સ્થાયી પ્રજાની ગણનામાં નથી. સ્થાયી પ્રજાની ગણનામાં ક્યારે ગણી શકાય? કર્મની ઓફીસમાં જો દેવાધિદેવના સ્વરૂપનું સર્ટીફીકેટ ધારણ કે રજુ કરવામાં આવે તોજ તે બને. હવે તે સિદ્ધસ્થાન તો ચૌદરાજ લોકમાં ઉપર છે. જન્મ મરણ દરેકગતિમાં છે. નથી માત્ર મોક્ષમાં

## સિદ્ધિસ્થલનું સુખ અવાચ્ય છે!

કેટલાકો કહે છે કે મોક્ષમાં સુખ શું? વેશ્યા તો એમ બોલેજ કે શીયલમાં સુખ શું? કેમકે શીયલની સુગન્ધિનો તે વેશ્યાને સ્વપ્નેય પણ ખ્યાલ હોતો નથી.

આ જીવ પણ જન્મ મરણની જાળમાં એવો ગુંચવાયેલો છે કે તેના દુઃખનો તથા તેવું દુઃખ ક્યાં નથી એ વાતનો તેને ખ્યાલ પણ આવતો નથી. વેશ્યા જો શીયલને સમજે તો સતીની કિંમત કર્યા વિના રહે નહિં, તેમ આ આત્મા જો જન્મ મરણનાં દુઃખો અનુભવે તો તેના ખ્યાલમાં જરૂર આવે. મરણ જ્યાં નથી તેવી જગ્યા તપાસી? સો વર્ષની વય સુધી એમ બોલાય ખરૂં કે "પાણીમાં બાચકાં ભરે શું વળે?" પણ પોતે શું કરી રહ્યો છે? મરણના ભયે સઘળું સાન ભાન ઊડી જાય છે. જ્યાં મરણજ નથી તેવી જગ્યા તપાસી? અનંતવીર્ય એ રીતે અનંત ચતુષ્ટયનું રજીસ્ટર્ડ પાંચમી મોક્ષગતિમાં છે. દેવગતિ, નારકીગતિ તથા તિર્યંચગતિ એમ ત્રણ ગતિમાં તો કેવલજ્ઞાન દર્શનાદિની ઉત્પત્તિ છેજ નહિ. માત્ર મનુષ્યગતિમાં એ સર્વ ઉત્પન્ન કરવાનું સામર્થ્ય છે. પણ રજીસ્ટર્ડ (કાયમી—સ્થાયી) ત્યાં નથી. કેમકે મનુષ્યભવ આયુષ્યની સાથે સંકળાયેલો છે. આયુષ્ય પૂર્ણ થાય એટલે મનુષ્યભવ ખતમ! માત્ર લોકાગ્રે સિદ્ધિસ્થળજ એક એવું છે કે જેમાં કેવલજ્ઞાનાદિ કાયમ રહે છે. રજ માત્ર ઓછું થતું નથી. તેવી સત્તા મનુષ્યગતિમાં નથી દેવાદિ ત્રણ ગતિમાં તો તે ઉત્પન્ન કરવાની પણ શક્તિ નથી. મનુષ્યગતિમાં ઉત્પન્ન કરવાની શક્તિ છે પણ સદા સ્થાયી રાખવાની શક્તિ નથી. સિદ્ધિસ્થલમાં આત્મા પહોંચ્યો પછી તેનો વાળ પણ વાંકો થઇ શકતો નથી.

સિદ્ધિમાં શું સુખ છે એવા વિચાર કરનારાઓએ જ્ઞાનાદિ ચતુષ્ટયીનો વિચાર કરવો. સુખ કથનીય વસ્તુ છે? તે વિચારો!

બે જીવજાન મિત્રો હતા. તેમાં એકનાં લગ્ન થયાં. બીજાએ તેને પૂછ્યું કે—"લગ્ન એટલે શું?" પેલો કહે શું? પેલે કહ્યું કે—"એ કહી શકાય નહિં" બીજાએ કહ્યું કે—"બસ! એકજ દિવસમાં ફરી ગયો? ગઇ કાલ સુધી તો રજેરજની વાત કરતો હતોને!" પણ પેલો કહે શું?

તેજ રીતે સુખનું વર્ણન કરવું શી રીતે? તેમાંયે આત્માના અનંત સુખની વાત તો વચનથી કેમ કહી શકાય? કોઇએ ભાષણ આપ્યું. કોઇ પૂછે કે "તે ભાષણ કેટલા શેર?" છે એનો જવાબ? એ પ્રશ્નજ વિષયની બહારનો છે. કેમકે ભાષણ તે તોલની ચીજ

નથી. તેજ રીતિએ આત્માનું સ્વાભાવિક સુખ કથનીય ચીજજ નથી.

સિદ્ધિસ્થલ તે છે કે જ્યાં જ્ઞાનાદિ અનંત ચતુષ્ટય સ્થાયી છે, જ્યાં જન્મ મરણનો પંજો છે નહિ.

ગમારને ભલે ખબર ન પડે પણ શાણાઓતો સમજેને ! કાયા, કંચન, અને કુટુંબ આ ત્રણ વસ્તુનો, પ્રતિબંધ છે: ત્રણેય વસ્તુ ગત્યન્તરમાં કામ લાગતી નથી. કેવલ પુણ્ય તથા પાપ માટે ગતિ સરકારનો પ્રતિબંધ નથી. આવો કાયાદિ ત્રણનો પ્રતિબંધ જાણ્યા છતાં તેની ઉપર ઋણ કરવું તે આત્માની મુર્ખતા છે કે બીજું કાંઇ ?

આત્માના રાગ, દ્વેષ તજ્જન્ય વિકાર છે. મોહ તે ચેષ્ટા છે. હર્ષ, શોક તથા ભય ચહેરા ઉપરથીજ તે દેખાતા નથી. સમજુને આવા વિકાર તથા સ્ત્રીવેદ પુરષવેદ, નવુંસક વેદનો વિકાર હોયજ નહિ. સજ્જનમાં નોકષાયના વિકારો ઝળકતા નથી. આ :સર્વ જો ન જળવાય તો બાલચેષ્ટા છે. નોકષાય તે બાલ ચેષ્ટા છે.

રાગનું કામ આત્માને ચલાયમાન કરવાનું છે, દ્વેષનું કામ આત્માને સમતામાં ન રાખવાનું છે અને મોહનું કામ આત્માને ખરાબ આદતો પાડવાનું છે.

નવ નોકષાયો જો આડા ન આવે તો રાગ દ્વેષ બીચારા એટલું જોર કરી શકતા નથી કે જેથી અનર્થો થાય.

હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગંચ્છા, સ્ત્રી વેદ, પુરૂષવેદ, નપુંસકવેદ, આ નવ નોકષાય છે. આ નવથી કર્મ બંધન તીવ્ર થાય છે. તેને અળગા રાખશો તો તીવ્ર બંધ નહિ થાય.

દશમે ગુણસ્થાનકે રાગનો અંત છે તેની પહેલાં નવ નોકષાયોને ખસવું પડે છે. તેઓના ટળ્યા વિના આત્માની શુદ્ધિ થતી નથી. આ નવ નોકષાયો હસતું મોં રાખીને વળગનારા છે. હસતી બલા છે. ફસાવનારા છે.

શ્રી તીર્થંકર દેવના જીવોને કર્મ કાય અવસ્થામાં આ નવ નોકષાયો રૂપ મોહ હોતો નથી.

જે જીવમાં કર્મકાય અવસ્થા હોય, તે અવસ્થામાં આત્માનું ભાન ભુલાવનારો રાગ ન હોય કોઇ પણ પ્રાણી પરત્વે દ્વેષ ન હોય. નવ નોકષાયરૂપ મોહ ન હોય તો જાણવું કે તે જીવ તીર્થંકર થશે. આ દોષો જેનામાં હોય તે દેવ થવાને લાયક નથી.

પૂર્વ ભવની અવસ્થામાં તો શ્રી તીર્થકરના જીવમાં કર્મકાય અવસ્થામાં આ દોષો ન હોય તે ચોકકસ, પણ તે અવસ્થા અનિવૃત્તિબાદરના અસંખ્યાતમા ભાગ સુધી હોય છે તેમાં તીર્થંકર ભવનો પણ અમુક ભાગ હોય છે. તો તે ભવમાં પણ તે અવસ્થામાં પણ આ ત્રણેય દોષો હોતા નથી

ત્રણે લોકનાં દેવોમાં પણ તીર્થંકર પણાનો મહિમા જેનો પ્રખ્યાતિ પામ્યો હોય તે જ દેવાધિદેવ હોઈ શકે છે.

## કર્મકાય અવસ્થામાં પણ જેઓનો મહિમા ત્રણ લોકમાં પ્રસિદ્ધ છે એજ મહાદેવ છે

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ હરિભદ્રસૂરિશ્વરજી મહારાજ ભવ્યાત્માઓના ઉપકારાર્થે શ્રીઅષ્ટકજી પ્રકરણની રચના કરતાં, દેવતત્ત્વનું પ્રાધાન્ય હોઈ, મહાદેવાષ્ટકનું પ્રથમ નિરૂપણ કરે છે. બત્રીશ અષ્ટકમાં પ્રથમ મહાદેવાષ્ટક છે જેમાં મહાદેવનું સ્વરૂપ જણાવવામાં આવ્યું છે. મહાદેવાષ્ટક પ્રથમ શાથી ? સૂરિશ્વરજી પ્રથમ તેનું કારણ કહી ગયા કે-જગત્માં તમામ આસ્તિક દર્શનકારો દેવ, ગુરૂ અને ધર્મ આ ત્રણ તત્ત્વોને માને છે. આ ત્રણ તત્ત્વોને માન્યા વિનાનું કોઈપણ આસ્તિક દર્શન નથી. ન માને એટલે આસ્તિક રહેજ નહિને ! આપોઆપ નાસ્તિક સિદ્ધ થઇ જાય.

જૈનદર્શન પણ આ ત્રણુ તત્ત્વોને માને છે અને માને તેમાં નવાઈ નથી આ ત્રણેય તત્વોમાં મુખ્ય દેવતત્વ તે માટે મહાદેવાષ્ટકનુ નિરૂપણ પ્રથમ કરવામાં આવે છે.

ઇતિરોને તો દેવતત્ત્વ પ્રથમ રાખવુંજ પડે કેમકે તેઓ ઇશ્વરને (દેવને) કર્તા માને છે. જગતના તમામ પદાર્થોની, ક્રિયાકાંડોની ઉત્પત્તિ ઈશ્વરથી છે એમ મનાય ત્યાં તો દેવતત્વ જરૂર પ્રથમ સંભવે છે પણ જૈનદર્શનમાં દેવતત્વ પ્રથમ શાથી ? કેમકે દેવ ગુરૂથી અગર સ્વયં બની શકતા નથી.પણુ ધર્મ દ્વારાજ બની શકે છે. જેઓ અનેક ભવોથી, ઘણા ભવોથી ધર્મની સતત આરાધના કરે છે તેઓજ દેવ બની શકે છે. તીર્થંકર માત્ર વીશ સ્થાનકોમાંના એક બે, વધારે યાવત્ વીશે સ્થાનકની આરાધના કરે છે. એ આરાધનાથી તેઓ દેવ બને છે. શ્રી શ્રેણિક મહારાજાએ તીર્થંકર પદની આરાધના કરી છે તેથી તેઓ તીર્થંકર બન્યા છે. **वीसाए अन्नयरेहिं** એટલે વીશ કે તેમાંથી કોઇ પણ એક પદની આરાધનાથી તીર્થંકર થઈ શકાય છે. વીશે પદોમાં તપ તો છે, છતાં તપ પદ અલગ ગણાવવામાં આવે છે. સર્વ પદોમાં આરાધનામાં તન્મયપણું છે અને તે સાધના બુદ્ધિથી નહિં, પણ સાધન બુદ્ધિથી છે. સમકિતિને દેવ, ગુરૂ કે ધર્મના સાધનથી સ્વ–આત્માની સાધના. ત્યારે શ્રી તીર્થંકર દેવના જીવને, દેવ, ગુરૂ તથા ધર્મ તે સાધન ખરાં પણ જગત્જીવોના ઉધ્ધારને માટે ! દર્શન તે સામાન્ય, અને જ્ઞાન તે વિશેષ. આ બન્નેને જાણુનારો પોતાને માટે સાધન માને તે આત્માની સાધના સમજે. ત્યારે તીર્થંકરનો જીવ તે બન્ને તત્ત્વોને અન્યોના સાધન તરીકે આલંબન તરીકે માને. અભવ્ય ઉપદેશાદિ આપે છે તેનામાં જગત્ને તારવાની બુદ્ધિ નથી, પણ જગતને તારવાનું કાર્ય થઈ જાય છે. અભવ્ય જીવ જગત્ને મોક્ષનાં સાધનો બતાવે છે તે કેવળ સ્વપૂજા માટે જો તારવાની બુદ્ધિ આવે તો તો તે અભવ્ય રહેજ શાનો ? અભવ્યના ઉપદેશમાં ફરક હોતો નથી પણ ઉદ્દેશમાં ફરક હોય છે.

વીશસ્થાનકોની આરાધના દ્વારાજ તીર્થંકરપણું છે. ઇતરો તો પ્રથમ દેવતત્ત્વને માની શકે પણ જૈન દર્શનમાં તો ધર્મની આરાધનાથી તીર્થંકર થવાય છે એવું મંતવ્ય છે તો પછી ત્યાં દેવતત્ત્વ પ્રથમ શી રીતે ? ભગવાન્ અનાદિના નથી. ભગવાન્ થવા માટે ધર્મ આચરવો પડે છે. એનું સમાધાન પણ સ્પષ્ટ છે કે તીર્થંકરપણાના કારણભૂત ધર્મતત્ત્વ પણ કાંઇ જગત્માંથી નીકળી પડયું નથી, ધર્મતત્ત્વ ગુરૂતત્ત્વના આધારે છે. ગુરૂતત્ત્વથી જન્મ્યું છે અને ગુરૂતત્ત્વ પણ દેવતત્ત્વના આધારે છે. ઉત્સર્પિણી કે અવસર્પિણીની શરૂઆતમાં પ્રથમ ગુરૂ અને ધર્મની શરૂઆત કેવળ દેવદ્વારાજ થાય છે.

શ્રી ઋષભદેવજી ભગવાન્ થયા તે પહેલાંના યુગલીઆ યુગમાં જીવોને કેવળ ભોગમાં સુખનાજ સંસ્કારો હતા. અઢાર ક્રોડા ક્રોડ સાગરોપમ સુધી આ સ્થિતિ હતી ત્યારબાદ શ્રી ઋષભદેવજી ભગવાને ત્યાગમાં સુખના સંસ્કારો કરાવ્યા. આટલા લાંબા સમય બાદ, સ્વપ્નમાંયે નહિ એવો સંકલ્પ ઉત્પન્ન કરાવનાર કોણ ? દેવાધિદેવ તીર્થંકર શ્રી ઋષભદેવજી ભગવાન ! તેથીજ પ્રથમ દેવતત્ત્વ છે અને તે દ્વારા બાકીનાં બન્ને તત્વો છે.

શંકા–ગુણની અધિકતાએ માન્યતા હોય તો પ્રથમ અષ્ટક દેવ પદનું શા માટે ? સિદ્ધિપદ રાખવું જોઇએને ! પંચ પરમેષ્ઠિ નમસ્કાર મંત્રમાં પણ પ્રથમ **नमो अरिहंताणं** શા માટે ! કેમકે તેમણે તો માત્ર ચાર ઘાતિ કર્મનો ક્ષય કર્યો છે. જ્યારે સિદ્ધોએ તો આઠેય કર્મો વિદાર્યાં છે તો પ્રથમ પદે સંપુર્ણ કૃતકૃત્ય,

સંપૂર્ણ ગુણી કેમ નહિ? **नमो सिद्धाणं** પ્રથમ પદે શા માટે નહિ?

કિંમતી હીરોકે આંખ? કહેવું જ પડશે કે આંખ જ કિંમતી. કેમકે હીરા અને પત્થરનો ભેદ આંખ જ જણાવે છે. જોવાનું સાધન આંખજ છે. અરિહંતને સિધ્ધ બતાવે છે કે સિદ્ધને અરિહંત બતાવે છે? શ્રી સિધ્ધ પરમાત્મા તો અશરીરી છે, શરીર, વચન મન વગેરેથી રહિત છે, તેથી તેઓ પોતાનું કે પરનું સ્વરૂપ કયાંથી દેખાડી શકે? સ્વ–પર સ્વરૂપ દર્શક દેવાધિદેવ શ્રી અરિહંત ભગવાન્ છે. સિદ્ધમાં ગુણીપણું છે. પણ પોતાના ગુણો દર્શાવવાનું સામર્થ્ય નથી. આ રીતે અરિહંતમાં તે ગુણની અધિકતા છે.

શંકા–જો એમ ગુણ દેખાડવામાં ગુણની અધિકતા માનવાની હોય તો આચાર્ય કે સાધુ પ્રથમ શા માટે નમસ્કરણીય નહિ? **नमो लोए आयरिआणं** કે **नमो लोए सव्व साहुणं** એ પદ પ્રથમ કેમ નહિ? કેમકે શ્રી અરિહંત દેવ, દરેક કાલમાં, બે ક્રોડ પૂર્વ જેટલા સમય સુધી દેશના આપનારા નથી હોતા. દસ કોડાકોડી સાગરોપમના કાલમાં એક કોડાકોડી સાગરોપમ સુધી શાસન ચલાવનાર આચાર્ય ભગવંતો છે. એ રીતે અરિહંત તથા સિદ્ધાદિના ગુણોને જાહેર કરનાર તો આચાર્યજ છે! આ દૃષ્ટિએ અષ્ટકમાં પણ પ્રથમ સાધુ અષ્ટક જોઈએ.

એકલા ઓળખાવવાના હિસાબે અત્ર સંકલના નથી. આચાર્ય અરિહંતાદિને ઓળખાવે છે પણ અરિહંતદેવના વચનો દ્વારા ઓળખાવે છે. ઓળખાવનારાં વચનો પોતાનાં હોતાં નથી. આચાર્ય પ્રકાશક ખરા પણ શ્રીઅરિહંતદેવના પ્રતિનિધિ તરીકે! સરકારને માન્યા વિના પ્રતિનિધિને કોણ માનશે? સિદ્ધોની પ્રામાણિકતા, તેઓનું અસ્તિત્વની માહિતી તેમના સ્વરૂપ દ્વારા નથી પણ શ્રીઅરિહંતના વચનો દ્વારા છે. શ્રી અરિહંતો પ્રત્યે પ્રતીતિ ન હોય તો સિદ્ધાદિ પ્રત્યે હોયજ કયાંથી? શ્રીઅરિહંતદેવને સર્વજ્ઞ, વીતરાગ સર્વગુણ સંપન્ન ગણીએ–માનીએ તોજ તેમનાં વચનોથી તથા તેમણે કહેલા સિદ્ધના સ્વરૂપની પ્રામાણિકતા માની શકીએ.

## દેવતત્વ પ્રથમ શાથી તેની ઉત્પત્તિ થતાં નિક્ષેપ દ્વારા વિચારણા!

ઉત્પત્તિ દ્વારા વિચારીએ તો અરિહંતથી સિદ્ધોની ઉત્પત્તિ કે સિદ્ધોથી અરિહંતની ઉત્પત્તિ? સિદ્ધના પંદર ભેદોમાં તીર્થસિદ્ધ તથા અતીર્થસિદ્ધિ એવા પણ બે ભેદ છે. પણ જિનમાં સિદ્ધજિન, અસિદ્ધજિન એ પ્રકારે ભેદ નથી. સિદ્ધ થાય છે કે સિધ્ધદ્વારા જિન પણું નથી. જિનદ્વારા સિધ્ધપણું છે. શ્રી સિધ્ધોની ઉત્પત્તિ પણ શ્રી જિનેશ્વર અરિહંત પરજ નિર્ભર છે. હવે જરા આગળ વધીએ તો પંચ પરમેષ્ઠિમાં પછીનાં ચારે પદ દીપની સ્થિતિનાં છે. જેમ એક જોશીને 'શું અવતરશે?' એમ પૂછવામાં આવ્યું, તેણે લખી દીધું કે 'બેટા' ખોટું પડવાનું જ કયાં? બેટો પણ કહેવાશે, બેટી પણ કહેવાશે! તેજ રીતિએ સિધ્ધ આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુ એ ચારે પદો તો તમામમાં છે. મિથ્યાત્વીઓ પણ સિધ્ધને તો માને છે. અન્ય શાસનમાં પણ આચાર્યાદિ તો છે તો **नमो सिद्धणं, नमो आयरियाणं**થી તેમને પણ નમસ્કાર થયો. વળી સાધુ પદને નમસ્કારમાં તો **सव्व** અને **लोए** શબ્દોથી સન્યાસી, યતિ ફકીર વગેરેને પણ નમસ્કાર ખરોને? ના! પ્રથમ મુખ્ય પદ **नमो अरिहंताण** છે. તેની અનુવૃત્તિ તમામ પદોમાં ગણવાની છે. આચાર્યાદિમાં જો માત્ર ભાવજ ગ્રહણ કરશો તો નામ સ્થાપના તથા દ્રવ્ય નિક્ષેપાને

કારણે મૂકવા પડશે કે એ નિક્ષેપાને ભિન્નતો કરવા નથી, આચાર્યાદિને ચારેય નિક્ષેપાથી નમસ્કાર કરવાનો છે. પણ ત્યાં, તમામ પદોમાં પ્રથમ પદ, **नमो अरिहंताणं**ની અનુવૃત્તિ સમજવી જ અર્થાત્ આ સિદ્ધ, આ આચાર્ય વગેરે અરિહંત શાસનમાં જ ગણવાના આથી આ નમસ્કાર ઈતર માન્ય સિદ્ધ, આચાર્યાદિને થતો નથી-ગણાતો નથી.

આરિહંત પદમાં કોઇની અનુવૃત્તિ લેવાની નથી. તેમાં આવશ્યકતા નથી કેમકે અરિહંત પદ તો સ્વતંત્ર છે, જેમણે પૂર્વ ભવોમાં વીશ સ્થાનકોની આરાધના કરી હોય, છેલ્લા ભવમાં માતાના ગર્ભમાંથી જ જેઓ ત્રણ જ્ઞાન ધરાવતા હોય, તથા કેવલજ્ઞાન પછી ચોત્રીશ અતિશય સંયુકત હોય તેઓને જ શ્રી અરિહંત ગણવામાં માનવામા કહેવામાં આવે છે.

**नाम जिणा जिण नामा** નામ નિક્ષેપાની વિચારણામાં જિનના નામો તે નામ જિન છે **ठवण जिण पुण जिणिंद पडिमाओ** સ્થાપના નિક્ષેપાની વિચારણામાં દાબડી આદિ ન ગણાય પણ કેવલ શ્રીજિન બિંબજ, જિન પ્રતિમા જ સ્થાપના જિન ગણાય છે.

**दव्वजिणा जिणजीवा** શ્રી જિનેશ્વર થનાર સર્વ જીવોને દ્રવ્યજિન ગણાય છે. આ છે દ્રવ્ય નિક્ષેપાની વિચારણા. આચાર્યાદિમાં ઇતરમતના આચાર્યાદિ જેમ દ્રવ્યાચાર્ય ગણાય, તેમ દ્રવ્ય જિનમાં ગોશાલો પ્રમુખ ન ગણાય. ગોશાલો પોતાને, લોકોમાં જિન તરીકે ઓળખાવતો હતોને ? અંબડશ્રાવક, સુલસા, જમાલિ તે સર્વ તે વખતે દ્રવ્ય જિનમાં તે તરીકે નથી ગણાતા પણ **दव्वजिणा जीण जीवा** જિનેશ્વરના જીવોજ દ્રવ્ય જિન ગણાય છે. કે અર્થાત્ પૂર્વ ભવથી આરાધના કરી, છેલ્લા ભવમાં ત્રણ જ્ઞાન સહિત જન્મે ગર્ભથી જ ત્રણ જ્ઞાન હોય, દીક્ષા લે ત્યારે ચોથું જ્ઞાન ઉત્પન્ન થાય અને પછી જેને કેવલ જ્ઞાન ઉપજે તે દ્રવ્ય જિન કહેવાય છે.

**भाव जिणा समवसणरत्था** સમવસરણમાં બેસી ઉપદેશ આપી રહ્યા હોય ત્યારે ભાવજિન કહેવાય છે. આ છે ભાવ નિક્ષેપાની વિચારણા. દ્રવ્ય અરિહંતમાં બીજા કોઈને ગણાવવામાં આવ્યા નથી. તેમાં માત્ર જિનેશ્વરના જીવોનેજ ગણ્યા છે. નામ નિક્ષેપામાં, સ્થાપના નિક્ષેપામાં કે ભાવ નિક્ષેપામાં જિનેશ્વરો બીજા નહિ તેથી **चउहा** એમ કહેવું પડે છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચારેય નિક્ષેપા દ્વારા શ્રી જિનેશ્વર દેવને નમસ્કાર કરી શકાય છે.

શ્રીસિધ્ધોની, આચાર્યોની, ઉપાધ્યાયોની, સાધુઓની પ્રામાણિકતા, ઉત્પત્તિ, વ્યવસ્થા વગેરે શ્રી અરિહંત દેવના આધારે છે.

આ બધું બરાબર વિચારવામાં આવશે તો સ્પષ્ટતયા જણાશે કે નવકારમાં અરિહંતને પ્રથમ પદે રાખ્યા વિના છૂટકો નથી. અને બત્રીશ અષ્ટકોમાં મહાદેવાષ્ટક પ્રથમ એટલાજ માટે છે.

## અરિહંતપદ એક ભવે સાધ્ય નથી. અનેક ભવોથી સાધ્ય છે.

પ્રથમ મહાદેવાષ્ટકમાં શ્રીઅરિહંતદેવની ત્રણ અવસ્થાઓ ગણાવી છે. તદ્ભવની અપેક્ષાએ ૧ છદ્મસ્થાવસ્થા. ધર્મકાય અવસ્થા, ૨ કેવલી અવસ્થા, ૩ નિર્વાણાવસ્થા. પણ શ્રીતીર્થંકરપણાની અપેક્ષાએ ૧ કર્મકાય અવસ્થા. ધર્મકાય અવસ્થા અને ૩ તત્વકાય અવસ્થા કર્મકાય અવસ્થા વિના તીર્થંકરપણું પ્રાપ્ય નથી.

સિદ્ધાદિ ચારે પદો એક ભવે સાધ્ય છે પરન્તુ અરિહંતપદ એક ભવથી સાધ્ય નહિ, પરન્તુ અનેક

ભવોથી સાધ્ય છે. અન્ય જીવો માટે અનેક ભવોની સાધનાનો નિયમ નથી. ઠેઠ સુધી મિથ્યાત્વી હોય અને અંતર્મુહૂર્ત્તમાં સમ્યકત્વ પામી મોક્ષે જઇ શકે છે. આચાર્યાદિપદમાં પણ તેમજ સમજવું. અંતર્મુહૂર્ત્તમાં પહેલાંના ગાઢ મિથ્યાત્વી ઈંદ્રભૂતિ, ઘડી પછી ગણધર શ્રીગૌતમસ્વામીજી બન્યા છે સિદ્ધાદિ ચારે પદો સમય માત્રમાં અગર અંતર્મુહુર્ત્તમાં સાધ્ય છે પણ શ્રીતીર્થંકરપણું અલ્પ કાલે કે એક ભવે સાધ્ય નથી, પરન્તુ ઘણા કાલે અને એનેક ભવોએ સાધ્ય છે. તીર્થંકરના છેલ્લા ભવથી એટલે કે તદ્દભવથી, તીર્થંકરપણાની સાધના પ્રથમના ત્રીજા ભવથી હોય છે. તે સાધના તદ્દભવની કે આગળના પ્રથમનાજ ભવની હોતી નથી. શ્રીતીર્થંકરપણાને યોગ્ય વિચારો જ્યારથી થાય ત્યારથી કર્મકાય અવસ્થા ગણાય છે.

એ કર્મકાય અવસ્થા રાગ દ્વેષ, તથા મોહ નથી એમ નહિં. રાગ પણ છે, દ્વેષ પણ છે તથા નવ નો કષાયો પણ છે. તે વખતે સર્વજ્ઞપણું નથી. પણ આ રાગ કદી પણ આત્મભાન ભૂલાવતો નથી. આ દ્વેષ કદી પણ સમતાને ભસ્મીભૂત કરતો નથી. હાસ્યાદિ ૬ તથા ત્રણવેદો—આ નવ નોકષાયો રૂપી મોહ આત્માની પ્રવૃત્તિ કે ચાલચલગતને બગાડનારા નથીજ.

**શંકા**—જ્યાં **यो वीतरागः सर्वज्ञो** એમ કહેવામાં આવે છે ત્યાં પછી 'આવો રાગ નથી' એમ કહેવાની જરૂર શી? ઘટાભાવ (ઘડો નથી એવું) જ્ઞાન કરાવ્યા પછી તે ઘટ નીલો નથી કે કાલો નથી એમ કહેવાની શી જરૂર?

પ્રથમ શ્લોકનો અર્થ છદ્મસ્થાવસ્થાની અપેક્ષાએ છે. અર્થાત્ જે વીતરાગ થયા છે તેમને કર્મકાય અવસ્થા પણ નથી.

**શંકા**—જો બે શ્લોકથી છદ્મસ્થાવસ્થા જણાવવામાં આવે તો પછી ગર્ભથી ત્રણ જ્ઞાનધારી, દીક્ષા લીધા પછી ચોથું મનઃપર્યવજ્ઞાન જેમને થાય છે તેવા વગેરે વર્ણન યુક્ત શ્લોક કેમ નથી?

કર્મકાય અવસ્થાજ એવી છે કે જેમાં વીસ સ્થાનકની આરાધના વખતે પણ ત્રણ જ્ઞાનનો નિયમ રહે તેમ નથી, તેમજ કલ્યાણકાદિ માનવાનો કે દીક્ષા સાથે ચોથુ જ્ઞાન પ્રાપ્ત કરવાનો નિયમ નથી.

ત્યારે એ અવસ્થા માટે નિયમ કયા? તે આત્માની જ્યારથી કર્મકાય અવસ્થા શરૂ થાય ત્યારથી તેનામાં સંકલેશોત્પાદક—આત્મભાન ભૂલાવનાર રાગ હોય નહિ, સમતાને પ્રજાળનાર દ્વેષ હોય નહિ, તથા અશુભ ચેષ્ટા કરાવનાર મોહ હોય નહિ. પૂર્વભવોમાં જે આત્મામાં આ અવસ્થા હોય તે આત્મા છેલ્લે ભવે મહાદેવ બની શકે છે.

પ્રશ્ન થશે કે જૈનશાસનનું ધ્યેય શું? કેવલજ્ઞાન પ્રાપ્ત કરવું કેવલદર્શન, અનંત વીર્યાદિ પામવાં તે ના! તે તો પરિણામો છે, ફલો છે, ધ્યેય તો મોહને જીતવાનું છે, તેથી તો તે દર્શનનું નામ 'જ્ઞાનદર્શનાદિ દર્શન' એવું નથી પણ "જૈનદર્શન" છે. જેણે જીતનારી પ્રજા બનવું હોય તેજ પોતાને જૈન કહેવરાવે. અને તેવો જૈન, પોતાનું ઉત્તમાંગ—મસ્તક જીતનારાનાજ ચરણોમાં નમાવે, જીતનારા કોણ? શ્રીજિનેશ્વરદેવો તે જીતનારા અને તેની પ્રજા તે જીતનારાની પ્રજા. જૈન કદી પણ બાલચેષ્ટા કરનારને મસ્તક નમાવે નહિં. વળી પોતાની જાતને જીતનારી પ્રજા ગણાવવવામાં ગૌરવ માને. શ્રીજિનેશ્વરે રાગ દ્વેષ તથા મોહને સર્વથા જીત્યા છે માટે તેમને દેવ તરીકે મનાય છે. જૈનોના વાર તહેવારો પણ રાગાદિને જીતવાના ઉદ્દેશથીજ છે.

**શંકા**—શ્રીઅરિહંત મહારાજા, તેરમે ગુણઠાણે

બેઠાંબેઠાં જીવોના દુઃખો જુએ છે ત્યાં તેમની લાગણીમાં પરિવર્ત્તન થતું હશે? તેઓ દુઃખી થતા હશે?

કોઇક સરાગી હથીયારવાળો હોય અને કોઇ હથીયાર વિનાનો હોય. સાધનાવાળાને પ્રસંગે ઉપયોગ કરવાનું રહે, અને સાધન વિનાને ઉપયોગ કરવાનું રહેતું નથી. રાગીને લાગણી હોવાથી શાતા, અશાતા, ઉદયમાં આવે છે. તેરમે ગુણસ્થાનકે અશાતાનો ઉદય હોય છે.

ત્યાં આત્મા શુદ્ધ સ્વરૂપવાળો છે તેને અશાતાનો ઉદય સંભવે ખરો?

ચારે તરફ શાતાના પુદ્દગલો વધારે પ્રમાણમાં હોય તેથી અશાતાનો ઉદય ખ્યાલમાં આવતો નથી.

અત્ર ચાર શ્લોકમાં બીજા શ્લોકના અને ચોથા શ્લોકના ઉપસંહારમાં **महादेवः स उच्यते** એવો નિર્દેશ છે. બન્ને સ્થલે જુદેજુદે નિર્દેશ કહી આપે છે કે આ દેવનુંજ સ્વરૂપ છે અને તે કર્મક્ષય અવસ્થાને લાગુ પાડે છે.

## પોતાને જૈન કહેવરાવનારનો કયો સિદ્ધાંત હોય?

જૈન કહેવરાવનારો મનુષ્ય એક સિદ્ધાન્તમાં અણુનમ હોય કે "મારૂં મસ્તક રાગાદિ જીતનારા શ્રી જિનેશ્વર દેવ વિના બીજાને નમે નહિ." તમને ખ્યાલ હશે કે બોરલોકોના યુદ્ધમાં આફ્રીકામાંથી તે કેદીઓને પકડી લાવવામાં આવ્યા હતા. તેમને અહમદનગરમાં રાખવામાં આવ્યા હતા. તેમને ખાન, પાન, વસ્ત્રાદિ બ્રીટીશ રાજ્ય તરફથી મળતાં હતાં. જ્યારે શહેનશાહની સાલગ્રેહ આવી. તે કેદીઓને સલામી આપવાનું કહેવામાં આવ્યું, ત્યારે તે કેદીઓએ સાફ સંભળાવી દીધું કે 'આ માથું અમારા પ્રેસીડેન્ટ વિના બીજાને નમતું નથી.' તેજ રીતિએ રાગાદિનો સર્વથા ત્યાગ કરનારા, જીતનારા, શ્રીજિનેશ્વર દેવ વિના બીજાને માથું નહિ નમાવવાની પ્રતિજ્ઞામાં પોતાને જૈન કહેવડાવનારા અડગજ અણુનમજ હોય.

જૈન શાસ્ત્રમાં છ અવસ્થામાં પણ ત્રણ અવસ્થા વ્હેંચી છે. ત્યાગીએ છ એ વાતો અમલમાં મૂકવાની છે. **सद्दहामि पत्तिआमि रोएमि** આ ત્રણને **फासेमि पालेमि** અને **अणुपालेमि** એ ત્રણ સાથે મેળવતાં છ વાત થઈ.

**इणमेव निग्गंथं पावयणं सद्दहामि** અને **रोएमि** જૈનની આજ પ્રતિજ્ઞા હોય તેને નિર્ગ્રંથ પ્રવચનની શ્રદ્ધા પ્રતિતી અને મેળવવાની રૂચિ હોયજ કેમકે પોતે માને છે કે છએ વસ્તુઓ આમાંજ છે. શ્રદ્ધેયુ સત્યપણું પ્રતીતિયોગ્ય અનુત્તરપણું તેમજ રૂચિને યોગ્ય પણું પણ આ પ્રવચનમાંજ છે. શાસ્ત્રકારોએ **अणुत्तरं केवलिअं ।** તેમજ **सिद्धिमग्गं मुत्तिमग्गं ।** આ રીતે પ્રવચનોને ઓળખાવેલ છે. સિદ્ધિનો કે મુક્તિનો જો કોઇ પણ માર્ગ હોય તો આ નિર્ગ્રંથ પ્રવચન છે. સંહારક સંસારમાંથી આત્મશાન્તિ મેળવવાનો જો કોઈ પણ માર્ગ હોય, સર્વ દુઃખ સંહારક જો કોઇ પણ માર્ગ હોય, તો આ નિર્ગ્રંથ પ્રવચન છે. છએ વિશેષણોથી અલંકૃત તથા છએ અવસ્થામાં ગ્રાહ્ય આ પ્રવચન છે. શ્રી શ્રેણિક મહારાજા તથા વાસુદેવ શ્રી કૃષ્ણજી જેવા અવિરતિઓ પણ આ ત્રણ એકરાર કરે છે કે.

**सद्दहामि णं भंते पत्तिआमि रोएमि ।** તેઓ પણ નિર્ગ્રંથ પ્રવચનની શ્રદ્ધા પ્રતિતી અને રૂચિ કરે છે.

જેઓ ત્યાગ સ્વીકારે ત્યાગી બને તેઓ તો **फासेमि पालेमि** અને **अणुपालेमि** એવા ત્રણ કરારો કરે છે. જેઓ વિરતિ લેનારા હોય તે જો સમકિતિ હોય તો દીક્ષા લેતી વખતે કહે છે.

"હે ભગવાન્! આ અખિલ જગત્ જન્મ જરા મરણ રૂપ દાવાનળથી સળગી રહ્યું છે, તે પણ અનાદિથી. વળી જોયા વિનાની અવસ્થામાં પણ જરા મરણથી પીડાઇ રહ્યું છે. આ સ્થિતિમાં આધાર કેવલ નિર્ગ્રંથ પ્રવચનજ છે. મ્હને તારો!" તે વખતે દીક્ષા પ્રદાયક, દીક્ષાના ઉમેદવારને, દીક્ષા લેનારને સ્પર્શવાની અને વારંવાર પાળવાની પ્રતિજ્ઞા કરાવે છે.

કર્મકાય અવસ્થામાં, તેનાથી ઉંચી અવસ્થાની વાર છે પણ તે અવસ્થામાં તે આત્માને સંકલેશ કરનારને રાગ, સમતાને બાળનાર દ્વેષકથા આત્માને બૂરી આદતો પાડનાર નવલોઇઆ નવ નોકષાયો રૂપ મોહ હોતા નથી. રાગ દ્વેષ મોહ હોતા નથી તેમ નહિ, સર્વથા ક્ષીણ થયા નથી. પણ તે રાગ,દ્વેષ, મોહ આવા હોતા નથી. અર્થાત્ છે તે નહિજ જેવા કહોને! કર્મકાય અવસ્થાધારી જેને આવા રાગાદિ હોય તેજ છેલ્લે દેવાધિદેવ બની શકે છે.

અહિં જે રાગ જણાવવામાં આવ્યો છે તે પરિણતિની સ્થિતિ જણાવે છે. કર્મકાય અવસ્થામાં આત્મા કઇ સ્થિતિમાં હોય? ભાનભૂલી જવાય તેવા રાગથી તે આત્મા રંગાયેલો ન હોય. દ્વેષ જણાવવામાં આવ્યો છે તે વિકારની દૃષ્ટિએ. અર્થાત્ તે આત્માને તેવો વિકાર થાય કે જેથી સમતા ભાવ બળી જાય. ટેવ પાડનાર મોહ છે. જેમ કોઇને હાસ્ય કે શોકની ટેવ હોય તો તે પ્રસંગે થાય. આ નવ નોકષાયો એવાજ છે, પણ કર્મકાય અવસ્થામાં તેઓ પણ હોતા નથી. મોહનો અર્થ 'અજ્ઞાન' પણ છે. અહિં જે નવ નોકષાયો કહ્યા તે કેવા છે? જ્ઞાન રાખે અને બુઝવી નાંખે! મોહનીય કર્મનો એજ સ્વભાવ છે કે જાણુતાને મુંઝવે. જેને ચકરીનો વ્યાધિ હોય તે મનુષ્ય ભલે ડહાપણનો ભંડાર હોય પણ ચકરી આવે ત્યારે? ત્યારે ભાન પણ રહેતું નથી. હાસ્યાદિ છ અને ત્રણ વેદો એવા વિચિત્ર છે કે આત્માના જ્ઞાનભાનને ભૂલાવે છે. પોતાને કેટલું અથવા કેટલાજ્ઞાન છે તેની પણ ખબર રહેવા દેતા નથી.

એક અવધિજ્ઞાની મુનિ કાયોત્સર્ગે રહેલા છે, ધ્યાનમગ્ન છે છતાં ઇંદ્ર મહારાજા રીસાએલી ઇંદ્રાણીને મનાવે છે. તે વર્ત્તનથી મુનિને હાસ્ય આવવાથી તેમનું અવધિજ્ઞાન ચાલ્યું ગયું. હાસ્યાદિ નવ નોકષાયો ટેવ પાડનારા છે. રાગ દ્વેષ તેવા નથી. અર્થાત્ ટેવ પાડનારા નથી. અને તેથી તેઓ ભાન હોય તો પણ ભૂલાવે છે, અને તેથી 'મોહ' શબ્દનો 'અજ્ઞાન' અર્થ પણ આ રીતે સમુચિત છે. તીર્થંકર તેનેજ કહી શકાય કે જેના મોહનો પણ ભવાંતરથી નાશ થયો હોય.

કુદેવનું સ્વરૂપ જણાવતાં "સ્ત્રી" રાખે છે એમ કહી ત્યાં સુધીનો રાગ જણાવ્યો. હથીયાર રાખવા સુધીનો દ્વેષ જણાવ્યો, આ રીતિએ ટેવો જણાવવામાં આવી છે અને તે ટેવોજ આત્માનું ભાન ભુલાવે છે.

તીર્થંકર તરીકેના ભવમાં છેલ્લા ભવમાં પણ કર્મકાય અવસ્થા સુધી મોહનો સર્વથા અભાવ નથી પણ તે તેવો ન હોય કે જેથી તે રાગ દ્વેષ મોહ અશુભ પ્રવૃત્તિ કરાવવા વાળા ન હોય, કે જેથી ભવાંતરના આયુષ્યનો ખરાબ બંધ થાય. ચક્રવર્તીઓ જ્યારે દેશ સાધવા નીકળે છે ત્યારે તેવા દેવોને સાધવા અઠ્ઠમ કરે છે. તથા યુદ્ધોમાં બાણવૃષ્ટિ આદિ કરે છે પણ તીર્થંકર ચક્રવર્તી હોય, જેમ શાન્તિનાથ સ્વામિ, કુંથુનાથ સ્વામિ અરનાથ સ્વામિ, તેમને અઠ્ઠમ પણ કરવો પડતો નથી, તેમજ બાણો પણ ફેંકવા પડતા નથી. તેમના પ્રત્યે દેવતાઓ જન્મથી લાગણીવાળા હોય છે. એટલે બધી પ્રવૃત્તિ દેવો કરે છે. ત્યાં પણ રાગ, દ્વેષ, મોહ અશુભ, પ્રવૃત્તિવાળા નથી. શ્રીતીર્થંકર જ્યાં સુધી પ્રવ્રજ્યા અંગીકર ન કરે ત્યાં સુધી તેમની કર્મ કાય અવસ્થા છે. પછીથી તેરમા ગુણસ્થાનક સુધીની ધર્મ કાય અવસ્થા છે.

(સંપૂર્ણ)

( ટાઇટલ પાના ૪ નું ચાલુ )

તેવા ઉત્કૃષ્ટ પરિણામમાં જાય તો પણ તીર્થંકર નામ કર્મની નિકાચના કરવાના ભવમાં મોક્ષને પ્રાપ્ત કરી શકેજ નહિં, અર્થાત્ તીર્થંકર નામ કર્મનો નિકાચિત બંધ કરનાર જીવ તીર્થંકર નામ કર્મ નિકાચિત કરવાનો ભવ, ત્યાર પછી થનારો બીજો મુખ્યત્વે દેવપણાનો ભવ અને તે દેવલોકથી ચ્યવ્યા પછી નિકાચિત કરેલા તીર્થંકરપણાના અનુભવનો છેલ્લો તીર્થંકર પણાનો ભવ જરૂર કરેજ છે. અને તે પણ ભવ કર્યા સિવાય તે નિકાચિત એવું તીર્થંકર પણું સમ્પૂર્ણ ફળ આપી શકતું નથી અને તે ક્ષય પામી શકતુંજ નથી. એટલે સ્પષ્ટ થાય છે કે ભગવાન્ જિનેશ્વર મહારાજાઓને જગતના ઉદ્ધારને માટે જરુરી એવા ત્રણ ભવો તીર્થંકર નામ કર્મ નિકાચિત કરતી વખત જરૂર અવશેષ રહેજ છે. અને તે રહ્યા વગર નિકાચિત તીર્થંકર નામ કર્મ ભોગવીને તેનો ક્ષય કરી શકાયજ નહિં. આ વસ્તુ સમજનારો સુજ્ઞ મનુષ્ય સ્હેજે સમજી શકશે કે આવી જગતની ઉદ્ધારની ભાવનાવાળું મહત્તમ સમ્યગ્દર્શન કે જેને પૂજ્ય મહાત્માઓ વરબોધિ એટલે પરમોત્કૃષ્ટ સમ્યગ્દર્શન તરીકે ઓળખાવે છે તેનો મહિમા સ્વરૂપથી સમ્યગ્દર્શનને અંગે નહિં, પરંતુ જગત્ માત્રના જીવોના ઉદ્ધારની ભાવનાની સહચરિતતાને લીધે છે અને તેથીજ દર્શનમોહનીયના સપ્તકને માટે સામાન્ય જીવો અને તીર્થંકર મહારાજના જીવોમાં ફરક માનવાની જરૂર રહે નહિં. જેવી રીતે સમ્યગ્દર્શનથી ભાવિત જીવનને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થવાથી જેમ જ્ઞાન થાય છે. પરંતુ તે સમ્યગ્જ્ઞાન કહેવાય છે. અને મિથ્યાદૃષ્ટિ જીવોને થયેલો જ્ઞાન વરણીય કર્મનો ક્ષયોપશમ હોય તેનાથી તેને પણ જ્ઞાન થાય છે. પરંતુ તે અજ્ઞાન કહેવાય છે. છતાં જ્ઞાનાવરણી કર્મના માત્ર પાંચજ ભેદો રાખવામાં આવે છે. પરંતુ મિથ્યાત્વીને થતા મતિ-શ્રુત અને વિભંગ અજ્ઞાનની અપેક્ષાએ ત્રણ અજ્ઞાનાવરણીય ગણી જ્ઞાનાવરણીય કર્મના આઠ ભેદો ગણવામાં આવતા નથી. કેમકે જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી થયેલા જ્ઞાનનો સમ્યગ્દર્શન સહચરિત પણું હોય તો સમ્યગ્જ્ઞાન કહેવાય છે. અને મિથ્યાદર્શન સહચરિતપણું હોય તો અજ્ઞાન કહેવાય છે. એટલે સમજી શકાય તેમ છે કે જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી થતા જ્ઞાનમાં સ્વરૂપે ફરક નથી, પરંતુ સમ્યગ્દર્શન અને મિથ્યા દર્શનના સહચારને લીધેજ તે સમ્યગ્જ્ઞાન અને અજ્ઞાન કહેવાય છે. તેવી રીતે સામાન્ય સમ્યગ્દર્શન અને ભગવાન્ જિનેશ્વર મહારાજના સમ્યગ્દર્શનમાં સ્વરૂપે ભેદ નથી. આજ કારણથી ભગવાન્ જિનેશ્વર મહારાજના જીવો સિદ્ધ થાય અગર બીજા સામાન્ય જીવો સિદ્ધ થાય તે વખતે તે બન્નેના સમ્યગ્દર્શનમાં ફેર રહેતો નથી. જિન સિદ્ધ અને અજિનસિદ્ધ એવા બે પ્રકારના સિધ્ધના જીવોમાં સમ્યગ્દર્શન જુદા જુદા રૂપે છે, એમ કોઇપણ સુજ્ઞ મનુષ્ય તે જિનસિધ્ધ અને અજિન

( જૂઓ ટાઇટલ પાનું ૨ જું )

# ત્રિકાલાબાધિત અવ્યુચ્છિન્ન પ્રભાવશાલી શ્રી જિનેશ્વર મહારાજનું શાસન

પંદરે કર્મ ભુમિઓ જે પાંચ ભરત-પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહો મળીને ગણવામાં આવે છે, તેમાં અતીતકાળ-વર્તમાનકાળ કે અનાગતકાળમાં ઉત્પન્ન થયેલા ઉત્પન્ન થતા કે ઉત્પન્ન થનારા અરિહંત ભગવંતો એકજ વસ્તુની સિદ્ધિ માટે પોતાનો છેલ્લો ભવ સમર્પણ કરનારા હોય છે. તે વસ્તુ કે જેની સિદ્ધિ માટે સર્વકર્મ ભુમિના સર્વ અરિહંતો પોતાના અન્તિમભવને સમર્પણ કરે છે. તે વસ્તુ એજ છે કે જન્મ-જરા-મરણાદિકથી પીડાયેલું અને સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર રૂપી અચિન્ત્ય ચિન્તામણી રૂપ આત્માનાં ગુણરૂપી રત્નોથી રહિત થઇને જે નિઃસાર બનેલું છે અને જે જગત્‌ને જન્મ મરણાદિક ટાળવા માટે અને આત્માના અવ્યાબાધ ગુણો રૂપી રત્નોને પ્રાપ્ત કરાવવા માટે કોઇપણ આવેલા ઉપદ્રવોથી બચાવનાર એવું રક્ષણ સ્થાન અને ભવિષ્યના ઉપદ્રવોથી બચાવનાર એવું શરણ હોય, તેમજ અવ્યાબાધ સુખ ભોગવવા સાથે આત્મા અવ્યાબાધપણે રહિ શકે એવી સ્થિતિ તથા કોઇપણ કાળે કોઇ પણ સંયોગે આત્માની નિરાબાધતા તથા તેના ગુણોની નિરાબાધતા થઇ શકે એવી સ્થિરતા પ્રાપ્ત કરાવનાર કોઇ પણ વસ્તુ જગતમાં અન્યત્ર મળતી નથી તેથી જગતનું અશરણ પણું દેખતાં ભગવાન્ જિનેશ્વર મહારાજાઓ જગતના જીવોની તે ઉપાધિ ટાળવા માટે તે ગુણો પ્રાપ્ત કરાવવા માટે અને તેવી સ્થિતિ મેળવાવી આપવા માટે પ્રયત્ન કરનારા થાય તેજ દરેક કાળના દરેક ક્ષેત્રના દરેક અરિહંતોનું ચરમ ભવનું કર્ત્તવ્ય રહે છે. અને તેથી જ તે ભગવંતો પોતાના પાછલા ત્રીજે ભવે પોતાના સંસાર ભ્રમણનો નાશ કરવાને કટિબદ્ધ થયેલા હોય છે ત્યારે ઉપર જણાવેલી વસ્તુ સિદ્ધિ માટે જોઇતા ત્રણ ભવો અવશેષ રાખીને બાકીના બધા સંસારનો એટલે ભવ ભ્રમણનો નાશ કરે છે. એટલે કોઇપણ તીર્થંકર મહારાજનો જીવ ગમે

( જુઓ ટાઇટલ પાનું ૩ )

# શ્રી સિદ્ધચક્ર

!!! વં……દ……ન……હો !!!

## શ્રી સિદ્ધચક્રને

अर्हन्तः प्रातिहार्यैः सुरनरनिकरैरर्चनीयाः शिवाढ्याः
सिद्धाः निष्कर्मकिट्टा जनिमृतिरहिताः सर्ववेदिप्रगल्भाः
आचार्या धर्मधुर्याः श्रुतगणपटवो वाचकाः सन्मुनीशाः
मोक्षाध्वालंबनाः श्रद्धतिमतिश्वरणैः सत्तपोभिः पुनन्तु ॥१॥

जिनेशितुश्चक्रभृतो वासुदेवस्य वा यथा ।
चक्रं तथेदं श्रीसिद्धचक्रं शासनकार्यकृत् ॥२॥

વર્ષ ૧૦ અંક ૪

[ ધનજીસ્ટ્રીટ : ૨૫, ૨૭ ]

વિક્રમસં. ૧૯૯૮ વીરસં. ૨૪૬૮, | તા. ૧૮-૧૧-૪૧ મંગળવાર
લવાજમ રૂ. ૨-૦-૦ | કિંમત ૧।। આના

( ટાઇટલ પાના ૩ નું ચાલુ )

તથા ફલ પણ વિનય-નિર્જરા ગણાય તો તે યોગ્યજ છે. આવી રીતે વિનયને વૃક્ષ તરીકે કે મૂલ તરીકે ઘટના કર્યા પછી તેની ફલપરંપરા સામાન્ય શ્રોતાની અપેક્ષાએ શ્રીઉમાસ્વાતીવાચકજી મહારાજે જણાવી છે તે અને સાધુ મહાત્માની અપેક્ષાએ શ્રવણ આદિથી જણાવેલી ફલપરંપરા નીચે પ્રમાણે છે.

વિનય વૃક્ષના ફલની પરંપરા—

| | |
|---|---|
| શ્રવણ | વિનય |
| જ્ઞાન | શુશ્રુષા |
| વિજ્ઞાન | શ્રુત |
| પ્રત્યાખ્યાન | વિરતિ |
| સંયમ | આશ્રવનિરોધ |
| અનાશ્રવ | તપ |
| તપ | નિર્જરા |
| નિર્જરા | ભવસંતતિ ક્ષય |
| અંતક્રિયા | મોક્ષ |
| સિદ્ધિ | |

ઉપર જણાવેલ ફલની પરંપરા સમજનારો મનુષ્ય એવી શંકા તો નહિંજ કરે કે કોઇપણ વૃક્ષને ફલ ભિન્ન ભિન્ન જાતનાં હોતાંજ નથી, તો વિનયવૃક્ષનાં ભિન્ન ભિન્ન ફલો કેમ ગણવાં ? કેમકે જગતના સામાન્ય વૃક્ષો કરતાં કલ્પવૃક્ષની સ્થિતિ દિવ્યજ હોય છે. અને તેથી આ વિનયને કલ્પવૃક્ષની ઉપમા આપવામાં આવી છે અને તેથીજ તેના જુદા જુદા પરંપરાગત ફલો માનવામાં કોઇપણ જાતની હરકત નથી. આ વિનયના સ્વરૂપને સમજનારો મનુષ્ય સ્વપ્નમાં પણ તેની આચરણા ન ભૂલતાં ત્રિવિધ ત્રિવિધ તેનું આરાધન કરનારો થશે અને તે દ્વારાએ બન્ને પરંપરામાં જણાવેલા સિદ્ધિ અગર મોક્ષપદને પ્રાપ્ત કરવાને ભાગ્યશાળી થશે.

આ "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શાહ. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રીસિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# શ્રીસિદ્ધચક્ર

વર્ષ ૧૦ :] કારતક વદ ૦)) [અંક ૪

: ઉદ્દેશ :

શ્રીનવપદમય શ્રીસિદ્ધચક્રની આરાધના અને આયંબિલ વર્ધમાનતપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાન (આદિ) નો ફેલાવો કરવો.........................વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦........

તંત્રી

પાનાચંદ રૂપચંદ

ઝવેરી


# આગમોદ્ધારકની અમોઘદેશના

( ગતાંકથી ચાલુ )

કર્મકાય અવસ્થામાં યદ્યપિ રાગ, દ્વેષ તથા મોહ સર્વથા ગયા નથી, છે જરૂર, પણ તે રાગ સંકલેશોત્પાદક નથી, તે દ્વેષ શમતા સંહારક નથી, તથા તે મોહ આત્માને ઉન્માર્ગગામી બનાવનાર નથી.

આથી સમજાશે કે કેવલજ્ઞાનાદિ પામવા એ કાંઇ જૈનદર્શનનું ધ્યેય નથી. સાધ્ય નથી પણ રાગ, દ્વેષ, મોહનો નાશ કરવો તે સાધ્ય છે. તે ધ્યેય છે.

જગત્‌માં પણ જ્ઞાન જ્ઞાનતરીકે સાધ્ય નથી, પણ ફલના સાધન તરીકે જ્ઞાન જરૂરી છે.

સામા ઘરના છાપરાં ઉપર નળીઆં કેટલા ? તે જાણવું તે પણ જ્ઞાન તો છે, પણ તે જ્ઞાનનું ફલ શું ? ફલ મેળવવાના સાધન તરીકે જ્ઞાનનો ઉપયોગ છે.

દેખતો માણસ ગબડે, ખાડામાં કે કાંટાઓમાં પડે આખડે, તો તેને સૌ કોઇ તરત કહે છે કે-

"દેખતો નથી ? આંધળો હતો ?" અહિં દેખવાનું સાધન હતું, છતાં દેખવાનો ઉપયોગ ન રાખ્યો, માટે તેને તેમ કહેવામાં આવે છે. આંધળો પડે તો તેને તો "બીચારો પડયો !" એમ કહેવામાં આવશે.

**ज्ञानस्य फलं विरतिः માટેજ पढमं नाणं !**

જૈનશાસને જણાવ્યું છે કે **पढमं नाणं तओ दया ।** પ્રથમ જ્ઞાન, પછી દયા. કેટલાકો આ સૂત્રનો અનુચિત અર્થ કરી દયાને ઉપેક્ષણીય ગણે છે પણ તેમ નથી. જ્ઞાનની સફલતા કયાં ? દયાનું સાધન થઈ શકે તેજ જ્ઞાન. જ્ઞાનની સફલતા દયામાંજ, દયાના સંરક્ષણમાંજ છે. જેમ ચક્ષુનો ઉપયોગ-જોઈને ચાલવામાં કાંટા વગેરેથી બચવામાં છે, તેમ જ્ઞાનનો ઉપયોગ દયાની સાધનામાં છે. ઉપકારનું સાધન બને તોજ બુદ્ધિ ઉપયોગી છે, તેમ વિરતિનું સાધન બનનારૂં જ જ્ઞાન ઉપયોગી છે. અને તેથીજ કહેવામાં આવે છે કે **ज्ञानस्य फलं विरतिः ।** મિથ્યાદૃષ્ટિઓના જ્ઞાનને અજ્ઞાન તેટલાજ માટે કહેવામાં આવે છે કે તેમના જ્ઞાનનું ફલ વિરતિમાં નથી.

જ્ઞાનનું ફલ વિરતિ છે. વિરતિ વિષે શ્રદ્ધા કે પ્રતીતિ થાય તો પણ તે જ્ઞાન ઉપયોગી પણ જો તે પણ ન હોય તો તે અજ્ઞાનજ છે. **पढमं नाणं** એટલાજ માટે કે દયા પળાય, જ્ઞાનથી દયાનું સ્વરૂપ જણાય, દયા પાળવાની વિધિ જણાય માટે દયા સારી રીતિએ પળાય. જ્ઞાન પ્રથમ આટલા માટે છે. નહિં કે દયાની અવગણના માટે.

**एवं चिट्ठति सव्व संजये** જ્ઞાનથી સંયતપણું છે. **अन्नाणी किं काही** અજ્ઞાની શું કરવાનો ? નિર્જરાદિ તત્ત્વો જાણવા માટે જ્ઞાનની આવશ્યક્તા છે. જ્ઞાન આટલા હેતુથીજ શ્રેષ્ઠ છે, અને માટે તેની પ્રથમ જરૂર છે. માટેજ **पढमं नाणं** કહેવામાં આવ્યું છે. આ જ્ઞાન કેવું ? તે જણાવવા તરતજ **तओ दया** પદ જોડવામાં આવ્યું છે. દયાના સાધ્યવાળું જ્ઞાન તેજ જ્ઞાન લખ્યું, શુષ્કજ્ઞાન તે જ્ઞાન નહિં.

કર્મકાય અવસ્થામાં દર્શન તથા જ્ઞાનનો અધિકાર નથી.

રાગ, દ્વેષ તથા મોહને દમીને કે દળીને જેણે કાઢી નાખ્યા છે, તેવો કોઇ પણ મહાપુરૂષ, મહાદેવ છે !

**त्रिलोकख्यातमहिमा ।** કર્મકાય અવસ્થામાં પણ ત્રણેય કલ્યાણકોમાં દેવાધિદેવોનો મહિમા થાય છે. મહિમામાં કોઈનું કથન કે સૂચન નથી. મહિમા આપો આપ થાય છે. નારકીનો નિબિડ અંધકાર પણ ક્ષણભર નાશ પામે છે, ત્યાં પણ અજવાળાં થાય છે-ઉદ્યોત પ્રગટે છે. સમય માત્ર પણ શાંતિ નહિ ભોગવનારા, પારાવાર સંકટથી ત્રાહી ત્રાહી પોકારનારા નારકીઓને પણ તે વખતે શાંતીના સુખનો અનિર્વચનીય અનુભવ થાય છે. શ્રીતીર્થંકર જન્મે છે ત્યારે દેવો સાથે ઇંદ્રો અભિષેક મહોત્સવાદિ કરે છે. તાત્પર્ય કે કર્મકાય અવસ્થામાં પણ જેમનો મહિમા ત્રણ લોકમાં પ્રસિદ્ધ છે. આવા પુરૂષોત્તમ

જ દેવ છે! મહાદેવ છે!!

કર્મકાય અવસ્થા તે અવસ્થાપણે પૂજ્ય નથી પરન્તુ તત્ત્વકાય અવસ્થાના કારણ તરીકે પૂજ્ય છે. વચ્ચે ધર્મકાય અવસ્થા રહી. તે પણ સાધન છે.

ક્ષપકશ્રેણી દ્વારા ઘાતિ કર્મનો ક્ષય કરવાથી તીર્થંકરપણું પ્રગટે છે.

શ્રીતીર્થંકર દેવોની ધર્મકાય અવસ્થા અન્ય જીવોની ધર્મકાય અવસ્થા જેવી છે, તેમાં ફરક નથી. ફરક પ્રથમની કર્મકાય અવસ્થામાં તથા છેલ્લી તત્ત્વકાય અવસ્થામાં છે.

---

**यस्य संक्लेशजननो रागो नास्त्येव सर्वथा।**
**न च द्वेषोऽपि सत्त्वेषु शमेन्धन दवानलः।**

**દેવની તત્ત્વકાય અવસ્થા કેવી હોય ?**
**દેવ તેજ કે જે સર્વજ્ઞ હોય.**
**ન જાણવા છતાં દેવ કહેવરાવનાર દિવાના છે.**

**શ્રીજિનેશ્વરદેવના તે ભવના જીવનની, કર્મકાય અવસ્થાની મોહનીય કર્મના ઉદયથી થતી પ્રવૃત્તિઓ અનુકરણીય નથી.**

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ હરિભદ્રસૂરિશ્વરજી મહારાજા ભવ્યાત્માઓના ઉપકારાર્થે શ્રીઅષ્ટકજી પ્રકરણની રચના કરતાં થકાં બત્રીશ અષ્ટકોમાં મહાદેવાષ્ટકની રચના પ્રથમ શા માટે? તેના કારણમાં જણાવી ગયા કે જગતના તમામ આસ્તિક મતો દેવ ગુરૂ તથા ધર્મ એ ત્રણ તત્ત્વોને માને છે. તે ત્રણ તત્ત્વોમાં પ્રાધાન્ય દેવતત્ત્વનું છે. સિદ્ધિ, કેવલજ્ઞાન, દેશનાં આદિનાં સ્વરૂપનાં વર્ણનવાળાં અષ્ટકોને પ્રથમ ન કહેતાં, મુખ્યપણાને અંગેજ દેવતત્વનું નિરૂપણ પ્રથમ કર્યું છે.

શૈવ, વૈષ્ણવ, ખ્રિસ્તિ, મુસ્લીમ કે જૈન તમામ મતો દેવ ગુરૂ ધર્મ ત્રણેય તત્વોને માને છે. આ ત્રણ તત્વોને ન માને તેવો કોઇપણ આસ્તિક મત છેજ નહિં. આપણે એ જોઇ ગયા કે ગુરૂતત્વ તથા ધર્મતત્વનાં સ્વરૂપનો આધાર દેવતત્વ ઉપર છે. જો દેવતત્વ અસુંદર હોય તો પાછળનાં બન્ને તત્વો પણ તેવાંજ હોય. દેવતત્વ સુંદર હોય, વિશુદ્ધ હોય તો ગુરૂતત્વ તથા ધર્મતત્વ પણ તેવાજ પ્રકારનાં વિશુદ્ધ ઉપલબ્ધ થાય.

આત્મા શુદ્ધસ્વરૂપવાળો જરૂર પણ અનાદિથી નહિ. આત્મા અનાદિથી શુદ્ધસ્વરૂપવાળો હોય છે તેવી માન્યતા જૈનમત ધરાવતો નથી. ઇતરો ઈશ્વરને અવતાર થવાનું માને છે એટલે કે નિર્મલ દશામાંથી મલીન દશામાં જવું માને છે. કહો કે ઈશ્વરનું પતન માને છે. જૈનમત મલીન દશામાંથી નિર્મલદશા માને છે. અર્થાત્ અવતારી પ્રાણીમાંથી ઈશ્વર થવાનું માને છે. તે અવતારી ઇશ્વર થઇ શકે કે જેણે પોતાના અવતારને નિર્મલપણાની સન્મુખ ધર્યો હોય.

શ્રીજિનેશ્વર ભગવાનની અમુક અમુક દશાઓ અનુકરણીય માનવામાં આવી છે. તેમના

તે જીવનની સર્વ બાબતો અનુકરણ કરવા લાયક માનવામાં આવી નથી. મહાવીર ભગવાન્ દડે રમ્યા હતા, વૃક્ષે ચઢયા હતા તે ક્રિયાને શાસ્ત્રકારે વિધાન તરીકે જણાવી નથી. જો તે વિધાન હોય તો દરેક જૈને દડે રમવુંજ, વૃક્ષે ચઢવુંજ વગેરે માનવું પડે. ભગવાન્ મહાવીર દેવે લગ્ન કર્યાં હતાં, તેથી દરેક જૈને લગ્ન કરવાંજ જોઇએ એવો નિયમ નથી. તેમની લગ્નાદિ ક્રિયા કર્મોદયજન્ય હોવાથી અનુકરણીય નથી.

રાજાને ત્યાં જન્મે ત્યારથીજ તે રાજા ખરો, પણ રાજા તરીકે મનાય કયારે? જ્યારે ગાદીનશીન થાય ત્યારે જ! તેજ રીતિએ શ્રીજિનેશ્વરદેવ આદર્શ ખરા, તેમનું જીવન આદર્શ ખરૂં, પણ કયું? તેમની બાલ્યવયાદિ તે વયની ચેષ્ટા આદર્શરૂપ નથી, તે તમામ ચેષ્ટાઓ અનુકરણીય નથી. શ્રીજિનેશ્વરની તમામ સ્થિતિ અનુકરણીય માનશો તો તો પ્રભુ શ્રીવીરપરમાત્માને પુત્ર ન હતો. પુત્રી હતી માટે દરેક જૈને પુત્રીનેજ જન્મ આપવો, પુત્રને નહિ. અથવા પુત્રીનો જન્મદાતા તે જૈન નહિ, એમ ગણવું? આદર્શ તે ગ્રાહ્ય છે, કે જે મોક્ષ માર્ગને અનુકુલ હોય. કેમકે ધ્યેય તો મોહને જીતવાનું છે. આત્મોન્નતિકર તમામ કરણી અનુકરણીય છે. તીર્થંકરપણાના વ્યવહારમાંનો અનુચિત વ્યવહાર પણ અનુકરણીય નથી.

મોક્ષ મેળવવા માટે જે ક્રીયાઓથી મોક્ષ મળે તે તો કરવી જ જોઇએ. જે ક્રિયાઓ ન કરવાથી મોક્ષ પ્રાપ્તિ અટકતી હોય તે ક્રિયાઓ તો કર્યેજ છુટકો! જ્યારે ભગવાન્‌ને આદર્શ તરીકે સ્વીકારવા છે ત્યારે મોક્ષમાર્ગને અનુકુલ એવા તેમની તમામ કરણી તેવા તમામ ઉપાયો મુમુક્ષુઓએ અજમાવવા જોઇએ. શ્રીજિનેશ્વરદેવ કેવલજ્ઞાન પ્રાપ્ત ન કરે અર્થાત્ સંપૂર્ણ ફલ ન પામે ત્યાં સુધી દેશના આપતા નથી. પ્રથમ તેઓશ્રી અખતરો કરે છે. પોતે ફલ મેળવે છે પછીજ બીજાને ઉપદેશ આપે છે. પછીજ મોક્ષનો માર્ગ બતાવે છે. શ્રીતીર્થંકર મહારાજાના તદ્‌ભવમાં, મોહનીયકર્મના ઉદયથી થયેલી પ્રવૃત્તિઓ અનુકરણીય નથી. છોડવા યોગ્ય છે, તથા ક્ષય ક્ષયોપશમ અંગેની પ્રવૃત્તિઓ આદરણીય-અનુકરણીય છે.

ઇતરો તો ઇશ્વરને અવતાર માને, નિર્મલ સ્થિતિએ પહોંચેલાને ગંદકીમાં પટકે. તેઓ આદર્શ બતાવે શાને? શ્રીજિનેશ્વરદેવ તો પ્રથમ પોતે માર્ગે સંચરે છે, કૃતકૃત્ય થયા પછી જ તે માર્ગના દેશક બને છે. રાઇપ્રતિક્રમણમાં તપચિંતામણિના કાયોત્સર્ગમાં ભગવાન્ શ્રીમહાવીરદેવની ષણમાસિક તપશ્ચર્યાનું ચિંતવન કરવામાં આવે છે; શાથી? તે કરણી, તે તપશ્ચર્યા મોક્ષમાર્ગ માટે અનુકરણીય છે. જેમના ગર્ભ, જન્મ, દીક્ષાદીનાં કલ્યાણકો મનાય છે, તેમની જ મોહને અંગેની ચેષ્ટાઓનું અનુકરણ હોતું નથી.

ગૃહસ્થ, વ્યવહારને અંગે કરવું પડે તે કરે તે વાત અલગ છે, પણ આદર્શ શા માટે રાખે? આદર્શ આશ્રવ માટે હોય નહિં. મોક્ષના હેતુ માટે જેનું નિરૂપણ થયું હોય તેનુંજ અનુકરણ કરાય.

## દેવતત્વ આશ્ચર્યરૂપે પણ તદ્ભવ સાધ્ય નથી

ઇતરોમાં મોક્ષનો હેતુજ નથી. શૈવ, વૈષ્ણવાદિને પૂછવામાં આવે કે શિવની કે કૃષ્ણની વિધવિધ લીલાઓમાં મોક્ષના સાધનરૂપ લીલા કઈ? તો તેઓ કઇ બતાવશે? જૈનદર્શન તો લીલા દોષયુક્ત માને છે. આનંદઘનજી કહે છે.

દોષ રહિતને લીલા નવી ઘટેરે,
લીલા દોષ વીલાસ.

## ઈતરોમાં આદર્શને અવકાશજ નથી

જૈનદર્શનમાં તો આદર્શજ પ્રથમ છે. હેતુ મુક્તિનો છે, માટે તેને યોગ્ય જે જે અનુષ્ઠાનો હોય તે તે સર્વ અનુકરણીય છે.

શ્રીજિનેશ્વરને દેવ કયારે માન્યા? શાથી માન્યા? અઢાર દોષરહિત તેઓ થયા માટે તેમને દેવ માન્યા, અને દેવ મનાયા. જે કોઈ અઢાર દોષરહિત થાય તે દેવ. પછી શ્રીઋષભદેવ હોય, શ્રીમહાવીર હોય, શ્રીસીમંધરસ્વામી હોય કે શ્રીપદ્મનાભપ્રભુ હોય. અત્ર વ્યક્તિત્વ વ્યક્તિને અંગે નથી પણ વૈશિષ્ટયને અંગે છે. અઢાર દોષરહિતપણાને અંગે છે. દોષરહિતપણું ત્યાંજ આદર્શપણું છે. મોક્ષપ્રાપ્તિ કરાવનારી જેટલી ક્રિયાઓ તે સર્વ આદર્શરૂપ છે.

શંકા–અત્ર ક્રિયાઓને આદર્શ કહો છો તો તો ધર્મતત્વ પ્રથમ આવશે; જ્યારે પ્રાધાન્ય તો દેવતત્વનું જણાવવામાં આવે છે. માટે આ ન્યાયે તો **पञ्चैतानि पवित्राणि** ધર્મનાં અષ્ટકો પ્રથમ નિરૂપવાં જોઈએને?

હવે કહ્યા વિના ગુરૂતત્વ કે ધર્મતત્વની ઓળખાણ છે જ કયાં? "આ રીતિએ ધર્મ આચરવાથી આવું ફલ મળે છે આવી આચરણાવાળા ગુરૂ હોઇ શકે છે" એમ જણાવનાર તો પ્રથમ દેવ જ છે. આરીસામાં હાથે પહેરેલા કંકણનું પ્રતિબંધ પડે જ.

આઠ વર્ષની વયે દીક્ષિત મુનિ મનક જેમને પિતાએજ શ્રીશય્યંભવ સૂરિએ પોતાના પુત્ર મનકને તેના આત્મકલ્યાણ માટે, દિક્ષા આપી છે. પોતાની ઓળખાણ તેને કે કોઈપણ મુનિને કરાવ્યા વિના જ દીક્ષા આપી છે, જેનું માત્ર છજ માસનું આયુષ્ય અવશ્ય જાણી, ગુરૂવર્યે તે મુનિના હિત માટે જે સૂત્રની રચના કરી છે, તે શ્રી દશવૈકાલિક સૂત્રની પ્રથમ ગાથામાં કહ્યું છે:–

**धम्मो मंगल मुक्किट्टं अहिंसा संजमो तवो ।**
**देवावि तं नमंसंति जस्स धम्मे सया मणो ॥**

ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે. તે ધર્મ અહિંસા, સંયમ તથા તપરૂપ છે. જે આત્માનું મન સદા ધર્મમાં લીન છે તેને દેવો પણ નમસ્કાર કરે છે.

આથી સાબીત થાય છે કે આ રીતે ધર્મનું ફલ કહેનાર, ધર્મતત્વથી વ્યતિરિક્ત કોઇ છે. ધર્મનું ફલ દૃષ્ટાંત તરીકે સમજાશે, ધર્મતત્વ કે ગુરૂતત્વનું સ્વરૂપ શ્રીતીર્થંકર દેવ દ્વારાજ જાણી શકાય છે.

સિદ્ધપણું એક ભવે સાધ્ય હોઇ શકે છે,

જેમ મરૂદેવા માતા પ્રથમ ભવેજ સિદ્ધિપદને વર્યા છે, તેમજ આચાર્યપદ, ઉપાધ્યાયપદ કે મુનિપદ એક ભવે સાધ્ય હોય, પરંતુ દેવત્વ એક ભવે સાધ્ય નથી. અનેક જન્મોનાં કાર્યોનું તે પરિણામ છે. સિદ્ધ થવું તે એક ભવે બને. તેમાં વાંધો નથી. મરૂદેવા માતાનો જીવ વનસ્પતિમાંથી આવીને, તેજ ભવમાં મોક્ષ મેળવે છે. આશ્ચર્યરૂપે પણ તે ઘટના બની શકે છે, પણ દેવતત્વ આશ્ચર્યરૂપે પણ તેજ ભવમાં ઉપલબ્ધ કોઇપણ રીતિએ નથી તે નથીજ!

### કર્મકાય અવસ્થાથી દેવતત્વની સાધનાનો પ્રારંભ છે.

દેવતત્વની સાધના પ્રથમ કર્મકાય અવસ્થાથી શરૂ થાય છે. દેવતત્વની અવસ્થા ત્રણ છે ૧. કર્મકાય અવસ્થા. ૨. ધર્મકાય અવસ્થા. ૩. તત્વકાય અવસ્થા. તીર્થંકર નામકર્મ જ્યારથી નિકાચિત કરવા માંડ્યું, ત્યારથી તીર્થંકરના ભવમાં પ્રવ્રજ્યા અંગીકાર કરે ત્યાં સુધી કર્મકાય અવસ્થા. પ્રવ્રજ્યા અંગીકાર કરે છે, ત્યારથી કેવલજ્ઞાન પ્રાપ્તિ સુધીની ધર્મકાય અવસ્થા અને ત્યાર પછીની તત્વકાય અવસ્થા.

સર્વ જીવો રત્નત્રયીની આરાધના પોતે તરવાની બુદ્ધિએ કરે છે, પણ તીર્થંકરના જીવો અન્યને તારવા માટે કરે છે. યદ્યપિ પોતે તરે છે જરૂર. જેમ નાવિક–ખલાસી પોતાની હોડીને પોતે પણ તેનાથી તરે છે–પાર ઉતરે છે, છતાંય મુસાફરોને પાર ઉતારવાનું સાધન માને છે. અરિહંતાદિ નવપદો અથવા વીશ સ્થાનકોને અન્ય જીવો પોતાને તરવાનું સાધન માને છે. ત્યારે ત્રિલોકનાથ તીર્થંકરદેવના જીવો આ સર્વપદો યા સ્થાનકોને જગતના જીવોને તારવાનું સાધન માને છે.

આવા વિચારો જ્યારથી આવે ત્યારથી કર્મકાય અવસ્થા ગણાય છે. આવી અવસ્થા અનેક ભવોથી હોય. ઓછામાં ઓછા ત્રીજા ભવેથી હોય.

**तइओ भवो सेसइत्ताओ** ત્રણ ભવો બાકી રહે ત્યારથી તીર્થંકરભવની–તીર્થંકરપણાની આરાધના થાય છે. ત્રણ ભવો તો ખરાજ. ઈતર જીવો તો આરાધના શરૂ કરે તેજ ભવે મોક્ષે જઈ શકે, પણ દેવાધિદેવ થનાર આત્માઓ ઉદ્યમ કરવાથી તદ્ભવે તે પદ મેળવી શકતા નથી. તે પદની પ્રાપ્તિ માટે ભવાંતરથી કે ભવાંતરોથી ઉદ્યમ જોઈએ.

વિશેષણ નિર્દેશ દ્રષ્ટિએ છે. **महादेवः सः उच्यते** કર્મકાય અવસ્થા જેની હોય તેજ મહાદેવ થાય. બીજું લક્ષણ તત્વકાય અવસ્થાનું છે.

તત્વકાય અવસ્થા પહેલાં રાગ, દ્વેષ તથા મોહ સર્વથા નથી એમ નથી, પણ તે નહિ જેવાં છે, નામનાં છે, પુતળાં રૂપે છે. અર્થાત્ આત્માનું ભાન ભૂલાવે, આત્માને મૂંઝાવે તેવો રાગ હોતો જ નથી, શમતાને ભસ્મીભુત કરનારો દ્વેષ હોતો જ નથી. તેમજ નવ નોકષાયોરૂપ, ખરાબ આદતો પાડનાર મોહ હોતોજ નથી. તીર્થંકર

નામ કર્મનિકાચન કર્યા પછી તે જીવને નરક, તિર્યંચ કે મનુષ્યગતિ હોતીજ નથી. સ્વર્ગજ !

સંકલેશોત્પાદક રાગ તે જીવોને હોતો નથી, જો તેવો રાગ હોય તો તો નરકે જવું પડે, તેમજ રૌદ્ર ધ્યાનથી પણ નરકે જવું પડે. પણ નરકગતિ તો તે આત્માઓની ઊડી જાય છે, માટે જેમ તેવો રાગ હોતો નથી તેમ **'न च द्वेषोऽपि'** અર્થાત્ રૌદ્ર ધ્યાનોત્પાદક દ્વેષ પણ હોતો નથી, અને દુર્ગતિએ લઇ જનાર અશુભ પ્રવૃત્તિઓ કરાવનાર મોહ પણ હોતો નથી.

તીર્થંકર નામકર્મ નીકાચ્યા પછી તે જીવ સ્વર્ગેજ જાય. અને ત્યાંથી મનુષ્યજ થાય. બીજી ગતિમાં જાય નહિ.

**त्रिलोकख्यातमहिमा ।** જેનો મહિમા ત્રણેય લોકમાં પ્રસિદ્ધ છે. એવા તે આત્માઓ મહાદેવ થાય છે. આ વિશેષણ પણ કર્મકાય અવસ્થાથી સંબંધક છે. તત્વકાય અવસ્થામાં તો તે આત્માઓ પૂજ્ય બને છે.

શ્રીકલ્પસૂત્રમાં જણાવવામાં આવ્યું છે કે **पूव्व तित्थयर निदिठ्ठे ।** આગળ કોઇ તીર્થંકર થશે તેમ પૂર્વના તીર્થંકરોએ નિર્દેશ કર્યો છે.

**चउविसत्थो** (લોગસ્સ) પ્રથમ તીર્થંકરની વખતે ખરો કે નહિ ? ખરો ! અને તેથી સપ્રતિક્રમણ ધર્મ પણ ખરો. જ્યાં ચઉવીસત્થો સ્વીકાર્ય છે, તેથી ત્રણે લોકમાં પ્રસિદ્ધ મહિમાવાળા કર્મકાય અવસ્થામાં પણ જેઓ હોય તેઓ દેવ-મહાદેવ છે.

ચઉવીસત્થો શ્રીઋષભદેવજી ભગવાનના વખતમાં પણ હતો.

ભરતમહારાજાએ મરીચિને પરીવ્રાજકપણામાં વંદન કર્યું હતું. ભાવી ચોવીશીના પ્રથમ તીર્થંકરદેવ શ્રીપદ્મનાભસ્વામિ, જેમનો જીવ હાલ નારકીમાં છે તેમને પણ વંદના કરીએ છીએ.

શક્રસ્તવમાં **संपइअ वट्टमाणा** પદથી ભૂતકાલ, ભવિષ્યકાલના તીર્થંકરોને પણ તેમની અવસ્થા ગ્રહણ કરીને વંદન કરવામાં આવે છે. પદ્મનાભસ્વામિને તેઓ પહેલા તીર્થંકર થશે અને તીર્થ પ્રવર્તાવશે તે અપેક્ષાએ વંદન છે. હાલ નારકીમાં છે તે દ્રષ્ટિએ વંદન નથી. વર્તી અને વર્તશે જેમની ત્યાગીપણાની અવસ્થા તે આત્માઓને વંદના છે. સમજાશે કે નરકાદિ કે દેવાદિગતિ આશ્રી વંદના નથી. શક્રસ્તવમાં તીર્થંકરોનેજ વંદના કરે છે.

તીર્થંકરનામકર્મની નિકાચના, વીશસ્થાનકની આરાધના ગૃહસ્થપણામાં હોય અગર સર્વવિરતિમાં હોય.

આ આવસ્થામાં રાગાદિનો બંધ, અનુબંધ આત્માની શુદ્ધિ ભૂલાવે તેવો થતો નથી.

શ્રી અભયદેવસૂરીશ્વરજી 'સ્વરૂપ' વિશેષણથી બીજી અવસ્થા લે છે.

**'ગ્રંથીભેદ' શબ્દનું રહસ્ય !**

આ બધી વાત તો જેઓ દેવાધિદેવને માને છે જૈનદર્શનને માને છે તેને અંગે થઇ. પણ હવે આગળ વધીને જણાવવામાં આવે છે કે-

જગતમાં ઇષ્ટ દેનાર તરફ સહુ કોઇને સરખી

લાગણી હોય છે. જેના હાથમાં રોટલી રોટલો દેખાય તે તરફ કુતરૂં વળે છે. ગાયનેપણ એક વખત રોટલો આપો તો રોજ તે વખતે ત્યાં આવીને ઉભી રહેશે. ઇંદ્રિયપોષક પદાર્થો આપનાર પ્રત્યે ઝુકે છે. મનુષ્ય પણ ધનમાલ આપનાર પ્રત્યે ઝુકે છે.

સ્વાર્થ પ્રાપ્તિ તરફ ઝુકાવવાનું તો અનાદિકાલથી અભ્યાસસિદ્ધ છે. શાસ્ત્રકાર મહર્ષિ હવે ગુણ પ્રાપ્તિ તરફ ઝુકાવતા શીખવા ઉપદેશે છે. તે મહર્ષિઓ ફરમાવે છે કે સ્વાર્થ સાધનની દ્રષ્ટિમાં આત્મકલ્યાણ નથી. ગ્રંથીભેદ શબ્દ તો સાંભળ્યો છે ને ? ગ્રંથીભેદ કહેવાય કોને ? કર્મની ગાંઠોને ભેદવી તેનું નામ ગ્રંથી ભેદ ? તે ક્યારે થાય ? ગુણપ્રાપ્તિ તરફ ઝુકાય ત્યારે. ગુણવાનના તાબેદાર થવાની બુદ્ધિ ઉપજે ક્યારે ? અંતઃકોટાકોટિ ભેદાય તેમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓછો થાય ત્યારેજ આવી બુદ્ધિનો પ્રાદુર્ભાવ થાય છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે જેમ અપરિણામ દશા નકામી છે, તેમ અતિપરિણામ દશા પણ નકામી છે. દુનીયાદારીમાં પણ મનાય છે કે જેમ કંજુસ નકામા છે તેમ ઉડાઉ પણ નકામા છે.

શાસ્ત્રની સ્થિતિમાં પણ શ્રદ્ધા સાચવવા, ઉંચ કે નીચ દશા ન ગ્રહણ કરતાં મધ્યમ દશા ગ્રહણ કરવી.

ક્ષણનો ક્રોધ તે વીતરાગપણાનો ઘાતક છે. એવો ક્રોધ કરનાર મોક્ષ માર્ગથી ખસ્યા. આ ઉંચી દશા.

કાલિકાચાર્યે યુદ્ધ કર્યા છતાં તેમના આચારમાં ખામી આવી નથી. આ નીચી દશા. શ્રદ્ધાના સંરક્ષણાર્થે મધ્યમ દશા ગ્રાહ્ય છે.

ધર્મની દુર્લભતા ક્યાં કહી ? જેને ખરાબ માર્ગ નથી મળ્યો, તેને એમ થાય કે શ્રીજિનેશ્વરદેવે કહેલું તત્વ સાચું છે. આ સ્થિતિ વ્યવહારી નહિં, પણ અપૂર્વકરણ કરી ગ્રંથી ભેદ કર્યા પછીની, સમજવાનું શ્રીહરિભદ્રસૂરિશ્વરજી મહારાજા કહે છે.

અતત્વ જાણ્યા વિના તેની પ્રતિતીમાં મિથ્યાત્વ. જાણે અને પ્રતિતી કરે તો પણ મિથ્યાત્વ. સમ્યકત્વમાં પણ તેમજ. જાણીને પ્રતીતિ કરે તો પણ સમ્યકત્વ. વિના જાણ્યે પ્રતીતિ કરે તો પણ સમ્યકત્વ.

ખાસ ઉન્માર્ગે ગયેલો ન હોય, સન્માર્ગે સ્થિત રહીને કહેતો હોય તેજ આત્મા સમ્યકત્વના લક્ષણમાં આવી શકશે. જો એમ ન માનીએ તો તો તત્વની માન્યતા પણ મિથ્યાત્વમાં ગણાશે. તેમજ અજાણપણે તેમ માનવું તે પણ મિથ્યાત્વ મોહનીય કર્મનું કાર્ય ગણાશે. પણ એમ મનાય નહિ.

જેને શ્રીજિનેશ્વરદેવનાં વચનો પ્રત્યે શ્રદ્ધા થઇ છે તેને સમ્યકત્વ છે. તત્વ તરફ પ્રતીતિ તેજ ગ્રંથી ભેદ. તેવો જીવ સિદ્ધિપદ પામેજ.

દેવ, ગુરૂ તથા ધર્મને તે તે સ્વરૂપે મનાય તથા જીવાદિને વિશેષ સ્વરૂપે મનાય ત્યારે નિશ્ચય સમ્યકત્વની દશા ગણાય.

હવે મૂલ અધિકાર વિચારીએ. અઢાર દોષોથી રહિત, એવા ગુણી જે હોય તેને દેવ તરીકે માનવામાં આવે ત્યારે, શાસ્ત્રકાર કહે છે કે તું સમજ જે કે તું સમકિતમા પગથીયે આવેલો છે.

બાહ્ય પદાર્થો તરફ માન્યતા અનાદિની હતી. ગુણ તરફની માન્યતા આ તીર્થંકરના ભવમાંજ થઇ છે.

અહિં વક્તા યાને સૂત્રકાર શ્રીમાન્ હરિભદ્રસૂરિશ્વરજી મહારાજા શ્રોતાગણનું ઇષ્ટ સમજવા સમર્થ છે. 'શ્રીતીર્થંકરદેવનું સ્વરૂપાદિ' વિષય સ્થાને છે. તેથી તેઓ પ્રકાશે છે કે 'રાગ દ્વેષ તથા મોહ જેનામાં નથી તેને મહાદેવ કહેવા.'

## કર્મકાય અવસ્થાનિરૂપણનું પ્રયોજન શું ?

પ્રથમ દેવતત્વનું નિરૂપણ છે. દેવની પરીક્ષાને અંગે જૈનદર્શન પ્રથમ કુદેવનું સ્વરૂપ બતાવે છે, અર્થાત્ દેવની તત્વકાય અવસ્થા તરફ લક્ષ્ય ખેંચે છે. મૂર્તિ પાસે ગદા, ધનુષ્ય, ચક્ર, સ્ત્રી આદિ હોય તે શું બતાવે છે? રાગ, દ્વેષની પરાકાષ્ઠા કે બીજું કાંઇ? જગત્‌માં પણ સજ્જનો પોતાની સ્ત્રીનો ફોટો સાથે નથી પહાવતા. દેવમૂર્તિમાં તો જ્યાં ઉત્સંગમાં સ્ત્રી છે ત્યાં સમજવું શું ? જેને તત્વકાયાવસ્થામાં પણ એવો રાગ છે તે અવસ્થામાં તો રાગાદિ લેશ પણ ન જોઇએ. તેને દેવ તરીકે મનાય શી રીતે? તેજ રીતે ગદા, ચક્રાદિથી દ્વેષ, નાટક ચેટકાદિથી મોહ, તત્વકાય અવસ્થામાં છે તેવાને દેવ માનવાથી સિદ્ધિ શી ?

કર્મકાય અવસ્થા તથા તત્વકાય અવસ્થામાંનો ફરક સમજવો જોઇએ. માટેજ પ્રથમ જે શ્લોકથી સૂત્રકારે કર્મકાયાવસ્થા જણાવી છે, અને જેની તેવી કર્મકાય અવસ્થા હોય તેજ મહાદેવ.

પ્રશ્ન થશે કે કર્મકાય અવસ્થાની તથા તત્વકાય અવસ્થાની સ્થિતિનું વિવેચન કરવામાં આવે છે. જ્યારે ધર્મકાય અવસ્થા સંબંધી કાંઇ પણ કથન કેમ નથી? ધર્મકાય અવસ્થા જે રીતિની આચાર્યાદિની છે, તેવીજ દેવની છે. વિશેષપણું ન હોવાથી તેને અંગે કહેવાપણું નથી.

કર્મકાય અવસ્થા તે દેવપણાનું પૂર્વલક્ષણ છે. દુનિયામાં પણ કહેવત છે કે-પુત્રનાં લક્ષણ પારણાથી.

## ઇતરદેવોને દેવપણાનું, નાટક ભજવતાં પણ આવડયું નથી.

ઇતરોમાં દેવની મૂર્તિ સાથે સ્ત્રી વગેરે હોય છે. તે દેવનાં ભજનોમાં પણ "દહીનાં મટકાં કોણ ફોડશે? ગોપીઓનાં ચીવરો કોણ ચોરશે?" એજ વાતો છે ને? અહિં તો મોટા નૈયાયિકો પણ થાપ (ભૂલ) ખાય છે! 'મુક્તાવલિ' ના કર્ત્તા વગેરે એ દેવની સ્તુતિ કરતાં જણાવ્યું છે કે—

"લીલા તાણ્ડવામાં નિપુણ એવા મહાદેવજી (શીવજી) તમારૂં કલ્યાણ કરો!" ક્યું આશ્ચર્ય છે?

"કંસમાં કુલનો ઘાત કરનાર, કંસના વિધ્વંસક, રાક્ષસકુલના સંહારક" આવા વિશેષણોથી જે દેવને ઓળખાવાય તે દેવોને શસ્ત્રાદિ રાખવાં પડે તેમાં નવાઈ શી? જેઓની તત્વકાય અવસ્થામાં પણ આટલી હદે રાગ, દ્વેષ, મોહ ઠાંસીઠાંસીને ભર્યાં છે તેઓમાં દેવતત્વ ક્યાંથી ઘટે?

જૈનદર્શન દેવતત્વના નિરૂપણમાં માટેજ ચેતાવે છે કે દેવતત્વ પ્રાપ્ત કરનાર દેવની તો ભવાંતરોમાં પણ આ દશા હોતી નથી. અર્થાત્ તત્વકાય અવસ્થા તો પછી, પણ કર્મકાય અવસ્થામાં પણ તે આત્માઓમાં સંકલેશોત્પાદક રાગ, શમતા સળગાવનાર દ્વેષ તથા કુચેષ્ટાથી કદર્થના કરનાર મોહ હોતો નથી. જ્યાં આ દોષો કર્મકાય અવસ્થામાં નથી ત્યાં તત્વકાય અવસ્થા તો છેલ્લી છે. ત્યાં તો હોયજ ક્યાંથી? ત્યાં તો એ દોષો સર્વથા સંહરાયેલા છે. નામશેષ પણ નથી. શ્રીતીર્થંકરદેવો જે વખતે નિરૂપણ કરે છે તે વખતેજ તત્વકાય અવસ્થા ગણાય.

ઇતર લોકો ન્યાય ઇશ્વર આપશે એમ માને છે. કેટલાકો એક નિયત દિન માને છે. એમ માને છે કે અત્યારે જે જીવતા મનુષ્યો છે તે મુઆ પછી કબરમાં દટાશે. જ્યારે ઇશ્વર અવતાર લેશે ત્યારે તે બધાને કાઢશે, પછી પુણ્ય પાપની તપાસ કરી, ઇન્સાફ આપી તેઓને બહેસ્ત અગર દોઝખ (સ્વર્ગ કે નર્ક)માં મોકલશે. તેઓને પૂછવામાં આવે કે "તે જીવો પછી દોઝખમાંથી ક્યાં જવાના?" તો તરત પૂછનારને તેઓ 'કાફર' કહેશે! ક્રોધને શેષથી પૂરાય. તેઓ હિન્દુ કોમ માત્રને 'કાફર' કહે છે. 'હિન્દુ' ને કાફર કહે છે તેમાં આ ન્યાય છે કે—

**'हिन्दु'**માં **हिण्ड** ધાતુ છે, સર્વશાસ્ત્રકારોએ આત્માને એક ભવથી બીજે ભવે જનારો માનેલો છે. ભવોભવ હીંડયા કરે એવું જે માને તે આત્માનું નામ 'હિંદુ'! જેઓ પરલોક ન માને તેઓ આથી 'એવું' માનનારાને કાફર કહે છે. કેમકે **शेषं कोपेन पूरयेत्** । "દોઝખમાંથી તે જીવો ક્યાં જશે" એનો જવાબ તેઓના શાસ્ત્રોમાં નથી આથી આવા હિન્દુઓને લીધે તેઓને નિરૂત્તર થવું પડતું હોવાથી તેમને તેમણે 'કાફર' કહી દીધા.

જૈનદર્શનમાં તો આશ્રવ, સંવર, બંધ તથા મોક્ષનાં કારણો બતાવવાં તેજ 'ન્યાયદિન' છે. જૈનદર્શન તેને પરમાત્મા માને છે. તેમણે સર્વ વસ્તુનો ન્યાય કરવાનો રહ્યો માટે સર્વવસ્તુ યથાસ્વરૂપ બતાવે છે. પક્ષકાર ન્યાયાધીશને ન્યાય આપવાનો—ન્યાય કરવાનો હક્ક હોતો નથી. જે પક્ષકાર ન હોય, વાદી કે પ્રતિવાદી તરફ ઝુકેલો ન હોય તેજ ન્યાય આપી શકે. દુનિયામાં પણ ન્યાયાધીશ પક્ષકાર જણાતાં કેસ ચલાવવા કોર્ટ ટ્રાન્સફર કરી શકાય છે, અર્થાત્ એક કોર્ટમાંથી બીજી કોર્ટ (અદાલત)માં કેસ લઈ જઈ શકાય છે. પક્ષકાર ન્યાયી હોઈ શકે નહિ. ન્યાયી હોય તે પક્ષકાર બની શકે નહિ.

આશ્રવ, સંવર, બંધ તથા મોક્ષનાં કારણો યથાસ્વરૂપ, પક્ષકારથી કદી પણ બતાવી શકાય નહિં. તેથી સર્વથા રાગ, દ્વેષ, મોહ જેનાં નાશ પામ્યાં હોય તેજ વાસ્તવિકપણે પુણ્ય પાપ, આશ્રવ સંવરાદિ તત્વોનો નિચોડ આપી શકે.

દુનિયામાં કેસ ટ્રાન્સફરનો પ્રસંગ દ્વેષને લીધે પણ બને છે, પણ દ્વેષની જડ રાગ છે. અમુક વસ્તુ તરફ રાગ માટે, અમુક વસ્તુ તરફ દ્વેષ. આ વાત દુનિયાદારીના વ્યવહારે છે. ધર્મશાસ્ત્રની દૃષ્ટિએ તો દ્વેષ રાગમાં આવીજ જાય છે. કેમકે રાગનો ક્ષય દ્વેષના ક્ષય વિના થતોજ નથી. વીતરાગમાં રાગ ક્ષય માત્રથી દ્વેષ તથા મોહ સમાઇ જાય છે. માટે 'વીતરાગપણું' એજ ગુણ કહ્યો. અને તે ગુણની ટોચે પહોંચ્યા હોય-પરાકાષ્ઠાએ પહોંચ્યા હોય તેજ દેવ-મહાદેવ બની શકે.

નાટકીઆઓ નાટકમાં, પોતાની પાસે ભલે રાજ્યઋદ્ધિ નથી, તો પણ વસ્ત્રાદિ તો રાજા થાય ત્યારે રાજાપણાને યોગ્ય પહેરે છે, પણ ઇતર જેઓને દેવ માને છે તેમને દેવપણાનું નાટક ભજવતાં પણ આવડયું નથી, એમ કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રીમદ્ હેમચંદ્રસૂરિશ્વરજી મહારાજા દેવની સ્તુતિ કરતાં જણાવે છે. જો દેવપણું જણાવવું હતું તો મૂર્તિમાં રાગ દ્વેષનાં ચિહ્નો શા માટે રાખ્યાં? તત્વકાય અવસ્થામાં હોવી જોઇએ તેવી સ્થિતિ કેમ ન રાખી? **वपुश्च पर्यंकासनं** શરીર પર્યંકાસને તેમજ દૃષ્ટિ સજ્જનની સ્થિતિએ કેમ ન રાખી? **न शिक्षितेयं** તે બીચારાઓ દેવનો આકાર-દેવનું નાટક કરતાં પણ શીખી શકયા નથી.

રાગ, દ્વેષ, તથા મોહનો સર્વથા નાશ કરનારાજ દેવ છે. મહાદેવ છે. આ મહાદેવ રાગ દ્વેષ તથા મોહથી રહિત હોય એટલુંજ માત્ર નહિ પણ તે સર્વજ્ઞ હોય.

## શ્રીજિનેશ્વરદેવ સર્વજ્ઞ હતા માટેજ તમામ વસ્તુનું યથાર્થ સ્વરૂપ નિરૂપણ કર્યું છે.

ઇતરોમાં નૈયાયિક કે વૈશેષિકો આદિમાં કોઇને સર્વજ્ઞ માની શકાય તેમ નથી. તેઓએ પરમાણું, દેખાય તેના છઠ્ઠા ભાગને કહ્યો છે, મીમાંસકોએ ત્રીશમો ભાગ કહ્યો છે, પૌરાણિકોએ સાઠમો ભાગ કહ્યો છે. જૈનોએ કહ્યું છે કે જેનો એકથી બીજો ભાગ ન થઇ શકે તે પરમાણુ આજના શોધકો કહે છે કે—

એક પરમાણુંના બે ક્રોડ ઓગણોતર લાખ (૨૬૯૦૦૦૦૦) કટકા થાય છે. આ તો પ્રથમના શોધકોની વાત. પછીના શોધકો તો તેથી પણ અધિક આગળ વધ્યા છે. વનસ્પતિ કાયાદિમાં સુખદુઃખની સંજ્ઞાવાળા જીવો છે એ માન્યતા કેવળ જૈનોની હતી, તે માન્યતા આજના યાન્ત્રિક વિજ્ઞાનિક પ્રયોગથી સિદ્ધ થઈ છે. શ્રીવીરભગવાન્ તો ખાખી બંગાળી હતાને! તેમની પાસે ક્યા યંત્રો હતા? શાથી જણાવ્યું? જ્ઞાનથી! આથી સિદ્ધ છે કે તેઓ સર્વજ્ઞ હતા. નૈયાયિક

વૈશેષિકોએ શબ્દને ગુણરૂપ માન્યો છે, પણ પુદ્ગલરૂપ નથી માન્યો. કેવલ જૈનોજ શબ્દને પુદ્ગલરૂપે માને છે. આ બધી વાતો શ્રીવીર-પરમાત્માએ સ્વજ્ઞાનથી ફરમાવી છે. વાયુના પરમાણુઓ તેજ અપ્કાયનાં પરમાણુઓ છે, એવું કહેનાર જૈનમત વિના બીજો કયો મત છે? અત્યારે દવાના પ્રયોગથી તે પરમાણુઓ જુદા કરાય છે ને? જૈનમત જણાવે છે કે તે કાય તરીકે જુદા છે. પરમાણું તરીકે જુદા નથી. પાણીનું ઉપાદાન કારણ અને નિમિત્ત કારણ વાયુ છે. ઈતિરો દરેક કાયનાં પરમાણુંઓ જૂદા માને છે. જૈનદર્શનમાં કહે છે કે એક ઔદારિક વર્ગણા એવી છે કે જેમાંથી સર્વમાં તેજ લેવાય છે. દરેકમાં ઔદારિક વર્ગણા છે એ વાત આજની શોધે સિદ્ધ કરી છે.

ઔરંગઝેબના રાજ્યમાં એક કાન નાક વગરની બાઇ પોતાને પદ્મિની કહેવરાવતી હતી. તે જેમ હાસ્યજનક છે, તેમજ જ્ઞાન વગરનાઓ પોતાને સર્વજ્ઞ કહેવરાવે તે હાસ્યજનક છે. કહેનાર તો દિવાના અને પણ શ્રવણકરનારા સાંભળનારા પણ દિવાના?

રૂપી અરૂપી, સૂક્ષ્મ, બાદર, સૂક્ષ્મઅણુ આદિને જાણે તેજ સર્વજ્ઞ! તત્ત્વકાય અવસ્થામાં આત્મા સર્વજ્ઞ હોય છે. આથી સિદ્ધ થાય છે કે આ નિરૂપણથી દેવતત્વમાં ઇતર દેવોનો સમાવેશ થતો નથી.

---

**ઇશ્વરને બનાવનાર માનવામાં પારાવાર ઉપાધિ. ઇશ્વરઉપર આક્ષેપોની પરંપરા!! મહાદેવ તેજ કે જેની ઉત્તરાવસ્થા શાશ્વત્ સુખમયજ હોય**

**મહાદેવ થનારને અવતાર હોઇ શકેજ નહિ. ઈતર મતના દેવો જગત્‌ને બનાવનાર માને છે. જ્યારે જૈનદર્શન બતાવનાર માને છે.**

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યાત્માઓના ઉપકારાર્થે શ્રી અષ્ટકજી પ્રકરણની રચના કરતાં થકાં જણાવી ગયાં કે સર્વ આસ્તિકો દેવ ગુરૂ તથા ધર્મ એ ત્રણ તત્વને માનનારા હોય છે. કોઈ પણ આસ્તિકથી આ ત્રણમાંના એક પણ તત્વ માટે વાંધો લેવાય તેમ નથી. એ ત્રણ તત્વોમાં ગુરૂ તથા ધર્મ તત્વોનાં ઉત્પાદક દેવતત્વનું પ્રાધાન્ય છે. માટે પ્રથમ મહાદેવાષ્ટકનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

ઇતરો દેવને મત પ્રવર્ત્તાવનારા તરીકે માને છે. શૈવો શૈવમત પ્રવર્ત્તાવ્યો, માટે તે મતના પ્રવર્ત્તકને શિવ કહે છે. વૈષ્ણવો વૈષ્ણવમતના પ્રવર્ત્તકોને વિષ્ણુ કહે છે. અર્થાત્ શિવ તથા વિષ્ણુ વગેરે દેવો મતના પ્રવર્ત્તકો છે. જૈન દર્શનમાં દેવ સ્વરૂપ તેવું મનાતું નથી. જૈન શાસ્ત્રકારોએ દેવને બનાવનાર કે પ્રવર્ત્તક તરીકે માન્યા નથી. પરંતુ બતાવનાર તરીકે માન્યા છે. શ્રીજિનેશ્વરદેવ ધર્મ અધર્માદિનું સ્વરૂપ કહે છે તે તેમણે ધર્મ નવો પ્રવર્તાવ્યો નથી, કે ધર્મ કે અધર્મ નવો પ્રકટાવ્યો નથી. શ્રીજિનેશ્વર દેવનાં જન્મ પહેલાં પણ ધર્મ, અધર્મ, પુણ્ય,

પાપ તો હતાંજ. તે વખતે પણ હિંસાદિ કરનારને પાપ તો લાગતું હતું. જે 'હિંસા કરશે તેને પાપ લાગશે, એ કંઇ શ્રીજિનેશ્વરદેવે ઉપજાવ્યું નથી કે તેમનાથી શરૂ થયું નથી. હિંસાદિથી પાપ લાગવું તો અનાદિ સિદ્ધ છે. આ વાતને ભૂલી ગએલ જગતને શ્રીજિનેશ્વરદેવે જણાવી બતાવી. ઇતરોમાં અને જૈનોમાં ઇશ્વરને અંગે માન્યતામાં 'ન' અને 'ત' એટલો ફરક છે. ઈતરો ઈશ્વરને બનાવનાર તરીકે માને છે. જૈનો બતાવનાર તરીકે માને છે. પૃથ્વી, પહાડ, પાણી, અગ્નિ, આકાશ, વનસ્પતિ, આદિ તમામનો કર્તા જણાવી ઈશ્વરની મહત્તા ઈતરો ગાય છે. જૈન શાસ્ત્ર 'ઈશ્વર બનાવનાર છે' આવો ખોટો દાવો દર્શાવતું નથી. અર્થાત્ ખોટી રીતે એ ઇશ્વર મહિમા ગાતું નથી. જૈનો ઈશ્વરને જગતને ફસાવનાર ઇચ્છાનુસાર બનાવનાર એટલે ફસાવનાર કેમકે કોઈ સુખી કોઇ દુઃખી વગેરે ઇશ્વર કરનાર છે તે તરીકે માનતા નથી.

મીઠાના અગરમાં જે કાંઈ નાખો તે અમુક વર્ષે મીઠુંજ થાય. અબરખ કે કોલસાની ખાણમાં પણ નાખેલી ચીજ તે તે રૂપે પરિણમે છે. દરિયાના અનુભવીને, દરિયામાં જેણે ખ્યાલપૂર્વક જોયું હશે તેને કાચા અને પાકા પત્થર કેવી રીતે બને છે તેની માહિતી હશે.

## ધાગાપંથીઓ ઇશ્વરના નામે જગતને લૂટે છે !

તમામ પદાર્થોનો બનાવનાર સર્વશક્તિમાન્ ઇશ્વર આટલો પાપી કેમ બને ? શહેરમાં ગુન્હાની અટકાયત માટે પોલીસનાં થાણાં રાખવાં પડે છે. ઉત્પન્ન થયેલા ગુન્હાને અંગે ગુન્હેગારને સજા કરવી તે સરકારી કામ છે. ગુન્હાને ઉત્પન્ન થવા દેવો તે પણ સરકારી કામ છે? જો ઇશ્વર કર્ત્તા છે તો પાપ કરવા દે છે કેમ ? છોકરો અગ્નિમાં હાથ નાંખતો હોય તે પાસે બેઠેલાં માબાપથી જોઈ શકાય શી રીતે ? શું માબાપ જોયાજ કરે ? હાથ રોકે નહિ ? અને જો જોયાજ કરે તો તે માબાપ કહેવાય ? સર્વ શક્તિમાન ઇશ્વર જગતને પાપમાં ડુબતું કેમ જોઇ શકે ? જો ઇશ્વરને કર્ત્તા માનવામાં આવે તો 'પાપ' એ વસ્તુજ ઉડી જાય છે. કોઈને કોઇએ માર્યો તો તેને પાપ લાગ્યું, પણ તેને લાગે કેમ ? તેણે પ્રથમ તેવું કર્મ બાંધેલું. બકરીને કસાઇ મારે, બકરીનું આયુષ્ય પુરૂં થયું હશે. જો ઇશ્વર કર્ત્તા હોય તો અહિં કોઈ સજાને પાત્ર રહે નહિ. કર્મ એ જડ છે. ફળ આપનાર ઈશ્વર ? 'ગુન્હો નક્કી થાય તો કાયદો લાગુ કરી માજીસ્ટ્રેટ સજા કરે છે. મરચાંમાં તીખાશ છે, મરચાં ખાવાથી ચમચમાટ થાય, અને પછી એમ કહેવામાં આવે કે 'મરચાં ખવરાવનારે આ તીખાશ આપી' તે કથનનો કાંઇ અર્થ નથી. કેમકે વસ્તુનો સ્વભાવ તેવી અસર કરશેજ. એક માણસ બેઠો. ઉપરથી નળીયું પડયું. કર્મયોગે તેટલા માત્રથી તે મરણ પામ્યો. અહિં 'ઈશ્વરની મરજી, ઇશ્વરે માર્યો' એમ કહી ઇશ્વરને દોષ શા માટે ? ઈશ્વર પાપી ફસાવનાર ગણાવવો છે ? આ રીતિએ, ધર્મના

દ્વેષી તરીકે ઈશ્વરને માનવો નથી, તે પાલવતું નથી એટલે ઇશ્વરને બનાવનાર તરીકે માને છે.

જ્યાં જાઓ ત્યાં પૃથ્વીનો મધ્ય ભાગ ગણાવી 'તે ભાગમાં દેવામાં આવે તો ઘણો લાભ છે' એ કથનનો અર્થ શો? ગામે ગામ પૃથિવીનો મધ્યભાગ નજ આવે. આવી રીતિએ ભોળી જનતાને ભરમાવી, ઇશ્વરને નામે ચરી ખાનારાઓને કહેવું શું? ઇશ્વરની પેઢી ન રાખે તો તે ધાગાપંથીઓનું ટટ્ટુ ચાલે શી રીતે? સીમન્ત, જન્મ, નામ પાડવું, વિવાહ, લગ્ન, માંદગી અને મરણ, તથા મરણ પછી પણ આ લોકોનો લાગો તો ખરોજ, અને તે ઇશ્વરને નામે. બસ 'અમને આપો. તમને ઇશ્વર આપશે' મૃત્યુ બાદ તો સરકારનો પણ ટેક્ષ હોતો નથી, પણ આ ઠેકેદારો તો મનુષ્યના મુઆ પછી પણ તેમના પુત્રાદિ પાસે બારમું તેરમું શય્યા શ્રાદ્ધાદિના બાને ઈશ્વરના નામે ટેક્ષ ઉઘરાવે છે. આ રીતે ધાગાપંથીઓએ ઇશ્વરને નામે જગતને લૂંટવાની પેઢી ઉભી કરે છે. ઇશ્વરના નામે ખોટા ચેક ફાડયા કરે છે, અને દુનિયાને લૂંટયા કરે છે.

## કોઈપણ સ્થાને માફી ન જ આપે તે ઇશ્વરનું કાળજું કેવું કઠીન?

સજ્જનતાનાં બે લક્ષણ છે. માફી દેવી અને માફી યાચવી. તે લક્ષણો પણ ઇશ્વરમાં નથી. આઠ કે ચૌદ વર્ષ પહેલાંની વયવાળાને સરકાર સજાપાત્ર ગણતી નથી, જ્યારે તમે માનેલો જગતકર્ત્તા ઇશ્વર તો ગર્ભમાં રહેલાને પણ લૂલો લંગડો અંધ કરી સજા કરે છે. અરે! ગર્ભમાં કયે ગુન્હે દાખલ કરે છે? આટલાં બાલ મરણો ઇશ્વર કેમ થવા દે છે? જે કાંઈ કરે તે ઈશ્વરને ફાંસી સુધીની સજા કરનાર તો ઈશ્વરજ ને? ખુનીને ફાંસીની સજા થઇ હોય, પણ દયાની યાચના થાય તો ઠીક લાગે તો સરકાર તો માફી પણ આપે છે, આ ઇશ્વર તો કોઈપણ સ્થાને માફીજ ન આપે, ત્યારે તેનું કાળજું કેવું ગણવું? ખરી વાત એ છે કે ઇશ્વર બનાવનાર નથી. ઈશ્વરને બનાવનાર માનવામાં એવી માન્યતામાંજ આ બધી ઉપાધિ છે. જે કાંઈ થાય છે તે કર્મોનાંજ ફલો છે. ઈશ્વર કાંઈ આપતો નથી. જૈનધર્મજ એક એવો છે કે જે સાફસાફ કહે છે. 'આવતો ભવ જેવો જેવો જોઈતો હોય તેવાં કર્મો કરો' સ્વાતંત્ર્ય સંપાદનનો આવો સાચો સીધો અને સરલ માર્ગ બતાવનાર કેવળ જૈનદર્શનજ છે.

"આ જીવ તદ્દન અજ્ઞાન છે, સુખદુઃખને જાણતો નથી. ઈશ્વર મોકલે છે ત્યાં જાય છે," આવી રીતે જીવની જનાવર જેવી અવસ્થા જૈનદર્શન માનતું નથી. એવી માન્યતા પશુદર્શનની છે. 'જીવ માત્રને વિવેક તો છે. જીવ પોતાના સુખદુઃખને અંગે જીવનમાં જવાબદાર છે, જોખમદાર છે' આવું મનાવનાર જૈનદર્શન છે. ઈતરો તો જીવની અવસ્થા પશુ જેવી જણાવે છે અને તેઓ 'દેવને પશુપતિ' કહે છે. પશુપતિ એટલે ઢોરોના માલીક.

ભવિષ્યની ગતિ સારી કે નરસી મેળવવી તે જીવના પોતાના હાથમાં છે. એવું જણાવનાર જૈનો ઈશ્વરને બતાવનાર તરીકે માને છે. ઈતરો

બનાવનાર તરીકે માને છે.

બનાવનાર ઇશ્વર થવું તે એક જિંદગીનું કામ નથી. દેવતત્ત્વ અનેક ભવે સાધ્ય છે. **ઈતર દેવો જે દોષોને ટાળી નથી શકયા તે દોષોને જૈનદર્શનના દેવોએ કર્મકાય અવસ્થાથી ટાળ્યા છે!**

કર્મકાય અવસ્થામાં જેનામાં આત્મભાન ભૂલાવનાર રાગ, સમતારૂપી ઈન્ધનોને બાળનાર દ્વેષ, તથા શુદ્ધ વર્ત્તનને ઢાંકનાર અને અશુભ વર્ત્તનને લાવનાર મોહ, આ ત્રણેય દોષો નથી. રાગ, દ્વેષ અને મોહ સર્વથા ક્ષીણ થયા નથી, પણ આવા નથી. એટલે છે તે પણ નહિ જેવાજ! ત્રણે લોકમાં જેનો મહિમા પ્રખ્યાત છે તેવા તથા સર્વજ્ઞ અને વીતરાગ તેજ દેવ છે–મહાદેવ છે.

તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યા પહેલાં પતન થાય. તે આત્મા પતન પામે પણ નિકાચન થયા પછી તો પતન દશા છેજ નહિ. સર્વ જીવો વીશસ્થાનકની કે વીશમાંથી એક, બે, ઓછાવત્તાં યાવત્ વીશેની આરાધના કરી મોક્ષે જાય છે, અને તીર્થંકરનામકર્મ પણ તેજ રીતે બાંધે છે, પણ ભાવની તરતમતા હોય છે. મોક્ષે જનારા જીવો જે કાંઈ કરે છે તે પોતાના માટેજ કરે છે, ત્યારે તીર્થંકર થનારા જીવો સર્વધર્મપ્રવૃત્તિ બીજાનો તારવા માટે કરે છે. મૂકકેવલિ કે અન્તકૃત્ કેવલી થનારા જીવો સર્વસાધનોનો ઉપયોગ પોતાના માટે કરે છે. તેજ વીશસ્થાનકોનો ઉપયોગ, તેની આરાધના જગત્ના જીવોના ઉદ્ધાર માટે કરનાર આત્મા તીર્થંકર નામકર્મ બાંધે છે. નાવિક બીજાને તારે અને પોતાને ડુબવા દે એ તો ન જ બને ને? ભલે લક્ષ્ય પોતાને તારવાનું ન હોય, લક્ષ્ય પ્રવાસીઓને તારવાનું–પાર ઉતારવાનું હોય, પણ બીજાને તારવાથી સ્વાભાવિક પોતે તરેજ છે. ધ્યેય તરવાનું નથી. જગત્ના જીવોને તારવાની બુદ્ધિથી તીર્થંકર નામકર્મ બંધાય છે. તે જીવ મિથ્યાત્વે જવા છતાં સત્તામાં તીર્થંકર નામકર્મ હોય ખરૂં, પણ ત્યાં કર્મકાય અવસ્થા ન સંભવે. વરબોધિ સમ્યકત્વ પ્રાપ્ત થતાં તે તીર્થંકરનામ કર્મ બંધાયાજ કરે છે.

તીર્થંકર થનાર જીવોની ભવાંતરમાં કર્મકાય અવવથામાં આ સ્થિતિ છે.

તત્વાર્થકારે પણ કહ્યું છે કે શુભ કર્મના આસેવનથી આત્મા વાસિત થયો હોય, તે પણ એકાદ ભવથી નહિ પણ ઘણા ભવોથી વાસિત હોય તેજ આત્મા કર્મકાય અવસ્થાવાળો ગણાય અને તેજ દેવ–મહાદેવ થાય.

ઇતર દેવોમાં જે રાગાદિ દોષો ટળવા મુશ્કેલ છે તેજ દોષો, જૈનદર્શન જેને દેવ કહે છે, તેના પૂર્વભવોથી, કર્મકાય અવસ્થામાંથીજ ટળી ગયા છે.

(અપૂર્ણ)

# સમાલોચના.

૧. ગ્રન્થકારના સ્વયં કથન અને પાત્રના મુખના કથનનો ભેદ શાસનથી અનેકધા અસહકૃત સડેલી સોસાયટીના સ્વામીજ ન સમજે તો તેના કથીર શાસનમાં કોલાહલ કરનાર ન સમજે એમાં નવાઇ નથી. આ કારણથી પત્રના વાકયને સમજવામાં તે નિષ્ફલ નિવડે. ક્રમપત્રક જાણનારો તો અચેતનના ઉપચરિત વાકયોને માત્ર.

૨. ભાવમાં પ્રત્યય પછી ગુજરાતીમાં ભાવ પ્રત્યય આવતાં તેને પેટમાં દુઃખ થઇ લવારો કરવાનું સુઝે તે સળગતી સોસાયટીના સજ્જને ત્વાદેઃ સઃ, મઉત્તયા, મણો મઉયત્તાઇ વગેરે દેખ્યાં નહિં હોય.

૩. પ્રેસના દોષને જાણે છતાં લેખકને દૂષિત કરનારો કથીરીયો વૈયાકરણ ખસુચિ કે નૈયાયિકપશુ તો ન હોયજ. નરપશુના લક્ષણને જાણનારે તપાસ કરવાની રહે. કર્મમાં ય લાવીને પછી તો પણાની વાતજ શી ? ( રામ–શ્રીકાન્ત. )

●

૧. સગ્રહ આથમતા કે ઉત્પાત ગ્રહણાદિના બાર–સોલ પ્હોર અને સ્વાભાવિક ગ્રહણ જે દિવસે અને રાતે મુક્ત થાય તેના અહોરાત્રને નહિં માનનાર સૂત્ર અને આચરણાનો વિરોધ ઉભો કરે તે કલ્યાણકારી તો ન જ હોય.

૨. વિમાનના પુદ્દગલોની અપેક્ષાએ ઔદારિક અસ્વાધ્યાય છે, એમ વ્યાખ્યાકારે કહ્યા છતાં બીજું બોલનાર શ્રદ્ધા શૂન્યતાવાળો ન હોય તો કલ્યાણ.

૩. શ્રીકલ્પસૂત્રનું કર્ષણ કાલગ્રહણાદિ વિધિથી છે એવું પર્યુષણાકલ્પ અને આચાર પ્રકલ્પનું કથન જાણનાર શ્રદ્ધાલુ તો અસ્વાધ્યાય રાખવા મથેજ. પંચેન્દ્રિય હત્યાદિને અંગે અહોરાત્રાદિ સ્વાધ્યાય ન વર્જી શકાય એ પ્રશ્નોત્તરકાર વ્યાબીજ કથે છે.

૪. અસ્વાધ્યાયને નહિં માનનાર ધર્મભ્રષ્ટ અને ચારિત્રભ્રષ્ટ થવા સાથે જ્ઞાન આશાતના કરનાર થઇ સંસારમાં ભટકે છે. એ લોકોત્તર માર્ગને માનનારજ માને. ( કલ્યાણ. )

( ટાઈટલ પાના ૪ નું ચાલું )

શિવાયના દર્શનકારો ધર્મના મૂલ તરીકે લક્ષણને જણાવતાં શૌચવાદનેજ આગળ કરે છે. અને તેથી તેઓ શૌચ મૂલ ધર્મ છે એમ નિરૂપણ કરવા તૈયાર થાય છે. પરન્તુ જૈનદર્શનકારો જૈનધર્મની પરીક્ષાને માટે જેમ તે નિરૂપણ કરનાર શાસ્ત્રની સ્વયં પરીક્ષા તથા વક્તાદ્વારાએ પરીક્ષા જણાવી યોગ્યાયોગ્યપણાનો વિભાગ કરવા જેમ આગળ આવે છે, તેવીજ રીતે ધર્મના મૂલને દેખાડવા દ્વારાએ પણ ધર્મની પરીક્ષા કરાવી ધર્મને ગ્રહણ કરાવવા માટે આગળ આવે છે. અને તેથીજ તેઓ જેમ ધર્મનું આજ્ઞા એટલે જૈનશાસનથી પ્રતિબુદ્ધપણું કરીને તેના વક્તા ભગવાન્ જિનેશ્વરમહારાજનું નિર્દોષપણું સાબીત કરવા પરીક્ષકોને પરીક્ષાનાં સાધનો અર્પણ કરે છે. તેમ ધર્મનું સીધુ મૂલ દ્વારાએ લક્ષણ જણાવતાં વિનયમૂલ નિરૂપણ કરે છે. એટલે આત્મીય ગુણોને પ્રાપ્ત કરી તેની પ્રતિક્ષણે વૃદ્ધિ કરનારા અને તે વૃદ્ધિની પરાકાષ્ઠાએ પામેલા મહાનુભાવ પુરૂષોનો વિનય કરવો તેજ ધર્મનું મૂલ છે. એમ સ્પષ્ટ શબ્દોમાં સ્થાને સ્થાને જાહેર કરે છે. આજ કારણથી શ્રીજ્ઞાતાસૂત્ર વગેરેમાં વિનય મૂલ ધર્મ છે, એમ કહીને ધર્મનું મૂલ વિનય છે. એમ જણાવ્યા છતાં સાધુધર્મ અને ગૃહસ્થધર્મ એવા તે ધર્મના બે ભેદો જણાવી શકાયા છે. આ વસ્તુ સમજનારો મનુષ્ય વિનયને કલ્પવૃક્ષ સમાન સર્વ ઇષ્ટ વસ્તુઓને દેનારો ગણે તો તેમાં આશ્ચર્ય નથી. જો કે મોક્ષને પ્રાપ્ત કરાવનાર એવા સમ્યગ્દર્શનાદિક સાધનોમાં વિનયને સાક્ષાત્ સ્થાન આપવામાં આવેલું નથી, પરન્તુ મોક્ષના કારણોમાં બન્ધનો અભાવ અને નિર્જરા એ બે કારણો સર્વવ્યાપક તરીકે જણાવેલા છે, તેમાં નિર્જરારૂપ તપસ્યાની અંદર તે વિનયને જરૂર સ્થાન આપવામાં આવેલું છે, પરંતુ તે તપસ્યામાં ગણાવેલો વિનય એ સામાન્ય વિનયના ફલની પરંપરાએ લેવાતા નિર્જરા નામના ફલનુંજ રૂપાન્તર છે. એમ ગણવામાં કંઇ ખોટું નથી. વાસ્તવિક રીતે વિનયને નિર્જરાને સ્થાને ગોઠવવા છતાં વૃક્ષને સ્થાને ગોઠવવામાં કોઇપણ જાતની યુક્તિથી બાધા આવતી નથી. જગતમાં દેખી શકીએ છીએ કે જે વસ્તુ મૂલ તરીકે ગણાય છે કે કામ લાગે છે તેજ વસ્તુ ફલ તરીકે પણ હોય છે. જેમકે આંબાનું મૂલ પણ આંબો છે અને આંબાનું ફલ પણ આંબોજ છે. અને તે આખા વૃક્ષને પણ આંબો કહેવાય છે. તેવી રીતે અહિં પણ વિનયને વૃક્ષ તરીકે કહીએ અને તે વિનયનું મૂલપણું કે ફલપણું કહે તો તેમાં કોઇ જાતની બાધા ગણાય નહિં, પરન્તુ એ સ્થિતિએ ધર્મનું જે લક્ષણ પૂજ્ય મહાત્મા-ઓએ પ્રકરણોમાં જણાવેલું છે કે આદિ-મધ્ય અને અન્ત એ ત્રણે અવસ્થામાં જે કલ્યાણ કરે તેજ ધર્મ કહેવાય, અથવા ધર્મ તેનું કલ્યાણ કરનારો છે. એટલે આદિ મધ્ય અને અન્ત એ ત્રણે અવસ્થામાં વિનયનો મહિમા જાગતો રહે અને ધર્મનું મૂલ પણ વિનય ગણાય અને સ્વરૂપ

( જૂઓ ટાઈટલ પાનું ૨ જું )

# વિનય કલ્પવૃક્ષની ફલ પરંપરા

જગતમાં અનેક દર્શનકારો સ્વર્ગ અને મોક્ષની કે ઉદય અને સિદ્ધિના કારણરૂપે ધર્મને માનનારાઓ છે. નાસ્તિક સિવાયના દર્શનકારોમાં જો કે પૂર્વમીમાંસક સરખા દર્શનકારો મોક્ષને માનનારા નથી હોતા. તોપણ ધર્મને માનવાની બાબતમાં કોઈપણ આસ્તિક દર્શનકારનો મતભેદ નથી. જો કે નાસ્તિક દર્શનકારો પણ ધર્મને જગતના વ્યવહારથી કે આસ્તિકોને ફસાવવા માટે માનવાને તૈયાર રહે છે. પરન્તુ તે નાસ્તિક દર્શનકારો માત્ર ઐહિક સુખ કે જે વર્ત્તમાન જીંદગીમાંજ અનુભવાય છે તેને ધર્મ તરીકે માને છે. અર્થાત્ પરભવ કે પરભવે જવાવાળો જીવ ન માનવાને લીધે કે સ્વર્ગાદિક સદ્‌ગતિ કે નરકાદિક દુર્ગતિ ન માનવાને લીધે તેઓ મોક્ષને પણ માનતા નથી એટલે નાસ્તિક દર્શનકારોની અપેક્ષાએ ઐહિક સુખને ધર્મ તરીકે જણાવવામાં પણ આવે, પરન્તુ સ્વર્ગ અને મોક્ષના કારણ તરીકે ગણાતો એવો ધર્મ તો નાસ્તિક દર્શનકારો સ્વપ્નમાં પણ અને ભૂલે ચૂકે પણ કબુલ કરી શકે નહિં. એટલે સાચી હકીકત તો એ છે કે નાસ્તિક દર્શનકાર શિવાયનાજ સર્વ દર્શનકારો એટલે સર્વ આસ્તિક દર્શનકારોજ ધર્મને વાસ્તવિક રીતિએ માનનારા ગણાય. એવી રીતે સર્વ આસ્તિક દર્શનકારો ધર્મને માનવાવાળા છતાં કેટલાક આસ્તિક દર્શનકારો પોતપોતાના દર્શનશાસ્ત્રો દ્વારાએ કરાયેલા વિધાનો અને કરાયેલા નિષેધોને જ આદરવા અને છોડવામાં ધર્મ જણાવનારાઓ છે. અને તેથી તેવા દર્શનકારોના કહેલા ધર્મની પરીક્ષા કરતી વખત પ્રથમ નંબરે તેના શાસ્ત્રના યુક્તાયુક્તપણાની પરીક્ષા કરવાની જરૂર રહે છે. અને તે પરીક્ષા થયા પછી ધર્મની સત્યતા અને અસત્યતાનો નિશ્ચય કરી શકાય છે. અને તે શાસ્ત્રની યુક્તાયુક્તની પરીક્ષા કરવા માટે પણ તેના શાસ્ત્રને અંગે સર્વજ્ઞ કથિતપણું, હિતોપદેશકપણું અને મહાજનસ્વીકૃતપણું જોવાની જરૂર ઉભી થાય છે. અર્થાત્ જ્યાં એ ત્રણ વસ્તુઓ હોય તેજ શાસ્ત્રને વિચક્ષણો સમ્યક્‌શાસ્ત્ર તરીકે કહી શકે છે. તે ત્રણ વસ્તુ જેમાં ન હોય એવા કોઇપણ વિદ્યમાન શાસ્ત્રને વિવેકી પુરૂષો શુદ્ધ શાસ્ત્ર તરીકે કે સદ્‌શાસ્ત્ર તરીકે ગણી શકેજ નહિં, અર્થાત્ ધર્મની પરીક્ષા માટે શાસ્ત્રની પરીક્ષા કરવી પડે, અને શાસ્ત્રની પરીક્ષા માટે તેના વકતાની પરીક્ષા કરવી પડે, આમ છતાં પણ કેટલીક વખતે કેટલાક શાસ્ત્રકારો પરીક્ષાને માટે ધર્મની વ્યાખ્યા કરતાં માત્ર ધર્મના મૂલનેજ જણાવે છે, તેમાં જૈનદર્શન

( જુઓ ટાઈટલ પાનું ૩ )

Regd. No. B. 3047

# શ્રી સિદ્ધચક્ર

!!! વં.........દ.........ન.........ય હો !!!

## શ્રી સિદ્ધચક્રને

अर्हन्तः प्रातिहार्यैः सुरनरनिकरैरर्चनीयाः शिवाढ्याः
सिद्धाः निष्कर्मकिट्टा जनिमृतिरहिताः सर्ववेदिप्रगल्भाः
आचार्या धर्मधुर्याः श्रुतगणपटवो वाचकाः सन्मुनीशाः
मोक्षाध्वालंबनाः श्रद्धतिमतिश्चरणैः सत्तपोभिः पुनन्तु ॥१॥

जिनेशितुश्चक्रभृतो वासुदेवस्य वा यथा ।
चक्रं तथेदं श्रीसिद्धचक्रं शासनकार्यकृत ॥२॥


વર્ષ ૧૦ | અંક ૫–૮


[ ધનજીસ્ટ્રીટ : ૨૫, ૨૭ ]


વિક્રમસં. ૧૯૯૮ વીરસં. ૨૪૬૮. | તા. ૧૬–૧–૪૨ શુક્રવાર

લવાજમ રૂ. ૨–૦–૦ | કિંમત ૧ાા આના

( ટાઇટલ પાના ૩ નું ચાલુ )

અને વિરૂદ્ધ પ્રરૂપણા અને શાસનાદિનું ખંડન કરવામાં તત્પર થયા. એટલુંજ નહિ. પરંતુ શાસન અને શાસનની પ્રણાલિકાને અનુસરનાર મહાત્માઓના નાશમાંજ દ્રવ્યહિંસક તંદુલીઆ મચ્છ કરતાં અધમ ધારણાને ધારનારા થયા. તેઓ દરેક સમયે અનંતા સંસારને ઉપાર્જન કરે છે [illegible] કરાવે છે એવું ગ્રંથકારનું નિષ્પક્ષ કથન કોઇપણ [illegible] સુજ્ઞને આશ્ચર્ય ઉપજાવશે નહિ. જો કે, ભગવાન [illegible]ર-મહારાજના શાસનમાં-કેટલાક અભવ્ય જીવો [illegible] જેઓ કોઇ વખત પણ સાચા ધર્મને અને સમ્યક્તને પામ્યા નથી, પામતા નથી અને પામશે પણ નહિ. અને સર્વ કાલને માટે મોક્ષને માટે જેઓ નાલાયકજ છે છતાં તેવા અભવ્યો-ભગવાન જીનેશ્વર મહારાજના શાસનને જે નુકશાન કરતા નથી તેનું ભયંકર નુકશાન ઉપર જણાવેલા શાસન અને શાસનની પ્રણાલિકાથી વિરૂદ્ધ વર્તનારા શાસનના અંગારાઓ કરે છે. એનું કારણ એજ છે કે ઉપર જણાવેલા અભવ્યજીવો જો કે પોતે સન્માર્ગની વાસનાથી શૂન્યજ છે ? તો પણ તેઓની પ્રરૂપણા અને વર્તનાઓ ,શાસન અને શાસનની પ્રણાલીકાને અનુસરતીજ હોય છે. અને તેથીજ તેવા અભવ્યોના ભક્ત થનારાઓ- પોતે વાસ્તવીક કુગુરૂ છે.તેને તે સુગુરૂ માને છે, છતાં તે સમ્યગ્દર્શનવાળા થાય છે,રહે છે અને સમ્યગ્દર્શનની કોટીએ આગળ પણ વધી શકે છે. અને આજ કારણથી શાસ્ત્રકારોએ સમ્યગ્દર્શનના ભેદોમાં દીપકનામનું સમ્યગ્દર્શન જણાવ્યું છે કે જે મુખ્યતાએ અભવ્યનેજ હોય છે. એટલે કહેવું જોઇએ કે અભવ્ય જેવા દ્રવ્યલિંગી સાધુનો થનારો ભક્ત એ શાસનને કે પોતાના આત્માને એકકેને નુકશાન કરતો નથી. અને તેથી અભવ્યોના પ્રતિબોધેલા જીવો એટલા બધા મોક્ષે જાય છે કે જેઓના અનંતમાભાગે એક ભવ્યજીવના પ્રતિબોધેલા મોક્ષમાં જતા નથી.

આ વસ્તુ સમજનારો મનુષ્ય સ્હેજે સમજી શકશે કે અભવ્ય જેવા દ્રવ્યસાધુના ભક્તોની ભયંકરતા કરતાં પણ શાસન અને શાસનની પ્રણાલીકાની વિરૂદ્ધ પ્રરૂપણા અને વર્તનાવાલા એવા શાસનમાં અંગારારૂપ થયેલા દ્રવ્યસાધુઓના ભકતોની ભયંકરતા તો શાસન અને તેના ભકતો માટે તથા શાસનને અનુસરનારાઓ માટે હદ બહારનીજ છે. અને તેથીજ કોઇપણ જગોપર શાસ્ત્રકારોએ શાસન અને શાસનની પ્રણાલીકાથી વિરૂદ્ધ વર્તનારા અને બોલનારા એવા શાસનના અંગારાઓને તો દીપકસમ્યકત્વનું પણ સ્થાન ગણ્યા નથી. એટલુંજ નહિ, પરંતુ કોઇપણ તેવા શાસન અંગારાથી પ્રતિબોધેલા હોય અગર તેના પ્રતિબોધેલા મોક્ષે જાય એવી સ્વપ્નમાં સંભાવના સરખી પણ થાય તેવું શાસ્ત્રકારોએ પ્રતિપાદન કરેલું નથી, માટે શાસનસેવકોએ અભવ્ય જેવા દ્રવ્યલીંગી સાધુઓ કરતાં પણ શાસન અને શાસનની પ્રણાલિકાથી અને તેને અનુસરનારા મહાત્માઓની વિરૂદ્ધવર્તી શાસનના અંગારા જેવા નિહ્નવના ભાઇ સરખા દ્રવ્યસાધુઓ અને તેના ભક્તોથી હંમેશાં દૂર રહીને સાવચેત રહેવાનીજ જરૂર છે.

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ, કણપીઠ બજાર સુરતમાં શાહ. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રીસિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભૂલેશ્વર. મુંબઇમાંથી પ્રગટ કર્યું.

# શ્રીસિદ્ધચક્ર

વર્ષ ૧૦ : ] માગસર વદ ૦))-પોષ વદ ૦)) [ અંક ૫-૮

: ઉદ્દેશ :

શ્રીનવપદમય શ્રીસિદ્ધચક્રની આરાધના અને આયંબિલ વર્ધમાનતપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાન (આદિ) નો ફેલાવો કરવો.......................વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦.......

તંત્રી

પાનાચંદ રૂપચંદ

ઝવેરી


# આગમોદ્ધારકની અમોઘદેશના

( ગતાંકથી ચાલુ )

**આદર્શરૂપ દેવ કે મૂર્તિ કયા દર્શનમાં છે?**

શંકા—'વીતરાગ' કહેવા કરતાં અરાગ 'રાગ નથી' એમ કહેવામાં શું વાંધો?

સમાધાન—દાબડીમાં અરાગ છે, પણ તે વીતરાગ તો નથી. એટલે 'અરાગ અને વીતરાગ'માં ફરક છે. કેદમાંથી છૂટેલો તેનેજ કહેવાય કે જે કેદમાં પડેલો હોય, અને છૂટેલો હોય. માફી ગુન્હાવાળાને સંભવે. ગુન્હો ન હોય તેને માફી શાની? સજ્જનને ગુન્હો માફ કર્યાનું કહેવામાં આવે તો તે હાંસી કે અપમાનજ સમજે. અર્થાત્ જેમ વગર ગુન્હે માફી આપ્યાનું કથન નિરર્થક છે. તેજરીતે જેનામાં પ્રથમ રાગ અવસ્થા હોય, પછી પોતાના વીર્યોલ્લાસથી જેણે રાગનો ક્ષય કર્યો હોય તેનેજ વીતરાગ કહી શકાય. જગત્‌ના અન્યસર્વ પદાર્થો 'અરાગી' છે. 'નિરાગી' છે પણ અત્ર **नीरागो हि सर्वज्ञः** એમ કહેતા નથી. પણ **જો**

**वीतरागः सर्वज्ञः** એમ કહે છે. આથી વીતરાગ શ્રીજિનેશ્વરદેવ પણ ફરમાવે છે કે—"એક વખત હું પણ તમારી માફક રાગમાં રગદોળાયેલો અને દ્વેષમાં બળીઝળી રહેલો તથા મોહમાં મુંઝાયેલોજ હતો, પરન્તુ પાપને રોકવાથી, આશ્રવને બંધ કરવાથી, સંવર તથા ધર્મને આદરવાથી આ ઉચ્ચ સ્થિતિએ પહોંચ્યો છું"

સૂત્રકાર આ રીતે આદર્શ પુરૂષપણું બતાવી કાર્યદશા તથા પ્રત્યક્ષ ફલદશા જણાવે છે.

તીર્થંકરપણાની આ વાતો જાણવાનું ધ્યેય એજ છે તેમાંથી સાર એજ છે કે પ્રથમ તદ્દન નિર્વિવેકી ઘાતકી નારકીમાં ભટકનાર, સ્થાવરમાં રખડનાર જીવ પણ જો શૂરો થાય તો દેવત્વ પ્રાપ્ત કરી શકે, તો અન્ય સામાન્ય જીવને દેવત્વ મેળવવામાં-કલ્યાણ પ્રાપ્ત કરવામાં લેશ પણ શંકાને અવકાશ નથી. જૈનશાસનના દેવો પરમ આદર્શરૂપ છે. તેઓનું જીવન અન્ય-જીવોને સજ્જડ દૃષ્ટાંતરૂપ છે.

ઈતરોના ઇશ્વર તો નિર્મલ થઇ ફરીને મલીન બને છે. કેમ કે તેઓ ઈશ્વરપણામાંથી અવતાર ધારણ કરે છે

જૈનોને દેવ કે દેવની પ્રતિકૃતિ (મૂર્ત્તિ) માનવાનો જે હક્ક રહે છે તે સાચોજ છે. દુન્યવી જીવો ચોવીસે કલાક દુનિયાદારીના વ્યવહારમાં વ્યાપારાદિમાં રક્ત હોય છે. એટલે કે રાગાદિમાં રાચ્યામાચ્યા હોય છે. તેઓ માટે વીતરાગની મૂર્તિ સદ્ભાવનાનું પરમશ્રેયસ્કર સાધન છે. ઈતરોના દેવોની મૂર્ત્તિને જોઇને વિચારવાનું શું ? સ્ત્રીને ઉત્સંગમાં રખાય, હાથમાં શસ્ત્રાદિક રખાય. એ સ્થિતિ જોઈને દુન્યવી જીવોને શાંતિ મળે શી રીતે ? એ વ્યવહારમાં તો તેઓ પ્હેલેથી ખૂંચેલાજ છે.

જૈનોમાં પણ ચોવીશે કલાક રખડનારા ઘણા છે પણ જેમ તેવાઓ પણ કપાલમાં ચાંલ્લો કરવા એક મીનિટ કહાડે છે તેમ પોતાના આત્મા-રૂપી અરિસાને તપાસવા કે સુધારવા માટે તે જૈનોને આવી મૂર્ત્તિના આલંબનની જરૂર છે.

ઇતરોમાં આદર્શ નથી, મૂર્ત્તિ આદર્શરૂપ નથી, આત્માને સુધારવાનું બીજ તેમાં નથી. ત્યાં તો કેવલ ભગવાનનાં દર્શન નામમાત્ર છે.

**यो वीतरागः** એ પદ એટલા માટેજ રાખવામાં આવ્યું છે કે જૈનદર્શનમાં તો પ્રથમના રાગી પણ વીતરાગ થઈ શકે છે. મલીન હોય તે નિર્મલ થઇ શકે છે. ઈશ્વરનો આત્મા (જૈનોમાં જે ઇશ્વર થાય છે-દેવ થાય છે) તથા સામાન્ય-જીવોનો પણ આત્મા છે તો અનાદિકાલનો. જૈન-દર્શનમાં ઇશ્વરપદ રજીસ્ટર્ડ નથી. ઈતરમાં 'ઇશ્વર એકજ હોય' એ માન્યતા છે. બીજો કોઈપણ જીવ ઇશ્વર થઇ શકતો નથી'. ત્યારે વિચારો કે સામાન્યજીવોને કર્મબંધ થયો અને ઈશ્વરના જીવને કેમ નહિં ? બચ્ચાને નવનવ માસ સુધી અંધારી ગંધાતી કોટડીમાં-ગર્ભાવાસમાં-માતાની દુર્ગંધી કુક્ષિમાં ઉંધે મસ્તકે ઈશ્વર શા માટે લટકાવી રાખે છે ? તે બચ્ચાંએ ઇશ્વરનું એવું

તે શું બગાડયું છે? જંગલી મનુષ્યો તેમ તેવા ઘાતકી સત્તાધીશો પણ મનુષ્યને બેભાન અવસ્થામાં ફાંસી આપતા નથી. સ્વસ્થ થયા પછીજ તે સજાનો અમલ કરે છે ત્યારે ઇશ્વર બેભાન એવાં બચ્ચાંને આવી કડક સજા કેમ કરે છે? ઇશ્વરને બનાવનાર તરીકે માનતાં, તે ઈશ્વર ઉપર ઘાતકીપણું નિર્દયપણું વગેરે આક્ષેપો આવી રીતે ઉભા થાય છે, લાગુ થાય છે.

જૈનમતમાં તેવી પરિસ્થિતિ નથી, જૈનમતમાં તો ઇશ્વર (દેવ) અન્ય જીવોને પાપકર્મોથી બચવાનો રસ્તોજ બતાવે છે. કોઈ કદાચ એમ કહે કે "અમારા જેવા અધમો માટે બચાવ છે?" ઉત્તર એ છે કે ચક્રવર્તીપણામાંથી, વાસુદેવપણામાંથી કે ગમે ત્યાંથી, યાવત્ તથા પ્રકારનાં કર્મોથી સાતમી નરકે ઉત્પન્ન થવું થાય એથી અધિકઅધમપણું તો બીજું નથી ને? તેવા જીવો પણ વીર્યોલ્લાસથી પ્રગતિ પામ્યા છે.

શ્રીપાલ મહારાજાના રાસમાં છે કે—

એવા પણ બહુ પાપથી, ઉદ્ધરવા ઇક હત્થ;
પ્રવ્રજ્યા જિનરાજની, છે એક શુદ્ધસમત્થ.

બચાવવાની ભાવના હોય, તો માર્ગ છેજ,બચાવ માટેની પ્રવૃત્તિ થાય તો બચાવ છેજ.

કર્મકાય અવસ્થાથીજ દૃઢ રાગાદિ દોષોને ટાળી નાંખ્યા હોવાથી તે જીવોને **यो वीतरागः** કહેવામાં વાંધો નથી. અંતકૃતકેવલીઓ વીતરાગ ખરા, પણ તેમને મહાદેવ નહિ કહી શકાય, જેઓ કર્મકાય અવસ્થાવાળા હોય છતાં તેમાં તેવા રાગ, દ્વેષ તથા મોહની વ્યાધિથી મુક્ત હોય તેમનેજ મહાદેવ કહી શકાય. તમને ખ્યાલ હશે કે સર્જન થનારાઓને સર્જરીની પરીક્ષામાં અમુક વ્યાધિવાળાને પાસ કરવામાં આવતા નથી, કેમકે જે પોતે જે રોગી છે તેનાથી રોગ ટાળનારી સર્જરી શી રીતે થવાની? અંશે પણ રાગ, દ્વેષ કે મોહ હોય તેઓને દેવ તરીકે દાખલ થવાનો-દેવ ગણવાનો જૈનદર્શનમાં હક નથી.

વળી દેવ સર્વજ્ઞ હોય. દેવને કેવલજ્ઞાન, કેવલદર્શન હોવાથી જગત્‌ના રૂપી અરૂપી તમામ પદાર્થોને જાણી શકવાથી જગત્‌ના જીવોને નવતત્ત્વોનો ખ્યાલ આપી શકે છે. અર્થાત્ દેવ પોતે સ્થિર થયા છે તેથી બીજાને સ્થિર કરી શકે છે.

## ઇતરદર્શનના દેવની સ્થિતિ અને ઉપદેશ વગેરે

ઇતરેમાં દેવની શી સ્થિતિ છે?

ઈતરના દેવનો જ્યારે ભારતમાં ધર્મની ગ્લાનિ હોય ત્યારે અવતરવાનું થાય આ એકરાર છે. અત્યારે ધર્મની આટલી બધી ગ્લાનિ છતાં કેમ હાજર નથી?

સાધુઓના રક્ષણાર્થે અને દુર્જનોને શિક્ષા કરવા માટે અવતરવાનો પણ એકરાર છે. જ્યારે આવું સામર્થ્ય છે તો પછી તેજ કૃષ્ણજીએ મથુરા અને વૃન્દાવન છોડ્યાં શા માટે? જન્મ્યા હતા તો મથુરામાં, ઠેઠ દ્વારિકામાં અરે ઠેઠ સોરઠના ખુણામાં કેમ જવું પડ્યું? કેમ દેવતાનું આરાધન

કરીને નવી નગરી વસાવવી પડી! પોતે સામર્થ્યવાન્ પોતે અવતારરૂપ તેને વળી અન્યની આરાધના?

મહાભારતના યુદ્ધમાંનો એક પ્રસંગ વિચારો! યુદ્ધમાં શિથિલ થયેલા અર્જુનને, "આત્મા તો અમર છે મરતો નથી" એ વગેરે કહી કૃષ્ણજી યુદ્ધની પ્રેરણા કરે છે ત્યારે અર્જુન સાફ સાફ કહે છે કે—

"જેમના માટે રાજ્ય, ભોગ, ધનધાન્યાદિ મેળવવા ઈચ્છીએ છીએ તેજ મારા પિતરાઈ કૌરવો, દેખાવ પૂરતા નહિં પણ પ્રાણ અને લક્ષ્મ્યાદિની દરકાર રાખ્યા વિના યુદ્ધમાં મોખરે આવેલા છે, તેઓ ભલે મને મારે, હું તો બંધુજનોને, વડીલોને મારવા ઇચ્છતોજ નથી, એ મહાનુભાવોને હણ્યા વિના મને ભીખ મળે તોયપણુ બસ છે."

દેવ ગણાતા કૃષ્ણજી-ઇતરો જેમને દેવ કહે છે તે કૃષ્ણજી શું કહે છે—

"આવા કટોકટીના મામલામાં, આવી અતિ-વિષમ વિપળમાં તને આવી બુદ્ધિ-આવું પાપ ક્યાંથી વળગ્યું? આત્મા તો અમર છે અને આમને મારવાનું પાપ તને નહિં લાગે. કેમકે તેઓ તો મારા મારેલા છે. માત્ર તું નિમિત્ત થા! યુદ્ધ કરવા ઉત્સુક થા!" કહો તેમના શાસ્ત્રમાં દેવપણું-દેવનું પર્યવસાન ક્યાં?

જૈનદર્શનના દેવ તો ઉપર જણાવી ગયા તે લક્ષણો ઉપરાંત સર્વજ્ઞ છે. વીતરાગ છે, સર્વજ્ઞ છે. ધર્મકાય અવસ્થામાં તેઓના રાગ, દ્વેષ, મોહ જે સંક્લેશોત્પાદક, બાળનાર તથા અશુભ પ્રવૃત્તિ કરાવનાર છે તે હોતા નથી, તેમનો મહિમા ત્રણેય લોકમાં પ્રખ્યાત હોય છે તથા તત્ત્વકાય અવસ્થામાં તો તેઓ સર્વથા વીતરાગ છે, સર્વજ્ઞ છે.તે અવસ્થાની વચલી અવસ્થા ધર્મકાય અવસ્થામાં વિશેષપણું નથી કેમકે તે અવસ્થા સાધુ જેવી છે. વળી

**યઃ શાશ્વતસુખેશ્વરઃ।**

આ ત્રણ અવસ્થા જણાવ્યા પછી ઉત્તરાવસ્થા કેવી હોય તે જણાવતાં સૂત્રકાર મહાત્મા કહે છે કે **યઃ શાશ્વતસુખેશ્વરઃ।** જે મોક્ષેજ જનાર હોય, અર્થાત્ દેવ તે કે જે મોક્ષેજ જાય. મોક્ષ વિના દેવની બીજી ગતિ નજ હોય.

પ્રશ્ન થશે કે **મોક્ષગામી ધ્રુવમ્** કેમ ન કહ્યું? ઉત્તરમાં સમજો કે મોક્ષ તો ઈતરો પણ માને છે. પણ સ્વરૂપમાં ભેદ છે. ત્રિરાશિકવાળાઓ કહે છે કે ધર્મતીર્થ કરનારા જ્ઞાનીઓ મોક્ષ પામે છે. પરન્તુ પોતાના શાસનને કોઈ જાતની હાનિ કે નુકશાન થતાં હોય તો પાછા ફરીને સંસારમાં પણ તેઓ આવે છે. અર્થાત્ અવતરે છે. આટલા માટે અહિં કહેવું પડે છે કે "જેની ઉત્તર અવસ્થા શાશ્વત સુખના ઐશ્વર્યવાળી હોય તેજ દેવ." અર્થાત્ દેવના શાશ્વત-સુખમાં અંશે પણ ખામી હોતી નથી.

છ ખંડના માલીક ચક્રવર્તી, ત્રણ ખંડના માલીક વાસુદેવ, પ્રતિવાસુદેવની ઉત્તર અવસ્થા ખરાબ હોય છે અને બલદેવની ઉત્તર અવસ્થા મોક્ષજ હોય તેવો પણ નિયમ નથી. માત્ર દેવાધિદેવની ઉત્તર અવસ્થા માટે એ નિયમ

નિશ્ચિત કે તેઓ શાશ્વતસુખનેજ પામે. ચક્રવર્તી તો મોક્ષે પણ જાય, સ્વર્ગે પણ જાય અગર નરકે પણ જાય. વાસુદેવ પ્રતિવાસુદેવ તે ભવથી તો નરકેજ જાય. બળદેવ માટે મોક્ષ અગર સ્વર્ગ પણ ખરૂં. પણ દેવાધિદેવની ઉત્તરાવસ્થા તો નિશ્ચિત શાશ્વતસુખમયજ હોય.

શાસ્ત્રકારે નિરૂપણ કર્યું છે કે સમ્યક્ત્વ પામ્યા પછી નવપલ્યોપમે દેશવિરતિ અને પછી સંખ્યાતા સાગરોપમે સર્વવિરતિ થાય. વળી ત્યાં ઉપશમ શ્રેણી, ક્ષપકશ્રેણી આદિનો ક્રમ છે. દેવતાઓ સર્વવિરતિ નથી. પણ નવપલ્યોપમે દેશવિરતિ હોવા જોઇએ તે પણ થતા નથી કેમકે જેવું ભોગવે, છે તેવુંજ બાંધે છે. દેવલોકમાં મોહનીયકર્મની સ્થિતિ સરખી થતી જાય છે. સર્વાર્થસિદ્ધનો દેવ ઉપજે ત્યારે અંતઃકોટાકોટિની સ્થિતિ મોહનીયકર્મની હોય છે છતાં ત્યાંથી તેત્રીશ સાગરોપમ પછી ચ્યવે ત્યારે પણ મોહનીયકર્મની સ્થિતિજ તેટલીજ હોય છે. અર્થાત્ દેવલોકની સ્થિતિ મોક્ષમાર્ગનો વીસામો છે.

પ્રવાસ કરતાં કોઇ સ્થળે ઉતારો કર્યો, વિશ્રામ સ્થાનમાં વસ્યા, છતાં પ્રવાસી કહેવાઇએ છીએ,કેમકે આગળ વધવાનું હોતું નથી છતાં પ્રવાસ બાકી છે. સર્વાર્થસિદ્ધમાં પણ તેત્રીશ સાગરોપમ જેટલા લાંબા સમય સુધી રહેવા છતાં મોક્ષપ્રતિ ગમન નથી હોતું. દેવાધિદેવને ઉત્તર અવસ્થામાં દેવપણું પણ નહિં, પણ શાશ્વતસુખમય સિદ્ધિગતિજ હોય છે. સિદ્ધિગતિમાં ક્લિષ્ટ કર્મોનો અંશ પણ આત્માને હોતો નથી કે જેથી ફરી નવાં કર્મો બંધાય,

દેવ કે મહાદેવ તેજ છે કે જે કર્મના લેશ વિનાનીજ જેની ઉત્તરાવસ્થા શાશ્વતસુખમય હોય.

આવી રીતે કર્મ ધર્મ અને તત્ત્વ ત્રણે અવસ્થાનાં લક્ષણો બતાવ્યાં છતાં એક વાત ધ્યાનમાં રાખવાની કે પવિત્રપણું પવિત્ર આત્માઓના સંસર્ગેજ સમજાય છે. પવિત્રપણું સમજવા ઇચ્છનારો પવિત્ર આત્મા તરફ આકર્ષાય, સોબત કરે તથા તેના સંસર્ગમાં જ રહે. કિંમતી ચીજ ઝવેરીએ તો અંગીકાર કરવી જોઈએ.

ત્રણે અવસ્થા (કર્મકાય, ધર્મકાય, તત્ત્વકાય)-માં તથા ઉત્તર અવસ્થામાં આવી સ્થિતિવાળા દેવને ચારે નિકાયના દેવોએ પૂજ્ય માન્યા છે, સર્વયોગીઓએ ધ્યાન કરવા યોગ્ય માન્યા છે.

પૂજકો બે પ્રકારના છે. એક તો સત્તાના બલથી પૂજકો બનાવવામાં આવ્યા હોય તે ! તથા બીજા ગુણથી આકર્ષાઈ પૂજક થયા હોય તે !

વળી આ મહાદેવ જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ તેમજ નૈગમાદિનયોને બતાવનાર છે માટે પૂજ્ય થયા છે અને તેવા મહાપુરૂષ મહાદેવજ છે.

આવા મહાદેવજ દેવાધિદેવ બની શકે છે !

આવી રીતિએ દેવના લક્ષણને સમજીને તેમનાં વચન, ઉપદેશ અને આચાર તરફ પોતાના આત્માને દોરશે તે આત્મા કલ્યાણમાલાને અવશ્યમેવ વરશે.

**एवं सद्वृत्तयुक्तेन, येन शास्त्रमुदाहृतं ।**
**शिववर्त्म परंज्योतिस्त्रिकोटीदोषवर्जितं ॥**

**પરોક્ષ દેવની પરીક્ષાનાં પ્રત્યક્ષ સાધનો— દેવતત્ત્વ સ્વતંત્ર છે, ગુરૂતત્ત્વ તથા ધર્મતત્ત્વ દેવતત્ત્વને અવલંબીને છે.**

**શાસ્ત્રકાર** મહર્ષિ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી **મહારાજા** ભવ્યજીવોના ઉપકારાર્થે શ્રીઅષ્ટકજી **નામના પ્રકરણની** રચના કરતા થકા જણાવી ગયા **કે સર્વ** આસ્તિકોએ દેવ, ગુરૂ, અને ધર્મ એ ત્રણે તત્ત્વો **માનેલાંજ** છે, પણ તેઓને એ કબુલ **કરવું પડે છે** કે ગુરૂ તથા ધર્મ એ બન્ને **તત્ત્વો હોવા** છતાં સ્વતંત્ર નથી. પરન્તુ તે બન્ને **દેવતત્ત્વને આધીન** છે. આસ્તિકોને પોતાના દેવે **કહેલાજ ગુરૂને** તથા ધર્મને માનવાનાં હોઈ, ગુરૂ-**તત્ત્વ તથા ધર્મ**તત્ત્વ, એ બન્ને તત્ત્વો પરાધીન **છે. પરતંત્ર છે.** સ્વતંત્ર નથી. માત્ર દેવતત્ત્વજ **સ્વતંત્ર છે.**

**શંકા**—દેવ તેનેજ કહેવાય કે જેનામાં **સંપૂર્ણપણે ધર્મ** હોય. ધર્મમય જીવન ધારણ **કરનાર, ધર્મનો**જ પ્રચાર કરનાર, અઢારેય દોષ **રહિતપણારૂપ ધર્મ**ના પ્રરૂપક દેવ છે. દોષ રહિત **ધર્મ છે. આવા** ધર્મને અંગે જ્યારે દેવતત્ત્વ મનાય **છેતો પછી દેવતત્ત્વ** પણ ધર્મતત્ત્વને આધીનજ **છે ને!** પ્રથમ જણાવી ગયા કે જેઓને કર્મકાય **અવસ્થામાં** આત્મભાન ભૂલાવનાર રાગ ન હોય, **સમતારૂપી ઈન્ધનોને** ભસ્મીભૂત કરનાર દ્વેષ **ન હોય, તથા કુચેષ્ટા**ઓમાં પ્રેરનાર એવો **મોહ** ન હોય તે દેવ છે. અર્થાત્ ધર્મની આ **સ્થિતિએ** જે હોય તેજ દેવ થઈ શકે છે. ધર્મકાય અવસ્થા-માં પણ દેવની ધર્મમય ઉચ્ચશ્રેણિજ છે. તે **અવસ્થાનું** નામજ ધર્મકાય અવસ્થા છે, તત્ત્વકાય અવસ્થામાં સંપૂર્ણ વીતરાગપણું છેજ **અને** ઉત્તર અવસ્થામાં શાશ્વતસુખ હોય છે. તે પણ વીતરાગ સર્વજ્ઞપણાની સાથેજ. આથી દેવતત્ત્વ પણ ધર્મતત્ત્વને આધીન સિદ્ધજ છે ને? જે શિષ્ય હોય અને શિષ્યો બનાવે તે ગુરૂ કહેવાય. તે અપેક્ષાએ શ્રીતીર્થંકરદેવને ગુરૂતત્ત્વમાં કદાચ ન ગણીએ તો પણ દેવતત્ત્વની પ્રામાણિકતામાં ધર્મતત્વનો આધાર લીધા વિના તો છૂટકોજ નથી. દેવની ત્રણેય અવસ્થામાં ધર્મ તો આધારભૂતજ છે.

સમાધાનમાં સમજવું કે પ્રથમ ધર્મ કે **અધર્મ** પોતે બોલી શકતા નથી તો ધર્મ તથા **અધર્મ** કહેવા કોને? ધર્મ તથા અધર્મને **ઓળખાવનાર દેવજ છે** ને સાવદ્યત્યાગને, પરિષહ સહેવા **વગેરેને,** કષાય ત્યાગ તથા પાપત્યાગને, હિંસાદી છોડવાને **ધર્મ કહ્યો** શા આધારે? તે વિચારો, હિંસાદિની **પ્રવૃત્તિમાં** પાપજ છે એ જાણ્યું ક્યાંથી? સોનું કે હીરો તથા પત્થર વગેરે પોતાપણાનો પોકાર કરતા **નથી.** તેને ઓળખાવનાર પણ છે ને? **તેમ ધર્મ** તથા અધર્મનું જાણવાપણું શ્રીતીર્થંકરદેવના વચનોથીજ છે. **धम्मो मंगल॰** એ ગાથાથી અહિંસાદિમાંજ ધર્મ છે એ માનીએ છીએ, અને તે શ્રીદેવાધિદેવના વચનોથીજ મનાય છે **ધર્મની** ઓળખાણ **દેવદ્વારાજ** છે.

કેવલજ્ઞાન, વીતરાગપણું, વગેરેનું નિરૂપણ કોઈ વૃક્ષની પોલમાંથી, કોઇ ભીંતની બખોલમાંથી, કે કોઈ ખાણુમાંથી નીકળ્યું નથી. નિરૂપણ કર્તા સ્વયં દેવાધિદેવ છે. જો દેવનું નિરૂપણુ ન હોય તો અધર્મને ધર્મ તથા અગુરૂને ગુરૂ માની બેસાય, સાચાને ખોટું, ખોટાને સાચું કહેવા લાગી જવાય. દેવના વચનોના આધારેજ ગુરૂને ગુરૂ તથા ધર્મને ધર્મ તરીકે માનવાનાં ન હોત તો કુગુરૂ એ સાચા ગુરૂ તથા કુધર્મ એ સાચો ધર્મ છે એમ માની બેસાય. ગુરૂતત્વ તથા ધર્મતત્વને ઓળખાવનાર દેવતત્વ છે, એ ઉભય તત્વો સર્વશ્રેષ્ઠ છે પણ તે પ્રથમ દેવતત્વને અવલંબીને છે. માટેજ દેવતત્વનું નિરૂપણ પ્રથમ કરવામાં આવ્યું છે.

## ભવિતવ્યતાનું કાર્ય અમુક મર્યાદા સુધી છે. પણ પછી પુરૂષાર્થ આવશ્યક છે.

પ્રશ્ન થશે કે ગુરૂને તથા ધર્મને તો દેવ બતાવે એ તો ઠીક, પણ ત્યારે દેવને ઓળખાવનાર કોણ ?

દેવને માનવાથીજ બાકીનાં બન્ને તત્ત્વો ઉપલબ્ધ થાય પણ દેવને શાથી મળી જાય ?

આ વાત લક્ષ્યમાં લેશો તો કર્મવાદનો (કર્મની થીયેરીનો) ખ્યાલ આવશે.

શાસ્ત્રકારો જણાવે છે કે મોહનીયકર્મની સીત્તેર કોડાકોડી સાગરોપમના સ્થિતિનો ઘટાડો કરતાં કરતાં અંતઃકોટાકોટિ થાય અને તેમાંથી પણ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓછો થાય ત્યારે તે આત્માને સ્વાભાવિક શુદ્ધદેવ મળી જાય છે, અર્થાત્ જેમ આંધળો પત્થર લેવા જાય પણ ભવિતવ્યતાના યોગે તેના હાથમાં હીરો આવી જાય તેમ ભવિતવ્યતાના યોગે તે વખતે જીવની પરિણુતિ એવી થાય છે કે તેને આપોઆપ શુદ્ધ દેવજ મળી જાય છે.

સમ્યક્‌દૃષ્ટિપણાની સ્થિતિ ઉત્પન્ન થઇ કે જીવને બીજાનો સત્ય ઉપદેશ તરત રૂચે છે. યોગ્યતા પ્રાપ્ત થવી જોઈએ. લુગડાંને ખાટું કરવામાં આવે તો તેના ઉપર રંગ ચોટેજ છે. તેમ ન કરવામાં આવે તો તેના ઉપરનો રંગ તડકાના સંબંધમાત્રથી ચાલ્યો જાય છે. અર્થાત્ તેને રંગ બેસતો નથી, ત્યાં રંગ પાકો થતો નથી, એ રંગ કાચો ! રંગ તો પાકો જોઈએ ! મિથ્યાત્વના ક્ષય પછી અને અંતઃકોટાકોટિ સાગરોપમની સ્થિતિ રહ્યા પછી, મોહનીયકર્મની પ્રકૃતિ તેટલી ઓછી થવાથી સદ્દગુરૂનાં વાકયો અને તેમનો ઉપદેશ ગ્રહણ કરવાની-ઝીલવાની યોગ્યતા જીવમાં આવે છે. અને સાચા દેવને માને છે. આ સ્થિતિની ઉત્પાદક ભવિતવ્યતાજ છે.

**શંકા**—જે ભવિતવ્યતા આટલું બધું કરે છે તે ભવિતવ્યતા પછી કેમ કંઇ કરતી નથી ? ઓગણોતેર કોડાકોડીથી અધિક સ્થિતિ જો ભવિતવ્યતા તોડે છે તો પછી બાકીની એક કોડાકોડમાં પણ ઓછી રહેલી સ્થિતિ તે કેમ તે તોડતી નથી ? હાથીના હાથીઓ ઉડાવનાર વાયરાને રૂની પૂણીને ઉડાવવાનો કયો હિસાબ ?

બીજમાંથી છોડવો કરનાર પૃથ્વી, હવા તથા વૃષ્ટિ છે. પણ તેમનું કાર્ય ત્યાંજ અટકે છે. તે ધાન્ય પેદા કરે પણ રોટલા કરવા ન આવે ! જે વસ્તુ પ્રયત્નજન્ય છે ત્યાં તો પરિશ્રમ કર્યેજ છૂટકો ! રોટલા તો જાતેજ કરવા જોઇએ, તે કરવા પૃથ્વી, હવા તથા વૃષ્ટિ આવવાનાં નથી. અહિં પણ અંત:કોટાકોટિથી આગળ વધવા માટે તો પ્રયત્નનીજ જરૂર છે.

પછી ભવિતવ્યતા ઉપયોગી નથી. તેથી તો મોક્ષમાર્ગના નિરૂપણમાં ભવિતવ્યતા દર્શાવવામાં આવી નથી. ત્યાં તો સમ્યગ્દર્શનાદિજ દર્શાવાયાં છે. યત: **सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ।** સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એજ મોક્ષનો માર્ગ છે. અર્થાત્ તે સર્વ તો ઉદ્યમસાધ્ય છે.

બાલકને દોઢ બે વર્ષ સુધી તો માતા ધવરાવે, પણ પછી ?. પછી તો તે બાલક રોટલી રોટલો ચાવવાની મહેનતથી છૂટવા માના ધાવણ ઉપરજ રહેવા વિચારે તો તેમ બને ખરૂં ? સમજણ આવ્યા પછી શક્તિસંપન્ન થયા પછી ભવિતવ્યતાનો પોકાર કરવો તે તો મોટા થયા પછી માતાના ધાવણ ઉપર જીવવાની ઈચ્છા જેવુંજ છે. મોક્ષમાર્ગની સાધના માટે સમ્યગ્દર્શનાદિ જણાવાયાં છે, શાથી ?, પ્રયત્નજન્ય છે તેથી. અને તેમ હોય તોજ શ્રોતાને તેનો ઉપદેશ અપાય. હવે જ્યાં ઉદ્યમજ–પુરૂષાર્થજ આવશ્યક છે ત્યાં ભવિતવ્યતાના ભરૂંસે રહેવું તે નકટાઈ છે. ઉદ્યમશીલ થવાય તોજ મોક્ષ મળી શકે. અંત:કોટાકોટિની મોહનીયની સ્થિતિ થયા પછીજ શુદ્ધ દેવતત્વની પ્રાપ્તિ થાય છે. દેવતત્વની ઓળખાણ આપવા દેવનું સ્વરૂપ જણાવતાં કહી ગયા કે દેવ કર્મકાયાદિ સર્વ અવસ્થામાં આવા હોય છે.

અંત:કોટાકોટિની સ્થિતિ યથાપ્રવૃત્તિકરણથી નીપજે છે. અભવ્ય પણ **नमो अरिहंताणं** વગેરે બોલે છે તે અંત:કોટાકોટિ સ્થિતિ થયા પછીજ બોલે છે. સ્થાનકવાસી સરખાને પણ, અરે ! જૈન નામધારી સર્વને પણ અંત:કોટાકોટિની લાયકાત તો રહેલી છે. જો કે અનાજના સર્વ દાણા કાંઈ અંકુરારૂપે પ્રગટતા નથી. તોપણ લાયકાત તો તમામમાં છે પણ ખાતાં, પીસતાં, દળાતાં, વેરાતાં, શેકાતાં જે બચે તેજ અંકુરારૂપે પ્રગટે છે. તેવીજ રીતે જેટલા સાંભળે, વાંચે, મનન કરે તે સર્વમાં અંત:કોટાકોટિ સુધીની સ્થિતિ માનવામાં તો અડચણ નથી. એ લાયકાત પ્રાપ્ત થતાં પણ દેવતત્વનો ઉપદેશ મળતાં રૂચે, ગમે, ઠીક લાગે તો સમજવું કે તે આત્મા આગળ વધ્યો. સમ્યકત્વ પરિણમ્યું.

## દેવતત્વની પ્રાપ્તિમાં ભવિતવ્યતા કારણ છે

ગુરૂ કે ધર્મને અંગે તેના પ્રમાણની તપાસની જરૂર છે, પણ દેવને અંગે તેમ નથી. કેમકે તે સ્વયંસિદ્ધ તત્વ છે. સોનું કસોટીથી પારખી શકાય, પણ કસોટીને પારખવાની નથી. કેમકે તે તો સ્વયંપ્રમાણ છે તેમ દેવતત્વની પ્રામાણિકતા સ્વયં સિદ્ધ છે. જીવ અંત:કોટાકોટિની સ્થિતિવાળો થાય પછીજ તેને સમ્યકત્વ થાય. તેવા જીવને જ્ઞાનાવરણીય કર્મ ઉદયમાં આવ્યું હોય તો તે તેને ભોગવશે કે

તપદ્વારા તોડશે પણ નવું અધિક નહિં બાંધે. તેને તથા અવિરતિ આદિને બન્નેને કર્મોદય સરખો છે છતાંએકને કર્મનો ક્ષય પ્રથમ થાય, બીજાને થોડી મુદતે થાય ત્યાં ભવિતવ્યતા માનવી પડશે. ભગવાન્ શ્રીમહાવીરસ્વામીજીના જીવને અંગે વિચારો ! ધર્મઘોષસૂરિ વખતે પરિણમન થયું. શ્રીઋષભદેવ ભગવાન્ વખતે પરિણમન કેમ ન થયું ? ત્યાં સામગ્રી હોવા છતાં તે જીવે કર્મોને કેમ ન તોડયાં ? કહો કે ત્યાં ભવિતવ્યતાની ખામી હતી. કારણનું કારણ ન ખોળાય. ભવિતવ્યતા પોતે કારણ છે. તેનું કારણ બીજું ન હોય.

દેવતત્વની પ્રતીતિ શ્રવણમાત્રથી થાય અને પછી દેવે કહેલા ગુરૂને ગુરૂ તરીકે તથા આચારને ધર્મ તરીકે માનવાનું સુઝે. શ્રોતાના હૃદયમાં ધર્મની પ્રતીતિમાં યદ્યપિ ગુરૂ નિમિત્ત કારણ છે તથાપિ ખાસ કારણ કર્મનો ક્ષયોપશમજ છે. આત્મા સબલ નથી એનો અર્થ આત્મા કર્મોથી હલકો નથી. તત્વનો ઉપદેશ પ્રથમ દેવથી, પછી ગુરૂથી, પછી ધર્મથી થાય છે. નમસ્કારમાં પણ પ્રથમ દેવ છે. અરિહંત તથા સિદ્ધ. એ બે દેવ છે પછી આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુ એ પણ ગુરૂ છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ એ નવપદની ચાર વસ્તુઓ ધર્મ છે.

ગ્રન્થકારે દેવની ત્રણેય અવસ્થાનું નિરૂપણ કર્યા પછી ઉત્તર અવસ્થા જણાવી છે, એ અવસ્થામાં શાશ્વતસુખ છે એમ જણાવેલ છે.

કર્મનો તથાપ્રકારનો ક્ષય થયો હોય તોજ તે આત્માને દેવતત્વની પ્રતીતિ થાય. અને જે મુજબ નિરૂપણ કરવામાં આવ્યું છે તે મુજબની ત્રણ અવસ્થાવાળા તથા ઉત્તર અવસ્થામાં શાશ્વત સુખના અધિકારીનેજ દેવ તરીકે માને, દેવે કહેલા આચારોને આચરણમાં મૂકનારાનેજ ગુરૂ માને અને તે આચારોનેજ ધર્મ માને.

આ રીતે દેવતત્વ મુખ્ય હોવાથી અહિં મહાદેવાષ્ટકનું નિરૂપણ પ્રથમ કરવામાં આવ્યું છે.

લશ્કર કોઇપણ દેશને તાબે કરે તેમાં અમુક સમય જોઈએ. કહો કે આક્રમણ કરનાર લશ્કર માટે સમયની મર્યાદા છે, પણ રક્ષણ કરનાર લશ્કરે તો યાવજ્જીવ પ્રયત્ન કરવાનો હોય છે. શ્રીતીર્થંકરદેવ મિથ્યાત્વાદિ કર્મ ઉપર આક્રમણ કરનારા કહેવાય. પ્રથમ તીર્થંકર શ્રીઋષભદેવજી ભગવાન્નો કેવલિપર્યાય એકલાખ પૂર્વનો છે. બધા તીર્થંકરોનો કેવલિપર્યાય ઉમેરીએ તો પણ તેટલો સમય પૂરો ન થાય. અસંખ્યાતા પલ્યોપમે એક સાગરોપમ, દશ કોડાકોડી સાગરોપમે એક ઉત્સર્પિણી થાય. તેટલા કાલમાં બે લાખ પૂર્વ જેટલો કાલ (સમય) ધર્મરક્ષણાર્થે નિયત છે. આક્રમણ કરનારને જશનો લાભ છે. પોતાના કર્મનો ક્ષય કરીને મિથ્યાત્વાદિને નાબુદ કરનાર, શાસનની સ્થાપના કરનાર શ્રીતીર્થંકર મહાત્માજ છે. અત્ર કાલના પરિણામની મુખ્યતા છે. ચોવીશ તીર્થંકરનો કેવલીપણાનો કાલ એકઠો કરીએ તો પણ બે લાખ પૂર્વ થશે નહિં. એ આક્રમણકાલ છે અને

સર્વ તીર્થંકરોની શાસનપ્રવૃત્તિનો લાખો સાગરોપમોનો કાલ તે રક્ષણકાલ છે.

**શંકા**—શાસન તો ગુરૂ ચલાવે છે ને! કદાચ ભવિતવ્યતાના યોગે લાખોકોટિ સાગરોપમના તીર્થના વિદ્યમાનપણામાં દેવતત્ત્વની પ્રામાણિકતા મનાયતો ગુરૂના આધારેજ ને! જ્યાં દેવ પોતે દેશનાદે ત્યાં તો ઠીક, પણ ક્ષેત્રાન્તરમાં દેવતત્વની પ્રામાણિકતા તો ગુરૂને આધારે છે. વળી કાલાંતરે પણ તેમજ છે. આ રીતિએ તો દેવતત્વ ગુરૂતત્વને અવલંબીને છે, છતાં દેવતત્ત્વ પ્રધાન (મુખ્ય) શાથી? શ્રીમહાવીરદેવ પાવાપુરીમાં વિચરતા હોય તો તે વખતે ગણધરો કે શિષ્યો અન્યત્ર વિચરતા હોય ત્યારે ત્યાં ગુરૂના પ્રતાપેજ દેવતત્વની પ્રામાણિકતા માનવાની સિદ્ધિ થવાનીને!

**સમાધાન**—ગુરૂતત્વની ઉત્પત્તિ દેવતત્વથી છે. દેવની ઉત્પત્તિ વિના ગુરૂની ઉત્પત્તિ નથી. ગુરૂ પણ મનાય છે ગુરૂતાથી. અર્થાત્ દેવનાં વચનોના આધારે ચાલે તોજ તેઓ ગુરૂ મનાય છે. દેવે કહેલા આચારોનું પાલન કરનારજ ગુરૂ મનાય છે. ક્ષેત્રાંતરે કે કાલાંતરે દેવતત્વની ઓળખાણ કરાવનાર ગુરૂતત્વની ઉત્પત્તિ પણ દેવતત્વથીજ છે.

## દેવતત્વની પરીક્ષા શી?

પ્રશ્ન થશે કે દેવતત્વને ઓળખાવવાનું સાધન શું? કેમ કે મહાવીર, મહાદેવ, વિષ્ણુ, શિવાદિમાંથી કોઈ પ્રત્યક્ષ નથી. પરીક્ષા સર્વની કરવી છે અને પ્રત્યક્ષ તો કોઈ નથી. નજરથી પરની પરીક્ષા શી?

પરંતુ વર્ત્તનો, વચનો અને મૂર્ત્તિ એ પરોક્ષ એવા દેવની પરીક્ષા કરવાનાં પ્રત્યક્ષ સાધનો છે. મોક્ષ શ્રેષ્ઠ છે, મોક્ષે જવું છે એવી જે જીવને ઇચ્છા થાય તે જીવને મોક્ષને અનુકૂલ એવાં આચાર, વિચાર, આકાર-મૂર્ત્તિ અનુકૂલ લાગશે. જે ચાર કષાયો ક્રોધ, માન, માયા, લોભ છે તેની ચોકડી તથા અઢાર પાપસ્થાનકોજ આત્માને અનાદિકાલથી રખડાવનાર છે. તેનાથી દૂર રહેવાય તોજ મોક્ષને મેળવી શકાય. એટલે ક્રોધાદિ વિકારથી રહિતપણું અને દોષથી શૂન્યપણાને દર્શાવનારી જેની મૂર્ત્તિ હોય તે માનવા યોગ્ય છે-પછી તેનું નામ હરિ હોય કે હર હોય ત્યાં વાંધો નથી. કર્મ બાંધવાના સાધનો મૂર્ત્તિમાં ન હોવાં જોઇએ. નામનો વાંધો છેજ નહિ. કેમકે અનંતી ચોવીશીઓ થઇ, ભવિષ્યમાં અનંતી ચોવીશીઓ થશે. તેમાં હરિ, બ્રહ્મા, હર એવાં નામ, તીર્થંકરદેવનાં પણ નજ હોય તેવો કાંઇ નિયમ નથી. નિયમ એજ કે ક્રોધાદિ કષાયોના વિકારોથી રહિત, દોષોથી રહિત એવા લક્ષણવાળી મૂર્તિ પૂજ્ય છે. વેશ્યા બજાર વચ્ચે ઘુમટો કાઢીને નીકળે છે, પણ કહો કે તે કોની લાજ કાઢે છે? ત્યારે કહો કે તે માત્ર લાજનો આકાર છે. કોઇ તેવી મૂર્ત્તિ બનાવી લે તો ન ચાલે. કેમકે પછી તેનું વર્ત્તન જુઓ! કૃષ્ણ, વિષ્ણુ, તીર્થંકર-તેમનાં અથથી ઇતિનાં જીવન તપાસો. પછી વિચારો કે કયું જીવન કર્મક્ષયનું સાધન બની શકે તેમ છે? આ જીવનથી આત્મકલ્યાણ સાધી શકાશે તેવો નિચોડ તેમાંથી કાઢી શકાશે? કોઈ મનુષ્ય

વેશ્યાના ઘરમાંથી નીકળે, પછી કોઇ સજ્જન અગર સીપાઈ વગેરે નજરે પડતાં સારો દેખાવ ધારણ કરે, અથવા ઠાણેણું મોણેણું કહી કાયોત્સર્ગ કરે તેથી તે કાંઈ સારો મનાશે નહિ. કેમકે તેનું તે વર્ત્તન ઢોંગનું હોઈ નકામું છે. જાસુસો જે દેશમાં જાય ત્યાંનોજ પહેરવેશ રાખે અને ત્યાંનાજ આચારવિચારને ધારણ કરે. કેમકે તેમ ન કરે અને પોતાના દેશના રિવાજ મુજબ વર્તે તો પકડાઇ જાય. બીજાઓ તો કદાચ ભેટણું ધરવામાં વિલંબ પણ કરે, પરન્તુ જાસુસો તો કદાચ અપ ટુ ડેટ ડ્રેસ રાખી સૌથી પ્રથમ ભેટણું કરે. જાસુસો વર્ત્તનમાં દેખાવે સારા હોય પણ કાનમાં ઝેર રેડનારા હોય છે. જૈનમાં તિલક કરનારો થયો એટલે મૂર્તિ માનનારો ગણાયો. હાથ પગ તો સર્વને છે, પણ જૈનપણાનો આકાર તો માત્ર લલાટે તિલકજ છે. તિલક વિનાનાને કદાચ કોઈ લાત મારે તો તેને શ્રાવકપણાની આશાતના નહિ લાગે. જેને લલાટમાં તિલક હશે તેને લાત મારવાથી સંઘની આશાતના ગણાશે. જે મનુષ્ય ચાંલ્લો ન કરે તે એક વખત સાધુ હત્યા કરનારો પણ બની જાય. પ્રશ્ન થશે કે શી રીતે ? ધારો કે ગ્રીષ્મઋતુ હોય, જેઠ માસનો પ્રસંગ હોય, સાધુ વિહાર કરતા હોય, તૃષિત થાય. માર્ગમાં મનુષ્યને દેખે પણ તેના લલાટમાં તિલકનું ચિહ્ન જણાય તો તે સાધુ તેને પૂછી ગાછીને રસ્તે પહોંચે, પણ કપાળ ઓરસીયા જેવું હોય ત્યાં શું થાય ? વળી મૂર્છિત થઈને પડેલા સાધુની ખબર તેવાને કોણ આપે ? એ માટે ચાંલ્લો આકારે જરૂરી છે.

દેવની મૂર્ત્તિની, આચાર, અને શુદ્ધિની પરીક્ષા કર્યા પછી તેના તત્વની પરીક્ષા કરવાની જરૂર છે. દેવના ચાર નિક્ષેપા છે. સ્થાપના નિક્ષેપામાં મૂર્તિથી વીતરાગપણું જણાય, અને તેથી શુદ્ધિ જણાય, પણ પ્રરૂપણાની શુદ્ધિ શાથી જણાય ? જમાલી આદિ આકાર (મૂર્ત્તિ) તથા આચાર (વર્તન)માં તો ઠીક હતા, પણ પ્રરૂપણામાં ગોટાળો હતો માટે તો તેઓ શાસન બહાર હતા. દેવતત્વની પરીક્ષામાં મૂર્ત્તિ, વર્ત્તન સાથે તત્વની (આગમની) તપાસની પણ જરૂર છે.

શ્વેતામ્બર તથા દિગમ્બર બન્ને મૂર્ત્તિને તો માને છે, પણ દિગમ્બરો મૂર્ત્તિના આકારમાં પુરૂષચિન્હ તથા અણ્ડ રાખવા આવશ્યક ગણે છે. તીર્થંકરને તો અશ્વની જેમ ચિન્હ ગુપ્ત હોય માટે તેવી મૂર્ત્તિ કેમ મનાય ? દિગમ્બરો સ્ત્રીને મોક્ષ નથી માનતા. આ માન્યતાને અંગે કોઈક કહે છે કે— "તેઓ સ્ત્રીને મોક્ષ નથી માનતા તે વ્યાજબી છે. જો માનતા હોત તો અમારે વિરોધ કરવો પડત. કેમકે સામાન્ય રીતિએ મનુષ્ય ઉઠે ત્યારે દેવદર્શને જાય. હવે જ્યાં મૂર્તિ નગ્ન ત્યાં શું ભાવના થાય ? દેવ પાસે પણ વિકાર અવસ્થા રહે તથા ગુરૂ પાસે પણ તે નગ્ન હોવાથી વિકાર અવસ્થાજ રહે ! તેવી અવસ્થા જોઈને સ્ત્રીને મોક્ષની યોગ્યતા હોયજ શી રીતે ? આવી મૂર્તિને શ્રીઋષભદેવની કે મહાવીરદેવની મૂર્ત્તિ કહેવી ? જમાલીને અંગે વેષ અને આચાર ઠીક હતાં, પણ પ્રરૂપણા વિરૂદ્ધ હતી તેથી તેને શાસન બહાર કરવામાં આવ્યો હતો. આવી તત્ત્વની એટલે આગમની પણ પરીક્ષા

જોઈએ. જેનાં આગમો, શાસ્ત્રો અને વચનો માત્ર મોક્ષનો માર્ગજ બતાવનારાં હોય તે દેવ. મોક્ષનું સ્વરૂપ અને તેના માર્ગનું નિરૂપણ કરે તેજ દેવ. દેવનાં વચનોમાં-શાસ્ત્રોમાં બીજી પ્રરૂપણા, એટલે દુનિયાદારીની વાત હોય નહિ. નૈયાયિક, મીમાંસક, સાંખ્ય, બૌદ્ધાદિનાં શાસ્ત્રો પણ મોક્ષ-માર્ગ બતાવે છે. પણ સર્વથા વિશુદ્ધ માર્ગ તો શ્રીજિનેશ્વરદેવેજ બતાવ્યો છે. જે વળી શાસ્ત્ર જ્યોતિ-સ્વરૂપ હોય, જેમાં ધૂમની કાલિમા ન હોય, કષ, છેદ અને તાપની અશુદ્ધિ જેમાં ન હોય, કોઈપણ સ્થલે પણ હિંસાદિ પાંચ અવ્રતને પ્રવર્તાવનાર વાક્ય ન હોય, હિંસાદિનો સર્વથા નિષેધ હોય, ધ્યાનનું વિધાન હોય. કષ શુદ્ધિ સાથે તેના ઉપાયો બતાવ્યા તેજ શાસ્ત્ર પ્રતીતિ યોગ્ય છે. ઈતરો પણ બોલે તો છે-'તુલસી દયા ન છાંડીએ" પણ બોલવાથી શું વળે ? તેમાં દયાનું સાધન કંઈ છે? શ્રાવકના ઘેર તો પૂંજણી, ગળણું, ચંદરવા વગેરે દયાના પાલનનાં, દયાના રક્ષણનાં સાધનો દૃષ્ટિગોચર થશે. જૈનદર્શનના સાધુ પાસે રજોહરણ, મુહપત્તિ, કામળી આદિ દયાનાં સાધનો દેખાશે. જે દર્શનમાં દયાનાં સાધનો કે આચારો ન જણાવ્યાં હોય તે દર્શનનાં વચનો ધૂમથી ઘેરાયેલાં કહેવાય. પરમજ્યોતિ ન ગણાય. જેઓ

**प्राणव्यपरोपणं हिंसा** એ લક્ષણનેજ ન માને, અને કહે કે-"આ આત્મા હણાતો નથી, હણાયો નથી અને હણાતો નથી" આવી માન્યતાવાળાઓનાં વચનો પણ નકામાં છે."

શ્રીતીર્થંકરદેવે કહેલાં વચનો તેજ શાસ્ત્રરૂપ છે કે જેમાં હિંસાદિ કરવા, કરાવવા તથા અનુમોદવાનો પણ નિષેધ છે તથા મન, વચન, કાયાની ત્રિવિધત્રિવિધ કોટિની આરાધના છે.

આવા દેવને માનીને આવા ગુરૂને તથા આવા ધર્મને જેઓ માનશે, પૂજશે તે જીવો કલ્યાણ-માળાને વરશે.

## જગત્‌માં શ્રીતીર્થંકરપદ એ એકજ શ્રેષ્ઠતમપદ છે.

## તીર્થંકરનામકર્મનો પ્રભાવ !

શાસ્ત્રકાર મહારાજા શ્રીજિનહર્ષગણિજી મહારાજા ભવ્યાત્માઓના ઉપકારાર્થે શ્રીવિંશતિ-સ્થાનક ચારિત્રની રચના કરતા થકા જણાવે છે કે આ જગત્‌માં ઉંચામાં ઉંચી પદવી શ્રીતીર્થંકરની છે, જે પ્રાપ્ત કરવા માટે ત્રીજા ભવમાં તીર્થંકર-નામકર્મની નિકાચના થાય છે. તીર્થંકરપદ અથવા તીર્થંકરનામકર્મ ચક્રવર્તી આદિ સર્વને નમવા યોગ્ય, પૂજવા યોગ્ય અને આરાધવા યોગ્ય છે. અખિલ વિશ્વ જેને નમે અને પોતે કોઇને ન નમે તેવું તે ઉત્કૃષ્ટપદ તીર્થંકરનામકર્મને આભારી છે. શ્રીતીર્થંકરભગવાન્ સ્વર્ગથી ચ્યવીને માતાના ગર્ભમાં આવે છે. તેને ચ્યવનકલ્યાણક માનીએ છીએ. તે વખતે ગર્ભમાં શરીર તો અંગુલના અસંખ્યાતમાભાગનું હોય છે. આ વખતે શરીર, ઇન્દ્રિય, આદિ પર્યાપ્તિનું ઠેકાણું પણ નથી. માત્ર આહાર પર્યાપ્તિજ છે. ઉત્પત્તિના સમયથીજ આહાર પર્યાપ્તિ શરૂ થાય છે. તેનો કાલ ફક્ત એક સમય છે. બાકીની

પર્યાપ્તિ અંતર્મુહૂર્ત્ત પ્રમાણુવાળી છે. તે સમયે પણુ આહારપર્યાપ્તિ હોયજ. અત્ર કહેવાનું તાત્પર્ય એ છે કે શ્રીતીર્થંકરદેવનો જીવ જ્યારે સ્વર્ગથી ચ્યવીને માતાના ગર્ભમાં આવે છે ત્યારે શરીર તો અંગુલના અસંખ્યાતમાભાગનુંજ છે, અને પર્યાપ્તિમાં માત્ર આહાર પર્યાપ્તિજ છે, શરીર, ઇન્દ્રિય, શ્વાસોશ્વાસ વગેરેની પ્રવૃત્તિ હજી થઈ નથી,જેની જરા પણુ શક્તિ જોઇ શકાતી નથી તે આત્માને, તે સમયે, ગર્ભમાં રહેવા છતાં પણુ, ઇન્દ્રમહારાજાદિ પણુ નમસ્કાર કરે છે. આ મહત્ત્વ કેવલ તીર્થંકરપદવીનુંજ છે. દૂરદૂર વિમાનોથી દેવતાઓ મૃત્યુલોકે આવે, તીર્થંકરની માતાથી સાત ડગલાં દૂર રહી પ્રભુની સ્તુતિ કરે છે, તીર્થંકરનામકર્મનો આ પ્રભાવ છે !

દુનિયામાં સારૂં સૌને ગમે છે. શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ તીર્થંકરપદવી શ્રોતાવક્તા સૌને ગમે છે.

સત્તાની પ્રકૃતિ ૧૫૮ તેમાં બંધમાં ૧૨૦ ઉદયમાં ૧૨૨ છે પણુ એકકે પ્રકૃતિ ક્ષયોપશમના કારણે બંધાય કે ક્ષયના કારણે બંધાય એવી છે ? એકસો અઠ્ઠાવન પ્રકૃતિમાં ફક્ત ત્રણુજ પ્રકૃતિ એવી છે. ૧. તીર્થંકરનામકર્મ ૨. આહારકશરીર અને ૩. આહારકઅંગોપાંગ. બાકી ૧૧૭ પ્રકૃતિ બધી બંધાદિકે અશુભજ છે. આ ત્રણુ પ્રકૃતિઓ મોહનીય-કર્મને તોડવાથી બંધાય છે. જેણે દર્શનસપ્તકાદિનો ક્ષય,ઉપશમ કે ક્ષયોપશમ કર્યો હોય તેજ જિનનામ-કર્માદિ ત્રણુ પ્રકૃતિઓ બાંધી શકે છે. તે વિના કોઇપણુ જીવ આ ત્રણુ પ્રકૃતિ બાંધી શકતો નથી. એકસો અઢાર પ્રકૃતિમાં એકસો પન્નર પ્રકૃતિમાં મોહનીયકર્મ જડરૂપે છે જ્યારે આ ત્રણુ પ્રકૃતિઓ તો મોહનીય ન હોય તોજ બંધાય છે. માટે શાસ્ત્રકારો આ ત્રણુ પ્રકૃતિને બંધે પણુ પ્રશસ્ત બંધ રહે છે. એકસો પન્નર પ્રકૃતિ અનુમોદનીય નથી. પણુ આ ત્રણુ અનુમોદનીય છે. તેનાં કારણો મેળવવા લાયક છે,શાસ્ત્રકારોને પણુ તે ઉપદેશ કરવા યોગ્ય છે, જે શાસ્ત્રકારો નિર્જરા તથા સંવર વિનાનું વાકય ન બોલે, એ વિના જેઓનું બીજું લક્ષ્યજ ન હોય તે શાસ્ત્રકારો પણુ આ ત્રણુ પ્રકૃતિના તો બંધનો પણુ ઉપદેશ આપે છે. બીજાં કર્મો તોડવાનો ઉપદેશ આપનારાઓ આ ત્રણુ પ્રકૃતિ બાંધવાનો ઉપદેશ આપે છે. બંધમાં પણુ સુંદર તથા ઉદયમાં પણુ સુંદર એવું આ એકજ શ્રીતીર્થંકરનામકર્મ છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આદિ કર્મો તો વિરાધનાથી બંધાય છે ત્યારે આ તીર્થંકરનામકર્મ સમ્યક્ત્વને લઈનેજ, ધર્માત્માઓના ધર્મની ભકિત નિમિત્તે બંધાય છે. આ ત્રણુ પ્રકૃતિ બંધે શુભ છે. બાકીની તમામ પ્રકૃતિઓ બંધે અશુભ છે માટે આ ત્રણુ પ્રકૃતિના બંધનો ઉપદેશ શ્રીતીર્થંકરદેવો પણુ આપે છે.

તીર્થંકરનામકર્મ વીશસ્થાનકની આરાધનાથી બંધાય છે. તેનું પગથીયું કેવલ સમ્યકત્વ છે. તેજ જડ છે. માટે જિનનામકર્મ બંધમાં પણુ શુભજ છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય તથા યોગ એ ચારનો યોગ અશુભ છે. જિનનામકર્મના બંધમાં કારણુ કેવલ સમ્યકત્વ છે મિથ્યાત્વાદિ નથી માટે તે બંધે પણુ શુભજ છે. બીજા કર્મોના બંધમાં તો મિ-

ચ્યાત્વાદિ ચાર કારણો છે. શ્રીતીર્થંકરનામકર્મ જેમ બંધમાં સારૂં છે તેમ સત્તામાં પણ સારૂં છે. તીર્થંકરનામકર્મ બાંધ્યા પછી જીવ નીચે ઉતરી ગયો હોય તો પણ સત્તામાં તો તે કર્મ હોયજ. પ્રદેશ અંશે અંતમુહૂર્ત્ત પછી ઉદયમાં આવેજ. બાકી તો ખરેખર ફલરૂપે કેવલિપણે ઉદયમાં આવે. જેમ સૂર્ય ઝળકયા વિના રહેતો નથી તેમ આ નામકર્મ ઉદયમાં આવે કે ઝળકેજ ! ચ્યવન, દીક્ષા આદિ સમયે પણ ઉદય તો છેજ ! કલ્યાણકની વખતે તે નામકર્મની સત્તા તો છેજ ! ઉદયમાં આવ્યાથીજ અતિશયો તથા છેવટે ઉપદેશાદિનો પ્રારંભ થાય છે. તે નામકર્મ બંધમાં, સત્તામાં, ઉદયમાં, દરેકમાં મોક્ષનું પોષક છે. આ બંધ, આ નામકર્મ જ્ઞેય, ઉપાદેય કહેવામાં આવ્યું છે. તેથી તેની ઉત્તમતાનો ખ્યાલ આવ્યા પછી, તેની સ્થિતિ, સ્વરૂપાદિ જાણ્યા પછી તે પદ કોને ગ્રહણ કરવાનું મન ન થાય? દરેકને તેની ઇચ્છા થાયજ !

## કાર્યો માત્ર મનોરથોથી થતાં નથી. સિદ્ધિ તો ઉદ્યમસાધ્ય છે.

ઇચ્છા તો દરેકને સારાની થાય, પણ માત્ર ઇચ્છાથી શું વળે ? માત્ર મનોરથથી કાંઈ કાર્યસિદ્ધિ થતી નથી.

**उद्यमेन हि सिध्यन्ति, कार्याणि न मनोरथैः ।**

કાર્યો મનોરથથી થતાં નથી. ઉદ્યમથીજ સિદ્ધ થાય છે.

નિરંતર ઉદ્યમ કરવો એજ શ્રેષ્ઠ છે. ભગવાન્ મહાવીરદેવના ગર્ભને દેવાનંદાની કુક્ષિમાંથી ત્રિશલામાતાની કુક્ષિમાં ફેરવવા માટે પણ ઈંદ્ર મહારાજાને હરિણુગમેષી દેવને કહેવું તો પડયું ને ! તથા હરિણુગમેષીને પણ વૈક્રિય-શરીર ધારણ કરવું પડયું. અર્થાત્ આ બધું કરવું તો પડયુંને ! જો ઈચ્છામાત્રથી કાર્ય થતું હોત તો ઈંદ્રમહારાજાને કહેવાની જરૂરજ નહોતી. તેમની ઇચ્છાથી આપોઆપ ગર્ભ પલટાઈ જાત. પણ તેમ થતું નથી. ઇંદ્રાદિને પણ પ્રયત્ન કરવોજ પડે છે.

દેવતાનો ઉદ્યમ જેવો તેવો નથી હોતો. એક મનુષ્ય ચાલ્યો જતો હોય, દેવતા આવીને તેને કાપી નાંખે—ટુકડેટુકડા કરે—ચૂરેચૂરા કરે-પછી તેમણે એક ભૂંગળીમાં ભરે. મેરૂ ગિરિના શિખર ઉપર જઇને તે અણુઓ વિખેરી નાંખે, પાછાં ભેગાં કરે અને મૂળ સ્વરૂપે બનાવે ત્યાં સુધી તે મનુષ્યને ખબર નજ પડે ! દેવતાનો પ્રયત્ન આપણા લક્ષ્યમાં આવી શકતો નથી. ત્યાં શીઘ્રતાજ ખાસ કારણ છે. એવા શક્તિવાળા દેવતાઓને પણ ઇચ્છિથી વસ્તુ સિદ્ધ થતી નથી. ઉદ્યમની જરૂર છે. જો મનોવાંછનાથી વસ્તુ સિદ્ધ થતી હોય તો બધા દેવતાઓ ઈંદ્રપણું વાંછે અને તે મેળવે નહિ ? પણ તેમ થતું નથી. જ્યારે દેવો માટે ઉદ્યમ જરૂરી છે તો મનુષ્યો માટે તો ઉદ્યમ આવશ્યક હોય તેમાં નવાઈ શી ? બંધ, ઉદય તથા સત્તામાં શુભ એવા તીર્થંકરનામકર્મ માટે ઉદ્યમની પરમ આવશ્યક્તા છે. જે મનુષ્યો તે પદ ઇચ્છતા હોય તેઓએ વીશસ્થાનકની આરાધના કરવી જરૂરી છે. વીશસ્થાનકની આરાધના વિના તીર્થંકરનામકર્મ બંધાતું નથી. તીર્થંકરનામકર્મ

બંધાય પણ તેમાં સિદ્ધપદ પણ ખાસ સ્વપરનું સાધ્ય છે. તેથીજ તીર્થંકરનામકર્મ બંધાય છે. વીશે સ્થાનકમાંથી કોઈપણ એકાદિ અથવા વીશે સ્થાનક આરાધવાથી તીર્થંકર નામકર્મ બંધાય છે. પ્રવચન (તીર્થ) માટે પણ તેમજ સમજવું. તીર્થંકર પણ **नमो तित्थस्स** એમ કહે છે. **तित्थ** એટલેજ પ્રવચન. શાસ્ત્રકારોએ તેટલા માટે જિનેશ્વરથી બીજા નંબરે તે પદ રાખ્યું છે. શ્રીહરિભદ્રસૂરીશ્વરજીમહારાજ કહે છે કે સમ્યકત્વ પામેલો આત્મા તદ્ભવે, પાંચમે ભવે કે સાતમે ભવે તો મોક્ષે જાયજ. જો સાધુ હોય તો વિજયાદિ ચારમાં બે વખત જાય અને વચ્ચે મનુષ્યનો ભવ કરે. શ્રાવક હોય તો અચ્યુત સુધી ત્રણ વખત જાય અને વચ્ચે મનુષ્યનો ભવ કરે, છેલ્લા ભવે મોક્ષે જાય. સમ્યકત્વ છાસઠ સાગરોપમથી વધુ ટકવાવાળું ન હોય. વિજયાદિ અને અચ્યુતાદિની અપેક્ષાએ પણ છાસઠ સાગરોપમથી અધિકમાં સમ્યકત્વ મોક્ષ આપેજ. જો કે ખસી જાય પણ પાછું અંતમુહૂર્ત્તમાં આવી પણ જાય.

કૈ એવા પણ ભયંકર જીવો છે કે જેઓ એક વખત સમ્યકત્વ પામ્યા હોય પછી અધમપ્રવૃત્તિઓનાં કારણે અનંતકાલ સુધી રખડે છે. સંખ્યાતકાલ, અસંખ્યાતકાલના રખડનારા કરતાં અનંતાકાલના રખડનારા બહુજ થોડા હોય છે.

**तित्थयरपवयण०** તીર્થંકર પ્રવચનાદિની ઘોર આશાતના કરનારાજ અનંતોકાળ સંસાર અટવીમાં સમકીત પામીને રખડે છે.

આમાં બતાવેલા અરિહંતાદિની **જેઓ** આશાતના કરે તેઓજ અનંતાકાલ સુધી **રખડી** પડે છે. અનંતાકાલે પુનઃ સમ્યકત્વમાં આવે છે. કેમકે પ્રથમ સમ્યકત્વ પ્રાપ્તિ થયેલી છે. તેથીજ તેટલી વખતે પણ તે સમકીત પામે છે.

ગોશાળે ભગવાન્ શ્રીમહાવીરદેવને, ઉપસર્ગો કર્યા, બે સાધુઓને બાળી મૂકયા. તેનું **સમ્યકત્વ** આવેલું વમાઇ ગયું. પણ અંત્યે પામ્યો. **અહિં** પ્રકૃત તરીકે પ્રવચન ચાલે છે, પણ તે **એટલું** બધું ભારી છે કે જે તીર્થંકરની સમાનકક્ષામાં મૂકાયું છે. એટલે અરિહંત અને સિદ્ધની **માફક** પ્રવચન આરાધ્ય છે.

## તીર્થંકરનામકર્મના પ્રચારક આચાર્યજ છે

શંકા—આચાર્યની આરાધનાથી તીર્થંકરપદ લેવાની ઇચ્છા કે તે થવાની વાત તો બાજરી વાવીને ઘઉંની ઇચ્છા જેવી નથી ? શું દાસીને આરાધવાથી રાજા આરાધાય ?

સમાધાન—શ્રુતના આધાર આચાર્યોજ છે. બોલાયેલા કરતાં લખેલું અધિક પ્રમાણભૂત ગણાય છે. સો વખત બોલાય અને એક વખત લખાય ! લખાયેલાને તરતજ માથું ઝુકાવવું પડે છે. બોલવું ઘણું સારૂં છે, પણ તે જગતની વ્યવસ્થાને સ્થાપનારૂં ન હોવાથી લખાણજ ઉચ્ચતમ છે. આથી આખા જગત્માં શ્રુતદ્વારા મોક્ષમાર્ગને પ્રચારનાર આચાર્યજ છે. તે આચાર્યપદનો અહિં અધિકાર છે.

આચાર્યપદનો આરાધક પુરૂષોત્તમ રાજા છે.

પ્રિયંકરનગરીમાં કુંવરીની હકીકતમાં હાથણી તરીકેની પોતાના પૂર્વભવની કથા નીકળી.

હાથણી વિચારે છે કે એકના બચાવની ખાતર અનેક જીવોનો નાશ એ આપણા માટે તો અનુચિત ગણાય. પક્ષીઓ ઉડી શકે તેમ હોય પણ અગ્નિની જ્વાળાને સહન નજ કરી શકે અને આથી તેમને મરવુંજ પડે છે. આ કારણે હાથણી ત્યાંથી ખસી નહિ. તલવાર, ભાલા વગેરેથી પણ ન ડરી શકે, એવા પક્ષીઓના ઉપરની દયા ખાતર ત્યાંથી ચાલી નહિ. હાથી અને હાથણી અહીંથી છૂટાં થયાં. સખીને જણાવે છે કે પોતાના પૂર્વભવના ભર્તારની આશા તો ચાલુ રહી. અને ભૂતકાલના ભવનો ખુલાસો થયા વિના ભૂતકાળના ભર્તારનો પણ ખુલાસો થઈ શકે નહિ. માટે તે પુરૂષદ્વેષિણી રહી છે. જંગલમાં રહેલા જીવોની દયા ખાતર બન્નેએ દયા કરી છે. માટે કર્મ, ફલ વગેરેના સમભાગી હોવા જોઈએ. તેવાનીજ સાથે વિવાહવિધિ કરવી ઉચિત છે. જેનાં કર્મ, ફલ, ઉદય વગેરે જુદાં હોય તેવાની સાથે યોગ્ય વિવાહવિધિ છે જ નહિ. વ્યવહારમાં પણ વય, સમજણ, નાત, જાત આદિ કારણો સરખાં હોય તેની સાથેજ પાણિગ્રહણ કરવું યોગ્ય ગણાય છે. નહિ તો કજોડું બને છે.

જ્યાં આબેહુબ સરોવર છે ત્યાં કુંવરીએ પોતાનો પૂર્વભવ જણાવ્યો હતો. વિસ્મૃત વાત, બીન અનુભવની વાત અહિં સ્મૃતિપંથે આવે છે. ત્યાં પૂર્વભવનું સ્મરણ થયું. હાથી અને હાથણી અહિં સ્ત્રીપણામાંજ હાજર છે.

રાજાના ભંડારમાંથી ચોરી થઇ હોય ત્યારે તેની તપાસ કાંઇ રાજા પોતે કરતો નથી. પોલીસ તે કામ કરે છે. તેમ અહિં સખી ભર્તારને શોધવા તત્પર થઇ.

**જડ ચશમાથી જેમ આંખ રૂપ બની જવાથી હજારો શાસ્ત્રો વાંચી શકાય છે. તેમ આચાર્યાદિપદની આરાધનાથી તીર્થંકરપદ મેળવી શકાય છે.**

**પાપ તો વગર ઇચ્છાએ પણ ચાલુજ છે. પણ ધર્મ તો ઇચ્છાથીજ થાય છે.**

શાસ્ત્રકાર મહારાજા શ્રીજિનહર્ષગણિજી મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે શ્રીવિંશતિ-સ્થાનકચારિત્રની રચના કરતા થકા જણાવી ગયા કે બંધમાં, સત્તામાં તથા ઉદયમાં શુભ દશા માત્ર શ્રીતીર્થંકરનામની છે.

બંધની એકસોવીશ પ્રકૃતિમાં માત્ર ત્રણજ પ્રકૃતિ બંધે, હેતુએ શુભ છે. જિનનામકર્મ તથા આહારકદ્વિક. તેમાં મોક્ષ પ્રાપ્તિ સુધી રહેનાર તો ફક્ત જિનનામકર્મજ છે. અપ્રમત્તગુણસ્થાનક પાસે આહારકદ્વિકનો બંધ નથી. ઉદય નથી. પણ તીર્થંકરનામકર્મ તો ચૌદમા ગુણસ્થાનક સુધી છે. ત્રેશઠ શલાકાપુરૂષોમાં પણ પ્રકૃતિની દૃષ્ટિએ શ્રેષ્ઠ શ્રીજિનનામકર્મ છે. તે સ્વપરોપકાર પરાયણ છે. તે જિનનામકર્મ બંધમાં હોય છે, ઉદયમાં હોય છે, છેવટે મોક્ષ પર્યન્ત રહે પણ છે.

ઉત્તમવસ્તુનો ગ્રાહક કોણ ન થાય? દરેકને શ્રેષ્ઠ જોઇએ છે.

માટીરૂપ કારણથી તો ઘડોજ થાય. તેનાથી પટ ન થાય, પટ તો તાંતણાથીજ થાય. કાર્યોત્પત્તિમાં પોતાનાં કારણો જોઇએ, અન્ય કારણોથી કાર્યસિદ્ધિ થતી નથી. તીર્થંકરનામકર્મ જેવી શ્રેષ્ઠપદવીની પ્રાપ્તિ માટે માત્ર ઇચ્છા કરવાથી ન ચાલે, ઇચ્છામાત્રથી તે મળે નહિં, પણ તેને યોગ્ય શુભકારણો મેળવવાં જોઇએ. દરેક કાર્ય માટે ઈચ્છા માત્ર કામ લાગતી નથી. દુઃખ તથા પાપ માટે કોઈની પણ ઈચ્છા હોતી નથી છતાં તે થાય છે. પણ શુભ કાર્યો માટે તો ઇચ્છાની ખાસ આવશ્યક્તા છે. આ વાત ધ્યાનમાં આવ્યા પછી સમજાશે કે જે જીવ આ ભવમાં અધિકરણનાં જે જે કારણો મ્હેલી જાય તેનું પાપ તો તેને લાગે, પણ જે જે ધર્મોમાં વપરાય તેનું ફળ શી રીતે મળે? શંકા થશે કે ધર્મમાં વપરાયેલા પૈસાનું પુણ્ય કેમ ન મળે? ઇચ્છા પવિત્ર હોય તોજ ધર્મ થાય, નિર્જરા થાય. કર્મોનો બંધ તો વગર ઇચ્છાએ પણ થાય છે. ચઢવામાં પરિશ્રમની જરૂર. ઉતરવામાં પ્રયત્નની જરૂર નથી. ધર્મ તથા પુણ્ય પ્રયત્નસાધ્ય છે. પાપ તથા અધર્મની પ્રવૃત્તિ વિના પ્રયત્ને પણ ચાલુ છે. જો એમ ન માનવામાં આવે તો એકેન્દ્રિય જીવો અનંતાકાલથી તે ભવમાં તે ભવમાં કેમ રખડે છે? જો કે સૂક્ષ્મનિગોદમાં તો કોઈ જીવને મારવાપણું પણ નથી. બીજા જીવો તો પોતે મરે અને બીજાને મારવામાં કર્મ બંધાવે. આ તો બીજાને કર્મ બંધાવવાનું કારણ પણ બનતા નથી. એમ કહીએ તો પણ ચાલે કે અનાદિકાલથી તેઓ પવિત્ર છે! જે બોલીજ શકતા નથી ત્યાં જૂઠું બોલવાની તો વાતજ ક્યાં? જેને ઇંદ્રિઓ વિશેષે નથી તે વળી પાપ પ્રવૃત્તિ કરેજ શી રીતે? એવા જીવો ત્યાં પડી કેમ રહ્યા છે? સિદ્ધ થાય છે કે પાપ વગર ઇચ્છાએ ચાલુ છે–થાય છે. પુણ્ય ઇચ્છાથીજ થાય છે.

હિંસાનાં પચ્ચખ્ખાણ કરવાં તેનું નામજ પ્રાણાતિપાતવિરમણ અને અહિંસા છે. અન્યદર્શનોમાં અહિંસાની વ્યાખ્યા 'હિંસા ન કરવી' એટલીજ! આટલા પૂરતી વ્યાખ્યા જૈનદર્શનને માન્ય નથી. આ વ્યાખ્યા અનુસાર તો એકેન્દ્રિયાદિમાં પણ તે અહિંસાવ્રતનો સંભવ રહે છે.

આથી શાસ્ત્રકારોએ વિરતિનો ધર્મ કહ્યો છે. અવિરતિનું કર્મબંધન કહ્યું છે. તેથી "વિરતિ ન કરી" એમ ન કહેતાં 'અવિરતિ કેટલી ગઇ' તે ગુણસ્થાનકોમાં ગણવામાં આવે છે. વ્રત ન કરવાથી લાભ નહિ, પણ નુકશાન પણ નહિ, એવી માન્યતા સાચી હોય તો કહો કે એકેન્દ્રિય જીવોએ ક્યાં પાપ કર્યાં છે? જેથી તેઓ ત્યાં (તે ભવોમાં) રખડે છે અને ઊંચા આવતા નથી. ત્યાં અવિરતિ કારણ છે.

## જે ચીજ વાપરતો નથી તેની બાધામાં અચકાવાનું શાથી?

કોઇ ભાઈને રાત્રે ખાવાનાં પચ્ચક્ખાણ અર્થાત્ રાત્રે ન ખાવું એવાં પચ્ચકખાણ લેવાનું કહેવામાં આવે ત્યારે તે કહી દે કે, "સાહેબ! હું રાત્રે ખાતો નથી." ખાતો નથી છતાં

પચ્ચકખાણ ન લેવાથી તેનો લાભ લેતો નથી. જૈન કહેરાવવું અને રાત્રી ભોજન કરવું છે તે ચાલે? લગ્નાદિ પ્રસંગે ટીપાર્ટી, રાત્રિભોજનાદિ જાહેરાતપૂર્વક કરવાં છે અને વળી તેમાં લ્હાવો માનવો છે. આવાઓ જૈનધર્મી કહેરાવી પોતાના કુલને લજવે છે.

અમદાવાદમાં પ્રેમાભાઇશેઠે કંદમૂલની બાધા લીધી એવી રીતે કે-"ઘેર વાપરવાની છૂટ, પણ બહાર તો નજ વાપરવું!" તેમને કોઈએ પૂછ્યું કે—તમે આ કેવી બાધા રાખી? બીજાઓ તો બહારની છૂટ રાખે છે જ્યારે તમે બહારની બંધી કરો છો અને ઘરની છૂટ રાખો છો!" તેમણે પોતાનો ઉદ્દેશ સમજાવ્યો કે—"બહાર ખાતો જોઇને કોઇ ધર્મ કે ધર્મિની અવજ્ઞા કરે તો હું ધર્મ તથા ધર્મીની નિંદા કરાવનારો થાઉં. ઘેર કદી ખાવું પડે તો તેથી ધર્મ તથા ધર્મીની નિંદા તો કોઈ કરશે નહિં. આવા આશયથી મારી બાધા આ જાતની છે."

બાધા લેવાની ના કહેવામાં 'અમે રાત્રે ખાતા નથી" એવું કહેનારાઓએ સમજવું જોઈએ કે જે માણસને મીલકત મળી નથી તે તો ત્રીજોરીની વ્યવસ્થા ન કરે તો ચાલે, પણ જેની પાસે મીલકત છે તે કેમ વ્યવસ્થા ન કરે? તેવીજ રીતે રાત્રે ખાનારો તો હજી બાધા લેતાં અચકાય, પણ જે નથી ખાતો તે તેની શા માટે બાધા ન લે? તેણે તો જરૂર પચ્ચક્ખાણ કરી લેવું જોઈએ. રાત્રે નહિ ખાવામાં ધર્મ છે એમ સમજવા છતાં પ્રત્યાખ્યાન ન લેવાય એ તો લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મ્હોં ધોવા જવા જેવું છે. અવિરતિજ પાપ છે માટે વિરતિ કરવીજ જોઈએ. વિરતિજ ધર્મ છે. વિરતિ વગર પાપ કરો કે ન કરો તો પણ પાપ તો એટલુંજ છે. ધૂળનું રહેવું વગર ચોકીએ છે. માલ માટે જેમ ચોકીની જરૂર છે તેમ ધૂલ માટે નથી. અવિરતિરૂપ અધર્મ માટે ચોકીની જરૂર નથી. ધર્મ માટે વિરતિરૂપી ચોકીની જરૂર છે. મનુષ્યે ધર્મ માટે ઉદ્યમ કરવાની જરૂર છે. વિવેક અને ઇચ્છા હોય તો શુભ કારણોદ્વારા શુભકાર્ય અવશ્ય થાય છે. ઘડાની ઇચ્છા હોય તો તે બનાવવા માટી વગેરે કારણોની જરૂર છે. તીર્થંકરપદ ઇચ્છા માત્રથી પ્રાપ્ત થાય નહિં, પણ તે મેળવવા તેનાં કારણો હસ્તગત કરવાં જોઈએ. તે કારણો કયાં? દુનિયામાં પણ પ્રસિદ્ધિ પામેલી ચીજોને પ્રાપ્ત કરવાનાં કારણો પ્રસિદ્ધ હોય છે. અત્ર પણ આ પદ પ્રાપ્ત કરવા માટે ખાસ કારણો વિંશતિસ્થાનકો છે. અરિહંત, સિદ્ધ, પ્રવચન આદિ ત્રણ પદો સંબંધમાં કહી જવામાં આવ્યું છે.

શંકા—ચોથું આચાર્યપદ (સ્થાનક) છે. પોતે તીર્થંકર નથી તો તેમની આરાધનાથી તીર્થંકરપદ કેમ મળે? કુવામાં હોય તો હવાડામાં આવે. જો ચોથો પાયો ન હોય તો તે નકામો છે. અરિહંતાદિની આરાધનામાં તો તીર્થંકરપદ પ્રાપ્ત થાય તે શકય છે, પણ આચાર્યની આરાધનામાં તો તેમનામાં તેવી વસ્તુજ નથી તો પછી તેમની સેવાથી તેવા ફલની આશા આકાશકુસુમ

જેવી છે ને! પત્થરની ગાયમાંથી દૂધ ન નીકળે અને તેમ પત્થરની મૂર્ત્તિની આરાધનાથી પણ ફળ નજ મળે! આચાર્યને સેવવાથી જિનપણું પણ કેમ મળે?

**સમાધાન**—જૈનો માટે તો આ યુક્તિ તદ્દન અસંગત છે. તીર્થંકરના આત્મામાં રહેલું કેવળજ્ઞાન અને કેવળદર્શન કાંઈ બીજાને પ્રાપ્ત થઈ શકતું નથી, તેમ અહિં ગાયના દૃષ્ટાંતમાં ગાયનું દુધ નીકળ્યા પછી તે ગાય ખાલી થાય છે, અને નવું દુધ બને ત્યારેજ બીજું દુધ મળે છે, તેમ અહિં પણ આ દૃષ્ટાન્તથી અરિહંતનું કેવળજ્ઞાન નવું બનાવવું પડે, જૈનધર્મને વિષે એકની આત્મીય વસ્તુ બીજાને ન હોય એવી શ્રદ્ધા જો હોય તો આ વસ્તુ ખ્યાલમાં જરૂર આવે અને નહિં આવે તો, ધર્મ ઉપરની શ્રદ્ધા છોડવી પડશે. પ્રશ્ન થશે કે "આચાર્યાદિમાં સર્વપાપનો નાશ જોવામાં આવતો નથી, તો તે બીજાનાં દરેક પાપોનો નાશ અને જિનપદ કેવી રીતે કરશે?" જેમ દીવો ઝાંખો થઈ ગયો હોય તો પણ સંપૂર્ણ તેલવાળો દીવો તેનાથી લગાડવાથી જેમ તેને ઝગમગતો થવામાં વાંધો આવતો નથી. તેમ અહિં આચાર્યાદિ પંચપરમેષ્ઠિની આરાધનામાં પણ વાંધો આવતો નથી, આચાર્યની આરાધનાથી સર્વપાપનો નાશ તથા તીર્થંકરપદ મેળવી શકાય છે. તેમજ આચાર્યાદિની આરાધનાથી પણ મોક્ષ સિદ્ધ થાય છે.

**દયાનો પ્રભાવ!**

પુરૂષોત્તમ રાજાએ આચાર્યપદની આરાધનાથી તીર્થંકરપદ મેળવ્યું. તે કથાનક આવુ છે. પ્રિયંકર નગરીમાં રાજકુંવરીને હાથી તથા હાથણીને પૂર્વભવનો સંબંધ, વિસ્મૃત થયેલો યાદ આવે છે. તે ભવમાં "દાવાનળમાં પોતાના બચાવની ખાતર બીજા પક્ષીઓ ભસ્મીભૂત થાય તે રીતે જીવવું સારૂં નથી." એમ વિચારી ત્યાં ઉભા રહ્યાનું જાતિસ્મરણ જ્ઞાનથી રાજાને યાદ આવ્યું છે અને કુંવરીને એમ થાય છે કે 'તે દયાના પ્રતાપે તે રાજા થયો અને હું રાજા નથી પરન્તુ રાજ્ય લક્ષ્મી સંપન્ન છું. પોતે દુઃખ વેઠીને યા બીજાઓને છોડાવીને કંઇ કર્યું નથી પણ પોતાના લીધે આ જીવોનો નાશ ન થાય અર્થાત્ બચાવ થાય, રક્ષણ થાય એટલા ઉદ્દેશથીજ આવી સારી સ્થિતિ પ્રાપ્ત થઇ છે." પ્રાણી પ્રત્યે દયા બુદ્ધિ એક કલ્પવેલડીજ છે. વેલડીમાં ઉપર ટોચે ફલ હોય, મૂલમાં ન હોય, તેવી રીતે દયાનું ફલ પરિણતિના છેડે હોય છે. તેમાં પ્રપંચ, માયા કાંઈ ન જોઈએ. દયાની પરિણતિ નિખાલસ હૃદયની જોઈએ. દયા કોની? પોતાની નહિં, પણ જંતુઓની. પોતે ન મરે એવી ભાવના તો આખી દુનિયાને છે પણ તે કાંઈ ખરી દયા નથી. અન્ય પ્રાણીઓ માટેની દયાજ સાચી દયા છે. દયાવાળો જીવ તે ભવમાં ભલે મિથ્યાત્વી હોય, ધર્મ પામ્યો ન હોય, શ્રીજિનેશ્વરદેવ ન મળ્યા હોય, સુદેવ, સુગુરૂ, સુધર્મની પ્રાપ્તિ ન થઈ હોય. અરે! કહો કે જનાવર હોય તો પણ તેને હૃદયમાં દયાની વાસનાના પ્રભાવે, બીજા ભવમાં અવશ્ય બોધિલાભ થાય છે.

મેઘકુમારની કથા પણ આવીજ છે. પૂર્વભવમાં તે પણ હાથી હતો. સસલા પ્રત્યેની દયાથીજ તેણે અઢી દિવસ પગ ઉંચો રાખી મૃત્યુને નોતર્યું હતું. દુનીયાની તમામ ચીજો ચમકભમક થાય છે, પણ દયાની પરિણતિ મૂલસ્વરૂપે કાયમ રહે છે અને તેનું ફળ બીજે ભવે મળેજ છે.

**અભયદાનના ફલની પરંપરા ભવાંતરમાં ચાલુ રહે છે!**

**જેવાં અધિષ્ઠાયક, તેવું ફલ!**

**ચિન્તામણી પાસે કાંઇ નથી પણ અધિષ્ઠાયકદ્વારા તેનું ફલ છે!**

શાસ્ત્રકારમહારાજા શ્રીજિનહર્ષગણિજી મહારાજા ભવ્યજીવોના ઉપકારાર્થે શ્રીવિંશતિસ્થાનક ચરિત્રની રચનામાં જણાવે છે કે સર્વશ્રેષ્ઠ તીર્થંકરપદવી અરિહંતાદિ વીશસ્થાનકોની આરાધનાથી પ્રાપ્ત થઇ શકે છે.

ચોથા આચાર્યસ્થાનકનું નિરૂપણ કરતાં સૂત્રકાર કહે છે કે, ગૌતમસ્વામિની જેમાં 'સેવા તેને મેવા' એ ન્યાયે આચાર્યની પણ આરાધના કરનારને ઘાતિકર્મનો ક્ષય થાય છે.

**શંકા**—જ્યારે આચાર્યની આરાધનાથી તીર્થંકરપદ પ્રાપ્ત થાય એવું નિરૂપણ હોય તો તો પછી સંપૂર્ણનેજ માનવું એવો નિયમ તો ન રહ્યો ને! કુદેવ, કુગુરૂ, કુધર્મને તો માનવાની ના, અને અપૂર્ણ એવા આચાર્યપદની આરાધનાથી તીર્થંકરપદ એ શું?

**સમાધાન**—ચિન્તામણીનો દાખલો લો. તેની પોતાની પાસે રાજ્ય નથી. તેના ટુકડા કરવાથી તેમાંથી રાજ્ય કે ધનમાલ કે ભોગોપભોગના પદાર્થો મળતા નથી છતાં તેના આરાધકને તે રાજ્યાદિ આપે છે. તેનામાં દેવતાઈ પ્રભાવ છે. તેની પાસે રાજ્યાદિ ન હોવા છતાં દરેક વસ્તુ પ્રાપ્ત કરાવવા તે સમર્થ છે. પત્થરમાં રાજ્યાદિ ભોગો આપવાની શક્તિ દેખાતી નથી, પણ તેની મૂર્ત્તિની સેવા કરવાથી રાજ્યાદિની પ્રાપ્તિ થઇ શકે છે. બાહ્યમાં અધિષ્ઠાતાનો તે પ્રભાવ છે. પત્થરની ભગવાનની મૂર્ત્તિમાં અધિષ્ઠાતા ભગવાન્ છે. વેશ્યાની મૂર્ત્તિમાં અધિષ્ઠાતા વેશ્યા છે. જેમ બાયડી રૂપે 'મા' છતાં માને બાયડી કહેવાય નહિ તેમ ચિન્તામણી પણ પત્થર છતાં તેને પત્થર નહિં કહેવાય. તેને ચિન્તામણીજ કહેવું પડે. તેમ ભગવાનની મૂર્ત્તિ પત્થરરૂપ છતાં તેને પત્થર કહેનાર અને માનનાર તો પશુપાલજ હોય. ચિન્તામણિ છે તો પત્થર, પણ તેના અધિષ્ઠાતાના પ્રભાવે આરાધકને ફલ આપે છે તેમ અહિં પણ કુદેવ, કુગુરૂ કુધર્મની આરાધના ફલ ન આપે પણ આચાર્યાદિની આરાધના ફલવતી છે, કેમકે તેના અધિષ્ઠાતા શ્રીતીર્થંકર છે તે પ્રબળ કારણ રૂપ છે, માટે આચાર્યાદિના સ્થાનકોની આરાધના અવશ્ય ફલપ્રદ છે. અધિષ્ઠાતામાં જેવું સામર્થ્ય, તેના આરાધકને તેવું ફલ મળે છે.

**શંકા**—જેમ આચાર્યાદિના અધિષ્ઠાતા

તીર્થંકર છે તેમ દેશવિરતિ તથા અવિરતિના અધિષ્ઠાતા પણ તીર્થંકરજ છે તો દેશવિરતિ તથા અવિરતિ પણ કેમ ન આરાધ્ય ગણાય? અને જો તેમ થાય તો પછી આચાર્યાદિને આરાધવાની જરૂર રહેતી નથી.

**સમાધાન**—હમેશાં અધિષ્ઠાયક દેવો સુલક્ષણવાળાઓનાં હોય છે. કુલક્ષણવાળાઓના દેવતા અધિષ્ઠાયકરૂપે હોતા નથી. દેશવિરતિ તથા અવિરતિની સ્થિતિ વાનર (માંકડા) જેવી છે. તેઓ જિનેશ્વરના ભક્ત ખરા, ભક્તિ કરે ખરા, શ્રીજિનેશ્વરદેવને પોતાના અધિષ્ઠાયક માને ખરા, પણ ક્રિયાકાણ્ડની વાત આવે કે તરત કહી દે છે કે—"ફુરસદ નથી!" આથી તેવાઓ પોતાનાં નામો ફુરસદપંથીઓમાં નોંધાવે છે. 'ઘરનાં છોકરાં ઘંટી ચાટે અને ઉપાધ્યાય તો આટો ફાકે' એ કહેવત ખરેખર અહિં ચરિતાર્થ થાય છે.

## અધિષ્ઠાયક કુલક્ષણવાળાઓનાં હોતા નથી

જેઓએ દેવ, ગુરૂ તથા ધર્મ માટેની પ્રવૃત્તિ ફુરસદ ઉપર રાખી, દેવ, ગુરૂ અને ધર્મનાં નામો ફુરસદની નોટમાં નોંધ્યાં છે તેઓ માટે દેવ આદિ શી રીતે અધિષ્ઠાયક થાય? આથીજ તે પંચપરમેષ્ઠિમાં કે નવપદમાં દેશવિરતિ તથા અવિરતિને સ્થાન નથી, કેમકે તેઓને અર્થ અને કામજ ગમ્યા છે, ધર્મ ગમે છે પણ અર્થ, કામને વાંધો ન આવે તેવી રીતે ધર્મ થતો હોય તો ધર્મ કરવો ગમે છે. પૂજા કરવા જાય પણ ગ્રાહક મળે તો પાછો વળે. આ કઇ સ્થિતિ? આવાઓના દેવ, ગુરૂ અને ધર્મ અધિષ્ઠાયક શી રીતે બને? જેનું લક્ષ્ય કેવળ પૈસોજ હોય, ધ્યેય અર્થજ હોય, અર્થ કામજ હોય, તેમના અધિષ્ઠાયક તે દેવ કહેવાય શી રીતે? પોતે અધિષ્ઠાયકને વાસ્તવિક રીત્યા માન્યાજ કયાં છે? માન્યા હોય તો અર્થ અને કામને પ્રાધાન્ય આપે? કદાપિ નહિં!

અરિહંત, સિદ્ધ અને પ્રવચન પદસ્થો તો આરાધ્યમાત્ર છે. જ્યારે નવપદનાં આચાર્યાદિ ત્રણ પદસ્થો તો આરાધ્ય અને આરાધક બન્ને છે. દેશવિરતિ, અવિરતિ તો કેવળ આરાધકજ છે, આચાર્યાદિ આરાધકો પણ છે. તેઓ યદ્યપિ સંપૂર્ણ ગુણવાન્ નથી છતાં તેઓના અધિષ્ઠાતા અરિહંત ભગવાન્ બલવાન્ હોવાથી તેના આરાધકને તેવું ફલ મળે છે. અને તેથી આચાર્યપદનું આરાધન કરનાર પણ તીર્થંકરગોત્ર બાંધે છે.

પુરૂષોત્તમરાજાએ આચાર્યપદની આરાધનાથી તીર્થંકરગોત્ર બાંધ્યું છે. તે રાજાનું કથાનક ચાલુ છે. સજ્જન મનુષ્યો એકજ વખત સેવા માગે. દુર્જનમનુષ્યોને ઘણીવાર ઉપકાર કરો તો પણ લેખે લાગતો નથી.

તે રાજા વિચારે છે કે:—"હાથીના ભવમાં તો હું જંગલી હતો. હું હાથી તો હતો પણ જંગલી હાથી હતો એટલે મારો આખો જન્મ જુલમી ગયો છે. રૂંવે રૂંવે રોગો ભર્યા હોય પણ તે તમામ રોગો, અમૃતના એકજ છાંટાથી નાશ પામે છે. પલાયન થાય છે તેમ ધર્મનો એક છાંટો મળવાથી જિંદગીના અનર્થોનો નાશ

થાય છે. મ્હેં પણ હાથીના ભવમાં અન્ત સમયે દયાની વિચારણા કરી છે. મેં કાંઈ સહન કર્યું નથી, કાંઈ ભોગ આપ્યો નથી. ફક્ત બચેલાઓને બચેલા તરીકે રાખ્યા તેમાં આટલો બધો લાભ ! કયાં તે ભવમાં જંગલેજંગલમાં ભટકનારો હું હાથી? અને કયાં આ ભવમાં આવો રાજા !" તીજોરીવાળા (શ્રીમંતો)ના મોટાંમોટાં દાનોનાં ફલ લાંબા કાલે તેઓને મળે છે. પણ અભયદાનનું ફલ તો તત્કાલ મળે છે. જે ત્રાસ પામીને આવ્યો હોય તેને બચાવવામાં જે ફલ કહ્યું છે તે એક જન્મમાં ચાલ્યું જતું નથી, પણ જન્માંતર સુધી સાથે આવે છે. અભયદાનના ફલની પરંપરા ભવાંતરમાં ચાલુ રહે છે. બીજાં દાનોનું ફલ એક ભવમાંજ પુરૂં થાય છે.

કુંવરીને પૂર્વભવના સ્વામીને સ્વીકારવાની ઇચ્છા થઈ છે. રાજાને પણ ખ્યાલ આવ્યો છે કે 'પૂર્વભવે જે હાથી હતો તેજ હું રાજા થયો છું.' અહિં હવે દલાલનીજ ખામી છે. પ્રસંગ આવ્યો પરસ્પર અનુકૂળ છે તેનો લાભ ઉઠાવવો જોઇએ, પણ વાત પહોંચાડાય શી રીતે ? સાચી વાત ડહોળાઈ જાય તો તેનો ઊકેલ ન આવે. માટે સાચી વાતને પણ લંબાવવામાંજ લાભ છે. એ વાત સ્હામાના હૃદયમાં ઠસે તેવી રીતે યુક્તિ પુરઃસર કહેવાવી જોઇએ.

**'જીવવા દો' આટલી ભાવના પૂરતી દયામાં પણ જો અજાયબ ફલ છે તો પછી જીવાડવારૂપી દયાના ફલનું તો પૂછવુંજ શું !!!**

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ જિનહર્ષગણિજી મહારાજ ભવ્યજીવોના ઉપકારાર્થે વિંશતિસ્થાનકચરિત્રની રચના કરતા થકા જણાવે છે કે વીશસ્થાનકોની આરાધનાથી તીર્થંકરપદની પ્રાપ્તિ થાય છે. આચાર્યપદની (ચોથા સ્થાનકની) આરાધના કરવાથી કોણે તીર્થંકરપદ મેળવ્યું તે અધિકાર ચાલે છે.

દુનિયાદારીમાં ખીસાની ખોટ બચાવવાની ખાતર વકીલ અગર બેરીસ્ટર ઉપર અને તેની વાત ઉપર આપણા મગજમાં ઉતરે કે ન ઉતરે તો પણ ભરૂંસો રાખવો પડે છે અને તે કહે તેમ ચાલવું પડે છે. બાલ્યવયમાં ગમે કે ન ગમે તો પણ માબાપના કહ્યા મુજબ વર્ત્તવું પડે છે, અને ત્યાં ભરૂંસો રાખવો પડે છે. તેમ અહિં શાસ્ત્રકારોનાં વચનો ઉપર વિશ્વાસ રાખી પ્રવર્ત્તનારાઓ માટે તો શંકાનું સ્થાનજ નથી. પણ શંકાવાળાઓ માટે મુશ્કેલી છે. શંકા વિનાના એટલે કે શ્રેષ્ઠ શ્રદ્ધાવાળાને તો ખાત્રીજ છે કે આચાર્યાદિપદોની આરાધનાથી પણ અરિહંત પદ પ્રાપ્ત થાયજ છે. કેમકે તે પ્રરૂપણા પણ અરિહંતદેવનીજ છે. માટે તે નિઃશંક છે.

પરંતુ એ નીતિવાકય પણ ઉચિત લાગે છે. **अज्ञः सुखमाराध्यः सुखतरमाराध्यते विशेषज्ञः।** વાછરડું જેમ ગાયની પાછળ પોતાની મેળે તણાઈને આવે છે તેમ જેઓ સમજુ છે તેઓ તો પોતાની મેળેજ તણાઈને મહાપુરૂષોની પાછલ આવવાના. ચોકસી કે ઝવેરીઓ ગ્રાહકને બોલાવવા જતા નથી. ગ્રાહકો પોતાની મેળે ત્યાં ચાલ્યા આવે છે. માલ

સારો હોય તો ભલે તેના ઉપર ટેક્ષ પડયો હોય તો પણ તેના ખરીદનારા મળે છે. પણ જે સમજુ પણ નથી,અરે મૂર્ખ પણ નથી,તેવા અધકચરાઓ (દુર્વિદગ્ધો)ને માટે તો **ज्ञानलवदुर्विदग्धं ब्रह्माऽपि तं नरं न रञ्जयति ।** આવું વાકય નીતિકારોએ રચવું પડયું છે. દાધારંગાઓથી દુનિયાદારીના લોકો ભલે સંબંધ છોડે, પણ માબાપથી સંબંધ છોડાતો નથી. અજ્ઞાનીને વચનથી અને સમજુને ઈસારાથી સમજાવવા પાલવે. પણ દાધારંગાઓને ધક્કા મારવા પણ પાલવે નહિ. એમ શાસ્ત્રકારોને માનવું પડે છે. દાધારંગોને શાસ્ત્રકારો તર્કાનુસારી ગણે છે. ત્યારે બીજા બન્ને તો કેવલ ખુલાસા પૂરતા પ્રશ્નોજ પૂછનારા હોય છે.

ભગવાન્ તીર્થંકર માટે એલફેલ બોલનારો, બે સાધુઓને ભસ્મીભૂત કરનારો ગોશાળો પણ છેલ્લે સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. શાસ્ત્રકારોએ તો ત્રણેય પ્રકારના જીવો માટે દરવાજા ખુલ્લા રાખ્યા છે.

અહિં પણ શંકાકાર શંકા કરે છે કે " કુવામાં ન હોય તો હવાડામાં કયાંથી આવે ? તે રીતે આચાર્યાદિમાં તીર્થંકરપણું ન હોઈ તે પદ અન્યને શી રીતે તે આપી શકે ?" વડલાનું બીજ વાવવાથી ફાલી શકે છે. આચાર્ય પણ શ્રીજિનેશ્વરદેવના શાસનના ધોરી છે, તીર્થંકરદેવના પ્રતિનિધિ છે, તેમને કુલ સત્તા છે, તેથી તીર્થંકરપણું પ્રાપ્ત કરાવવાનો તેમનો હક્ક છે. આચાર્યાદિને ધર્મદાસગણીએ શ્રીતીર્થંકરદેવના પ્રતિનિધિ કહ્યા છે. માસ્તર વિદ્યાર્થીને કવિતાની કડી બોલાવે છે તેનાથી વિદ્યાર્થીને ભાન થાય છે ને ! રેકર્ડોમાં પણ પોતાનું શું છે ? પારકુંજ છે તથાપિ અસર કેવી થાય છે ! આચાર્યાદિરૂપ રેકર્ડો શ્રીતીર્થંકરરૂપ માસ્તરોનું બોલેલુંજ કહે છે. પોતાનું રજ પણ ઉમેરી શકતા નથી. આચાર્યાદિ ભગવંતો શ્રીજિનેશ્વરોનો માર્ગ બતાવનારા,તીર્થંકરપદને પ્રાપ્ત કરાવનારા હોવાથી આચાર્યાદિની આરાધના સાચી માર્ગ પ્રકાશક છે. અરિહંતાદિની આરાધનાની જેમ આચાર્યાદિની આરાધના પણ વ્યાજબી છે. કેટલાક બાલકો હેતુને ન સમજે, હુકમને પણ ન સમજે ત્યારે તેમને 'ભાઈ ! બાપુ !!" કહીને સમજાવવા પડે છે ને ! ગાંડા માણસને ઘરમાંથી હાંકી કાઢવાનું ભાઈઓ વગેરે કરે પણ માતાને તે જેમ પાલવતું નથી તેમ શાસ્ત્રકારોને પણ કોઈને બાકાત રાખવાનું પાલવતું નથી. તેથી તેઓએ શ્રદ્ધાનુસારી ન હોય, હુકમ કે યુક્તિથી સમજનારા ન હોય, તેવાઓને પણ શાસનની બહાર કાઢયાજ નથી.

(અપૂર્ણ)

# દેવસૂરતપાગચ્છીય ચતુર્વિધસંઘને સવેલાની ચેતવણી

તમોને સારી રીતે માલમ છે કે સંવત ૧૯૮૯ની પ્હેલાં આખો શ્રીસંઘ પૂર્ણિમા અને અમાવાસ્યાના ક્ષયે કે વૃદ્ધિએ તેરસનો ક્ષય અગર તેરસની વૃદ્ધિ કરતો હતો. અને તે પછી પણ શ્રીદેવસૂરતપાગચ્છવાળો આખો શ્રીસંઘ તો તેમ કરેજ છે. અને તે બાબતમાં ૧૯૯૩માં શ્રીવિજયદેવસૂરિજીનો પટ્ટક કે જે પુનમ અમાવાસ્યાની હાની વૃદ્ધિએ તેરસનીજ હાનિવૃદ્ધિ કરવાનું સ્પષ્ટ જણાવે છે. તે જાહેર થયો અને છપાઇને શ્રીસંઘને મળ્યો, ત્યારથી શ્રીસંઘ જે અબાધિત સમાચારી છે તે આપ્તવાકયોને અનુસરનારીજ છે એમ સમજીનેજ પુનમ કે અમાવાસ્યાની હાનીવૃદ્ધિએ હાનીવૃદ્ધિ તેરસનીજ સાચી માને છે અને કરે છે. છતાં રામપંથીઓ પોતાના ગુરૂની પરંપરાને ઉઠાવી ઉલટું કરવા લાગ્યા છે. અને શાસનને અનુસરનારાઓ જ્યારે તેમની માન્યતા પરંપરા અને શાસ્ત્રથી વિરૂદ્ધ છે એમ સાબીત કરવા તૈયાર થઇ તેમને તેમનો મત સાબીત કરવા આહ્વાન કરી વાદિતરીકે રહી શાસ્ત્રાર્થ કરવા બોલાવે છે ત્યારે તેઓ પ્રતિનિધિના બ્હાને હમ્મેશાં ખસી જાય છે. અને ખસી જશે એમ જાહેર થયું છે, પણ તેઓએ નીચેના વાદો વિચારવા જેથી તેમનો પ્રતિનિધિની વાતનો પડદો ચીરાઇ જાય.

૧. પાર્શ્વનાથભગવાનના ઉદ્દકપેઢાલ અને ગૌતમસ્વામીજીનો વાદ શ્રીસૂયગડાંગમાં છે.
૨. સ્કન્દક અને ભગવાનમહાવીરનો વાદ શ્રીભગવતીમાં છે.
૩. ગાંગેય અને મહાવીરમહારાજનો વાદ પણ શ્રીભગવતીમાં છે.
૪. પાર્શ્વનાથના સ્થવિરો અને વીરપ્રભુનો વાદ. શ્રીભગવતીમાં છે.
૫. કાલોદાયીઆદિનો વાદ પણ તેમાં છે.
૬. શ્રીરાયપસેણીમાં પ્રદેશિરાજા અને કેશિકુમારનો વાદ છે.
૭. શ્રીઉત્તરાધ્યયનસૂત્રમાં કેશિકુમાર અને શ્રીગૌતમસ્વામિજીનો વાદ છે.
૮. શ્રીઉપાસકદશાંગમાં ગોશાલા અને તેના દેવાદિ સાથે શ્રાવકના વાદો છે.

આ બધા વાદોમાં કોઈએ કોઇને પ્રતિનિધિ નીમવાની વાત કરી નથી. માટે આ રામપંથ તે એમ બોલીને ખસી જતાં પોતાની તેથી હલકાઈ કરે છે.

●

૧. શ્રીસિદ્ધચક્રમાં જાહેરાત કે માન્યતા શિવાયની વાતની ચેલેંજને લખનાર, છાપનાર અને તેનો કલ્પિત ઉહાપોહ કરનાર પત્રના જે આગેવાનો અને સંચાલકો છે તે સજ્જનોને તો ધીક્કાર લાયક ગણાય.

૨. કથીર કેવા બેહુદારૂપે થયું છે કે જેથી તેના રામ૦જીને પોતે અલગ પાડે છે. અને રામ૦જી પણ અલગ પડે છે. એ તો તું કરજે તગારો અને હું કરીશ ટેક. જાણનારો તો એ જાણે છેજ કે કર્ત્તુ, અકર્ત્તુ કે અન્યથાકર્ત્તુ રામ૦જી જે હતા અને છે. પ્રરૂપણાની જૂઠાઇ શું શું નથી કરાવતી? રાજકુમાર સાધુ જમાલીની પણ એથીજ ભુંડી દશા હતીને?

# ભકિત એજ પાળ છે

અનાદિ કાળથી પરિવર્તનશીલ સંસારમાં જીવો અનંતાનુબંધિઆદિ જોકે ચારે ગતિમાં પર્યટન કરી રહેલા હોય છે. તે પરિભ્રમણનો જો કોઇપણ બચાવ કરી શકતું હોય તો તે માત્ર ઉત્તમપુરૂષોની ભકિતજ છે. ઉત્તમપુરૂષોની ભકિત સિવાય કોઈપણ કાળે કોઈપણ સંસારના પરિભ્રમણનો નાશ કરી શકયો નથી અને કરે પણ નહિ, જો કે ભગવાન્જિનેશ્વરમહારાજાઓ પોતાના અન્ત્ય ભવમાં સ્વયંસંબુદ્ધ હોય છે. અને તેઓ કોઇના પણ શિષ્ય તરીકે એટલે ભકત તરીકે હોતાજ નથી. પરંતુ એ ભકિત કરીને ભકત બનવાનું નહિ હોવાનું માત્ર તેઓના અન્ત્ય ભવની અપેક્ષાએજ રહ્યું છે. પરંતુ તીર્થંકરમહારાજને પણ અન્ત્યભવ સિવાયના ભવોની અપેક્ષાએ તો મહાપુરૂષની ભકિતમાંજ લીન રહેવાનું હોય છે. અને તેથીજ તે શાસ્ત્રકારો તેમની તે અવસ્થાને લઇને દેવ ગુરૂબહુમાની વગેરે વિશેષણો લાગુ કરે છે. અન્ત્યભવમાં—ભગવાન્જિનેશ્વરમહારાજાઓ કોઇના પણ ભકત કે શિષ્ય ન હોઇને કોઇની ભકિત કરનારા ન પણ હોય, તો પણ તેઓ ભકિતમાર્ગમાં દાખલ થયેલા નથી અથવા ભકિતમાર્ગે તેઓને સંસારનો કાંઠો આપ્યો નથી એમ તો કહી શકાયજ નહિ. શ્રદ્ધાલુજૈનોને એ હકીકતો પૂરેપૂરી ધ્યાનમા છે કે ભગવાન્ જિનેશ્વરમહારાજને જો કોઈપણ વસ્તુ જિનેશ્વરપણું આપતી હોય તો તે માત્ર અરિહંતાદિ વીસપદોની ભકિતજ આપે છે. જો કે એ વાતમાં તો એ મત નથીજ કે ભગવાન્જિનેશ્વરમહારાજાઓ તે અરિહંતાદિકની ભકિતદ્વારાએ થતું સંસાર પરિભ્રમણનું વારણ પોતાને માટે ગૌણ તરીકે રાખી માત્ર ભવ્યજીવોના સંસારપરિભ્રમણના અંતને માટેજ તેઓ મુખ્ય તરીકે વીશસ્થાનકની આરાધના કરે છે. પરંતુ ખલાસી મુસાફરોને તારવા માટે જ્યારે વહાણને સામા કાંઠે લઇ જાય છે ત્યારે ખલાસી પોતે પણ તે વહાણદ્વારાએ તરેજ છે. જો કે ખલાસીનો તે વખતે મુખ્ય મુદ્દો પોતાને તરવા માટેનો હોતો નથી, પરંતુ મુખ્ય મુદ્દો તો મુસાફરોને તારવાનોજ હોય છે. તેવીજ રીતે ભગવાન્ જિનેશ્વરમહારાજાઓ મુખ્યત્વે સંસારમાં પરિભ્રમણ કરી રહેલા અન્યજીવોને તારવા માટે અરિહંતમહારાજાદિકની ભકિત વિગેરે કરી આરાધના કરે છે. પરંતુ પોતાના આત્માને પણ તે ભકિતદ્વારાએ તીર્થંકરનામગોત્રવાળો બનાવવા સાથે ત્રણ ભવ સિવાયના આખા સંસારના પરિભ્રમણને નાશ કરવાવાળોજ થાય છે. અને તેથીજ **तइयभवो सक्कइत्ताणं** એમ કહી ત્રણ ભવ સિવાયના સમગ્ર સંસારપરિભ્રમણનો નાશ અરિહંતાદિકની આરાધનાની વખતે તેઓની ભકિતથીજ થતો જણાવે છે. એટલે સ્પષ્ટ સમજાય તેમ છે કે ભગવાન્ જિનેશ્વરમહારાજને પણ સંસારના પરિભ્રમણનો નાશ જે બને છે તે પણ માત્ર ભકિતનોજ પ્રભાવ છે. અને ભગવાન્જિનેશ્વર મહારાજ સિવાયના તો સર્વ મોક્ષમાર્ગને અનુસરનારા અગર મોક્ષમાર્ગને આરાધનારા જીવોને તે ઉત્તમપુરૂષોની ભકિતજ સંસારના પરિભ્રમણને નાશ કરવા માટે આવશ્યક એવો કર્મોનો નાશ કરી દે છે. અને તેથીજ શાસ્ત્રકારો પણ સ્પષ્ટ શબ્દોમાં ફરમાવે છે કે—

**भत्तीइ जिणवराणं खिज्जंति पुव्वसंचिया कम्मा**—' અર્થાત્ અનેક પૂર્વભવોમાં બાંધેલાં એટલુંજ નહિ. પણ સંચય કરીને ઢગલો કરેલાં એવાં કર્મો પણ ભગવાન્જિનેશ્વરમહારાજની ભકિતથીજ જીવો નાશ કરી શકે છે. આ વાત જ્યારે ખ્યાલમાં આવશે ત્યારેજ ભગવાન્જિનેશ્વરમહારાજની આરાધના માટે દેવવંદન

અનેક વખત કેમ કરવામાં આવે છે. અને તે દેવવંદનમાં ચૈત્યવંદનથી **नमुत्थुणं** થી **लोगस्स** થી **अरिहंतचेइआणं** થી **सव्वलोए अरिहंतचेइआणं** થી શ્રુતસ્તવની આદિમાં **पुक्खरवरदीवड्ढे** ની ગાથાથી **सिद्धस्तव**માં પણ **जो देवाणवि देवो** વિગેરે ગાથાઓથી વારંવાર ભગવાન અરિહંત મહારાજને વંદન અને તેમની આરાધના કેમ કરવામાં આવે છે? તે સ્હેજે સમજાશે.

ધ્યાન રાખવું જરૂરી છે કે ભગવાન જિનેશ્વર મહારાજ આદિ ઉત્તમપુરૂષોનું વંદન, પૂજા, કિર્તન આદિ આરાધનવાળાઓજ સંસારમાં રખડાવનાર કર્મોને નાશ કરનાર છે. એમ નહિ, પરંતુ ભગવાન જિનેશ્વર મહારાજ જેવા મહાપુરૂષની કથા એટલે ચરિત્રની કથાનું કરવું તે પણ અનેકભવમાં મેળવેલાં અને અનેકભવ સુધી કટુવિપાકને દેનારાં એવાં કર્મોનો નાશ કરવાને માટે સમર્થ છે, અને તેથી શાસ્ત્રકારો આવશ્યકસૂત્રમાં પણ એ વાત કહે છે કે **'भवसयसहस्समहणीए'** અર્થાત્ ઘણા લાંબા ભવોના વખતથી સંચિત કરેલાં કર્મોને નાશ કરનારી અને અનંતા ભવોનાં મૂળને ઉખેડી નાંખનારી એવી ભગવાન્ ઋષભદેવજી આદિ ચોવીશ તીર્થંકરમહારાજાઓની કથાઓ એટલે ચરિત્રોજ છે. અને તેથી તે આવશ્યકક્રિયા કરનાર મહાનુભાવ પ્રાર્થના કરે છે કે તેવી ચિરંતર પાપને નાશ કરનાર અને અનંત ભવને મથનાર એવી ભગવાન જીનેશ્વર મહારાજની કથાદ્વારાએ–મ્હારા દિવસો વ્યતિક્રાન્ત થાઓ. આવી રીતે આવશ્યકક્રિયાના વચનની માફક કલિકાલસર્વજ્ઞ ભગવાન્ હેમચંદ્રાચાર્યમહારાજ પણ એજ વાત જણાવે છે કે **'महात्मनां कीर्तनं हि, श्रेयोनिःश्रेयसास्पदं।'** અર્થાત્ મહાપુરૂષોની કથા ને ચરિત્રદ્વારાએ કીર્તન જે કરવામાં આવે તે કલ્યાણ અને મોક્ષનું કારણ છે. આ સર્વ હકીકત ધ્યાનમાં લેનાર મનુષ્યને તે વાત પણ હવે બરોબર ધ્યાનમાં આવશે કે દેવતાઓ પણ ભગવાન જિનેશ્વર મહારાજની ભક્તિ માટે જે બત્રિશબદ્ધ નાટક કરે છે તેમાં છેલ્લામાં છેલ્લું નાટક ભગવાન્ જિનેશ્વર મહારાજના ચરિત્રો એટલે છેલ્લા ચ્યવન વિગેરેના બનાવોથી પ્રતિબદ્ધ હોય છે. અર્થાત્ તેવી રીતે ચરિત્રોનો અભિનય કરવા દ્વારાએ ભગવાન્ જિનેશ્વર મહારાજના ચરિત્રને આગળ કરવા દ્વારાએ ભક્તિનું પર્યવસાન કરવામાં આવે છે. ઉપર જણાવ્યા પ્રમાણે વંદન આદિથી આરાધનારૂપ ભકિત જેમ થાય છે તેમજ તેમની કથા અને ચરિત્રદ્વારાએ પણ ભક્તિ થાય છે. અને તેવીજ રીતે ભકિતમાં લીન થએલા મનુષ્યોએ શાસ્ત્રકારમહારાજાઓ જે વાકય જણાવે છે તે ખરેખર યોગ્યતાને પ્રદર્શિત કરે છે.

શ્રીઉવવાઇ અને ભગવતીજીઆદિ સૂત્રકાર મહારાજાઓ જણાવે છે કે **'महाफलं खलु तहारूवाणं अरिहंताणं भगवंताणं नामगोयस्सवि सवणयाए'** તેમજ **'महाफलं खलु तहारूवस्स समणस्स माहणस्स वा नामगोयस्सवि सवणयाए'** અર્થાત્ તેવા ઉત્કૃષ્ટ સ્વરૂપ એવા અરિહંત ભગવંતોના નામગોત્રને સાંભળવામાં પણ મહાફળ છે. વળી તેવા શુદ્ધપ્રરૂપક અને શુદ્ધ આચારવાળા સાધુમહાત્માના નામગોત્રને સાંભળવામાં પણ ઘણું ફળ છે. સૂક્ષ્મદ્રષ્ટિથી વિચાર કરનારો પુરૂષ સ્હેજે સમજી શકે તેમ છે કે ભગવાન અરિહંત મહારાજાની ભક્તિનું આલંબન જેઓ સંસારપરિભ્રમણના નાશને માટે કરે છે. અને વળી જેઓ કલ્યાણ અને મોક્ષની પ્રાપ્તિદ્વારાએ સંસારના પરિભ્રમણનો નાશ કરવા માટે પણ જીનેશ્વર મહારાજની કથા એટલે ચરિત્રની સ્તવનાદ્વારાએ પોતાના દિવસોને નિર્ગમન કરવા ચાહનારાઓ ભક્તિને નવપલ્લવ કરે છે તે ભાગ્યશાલિપુરૂષો ભગવાન જીનેશ્વર મહારાજ અને તેમના જેવા તારક પુરૂષોના નામોને સાંભળવાથી પણ અત્યંત તીવ્ર શુભવીર્યોલ્લાસવાળા થાય છે. અને તેથી તેઓ તેમાં મહાફલને મેળવે તેમાં કોઇપણ પ્રકારની અતિશયોકિત નથી એટલે મહાપુરૂષોની વંદનાદિ આરાધનાદ્વારાએ અને યાવત્ મહાપુરૂષોની કથાનું કીર્તન કરવાદ્વારાએ મહાપુરૂષોના નામગોત્રના જાપ અને શ્રવણદ્વારાએ ભકિત કરનારા ભવ્યજીવોને ભકિત એ ખરેખર કર્મથી બચવાની પાળ તરીકે ઉપયોગમાં રહે છે.

# સમાલોચના

૧. આચાર્ય શ્રીવિજયદેવસૂરિજીના કહેલા અને સંવત ૧૮૯૫માં લખાયેલ બહાર પડેલા પટ્ટકની જાહેરાત છતાં રામપંથિયોજ તે પટ્ટાથી તથા સકલ શ્રીસંઘની આચરણાથી વિરૂદ્ધ બોલે છે, લખે છે, માને છે અને આચરે છે.

૨. અમુક આચાર્યના પ્રતિનિધિપણાની જરૂર કહેવાથી તો હવે રામપંથિયો અને રામ૦જી શાસ્ત્રાર્થની નજીક આવ્યા છે અને એ સારૂંજ છે.

૩. સમર્થ હોવાથી અનેક વખત પાટ ઉપરથી મળવાની જાહેરાત કરી અને રામ૦એ મૌનજ પકડયું છતાં તે વાત લેખક ઓળવે છે. સુધાકરને તો બધા રામપંથિયો અંગારાકર તરીકે તેથીજ દેખે છે.

૪. રામ૦જીએ પ્રતિનિધિ નથી નીમ્યો અથવા તે નીમેલ પ્રતિનિધિ અધમની કોટીમાંથી નીકળ્યો છે. એમ કહેનારે ચક્ષુ ખોલીને તે વખતના અંકો જોવા.

૫. રામપંથિયો સિવાય કોઈપણ શાસનપ્રેમી પર્વતિથિનો લોપક છે નહિ, તેમ પર્વતિથિ માનીને તેના નિયમો ન પાળવાનું કહેનાર પણ નથીજ.

૬. એકત્રતાની દાનતવાળો સ્વછંદપણે અને શાસ્ત્ર વિરૂદ્ધપણે પર્વ અને પર્વનિયમોનો લોપક બની શાસનમાં ભેદ કરનાર નજ હોય.

૭. રામ૦જીના લેખો બીજાના નામે એટલા માટે લખાતા હોય તો સારૂં નજ ગણાય કે વખત આવ્યાં શ્રીકાંતની માફક સરકાવી દેવાય. અહિં તો તંત્રી પણ લેખકની સાથે જવાબદારી ૧૯૯૨ની માફક ઓઢે છે. જો કે રામ૦જીએ તો તેનો પણ જાહેર જવાબ માગ્યા છતાં નજ દીધો.

૮. સંવચ્છરીની શાસ્ત્રપુરાવાને અનુસરતી કરણીને રામ૦જીના નિહ્નવ જેવા ઢોઢઢાયા કુમતનું બીજ કહેનાર કંથેરનું બીજ કલ્પવૃક્ષનું મૂલ છે એમ કહેનારોજ ગણાય.

૯. સ્હામા પક્ષને પ્રતિનિધિ નીમવાની વાત ખોટી રીતે છટકી જવા માટે ઢોંગ કરનાર રામપંથિયોએ પોતાના તપસ્વી મહાપુરૂષ આદિ તરફથી મુખત્યારનામું દીધાની અને રામ૦જી એને લીધાની જ્હેરી જાહેરાત કરવી તો જોઈએજ.

૧૦. એક લેખકે મર્યાદાકાલને ભોગકાલ લખ્યો તેમાં બીજાને ચેલેંજ કરનાર એવા પોતાના મતને પ્રચારવા રોકેલા પગારદારોનાજોખમમાંથી ખસવાનો પ્રપંચ રામ૦જી ખેલે છે. પણ તે ટકી શકતો નથી. સાથે આરાધનાની તિથિનીચેલેંજમાં પ્રતિનિધિનો પડદો કેમ લેવાય છે?

# સાગર સમાધાન

પ્રશ્ન—વ્યવહારરાશિ અને અવ્યવહારરાશિ કોને કહેવી ?

સમાધાન—જગતમાં જે સંસારી જીવોનો સમુદાય છે. તેમાં જેઓ કોઈપણ કાલે 'આ જીવ' એવો વ્યવહાર થઇ શકે તેવી રીતે બાદરપૃથ્વીકાય આદિ પ્રત્યેકમાં આવ્યા નથી તેઓ જીવના વ્યવહારથી રહિત હોવાને લીધે અવ્યવહાર-રાશિવાળા એમ ગણાય છે અને જેઓ બાદરપૃથ્વીકાય આદિ પ્રત્યેક અવસ્થામાં કોઇપણ કાલે આવ્યા હોય પછી ભલે તે કદાચિત્ સૂક્ષ્મ અવસ્થામાં કે સાધારણ એવી નિગોદ અવસ્થામાં જાય તો પણ વ્યવહારરાશિમાં ગણાય છે. કેટલાકો જીવના શરીરદ્વારાએ પૃથક્પણાને વ્યવહારને ન ગણતાં સૂક્ષ્મ-નિગોદનેજ માત્ર અવ્યવહારરાશિ તરીકે ગણીને બીજા બધા સંસારી જીવોને વ્યવહારરાશિમાં ગણે છે.

પ્રશ્ન—વ્યવહારરાશિ અને અવ્યવહારરાશિમાં પરસ્પર અલ્પબહુત્વ શી રીતે છે ?

સમાધાન—સીધી રીતે વ્યવહાર અને અવ્યવહારરાશિમાં અલ્પબહુત્વ શાસ્ત્રમાં કહ્યું હોય એમ સંભવ નથી. કારણકે અવ્યવહારરાશિની કલ્પનાજ યૌક્તિક છે. અને તેની સિદ્ધિ માટે **अत्थि अणंता जीवा जेहिं न पत्तो तसाइपरिणामो** એ શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણજીઆદિની કરેલી ગાથાઓનો આધાર લેવાય છે. પરન્તુ સાદી સમજથી એમ કહી શકાય કે જીવના શરીરદ્વારા વ્યવહારિ-પણાને ગણતાં વ્યવહારરાશિવાળા જીવો કરતાં અવ્યવહારરાશિયા અનંતગુણ છે, પરન્તુ એકલી સૂક્ષ્મનિગોદનેજ અવ્યવહારરાશિ તરીકે ગણે તો કદાચ અવ્યવહારિયા અસંખ્યગુણાજ થાય.

પ્રશ્ન—સર્વ જીવોનું મૂલસ્થાન અવ્યવહારરાશિજ છે એમ ખરૂં ?

સમાધાન—સર્વજીવોનું મૂલસ્થાન અવ્યવહારરાશિજ છે એવું તેઓજ માની શકે કે જેઓ બાદરપૃથ્વીકાયાદિપણાની પ્રાપ્તિથી વ્યવહારરાશિપણું માને. પરન્તુ જેઓ બાદરનિગોદપણાઆદિની પ્રાપ્તિથી વ્યવહારરાશિ માનનારા હોય તેઓ સર્વજીવોનુ મૂલસ્થાન અવ્યવહારરાશિ છે એમ માની શકે નહિં કેમકે એ વાત તો બન્ને પક્ષવાળા માનેજ છે કે જેટલા જીવો મોક્ષે જાય તેટલા જીવો અવ્યવહારમાંથી વ્યવહારમાં આવે છે અને મોક્ષે ગયેલા જીવો તો એક નિગોદ-

નો અનન્તમો ભાગજ હમ્મેશ માટે છે.

પ્રશ્ન—વ્યવહારરાશિવાળા જીવો અનાદિ ખરા કે નહિ ?

સમાધાન—બન્ને માન્યતાવાળા વ્યવહારરાશિને તો અનાદિ માને છે, એક વર્ગ વ્યવહારરાશિને અપરાપર જીવોની વ્યવહારિપણાની પ્રાપ્તિની અનાદિતાને લીધે મનુષ્યપણાદિની માફક અનાદિ માને ત્યારે બીજો વર્ગ વ્યવહારરાશિના જીવો વ્યવહારીપણામાંજ અનાદિકાલથી છે એમ માની નિગોદ અને અવ્યવહારરાશિની માફક તેને અનાદિ માને.

પ્રશ્ન—**अत्थि अणंता**૦ એ ગાથામાં ત્રસાદિપરિણામ અને નિગોદવાસ જણાવીને અવ્યવહાર અને વ્યવહારનો વિભાગ કરે છે એમ નહિ ?

સમાધાન—જેઓ બાદરપૃથ્વીઆદિથી વ્યવહારીપણું માને કે જેઓ બાદરનિગોદમાં આવવાથી વ્યવહારિપણું માને તે બન્ને વર્ગને આ ગાથામાં ઉપલક્ષણથી વ્યાખ્યાન લેવુંજ પડે. પ્હેલા પક્ષવાળા **तसादि** નો અર્થ કરતાં પશ્ચાનુપૂર્વીથી બાદરપૃથ્વીપણા સુધી જાય અને બીજો વર્ગ **निगोयवासं** નો અર્થ માત્ર સૂક્ષ્મ નિગોદ લેવી એમ અર્થ કરે. અહિં ત્રસાદિ અને નિગોદશબ્દ હોવાથી જો તેમ ન કરવામાં આવે તો ત્રસપણું નહિં પામેલા સમગ્ર જીવોને અવ્યવહારરાશિવાળા ગણવા પડે અને તેવી માન્યતાવાળો તો કોઈ વર્ગ છે નહિં. એટલુંજ નહિં પરન્તુ તેમ માનવા જતાં પૃથ્વીઆદિ જે બાદરો પૃથક્ પૃથક્ જીવપણાદ્વારા કે શરીરના બાદરદ્વારા વ્યવહારમાં આવે છે તેને પણ વ્યવહારરાશિવાળા એ છે એમ માનવાનો પ્રસંગ રહે નહિં.

પ્રશ્ન—શ્રીમહાવિદેહક્ષેત્ર અને ભરતઐરવતક્ષેત્રમાં માસ–ઋતુ–વર્ષ અને યુગઆદિની શરૂઆત માટે કેટલું આંતરૂં છે ?

સમાધાન—શ્રીભગવતીજીના પાંચમાશતક પ્હેલા ઉદ્દેશાના **अणंतरपुरक्खउसमयंसि**૦ વાકયથી તથા શ્રીસૂર્યપ્રજ્ઞપ્તિઆદિનાં તેવાં વાકયોથી એ નક્કી થાય છે કે જે સમયે ભરતઐરવતમાં વર્ષા આદિનો આરંભ થાય તેના પછીના બીજા સમયથીજ શ્રીમહાવિદેહમાં વર્ષાઋતુ આદિનો આરંભ થાય છે. ભરતમાં શ્રાવણ વદ એકમના સંધ્યાકાલથી યુગનો આરંભ છે. મહાવિદેહમાં દિનારંભથી હોય.

# તીર્થયાત્રા-સંઘયાત્રા

( વર્ષ ૧૦ : અંક ૨ થી ચાલુ )

## પુસ્તક સંગ્રહ પછી રાખવાનું યોગ્ય સ્થાન ક્યાં ?

આ બધી હકીકત વિચારનારને સ્હેજે સમજાશે કે શાસ્ત્રપુસ્તકોનો સંગ્રહ શાસનની રક્ષા અને તેની પ્રવૃત્તિને માટે સાધુ મહાત્માઓએ રાખવાનો છતાં તે શ્રમણોપાસકવર્ગના ઉપાશ્રયમાંજ મુખ્યતાએ રાખવાનો હોય છે, છતાં ઉપાશ્રયમાં તેવું સ્થાન ન હોય અને કોઇ તેવા શ્રદ્ધાસંપન્ન કુટુમ્બવાળા શ્રાદ્ધવર્યને ઘેર પણ રાખવામાં આવે તો તેમાં અનુચિતતા નથી ગણી. પરન્તુ તેવી રીતે રાખવામાં આવેલ પુસ્તકસંગ્રહ ગચ્છના માલીકને જણાવીનેજ રાખવાનો બને અને તેમ ન કરે તો તે શ્રમણ કે જે તેવી ગેરરીતિએ પુસ્તક રાખે તે શિક્ષાને પાત્ર થાય અને થતો હતો એ વાત ગુણરત્નસૂરિજી મહારાજના સામાચારીના વચનોથી નક્કી થાય છે.

निरुपद्रवशालासद्भावे धनिके च स्थितवति निजपुस्तिकोपकरणादि श्राद्धगृहे न मोच्यं सर्वथाऽपि, कारणे च पुष्टे यदि मुच्यते तदा गुर्वादिमुख्यानां साधूनां च स्फुटं दर्शयित्वैव, यदन्यथा मुक्तं तत् श्रीगुरुसत्कम् ।

## પુસ્તકોનું સ્થાનાન્તર કઇ રીતિએ થાય ?

વાંચકવર્ગને હવે એક વાતનો વિચાર જરૂર આવશે કે શાસ્ત્રપુસ્તકોની ઉત્પત્તિ અને તેનું સ્થાન નક્કી થયા છતાં પણ જે વખતે તે પુસ્તકોને સ્થાનાન્તર કરવાની કોઇપણ ઉપદ્રવાદિકને અંગે જરૂર પડે ત્યારે શ્રમણભગવંતો તેનું સ્થાનાન્તર કેવી રીતે કરે ? આ વિષયમાં સ્પષ્ટ કહેવું જોઇએ કે ઉપર જણાવેલી સામાચારીમાંજ જણાવવામાં આવે છે કે પુસ્તક શિવાય સાધુએ પોતાની કોઇપણ વસ્તુ ગાડાં આદિક દ્વારાએ વહેવડાવવી નહિં. એટલે સ્પષ્ટ થાય છે કે સાધુભગવંતોને પોતાનાં પુસ્તકો સ્થાનાન્તરે લઇ જવાની જરૂર પડે કે લઈ જવાં હોય તો ગાડાંઆદિક વાહનદ્વારાએ લઇ જઇ શકે. જેમ આ વાત આચાર્ય મહારાજ શ્રીગુણરત્નસૂરિજીથી પ્હેલાના કાળમાં થયેલી પ્રાકૃતગાથાની સામાચારીથી સિદ્ધ થાય છે, તેવીજ રીતે સહસાવધાની-મારીનિવારક આચાર્યમહારાજશ્રી મુનિસુન્દરસૂરિજીના અધ્યાત્મકલ્પદ્રુમમાં જણાવેલા નીચેના વચનોથી પણ સાધુભગવંતો પુસ્તકસંગ્રહનું સ્થાનાન્તર શકટાદિકવાહનોદ્વારાએ કરે અને કરતા હતા એમ સ્પષ્ટ થાય છે.

संयमोपकरणच्छलात् परान् ,भारयन् यदसि पुस्तकादिभिः । गोखरोष्ट्रमहिषादिरूपभृत्तच्चिरं त्वमपि भारयिष्यसे ॥ २०९ ॥ २८ ॥

धनवि०—हे आत्मन् ! संयमोपकरणच्छलात्—चारित्रोपकरणमिषाद् यद्—यस्मात्पुस्तकादिभिः आदिशब्दात्स्थपनिकादिभिः,परान्—भारवाहकादीन् भारयन्—भारवहनविषयीकुर्वन्नसि तत्—तस्मात्कारणात्त्वमपि तैः परभवे गौश्च—बलीवर्दः खरश्च—रासभः उष्ट्रश्च—करभो महिषश्च—कासरस्ते आदौ येषां ते तथा तेषां रूपं बिभर्त्तीति गोखरोष्ट्रमहिषादिरूपभृद् . आदिपदाद्गजतुरगादिपरिग्रहः चिरं—चिरकालं भारयिष्यसे—भारवहनविषयीकरिष्यसे ॥ २०९ ॥ २८ ॥

रत्न०—अथ दुष्प्रयुक्तत्वमेव वासःप्रभृतीनां ज्ञापयन्नाह- संयमोपकरणच्छलादिति० व्याख्या—हे मुने ! त्वं परान् भारवाहकगोक्रमेलकाश्वतरादीन् पुस्तकादिभिः हेतुभिर्भारयन्नसि—भारितान् कुर्वन्नसि, कस्मात् ?—संयमस्योपकरणानि २ तेषां छलं—मिषं तस्मात्, इमानि

संयमस्योपकरणानि संतीति वाहितानि शुद्ध्यंतीति दंभतः, ततो हेतोस्त्वमपि भारयिष्यसे,त्वं किंलक्षणः ?- गोखरोष्ट्रमहिषादीनां पशूनां रूपं बिभर्षीति गोखरोष्ट्र-महिषादिरूपभृत्, तेषामवतारं प्राप्तस्सन्नित्यर्थः,कथं ?- चिरं-चिरकालं, बहूनवतारान् यावदित्यर्थः, मानुष्यात् पातेन मा, तैरेवेति कर्त्तृपदं गम्यं ॥ २०९ ॥ २८ ॥

ચારિત્રના ઉપકરણના બ્હાનાથી પુસ્તકવિગેરેથી બીજાઓને ભારવહન કરવાના વિષયવાળો છે તે કારણથી તું પણ તેઓ વડે પરભવમાં બળદ-ગધો-ઉંટ-પાડા વિગેરેના રૂપને ધારણ કરનારો થઈ લાંબા કાલ સુધી ભારને વહન કરવાના વિષયવાળો થઈશ. આ ભય કરતા વસ્તુના માટે કહી છે. આવા પુસ્તકને અંગે તેમાં ઘણાં અસત્પ્રયોગવાળા સ્થાનો છે.

## જૈનશાસનમાં લીલાને નામે અધમ-વર્ત્તનનું સ્થાન નથી.

ભગવાન્ જિનેશ્વરમહારાજના શાસનની અંદર જો કે પ્રાપ્ત કરવા તરીકે તો કેવલજ્ઞાન કે જે લોકાલોકનું પ્રકાશક અને સર્વકાળમાં અન્યૂનાધિકપણે રહેવાવાળુંજ છે અને તેનુંજ પરમ ધ્યેયપણું છે. પરન્તુ તે કેવલજ્ઞાન અગર સર્વજ્ઞપણું આઠે કર્મોમાં મુખ્ય સરદાર જેવા મોહનીયકર્મને સર્વથા હણ્યા શિવાય કોઇ કાલે કોઇપણ જીવને થઈ શકતું નથી ઇતરદર્શનકારોમાં પણ કૈવલ્યવાળા જીવો રાગ દ્વેષ કે મોહવાળા હોય છે, એમ માનવામાં આવેલું નથી, તો પછી યથાર્થ-પદાર્થોને પ્રતિપાદન કરનાર ત્રિકાલાબાધિત એવા શ્રીજિન-શાસનની અંદર તો તેવી અયોગ્ય માન્યતા હોયજ ક્યાંથી ? જો કે અન્યમતવાળાઓ પોતે માનેલા દેવોના વર્ત્તાવના બચાવને માટે લીલાને નામે બધી અધમપ્રવૃત્તિઓને પણ બચાવી લે છે. પરન્તુ અચ્યુ-ચ્ચિન્નપ્રભાવશાળી જૈનશાસનમાં પરમ આરાધ્ય એવા દેવને અંગે અને પરમ ઉપાસ્ય એવા ગુરૂને અંગે લીલાને નામે કે કુલના બાલકને નામે કોઈપણ અધમવર્ત્તનને ચલાવી લેવામાં આવતી નથી.

## મોહનીયના નાશેજ સર્વકર્મનો નાશ અને અન્તે સિદ્ધિપદ.

એટલે શ્રી જૈનશાસનના મન્તવ્ય પ્રમાણે તો કોઈપણ મોહનીયકર્મના ચાળાવાળો મનુષ્ય એટલે રાગદ્વેષથી અંશે પણ લેપાયેલો મનુષ્ય સર્વજ્ઞ થવાને કે સર્વજ્ઞતા યુક્તપણું મનાવવાને કોઇ દિવસ લાયક થઇ શકે નહિં. જો કે એ વાત સર્વથા અનુભવ અને શાસ્ત્રવચનોથી સિદ્ધ છે કે સામાન્યરીતે પરિણતિ અને જ્ઞાન એ બે જુદી અને સ્વતંત્ર વસ્તુઓ છે અને તેને અંગે જૈનશાસ્ત્રકારો પણ સ્પષ્ટપણે તે બે એના સાધન તરીકે મોહનીયકર્મનો નાશ અને જ્ઞાનાવરણીયકર્મનો નાશ જણાવી મોહનીય અને જ્ઞાનાવરણીય નામનાં કર્મો જુદાં જુદાં માનેજ છે. અને તે અપેક્ષાએ પરિણતિ અને જ્ઞાનને સામાન્યરીતે જુદાં માનવામાં આવે છે અને તેથીજ જગત્‌માં પણ કેટલાક જીવો ઉત્તમ પરિણતિવાળા છતાં જ્ઞાનની મંદતાવાળા અને અધમ-પરિણતિવાળા છતાં પણ જ્ઞાનની તીવ્રતાવાળા કેટલાક જીવો દેખાય છે. પરન્તુ જ્ઞાનને રોકનારાં જ્ઞાનાવરણીય કર્મોનો સર્વથા બંધ અને ઉદયાદિથી રોધ ત્યારેજ થઇ શકે કે જ્યારે પરિણતિને બગાડનાર એવા મોહનીયકર્મનો સર્વથા નાશ થાય. કેમકે જ્ઞાનાવરણીયકર્મને બાંધવામાં જો કોઇ કારણો હોય તો તે જ્ઞાન-જ્ઞાની કે જ્ઞાનનાં સાધનો ઉપર દ્વેષ થવો ઇર્ષ્યા થવી, અંતરાય કરવો, અને અપલાપ કરવો વિગેરે છે અને તે સર્વ કારણો પરિણતિની અધમતાને લીધેજ છે. અને તે પરિણતિની અધમતા ટળ્યા શિવાય જ્ઞાનાવરણીયનો નવો બંધ થતો

શકાયજ નહિં. તો પ્રાચીનકાળમાં થયેલા બંધનો સર્વથા નાશ તો થઈ શકેજ શી રીતે? આ હકીકત સર્વજ્ઞપણાને કે વીતરાગપણાને અંગે સ્હેજે વિચારી શકાય તેવી છે. સર્વજ્ઞ વીતરાગપણા શિવાયની અવસ્થામાં પરિણતિઓના અને જ્ઞાનના અનેક ભેદો હોવાથી કોઇ કોઇક સાધનદ્વારાએ પરિણતિને સુધારી શકે અને તેથી સારી પરિણતિવાળો થઇ શકે અને કોઈક મનુષ્ય કોઇક સાધનદ્વારાએ જ્ઞાનનાં સાધનો મેળવી કે કેળવીને જ્ઞાનસમ્પન્ન થઇ શકે. જગત્‌માં દીવાના પ્રકાશને વાયુના આલંબનની જરૂર રહે, પરન્તુ તેથી હીરાના પ્રકાશમાં પણ વાયુના આલંબનની જરૂર છે એમ માનવાને કોઈપણ વિચક્ષણ મનુષ્ય તૈયાર થાય નહિં. એટલે છદ્મસ્થપણામાં પરિણતિ અને જ્ઞાનને બીજાં બીજાં સાધનો દ્વારાએ મેળવવાનું બની શકે તેથી સર્વજ્ઞપણું અને [illegible] રાગપણું પણ બીજાં સાધનો દ્વારાએ બની શકે [illegible] ાની શકાયજ નહિં. વળી સામાન્યરીતે હીરા જેવા કિંમતી પદાર્થોમાં પણ તેજની અધિકતા અને નિર્દોષતા બન્ને એકસરખાં હોવાનો નિયમ નથી. કેટલાક હીરાઓ તેજસ્વી હોય છે, છતાં નિર્દોષ નથી હોતા અને કેટલાક નિર્દોષ હોવા છતાં તેવા તેજસ્વી નથી હોતા. પરન્તુ દેવમણી કે ચિન્તામણી જેવા સર્વોત્તમપદાર્થોમાં અપૂર્વ તેજ અને અપૂર્વ નિર્દોષતા બન્ને હોયજ છે. કોઈપણ દેવમણી દોષવાળો હોય કે તેજ રહિત હોય એમ બની શકેજ નહિં. તેવી રીતે શુદ્ધઆત્માને અંગે મોહના ચાળા હોય અને સર્વજ્ઞપણું હોય એમ બની શકતુંજ નથી. આજ કારણથી ભગવાન્ જિનેશ્વરમહારાજાઓને મોહનીયકર્મના નાશને માટે અને તે નાશદ્વારાએ સર્વજ્ઞપણું મેળવવા માટે શાસનની સ્થાપના કરવાની જરૂર રહે છે. અને તે શાસનની સ્થાપનામાં મુખ્યતા મોહનીયકર્મના નાશનીજ હોવાને લીધે શાસનના સાધુ-સાધ્વી-શ્રાવક અને શ્રાવિકા એવા ચાર વિભાગો કરવામાં આવેલા છે. જો કે જાતિભેદને કેટલાક કારણો સર ભિન્ન ગણવાની જરૂર જણાયાથી શાસનના ચાર ભેદ જણાવવામાં આવ્યા છે, પરન્તું જો તે જાતિભેદને એક બાજુ કરીએ તો માત્ર સાધુ અને શ્રાવક અર્થાત્ ત્યાગી અને ભોગી એવા બેજ વર્ગ રહે છે. અને તેથીજ શાસ્ત્રકારો સ્થાનેસ્થાને ધર્મના અગારધર્મ અને અણગારધર્મ એવા બે ભેદોજ જણાવે છે આવી રીતે શાસન-ધર્મ કે તીર્થના જણાવવામાં આવેલા ચાર ભેદો કે બે ભેદોની સ્થાપના માત્ર મોહનીયકર્મના નાશદ્વારાએ સર્વજ્ઞપણું મેળવી સિદ્ધિપદ મેળવવા માટેજ છે.

## શ્રુતજ્ઞાનની રચના અને મહર્દ્ધિકતા શા માટે ?

છતાં તે મોહનીયકર્મનો નાશ કરાવવા માટે ભગવાન્ જિનેશ્વરમહારાજાઓને શ્રીગણધરો પાસે દ્વાદશાંગીરૂપી શ્રુતની રચના કરાવવાની થાય છે. ભગવાન્ જિનેશ્વરમહારાજાઓ તીર્થની એટલે અગારધર્મ અને અણગારધર્મ પામનારાઓની જે સ્થાપના કરે છે તે મોક્ષમાર્ગને પ્રવર્ત્તાવવા માટેજ છે. અને તેથી સ્થાને સ્થાને ભગવાન્ તીર્થંકરમહારાજની બે પ્રકારની મોક્ષમર્યાદા જણાવવામાં આવે છે. એક તો તેમના શાસનની સ્થાપના પછી મોક્ષમાર્ગ વહેવાનું એટલે મોક્ષ પામવાનું કયારથી શરૂ થયું અને ભગવાન્‌ના નિર્વાણ પછી કેટલી પાટો સુધી મોક્ષ પામવાનું ચાલુ રહ્યું. જો કે શાસનની પ્રવૃત્તિ તો તે મોક્ષગામીયોનો પ્રવાહ બંધ થવા છતાં પણ ભગવાન્ વીર મહારાજના અને બીજા જિનેશ્વરોના શાસનમાં ચાલુ રહેલી છે અને રહેવાનીજ છે. પરન્તુ તે શાસનની પ્રવૃત્તિમાં જોડાયેલા મહાત્માઓને આ ભવમાં અનન્તરપણે મોક્ષની પ્રાપ્તિ

ન થાય તો પણ એકાવતારિપણાનો લાભ તો સંખ્યાતીત મહાત્માઓ તે શાસનને પ્રભાવેજ મેળવી શકે છે. આવી રીતે ભગવાન્ જિનેશ્વરમહારાજાઓ મુખ્યત્વે મોક્ષ પ્રાપ્તિ અને તેનાં સાધન માટે શાસનની સ્થાપના કરે છે અને તે શાસન જગત્‌માં પ્રવર્તે છે. પરન્તુ એ બધાનો જો કોઇપણ આધાર હોય તો તે માત્ર શ્રુતજ્ઞાનજ છે. આજ કારણથી શ્રુતજ્ઞાનની મહત્તા વચનવિષયની બ્હાર છે. અને તેથીજ શાસ્ત્રકાર સ્થાને સ્થાને કેવલજ્ઞાન કરતાં પણ શ્રુતજ્ઞાનની મહર્ધિકતા જણાવે છે. તે મર્દ્ધિકતા એકલી પ્રરૂપણામાં રહેલી છે એમ નહિં, પરન્તુ ભગવાન્ જિનેશ્વરમહારાજના સમવસરણમાં કેવલજ્ઞાન નહિં પામેલા એવા પણ ગણધરમહારાજાઓ દ્વાદશાંગીરૂપી શ્રુતના પ્રણેતા હોવાથી કેવલિમહારાજના સમુદાય કરતાં આગળ બેસે છે. ખુદ કેવલિમહારાજાઓ જેમ વ્યવહારને માટે ભગવાન્ જિનેશ્વરમહારાજને પ્રદક્ષિણા કરી પ્રણામ કરે છે, તેવીજ રીતે સમવસરણમાં આવવાવાળા સર્વ કેવલિમહારાજાઓ વ્યવહારને અંગેજ તીર્થ એટલે ગણધરોને નમસ્કાર કરીને તે ગણધરોની પછવાડેજ બેસે છે. આવી રીતે શાસ્ત્રમાં જણાવેલી વસ્તુને વિચારનારો વિચક્ષણ મનુષ્ય શ્રુતજ્ઞાનની મહત્તાને સમજ્યા શિવાય રહેશે નહિં. અને આ વાતનો જ્યારે ખ્યાલ આવશે ત્યારેજ સૂર્યાભ વિગેરે દેવતાઓ અવધિજ્ઞાનની સારી સ્થિતિને ધરાવવાવાળા હોવા છતાં પણ પુસ્તકરત્નનું કેમ પૂજન કરે છે એનો ખ્યાલ આવી જશે.

## ત્રણે લોકમાં પુસ્તકરત્નની સદ્‌ભાવના

વાંચકવર્ગે ધ્યાન રાખવું કે દેવલોકોમાં જે પુસ્તકરત્નો છે તે પુસ્તકો સ્ફટિકનાં પત્રાના છે અને અક્ષરો અરિષ્ટરત્નોનાં છે અને બીજી બધી પણ પુસ્તકને લખવા, સાચવવા લાયકની સામગ્રી તેની જોડેજ હોય છે અને તે પણ સર્વ રત્નાદિમયજ હોય છે. જો કે દેવલોકનાં પુસ્તકરત્નો નથી તો લખેલાં કે નથી તો લખવાનાં ? એ પુસ્તકરત્નો તો રત્નમય છે. છતાં જે તે પુસ્તકરત્નોની સાથે ઉત્પત્તિ અને રક્ષણની સામગ્રી વર્ણવવામાં આવી છે અને રાખવામાં આવી છે તે પુસ્તકરત્નની અદ્વિતીયતા જણાવવા માટે છે. તિર્છાલોકમાં વિજયદેવતાદિકની રાજધાનીમાં પણ તેવાં પુસ્તકોનો સદ્‌ભાવ અને તેની વિજયાદિકદેવોએ કરેલી પૂજા શાસ્ત્રને જાણનારાઓથી અજાણી નથી. એવી રીતે અધોલોકમાં પણ ચમરેન્દ્રઆદિની સભાઓમાં તેવી રીતનાં પુસ્તકો તેવીજ રીતે સાધન સહિત હોઇને યોગ્યતા અને આદરને પાત્ર બની રહ્યાં છે, આવી રીતે ત્રણે લોકમાં પુસ્તકરત્નોનું પૂજન નિયમિતપણે ચાલતું જાણ્યા પછી કયો શાસનપ્રેમી મનુષ્ય પુસ્તકના આરાધન તરફ લક્ષ્ય રાખ્યા શિવાય રહી શકશે ?

## શાસનની પ્રવૃત્તિ શાથી ?

જો કે ભગવાન્ વીરમહારાજના શાસનમાં શ્રમણોપાસકની અપેક્ષાએ જિનદાસના ચરિત્રને જાણનારાઓ સારી રીતે સમજી શકે છે કે સર્વકાળ ધાર્મિક પુસ્તકોની હયાતિ હોય, પરન્તુ સાધુભગવંતો કે જેઓ નિરૂપાધિક જીવનનો પ્રવાહ ધારણ કરવાવાળા હોય છે તેઓને પુસ્તકની સાથે તેટલો બધો સંબંધ ન્હોતો. પરન્તુ દુષમાકાલના પ્રભાવથી મેધા અને ધારણાની હાનિ થવાને લીધે શાસનના ધુરંધર યુગપ્રધાનોએ સાધુભગવંતોને માટે શ્રુતઆગમનાં પુસ્તકો પણ પ્રચલિત કરીને શાસનની સ્થિરતા સંપાદન કરી છે. અને તે શાસનની સ્થિરતાના સાધનભૂત આગમો અને શાસ્ત્રપુસ્તકોજ છે. એ તાત્ત્વિક હકીકતને સમજવાવાળા શ્રીકુમારપાલમહારાજવિગેરે રાજાઓ, શ્રીવસ્તુપાલ

મહામાત્ય વિગેરે સચિવો અને અનેક શ્રીમન્તોએ લાખો અને કરોડોનો વ્યય કરીને ધાર્મિક એવા આગમ અને શાસ્ત્રપુસ્તકો લખાવ્યાં છે. આટલો બધો શાસન ધુરંધરોનો ધાર્મિકપુસ્તકોના રક્ષણના માટે પ્રયત્ન છતાં દિગમ્બર ભાઇઓને માર્ગથી બ્હાર જવાનું થયું. અર્થાત્ ભગવાન્ જિનેશ્વરમહારાજના શાસનથી જુદા પડી ગયા અને તેઓને એવું કહેવા અને માનવાની ફરજ પડી કે ભગવાન્ જિનેશ્વરમહારાજના વચનોરૂપ આગમનો તો સર્વથા વ્યુચ્છેદજ થઇ ગયેલો છે અને વર્ત્તમાનકાળમાં જે શાસનની પ્રવૃત્તિ ચાલે છે તે તો માત્ર આચાર્યભગવંતોના વચનને આધારેજ છે. એટલે તાત્ત્વિકદૃષ્ટિએ એમ કહી શકાય કે દિગમ્બરોના મત પ્રમાણે **जिणपण्णत्तं तत्तं** એમ વર્તમાનમાં કહેવું અને માનવું તે સાફ ખોટી હુંડી અને ખોટા ચેક જેવું છે. તેઓના મતે તો **आयरियपण्णत्तं तत्तं** એ વગેરે વાક્યો બોલવાં તેજ સત્ય છે. વાચકવૃંદ વિચાર કરશે તો માલમ પડશે કે જો કોઇપણ એવું સ્થિર સાહિત્ય સ્થાપિત થયેલું હોત કે જે પાનાં અને તાડપત્રની માફક માત્ર અનેક અગ્નિઆદિ ઉપદ્રવો ન સહન કરવાથી કિયત્કાલ સ્થાયિ નહિં, પણ શિલાલેખોની માફક ચિરકાળ સ્થાયી રહેવાવાળું હોત તો આ દિગમ્બરોને આવી રીતે માર્ગથી વિમુખ થવાનો અને પોતાના આત્માને સંસારસમુદ્રમાં ડુબાડવાનો પ્રસંગ આવત નહિં. આ વાત તો સુજ્ઞોની જાણ બ્હાર નથીજ કે કાલની વિષમતા તો આગળ આગળ અધિકજ આવે છે અને વર્ત્તમાનમાં શાસનને માનનારા વર્ગની પરમ્પરામાં પણ શાસ્ત્રોને તથા તેના ભાગોને નહિં માનનારા કે દિગમ્બરભાઇઓની માફકજ ઉલટપાલટ નહિં કરનારા નહિં નીકળે એમ કહી શકાય નહિં. તો તેવી વખતે ભગવાન્ જિનેશ્વરમહારાજના શાસનના બચાવને માટે તેવા સ્થિર સાહિત્યને ઉત્પન્ન કરવાની શાસનના ધુરંધરોને ઓછી જરૂર નથી, એ વાત તો સ્હેજે સમજી શકાય તેવી છે કે પ્રાચીનકાળનું જો કોઇપણ લખાણ મળી શકતું હોય તે કાગળમાં લખેલું નહિં, તાડપત્રમાં લખેલું નહિં, ભૂર્જપત્રમાં લખેલું નહિં, પરન્તુ માત્ર મહારાજા ખારવેલાદિના લેખોની માફક શિલા ઉપર લખાયેલાં લખાણો મળે છે. વળી દિગમ્બર મતની ઉત્પત્તિ પ્હેલાં જો ભગવાન્ જિનેશ્વરમહારાજના આગમોનું શિલામાં લીપીબદ્ધપણું થયું હોત તો દિગમ્બરોને એ કહેવાનો વખતજ ન મળત કે ભગવાન્જિનેશ્વરમહારાજના આગમો વ્યુચ્છિન્ન થયેલાં છે. વળી સ્થાનકવાસી વગેરે જે બત્રીશ સૂત્રો માન્ય બાકીનાં સૂત્રોનો અપલાપ કરે છે તે પણ ભગવાન્જિનેશ્વરમહારાજના આગમો જો શિલાઓમાં કોતરાવાયેલાં હોત તો તેમ બોલી શકતજ નહિં. પ્રાચીનકાળની સ્થિતિને સમજવાવાળાઓ સારી પેઠે સમજી શકે તેમ છે કે પ્રાચીનકાળમાં દેશાન્તરથી સામાનનું દેશાન્તર સંક્રમણ કરવું ઘણુંજ અગવડ ભરેલું હતું. ચૌદમીસદીનો ઇતિહાસ એ પણ સાક્ષી પુરે છે કે એક રાજ્યથી બીજા રાજ્યમાં સામાનનો સંક્રમણ કરવો તે પણ મુશ્કેલ હતો. વર્ત્તમાનકાળમાં જેવી રીતે અગ્નિયંત્રાદિકનાં સાધનોથી અને સમગ્ર [illegible] એક સત્તામાં આવેલાં હોવાથી શીલાઓ કારીગરો અને સામાનોનો સંક્રમ કરવો જેટલો અનુકૂલ છે તેટલો વચલાકાળમાં હોય એમ સંભવિતજ નથી. અને તેથી તે સવડનો લાભ શાસનના મૂલભૂત આગમોની સ્થિરતાને માટે કરવામાં શાસનની શ્રદ્ધા ધરાવનારાઓ કટિબધ્ધ થાય અને ભગવાન્ જિનેશ્વરમહારાજના આગમોને શીલાઓમાં ઉત્કીર્ણ કરે તે

શાસનને માટે અસાધારણ આશીર્વાદ સમાન ગણાય

## મોક્ષના મૂલરૂપ ચારિત્રની જડ કઇ ?

વર્ત્તમાન જમાનામાં દરેક વિચક્ષણ પુરૂષ જ્ઞાનની મહત્તાને સ્વીકારે છે, જ્ઞાનની આરાધ્યતાને સ્વીકારે છે. પરન્તુ જ્ઞાનના આરાધનનું પર્યવસાન એકલું જપમાલા કે કાયોત્સર્ગ આદિમાંજ પૂરૂં કરે છે, પરન્તુ જ્ઞાનની તરફ પૂજ્યતા બુદ્ધિ ધારણ કરીને આરાધ્યતા તરફ લક્ષ્ય દેવાનું ઓછું થાય છે. તે ન્યૂનતા પણ આવી રીતે શીલાબદ્ધ આગમો થવાથી જરૂર દૂર થઇ શકે. તાડપત્ર કે કાગલના પાનાઓ ઉપર લખાયેલાં પુસ્તકોને અભિષિક્ત કરવાનું અશક્યજ હોય છે. ચંદનાદિકનું પૂજન પણ તેને માટે અશક્યજ હોય છે. પરન્તુ તામ્રપત્ર આદિની માફક પુષ્પચંદનાદિકથી નુકસાન નહિ પામનારા આગમો જો શિલાદિદ્વારા મૂર્તિમંત ઉદ્ભવે તો ખરેખર તેનાં પૂજન-અભિષેક-ચંદન-પુષ્પ વિગેરે જ્ઞાનનાં શ્રદ્ધાલુજનો બરોબર કરી શકે.

વાચકવૃંદને એ વાત તો ખ્યાલમાં છે કે જેમ જ્ઞાન-જ્ઞાની અને જ્ઞાનના સાધનો ઉપર અરૂચિ, દ્વેષ, ઇર્ષ્યા, અંતરાય, આશાતના અને ઉપઘાત વિગેરે કરવાથી જ્ઞાનાવરણીયકર્મનો બંધ થાય છે તેમજ જ્ઞાન-જ્ઞાની અને જ્ઞાનનાં સાધનો ઉપર ભક્તિભાવ રાખવાથી, તેનું પૂજન કરવાથી, તેની આરાધના કરવાથી, તેને ઉત્પન્ન કરવાથી, તેનું રક્ષણ કરવાથી, તેની વૃદ્ધિ કરવાથી યાવત્ તેના ગુણગાનો અને પ્રચાર કરવાથીજ જ્ઞાનાવરણીયકર્મનો નાશ પણ વાસ્તવિક રીતિએ થઇ શકે છે. અને તેથીજ શ્રદ્ધાલુ મનુષ્યોએ મોક્ષના મૂલરૂપ ચારિત્રની જડ તરીકે જો કોઇપણ હોય તો તે શ્રુતજ્ઞાનજ છે. એમ સમજી તે જ્ઞાનક્ષેત્રના આરાધનને માટે જીંદગીપર્યન્ત કટિબદ્ધ થવું જોઇએ. આવી રીતે જ્ઞાનક્ષેત્રની સ્થિતિ સમજાવ્યા પછી યાત્રિકોના નેતાને પોતાના દ્રવ્યનો સદ્વ્યય કરવા માટે આગળ જણાવેલા વીતરાગનાં ચૈત્ય-મૂર્ત્તિ અને જ્ઞાનનાં ક્ષેત્રોની માફક ભગવાન્ જિનેશ્વરમહારાજે તે જ્ઞાનના આધાર તરીકે નમાયેલા અને મોક્ષમાર્ગના પ્રવાસી એવા સ્થપાયેલા શ્રીચતુર્વિધ સંઘરૂપી જે ચાર ક્ષેત્રો છે તેની આરાધનાને અંગે વિચાર કરવા માટે પ્રયત્ન કરીએ.

(અપૂર્ણ)

# સમાલોચના.

૧. કર્મણિપ્રયોગમાં કર્મ ઉક્ત થવાથી પ્રથમામાં આવે છે. એમ કહેનારો કૃત્યપ્રત્યયો કર્મને કહેનારા હોવા સાથે શક્તિ અગર યોગ્યતાને અધિકપણે કહે છે. એમ ન સમજે ત્યારે વિમર્શશૂન્ય છે. એમ કહેવાય.

૨. આરાધ્યપણાએ કઈ તિથિ અર્થાત્ પર્વતિથિ માનવી એ સ્પષ્ટ અર્થને સમજનાર મનુષ્યો તો સ્હેજે સમજે કે હાનિમાં બદલીને અને વૃદ્ધિમાં રોકીને પહેલી તિથિનેજ આરાધ્યપણામાં લાવવાની વાત છે. અને તે થયા પછી આરાધના તો આપોઆપજ આવે છે. આ સમજનારાઓજ પ્રાક્‌નો ઇત્યર્થ ઉપાદેયા કેમ કહેવો પડયો અને તેરશની વ્યપદેશનો અભાવ કહેવા સાથે ચૌદશનોજ વ્યપદેશ થાય છે એમ કેમ કહેવું પડયું તે સ્હેજે સમજી શકે.

૩. શું વિમર્શ ધરાવનાર મનુષ્ય કદાપિ એમ માની શકે કે જે ગ્રંથકાર ચઉદશના ક્ષયે તેરશને તેરશ તરીકે કહેવાનીજ ના પાડે તે ગ્રંથકાર તેરશને ચઉદશના ક્ષયની વખતે આરાધ્ય તરીકે ગણાવે? વૃક્ષનો અભાવ માની શાખાનો સદ્‌ભાવ માનનારા તો આજકાલ વિમર્શથી શૂન્યોજ પાકે.

૪. જે શાસ્ત્રકાર ચઉદશના ક્ષયની વખતે તેરશને તેરશ તરીકે ન કહેતાં તેને ચૌદશ તરીકેજ ગણાવાનું જણાવે તે શાસ્ત્રકાર ચઉદશના ક્ષયે તેરશ આરાધ્યતિથિ તરીકે મનાવે છે. એમ કહેનારો કેવો શાસ્ત્રકારને કલંકિત કરનાર છે એ હકીકત વિમર્શવાળો તો જરૂર સમજે.

૫. જે શાસ્ત્રકાર અષ્ટમીના ક્ષયની વખતે અપર્વ પૌષધ નહિ માનનારને પણ સાતમ ન માનતાં આઠમ માનવાનું સાબીત કરી સમજાવે છે. તે શાસ્ત્રકાર આઠમના ક્ષયે સાતમનેજ આરાધ્યતિથિ તરીકે ગણે છે. એમ બોલનાર નિહ્નવોની દશા પણ ન બોલંધતો હોય તો સારૂં.

( કથીર ! રામ૦ વિમર્શ )

( ટાઈટલ પાના ૪ નું ચાલુ )

જ્યારે મૂર્ત આકારે હોય છે ત્યારે સમ્યગ્દર્શનઆદિ ચાર પદો કે જેઓ ધર્મસ્વરૂપ છે તેઓની સ્થાપના તો અક્ષરો દ્વારાજ કરવી પડે છે. આ બધું વિચારનાર મનુષ્યને સ્પષ્ટપણે સમજાશે કે આસ્તિકોને આરાધવા લાયક દેવ, ગુરૂ અને ધર્મ એ ત્રણે તત્ત્વો છતાં પણ ભકિતનું સ્થાન તો ઉપાસ્ય એવા દેવ અને ગુરૂ તત્ત્વમાંજ રહેલું છે. અને આજ કારણથી શાસ્ત્રકારો પણ વંદન-નમસ્કાર-સત્કાર અને સન્માનની જગો પર ઉપમા રહિતપણે વર્ણન જણાવે છે. પરંતુ પર્યુપાસના અને ઉપાસનાની જગો પર તો દેવતા, ઇષ્ટદેવતાની મૂર્તિ, કલ્યાણકારી પદાર્થ અને મંગલકારી પદાર્થની ઉપમા દઇને પર્યુપાસનાની અભિલાષાની રીતી વ્યક્ત કરે છે. વંદનનમસ્કારાદિરૂપ ભકિત-દેવ આદિ ત્રણે તત્વોની બનવા છતાં ઉપાસના રૂપ ભકિત તો માત્ર દેવ અને ગુરૂતત્વનીજ બની શકે છે. કેમકે તે મૂર્તિમાન છે એમ જણાવી તે ઉપરની વાત સ્પષ્ટ કરે છે. આવી રીતે દેવ અને ગુરૂતત્વને અંગે પર્યુપાસના વગેરે ભકિતનું મહત્વ હોવાથીજ જગતમાં ધર્મતત્વના ભેદો કરતાં પણ દેવ અને ગુરૂતત્વના ભેદો વિશેષ બહાર આવેલા છે અને આવે છે.

જૈનશાસ્ત્રકારને જાણનારાઓથી એ વાત તો અજાણી નથીજ કે ભગવાન્ મહાવીરમહારાજના વિદ્યમાનપણામાં ગોશાળો અને જમાલી સરખા મનુષ્યો અને તે પણ શિષ્યો તરીકે જાહેર થયેલા છતાં પણ પોતાના ભગવાન્ મહાવીરમહારાજના પ્રતિસ્પર્ધી તરીકે અને દેવ તરીકે કે છેલ્લા તીર્થંકર તરીકે મનાવવાને બહાર પડેલા હતા.

જેવી રીતે દેવતત્વને અંગે અસર્વજ્ઞ અને અવીતરાગ એવા પણ જીવો પોતાની મહત્તા કરવા માટે દેવ તરીકે બહાર પડ્યા હતા તેવીજ રીતે ભગવાનના નિર્વાણ પછી થયેલા નિહ્નવો પોતાને સદ્ગુરૂ તરીકે બહાર પાડવાનું ચુકયા ન હતા. સુજ્ઞપુરૂષોએ સમજવું જોઈએ કે શાસન અને શાસનપ્રણાલિકાથી વિરૂદ્ધ થનારા મનુષ્યો પોતાના આત્માની સાથે પોતાના ભક્ત થનારાઓને, તેમાં પણ મહામિથ્યાત્વના ઉદયથી પોતાના અનન્યભક્ત બનનારા વર્ગને મહામિથ્યાત્વના ઉદયમાં ડુબાડવાની સાથે અનંત ભવભ્રમણરૂપી અપાર સંસાર સમુદ્રમાં ડુબાડનારા થાય છે,અને આજ કારણથી શાસ્ત્રકાર મહારાજાઓ તેવા શાસન અને શાસન-પ્રણાલિકાથી વિરૂદ્ધ જનારા વર્ગને માટે સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે તેઓ મિથ્યાત્વના અભિનિવેશે કરીને અને અસદ્ભાવો એટલે શાસન અને શાસનપ્રણાલિકાઓમાં નહિં એવા પદાર્થો અને પ્રણાલિકાઓએ કરીને જીવોને ભરમાવતા અને કદાગ્રહમાં ખેંચતા રહે છે. અને તેથી પોતાના આત્માને અને બીજા આત્માને અધમતમ સ્થિતિમાં પહોંચાડી સંસારસમુદ્રમાં રખડાવવા-વાળા થાય છે. આવા શાસન અને શાસનપ્રણાલિકાથી વિરૂદ્ધ થનારા અને વિરૂદ્ધપણે વર્તનારા મનુષ્યો કેવળ શાસન અને તેની પ્રણાલિકાની વિરૂદ્ધતા રાખતા હોય છે એમ નહિ,પરંતુ તેવા શાસન અને શાસનપ્રણાલિકાથી વિરૂદ્ધ-પણે વર્તનારા જીવો શાસનને અંગે જેમ અપલાપિઓ બને છે,તેમ શાસન અને શાસનપ્રણાલિકાને અનુસરનારા આચાર્યભગવંતો ઉપાધ્યાયમહારાજાઓ ગુરૂદેવો શ્રી-ચતુર્વિધસંઘ, ગચ્છ અને કુલ એ બધા જે સંસાર સમુદ્રથી ખરેખર તારનારા અને આલંબનરૂપ પદાર્થો છે તેના અપજશને કરનારા હોય છે. તેના અવર્ણને કરનારા હોય છે. તેની અપકીર્તિને કરનારા હોય છે તેની છાયાનો નાશ કરનારા હોય છે. એટલુંજ નહિ પરંતુ રાતદિવસ તેવા શાસન અંગારાઓનુ ધ્યાન માત્ર શાસન અને શાસનની પ્રણા-લિકાનું નાશ કરવા તરફજ હોય છે. એટલે ધર્મધ્યાન અને શુકલધ્યાનની તો તેવા શાસનના અંગારાઓમાં સ્વપ્ને પણ છાયા સરખી ન હોય, પરંતુ આર્ત અને રૌદ્ર ધ્યાન જેવા ધ્યાનોમાં પણ કલ્પી ન શકાય તેવા રૌદ્રધ્યાનમાંજ તેઓનું ચિત્ત વર્તતું હોય છે, આ વસ્તુ જ્યારે સમજવામાં આવશે ત્યારેજ સુજ્ઞ મનુષ્યો સ્હેજે સમજી શકશે કે એવા શાસનના અંગારાઓ કે જેઓ શાસન અને શાસનની પ્રણાલિકાથી જુદા પડ્યા

( જૂઓ ટાઈટલ પાનું ૨ જું )

# ભયંકર ભક્ત કયો ?

સામાન્યરીતે જગતના અસ્તિકદર્શનકારો શ્રદ્ધા અને આસ્તિકતામાં ધાર્મિક તત્ત્વની જડ દેખતા હોવાથી તથા સર્વદર્શનકારોએ સામાન્યરીતે માનેલા મોક્ષની મૂલ જડ શ્રદ્ધા અને આસ્તિકતામાં હોવાને લીધે ભક્તિનો પ્રવાહ દિવસે દિવસે અને ક્ષણે ક્ષણે સર્વને ખીલવવાનોજ હોય છે. કોઇપણ આસ્તિકદર્શન ભક્તિના માર્ગથી વિમુખ છે નહિ અને વિમુખ રહી શકેજ નહિ. દરેક આસ્તિક મનુષ્યો પોતપોતાને ઇષ્ટ એવા દેવ અને ગુરૂની તરફ ભક્તિભાવ ધરાવનારાજ હોય છે. જો કે ધર્મતત્ત્વ પણ દેવ અને ગુરૂતત્ત્વની માફક મોક્ષમાર્ગનું સાધન છે. સાધન છે એટલુંજ નહિ પરંતુ દેવતત્વ અને ગુરૂતત્વની પરમતા જો કોઈપણ કારણને અંગે હોય તો તે માત્ર ધર્મતત્ત્વની ઉત્પત્તિ સાથે પ્રવૃત્તિને અંગે છે. એ ધર્મની મૂળ પ્રવૃત્તિને અનુસરવાને અંગેજ છે, એટલે દેવ અને ગુરૂતત્વ એ બન્ને જો કે ધર્મતત્વ ઉપર આધાર રાખે છે. અને તેથી દેવતત્વ અને ગુરૂતત્વ કરતાં પણ ધર્મતત્વો પર વિચારકોને અધિક ભક્તિભાવ હોય છે અને હોવોજ જોઇએ. પરંતુ એ વાત વિચારકોની ધ્યાન બ્હાર નથીજ કે દેવતત્વ અને ગુરૂતત્વ જ્યારે મૂર્તિમાન્ શરીરદ્વારાએ માની શકાય છે ત્યારે ધર્મતત્વ તેવી રીતે માની શકાતું નથી અને તેથીજ ઉપાસના કરવા લાયક વર્ગમાં દેવ અને ગુરૂતત્વને દાખલ કરી શકાય છે. પરંતુ ધર્મતત્વને ઉપાસનાને લાયક વર્ગમાં દાખલ કરી શકાતો નથી. અર્થાત્ ધર્મતત્વની ઉપાસના દેવ અને ગુરૂતત્ત્વરૂપી ધર્મીતત્વની ઉપાસનાદ્વારાએજ બની શકે છે. સ્વતંત્ર રીતે ધર્મતત્વની ઉપાસના બની શકતી નથી. આ વસ્તુ જ્યારે બરોબર સમજવામાં આવશે ત્યારે જૈનશાસનની અંદર અરિહંતભગવાન્ આદિ નવેપદોની આરાધ્યતા ગણવામાં આવ્યા છતાં અરિહંતાદિ પંચપરમેષ્ઠિની આરાધ્યતા મુખ્ય ગણીને તે રૂપ નમસ્કારમંત્રને કેમ ઉચ્ચ ગણવામાં આવ્યો છે ? તેનું તત્વ સમજાશે. અર્થાત્ શ્રીનમસ્કારમંત્ર કે જેણે પંચમંગલ મહાશ્રુતસ્કંધ કહેવામાં આવે છે તેમાં દેવતત્વ અને ગુરૂતત્વરૂપી બન્ને ઉપાસ્ય તત્વોનોજ સમાવેશ કરવામાં આવેલો છે અને તે ઉપાસ્યતત્વો પંચમંગલમાં તેવી રીતે આરાધ્યતરીકે ગોઠવાયેલાં છે કે જેમાં ક્ષેત્ર-કાલ જાતી, વર્ણ, નામ, સ્થાન, રંગ કે આકાર વગેરેના કોઇપણ ભેદને સ્થાન આપવામાં આવ્યું નથી. પરંતુ સર્વક્ષેત્ર સર્વકાળ વગેરેના પૂજ્યમહાત્માઓનો તેમાં સમાવેશ કરવામાં આવેલો છે. અને તે પંચમંગલમાં સમાવિષ્ટ કરેલા દેવ અને ગુરૂતત્ત્વને એવી રીતે સ્થાપવામાં આવેલા છે કે જેથી તે દ્વારાએ દેવ અને ગુરૂતત્ત્વને આરાધન કરવામાં આવે તેમાં ધર્મતત્ત્વો આગળ રહ્યાજ કરે. અર્થાત્ તે પંચમંગલની અંદર પંચપરમેષ્ઠિ ભગવાનોને ધર્મતત્વની મહત્તાવાળાં નામોથીજ સ્થાપન કરવામાં આવેલા છે. એટલે ધર્મતત્વની મહત્તા અને આરાધકતા સમજવાવાળો માણસજ તે પંચપરમેષ્ઠિને મહાન્ અને આરાધ્ય ગણી શકે અને તેવી સ્થાપન કરવામાં આવેલી છે. પંચપરમેષ્ઠિને આરાધનારો મનુષ્ય સ્હેજે એ વાત તો સમજી શકે કે ધર્મતત્વની આરાધના સ્વયં બની શકે નહિં પરંતુ ધર્મતત્વને ધારણ કરનારા ધોરીપુરૂષોની, આરાધનાદ્વારાએજ તે બની શકે. આવી રીતે પંચપરમેષ્ઠિમંત્રના રહસ્યને સમજનારો મનુષ્ય એ પણ સ્હેજે સમજી શકશે કે શ્રીઅરિહંતમહારાજાદિ નવપદો કે વીશસ્થાનકોમાં મૂર્તિમાનપણે જે સ્થાપનાઓ થપાય છે તે માત્ર ધર્મીઓનીજ થપાય છે. આ ઉપરથી ધર્મતત્વની આરાધના નથી થતી કે નથી કરવાની એમ નહિ, પરંતુ તેની આરાધના મૂર્તિમાન્ શરીર આદિ દ્વારાએ સીધી રીતે ન હોવાથી તેને સ્થાનકે કોઇ મૂર્તિમાન સ્વરૂપ મ્હેલવામાં આવતું નથી. પરંતુ માત્ર ધર્મતત્વના તે તે પદને જણાવનારા અક્ષરોજ મ્હેલવામાં આવે છે. અને આજ કારણથી શ્રીસિદ્ધચક્રના મંડળની અંદર પાંચ પદો

( જુઓ ટાઇટલ પાનું ૩ )

Regd. No. B. 3047

# શ્રી સિદ્ધચક્ર

!!! વં......દ......ન......હો !!!

## શ્રી સિદ્ધચક્રને

अर्हन्तः प्रातिहार्यैः सुरनरनिकरैरर्चनीयाः शिवाढ्याः
सिद्धाः निष्कर्मकिट्टा जनिमृतिरहिताः सर्ववेदिप्रगल्भाः
आचार्या धर्मधुर्याः श्रुतगणपटवो वाचकाः सन्मुनीशाः
मोक्षाध्वालंबनाः श्रद्धतिमतिश्चरणैः सत्तपोभिः पुनन्तु ॥१॥

जिनेशितुश्चक्रभृतो वासुदेवस्य वा यथा ।
चक्रं तथेदं श्रीसिद्धचक्रं शासनकार्यकृत् ॥२॥

श्रीकैलाससागरसूरि ज्ञानमंदिर
श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पि ३८२००९

વર્ષ ૧૦ — અંક ૯-૧૦

[ ધનજીસ્ટ્રીટ : ૨૫, ૨૭ ]

વિક્રમસં. ૧૯૯૮ વીરસં. ૨૪૬૮, તા. ૧૫-૨-૪૨ રવિવાર.

લવાજમ રૂ. ૨-૦-૦ કિંમત ૧॥ આના

( ટાઈટલ પાના ૪ નું ચાલુ )

પછી તેઓની મૂર્ત્તિની માન્યતા તે ઇશ્વરનીજ માન્યતા છે એમ કેમ ન ગણાય ? વાચકવર્ગ આ વાત તો સ્હેજે સમજી શકે તેમ છે કે નિરંજન નિરાકાર પરમેશ્વરને શરીર હોઇ શકેજ નહિ અને જો શરીર ન હોય તો મુખ હોઇ શકે નહિં અને મુખ જ્યારે ન હોય ત્યારે બોલવાનું હોઇ શકે નહિં અને જ્યારે બોલવાનુંજ નહોય તો કોઇપણ જાતના ઉપદેશનું કાર્ય કે શાસ્ત્રપ્રણયનનું કાર્ય કે જગત્‌ના ઉદ્ધારનું કાર્ય અને ઉપદેશ કે જગતમાંથી પાપનો પ્રવાહ રોકવા માટે ઉપદેશ અને પ્રયત્ન કંઇ પણ બની શકેજ નહિં. અર્થાત્ વગર વિરોધે એ વાત તો માનવીજ પડે કે જે મતને શાસ્ત્રની માન્યતા રાખવી છે તે મતવાળાને તો શરીરધારી પરમેશ્વર માન્યા શિવાય છુટકોજ નથી. જો કે એ વાત કબુલ કરવામાં અડચણ નથી કે શરીરધારી પરમેશ્વરો પોતાના અંત્યભવ પછી નિરંજન નિરાકાર જ્યોતિઃસ્વરૂપ થઇ પરમાનંદપદમાં સ્થિતિ થયેલાજ હોય છે. પરન્તુ શરીરધારી વ્યક્તિ પરમેશ્વર હોયજ નહિ એવું માનવાવાળો મનુષ્ય શાસ્ત્રોને પરમેશ્વરનાં કહેલાં તરીકે માની શકેજ નહિં. અને જે કોઈ વચમાં સંદેશવાહક કે ઉદ્ધારક માનવામાં આવે તેનો સન્દેશો કે ઉપદેશ કલ્પિતજ થયો ગણાય અર્થાત્ તેની પ્રામાણિકતામાં થતાં સંશયને દૂર કરવામાં કોઈ સાધન મળે નહિં. જેવી રીતે ઇતરદર્શનોમાં આકારાદિકને નામે મૂર્ત્તિને ખસેડવામાં અને ઓળવવામાં આવે છે તેવી રીતે જૈનદર્શનમાં પણ કેટલાક મનુષ્યો પોતાના સિદ્ધાંતને સમજ્યા શિવાય પોતાના ભગવાન્ શ્રીજિનેશ્વરમહારાજની મૂર્ત્તિ અને તેના સ્થાનોને ઓળવવાને તૈયાર થાય છે, પરન્તુ તે વર્ગ જૈનદર્શનને માનનારો હોવાથી શરીરધારી ભગવંતને માનવામાં તો તે વર્ગથી કંઇપણ આનાકાની થઇ શકતી નથી અને થઇ શકે તેમ પણ નથી, છતાં તે લોકો મૂર્ત્તિની માન્યતાને ખસેડવામાં એટલા બધા આગ્રહગ્રસ્ત થયા છે કે જેને લીધે તેઓને સૂત્રોની વર્ત્તમાન સંખ્યા પણ ઉઠાવી દેવી પડે છે, એટલુંજ નહિં, પરન્તુ સૂત્રોના વ્યાખ્યાગ્રન્થો કે જેને શાસ્ત્રકારો અર્થઆગમ તરીકે જણાવે છે. અને જે અર્થાગમો નિર્યુક્તઆદિ રૂપજ છે એમ શ્રીઅનુયોગદ્વાર ભગવતીજી વગેરે સૂત્રોથી સિદ્ધ છે અને સિદ્ધ કરી શકાય તેમ પણ છે. છતાં તે અર્થઆગમને અને કેટલાંક સૂત્રોને ઉઠાવવાના ઉન્માર્ગમાં તેઓને જવું પડયું છે. જૈનદર્શનમાં તે નવો થયેલો વર્ગ જે સૂત્રોને માને છે તે સૂત્રોથી પણ ભગવાન્ જિનેશ્વરમહારાજની મૂર્ત્તિ, તેની પૂજા અને તેનાં ફલો સાફ સાબીત થઇ શકે તેમ છે. પરન્તુ તે મૂર્ત્તિનો ઉડાવવાવાળો વર્ગ કોઇપણ દિવસ સત્યની જિજ્ઞાસાવાળો થઇને શાસ્ત્રને આધારે સત્ય લેવાને તૈયાર થતોજ નથી. છતાં તે વર્ગ શાસ્ત્રનાં તત્ત્વો અને પાઠોથી અજ્ઞાન એવા વર્ગમાં પોતાની જાળને બીછાવવામાં દિનપ્રતિદિન પ્રયત્નશીલજ રહે છે. જો કે તેવો વર્ગ શ્રાવકો જે પૂજા કરે છે તેમાં થતી સ્થાવરની વિરાધનાને આગળ કરીને પોકાર કરે છે.

( જૂઓ ટાઈટલ પાનું ૩ જું )

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શાહ. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રીસિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# શ્રી સિદ્ધચક્ર

વર્ષ ૧૦ : ] મહા સુદ ૧૫ – મહા વદ ૦)) [ અંક ૯–૧૦

તંત્રી
પાનાચંદ રૂપચંદ
ઝવેરી

: ઉદ્દેશ :
શ્રીનવપદમય શ્રીસિદ્ધચક્રની આરાધના અને આયંબિલ વર્ધમાનતપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાન (આદિ) નો ફેલાવો કરવો........................વાર્ષિક લવાજમ રૂા. ૨–૦–૦........

# આગમોદ્ધારકની અમોઘદેશના

( ગતાંકથી ચાલુ )

**દેવોનો નમસ્કાર ધર્મનાજ પ્રભાવે છે !**

**धम्मो मंगलं मुक्किट्ठ, अहिंसा संजमो तवो ।**
**देवावि तं नमंसंति जस्स धम्मे सया मणो ।**

**અર્થ—**

(૧) ધર્મ ઉત્કૃષ્ટ મંગલરૂપ છે (૨) ધર્મ અહિંસા, સંયમ અને તપમાંજ બતાવવામાં આવ્યો છે (૩) ધર્મમાં જેનું મન હોય તેને દેવતાઓ પણ નમસ્કાર કરે. તે પ્રભાવ ધર્મનોજ છે.

ચક્રવર્તિને છ ખંડ જીતવા સહેલા છે પણ કુટુંબને જીતવું મુશ્કેલ છે. તેને પણ કદાચ તેના સ્નેહને જતો કરી સત્તાથી જીતે પણ કાયાને જીતવી, અર્થાત્ કાયા ઉપર સત્તાનો અમલ કરવો મુશ્કેલ છે. પોતાની કાયાને સજા ભોગવાવનાર કોઈપણ હોતો નથી. સંયમ કાયા ઉપરનો કબજો છે. જીભ ઉપર સંયમ એ તાળું છે. માટેજ તે ઉત્કૃષ્ટ મંગળ છે. કબજો રાખવો

તેટલો મુશ્કેલ નથી, જેટલો તેના ઉપર આવેલો હલ્લો ઉઠાવવો મુશ્કેલ છે. તે હલ્લો હઠાવવાનું સામર્થ્ય તપમાંજ છે. તપશ્ચર્યાની તાતી તરવાર કર્મરૂપી શત્રુઓને ભસ્મીભૂત કરે છે, ઇંદ્રિઓરૂપી અશ્વોને દમે છે અને તેજ ધર્મ સાચો છે.

સમજુ, મૂર્ખ કે દાધારંગાઓ. આ ત્રણેય પ્રકારના જીવો યુક્તિ, પ્રયુક્તિ કે હુકમથી ન સમજે તો તેમને છેવટે દૃષ્ટાન્તદ્વારા સમજાવવા જોઈએ. અને તે દૃષ્ટાન્ત પ્રસિદ્ધ જોઈએ. આટલાજ માટે અહિં પણ આચાર્યાદિપદની આરાધનારૂપ ધર્મથી પણ દેવોને નમનીય તીર્થંકરપદની પ્રાપ્તિ થાય છે તેને જેઓ શાસ્ત્રપ્રમાણ યુક્તિ પ્રયુક્તિદ્વારા પણ ન સમજે તેવાઓને માટે પુરૂષોત્તમરાજાના દૃષ્ટાંતને કહેવામાં આવ્યું છે.

અભયદાનનું ફલ આ દૃષ્ટાન્તમાં છે, બચતા જીવોને માત્ર આ રાજાના તથા પેલી કુંવરીના જીવોએ પૂર્વભવમાં બચાવ્યા છે. "જીવવા દ્યો" એ ન્યાયમાં અતિફલ છે. મેઘકુમારના દૃષ્ટાન્તમાં તો હાથીએ સસલાને બચાવ્યો હતો ત્યારે અહિં તો માત્ર "જીવવા દ્યો!" એટલા પૂરતી દયા હતી. બચાવવાની પાયરી કરતાં "જીવવા દ્યો" એટલીજ પાયરી ઉતરતી છે. 'જીવવા દો'માં પોતાનું સામર્થ્ય નથી. સામર્થ્ય સ્હામાનું છે. 'જ્યારે આટલામાં આવું ફલ તો ઉચ્ચ દયાના ફલમાં પૂછવુંજ શું?' પુરૂષોત્તમરાજા પૂર્વભવનું સ્મરણ થતાં આ રીતે વિચારણા કરે છે.

પેલી કુંવરીએ પણ દાનશાલાદિ ઘણાં કાર્યો કર્યાં છે પણ તેણીને જ્યારે ભવાન્તરનું જ્ઞાન થયું ત્યારે તે બધું ગૌણ થઇ ગયું. પોતાનો ભવ (પૂર્વભવ) જાણ્યા પછી તેણી પણ દયાનું સ્મરણ કરે છે.

રાજા પોતાને થયેલું જ્ઞાન તે કુંવરીને જણાવતો નથી, કેમકે તે માને છે કે સાચી વસ્તુ પણ યુક્તિપુરઃસર કહેવી કે તે જેથી ફલદાયી થાય. પ્રતીતિ કરાવવાનું અહિં કોઈ સાધન નથી. તેથી રાજાએ તે વાતને લંબાવી છે. પોતાના આકારને લોપવી દઈ તેણે પોતાના બધા પ્રયત્નો ઉપર પાણી ફેરવ્યું. તેણે તાપસીઓને પોતાની બધી વાત જણાવી ત્યારે તાપસીએ પણ કુંવરીએ કહેલી વાત રાજાને કહી, પણ રાજાએ પોતાના ભવસંબંધી વાત કરી નહિં. 'પોતાના પૂર્વભવનો સાથી જો આ ભવે પુરૂષરૂપે થયો હોય તો તેની સાથે પત્નીના સંબંધથી જોડાવું છે' એ વાત કુંવરીએ પણ તાપસીઓથી છૂપાવેલી છે.

"પહેલાં તો જે કન્યા પુરૂષદ્વેષિણી હતી. હવે તો તે એક પુરૂષની આશાવાળી થઇ છે, તો હવે આપણી તેને વરાવવાની ઈચ્છા પૂરી પડશે" એમ વિચારી તાપસીઓ ખુશી થાય છે.

---

**આચાર્ય શાસનના ધોરી, શાસનને ચલાવનાર, અને ટકાવનાર છે માટે તે સર્વમાન્ય અને આરાધ્યજ છે!**

**અનાદિકાલથી સુખ માટે જીવનો જે ઉદ્યમ તે પ્રતિકૂલ શાથી થયો?**

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ જિનહર્ષગણિજી

મહારાજા ભવ્યજીવોના ઉપકારાર્થે શ્રીવિશંતિ-સ્થાનકની રચના કરતાં જણાવે છે કે-ત્રણ લોકમાં આરાધ્યપદ એક શ્રીતીર્થંકરપદ છે. તે પદવી મોક્ષ પામતા સુધી સાથે રહેનારી છે. બંધમાં, સત્તામાં તથા ઉદયમાં શુભ એવી માત્ર તીર્થંકરપદવીજ છે. કર્મની બીજી કોઇપણ પ્રકૃતિ બંધ વગેરેમાં શુભ હોતી નથી. સામાન્યપણે રાજાની પદવી ભલે ઉંચી છે પણ તે રાજાએ પણ મોટા રાજાઓની, વાસુદેવ, ચક્રવર્ત્તિઆદિની સેવા કરવી પડે છે, પણ તે મ્હોટા રાજાએ પણ મોટા યક્ષાદિની સેવા થાય છે. પણ આ પદાધિકારી માટે અન્ય કોઈ આરાધ્ય નથી.

સારી ચીજ સૌને ગમે છે. ધર્મ કે તીર્થંકર ભલે ન ગમે, પણ તીર્થંકરપદવી તો મિથ્યાત્વી, તથા અભવીને પણ પૂજાને લીધે ગમે છે માટે તે પૂજા ગ્રહણ કરવા દરેક પ્રયત્ન તેવા આત્માઓ પણ કરે છે. ઈતરોમાં દેવપણું સારૂં જણાવવામાં આવે પણ તે મેળવવાનું સાધન મળે નહિં. કેમકે ત્યાં ઈશ્વરપણું રજીસ્ટર્ડ છે. ઇશ્વરપણું અન્ય કોઇને મળતું નથી. અહિં તીર્થંકરપદવી રજીસ્ટર્ડ નથી. માટેજ તે મેળવવાનાં કારણો છે અને તે બતાવવામાં આવે છે.

શિક્ષક છાત્રને પાઠ આપે. તે પાઠ જો તે ન કરે તો તેમાં શિક્ષકનો દોષ નથી. તેમ અહિં શ્રીતીર્થંકરદેવોએ તીર્થંકરપદ પ્રાપ્ત કરવાનો રસ્તો બતાવ્યો છે. હવે તો તેનો દોષ પ્રભુને શિરે નથી. પ્રમાદીઓને શિરે છે. આ પદવીની પ્રાપ્તિ માત્ર મનોરથોથી મળતી નથી. પણ તેને યોગ્ય આરાધના કરવાથી મળે છે.

**उद्यमेन हि सिध्यन्ति, कार्याणि न मनोरथैः ।**

આ પદવી મેળવવા માટે માત્ર મનોરથ કરીને બેસી ન રહેવાય. ઉદ્યમ કરવાનીજ આવશ્યકતા છે. કોઈ કહેશે કે-"સુખ કેમ મળે" એ લક્ષ્યથી જીવ ઉદ્યમ તો અનાદિકાલથી કરે છે, દરેક જાતિમાં, અને દરેક ગતિમાં તેવો ઉદ્યમ તો હોય છે છતાં તે પરમસુખની પદવી પ્રાપ્ત કેમ થતી નથી? વાત ખરી પણ તે ઉદ્યમ અનુકૂલ કે પ્રતિકૂલ કર્યો છે તે વિચારવું જોઇએ. શત્રુને મારવા માટે પોતાની પાસે બંદુક હોય, પણ આરીસામાં પડેલા તેના પ્રતિબિંબ ઉપર ગોળી ફેંકવામાં આવે તો તે ઉદ્યમ તો ખરો, પણ તેથી કાંઈ શત્રુ ઠાર ન થાય. પોતાનોજ નાશ થાય. તેમ અત્યાર સુધી કરેલો ઉદ્યમ પ્રતિકૂલ થયો છે. તે ઉદ્યમ સુખ માટે થયો છે ખરો, પણ આત્માના સુખ માટે નથી થયો. કિંતુ ઈન્દ્રિઓના સુખ માટેજ થયો છે.

જગતમાં ઈંદ્રિઓમાં આંખ રત્નરૂપ ગણાય છે. વળી આંખ આખા જગતને જોઈ શકે છે, પણ તે પોતાને જોઈ શકતીજ નથી, માટે તેને અભાગિણી કહેવામાં આવી છે. આ આત્મા પણ અનાદિથી સુખને માટે પ્રયત્ન કરતો હતો પણ પોતાને જોવા માટે એક પણ ઉદ્યમ તેણે કર્યો નથી. કુતરો હાડકાને ખાય છે. તેના મ્હોંમાંથી લોહી પડે છે તે તે ચાટે છે પણ તે તો એમ સમજે છે કે હાંડકામાંથી લોહી

નીકળે છે તેથી કુતરો વધારે તલ્લીન બની તેને કરડવા માંડે છે. અહિં પણ આત્મા ઇન્દ્રિઓમાં સુખ માની તેમાંજ રાચ્યોમાચ્યો રહેલો છે તેથી ઉદ્યમ કરવા છતાં પણ તેનું ફલ સાચું જે સાચું સુખ છે ત પ્રાપ્ત કરી શકયો નથી.

## આચાર્યજ શાસનના સ્તંભ છે, અને તેના તે સંચાલક છે!!

હવે જો અરિહંત, સિદ્ધ, પ્રવચનઆદિની આરાધનામાંજ પ્રયત્ન કરવામાં આવે તો તે જિનપદ મળી શકે છે. વીશસ્થાનકોની આરાધનાથી તીર્થંકર નામકર્મ બંધાય છે. હવે જ્યાં આચાર્યાદિપદની આરાધનાથી પણ તીર્થંકરપદની પ્રાપ્તિની વાતનું સૂત્રકાર ઉચ્ચારણ કરે છે. ત્યાં શંકાકાર શંકા કરે છે કે—

શંકા—મૂળમાંજ લીંબડો છે ત્યાં કેરીની આશા નકામી છે. લોકમાં પણ કહેવાય છે કે ગુદા પ્રક્ષાલનનું તો ભાન નથી અને ગાદીપતિ થવું છે ? તેમ જેમણે ઉપશમશ્રેણી કે ક્ષપકશ્રેણી માંડી નથી, મોહનીયકર્મ ક્ષય કર્યું નથી, ઘાતિકર્મ ક્ષય કર્યું નથી, તેમ તેવી કોઇ શકિત વિશિષ્ટ નથી તેવાઓની પાસેથી તીર્થંકરપદવી શી રીતે મળી શકે ?

ઉત્તરમાં સમજવું કે જેની પાસે આંબોહોય—જેની નજીક આમ્રવૃક્ષ હોય તેવા લીંબડા નીચે બેસી આમ્રફળ લેવામાં વાંધો નથી. તેમ આચાર્યાદિ ભલે લીંબડા રૂપે હોય, પણ તેઓ આમ્રફલ લેવા તીર્થંકરના આશ્રયતળે રહેલા છે. આચાર્યાદિ તો ટપાલી છે. ટપાલી તો આવેલા માલને આપે છે. આચાર્યાદિ પોતાનું કંઈ આપતા નથી પણ જે કહે છે જે આપે છે તે ત્રિલોકનાથ તીર્થંકરદેવે કહેલું કહે છે–તેમણે આપેલું આપે છે. આપનારનું સામર્થ્ય જોવું જોઈએ. અરિહંતાદિ પદોને બતાવનાર આચાર્યાદિ છે પણ તેઓ તો કાર્યકર છે. નવકારમંત્રમાં તેઓનું સ્થાન ત્રીજે પદે છે. જેમ પોસ્ટમેન પોતાના નામે પોસ્ટની રકમ જમા કરાવી શકતો નથી તેમ અહિં પણ આચાર્યાદિનું કથન તે પોતાનું કથન નથી, પણ શ્રીતીર્થંકરદેવનું કથન છે. આચાર્ય તો તેને બતાવનાર છે. આપનાર છે. જો કે આચાર્યે ઘાતિકર્મનો ક્ષય કર્યો નથી, મોહનીયકર્મનો ક્ષય કર્યો નથી, ઉપશમશ્રેણિ કે ક્ષપકશ્રેણિ માંડી નથી, છતાં તે આરાધ્ય કોટિમાં છે અને તેમને આરાધવાથી પણ સર્વકર્મ મલનો નાશ થઇ શકે છે. તેમણે પોતે સર્વકર્મનો નાશ કર્યો નથી છતાં તેમની આરાધનામાં સર્વકર્મનો નાશ સમાયેલો છે અને તેમની આરાધના તીર્થંકર પદવીની આરાધના તુલ્ય છે. આચાર્યમહારાજજ શાસનના ધોરી, છે, સ્તંભ છે, સંચાલક છે, અને ટકાવનાર છે, માટે તે સર્વમાન્ય આરાધ્ય છેજ. પ્રવર્ત્તાવવામાં આવેલા કાયદાનો જો તેનો અમલ થાય તોજ તે ધારાપોથીમાં શોભે. તેજ રીતે આચાર્યાદિપદની આરાધનાથી કોઈને તીર્થંકરપદ મળ્યું છે ? અર્થાત્ તે સ્થાનકની આરાધના કોઈએ કરી હોય, અને તે આરાધકને તીર્થંકરપદ મળ્યાનું દૃષ્ટાન્તજ, સિદ્ધાન્તની

સિદ્ધિરૂપ છે. પ્રતીતિરૂપ છે. તેવા તે દેખાડવું. દૃષ્ટાન્તમાંઅત્ર પદ્માવતીનગરીના પુરૂષોત્તમરાજાનું દૃષ્ટાન્ત (કથાનક) ચાલે છે.

પુરૂષોત્તમ નૃપતિનો જીવ, ગતભવમાં જંગલમાં હાથી (જંગલી હાથી) હતો. 'જીવાડો' એ તો દૂર છે, પણ 'જીવવા દ્યો' એટલીજ ભાવનાથી, તેટલા પૂરતીજ પ્રવૃત્તિ કે સ્થિતિ માત્રથી તે જીવ આ ભવમાં પુરૂષોત્તમ રાજા થયો. 'જીવાડો' એમાં તો સ્હામાને જીવાડવા માટે કષ્ટો સહન કરવાં પડે, બચાવવાનાં સાધનો પૂરાં પાડવાં પડે. મેઘકુમારના દૃષ્ટાંતમાં તે સ્થિતિ છે. તેનો જીવ પણ પૂર્વભવમાં હાથી હતો. તે હાથીમાં સસલાને જીવાડવાની (બચાવવાની) બુદ્ધિ હતી, અને તે માટે તેણે સ્થૂલ-કાય છતાં પોતાનો પગ અઢી દિવસ સુધી ઉંચો રાખ્યો હતો. તે વન પણ તે હાથીએ પોતેજ બનાવેલું હતું. અઢી દિવસ પગ ઉંચો રાખીને પણ તે હાથીએ પોતાના પગ નીચે ઉભા રહેલા સસલાને જીવાડ્યો, અભયદાન આપ્યું, માટેજ તે હાથીનો જીવ મેઘકુમાર થયો. આ કથામાં સ્વપ્નામાં તાપ-સીઓએ કહેલી રાજકન્યારૂપ સુન્દરીને લાવવા રાજાએ પ્રધાનને આજ્ઞા કરી. રાજાએ દાનશાલા ખોલી, પ્રધાનને રાજ્યવહીવટ સોંપ્યો અને પોતે આ રીતે દાનશાળામાં કુંવરીને મેળવી એ વગેરે અધિકાર આવી ગયો. હવે રાજા પોતે તો સ્રીના વેષમાં છે. અને પૂછ્યું છે કેઃ 'તું પુરૂષદ્વેષિણી કેમ ?' રાજકુંવરીએ પોતાનો ભવ કહ્યો. રાજાને પણ પોતાના ગતભવનો ખ્યાલ આવ્યો, કુંવરીને પોતાના પૂર્વભવનો ભર્તાર શોધવાની ભાવના થઈ. રાજાને ખ્યાલ તો આવ્યો પણ પોતે રહ્યો છે સ્રીવેષે ત્યાં થાય શું ? રાજાએ તાપસીઓ પાસે પોતાની સત્યબીના વિદિત કરી. તાપસી-ઓને તરતજ તેને રાજા તરીકે જાહેર કરવાનું ઉચિત લાગ્યું. તેણીઓએ વિચાર્યું કે પ્રથમ તો કુંવરીએ પૂર્વભવનો ભર્ત્તાર શોધવાને તથા શોધીને વરવાને તૈયાર થાય (તેવા વિચારની ગરજવાન) કરવી. પછી ઘટતું કરવું. તાપસીઓએ ચિત્રામણ આળેખ્યું. કહેવત છે કે. "બાંધી મુઠ્ઠી લાખની !" બાંધી મુઠીનો મોહ વધારે હોય છે. ખુલ્લી મુઠીનો મોહ તો હોતોજ નથી. તાપસીઓએ તે ચિત્રામણ કુંવરીને સીધું ન આપતાં પોતાના જાણીતા ચાર પાંચ માણસોને આપ્યું. અર્થાત્ કુંવરીની નજરે આડકતરી રીતિએ તે ચિત્ર આવે અને તેને ઔત્સુકય જાગે તેવી સ્થિતિ ઉભી કરી. તેવો પ્રસંગ (લાગ) સાધવામાં આવ્યો. જ્યારે તાપસી પાસે કુંવરી બેઠી છે ત્યારે ચિત્રામણ લઇને કોઈ આવ્યો. તે જોઇ કુંવરી બોલી. "અહો ! આ શું ! ! આ ચિત્રમાં હાથી, હાથણી આદિનું વૃત્તાંત આળેખાયું છે ને ! આ વૃત્તાંત શું છે ?" આવું પૂછતાં તાપસીએ કહ્યું. "હે કુંવરી ! ચિત્રમાંના આ હાથી, હાથણીને તો હું ઓળખતી નથી, પણ ગુણોના ભંડારરૂપ આ પુરૂષોત્તમરાજાને ઓળખું છું તે રાજાએ આવું ચિત્ર શા માટે આલેખાવ્યું હશે તે પૂછીને તને કહીશ"

## શ્રીતીર્થંકર-નિયુક્ત આચાર્યાદિ તેમના જેટલાજ આરાધ્ય છે !

## આચાર્યાદિની અવજ્ઞા એ તીર્થંકરનીજ અવજ્ઞા છે ! ! !

## તીર્થંકરરૂપી હોડીમાં ખીલીના સ્થાને આચાર્યાદિ છે.

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ જિનહર્ષગણિજી મહારાજ ભવ્યાત્માઓના કલ્યાણાર્થે શ્રીવિંશતિ-સ્થાનક ચરિત્રની રચના કરતા થકા પ્રથમ અરિહંત, બીજે સિદ્ધ તથા ત્રીજે પ્રવચન આમ ત્રણ સ્થાનકોનું સ્વરૂપ, તેની ભક્તિના ભેદો વગેરે જણાવી ગયા, પછી ચોથા પદ (સ્થાનક) ને અંગે જણાવે છે કે આચાર્યની આરાધનાથી પણ તીર્થંકરગોત્ર બંધાય છે. જ્યાં સૂત્રકારે-ગ્રંથકાર મહર્ષિએ આ નિરૂપણ કર્યું ત્યાં વાદી શંકા કરે છે કે: " પ્રથમનાં ત્રણે પદો તો સર્વગુણસંપન્ન હોઇ, તેમની આરાધનાથી તો તીર્થંકરપદ મળી શકે એ ઠીક છે અને સંભવિત છે, પણ ચોથાપદમાં સર્વગુણસંપન્નપણું નથી તો તેની આરાધનાથી સર્વગુણમય તીર્થંકરપદ કેમ મળે ? તીર્થંકરનામકર્મ કેમ બંધાય ?

ઉત્તરમાં જાણે કે હોડીનો આધાર ખીલી કહેવાય છે. જો કે ખીલી પાટીયાના આધારે છે, પણ હોડી ખીલીના આધારેજ છે. ખીલી જો કે ન્હાનામાં ન્હાની ચીજ છે, પણ તે હોડીને લાગેલી (વળગેલી) હોય તોજ હોડી કામની છે. હોડી ખીલી વિનાની હોતી નથી. અહિં પણ તીર્થંકરોરૂપી હોડીઓ માટે આચાર્યાદિ ખીલીઓ રૂપે સમજવા. જો કે તીર્થંકરો પોતે તો કૃતકૃત્ય થઇ ગયા છે છતાં પણ સંઘસ્થાપનાર્થે **'नमो तित्थस्स'** એમ બોલે છે. સંપૂર્ણપદને પામેલા તીર્થંકરો પણ તીર્થને નમસ્કાર કરે છે. તીર્થશબ્દનો ખરેખર અર્થ તો આચાર્ય છે. ભગવતીજી સૂત્રમાં ભગવાને જવાબ આપ્યો છે કે તીર્થંકર વિના તીર્થની સ્થાપના થઇ શકે નહિં. કેવલજ્ઞાનમાં સમાન છતાં સામાન્ય કેવલી તીર્થની સ્થાપના કરી શકતા નથી. શ્રીતીર્થંકરભગવાન્ તો પ્રથમ ત્રણ પદોનું ઉચ્ચારણ કરે છે. તેનાથી ગણધર મહારાજાઓ બાર અંગાદિની રચના સ્વયમેવ કરી લે છે. જો કે આ ત્રણ પદો તો સામાન્ય મનુષ્યો પણ બોલે છે, પણ તેનાથી આપણામાં ગણધર જેવી બુદ્ધિ ઉત્પન્ન થતી નથી. તે પ્રભાવ શ્રીતીર્થંકર-દેવોનોજ છે. તેવું પુણ્ય તેમણેજ ઉપાર્જ્યું છે. તેમણેજ તેવું વૃક્ષ વાવ્યું છે. સામાન્ય કેવલીએ તેવું પુણ્ય ઉપાર્જ્યું નથી. તેવું વૃક્ષ વાવ્યું નથી. તેટલાજ માટે ભાષ્યકારે લખ્યું છે કે: તીર્થંકર-નામકર્મની સ્થિતિ અંતઃકોટાકોટિની સાગરોપમની છે. ત્યાં સુધી પણ તે શ્રેષ્ઠઆત્મામાં જગતના જીવોના ઉદ્ધારની ભાવના સંભવિત હોય છે. તે ભાવનામાં તે આત્માએ અનેક ભવો ગાળેલા છે. શ્રીતીર્થંકરદેવની જેવી પુણ્યપ્રકૃતિ હોય છે તેવી પુણ્યપ્રકૃતિ બીજા કેવલજ્ઞાનીની હોતી નથી. કેવલજ્ઞાનાદિમાં તમામ રીતિએ ઇતર કેવલજ્ઞાની તીર્થંકરદેવની સમાન કક્ષમાંજ છે. તફાવત માત્ર પુણ્યમાંજ-પુણ્ય પ્રકૃતિમાંજ છે. પુણ્યપ્રકૃતિને

જગત્ આધીન છે. વિચારમાં મનુષ્ય સ્વતંત્ર છે, પણ શ્રીતીર્થંકર ભગવાન્‌ના શબ્દથી તો દરેકના વિચારો શમી જાય છે. ક્રોડાક્રોડી દેવતાઓ, મનુષ્યો, તિર્યંચો એ તમામની જિજ્ઞાસા ફક્ત જિનેશ્વરભગવાન્‌નાં વચનોથીજ શમી જાય છે. કેવલીભગવાન્‌માં તે સ્થિતિ નથી. આનો અર્થ એ નથી કે કેવલજ્ઞાનમાં ન્યૂનતા છે. આવી સ્થિતિ તીર્થંકરનામકર્મબંધરૂપ પુણ્ય-પ્રકૃતિ ધારણ કરનાર શ્રીજિનેશ્વરદેવનીજ હોય છે. સામાન્યકેવલજ્ઞાનીનું કથન પોતાની ઇચ્છાનુસાર હોય છે અને તેથી પ્રાણીમાત્રને (દરેકને) સરખી રીતિએ રૂચનારૂં હોતું નથી. ભિન્ન ભિન્ન પ્રકૃતિના પ્રાણીઓને ભિન્નભિન્ન વિષયો જાણવાની ઈન્તેજારી હોય, પણ કેવલી ભગવાન્ તો એકજ વિષય ઉપર વ્યાખ્યાન ચલાવે તેથી તમામની રૂચિ સંતોષાય નહિ. શ્રીતીર્થંકર-દેવોના અતિશયોનીજ એવી બલીહારી છે કે તેઓ પોતે ગમે તે વિષય ઉપર પ્રવચન આપે પણ તેનાથી શ્રોતાઓને તમામનું દરેકે દરેકનું પોતપોતાની શંકાનું સમાધાન સ્વયમેવ થઇ જાય છે.

શ્રીતીર્થને સ્થાપનારા શ્રીતીર્થંકર (શ્રીઅરિહંત) દેવજ છે. ચતુર્વિધ સંઘ તે તીર્થ. પ્રથમ ગણધર એટલે કે ગણધરેશ તે તીર્થ. આચાર્યપદ અથવા તે પદની આરાધના જેઓને માન્ય ન હોય તે તીર્થંકરને પણ માન્ય કરી શકતો નથી. અર્થાત્ તે વ્યક્તિ તીર્થંકરને માને છે એમ કહી શકાયજ નહિ. તીર્થંકરપદને માન્ય રાખનારાએ આચાર્યાદિપદોને પણ માન્ય કરવાજ પડશે. શ્રીતીર્થંકરદેવના શાસનમાં શિક્ષક સ્થાને આચાર્યાદિ છે. વર્ગ (ક્લાસ)માં શિક્ષકે (માસ્તરે) નિયુક્ત કરેલા મોનીટર (મુખ્ય વિદ્યાર્થી)નું કહેલું ન માનનારો વિદ્યાર્થી ડીસમીસ થાય છે, તેજ દશા શ્રીતીર્થંકરદેવે નિયુક્ત કરેલા ગણધર આચાર્યાદિને ન માનનારની સમજવી. મોનીટરની અવજ્ઞા એ જેમ શિક્ષકની અવજ્ઞા છે તેમ આચાર્યાદિકની અવજ્ઞા તે શ્રીતીર્થંકરદેવની અવજ્ઞા છે. શ્રીઠાણાંગસૂત્રમાં ઉલ્લેખ છે કે જેમ અરિ-હંતાદિપદનો આરાધક સુલભબોધિ થાય છે તેમજ આચાર્યાદિના ગુણ બોલનારો સુલભબોધિ થાય છે તથા તેમના અવગુણ બોલનારો પણ દુર્બોધિ પણ થાય છે. આચાર્યાદિપદોની આરાધનાથી પણ તીર્થં-કરગોત્ર બંધાય છે. હેતુ, યુક્તિ, હુકમ, હેતુ વગેરેથી પણ ન માનનારા તથા માત્ર 'ઊંહુ'જ કરનારાઓ માટે આચાર્યપદની આરાધનાથી તીર્થંકરપદ મેળાવનારા દૃષ્ટાન્તની જરૂર છે. પ્રાચીનકાળમાં તેમજ અત્યારે પણ ન્હાના બાલકોને કોઇપણ ચીજ સમજાવવા માટે ઉદાહરણો (દાખલાઓ)ની જરૂર છે અહિં પણ તેમજ સમજવું. પુરૂષોત્તમના પ્રસિદ્ધ દૃષ્ટાન્તનો અધિ-કાર અત્ર ચાલુ છે.

## પુરૂષદ્વેષિણી કુંવરી ગતભવના પતિને મેળવવા આતુર થાય છે!

કુંવરી પુરૂષદ્વેષિણી છે. તાપસી પાસેથી લીધેલી ઔષધિઓદ્વારા સ્રીવેષ ધારણ કરીનેજ રાજાએ તે કુંવરી સાથે મેલાપ કર્યો છે. આ

તમામ વાત ત્યાં સુધી આવી ગઇ છે કે ચિત્રામણને અંગે કુંવરીએ પૂછેલા પ્રશ્નના જવાબમાં તાપસીએ તપાસ કરીને ઉત્તર આપવા કહ્યું હતું. શ્રોતાઓ પદ્માવતીનગરીના આ પુરૂષોત્તમ નૃપતિનો પૂર્વભવ તો જાણે છે. વિન્ધ્યાચલ પર્વતમાં દાવાનલ સળગ્યો હતો. તેમાં બીજાઓની રક્ષા ખાતર હાથી પોતાના સ્વસ્થાને કાયમ રહ્યો હતો. તે હાથી કોણ ? એજ પુરૂષોત્તમરાજાનો જીવ ! 'જીવવા દો' આટલીજ ભાવનામાત્રથી ત્યાં કાયમ રહેનાર હાથી મરીને, માત્ર આટલીજ હદે દયાના પાલનના પ્રભાવથી પુરૂષોત્તમરાજા થયો. 'મરનાર પોતાનાં કર્મે મરે છે. આપણે શું ?' એવો વિચાર તે હાથીને (જેમ કેટલાક મનુષ્યોને થાય છે તેમ) થતો નથી. તે હાથી (તિર્યંચ છતાંયે) બીજા પ્રાણીઓ પ્રત્યે સ્વકર્ત્તવ્ય બજાવે છે. "બીજા જીવો બચે કે ન બચે, પણ મ્હારે લાભ શા માટે ન લેવો ?" એવી ઇચ્છાથી મરી જનાર તે હાથી આ ભવમાં પુરૂષોત્તમ રાજા થયો છે. જાતિસ્મરણજ્ઞાનથી તે રાજાને આ બધો ખ્યાલ આવ્યો છે, પોતાને ગતભવનો સાક્ષાત્કાર થયો છે અને પછી તાપસીઓ દ્વારા ચિત્રામણ આળેખાવ્યું છે.

પેલી તાપસી આ બધો વ્યતિકર કુંવરીને જણાવીને કહે છે કે "આ ચિત્રામણ તૈયાર કરાવવામાં રાજાનો હેતુ એજ લાગે છે કે પૂર્વભવની સ્ત્રી (હાથણી) જો આ ભવમાં મનુષ્યરૂપે સ્ત્રી હોય તો તેણી રાજાને જાણી શકે. આથી એમ માનવાનું નથી કે રાજાએ તેણીની સાથે વિવાહ કરવાની વૃત્તિથી આ ચિત્રામણ આળેખાવ્યું છે. કેમકે રાજાને કન્યાઓનો શો ટોટો છે ? પણ તે રાજાનો તેવો વિચાર હોય એમ લાગે છે અને તે યુક્તજ છે. કેમકે-સરખા પુણ્યાનુબંધી પુણ્યવાળી સ્ત્રી સાથે વિવાહવિધિ થાય તો ઠીક. રાજા એમ માને છે કે જે હાથણીએ પણ બીજા જીવોને બચાવવા અગ્નિના ભયની દરકાર કરી નથી તેનો જન્મ જરૂર ઉચ્ચકુલમાં સારી સ્થિતિમાં હોવો જોઇએ આ હેતુથીજ આ રાજા-ગુણોના ભંડારરૂપ રાજા દરેક પ્રસિદ્ધ સ્થાનોમાં, અને દરેક સારા સ્થાનોમાં આ ચિત્ર અવલોકનાર્થે મોકલે છે.

જો રાજાએ કુંવરીની પ્રથમ મુલાકાતમાં પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું હોત તો આ સ્થિતિ હોત નહિ: હવે તો તાપસીના આ પ્રયત્નથી તે કુંવરીને પોતાના ગતભવના ભર્તારને જોવા જાણવાની ઇચ્છા જાગી છે. આ કુંવરી પુરૂષદ્વેષિણી હતી તેમાં પણ ભવાન્તરના ભર્તાર શિવાયના પુરૂષ પ્રત્યેજ તેણીનો દ્વેષ હતો. હવે તો તે રાજા પ્રત્યે પ્રેમાતુર બની. ચિત્રામણ જોવાથી, તાપસીદ્વારા વ્યતિકર શ્રવણથી તેણીને હવે તે રાજાને વરવાનો વિચાર થયો.

ઉચ્છુંખલ કન્યાઓ તો વિચાર થતાંજ સમ્બન્ધ સાંધે છે, પણ આ તો કુલીન કન્યા હતી. હવે તે શી યોજના કરે છે તે જોઇએ.

**પરણાવનાર પિતા પુત્રીને વસ્ત્રાલંકાર તો આપેજ છે. પણ ખરૂં કર્ત્તવ્ય જીવનભર મદદગાર થાય તેવો ધર્મોપદેશ આપવાનું છે.**

**સિદ્ધદશામાં સર્વસમાન છે. પણ સિદ્ધદશા પામવાની પરિસ્થિતિમાં ફરક છે.**

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ જિનહર્ષગણિજી મહારાજા ભવ્યજીવોના ઉપકારાર્થે શ્રીવિંશતિસ્થાનક ચારિત્રની રચના કરતા થકા જણાવી ગયા કે જગતભરમાં બંધમાં, ઉદયમાં, તથા સત્તામાં પણ શુભ અને મોક્ષદ્વાર સુધી સહચારિણી કોઇપણ પ્રકૃતિ હોય તો ફકત તીર્થંકરનામકર્મની પ્રકૃતિજ છે. આ એકજ પદવી એવી છે કે જેના હેતુઓ, ફલો તમામ સુન્દર છે.મોક્ષનાં બંધ થયેલાં દ્વારો ઉઘાડનારી પણ આ એકજ પ્રકૃતિ છે. શ્રીઋષભદેવાદિ તીર્થંકરો તથા શ્રીપુંડરીકાદિ ગણધરો મોક્ષે ગયા છે. સિદ્ધિપદ પામ્યા છે. સિદ્ધદશામાં તમામ સિદ્ધાત્માઓ સમાન છે. લેશ પણ ફરક નથી. પરન્તુ સિદ્ધદશા પામવાની પરિસ્થિતિમાં ફરક છે. શ્રીતીર્થંકરદેવો તો મોક્ષનાં બંધ થયેલાં દ્વાર ઊઘાડીનેજ મોક્ષે જાય છે. બીજા જીવો જ્યારે તે દ્વાર ખુલ્લાં હોય છે ત્યારેજ મોક્ષે જાય છે. તાત્પર્ય કે મોક્ષનાં દ્વાર કેવલ શ્રીતીર્થંકરોજ ખોલી શકે છે. શ્રીકલ્પસૂત્રમાં શ્રીતીર્થંકરની બે ભૂમિ જણાવી છે. ૧. પર્યાયાંતકૃદ્ભૂમિ. અને ૨. યુગાન્તકૃદ્ભૂમિ. તીર્થંકરમહારાજાઓ ન હોય તો બીજાઓથી આત્મસાધન કરી મોક્ષે જવાનું બની શકતું નથી.

જેમ અનાર્યજીવો, પક્ષીઓ, જનાવરો વગેરે ખાય છે, પીએ છે, હરે ફરે છે, એ રીતે જીવન વ્યતીત કરે છે પણ તેમના સ્મરણપથમાં કે વિચારમાં 'ધર્મ' શબ્દ આવતો નથી. તેમ જે કાલે પલ્યોપમો અને સાગરોપમો સુધી જ્યાં ધર્મશબ્દ ભૂલી જવાયો હોય, લોપાયો હોય, ત્યારે ત્યાં તે ધર્મને શબ્દરૂપે નહિ, પણ ભાવરૂપે પ્રવર્ત્તાવનાર, પ્રવાહરૂપે વહેવરાવનાર શ્રીતીર્થંકરદેવજ હોય છે. પદાર્થ નવો ઉત્પન્ન કરવામાં આવે તો તે નવો કહેવાય. ધર્મ કાંઈ નવો નથી. ધર્મપ્રવાહ તો અનાદિનો છે, પણ તેને શ્રીતીર્થંકરદેવ નવીનરૂપે પ્રગટાવે છે. તેટલાજ માટે નવકારમંત્રમાં પ્રથમ પદે શ્રીઅરિહંતદેવ છે, અને શ્રીસિદ્ધભગવાન્ બીજે પદે છે. જો કે સિદ્ધભગવાન્ સર્વગુણસંપન્ન છે પણ તેઓ બીજે પદે છે. દેરાસરો સિદ્ધનાં કે શાસન સિદ્ધનું એમ કહેવામાં આવતું નથી દેરાસરો અરિહંતનાં કહેવાય છે. શાસન પણ અરિહંતનું કહેવાય છે.મોતી કિંમતી જરૂર, પણ ભોજનની અપેક્ષાએ નહિં. તેમ સિદ્ધભગવાન્ સર્વગુણોપેત ખરા, પણ ધર્મના પ્રકાશક તો શ્રીતીર્થંકરદેવજ છે. માટેજ શક્રસ્તવમાં **आइगराणं** આદિ પદોથી શ્રીઅરિહંતદેવની સ્તુતિ છે.પલ્યોપમોનાં આયુષ્યમાં પણ જે 'ધર્મ' શબ્દ સરખાનો ખ્યાલ નહોતો તે ધર્મનો ખ્યાલ કરાવનાર શ્રીતીર્થંકરદેવ છે. શ્રીસિદ્ધભગવાન્ પાંદડાંની સ્થિતિરૂપે સમજવા.તીર્થંકર ભગવાન્ નાવડી સમાન છે. પોતે તરે અને બીજાને પણ તારે. માટે તેઓ ઉચ્ચકક્ષામાં છે.

આથી સિદ્ધપદને ઉતારી પાડીએ છીએ એમ નથી. પણ વસ્તુ સ્થિતિ આ છે. લોકમાં સર્વોત્તમ પદવી હોય તો (ઉત્તમોત્તમ પદવી હોય તો) ફક્ત તીર્થંકરનામકર્મની જ છે. ચક્રવર્ત્તિ, વાસુદેવપણા આદિની પદવીઓ તેવી છે જ નહિ. મંગલરૂપ પદવી પણ તીર્થંકરની જ છે.

**તીર્થંકરપદવી શાસનના પ્રભાવેજ છે : શાસનજ તીર્થંકરોની ખાણ છે !**

આ પદવી લેવા કોણ ન લલચાય ? સારૂં કોને ન ગમે ? સૌને ગમે ! તીર્થંકર પદ સર્વોત્કૃષ્ટ જાણીને દરેકને તે મેળવવાની અભિલાષા થાય તે સ્વાભાવિક છે. પણ ઈચ્છા માત્રથી કાર્યસિદ્ધિ થતી નથી. જો ઈચ્છાથી જ કાર્યની સિદ્ધિ થતી હોત તો દુનિયામાં રોગી, મૂર્ખ, અગર નીચ રહેજ શા માટે ? પ્રાપ્ત્યર્થે પ્રયત્નની કારણોની જરૂર છે. તે કારણો પ્રથમ તીર્થંકર ભગવાન્ પોતે બતાવે છે અને ત્યાર પછી જ તેનો અમલ થાય તો કાર્યસિદ્ધિ થાય. શ્રીતીર્થંકર ભગવાન્ શાસનની સ્થાપના **'नमो तित्थस्स'** એમ બોલીને કરે છે. જેઓએ તીર્થંકરપદવી મેળવી છે તેઓ તમામને માટે પણ શાસનનોજ પ્રતાપ છે. ભવિતવ્યતા કે કુદરતનો પ્રતાપ તેમાં નથી. જો તેમ હોત તો **नमो भवितव्यतायै** એમજ બોલાત : કેવલજ્ઞાન પામ્યા પછી કોઈને નમવાનું હોય નહિ, ઘટે પણ નહિ છતાં તેઓ કેવલિ એવા ભગવાન્ પણ જ્યારે તીર્થને નમસ્કાર કરે છે: ત્યારે સિદ્ધ થાય છે કે આ પદવી પણ શાસનના પ્રભાવેજ ઉપલબ્ધ છે. માટે તેને પ્રથમજ નમસ્કાર કરવોજ પડે. ત્યાં સિદ્ધપદને નમસ્કાર ન કરતાં તીર્થને નમસ્કાર કરવાનો એજ હેતુ છે કે આ પદવી (તીર્થંકરપદવી) તીર્થ-શાસ્ત્ર-પ્રવચન દ્વારાજ મળે છે. કોઈ કહે કે "તીર્થશબ્દનો અર્થ અમે તો 'ચતુર્વિધસંઘ' કરીએ છીએ : પ્રવચન નહિ" તેણે સમજી લે કે હીરાનું તેજ, સોનાનો કસ, મોતીનું પાણી વગેરે તે તે પદાર્થોથી ભિન્ન રહી શકતાં નથી, તેમ આ દ્વાદશાંગી રૂપ પ્રવચનનુંસંઘ પણ ભાજન હોવાથી નમસ્કાર થાય છે. ગોળની સાથે ટાઢ (બારદાન-ગુણીયું) પણ તોલાય પણ એકલું તો તે બારદાન ગણાય છે. તેમ અહિં પણ દ્વાદશાંગી યુકતજ સંઘ છે: દ્વાદશાંગીથી ભિન્ન હોય તે તો બારદાનજ ગણાય. સંઘનું મહત્વ શ્રુતના આધારે છે. શ્રુત મોક્ષ મેળવી આપનાર છે. જેમ રાજ્યના હુકમને એક બાજુ મૂકનાર, અવગણનાર અમલદાર કે પ્રજાજનની સ્થિતિ ખરાબ થાય છે: પછી તે નથી ગણાતો અમલદાર કે નથી ગણાતો પ્રજાજન: તેમ સંઘ પૂજ્ય ગણાય છે તે શ્રીતીર્થંકર દેવનાં વચનોને-શાસનને લીધેજ. તેથે શાસનને-તે હુકમોને નહિં ગણનાર સંઘ નથી પણ હાડકાંના ઢગલાજ રૂપે છે. દ્વાદશાંગીથી અભિન્ન સંઘનું મૂલ્ય શ્રીતીર્થંકરદેવે આંકયું છે તેથીજ તેઓએ તીર્થને નમસ્કાર કર્યો છે. જેઓમાં શાસન પ્રત્યે વફાદારી નથી, શ્રીજિનેશ્વર દેવના શાસન પ્રત્યે જેઓને પ્રેમજ નથી, તેવાઓ સાધુ પણ હોય, માસખમણ માસખમણ કરીકરીને સુકાય

પણ થયા હોય, છતાં ચોથા ગુણઠાણુવાળા શ્રાવકોના અનંતમાભાગે પણ તેઓનું મૂલ્ય નથી: તેવાઓ તેવા રહે ત્યાં સુધી મોક્ષે જઈ શકે નહિ. જેઓ શાસનના સેવક હશે તેઓ તો સાત કે આઠજ ભવે મોક્ષ જવાના. ભાન વગરના મ્હેતાજીએ પણ હાડકાની ઢગલામાં દાખલ થવું હોય તોજ તે શબ્દથી ચમકવું.

શાસનના પ્રભાવથી તીર્થંકરપદ પ્રાપ્ત કરનારા તીર્થંકરો પણ શાસનને વંદ્ય ગણે છે: તેને ખાણુ પણ ગણે છે. તીર્થના સ્થાપક પણ પોતે અને તેને પોતે વંદન પણ કરે છે! શમશેરને બનાવનાર અને સ્થાપનાર પણ ક્ષત્રિય હોય છે. રાજા હથીયાર બનાવરાવે છે અને પોતે હથીયારને નમે પણ છે. તીર્થના સ્થાપક સ્વયં-તીર્થંકરો છે છતાં તે તીર્થનો પ્રભાવ લોકો જાણે તે ખાતર અનાદિથી પ્રવાહવાળા તીર્થને નમસ્કાર કરે છે, અને કહે છે કે તીર્થંકરની ખાણુ રૂપ આ શાસનજ છે.

તીર્થંકરપદવી મેળવવા, આરાધનાના પ્રકારો વીશ જ કહ્યા છે: તે વીશસ્થાનકની ભક્તિથી આ ઉત્કૃષ્ટપદવી પ્રાપ્ત થાય છે. ચોથા સ્થાનકે વિરાજમાન આચાર્યની આરાધનાથી મોક્ષપદ શી રીતે મળે એ શંકા પ્રવચનને અંગેના આ નિરૂપણથી સમાધાન પામે છે. કેમકે સાધુ, સાધ્વી, તો શું? પણ શ્રાવકશ્રાવિકા જેવા આરંભમાં ખૂંચેલાઓને પણ તીર્થંકરો નમે છે.તેથી જિનપદ મળ્યું છે માટે. એટલે આચાર્યાદિની આરાધનાથી તીર્થંકર પદવી મળવા વિષેની શંકા નકામી છે; એની ભક્તિથી જરૂર તે પદવી મળી શકે છે. ચિન્તામણિના બે ટુકડા કરવાથી તેમાંથી નીકળીને કાંઇ રાજ્યાદિ સમૃદ્ધિ મળતી નથી, ઇષ્ટપ્રાપ્ત થતી નથી પણ તેને પાસે અધિષ્ઠાતા સામર્થ્યવાન્ દેવો જરૂર હોવાથી ઈષ્ટપ્રાપ્તિ થાય છે. અત્ર પણ આચાર્યાદિના અધિષ્ઠાતા શ્રીતીર્થંકરો હોવાથી તેમની આરાધનાથી તે પદવી (તીર્થંકર પદવી) જરૂર મળી શકે છે: ત્યાં મહત્ત્વ અધિષ્ઠાતા શ્રીતીર્થંકર દેવનું છે: અધષ્ઠિાતા બલવાન્ છે. અચિંત્ય ફલપ્રદ છે.

આચાર્યપદની આરાધનાથી તીર્થંકરપદની પ્રાપ્તિની પ્રતીતિમાં દૃષ્ટાંત પુરૂષોત્તમ રાજાનું ચાલે છે.

## વળાવતી વખતે પિતાએ પુત્રીને આપેલો અમૂલ્ય ઉપદેશ!

પુરૂષોત્તમરાજાને વરવા તૈયાર થયેલી કુવરીએ પોતાના પિતાને તમામ વ્યતિકર કહી પોતાની ઇચ્છા જણાવી જેથી પુત્રી પુરૂષદ્રેષિણી હતી એ આફત તેના પિતાની ટળી: પોતાની પુત્રી વર વરવાની ઈચ્છાવાળી થઇ તેથી તે રાજા ખુશી થયો અને તેને પરણાવવા મોકલવાની તમામ સામગ્રી તૈયાર કરાવવા લાગ્યો છે. જેને જાતિસ્મરણજ્ઞાન થયું છે તેવી આ કુંવરી માતા-પિતાને નમસ્કાર કરીને નીકળે છે અને તે વખતે માતાપિતા પણ યોગ્ય ઉપદેશ આપે છે. આજે તો માતાપિતાને નમસ્કાર કરવું એ તો ભારે થઇ પડયું છે! જે અનહદ ઉપકારક, મીલ્કત, આબરૂ આદિનો વારસો આપનાર એવાને નમસ્કાર કરવો

ગમતો નથી! અન્યને નમસ્કાર કરવો ગમે છે! તેમજ કન્યાને શીખામણ આપવાની પણ આજના માબાપોને ક્યાં પડી છે! ઊલટા તે પ્રસંગે રડે છે! જે માબાપો કન્યાને વસ્ત્રાલંકાર આપે તે ધર્મ અને નીતી સંબંધી શીખામણ કેમ ન આપે? પણ તેવા સંસ્કાર જોઇએને! કન્યાને જીવનભર ઉપયોગી થાય તેવો ઉપદેશ આપવો તે માબાપનું ખાસ કર્ત્તવ્ય છે.

કુંવરીને મોકલતી વખતે તેનાં માતાપિતા શીખામણ આપે છે કે-

'પુત્રી! માણુસ રવૈયા ઉપરથી માખણ લે છે, પણ તેણે ખ્યાલ રાખવો જોઈએ કે માખણનું સ્થાન કાંઈ રવૈયા નથી: માખણની ઉત્પત્તિ કાંઈ રવૈયો નથી: માખણની ઉત્પત્તિ કાંઇ રવૈયામાંથી નથી. માખણનું ઉત્પત્તિ સ્થાન તો દહીંજ છે: તેમ આ જગત્‌માં ઋદ્ધિસિદ્ધિ કુટુંબકબીલો વગેરે સુખનાં કારણો લાગે છે પણ મુખ્ય કારણ તો ધર્મજ છે: અર્થાત્ સુખનો આધાર ધર્મ અને તેનો આધાર ભવિતવ્યતાજ છે. ભાગ્ય સારૂ તો સદ્બુદ્ધિ ઉત્પન્ન થાય તથા દરેક કાર્યોમાં સફલતા તથા સુખ જ મળે. ઢેલ નાચીને જેમ મૂલમાંજ જુએ છે તેમ જીવે પણ છેવટે પોતાની સન્મુખ દૃષ્ટિ કરવી જોઇએ. વીજળી ચપળ છે. આ મળ્યું છે તે પણ તમામ વીજળીના ચમકારા જેવું છે: પછી તો અંધારૂં જ છે. આગળ અજવાળું કરનાર જો કોઈ હોય તો ફક્ત ધર્મજ છે. મુસાફરને ઘેરે કરેલા સેંકડો દીપકો કામ આપે નહિ પણ સાથે રાખેલો દીપકજ કામ આપે તેમ આ ભવ છોડીને અન્યભવમાં જઇશું ત્યાં ધર્મરૂપી દીવો નહિ હોય તો શું થશે? તું જો કે શાણી છે છતાં અમે ત્હને આ વાતનું ખાસ સ્મરણ કરાવીએ છીએ. દહીંમાંથી જેમ માખણ લેવામાં આવે છે તેમ આ જીવનમાંથી સારરૂપે ધર્મ લેવો જોઇએ. જેમ આખા દિવસની ધમાલમાં દૃષ્ટિ ખાણા ઉપર રાખવામાં આવે છે તેમ ભવચક્રમાં પણ દૃષ્ટિ ધર્મ ઉપરજ રાખવી જોઈએ. માટે વત્સે! ધર્મમાં પ્રમાદ કરીશજ નહિં! ધર્મજ સાચો છે: તેમાં જરા પણ આંચ આવવા દઈશ નહિં! સોનું રૂપું અને રિદ્ધિ સિદ્ધિ તો રાખની જેમ ઉડી જશે, પણ ધર્મ ઊડવાનો નથી. ગુણોથી અધિક ધર્મજ છે. સત્તા ઉપર માત્ર ધર્મનોજ કબજો હોય છે. 'હું અને મ્હારૂં કુટુંબ નિરોગી રહે, સુખી કે ધનવાન્ થાય' આ ઈચ્છા સૌને થાય છે, પણ સર્વને તે ફલતી નથી કેમકે એ બનવું પરાધીન છે: રાજ્ય પણ ત્યાં કામ કરી શકતું નથી, પણ ધર્મથીજ ઇચ્છા માત્ર ફળે છે. પૈસાના પગલાંમાં પણ દુર્વ્યય, જુગાર, વ્યભિચારાદિમાંથી બચાવનાર જો કોઈ હોય તો તે માત્ર ધર્મજ છે. માતાપિતાનું જેવું આચરણ હોય, સંતતી જેવું તેમનું આચરણ જુએ, પોતે તેમજ વર્તે છે. તેનું જ અનુકરણ કરે છે. જેના ઘરમાં સદાચારો હશે ત્યાં સંતતિમાં જરૂર તે સંસ્કારો પડશે. હે કુંવરી! સર્વગુણ શ્રેષ્ઠ માત્ર ધર્મજ છે. આપણે આ

સંસારમાં નાટક ભજવીએ છીએ. ખરૂં સુખ તો મોક્ષમાંજ છે. જો ભવ્ય હોઈએ તો લાંબા કાલે પણુ મોક્ષનું સુખ સંપાદન કરી શકીએ. ધર્મ ભવ્યને મોક્ષ ફલ આપે છે.”

રાજા આ પ્રમાણે પોતાની કુંવરીને ધર્મ સંબંધી, અને પછી કુટુંબાદિમાં વ્યવહારાદિ સંબંધી શીખામણ આપી વળાવે છે. કુંવરી જાય છે: પદ્માવતીનો રાજા પુરૂષોત્તમ પણુ શ્રીરૂપ સાથે જ છે.

**જેમ 'સંપ'ને સૌ સારો કહે છે પણુ સંપ સાચવવા તૈયાર કેટલા ?**
**તેમ 'ધર્મ' સારો કહેવા સૌ તૈયાર છે, પણુ તે આચરવા તૈયાર કેટલા ?**
**ધર્મ પ્રભાવના કે ધર્મપ્રશંસામાં નહિં માનનારાઓ તો મોક્ષમાર્ગથી દૂર છે !**

શાસ્ત્રકાર મહારાજા શ્રીમન્ જિનહર્ષગણિજી મહારાજા ભવ્યાત્માઓના ઉપકારાર્થે શ્રીવિંશતિસ્થાનક ચરિત્રની રચના કરતા થકા ક્રમસર અરિહંતાદિપદની આરાધનાના સ્વરૂપાદિને કહે છે. સ્વ ઉપકાર માટે તો દરેક જીવ તૈયાર હોય છે, 'અન્યને ઉપકાર કેમ કરૂં' એવો વિચાર ભાગ્યેજ થાય છે. બીજાને ઉપકાર પણુ પોતાનો ઉપકાર થયો હોય તો જ કરવામાં આવે છે. સવાયા દોઢા થવાના લાભે કોથળી ખાલી કરવામાં તો આવે. એમાં નવાઈ નથી. જ્ઞાતિલાઓને લાભ કરાય તેમાં પણુ પોતાનો ભાવિ લાભ રહેલો છે. પોતાના લાભ પહેલાં હોય તેવા ઉપકારો તો દુનિયામાં ઘણા થાય છે. અરિહંત દેવના જીવની ભાવનામાં તેવું હોતું નથી. ભાવના કેવળ પરોપકારની જ હોય છે. એ ભાવનામાં પરોપકાર ભાવ વિશુદ્ધિની પરા કાષ્ટા છે. તીર્થંકરપદવી મેળવવાનાં સ્થાનકોમાં પ્રથમ અરિહંતદેવ છે. ગ્રંથકાર જણાવી ગયા કે શ્રીતીર્થંકરદેવ પણુ તીર્થકરસ્થાપતી વખતે '**नमो तित्थस्स**' એમ કહે છે. તીર્થથીજ તીર્થંકરો ઉત્પન્ન થાય છે માટે તીર્થના સ્થાપકો પણુ તીર્થને નમસ્કાર કરે છે.

જ્યારે સૂત્રકાર ફરમાવે છે કે આચાર્યાદિને આરાધનાથી પણુ તીર્થંકરપદની પ્રાપ્તિ થાય છે ત્યારે શંકાકાર શંકા કરે છે કે-

શંકા-“અરિહંતદેવાદિ માટે તો જે કહેવામાં આવ્યું તે કબુલ, પણુ આચાર્યાદિનો ઉપકાર તેવો નથી. કેમકે તેમાં પહેલાં પોતાનો અને પછી બીજાનો ઉપકાર હોય છે.

ઉત્તરમાં જાણવું કે શ્રોતૃગણુ સાંભળે અને તેનો લાભ ઉઠાવે કે નહિં છતાં વ્યાખ્યાતાને તો અવશ્ય લાભ છે તે વાત ખરી છે, પણુ બુદ્ધિ તો અનુગ્રહનીજ-ઉપકારનીજ છે. “આ જીવો જન્મ, જરા, મૃત્યુ આદિથી જકડાયેલા છે, પોતાની અનંત ઋદ્ધિઓને ગુમાવી રહ્યા છે: તેમાંથી તેઓ કેમ છુટે” એવી બુધ્ધિથીજ વ્યાખ્યાન હોય છે. 'અનંતજ્ઞાનનો માલીક આત્મા હાલ આવી પામર હાલતમાં છે તે યુક્ત નથી' એમ ધારી જીવોને જગતના દુ:ખમાંથી બચાવવાના અને આત્મા તરફ દોરવાના ઉપદેશમાં જીવોના ઉદ્ધારની બુદ્ધિ

સ્હેલી છે. ઝવેરી અથવા તેનો ભાગીદાર બીજા માણસને તેના ભાગમાં કે વહીવટમાં ઘુસવા દેતો નથી: તેવા પ્રસંગે અવળી સલાહ પણ આપે છે: આચાર્યાદિ તેમ કરતા નથી : તેઓ તો મોક્ષની જ સલાહ આપે છે. જગત્‌માં કોઇ પાપી હોય. પોતે પાપ કરતો હોય પણ બીજાને ખોટી સલાહ ન આપે તે પણ ઉંચો છે. ઘા કરનાર મારવા તો જાય પણ સ્હામે તેને પૂછે કે 'ત્હારાથી શી રીતે બચાય?' તો તેને પણ સાચી સલાહ આપનાર ઘા કરનાર પણ ઉચ્ચ કોટિનો છે. મોક્ષે પહોંચવાની ઉત્તમ સલાહ આચાર્યાદિની પાસે છે. આચાર્યાદિ મોક્ષમાર્ગની સલાહ આપે છે, એટલુંજ નહિં પરંતુ સાધનો પણ પૂરાં પાડે છે. આપીને સૈનિક બનાવે છે તથા મોહની સાથે સંગ્રામાર્થે તમામ સામગ્રી પોતે પૂરી પાડે છે.

સાધુઓ પણ મોક્ષસાધનમાં મદદરૂપ હોય છે. બને છે. કુટુંબોમાં જેમ ભાઈઓ વગેરે સંબંધી મદદરૂપ બને છે તેમ અહિં પણ સાધુ મહાત્માઓ મદદરૂપ છે અને માટે પંચપરમેષ્ઠિમાં પાંચમા પદે વિરાજમાન છે. અને તેથી તેઓશ્રી પણ માન્ય છે એમ શાસ્ત્રકારોએ નિર્યુક્તિમાં કહ્યું છે.

મોક્ષમાર્ગના પ્રવાસિઓનું સ્વામિવાત્સલ્ય ન કરનારા, તેઓ પ્રત્યે હિતબુદ્ધિ ન ધરનારા પ્રાયશ્ચિત્તના ભાગીદાર બને છે. સાધુ મહાત્માઓ જ્ઞાનાધ્યયન, તપ, વૈયાવચ્ચ આદિમાં અલ્પાધિક પણ હોય તો તેમની શ્રાવકો નિંદા ન કરે પણ ન્યૂન હોય તે આગળ વધે કેમ? ન કરતા હોય તેઓ ઉત્સાહ કેમ પામે? તેવીજ પ્રવૃત્તિ કરે: તથા અધિક કરનારની પ્રશંશા કરે. મનુષ્યભવમાં તપ, જ્ઞાન; વૈયાવચ્ચ વગેરેમાં વિશેષ પ્રવૃત્તિવાળો હોય, સુદૃઢ હોય તેની જો પ્રશંસા કરવામાં ન આવે તો દરેક સમકિતી જીવને પ્રાયશ્ચિત લાગે છે: આટલાજ માટે દેવોની સભામાં સૌધર્મેન્દ્ર આ લોકના દૃઢતપસ્વી આદિની પ્રશંસા કરે છે. કોઇ વિશેષતપ કરનાર હોય તે કયારેક ક્રોધ પણ કરે, પણ તે વાતને ગૌણ કરી માત્ર તેના તપની જ પ્રશંસા કરવી જોઇએ. તેમાં પ્રાયશ્ચિત લેવું પડતું નથી. ત્યાં ગુણ રાગદૃષ્ટિ કહેવામાં આવે છે. તપશ્ચર્યા કરનારના ક્રોધને મુખ્ય કરનારમાં દોષ દૃષ્ટિ છે. જગત્‌માં વ્યાપાર તથા કેલવણી બન્ને વસ્તુ જરૂરી છે, પણ તે સોલ્જરમાં નથી, પણ તેનામાં બચાવવાની શક્તિ હોવાથી તેને શાબાશી આપવામાં આવે છે. આનો અર્થ એમ નથી કે કેળવણીની પ્રશંસા નથી થતી. ભરતાદિને વિષે વૈયાવચ્ચનો ગુણ અતિશય ચઢીયાતો હોવાથી તેની પ્રશંસા કરવાની જરૂર નથી?

શંકા-આચાર્યાદિનું જ્ઞાન ક્ષાયોપશમિક ભાવનું હોય છે અને તે તો આત્મજ્ઞાનના અનંતમે ભાગે છે તો તેમને નમસ્કાર કેમ કરવો?

ગુણોના અંશના કારણે મુખ્યતાએ નમસ્કાર છે. ભલે મનઃપર્યવજ્ઞાન, અવધિજ્ઞાન આદિ હોય તો પણ મોક્ષમાર્ગમાં પ્રવર્તેલાઓ માન્ય જ છે. આચાર્ય, ઉપાધ્યાય

તથા સાધુમાં ક્ષાયોપશમિક ગુણ માનીએ છીએ તેથીજ તેઓ માન્ય છે. જો કે તેઓએ જે મેળવવું જોઈએ તેનો અનંતમો ભાગજ મેળવ્યો છે, છતાં પણ તેમને માનવામાં કે તેમની પ્રશંસા કરવામાં જરાએ વાંધો નથી. મોક્ષનું ધ્યેય રાખ્યું હોય તેને માટે ધર્મ કે ધર્મની પ્રશંસાથી પ્રભાવના ન કરવા માટે પ્રાયશ્ચિત છે. માણસે ધોલ મારી હોય તો તેના ઉપર કેસ ચાલે, પણ લાત મારવા બદ્દલ ગધેડા ઉપર કેસ ન ચાલે કેમકે તે તો જનાવર છે, તે ન્યાય-કોટિથી બહાર છે. મોક્ષમાર્ગથી ચ્યુત થએલા હોય, મિથ્યાત્વીઓ હોય તેમને પ્રાયશ્ચિત્ત હોય શાનું? ગધેડા વગેરે જનાવર રસ્તામાં ગંદકી કરે છે છતાં મ્યુનિસિપાલીટી તેને શું કરી શકે છે? અને મનુષ્ય કરે તો? તરત કેસ અને દંડ? જનાવરને શિરે જવાબદારી નથી: મનુષ્ય તો જવાબદારીથી લદાયેલો છે. મનુષ્યે તો બજારમાં રીતસર વસ્ત્રાદિ પહેરીને જ નીકળવું જોઈએ. જેઓએ ધ્યેય, સાધ્ય, લક્ષ્ય, કેન્દ્ર મોક્ષ જ રાખ્યું હોય તેઓ માટે તો મોક્ષની સાધનાની આચરણાના અભાવે પ્રાયશ્ચિત્ત છે જ: નિયત છે, ધર્મપ્રભાવના કે ધર્મપ્રશંસામાં નહિં માન-નારાએ તો કહેોને કે મોક્ષના પ્રવાસી તરીકેનું રાજીનામુંજ આપેલું છે!

**उववूहथिरीकरणे :** અન્યને સ્થિરીકરણમાં પણ સ્વ–સમ્યકત્વ–શુદ્ધિનો સ્વાર્થ છે. કેવળ પરના ઉપકાર માટે ઉદ્યત કોઇ હોય તો તે માત્ર શ્રીતીર્થંકરદેવજ છે. પોતે કૃતાર્થ થએલા છે તેથી તેઓ ધર્મીને મદદરૂપ થાય તો પણ તેમના પદમાં વધારો થવાનો નથી, મદદરૂપે ન થવાથી તેમના પદમાં ઘટાડો થવાનો નથી. મૂળસ્થિતિએ જ રહેવાના છે છતાં તેમની પરમાર્થ–પ્રવૃત્તિ ચાલુ છે. કેવલ પરોપકારપરાયણ પ્રભુ શ્રીતીર્થંકર પરમાત્માજ છે. ત્રિલોકનાથ શ્રીતીર્થંકરદેવ છે.

## પુત્રીને પિતાની, વારંવાર ધર્મ આચરવાની એકજ સલાહ!!!

આચાર્યપદની આરાધનાથી જેણે તીર્થંકરપદ પ્રાપ્ત કર્યું છે તે પદ્માવતી નગરીના પુરૂષોત્તમ-રાજાનું ચરિત્ર ચાલુ છે.

પુત્રીને પરણવા માટે મોકલતી વખતે પિતા (રાજા) ધર્મોપદેશ આપે છે: પોતાનું સંતાન છુટું પડે, અન્ય અપરિચિત સ્થળે જાય, પોતાની દેખરેખથી દૂર થાય, ત્યારે તેના જીવનને મદદગાર, એવો ઉપદેશ જીવનભર સ્મરણીય રહે તેવો ઉપદેશ આપવો એ માતા પિતાનું ખાસ કર્તવ્ય છે. વાત્સલ્ય માત્ર ખુબ વસ્ત્રાલંકાર આપવામાં નથી. સાચો દાયજો તો ધર્મ, નીતી વગેરેનો ઉપદેશ છે.

"આપણે દુનિયામાં જેને વિશેષ સમ્બન્ધી ગણીએ છીએ તે તો મરણસમયે પ્રથમથી જ પોક મૂકે છે. ત્યારે શરણરૂપ માત્ર ધર્મજ છે. રાજસંક્રાતિમાં પણ તેમજ સમજી લેવું. સર્વત્ર મદદગાર કેવલ ધર્મજ છે. તેજ સર્વગુણસંપન્ન છે. યાવત્ મોક્ષ સુધી પહોંચાડનાર છે. હે પુત્રી! આવા ધર્મના સાધનમાં તું જરા પણ પ્રમાદી

બનતી ના ! લાખો મનુષ્યોને પૂછો કે સંપ કેવો? સંપ સારો, કુસંપ ખરાબ, એમ સૌ કહેશે પણ તેમને પૂછવામાં આવે કે: 'તમો શું કરો છો?' જવાબ કાંઇ નહિં ! સંપનાં ત્રણ લક્ષણો છે. ૧. બીજાના વાંકોને (અપરાધોને) જતા કરવા. ૨. બીજાના નુકશાનમાં ઉભું ન રહેવું ૩. બીજાને લાભની તક આપવી.

ઘરમાં ત્રણ ભાઈ હોય, તેમાં મોટો ભાઈ કમાનાર હોય, બીજા બે નાની ઉમરના હોય, તેઓ કમાતા ન હોય અને મોજમજાહથી રહેતા હોય તે છતાં જો મોટા ભાઈને ન પાળવે અને ભાગમાં 'પોતાનું કમાએલું' એવો મુદ્દો રજુ કરે તો સંપ ટકે શી રીતે ? જણાવવામાં આવેલા ત્રણેય મુદ્દાઓ જે સાચવે તેજ સંપને ટકાવી શકે. સંપ 'શબ્દ' દરેકને સારો લાગે છે, પણ તેની છાયા (તેવું વર્ત્તન)માં વાંધા છે, તેમ ધર્મ 'શબ્દ' તો સૌને સારો લાગે છે, પણ ધર્મમય વર્ત્તન કોઇને ગમતું નથી, અર્થાત્ વર્ત્તનમાં કોઈને ધર્મ ગમતો નથી.

રાજા કુંવરીને તેવો ઉપદેશ આપે છે કે 'ધર્મ' શબ્દથી રાજી થઈ સંતોષવાનું નથી, પણ તેને ખરેરૂપે આચરવાનો છે: ફલ તો પ્રવૃત્તીથી (આચરણથી) છે.

રાજા પોતાની પુત્રીને ધર્મની સાધના, સાધનો વગેરે સમજાવવા પૂર્વક ધર્મ આચરવાની વારંવાર ભલામણ કરે છે આનું નામજ પિતા !

(અપૂર્ણ)

# — ભેળસેળપંથિયો કે રામપંથિયોને —

૧. કાર્ત્તિક સુદ એકમનો ક્ષય હોય તો અમાસને દિવસે કાલે બેસતું વર્ષ એટલે કાર્ત્તિક સુદ એકમ છે એમ કહેશો કે નહિં ?. દીવાળીને દિવસે એકમ હોવાથી દિવાળીને અને બેસતું વર્ષ માની લેશો ? અને ચૌદશને દિવસે આવતી કાલે બેસતું વર્ષ છે એમ શું નહિં કહેશો ?

૨. કાર્ત્તિક સુદ પાંચમના ક્ષયની વખતે ત્રીજને દિવસે કાલે જ્ઞાનપંચમી છે એમ કહેશો કે નહિં ? શું જ્ઞાનપંચમીની આરાધના કાલ છે પણ જ્ઞાનપંચમીની તિથિ કાલે નથી એમ કહેશો ?

૩. કાર્ત્તિક સુદ પાંચમના ક્ષયની વખતે અંતરવાયણામાં જ્ઞાનપંચમીનાં અંતરવાયણાં કહેશો કે નહિં !

૪. કાર્ત્તિક સુદ ચૌદશના ક્ષયની વખતે તેના અંતરવાયણામાં ચોમાસીનાં અંતરવ્રાયણાં કહેશો કે નહિં !

તા. ક:—અંતરવાયણા માટે રકમ મ્હેલનારે જ્ઞાનપંચમી અને ચોમાસીના અંતરવાયણા માટે રકમ મ્હેલેલી છતાં બીજે દિવસે જ્ઞાનપંચમી અને ચોમાસીની તિથિ ન માનનાર છતાં જમે અને જમાવે તે કાયદાની વાત દૂર રખાય તો પણ સત્યતાને અંગે ખરાબ ગણાય કે નહિં ?

૫. કાર્ત્તિકીપુનમની યાત્રા કે પટયાત્રાને અંગે સાકરના પાણી માટે મ્હેલેલી જૈનની રકમને પુનમના ક્ષયે શાસ્ત્રીય પુનમે પુનમ ન માનનારો મનુષ્ય તે રકમનો ઉપયોગ કરે તો તે ઉચાપતખોર ગણાય કે નહિં !

૬. પોષ-માગશર વદ દશમ કે જે પોષદશમી કહેવાય છે તેને અંગે ઓચ્છવ, વરઘોડો, આંગી કે જમણને અંગે મ્હેલેલી રકમ પૌષીદશમી માને નહિં છતાં વાપરે કે ઉપયોગ કરે તો તે કાયદાથી ગુન્હેગાર છે કે નહિં ?

તા. ક:—આ પ્રમાણે જે જે તિથિથી નિયમિત થએલ તહેવારો કે વર્ષગાંઠ આદિ દિવસોને માટે પણ તે રામ કે રાવણપંથીઓને વિચારવું યોગ્ય છે. શાસનને અનુસરનારાઓ તો પરંપરારૂપ સીતાને પવિત્ર માનનારા છે, પણ તે સીતાની આબરૂ લુંટનાર તો રાવણપંથીયોજ છે, એ વાત તો સાફ છે કે અંતરવાયણાની રકમ મ્હેલનારો ચોથ કે તેરસ માટે રકમ મ્હેલતો નથી. વળી પાંચમ અને ચૌદશના ક્ષયની વખતે ચોથ અને તેરશે પાંચમ અને ચૌદશ છે એમ માની લો તો જ્ઞાનપંચમી કે ચૌમાસીચૌદશે ઘણી વખતે સાંજે છઠ અને પુનમ બેસી જાય છે તે વખતે રાતના પૌષધ કરે અને તેના પારણાં કે અંતરવાયણામાં જમે તેઓને ચોકૂખી ચોરી લાગે કે નાહ ? એ પરંપરારૂપ સીતાની આબરૂ લુટનાર રાવણપંથિયોએ વિચારવું રહ્યું. છઠ આદિ ઉત્તરતિથિના ક્ષયની વખતે તો તે દિવસ સમાદિનવાળી છઠ વગેરે છે.

# તિથિવિષયકપ્રશ્નોત્તર

**પ્રશ્ન**—તિથિ કોને કહેવી ?

**સમાધાન**—ચંદ્રનો સોળમો ભાગ નિત્યરાહુથી મુક્ત થઈને પ્રકાશમાં વધતો જાય તે શુક્લપક્ષની તિથિ અને તેટલો ભાગ નિત્યરાહુથી આવરાતો જઈ પ્રકાશમાં ઘટતો જાય તે કૃષ્ણપક્ષની તિથિ કહેવાય. આજ કારણથી શાસ્ત્રકારો તિથિની ઉત્પત્તિ ચંદ્રથી એટલે ચંદ્રની કલાની હાનીવૃદ્ધિને આધારે ગણે છે.

**પ્રશ્ન**—ચંદ્રની ગતિ અને રાહુથી આવરાવવું તથા મુકાવવું દરેકપક્ષે નિયમિત છે. તો ચંદ્રમાને અંગે શુકલ અને કૃષ્ણપક્ષની પંદરપંદર તિથિ થવાથી બન્ને પક્ષની ત્રીસ તિથિ થાય અને શાસ્ત્રકારો પણ સ્થાને સ્થાને ત્રીસ તિથિનોજ ચાંદ્રમાસ કહે છે તેમજ ત્રણુસેંસાઇઠ તિથિનુંજ ચાંદ્રવર્ષ કરે છે તો તિથિની હાનિ જે જૈનજ્યોતિષમાં પણ મનાય છે તે કેમ બને ?

**સમાધાન**—વસ્તુતાએ ચંદ્રમાસની ત્રીસ તિથિજ છે. અને શુકલ તથા કૃષ્ણપક્ષની પંદર પંદર તિથિયોજ છે. એટલે તેમાં કોઇપણ તિથિનો ક્ષય થતો નથી અને થઇ શકે પણ નહિં અને તેથીજ પાંચ વર્ષના યુગમાં થતા ૧૮૩૦ દિવસોમાં ચંદ્રમાના બાસઠ માસ થાય છે. સર્વયુગ–સર્વવર્ષ અને સર્વમાસમાં ૬૧/૬૨ ઘડી પ્રમાણવાળી તિથિ હોય છે. નથી તો તે પ્રમાણમાં કોઇકાલે વૃદ્ધિ થતી કે નથી તો કોઈ કાલે હાનિ થતી.

**પ્રશ્ન**—તિથિની ઉત્પત્તિ અને સ્થિતિ ચંદ્રની ગતિ ઉપર અને તેના આવૃતઅનાવૃતપણાને લીધે જ્યારે થાય છે અને તેની સંખ્યા દરેક યુગ તથા માસપક્ષમાં નિયમિત છે તેમજ દરેક તિથિનું માન પણ નિયત છે તો પછી તિથિયોનો ક્ષય કેમ આવે છે ! જૈનશાસ્ત્રકારોએ પણ શ્રીસ્થાનાંગાદિસૂત્રોમાં અવમરાત્રના નામે તિથિનો ક્ષય માનેલો પણ છે તેનું કેમ ?

**સમાધાન**—પાંચમ–આઠમ–ચૌદશ–પુનમ અને અમાવાસ્યા એ બધી તિથિઓ ચંદ્રની ગતિઆદિ ઉપર આધાર રાખનારી છે અને ચંદ્રમાસ અને તેના પક્ષની અપેક્ષાએ નિયતજ શરૂ થાય છે, વર્ત્તે છે અને પૂર્ણ થાય છે અને તેમાં કોઇપણ તિથિની હાની થતીજ નથી. અને શાસ્ત્રકારોએ પણ ચંદ્રમાસની તિથિયોની હાનિ કરી નથી. શાસ્ત્રકારોએ જે અવમરાત્ર કહીને તિથિની હાનિ જણાવી છે તે કર્મમાસથી થતા કર્મવર્ષની અપેક્ષાએ જણાવેલી છે. યાદ રાખવું કે કર્મમાસ જ્યારે પરિપૂર્ણ ત્રીશદિવસનો છે અને કર્મવર્ષ પૂર્ણ ત્રણુસે સાઈઠ દિવસનું છે ત્યારે ચંદ્રમાસ પૂર્ણ ત્રીશતિથિનો હોવા છતાં ૨૯ ૩૨/૬૨ દિવસનો છે અને ચંદ્રવર્ષ ૩૫૪ ૧૨/૬૨ દિવસનું છે, એટલે ચંદ્રસંબંધી મહિનો કે વર્ષ એકકે નિરંશ એટલે અખંડ નથી. અને કર્મમાસ અને કર્મવર્ષ તે અખંડ છે તેની સાથે મેળવતાં ૫ ૫૦/૬૨ જેટલો ભાગ જે ઘટે છે તેનુંજ નામ ૭ અવમરાત્ર છે અને તેથીજ ૭ તિથિયોનો ક્ષય ગણવામાં આવે છે. તિથિ ૭ ગુણી થવાથી મેળ મળે છે ૬૧/૬૨×૬ ૫=૫૦/૬૨ થાયજ છે.

પ્રશ્ન—ચંદ્રવર્ષના ૩૫૪ ૧૨/૬૨ દિવસ હોય તો પાંચ વર્ષના યુગમાં ચંદ્રના ૧૭૭૦ ૬૦/૬૨ દિવસો થાય અને યુગના દિવસો તો બરોબર ૧૮૩૦ હોય છે તે કેમ મળે?

સમાધાન—ચંદ્રવર્ષના જો કે ૩૫૪ ૧૨/૬૨ દિવસ હોય છે અને યુગમાં ચંદ્રના ૬૦ માસ હોય તો ૧૭૭૦ ૬૦/૬૨ દિવસ થાય, પરન્તુ ચંદ્રવર્ષના યુગમાં ત્રીજો અને પાંચમો અભિવર્ધિત સંવત્સર હોય છે અને તે અભિવર્ધિત ૩૮૩ ૪૪/૬૨ દિન પ્રમાણ હોય છે. એટલે બે અભિવર્ધિતના ૭૬૭ ૨૬/૬૨ દિવસ અને ત્રણ ચંદ્રવર્ષના ૧૦૬૨ ૩૬/૬૨ મેળવતાં ૧૮૩૦ દિવસ બરોબર યુગમાં થાય છે.

પ્રશ્ન—અભિવર્ધિતવર્ષમાં ૩૮૩ ૪૪/૬૨ દિવસ હોય છે તો આજકાલના ખરતરોને તેવી વખતે ૩૯૦ દિવસ કેમ રહે છે?

સમાધાન—મૂલમાં તો ખરતરો પાર વગરની માન્યતા પ્રરૂપણા અને કરણી શાસ્ત્રોના વચનોથી વિરૂદ્ધપણે કરતા આવ્યા છે. એની સાક્ષી શ્રીપન્નવણા તથા જીવાભિગમની વૃત્તિમાં શ્રીમલયગિરિજી છે. તેમાં નવા ખરતરોએ પંચમાસી અને તેરમાસી વગેરે શબ્દો પોતાની પરંપરા અને શાસ્ત્રથી વિરૂદ્ધ ઉભા કર્યા છે તે માત્ર અધિકમાસને પ્રમાણ કરવાના આગ્રહને લીધેજ જેમ છે તેમ ૩૯૦ દિનનો પણ રીવાજ તેઓએ નવોજ ચલાવ્યો છે. ખરી રીતે ચંદ્ર કે અભિવર્ધિત કોઇપણ વર્ષમાં ૩૯૦ દિન આવેજ નહિં, એક વાત ખરી છે કે ચંદ્રમાસ અને ચંદ્રની તિથિ પ્રમાણે અધિકમાસ હોય ત્યારે ચોમાસીમાં પાંચમાસ અને સંવચ્છરીમાં તેર માસ થાય તથા ચોમાસીમાં ૧૫૦ સંવચ્છરીમાં ૩૯૦ તિથિ થાય. પણ દિન ન થાય. પરન્તુ તે હિસાબે દરેક **पन्नरसण्हं दिवसाणं** પક્ષમાં અને **पन्नरसण्हं राईणं** નહિં કહી શકે. તેમજ ચોમાસી અને સંવચ્છરીમાં એકસોત્રીસ અને ત્રણસેં સાઠની સંખ્યામાં દિવસો અને રાત્રિયો નહિં કહી શકે. વળી મુસલમાન લોકોની માફક તિથિયોનો વ્યવહાર ચંદ્રોદયની સાથેજ નિયમિત કરવો પડશે, પણ સૂર્યોદયની સાથે સંબદ્ધ નહિં રહે તથા મુસલમાનોના તાજીઆ આદિ તહેવારોની માફક સંવચ્છરી આદિ જૂદાજૂદા મહીને કરવા પડશે. શાસનને અનુસરનારા શ્રીતપાગચ્છવાળાને તો હીનાધિક તિથિની કે અધિકમાસની ગણતરી ન લેવાથી કોઇ જાતની અડચણ આવી નથી અને આવશે પણ નહિં.

પ્રશ્ન—શાસ્ત્રોમાં **चाउदसट्ठमुद्दिट्ठपुण्णमासिणीसु** વગેરે વચનો ચૌદશ આઠમ અમાવાસ્યા કે કલ્યાણક તિથિ અને પુનમને આરાધવાનું જણાવે છે. અને તે આઠમ વગેરે તિથિયોની ઉત્પત્તિ ચંદ્રની ગતિઆદિ ઉપરથી છે. તેમજ તે તિથિયો હમ્મેશાં એક સરખા માનવાળી તથા સંખ્યાવાળી છે તો તેની આરાધના તે ચંદ્રતિથિની અપેક્ષાએ શા માટે કરાતી નથી?

સમાધાન—જેવી રીતે શાસ્ત્રોમાં સ્થાને સ્થાને **चाउद्दस०** વગેરે વાકયથી ચૌદશઆદિ તિથિયો કે જેઓ ચંદ્રની ગતિઆદિથી થાય છે તેની આરાધના કરવાનું જણાવે છે તેવીજ રીતે તે બધાં શાસ્ત્રવાકયો તે તિથિયોની સાથે **पडिपुण्णं पोसहं** એમ જણાવી અહોરાત્ર કે દિન રાત્રિ મર્યાદાજ એજ આહાર-શરીરસત્કાર વ્યાપાર અને અબ્રહ્મનો ત્યાગ જણાવવા સાથે સાવદ્યના ત્યાગને કર્ત્તવ્ય તરીકે જણાવે છે. અને અહોરાત્રની મર્યાદા તો ચંદ્રની

ગતિઆદિ ઉપર નથી, પણ સૂર્યના ઉદય આદિ ઉપર છે. અને શાસ્ત્રકારો પણ સ્થાને સ્થાને **सूराई जेण हुंत०** એમ કહી અહોરાત્રનો સંબંધ સૂર્ય સાથેજ જોડે છે. એટલે ચૌદશઆદિની તિથિને આરાધનારે ચંદ્રની ગતિઆદિ ઉપરથી થતી તિથિયો ઉપર જે આધાર રાખવાનો છે તેના કરતાં અધિક આધાર અહોરાત્ર ઉપર એટલે સૂર્યના ઉદય ઉપર રાખવાનો છે. જો એમ ન માનવા અને કરવામાં આવે તો મુસલમાનોના રોજા જેમ રાતે શરૂ થાય અને રાતે ખુલ્લા થાય છે, તેમ જૈનોના ઉપવાસાદિ નિયમો પણ રાતે શરૂ થઇ રાતેજ પૂરા થવાવાળા થાય અને એમ કરતાં ન તો રાત્રિભોજનવિરમણરૂપ મૂલગુણ રહે અને ન તો અદ્ધાપચ્ચક્ખાણરૂપ ઉત્તરગુણ રહે. અને તેથી શાસ્ત્રકારો સૂર્યના ઉદયની અપેક્ષાએ તિથિ ન માનનારાઓને અર્થાત્ ચંદ્રોદય કે તત્કાલવ્યાપ્તિ આદિથી તિથિ માનનારાઓને મિથ્યાત્વાદિ દોષો લાગવાનું કહે છે.

પ્રશ્ન—ચૌદશઆદિ ચાંદ્રતિથિઓ આરાધવાની છતાં આરાધવાની સાચવણી માટે સૂર્યોદયને સ્પર્શ કરવાવાળી ચૌદશઆદિ તિથિઓને પર્વતિથિ તરીકે માની અને સૂર્યોદયના સ્પર્શવાળા આખા દિવસને પર્વતિથિ તરીકે ન માનતાં જેઓ તિથિના આરંભથી કે વ્રતાદિકાલમાં રહેતી અગર માત્ર સમાપ્તિ સુધી રહેતી પર્વતિથિ માનીને તે મુજબ વ્રતાદિ અને પારણાં આદિ કરે. તેઓને શાસ્ત્રકારે મિથ્યાત્વાદિ દોષવાળા માન્યા છે. તો એ ઉપરથી ઉદયવાળીજ તિથિને પર્વતિથિ તરીકે મનાય એ ખરૂંને ?

સમાધાન—સૂર્યના ઉદયને ફરસતી તિથિના દિવસે પર્વતિથિ માનવી એ તત્ત્વ હોવાથીજ **उदयंमि जा तिही०** વગેરે કહેવામાં આવ્યું છે અને તેથી ઉપવાસાદિ તથા અહોરાત્ર પૌષધઆદિ પર્વતિથિની કરણી કરાય. એટલે એ નક્કી થયું કે પ્હેલાં પર્વતિથિવાળો દિવસ નક્કી કરવો અને પછી તે આખો દિવસ પર્વતિથિ તરીકે માનવો અને તેની આખા દિવસમાં વ્યાપક એવા ઉપવાસાદિ નિયમથી આરાધના કરવી. શ્રીશ્રાદ્ધવિધિમાં પણ પ્હેલાં તિથિ પર્વરૂપ છે એમ માનવાનું જણાવીને પછી તેની આરાધના જણાવી છે. શ્રાદ્ધદિનકૃત્ય આદિમાં પણ **छण्हं तिहीण मज्झंमि का तिही अज्ज वासरे** એમ કહી આરાધનાના વિષયમાં પ્હેલી તિથિનેજ પર્વતિથિ તરીકે નક્કી કરવાનું જણાવે છે. અને એ કારણથી શ્રીતત્ત્વતરંગિણીકાર પણ **ग्राह्या** એવા સરલપદનો પણ પર્વતિથિપણું લેવા માટે **उपादेयेत्यर्थः** એમ ઇત્યર્થ કહે છે. એટલુંજ નહિં. પરન્તુ સ્પષ્ટપણે જણાવે છે કે ચૌદશનો ક્ષય હોય ત્યારે ઉદયવાળી તેરસ છે છતાં તે દિવસે તેરશ છે એવું કહેવાનો શ્રીસંઘમાં રીવાજજ નથી. પણ તિથિને દિવસે ઉપવાસ ચૈત્યવંદન અને સાધુવંદન આદિ કરવામાં ન આવે તો પ્રાયશ્ચિત્ત આવે છે જેથી એવા પ્રાયશ્ચિત્તઆદિના કાર્યમાં શ્રીસંઘ તે દિવસે ચૌદસજ માને છે. એમ જણાવી વગર ઉદયવાળી પણ ચૌદશ છતાં તે દિવસે ચૌદશજ કહેવી એમ સ્પષ્ટપણે જણાવે છે. એટલે હમણાં થોડા વર્ષોથી જે શાસનની પરંપરા અને શાસ્ત્રવાક્યોથી વિરૂદ્ધપણે ભેગી તિથિઓ માનીને જે ભેળસેળીયા થયા છે તેમને

કોઇપણ પ્રકારે શાસન, પરંપરા અને શાસ્ત્રની શ્રદ્ધાવાળાઓએ માન્ય કર્યા નથી અને તેવો સંભવ પણ નથી.

પ્રશ્ન—સૂર્યના ઉદયમાં જે તિથિ વર્ત્તતી હોય તે માનવીજ જોઇએ એમ નહિં ?

સમાધાન—સૂર્યના ઉદયને ફરસવાવાળી તિથિ જો માનવીજ જોઇએ એવો નિયમ રાખીયે તો અષ્ટમી ચતુર્દશી આદિપર્વતિથિના ક્ષયની વખતે સાતમ અને તેરશ આદિનોજ ઉદય છે માટે તે દિવસે આઠમ-ચૌદશઆદિ માનનારા અથવા આઠમ-ચૌદશઆદિ માની તેની આરાધના કરનારા માર્ગથી વિપરીતજ ગણાય. અર્થાત્ આઠમ-ચૌદશઆદિ માનનારા અગર સાતમ આઠમ આદિને ભેગી માનનારા થઇને પણ આઠમઆદિ માનનારા જે છે તે બન્ને મિથ્યાત્વી થાય. જો એમ કહેવામાં આવે કે ઉદયને ફરસવાવાળી માનવીજ એમ નહિં, પણ ઉદયને ફરસવાવાળીજ માનવી. એમ કહેવામાં આવે તો આઠમઆદિ તિથિયો જ્યારે ઉદયને ન ફરસીને ક્ષય પામે ત્યારે તે આઠમઆદિની આરાધના સાતમ માનીને કે આઠમ માનીને પણ કરનારો મિથ્યાત્વીજ થાય. એટલે આ ગાથાથી નથી તો ઉદયવાળી તિથિ માનવીજ એવો નિયમ થતો, તેમ ઉદયવાળીજ માનવી એવો પણ નિયમ થતો નથી. આ ગાથા તો ક્ષય કે વૃદ્ધિનો પ્રસંગ ન હોય ત્યારે માત્ર ઉદયવાળી તિથિ એટલે ઉદયને ફરસનારી છે તે દિને અન્ય ઉદય જે અપર્વનો છે ત્યાં સુધી આરાધનાની તિથિને માનવા માટેજ છે. આજ કારણથી શ્રીશ્રાદ્ધવિધિકારે સામાન્ય પર્વતિથિના અધિકારમાં આ ગાથા લખી છે. અને પર્વતિથિની હાનિવૃદ્ધિનું પ્રકરણ પછી ઉપસ્થિત કરેલું છે. વળી તેમ હોવાથીજ તિથિનો આરંભ, ભોગ કે સમાપ્તિકાલ અગર પ્રત્યાખ્યાનકાલ કે પ્રતિક્રમણ કાલને લઇને આરાધના કરનારને અહોરાત્રની આરાધના ન થવાથી અને મૂલગુણ ઉત્તરગુણની વિપરીત આરધના થવાથી મિથ્યાત્વઆદિ દોષોવાળા માન્યા છે.

પ્રશ્ન—જે અષ્ટમી આદિ પર્વતિથિ ઉદયને ફરસવાવાળી હોય તે જરૂર માનવી જોઇએ એમ તો ખરૂં કે નહિં ?

સમાધાન—જૈનજ્યોતિષને અનુસરતી જ્યોતિષની માન્યતા વખતે ગાથાના અર્થને મરડનારો મનુષ્ય એમ માની પણ શકત. પરંતુ વર્ત્તમાનપંચાંગોમાં પર્વતિથિની પણ વૃદ્ધિ થાય છે તેથી ઉદયને ફરસવાવાળી પણ પર્વતિથિ માનવીજ જોઇએ એમ બનેજ નહિં. પર્વ-તિથિનો જેમ આરાધનાના વિષયમાં ક્ષય થાય નહિં તેમ વૃદ્ધિ પણ થાય નહિં. જ્યારે ટીપનામાં બે આઠમો કે બે ચૌદશો હોય ત્યારે બન્ને આઠમો અને ચૌદશો સૂર્યના ઉદયને ફરસનારીજ હોય છે. એટલે જો એમ નક્કી કરવામાં આવે કે સૂર્યના ઉદયને

ફરસવાવાળી પર્વતિથિને પર્વતિથિ તરીકે માનવીજ જોઈએ. તો પછી બંને આઠમો વગેરે પર્વતિથિ તરીકે આરાધવીજ જોઇએ. પણ તેમ બને નહિં. તેથી કહેવું અને માનવુંજ જોઈએ કે ઉદયને ફરસનાર પર્વતિથિ માનવી એ હકીકત ક્ષયવૃદ્ધિના પ્રસંગ સિવાયજ છે.

પ્રશ્ન—ક્ષયના પ્રસંગમાં ઉદયને ફરસવાવાળી પર્વતિથિ ન મળે એ ચોકખું છે પણ વૃદ્ધિના પ્રસંગમાં ઉદયથી પર્વતિથિની આરાધનાનો આરંભ અને ઉદય થાય પછીજ તે આરાધનાની સમાપ્તિ થાય એ સિદ્ધાંત ન ગણવો ?

સમાધાન—શાસ્ત્રકારો **क्षये पूर्वा तिथिर्ग्राह्या, वृद्धौ कार्या तथोत्तरा** એ પ્રઘોષને આધારે પર્વતિથિનો ક્ષય હોય અર્થાત્ તે તિથિ સૂર્યોદયને ફરસવાવાળી ન હોય તો તેનાથી પ્હેલાની એટલે આઠમ આદિના ક્ષયે સાતમ આદિની તિથિનો જે સૂર્યોદય હોય તેને આઠમઆદિના સૂર્યોદય તરીકે ગણી આઠમઆદિની આરાધના કરવી એમ જણાવે છે અને તેથીજ શ્રી તત્ત્વતરંગિણીમાં ચૌદશના ક્ષયની વખતે તેરસે તેરસ કહેવાનો નિષેધ કરે છે. અને ચૌદશજ છે એમ કહેવાનું સ્પષ્ટપણે જણાવે છે. એટલે વૃધ્ધિમાં પણ શ્રીઆનન્દવિમલસૂરિજી વખતના લખાણથી તથા શ્રીવિજયદેવસૂરિજીના પટ્ટકથી પુનમ-અમાવાસ્યાની ક્ષયવૃદ્ધિએ તેરસની ક્ષયવૃદ્ધિ કરવાની હોવાથી અપર્વની તિથિજ હાનીવૃદ્ધિમાં બોલાય.

## સિદ્ધચક્ર વર્ષ ૧૦ : અંક ૫ થી ૮ માના પૃ. ૭૧માં સુધારો

૧. "અસંખ્યાતા પલ્યોપમોની જગોપર અસંખ્યાતાવર્ષે પલ્યોપમ અને દસકોટાકોટિ-પલ્યોપમે એમ વાંચવું.

●

## સમાલોચના—

૧. ગ્રંથી આવે ત્યારે અંતઃકોટાકોટિ સાગરોપમ થાય છે. માટે ગ્રંથિ ભેદયા પછી સમ્યક્ત્વ પામતી વખત તેમાંથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓછો હોય. ઘણા પલ્યોપમના અસંખ્યાતમાભાગો તથા ઘણા પલ્યોપમો પણ ઓછા થયા છતાં અંતઃકોટાકોટિ સાગરોપમ કહી શકાય.

૨. ભગવાન્ઋષભદેવજીનો કેવલિપણાનો પર્યાય હજાર વર્ષ ન્યૂન લાખ પૂર્વનો છતાં બીજા તીર્થંકરોના કેવલિકાળને મેળવવાની વખતે હજાર વર્ષની વિવક્ષા કરાય નહિં.

( રાજકોટ )

( ટાઇટલ પાના ૩ નું ચાલુ )

હમ્મેશને માટે માન્યો છે અને તેથીજ તે તે દેવતાઓમાં સર્વકાળે સર્વ તીર્થંકરોએ સમ્યગ્દષ્ટિ એવા દેવોનો વર્ગ જણાવેલો છે. તે સમ્યગ્દષ્ટિ દેવતાઇવર્ગને પણ વીતરાગપણાનું ધ્યેય હોઇને વીતરાગના આદર્શરૂપ મૂર્ત્તિની માન્યતા તેઓને હોયજ છે. (આ સ્થાને ધ્યાન રાખવું કે કેટલાક મુગ્ધમનુષ્યોને ઠગવા માટે કેટલાક કુતર્કવાદીઓ મૂર્ત્તિપૂજા એ દેવતાનું કર્તવ્ય છે પણ મનુષ્યનું કર્તવ્ય નથી એમ પ્રલાપ કરે છે, પરન્તુ તેઓએ સમજવું જોઇએ કે શાસ્ત્રોમાં કોઇપણ જગોપર શ્રાવકને અંગે મૂર્ત્તિપૂજાનો નિષેધ નથી, એટલુંજ નહિં, પરન્તુ-દ્રૌપદી-સુવર્ણગુલિકાનાં દષ્ટાન્તોથી તથા વિશાલાના સ્તૂપ અને આચારાંગમાં જણાવાયેલા શ્રાવકોના દેવકુલ અને દેવાયતનોથી શ્રાવકોને પણ મૂર્ત્તિપૂજાની કર્ત્તવ્યતા સિદ્ધ થાય છે. અને આવશ્યકાદિસૂત્રોમાં સ્થાને સ્થાને તેના પાઠો નજરે પડે છે. પરન્તુ દેવતાઓની પૂજાઓનું વધારે જે વર્ણન છે તે તો માત્ર ભગવાન્ જિનેશ્વરદેવોની અતિશય પૂજ્યતા જણાવવા માટેજ છે. અને તેથી જેમ **धम्मो मंगल०** ની ગાથામાં **देवावि तं नमंसंति** કહીને જેમ ધર્મની અધિકતા જણાવવામાં આવી છે તેમ દેવતાઓના અધિકારેથી જિનેશ્વરોની અધિક પૂજ્યતા જણાવવામાં આવી છે. શું તે કુતર્કવાદીઓ એમ માનવાને તૈયાર છે કે ધર્મપરાયણ લોકો માત્ર દેવતાથીજ આરાધાય, પણ મનુષ્યોથી તે આરાધાય નહિં અને આરાધના કરવી જોઇએ પણ નહિં. વળી શ્રુતજ્ઞાનનો મહિમા દેખાડતાં **देवंनागसुवन्नकिन्नरगणसब्भूअभावच्चिए** તેમજ **दाणवदेवनरिंदगणच्चिअस्स** વગેરે પાઠોથી શાસ્ત્ર એટલે શ્રુતજ્ઞાન તે માત્ર દેવેન્દ્ર અને નરેન્દ્રોનેજ આરાધ્ય છે, પરન્તુ તે શિવાય તે શ્રુતજ્ઞાન સામાન્યમનુષ્યોએ આરાધવું જોઈએ નહિં એમ માનવા શું તૈયાર થાય ?

૪. સમસ્તજૈનદર્શનને અનુસરનાર જૈનવર્ગમાં મતભેદ વગર કોઇપણ વ્યક્તિ માનને પાત્ર બની શકતી હોય તો તે માત્ર ભગવાન્ જિનેશ્વરોજ છે. અને તેથીજ બીજા સર્વ ધર્મસ્થાનકો કરતાં ભગવાન્ જિનેશ્વર મહારાજની મૂર્ત્તિજ જેમાં બીરાજમાન હોય તેજ સ્થાન સમગ્ર જૈનવર્ગને નિઃશંકિતપણે અને અવિરોધિપણે માન્ય રહી શકે. જુદાજુદા ઉપાશ્રયોને અંગે, જુદીજુદી સંસ્થાઓને અંગે, જુદા જુદા મંડળોને અંગે-જુદી જુદી વ્યક્તિઓને જુદા જુદા વર્ગની માન્યતા અને અમાન્યતા બન્ને થાય, પરન્તુ ભગવાન્ જિનેશ્વરમહારાજની મૂર્ત્તિ અને ભગવાન્ જિનેશ્વરમહારાજને અંગે તો સર્વજૈનીઓ અને જૈનધર્મને અનુસરનારાઓ વિરોધરહિતપણે અને એકસરખીરીતે માન્યતાની લાગણીવાળા હોય. એટલે એમ કહીએ તો ચાલે કે સર્વ કાળ સર્વ ક્ષેત્રો અને સર્વ સ્થાનોમાં સર્વ વર્ગોમાં એક સરખી રીતે વીતરાગ-પણાનું ધ્યેય આદર્શદ્વારાએ પ્રવર્ત્તાવનાર જો કોઈ હોય તો તે ભગવાન્ જિનેશ્વરમહારાજની વીતરાગપણાની મૂર્ત્તિજ છે. (વાચકવર્ગે ધ્યાન રાખવું કે વર્ત્તમાનમાં કેટલાક પાખંડીયો ભગવાન્ જિનેશ્વરમહારાજના વીતરાગપણાના આદર્શની કિંમત પોતાના ગચ્છના, પોતાની પરંપરાના કે પોતાના સંઘાડાના પુતળાને ગોઠવીને બગાડે છે. કેમકે વીતરાગપણાના ધ્યેયથી ભગવાન્ જિનેશ્વર મહારાજની વીતરાગતામય મૂર્ત્તિને દેખીને આત્માનો ઉદ્ધાર કરવા જે તૈયાર થયેલો હોય છે તેમાં તે પાખંડીયોનાં પુતળાઓ ખરેખર વિઘ્ન કરનારજ થાય છે. જો કે તે પાખંડીયોના

ભક્તોને તે પુતળાં દેખી ઉલ્લાસ થાય તેનો અસંભવ નથી, પરન્તુ જેઓ તે પાખંડીયોને અનુસરનારા ન હોય અર્થાત્ તે પાખંડીયોને માનનારા ન હોય તેવા ભગવાન્ જિનેશ્વર-મહારાજના અવિચ્છિન્ન પ્રભાવશાળી ત્રિકાલાબાધિત જૈનશાસનને અનુસરનારાઓની ભાવના-શ્રેણિ અને પરિણતિને બગાડનારાજ થાય છે અને તેથી તે પાંખડીયો પોતાના માનીતાં પુતળાં દ્વારાએ શાસનના સાચામાર્ગનું સત્યાનાશ કહાડનારા થાય છે. આ વાત જો કે વધારે ચર્ચવા લાયક છે છતાં આ તેનું મુખ્ય સ્થાન ન હોવાથી આટલેથીજ પતાવવી સારી છે.

૫. જો કે સામાન્યરીતે સાધુમહાત્માઓને આધારેજ શાસનનું પ્રવર્તવું થાય છે. પરન્તુ સાધુભગવંતોએ પ્રવર્તાવેલું ભગવાન્ જિનેશ્વરમહારાજનું શાસન ટકવાનું કોઇપણ સાધન હોય તો તે માત્ર ભગવાન્ જિનેશ્વરમહારાજનાં ચૈત્યો છે એટલે વાચકે સમજવું પ્રવૃત્તિ જોઇએ કે જે જે ક્ષેત્રોમાં જેમ જેમ ભગવાન્ જિનેશ્વરમહારાજના શાસનની અધિક અધિક થશે તેમ તેમ વીતરાગતામય આદર્શને ધારણ કરનાર ભગવાન્ જિનેશ્વરમહારાજની મૂર્તિઓની સ્થાપના પણ અધિકાધિક થશે. અને એજ કારણથી શાસ્ત્રોમાં સ્થાને સ્થાને નગરના વર્ણનોના અધિકારે ભગવાન્ જિનેશ્વરમહારાજનાં ચૈત્યોનાં જૂથો જણાવવામાં આવેલાં છે. આ ઉપરથી સમજાશે કે ભગવાન્ જિનેશ્વરમહારાજ શાસનની સ્થાપના કરે, સાધુમહાત્માઓ તે શાસનનો પ્રચાર કરે, પરન્તુ તે શાસનના ધ્યેયની અવિચળતા રાખીને શાસનને ટકાવનાર જો કોઇપણ હોય તો તે માત્ર વીતરાગના આદર્શરૂપ ભગવાન્ જિનેશ્વર-મહારાજની મૂર્તિજ છે. આ વાતને સમજનારો એ વાત સ્હેજે સમજી શકશે કે ભગવાન્ મહાવીરમહારાજના વખતમાં પણ શ્રેણિક મહારાજા સરખા ક્ષાયિક સમ્યક્ત્વને ધારણ કરનારાના પુત્ર અભયકુમાર કે જેઓ આખા જૈનવર્ગમાં બુદ્ધિના નિધાન તરીકે પ્રસિદ્ધ છે તેવા શ્રીઅભયકુમારે અનાર્યક્ષેત્રમાં ઉપજેલા નરને જૈનધર્મ પમાડવા માટે એટલે વીતરાગના શાસનમાં લાવવા માટે બીજું પુસ્તક-રજોહરણ વગેરે ન મોકલતાં ભગવાન્ઋષભદેવજીની મૂર્તિ કેમ મોકલી ? આ ઉપરથી એ વાત તો નિર્વિવાદ સિદ્ધ થાય કે ક્ષેત્રાન્તરે કાલાંતરે-ભુવનાંતરે કે લોકાન્તરે વીતરાગતાનું ધ્યેય ઉત્પન્ન કરનાર અને વીતરાગતાના માર્ગની જિજ્ઞાસા ઉત્પન્ન કરી વીતરાગ ભગવાનના માર્ગને મેળવી આપનાર અપૂર્વ અને અજોડ એવું જો કોઇપણ સાધન હોય તો તે માત્ર ભગવાન્ જિનેશ્વરમહારાજની મૂર્તિજ છે.

૬. ભવિષ્યકાળના ઇતિહાસને શોધનારાઓ જો જૈનશાસનનું ધ્યેય-જૈનશાસનની મહત્તા જૈન-શાસનનો પ્રચાર અને જૈનશાસનની જાહોજલાલી જાણવા અને જણાવવાને સમર્થ થઇ શકશે તો તે માત્ર ભગવાન્ જિનેશ્વરમહારાજની મૂર્તિઓ અને તેમના ચૈત્યોના આધારેજ થઈ શકશે

ઉપરની હકીકત વિચારનાર મનુષ્ય વીતરાગપણાના આદર્શવાળી ભગવાન્ જિનેશ્વરમહારાજની મૂર્તિ અને તેને બીરાજમાન કરવાનું સ્થાન જે ચૈત્ય એ બેનો મહિમા સમજ્યા શિવાય રહેશે નહિં. અને જો તે મહિમા સમજવામાં આવશે તો કોઈપણ પ્રકારે તે મનુષ્ય મૂર્તિ અને ચૈત્યો તરફ આદરભાવની નજર કર્યા શિવાય રહેશેજ નહિં.

( સમ્પૂર્ણ )

પરન્તુ જે વર્ગ આગળ તે પોકાર કરે છે તે વર્ગ સંપૂર્ણ અજ્ઞાનથી ભરેલો હોવાને લીધે ભગવાન્ જિનેશ્વરમહારાજના જન્મકલ્યાણુની વખતે મેરૂ ઉપર થનો અભિષેક, ભગવાન્ જિનેશ્વર-મહારાજની દીક્ષાની વખતે થતો આડંબર અને મહોત્સવ, ભગવાન્જિનેશ્વરમહારાજના કેવળજ્ઞાનની વખતે થતી સમવસરણુની રચના અને તેજ સમવસરણુમાં પૂર્વબાજુ બીરાજેલા ભગવાનના સરખી બાકીની ત્રણુ દિશામાં બીરાજમાન થતી મૂર્તિઓ અને યાવત્ ભગવાનના નિર્વાણુ પછી પણુ તેમનો થયેલો નિર્વાણુકલ્યાણુકનો ઓચ્છવ એ વિગેરે વસ્તુઓ તે અજ્ઞાની લોકો જાણુતા પણુ ન હોય જાણે પણુ નહિં અને તેથી તે મૂર્તિને ઉડાવનાર કુતર્કવાદી જૈનાભાસ વેષધારીયોને સાચી વાત કહી શકેજ નહિં. તે કુતર્કવાદીઓ પોતાના દીક્ષામહોત્સવ વિગેરે અને મરણુમહોત્સવ તો હિંસામય છતાં પણુ રોકતા નથી, માત્ર ભગવાન્જિનેશ્વરમહારાજની પૂજાને તેઓ રોકવા માટે હિંસાના નામનું ઓઠું ઉભું કરે છે, પરન્તુ આસ્તિકવર્ગ ભગવાન્ જિનેશ્વરમહારાજના ચૈત્યોનો મહિમા સારી રીતે સમજી શકે છે અને સમજી શકે તેમ પણુ છે. જેઓને તે મહિમાની વિશેષ જિજ્ઞાસા હોય તેઓને તેની મૂર્તિ કરવા માટે નીચેના મુદ્દાઓ વિચારવાની જરૂર છે.

૧. અન્યદર્શનકારોનું અને તેને માનનારાઓનું દેવતત્ત્વને અંગે ગ્હાય જે મન્તવ્ય થતું હોય, પરન્તુ જૈનદર્શનનું અને તેને અનુસરનારાઓનું તો સર્વકાળ એ મન્તવ્ય નિશ્ચિત છે કે હરેક આત્માએ વીતરાગદશા મેળવવા તૈયાર રહેવું. એ સાધ્યનું પ્રાબલ્ય જૈનશાસનમાં એટલું બધું છે કે જેને વીતરાગપણું અને તેના ફળ સ્વરૂપ મોક્ષ મેળવવાની ઇચ્છા થાય તે ભવ્યજ ગણુાય. આ વીતરાગપણુાનો જો કોઈ આદર્શ હોય તો તે માત્ર વીતરાગનું પ્રતિબિંબ છે. એટલે જેઓને વીતરાગપણું ધ્યેય તરીકે હોય તેઓએ વીતરાગના આદર્શ તરીકે ભગવાન્ જિનેશ્વરમહારાજની મૂર્તિનું ધ્યેયપણું રાખવુંજ જોઈએ

૨. ભગવાન્જિનેશ્વરમહારાજાઓનું શાસન સર્વકાળ સાધુમહાત્માઓ દ્વારાએજ ચાલ્યું છે-ચાલે છે અને ચાલશે, પરન્તુ એ સાધુમહાત્માઓ સકષાયી હોય, પ્રમત્ત હોય, રાગદ્વેષથી દોરાયેલા હોય, તેથી તેઓ માત્ર ઉપદેશ દ્વારાએજ શાસનને પ્રવર્તાવી શકે, પરન્તુ વીતરાગપણુાના ધ્યેય તરફ દોરનાર જો કોઇ નિર્દોષ આદર્શ હોય તો તે ભગવાન્જિનેશ્વરમહારાજની મૂર્તિ છે.

૩. એ વાત તો વાચકોના ખ્યાલ બ્હાર નહિંજ હોય કે સાધુમહાત્માઓદ્વારાએજ શાસનની પ્રવૃત્તિ થઈને વીતરાગપણુાનું ધ્યેય પ્રાપ્ત કરવાનો માર્ગ માત્ર કર્મભૂમીમાં અને તેમાં પણુ મુખ્યતાએ આર્યક્ષેત્રોમાં જ હોય છે અને તેથી જો સાધુમહાત્માનેજ ધર્મની જડ ગણુવામાં આવે તો માત્ર કર્મભૂમિના આર્યક્ષેત્રો શિવાય અન્યક્ષેત્રોમાં ધર્મનો અભાવ માનવો પડે. પરન્તુ જે અધોલોકમાં-ભવનપતિવિગેરેમાં તિર્છાલોકમાં-સૂર્યચન્દ્રાદિક અસંખ્યદેવોમાં અને ઊર્ધ્વલોકમાં-સૌધર્મઆદિક દેવલોકના દેવતાઓમાં સમ્યક્ત્વાદિ ધર્મનો સદ્ભાવ શાસ્ત્રકારોએ

( જૂઓ પેજ ૧૨૩ )

# જૈનશાસનમાં ચૈત્યનું મહત્ત્વ

દરેક આર્ય કે અનાર્યવર્ગ પોતપોતાના દેવોને અંગે દેવગૃહ એટલે દેરૂં કે દેરાસર કે મંદિર વગેરે શબ્દોથી માનનારો હોય છે. સામાન્યરીતે કોઇપણ આસ્તિકવર્ગ પોતાના મતને પ્રવર્ત્તાવનાર કે પ્રકાશનારને સર્વોત્તમ વ્યક્તિ તરીકે દેવને માનનાર શિવાય હોતો નથી. અને એ પણ સર્વ-આસ્તિકવર્ગની માન્યતા એક સરખી છે કે સર્વકાળ એટલે ધર્મપ્રવૃત્તિ જેટલો વખત થાય તેટલો બધો વખત દેવની હયાતિ આ જગત્ ઉપર હોતી નથી અને હોય પણ નહિં. વળી જેવી રીતે કાલાન્તરની અપેક્ષાએ દેવની સર્વકાળ હયાતિ હોવી સંભવિત નથી તેવીજ રીતે દેવની હયાતિની વખત પણ સર્વક્ષેત્રમાં દેવની હયાતિનો સંભવ પણ હોતો નથી. કદાચ કોઇ દેવ તરીકે ગણાયેલું કે મનાયેલું સ્વરૂપ વૈક્રિય કે તેવી ચમત્કારિક શક્તિદ્વારાએ અનેક સ્થાને પોતાના સ્વરૂપમાં પોતાનાં દર્શન દઇ શકે એમ માનીએ તો પણ તેવી ચમત્કારિકશક્તિનો હરેક વખતે અને હરેક ક્ષેત્ર માટે ઉપયોગ હોય નહિં અને હોવો સંભવિત પણ નથી. તેથી દેવતત્ત્વને માનનારા દરેક આસ્તિક-વર્ગને તો શું ? પરન્તુ આર્ય અને મ્લેચ્છ તરીકે ગણાતા જનસમૂહને પણ દેવગૃહ એટલે દેવસ્થાન માનવાની જરૂર પડેલી છે અને તે પ્રમાણે સર્વજનોએ માનેલા પણ છે, જો કે દેવગૃહો અને દેવસ્થાનો સ્થાપવામાં આવ્યા પછી તેમાં કેટલાકોએ માત્ર દેવની આરાધના કે દેવની પૂજાની મુખ્યતા ન રાખતાં માત્ર પ્રાર્થનાની અને દેવની મહેરબાની ચાહવાની મુખ્યતા રાખેલી હોય છે અને તેથી તેવો વર્ગ પોતાના ધ્યેયની મુખ્યતા ન રાખતાં દેવની મૂર્ત્તિના અપલાપને માટે એટલે સુધી બકવાદ કરવાને તૈયાર થાય છે કે દેવ તો ચેતનામય છે અને મૂર્ત્તિ જડતામય છે. દેવ તો સર્વશક્તિમય છે અને મૂર્ત્તિ શક્તિરહિત છે. દેવ જ્યારે સ્વપ્રતિષ્ઠિત છે. ત્યારે મૂર્ત્તિ પર પ્રતિષ્ઠિત છે, માટે મૂર્ત્તિને દેવ તરીકે માની શકાય નહિં. પરન્તુ એવા કુતર્કો કરનારા કે કુવિકલ્પો જાહેર કરનારા તેમજ અવિચારી બોલનારા મનુષ્યોને એ વિચાર નથી આવતો કે જેઓને તમે ઇશ્વરના દૂત તરીકે કે ઇશ્વરના પુત્ર તરીકે કે ઇશ્વરના અવતાર તરીકે માનો છો તેઓ મૂર્ત્તિમંત શરીરવાળા હતા કે કેમ ? અને જો તેઓ શરીરવાળા હોઇને મૂર્ત્તિમંત હતા તો તેનું પ્રતિબિંબ હોય કે નહિં ? ચેતનાવાળા હતા કે નહિં ? તેઓ માબાપથી જન્મેલા હતા કે માબાપ વગરજ જન્મેલા હતા ? જ્યારે તેઓ ચેતનાવંત હતા, મૂર્ત્તિમંત હતા, માબાપથી જન્મેલા હતા, તો પછી તેઓને માનવા એ જો વ્યાજબી હોય તો પછી તેમની મૂર્ત્તિની માન્યતા કેમ વ્યાજબી ન હોય ? વળી જો તેઓ ઇશ્વરના પ્રતિનિધિ છે તો

( જુઓ ટાઇટલ પાનું ૨ )

Regd. No. B. 3

# શ્રી સિદ્ધચક્ર

!!! વ.......દ.......ન.......હો !!!

## શ્રી સિદ્ધચક્રને

अर्हन्तः प्रातिहार्यैः सुरनरनिकरैरर्चनीयाः शिवाढ्याः,
सिद्धाः निष्कर्मकिट्टा जनिमृतिरहिताः सर्ववेदिप्रगल्भाः ।
आचार्या धर्मधुर्याः श्रुतगणपटवो वाचकाः सन्मुनीशाः;
मोक्षाध्वालंबनाः श्रद्धतिमतिश्चरणैः सत्तपोभिः पुनन्तु ॥१॥

जिनेशितुश्चक्रभृतो वासुदेवस्य वा यथा ।
चक्रं तथेदं श्रीसिद्धचक्रं शासनकार्यकृत् ॥२॥

વર્ષ ૧૦ અંક ૧

[ ધનજીસ્ટ્રીટ : ૨૫, ૨૭ ]

| | |
|---|---|
| વિક્રમસં. ૧૯૯૯ વીરસં. ૨૪૬૯, | આષાઢ પૂર્ણિમા |
| લવાજમ રૂ. ૨-૦-૦ | તા ૧૭-૭-૪૩ શનિવાર. |

# વાંચકોની એક-સરખી માંગણીનો સ્વીકાર.

આગમના ઉંડા અનુભવની અમુલ્ય સામગ્રીઓથી ભરપૂર એવું શ્રી સિદ્ધચક્ર પાક્ષિક શ્રીવર્ધમાન જૈનાગમ મંદિરની પ્રતિષ્ઠાને અંગે પહોંચી નહિં વલવાથી મોકુફ રાખવામાં આવેલું. જો કે તે વખતે પણ આગમના સારભૂત તત્ત્વોને વાંચવાની વૃત્તિવાલો વિવેકીવર્ગ તો સિદ્ધચક્ર પાક્ષિકની માંગણી કરતો રહ્યા, પણ અંજનશલાકા-પ્રતિષ્ઠાદિ મહાન્‌કાર્ય હોવાથી તે માંગણીનો સ્વીકાર થઈ શકયો નહી. હજુ પણ વાંચકોની તેની તેજ માંગણી ઉભી હોવાથી, ને કાગલના ભાવ સખ્ત વધી ગયેલા હોવા છતાં તે પાક્ષિકને માસિકરૂપે બ્હાર પાડી વાંચકોની માંગણીનો યથાશક્તિ સ્વીકાર કરવાનું અમારી સમિતિએ નિરધાર્યું છે. જો કે સિદ્ધચક્રનું વાંચન આગમના તત્ત્વોને સમજવાવાલાને તો અપૂર્વ આનંદ ઉપજાવે છે, પણ જેઓને શાસનપ્રભાવક-શ્રુતધરો પરત્વે દ્વેષ છે, ઇર્ષ્યા છે, એવાઓને સિદ્ધચક્ર પાક્ષિકના લખાણની અપેક્ષાવાલી પણ ઘણી પંક્તિઓ તે આત્માઓને અભિનિવેશ મિથ્યાત્વમાં લેઈજનાર થાય છે, એજ એક ખેદનો વિષય છે!!! આ અવસરે તેવા આત્માઓ માટે તો શાસ્ત્રકારો લખે છે કે તેવા ભારેકર્મી આત્માઓની દયા ચિંતવવી એજ ઉપાય છે 'ઈહાં દૂષણ એક કહાય, જે ખલને પીડા થાય; તો પણ એ નવી છોડીજે, જો સજ્જનને સુખ દીજે.' આ પંક્તિ અનુસાર દુર્જનને પોતાના મહામિથ્યાત્વના ઉદયે ઉલુકને સૂર્યોદયના સમયની જેમ દ્વેષાનલ સળગે પણ એટલા માત્રથી સજ્જનોની વિનંતીનો અસ્વિકાર કેમ હોઈ શકે?

આ સ્થલે સમસ્ત વાંચકવૃન્દને એક વિનંતી કરી દઉં છું કે આ સિદ્ધચક્ર માસિકની પ્રત્યેક પંક્તિ આપેક્ષિક વચનવાલી છે તે ભૂલશો નહીં. કદાચ કોઇ કહે કે એવી આપેક્ષિક વચન-વાલી પંક્તિનું કામ શું? સીધું ને સાદુંજ લખાણ આબાલગોપાલ જીવો માટે જોઈએ, તો તેવું સમજવાવાલાને અપેક્ષાવાદ કે જેનું બીજું નામ સ્યાદ્વાદમાર્ગ છે તેનાથી બેનસીબજ રહેવું પડશે. સ્યાદ્વાદમાર્ગને સમજવાવાલાએ એક એક પંક્તિ આપેક્ષિક છે, પણ પંક્તિનો અડધો ટુકડો આંગલપાછળ કરી બોલનાર અને સમજાવનાર જૈનશાસનને અને પોતાના આત્માને બેવફાદાર છે એમ સમજવું. જો કે જગતનો એક અટલ કાયદો છે તે ભૂલવા જેવો નથી. કે જે 'ખાડો ખોદશે તે પડશે.' અદ્‌ભૂત આશ્ચર્યકારી સકલ-સમીહિતપૂરક, સકલ-સંકટચૂરક, અમોઘ લાભદાયી શ્રીનવપદના નવ આંકથી સુશોભિત બનેલ શ્રીસિદ્ધચક્રે નવ વર્ષ સુધી પાક્ષિકપણામાં જે સેવા બજાવવાપૂર્વક ત્રિકાલાબાધિત, સર્વકાલ, સર્વક્ષેત્ર અને સર્વ અવસ્થાના સર્વ પરમેષ્ઠિપદો પ્રત્યે વાંચકોના હૃદયમાં જે બહુમાનની લાગણી ઉત્પન્ન કરાવી છે કે જેથી વાંચકો એ સિદ્ધચક્ર પત્રને દીર્ઘાયુષવાલું ઇચ્છી અમને આભારી બનાવ્યા છે, અને તે આભારના ઋણમાંથી મુક્ત થવા અમારી સમિતિએ માસિક સ્વરૂપમાં શ્રીસિદ્ધચક્ર પત્રને પ્રકાશન કરવાનો નિરધાર કર્યો છે. સુજ્ઞેષુ કિં બહુના.

---

ધી "જૈન વિજયાનંદ" પ્રિં પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા૦ પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રીસિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ બાવાસીડી, ગોપીપુરા સુરતમાંથી પ્રગટ કર્યું.

# શ્રી સિદ્ધચક્ર.

વર્ષ ૧૦] આષાઢ-પૂર્ણિમા [અંક ૧

— તંત્રી —
પાનાચંદ રૂપચંદ ઝવેરી
卐

**ઉદ્દેશ**

શ્રીનવપદોમય શ્રીસિદ્ધચક્રની આરાધના અને આયંબિલ વર્ધમાનતપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાનાદિનો ફેલાવો કરવો.............વાર્ષિક – લવાજમ. રૂા. ૨-૦-૦.......


શ્રી કર્પટવાણિજ્ય-કપડવંજ-નગરે શ્રીવર્દ્ધમાન-જૈનાગમસંસ્થા સંસ્થાપક આગમોદ્ધારક આચાર્યદેવેશશ્રી ૧૦૦૮ શ્રી આનંદસાગરસૂરીશ્વરજીની-

# અમોઘ-દેશના.

**નોંધ**—ચાલુ વર્ષના ચૈત્ર માસની શાશ્વતી ઓળી પ્રસંગે ધી જયંત મેટલ વર્કસના માલીક શેઠ ચીમનલાલ ડાહ્યાભાઇએ હજારોના ખર્ચે શ્રીનવપદજીની સામુદાયિક આરાધના પ્રસંગે પૂ. સાધુ, પૂ. સાધ્વી અને શ્રાવક શ્રાવિકાનો ચતુર્વિધ સંઘ એકત્રિત થયો હતો. તે અવસરે કપડવંજ મુકામે મંડપમાં શ્રોતાઓની ભરચક મેદની વચ્ચે દીધેલ દેશનાનું ક્રમસર અવતરણ. સંચયકાર-મુનિ શ્રીહેમસાગરજી. —તંત્રી

## શ્રોતાના ત્રણ પ્રકાર, અને તેનું સ્વરૂપ.

આરાધકો કયા પ્રકારના શ્રોતા ગણી શકાય? આત્માની સાચી કિંમત સમજો, ને તેનો અમલ કરો.

**શ્રોતાના પ્રકાર.**

શાસ્ત્રકારમહારાજશ્રી વિજયરત્નશેખરસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉદ્ધાર માટે શ્રી શ્રીપાલ ચરિત્ર રચતાં સૂચવી ગયા કે શ્રોતા ત્રણ પ્રકારના વાકયોથી બોધ પામનારા હોય છે. ૧ પ્રભુસંમિત વાકયોથી, ૨. મિત્રસંમિત વાકયોથી; અને ૩. કાન્તાસંમિત વાકયોથી.

અહિં શ્રોતાઓને સહેજે આકાંક્ષા થશે કે પ્રભુસંમિત આદિ શ્રોતા કોણ ગણાય? અને

પ્રભુસંમિત આદિ વાક્યોથી પ્રતિબોધ પામનાર પ્રભુસંમિત તો તે વાક્યો કોને કહેવાય?

**પ્રભુસંમિત એટલે શું?**

પ્રભુ એટલે રાજા. તે જે ઓર્ડર કરે તેમાં પુછવાનું નહિ કે લાભ નુકશાન શું? માત્ર તેના હુકમનોજ અમલ કરવાનો. હેતુ, યુક્તિ, દૃષ્ટાન્ત કે દલીલ જાણવાની ન હોય તે **પ્રભુસંમિત.** જેઓ ઉંચી શ્રદ્ધાવાળા છે, મિથ્યાત્વમોહનીયના ક્ષય-ક્ષયોપશમને લીધે નિર્મલ બોધ થયેલો છે, દુનીયામાં જેનું ભવિષ્ય સારૂં હોય તે ભૂલો પડે તો પણ જે માર્ગે ચાલે તે માર્ગ સારોજ હોય. જંગલમાં પણ સારા ભવિષ્યને લઈ સારો માર્ગ મળે. નસીબની બલવત્તાને લઈ ભૂમિ ખોદે તો પણ નિધાન નીકળે. જેમ નસીબદારીને લઈ ઈંટ ખોદતાં નિધાન નીકળ્યું. ભુલો પડ્યો છતાં સન્માર્ગજ મળ્યો તેમ ક્ષય ને ક્ષયોપશમથી શુદ્ધ થયેલા હોય તેવાઓને જીનેશ્વરનું વચન મળે તેને પ્રતીતિ થાયજ છે. તેઓ જીનેશ્વરભગવંતના વચનને આધારે વર્તવાવાળા છે, તેવાઓને હેતુ દૃષ્ટાંત યુક્તિ આદિની જરૂર નથી. તેવા શુદ્ધ શ્રદ્ધાવાળા મિથ્યાત્વના ક્ષયોપશમાદિવાળા જીવોનો બોધ તે પ્રભુસંમિત વાક્યથી થયેલો પ્રતિબોધ થયેલો ગણાય છે.

પ્રભુસંમિત વાક્યથી પ્રતિબોધ પામેલા સર્વ સરખા વિચારવાળા હોતા નથી. સર્વ જીવો પ્રભુસંમિત વાક્યોથી શુદ્ધ સમ્યક્ત્વવાળા બની માર્ગે ન આવી શકે, ત્યારે તેવા જીવો માટે બીજો મિત્રસંમિત વાક્યોથી બોધ પમાડવાનો માર્ગ કહ્યો.

**મિત્રસંમિત કોને કહેવાય?**

બે મિત્રો બેઠા હોય. મિત્ર આમ કરવા જેવું છે. છતાં મિત્ર કારણ પુછે, આમ કેમ નહિ? આમ કેમ? તેનાં કારણ બતાવ. આ બધું કહેવાનો હક મિત્રોમાં રહે છે. મિત્રો કંઈ કરવાનું કહે અગર કરતાં રોકે તેમાં હેતુ યુક્તિ કહેવીજ પડે છે. બસ કરે છે કે નહિ તેવો હુકમ મિત્રોમાં પરસ્પર હોય નહિ. આ રીતે મિત્રોમાં હેતુયુક્તિથી સમજાવવા વડે સર્વ પ્રવૃત્તિ થાય છે તેમ જૈનશાસ્ત્રના વિધાનો અને નિષેધો બંને જેઓ પ્રભુસંમિત વાક્યથી સમજનારા છે તેવાઓ તો શાસ્ત્રકારે કહ્યું કે 'કરવું' એટલે કરે. 'ન કરવું' એટલે ન કરે, પણ મિત્રસંમિત વાક્યથી પ્રતિબોધ પામનારા છે તેમાં એવો ઓર્ડર માત્ર ન ચાલે પણ યુકિત હેતુ દલીલથી સમજાવવા પડે. મિત્રસંમિત વાક્યથી સમજનારા જેઓ મિથ્યાત્વમોહનીયના ક્ષયોપશમવાળા હોય છતાં ક્ષયોપશમની તેટલી તીવ્રતા ન હોય, ભગવાને શાસ્ત્રોમાં હિંસાનો નિષેધ અને દયાનું વિધાન કર્યું આને પ્રભુસંમિત વાક્યોથી બોધિત બુદ્ધિમાનોથી બોધપામનારા માની લે પણ મિત્રસંમિત આ સબંધી દલીલ કરે કે આવો અંકુશ અમારા પર શા માટે? કોઈનો આત્મા કોઈનો માલીક નથી. 'નિર્દેશ સ્વામીત્વ સાધનાધિકરણ-

સ્થિતિવિધાનતઃ' એ તત્ત્વાર્થના સૂત્રથી કોઈ જીવનો કોઈ માલીક નથી. તો પછી હુકમ કેમ કરે કે 'હિંસાદિક કરીશ નહિં દયાદિક કરજે' આનો દલીલપૂર્વક જવાબ આપતાં કહે છે કે 'સર્વ જીવોને હુકમ કરે છે કે કોઈએ પણ હિંસા ન કરવી અને દયા પાળવી' આ હુકમ સામે દલીલ ઉઠાવનાર માણસે વ્યવહારમાં એક ડોકટર ઉધરસવાળાને તીખા મરચાં ખાવા ના કહે તે શા માટે ? દર્દીને ગુલામ બનાવવા માટે કહે છે ? ના. ડોકટર નિષેધ કરે છે અને દર્દીઓ સાંભળે છે તે નિષેધ માત્રથી તેઓ ડોકટરના ગુલામ થતા નથી. દર્દીએ ને ગુલામ ધારીને ખાટું તીખું ખાવાનો નિષેધ કરતો નથી, પણ આ બિચારો દર્દમાં સપડાઇ ન જાય એ હિત માટે નિષેધ કરે છે. બાકી તેના નિષેધમાં બીજો કોઇ સ્વાર્થ નથી. આ બધી વસ્તુ વિચારવી જોઇએ.

આ જગતના જીવો હિંસા કરે એટલે શું ? પોતાના જીવને જીવ ગણે છે એવો બીજાના જીવને ગણે તો હિંસાદિક કરી શકે ખરો ? હિંસા કરનાર પોતાનો બચાવ કરે છે તેમ બીજાનો બચાવ કરે છે ખરો ! જીવપણાની સાચી કિંમત કરનારે પોતાના અને પરના જીવની કિંમત એકસરખી ગણવી જોઇએ.

એક પરદેશી વણઝારો નીકળ્યો. રૂપીઆ સાથે હતા પણ માલ લેતાં રૂપીઆ ખુટી ગયા. પોતે પોતાનો સોનાનો દાગીનો હતો તે વેચવા ચોકસીને ત્યાં ગયો. હીરા મોતીના દાગીના ઝવેરીને ત્યાં ને સોના ચાંદીના દાગીના ચોકસીને ત્યાં સર્વગામ ને સર્વદેશોમાં સરખી રીતે વેચી શકાય. એમ માની ચોકસીને ત્યાં ગયો અને ભાવ પૂછયો ત્યારે ચોકસીએ કહયું કે સોનાનો ભાવ ૨૪ રૂપીએ તોલો છે. દાગીનો દીધો અને સો તોલા વજન થયું. અને ૧।।=- આપ્યો. વણઝારાએ પૂછયું કે આમ કેમ ? 'મારૂં સોનું ૨૪ રૂપીએ તોલો તારૂં એક પૈસે તોલો' વણજારે કહ્યું કે આ અસંભવિત છે. ચોકસીએ કહ્યું કે અમે તો પોતાના અને પારકા માલ માટે આમજ વર્તીએ છીએ. તેવી રીતે દરદ થાય તો બચવા માટે એકેન્દ્રીયથી પચેન્દ્રીય સુધીના જીવોના કચ્ચરઘાણ કાઢે, આવાઓને બીજાના જીવની કિંમત નથી ને આપણા જીવની કિંમત ત્રણ લોકની કિંમત જેટલી ગણીએ છીએ શાહુકારીના ધંધાની વાત કરતા હો તો બીજા જીવની કિંમત તમારા જેટલીજ તો જરુર કરો.

આ હેતુયુક્ત દૃષ્ટાન્તમાં જે દયા હિંસાનું સ્વરૂપ સમજાવ્યું તે મિત્રવાકયથી સમજાવ્યું કહેવાય.

## કાન્તાસંમિત વાકયથી બોધપામનારા.

કાન્તાસંમિત શ્રોતાનું સ્વરૂપ જણાવતાં છતાં કહે છે કે સ્ત્રી ભર્તાર પાસે કાર્ય કરાવે તે હુકમથી કે હેતુયુક્તિથી ? ના, પ્રેમથી. તમે બચ્ચા પાસેથી સમજાવીને જે કાર્ય લો છો તેમાં હુકમને કે હેતુયુકિતને સ્થાન નથી પણ સ્નેહ-પ્રેમને સ્થાન છે. તેમ કેટલાક જીવો એવા હોય

છે કે જિનેશ્વર ભગવંતના વચનો હેતુયુક્તિવાળા હોય તો પણ માનવાની તાકાત ન હોય તેવા-ઓને કાંતાસંમિત વાક્યથી પ્રતિબોધ કરવાનો હોય છે. બચ્ચાઓ ન સમજે પ્રભુસંમિત વાક્યથી કે ન સમજે મિત્રસંમિત વાક્યથી. પણ તેમને માર્ગે લાવવા હોય તો કાંતાસંમતિવાક્યથી બચ્ચા-ઓને જે બોધ થાય તે હુકમથી કે યુક્તિથી થતો નથી. પણ 'ભાઈ' 'બાપુ' કહીને સમજાવવાથી લાલચ આપીને ધારેલ માર્ગે લવાય છે. તેમ જેઓને કથાઓ વાર્તાઓદ્વારા પ્રેમ ઉપજાવી ધર્મમાં પ્રવર્તાવવામાં આવે છે તેને કાન્તાસંમિત કહેવાય છે. આરાધના કરવાથી શ્રીપાળને ઈહલૌકિક બધું મળ્યું વિગેરે સાંભળી સાંભળીને પણ ધર્મને રસ્તે ચઢે છે. મુદ્દો ધર્મના માર્ગે ચઢાવવાનો છે.

એટલા માટે દશવૈકાલિકકારે પ્રથમ ગાથામાં **'देवावि तं नमंसंति'** ધર્મમાં મન છે તેવાઓને દેવતાઓ પણ નમસ્કાર કરે છે. આ પદ કાન્તાસંમિત જીવોના બોધ માટે મુક્યું. બચ્ચા સરખાઓને આત્માનું સ્વરૂપ, કર્મનો વિપાક સમજાવવામાં આવે પણ તે સમજવાની તાકાત તેમનામાં નથી. તેથી સ્થુલ વસ્તુથી ધર્મના ફળદ્વારા સમજાવતાં કહ્યું કે ધર્મમાં મન રાખવું જેથી દેવતાઓ પણ નમસ્કાર કરે છે. આર્ય પ્રજા માત્ર દેવતાને ઉંચી જાતના ગણે છે આથી પ્રેમસ્નેહ-રસ ઉત્પન્ન કરવા માટે આ વાક્ય મુક્યું. કારણ કે આ વાક્ય બાળજીવોને જે અસર કરે તે **'धम्मो मंगलमुक्किट्ठं' 'अहिंसा संजमो तवो'** ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ કલ્યાણનું કારણ હોય તો તે ધર્મ છે. તે ધર્મ અહિંસા સંયમ અને તપરૂપ છે. તે વચન બાળકને અસર કરતું નથી. કારણ કે તેમાં બચ્ચા ન સમજે બચ્ચાઓને તો સમજવા જગત જેને મોટા માને છે તે દેવતા જેને પૂજે તે આપણને પણ પૂજ્ય છે આટલા માત્રથી તેમની પ્રવૃત્તિ થાય છે.

## જીવને જાણવા માત્ર કે માનવા માત્રથી માર્ગે આવ્યા ન ગણાય

નવપદનો અધિકાર શ્રીપાળ ચરિત્રમાં એટલા માટે લેવાનો રાખ્યો કે પ્રભુસંમિત વાક્યથી સમ-જનારા સહેજે સમજે કે ભવ્ય કે અભવ્ય, સમ્યકત્વી કે મિથ્યાત્વી, બધા 'હું-આત્મા' એ સમજે છે. એકેન્દ્રિય કે પંચેન્દ્રિય હું સુખી દુઃખી તે સમજે છે. સુખ દુઃખનું વેદન સર્વ જીવોમાં રહેલું છે. પણ માર્ગે આવનાર 'હું પણ' જાણવા માત્રથી નથી. આથી માર્ગમાં આવ્યો ક્યારે ગણાય ? માર્ગે લાવનાર કોણ ?

## યથાસ્થિત જીવ છે તેવી પૂરી સમજ આવે ત્યારેજ જીવ માર્ગે આવી શકે છે

આમાં યથાસ્થિત શા માટે કહેવું પડે છે. જીવ છે તેમ તો શૈવ વૈષ્ણવ વિગેરે મતવાળા પણ માને છે. જડ, પૂણ્ય-પાપને માને છે. પૂણ્ય પાપનો બંધ, ભોગવટો, ને મોક્ષ આસ્તિકો માને છે. નવતત્ત્વ પણ અન્ય અન્ય રીતિએ આસ્તિકો માને છે. નવતત્ત્વ છે તેવી શ્રદ્ધા પણ ભિન્ન

ભિન્ન રીતે આસ્તિકોને છે તો તે શું સમકિત કહેવાય? કાચને હીરા તરીકે પેટીમાં છોકરાઓ રાખે હીરો માની હીરાની રીતે રક્ષા કરે તો શું તે ઝવેરી સરખા ગણાય? હીરો નામ બોલે છે. હીરાને ઓળખતા નથી. કાચને હીરો કહીને ચાલે છે. હીરાનો ગુણ જાણુતા નથી હીરાની કિંમત જાણુતા નથી. હીરો બચ્ચાઓ જેમ બોલે છે તેમ અન્ય મતવાળા જીવ બોલે છે. જીવ માને છે. જીવને અંગે ધ્યાન પણ રાખે છે. પણ બચ્ચાપણારૂપ વ્યવસ્થિત સમજના અભાવે તેનું વ્યવસ્થિત સ્વરૂપ જાણુતા નથી.

**સર્વ વસ્તુમાં જવાબદાર આત્મા છે.**

આખા જગતમાં એકજ જૈનશાસન, ધર્મ ને જિનેશ્વરદેવ એવા છે કે સર્વ વસ્તુમાં જીવોને જવાબદાર ને જોખમદાર માને છે. જ્યારે બીજાં શાસન, ધર્મો ને તેના દેવો જીવોને માન્યા, જાણ્યા, છતાં જીવોને ઢોર સરખા ગણે છે. તમારે ઘેર ગાય હોય, દુધ ઓછું વધારે આવ્યું તો નુકશાન ફાયદો કોને? તમને, ગાયને નહિં.

અન્ય દેવો ને તેઓના ધર્મોએ સર્વ જીવોને ગાય જેવા પશુ ગણેલા છે. જીવોને સુખ દુઃખ આપવું, સદ્‌ગતિ દુર્ગતિમાં લઈ જવા તે દેવોને આધિન. દુર્ગતિમાંથી અટકાવવાનો સુખદુઃખના સર્જક તરીકે જીવોને હક્ક નહિં. એટલેજ એમણે જણાવ્યું કે—

**'अज्ञो जन्तुरनीशोऽयं आत्मनः सुखदुःखयोः'**

'આ અજ્ઞાની જીવ પોતાના સુખ દુઃખની વ્યવસ્થામાં અસમર્થ છે.' પોતાના આત્માને સુખ દુઃખ આપવા માટે આ આત્મા જવાબદારી કે જોખમદાર ન હોવાથી **'अज्ञो जंतु'** કરીને જણાવ્યું, ઇશ્વર મોકલે ત્યાં જાય ને સુખ દુઃખ ઇશ્વરની ઇચ્છાને આધીન છે. તેથી તે શ્લોકમાં આગળ કહ્યું કે—

**'ईश्वरप्रेरितो गच्छेत् स्वर्गं वा' नरकादिकः'**

'ઇશ્વરથી પ્રેરાયેલો જીવ સ્વર્ગ અને નરક વિગેરેમાં જાય છે' જગતમાં ગાય અને છોકરીને તેનો માલિક જ્યાં દોરે ત્યાં જાય તેમ જગતના જીવો છોકરી અને ગાય જેવા ઇશ્વર જ્યાં લઈ જાય ત્યાં જાય તેમ જૈનેતર શાસનવાળા માને છે.

શ્રીજીનેશ્વર ભગવંત તો સર્વ જીવોને પોતાના સુખદુઃખની પ્રાપ્તિ માટે તેનેજ જવાબદાર અને જોખમદાર માને છે. સદ્‌ગતિ પ્રાપ્ત કરવા માટે તે પોતેજ લાયકાત ઉત્પન્ન કરી શકે છે.

આમ જીવને કોઇ શાસન ધર્મ કે દેવ જવાબદાર કે જોખમદાર ગણુતા હોય તો આ એકજ શાસનાદિ! બીજાઓ ગાય જેવા પારકા દોર્યા જીવ સદ્‌ગતિ દુર્ગતિ જાય છે. જવાબદાર કે જોખમદાર જીવ માને ત્યારે સમકિતી. ઝવેરી ક્યારે બને? સાચા ઝવેરાતને ઓળખે ત્યારે. જે જીવો બીજાના માથે જવાબદારી જોખમદારી માનનારા જીવ છે તે ભલે જીવ માને છતાં તે સમકિતી થઇ શકતો નથી. સુખ, દુઃખ, સદ્‌ગતિ, દુર્ગતિ, ભવ કે મોક્ષ માટે જવાબદાર જોખમદાર પોતે આત્મા છે.

હવે એવી રીતે જીવને જવાબદાર જોખમદાર માન્યો પણ જેઓ જવાબદારી જોખમદારી શ્રદ્ધા કરવા તૈયાર ન થાય તેવાનું માન્વું ને બોલવું કામ ન લાગે.

મોટા સાથે નાનો છોકરો ઉપવાસનું પચ્ચક્ખાણ કરે, છોકરો પચ્ચક્ખાણ કરતાં મોંમાં ખીસામાંથી ચણા ખાતો જાય છે ને મારે ઉપવાસ છે, આ પ્રમાણે ખાતો જાય ને ઉપવાસ કહેતો જાય તે અજ્ઞાન બચ્ચાને કહેવાનું શોભે. બુદ્ધિમાનને નહિ? તેવી રીતે આપણામાં જીવને જોખમદાર માન્યો. પણ બાળજીવ હોવાથી અનુકરણ કરી ઉપવાસ બોલે છે તેમ આ જીવ શાસ્ત્રકારે વચનો કહ્યા તે પ્રમાણે અનુકરણ કરી જીવ જવાબદાર જોખમદાર છે એમ માન્યું તે બોલે છે. પરંતુ વસ્તુ જુદી છે. આપણે ધર્મસંસ્કારને લીધે માનતા બોલતા શીખ્યા છીએ કે જીવ પોતે જવાબદાર ને જોખમદાર છે. કોઇને શીર ઢોળવું તે અન્યાય છે, છતાં જ્યારે જવાબદારીની ખાત્રીની સુધારણા ન થાય તો જવાબદારી જોખમદારી માની તે બચ્ચાની રમત જેવી છે. જૈનશાસ્ત્રમાં દરેક દરેક જીવને સ્વતંત્ર જવાબદાર અને જોખમદાર ગણ્યો છે.

## છ અઠ્ઠાઈમાં ઓળીની મહત્તા.

કોઈપણ આસ્તિક ત્રણ તત્ત્વને માનનારા તો હોયજ. દેવ ગુરૂ ને ધર્મરૂપ આ ત્રણ તત્વને કયું ધર્મ શાસન માનતું નથી. પોતપોતાના દેવ ગુરૂ ધર્મરૂપ ત્રણ તત્ત્વને સર્વ ધર્મના શાસનવાળાઓ માનનારા હોય છે, પણ જૈનપણું કયાં છે? જૈનનું જીવપણું કેવું ને કયાં માનવાનું તે ઈતર ધર્મોથી જુદું પાડ્યું. તેમ જૈનપણું દેવ ગુરૂ ધર્મ માનવા માત્રથી ન આવી જાય. છ છ મહીનાની પરીક્ષામાં પાસ થવામાં જૈનપણું છે. વર્ષોમાં છ અઠ્ઠાઈઓમાં ચાર અઠ્ઠાઇઓ તો અડુક દડુકીયા જેવી છે. છોકરાઓ રમે છે તેમાં બન્નેમાં ભળનારાને અડુક દડુકીયા કહેવામાં આવે છે. તેમ પહેલા છેલ્લા તીર્થંકરના શાસનમાં નિયમિત ત્રણ ચોમાસી ને સંવચ્છરી (પજુસણ). બાવીસ તીર્થંકરના શાસનમાં તે કલ્પો અનિયમિત છે એટલે પડિક્કમણાનું અનિયમિતપણું છે. આથી ચાર અઠ્ઠાઈઓનું અડુક દડુકીયાપણું. શ્રીમહાવીર ભગવંતના શાસનમાં તે ચારઅઠ્ઠાઇઓ નિયમિત છે. આ પ્રમાણે દરેક ચોવીશીમાં પહેલા છેલ્લા તીર્થંકર વખતે તે ચોમાસીઓ ને પજુસણની અઠ્ઠાઇઓ નિયમિત છે પરંતુ બે અઠ્ઠાઈ દાવવાળી માટે બેને શાશ્વતી કહીએ. સર્વ શાસનમાં સર્વ કાલે તે હોયજ. કારણ ચોમાસી સંવચ્છરીની અઠ્ઠાઈ આત્માને લાગેલા દોષોની શુદ્ધિની અપેક્ષાએ છે. જ્યારે આ બે શાશ્વતી અઠ્ઠાઇઓ જૈનપણાની પરીક્ષા માટે છે.

ભરતમહારાજા વખતે છ મહિને પરીક્ષા લેવાતી તેમાં કાંકણી રત્નથી ચિન્હ થતાં તેમ આમાં પણ છ છ મહીને જૈનપણાની પરીક્ષા ઓળીની શાશ્વતી અઠ્ઠાઇમાં છે.

## નવ દીવસની નિયતતા.

આ સંબંધ વગરનું નથી. જૈનપણું તેનું જ નામ કે જેમાં સિદ્ધાંતો અરિહંત ને સિદ્ધ દેવ રૂપે છે ચૌદરાજ લોક અને ત્રણ ભુવનમાં અરિહંત, સિદ્ધ શિવાય દેવ નથી. નવપદમાં અરિહંત સિદ્ધ શિવાય દેવ નહિ એમ કહ્યું પણ ઋષભદેવ કે મહાવીર પરમાત્માનું નવપદમાં સ્થાન ન આપ્યું. નવ દહાડામાં એકે દિવસ તે કોઇ એક તીર્થંકર પૈકીની આરાધનાનો દિવસ નથી. આજે ઓળીના દિવસોમાં સર્વકાળના સર્વ ક્ષેત્રના સર્વ સ્થિતિના જે અરિહંતો તેની આરાધના કરવાની છે, પણ તેમાં કોઈપણ વ્યક્તિ કે ક્ષેત્રને ઉપાધિ તરીકે લગાડવાની નથી

**'उसममजियं च वंदे'** ઇત્યાદિ પદો તેમાં ક્ષેત્રની ઉપાધિ-ભરતક્ષેત્રમાં થએલા પણ 'નમો અરિહંતાણ' કહ્યું તેમાં કોઈપણ ક્ષેત્ર કે કાળમાં જિનનામકર્મના ઉદયથી તીર્થંકરો થયા તેમની આરાધના છે. તેમાં કોઇ જાતની ઉપાધિ નથી.

વિચારજો જે શ્રીમહાવીરને માને પણ બીજા તીર્થંકર દેવોને દેવ તરીકે ન માને તે સમકિતિ ગણાય? ગોશાળો તેવીસ તીર્થંકરને માનતો હતો. માત્ર ભગવાન્ મહાવીરને માનતો નહોતો તો તેથી સમકિતિ કહી શકાય? તે માનતો હતો કે ચોવીશ તીર્થંકરો છે. તેવીસ થઈ ગયા તે, ને ચોવીસમા મહાવીર નહિ પણ હું એક પણ દેવમાં દેવબુદ્ધિ ન રહે તો અનંતામાં દેવબુદ્ધિ રહે તો તે પણ ન રહેવા બરાબર છે. એટલે નકામી છે.

જેટલા જેટલા અરિહંતો સિદ્ધો તે મારે દેવ તરીકે મંજુર છે. અરિહંત સિદ્ધ શિવાય બીજા દેવ મનાય નહિ આ બે નિશ્ચય હોવા જોઈએ.

હવે અહિં એક શંકા એ કરવામાં આવે કે એક એક દિવસે એક એક પદની આરાધના કેમ રાખી? તે કરતાં નવે દિવસ નવે પદની આરાધના કેમ ન રાખી? તેના જવાબમાં કહે છે કે ઉભયત: નિશ્ચય આખા દિવસના મજબુત અધ્યાવસાયથી કરવાનો છે. સર્વ કાળ અને સર્વ ક્ષેત્ર સંબંધિ અને સર્વ અવસ્થાના તમામ અરિહંતો ને સિધ્ધો દેવ છે તે નિશ્ચય કરવા માટે છે. સર્વ ધર્મ દેવને માને છે, પરંતુ જૈનોને આ પરીક્ષાના શરૂઆતના બે દિવસે સર્વકાળ અને સર્વ ક્ષેત્રના અરિહંતોને દેવ માનવાનાં અને અનંત ચતુષ્કવાળા સિધ્ધોને દેવ માનવાના. તેવીજ રીતે ગુરુતત્વને અંગે ત્રણ ભેદે નિશ્ચય, જે આચાર્ય ઉપાધ્યાય અને સાધુ સર્વ ક્ષેત્ર અને સર્વ કાળના સર્વ અવસ્થામાં હોય તે મારા ગુરૂ, તે સિવાય ગુરૂ નહિં. ત્રીજા ચોથા ને પાંચમા પદમાં જે આરાધના રાખીએ છીએ તેમાં સર્વકાળ સર્વ ક્ષેત્ર સર્વ અવસ્થાના આચાર્યાદિક મારા ગુરુ છે. કહેવાતા આચાર્યાદિક મારા ગુરુ નથી. આ નિશ્ચય કરવા માટે ત્રણ દિવસ નિયત કરવામાં આવ્યા છે.

તેવીજ રીતે ધર્મતત્વને અંગે દરેક આર્ય-

ધર્મની ઈચ્છાવાળા હોય છે, છતાં ધર્મ કહેવો કોને ? ચાર દિવસના વિભાગથી ચાર પદો દ્વારા ધર્મનો નિશ્ચય કરવાનો છે. સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન સમ્યક્ ચારિત્ર ને તપ એજ ધર્મ છે.

આ રીતે પ્રથમના બે દિવસે દેવતત્વ પછીના ત્રણ દિવસે ગુરુતત્વ ને ત્યાર પછીના ચાર દિવસે ધર્મતત્વનો નિશ્ચય તે નવે દિવસો એક એક દિવસે એક એક પદનો નિશ્ચય કરવાનો તે માટે જણાવ્યું કે જેઓ પ્રભુ સંમિતથી સમજનારા હશે તેઓ પહેલા અરિહંત પછી સિદ્ધ મહારાજા દેવતત્વને અંગે, આચાર્ય ઉપાધ્યાય અને સાધુ ગુરુતત્વને અંગે સમ્યગ્દર્શનાદિ ચાર ધર્મતત્વને અંગે, આ નવ પદ આરાધવા લાયક છે એટલું વચન કહે તે પ્રભુસંમિત વાક્યથી સમજનારા આત્માઓ કર્તવ્ય તરીકે સમજી જાય, પણ અરિહંતાદિ કહેવાય કોને ? (અગ્રે વર્તમાન.)

---

# શ્રી સામાન્યજિન સ્તવન.

[ ચલે પવનકી ચાલ જગમેં-એ રાગ ]

પં. શ્રી ચંદ્રસાગરજી મહારાજજીના શિષ્યરત્ન મુનશ્રી ચંદ્રપ્રભસાગરજી.

ભજો પ્રભુકા નામ વિશ્વમેં, ભજો પ્રભુકા નામ,
યેહી ભજનસે જનમજનમકે, કટે હજારો પાપ-વિશ્વમેં ॥૧॥

ઇસ સંસારમેં ભટક ભટકકે, આયે તુમ હરબાર,
દેવ મનુષ્ય નર્કકી ગતિમેં, ભટકે લાખો બાર-વિશ્વમેં ॥૨॥

ગતિકા નાશ હો આનાજાના, દોનો બોજ સમાન,
દુઃખકો સહતે પ્રભુ હમ આયે, કરદો બેડા પાર-વિશ્વમેં ॥૩॥

મીલ ન સકે એ પ્રભુકા રસ્તા, જો ન હો પ્રભુ સાથ,
આનંદ હોવે જહાં પહોંચને, ચંદ્રપ્રભકો આજ-વિશ્વમેં ॥૪॥

# આગમોદ્ધારકની અમોઘ દેશના

## વિજ્ઞાનભૂમિકાની વિશિષ્ટતાઓનું દિગ્દર્શન.

### વિજ્ઞાનભૂમિકામાં પ્રવેશ કરનારાઓને હિતશિક્ષા.

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ શાંતિચંદ્ર સૂરીશ્વરજી મહારાજા ભવ્ય-પ્રાણીઓના ઉપકારને માટે શ્રી ધર્મરત્ન પ્રકરણ નામના ગ્રંથને રચતાં થકાં આગળ શ્રાવકના ૨૧ ગુણને તે ઉપર કથાઓ કહી ગયા, તે સાંભળીને તે ગુણોને મેળવવા માટે પ્રયત્ન કરવાની ખાસ જરૂર છે તે પણ બતાવી ગયા; ને તે બતાવવાથી સાંભળવા માત્રથી બે ભૂમિકા, શ્રવણ ભૂમિકા અને જ્ઞાન ભૂમિકા પ્રાપ્ત થાય તેવી રીતે ત્રીજી વિજ્ઞાન નામની ભૂમિકા શ્રવણમાત્રથી પ્રાપ્ત થઇ શકતી નથી. પોતાના સુંદર વિચારો હોય તોજ ત્રીજી ભૂમિકા પ્રાપ્ત થાય છે શ્રીનવતત્ત્વ-પ્રકરણકાર-**जीवाजीवा पुण्णं पावासवसंवरो य निज्जरणा। बंधो मुक्खो य तहा नवतत्ता हुंति नायव्वा ॥१॥** આ ગાથાથી નવ તત્વો છે તેમ સમજાવે છે, પણ તે નવ તત્વોને કરવા શું? આ વિચાર ત્રીજી ભૂમિકામાંજ હોય. ત્રીજી ભૂમિકા સિવાય હેય, જ્ઞેય, ઉપાદેય; તત્વો કયા તથા ઉપેક્ષણીય તત્વો કયા તે વિચાર આવે નહિ. હેય જ્ઞેય ઉપાદેય તરીકે વિભાગ કરે ત્યારે જ ત્રીજી ભૂમિકા આવે. વકીલાતમાં જીંદગી ગઈ છે તેમ હજુ તેમાંજ જીંદગી જાય તો શ્રેય થાય નહિ. અનંતી વખત દેશવિરતિ, સર્વ વિરતીની કરણી કરી છતાં મોક્ષ સિદ્ધ કરી શકયા નહિં. સમ્યકત્વની કરણી આઠ વખત મળે તો બસ છે, અને આઠ વખત જઘન્ય આરાધના સમ્યકત્વની થાય તો આઠ ભવે મોક્ષે લઇજનારી છે; એ પ્રસંગનું સમર્થન કરતાં પ્રશમરતિકાર કહે છે છે-"સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્રની આરાધના કરનારા વધારેમાં વધારે આઠ ભવે, મધ્યમમાં ત્રણ ભવે ને ઉત્કૃષ્ટથી તેજ ભવમાં મોક્ષે જાય." તો જેની (સમ્યગ્દર્શનાદિની) જઘન્ય આરાધના આઠ ભવમાં મોક્ષ આપનારી તેની અનંતી વખત ક્રિયા કરી છતાં આપણે હજુ એવા ને એવા કેમ છીએ? શું આરાધના નથી કરી? જઘન્ય મધ્યમ ને ઉત્કૃષ્ટ આરાધના કરી પણ કરવાની રીતિએ કરી નહિ માત્ર ક્રિયા રૂપજ કરી. વિજ્ઞાનની ભૂમિકા ઉપર રહી એ આરાધનાની ક્રિયા થઇ હોત તો આઠ વખતથી વધારે આરાધના કરવી ન પડત. જે વિજ્ઞાન ભૂમિકામાં રહી આઠ વખતજ આરાધના કરવી પડે તેનું સ્વરૂપ શું? જેમ ઇંદ્રિયોના વિષયને અંગે રમણતા છે તેમજ સાથે સાથે હેયપણાની અને ઉપાદેયપણાની બુદ્ધિ થાય છે. તેનો (હેયપણાનો અને ઉપાદેયપણાનો) સંસ્કાર જબરજસ્ત ચોંટે છે. કડવી વસ્તુ ખાવાનો

સસ્કાર અનિષ્ટ ચોંટયો. મીઠું ધાર્યું હોયને નથી પણ મળતું છતાં અંતરમાં તપાસ કરીલ્યો. કડવાને અંગે હેયપણાની બુદ્ધિ કેટલી જબરજસ્ત! અને મીઠાંને અંગે ઉપાદેયપણાની બુદ્ધિ કેવી જબરજસ્ત છે? અહીં કડવું અને મીઠું તે વચ્ચે કેટલો આંતરો છે? તે તપાસી લેજો. સંવર નિર્જરાને મોક્ષને અંગે રસ કેટલો જામે છે તે તપાસી લેજો, અને આશ્રવ, પાપ, ને બંધને અંગે અરૂચી કેટલી થાય છે તે તપાસી લેજો. કરીયતુ તથા કવીનાઈન પીઇએ છીએ, કડવી વસ્તુ ખાઇએ છીએ, કડવી વસ્તુ નથી પીતાં અને નથી ખાતાં તેમ નથી પણ તે વખતે મોં ને શરીર કેમ થાય છે? જે પ્રમાણે કડવાશને અંગે બુદ્ધિ આવી છે તે પ્રમાણે પાપ તરફ કયારે બુદ્ધિ આવી? એવી ત્યાજ્ય બુદ્ધિ અહીં નથી આવી, અહીં તો એના કરતાં ચડીયાતી બુદ્ધિ લેવી છે કડવું ક્ષણવાર અસર કરશે કડવાશ મોળી ચીજ ખાધી તો શાંત ક્ષણભર અસર કરનારી ચીજનો આટલો કંટાળો તો ભવાંતરો સુધી અસર કરનારી, આત્માને હેરાન કરનારી પાપ જેવી ચીજનો ઉદ્વેગ કેમ ઓછો થાય છે? એમાં ખામી વિજ્ઞાનની છે. કડવાશ કરતાં ભયંકરપણું પાપમાં લાગે તેના પ્રતાપે કુટુંબાદિક છોડવા તૈયાર થાય, તે શાના અંગે? તેના કરતાં અત્યંત કટુક લાગે ત્યારે, ચીજ કટુક નથી લાગી ભલે છોડીએ છતાં તેનો અર્થ શું?

## સાચી કિંમતની સમજ.

ચિતારાએ એક ચિત્ર રાજાને બતાવ્યું ૧૦૦ રૂપીઆમાં કે બે હજાર ત્રણ હજાર કે ચાર પાંચ હજારે પણ રાજાને તે ન આપ્યું પણ રબારીને આપ્યું. કારણ કે રાજાએ રાજશાહી દૃષ્ટિએ એક વસ્તુની કિંમત આપવા માગતો હતો. રાજાએ કહ્યું કે અરે પાંચ હજારમાં અહીં ન આપ્યું ને ત્યાં કેમ આપ્યું? ચિતારે કહ્યું કે આપ કીંમત મોટી આપતા હતા તે કિંમત ચિત્રામણની ન હતી, તે રાજશાહીપણાની દૃષ્ટિએ કિંમત હતી. રબારીએ લાકડી ને કાંમળી ચિત્રામણના ગુણને જાણી આપી. આપણે વિજ્ઞાન ભૂમિકામાં દાખલ થયા પછી ત્યાગ કરીએ, સહન કરીએ તે બધું વિજ્ઞાનની ભૂમિકામાં આવ્યો હોય ત્યારે જે ત્યાગ તપસ્યા કરે તેની કિંમતનું આની આગળ કડવાપણું લેવું પડે તો અડચણ નહિં. આના આરાધકપણા આગળ અગ્નિમાં બળી જવાનું દુઃખ કયાંએ તણાઈ જવાનું આ વિજ્ઞાનની ભૂમિકામાં ગએલાને થાય. અબજોના લાભમાં બદામની દલાલી કેટલા હિસાબમાં!? આરાધનાના અપૂર્વ લાભમાં અનિષ્ટ ણ બદામ જેટલું, આથી એના નુકશાનમાં લાભ માને પ્રાણનો અંત થાય તો તે બદામ આ આરાધનાની કિંમત આગળ પ્રાણનો અંત બદામ. આ સ્થિતિ વિચારીશું તો હૃદયમાં સ્પષ્ટ બોધ થઈ જશે.

## વિજ્ઞાન ભૂમિકામાં સ્થિત શ્રી ગજસુકુમાળાદિ મુનિઓની વિજ્ઞાનદશા.

માથે અંગારા ભરાય છતાં ભાવના કેમ ટકી હશે? સાસરો માટીની પાળ બાંધી અંગારા ભરે છે, અહીં ભાવના જાગે છે. માથે અંગારા ને

હૃદયમાં ભાવના, એવાના બની કેમ શકે? આપણુને લગીર ગરમીમાં કે વરાળમાં કેમ થય છે? જ્યારે વરાળ હાથ-પગના અંગુઠે લાગે તો આ સ્થિતિ કરે છે, તો માથે ને તે પણ ખેરના ધગધગતા અંગારા તે વખતે શુદ્ધ ભાવના કરી હશે તે કઈ સ્થીતિએ? આ આરાધના આગળ પૌદ્ગલિક અનિષ્ટ સંયોગને બદામના ભાગે પણ હિસાબમાં લીધી નથી, નહીંતર શુકલધ્યાન, કેવલજ્ઞાન કે મોક્ષ શી રીતે પામી શકતે? અંગારા જ્યાં ભરે ત્યાં તે ધ્યાનબહાર ન રહી શકે પરંતુ કલોરોફોરમ વાઢ કાપ અવસરે અપાય તે વિગેરેમાં ચિત્ત ધ્યાન બહાર જઈ શકે. અંગારામાં એ નથી ચાલતું. જ્યારે એ ન ટકે તો અંગારા વખતે શી સ્થિતિએ વિચાર કર્યો હશે? બંધક મુનિ કહે છે કે તને અડચણ ન થય માટે તું કહે તેમ ઉભા રહું. ચામડી ઉતારવા આવેલા રાજાના માણસોને આ પ્રમાણે તેઓએ કહ્યું તો વિચારો કે આ કઇ સ્થીતિ ને કઈ દશા? સમજતા હતા કે કેવળજ્ઞાનાદિના અઢળક લાભમાં આ શારીરિક વેદનાએ સહન કરવી તે એક બદામની દલાલી છે. પૌદગલિક અનિષ્ટપણું બદામની દલાલી છે પણ આત્મિક લાભ અપૂર્વ છે. આ ભાવના સમ્યકત્વમાં સ્થિર રહેવા છતાં અમલમાં બધા ન મૂકે પણ ધારણા બધી રહેવી જોઈએ. હંસ જેમ પાણી ને દુધ જુદું કરે છે તેમ વિજ્ઞાનભૂમિકા આત્મીય અને પૌદ્ગલિક ભાવને જુદા કરી નાંખે કાચકાનું ચૂરણ મેલ ને પાણીને જુદું પાડે તેમ વિજ્ઞાનભૂમિકામાં રહેલા જીવો સ્વપરના વિવેકી હોય તે માટે શાસ્ત્રકાર કહે છે કે ત્રીજી ભૂમિકામાં દાખલ થવાની અનિવાર્ય જરૂર છે, તેમાં દાખલ થાય ર આત્મા આઠ ભવમાં જરૂર મોક્ષે જાય. ઘણા ભવો પતિત માટે છે. ત્રીજી ભૂમિકા મલ્યા પછી પતિત થાય તો આઠ ભવ કે અર્ધ પુદ્ગલ પરાવર્ત થાય. અહીં કાવ્ય અને કવિતા પેઠે ગાથા બોલી જવામાં વિજ્ઞાનભૂમિકા આવતી નથી. ત્રીજી ભૂમિકા કંઈક ગુણી આગળ પડતી છે. **વિજ્ઞાનભૂમિકામાં રહેલો અધ્યાત્માને** હેયનો અનાદર ને ઉપાદેયનો આદર અદ્વિતીય ભાસવો જોઇએ.

## ક્રિયા પ્રત્યે અરૂચી ધરાવનારાઓને.

જ્યારે આ ધર્મરત્નના ગુણો માટે ત્રીજી ભૂમિકાએ આવો ત્યારે ધર્મ એજ રત્ન, ધર્મ રત્નજ છે, તે સિવાય જગતભરમાં અમૂલ્ય અનુપમ તાત્વિક ચીજ કોઈ નથી. તત્વમાં ફેર હોય તો કહો અર્થાત્ તત્વમાં લવલેશ ફેર માનતા નથી પરંતુ ક્રિયાકાંડમાં ફેર પડે તેમાં શું? આ કહેનારા તત્વ વિચારના નથી. સ્ત્રીવાળા હોય હથીયાર, માળા વિગેરે રાખતા હોય તો કુદેવ, ફેર ક્રિયામાં પડયો. પંચમહાવ્રત ધારક હોય તો સુગુરૂ, દયા સત્ય લક્ષણવાળો ધર્મ, અને હિંસા વિગેરે લક્ષણવાળા કુગુરૂ અને અધર્મ તે બન્ને તો ક્રિયામાં ફરક છે એવું કહેનારા એકજ ધારણાવાળા છે કે આપણે ક્રિયા કરવી નથી. ક્રિયા તાત્વિક છે એ પ્રમાણે બોલવું નથી એટલુંજ નહિ પણ ક્રિયા તાત્વિક છે એ પ્રમાણે બોલવું

નથી અને માનવું પણ નથી. તત્વજ્ઞાનની સફળતા ક્રિયામાં છે. **ज्ञानस्य फलं विरतिः** જ્ઞાનનું ફળ વિરતિ માનો છો. વિરતિ વગરનું જ્ઞાન નિષ્ફળ માન્યું છે. સંવર નિર્જરાની કરણી-ક્રિયા તેમાં ફેરફાર બોલે, તેવા વિચાર ધરાવે એટલે કશું નહિ. એમ કેમ બોલાય ? જેમ તત્વમાં ફરક માનવાવાળાઓ શાસન ન ચલાવે, તેમ ક્રિયામાં પણ ફરક એટલે ક્રિયા દ્વારાએ થતા લાભમાં ફરક માનવાવાળા હોય તો જૈન શાસન ચલાવી ન શકે.

## આશ્ચર્યની પારમાર્થિક વ્યાખ્યા.

ક્રિયા રહિતને આદર દેવાય તે **આજના જાહેર** જગતમાં આશ્ચર્ય ગણ્યું છે **અને તેથીજ** અસંયતિની પૂજાને શાસ્ત્રમાં આશ્ચર્ય ગણ્યું. સંયતોજ પૂજાવા જોઈએ, અને અસંયત પૂજાય તે અનંતી ઉત્સર્પિણીએ બનેલું આશ્ચર્ય. નવમા દશમા તીર્થંકરના આંતરે કેમ આશ્ચર્ય રાખ્યું ? ગોશાળો જમાલી આદર પામ્યા હતા તો તે વખતે કેમ આશ્ચર્ય ન ગણ્યું ? અસંયતો દરેક વખતે આદર પામ્યા પણ તે જૈન શાસનના અનુસરતા વેષ બિરૂદ સિવાયમાં અર્થાત્ જૈનીપણે પોતે ન જણાવે તેવા અસંયતને પૂજે અને પૂજાયા. નવમા દશમા તીર્થંકરની વચ્ચે આશ્ચર્ય કહેવાય તેનું ખરૂં કારણ એ છે કે ને જૈનીઓએ જૈનીના નામે અવિરતિની પૂજા કરી. અવિરતિને પૂજ્યા કોણે ? જે જૈન શાસન પામ્યા નથી જૈન શાસનનું તત્વ સમજ્યા નથી તેમની પૂજા આશ્ચર્યમાં ગણતા નથી, પરંતુ જીનેશ્વરના ઝંડા નીચે આવેલા માન પામનારા **આજ્ઞામાંજ કલ્યાણ સમજનારાઓ અવિરતિને અસંયમીને મુરબ્બી તરીકે** માન આપે તે નવમા **દશમા તીર્થંકરની વચમાં** બન્યું તેથી તેનેજ આશ્ચર્ય ગણ્યું. **આથી ક્રિયામાં શાસ્ત્રકારે કેટલું તત્ત્વ રાખ્યું છે ? સંયમની ક્રિયા ન હોય ને પૂજ્યપણું રહે તો આશ્ચર્ય.**

## ક્રિયાદ્વારાએ ગુણઠાણાનો તફાવત સમજો.

અહિં ક્રિયા ભેદે ફરક ન માનનારાએ વિચારવું જોઇએ સુદેવાદિક ને કુદેવાદિકના વિભાગ ચોથાથી ચૌદમા ગુણઠાણાની તરતમતા તે માન્યતાની અપેક્ષાનું સમ્યગ્દર્શન. જેવું ચોથે તેવું ચૌદમે તત્ત્વની શ્રદ્ધા રૂપે ચાર ગુણઠાણામાં કે ચૌદમાં ગુણઠાણામાં ફરક નથી. ફરક માત્ર ક્રિયામાં છે ચોથે ગુણઠાણે સમ્યગદૃષ્ટિ થયે, પાંચમે દેશ વિરતિ એટલે થોડું પાપ છોડનારો, છઠે આશ્રવ એને સર્વથા છોડે તે પણ ક્રિયામાં વધ્યો, અને અપ્રમત્ત નિદ્રા વિકથાદિ રહિત સાતમામાં પ્રમાદ ન હોય; ફેર ક્યાં પડયો ? તત્વમાં કે ક્રિયામાં ? તે ત્યાં કોઈએ ક્રોધાદિક શમાવ્યા કોઇએ ખપાવ્યા ચોથે ગુણઠાણે રહેલા ક્રોધાદિકને તોડવા લાયક માને છે ને આગળના ગુણઠાણાવાળો તો તોડીને બેઠો પણ ફરક માત્ર ક્રિયાનો છે. તેરમે ગુણઠાણે સર્વજ્ઞ થયા તો પણ તત્વદૃષ્ટિમાં સરખા છે, ક્રિયામાં ફરક છે. નહિંતર દર્શન મોહનીયનો સર્વથા ક્ષય ચોથે ગુણઠાણે મનાય નહિં. ક્ષાયિક સમ્યકત્વવાળાને મુદ્દલ દર્શન-મોહનીય નથી.

તત્ત્વદષ્ટિમાં પોતાના ઘરને પોતાનું ઘર માનવું તે આંધળા કે દેખનાને તે માનવામાં જરા પણ ફરક નથી. ચોથા ગુણુઠાણે રહેલો છદ્મસ્થ તે નવે પદાર્થમાં જેવો હેય-જ્ઞેય વિભાગ રાખે છે તેમ સર્વજ્ઞ ભગવાન પણ હેય જ્ઞેય ઉપાદેય વિભાગ માને છે. તત્વદ્રષ્ટિએ ચોથામાં ને ચૌદમાંમાં ફરક નથી ભલે સિદ્ધ ભગવાન હો તેમાં તત્ત્વદષ્ટિએ ફરક નથી. એકેંદ્રિય નિગોદિયામાં ને સિદ્ધના આત્મામાં તત્વથી ફરક નથી. એક સ્વરૂપવાળા છે તત્વમાં કયો ફરક? કહો એમણે આવરણ તોડયા નિગોદિઆદિના જીવોએ આવરણ તોડયા નથી. ક્રિયાના ભેદે ભેદ છે માટેજ ક્રિયા ભેદ ન માને તે ત્રીજી ભૂમિકામાં પ્રવેશી શકતા નથી. ત્રીજી ભૂમિકામાં જવાની ઇચ્છાવાળાને ક્રિયામાં ભેદ રાખ્યો ન પાલવે.

## પરમેષ્ઠીપદમાં ક્રિયાની વ્યાપકતા.

ક્રિયા સુંદર ન થઇ તો તત્વજ્ઞાન સુંદર હોય તેની કિંમત નથી. પંચપરમેષ્ઠિમાં સર્વવ્યાપક તરીકે મહાવ્રત કેમ રાખ્યા તેનો ખ્યાલ આવશે. સમ્યકત્વજ્ઞાન ઓછું વતું પાલવે, અરિહંત સિદ્ધને કેવળજ્ઞાન જરૂર હોય. આચાર્યાદિકને જ્ઞાનનો કે સમ્યકત્વનો નિયમ નહીં ક્ષાયિક સમકિત હો કે ન હો. સમ્યકત્વમાં નીચી ઊંચી ચાહે તે હદ હો જ્ઞાનમાં ચાહે તે હદ હો પણ પંચમહાવ્રત તે તો જરૂર હોવા જોઇએ. હિંસાદિક કરનાર અરિહંતાદિક હોય તો તેને અરિહંતાદિક માનવા કોઈ જૈની તૈયાર નથી. પાંચ આશ્રવો બંધ કરવાને અંગે તે નિયમિત બંધ થવા જોઇએ તેમાં કાંઈ ચાર ત્રણ બે આશ્રવ બંધ કરે તે ન ચાલે. જૈન શાસન તત્વદષ્ટિએ ક્રિયાના વર્તનમાં ગણે છે તેથી અહીં ક્રિયા વખતે મજબુત તે મજબુત ગણ્યો. ઉપસર્ગમાં દ્રઢ રહ્યો કોને ગણીએ? ઉપસર્ગ છતાં ક્રિયા ચાલુ રાખે તેને મજબુત ગણ્યો. જેમાં ક્રિયા તરફ અભિરૂચિ હોય તેનેજ તત્વદૃષ્ટિ ગણે છે.

શ્રીસ્થાનાગજી સૂત્રના બીજા ઠાણામાં કહ્યું છે કે સમ્યકૃજ્ઞાન શુદ્ધ બ્રહ્મચર્ય, શુદ્ધ સમ્યકત્વ કયારે થાયે? જવાબમાં–આરંભ પરિગ્રહના પચ્ચખાણે. સમ્યકૃજ્ઞાન અને સમ્યકત્વ આરંભ પરિગ્રના પચ્ચખાણે કેવળ બ્રહ્મચર્ય યાવત્ મતિશ્રુતજ્ઞાન બધા ચારિત્રને અંગે આરંભ પરિગ્રહનું પચ્ચખાણ મેલી દીધું; અર્થાત્ સર્વત્ર જોડી દીધું.

હવે સંજમ લેનારા તે ત્યાગ કરે પણ મતિ શ્રુતજ્ઞાન પામવાવાળાને શો સંબંધ? જાવજીવને માટે ન કરવું તેજ પચ્ચખાણ. જાવજીવ માટે હિંસાદિક આશ્રવની આરંભ પરિગ્રહની વિરતિ મગજમાં રાખી છે તે ખોટી નથી, પણ આગળ વધો આરંભ પરિગ્રહને અંગે વિરૂદ્ધ કથન–પ્રતિકુળ કથનમાં આવો. આરંભ પરિગ્રહને પ્રતિકુળ કહે તેનેજ જ્ઞાન, પ્રતિકુળ કથન કરે તેનેજ જ્ઞાનદર્શન, બ્રહ્મચર્ય સંયમ તપસ્યા વિગેરે સાચું જ્ઞાન સમ્યકત્વ બ્રહ્મચર્ય વિગેરેમાં આ બેની પ્રતિકુળતા કથન કરવીજ પડે. મતિશ્રુત અવધિ

સંયમ બોધિને શાસ્ત્રકારો આ આરંભ પરિગ્રહના પ્રત્યાખ્યાન સિવાય તે વસ્તુ કહેવા તૈયાર નથી. ત્રીજી ભૂમિકામાં સ્થિત થયા સિવાય આ પગથીયે બેસવાનો હક નથી.

## મોક્ષમહેલની અસંખ્યાત નીસરણીઓ.

ધર્મની દરેક ક્રિયા રત્નરૂપ છે. રત્ન જેમ કીંમતી તેમ ધર્મની એકે એક ચીજ કીંમતી છે. જૈન શાસનમાં મોક્ષે જવા માટે અસંખ્યાત સ્થાન છે. શ્રીપાલ રાસમાં શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ સ્પષ્ટ જણાવે છે કે–'યોગ અસંખ્ય છે, જીન કહ્યા' એવી રીતે એક એક યોગમાં મોક્ષે લઈ જવાની લાયકાત જણાવે છે. સ્વતંત્ર પણે જુદી જુદી લાયકાત ન સમજીએ તો અસંખ્યાત યોગ મનાતા નથી એમ કહેવું પડે. અસંખ્યાત્ નીસરણી મોક્ષ રૂપી મહેલમાં ચઢવા માટે છે. ધર્મ રત્નજ છે આથી ધર્મની જે ક્રિયા તે અસંખ્યાતી હોય તો તે મોક્ષના કારણભૂત અને રત્ન જેવી છે. માર્ગાનુસારીપણાનો જરા પણ ગુણ આવ્યો તો પ્રશંસા પાત્ર બન્યો. અકાલે સ્વાધ્યાય ન કરે તો પ્રશંસાને પાત્ર થયો. એક કુંડળ ન લીધું તો ઈંદ્ર પ્રશંસા કરવા લાગ્યો.

## નાનામાં નાના ગુણના પણ પ્રશંસક બનો.

શ્રેણિકના ને કૃષ્ણના સમ્યકત્વના પ્રસંગમાં તેમજ સુલસાદિનાપ્રસંગમાં દેવો દરેકની પરીક્ષા કરવા કેમ આવતા હશે? જે મોક્ષના અસંખ્યાત કારણો તેમાં જે વખતે જે કારણ સુંદર માલમ પડે તે વખતે વખાણ્યા વગર રહી શકે નહિ. અને તે વખતે નહિં માનનારા દેવો પરીક્ષા કરવા ચાલ્યા આવે. પૂર્વધર લબ્ધિવાળા ઊંચા પદમાં ગએલા એક આચાર્ય હજારો સાધુના માલીક એક વેયાવચ્ચ કરનારની અનુમોદના કરે. શ્રી મહાવીર પરમાત્મા ધન્નાજીની તપસ્યાનું પ્રશંસનીય વર્ણનકરે. ઢંઢણઋષિ પોતાની લબ્ધિથી પોતાનું મળે તેજ લેવું તેવા અભિગ્રહની પ્રશંસા કેવળજ્ઞાની કરે. બાળબ્રહ્મચારી પ્રભુ નેમનાથજીના ક્ષીણ મોહની આગળ અભિગ્રહ કેટલી કિંમતમાં? એ અભિગ્રહની પ્રશંસા શી રીતે શ્રી નેમનાથજીએ કરી હશે? સુલસા સતિ અને પ્રભુમાર્ગના અવિહડરાગી કામદેવની મહાવીરે શી રીતે પ્રશંસા કરી હશે? પો ાનામાં ચાહે જેટલો કિંમતી માલ ભર્યો હોય તો પોતાના આત્માના ગુણોને રત્ન દેખે એટલુંજ નહિ પણ બીજી જગોએ એક પણ ધર્મરત્નને અનુસરતી ચીજ બની હોય તો પણ રત્નની ગણતરીમાંજ ગણે. પોતાની પાસે અબજો રત્નો છતાં આને ઘેર રત્નની કણી છતાં રત્ન ગણે. ધર્મના સાધનભૂત અસંખ્યાત કારણોને અમૂલ્ય અનુપમ કિંમતી રત્ન રૂપ ધર્મ માને. ધર્મનો કોઈ પણ ભાગ માર્ગાનુસારીથી મોક્ષ સુધીના હોય તો તે ધર્મને રત્ન સમાન ગણે ત્યારેજ ત્રીજી ભૂમિકામાં આવ્યો ગણાય. ધર્મનો એક પણ ભાગ રત્ન જેવો મહા કિમ્મતવાળો છે. આ નિશ્ચય થાય તો ત્રીજી ભૂમિકાએ આવ્યો ગણાય.

**ધર્મરત્ન પ્રાપ્તિની તલ્લીનતા.**

હવે ધર્મરત્ન એટલે શું? તદઅર્થી એટલે શું? અર્થ એટલે પદાર્થ. ધર્મ અર્થરૂપી પદાર્થ જેને હોય તે ધર્મ રત્નના અર્થી તે અર્થ અહીં નથી. અર્થ શબ્દ પદાર્થવાચક નથી માટેજ ધર્મ રત્ન મળી ગયો છે પછી ૨૧ ગુણુમાં કયો ઉદ્યમ કરવાનો? અર્થી એ શબ્દથી જૈન શાસનમાં માગવા માત્રથી મેળવવાનું નથી ઉપાધ્યાયજી સાફ ના પાડે છે. અહીં પ્રાર્થના સમાજની પ્રાર્થના કરવા માત્રથી કંઈ અર્થી શબ્દની સાફલ્યતા નથી. અહીં તો પ્રયત્ન કરો ને વધો. પ્રાર્થના શા માટે કરવી? જે પ્રાર્થના સિદ્ધ કરવાની નથી તે માટે પ્રયત્ન કરવો નથી તો શા માટે પ્રાર્થના કરવી! **'आरुठठावोहिलाभं समाहिवरमुत्तमं दिंतु'** આરોગ્યપણું, બોધિલાભ અને શ્રેષ્ઠ સમાધિલાભ આપો. આ માગણીઓ તમારા પ્રભાવથી ભવનિર્વેદ થાવ અને ભવેભવ બોધિ લાભ આપો વિગેરે માગણીઓ માગ્યા માત્રથી મળતી નથી તો માગો છો કેમ? તો કહો કે મળે છે પણ માગણી કરીને બેસી રહેવા માત્રથી મળતું નથી એટલે માગણી કરવી એ નકામું નથી. માગનારો અમુક પદાર્થદ્વારાએ માગે છે પણ માગવાની વસ્તુ તરફ અપૂર્વ લાગણી થાય છે. એ માગણી દૃઢ થાય તો તેમના વચનમાં દૃઢ થાય. આ નિશ્ચય દૃઢ રાખી વચન દ્વારાએ થતું હોવાથી પ્રાર્થના કરાય છે માટે અર્થી શબ્દનો અર્થ માગણી અર્થ કરવાનો નથી. અર્થ એને તાદર્થ્યમાં ગોઠવો એટલે ધર્મરત્નને માટે એવો અર્થ કરવા જાવ તો પણ નહીં આવે. તત્પુરૂષ કર્મધારય કરી इन् લાવો તો બહુવ્રીહિ કરવો સારો. બધી વાત ખરી અહીં અર્થ શબ્દથી પ્રત્યય આવે છે તે અસંનિહિત એટલે તત્વ તરીકે ગણે તે પ્રાપ્ત થયું, ન હોય તે પ્રાપ્ત કરવા માટે મથે તેમાં પ્રત્યય આવે છે. મેળવવા માગે છે ધર્મરત્ન તેજ અર્થ તે ધર્મ રત્ન રૂપી અર્થ મેળવવા માગે છે ને મળ્યો નથી તેનું નામ ધર્મરત્નાર્થી તે જણાવવા માટે **तल्लोप्सुना** તે મેળવવાની ઈચ્છાવાળાએ જેણે ધર્મરત્નને તત્વ ગણ્યું છે તે પ્રાપ્ત નથી થયું તેની ન્યૂનતા દેખતા હોય તે પ્રાપ્ત કરવા માટે જેમ થયો હોય તે ધર્મરત્ન અર્થી ગણાય ધર્મરત્ન મેળવવા માગનારે શું કરવું? ૨૧ ગુણુ પ્રત્યે ઉદ્યમ કરવો. હવે ૨૧ ગુણુનો પ્રયત્ન કરવાથી ફાયદો કયો? તેનાથી ફાયદો કયો? તે અધિકાર. અગ્રે વર્તમાન.

## ગ્રાહકોને સૂચના

શ્રીસિદ્ધચક્ર પાક્ષિક જે હાલમાં સંજોગવશાત્ બંધ હતું, તે પુનઃ ગ્રાહકોની સતત્ માંગણીને કારણે ચાલુ થાય છે, તે હવે દરેક પૂર્ણિમાને દિવસે બહાર પડશે. ચાલુ વર્ષની શરૂઆત અશાઢ સુદ પૂર્ણિમાથી ગણાશે. **લવાજમ રૂ. બે છે.**

ગ્રાહકોને લવાજમ તંત્રીના સરનામે મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે.

—તંત્રી

# चक्षुरप्राप्यकारित्वमीमांसा ।

લેખકઃ-સંઘવી છબીલદાસ કેશરીચંદ
શ્રીસ્યાદ્વાદ સંસ્કૃત પાઠશાળા
અધ્યાપક (ખંભાત)

જૈન—ચક્ષુ અપ્રાપ્યકારી છે.

નૈયાયિક—ચક્ષુ પ્રાપ્યકારી છે. તેવી જાતનું વ્યોમશિવનું પ્રમાણ હોવાથી.

તે પ્રમાણ આ પ્રમાણે—

ચક્ષુ પ્રાપ્ત અર્થનું જ્ઞાન કરાવે છે. વ્યવહિત વસ્તુનું જ્ઞાન નથી કરાવી શકતી. માટે જે જે વસ્તુ વ્યવહિત વસ્તુનું જ્ઞાન નથી કરાવી શકતી. તે તે વસ્તુ પ્રાપ્ત અર્થનું જ્ઞાન કરાવે છે જેમકે દીપક તેવી રીતે ચક્ષુ વ્યવહિત વસ્તુનું જ્ઞાન નથી કરાવી શકતી. માટે પ્રાપ્ત અર્થનું જ્ઞાન કરાવે છે. એટલે પ્રાપ્યકારી છે.

જૈન—તમે જે ચક્ષુ માનો છો તે—

ભાવચક્ષુ કે દ્રવ્યચક્ષુ ?

ભાવચક્ષુ તો નહિ માની શકો કારણકે તમોએ તેનો સ્વીકારજ કર્યો નથી. અને જો સ્વીકાર કરશો તોપણ તેની સાથે અર્થનો સંબંધ માની શકાશે નહિ. કારણ કે ભાવચક્ષુ આત્માનો બુદ્ધિરૂપ ગુણ છે. અને ગુણમાં ગુણ તો રહી ન શકે ગુણો હંમેશાં નિર્ગુણ હોવાથી.

હવે જો દ્રવ્યચક્ષુ માનો છો તો.

જે આ ગોલકરૂપ દેખાય છે તે કે બીજી કોઈ વસ્તુ.

જો ગોલકરૂપ માનશો તો ચક્ષુ પ્રાપ્ત અર્થનું જ્ઞાન કરાવે છે તે પ્રતિજ્ઞાનો પ્રત્યક્ષ બાધ છે. કારણકે ચક્ષુના જ્ઞાન વખતે પદાર્થથી અસંબદ્ધ ગોલક દેખાય છે. જો તેમ ન દેખાતો હોય તો ગોલકદેશમાં ખાડા પડી જવા જોઈએ. અથવા પદાર્થો ગોલક પાસે આવવા જોઇએ.

જો બીજી કોઈ વસ્તુ પોતાના સ્થાનમાં રહી છતી અર્થનું જ્ઞાન કરાવે છે એમ માનશો તો તેના સ્થાનમાં પદાર્થની પ્રતીતિ થવી જોઈએ.

નૈયાયિક—ફેલાતા રશ્મિરૂપ અવયવવાળી ચક્ષુ પોતાના સ્થાનથકી ફેલાઇને અર્થની સાથે સંબંધ કરે છે અને પછી જ્ઞાન કરાવે છે.

જૈન—ચક્ષુ ફેલાઇને અર્થની સાથે સંબંધ કરતી નથી. ઇન્દ્રિય હોવાથી સ્પર્શેન્દ્રિયની જેમ એ અનુમાન વડે બાધ આવવાથી અને જે જે વસ્તુ ફેલાઇને અર્થની સાથે સંબંધ કરતી નથી. તે તે વસ્તુ રશ્મિવાળી હોતી નથી.

નૈયાયિક—ચક્ષુ રશ્મિવાળી છે, તૈજસ હોવાથી જે જે વસ્તુ તૈજસ હોય છે તે તે વસ્તુ રશ્મિવાળી હોય છે. જેમકે—દીપક તેવી રીતે ચક્ષુ પણ તૈજસ હોવાથી રશ્મિવાળી છે. ચક્ષુને તૈજસપણું અસિદ્ધ નથી. રૂપ, રસ, ગંધ અને સ્પર્શને વિષે રૂપનુંજ જ્ઞાન કરાવે છે. માટે જે જે રૂપાદિને વિષે રૂપનુંજ જ્ઞાન કરાવે તે તે તૈજસ હોય. જેમકે—દીપક તેવી રીતે ચક્ષુ પણ રૂપાદિને વિષે રૂપનુંજ જ્ઞાન કરાવતી હોવાથી તૈજસ છે. રૂપનું જ્ઞાન કરાવે તે તૈજસ હોય. એટલું લક્ષણ કરીએ તો મનની સાથે વ્યભિચાર

આવે કારણકે મન રૂપનું જ્ઞાન કરાવે છે અને તૈજસ નથી. તેથી મનનું નિવારણ કરવા માટે રૂપનું જ જ્ઞાન કરાવે તે તૈજસ હોય એમ કહેલ છે કારણકે મન રૂપનુંજ જ્ઞાન કરાવતું નથી. ગંધાદિનું પણ જ્ઞાન કરાવતું હોવાથી વળી કોઈ કહે કે—ચક્ષુ કેવલ રૂપનુંજ જ્ઞાન કરાવે છે એમ નથી. રૂપવાન્ દ્રવ્યોનું પણ જ્ઞાન કરાવતી હોવાથી. માટે હેતુ અસિદ્ધ છે તે અસિદ્ધપણાના નિવારણ માટે અમોએ 'રૂપાદિને વિષે' એમ કહેલ છે.

**જૈન**—ચંદ્રમાનાં કિરણોને વિષે તમારા હેતુનો વ્યભિચાર છે. રૂપાદિને વિષે રૂપનુંજ જ્ઞાન કરાવતાં હોવાથી. તે પણ તૈજસ હોવાથી વ્યભિચાર નથી. એમ તમારે ન કહેવું કારણકે તે તૈજસ નથી. તેને વિષે ઉષ્ણ સ્પર્શ ન હોવાથી અને તેજનો તો **'उष्णः एव स्पर्शः'** (ઉષ્ણજ સ્પર્શ હોય) એમ વૈશેષિકભાષ્યમાં કહેલું છે.

**નૈયાયિક**—ઉદયનાચાર્ય–**'उष्ण एव स्पर्शः'** એ સૂત્રમાં એવકાર ચંદ્ર, સુવર્ણ, ચક્ષુ વિગેરેમાં ઉષ્ણ સ્પર્શ નથી એવા સંદેહને દૂર કરવા માટે છે, તેઓ તૈજસ હોવાથી ઉષ્ણ સ્પર્શવાળા છે. એવું અનુમાન થતું હોવાથી જેમકે—જે જે તૈજસ હોય તે તે ઉષ્ણ હોય.

**જૈન**—તે ઠીક નથી, કારણકે ચંદ્રને વિષે હજુ સુધી પણ તૈજસપણાની સિદ્ધિ નથી. જો રૂપાદિને વિષે રૂપનુંજ જ્ઞાન કરાવતો હોવાથી તૈજસ છે એમ કહેશો તો તે ઠીક નથી. કારણકે ચંદ્ર તૈજસ નથી. શીત હોવાથી પાણીની જેમ અને ચંદ્ર અતૈજસ છે તો તેનાં કિરણો પણ ખુશીથી અતૈજસજ હોય.

**નૈયાયિક**— ચંદ્ર જળ કલ્લોલરૂપ છે અને તેને વિષે હણાયેલાં એવાં સૂર્યનાં કિરણો પ્રકાશે છે અને ઠંડા લાગે છે તેથી શિતળનાના કારણવાળાં છે.

**જૈન**—તે પણ સ્વછંદવાદ છે. જો ચન્દ્ર જળ કલ્લોલરૂપ છે તો કયા સમુદ્રના જળકલ્લોલરૂપ છે? અને સમુદ્ર છોડીને કલ્લોલ શા માટે આકાશમાં રહેલ છે? અને ગોળાકારજ કેમ છે? અને ત્યાંથી પાણી કેમ પડતું નથી? અથવા શું! કઠણ થઈ ગએલ છે? જો કલ્લોથી પ્રતિહત એવાં સૂર્યનાં કિરણો ઠંડાં છે સુખેથી પ્રકાશ કરે છે અને દરેક દિશાઓમાં ફેલાય છે તો દિવસને વિષે પણ કલ્લોલથી પ્રતિહત એવાં સૂર્યનાં કિરણો ઠંડાં સુખેથી પ્રકાશ કરનારાં અને સકલ દિશાઓમાં ફેલાતાં કેમ દેખાતાં નથી. ઈત્યાદિ વિચારવાનના મગજમાં નહિ આવવાથી, અને જો તે પ્રમાણે મગજમાં આવે તો પણ તે કંઈ દરેક નૈયાયિકોનો સિદ્ધાન્ત નથી. માટે પરસ્પર વિરોધ હોવાથી પોતાના મતનો જ ઘાત થાય છે.

વળી ચક્ષુના સંનિકર્ષ સાથે તમારો હેતુ વ્યભિચારી છે. કારણકે ચક્ષુ અને પદાર્થનો સંનિકર્ષ પણ રૂપાદિને વિષે રૂપનુંજ જ્ઞાન કરાવે છે અને તૈજસ નથી.

**નૈયાયિક**—રૂપાદિને વિષે રૂપનુંજ જ્ઞાન કરાવે છે તેવા પ્રકારના ચક્ષુના તૈજસત્વ સાધક હેતુમાં તે હેતુ દ્રવ્ય પણ હોવો જોઇએ એમ

કહીશું તો સંનિકર્ષની સાથે વ્યભિચાર નહિ આવે.

**જૈન**—એમ કહેશો તો અંજનની સાથે વ્યભિચાર આવશે.

**નૈયાયિક**—અંજન પણ તૈજસ છે તેને વિષે અનુદ્‌ભૂત તેજ દ્રવ્ય હોવાથી, માટે વ્યભિચાર નહિ આવે.

**જૈન**—તે અયુક્ત છે, પ્રમાણ નહિ હોવાથી.

**નૈયાયિક**—પ્રમાણ છે તે આ પ્રમાણે—

અંજન તૈજસ છે રૂપનું જ્ઞાન કરાવવામાં ચક્ષુનું સહકારી હોવાથી. દીપકની જેમ.

**જૈન**— તે સારૂં નથી કારણકે મન પણ રૂપનું જ્ઞાન કરાવવામાં ચક્ષુને સહકારી છે અને તૈજસ નથી માટે વ્યભિચાર આવશે.

**નૈયાયિક**—રૂપનાજ જ્ઞાન વખતે જે તૈજસ અથવા ચક્ષુને જ સહકારી હોય તે તૈજસ હોય.

એવો અવધારણ ગર્ભ કોઈપણ એક હેતુ કરીશું તો સકલ વિષયોના જ્ઞાનમાં સહકારી અને સકલ ઈન્દ્રિયોને સહકારી એવા મનની સાથે વ્યભિચાર આવશે નહિ.

**જૈન**—રૂપનાજ જ્ઞાન વખતે સહકારી હોય તે તૈજસ. એ હેતુ માનશો તો તે અસિદ્ધ છે. કારણકે અંજન છે તે રૂપનાજ જ્ઞાન વખતે સહકારી છે એમ નથી. રૂપવાન દ્રવ્યનું જ્ઞાન કરતી વખતે પણ સહકારી હોવાથી.

અને જો ચક્ષુનોજ સહકારી હોય તે તૈજસ હોય. એ હેતુ માનશો તો દીપકરૂપ જે દ્રષ્ટાંત છે તે હેતુ વિનાનું થઈ જશે કારણકે દીપક પોતાના સ્વરૂપના જ્ઞાનમાં પણ સહકારી છે.

વળી જો રૂપાદિને વિષે રૂપનુંજ જ્ઞાન કરાવે છે. તે હેતુથી અંજનના તૈજસપણાની સિદ્ધિ કરતા હો તો દ્રષ્ટાન્ત કહો.

**નૈયાયિક**—દીપકજ.

**જૈન**—તે દ્રષ્ટાંત નથી. સાધનશૂન્ય હોવાથી.

**નૈયાયિક**—અહો દીપક શું રૂપનું જ્ઞાન નથી કરાવતો કે રસવિગેરેનું પણ જ્ઞાન કરાવે છે ?

**જૈન**—હા દીપક પોતાના વિષે પડેલા અગરૂ કસ્તૂરિ કપુર વિગેરેના ગંધનું પણ જ્ઞાન કરાવે છે જેમકે—હાથને વિષે અમુક જાતની ઔષધિઓ મસળવાથી હાથ તે વસ્તુઓની ગંધને બતાવે છે તેમ એ પ્રમાણે દીપક સાધનશૂન્ય હોવાથી દ્રષ્ટાંત નથી.

એવી રીતે ચક્ષુના તૈજસત્વનું જે અનુમાન તમોએ આગળ કહેલું છે તેને વિષે પણ દ્રષ્ટાંતની સાધન વિકલતા છે.

વળી જો ચક્ષુ તૈજસ હોય તો તેમાં ભાસ્વર રૂપનો ઉપલમ્ભ કેમ નથી. કારણકે—તેજને વિષે તો ભાસ્વરરૂપ સ્વભાવિક રીતે હોયજ જો અનુદ્‌ભૂત હોવાથી. ભાવસ્વરરૂપ નથી દેખાતું એમ કહેશો તો ચક્ષુરૂપનું જ્ઞાન કેવી રીતે કરાવશે કારણ કે જે જે વસ્તુ અનુદ્‌ભૂત ભાસ્વરરૂપવાળી છે તે તે રૂપનું જ્ઞાન કરાવતી નથી. જેમકે પાણીથી મળેલ અગ્નિ તેવી રીતે ચક્ષુ પણ રૂપનું જ્ઞાન કરાવશે નહિ. એ પ્રમાણે તમારે અંગીકાર કરવું પડશે.

**નૈયાયિક**—ભૂષણ-અનુદ્‌ભૂત રૂપવાળી વસ્તુ અર્થનું જ્ઞાન કરાવતી નથી એમ નથી પણ દીપક વિગેરેના પ્રકાશથી સહિત હોય ત્યારે અર્થનું

જ્ઞાન કરાવે છે, અને તેજ કારણથી જેઓને અદૃષ્ટના સામર્થ્યથી ઉદ્‌ભૂત રૂપવાળા નયનના રશ્મિઓ છે તેઓને બાહ્ય પ્રકાશ સિવાય અર્થનું જ્ઞાન થાય છે જેમકે—રાત્રે ફરનારા પ્રાણીઓને, અને કેટલાક રાત્રે ફરનારાઓના નયનના રશ્મિઓ ઉદ્‌ભૂત રૂપવાળા પ્રત્યક્ષથી પણ દેખાય છે.

**જૈન**—તે પણ ઠીક નથી કારણકે કુમ્ભ વિગેરેને વિષે પણ અનુદ્‌ભૂત ભાસ્વર રૂપની કલ્પના હોવાથી તેઓ અનુદ્‌ભૂત ભાસ્વર રૂપવાળા છે તો કુમ્ભ વિગેરેને પણ દીપકથી સહિત અર્થનું જ્ઞાન કરવું જોઇએ.

**નૈયાયિક**—કુમ્ભ વિગેરે અતૈજસ હોવાથી તેમાં ભાસ્વર રૂપજ નથી. તો અનુદ્‌ભૂતની કલ્પના કેવીરીતે હોઇ શકે.

**જૈન**—તો ચક્ષુને વિષે અનુદ્‌ભૂતની કલ્પના કેવી રીતે હોય તે કહો?

**નૈયાયિક**—રૂપાદિને વિષે રૂપનુંજ જ્ઞાન કરાવે છે તે હેતુથી.

**જૈન**—તે હેતુથી ઘટમાં પણ અનુદ્‌ભૂતની કલ્પના કરીશું.

**નૈયાયિક**—ઘટમાં તે હેતુ અસિદ્ધ છે.

**જૈન**—તો લોચનમાં કેવીરીતે સિદ્ધ છે!

**નૈયાયિક**—પ્રદીપથી સહકૃત લોચન પ્રકાશક હોવાથી.

**જૈન**—જો એમ કહો તો ઘટ પણ પ્રદીપથી સહકૃત સ્વપ્રકાશક છે.

**નૈયાયિક**—બિલાડી ઘુવડ વિગેરેમાં ચક્ષુ આલોકથી નિરપેક્ષ પણ પ્રકાશક છે. અને કુમ્ભ વિગેરે આ લોકથી નિરપેક્ષ પ્રકાશક નથી.

**જૈન**—તો તમારો શું આશય છે. જો આ લોક સહકૃત પ્રકાશક છે તે તૈજસ નથી એમ તમારો આશય છે અને જો એવો આશય છે તો નરનારીમાં નયનોનું અતૈજસપણું આવી જશે.

વળી તમે કહ્યું છે કે કેટલાક રાત્રે ફરનારાઓનાં ચક્ષુનાં કિરણો પ્રત્યક્ષથી દેખાય છે તે પણ જો માંસની ચક્ષુની અપેક્ષાએ કહ્યું હોય તો આપણા વડે તેઓની ચક્ષુને વિષે રશ્મિ દેખાતાં નથી.

**નૈયાયિક**—બિલાડીની દૃષ્ટિમાં દેખાય છે.

**જૈન**—તે કિરણો નથી પણ ચક્ષુનો ગોલક પ્રદેશજ તેવો દેખાય છે જો કિરણો હોય તો પ્રદીપના કિરણોની જેમ ફેલાતાં દેખાવાં જોઇએ અને તેમ તો દેખાતાં નથી. કારણકે-જે વસ્તુને બિલાડી રાત્રિમાં જુએ છે તે વસ્તુ દીપકના કિરણોથી પ્રકાશિતની જેમ પાસે રહેલા મનુષ્ય વડે દેખાતી નથી.

તે કિરણો ઝાંખા હોવાથી મનુષ્યોને પદાર્થ દેખાતો નથી. એમ ન કહેવું જો એમ કહેશો તો બિલાડી વિગેરે રાત્રે ફરનારાઓને પણ પદાર્થ દેખાવો ન જોઇએ. જો તેઓનાં કિરણો ઉદ્‌ભૂત રૂપવાળાં હોવાથી પદાર્થને જોઇ શકશે એમ કહેશો તો ઉદ્‌ભૂત ભાસ્વર રૂપ તો મનુષ્યને વિષે અને તેઓને વિષે નથી. અથવા બિલાડીની આંખોમાં ઉદ્‌ભૂત ભાસ્વર રૂપવાળાં કિરણો છે કે જેને વિષે ચાકચિકયતા દેખાય છે પણ ગીરોલી વિગેરે રાત્રિચારોના નેત્રોમાં તો ચાકચિકયતા દેખાતી નથી. તો તેઓને વિષે ઉદ્‌ભૂત ભાસ્વર

રૂપ હોય તેમ કેવી રીતે કહી શકશો. કારણકે-ભાસ્વર રૂપ તો તેજ કહેવાય કે જે આંખથી દેખાતું હોય, એમ નહી કહો તો મનુષ્યોના નેત્રોમાં અનુદ્‌ભૂત ભાસ્વર રૂપનો સ્વીકાર કરશો તો ગીરોલી વિગેરેના ચક્ષુના રશ્મિઓ આલોક નિરપેક્ષ પ્રકાશક છે. એમ જોવાય છે તો દીપક વિગેરેના પ્રકાશથી સહિત એવા અનુદ્‌ભૂત રૂપવાળા નેત્રો વસ્તુને બતાવે છે એવું તમારૂં વચન કેવી રીતે યુક્ત થશે.

**નૈયાયિક**—ભૂષણ–આલોકના અવયવથી સહિત એવા રશ્મિના અવયવોથી ઉદ્‌ભૂત રૂપવાળા રશ્મિઓ ઉત્પન્ન થાય છે કારણકે તેજનો જલ્દીથી ઉત્પાદ અને વિનાશ દેખાય છે અને રૂપ અને સ્પર્શ ઉદ્‌ભૂત અને અનુદ્‌ભૂત ધર્મવાળા હોય છે. વળી ઉદ્‌ભૂત રૂપવાળા ઉત્પન્ન થયેલા જે રશ્મિઓ તેનો આલોકને વિષે સમાવેશ થવાથી તેનું ઉદ્‌ભૂત રૂપ જોઇ શકાતું નથી. જેમકે અનેક પ્રદીપના રશ્મિઓ એક અર્થમાં લાગેલા હોવાથી જુદા જુદા દીપકના રશ્મિ દેખાતા નથી તેમ.

**જૈન**—તે પણ યુક્તિયુક્ત નથી. કારણકે તે તો આલોકથી મિશ્રિત મનુષ્યના લોચનમાં ઘટી શકે પરંતુ ગૃહગોધિકાદિ (ગીરોલી વિગેરે) ને વિષે ન ઘટી શકે કારણકે-મધ્ય રાત્રિએ અંજન અને કુવલયદલના જેવા શ્યામ મુષ્ટિગ્રાહ્ય અંધકારનો સમૂહ હોતે છતે એકદમ બંધ કમાડવાળા ઓરડાને વિષે ફરતા જે ગૃહગોધિકાદિ (ગીરોલી વિગેરે) પાપી પ્રાણીઓ સાક્ષાત્ જુએ છે અને રશ્મિ દેખાતાં નથી જો ત્યાં આલોકમિલન નથી. માટે રશ્મિ દેખાતાં નથી એમ કહેશો તો જ્યાં આલોકમિલન છે ત્યાંજ ઉદ્‌ભૂત રૂપની ઉત્પત્તિ થશે અને એમ થવાથી ગૃહગોધિકાના નેત્રનાં રશ્મિઓ રાત્રિને વિષે જોઈ શકશે નહિ કારણકે-ત્યાં આલોક નહિ હોવાથી ઉદ્‌ભૂત રૂપ નથી માટે એ પ્રમાણે અનુદ્‌ભૂતરૂપવાળી વસ્તુ હોય તે રૂપનું જ્ઞાન કરાવતી નથી એવો જે અમે દોષ આપેલો તેનું તમો નિવારણ કરી શકતા નથી અને તેથી એમ સિદ્ધ થાય છે કે ચક્ષુને વિષે તૈજસત્વની સિદ્ધિમાં રૂપાદિને વિષે રૂપનુંજ જ્ઞાન કરાવે છે. એવો તમારો હેતુ પ્રત્યક્ષ અસિદ્ધ છે અને હેતુ અસિદ્ધ થવાથી ચક્ષુને વિષે તૈજસત્વરૂપ સાધ્ય સિદ્ધિ થઇ શકશે નહિ અને તેની સિદ્ધિ નહિ થાય તો રશ્મિવત્ત્વની સિદ્ધિ પણ નહિ થાય. તો પછી રશ્મિઓ ફેલાઇને અર્થની સાથે સંબંધ કરે છે તે તો કયાંથી સિદ્ધ થાય માટે પ્રત્યક્ષથી એમ જોવાતું નથી કે ચક્ષુ અર્થને પ્રાપ્ત કરીને જ્ઞાન કરાવે છે.

વળી અનુમાનથી બાધિત ચક્ષુનું તૈજસપણું છે, તે આ પ્રમાણે—

ચક્ષુ તૈજસ નથી. અંધકારને પ્રકાશતી હોવાથી જે અંધકારને પ્રકાશતું નથી તે તૈજસ છે. જેમકે-પ્રદીપ તેવી રીતે ચક્ષુ નહિ હોવાથી તે તૈજસ નથી અંધકાર નથી માટે ચક્ષુનું અંધકારને પ્રકાશવું તે અસિદ્ધ છે એમ ન કહેવું અંધકાર છે તેમ અમોએ અન્ય સ્થળે સિદ્ધ કરેલ હોવાથી એ પ્રમાણે ચક્ષુને વિષે તૈજસત્વ નહિ હોવાથી રશ્મિત્વની પણ અસિદ્ધિ છે. [અપૂર્ણ

# શ્રીવર્દ્ધમાન તપ આયંબીલ કરાવતી સંસ્થાઓના કાર્યવાહકોને !

પરમપૂજ્ય શાસનપ્રભાવક શૈલાનાનરેશપ્રતિબોધક આગમોદ્ધારક **આચાર્યદેવશ્રી સાગરાનંદસૂરીશ્વરજી**ના શિષ્યરત્ન શ્રી સિદ્ધચક્ર આરાધક સમાજ, નવપદ આરાધક-સમાજ સંસ્થાપક વ્યાકરણવિશારદ, સિદ્ધચક્રારાધન તીર્થોદ્ધારક **પરમપૂજ્ય પં. ચંદ્રસાગરજી મહારાજજી**ના સદુપદેશથી **'શ્રી વર્દ્ધમાન તપ સહાયક સમિતિ'** રાજનગર મુકામે સ્થાપવામાં આવી છે.

૧. આજની વધુ પડતી મોંઘવારીને લઇ શ્રીવર્ધમાન તપ આયંબીલ ખાતું જે ઠેકાણે ચાલતું હોય, અને તે પૈસાની અગવડતા ખાતર ચલાવવું મુશ્કેલ પડતું હોય, તેમણે પોતાનું ખાતું ચાલુ રહે તેટલી જરૂર પુરતી મદદ માટે નીચેના ઠેકાણે પત્ર લખવાથી અને અમને યોગ્ય માહીતિ મળ્યેથી તેઓને તે મદદ આપવામાં આવશે.

૨. આ સમિતિ શાસન પરમ આશીર્વાદરૂપ બનશે એવી પ્રેમાળ લાગણી ધરાવનાર **શેઠ ગીરધરલાલ છોટાલાલના શુભ પ્રયત્નથી** અમદાવાદ નાગજી ભુધરની પોળના ઉપાશ્રયે આ સમિતિની સ્થાપના થતાં અને તુરત ટીપની શરૂઆત થતાં દરેક ગૃહસ્થો પાસેથી રૂા. ૧૦૧) મેળવતાં લગભગ રૂા. ૧૬૦૦૦) ઉપરાંતનું ફંડ થયેલ છે. અને જે સંસ્થાઓ પાસે વાર્ષિક ખર્ચને પહોંચી વળતાં વધારો રહે તે મોકલી આપવામાં અમદાવાદ શ્રી વર્દ્ધમાન તપ આયંબીલ ખાતાની કાર્યવાહક સમિતિએ પહેલ કરી છે. તેનું અનુકરણ બીજી સંસ્થાઓ પણ કરે એવી આશા રાખીએ છીએ.

૩. સી. કે વોરાની કુંઃના માલીક **સ્વ. શેઠ નેમચંદ પોપટલાલના ચિરંજીવી પુત્ર** જગતચંદ ઉર્ફે **બાબુભાઈએ** આ સમિતિદ્વારા અરજી કરનાર દરેક ગામો પૈકી દરેકને રૂા. ૫૦) આપવા જણાવેલું છે. અર્થાત્ પંદર ગામવાળાઓને આપવા રૂ. ૭૫૦) તેમના તરફથી આ સંસ્થાને ભેટ મલ્યા છે.

તેવીજ રીતે અમદાવાદ-કાળુસીની પોળના **શેઠ બંદુલાલ છગનલાલે** બાવીસ ગામની અરજીઓવાળા દરેકને રૂા ૫૦) એટલે રૂા. ૧૧૦૦) આ સંસ્થાને ભેટ આપેલા છે.

૪. પરમપૂજ્ય મુનિમહારાજોને તથા પૂજ્ય સાધ્વીજી મહારાજોને નમ્રતાપૂર્વક વિજ્ઞપ્તિ કરવામાં આવે છે કે પોતાના વિહાર દરમિયાન શ્રી વર્ધમાન તપ કરાવતી સંસ્થાની સત્ય વિગત આ સંસ્થા જાણી શકે માટે નીચેને સ્થળેથી ફોર્મ મંગાવે અને ભરી મોકલે તેવું દરેક ગામના આગેવાનોને જણાવવા કૃપા કરશો.

૫. હાલ—વાવ, થરા, ધીણોજ, ચાણસ્મા, રતલામ, ઉજ્જૈન, મુંજપુર, ભાભર, ખેડા, જેસર, સાંતલપુર, મહીદપુર આગર, વડાવલી, વઢવાણશહેર, મહુવા, શીહોર, આદરીયાણા, નોંધણવદર, લીંચ, દાઠા વિગેરે સ્થળોની અરજીઓ આવી છે અને ખબર પડે નવી અરજીઓ આવવા વકી છે. મદદની રકમ મેળવનાર સંસ્થાએ મોકલેલ ફોર્મ તુરત ભરી મોકલવાં. તપાસ કરીને પાસ થએલ રકમો મોકલી આપવાનો પ્રબંધ તુર્ત કરવામાં આવશે. મદદ મેળવવા માટે, ફોર્મ મેળવવા માટે અગર સમિતિ સાથેના પત્રવ્યવહાર માટે નીચેના શીરનામે લખો—

**શ્રીવર્દ્ધમાન તપ સહાયક સમિતિ**
**ઠેઃ શેઠ ગીરધરલાલ છોટાલાલ**
**પાંચકુવા, અમદાવાદ.**

લિઃ શ્રીવર્દ્ધમાન તપ સહાયક સમિતિના
કાર્યવાહકો.

# અમોઘ ઉપાય કયો ?

૧ જૈન શાસનના રસિક આત્માઓને દિન-પ્રતિદિન અધિકતર રસિક બનવા તે બનાવવાનો અમોઘ ઉપાય કયો ?

૨ જૈન શાસનની પરમાર્થિક-પ્રણાલિકાઓનું સંપૂર્ણ સુંદરરીતિએ અવલોકન કરવા-કરાવવાનો અમોઘ ઉપાય કયો ?

૩ જૈન શાસનના પ્રાણભૂત પવિત્ર આગમોનું તલસ્પર્શી જ્ઞાન પામવા-પમાડવાનો અમોઘ ઉપાય કયો ?

૪ જૈન શાસનના સંસ્થાપકો-સંચાલોચકો પ્રત્યે ત્રિકાલાબાધિત વિનયવંતી ઉર્મિઓ ઉત્પન્ન કરી શકે અને કરાવી શકે એવો અમોઘ ઉપાય કયો ?

૫ જૈન શાસનમાં જગમશહૂર જૈનત્વની પરીક્ષા પાસ કરવાના નિયત દિવસો સમજવા અને સમજાવવાનો અમોઘ ઉપાય કયો ?

૬ જૈન શાસન પામેલાઓને મનુષ્ય જન્મની સાફલ્યતા કરવી હોય અને કરાવવી હોય તો અમોઘ ઉપાય કયો ?

૭ જૈન શાસન માટે સર્વસ્વ સમર્પણ કરી તેવી ભાવનાથી ભાવિત કરવા-કરાવવાનો અમોઘ ઉપાય કયો ?

૮ જૈન શાસનના સિદ્ધાંતોના મર્મ સહેલાઈથી મગજમાં સ્થિર કરવા કરાવવાનો અમોઘ ઉપાય કયો ?

૯ જૈન શાસનમાં પ્રસિદ્ધિ પામેલાઓ પણ પુણ્યના પુંજ સાધન પામ્યા છતાં સફળ નથી કરતા, તેના વ્યવસ્થિત કારણો શોધી કાઢવાનો અમોઘ ઉપાય કયો ?

ઉપરની નવ નવિન નવે વિચારણા રૂપ પ્રશ્નનું સમાધાન એકજ છે કે શ્રી સિદ્ધચક્રનું વાંચન-મનન એજ એકજ અમોઘ ઉપાય છે.

લિ૦ ચંદ્રસા૦

૨૦૬૨

Regd. No. B. 304

# શ્રી સિદ્ધચક્ર

!!! વં.........દ.........ન.........હો !!!

## શ્રી સિદ્ધચક્રને

अर्हन्तः प्रातिहार्यैः सुरनरनिकरैरर्चनीयाः शिवाढ्याः,
सिद्धाः निष्कर्मकिट्टा जनिमृतिरहिताः सर्ववेदिप्रगल्भाः ।
आचार्या धर्मधुर्याः श्रुतगणपटवो वाचकाः सन्मुनीशाः;
मोक्षाध्वालंबनाः श्रद्धतिमतिश्चरणैः सत्तपोभिः पुनन्तु ॥१॥

जिनेशितुश्चक्रभृतो वासुदेवस्य वा यथा ।
चक्रं तथेदं श्रीसिद्धचक्रं शासनकार्यकृत् ॥२॥

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, મુંબઈ.

વર્ષ ૧૦ અંક ૨.

ગોપીપુરા બાવાસીદી સુરત

વિક્રમસં. ૧૯૯૯ વીરસં. ૨૪૬૯, લવાજમ રૂ. ૨-૦-૦

શ્રાવણ પૂર્ણિમા તા. ૧૫-૮-૪૩ રવિવાર.

# શાસનપ્રેમી-ભાઇઓને સવેળાની ચેતવણી.

શાસનપ્રેમી વર્ગ એ વાત તો ચોક્કસ જાણે છે કે શ્રી તપાગચ્છમાં આ સમાચારી કેઈ સદીઓથી ચાલી આવે છે કે "લૌકિક પંચાગમાં જ્યારે જ્યારે પર્વતીથિની હાનિ કે વૃદ્ધિ હોય ત્યારે ત્યારે તેનાથી પૂર્વ કે પૂર્વતર અપર્વ તિથિની હાનિ-વૃદ્ધિ કરવામાં આવે છે, જેમકે-અષ્ટમી વિગેરેની ક્ષય કે વૃદ્ધિ હોય ત્યારે સપ્તમી વિગેરેની ક્ષય-વૃદ્ધિ કરવામાં આવે છે, ને પૂર્ણિમા કે અમાવાસ્યા જેવાની ક્ષય વૃદ્ધિ હોય ત્યારે તેરસ જેવાની ક્ષય-વૃદ્ધિ કરવામાં આવે છે."

આ સમાચારી શાસ્ત્ર અને પરંપરા બન્નેથી શુદ્ધ છે અને તેને માટેના અનેક પુરાવાઓ શાસ્ત્રોમાં છે, ને જે આજ સુધીમાં પણ ઘણી વાર જાહેર થયા છે. તેમજ જૈનસમાજ આ આચાર સેંકડો વર્ષોથી આચરે છે, છતાં નવો વર્ગ તે શાસ્ત્ર અને પરંપરા બન્નેને ઉઠાવનાર થઇ પર્વતીથિઓની હાનિ અને વૃદ્ધિ કહેવા-માનવા લાગ્યો છે.

આ બાબતના નિર્ણયને માટે શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ પુનાના × × × તટસ્થ તરીકે ગોઠવ્યા હતા, પરંતુ તાર-ટપાલ, પેપર અને તે પક્ષના નેતાઓના કથનથી તે × × × નું તટસ્થપણું સર્વથા તુટી ગયું છે, એમ નક્કી જણાયાથી શેઠ કસ્તુરભાઇ લાલભાઇ ઉપર તે ચુકાદાને ખુલાસા અને ટીકા વગર નહિ માનવાને માટે પહેલેથી જણાવી દેવામાં આવ્યું છે; છતાં કદાચ કોઇપણ તરફથી તે × × × નું લખાણ બહાર પડે તો તે શાસનપ્રેમીઓને કોઈપણ પ્રકારે માનવા લાયક નથી એમ તમોને અનુસરનારા ગણીને જણાવવું જરૂરી ગણું છું.

આમ છતાં તે વિષયના મુદ્દા સમર્થન અને ઉત્તરો કોઇપણ સારા બીજા ચાર વિદ્વાનો પાસે મુકી શેઠ કસ્તુરભાઇ લાલભાઇ અમારા લખાણ ઉપરથી કે જરૂર જણાય તો અન્ય મૌખિક ચર્ચા પછી એક્કી બેઠકે નિર્ણય લાવી આપે તો તે કબુલ કરવા લાયક ગણાય.

**તા. ક:**—પર્વારાધનનો વિષય આખા શાસન સાથે સંબંધવાળો હોવાથી તેનો નિર્ણય અયોગ્ય રીતે લાવે તે શાસનમર્યાદાની અપેક્ષાએ ભયંકર હોવાથી આ જાહેર કરવાની જરૂર જણાયેલ છે.

**આનંદસાગરના ધર્મલાભ વાંચવા.**

કપડવંજ, અષાડ સુદ ૩ તા. ૫-૭-૪૩

ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા૦ પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રીસિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ બાવાસીડી, ગોપીપુરા સુરતમાંથી પ્રગટ કર્યું.

# શ્રી સિદ્ધચક્ર.

તંત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી

વર્ષ ૧૦ ] શ્રાવણ પૂર્ણિમા [ અંક ૨


# આગમોદ્ધારકની અમોઘ દેશના.

( દેશનાકાર પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રીઆનંદસાગરસૂરીશ્વર )

## અમોઘફલદાયિ-શ્રીઅરિહંતપદ.

નોંધ—ચાલુ વર્ષના ચૈત્ર માસની શાશ્વતી ઓળી પ્રસંગે ધી જયંત મેટલ વર્કસના માલીક શેઠ ચીમનલાલ ડાહ્યાભાઇએ હજારોના ખર્ચે શ્રીનવપદજીની સામુદાયિક આરાધના પ્રસંગે પૂ. સાધુ, પૂ. સાધ્વી અને શ્રાવક શ્રાવિકાનો ચતુર્વિધ સંઘ એકત્રિત થયો હતો. તે અવસરે કપડવંજ મુકામે મંડપમાં શ્રોતાઓની ભરચક મેદની વચ્ચે દીધેલ દેશનાનું ક્રમસર અવતરણ; સંચયકાર-મુનિ શ્રીહેમસાગરજી. —તંત્રી

**तत्थ अरिहंतेऽट्ठारसदोसविमुक्के विसुद्धनाणमए।**
**पयडियतत्ते नयसुरराएराए झाएह निच्चंपि ॥१॥**

### સર્વદેશીય અમોઘ આરાધના.

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ રત્નશેખરસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતાં શ્રી શ્રીપાલચરિત્રમાં જણાવી ગયા કે—

પ્રભુ સંમિત વાકયોથી પ્રતિબોધ પામનારની અપેક્ષાએ કોઇપણ આસ્તિકમતવાળો ત્રણતત્ત્વ માનનાર હોય છે. દેવગુરુધર્મ આ ત્રણને દરેક આસ્તિક માનનાર હોયજ છે. એવી રીતે જૈની કહેવડાવનારો-જૈન ધર્મમાં દાખલ થયેલો, જૈન કુલાચારમાં વર્તવાવાળો દેવાદિ ત્રણની માન્યતા ધરાવેજ છે. પરંતુ ફરક કયાં છે, દરેક આસ્તિક દેવાદિ ત્રણને માને અને તેથી દેવાદિ ત્રણને માને તેનો ફરક ઓળીમાં નીકળે છે. ઓળી સિવાયના દિવાળી, જ્ઞાનપંચમી, પોષદશમી, વિગેરે તહેવારો પર્વો છે, પરંતુ તે પર્વો એકાંગી છે. દીવાળીનું પર્વ ભગવાન્ મહાવીર મહારાજાને ઉદ્દેશીને, કે જે દેવતત્ત્વ તેમાં પણ આ ચોવીશીના છેલ્લા તીર્થંકરના પાંચ કલ્યાણકો, તેમાં પણ તેઓશ્રીનું નિર્વાણકલ્યાણક.

દિવાળીનું પર્વ મોટું છે કેટલીક વખત સાડાત્રણ મણ શરીરના નાના અંગમાં-કાળજા ઉપર મોટો આધાર રાખે છે. કેટલાક અંગો આખા આધાર તરીકે હોય પણ અત્યારે વિચાર શા ઉપર કરીયે છીયે ! આરાધ્યનો એક ભાગ કે જે ત્રણ આરાધ્ય તત્ત્વો પૈકી અનંતા તીર્થંકરો આરાધ્ય તેમાં ૨૪ તીર્થંકરો અને તેમાં પણ છેલ્લા તીર્થંકરના પાંચ કલ્યાણક અને તેમાં પણ છેલ્લું કલ્યાણક.

જ્ઞાનપંચમી આરાધવા લાયક આત્માના ગુણની અપેક્ષાએ જ્ઞાન મુખ્ય તત્ત્વ, અનંતા ગુણમાંથી જ્ઞાન એક ગુણ અને એ જ્ઞાનગુણમાં કદી આગળ વધી જોઈએ તો મુખ્યતાએ શ્રુતજ્ઞાન ગુણ-'શ્રુતપંચમી આરાધવી' એક ભાગના એક ભાગનો એક ભાગ, તેવી રીતે બારે મહિનાના પર્વો, તહેવારો સંબંધી આરાધનના બધા પ્રકારો એક ભાગ માટે પ્રવર્તેલા છે.

કાળજું એક ભાગના એકભાગનો એકભાગ છે. તેથી બાકીના બધા તહેવારો એકદેશીય છે. આ છ મહીનાની ઓળી **સર્વદેશીય** છે. અરિહંતાદિક નવપદ લીધા તે પછી આરાધ્ય બાકી શું રહ્યું! આખા જૈનશાસનને અંગે નવ શિવાયની કોઈપણ આરાધ્ય ચીજ નથી. નવની અંદર તમામ આરાધના આવી જશે.

આ બે ઓળીનાં પર્વો સર્વાંગી, જૈનતત્ત્વની જડ એટલા માટે કે બાકી પર્વોમાં તીર્થંકર મહારાજાઓનું આરાધન થાય આ ઓળીના બે પર્વો સર્વ આરાધ્યોને લેવાવાળાં છે. એમાં એક પણ આરાધ્ય બાકી રહી જતું નથી ત્યાં એ ન્યાયથી ચાલવું પડતું નથી કે—

**एगंमि पूइआ सव्वे ते पूइआ हुंति, एगंमि हिलिया सव्वे ते हिलिया हुंति.**

તમે રીખવદેવની પૂજા કરો બાકીનાની ન કરો તો બાકીનાની અવજ્ઞા થઈ કે નહીં! તેના પૂજક તમે નહીંને! નહીં **एगंमि॰** ઋષભદેવ કે મહાવીરની પૂજા કરો તે રીખદેવ તરીકે મહાવીર તરીકે નહીં પણ જિનેશ્વર ભગવાન્ તરીકે ગમે તે તીર્થંકરની પૂજા કરો પણ તે જિનેશ્વર દેવનીજ પૂજા છે જિનેશ્વર તરીકે પૂજા છે. ભગવાન્ ઋષભદેવની પૂજા તીર્થંકર તરીકે કરાય છે એક માણસને કપાળે તિલક કરીએ આખા શરીરે કંકુ નથી લગાવતા એકદેશ તિલક કરી સત્કાર કર્યો તેથી આખા માણસનો સત્કાર કર્યો ગણાય તેમ ભગવાન્ મહાવીર, પાર્શ્વનાથજી કે રિખવદેવજી કોણ? સર્વ જિનેશ્વર ભગવંતોનું આ એક અંગ સર્વ જીનેશ્વરો પૂજ્ય છે તેમાંનું આ એક અંગ છે ભગવાન્ ઋષભદેવ આદિ જિનેશ્વરનો આખો સમુદાય તેનું અંગ રાજાના પગની પૂજા કરીયે તેથી રાજાને પૂજ્યો ગણાય તેમ અહિં ઋષભદેવજી એકની પૂજા કરીયે પણ કઈ બુદ્ધિથી અનંતા તીર્થંકરમાં રહેલા એક તેની પૂજા— **एगंमि पूईयंमि सव्वे ते पूइआ हुंति॰** એ વચનથી સાર્થકતા થઈ ગણાય.

પાડોશમાં દેરાસર છે. તેમાં પબાસણ જીર્ણ થયું હોય, શ્રીમહાવીર મહારાજાનું દેરૂં છે, અને છતમાં ચામાચીડીયાં મુતરે છે; તેમાં કોઈ ખરચવા માંગે છે તો તેને ભરમાવીને આદીશ્વરજીને દેરાસરે ચાંદીનાં બારણાં હોય ત્યાં સોનાનાં કરવા માગે છે. બીજા ગામોનાં દેરાં જૈનીઓ સુધરાવે છે. પ્રભુ મહાવીરને દેરે આશાતના ટાળવા તૈયાર થાય તેને ખસેડે ને ચાંદીનાં બારણાં હોય તેને સોનાના કરવા માગે તો શું થયું? મારા આદીશ્વર ને તારા મહાવીર તો એકપણ વ્યક્તિ તીર્થંકરની હીલના થઈ તો અનંતાની હીલના થઈ ગણાય. તેથી 'દેવદ્રવ્ય' શબ્દ રાખ્યો.

'રીખવદ્રવ્ય' 'મહાવીરદ્રવ્ય' તેવો શબ્દ નથી રાખ્યો. શ્રીરીખવદેવજી શ્રીપાર્શ્વનાથજી આદિ એકની વિરાધનામાં સર્વની વિરાધના.

### એકની વિરાધનામાં સર્વની વિરાધના.

ગોશાળો ફક્ત મહાવીરને માનતો ન હતો, પણ ૨૩ તીર્થંકરને માનતો હતો! તેને ૨૩ ને માન્યાનો લાભ કે એકને ન માન્યાનો ગેરલાભ! સ્થૂલદૃષ્ટિ લઇએ તો અનંતાનો લાભ એકનું નુકશાન તેમાં શી અડચણ પણ શાસ્ત્રકાર કહે છે કે-એકની અવજ્ઞા તે સર્વને માન્યા તો પણ સર્વની અવજ્ઞા છે. જે એકને માનીએ, એકને હીલીયે તે અનંતાનું અંગ છે. એક અંગની માન્યતા કરવાથી અનંતાની માન્યતા થઇ જાય અનંતાની હીલના પણ એકની હીલનાથી થાય આ વસ્તુ કયારે ખ્યાલમાં આવે ? ઓળીની આરાધના કરવાથી ખ્યાલમાં આવે. નવપદની આરાધનામાં દેવતત્ત્વ આરાધીયે છીયે તે જૈનપણાને નક્કી કરનારી આરાધના છે. બધા અરિહંત અને સિદ્ધ પરમાત્મા જેટલા છે તે બધા મારા દેવ, અરિહંત સિદ્ધ પરમાત્મા શિવાય જગત્માં કોઈ દેવ નથી. આ માન્યતા તેજ જૈનત્વ. મહાવીર કે રીખવદેવ એકલા ઉપર નહીં. અરિહંત સિદ્ધ માત્ર ઉપર જૈનનું દેવત્વ. જગત્ના અન્ય સર્વ મતો નામ ઉપર નિર્ભર-વૈષ્ણવમાં વિષ્ણુ, અને શૈવમત શિવ ઉપર નિર્ભર, ક્રીશ્ચીયન ઈસુપર, મુસ્લીમ પેગંબર પર નિર્ભર છે. વિષ્ણુ શિવ આદિ વ્યક્તિ છે, અહિં અરિહંત નામની વર્તમાન કે ભૂત ભાવીની ચોવીશીમાં તે નામની વ્યક્તિ નથી. વ્યક્તિનું આ શાસન નથી. દેવતાના છોકરા અંગારા પાકે દેવતાપણું ઓલાઈ જાય એટલે કોલસા થાય તેમ મગનીરામજીનું સમક્તિ ભલે ચાલે, પણ મહાવીર કે રીખવદેવનું સમક્તિ નથી ચાલ્યું; પણ "જિણપન્નતં તત્તં" જિનેશ્વર ભગવાને કહેલું તત્ત્વ પણ 'વીરપન્નત્તં' 'ઋષભપન્નત્તં' તત્તં નહીં. ઋષભદેવે કહેલું તત્ત્વ તે સમકિત પણ નહીં પણ જિનેશ્વરોએ કહેલું પછી જિનેશ્વર ઋષભદેવ, અજિતનાથ ગમે તે હો પણ જોઈએ જિનેશ્વર.

ભગવાન્ મહાવીરને નહોતું આવડતું કે 'વીરપન્નત્તં તત્તં' કહે, જૈનશાસનમાં વીર, પાર્શ્વ કે ઋષભપન્નત્તં તત્તં નથી ચાલ્યું વ્યક્તિથી નહીં પણ જિનેશ્વર મહારાજનું શાસન ત્યારે અહિં ઋષભદેવથી માંડી મહાવીર સુધીના પૂર્વના કે ભવિષ્યના બધા તીર્થંકરોને માનીએ છીયે પણ તીર્થંકરોના એક ભાગ તરીકે. કયારે આ સમજણ હોય નમો અરિહંતાણં ગણનારો હોય અને ઓળીમાં આમ આરાધનારો હોય તોજ આ વસ્તુ સમજી શકે.

### જાતિવાચક-આરાધના

અહિં આગળ આ જિન શબ્દ શું જણાવે છે. જાતિવાચક, ગુણવાચક, ક્રિયાવાચક શબ્દો છે. અર્હત્વ જે જે કાળે જે જે ક્ષેત્રે જે જે અવસ્થાએ છે બધા કાળ ક્ષેત્ર અવસ્થાનું અરિહંતપણું તેને લઇને પહેલાપદની આરાધના છે આ ઉપરથી બીજાને કલ્પના કરવી પડે છે તેમ આપણે કલ્પના કરવી પડતી નથી. દ્રવ્ય ગુણપર્યાયનું જ્ઞાન સ્વતઃ નથી. સ્વસ્વરૂપે સ્વતઃ પરસ્વરૂપે પરતઃ હોય ભવ્ય

નામની વ્યક્તિ લઇને ભવત્વ જાતિ કરવી પડી. ભતત્વ જાતિવાળો મહાદેવ અહીં સ્વતંત્ર અર્હત્વ નામ કર્મને લીધે થયેલો પ્રભાવ વિશેષ તેથી કરીને બીજાઓને અનેક વ્યક્તિ કરીને સામાન્ય કરવો પડે છે તો પછી ૧૦ દેવદત્ત છે તો દેવદત્તત્વ જાતિ કરશોને ! અનેક વ્યક્તિમાં રહે તે પણ સામાન્ય. અર્હદ્ નામકર્મના ઉદયને લીધે જે જે અનંતકાળે પંદરે કર્મભૂમિમાં અરિહંતો થયા છે. તે બધા અરિહંતો પ્રથમ પદમાં આરાધાય છે. નથી એકલા રીખવદેવની કે મહાવીરની આરાધના, પણ સર્વ કાળ ક્ષેત્ર અવસ્થાવાળા તમામ અરિહંતોની આ પ્રથમ પદમાં આરાધના છે.

તમે ગુણના પૂજારી છો કે બીજા કશાના ! જો ગુણના હો તો સંપૂર્ણ ગુણવાળા પરમાત્મા તેને પ્રથમપદે રાખવા જોઈએ. અરિહંત પરમાત્મા અર્ધા ગુણવાળા. આઠેય કર્મ ક્ષય પામે ત્યારે સિદ્ધપણું, અને ચાર ક્ષય પામે ત્યારે અરિહંતપણું. ઘાયલ સિપાઈનો બમણો પગાર કયાંથી ! વાત ખરી, અરિહંત અર્ધાગુણવાળા સિદ્ધ સંપૂર્ણ ગુણવાળા એમ માની લઇએ પરંતુ એક વાત ધ્યાનમાં લઇશ ! સિદ્ધ કયાં માનવ છે અરિહંત મહારાજને તે કાળે દેખીને માનીએ સિદ્ધને તો કદી દેખવાના નથીને ! અરિહંત ભગવાનના આધારેજ માનવાના. હીરો લાખનો પણ હીરાને દેખાડનાર આંખ તેની કેટલી કિંમત ! હીરાને પારખનારો હીરા કરતાં આંખની કિંમત ઓછી ન ગણે સિદ્ધ સર્વગુણવાળા પણ તેમને દેખાડનાર કોણ ! સિદ્ધ છે એવું દેખ્યું કોણે ! તો તો અમે મહાવીર મહારાજને પણ દેખ્યા નથી મહાવીર મહારાજને ઓળખાવ્યા ગુરુમહારાજે તો પહેલા ગુરુમહારાજને નમસ્કાર કરવોને ! આચાર્યાદિકને પ્રથમ માનવાને !

**જોખમદારી અને જવાબદારીની યથાર્થતા.**

માલીકના નામે જમે થાય તેમ આચાર્યાદિક જે ધર્મનું નિરૂપણ કરે તે જિનેશ્વર મહારાજના નામેજ નિરૂપણ કરે છે, માટે ધર્મને અંગે જોખમદારી કે જવાબદારી ગુણદોષનું સ્થાન એ તીર્થંકર મહારાજાજ રહે છે.

પોતાની જવાબદારી એ સિદ્ધનું સ્વરૂપ બતાવે છે. માટે પ્રથમપદે આવી શકે છે. અરિહંતમાંથી સિદ્ધપણું કે સિદ્ધમાંથી અરિહંતપણું તે વિચારો. સર્વમતો અવતાર અને ઇશ્વર બે ચીજ માને છે. ચાહે જૈન, શૈવ, વૈષ્ણવ હોય. અવતાર અને ઈશ્વર બંને દરેક માને છે પણ જૈન અને જૈનેતરમાં ફરક કયો ! બીજાઓ ઇશ્વરમાંથી અવતાર માને છે. જૈનો અવતારમાંથી ઈશ્વર માને છે. મહાવીર મહારાજા અવતર્યા પછીજ નિરંજન નિરાકાર થયા. અવતારમાંથી ઇશ્વર થયા. બીજાઓ નિરંજન નિરાકાર જ્યોતિ સ્વરૂપમાંથી અવતાર લીધો. ઈશ્વરમાંથી અવતાર ઉભો કર્યો જૈનોએ અવતારમાંથી ઈશ્વર થવાનું માન્યું. મલીનમાંથી નિર્મલ થવું તે કાર્ય પણ આ તો નિર્મલમાંથી મલીન થવું.

**દેવતત્વની પારમાર્થિક વ્યવસ્થા.**

અરિહંતો સિદ્ધદશાને પામી શકે પણ સિદ્ધો અરિહંત દશાને ન પામે. સિદ્ધ દશાને પામેલા

અરિહંત દશાને ન પામે, માટે પાંચ પરમેષ્ઠિમાં અરિહંતને અગ્રસ્થાન આપ્યું. બે પ્રકારના દેવ એક ભવસ્થ અને એક સિદ્ધસ્થ શરીરધારી અને શરીર વગરના દેવ.

જીભમાં હાડકું નથી કે ધક્કો લાગે ને લોહી નીકળે. યુક્તિથી વિચારો વિચારવાથી મગજમાં ધક્કા લાગશે નિરંજન નિરાકાર એકલાજ દેવ માનીએ તો શાસ્ત્રો વગર ધર્મ નથી પુણ્ય, પાપ, શરીર, મુખ ન હોય તો ઉપદેશ શી રીતે આપે!

ધર્મ માનનારને બે પ્રકારના દેવ માનવાજ પડે એક સિદ્ધ દશા અને એક સાધકદશા-તેજ અરિહંતપણું હવે અરિહંત દેવ માનવા. જૈન બચ્ચું પણ જિનેશ્વરને કુલાચારે દેવ માનશે. સુદેવને માને છે તેવીજ રીતે સંન્યાસીને દેખે તો મારા ગુરુ નહીં. પૌષધ, સામાયિક, દયા અમારો ધર્મ તેમ જૈન બચ્ચું કહેશે. સુદેવને સુગુરુને, સુધર્મ સુદેવાદિપણે માને છે. છતાં સમકિત નથી. કુદેવાદિને માનતો નથી. આ દેવાદિ હમારા કુળના નથી. તે દેવના સ્વરૂપને સમજીને કે કુદેવના સ્વરૂપને સમજીને માનતો નથી.

એવી રીતે નમો અરિહંતાણું કહી પહેલે પદે આરાધના કરીયે મુખ્યપદે એ છે એમ માનીએ છતાં અરિહંતમાં અરિહંતપણું રહેલું છે માટે દેવ તરીકે માનીએ છીયે તેમ તે કહેતો નથી.

ઝવેરીનો છોકરો સાચા હીરાને હીરો કહેશે તેથી ઝવેરી નહીં કહેવાય. ઝવેરીનો બેટો કહેવાશે. હીરાને સ્વરૂપ, ગુણ, જાતને જાણીને હીરો કહેતો નથી. કાચને હીરો નથી કહેતો હીરાનેજ હીરો કહે છે. ઝવેરીનો છોકરો સાચા મોતીને મોતીનો હાર કહે છે, છતાં પણ કિંમત, સ્વરૂપ જાણીને નહીં તેમ કુળાચારે અરિહંતાદિકને દેવાદિક ગણે છે. પણ સ્વરૂપ લક્ષણ જાણીને દેવાદિ માને તોજ તે ને સમ્યક્ત્વ કહી શકાય વીતરાગ સ્તોત્રમાં વિજાતીયથી જુદા પાડવાદ્વારાએ અરિહંતને ઓળખવા માટે કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ હેમચંદ્ર સૂરીશ્વરજી જણાવે છે કે—

**क्रोधलोभभयाक्रान्तः, जगदस्माद्विलक्षणः ।**
**न गोचरो मृदुधियां वीतरागः कथञ्चन ॥१०॥**
વીતરાગ સ્તોત્ર પ્રકાશ ૧૮ શ્લો૦ ૧૦.

જગતથી તમે જુદા તેજ તમારૂં લક્ષણ.

જગત્ લોભના દરિયામાં વહેલું છે. તમે લોભાદિકમાં તણાતા નથી તેજ તમારૂં લક્ષણ. નિવૃત્તિ વ્યાવૃત્તિદ્વારા લક્ષણ. અનંતા અરિહંતોને મળવા દ્વારા એક લક્ષણ. નવપદની ઓળી તમે જાણો છો. અરિહંતના બાર ગુણો તમો જાણો છો. બાર ગુણમાંથી આઠગુણો બહારના દેવતાના કરેલા છે આઠ પ્રતિહાર્યો અરિહંતના ગુણો, અને આત્માના ચાર ગુણો. ૮ દેવતાના કરેલા તેથીજ મૂળ ચાર અતિશય. પહેલો અતિશય લીધો છે તે જગત્થી જુદાપણાનો અપાયાપગમ.

ઘાતિકર્મના દુખમાં જગત્ રીબાઇ રહ્યું છે. તે દુઃખથી સર્વથા દૂર થયેલા હોય. બંધ, ઉદય, ઉદીરણા, સત્તાથી પણ ઘાતિકર્મ ન હોય તે અપાયાપગમ પહેલો અતિશય લઈને અહિં પણ શ્રીરત્નશેખરસૂરિ—**तत्थ अरिहंते**—

૧૮ દોષે રહિત વિશુદ્ધનાણમયે કેવલજ્ઞાનમયજ છે જૈનદર્શન શિવાયના તમામ દર્શનો એ પોકાર કરે છે કે-આત્મામાં જ્ઞાન એ ભાડુતી છે.

**નૈયાયિક નિતિનું નિરસન**

જ્ઞાનાધિકરણું આત્મા. જ્ઞાનનો આધાર આત્મા. દાગીનો ડાભડામાં મેલો ડાભડાની કિંમત દાગીનાને લીધે બને જુદી વસ્તુ.

બીજાઓને આત્મા ભાડુતી જ્ઞાન રહે તેવો માનવો છે, જ્યારે જ્ઞાનમય આત્મા માનનાર માત્ર જૈનદર્શન.

નગ્ન સત્ય એટલે હમે નાગા છીએ અને બોલીએ છીયે. હીત કરનાર સત્ય તે નગ્નસત્ય તેમ અહિં બોલવું તે સત્ય બોલવું પણ સાચું એટલું બોલવુંજ એ ફરજ નથી.

નહીંતર પાપીમાં પાપી કેવલી મહારાજાને કહેવા પડશે કારણકે ધર્મ, અધર્મ, કુકર્મ બધું જાણે તો જે આવે તેને બધું બોલી બતાવવું પડે ને! ઘણા કુકર્મી હોય તો તેને સાચું કહી દેવું ને!

બોલવું તે સાચું બોલવું હીતકારી હોય તેટલું બોલે એમાં તો એ કેવલજ્ઞાનવાળા થયા એમાં હમારૂં શું વળ્યું!

એક કણીયો કેવલજ્ઞાનમાંથી હમને આપતા નથી. જે મેળવ્યું છે તે બીજાને ન આપે તેવાની સેવા શા કામની! સેવાથી મળે તો સેવા કરવી કથંચિત્ માની લઈએ પણ **'પયડીયતત્તે'** સર્વ દર્શનકારોને જૈન વચ્ચે વધારે ફરક નથી. 'ત' અને 'ન'નોજ ફરક છે જૈન દર્શનકાર બતાવનાર તરીકે-સદ્ગતિ દુર્ગતિનો, મોક્ષ-સંસારનો, પુણ્ય-પાપનો રસ્તો બતાવે છે, તે તરીકે જૈનો દેવ માને છે; બીજાઓ બનાવનાર તરીકે દેવ માને છે. **'પયડીયતત્તે'** તત્વ બતાવીને પ્રગટ કર્યા છે. પહેલાં અધર્મ થતો ન હતો તેમ નહીં પાપનું લાગવું વિગેરે સર્વકાળ ચાલુજ હતું, માત્ર બતાવ્યું. જેઓએ જીવ, અજીવ, આદિ નવતત્વો ભવ્યોને બતાવ્યા છે.

મારી ઘોડીનું બહુ મૂલ. તેમ જગતમાં કેટલીક ભક્તોની કરેલી ભગવાનની કિંમત હોય છે, તેમ તમે જિનેશ્વરના ભક્તો છો તેથી તેમની કિંમત બતાવો છો એમ નહિં પણ જે વખતે તે પોતે હૈયાત હતા તે વખતે ઈંદ્રો, દેવતા, સેવા હાજર રહી કરતા હતા. ઘાતીકર્મરહિત, શુદ્ધ જ્ઞાનમય, સુર અસુરના ઈંદ્રોથી પૂજવા લાયક તેવાનું હમારે શું કરવું! હંમેશાં તમારા આત્માને તેની સાથે તન્મય કરી નાખો, એકરૂપ થઈ જાય તેવી રીતે પ્રથમપદમાં ધ્યાન કરવાનું છે.

આ સમજી અરિહંતપદની આરાધનામાં તત્પર થશે તે આભવ પરભવ ભવોભવ સુખી થશે. હવે સિદ્ધપદ સંબંધી અગ્રે વર્તમાન—

શ્રી ગૌતમસ્વામિને નમઃ ।
શ્રી સકલસમીહિતપૂરક શ્રીશંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ ।

## શાસનપ્રભાવક સૂરિપુરંદર શ્રીહરિભદ્રસૂરિવિરચિત–

# શ્રી પંચાશકજીસૂત્રનું વિશિષ્ટ વિવેચનપૂર્વક ભાષાંતર

( અનુવાદક—મુમુક્ષુ )

### પીઠિકા

શ્રીજિનેશ્વર ભગવંતના શાસનમાં ભવ્યાત્માઓના ઉપકારને માટે દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગ આ ચારે પ્રકારો શાસ્ત્રોમાં મોજુદ છે તેમાં વધારેમાં વધારે ઉપયોગી હોય તો ચરણકરણાનુયોગ છે છતાં જૈન જગતમાં એકજ પ્રકૃતિના મનુષ્યો નથી કે એકજ પ્રકાર ધર્મબોધ માટે હોઈ શકે! જ્યારે ભીન્ન ભીન્ન રૂચીવાલા જીવોને ઉપકાર થાય તે માટે ચાર પ્રકારના વચનોરૂપ શાસ્ત્રો રચાયાં છે છતાં હેતુ, યુક્તિ, આગમવચન કે દષ્ટાંતદ્વારાએ પણ જીવોને સન્માર્ગે ચઢાવવા એજ મહાપુરૂષોનું ધ્યેય હોય છે તેમાં મુખ્યતયા જીવો ચરણકરણાનુયોગદ્વારાએ વધારે લાભ મેલવી શકે છે અને બીજાને લાભ મેલવાવી શકે છે, એ હેતુ ધ્યાનમાં રાખી, પરમારાધ્ય શાસનશિરોમણી ૧૪૪૪ ગ્રંથના પ્રણેતા શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ ચરણકરણાનુયોગને સ્પષ્ટપણે સમજાવનાર આ પંચાશકજી સૂત્રની રચના કરી છે.

જો કે આ ગ્રંથમાં બહુલતાએ ૫૦-૫૦ શ્લોકો આવતા હોવાથી આ ગ્રંથનું નામ પંચાશકજી રાખ્યું છે અને કેટલાક પંચાશકમાં ઓછી ગાથાઓ છે તેમજ ઓગણીસ પંચાશક હાલ લબ્ધ છે એ ઉપરથી એમ સમજાય છે કે આ ગ્રંથ હજી પ્રાયે સંપૂર્ણ ઉપલબ્ધ થયો હોય એમ જણાતું નથી.

વિશેષમાં આ મહાપુરૂષની પૂર્વે થઈ ગયેલા વાચકવર્ય શ્રીમાન્ ઉમાસ્વાતિવાચકજી મહારાજ આદિ મહાપુરૂષોએ જગતના જીવોના ઉપકાર માટે કાંઈ ઓછો પ્રયત્ન કર્યો નથી પરંતુ તે મહાપુરૂષોના રચાયેલા ગ્રંથો પ્રૌઢ બુદ્ધિશાળી આત્માઓ સમજી શકે તેવા છે એટલે આધુનિક અલ્પબુદ્ધિવાળા જીવોને તો તે ગ્રંથો સમજવા કઠીન પડે તેવા છે જ્યારે આ મહાપુરૂષે આધુનિક અલ્પબુદ્ધિવાલા જીવોને ચરણકરણાનુયોગ સંબંધી ઐદંપર્ય સુધીનું જ્ઞાન સરલતાથી થાય એજ મુદ્દાથી આ ગ્રંથની રચના કરી છે જેમાં પ્રથમના દશ પંચાશક શ્રાવકધર્મની અને પાછલનાં નવ પંચાશક સાધુધર્મની પુષ્ટિ કરનારા છે.

વિશેષ આ ગ્રંથના પ્રથમ શ્લોકમાં પૂજ્યપાદ શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજા **'સાવયધમ્મસંખેવં'** એ પદ લખીને જણાવે છે કે મારા તેમજ બીજા મહાપુરૂષોના રચાયેલા ગ્રંથોમાં શ્રાવક-

ધર્મ અને સાધુધર્મને અંગે ઘણું લખાયું છે છતાં આ ગ્રંથનો મુદ્દો ઐદંપર્ય જણાવવાનો છે.

જો કે જે જીવો તત્ત્વજ્ઞાનથી પરાઙ્મુખ હશે તેવા આત્માઓને તો એમ થશે કે ઐદંપર્ય એટલે શું? પરંતુ તત્વજ્ઞ પુરૂષો તો જરૂર સમજશે કે શાસ્ત્રોમાં શબ્દાર્થ, (પદાર્થ) વાકયાર્થ, મહાવાકયાર્થ અને ઐદંપર્ય આ ચાર પ્રકારનાં વાકયોને સમજનાર આત્માજ તત્વજ્ઞ લેખાય છે.

જેને માટે મહાપુરૂષો જણાવે છે કે પદાર્થથી વાકયાર્થ જુદો હોય ત્યારે મહાવાકયર્થ તેજ વાકયાર્થ સંબંધી વિધિ અવિધિ બતલાવનાર હોય છે. જ્યારે ઐદંપર્યમાં શબ્દાર્થ (પદાર્થ) વાકયર્થ આદિ ભલે ન હોય પરંતુ વચનની તાત્પર્યશક્તિ એટલે રહસ્ય શું? તે હોય છે. દૃષ્ટાંત તરીકે શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજીમહારાજા ફરમાવે છે કે-

**हिंसिज्ज ण भूयाइं इत्थ पयत्थो पसिद्धगो चेव।**

આ કથન વડે પૃથિવ્યાદિ કોઈપણ પ્રાણીની મન, વચન, કાયાએ કરીને હિંસા ન કરવી તેને પદાર્થ કહે છે જ્યારે **तहाएसवक्कत्थो** એ વચન વડે વાકયાર્થ જણાવતાં જણાવે છે કે આરંભ સમારંભમાં પ્રમત્ત બનેલા એવા ગૃહસ્થો, અને નિદ્રા વિકથાદિ પ્રમાદ વડે પ્રમાદી બનેલા સર્વ સાવદ્યના ત્યાગી એવા યતિજનો તેમાં ગૃહસ્થોએ મંદિર બંધાવવું અને સાધુઓએ લોચ કરવો તે બંન્ને કાર્યમાં પરજીવોને પીડા સંભવે છે એટલે પદાર્થની કરેલી વ્યાખ્યાથી આ વ્યાખ્યા તૂટે છે અથવા તેવા તેવા અપવાદના આશ્રયે કરી પ્રવચન પીડાકારી દુષ્ટોને નિગ્રહ કરવામાં પર પીડા રહેલી છે જેથી પદાર્થની વ્યાખ્યા સંગત થતી નથી એટલે પૂર્વે નિષેધ કરાયેલી માનસિક, વાચિક, અને કાયિક દ્રવ્ય હિંસા કરવીજ એમ આવીને ઉભુ રહ્યું પણ તત્વથી વાકયાર્થમાં ભાવ અહિંસાજ રહેલી છે. હવે **अविहि करणम्मि** એ વચનવડે મહાવાકયાર્થને સમજાવતાં ફરમાવે છે કે-

ઉપર કહેલી વાકયાર્થના કથનમાં વિધિ અવિધિ સમજવી એટલે મંદિર બંધાવવામાં અને લોચાદિક કરવામાં વિધિપૂર્વક યત્ન કરવો તે મહાવાકયાર્થ, જેમકે મંદિર બંધાવવામાં અમુક પ્રકારની ભૂમિ હોવી જોઇએ, અમુક પ્રકારનું કાષ્ટદલ હોવું જોઇએ. તેમજ નોકરો સાથે ઠગાઈ ન કરવી એટલે સરલ ભાવ રાખવો વિગેરે કહેલી વિધિ તેમજ લોચને અંગે જિનકલ્પીઓએ દરરોજ સ્થવિરને બાર મહિને, તરૂણને ચાર મહિને, અને વૃદ્ધને છ મહીને લોચ કરાવવો વિગેરે વિધિને છોડીને અવિધિએ ન પ્રવર્તવું એ મહાવાકયાર્થ કહેવાય.

હવે **आणा धम्ममि सारोत्ति** એ વચન વડે વિધિપૂર્વક યત્ન કરતાં મોક્ષની પ્રાપ્તિ થશે એટલે જે તીર્થંકર દેવોની આજ્ઞા તેજ ધર્મનો સાર એટલે ઐદંપર્ય સમજવો.

આવી રીતે બીજુ દૃષ્ટાંત આપતાં ફરમાવે છે કે **'चइअगंथं'** પરિગ્રહનો ત્યાગ કરવો એટલે સચેતન-અચેતનશિષ્ય વસ્ત્રાદિ તેનો પરિગ્રહ ન રાખવો એ પદાર્થ પરંતુ વાકયર્થ તેનુંજ નામ કે શુદ્ધ સંયમધર સાધુ શરીર માત્રમાં પણ સાપેક્ષતાએ સ્પૃહાવાલા શિષ્ય, વસ્ત્ર, પાત્રનો સંગ્રહ કરે

પણ મિથ્યાત્વાદિ અભ્યંતર ગ્રંથ ૧૪ પ્રકારનો, ને બાહ્ય ગ્રંથ નવ પ્રકારનો ત્યાગ કરે એટલે જેનાથી આત્મા નરકાદિકનો અધિકારી થાય એવા અધિકરણ રૂપ ગ્રંથનો ત્યાગ કરે પણ ઉપકરણનો ત્યાગ ન કરે. **यतः एष वाक्यार्थो यथा न सर्वथा ग्रन्थत्यागः श्रेयान्**

આ પ્રમાણે વાકયાર્થ જણાવ્યા પછી મહાવાકયાર્થને જણાવતાં ફરમાવે છે કે ઉપકરણો રાખવાનાં તો કહ્યાં પણ તેની વિધિ સંબંધમાં જેમ જિનકલ્પીને બાર પ્રકારની, સ્થવિરકલ્પીને ચૌદ પ્રકારની અને સાધ્વીઓને પચીશ પ્રકારની ઔઘિક ઉપધિ હોય તે વિધિનું ઉલ્લંઘન એટલે અધિકરણ સ્વરૂપ વસ્ત્રાદિનું ગ્રહણ યોગ્ય નથી આ ઉપરથી અવિધિનો ત્યાગ અને વિધિ પૂર્વક ગ્રંથ (પરિગ્રહ)નું ગ્રહણ તેજ મહાવાકયાર્થ હવે **आणा तत्तं धम्मस्स इदं इदंपज्जं** કહીને આજ્ઞા એજ ધર્મનું તત્વ કે જેને ઐદંપર્ય કહેવાય છે જેમકે અધિકરણના ત્યાગથી એટલે અસંયમના ત્યાગથી અને સંયમની રક્ષા માટે રાખેલી ઉપધિથી કદાચ અસંયમ થઈ પણ જાય તોપણ બીજા ઘણાજ ગુણોની પ્રાપ્તિ હોવાથી ભાવથી અધિકરણ ત્યાગજ છે. એટલે આજ્ઞા એજ ધર્મનું તત્વ કે જેને ઐદંપર્ય કહેવાય છે આ પ્રમાણે આ મહાપુરૂષે આ પંચાશકજી સૂત્રમાં શ્રાવકધર્મ અને સાધુધર્મને અંગે ચરણકરણાનુયોગ સંબંધી શું રહસ્ય છે તે જણાવવા માટે પ્રયત્ન કરેલો છે.

એટલે સમજાશે કે શ્રદ્ધાલુ અને તત્વચિંતક આત્માઓ માટે આવા પ્રૌઢ ગ્રંથનું વિશિષ્ટ વિવેચન પૂર્વક ભાષાંતર થાય તે યોગ્યજ છે જો કે શ્રાવકધર્મ અને સાધુધર્મનું સામાન્ય જ્ઞાન કરાવનાર શ્રાદ્ધગુણ વિવરણ, શ્રાદ્ધદિનકૃત્ય, શ્રાદ્ધવિધિ, શ્રાદ્ધપ્રતિક્રમણ, ધર્મરત્ન પ્રકરણ, ધર્મબિન્દુ આદિ ગ્રંથોનું ભાષાંતર થયેલું છે પરંતુ આ ગ્રંથનું ભાષાંતર થયું હોય એમ ખ્યાલમાં નથી ને આવા પ્રૌઢગ્રંથનું તેવું ભાષાંતર કરવું તે મારા જેવા માટે એક ભગીરથ કાર્ય ગણાય છતાં પૂજ્યપાદ શ્રીગુરૂદેવની આજ્ઞા થયેલી હોવાથી તેમજ પરમારાધ્ય શ્રીદેવગુરૂના શુભ આશીર્વાદથી ફક્ત પ્રથમ શ્રાવક પંચાશકનું વિશિષ્ટ વિવેચનપૂર્વક ભાષાંતર કરવા હું યથાશક્તિ પ્રયત્નશીલ થયો છું પરંતુ વિદ્વાન્ પુરૂષોએ આ સંબંધમાં થયેલી ત્રૂટીઓ ક્ષંતવ્ય ગણી સુધારવા સૂચન કરવું કે જેથી ફરી સુધારો કરવા ઉપર લક્ષ આપી શકાય એજ સુજ્ઞેષુ કિં બહુના.

## પ્રથમ શ્રાવક પંચાશક વિવરણ—

જે મહાપુરૂષની વાણી દ્વારાએ (સરલ દૃષ્ટીવાલા) સમ્યગ્દૃષ્ટિ આત્માને સમસ્ત પદાર્થો યથાર્થરૂપે પ્રકાશમાન કરાવ્યા છે અને અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવામાં સૂર્યસમાન એવા ચરમ તીર્થપતિ શ્રી મહાવીર સ્વામિને નમસ્કાર કરીને ધર્મશાસ્ત્રોમાં શિરોમણી એવા પંચાશક નામના શાસ્ત્રનું ગીતાર્થ પુરૂષોના વચનને અનુસાર હું સંક્ષેપથી વિવરણ કરીશ.

ચાલુ પ્રસ્તાવને વિષે દેદીપ્યમાન સમસ્ત અતિશયોરૂપ, અદ્વિતીય પ્રકાશના સ્થાનભૂત, દુષમાકાલરૂપી ઘોર વાદલોના આવરણથી લોપાઇ ગયો છે પ્રભાવ જેનો, અને પૂર્વગતાદિ શ્રુતમાં રહેલા ઘણા ગ્રન્થોના નિષ્કર્ષ સ્વરૂપ તારાઓનો સમુદાય જ્યાં અત્યંત નહિવત જેવો છે, એવા સર્વજ્ઞ ભગવંતના કથન કરાયેલા આગમરૂપી આકાશને વિષે, અત્યંત તીક્ષ્ણ બુદ્ધિરૂપ લોચન વડે સુગૃહીતનામધેય તથા દ્વાદશાંગી સંબંધી કેટલાક અર્થરૂપ તારાઓથી શોભા

વિશેષને પામેલા અમુક પદાર્થને સ્પષ્ટતાપૂર્વક સિદ્ધ કરવામાં સમર્થ ને તે પણ આત્મધર્મને સમજાવનાર એવા પદાર્થોને વારંવાર બતલાવવાની ઇચ્છાવાલા અને પચાશ ગાથાના પ્રમાણવડે પંચાશક નામના ગ્રંથને રચવાની ઇચ્છાવાલા પૂજ્યપાદ શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજા તથા પ્રકારની પુરૂષાર્થ સિદ્ધિના અર્થીઓ છતાં સ્થૂલ બુદ્ધિવાલા અને જીજ્ઞાસાબુદ્ધિથી નમેલી છે ગરદનો જેમની એવા આ યુગના જન સમુહને શ્રાવકધર્મનો અભ્યાસ કરનાર યતિધર્મને યોગ્ય થાય છે એ ન્યાયને આધારે શ્રાવકધર્મનું સ્વરૂપ કથન કરતાં પ્રથમ મંગલ, સંબંધ, અભિધેય, પ્રયોજનને સૂચવનારી આ ગાથા જણાવે છે.

**नमिऊण वद्धमाणं सावगधम्मं समासओ वोच्छं,**
**सम्मत्ताई भावत्थ संगयं सुत्तणीईए ॥१॥**

શબ્દાર્થ=શ્રીવર્ધમાન સ્વામિને નમસ્કાર કરીને, ગણધર ભગવંતોએ રચેલાં સૂત્રોને અનુસરીને, ભાવાર્થથી સંગત એટલે ઐદંપર્યથી યુક્ત, સમ્યક્‌ત્વ આદિમાં છે જેને એવો શ્રાવકધર્મ હું સંક્ષેપથી કહીશ.

[ ચાલુ

## શ્રી સ્થંભન પાર્શ્વજીન-સ્તવન

( મીઠું મીઠું સાસરીયું સોહાય—એ રાગ )

શ્રી સ્થંભનજી પાર્શ્વ સોહાય,
સુજ્ઞાની જનને મળે;
પૂર્વ પુણ્યથી પ્રભુજી પમાય,
સુજ્ઞાની જનને મળે ॥ શ્રીસ્થંભનજી ॥૧॥

દેહ જોઇ પ્રભુજીની ઇન્દ્રો પણ ડોલે,
અમરો પણ ભક્તિથી ઉર્મિયો ખોલે,
સ્થંભનજી એવા સોહાય;
સુજ્ઞાની જનને મળે ॥ શ્રીસ્થંભનજી ॥૨॥

સ્વામીને જોઇ મારૂં ચિત્તડું ડોલે,
ક્ષણ ક્ષણમાં સ્થંભન પારસ બોલે,
દર્શનથી સુખ થાય;
સુજ્ઞાની જનને મળે ॥ શ્રીસ્થંભનજી ॥૩॥

અશ્વસેન વામાનાં કુળમાં એ શોભતા,
વિધુ જેમ જગતમાં આનંદ વરસાવતા,
ચંદ્રપ્રભ ગુણ ગાય;
સુજ્ઞાની જનને મળે ॥ શ્રીસ્થંભનજી ॥૪॥

# ચક્ષુરપ્રાપ્યકારિત્વમીમાંસા ।

લેખકઃ–સંઘવી છબીલદાસ કેશરીચંદ
શ્રીસ્યાદ્વાદ સંસ્કૃત પાઠશાળા
અધ્યાપક (ખંભાત)

( ગતાંકથી ચાલુ )

નૈયાયિક—દરેક નેત્ર રશ્મિવાળી છે નેત્ર હોવાથી બિલાડાના નેત્રની જેમ.

જૈન—તો ઉંટડીનાં પણ કટાક્ષવાળાં હોવાં જોઈએ નેત્ર હોવાથી તરૂણ રમણીના નેત્રની જેમ–કટાક્ષવાળાં દેખાતાં નથી માટે સાધર્મ્ય માત્રથી હેતુ થઈ શકે નહિ પણ જેના શિવાય જે ન હોઈ શકે તે તેનો હેતુ કહેવાય. જેમકે અગ્નિ શિવાય ધૂમ ન હોઈ શકે માટે ધૂમ અગ્નિનો હેતુ કહેવાય. તેવી રીતે રશ્મિ શિવાય નેત્ર ન હોય તો નેત્ર રશ્મિનો હેતુ થાય. પણ તેમ તો દેખાતું નથી. એવા પ્રકારના પ્રમાણનો અભાવ હોવાથી માટે રશ્મિસાધક તમારૂં અનુમાન ખોટું છે અને બિલાડાના નેત્રને વિષે પણ રશ્મિવત્વની સિદ્ધિ નથી એમ પહેલાં કહેલું છે. તેથી દૃષ્ટિનું રશ્મિવત્વ અસિદ્ધ હોવાથી રશ્મિઓ ફેલાઇને અર્થની સાથે સંબંધ કરે છે. એવું તમારૂં વચન ખોટું છે.

વળી ચક્ષુ પ્રાપ્ત અર્થનું જ્ઞાન કરાવે છે તે પણ અનુમાનથી બાધિત છે જેમકે–ચક્ષુ પ્રાપ્તાર્થનું જ્ઞાન કરાવતી નથી. અત્યંત નજીક અર્થની અપ્રકાશક હોવાથી. જે અત્યંત નજીક અર્થને અપ્રકાશક નથી તે પ્રાપ્તાર્થને ઓળખાવે છે જેમકે–ઘ્રાણ તેવી રીતે ચક્ષુ નહિ હોવાથી પ્રાપ્ત અર્થને જણાવતી નથી. આ હેતુ એટલે અત્યંત નજીક અર્થની અપ્રકાશક હોવાથી એ હેતુ અસિદ્ધ નથી આંખમાં લાગેલ અંજન આંખ જોઇ શકતી નથી માટે.

નૈયાયિક—અતિ નજીક અર્થ—

યોગ્ય છે, અયોગ્ય છે કે સામાન્ય છે !

અતિ નજીક અર્થ યોગ્ય છે એમ કહેશો તો અતિ નજીક એવી દરેક વસ્તુને આંખ જોતી હોવાથી અંજન અયોગ્ય થશે કારણકે–ફેલાતા એવા ચક્ષુના રશ્મિના સમુહની સન્મુખ દેશમાં જે રહેલું હોય છે તેજ ચક્ષુને યોગ્ય છે પણ અંજન યોગ્ય નથી કારણકે અંજન પાંપણના મૂળમાં લાગેલું હોવાથી ગોલકમાંથી નીકળતા અને મૂળમાં મૃણાલ સૂત્રના જેવા સૂક્ષ્મ રશ્મિ સમૂહની સન્મુખ નહિ હોવાથી.

જો અતિનજીક અર્થઅયોગ્ય છે એમ કહેશો તો વ્યભિચાર થશે કારણકે-રસનેન્દ્રિય વિગેરે ઇન્દ્રિયો આકાશના પરમાણુ વિગેરે અતિનજીક અયોગ્ય પદાર્થોની અપ્રકાશક છે તોપણ પ્રાપ્ત અર્થનું જ્ઞાન કરાવે છે એમ તમે માનો છો માટે.

અને અતિનજીક અર્થ સામાન્ય છે એમ માનશો તોપણ વ્યભિચારજ છે.

જૈન—તે બધું પ્રલાપ માત્ર છે કારણકે ખરેખર સૂક્ષ્મ રશ્મિની મરજી મુજબની જુઠી

કલ્પના વડે અંજન અયોગ્ય છે એમ તમે કહ્યું છે, તોપણ સકલ ગોલકવ્યાપિ તિમિર અને કમલાને વિષે શો જવાબ આપશો કારણકે તેઓ તેમાં વ્યાપક હોવાથી ચક્ષુના રશ્મિના સન્મુખ દેશમાં રહેલા છે. જેમ કાચની બરણીને વિષે રહેલા પ્રદીપનાં કિરણોની ચારે બાજુ કાચની બરણી રહેલી છે તેમ. માટે તિમિર અને કમલાને ચક્ષુએ પ્રકાશિત કરવા જોઈએ જેમકે-દીપક પોતાની ચારે બાજુ રહેલ કાચને પ્રકાશિત કરે છે તેમ.

વળી સ્પર્શેન્દ્રિય પ્રાપ્ત અર્થને પ્રકાશે છે અને અતિનજીક શરીરના અંદરના અવયવોનો સ્પર્શ કરતી નથી તોપણ અતિનજીક અર્થને પ્રકાશે છે એવા ચક્ષુના હેતુનો તેની સાથે વ્યભિચાર નહિ આવે કારણકે અભ્યંતર એવા શરીરના અવયવો સ્પર્શેન્દ્રિયનું કારણ હોવાથી તેના વિષય નથી માટે અને અકારણ જે જલ વિગેરે પદાર્થો છે તે પીવાય છે ત્યારે ઠંડો સ્પર્શ અંદર પણ અનુભવાય છે.

વળી વ્યવહિતના અપ્રકાશકત્વરૂપ તમારો હેતુ છે તે અસિદ્ધ છે. કારણકે-હીરા, કાચ, અબરખ, ચોકખું પાણી, સ્ફટિક વિગેરે પદાર્થોથી વ્યવહિત વસ્તુનું પણ જ્ઞાન થાય છે માટે જો ચક્ષુનાં કિરણો હીરા, કાચ, સ્વચ્છ પાણી વિગેરેને ભેદીને પદાર્થોનું જ્ઞાન કરે છે એમ કહેશો તો રૂના સમૂહથી વ્યવહિત જે વસ્તુ તેનું તો સારી રીતે જ્ઞાન થવું જોઇએ કારણ કે રૂનો સમૂહ સુખેથી ભેદી શકાય તેવો છે જેઓ એકદમ કઠિન ખૂબ તીક્ષ્ણ શસ્ત્રથી પણ અભેદ્ય જે હીરા સ્ફટિક વિગેરેને ભેદે છે તેઓ રૂના સમૂહને ભેદી શકવાને શક્તિમાન નથી એવું વચન કર્ણવાળો કોણ માણુસ કર્ણને વિષે ગ્રહણ પણ કરે.

**નૈયાયિક**—ઉદયનાચાર્ય-સ્ફટિકાદિથી વ્યવહિત વસ્તુનું જ્ઞાન છે તે યુક્તિસર છે. પણ રૂથી વ્યવહિતનું જ્ઞાન યુક્તિસર નથી કારણ કે સ્ફટિકાદિ સ્વચ્છ સ્વભાવવાળા છે, અને તેથી તેજની ગતિના પ્રતિબંધક થતા નથી માટે જેમકે-દીવાની પ્રભાના પ્રતિબંધક થઇ શકતા નથી તેવી રીતે.

**જૈન**—તે પણ ઠીક નથી. સ્વચ્છ સ્વભાવથી મૂર્ત દ્રવ્યની ગતિનો અપ્રતિબંધ બીજા મૂર્તદ્રવ્ય સાથે કયાંય પણ જોવાયો નથી પણ એકદમ ઢીલા અવયવવાળા મૂર્તદ્રવ્યની સાથે બીજા મૂર્ત દ્રવ્યની ગતિનો અપ્રતિબંધ દેખાય છે. જેમકે રૂમાંથી પાણી ચાલ્યું જાય છે પણ સ્ફટિકમાંથી જતું નથી તેની જેમ અહિં પણ રૂ વિગેરે નયનના રશ્મિની ગતિના અપ્રતિબંધક છે પણ સ્ફટિકાદિ નથી.

વળી તમો દીપકની પ્રભાના દૃષ્ટાંતથી સમજાવો છો તે પણ ઠીક નથી કારણકે—પ્રભા સ્ફટિક વિગેરેને ભેદીને ફેલાતી નથી પણ રશ્મિના સંયોગને પામીને સ્ફટિકનો પરમાણુપુંજ રશ્મિરૂપે પરિણત થયેલો ચારે બાજુ ફેલાય છે. અને આજ કારણથી પીળા લીલા વિગેરે કાચથી

આચ્છાદિત દીપકના રશ્મિઓ તેવા રંગના દેખાય છે.

**નૈયાયિક**—જેમ પારો લોઢાનું પાત્ર ભેદે છે પણ તુંબડી ભેદતો નથી. તેવી રીતે લોચનનાં કિરણો પણ સ્ફટિકાદિને ભેદે છે પણ રૂના સમૂહને ભેદતો નથી.

**જૈન**—તે ઠીક નથી, કારણ કે પહેલાં હતો તેજ આ સ્ફટિક છે એવો નિર્ણય હોવાથી અને સ્ફટિકમાં કોઈપણ વિનાશ વ્યવહાર નહિં હોવાથી.

**નૈયાયિક**—પૂર્વપૂર્વ સ્ફટિક વિગેરે નાશ પામે છે. અને નવા નવા સ્ફટિક એકદમ ઉત્પન્ન થાય છે પ્રદીપની જ્યોતની જેમ અને તેથી તે આ સ્ફટિક છે એવી ભ્રાન્તિ ઉત્પન્ન થાય છે.

**જૈન**—તો તમો વિનાશવાદી બૌદ્ધને કેવી રીતે પ્રતિકાર કરી શકશો!

**નૈયાયિક**—વિનાશવાદી બૌદ્ધોને પ્રત્યભિજ્ઞાન (તેજ આ વસ્તુ છે એવું જે માનવું) તે પ્રતિકાર કરશે.

**જૈન**—જો એમ કહેશો તો સ્ફટિક વિગેરેમાં પણ પ્રત્યભિજ્ઞા થાય છે. જો આત્મા વિગેરેમાં દૃઢ પ્રત્યભિજ્ઞા છે એમ કહેશો તો આત્મા વિગેરેમાં પ્રત્યભિજ્ઞાનું દૃઢપણું કેવી રીતે છે? કોઇપણ પ્રકારનો બાધ નથી માટે છે એમ કહેશો તો સ્ફટિક વિગેરેમાં પણ કોઈ બાધ નથી.

જો સ્ફટિકથી વ્યવહિત અર્થનું જ્ઞાન થાય છે માટે સ્ફટિક વિગેરેના નાશની સિદ્ધિ પ્રત્યભિજ્ઞામાં બાધરૂપ છે એમ કહેશો તો પરસ્પર દોષ આવશે. કેમકે–સ્ફટિકાદિના નાશની સિદ્ધિમાં વ્યવહિત પદાર્થનું જ્ઞાન કારણ છે અથવા વ્યવહિત પદાર્થના જ્ઞાનમાં સ્ફટિકાદિના નાશનું કારણ છે. એવો કંઇ નિશ્ચય થતો નથી માટે કોણ કોનું કારણ છે તે નિશ્ચય થઈ શકતો નથી. માટે પરસ્પર દોષ છે અને પરસ્પર દોષ હોવાથી પ્રત્યભિજ્ઞાના બાધમાં સ્ફટિક વિગેરેનો નાશ કારણ થઈ શકે.

વળી સ્ફટિક વિગેરેનો સર્વથા ઉત્પત્તિ અને વિનાશ સ્વીકાર કરશો તો ઉત્પત્તિ સમયે સ્ફટિક વિગેરે પદાર્થનું દર્શન થશે અને નાશ વખતે 'સ્ફટિકનું દર્શન થવું જોઈએ અને દર્શન નથી થતું એ પ્રમાણે તો કોઇથી જોવાતું નથી જો સ્ફટિક વિગેરેનો વિનાશ, પૂર્વોત્તરની શીઘ્ર ઉત્પત્તિથી તિરોહિત થઇ જવાથી દર્શન નથી થતું એમ કહેશો તો સ્ફટિક વિગેરેની ઉત્પત્તિ પણ પૂર્વોત્તરના શીઘ્ર વિનાશથી તિરોહિત થઇ જશે અને તેથી ઉત્પત્તિ વખતે પણ સ્ફટિક વિગેરેનું દર્શન નહિ થાય જો સ્ફટિક વિગેરેની પૂર્વ અને ઉત્તરની ઉત્પત્તિ ભાવરૂપ હોવાથી બળવાન છે માટે પોતાના વચ્ચે રહેલ વિનાશને તિરોહિત કરી નાખે છે પણ વિનાશ અભાવરૂપ હોવાથી બળવાન નથી માટે ઉત્પત્તિરૂપ ભાવ વસ્તુને તિરોહિત કરી શકતો નથી એમ કહેશો તો તે ઠીક નથી કારણકે ભાવસ્વભાવ અને અભાવસ્વભાવ સમાન બળવાળા છે, પણ જો ભાવ અને અભાવમાંથી કોઈપણ એક બલવાન્ હોય તો એકજ સમયે ભાવ અને

અભાવાત્મક વસ્તુના જ્ઞાનનો વિરોધ થાય. કેમકે વસ્તુનો ભાવજ કોઇ દિવસ જોવાતો નથી જો જોવાતો હોય તો પોતાના દ્રવ્યક્ષેત્રકાળ અને ભાવની અપેક્ષાની જેમ પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ વડે પણ ભાવની પ્રતિતિ થવી જોઇએ. અને અનાદિ અનંત વસ્તુ સર્વાત્મક તો દેખાતી નથી જેથી સ્ફટિક વિગેરેની ઉત્પત્તિ ભાવ સ્વભાવ હોવાથી બલવાન્ છે એવો તમારો સ્વીકાર સારો કહેવાય.

વળી વસ્તુનો અભાવજ દેખાતો નથી કારણકે પરરૂપાદિચારની જેમ સ્વરૂપાદિચારથી પણ અભાવનો પ્રસંગ આવવાથી અને સર્વથી વસ્તુનો અભાવ તો દેખાતો નથી જેથી વસ્તુનો અભાવજ છે તેવો અભ્યુપગમ શૂન્યવાદિ બૌદ્ધોનો સારો કહેવાય. વળી વસ્તુ ભાવાત્મકજ છે તેનું પ્રતિપાદન અમે આગળ કરીશું તેથી વસ્તુનો ભાવ અને અભાવ સમાન બળવાળો હોવાથી સ્ફટિકાદિને વિષે વારંવાર સર્વથા ઉત્પાદ અને વિનાશ વખતે દર્શન નહિજ થાય. વળી દીપકને વિષે સર્વથા ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે છતાં પણ તેમાં વિનાશ વખતે અદર્શન કેમ નથી થતું એમ તમારે ન કહેવું કારણકે-દીપકને વિષે સર્વથા ઉત્પત્તિ અને વિનાશ ઘટી શકતો નથી એમ અમે આગળ સિદ્ધ કરીશું.

વળી વ્યવહિતાપ્રકાશકત્વરૂપ તમારા હેતુમાં, જે પ્રાપ્તાર્થપરિચ્છેદક ન હોય તે વ્યવહિત અપ્રકાશક નહોય એવો નિશ્ચય થતો નથી કારણકે-અમારા મતમાં ચક્ષુ પ્રાપ્તાર્થપરિચ્છેદક નથી પણ તમારો વ્યવહિતાપ્રકાશકત્વરૂપ હેતુ છે, માટે વ્યતિરેક નિશ્ચય થતો નથી એટલે સંદિગ્ધ વ્યતિરેકિ તમારો હેતુ છે. અને તેથી ચક્ષુ પ્રાપ્તાર્થપરિચ્છેદક નથી પણ અપ્રાપ્તાર્થપરિચ્છેક છે એટલે અપ્રાપ્યકારિ છે.

**નૈયાયિક—કિરણાવલિકાર**-જે લોકોના મતમાં ચક્ષુ અપ્રાપ્ત અર્થને પ્રકાશે છે તેઓના મતમાં વ્યવહિત અપ્રાપ્ત અર્થ કે અવ્યવહિત અપ્રાપ્ત અર્થ એમ નિશ્ચય નહિ હોવાથી અવ્યવહિત અપ્રાપ્ત અર્થની જેમ વ્યવહિત અપ્રાપ્ત અર્થનું ગ્રહણ ચક્ષુ વડે થવું જોઇએ.

**જૈન**—તે પણ અસંગત છે. યોગ્યતાના વશથીજ ચક્ષુપ્રકાશક હોવાથી અને તમે પણ યોગ્યતા તો સ્વીકારોજ છો નહિ તો સ્ફટિકથી વ્યવહિતની જેમ મલવાળા પાણીથી વ્યવહિત વસ્તુનું જ્ઞાન કેમ ન થાય જો લોચનનાં કિરણો પાણીથી શાન્ત થવાથી ભેદીને અર્થની સાથે સંબંધ કરતાં નથી માટે પાણીથી વ્યવહિત વસ્તુનું જ્ઞાન થતું નથી એમ કહેશો તો સ્વચ્છ જળથી વ્યવહિત વસ્તુનું પણ જ્ઞાન ન થવું જોઇએ અથવા ભીંત વિગેરેનો રશ્મિઓવડે ભેદ કેમ થતો નથી કારણકે તે તેજના વિરોધી નથી જો વિરોધી કહેશો તો સ્ફટિક વિગેરે પણ વિરોધી થવા જોઇએ સ્ફટિક વિગેરે સ્વચ્છ હોવાથી તેના વિરોધી નથી એમ કહેશો તો સ્વચ્છતા નિમિત્તક ભેદનું આગળ અમે ખંડન કરેલ છે.

વળી ઘ્રાણ જેમ કમળના ગંધને સુંઘે છે તે પ્રમાણે પરમાણુના ગંધને પણ સુંઘવો જોઇએ જો યોગીઓની ઘ્રાણેન્દ્રિય પરમાણુના ગંધને સુંઘે છે પણ આપણી ઘ્રાણેન્દ્રિય સુંઘતી નથી. કારણકે-તેવા પ્રકારના અદૃષ્ટ વિશેષનો અભાવ હોવાથી. વળી મહત્ત્વ વિગેરેથી યુક્ત જે દ્રવ્ય તેના ગંધ વિગેરેને આપણી ઇન્દ્રિયો જાણે છે કારણકે તેવા પ્રકારના અદૃષ્ટ વિશેષનો સદ્ભાવ હોવાથી માટે સિદ્ધ થાય છે કે અદૃષ્ટના વિચિત્રપણાથી ઇન્દ્રિયોના જ્ઞાનના ભાવ અને અભાવનું વિચિત્રપણું છે એમ કહેશો તો વિચિત્રપણું અમો પણ માનીએ છીએ કારણકે-સ્યાદ્વાદીઓને પણ અપ્રાપ્યકારી ચક્ષુ કેટલાક અતિશય જ્ઞાનવાળા યોગીઓને આપણાથી અગોચર બહુ દૂર એવા પોતાના વિષયની પરિચ્છેદક છે તેવા પ્રકારનો ચક્ષુદર્શનાવરણનો ક્ષયોપશમ હોવાથી અને આપણને અનુભવ પ્રમાણે ચક્ષુ પદાર્થની પ્રકાશક છે તેવા પ્રકારના ચક્ષુદર્શનાવરણનો ક્ષયોપશમ હોવાથી માટે તમારા વડે અને અમારા વડે યોગ્યતા સ્વીકારવીજ પડશે અને વધારે સાક્ષી તો અમારો અનુભવ છે વળી અનુમાન તો હમણાંજ કહ્યું છે તે આ પ્રમાણે-'ચક્ષુ પ્રાપ્તાર્થ પરિચ્છેદક નથી, અતિનજીક અર્થને પ્રકાશતી નથી માટે'

**નૈયાયિક—કન્દલીકાર**—જો યોગ્યતાના અભાવથી વ્યવહિતને ગ્રહણ કરતી નથી એમ કહેશો તો ઇન્દ્રિયની યોગ્યતા, વિષયગ્રહણનું સમર્થપણું છેજ વ્યવહિત વસ્તુનુ જ્ઞાન નથી કરતી તે વખતે અવ્યવહિતને ગ્રહણ કરતી હોવાથી અને વિષયની પણ યોગ્યતા મહત્ત્વ, અનેક દ્રવ્યત્વ અને રૂપ વિગેરે છેજ સન્મુખપણું પણ છેજ.

**જૈન**—તે પણ ખોટું છે વ્યવહિત વસ્તુનું જ્ઞાન કરવાની યોગ્યતા નથી માટે જો યોગ્યતાનો અભાવ સ્વીકાર નહિ કરો તો ચંદ્રના રૂપની જેમ તેની ગતિનું પણ જ્ઞાન થવું જોઇએ રૂપ ભાસ્વર હોવાથી દૂરથી પણ દેખાય છે પણ ગતિ ભાસ્વર નહિ હોવાથી દેખાતી નથી એમ કહેશો તો તેના મધ્યમાં રહેલ કુરંગકલંક અને રાહુનું સ્થાન ન દેખાવું જોઇએ કારણકે તેમાં પણ ભાસ્વર રૂપનો અભાવ છે. કુરંગકલંક અને રાહુનું સ્થાન તેને સંબદ્ધ હોવાથી દેખાય છે એમ કહેશો તો ગતિ પણ ચંદ્રમાને વિષે સંબદ્ધ છે માટે દેખાવી જોઇએ પણ દેખાતી નથી માટે જોવામાં યોગ્યતાજ કારણ છે એમ સિદ્ધ થય છે.

ઉપર પ્રમાણેની દલીલોથી તમે કહેલું વ્યવહિતાપ્રકાશકત્વરૂપ અનુમાન ઠીક લાગતું નથી.

**નૈયાયિક**—ચક્ષુ પ્રાપ્યકારિ છે બાહ્યેન્દ્રિય હોવાથી સ્પર્શેન્દ્રિયની જેમ.

**જૈન**—તે અનુમાન પણ સાચું નથી કારણકે તેને વિષે પણ ઉપર કહેલા દોષો લગભગ હોવાથી.

વળી બાહ્યેન્દ્રિય એટલે શું.

બહારના અર્થને ગ્રહણ કરવામાં બહારના દેશમાં અવસ્થાયિ, કે બહારનાં કારણથી ઉત્પન્ન થયેલ.

જો બહારના અર્થને ગ્રહણ કરવામાં સન્મુખ એમ માનશો તો તે મનની સાથે વ્યભિચારી છે. કેમકે-મન પણ બહારના અર્થને ગ્રહણ કરવામાં સન્મુખ છે અને પરિચ્છેદક નથી પણ અપ્રાપ્ત પર્વત સ્વર્ગ વિગેરેનું પરિચ્છેદક છે માટે.

બહારના દેશમાં અવસ્થાયિ એ પક્ષ માનશો તો-અર્થદેશાવસ્થાયિ કે શરીરથી બહારના દેશમાં અવસ્થાયિ.

અર્થદેશમાં અવસ્થિાયિ એમ માનશો તો-અર્થ દેશમાં આશ્રિત કે અર્થના સન્મુખપણા વડે પ્રવૃત્તિ.

અર્થમાં આશ્રિત એ પક્ષ માનશો તો વાદિ અને પ્રતિવાદિ બંનેને અસિદ્ધ છે. કારણકે ચક્ષુ ગોલકમાંજ રહે છે એમ બંને જણ માનીએ છીએ અને દ્રષ્ટાંત પણ હેતુથી રહિત થાય છે કારણકે ત્વગિન્દ્રિય અર્થદેશમાં રહેતી નથી.

અર્થના સન્મુખપણાવડે પ્રવૃત્તિ એમ માનશો તો-પ્રવૃત્તિ એટલે ચક્ષુનો ફેલાવારૂપ વ્યાપાર કે જ્ઞાનનું ઉત્પન્ન કરવું તે.

જો ફેલાવારૂપ વ્યાપાર માનશો તો અમારા મતમાં તે અસિદ્ધ છે. કારણકે ચક્ષુ ફેલાઈને અર્થદેશમાં જાય છે એમ અમે માનતા નથી અતૈજસનું પ્રતિપાદન કરેલું હોવાથી. અને સાધન શૂન્યતા દ્રષ્ટાન્તની સ્પષ્ટજ છે કેમકે-ત્વગિન્દ્રિય અર્થદેશમાં જતી નથી.

જો અર્થના સન્મુખપણાવડે ચક્ષુ જ્ઞાનને ઉત્પન્ન કરે છે એમ કહેશો તો હેતુનો મનની સાથે વ્યભિચાર થશે કારણકે તે પણ અર્થના સન્મુખપણાવડેજ પ્રવૃત્તિ કરે છે.

જો શરીરથી બહિર્દેશ જે ગોલકરૂપ તેને વિષે આશ્રય કરીને રહેલી તે બહિર્દેશાવસ્થાયિત્વ છે અને ચિત્તની સાથે વ્યભિચાર દૂર કરવા માટે બાહ્ય એ વિશેષણ છે કારણકે ચિત્ત દેહની અંદરના દેશમાં રહેલું એમ કહેશો તો પણ ખોટું છે. કેમકે-બહિર્દેશાવસ્થાયિત્વરૂપ હેતુ અપ્રાપ્તાર્થ પરિચ્છેદની સાથે પણ હોવાથી અને બાહ્યરૂપ વિશેષણ વિપક્ષની સાથે વિરોધી નથી કારણકે-વિપક્ષથી હેતુની નિવૃત્તિ કરતું નથી અને વિરોધને સાધક કોઈ પ્રમાણ પણ નથી.

**નૈયાયિક**—મનરૂપ વિક્ષપમાં પ્રાપ્તાર્થ પરિચ્છેદ ન હોવાથી બાહ્યેન્દ્રિયત્વરૂપ હેતુ પણ નથી તેથી વિશેષણનો વિપક્ષ સાથે વિરોધ આવશે.

**જૈન**—તે ઠીક નથી કારણ-કે કોઇક વિપક્ષમાં સાધ્યની નિવૃત્તિ હોવાથી પણ વિરોધની અસિદ્ધિ છે. અને જો એમ નહિ માને તો ચક્ષુ અપ્રાપ્ત અર્થની પરિચ્છેદક છે સ્પર્શન, રસન, નાસા અને શ્રોત્ર થકી ભિન્ન ઇન્દ્રિય હોવાથી મનની જેમ. એ અનુમાનથી કોઈક ચક્ષુના અપ્રાપ્ત અર્થ પરિચ્છેદને સાધન કરતાને કેવીરીતે રોકી શકશો કારણકે આ અનુમાનમાં પણ સ્પર્શન, રસન, ઘ્રાણ, અને શ્રોત્રને વિષે અપ્રાપ્ત અર્થ પરિચ્છેદ નહિ હોવાથી સ્પર્શન, રસન, નાસા, શ્રોત્રથી ભિન્ન ઇન્દ્રિય નથી તે કારણથી વ્યતિરેકનો નિશ્ચય નહિ હોવાથી બહિર્દેશાવસ્થાયિત્વરૂપ જે બાહ્ય

ન્દ્રિયત્વ હેતુ છે તે સંદિગ્ધ વ્યતિરેકિ છે.

બહિષ્કારણ પ્રભવત્વરૂપ બાહ્યેન્દ્રિય માનશો તો મનની સાથે વ્યભિચારી થશે કેમકે-મન પણ આત્માની અપેક્ષાએ બહિષ્કારણ પુદ્‌ગલત્વ તે થકી ઉત્પન્ન થયેલું હોવાથી ચક્ષુરાદિની જેમ બહિષ્કારણ પ્રભવત્વ છે મન પણ પૌદ્‌ગલિક છે એમ અમે આગળ સિદ્ધ કરીશું.

નૈયાયિક—ચક્ષુ પ્રાપ્યકારિ છે ભૌતિક હોવાથી જે જે ભૌતિક છે તે તે પ્રાપ્યકારિ છે જેમકે-કુહાડી. તેવી રીતે ચક્ષુ ભૌતિક હોવાથી પ્રાપ્યકારિ છે.

વળી ચક્ષુ પ્રાપ્યકારિ છે તો પર્વત અને ચંદ્રનું જ્ઞાન એકી વખતે કેમ થાય છે એમ કોઈ પ્રશ્ન કરે તો પ્રશ્ન ખોટો છે કારણકે-પર્વત અને ચંદ્રનું જ્ઞાન એક વખતે થતું નથી પણ ચક્ષુ પહેલાં નજીક રહેલ પર્વતને પામીને જ્ઞાન કરે છે અને ત્યારપછી દૂર રહેલ ચંદ્રને જુએ છે પણ એકી સાથે જુએ છે એવું જે ભાન થાય છે તેનું કારણ-ચક્ષુ જલ્દીથી વસ્તુને જુએ છે તે છે જેમકે-કમળનાં પાંદડાંને એકદમ ભેદવામાં આવે તો દરેક એકી સાથે ભેદાય છે તેવો ભ્રમ થાય છે તેની જેમ અહિં પણ એકી સાથે જ્ઞાન થાય છે એવો ભ્રમ થાય છે.

જૈન—પ્રાપ્યકારિનો અર્થ શું?

'પ્રાપ્ય'-એટલે પ્રાપ્તિ કરીને સર્વકાર્ય કરે છે એમ માનશો તો પ્રાપ્તિ પણ સ્વકાર્ય છે તો પ્રાપ્તિરૂપ સ્વકાર્યને ચક્ષુ-પ્રાપ્તિ કરીને કરશે કે પ્રાપ્તિ કર્યા શિવાય.

પ્રાપ્તિ કરીને કરશો એમ કહેશો તો તે પ્રાપ્તિ પણ પ્રાપ્તિ કરીનેજ કરવી જોઈએ એ પ્રાપ્તિની પરંપરાની ઉત્પત્તિમાંજ લાગી રહેવાથી ચક્ષુના કાર્યની ઉત્પત્તિ થશે નહિ અને તેથી અનવસ્થા આવશે.

જો પ્રાપ્તિરૂપ સ્વકાર્યને પ્રાપ્તિ કર્યા શિવાય કરે છે એમ કહેશો તો પ્રાપ્તિની સાથેજ વ્યભિચાર આવશે કારણકે-પ્રાપ્તિ પણ પ્રાપ્તિ કર્યા શિવાય પોતાના કાર્યને કરે છે માટે.

નૈયાયિક—ચક્ષુ જ્ઞાનરૂપ કાર્ય અર્થને પામીને કરે છે એવો પ્રાપ્યકારિત્વનો અર્થ હોવાથી ઉપરના દોષો આવશે નહિ કારણકે-પ્રાપ્તિ છે તે જ્ઞાનરૂપ કાર્ય નથી કે જેથી અર્થને પામીને તે કરવી જોઇએ.

જૈન—એવો અર્થ તમો કેવી રીતે કરશો કારણકે પ્રાપ્યકારિ શબ્દ પ્રાપ્તિપૂર્વક ક્રિયાના અર્થમાંજ અભિધાન શક્તિવાળો છે. તેથી તેવો અર્થ કરી શકાશે નહિ.

વળી બીજા કોઈ શબ્દનું સંનિધાન નથી કે જેના થકી પ્રાપ્યકારિ એ શબ્દ **'देवस्य शृंगारिणः'** એ વાકયમાં **'शृंगारिणः'** એ પદના સંનિધાન થકી દેવ એટલે કામદેવ એવો અર્થ થાય છે તેની જેમ ચક્ષુ પ્રાપ્ત કરીને જ્ઞાનરૂપ કાર્ય કરે છે તેવો અર્થ થાય.

નૈયાયિક—'સૈન્ધવ' વિગેરેની જેમ પ્રકરણના વશથકી પ્રાપ્યકારિ એ શબ્દનો ચક્ષુ પ્રાપ્તિ કરીને જ્ઞાનરૂપ કાર્ય કરે છે તેવો અર્થ થાય છે તે

આ પ્રમાણે-પ્રાપ્તિ કરીને ચક્ષુ જ્ઞપ્તિને કરે અથવા પ્રાપ્તિ કર્યા સિવાય જ્ઞપ્તિને કરે એ પ્રમાણે હોય તો આ પ્રકરણને વિષે કહેવાય કે ચક્ષુ પ્રાપ્તિ કરીને જ્ઞપ્તિને કરે.

**જૈન**—તે પણ ઠીક નથી જો એમ માનશો તો દૃષ્ટાંત સાધ્યથી રહિત થઈ જશે કારણકે-કુહાડી છે તે વૃક્ષને પામીને બે ભાગજ કરે છે પણ જ્ઞપ્તિને કરતી નથી.

**નૈયાયિક**—પરશુ છિદિક્રિયાનું જ્ઞાન કરે છે તે અપેક્ષાએ પરશુ એ દૃષ્ટાંત છે પણ છિદિ-ક્રિયાની અપેક્ષાએ નથી તેથી દૃષ્ટાંત સાધ્યથી શૂન્ય નહિ થાય કેમકે પરશુ છિદિક્રિયાનું જ્ઞાન ઇન્દ્રિયને પામીનેજ કરે છે માટે.

**જૈન**—કુહાડી ચક્ષુ ઇન્દ્રિયને પામીને છિદિ-ક્રિયાનું જ્ઞાન કરે છે કે સ્પર્શેન્દ્રિયને પામીને !

કુહાડી, ચક્ષુઇન્દ્રિયને પામીને જ્ઞાન કરે છે એમ કહેશો તો દૃષ્ટાંત સાધ્યશૂન્ય થશે કારણકે-ચક્ષુ અને અર્થનો સંબંધ અસિદ્ધ છે તેથી.

જો સ્પર્શેન્દ્રિયને પામીને જ્ઞાન કરે છે એમ કહેશો તો ઠીક છે. પણ હેતુનો મ થી જ્ઞાન કરવા યોગ્ય મેરુની સાથે વ્યભિચાર આવશે કારણકે તે ભૌતિક છે અને મનને પામ્યા શિવાય જ પોતાનું જ્ઞાન કરે છે તેથી.

**નૈયાયિક**—કરણભૂત એવા જેનાવડે જ્ઞાન કરાય છે તેજ પ્રાપ્યકારિ છે પણ વિષયપણાથી જેના વડે જ્ઞાન કરાય તે પ્રાપ્યકારી નથી એમ અમે માનીએ છીએ તેથી મેરૂની સાથે વ્યભિચાર નહિ થાય. કારણ કે-મેરૂ પોતાના જ્ઞાનનો વિષય છે અને ચક્ષુ પોતાના જ્ઞાનમાં કરણ છે માટે.

**જૈન**—તો બીજું કોઇ દ્રષ્ટાંત કહેવું પડશે. કુહાડી આ રીતે માનવામાં દૃષ્ટાંત તરીકે નહિ થઇ શકે કારણ કે તે છિદિ ક્રિયાના જ્ઞાનમાં કરણ નથી માટે.

**નૈયાયિક**—દીપક વિગેરે દૃષ્ટાંત છે કારણકે-કરણભૂત એવા તેના વડે રશ્મિદ્વારા પ્રાપ્ત અર્થ પ્રકાશિત થાય છે માટે.

**જૈન**—તેમ કહેશો તો પણ હેતુની પ્રાપ્તિ નહિ થઈ શકે સાધર્મ્ય માત્રથી વ્યાપ્તિ નથી થતી માટે વળી-ભૌતિક અપ્રાપ્યકારી છે એમ માનવામાં પણ કોઇ વિરૂદ્ધ પ્રમાણ નથી.

**નૈયાયિક**—ચક્ષુ પ્રાપ્યકારી છે કારક (ક્રિયા કરનાર) હોવાથી.

**જૈન**—તે પણ ઠીક નથી. લોહચુંબકની સાથે વ્યભિચાર હોવાથી કારણકે-લોહચુંબક અપ્રાપ્ત અર્થને ખેંચે છે.

**નૈયાયિક**—લોહચુંબક પણ વાયુદ્વારાએ પ્રાપ્ત થયેલા લોઢાનેજ ખેંચે છે જેવી રીતે નળીમાં રહેલા વાયુવડે માણસો પાણીને ખેંચે છે તેવી રીતે લોહચુંબક સાક્ષાત્ અર્થની સાથે સંબંધ કરતું નથી પણ પોતાનાથી સંબદ્ધ વાયુની સાથે સંબંધી લોઢાને ખેંચે છે માટે તે પ્રાપ્ત અર્થનેજ ખેંચે છે એમ કહેવાય માટે વ્યભિચાર નહિ આવે.

**જૈન**—લોહચુંબક વાયુદ્વારા લોઢાને ખેંચે છે તેવું કોઈને માલુમ પડતું નથી.

**નૈયાયિક**—લોહચુંબક વાયુ શિવાય લોઢાને ખેંચી ન શકે.

જૈન—લોહચુંબક અપ્રાપ્ય લોઢાને ખેંચે છે માટે વાયુ શિવાય ખેંચે છે એમ સિદ્ધ થાય છે.

નૈયાયિક—જો વાયુ શિવાય ખેંચે છે તો દરેક લોઢાને કેમ ખેંચી નથી શકતું.

જૈન—લોહચુંબક વાયુદ્વારા ખેચે છે તો તૃણ વિગેરેને કેમ નથી ખેચતું.

નૈયાયિક—તૃણ વિગેરેને ખેંચવાની તેની યોગ્યતા નથી માટે.

જૈન—જેવી રીતે તૃણ વિગેરે ખેંચવાની યોગ્યતા નથી તેવી રીતે દરેક લોહને ખેંચવાની પણ યોગ્યતા ચુંબકમાં નથી.

વળી લોહચુંબક વાયુદ્વારા લોહને ખેંચે છે તેમાં તમારો હેતુ કયો છે?

નૈયાયિક—લોહચુંબક આકર્ષણરૂપ ક્રિયા કરનાર હોવાથી વાયુદ્વારાએ લોહને ખેંચે છે કારણકે ક્રિયા કરનાર દરેક વ્યક્તિ પોતાની સાથે સંબદ્ધ વસ્તુને વિષે ક્રિયા કરતી દેખાય છે, તેવી રીતે ચુંબક પણ આકર્ષણરૂપ ક્રિયા કરનાર પોતાની સાથે સંબદ્ધ વસ્તુને વિષેજ ક્રિયા કરનાર હોવું જોઇએ અને સાક્ષાત્ સંબંધ કરતું નથી માટે એમ સિદ્ધ થાય છે કે તે વાયુદ્વારા અર્થની સાથે સંબંધ કરે છે.

જૈન—લોહચુંબક આકર્ષણરૂપ ક્રિયા કરનાર હોવાથી પ્રાપ્ત વસ્તુને ખેચે છે એ તમારો હેતુ ખોટો છે કેમકે-લોહચુંબક ક્રિયાને કરે છે તો પ્રાપ્ત વસ્તુને ખેંચે છે અને પ્રાપ્ત વસ્તુને ખેંચે છે તો લોહચુંબક આકર્ષણરૂપ ક્રિયાને કરનાર છે. એમ પરસ્પર દોષ આવે છે. તેથી લોહચુંબકના કારકપણામાં પ્રાપ્ત અર્થનું આકર્ષણ હેતુ છે અથવા પ્રાપ્ત અર્થને ખેંચવામાં લોહચુંબકનું કારકપણું હેતુ છે એવું સિદ્ધ થતું નથી માટે તમારો હેતુ ખોટો છે.

વળી વાયુદ્વારાએ લોહચુંબક લોઢાને ખેંચે છે એમ કહેશો તો લોહચુંબક પોતાની ચારે બાજુ રહેલ લોહને ખેંચી શકશે પણ તેનાથી નીચે રહેલા લોહને ઉપર ખેંચી શકશે નહિં કેમકે-વાયુનું ગમન ઉંચું હોતું નથી માટે.

નૈયાયિક—વંટોળીઓ વિગેરે વાયુ ઉંચે જાય છે. માટે વાયુનું ગમન ઉંચું પણ છે તેથી લોહને ઉંચે પણ ખેંચી શકશે.

જૈન—સામસામી દિશાઓના વાયુનું મિલન થવાથી વંટોળીઓ વિગેરે વાયુ ઉંચે જાય છે એમ તમે માનેલું છે. વળી લોહચુંબક લોહને ખેંચે છે ત્યારે સામસામી દિશાઓના વાયુનું મિલન દેખાતું નથી કે જેથી લોહચુંબક લોહને ઉંચે ખેંચી શકશે એમ સિદ્ધ થાય.

એ પ્રમાણે એમ સિદ્ધ થાય છે કે જેવી રીતે અમુક ઔષધિઓનું તિલક કરવાથી અથવા વશીકરણ વિગેરે મંત્રોથી કાન્તા વિગેરે ઇષ્ટ વસ્તુઓનું આકર્ષણ થાય છે અને તેમાં વાયુ કારણ નથી તેવી રીતે લોહચુંબક પણ લોઢાને ખેંચે છે તેમાં વાયુ કારણ નથી. અને ચુંબકના આકર્ષણમાં વાયુ કારણ નથી તો અપ્રાપ્ત વસ્તુનું આકર્ષણ કરે છે એમ સિદ્ધ થાય છે અને તેથી ચક્ષુ પ્રાપ્યકારી છે. કારક હોવાથી તે હેતુનો ચુંબકની સાથે વ્યભિચાર આવશે અને વ્યભિચાર આવવાથી કારક હોય તે પ્રાપ્ત અર્થનુંજ જ્ઞાન કરાવે એવો નિશ્ચય થઈ શકશે નહિ અને તેમ થવાથી ચક્ષુ કારક હોવાથી પ્રાપ્યકારી છે એવો નિશ્ચય પણ થઈ શકશે નહિ.

ઉપર પ્રમાણેની ચર્ચાથી સિદ્ધ થાય છે કે—ચક્ષુ પ્રાપ્યકારી નથી પણ અપ્રાપ્યકારીજ છે.

સંપૂર્ણ.

# તમારા કલ્યાણને માટે થાઓ !!!

( લેખક—સુધાવર્ષી )

દરેક દર્શનકારોએ માનસિક વૃત્તિઓને જીતવા માટે અનેક વિધ ઉપાયો પોતાના દર્શનમાં યોજેલા હોવા છતાં પણ તે નિયમને અનુસરીને ફત્તેહમંદ નિવડવાવાળા ભાગ્યેજ હશે કારણકે-ખંભાતના વાંદરને ખૈબરઘાટ પહોંચવું હોય તો ઘણી મુશ્કેલીઓ વટાવીને તે પહોંચવા સમર્થ થઇ શકે પણ જે ક્ષેત્રમાં બેઠેલો મનુષ્ય પોતાની માનસિક વૃત્તિઓને ઉત્તેજિત કરવા માટે તેજ ક્ષેત્રમાં અને તેજ ક્ષણે ઉત્તેજિત કરવામાં અને પૂર્વની વાસનાઓને વધુ વિકસ્વર કરવાની ઉમેદ રાખે તો તે રોકવાવાળી કોઈપણ ચીજ જગતમાં નથી આ બાબતમાં વાંચનાર સાંભળનાર અને વિચારનારને સ્હેજે અનુભવ હશે કે જે કાર્યને જે ક્ષેત્રમાં બેસીને કરતો હોય અને તે કાર્યમાં વાચિક અને કાયિક પ્રયોગ શરૂ હોય છતાં વાચિક અને કાયિક પ્રયોગો કલાક બા કલાક મિનિટ કે સેંકડ ભરના હોય છતાં પણ તે અલ્પ કાળમાં મનનો વેગ જુદુંજ કાર્ય કરી રહેલ હોય છે આવા નિરંકુશ મનને કબજે લાવવું એ મુશ્કેલમાં મુશ્કેલ વિષય છે. છતાં વર્તમાનમાં કોઇ યોગીઓ-સંન્યાસી-જોગી-બાવા કે વૈરાગી હઠાગ્રહથી કે બીજા કોઈ અનુષ્ઠાનોથી મનને કાબુમાં લાવવા માટે ઘણા પ્રયત્ન કરે તો પણ જે કાર્યમાં બેઠો હોય તે કાર્યમાં મન એકાકાર બનાવવા માટે ઘણું અશકય નીવડે છે. જ્યારે આજની વર્તમાન દુનિયાની અંદર અનેકવિધ રંગરાગથી રંગાયેલા વિષયના વિકારી જીવો માનસિક વૃત્તિઓ ઉપર વિજય મેળવે એ અશકયમાં અશકય હોય તેમાં તો શી નવાઇ !

ઉપરના વિવેચનનો મનનપૂર્વક અભ્યાસ કરવાથી જણાશે કે જ્યારે મનને વશ કરવા નીકળેલાઓ માટે મન વશ કરવું એ મુશ્કેલનો વિષય હોય તો જેને મન વશ કરવું નથી. કરવા માટે પ્રયત્ન નથી. અને કરવા માટેનો વિચાર સરખો પણ પોતાના મગજ ઉપર આવી શકતો નથી. તેવાઓનું મનને વશ કરવામાં અસમર્થ બનવું તે નવાઈની વાત નથી પણ ચાલુ પ્રસંગમાં આ એકજ વ્યક્તિ આજથી લગભગ ૨૭૦૦ વર્ષ ઉપરાંત જગદ્વન્દ્ય વિભૂતિ કાશીદેશમાં જન્મ પામી હતી જેનો થોડો પણ પરિચય કરવાથી અને તેના જીવનના પ્રસંગો સૂક્ષ્મ રીતે વિચારવાથી હાલના જીવોને માનસિક વૃત્તિઓનો વિજય મેળવવા માટે તે પુણ્યપુરૂષના જીવનપ્રસંગો આલંબનભૂત થાય તેમાં શંકાને પ્રસંગ નથી જેના માટે શબ્દામ્ભોનિધિ સાહિત્યાવતાર કલિકાલસર્વજ્ઞ શ્રીમાન્ હેમચન્દ્રસૂરિની વાણી સાક્ષી પુરે છે.

**कमठे धरणेन्द्रे च, स्वोचितं कर्मकुर्वति ।**
**प्रभुस्तुल्यमनोवृत्तिः, पार्श्वनाथः श्रियेऽस्तुवः ॥**

ઉપરનો શ્લોકમાં વિશ્વવિખ્યાત જગદ્વન્દ્ય વિભૂતિ શ્રીપાર્શ્વનાથ ભગવાનની સ્તવના કરતાં જણાવે છે કે—કાશી નગરની બહાર સર્વ અર્થિ

સમારંભનો ત્યાગ કરીને કાયોત્સર્ગ ધ્યાનમાં રહેલા પાર્શ્વનાથ ઉપર દશ ભવના વેરની વસુલાત લેનાર કમઠ મુસલધાર વરસાદ વરસાવે છે. સામાન્ય માણુસ ગભરાઈ જાય એવી વીજલીઓ ચમકાવે છે અને એટલું બધું જોરમાં પાણી વરસાવે છે કે-જે પાણીનું પુર ચડતાં ચડતાં ભગવાન્‌ની નાસિકા સુધી આવી પહોંચે છે જેને માટે વિદ્વાનો કહે છે કે—

**जडानामुदये हन्त ! । कीदृशो विवेको भवेत्**

ખેદની વાત છે કે-જડ પુરુષોનો ઉદય થાય તે અવસરે વિવેક ક્યાંથી હોય તેવી રીતે સાહિત્યકારોએ 'ડ' અને 'લ' નો ભેદ નહિ માનેલ હોવાથી અહિં પણ પુરામદે ચડેલા પુરને વિવેક ન હોય તેમાં નવાઈ જેવું નથી. તે અવસ્થામાં સામાન્ય માણુસને મુશ્કેલી પડે તે અવસરે વરસાવનાર કોણ છે તે અતિશય જ્ઞાનીની નજર બહાર નથી અને શિક્ષા કરવાની સંપૂર્ણ શક્તિ હોવા છતાં પણ તેનું લવલેશ બગાડવાને મનમંદિરમાં અંકુરો સરખો પણ ઉઠતો નથી એટલુંજ નહિ પણ તે અવસરે ભગવાનનો પરમભક્ત ધરણેન્દ્ર પોતાની પ્રિયા સાથે આવીને ભક્તિ કરે છે અને પાણીના પુરને રોકવા માટે પ્રયત્ન કરે છે અને સામાન્ય મનુષ્યો જે ભક્તિ ન કરી શકે તેના કરતાં પણ ઉચ્ચકોટિની ભક્તિ તે ધરણેન્દ્ર કરે છે છતાં ભક્તિ કરનાર ઉપર સ્નેહરાગ અગર રાગના વિકારને અનુસરતી કોઈપણ લાગણીનો અંશ મનોભુવનમાં આવિર્ભાવ થતો નથી.

જ્યારે વેરની વસુલાત લેનારો પોતાના સમગ્ર સાધન સાથે વેર લેતો હોય તે અવસરમાં મનના જે પરિણામની ધારા અવિચ્છિન્ન ચાલતી હોય તે વખતે કર્મને તોડવા અને પોતાના ઉચ્ચતમ સિદ્ધાંતની અંદર એકસરખા રચ્યાપચ્યા રહેવું અને તેમાંથી ખસ્યા વગર તેના ઉપર દ્વેષ, અપ્રીતિ, દુર્ભાવ અગર તેને અનુસરતી કોઇપણ લાગણીના અંશનો આવિર્ભાવ થવાનો અવકાશજ નથી તેમજ પરમભક્ત પોતાના પુરતા સાધનથી અને દિવ્યશક્તિથી ભક્તિ કરવામાં કમીના રાખતો નથી છતાં રાગ, પ્રીતિ અગર રતિને અનુસરનાર લાગણીના લેશને મચક પણ આપતા નથી પરંતુ વેરની વસુલાત લેનારના લેવાના કાળમાં અને પરમભક્તની પરમભક્તિ કરવાના સમયમાં તુલ્યવૃત્તિ રાખવી એજ આવા પ્રાતઃસ્મરણીય, પુણ્યશ્લોક, જગદ્વન્દ્ય પરમાત્માજ કરી શકે બીજા કોઈપણ કરી શકે નહીં.

આ જગ્યાએ દશભવનું વેર લેવાના સંયોગમાં કમઠને કેમ આવવું પડ્યું તે આ પ્રમાણે—

શરૂઆતમાં કમઠનો જીવ અને પાર્શ્વનાથનો જીવ બે ભાઇઓ હતા. એકનું નામ મરુભૂતિ અને બીજાનું નામ કમઠ. મરુભૂતિ વયમાં નાનો અને કમઠ મોટો હતો. નાનો ભાઇ ધર્મરાગી હતો, મોટો વિષય લંપટ હતો, નાના ભાઈની સ્ત્રી રૂપવંતી હોવાથી કમઠની તેના ઉપર અવસરે અવસરે ખરાબ દૃષ્ટિ રહેતી હતી અને તેનો લાગ જોઇને તે તેની સાથેના દુરાચરણના પ્રસંગમાં પડયો 'પાપ છુપું રહેતું નથી' આ ન્યાયે તે મરુભૂતિના જાણવામાં આવ્યું. [ ચાલુ

## અનુભવના એરણ ઉપરથી —

લેખક—સુધાવર્ષી.

આ અવસર્પિણીના આદ્ય તીર્થંકર ભગવાન્ શ્રી ઋષભદેવજીની વિશિષ્ટ વિસ્મયકારી વાણી શ્રવણ કરીને સત્તાનો પ્રાથમિક સૂર કાઢનાર ભરતેશ્વર ચક્રવર્તી જે કાર્ય ન કરી શકયા, બાળ બ્રહ્મચારી ભગવાન્ શ્રી નેમિનાથજીના વચનામૃતનું પાન કરીને શાસનના પરમભક્ત શ્રી કૃષ્ણ વાસુદેવ જે કાર્ય ન કરી શકયા, આસન્નોપકારી ચરમતીર્થંકર શાસનાધિપતી શ્રી મહાવીર પ્રભુની દિવ્યદેશનાને દિલમાં ધારણ કર્યા છતાં જે કાર્ય સમ્યક્ત્વ-વ્રતધારી શિરોમણિવર્ય શ્રેણિક મહારાજા જે કાર્ય ન કરી શકયા; તે કાર્ય અઢાર દેશમાં અમારિપડહ વજડાવનાર પરમાર્હત્ કુમારપાલે કર્યું, અર્થાત્ અમારિપડહને અનુસરતું દયાનું એક સરખું કાર્ય વ્યવસ્થિત રીતે અઢાર દેશમાં કરાવ્યું; અને તે આજ્ઞાનું પાલન શામ-દામ-દંડ-ભેદ નીતિથી યથાર્થ રીતે અમલમાં મુકાવ્યું.

આ અનુપમ અનુમોદનીય અનુપમ દયાના પારમાર્થિક કાર્યનો લાભ પરમાર્હત્-કુમારપાલને અપાવનાર સાહિત્યાવતાર શબ્દામ્ભોનિધિ કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીની દેશના અસાધારણ કારણભૂત છે. દયાના કાર્યથી વિશ્વવિશ્રુત થયેલ કુમારપાલની સ્તવના કરતાં પૂર્વાચાર્યો લખે છે કેઃ—

प्राप्तक्षायिकसम्यक्त्त्वाः, श्रावकाः श्रेणिकादयः ।
भूयांसोऽपि बभूवांसः; प्रभावाढयाः प्रभावकाः ॥१॥
अमारिकारकत्वेन, तेषु मुख्योऽस्ति वस्तुतः ।
कुमारपालः क्ष्मापालो, धाम्ना धिष्णेषु चन्द्रवत् ॥२॥

શબ્દાર્થઃ-ક્ષાયિક સમ્યક્ત્વને પામેલા અતિસમૃદ્ધ પ્રભાવવાળા શ્રેણિક વિગેરે ઘણા શ્રાવકો થયા, તે મહાપુરુષોમાં પણ તેજ વડે કરી નક્ષત્રોને વિષે ચંદ્રસમાન કુમારપાલ મહારાજા અમારિપડહ વજડાવવાવડે કરીને વાસ્તવિક રીતે મુખ્ય છે.

Regd. No. B. 3047

# શ્રી સિદ્ધચક્ર

!!! વં......દ......ન......હો !!!

## શ્રી સિદ્ધચક્રને

अर्हन्तः प्रातिहार्यैः सुरनरनिकरैरर्चनीयाः शिवाढ्याः,
सिद्धाः निष्कर्मकिट्टा जनिमृतिरहिताः सर्ववेदिप्रगल्भाः ।
आचार्या धर्मधुर्याः श्रुतगणपटवो वाचकाः सन्मुनीशाः;
मोक्षाध्वालंबनाः श्रद्धतिमतिश्चरणैः सत्तपोभिः पुनन्तु ॥१॥

जिनेशितुश्चक्रभृतो वासुदेवस्य वा यथा ।
चक्रं तथेदं श्रीसिद्धचक्रं शासनकार्यकृत् ॥२॥

# 'તિથિવિષયક પરસ્પર લેખીત ચર્ચા'

વર્ષ ૧૦ અંક ૩.

ગોપીપુરા આગમોદ્ધારક ... સુરત.

વિક્રમસં. ૧૯૯૯ વીરસં. ૨૪૬૯, લવાજમ રૂ. ૨-૦-૦

ભાદ્રપદ પૂર્ણિમા તા. ૧૪-૯-૪૩ મંગળવાર.

[ ટાઈટલ ૪નું ચાલુ ]

વિવાદ તો જોધપુરી ટીપણાનું લખાણુ તિથિની હાનિ અને વૃદ્ધિએ સંસ્કાર કરીને કહેવું માનવું આદરવું કે જેનું લખ્યું હોય તેવુંજ માનવું તે વિષયનો છે અને આગમાનુસારી જૈન ટીપણા નહિ પ્રવર્તે એવું કહી શકાયજ નહિં ભવિષ્યમાં કોઇ તેવા યુગ પ્રધાનો નહિંજ થાય તેવો નિશ્ચય કરવાને વર્તમાન શ્રીદેવસૂર તપાગચ્છ સંઘ તૈયાર નથી.

વિવાદનું સ્થાનતો ક્ષયે પૂર્વા૦ એ પ્રઘોષને આધારે ટીપણામાં જણાવેલી તિથિના વ્યપદેશનો એટલે કે નામ કહેવું માનવું કે નહિ તેનોજ છે. તે લેખક—

અષ્ટમી ચતુર્દશીના ક્ષયે તો સાતમ અને તેરશને ઔદયિકી અષ્ટમી ચતુર્દશી તરીકે એટલે આખો દિવસ આઠમ અને ચૌદશ તરીકે કહેવાનું અને માનવાનું આદરવાનું જણાવે છે. આ વાત જો કે સામા પક્ષને પોતાને અનિષ્ટ હોવા છતાં પણ ઘૂણાક્ષર ન્યાયે લખાઈ ગઈ છે. છતાં જો સામો પક્ષ ટીપણામાં આઠમ ચૌદશના ક્ષયે સાતમ તેરશનો ક્ષય કરીને તે સ્થાને આઠમ અને ચૌદશ લખશે તોજ તેઓ પોતાની પ્રતિજ્ઞાને પાલનારા ગણાશે, પરંતું જો તેઓ ક્ષીણ એવી આઠમ ચૌદશને ઉદયવાળી આઠમ ચૌદશ નહિં ગણે તો તેઓ તો પોતાની પ્રતિજ્ઞાને લોપનારાજ ગણાશે, કેમકે તેઓએ તટસ્થતા તુટી હોય એમ જાહેરમાં માન્યું નથી તેમ શેઠને જણાવ્યું પણ નથી અને એની જાહેરાત કરી પણ નથી.

નવીનવર્ગ ઘડીભર આંખ મીંચીને એકાંતમાં બેસીને જો સત્ય સ્થિતિ વિચારશે તો તટસ્થનું લખાણ પોતાને કેટલું અનિષ્ટ અને ભયંકર છે તે જરૂર ખ્યાલમાં આવશે. જોકે અંદરથી તો આત્મા સાક્ષી પુરતોજ હશે પણ હવે બહાર જાહેરમાં શી રીતે પકડેલું છોડાય. એકતો ખોટો માર્ગ ચલાવ્યો અને એક ખોટાને ઉભું રાખવા માટે અન્યમતવાળા જેમ આવે તેમ પૂર્વ પુરૂષો માટે પવિત્ર શાસ્ત્રોમાટે બેફામ લખી નાખે તે પણ મુંગે મોઢે સહન કરી લેવુંજ પડે. માનના લોભી મનુષ્યે તેવા પ્રકારની માયા સેવવીજ પડે નહિંતર એક વખત વિતરાગ શાસ્ત્રમાટે કોઇપણ હેલફેલ બોલે તે માટે પોતાની શક્તિથી તેનો સામનો થતો જ્યારે આજે પોતાની ખોટીવાત ઉભી રાખવા માટે પોતાના પૂર્વજો, ગીતાર્થ આચાર્યો, તેમના વચનો અને પવિત્ર આગમ અને શાસ્ત્ર માટે પણ જે લખાણમાં ભયંકરતા ચીતરી છે તે શી રીતે શાસન વફાદાર આત્માથી સહન થઈ શકે?

આ લખાણ પર વિશેષ અજવાળું તો આગળ ઉપર પાડવાનું છે પરંતુ અત્ર આપણે હાલ એ વાત ભવિષ્ય ઉપર છોડી શેઠ કસ્તુરભાઇએ કેવા પ્રકારનો મુસદ્દો બન્ને આચાર્યોની રૂબરૂ તૈયાર કર્યો ? અને તેને લગતા બંન્ને પક્ષ તરફથી કયા કયા મૂળ મુદ્દાઓ કેટલા કેટલા રજુ કરાયા તેમજ મુદ્દા ઉપર બંને એ કેવું નિરૂપણ કર્યું, તેમજ બંનેએ પરસ્પર નિરૂપણનું ખંડન શું શું કર્યું, કયા કયા શાસ્ત્રીય પાઠો આપ્યા, ઇત્યાદિ જાણવાની જીજ્ઞાસા અનેક તરફથી થતાં પુજ્ય આચાર્ય મહારાજશ્રી સાગરાનંદ સૂરીશ્વરજીએ આપેલા મુદ્દા તેનું નિરૂપણ તથા નિરૂપણમાં આપેલા અંકના નંબરોવાળા શાસ્ત્રીય પાઠો તથા શાસ્ત્રપાઠોની અનુક્રમણીકા હાલ રજુ કરી બાકીના લખાણો અવસરે પ્રગટ કરીશું જેમાં સામાપક્ષે મૂળ પાઠમાંથી કેવા કેવા પોતાને પ્રતિકૂળ શાસ્ત્રપાઠો અધ્ધર ઉડાવ્યા છે અને કેવું કારમું પાપ વહોર્યું છે તે પણ જાણવામાં આવશે. હાલ તો સિદ્ધચક્રના વાંચકવર્ગે આટલું વાંચી વિચારી પોતાની અવિચ્છિન્ન પરંપરા સુદૃઢ થવું તેમજ નવીન વર્ગે પણ શુદ્ધ અંતઃકરણથી મધ્યસ્થ બુદ્ધિથી વાંચી વિચારી જે પૂર્વ પુરૂષોએ આચરેલી અને આગમાનુસારી શુદ્ધ પરંપરા કેઇ સદીઓથી ચલી આવી છે તેનેજ અપનાવવી એટલીજ વાંચકો પ્રત્યે અભ્યર્થના. ઇતિશમ.

ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા૦ પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રીસિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ બાવાસીડી, ગોપીપુરા સુરતમાંથી પ્રગટ કર્યું.

# શ્રી સિદ્ધચક્ર.

તંત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી

વર્ષ ૧૦ ] ભાદરવા પૂર્ણિમા [ અંક ૩


તારીખ ૬-૧૨-૪૨
પાલીતાણા, રવિવાર

## બન્ને આચાર્યની હાજરીમાં—

## શેઠ કસ્તુરભાઇએ ઘડેલો—

# મુળ મુસદો

પર્વ તિથિની આરાધનાને અંગે, ચંડાશુચંડુ પંચાગમાં જ્યારે પર્વ કે પર્વાનંતર તિથિનો ક્ષય હોય કે વૃદ્ધિ હોય ત્યારે પર્વની તિથિનો કે પર્વાનંતર પર્વની તિથિનો ક્ષય કે વૃદ્ધી બાબતમાં જૈનશાસ્ત્રના આધારે કઈ તિથિને પર્વ તિથિ તરીકે કહેવી અને માનવી.

## સુ.શ્રા. શેઠ કસ્તુરભાઇ સમક્ષ થયેલા મુસદ્દાનુસાર લૌકિક પંચાગમાં પર્વ કે પર્વાનંતર પર્વ તિથિની હાનિ વૃદ્ધિ હોય ત્યારે પૂર્વ કે પૂર્વતર અપર્વ તિથિની હાનિ વૃદ્ધિ કરવાને લગતાં મૂળ મુદ્દાઓ.

૧. ટીપ્પણામાં પર્વતિથિની હાની કે વૃદ્ધિ હોય તો પણ આપણામાં ( શ્રીદેવસુરતપાગચ્છમાં ) તે હાની-વૃદ્ધિ પ્રસંગે તેનાથી પૂર્વ કે પૂર્વતર અપર્વતિથિનીજ હાની-વૃદ્ધિ થતી આવે છે તે જીતવ્યવહાર ગણાય કે નહિં ? અને જો ગણાય તો તે જૈનાગમના વચનની માફક પાળવા લાયક ખરો કે નહિં ?

૨. જૈનશાસ્ત્રમાં એક દિવસે બે સામાન્ય તિથિ કે બે પર્વતિથિ માનવાનું વિધાન છે કે કેમ ?

૩. ટીપ્પણામાં પર્વતિથિનો ક્ષય જણાવ્યો હોય ત્યારે તેનાથી પૂર્વની તિથિનું નામ ન લેવું પણ તે પૂર્વ અપર્વતિથિના દિવસે તે ક્ષય પામેલી પર્વતિથિના નામેજ વ્યવહાર કરવો તેવો શાસ્ત્રીય નિયમ છે કે નહિં ?

૪. ચતુર્દશી વિગેરે પર્વતિથિઓથી આગળની પૂર્ણિમા વિગેરે પર્વતિથિઓ-કે જે પર્વાનન્તર પર્વતિથિઓ ગણાય છે, તેનો ટીપ્પણામાં ક્ષય કે વૃદ્ધિ હોય ત્યારે પણ તે ચતુર્દશી-પૂર્ણિમા આદિ બંને પર્વતિથિઓ કાયમજ ઉભી રાખવી જોઈએ કે કેમ ? અને તે બે પર્વતિથિઓનું અનન્તરપણું પણ કાયમજ રાખવું જોઇએ કે કેમ ?

૫. જૈનશાસ્ત્રમાં તિથિ કે પર્વતિથિની શરૂઆત કયારથી ગણવામાં આવે છે અને સમાપ્તિ કયારે ગણવામાં આવે છે, તેમજ પર્વ કે પર્વાનન્તર પર્વતિથિનો ઉદય ન હોય કે પર્વતિથિ બે દિવસ ઉદયવાળી હોય ત્યારે પર્વ કે પર્વાનન્તર પર્વની વ્યવસ્થા જાળવવા માટે કંઇ વિધાન છે કે કેમ ?

૬. પૂર્ણિમા કે અમાવાસ્યા આદિ પર્વાનન્તર પર્વતિથિની ટીપ્પણામાં વૃદ્ધિ હોય ત્યારે બે તેરશો આદિ કરવાનું જૈન શાસ્ત્રકારોનું વિધાન છે કે કેમ ?

૭. પર્વતિથિઓ કઇ કઈ ગણાય છે ? અને તેમાં કઈ કઇ પર્વતિથિઓની આરાધના કોને કોને માટે અને કઇ રીતિએ ફરજીઆત છે અને કઇ કઇ પર્વતિથિઓની આરાધના મરજીઆત છે ?

૮. ભોગવાળી ઉદયવાળી સમાપ્તિવાળી કે કોઈપણ યોગવાળી તિથિને લેવામાં ઉત્સર્ગ અપવાદ અને વ્યવસ્થાવિશેષ છે કે કેમ ?

૯. **'क्षये पूर्वा तिथिः कार्या, वृद्धौ कार्या तथोत्तरा'** આવો શ્રી ઉમાસ્વાતિવાચકના નામે તપાગચ્છવાળાએ માનેલો પ્રઘોષ વિધાયક છે કે નિયામક છે ? અને તે વિધિ કે નિયમ અગર ઉભય આરાધનાની તિથિના માટે છે કે આરાધનાના માટે છે ?

પાલીતાણા,
સં. ૧૯૯૯ માગશર સુદ ૨ બુધવાર
તા. ૯-૧૨-૪૨

આનન્દસાગર સહિ દઃ પોતે.

श्री गौतमस्वामिने नमः ॥

## ટીપ્પણામાં પર્વતિથિની હાનિવૃદ્ધિ આવે ત્યારે પૂર્વ કે પૂર્વતર અપર્વ તિથિની હાનિ વૃદ્ધિ જે દેવસુર સંઘ કરે છે તેના

# મુદ્દાઓનું નિરૂપણ

૧ અવિચ્છિન્ન પ્રભાવશાલી ભગવાન શ્રી મહાવીર મહારાજના શાસનમાં વર્ત્તમાનમાં શ્રી જૈનમૂર્તિપૂજક શ્વેતામ્બર સંપ્રદાયમાં મોટા એવા શ્રી તપગચ્છમાં વર્ત્તમાન ચારે પ્રકારના શ્રી સંઘનો સમુદાય આ. શ્રીદેવસૂરિજી મહારાજની પરંપરાને આચરનારો હોઇને તે દરેકને શ્રીદેવસૂરગચ્છવાળા કહેવામાં આવે છે.

તે ગચ્છમાં વિ. સં. ૧૯૯૧ સુધી અખંડપણે ટીપ્પણાની પર્વતિથિના ક્ષયે તેનાથી પૂર્વની કે પૂર્વતરની અપર્વતિથિનો ક્ષય કરવામાં આવતો હતો અને પર્વતિથિની વૃદ્ધિ હોય તે વખતે પૂર્વ કે પૂર્વતર અપર્વતિથિની વૃદ્ધિ કરવામાં આવતી હતી.

ઉપર જણાવવામાં આવેલા શ્રીવિજયદેવસૂરિજી મહારાજ સં. ૧૭૧૩ લગભગમાં કાલધર્મ પામેલા હોવાથી તે સંપ્રદાય લગભગ ત્રણસો વર્ષથી અખંડપણે ચાલ્યો છે. પરંતુ સં. ૧૯૯૨થી તે સંપ્રદાયથી 'પર્વતિથિની હાનિ અને વૃદ્ધિના પ્રસંગમાં' જુદું કથન અને માન્યતા થવાથી સ્વલ્પ વર્ગ જુદો પડયો છે.

જૈનશાસ્ત્રના વચન પ્રમાણે જૈન આગમના અનુષ્ઠાનો કરવાના બે આધારો હોય છે. પહેલો આધાર આગમો, કે જે શ્રીગણધરઆદિ મહારાજાઓએ રચેલા છે. અને બીજો આધાર આચરણા, કે જેને શ્રીસ્થાનાંગસૂત્ર[1], શ્રીભગવતીજીસૂત્ર[2], અને શ્રીવ્યવહારસૂત્રમાં[3] જીત આચાર તરીકે જણાવવામાં આવેલ છે.

તે જીતઆચારમાં શ્રીજીતકલ્પભાષ્ય[4] અને શ્રીવ્યવહારભાષ્યમાં[5] એમ ખુલાસો કરવામાં આવ્યો છે કે-સંવિગ્નબહુશ્રુતોએ પ્રવર્ત્તાવેલો એક પેઢીનો આચાર. તેનું નામ **વૃત્ત** આચાર કહેવાય છે. અને બીજી પેઢીએ તેજ આચારને **અણુવૃત્ત** તરીકે કહેવાય. અને ત્રીજી પેઢીએ એ આચારને **जीतआचार** તરીકે કહેવાય.

આ જીતઆચારની શ્રી ધર્મરત્ન[6] પ્રકરણમાં એટલી બધી પ્રબળતા જણાવી છે કે-"આગમમાં જેમ ભાદરવા શુદિ પાંચમની સંવત્સરી, અને આષાઢ-કાર્ત્તિક તથા ફાલ્ગુન શુકલા પૂર્ણિમાની ચાતુર્માસી છતાં તેનાથી જુદી રીતે-જે દિવસે તે ભા. શુ. પાંચમનો કે આષાઢાદિ પૂર્ણિમાનો સૂર્યોદયસ્પર્શ-તે તે તિથિનો ભોગ કે તે તે તિથિની સમાપ્તિ, એ ત્રણેમાંથી કાંઇપણ ન હોય તોપણ તે-ભાદરવા શુદિ ચોથના દિવસે અને આષાઢાદિ ચતુર્દશીને અનુક્રમે સંવત્સરી અને ચાતુર્માસી તરીકે આચરેલી છે, તે આગમની માફકજ પ્રમાણિક ગણવી."

અર્થાત્ આગમથી જુદી રીતની પણ આચરણાને માર્ગને અનુસરવાવાળા સુવિહિતોએ પ્રમાણિક ગણવી જોઇએ.

વર્ત્તમાનમાં પર્વતિથિની હાનિ–વૃદ્ધિને અંગે જેઓએ જુદું કથન અને માન્યતા કરી છે તેઓના ચોથી પેઢીના ગુરૂ. કે જેઓ આ. શ્રીઆત્મારામજી (વિજયાનંદસૂરિ)ના નામથી પ્રસિદ્ધ છે, અને જેઓ સ્વરચિત જૈન તત્ત્વાદર્શ નામના પુસ્તકમાં પોતાને આ. શ્રી વિજયદેવસૂરિજી મહારાજની પાટપરંપરાવાળા જણાવે છે—

તેઓએ અને તેઓની ઉત્તરોત્તર ચાર પેઢીવાળાઓએ પણ ટીપ્પણામાંની પર્વતિથિની હાનિ–વૃદ્ધિના પ્રસંગે આરાધના માટે તેનાથી પૂર્વ કે પૂર્વતર અપર્વતિથિની 'સદીઓથી થતી આવતી' હાનિ-વૃદ્ધિજ કરી છે.

અને તેથી એ રીતિ, 'વર્ત્તમાનમાં તે આ. શ્રીઆત્મારામજી મહારાજની ચોથી પેઢીએ થયેલા' ફેરવનારાઓને એ જુની આચરણા જીત વ્યવહાર તરીકે કબુલ કરવા લાયકજ છે.

નોટ:–આગમ–પંચાંગી અને બીજાં પણ શાસ્ત્રોના અનેક પુરાવાઓથી આરાધનામાં પર્વતિથિની હાનિ વૃદ્ધિ ન થાય, એ વિગેરે હકીકત આગળ સાબીત કરી બતાવવામાં આવશે. છતાં અત્ર જે આ જીતઆચારના આધારે જણાવવામાં આવ્યું છે તે એટલાજ માટે કે–કોઈ અન્યપક્ષ, અન્યમત કે અન્યગચ્છવાળાઓ તરફથી કદાચ કંઈપણ જુદું લખાણ રજુ કરાય તોપણ આ જીતઆચારની રીતિને બાધ આવી શકે નહિં.

૨ શ્રીસૂર્યપ્રજ્ઞપ્તિવૃત્તિ[૮], શ્રીજ્યોતિષ્કરણ્ડકવૃત્તિ[૯] અને શ્રીલોકપ્રકાશ[૧૦]માં જે દિવસે સૂર્યોદયની વખતે ૬૨ અંશ જેટલી પણ તિથિ હોય તો તે આખા દિવસને, 'કે જેમાં બીજી તિથિનો ૬૧/૬૨ અંશ જેટલો ભાગ દાખલ થયેલો હોય છે છતાં' તે ઉદયવાળી તિથિના નામેજ ઓળખવામાં આવે છે.

પંચાંગકારો પણ ઉદયને નહિં સ્પર્શવાવાળી તિથિનો ક્ષય ગણીને જે તિથિ ભોગવટામાં ઘણીજ વધારે ઘડીઓવાળી હોય છે છતાં પણ જો તે તિથિ સૂર્યોદયને નથી સ્પર્શતી તો તેનો ક્ષયજ જણાવે છે. અને તેથીજ નક્ષત્ર વિગેરેના કોઠાઓમાં ૦૦૦ મીંડાજ મેલે છે.

જેવી રીતે જૈનશાસ્ત્રકારો અને પંચાંગ કરનારાઓ તિથિનો લાંબો ભોગવટો છતાં પણ તેનો ક્ષય ગણીને આખો અહોરાત્ર સૂર્યોદયને સ્પર્શવાળી તિથિસંબંધીનોજ ગણે છે; તેવીજ રીતે વર્તમાન શ્રીદેવસૂરતપાગચ્છસંઘ પણ એક દિવસથી બીજા દિવસ સુધીના સૂર્યોદયને પહેલાં સ્પર્શનારી તિથિનેજ આખો દિવસ અહોરાત્રસંબંધીની તિથિ ગણે છે.

એટલે આરાધનામાં એક દિવસે બે તિથિ કે બે પર્વતિથિ કહેવી કે મા વી તે કોઈપણ પ્રકારે શાસ્ત્ર પંચાંગ અને સમાચારીથી સંગત નથી.

૩ શ્રીઆચારપ્રકલ્પચૂર્ણિ[૧૧] અને શ્રીઆચારદશાચૂર્ણિ[૧૨]ની અંદર યુગ–પાંચ વર્ષના અંતે આવતા બીજા આષાઢ માસની પૂર્ણિમાનો દિવસ ગણવાનું જણાવવામાં આવેલ છે. તે અધિકારમાં પોષ અને આષાઢ નામના બે માસનીજ વૃદ્ધિ, યુગના મધ્યમાં અને અંતમાં થતી હોવાનું જણાવેલ હોવાથી તે પ્રકરણ પ્રાચીન ગણિતને અનુસારે છે એમ સિદ્ધ થાય છે.

અને તે ગણિતમાં ૧૮૩૦ દિવસમાં ૧૮૬૦ તિથિનો સમાવેશ થતો હોવાથી દરેક ૬૧ મે દિવસે ૬૨મી તિથિનો ક્ષય ગણતાં ૧૮૬૦ મી આષાઢ શુદિ પૂર્ણિમા તિથિનો ક્ષયજ આવે છે. છતાં તે ક્ષીણ આષાઢ શુદિ પૂર્ણિમાના દિવસને ચૂર્ણિકારોએ પૂર્ણિમા તરીકે જણાવેલો છે.

અર્થાત્ નથી તો તે દિવસને ચતુર્દશી તરીકે જણાવ્યો, 'કે જે પર્વતિથિ હતી અને ઉદયવાળી હતી' તેમજ નથી તો 'ચતુર્દશી-પૂર્ણિમા' એકઠા કરવા તરીકે જણાવ્યો.

આથી સિદ્ધ છે કે પંચાંગમાંની પર્વતિથિના ક્ષયની વખતે પણ તે ક્ષીણ પર્વતિથિને તો આરાધના માટે અખંડજ રાખવી જોઈએ, એ વાત કોઈ પણ પ્રકારે અસંગત નથી.

૧૩

શ્રી તત્ત્વતરંગિણી ગ્રન્થ કે જે-અકબર બાદશાહને પ્રતિબોધ કરનાર શ્રીવિજયહીરસૂરીશ્વરજી મહારાજના ગુરૂ શ્રીવિજયદાનસૂરિજી મહારાજની વખતે અને તેઓશ્રીની આજ્ઞાથીજ લખાએલ છે તે ગ્રન્થમાં સ્પષ્ટ જણાવે છે કે-ટીપ્પણામાં પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તેનાથી પહેલાંની અપર્વતિથિનો વ્યપદેશ કરવોજ નહિં, પરંતુ તે દિવસે ક્ષય પામેલી એવી પણ પર્વતિથિનોજ વ્યપદેશ કરવો.

૪. ચંદ્રના ચાર-ગતિની અપેક્ષાએ કે સૂર્ય-ચંદ્રના અંતરની અપેક્ષાએ તિથિઓ લેવામાં આવે તે બંનેમાં કોઇપણ તિથિ, પર્વતિથિ કે પર્વાનન્તરરૂપ પર્વતિથિનો ક્ષય આવે નહિં, એમ કહી શકાય નહિં. જો કે-ચંદ્રચારની અપેક્ષાએ તે ક્ષય નિયમિત પક્ષમાં હોય છે પરંતુ ચંદ્રસૂર્યના અંતરની અપેક્ષાએ તિથિ લેતાં અનિયમિત રીતિએ કોઇપણ પક્ષમાં કોઇપણ તિથિનો ક્ષય આવે.

જ્યારે એકાકીની એવી પર્વતિથિનો ક્ષય ટીપ્પણામાં હોય ત્યારે શાસ્ત્રકારો તેની પહેલાંની અપર્વતિથિ કે જે ઉદયગત હોય છતાં તેનો વ્યપદેશ કરવાની ના કહે છે, એટલુંજ નહિં પરંતુ તે દિવસે જે ઉદય વિનાની પર્વતિથિ હોય તોપણ તે દિવસે તેનોજ વ્યપદેશ કરવો એમ જણાવે છે. તેમ જણાવીને શાસ્ત્રકારો પંચાંગમાં પર્વતિથિનો ક્ષય હોય તોપણ તે દિવસે તે ક્ષીણ પર્વતિથિના નામેજ કહેવાનું જણાવે છે.

કેમ કે શ્રીજૈનધર્મના પૌષધ અને ઉપવાસ આદિ જે અનુષ્ઠાનો, પર્વતિથિને અંગે નિયમિત પાળવાના છે તે મુખ્યતાએ અહોરાત્રની અખંડ મર્યાદાવાળાજ હોય છે, અને તેથી આખો અહોરાત્ર પર્વતિથિપણામાંજ લેવા માટે ઉદયવાળી એવી પણ પહેલાંની અપર્વતિથિનો વ્યપદેશ, વ્યવહાર કે સંજ્ઞા શાસ્ત્રકારોએ કાઢી નાંખી છે.

અને તેટલાજ માટે શ્રીઉમાસ્વાતિવાચકજીના **'क्षये पूर्वा तिथिः कार्या०'** એ પ્રઘોષ તરીકે ચાલી આવેલા શ્લોકના આદ્યપાદના આધારે શાસ્ત્રકારોએ પૂર્વની અપર્વતિથિની સંજ્ઞાનો અભાવ કરી ક્ષય પામેલી પર્વતિથિની સંજ્ઞા કાયમ કરી છે. જો હવે સ્વાભાવિક રીતિએ પર્વતિથિ ઉભી રાખવાને માટે તો ક્ષય પામેલી પર્વતિથિને પણ શાસ્ત્રકારો વ્યુચ્છિન્ન નહિં માનતાં તે પર્વતિથિને નવીન વિધાનથી પણ કાયમ કરે છે અને સ્થિર રાખે છે, તો પછી સીધી વાત છે કે-જે પર્વતિથિ પર્વતિથિથી પૂર્વની હોય અને તેના અનન્તરની પર્વતિથિના ક્ષયને લીધે એ **क्षये पूर्वा०**ના પ્રઘોષથી પૂર્વ પર્વતિથિનોજ જો ક્ષય-એટલે સંજ્ઞા અભાવ કે વ્યપદેશાભાવ થઈ જતો હોય તો તેવી પર્વતિથિને તો કોઇપણ પ્રકારે તે પર્વતિથિ તરીકે કાયમ સ્થાપ્યા સિવાય ચાલેજ નહિં.

અને તેથી **'यावत्संभवस्तावद्विधिः'** એ ન્યાયે **क्षये पूर्वा०**ના પ્રઘોષને તે સ્થળે બીજી વખત

પણ પ્રવર્ત્તાવવોજ પડે. જ્યારે એમજ કરવું આવશ્યક બને ત્યારે તે પૂર્વપર્વતિથિની સંજ્ઞા, તેનાથી પણ પહેલાંની અપર્વતિથિએ રાખવી પડે.

આવીરીતે જે જોડે આવેલી બે તિથિઓની સંજ્ઞાની અને આરાધનાની અખંડિતતાને માટે અકબર પાદશાહને પ્રતિબોધ કરનાર આ. શ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજ પોતાના હીરપ્રશ્ન નામના ગ્રંથમાં તપસંબંધીના કરેલા પ્રશ્નના ઉત્તરમાં પાંચમરૂપી પર્વતિથિના ક્ષયની વખતે તે પાંચમનો તપ (ટીપ્પણાંની) ચોથના દિવસે કરવાનું જણાવીને ટીપ્પણામાં આવતા પૂર્ણિમાના ક્ષયની વખતે પૂર્ણિમારૂપી પર્વતિથિના તપની આરાધના માટે (ટીપ્પણાંની) **'त्रयोदशीचतुर्दश्योः०'** એમ દ્વિવચન વાપરીને **क्षये पूर्वा०**ના વિધાનને તે સ્થળે ફરી પ્રવર્ત્તાવવાનું જણાવીને ટીપ્પણાંની તેરશે ચૌદશ અને ચૌદશે પૂર્ણિમાને કાયમ કરવાનું વિધાન જણાવે છે.

૧૫

વળી આ. શ્રીદેવસૂરિજીનો પટ્ટક શ્રીદેવસૂરસંઘમાં પૂર્ણિમા અને અમાવાસ્યા જેવી પર્વાનન્તર પર્વતિથિનો ટીપ્પણામાં જ્યારે ક્ષય આવ્યો હોય ત્યારે તેરશનો ક્ષય-'એટલે તેરશની સંજ્ઞાનો અભાવ' કરાતો હોવાનું જણાવે છે અને તે વાત કવિરાજશ્રી દીપવિજયજી મહારાજના સં. ૧૮૭૧

૧૬

ના પત્રના લેખથી પણ સાબીત થાય છે. તેઓ તેમના સ્પષ્ટ શબ્દથી જણાવે છે કે—અમાસ કે પૂર્ણિમા ત્રુટતી હોય ત્યારે શ્રીદેવસૂરતપાગચ્છવાળા તેરશનો ક્ષય કરે છે.

ઉપર જણાવેલ મુદ્દાઓથી વર્ત્તમાનમાં શ્રીદેવસૂરતપાગચ્છસંઘ, ટીપ્પણામાં પૂર્ણિમા કે અમાવાસ્યાનો ક્ષય હોય ત્યારે જે તેરશનો ક્ષય કરીને તેરશને દિવસે ચૌદશની સંજ્ઞા અને ચૌદશના દિવસે પૂર્ણિમા કે અમાવાસ્યાની સંજ્ઞા રાખે છે તે કોઈપણ પ્રકારે ગેરવ્યાજબી કે નિર્મૂળ નથી.

વર્ત્તમાન શ્રીદેવસૂરતપાગચ્છના મુખ્યનાયક

૧૭

શ્રીવિજયદેવસૂરિજી મહારાજના પોતાના પટ્ટકમાંના સ્પષ્ટ શબ્દોથી જણાય છે કે-પૂર્ણિમા (કે અમાવાસ્યા) ની જ્યારે ટીપ્પણામાં વૃદ્ધિ હોય ત્યારે ગુરૂને માનનારા અને સરળ મનુષ્યોએ બે તેરસોજ કરવી જોઈએ. અર્થાત્ ઉદયગત ચતુર્દશીને ઠેકાણે બીજી તેરશ લાવીને પહેલી પૂર્ણિમા (કે અમાવાસ્યા) ને દિવસે ચતુર્દશી કરવી. આ વસ્તુઓ જણાવનાર શ્રી દેવસૂરિજી મહારાજનો પટ્ટક '૧૮૯૫માં લખાયેલી પ્રત ઉપરથી' છપાયેલો છે, છતાં તેનાથી જુની પ્રત પણ મળે છે. એટલે શ્રીદેવસૂરતપાગચ્છશ્રી સંઘમાં સકળ સંઘ અખંડપણે પૂર્ણિમા (કે અમાવાસ્યા)ના જોડીયા પર્વને સાથે ઉભા રાખવા તેરસનીજ વૃદ્ધિ કરે છે.

આ પૂર્ણિમા (કે અમાવાસ્યા) ની હાનિ અને વૃદ્ધિની જગો ઉપર બંને પર્વતિથિનું અખંડપણું અને અનન્તરપણું જાળવવાની એ પણ જરૂર છે કે-"શ્રાવકોની 'પૌષધ' નામની

૧૮ ૧૯

પડિમાને અંગે શ્રીપ્રવચનસારોદ્ધાર, આચારમય

૨૦

સામાચારી અને શ્રીસેનપ્રશ્નમાં મુખ્યત્વે તે બંને દિવસોના લાગટ બે ઉપવાસરૂપી છઠ્ઠ કરવાનું જે વિધાન જણાવેલું છે તે વિધાન, 'એવા વખતે તેરસનો ક્ષય કે બે તેરસો કરવામાં ન આવે તો' જાળવવાનું બની શકેજ નહિં."

વળી ખરતરગચ્છના ગુણવિજય નામના
૨૧
મહાશયે સં. ૧૬૬૫માં કરેલો 'ઉત્સૂત્રખંડન' નામનો ગ્રન્થ કે જે મુદ્રિત છે, અને જેની મૂળ પ્રતિ પણ સુરતના ખરતરોના શ્રીજિનદત્તજ્ઞાન-ભંડારમાં ૧૬૬૫ની એટલે કે મૂળકર્ત્તાની હોવાનું જણાવેલું છે, તે ગ્રન્થમાં જણાવે છે કે-"તપાગચ્છવાળાઓ વડે વૃદ્ધિમાં એટલે પહેલી પુનમ [કે અમાવાસ્યા] ચતુર્દ્દશીનું પાક્ષિક પ્રતિક્રમણ કરાય છે, આ શું ?"

અર્થાત્ ૧૬૬૫ના વર્ષે પણ શ્રીતપાગચ્છવાળાઓ ટીપ્પણાની પૂર્ણિમા (કે અમાવાસ્યા)ની વૃદ્ધિની વખતે વૃદ્ધિતિથિ જે પહેલી પૂર્ણિમા (કે પહેલી અમાવાસ્યા) કહેવાય, તેજ દિવસે ચતુર્દ્દશીનું પક્ખીપર્વ કરતા હતા. એટલે કે ચતુર્દ્દશીરૂપી પર્વની અનન્તર એવી પૂર્ણિમા [કે અમાવાસ્યા] જેવી પર્વાનન્તર પર્વતિથિની હાનિ-વૃદ્ધિ થાય ત્યારે જે વર્ત્તમાન શ્રીદેવસૂર-તપાગચ્છ સમગ્રપણે તેરશની હાનિ-વૃદ્ધિ કરે છે તે ગેરવ્યાજબી કે નિર્મૂળ નથી.

૨૨
૫ શ્રીવિચારસારપ્રકરણના કર્ત્તા આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિજી કે જે શ્રીવિધિકૌમુદી નામના ગ્રન્થના કર્ત્તા આચાર્યશ્રી રત્નશેખરસૂરિજીથી પણ પહેલાં થયેલા છે, તેમજ જેમના ગ્રન્થની શ્રીરત્નશેખરસૂરિજી સાક્ષી આપે છે, તેઓ શ્રીવિચારસારપ્રકરણમાં પચ્ચક્ખાણ-પૂજા વિગેરેને માટે અષ્ટમી વિગેરે પર્વતિથિઓ ઉદયવાળી લેવાનું કહે છે.

તેમજ શ્રીરત્નશેખરસૂરિજી પોતાના વિધિ-
૨૩
કૌમુદી નામના **तिथिश्च०** એમ કહીને પર્વતિથિની આરાધના માટે પર્વતિથિનું પ્રકરણ શરૂ કરતાં **प्रातः प्रत्याख्यानवेलायां या स्यात् सा प्रमाणं** એમ કહેવાવડે પ્રત્યાખ્યાન [ના આરંભ]ના વખતથી-એટલે સૂર્યોદયથી તિથિની શરૂઆત હોવાનું જણાવે છે.

૨૪
વળી શ્રીતત્ત્વતરંગિણીમાં સાક્ષી તરીકે આપેલી એ ગાથાઓ કે જે તત્ત્વતરંગિણીકારના સમય કરતાં પણ પહેલાંની છે. તે ગાથામાં પણ સૂર્યના ઉદયને પામનારી તિથિને પ્રમાણ જણાવે છે-એટલે એ બધા લેખોથી નક્કી થાય છે કે-[પર્વતિથિની હાનિ-વૃદ્ધિના પ્રસંગ સિવાય] પર્વતિથિની શરૂઆત, સૂર્યના ઉદયથીજ આરંભાય. એટલે પર્વતિથિની શરૂઆત જેમ સૂર્યના ઉદયથીજ થાય, તેમ તેની સમાપ્તિ પણ 'અન્ય સૂર્યોદયથી અન્યતિથિની શરૂઆત થાય' ત્યારે જ થાય.

પર્વતિથિની કે પર્વાનન્તર પર્વતિથિની-ટીપ્પણામાં હાનિ-વૃદ્ધિ હોય તે વખતે સૂર્યોદયનો ઉત્સર્ગ માર્ગ અપોહિત છે. એ વાત ઉપરના ચોથા (ઈસ્યુ ઉપર લખાયેલા ચોથા) મુદ્દાથી સિદ્ધ કરાઈ છે. એટલે તે ઉપરથી તેની વ્યવસ્થા કરવાનું સમજી શકાય તેમ છે.

૬. આચાર્યશ્રી વિજયહીરસૂરિજી મહારાજ અને આચાર્ય શ્રીવિજયસેનસૂરિજી મહારાજ અષ્ટમી,

**એકાદશી**, પૂર્ણિમા કે અમાવાસ્યાની વૃદ્ધિ વખતે 'જો કે ટીપ્પણામાં પર્વતિથિની વૃદ્ધિ વખતે બંને દિવસ સૂર્યોદય હોય છે અને તેથી તે બંને પર્વતિથિઓ ઉદયવાળીજ હોઈને ઔદયિકી ગણાય છતાં' અનુક્રમે શ્રીહીરપ્રશ્ન[25]માં અને શ્રીસેનપ્રશ્ન[26]માં તે બંને પર્વતિથિઓને ઉદયવાળી-ઔદયિકી ન ગણતાં ટીપ્પણાંની બીજા દિવસની પર્વતિથિનેજ તત્સ્વરૂપે ઉદયવાળી-ઔદયિકી ગણે છે.

એટલે સ્પષ્ટ થાય છે કે-અષ્ટમી-એકાદશી કે પૂર્ણિમા-અમાવાસ્યાનો કારણભૂતઉદય, માત્ર બીજે દિવસેજ માન્યો હોવાથી તે તે પર્વતિથિના બીજા દિવસનેજ અષ્ટમી, એકાદશી કે પૂર્ણિમા, અમાવાસ્યાના કારણભૂત સૂર્યોદયવાળો કહી શકાય.

અર્થાત્ ટીપ્પણાંની પહેલી આઠમ-અગીઆરશ-પૂર્ણિમા કે અમાવાસ્યાએ તેની અપેક્ષાનો સૂર્યોદયજ શ્રીહીરસૂરિજી મહારાજે અને શ્રીસેનસૂરિજી મહારાજે ન માન્યો એટલુંજ નહિં પણ તે તે તિથિને તત્સ્વરૂપે ઔદયિકીજ ન ગણી.

વસ્તુસ્થિતિ આમજ છે તો ટીપ્પણાની તેવી પર્વતિથિની વૃદ્ધિ વખતે તે પહેલી તિથિના દિવસે ઉદયને આશ્રીને થતો અષ્ટમી આદિ કહેવાતો વ્યવહાર થઇ શકેજ કેમ? નજ થઇ શકે, અને જ્યારે અષ્ટમી આદિ પર્વતિથિની વૃદ્ધિ વખતે બે સપ્તમી કે બે દશમી આદિજ કરી દેવાય તો પછી પર્વાનન્તરપર્વથી પહેલાંની પર્વતિથિ, તે પણ પર્વરૂપજ હોવાથી તેની વૃદ્ધિ વખતે તેના પણ થતા બે ઉદયમાંથી બીજા ઉદયનેજ તે તિથિ માટે પ્રમાણભૂત ગણીને તેનેજ તે પર્વતિથિ તરીકે માની શકાય એ વાત કોઈ વાતે અસંગત નથી.

અને તેથી **'वृद्धौ कार्या तथोत्तरा'** એ શ્રી ઉમાસ્વાતિજીના વચનને **यावत्संभवस्तावद्विधिः** એ ન્યાય તે સ્થળે ફરીથી પણ લગાડવોજ પડે કે જેથી ઉદયની પણ વ્યવસ્થા બરાબર થાય.

૭. શ્રીઆવશ્યકચૂર્ણિ[27] અને શ્રીવ્યવહારવૃત્તિ[28]આદિમાં 'અષ્ટમી-ચતુર્દશી-ચતુર્માસી-સંવત્સરી અને જ્ઞાનપંચમીની પર્વતિથિએ સાધુઓ ઉપવાસ વિગેરે ન કરે તો પ્રાયશ્ચિત આવે' એમ જણાવે છે.

તેમજ શ્રીતત્ત્વાર્થસૂત્રની શ્રીહરિભદ્રસૂરિજીની[29] ટીકામાં તથા શ્રીસિદ્ધસેનસૂરિજીએ કરેલી ટીકામાંના[30] પાઠથી તેમજ શ્રીઆવશ્યકચૂર્ણિમાં[31] **नियमेन हविज्ज पोसहिओ** એ પાઠથી એ વાત સ્હેજે સમજાય તેવી છે કે-અષ્ટમી-ચતુર્દશી-ચતુર્માસી-સંવત્સરી અને પંચમી વિગેરે પર્વતિથિઓની આરાધના સાધુઓને માટે ફરજીયાત છે અને આઠમ-ચતુર્દશી-પૂર્ણિમા અને અમાવાસ્યાની આરાધના શ્રાવકોને માટે ફરજીયાત છે.

અને તેથીજ સંજ્ઞા નિયમિત કરવાની વખતે

[૩૨] તત્વતરંગિણીકારે **प्रायश्चित्तादिविधौ०** એમ કહીને તે ફરજીયાત આરાધનાવાળી નિયમનપર્વતિથિઓની સંજ્ઞાઓ ટીપ્પણાની હાનિ વખતે પણ કાયમ રાખવાનું જણાવ્યું છે.

જેવીરીતે ફરજીઆત તિથિને માટે તેવું વ્યપદેશ વિધાન છે, તેવીરીતે મરજીયાત પર્વતિથિઓ કે જે કલ્યાણક વિગેરેની તિથિઓ છે, તેમાં તેવો વ્યપદેશ ફેરવવાનો પ્રસંગ હોય તોપણ તેનો સ્પષ્ટ ઉલ્લેખ નથી.

૮. જૈનેતરશાસ્ત્રોમાં પર્વ અને તહેવારોને માનતાં કેટલીક તિથિઓ ઉદયવાળી, કેટલીક તિથિઓ પૂર્વાહ્ન વ્યાપ્તિવાળી, કેટલીક તિથિઓ અપરાહ્ન વ્યાપ્તિવાળી, કેટલીક તિથિઓ પ્રદોષ વ્યાપ્તિવાળી અને કેટલીક તિથિઓ નિશીથ (મધ્યરાત્રિ) ની વ્યાપ્તિવાળી લેવામાં આવે છે, પરંતુ જૈનદર્શનમાં સર્વતિથિઓ કે પર્વતિથિઓ માત્ર ઉદયની વ્યાપ્તિવાળીજ લેવાય છે.

કારણ કે—જૈનદર્શનમાં પર્વતિથિઓની આરાધના ઉપવાસ, આયંબિલ અને પૌષધ વિગેરે વ્રતનિયમોની અપેક્ષાએ હોય છે. અને તે દરેક વ્રત નિયમોની શરૂઆત સૂર્યના ઉદયકાળથી થાય છે, અને સમાપ્તિ પરતિથિના ઉદયકાળે થાય છે.

એટલે જૈનશાસનના પર્વો સૂર્યના ઉદયને સ્પર્શનારી તિથિને આધારેજ હોય છે. જૈન ગણિતમાં પણ સૂર્યોદયને નહિં સ્પર્શનારી તિથિ $\frac{૬૦}{૬૨}$ અંશ જેટલી હોય તોપણ તે ક્ષીણ અને પતિત તિથિ ગણાય છે અને માત્ર $\frac{૧}{૬૨}$ અંશ તિથિ પણ જો સૂર્યોદયને સ્પર્શનારી હોય તો તે આખો દિવસ તે તિથિજ ગણાય છે.

[૩૩] તેમજ શ્રીવિચારસારપ્રકરણ અને શ્રીવિધિ-[૩૪]કૌમુદી વિગેરે ગ્રન્થો પણ ઉદયવાળી તિથિમાંજ પર્વને લાયકનાં પચ્ચકખાણ વિગેરે કરવાનું જણાવે છે.

આરાધનામાં ઉદયવાળી તિથિ લેવી તે વિષે કોઇ પણ જાતનો મતભેદ નથી. પરંતુ ટીપ્પણામાં પર્વતિથિની હાનિ કે વૃદ્ધિ હોય ત્યારે તે ઉદયવાળી તિથિના ઉત્સર્ગમાર્ગને બાધ કરનારાં અપવાદવાકયો પણ જૈનશાસ્ત્રોમાં સ્થાને સ્થાને કહ્યાં છે.

શાસ્ત્રકારોનો સામાન્ય નિયમ છે કે—**पूर्वं तावदपवादा अभिनिविशन्ते पश्चादुत्सर्गाः'** એટલે કે અપવાદિક વિધાનની પ્રવૃત્તિ પહેલી કરી લેવી જોઇએ. અને જ્યાં અપવાદિક પ્રવૃત્તિનો પ્રસંગ ન હોય ત્યાંજ ઉત્સર્ગની પ્રવૃત્તિ કરાય.

એ નિયમથી પર્વતિથિના ક્ષય અને વૃદ્ધિના પ્રસંગે તે ઉદયના ઉત્સર્ગ માર્ગને કોઇપણ પ્રકારે લાગુ કરી શકાય નહિં, પરંતુ શાસ્ત્રકારોએ જણાવેલો અપવાદજ લાગુ કરાય. તે અપવાદ એ છે કે—**'अवरविद्ध** [૩૫] **अवराविं०'** અર્થાત્ ક્ષીણપર્વતિથિથી વિંધાયેલી પર્વતિથિને પણ લેવી.

[૩૬] વળી શ્રીતત્ત્વતરંગિણીકાર પર્વતિથિના ક્ષયની વખતે પ્રાયશ્ચિત્તાદિવિધિમાં અપર્વતિથિના વ્યપદેશનો

પણ અભાવ જણાવીને તે દિવસે ચતુર્દશીઆદિપર્વનોજ વ્યપદેશ કરવાનું જણાવે છે. એટલે ટીપ્પણામાં પર્વતિથિ ઉદય વગરની બનીને ક્ષીણપર્વતિથિનોજ વ્યપદેશ પૂર્વઅપર્વતિથિના દિવસે 'તે પૂર્વતિથિ ઉદયવાળી હોય તોપણ તેને ખસેડીને કરવો.'

જેવીરીતે ટીપ્પણામાં આવતી પર્વતિથિના ક્ષયની વખતે ઉદયનો સિદ્ધાંત બાધિત થાય છે, તેવીજ રીતે પર્વતિથિની ટીપ્પણામાં આવતી વૃદ્ધિની વખતે પણ તે ઉદયનો સિદ્ધાંત બાધિત થાય છે કેમકે-ટીપ્પણામાં જ્યારે પણ પર્વતિથિની વૃદ્ધિ હોય છે ત્યારે તે બંને તિથિએ સૂર્યોદય હોય છે, છતાં તેની ઉત્તરની પર્વતિથિના સૂર્યોદયનેજ પ્રમાણિક ગણીને શ્રીહીરસૂરિજી[૩૭] અને[૩૮] શ્રીસેનસૂરિજી મહારાજ વિગેરે એ બીજી પર્વતિથિનેજ ઔદયિકી એટલે ઉદયવાળી ગણે છે.

અને તેથીજ ઉદયને આધારે થતો પર્વતિથિનો વ્યપદેશ બીજા દિવસેજ કરાય છે હીરસૂરિજીમહારાજના પ્રશ્નોત્તર[૩૯] ગ્રન્થમાં ટીપ્પણાની અમાવાસ્યાની વૃદ્ધિ છતાં ટીપ્પણાની બીજી અમાવાસ્યાને દિવસે આવતા કલ્પવાચનને 'દ્વિતીય અમાવાસ્યાનું કલ્પવાચન ન કહેતાં' નિર્વિશેષણપણે માત્ર 'અમાવાસ્યા'નુંજ કલ્પવાચન કહ્યું છે એટલે ઉદયનો સિદ્ધાંત પર્વતિથિની વૃદ્ધિ વખતે પણ અપોદિત છે; એટલુંજ નહિં પરંતુ બે પૂર્ણિમા કે બે અમાવાસ્યા ટીપ્પણામાં હોય ત્યારે ટીપ્પણાની તેરસ-ચૌદસે બે તેરસો ગણીને ટીપ્પણાની પહેલી પૂર્ણિમા કે અમાવાસ્યાએજ પક્ખી કરવાનું જણાવે છે. ટીપ્પણાની તેવી વૃદ્ધિ વખતે તેવીરીતે પક્ખી કરવાના અને બે તેરસ કરવાના ચાલુ વ્યવહારથી 'પર્વતિથિ પણ ત્યારેજ ઉદયવાળી વાસ્તવિક ગણાય કે જ્યારે તેની આગળના પર્વને પણ બાધા ન હોય,' એ વાત સ્પષ્ટ થાય છે.

આવીરીતે ટીપ્પણાની પર્વ કે પર્વાન્તર પર્વતિથિની હાનિ-વૃદ્ધિના પ્રસંગે ઉદયનો ઉત્સર્ગ માર્ગ અપોદિત છે. એજ રીતે શાસ્ત્રમાં જણાવાતો ભોગ અને સમાપ્તિનો વિષય પણ 'માત્ર અન્યગચ્છવાળાઓ ટીપ્પણાની પર્વતિથિની વૃદ્ધિમાં પહેલા દિવસની પર્વતિથિને પર્વતિથિ માનવા માગે છે અને ચતુર્દશીના ક્ષયે પૂર્ણિમાએ ચતુર્દશી કરવા માગે છે' તેના પ્રત્યાઘાત તરીકે છે.

સિવાય પર્વતિથિના વ્યવહારને માટે તો ટીપ્પણામાં ક્ષય-વૃદ્ધિનો પ્રસંગ ન હોય તો ઉદય ઉત્સર્ગ માર્ગ છે, અને ટીપ્પણાની પર્વ કે પર્વાનન્તર પર્વની હાનિ-વૃદ્ધિ વખતે પૂર્વ કે પૂર્વતર અપર્વતિથિની ક્ષય-વૃદ્ધિ કરવી, તે ઉત્સર્ગ કરતાં પહેલાં પ્રવર્ત્તવાવાળો એવો અપવાદ માર્ગ છે. એટલે ઉદયના નામે ટીપ્પણાની પૂર્વ કે પૂર્વાનન્તર પર્વતિથિની હાનિ-વૃદ્ધિએ પૂર્વ કે પૂર્વતર અપર્વતિથિની હાનવૃદ્ધિનો વ્યવહાર અબાધિત છે, અને તેને ઉદય-ભોગ કે સમાપ્તિનું પણ વિધાન બાધક થઇ શકતું નથી.

શ્રીજૈનશાસનમાં સાધુઓને માટે અષ્ટમીઆદિતિથિઓ અને શ્રાવકો માટે ચતુષ્પર્વી (આઠમ, ચૌદશ, પૂર્ણિમા અને અમાવાસ્યા)ની તિથિઓ ફરજીઆતપણે ઉપવાસઅને પૌષધાદિકથી આરાધવાની છે. એટલે તેને તિથિઓ આરાધનાનું નિમિત્ત છે અને તે તે તિથિઓ પણ નિયમિત આરાધનીય છે. તેથીજ શાસ્ત્રકારોને તે પર્વતિથિઓનો ક્ષય તેમજ વૃદ્ધિ એ બંનેમાંથી એકેય અપ્રાયશ્ચિત્તમાં પ્રાયશ્ચિત્ત કે પ્રાયશ્ચિતમાં અપ્રાયશ્ચિતની માફક કરવા યોગ્ય જણાયા નહિં.

સામાન્યરીતે નિમિત્તનો અભાવ હોય તો જેમ નૈમિત્તિક-કાર્યોનો અભાવ થઈ જાય છે અને નિમિત્તની વૃદ્ધિ હોય તો કાર્યોની પણ વૃદ્ધિ થાય છે તેવી રીતે અહિં ટીપ્પણામાં પર્વતિથિના ક્ષય અને વૃધ્ધિ આવવાથી આરાધનારૂપ કાર્યોનો અભાવ કે અધિકતા ન થાય, માટેજ શાસ્ત્રકારોને પર્વતિથિની વ્યવસ્થા કરવાની જરૂર જણાઈ છે.

જો કે આરાધનાની સ્વતંત્ર અધિકતા હોય એ જુદી વાત છે પરંતુ નિમિત્તક આરાધનાની અધિકતા શાસ્ત્રકારોને ઇષ્ટ ન હોય એ સ્વાભાવિક છે અને તેથી શ્રીતત્ત્વાર્થવૃત્તિ[૪૦] વિગેરેમાં પૌષધ માટે નિયમ અનિયમ જણાવવામાં આવ્યા છે.

ઉપરની હકીકતથી જ્યારે પર્વની સંખ્યા ન્યૂન કે અધિક કરવી ઇષ્ટ નથી ત્યારે ટીપ્પણામાં આવતી તેની હાનિ કે વૃદ્ધિને અંગે થતી ન્યૂનાધિકતા વખતે શાસ્ત્રકારોએ વ્યવસ્થા કરવીજ જોઇએ, અને તેજ વ્યવસ્થા માટે **क्षये पूर्वा तिथिः कार्या, वृद्धौ कार्या तथोत्तरा** એવો શ્રીઉમાસ્વાતિવાચકજીનો પ્રઘોષ જાહેર થયેલો છે.

આ પ્રઘોષ **તિથિશ્ચ૦** પ્રકરણમાં હોવાથી તિથિનો વિધાયક અને નિયામક છે. અને તેથી ટીપ્પણામાં જ્યારે પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તે પ્રઘોષથી તે પર્વ તિથિપણે પહેલાંની તિથિ કરવી એમ કહીને અપ્રાપ્ત પર્વતિથિનું વિધાન કરવાવડે એ પાઠ વિધાયક થાય છે.

અને તેવીજ રીતે ટીપ્પણામાં પર્વતિથિની વૃદ્ધિ હોય ત્યારે ટીપ્પણાની અપેક્ષાએ બંને દિવસ તિથિપણું આવવાથી પ્રઘોષના બીજા પાદરૂપ બીજો પાઠ, નિયમ કરીને જણાવે છે કે-પર્વતિથિપણે ઉત્તરની તિથિજ કરવી કે લેવી, અર્થાત્ ટીપ્પણાની અપેક્ષાએ ઉભયમાંજ રહેતું અષ્ટમી આદિ પર્વતિથિપણું હતું તેને **वृद्धौ कार्या तथोत्तरा**ના વાકયથીજ નિયમિત કરીને એ પ્રઘોષથી પહેલી તિથિમાંથી અષ્ટમી આદિપણું કાઢી નાંખ્યું અને ટીપ્પણાની બીજી તિથિમાંજ પર્વતિથિપણું રાખ્યું.

એકાકી પર્વની હાનિ-વૃદ્ધિ પ્રસંગે જેમ આ વિધાયક અને નિયામક વાકયો પ્રવર્તે છે, તેવીજ રીતે પર્વાનન્તર પર્વની તિથિના ક્ષય-વૃદ્ધિ પ્રસંગે તે વાકયનું નિમિત્ત **'यस्य तु विधेर्निमित्तमस्ति'** એ નિયમથી પર્વતિથિની ન્યૂનાધિકતા ટાળવા માટે અને નિરંતરતા રાખવા માટે ફરી પણ તે વાકયોની પ્રવૃત્તિઓ કરવી પડે છે. અને તેથીજ શ્રી દેવસૂર તપાગચ્છમાં સદીઓથી ચાલતો આવેલો "ટીપ્પણાની પર્વ કે પર્વાનન્તર તિથિના હાનિ-વૃદ્ધિના પ્રસંગે પૂર્વ કે પૂર્વતર અપર્વ તિથિની હાનિ-વૃદ્ધિ કરવાનો" રીવાજ શાસ્ત્રને અનુસરતો અને ઘણોજ વ્યાજબી છે.

પાલીતાણા,<br>સં. ૧૯૯૯ માગશર સુદ ૬<br>તા. ૧૪-૧૨-૪૨, રવીવાર } આનન્દસાગર હ પોતે

## લૌકિક પંચાંગમાં પર્વ કે પર્વાન્તર તિથિની હાનિ-વૃદ્ધિ હોય ત્યારે પૂર્વ કે પૂર્વતર અપર્વતિથિની હાનિ વૃદ્ધિ કરવાને લગતાં

# સયુક્તિક શાસ્ત્રીય પુરાવા

**१. श्रीस्थानंग सूत्रं पत्र ३१७ सूत्रं ४२१**

**पंचविहे ववहारे पन्नत्ते, तं जहा, आगमे सुत्ते आणा धारणा जीए। जहा से तत्थ आगमे सिता आगमेणं ववहारं पट्ठवेज्जा, णो से तत्थ आगमे सिया जहा से तत्थ सूते सिता सुतेणं ववहारं पट्ठवेज्जा, णो से तत्थ सुते सिता एवं जाव जहा से तत्थ जीए सिया जीतेणं ववहारं पट्ठवेज्जा, इच्चेतेहिं पंचहिं ववहारं पट्ठवेज्जा आगमेणं जाव जीतेणं, जधा२से तत्थ आगमे जाव जीते तहा२ववहारं पट्ठवेज्जा, से किमाहु भंते ? आगम बलिया समणा निगंथा इच्चेतं पंचविधं ववहारं जता जता जहिं जहिं तया तया तहिं तहिं अणिस्सितो वस्सितं सम्मं ववहरमाणे समणे णिग्गंथे आणाते आराधते भवति (सू. ४२१)**

અર્થ:—પાંચ પ્રકારનો વ્યવહાર કહેલો છે તે આ પ્રમાણે ૧. આગમ, ૨. શ્રુત, ૩. આજ્ઞા, ૪. ધારણા, અને ૫. જીત. જો વ્યવહાર કરનારને આગમ હોય તો આગમથી વ્યવહાર કરવો. જો આગમ ન હોય અને જેવી રીતે તેને શ્રુત હોય તો તેણે શ્રુતે કરીને વ્યવહાર કરવો. જો તેને શ્રુત ન હોય એવી રીતે યાવત્ ત્યાં જીત હોય તો જીતે કરી વ્યવહાર કરવો એ પાંચે કરીને વ્યવહાર કરવો. આગમે કરીને યાવત્ જીતે કરીને જેમ જેમ ત્યાં આગમ હોય યાવત્ જીત હોય તેમ તેમ વ્યવહાર કરવો. (શિષ્ય પ્રશ્ન કરે છે કે)—હે ભગવાન્ એ શું ? (ઉત્તર દે છે) કે—શ્રમણ નિર્ગ્રંથો આગમથી બળવાળા હોય છે એવી રીતે પાંચ પ્રકારના વ્યવહારને જ્યારે જ્યારે જ્યાં જ્યાં (હોય) ત્યારે ત્યારે ત્યાં ત્યાં રાગદ્વેષ રહિતપણે સમ્યગ્ વ્યવહાર કરતો શ્રમણ નિર્ગ્રંથ આજ્ઞાનો આરાધક થાય છે.

**२. श्रीभगवतीजी पत्र ३८३ सूत्र ३३९–**

**कइविहे णं भंते ! ववहारे पन्नत्ते ?, गोयमा ! पंचविहे ववहारे पन्नत्ते, तं जहा–आगमे–सुत्ते आणा धारणा जीए, ( शेषं स्थानांगवत् )**

અર્થ:—હે ભગવાન ! વ્યવહાર કેટલા પ્રકારનો કહેલો છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારનો વ્યવહાર કહેલો છે. તે આ પ્રમાણે (બાકીનું વિવેચન સ્થાનાંગસૂત્રના ઉપર આપેલા પાઠની જેમ.)

**३. श्रीव्यवहारसूत्र उद्देश–१० सूत्र–२ पत्र ३३**

**पंचविहे ववहारे पन्नत्ते तं जहा–आगमे सुये आणा धारणा जीए ।**

અર્થ:—વ્યવહાર પાંચ પ્રકારનો કહેલો છે તે આ પ્રમાણે આગમ શ્રુત આજ્ઞા ધારણા અને જીત—

૪. श्रीजीतकल्पभाष्य गाथा ६७५ पत्र ५९

वत्तणुवत्तपवत्तो, बहुसो आसेवितो महाणेणं। एसो उ जीतकप्पो, पंचमओ होति ववहारो ॥६७५॥

અર્થ:—वृत्त (એક પેઢીએ ચાલેલો) अणुवृत्त (બે પેઢીએ ચાલેલો)

प्रवृत्त (ત્રણ પેઢીએ ચાલેલો) અને મહાપુરૂષોએ અનેકવાર આચરેલો (જે રિવાજ) તે જીતકલ્પવ્યવહાર કહેવાય છે.

૫. व्यवहारभाष्य उद्देश १० मुद्रित गाथा ६९३ (ઉપર પ્રમાણે)

६. श्रीधर्मरत्नप्रकरण गाथा ८१-८२-८३ पत्र ५८

अन्नह भणियंपि सुए किंचि कालाइकारणावेक्खं। आइन्नमन्नह चिय दीसइ संविग्गगीएहिं ॥८१॥
कप्पाणं पाउरणं अग्गोयरचाय झोलिया भिक्खा। ओवग्गहिय कडाहयतुंबयमुहदाणदोराई ॥८२॥
सिक्किगनिक्खिवणाई पज्जोसवणाइतिहिपरावत्तो। भोयणविहिअन्नत्तं एमाइ विविहमन्नंपि ॥८३॥

અર્થ:—શાસ્ત્રોમાં કોઈક વસ્તુ બીજી રીતે કહી હોય છતાં કાલાદિક કારણોની અપેક્ષાએ ગીતાર્થોએ બીજી રીતેજ આચરેલી દેખાય છે. ૮૧.

કપડાનું ઓઢવું, ચોલપટ્ટાનું પલટવું, ઝોળીને ગાંઠ દેવી અને ઔપગ્રહિક કડાહ-તુંબડાનું મોઢું કરવું તેમજ દોરો વિગેરે. ૮૨.

શીકું બાંધવું-પજુસણાદિતિથિની પરાવૃત્તિ (પજુસણની તિથિ ભાદરવા સુદી પાંચમની હતી તે પલટીને ચોથની કરી ચોમાસીની તિથિ પુનમની હતી તે પલટીને ચતુર્દશીની કરી અને કેટલાકના મત પ્રમાણે પક્ખી પૂર્ણિમાની હતી તે ચતુર્દશીની કરી) ભોજન વિધિનું અન્યથાપણું એ વિગેરે અનેક પ્રકારનું બીજું પણ આચર્યું છે.

(એ આગમો અને આચરણાથી અવિરૂદ્ધ ક્રિયા કરવી, તેનું નામજ માર્ગ છે.)

७. जैन तत्त्वादर्श १९९२ની આવૃત્તિ पृष्ट १३९.

૬૦ શ્રી વિજયસેનસૂરિ પટ્ટે શ્રી વિજય દેવસૂરિ હુવે પૃષ્ઠ ૧૪૨ તીનકા શિષ્ય મુનિબુદ્ધિ-વિજયગણિ તીનકા શિષ્ય પંડિત મુક્તિવિજયગણી તીનોકે હાથકા દીક્ષિત લઘુગુરૂભ્રાતા ઈસિ જૈન તત્ત્વાદર્શગ્રંથકે લીખનેવાળા મુનિ આત્મારામ (આનંદ વિજય) નામક હૈ.

८. सूर्यप्रज्ञप्ति पत्रांक २१७—

एकषष्टितमोऽहोरात्रस्तस्मिन्नेकषष्टितमा द्वाषष्टितमा च तिथिर्निधनमुपगतेति द्वाषष्टितमा तिथिर्लोके पतितेति व्यवह्रियते, उक्तं च-'एक्कंमि अहोरत्ते दोवि तिही जत्थ निहणमेज्जासु। सोत्थ तिही परिहायइ '

અર્થ:—એકસઠમો જે દિવસ, તેમાં એકસઠમી અને બાસઠમી તિથિઓ પૂરી થાય તેથી બાસઠમી તિથિ લોકમાં ક્ષય પામેલી, એમ કહેવાય છે કહ્યું છે કે એકજ દિવસમાં બન્ને પણુ તિથિઓ પૂરી થાય તો તે (બીજી) તિથિ ક્ષય પામે છે.

(એકસઠમી તિથિ (દરેક) $\frac{61}{62}$ અંશ જેટલીજ હોય છે. અને બાસઠમી તિથિ કે જેને ક્ષીણુ ગણુવામાં આવે છે તે $\frac{60}{62}$ અંશ જેટલી હોય છે.)

९. ज्योतिष्करण्डक पत्रांक ६५—

**एवं च सति य एवैकषष्टितमोऽहोरात्रस्तस्मिन्नेकषष्टितमाद्वाषष्टितमा च तिथिर्निधनमुपगतेति द्वाषष्टितमा तिथिर्लोके पतितेति व्यवह्रियते।** ( અર્થ ઉપર પ્રમાણે )

**१०. लोकप्रकाश पत्र ३९८ तथा** ४०० માં પણુ ઉપર પ્રમાણેજ છે.

**११. आचारप्रकल्पचूर्णि–उद्देशो १०–**

**'अभिवड्ढित संवच्छरे जत्थ अहिअमासो पडति तो आसाढपुण्णिमाओ वीसतिराते गते भणति–ठिया मोत्ति**

અર્થ:—જે વર્ષમાં અધિક મહિનો હોય તે વર્ષને અભિવર્ધિત સંવત્સર કહેવામાં આવે છે. અને પ્રાચીન જ્યોતિષ ગણિત પ્રમાણે યુગના મધ્યમાં પોષ માસની અને યુગના અંતમાં આષાઢ માસની વૃદ્ધિ હોય છે. તેમજ પ્રાચીન ગણિત પ્રમાણે યુગના અંતના બીજા આષાઢની પૂર્ણિમાનો ક્ષય હોય છે. **'सूर्यप्रज्ञप्ति पत्र २१९ चतुर्दश्यां पंचदशी एक षष्टितमे' ज्योतिषकरण्डके पत्र ६८ चतुर्दश्यां पंचदशी एक षष्टितमे,** વિગેરે પાઠોથી સ્પષ્ટ છે કે—યુગના ઉત્તરાર્ધના એકસઠ પખવાડીયા ગયા પછી અર્થાત્ બાસઠમે પખવાડીયે એટલે અષાઢ શુદિ ૧૪ ચતુર્દશીના દિવસે-'પૂર્ણિમા પતિત એટલે ક્ષીણુ હોય છે. છતાં કહે છે કે અભિવર્દ્ધિત સંવત્સર કે જ્યાં અધિક માસ હોય છે, (જો તેમ હોય) તો આષાઢી પૂર્ણિમાથી વીશ દિવસ ગયા પછી કહે કે અમે રહ્યા છીએ.

(શ્રી જૈન આગમમાં તે યુગનો હિસાબ એક સરખોજ અવિચ્છિન્નપણે ચાલેલો છે. યુગની આદિ જ્યાંથી થાય છે ત્યાંથીજ વર્ષની આદિ થાય છે. પાંચ વર્ષના કાલ માનનું નામ યુગ છે. શાસ્ત્રીય શ્રાવણુ વદી ૧થી ગણુાય છે. યુગની આ આદિથી દર એકસઠમે દિવસે બાસઠમી તિથિનો (દરેક તિથિ $\frac{61}{62}$ અંશ માનજ હોવાથી) ક્ષયજ થાય છે. અને તેથી દર બાર માસે–વર્ષે–છ તિથિનો અને પાંચ વર્ષના યુગને અન્તે જે જે માસની કુલ્લે ત્રીશ તિથિનો ક્ષય થાય છે તેની સમજ આની નિચે દર્શાવેલા કોઠામાં આપવામાં આવે છે.

(દર યુગે બે માસની વૃદ્ધિ થાય છે તે પણ કોઠા ઉપરથી સમજાશે)

શ્રાવણ વદિ ૧ના યુગની શરૂઆતના દીનથી દર એકસઠમે દિવસે આવતી ક્ષય તિથિનો કોઠો.

| પ્રથમ વર્ષ | દ્વિતીય વર્ષ | તૃતીય વર્ષ | ચતુર્થ વર્ષ | પંચમ વર્ષ |
|---|---|---|---|---|
| આશો વદિ ૨ | આશો વદિ ૧૪ | આશો શુદિ ૧૧ | આશો વદિ ૮ | આશો શુદિ ૫ |
| માગસર વદિ ૪ | માગસર શુદિ ૧ | માગસર શુદિ ૧૩ | માગસર વદિ ૧૦ | માગશર શુદિ ૭ |
| માહ વદિ ૬ | માહ શુદિ ૩ | બીજો પોષ શુ. ૧૫ 'યુગાર્દ્ધ', | માહ વદિ ૧૨ | માહ શુદિ ૯ |
| ચૈત્ર વદિ ૮ | ચૈત્ર શુદિ ૫ | ચૈત્ર વદિ ૨ | ચૈત્ર વદિ ૧૪ | ચૈત્ર શુદિ ૧૧ |
| જેઠ વદિ ૧૦ | જેઠ શુદિ ૭ | જેઠ વદિ ૪ | જેઠ શુદિ ૧ | જેઠ શુદિ ૧૩ |
| શ્રાવણ વદિ ૧૨ | શ્રાવણ શુદિ ૯ | શ્રાવણ વદિ ૬ | શ્રાવણ શુદિ ૩ | બીજા અષાડ શુદિ ૧૫ 'યુગાન્ત' |

૧૨. **श्रीआचारदशाचूर्णि अध्ययन** ૮ ઉપર પ્રમાણે.

૧૩. **श्रीतत्त्वतरंगिणी पृष्टः ३—**

**अ. 'नन्वौदयिकतिथिस्वीकारान्यतिथितिरस्कारप्रवणयोरावयोः कथं त्रयोदश्या अपि चतुर्दशीत्वेन स्वीकारो युक्त इति चेत् सत्यं तत्र त्रयोदशीति व्यपदेशस्याप्यसंभवात्, किन्तु प्रायश्चित्तादिविधौ चतुर्दश्येवेति व्यपदिश्यमानत्वात्'**

અર્થ:—'શંકાકાર કહે છે કે—ઉદયવાળી 'એટલે ઉદયને સ્પર્શવાવાળી' તિથિને અંગીકાર કરવાવામાં અને ઉદયને નહિં સ્પર્શવાવાળી તિથિને નહિંમાનવામાં આપણે બંનેય તત્પર છીએ; તો પછી 'ઉદય સ્પર્શવાવાળી એવી તેરસનો પણ ઉદયને નહિં સ્પર્શવાવાળી એવી તે દિવસે ચતુર્દશી છતાં તે ચતુર્દશીપણે સ્વીકારાય છે તે કેમ યોગ્ય ગણાય?

વાદિની એવી શંકાનાં સમાધાનમાં કહે છે કે—વાત સાચી છે, પરંતુ તેવા પ્રસંગે 'તેરશ ઉદયવાળી છતાં તે દિવસે, તેરસ એવા વ્યપદેશ (સંઘમાં ચાલતા વ્યવહાર) નો પણ અસંભવ હોવાથી (તે દિવસ તેરશજ નથી.) પરંતુ પ્રાયશ્ચિતાદિ (પ્રકારક) વિધાનોમાં (જો કે ઉદયને સ્પર્શવાવાળી ન હોવાથી ઔદયિકી નથી છતાં પણ તે દિવસે ચતુર્દશીનોજ વ્યપદેશ (વ્યવહાર) કરાતો હોવાથી 'ચતુર્દશીજ છે.'

**आ - पृष्ट ३. मुख्यतया चतुर्दश्या एव व्यपदेशो युक्त- इत्यभिप्रायेणोक्तत्वाद्वा, एतच्च त्वयाप्यंगीकृतमेव अन्यथाक्षीणाष्टमीकृत्यं सप्तम्यां क्रियमाणमष्टमीकृत्यव्यपदेशं न लभेत,**

અર્થ:—(યવાંકુર વ્યપદેશ ન્યાયે) મુખ્યપણું હોવાથી (ક્ષીણ ચતુર્દશીની વખતે ટીપ્પણાંની તેરસને દિવસે) ચતુર્દશીનોજ વ્યપદેશ (વ્યવહાર કરાય છે તે) યોગ્ય છે. અને એ વાત એટલે

પર્વતિથિના ક્ષયની વખતે તેનાથી પૂર્વની અપર્વ તિથિના દિવસે પર્વતિથિનોજ વ્યપદેશ કરવો તે તમે પણ માનેલુંજ છે. કેમકે એમ ન હોય તો (ટીપણામાં જણાવેલી) સાતમને દિવસે ક્ષય પામેલી અષ્ટમીનું કાર્ય કરતાં આઠમનું કાર્ય છે એવો વ્યપદેશ પામે નહિં.

**इ पृष्ट ४ आद्ये किं न क्षीणचतुर्दशीयुक्ता त्रयोदश्यपि ?**

જો ક્ષીણ એવી અષ્ટમીથી જોડાયલી ટીપ્પણાંની સપ્તમી એ ચતુષ્પર્વીમાં ગણાતી અષ્ટમીરૂપ છે તો પછી ક્ષીણ એવી ચતુર્દશીથી જોડાયલી એવી તેરશ પણ ચતુષ્પર્વીમાં ગણાતી ચતુર્દશીરૂપ એટલે ચતુર્દશીની સંજ્ઞાવાળી કેમ નહિં ? અર્થાત્ ક્ષીણ ચતુર્દશી જે દિવસે હોય તે આખા દિવસને ચતુદર્શીરૂપ પર્વતિથિ તરીકે માનવોજ જોઈએ.

**ई पृष्ट ५-यन्नष्टाप्यष्टमी परावृत्त्याभिमन्यते पाक्षिकेण किमपराद्धं ? यत्तस्य नामाऽपि न सह्यते ?**

અર્થઃ—ક્ષીણ પામેલી એવી પણ અષ્ટમી, ટીપ્પણાંની સપ્તમીને ખસેડીને પણ માનવામાં આવે છે, તો પાક્ષિક એટલે ચતુર્દશીએ શો અપરાધ કર્યો કે જેથી (તેરશને દિવસે ચૌદશ એવું) નામ પણ સહન થતું નથી ? અર્થાત્ અષ્ટમીના ક્ષયે સપ્તમીને અષ્ટમી માનો છો તો પછી તેરશને ચૌદશ કેમ માનતા નથી ?

**उ पृष्ट ७-कारणविशेषमन्तरेण तत्र त्रयोदशीति व्यपदेशशंकाऽपि न विधेया ॥**

અર્થઃ—તથાવિધ વિશિષ્ટ કારણ સિવાય તેમાં (ટીપ્પણાની તેરશના દિવસમાં) તેરશ છે એવા વ્યપદેશ એટલે વ્યવહારની શંકા પણ કરવી નહિં.

**ऊ पृष्ट ७-'न पुनर्बलवत्कार्यं विहाय स्वकार्यस्योपयोगिनी'**

અર્થઃ—તેવા પ્રકારના મુહૂર્ત્તાદિ બળવાન કાર્ય સિવાય (તે ટીપ્પણાની તેરશ) તેરશનાં કાર્યના ઉપયોગમાં આવી શકે નહિં.

**ऋ पृष्ट १५-ननु भो कालिकसूरिवचनाच्चतुदश्यामागमादेशाच्च पंचदश्यामपि चतुर्मासकं युक्तम्, त्रयोदश्यां तद्व्यपदेशाभावेन द्वयोरपि विराधकत्वात् श्रीमत एवैते दोषाः प्रत्यवसर्पन्ति, नास्मान् प्रतीति चेत्, अहो प्राक् प्रपंचावसरेऽङ्गुलीपिहितश्रोत्रपथ्यमवद्भवान् ? येनेत्थं निर्घोष्यमाणे अद्यापि त्रयोदशीमेव वदसि ? यद्वा—**

**"अरण्यरुदनं कृतं, शवशरीरमुद्वर्तितं, श्वपुच्छमवनामितं बधिरकर्णजापः कृतः । स्थले कमलारोपणं, सुचिरमूषरे वर्षणं, तदंधमुखमण्डनं यदबुधजने भाषणम् ॥" इति काव्यं कविभिर्भवन्तमेवाधिकृत्य विदधे ? यदेवमपि निरुपितं न स्मरसि ?**

અર્થઃ—શંકાકાર કહે છે કે—"શ્રી કાલિકાચાર્યના વચનથી ચૌદશની તિથિએ અને આગમના કથનથી પૂર્ણિમાને પણ દિવસે ચતુર્માસી કરવી યોગ્ય છે. (પરંતુ) તેરશમાં તે ચોમાસીના વ્યવહારનો અભાવ હોવાથી કાલિકાચાર્યનું વચન અને આગમનું વચન એ બન્નેના પણ તમે વિરાધક

બનો છો. અને તેથી તમને પૂર્વે કહેલા દોષો લાગે છે, પરંતુ અમને લાગતા નથી. એવી શંકાના ઉત્તરમાં કહે છે કે—

પ્રથમ ઘણા વિસ્તારથી જણાવવામાં આવ્યું તે વખતે શું તેં આંગળી વડે કાન બંધ કર્યા હતા? કે જેથી આટલી બધી ઉદ્ઘોષણા કર્યા છતાં હજુ પણ તે તિથિને એટલે ચૌદશના ક્ષયે ટીપ્પણાંની તેરશને કરાતી જે ચૌદશ તેનેજ તેરશ બોલે છે? અથવા 'જંગલમાં રૂદન કર્યું! મડદાંને નવડાવ્યું? કુતરાનું પુછ વાળ્યું? બધીર પાસે જાપ કર્યો? ખારી ભૂમિમાં કમલ વાવ્યું? ઉખરભૂમિમાં ઘણો વરસાદ થયો? અને જે મૂર્ખ માણસ પાસે બોલવું તે આંધળાના મુખને શણગારવા જેવું છે, આ કાવ્ય કવિજનોએ તમને આશ્રીને કરેલું? જેથી આટલું બધું કહી ગયા છતાં તે યાદ કરતો નથી? (આ વસ્તુ વિચારનાર સુજ્ઞ કોઈ દિવસ પણ ટીપ્પણામાં ચૌદશનો ક્ષય હોય ત્યારે ટીપણાંની તેરશના દિવસે આખો દિવસ ચૌદશ માનવાનું કબુલ કર્યા સિવાય રહે નહિં, અને ઉદયના ભરૂસે તે તિથિને ટીપ્પણા પ્રમાણે તેરશ કહેવાનું ભૂલેચુકે પણ પસંદ કરે નહિં?

૧૪. श्रीहीरप्रश्नपत्रांक-३२

**पञ्चमीतिथिस्त्रुटिता भवति तदा तत्तपः कस्यां तिथौ क्रियते पूर्णिमायां च त्रुटितायां कुत्र इति प्रश्नोऽत्रोत्तरम्-पञ्चमी तिथिस्त्रुटिता भवति तदा तत्तपः पूर्वस्यां तिथौ क्रियते पूर्णिमायां च त्रुटितायां त्रयोदशीचतुर्दश्योः क्रियते, त्रयोदश्यां विस्मृतौ तु प्रतिपद्यपीति।**

અર્થ:—(જ્યારે) પંચમીનો ક્ષય હોય ત્યારે તે પંચમી તિથિનું તપ (આરાધના) (ટીપ્પણાંની) કઇ તિથિએ કરાય? અને પૂર્ણિમાનો ક્ષય હોય ત્યારે (ટીપ્પણાંની) કઈ તિથિએ કરાય? એનો ઉત્તર આપે છે કે (જ્યારે) પાંચમની તિથિનો ક્ષય હોય ત્યારે તે પાંચમની આરાધના પહેલાંની તિથિ કે (જેને પંચમી તરીકે માનવામાં આવી છે તેવી ટીપ્પણાંની) ચોથ રૂપ પૂર્વ તિથિમાં કરાય, પરંતુ પૂર્ણિમાનો 'ટીપ્પણામાં' ક્ષય હોય ત્યારે તો (પૂર્ણિમાની આરાધનાવાળાને ચૌદશે પુનમ કરવી પડે અને તેરશે ચૌદશ કરવી પડે તે માટે) 'ટીપ્પણાંની' તેરશ અને ચૌદશમાં આરાધના કરે તેરશને દિવસે (ટીપ્પણાંમાં પૂર્ણિમાનો ક્ષય આવવાનો છે એવો ખ્યાલ ન આવ્યો, તેરશે અને ચૌદશ ન કરી ત્યારે) ભૂલી જવાય તો (ભૂલથી ટીપ્પણાંની ચૌદશે ચૌદશ થઈ જતી હોવાથી) ક્ષીણ એવી પૂર્ણિમાની આરાધના પડવાને દિવસે પણ કરવી. (આ પ્રશ્નોત્તર 'પૂર્ણિમાના ક્ષયે બે તિથિ ફેરવવી' એ પરંપરા, શ્રી વિજય હીરસૂરિજી મહારાજની વખતે પણ હતી. એ વાતને સ્પષ્ટ કરે છે. અને તેથી ટીપ્પણાંમાં પૂર્ણિમા કે અમાવાસ્યાનો ક્ષય હોય ત્યારે તેરશનો ક્ષય કરવાનો પ્રચલિત રીવાજ યુક્તિ યુક્તજ છે.)

૧૯ ૧૭.-**श्रीदेवसूरिजी महाराजनो पट्टक पृष्ठः २**

**अ-तस्मात्सिद्धं चैतत्-पूर्णिमावृद्धौ त्रयोदशीवर्द्धनं।**

आ-पृष्ठः ३-तस्मात्त्यज कदाग्रहं कुरु पूर्णिमाऽभिवृद्धौ द्वे त्रयोदश्यौ, अन्यथा गुरुलोपी ठगो भविष्यसि।

इ-पृष्ठः ४-उत्सूत्रप्ररूपणेनानन्तसंसारवृद्धेः, तस्मात् सिद्धं चैतत् पूर्णिमाभिवृद्धौ त्रयोदशीवर्द्धनं,

અર્થ:—તેથી આ સિદ્ધ થયું કે-પૂર્ણિમા વધે ત્યારે, તેરશ વધારવી........માટે કદાગ્રહને છોડી દે અને ટીપ્પણાની પૂર્ણિમા (કે અમાવાસ્યા) ની વૃદ્ધિએ બે તેરશ કર. નહિં તો તું ગુરૂલોપી અનેઠગ થઈશ............ઉત્સૂત્ર પ્રરૂપણાથી અનન્ત સંસારની વૃદ્ધિ થાય છે. માટે એ સિદ્ધ થયું કે પૂર્ણિમાની વૃદ્ધિએ તેરશ વધારવી.

१६. कवि श्रीदीपविजयजीनो पत्र-

સંવત ૧૮૭૧ આશો શુદિ એકમે વડોદરાથી શ્રી પં. દીપવિજયજી ભરૂચ સુરતના કાંહાંનમ પ્રગણામાં વિજયાનંદસૂરિના ગચ્છવાળાને કાગળ લખે છે તેમાં શ્રી દેવસૂરસંપ્રદાય માટે નીચે પ્રમાણે માન્યતા હોવાનું લખે છે.

અમાસ પુન્યમ ત્રુટતી હોઇ તે ઉપર દેવસૂરિજીવાળા તેરસ ઘટાડે છે.

૧૭-જુઓ નં. ૧૫ श्रीदेवसूरिजीनो पट्टक पृष्ठ २ નું લખાણ, તથા પૃષ્ઠ ત્રણ અને ચારનું લખાણ.

१८-प्रवचनसारोद्धार पत्रांक २९४

चतुर्थी पौषधप्रतिमा यस्यां चतुर्दश्यष्टम्यादिषु दिवसेषु-चतुर्दश्यष्टम्यमावास्यापूर्णिमासीषु पर्वतिथिषु चतुर्विधमप्याहारशरीरसत्काराब्रह्मचर्यव्यापारपरिवर्जनरूपं पौषधं परिपूर्णं, न पुनरन्यतरेणापि प्रकारेण परिहीणं

અર્થ:—તે ચોથી પૌષધ પ્રતિમા કહેવાય કે જેમાં ચૌદશ અષ્ટમી વિગેરે દિવસો એટલે કે ચૌદશ, આઠમ, અમાવાસ્યા, અને પૂર્ણિમાની પર્વતિથિએ આહાર-શરીર-સત્કાર-અબ્રહ્મ અને વ્યાપાર વર્જવારૂપ સંપૂર્ણ પ્રકારનો પૌષધ કરવો જોઇએ. અર્થાત્ કોઇપણ પ્રકારની ન્યૂનતા ન જોઇએ. (ઉપરના પાઠથી પણ સ્પષ્ટ થશે કે-ચોથી પ્રતિમામાં ચૌદશ અને પૂર્ણિમા, અગર ચૌદશ અને અમાવાસ્યાનો બે દિવસના લાગટ ઉપવાસરૂપ છઠ્ઠ કરવાનો છે એટલે ચૌદશ પૂર્ણિમા કે ચૌદશ અમાવાસ્યાને ટીપ્પણાંના પૂર્ણિમા કે અમાવાસ્યાના ક્ષયની વખતે પણ અખંડ રાખ્યા

સિવાય લાગટ બે ઉપવાસરૂપી છઠ કરવાનો વિધિ સચવાયજ નહિં, છુટા બે ઉપવાસ કરાય તે તો અપવાદ છે.

નોટ—છઠ તપના નિર્ણયને માટે પૂર્ણિમા-અમાવાસ્યાની હાનીવૃદ્ધિ કરવાવાળા અનેક પૂરાવાઓ છે કે જે 'શાસ્ત્રીય પૂરાવા'ના નામથી છપાઇને બહાર પાડેલ છે પરંતુ અત્ર વિસ્તાર થઇ જવાને અંગે આપ્યા નથી.

१९-आचारमय समाचारी पत्र ३-

**चतुष्पर्व्यां कृतसंपूर्णचतुर्विधपौषधः पूर्वोक्तानुष्ठानपरो मासचतुष्टयं यावत् पौषधप्रतिमां करोति, द्वितीयोपवासशक्त्यभावे तु आचाम्लं निर्विकृतिकं वा करोति**

અર્થ:—અષ્ટમી-ચતુર્દશી-પૂર્ણિમા અને અમાવાસ્યારૂપ ચાર પર્વ-ચતુષ્પર્વીમાં ચારે પ્રકારનો સંપૂર્ણ પૌષધ કરનાર સતો પ્હેલી ત્રણ પ્રતિમા વહનની ક્રિયામાં તત્પર એવો ચાર મહિના સુધી પૌષધ પ્રતિમા કરે. (તેમાં ચૌદશ અને પૂર્ણિમા અગર ચૌદશ અને અમાવાસ્યાનો બે લાગટ ઉપવાસ-રૂપી છઠ દરેક વખતે કરે. કદાચ ચૌદશનો ઉપવાસ કર્યા પછી) બીજે દિવસે (પૂર્ણિમા કે અમાવાસ્યાએ) બીજા ઉપવાસની શક્તિ ન હોય તો તે પૂર્ણિમા કે અમાવાસ્યાને દિવસે આયંબીલ અથવા નીવી તપ કરે.

२०-श्रीसेनप्रश्न पत्र १०९-

**अ. प्रतिमाधरः श्रावकः श्राविका वा चतुर्थीप्रतिमात आरभ्य चतुष्पर्वीः पौषधं करोति तदा पाक्षिकपूर्णिमाषष्ठकरणाभावे पाक्षिकपौषधं विधायोपवासं करोति पूर्णिमायां चैकाशनं कृत्वा पौषधं करोति तत्शुध्यति नवा ? इतिप्रश्नोऽत्रोत्तरं-प्रतिमाधरः श्रावकः श्राविका वा चतुर्थीप्रतिमात आरभ्य चतुष्पर्वीः पौषधं करोति तदा मुख्यवृत्त्या पाक्षिकपूर्णिमयोश्चतुर्विधाहारषष्ठ एव कृतो युज्यते, कदाचिच्च यदि सर्वथा शक्तिर्न भवति तदा पूर्णिमायां आचाम्लं निर्विकृतिकं वा क्रियते, एवं विधाक्षराणि समाचारीग्रन्थे सन्ति परमेकाशनं शास्त्रे दृष्टं नास्तीति**

अ. અર્થ:—પ્રતિમાધારી શ્રાવક કે શ્રાવિકા ચોથી પ્રતિમાથી ચારપર્વી પૌષધ કરે તો પખ્ખી અને પૂર્ણિમાનો છઠ ન થાય તો પખ્ખીનો પૌષધ કરીને ઉપવાસ કરે અને પૂર્ણિમાને દિને એકાસણું કરીને પૌષધ કરે તે શુદ્ધ થાય કે કેમ ?

ઉત્તર—પ્રતિમાધારી શ્રાવક કે શ્રાવિકા ચોથી પ્રતિમાથી ચાર પર્વના પૌષધ કરે તો મુખ્ય વૃત્તિએ પખ્ખી અને પૂર્ણિમાનો ચોવિહાર છઠજ કરવો જોઇએ. જો કદિ સર્વથા શક્તિ ન હોય તો (પખ્ખીના ઉપવાસ ઉપર) પૂર્ણિમા (કે અમાવાસ્યાએ) આયંબીલ અથવા નીવી કરે એવા અક્ષર સમાચારીમાં છે. પણ એકાસણું કરવાનું શાસ્ત્રમાં દીઠું નથી.

आ-श्रीसेनप्रश्नउल्लास ४ पृष्ठः १०६-

श्रावकः श्राविका वा चतुर्थीं पौषधप्रतिमां वहते, तस्य सामाचार्यानुसारेण चतुर्विधाहार-पौषधः कर्त्तव्यः कथितोऽस्ति, तथा-समवायाङ्गवृत्त्यानुसारेण तु त्रिविधाहारः सम्भवति, तस्मात्त्रिविधाहारपौषधं विधाय चतुर्थीं प्रतिमां वहते किं वा न इति प्रश्नोऽत्रोत्तरं-प्रवचनसारोद्धारग्रन्थे श्राद्धः चतुर्थप्रतिमायां चतुष्पर्वीदिने परिपूर्णश्चतुष्प्रकारपौषधः कथितोऽस्ति, तदनुसारेणाष्टप्रहर-पौषधश्चतुर्विधाहारोपवासः कर्त्तव्यो युज्यते, परं सामाचार्यनुसारेणैतावान् विशेषो ज्ञायते यत् पाक्षिकायां षष्ठकरणशक्तिर्न भवति तदा पूर्णिमायाममावास्यां च त्रिविधाहारोपवासस्तथा आचामाम्ल-शक्त्यभावे निर्विकृतिकमपि कर्त्तव्यं, तत्र प्रथमोपवासस्तु शास्त्रानुसारेण चतुर्विधाहार एव कर्त्तव्य इति ज्ञायते, समवायाङ्गवृत्त्यनुसारेण तु त्रिविधाहारोपवासः कर्त्तव्य इति व्यक्तिर्न ज्ञायते ॥४८॥

અર્થ:—શ્રાવક અગર શ્રાવિકા જે ચોથી પૌષધ પ્રતિમાનું વહન કરે તેને સમાચારીને અનુસરીને ચોવીહાર ઉપવાસનો પૌષધ કહેલો છે. તેમજ સમવાયાંગવૃત્તિને અનુસારે તિવિહાર ઉપવાસ પણ સંભવે છે.

માટે તિવિહાર ઉપવાસથી પૌષધ કરીને પ્રતિમા વહન કરે કે કેમ ?

ઉત્તર:—પ્રવચન સારોદ્ધાર વિગેરે ગ્રંથોમાં શ્રાવકની ચોથી પ્રતિમામાં ચારે પર્વમાં ચાર પ્રકારનો સંપૂર્ણ પૌષધ કહેલો છે, તેને અનુસારે (બંને દિવસ) આઠે પહોરનો ચઉવિહાર ઉપવાસવાળો પૌષધ કરવો જોઇએ. અર્થાત્ ચોવિહાર છઠ કરવો જોઇએ. પણ સામાચારી પ્રમાણે એટલું વિશેષ છે કે જો ચોવિહાર છઠ કરવાની શક્તિ ન હોય તો પૂર્ણિમા કે અમાવાસ્યાએ તિવિહાર ઉપવાસ પણ કરે. યાવત્ આયંબીલની શક્તિના અભાવે નીવી પણ કરે. પણ પહેલો ઉપવાસ તો શાસ્ત્ર પ્રમાણે ચોવિહાર કરવો એમ જણાવેલ છે. શ્રીસમવાયાંગની ટીકાથી તિવિહાર ઉપવાસ કરવો એમ સ્પષ્ટ થતું નથી.

२१-उत्सूत्र खंडन-

अन्यच्च वृद्धौ (पूर्वतिथौ) पाक्षिकं क्रियते इदं किं ?

અર્થ:—(ટીપ્પણામાં પૂર્ણિમા કે અમાવાસ્યા વધી હોય ત્યારે) વૃદ્ધિમાં એટલે પહેલી પૂર્ણિમા કે પહેલી અમાવાસ્યાએ પખ્ખી એટલે ચૌદશ કરાય છે એ કેમ ?

२२-श्रीविचारसारप्रकरणपृष्ठ १४१

'तओ पच्चक्खाणं करेइ परमुदयतिहिसुत्ति,

અર્થ:—(તપ ચિંતામણીના કાઉસગ્ગ પછી વંદન કરીને) પચ્ચખાણ કરે, પણ ઉદયવાળી તિથિમાં એટલે ઉદયવાળી તિથિના નિમિત્તે (તિથિના નિમિત્તે આરાધના નક્કી કરવામાં આ વિગેરે પાઠો ઉપયોગી થાય છે.)

२३–श्रीश्राद्धविधि पृष्ठ १५२

तिथिश्चप्रातः प्रत्याख्यानवेलायां या स्यात् सा प्रमाणं । सूर्योदयानुसारेणैव लोकेऽपि दिवसादि व्यवहारात् । आहुरपि–"चाउमासिअवरिसे, पक्खिअ पंचट्ठमीसु नायव्वा । ताओ तिहिओ जासिं उदेइ सूरो न अण्णाओ ॥१॥ पूआ पच्चक्खाणं पडिक्कमणं तह य निअमगहणं च । जीए उदेइ सूरो, तीइ तिहीए उ कायव्वं ॥२॥ उदयंमि जा तिही सा पमाणमिअरोइ कीरमाणीए । आणा भंगणवत्थामिच्छत्त विराहणं पावे ॥३॥" पाराशरस्मृत्यादावपि–"आदित्योदयवेलायां या स्तोकापि तिथिर्भवेत् । सा संपूर्णेति मन्तव्या प्रभूतानोदयं विना ॥१॥" उमास्वातिवचः प्रघोषश्चैवं श्रूयते–"क्षये पूर्वा तिथिः कार्या, वृद्धौ कार्या तथोत्तरा । श्रीवीरज्ञाननिर्वाणं, कार्यं लोकानुगैरिह ॥१॥"

અર્થ:—(પર્વનાં કૃત્યોને જણાવતાં પર્વતિથિઓ માટેજ જણાવે છે કે) સવારે પચ્ચક્ખાણની વખતે જે તિથિ હોય તેજ તિથિ પ્રમાણ કરવી. જે માટે લોકમાં પણ સૂર્યોદયને અનુસારેજ દિવસાદિનો વ્યવહાર થાય છે કહ્યું છે કે—ચોમાસી, સંવત્સરી, પખ્ખી, પંચમી અને અષ્ટમીમાં તે તિથિઓ જણાવી કે જેમાં સૂર્યોદય હોય, પણ બીજી નહિં. પૂજા, પચ્ચખાણ, પ્રતિક્રમણ અને નિયમો તે તિથિએ કરવાં કે જે તિથિમાં સૂર્યનો ઉદય હોય. ૨. ઉદયમાં જે તિથિ હોય તે પ્રમાણે કરવી. બીજી (પૂર્વાન્હવ્યાપિની, મધ્યાન્હવ્યાપિની વિગેરેથી) તિથિ કરવામાં આવે તો આજ્ઞા ભંગ, અનવસ્થા મિથ્યાત્વ અને વિરાધના થાય. ૩, પારાશરસ્મૃતિ વિગેરેમાં પણ સૂર્ય ઉદય વખતે થોડી પણ તિથિ હોય તે સંપૂર્ણ-આખી છે એમ માનવું. ઉદય વિનાની ઘણી પણ તે દિવસે તિથિ હોય તો ન માનવી. (ક્ષય વૃદ્ધિના પ્રસંગ સિવાય તિથિની સંજ્ઞા રાખવાનું જણાવીને ક્ષયવૃદ્ધિના પ્રસંગને માટે તો એમ કહે છે કે) શ્રી ઉમાસ્વાતિવાચકજીના વચનનો પ્રઘોષ તો એમ સંભળાય છે કે—"પર્વતિથિનો ટીપ્પણામાં, ક્ષય હોય ત્યારે (પર્વતિથિપણે એટલે આઠમ ચૌદશઆદિપણે) પહેલાની તિથિ કરવી. અને ટીપ્પણામાં પર્વ તિથિની વૃદ્ધિ હોય ત્યારે (પર્વતિથિપણે એટલે આઠમ-ચૌદશ આદિપણે બીજી તિથિને કરવી. શ્રી મહાવીર મહારાજાનું જ્ઞાન નિર્વાણ તો-દીવાળી તો લોકને અનુસારે કરવી.

२४–श्रीतत्त्वतरंगिणी पृष्टः ३

संवच्छर चउमासे पक्खे अट्ठाहिसु तिहीसु । ताउ पमाणं भणिया जाओ सूरो उदयमेइ ॥१॥

अह जइ कइवि न लब्भइ ताओ सूरुग्गमेण जुत्ताओ। ता अवरविद्ध अवरावि हुज्ज न हु पुव्व तव्विद्धा ॥ २ ॥

અર્થ:—સંવચ્છરી, ચોમાસી, પખ્ખી અને અઠ્ઠાઇની તિથિઓમાં તે તિથિઓજ પ્રમાણ ગણવી કરવી કે જેને સ્પર્શીને સૂર્યોદય હોય. ॥૧॥ જો કે કદાચ તે તિથિઓ સૂર્યોદય સ્પર્શેલી ન મળે તો ક્ષીણ એવી પર્વતિથિથી વિંધાયેલી એવી પણ તિથિઓ પર્વસંજ્ઞાએ લેવી. ક્ષીણ પર્વ તિથિઓથી વિંધાયેલી તિથિઓને અપર્વતિથિ કહેવાયજ નહિં । ૨ ।

२५–३७–३८ श्रीहीरप्रश्न पृष्ठः १४

पूर्णिमाऽमावास्ययोर्वृद्धौ पूर्वमौदयिकीतिथिराराध्यत्वेन व्यवह्रीयमाणाऽऽसीत्, केनचिदुक्तं श्री तातपादाः पूर्वतनीमाराध्यत्वेन प्रसादयन्ति तत्किम्? इति प्रश्नोऽत्रोत्तरं-पूर्णिमाऽमावास्ययोर्वृद्धौ ओदयिक्येव तिथिराराध्यत्वेन विज्ञेया—

અર્થ:—(ટીપ્પણામાં) પૂર્ણિમા કે અમાવાસ્યાની વૃદ્ધિ હોય ત્યારે પહેલાં ઔદયિકી એટલે ઉદયવાળી ગણાતી બીજી તિથિનો આરાધ્યપણે વ્યવહાર છે. કોઇકે કહ્યું કે આચાર્ય મહારાજ પ્હેલીને એટલે અનૌદયિકીને આરાધ્યપણે જણાવે છે. એ પ્રશ્નોના ઉત્તરો (ટીપ્પણામા) પૂનમ અને અમાવાસ્યાની વૃદ્ધિ હોય ત્યારે 'જો કે ટીપ્પણામાં બંને દિવસે સૂર્યોદય હોય છે છતાં બીજા દિવસના ઉદયને તે તિથિ તરીકે પ્રમાણ ગણીને કહે છે કે' ઉદયવાળીજ તિથિ એટલે બીજી તિથિજ પર્વ તિથિપણે જાણવી.

२६–३७–३८ सेनप्रश्न उल्लास ३ प्रश्न ३६३

एकादशी वृद्धौ श्रीहीरविजयसूरीणां निर्वाणमहिमपौषधोपवासादिकृत्यं पूर्वस्यामपरस्यां वा किं विधेयमिति प्रश्नोत्तरं-औदयिक्येकादश्यां श्रीहीरविजयसूरिनिर्वाणपौषधादि विधेयमिति

અર્થ:—(ટીપ્પણામાં) અગીયારસની વૃદ્ધિ હોય ત્યારે શ્રી હીરસૂરિજીમહારાજના નિર્વાણ મહોત્સવ અને ઉપવાસ વિગેરે કાર્ય પ્હેલી તિથિમાં કરવું કે બીજી તિથિમાં કરવું ? એ પ્રશ્ન-ઉત્તર-ઔદયિકી ટીપ્પણામાં બંને અગીયારશો ઉદયવાળી છતાં તે તિથિ તરીકે ઉદય સહિતપણે ગણવામાં આવેલી બીજી, અગીયારશે શ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજના નિર્વાણ પૌષધ વિગેરે કરાય છે.

२७ आवश्यकचूर्णिः-

अट्ठमी पन्नरसीसु य नियमेणहविज्ज पोसहीओ।

અર્થ:—આઠમ "પંદરમો દિવસ" પૂર્ણિમા કે અમાવાસ્યાએ નક્કી પૌષધવાળા થવું જોઈએ.

**૨૮–श्रीव्यवहारवृत्ति**

**एतेषु चाष्टम्यादि दिवसेषु चैत्यानामन्यवसतिगतसुसाधून् वाऽवंदने प्रत्येकं प्रायश्चित्तं ।**

અર્થ:—એ અષ્ટમી આદિ પર્વ દિવસોમાં ચૈત્ય અને અન્ય વસતિમાં રહેલા સુસાધુઓને વંદન ન કરાય તો પ્રાયશ્ચિત આવે.

**૨૯–श्रीतत्वार्थ हारिभद्रीय टीका पृष्ट: ३३६**

**प्रतिपदादितिथिषु अनियमं दर्शयति, अष्टम्यादिषु नियमः,**

અર્થ:—પડવા વિગેરે તિથિઓમાં પૌષધ લેવાનો અનિયમ જણાવે છે અને બન્ને પક્ષના અષ્ટમી–પંચદશી (ચતુર્દશી–પૂર્ણિમા અને અમાવાસ્યા)માં પૌષધ લેવાનો નિયમ નિશ્ચય જણાવે છે.

**३०–४०–श्रीतत्वार्थ सिद्धसेन टीका पत्र ९२ भाग–२ अध्यायः ७ सूत्र १६.**

**अनेन चान्यासु तिथिषु अनियमं दर्शयति नावश्यंतयाऽन्यासु कर्तव्यः। अष्टम्यादिषु तु नियमेन कार्यः,**

અર્થ:—આ લેખથી બીજી 'પડવા વિગેરે અપર્વની' તિથિઓમાં પૌષધનો નિયમ નથી એમ જણાવે છે અર્થાત્ તેવી તિથિઓમાં પૌષધ અવશ્ય કરવો, એવો નિયમ નથી પરંતુ અષ્ટમી વિગેરે પર્વતિથિઓમાં તો નક્કી પૌષધ કરવો જોઈએ.

**३१–श्रीआवश्यकचूर्णि–**

**अट्ठमीचउदसीसु अरिहंता साहुणो य वंदेयव्वा'**

અર્થ:—આઠમ–ચૌદશ આદિ પર્વતિથિઓમાં અરિહંત એટલે ચૈત્યો અને સાધુઓને જરૂર વંદન કરવું.

નોટ—શ્રી મહાનિશિથ અને નિશિથ વ્યવહાર ચૂર્ણિમાં તો પખ્ખીઆદિમાં તપશ્ચર્યા ન કરે તો તેનું પ્રાયશ્ચિત કહેલું છે.

**३२–तत्वतरंगिणी पत्रांकः २**

**अट्ठमीचउदसीसु पच्छित्तं जइ य न कुणइ चउत्थ चउमासीए छट्ठं तह अट्ठमवास पव्वंमि**

અર્થ:—આઠમ અને ચૌદશમાં જો ઉપવાસ ન કરે તો પ્રાયશ્ચિત્ત; ચોમાસીએ છઠ ન કરે તથા સંવત્સરીએ અઠ્ઠમ ન કરે તો પ્રાયશ્ચિત્ત.

**३३–३४ श्रीविचारसारप्रकरण** અને **श्रीविधिकौमुदी** માટે અનુક્રમે વિચારસાર નં. ૨૨ અને શ્રાદ્ધવિધિ નં. ૨૩ જુઓ.

**३५-३६ श्रीतत्वतरंगिणी** માટે **तत्वतरंगिणी नं. १३ जुओ.**

**३७-३८ श्रीहीरसूरिजी** અને **श्रीसेनसूरिजी** માટે હીરપ્રશ્ન નં. ૨૫ અને સેનપ્રશ્ન નં. ૨૬નું લખાણ જુઓ.

**३९-श्रीहीरप्रश्न पत्र १८**

**यदा चतुर्दश्यां कल्पो वाच्यते अमावास्यादि वृद्धौ वा अमावास्याम् प्रतिपदि वा कल्पो वाच्यते,**

**અર્થ**:—શ્રાવણ વદિ અમાસ પહેલાંની બીજી કોઈ તિથિનો ક્ષય કે શ્રાવણવદિ અમાસ પછીની બીજી કોઈ તિથિની હાનીવૃદ્ધિએ ચૌદશ કે પર્યુષણનો ચોથો દહાડો હોય તેમાં અગર અમાવાસ્યાદિની 'ટીપ્પણામાં' વૃદ્ધિ હોય ત્યારે અમાવાસ્યા કે પડવાના દિવસે કલ્પ વંચાય.

**४०-श्रीतत्वार्थवृत्ति** માટે **हारिभद्रीय** નો પાઠ નં. ૨૯ અને **सिद्धसेन०**નો પાઠ નં. ૩૦ જુઓ.

પાલીતાણા,
સંવત ૧૯૯૯ માગશર સુદિ ૬ રવીવાર
તા. ૧૩-૧૨-૪૨

આનન્દસાગર દ. પોતે

નિરૂપણમાં જણાવેલા શાસ્ત્રના પાઠોની

## —: અનુક્રમણિકા :—

| નંબર | ગ્રન્થ | પૃષ્ઠ | ગાથા | |
|---|---|---|---|---|
| ૧ | શ્રી સ્થાનાંગ સૂત્ર | ૩૧૭ | | **पंचविहे इति सूत्र ४२१** |
| ૨ | શ્રી ભગવતીજી સૂત્ર | ૩૮૩ | | સૂત્ર ૩૩૯ |
| ૩ | શ્રી વ્યવહાર સૂત્ર | ૩૩ | | **उद्देश १० सूत्र २** |
| ૪ | શ્રી જીતકલ્પ ભાષ્ય | ૫૯ | ૬૭૫ | |
| ૫ | શ્રી વ્યવહાર ભાષ્ય | | ૬૯૩ | **उद्देश १०** |
| ૬ | શ્રી ધર્મરત્ન પ્રકરણ | ૫૮ | ૮૧-૮૨-૮૩. | |
| ૭ | શ્રી જૈન તત્વાદર્શ | ૧૩૫, ૧૪૨ | | નવી આવૃત્તિ |
| ૮ | શ્રી સૂર્ય પ્રજ્ઞપ્તિ | ૨૧૭ | | |
| ૯ | શ્રી જ્યોતિષ્કરણ્ડક | ૬૫ | | |
| ૧૦ | શ્રી લોકપ્રકાશ | ૩૯૮, ૪૦૦ | | |

| | | | |
|---|---|---|---|
| ૧૧ | શ્રી આચાર પ્રકલ્પ ચૂર્ણિ | | उद्देश १० |
| | શ્રી સૂર્ય પ્રજ્ઞપ્તિ | ૨૧૯ | |
| | શ્રી જ્યોતિષ્કરણ્ડક | ૬૮ | |
| ૧૨ | શ્રી આચાર દશાચૂર્ણિ | | अध्ययन ८ |
| ૧૩ | શ્રી તત્વ તરંગિણી | ૩,૪,૫,૭,૧૫ | |
| ૧૪ | શ્રી હીર પ્રશ્ન | ૩૨ | |
| ૧૫,૧૭ | શ્રી દેવસૂરિજી પટ્ટક | ૨,૩,૪ | |
| ૧૬ | શ્રી દીપવિજયજીને। પત્ર | | |
| ૧૮ | શ્રી પ્રવચન સારોદ્ધાર | ૨૬૪ | |
| ૧૯ | શ્રી આચારમય સમાચારી | ૩ | |
| ૨૦(अ) | શ્રી સેન પ્રશ્ન | ૧૦૫ | |
| | (આ) શ્રી સેન પ્રશ્ન | ૧૦૬ | उल्लास ४ |
| ૨૧ | શ્રી ઉત્સૂત્ર ખંડન | ૨૦ | |
| ૨૨ | શ્રી વિચારસાર પ્રકરણુ | ૧૪૧ | |
| ૨૩ | શ્રી શ્રાદ્ધ વિધિ | ૧૫૨ | |
| ૨૪ | શ્રી તત્વ તરંગિણી | ૩ | |
| ૨૫,૩૭,૩૮ | શ્રી હીર પ્રશ્ન | ૧૪ | |
| ૨૬,૩૭,૩૮ | શ્રી સેન પ્રશ્ન | | उल्लास ३ प्रश्न ३६३ |
| ૨૭ | શ્રી આવશ્યક ચૂર્ણિ | | |
| ૨૮ | શ્રી વ્યવહાર વૃત્તિ | | |
| ૨૯,૪૦ | શ્રી તત્વાર્થ હારિભદ્રિય ટીકા | ૩૩૬ | |
| ૩૦,૪૦ | શ્રી તત્વાર્થ સિદ્ધસેન ટીકા | ૯૨ | भाग २ अध्याय ७ सूत्र १६ |
| ૩૧ | શ્રી આવશ્યક ચૂર્ણિ | | |
| ૩૨ | શ્રી તત્વ તરંગિણી | ૨ | |
| ૩૩ | શ્રી વિચારસાર પ્રકરણુ | ૧૪૧ | |
| ૩૪ | શ્રી વિધિ કૌમુદી (શ્રીશ્રાદ્ધવિધિ) | ૧૫૨ | |
| ૩૫,૩૬ | શ્રી તત્વ તરંગિણી | ૩,૪,૫,૭,૧૫ | |
| ૩૯ | શ્રી હીર પ્રશ્ન | ૧૮ | |

# -: તંત્રીની નોંધ :-

જૈન જનતા એ વસ્તુ સારી રીતે જાણે છે કે લૌકિક પંચાંગમાં પર્વ કે પર્વાન્તર પર્વતિથિના ક્ષય કે વૃદ્ધિ વખતે પૂર્વ કે પૂર્વતર તિથિની ક્ષય વૃદ્ધિ કરવી. આ પ્રમાણે કેઇ સદીઓથી શ્રી તપાગચ્છ સંઘ અવિચ્છિન્નપણે વર્તતો આવ્યો છે અને વર્તે છે.

નવીન પક્ષના નેતા તેમના ગુરૂ પર ગુરૂદાદા પણ આજ પ્રમાણે વર્તતા હતા. થોડા વર્ષોથીજ માત્ર આ નવીન પંથે શાસનમાં એવા પ્રકારનો ઝઘડો ઉભો કર્યો છે કે જેથી શાસન છિન્નભિન્ન થવા સાથે પરસ્પર કલહ અને ક્લેશ વધે તેવા પ્રકારના લખાણો પ્રચારો જોરશોરથી ચાલી રહ્યા છે. છેવટે આ કાર્ય શેઠ કસ્તુરભાઇએ હાથ ધર્યું અને તે માટે બન્ને આચાર્યોની રૂબરૂમાં એક મુસદ્દો તૈયાર કર્યો કે જેને આધારે બન્ને આચાર્યોએ પોતાના મૂળ મુદ્દા આપ લે કરવા. ત્યારપછી મૂળ મુદ્દા ઉપર નિરૂપણ લખીને સામસામા આપવું. તે પછી તે નિરૂપણ ઉપર બન્નેએ ખંડન લખીને શેઠ કસ્તુરભાઈ પર તે તમામ મોકલી આપવું વિગેરે વિગેરે એ બધો વિધિ થયો, પરંતુ નિર્ણય જે આવે તે સીધો શેઠ કસ્તુરભાઇએ બન્ને આચાર્યોને મોકલવો જોઇએ.

તે વિધિ પૂર્ણ થાય તે પહેલા તો ગામે ગામ તારો, ટપાલો, સમાચારો, વર્તમાનપત્રોમાં ફેલાઈ ગયા કે 'તિથિ ચર્ચાનો નિર્ણય રામસૂરિ તરફનો છે.' આ જાતના સમાચારો ખુદ તે પક્ષના નેતાના વડીલના મુખમાંથી પણ એક સારા ગૃહસ્થને કર્ણ ગોચર થયાં, એટલે વાતાવરણ જાહેર થવાથી પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી સાગરાનંદસૂરીશ્વરજીએ કદાચ પોતાના લાભનો પણ ચુકાદો હોય તો પણ જે વસ્તુ બે આચાર્ય સિવાય કોઇપણ પ્રથમ ન જાણી શકે તે વસ્તુ બહાર આવવાથી તરતજ શેઠ કસ્તુરભાઈ પર તાર રવાના કરી દીધો કે જાહેર પેપર તેમજ તારો દ્વારા જે વસ્તુ બહાર ન આવવી જોઈએ છતાં બહાર આવી ગઈ છે અને તેથી તટસ્થની તટસ્થતા રહી ન હોવાથી મારે તે લખાણ માન્ય નથી.

શેઠશ્રીની આ વખતે કેટલી ગંભીર ફરજ હતી? કોણે શું કાર્ય તેમને સુપ્રત કર્યું છે તેની જવાબદારી જોઈએ તેવી ખ્યાલમાં લીધી નથી અને આ તાર તેમજ ટપાલ દ્વારા બીજા અનેક પૂરાવા હોવા છતાં તટસ્થતા તુટયા બાબતની ગવેષણા કરવા તરફ ઉપેક્ષા કેમ કરી છે? આ સર્વ બીના ઘણીજ જાહેર આવી ગયેલી છે અત્યારે એ વિષય અત્ર પ્રસ્તુત છે.

મૂળ મુસદ્દાને આશ્રીનેજ તટસ્થે બન્ને પક્ષોના મુદ્દા નિરૂપણ શાસ્ત્રપાઠોનું અવલોકન કરીનેજ પછી નિર્ણય તટસ્થપણે આપવો જોઇએ. એ વાત તો દૂર રહી પરંતુ જ્યારે તટસ્થે જૈનશાસ્ત્રના આધારે કઈ તિથિ માનવી અને કહેવી એટલીજ માત્ર બાબત સિદ્ધ કરવાની હતી તેને બદલે વિવાદનું સ્થાન જેમાં નથી એવા એવા પંચાંગમાટે નવીન કલ્પનાઓ પોતે ઉભી કરી, પોતે એકાક્ષી બની એક પક્ષને "આગ્રહી" "અભિનિવેષી" "નિગ્રહ" વિગેરે શબ્દો વાપરી પોતાની તટસ્થતા રહી નથી તે પોતેજ પોતાના શબ્દોથી જાહેર કરે છે.

જે લખાણ તટસ્થ તરફથી એક તરફી રીતે બહાર પડેલું છે તેમાં લેખક મહાશય પોતાને કયો મુસદ્દો ખ્યાલ રાખી નિર્ણય આપવાનો છે તે વાત પણ ભૂલી ગયા છે. કેમકે શ્રી ચતુર્વિધ સંઘ લૌકિક આરાધનાને કર્તવ્ય તરીકે માનતોજ નથી. વળી બંને પક્ષમાંથી એક પણ પ્રશ્ન તિથિની ક્ષય વૃદ્ધિમાં ટીપ્પણામાં કહ્યાં પ્રમાણે ઉપયોગ કરનારો નથી કેમકે ક્ષીણ તિથિનું અનુષ્ઠાન ઉડાવવાને અને વૃદ્ધી તિથિનું અનુષ્ઠાન બેવડાવવાને કોઇપણ પક્ષ તૈયાર નથી. વળી જૈન ટીપ્પણાનો પ્રચાર નથી એમાં કોઈ પક્ષનો વિવાદ નથી પરંતુ વર્તમાન

[ અનુસંધાન માટે જુઓ ટાઈટલ રજું ]

Regd. No. B. 3047

# શ્રી સિદ્ધચક્ર

!!! વં......દ......ન......હો !!!

## શ્રી સિદ્ધચક્રને

अर्हन्तः प्रातिहार्यैः सुरनरनिकरैरर्चनीयाः शिवाढ्याः,
सिद्धाः निष्कर्मकिट्टा जनिमृतिरहिताः सर्ववेदिप्रगल्भाः ।
आचार्या धर्मधुर्याः श्रुतगणपटवो वाचकाः सन्मुनीशाः;
मोक्षाध्वालंबनाः श्रद्धतिमतिश्चरणैः सत्तपोभिः पुनन्तु ॥१॥

जिनेशितुश्चक्रभृतो वासुदेवस्य वा यथा ।
चक्रं तथेदं श्रीसिद्धचक्रं शासनकार्यकृत् ॥२॥

श्रीकैलाससागरसूरि [illegible]
[illegible] जैन आराधना [illegible]
[illegible] (गांधीनगर) [illegible]

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, મુંબઈ.

વર્ષ ૧૦ — અંક ૪.

ગોપીપુરા બાવાસીધી સુરત.

| | |
|---|---|
| વિક્રમસં. ૧૯૯૯ વીરસં. ૨૪૬૯, | આસો પૂર્ણિમા |
| લવાજમ રૂ. ૨-૦-૦ | તા. ૧૩-૧૦-૪૩ બુધવાર. |

# શાસનપ્રેમી ભાઈઓને સવેળાની ચેતવણી

## નં. ૨.

ચેતવણી નં. ૧ આપ્યા પછી શેઠ કસ્તુરભાઇએ જે નિવેદન બહાર પાડયું છે તે અવળે રસ્તે દોરનાર ન થાય માટે આ બીજી ચેતવણી આપી છે.

૧. તેઓએ જણાવેલા મુસદ્દાથીજ સ્પષ્ટ છે કે પુનાના ડોકટરવૈદ્યે તિથિસંબંધી નિર્ણય લખી શેઠ કસ્તુરભાઇ દ્વારાએ બન્નેને મોકલી આપવો. જો તેમ થયું હોત તો બોલવાનું રહેતજ નહિ. પરંતુ વૈદ્યનું લખાણ તા. ૬ઠ્ઠી જુલાઇએ રજીષ્ટરથી આવે છે જે અયોગ્ય વિધિવાળું હોવાથી પાછું મોકલાયું છે, જ્યારે પુનાના રહીશ શા. મોહનલાલ જે નવા પંથના છે, તેને તે પહેલાં મળે છે અને તે મોહનલાલ પેપર અને તારદ્વારાએ પોતાના ફેવરના ચુકાદાના સમાચાર ફેલાવે છે એ ઉપરથી સ્પષ્ટપણે વૈદ્યની તટસ્થતા નથી રહી એમ નક્કી થાય છે. અને તેથીજ વૈદ્યનું લખાણ શેઠને તા. ૧૪ મીએ તારથી અમાન્ય જણાવી તા. ૨૦ મીએ ખુલાસા અને ચર્ચા સિવાય ન લેવા જણાવ્યું હતું. છતાં તે સિધીવાત શેઠ કસ્તુરભાઇએ માની નહિ.

૨. જ્યારે પેપરમાં મોકલ્યાના તરફેણદારીનાં સમાચારો આવ્યા ત્યારે શેઠ કસ્તુરભાઇને તે બાબત જણાવતાં અખબાર પર ભરોસો ન રાખવો એમ જણાવીને વસ્તુની ઉપેક્ષા કરી પણ તેનો વૈદ્ય પાસેથી ખુલાસો લીધો નહિ અને તેનું સમાધાન જણાવ્યું નહિ.

૩. તારથી વૈદ્યને તે મોહનલાલના પ્રચાર બાબત પુછાવ્યું કે શેઠની જાણ બહાર પુનાના શેઠ મોહનલાલથી આ પ્રચાર કેમ થયો ? ત્યારે તેના જવાબમાં વૈદ્યે શેઠને પૂછવાનું જણાવ્યું, અને તે બન્ને તારો શેઠને મોકલ્યા ત્યારે તેમાં અણજુગતું નથી એમ શેઠે જણાવ્યું. અર્થાત્ તેનું પણ સમાધાન કર્યું નહિ. આ વસ્તુઓ વિચારવાથી દરેક સુજ્ઞને માલમ પડશે કે વિધિમાં વૈદ્યની તટસ્થા રહી નથી અને તેથી તેઓના લખાણને પણ કોઈ ન્યાયપ્રિય મનુષ્ય ખુલાસા અને ચર્ચા સિવાય એમને એમ મંજુર કરી શકે નહિ.

વૈદ્યની તટસ્થતાના ભંગને માત્ર વિધિની વિપરીતતા ગણીને શેઠ તરફથી સ્હામા પક્ષના જુન માસના પ્રચાર પછી લગભગ એક મહિને આવેલું લખાણનું રજીસ્ટર પાછું મોકલ્યું છે.

હવે એ નિવેદનમાં જણાવ્યા મુજબ લખાણ બહાર પડયું છે છતાં છપાઇ બહાર પડશે ત્યારે તેમાં વિષયની જે વિપરીતતા છે તે આગળ જાહેર કરવામાં આવશે. અર્થાત્ તે લખાણ બહાર પાડયા માત્રથી કોઇએ પણ ભ્રમમાં પડવું નહિ.

**પરંતુ તેમાં આવેલી વિષયોની વિપરીતતા જાહેર થાય ત્યાં સુધી અભિપ્રાય બાંધતાં જરૂર થોભવું.**

તા. કઃ—વૈદ્યના બહાર આવેલા લખાણમાં તા. ૩ જુન છે, સેવકપત્રમાં પાલીતાણાથી તા ૧લી જુને, મુંબઇ સમાચારમાં અમદાવાથી તા. ૧ જુને, વંદેમાતરમમાં તા. ૬ જુને અને વીરશાસનમાં તા. ૧૧ મી જુને તે લખાણ શેઠને મોકલ્યાના સમાચારો પ્રગટ થાય છે. અને તા. ૧૪ મી જુને તટસ્થતા તુટયાનો તાર અત્રેથી શેઠ ઉપર મૂકવામાં આવે છે અને શેઠ તે વૈદ્યનું લખાણ વૈદ્યની સહી થયા પછી એક મહિના કરતાં પણ વધારે મુદ્દત એટલે તા. ૫ મી જુલાઇએ અમદાવાદથી બન્નેને રજીષ્ટરથી મોકલે છે. આ બધું વિચારનારો સુજ્ઞવર્ગ તટસ્થની કાર્યવાહી ભરોસા લાયક નથી રહી, એમ ચોક્કસ સમજી શકશે.

૨. શેઠ ઉપર જે લખાણ મુદત પ્રમાણે પાલીતાણાથી તા. ૫–૧–૪૩ ના રજીષ્ટરથી ગયું હતું તેને માટે તે લખાણમાં જણાવેલ 'પ્રેષિત' શબ્દ અને લખાણની મુદત ઓળંગીને તા. ૬–૧–૪૩ ના દિવસે પાલીતાણાથી માણસ મોકલી તા ૭–૧–૪૩ ના દિવસે કસ્તુરભાઇને હાથોહાથ મોકલાયું તેને માટે વપરાયલા 'પ્રદત્ત' શબ્દ શું લેખમાં એક પક્ષનો હાથ સ્પષ્ટ નથી કરતો ? અને જો એમ હોય તો તે લખાણ સ્વતંત્ર લખાણ વૈદ્યનું નહિં, પરંતુ નવિનપંથના હસ્તક્ષેપવાળુંજ ગણાય અને તેથી તે લખાણની વિપરીતતા રામવૈદ્ય કે નવાપંથના નામે જાહેર થાય તો પણ અયોગ્ય નહિ ગણાય.

કપડવંજ, તા. ૧૧–૮–૪૩ — આનંદસાગરના ધર્મલાભ વાંચવા.

# શ્રી સિદ્ધચક્ર

તંત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી

વર્ષ ૧૦ ] આસો પૂર્ણિમા [ અંક ૪

## —તંત્રીની નોંધ—

ગતાંકમાં હમો જણાવી ગયા છીએ કે તિથિ સંબંધી પરસ્પર બંન્ને આચાર્યોના શું શું લખાણો થયા છે તે જાણવાની ચતુર્વિધ શ્રી સંઘની ઘણીજ જીજ્ઞાસા હોવાથી હમોએ પરમપુજ્ય આચાર્ય દેવેશ શ્રી સાગરાનંદ સૂરિશ્વરજી મહારાજશ્રીને વિનંતી કરી, તેઓશ્રીએ હમારી નમ્ર વિનંતિનો સ્વીકાર કરી પોતાની પાસે જે પોતા તરફના તથા સામા પક્ષ તરફના લખાણો જેટલા મલ્યા હતા તેટલા લખાણો આપવા કૃપા કરી.

હવે શરૂઆતમાં બંન્ને આચાર્યો સમક્ષ શેઠ કસ્તુરભાઇએ ગતાંકની શરૂઆતમાં આપેલ મૂળ મુસદ્દો નક્કી કર્યો તેજ વખતે એ વાત પણ સાથેજ નક્કી કરી હતી કે મુદ્દા નિરૂપણ, તેના શાસ્ત્રીય પાઠો પરસ્પર આપલે કરવા પછી ખંડન બંન્નેએ લખી તમામ લખાણ શેઠશ્રી કસ્તુરભાઇ ઉપર નિયત તારીખે મોકલી દેવું પરંતુ ખંડન આપલે કરવાનું નહતું જેથી તમામ લખાણો શેઠશ્રી કસ્તુરભાઈ ઉપર મોકલી દેવામાં આવ્યા ત્યાર પછી તે પક્ષ તરફથી પત્રદ્વારા ખંડનની માગણી ચાલુ જ રહી.

પાલીતાણા મુકામે જ્યારે વૈદ્યને લઇને શેઠશ્રી આવ્યા ત્યારે મુલાકાતની શરૂઆતમાં જ નક્કી કરાયું કે વૈદ્યે પોતેજ ખંડનની આપલે કરવાની ના જણાવી હતી તેથી મેં આપલે કરાવી નહતી. તેમાં પક્ષપાતી પણાને અવકાશ ન હતો. આ પછી અઢી ત્રણ કલાક તિથિ સંબંધી વાતો ચાલી છેવટે ઉઠતી વખતે શ્રી રામચંદ્રસૂરિ તરફથી ખંડન માટે દબાણપૂર્વકની માગણી થઈ ત્યારે શેઠશ્રી કસ્તુરભાઇએ ( ચીડાયા હોય તેમ ) 'આખીયે પેટી લઈ જાવ' તેમ રામચન્દ્રસૂરિને જણાવ્યું છતાં રામચન્દ્રસૂરિએ લીધી. ત્યારે પૂ આ. મહારાજશ્રી સાગરાનંદસૂરિજી મહારાજશ્રીને પણ વૈદ્ય અને શેઠ કસ્તુરભાઇએ કહ્યું કે આપ પણ લઇ જઈ શકો છો પરંતુ રીતસર ન હોવાથી પુજ્ય આ. મહારાજશ્રીએ કહ્યું કે અમે લેવા માગતા નથી, અમે તે ખંડન ન લીધું જેથી તેઓ પાસે તે ખંડન ન હોવાથી શ્રી સિદ્ધચક્ર સાહિત્ય સમિતિ આ. મહારાજ શ્રી રામચન્દ્રસૂરિ મહારાજને વિનંતિ કરે છે કે જો તેઓ હમને પોતે કરેલ ખંડનની નકલ ૧ મહિનાની અંદર ઓફીસીયલ સમિતિ ઉપર મોકલી આપશે તો ત્યાર પછીના બાકીના લખાણો હમો અનુક્રમે પ્રગટ કરીશું. બધા લખાણો લઇએને એક તરફનું ખંડન લઇએ તે ઠીક ન ગણાય માટે વિનંતી કરવાની ફરજ પડી છે. આ બંન્ને તરફના લખાણ બહાર પાડવાથી જનતાને ખ્યાલ આવે કે વૈદ્યે જે આરાધનાને અંગે પર્વતિથિની સંજ્ઞા નક્કી કરવાની હતી તે ન કરતાં વણ માગેલું ડહાપણ પંચાંગ માટે ડોળ્યુ છે અને જૈનશાસ્ત્રને આધારે કઇ તિથિ કહેવી કે માનવી તે વાત ભૂલી જઇને લૌકિક વ્યવહાર જે વાતમાં કોઇને પણ વિવાદ નથી, પુછી પણ નથી, તે વાતને આગળ કરે છે. જેના પ્રબળ પુરાવાઓ તેમજ આગમાદિ શાસ્ત્રોને શાસ્ત્રાભાસ લખતા પણ અચકાલેલ નથી તેની તટસ્થતા કેટલી રહી છે તે જનતાના ખ્યાલમાં આવે.

શ્રી દેશવિરતિ ધર્મારાધક સમાજના શ્રી કપડવંજ નગરે ભરાયેલ સપ્તમ અધિવેશન (સંવત ૧૯૯૯ અસાડ સુદ ૧૦-૧૧-૧૨) પ્રસંગે શ્રી ચતુર્વિધ સંઘે કરેલ પ્રશ્નોના શ્રી આગમ મંદિર સંસ્થા સંસ્થાપક આગમોદ્ધારક, આચાર્યદેવેશ

## શ્રીમત્ સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજ સાહેબે આપેલ

# સમાધાનો—

:o:

સંગ્રાહકઃ—મુનિરાજશ્રી હેમસાગરજી મહારાજ.

પ્રશ્ન ૧—જન્માંધને કેવળજ્ઞાન થાય?

સમાધાન—ચક્ષુ દર્શનાવરણી કર્મના ઉદયે અને નિર્માણ નામકર્મના ઉદયે ચક્ષુ બનાવ્યા નહિ. આકાર ભલે રહે. ચક્ષુ દર્શનાવરણી કર્મનો ક્ષય થયા છતાં નિર્માણ નામકર્મ ખસે નહિ તેથી ચક્ષુથી દેખે નહિ, પણ કેવળજ્ઞાનાવરણી સાથે કેવળ દર્શનાવરણીનો ક્ષય છે, તેથી જેમ નાનો બાળક ૫+૫ કેટલા થાય એમ પુછવાથી પાંચ ને એક છ, સાત, આઠ, નવ, દસ એમ ગણતરી કરી જવાબ આપે, અગર ૫ × ૨=૧૦ કહે. આપણે વગર વિચાર્યે તરત ૧૦ જવાબ દઈએ. આપણને આંકનો, ગણતરીનો મહાવરો હોવાથી ગણતરી તરત કરી જલદી જવાબ આપી શકીએ. બાળકને જવાબ આપતા વિલંબ થાય. કેવળજ્ઞાની ઈંદ્રિયની મદદ વગર દેખી શકે. કેવળજ્ઞાનીઓ પાસે ઇંદ્રિયો છે, પણ તેઓ ઇંદ્રિયોનો ઉપયોગ ન કરે. આપણે આંકમાં લાંબી ગણતરી નથી કરતા તેમ કેવળજ્ઞાનીઓ ઈંદ્રિયોનો ઉપયોગ જાણવામાં ન કરે. કેવળજ્ઞાનથી જ જાણી લે. કેવળજ્ઞાનીઓ અતિંદ્રિય જ્ઞાની છે. નિર્માણ નામકર્મના ઉદયથી માત્ર ચક્ષુનો આકાર છે પણ દેખી શકાય તેવા પુદ્ગલો ચક્ષુમાં નથી.

પ્રશ્ન ૨—મોક્ષને પાંચમી ગતિ કેમ કહી?

સમાધાન—નારકી, તિર્યંચ, મનુષ્ય ને દેવતા એ ચાર ગતિ અને પાંચમી મોક્ષ ગતિ એ રીતે પાંચમી ગતિ. ગતિ એટલે ગમન કરવું તે. તે તો પુદ્ગલને પણ છે. પણ તેથી પુદ્ગલને ગતિ નામકર્મનો ઉદય નથી તેમ સિદ્ધ મહારાજને ગમનરૂપ ગતિ તો ખરીજ પણ ગતિ નામકર્મનો ઉદય નથી.

પ્રશ્ન ૩—બોધિબીજ (સમ્યક્ત્વ) નાશ થવાના કેટલા કારણો?

સમાધાન—દેવદ્રવ્યનો નાશ કે ભક્ષણ કરે, મુનિહત્યા કરે, શાસનની ઉડ્ડાહના કરવાના નિમિત્તભૂત થાય, સાધ્વીનું ચોથું વ્રત ભંગ કરે; આટલા કારણોથી સમ્યક્ત્વના બીજનો નાશ કરનાર થાય, અર્થાત્ અત્યારે તો સમ્યક્ત્વ જાય પણ ભવાંતરમાં ફેર મળવું અતિશય મુશ્કેલ છે—

થાય છે. બીજ હોય તો કદાપી પણ સામગ્રી મળ્યે અંકુર થાય. આ બીજ તો જડમૂળથી બળી જાય.

જેથી સામગ્રી હોય તો પણ અંકુર ઉત્પન્ન થાય અને એવા જ કોઈ કારણથી કેટલીક વખત જીવો સમકિત મેળવવાની તીવ્ર ઇચ્છા રાખે છે, છતાં પણ પ્રાપ્ત કરી શકતા નથી. દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણજી જેમણે સમગ્ર સિદ્ધાંતને પુસ્તકારૂઢ કરેલ છે, તેઓ પૂર્વભવમાં ઇંદ્રમહારાજના હરિણુગમેષી નામના સેનાપતિ દેવ છે, તે ભગવાનને પ્રશ્ન કરે છે કે—હે ભગવન્! હું સુલભબોધિ કે દુર્લભબોધિ? જવાબ મળ્યો કે- છે સુલભબોધિ છતાં ધર્મ પ્રાપ્ત કરવામાં મહેનત તો પડશે. હવે ઇન્દ્રમહારાજાને વિનંતિ કરે છે છે કે હે સ્વામિ! મેં આપની આટલા વર્ષો સુધી સેવા કરી, હું માગું તે મને ન આપો? તારી કઈ માગણી છે તે તો જણાવ. ત્યારે કહ્યું કે-મારી એક જ માગણી છે, તે એક જ કે મારા ચ્યવન પછી મારી જગો પર દેવતા ઉત્પન્ન થાય તેને આપે હુકમ કરવો કે-'હું જ્યાં હોઉં ત્યાં આવી મને પ્રતિબોધ કરવો.'

ઇન્દ્ર મહારાજે કહ્યું કે-પરંતુ તારે તારા સ્થાનમાં તેમ લખી જવું કે-અત્રે આ જગો પર જે દેવતા ઉત્પન્ન થાય તેણે મને પ્રતિબોધ કરવો કે-જે દેખી નવીન ઉત્પન્ન થનાર દેવતાને તરત તે વાત માલમ પડે.

હવે હરિણુગમેષી દેવતા ઇન્દ્ર મહારાજની આજ્ઞાથી વજ્રરત્નથી એ હકીકત પોતાની સભામાં લખે છે કે, ઇન્દ્ર મહારાજાનો હુકમ છે કે અહિં ઉપજનારાએ મને પ્રતિબોધ કરવો. હરિણુગમેષી દેવતા ત્યાંથી ચ્યવી ગયા.

નવીન દેવતા આ હકીકત વાંચે છે. હકીકત વાંચી પ્રતિબોધ કરવા આવે છે, સ્વપ્ન આપે છે, નરકગતિ, દેવગતિ, પુન્ય-પાપના ફળ દેખાડે છે. દેવતા સ્વપ્ન આપે છે ત્યારે આમને આળ જાળ લાગે છે. દેવતા આવી કહે છે કે, આમ તમે દેવસભામાં લખેલ છે તેથી સાક્ષાત્ ઇન્દ્ર મહારાજની આજ્ઞાથી પ્રતિબોધ કરવા આવેલ છું માટે હવે સમજો. છતાં પણ હજુ ઇન્દ્રજાળ સરખું જ માને છે. પ્રતિબોધ પામતા નથી, પછી તે કોઈક વખત બહાર ફરવા જાય છે ત્યારે દેવતા એક બાજુ ખાઈ બીજી બાજુ અગ્નિ વિકુર્વે છે, ત્યાં મુંઝાયા, હવે શું કરવું? ત્યાં દેવતા હાજર થાય છે અને કહે છે કે, હું તને સ્વપ્નમાં સાક્ષાત્ કહું છું તો પણ ધ્યાનમાં નથી લેતો, અહિં તારૂં મગજ ફર્યું છે કે શું! ત્યારે તે પુછે છે કે-શું આ ખાઈ તથા અગ્નિ તેં કર્યાં છે? હા. તારા લખવાથી તથા ઇન્દ્ર મહારાજ પાસે તેં માંગેલું છે માટે તને પ્રતિબોધ માટે અમારો પ્રયત્ન છે અને કહે છે કે આ જગતનો દાવાનળ તો ઓલવાય તેવો છે, પણ સંસારનો દાવાનળ ઓલવાય તેવો નથી. તેમ આ સંસારની ભોગતૃષ્ણારૂપી ખાઈ કોઇ રીતે પણ પુરાય તેવી નથી. આથી શાસ્ત્રકાર મહારાજા કહે છે કે જે આત્માને સમ્યકત્વ પામવાની પૂર્વભવમાં આટલી તીવ્ર લેશ્યા હતી તેવાને પણ

અહિં સમ્યકત્વ પામવાની આટલી મુશ્કેલી છે કારણ કે પહેલા દર્શનમોહની બાંધેલું છે તે આ ભવમાં ઉદયમાં આવ્યું. દ્રષ્ટાંત તરીકે:—એક માણસ એક શ્લોક ગોખવાની પુષ્કળ મહેનત કરે છે છતાં એક શ્લોક ચડતાં ચડતાં મુશ્કેલી પડે છે, તે તીવ્ર જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી એક શ્લોકની પ્રાપ્તિ મુશ્કેલથી થાય છે ને તેથી જ જય વીયરાયમાં તથા 'સમદ્દિઠ્ઠી દેવા૦માં' ભગવાન પાસે તેમજ દેવતા પાસે માંગણી કરે છે કે તમારા પ્રભાવથી ભવનો નિર્વેદ માર્ગાનુસારીપણું મને મળો અને સમકિતદૃષ્ટિ દેવતાઓ મને બોધિલાભ આપો. અત્રે દુર્લભબોધિ થવાનું શાસ્ત્રમાં એક દૃષ્ટાંત છે તે વિચારવા જેવું છે:—

બે ચોરો ચોરી કરવા નિકળતા હતા. સામે એક મુનિ મહાત્મા મળ્યા, ત્યારે એમાંથી એકના મનમાં એમ થયું કે કયાં આ મુંડિઓ અપમંગળ સામે મળ્યો. હવે આપણું કાર્ય થાય કે નહિ થાય. જ્યારે આવા મંગલભૂત સાધુને દેખી બીજાને એમ થયું જે ભલે આપણું કાર્ય થાય કે ન થાય. પરંતુ આ સાધુ તો ઉત્તમ છે. એમ બન્નેને જુદા જુદા પરિણામો થયાં. હવે કોઈક ભવમાં બંને ભાઇઓ થયેલાં છે તે પણ જે વિચાર એકને આવે તેજ વિચાર બીજાને આવે તેથી લોકોએ એકચિત્તિઆ એવું બન્નેનું નામ પાડયું. એમ કરતાં કરતાં કોઈ વખત તિર્થંકરના સમોસરણમાં બન્ને જણ ધર્મ સાંભળે છે ત્યાં આગળ એકને ભગવાનનું વચન રૂચ્યું. બીજાને ન રૂચ્યું. અહિં વિચાર કરે છે કે-આખી જીંદગીમાં કોઈ દિવસ આપણા બન્નેના વિચારમાં ભેદ ન પડતો આજે કેમ પડયો ? તેથી આપણા ચિત્તમાં કેમ આજે ભેદ થયો છે તેનું કારણ શું હશે ? ભગવાનને કારણ પૂછ્યું–ત્યારે ભગવંત પહેલા ભવમાં બંનેના સાધુને દેખી થયેલ અનુમોદના તથા નિંદાના કારણથી આ ભેદ પડયો એમ સ્પષ્ટ જણાવે છે, હવે આથી કરીને અનુમોદના કરનારને સમ્યકત્વની પ્રાપ્તી થાય છે અને અપમંગળ ચિંતવનાર તે ચોરના આત્માને સમ્યકત્વ થતું નથી; અને ઘણો સંસાર રખડે છે. આટલી સામાન્ય સાધુની અરૂચિ થવા માત્રથી બોધિદુર્લભ થાય છે. એવી રીતે શાસનનો વરઘોડો દેખી કોઇ આત્માને અનુમોદનાથી પણ બોધિબીજ થાય છે. આ રીતે કોઈક ભાગ્યશાળીને સત્પુરૂષની પ્રશંસારૂપ ગુણાનુરાગથી જે બોધિબીજ થાય તે ચાલ્યું જતું નથી પણ કાળાંતરે કે ભવાંતરે તે બીજાંકુરની ઉત્તરોત્તર વૃદ્ધિ થાય છે.

પ્રશ્ન ૪—જ્ઞાન વીશસ્થાનક વિગેરે આરાધનાના કાઉસગ્ગમાં લોગસ્સ સાગરવરગંભીરા સુધી, ચંદેસુ નિમ્મલયરા સુધી કે સંપૂર્ણ ગણવો ?

સમાધાન—આરાધનાના કાઉસગ્ગમાં પ્રાયશ્ચિત સ્થાન ન હોવાથી સંપૂર્ણ લોગસ્સ ગણવો.

પ્રશ્ન ૫—આરાધનાના કાઉસગ્ગોમાં વંદણુ વત્તિયાએ કહેવું કે નહિ ?

સમાધાન—આરાધનાના કાઉસગ્ગો વંદણુ વત્તિયાથી શરૂ કરાય.

પ્રશ્ન ૬—પ્રતિક્રમણ કરતાં વિશાળલોચન સુધીમાં સામાયિક પુરૂં થાય તો બીજું સામા-

યિક તે વખતે લઇ શકાય ?

સમાધાન—લઇ શકાય.

પ્રશ્ન ૭—આરાધનાના કાઉસગ્ગો કુસુમિણુ દુસુમિણુના કાઉસગ્ગ પછી તરત કરી શકાય કે નહિ ?

સમાધાન—જાગવાની સાથે કુસુમિણુ દુસુમિણુનો કાઉસગ્ગ તથા જગચિંતામણીનું પ્રતિબોધ ચૈત્યવંદન કરવું સારૂં છે, કારણુ કે પ્રતિબોધ ચૈત્યવંદન પછી મહાપુરૂષના વર્તનો, જીંદગીઓ ચરિત્રો વિચારે પછી ભરહેસરની સજ્ઝાય યાવત્ ૧૪ પૂર્વોસુધી ગણે પછી પ્રતિક્રમણુનો વખત થાય ત્યારે પ્રતિક્રમણુ શરૂ કરે.

પ્રશ્ન ૮—સકલતીર્થ બોલતા પહેલા કે પછી બીજું વધારાનું બોલાય તે ઠીક છે ?

સમાધાન—કેટલીક જગો પર અધિક કરવામાં દેખીતો ગેરફાયદો નથી પણુ વિધિભેદ થાય છે. વિધિની નિયમિતતા જાળવવી ટકાવવી જ જોઇએ, કારણુ કે-સકલતીર્થનાં કર્ત્તા જીવવિજયજી મહારાજથી-એટલે સહેજ ૨૫૦-૩૦૦ વર્ષથી આચરાએલી વિધિ આચરણિય છે. કોટિધ્વજની છોકરી માંડવામાં ચુંદડી પહેરીને બેસે, વરરાજા જામો પહેરે. નાતનો રીવાજ બધાને પાલવે તેવો હોવો જોઇએ. તેમ સામુદાયિક પ્રતિક્રમણુમાં સમુદાય વિધિએ થાય તે જ ઠીક છે. જે શાસ્ત્રકારોએ વિધિ કહી તે કર્યા પછી બાકીનું થાય તો શી હરકત ? એકલો હોય ને બીજું ભણે તે જુદી વાત. સમુદાયમાં વિધિ કરવી જોઇએ.

પ્રશ્ન ૯—ભગવાન શ્રી ગૌતમસ્વામીજી મહારાજ શ્રુતકેવલી હોવાથી શ્રુતજ્ઞાનથી ભગવાનનો નિર્વાણુ સમય કેમ ન જાણી શકયા ?

સમાધાન—શ્રુતજ્ઞાનથી જાણુતા હોય તો પણુ શ્રુતથી ઉપયોગ મુકે તો ખ્યાલ આવે ? જેમ ચોપડામાં જાતે લખેલ હોય છતાં ઉપયોગ મુકે તો જ તે ખ્યાલમાં આવે છે, તેમ વિનયવાળો વિવેકને આગળ કરે તેથી હુકમ થયો એટલે ખલાસ. એ કારણુથી એ વિષય તરફ તેમનું લક્ષ જ નથી. વિવેકના અવસરે વિનયની મુખ્યતા ન થાય.

પ્રશ્ન ૧૦—પ્રભુને ગૌતમસ્વામીને ત્યાં મોકલવાની શી જરૂર ?

સમાધાન—મુખ્યતાએ બોધિની પ્રાપ્તિ કરાવવા માટે મોકલેલ છે. કારણુ કે ભગવાન પોતે કર્મબંધથી બચતા રહે છે ને બીજાને બચાવતા રહે અને તેથી જ મુનિસુવ્રતસ્વામિ ભરૂચમાં અશ્વને પ્રતિબોધ કરવા માટે યજ્ઞમાં ગયા છે, અને એ નિમિત્તે ઘણુાને બોધિલાભ પણુ થયો છે.

પ્રશ્ન ૧૧—ક્રિયા વગર અવિરતિ માત્રથી કર્મબંધ શી રીતે થાય ?

સમાધાન—કર્મના વિકારથી અવિરતિપણું છે. તે વિકારો આત્મામાં હોવાથી કર્મ બંધાયા જ કરે છે. જેમ શરીરમાં વિકાર સ્વરૂપ રસોળી થઇ હોય તો તે રસોળીને વધારવાની આપણુને લગીર પણુ ઇચ્છા નથી, છતાં પણુ બીજા અવયવો જેમ જેમ વધે છે, તેમ તેમ તેના પુદ્ગલો વધ્યા જ કરે છે, તેમ જે કર્મો બંધાય છે તેમાં કારણુ તરીકે-અવિરતિનો પણુ હિસ્સો છે જ.

પ્રશ્ન ૧૨—પ્રતિક્રમણાદિક બાહ્ય ક્રિયા ન કરે માત્ર કષાય ત્યાગ ઉપર ધ્યેય રાખે તો તરત તરી શકાય ?

સમાધાન—ધર્મની ક્રિયાઓ આવતા કર્મને રોકનારી છે, અને તેથી જો ધર્મ ક્રિયાઓ નહિ કરે તો સંવર ક્યાંથી આવશે. જો હું પાપ નહિ કરૂં એ પ્રતિજ્ઞામાં આવશે તો અનુષ્ઠાન ક્રિયામાં આવવું જ પડશે અને તેથી જો કષાયના અવગુણો,-ગેરફાયદા, તેના વિપાક સમજી કષાયો ભવાંતરમાં આત્માની ખરાબી કરનાર છે આટલું સમજશે તો ક્રિયા આવશે. કષાય ત્યાગને જ તે આત્મા ધર્મ કહે છે, પરંતુ કષાય રોકવા તે પણ અનુષ્ઠાન જ થયું, ઉલટું તે અનુષ્ઠાન ન માન્યા તે પણ ગુન્હો છે.

અનુષ્ઠાનની બીન જરૂરીયાત ગણવી તે પણ યોગ્ય નથી ધર્મક્રિયા અને મંદ કષાય તે જુદી જ ચીજ છે. યુગલીઆ અને એકેન્દ્રિયપણામાં તદ્દન મંદ કષાય હોય છે. તેથી ત્યાં ધર્મ નથી. ધર્મ અનુષ્ઠાન કરનારને કષાયની મંદતા હોય ત્યારે તેનો ધર્મ કષાયની મંદતાથી ઓછા કર્મ બંધાવશે ને ત્યારે જ ધર્મક્રિયાઓ કર્મ તોડશે.

પ્રશ્ન ૧૩—પૂજાના નિયમવાળો પોસહ ઉચ્ચારી પડિકમણું કરે ને પૂજા ન કરે તો પૂજાનો નિયમ ભંગ ન થાય ?

સમાધાન—સમાચારી જાણનારા પોસહ ઉચ્ચરી પડિકમણું કરે ને તેથી જ કુસુમિણ દુસુમિણનો કાઉસગ્ગ પણ પોસહ લીધા પછી જ કરે.

પ્રશ્ન ૧૪—નોકારશી પચ્ચખાણથી ઉપવાસ આંબીલ એકાસણું થઈ શકે ?

સમાધાન—સમાચારી એવી નથી કે પોરસી સિવાય ઉપવાસ આંબીલ એકાસણા કરાય. નોકારશીથી માત્ર બેસણું થાય છે.

પ્રશ્ન ૧૫—શ્રી ભગવતિસૂત્રમાં દ્વિપ-સમુદ્રને સમુદ્ર દ્વિપને ફરસે છે તે કહેવાનો પરમાર્થ શો ?

સમાધાન—બન્ને આંગળી પરસ્પર સ્પર્શેલી હોય તેમ દ્વિપ-સમુદ્ર પરસ્પર (સ્પર્શેલા જ) છે. અન્યમતવાળા જુદી રીતે માને છે. તેનો નિરાસ કરવા માટે આ વાત જણાવેલી છે.

પ્રશ્ન ૧૬—પૂજાના નિયમોવાળો ઘેર સૂતક હોય તો પૂજા કરી શકે ?

સમાધાન—નિયમો કહ્યાં છે તે શાસ્ત્રકારોએ મર્યાદાથી કહ્યા છે. જો કોઈ શ્રાવિકા નિયમ ગ્રહણ કરે કે આઠમ વિગેરે તિથિએ પૂજા કરવી ને તેજ જો આઠમને દહાડે શ્રાવિકા અટકાવવાળી થાય તો આઠમે પૂજા કરી શકે ખરી ? અર્થાત્ નિયમ છતાં પણ તે શ્રાવિકા પૂજા ન કરી શકે, તેવી જ રીતે જન્મસૂતક વખતે તેના માટે જુદુ મકાન, જુદી રસોઇ રાખે તેમજ અવરજવર ન હોય તો પૂજા કરી શકે અને તેથી સુવાવડની તમામ વસ્તુઓ અલગ રાખે તો વાંધો નથી.

પ્રશ્ન ૧૭—પૂજા માટે સ્નાન પહેલાં કેમ જરૂરી ?

સમાધાન—અપવિત્રતા ટાળવા માટે. તો પછી અપવિત્રતા ટાળવી જ જોઈએ, તેથી જે કારણો જન્મ મરણનું સૂતક અપવિત્રતાનું સ્થાન છે ને તેથી તે ટાળવાનું આવશ્યક છે ને તેથી

સામાન્ય મર્યાદા એવી છે કે-મોભ અડકતા હોય તો તે ઘરવાળાથી પૂજા ન કરી શકાય. હોસ્પીટલમાં સુવાવડ હોય પરંતુ ત્યાં જાવડઆવડ હોય તો પૂજા ન કરી શકે ને તેજ નિયમને સાચવવા માટે મુંબઈ જેવા શહેરમાં અડખે પડખેના બે તથા ઉપર નીચેના ઓરડાઓ વર્જ્ય છે ત્યાં મોભ જેવી ગણુતરી નથી, કારણુ કે મુંબઈ જેવા ચુનાબંધી મકાન થયા છે તેથી મુંબઈ ને અંગે તે સુવાવડનું વધારે નથી ગણુતા. સૂતકની વાતને જણુાવવા મુનિ મહારાજાઓ જન્મમરણુના સૂતકવાળા જેને પ્રતિકૂળ કહેવાય છે ત્યાંથી ગોચરી ન લેવી તેમ દશવૈકાલિકની ટીકામાં **पडिकुट्ठकुलंन०** સ્પષ્ટ કહેલ છે.

કલ્પસૂત્રમાં પણુ સાંભળો છો કે-મહાવીર ભગવાનના જન્મ પછી બારમે દિવસે અશુચિ નિવૃત થયું **निव्वतिए असुइ जम्मकरणे** તેથી કરીને ભગવાનને અંગે પણુ સૂતક જણુાવેલ છે તો પછી બીજાની શી વાત?

સૂતકના દિવસ માટે કેટલુંક ધોરણુ વ્યવહાર ઉપર રહે છે. પાડોશમાં રહેતા હોઈએ જો વ્યવહાર ઉપર ધોરણુ ન રાખીએ તો શું જેટલા એના ઘરમાં પેઠા તે બધા સાથે શું લડવું? અને તેથી તેઓ બંધ કરે પછી પકડી ન રાખવું, નહિંતર ક્લેશમાં ઉતરવું પડે માટે કેટલીક વખત તે દેશમાં ચાલતો વ્યવહાર રાખ્યો છે. જ્યાં આપણું ચાલી ન શકે, જ્યાં આપણો ઉપાય નથી ત્યાં શું કરવું! ને તેથીજ જ્યારે કરકંડુએ ચંડાળોને બ્રાહ્મણુ કર્યા ત્યારે તેમ કરવું જ પડયું, નહિંતર આખા સંઘને બહાર નીકળવું પડત.

પ્રશ્ન-હોસ્પીટલમાં આપણો દરદી હોય, જોડે સુવાવડનો ખાટલો હોય તે વખતે તેની ખબર લેવા જાય તો પૂજા કરી શકે?

સમાધાન-વ્યવહારથી જે સ્થાન ન હોય તેના સંબંધવાળાને સૂતક લાગે કારણુ કે વ્યવહાર પ્રબળ હોવાથી કેવળીઓને વ્યવહાર સાચવવો પડે છે.

પ્રશ્ન ૧૯—શાસ્ત્રકારો એમ જણુાવે છે કે શ્રાવકના દરેક ઘેર દેરાસર જોઇએ, તો સુવાવડ વખતે શું કરવું?

સમાધાન—વિવેકી તેના રસ્તા કરી લે, એ માટે એક ઘર અલાયદુ રાખી મૂકે.

પ્રશ્ન ૨૦—નવગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનના દેવતાઓ કલ્પાતિત હોવાથી ત્યાં રહેલા શાશ્વતા બિંબોની પૂજા કોણુ કરે?

સમાધાન—કોઈક ક્ષેત્રમાં વિચરતાં વિચરતાં સાધુ મહારાજ ગયા, જ્યાં પ્રતિમાઓ અપૂજ છે તો શું ત્યાં સાધુ મહારાજ પૂજા કરશે? ના, કારણુ કે સાધુ પૂજા કરે તેવો આચાર નથી, તેમ તે દેવતાઓનો જવા આવવાનો સ્વભાવ નથી તેથી પૂજા ન થાય.

પ્રશ્ન ૨૧—જો તેમ છે તો ત્યાં બિંબોનો ઉપયોગ શો?

સમાધાન—સિદ્ધાચલજીની ગુફામાં છઠ્ઠા આરામાં પણુ બિંબો રહે તો શી અડચણુ? કંઈ નહિ, તેવી રીતે ત્યાં રહે તેમાં શું અડચણુ?

પ્રશ્ન ૨૨—નવગ્રૈવેયક તથા અનુત્તર દેવોને

કયા કયા ધ્યાન હોય ?

સમાધાન—તેમને આર્તધ્યાનની મંદતા કહેવાય પણ ધર્મધ્યાન ન કહેવાય. કારણ કે પાંચ અનુત્તરમાં સમ્યકત્વ જરૂર હોય અને સમકિત હોવાથી આર્તધ્યાનની મંદતા જરૂર રહે અને ધર્મધ્યાનમાં આજ્ઞાપાયમાં હોઇ શકે કારણ કે તેમને અવધિજ્ઞાન તથા બીજું મતિ શ્રુત નિર્મળ ખરા પણ અવિરતિ હોવાથી ધર્મધ્યાન કયાંથી લવાય ? બાહ્યસુખમાં લીન તે આર્તધ્યાન પરંતુ તેઓ વીતરાગ પ્રાયઃ હોવાથી આર્તધ્યાન મંદ રહે. જ્યાં ત્યાગ નથી અને ઇંદ્રિઓના સુખમાં જ રહેવાનું છે છતાં તેમને તે આર્તધ્યાન બંધનકારક નથી, કારણ કે તેમને સંયોગ એવા છે કે ત્યાં પદાર્થોની સ્વરૂપ વિચારણામાં જ લીન રહે છે અને આજ્ઞાવિચય અપાયવિચય એવા છે કે–તેમાં તેમનું આવવું મુશ્કેલ પડે છે તેથી પણ તેમને ધર્મધ્યાન માનીએ તો હરકત નથી કારણ કે ચૂર્ણિકાર મહારાજાએ એક જગો પર ઉલ્લેખ કરેલ છે પણ ખુલ્લો લેખ નથી.

પ્રશ્ન ૨૩—વિગ્રહગતિમાં પર્યાપ્તા કે અપર્યાપ્તપણું હોય ?

સમાધાન—વિગ્રહગતિમાં અપર્યાપ્તપણું જ હોય.

પ્રશ્ન ૨૪—મંત્ર કે ઔષધના પ્રયોગથી મનુષ્ય તિર્યંચ થાય તો આયુષ્ય મનુષ્યનુંજ ભોગવે કે તિર્યંચનું ?

સમાધાન—એક ભવમાં બે આયુષ્ય ન ભોગવાય જેથી મનુષ્યાયુ જ ભોગવે. જાનવરનો આકાર છતાં સમજણ મનુષ્યની જ છે.

પ્રશ્ન ૨૫—એક મનુષ્ય દેવતાની સહાયથી દેવવિમાનમાં રહે તો આહાર વિહારનું શું થાય ?

સમાધાન—દેવતા જેને સહાયક હોય તેને માટે એ પ્રશ્નને અવકાશ જ નથી. દેવતા એ બાબતનો પ્રબંધ કરી જ લે.

પ્રશ્ન ૨૬—લૌકિક લોકોત્તર મિથ્યાત્વમાં શો તફાવત ?

સમાધાન—કોઇ માતાજી મહાદેવ એવા લૌકિક દેવની માનતા કરે તે લૌકિક મિથ્યાત્વ કોઇ ભોયણીજીમાં મલ્લીનાથજીની માન્યતા કરે, કોઈ કેસરીઆજી ભગવાનની માનતા માને. સંસ્કાર વગરના ભીલ–કોળી જે કેસરીઆજીની ચારે બાજુ રહે છે તેઓ કેસરીઆજીને કાળીઆ બાવા માને. ચોરી કરવા જાવા માટે પણ તેની માનતા કરે જેને કલ્યાણની કે ધર્મની ઈચ્છા નથી, માત્ર પૌદ્ગલીક ઇચ્છાએ કેસરીયાજી વિગેરે લોકોત્તર દેવને માને છે અગર તેમની માન્યતા કરે છે ત્યારે તે લોકોત્તર મિથ્યાત્વ.

અર્થાત્ કલ્યાણ કરનાર મોક્ષ આપનાર એવા દેવાધિદેવને પૌદ્ગલીક માન્યતાએ માનવા તે લોકોત્તર મિથ્યાત્વ.

આંબેલ તપસ્યા આત્માના કલ્યાણનું કારણ છે એ માન્યા છતાં કંઇક દુનીયાદારીના કારણસર એવો વિકટ પ્રસંગ આવ્યો, કેસમાં હારવાનો વખત આવ્યો, તે આપત્તિમાંથી નીકળવા માટે આંબેલ કરે તો તે લોકોત્તર મિથ્યાત્વ નથી. લૌકિક મિથ્યાત્વ અને લોકોત્તર મિથ્યાત્વનો ફેર જણાવ્યો.

પ્રશ્ન ૨૭—ત્યારે લોકોત્તર મિથ્યાત્વ અને જે કલ્યાણ માનવા છતાં પણ દુન્યવી આપત્તિ ટાળવા માટે દેવાધિદેવને માને, પૂજે અગર આંબેલ કરે તો તે બેમાં ફેર શો ?

સમાધાન—કલ્યાણ માનવા છતાં પણ દુન્યવી આપત્તિ ટાળવા માટે જે દેવાધિદેવને માને અગર આંબેલ કરે તો તે દ્રવ્યક્રિયા કહેવાય. દૃષ્ટાંત તરીકે—સુદર્શન શેઠની સ્ત્રીએ ઉપસર્ગ ટાળવા કાઉસગ્ગ કર્યો તો શ્રદ્ધા હોવાથી દ્રવ્યાનુષ્ઠાન થાય પણ શ્રદ્ધા ન હતે તો લોકોત્તર મિથ્યાત્વમાં જાય. વિઘ્ન ટળશે કે નહીં ટળે તો મારે ઘી ખીચડીમાં ઢળશે, મારે તપસ્યા તો છેજ, કલ્યાણ તો છેજ. લોકોત્તર મિથ્યાત્વમાં જો તે માન્યતાથી કાર્ય ન થાય તો માનેલા દેવને ખાસડા મારવા પણ તૈયાર થાય.

પ્રશ્ન ૨૮—પોતાના કુટુંબના અગર વ્હાલા કોઈ સાધુ થયા હોય ને તેનો આદર સત્કાર સન્માનાદિ કરે તો નિર્જરા થાય ?

સમાધાન—સાધુપણા તરીકે ઉલ્લાસ થાય તો લાભ એની અંદર એક સાધારણ રહેવું જોઇએ. તે કરતાં બીજી રીતિએ સ્નેહરાગ જોડે ધર્મરાગ છે. એટલે તે લાભદાયક છે.

પ્રશ્ન ૨૯—દેશવિરતિ એટલે શું ?

વિરતિ = વ્રત, પચ્ચખાણ, નિયમ વિગેરે શબ્દો એક અર્થને જણાવનાર છે. દેશવિરતિમાં દેશ શબ્દ અંશ અર્થને જણાવનાર છે. સર્વથા હિંસા, જુઠ, ચોરી, સ્ત્રીગમન અને પરિગ્રહ, એ પાંચ આશ્રવનો ત્યાગ કરવો તે સર્વવિરતિ, તેની અપેક્ષાએ દેશથી–અંશથી એક એક હિસ્સો એટલે હિસ્સે પણ વિરતિ. મારે પાપને વખાણવું નહિ, સારૂં કહેવું કે ગણવું નહિં. એટલી માત્ર પણ દેશવિરતિ.

કર્મપ્રકૃતિકારને ત્યાંસુધી લખવું પડયું કે પચ્ચખાણના ૪૯ ભાંગા તેમાં છેલ્લામાં છેલ્લો ભાંગો કાયાથી પાપ અનુમોદવું નહીં તેને પણ દેશવિરતિ કહે.

વ્યવહારની વાતમાં જે કોઇ માણસ જીંદગીમાં એક વખત પણ સામાયિક પૌષધ કરે, અનંતકાય અભક્ષ્ય રાત્રિભોજનના પચ્ચખાણ કરે તો પણ દેશવિરતિ. મહાવ્રતમાં ૧૮૦૦૦ શીલાંગ જોઇએ શ્રાવકોને અંગે ૧૮ અબજ કરતાં વધારે ભાગાં છે માટે દેશવિરતિ. કોઇપણ પ્રકારે સામાયિક પૌષધમાં આવેલો હોય, કોઇપણ પ્રકારના પાપનો અંશે પણ ત્યાગ તે દેશવિરતિ, તેમજ ઉંચા દરજ્જે રહો તે પણ દેશવિરતિ. તેવી રીતે શ્રાવકની ૧૧મી પ્રતિમા જેમાં સાધુ જેવા રહેવાનું છે તે પણ દેશવિરતિ અને પાપ અનુમોદન ન કરવું તે પણ દેશવિરતિ.

શાસ્ત્રકારે કહ્યું છે કે—પ્રથમ સાધુપણાની દેશના દેવી તે માટે તૈયાર ન થાય તો જ શ્રાવપણાની દેશના દેવી નહિંતર પ્રાયશ્ચિત આવે.

સાધુપણું એટલે સર્વપાપનો ત્યાગ કોઇપણ ઉપદેશકાર સાધુ મહારાજ એમ તો નહિં જ કહે કે:-

આટલું પાપ તો તમે કરજો. ઉપદેશક તો સર્વથા પાપ છોડવાનુંજ કહેશે. પછી વ્રત લેનાર

કહે કે, સર્વથા છોડવાની મારી તાકાત નથી ત્યારે સાધુ કહે, તો પછી ત્રસ જીવની હિંસાનો ત્યાગ કર. ફલાણું જુઠાણું ભલે રહે એમ સાધુ નહિ કહે. આથીજ પહેલા સર્વથા પાપ છોડવાનું કહીએ છીએ.

સુદેવગુરૂધર્મની શ્રદ્ધાને સમ્યકત્વ કહીએ છીએ પણ ઉંડાણમાં ઉતરીએ તો ૧૮ પાપસ્થાનકોને પાપસ્થાન સ્વરૂપ માને ત્યાંજ સમકિત અનંતાનુબંધી દર્શનમોહનીય ખસ્યું છે તેની આ પ્રથમ નીશાની છે. પછી એ પાપસ્થાનકોમાંથી આપણા કુટુંબના નિભાવ માટે બારી રાખી ત્યાગ કરીએ તે જ દેશવિરતિ, અને જે વખત એ થાય કે મારા શરીર, કુટુંબ, ધન કે દુન્યાનું ચાહે તે થાય તોપણ મારે પાપ ન કરવું તે સર્વવિરતિ. મારા પરિણામની મલીનતા ન થાય તે વીતરાગ ચારિત્ર. આ ચાર વસ્તુમાં જે બીજો ભાગ પોતાના શારીરિક કૌટુંબિકની છુટી રાખી બાકીના પાપનો ત્યાગ થાય તે દેશવિરતિ.

પ્રશ્ન ૩૦—જો અનુમોદન કરવા માત્રથી વિરતિમાં આવી શકાતું હોય તો કૃષ્ણજી ચારિત્રનું અનુમોદન કરતા હતા તેથી તે દેશ વિરતિમાં આવી શકયા કે નહિ ?

સમાધાન—કાયાથી પાપનું પોષણ ન કરૂં, આ વાત પ્રતિજ્ઞાની થાય છે તેમને અવિરતિનો તીવ્ર ઉદય હોવાથી પ્રતિજ્ઞા એટલે નિયમ નથી. જો નિયમ નથી તો એકાદશી આરાધી એમ કહેવાય છે તે કેમ ? તેનું સમાધાન એવું છે કે—સૂત્રશૈલીમાં અણુવ્રતનેજ દેશવિરતિનું સ્થાન છે તેથી અગીઆરશ કરી તોપણ વ્રતમાં ન રહી.

પ્રત્યાખ્યાનાવરણીથી જેટલું જેટલું પાપ ખસેડવા માંગો એટલું એટલુંજ પાપ દેશવિરતિમાં ખસે. સૂત્ર શૈલીએ પાંચ અણુવ્રતને (દેશવિરતિમાં) સ્થાન આપ્યું. પાંચ અણુવ્રત કૃષ્ણજીને ન હતું એટલે પચ્ચખાણ ન હતું.

અનુત્તરના દેવોને ૩૩ હજાર વરસ સુધી આહારાભિલાષા ન થાય તો ઉપવાસનો લાભ થાય ? ન થાય, કારણ કે પચ્ચખાણ નથી, તેમ કૃષ્ણ મહારાજ આશ્રવની પ્રવૃત્તિ કરનાર ન હતા તેમ નહિ તેથી પચ્ચખાણનો લાભ નથી. આથી ૩૩ હજાર વરસે આહાર લેવાનો છતાં પચ્ચખાણનો લાભ તે દેવતાઓને નથી. સૂત્રશૈલીએ પાંચ અણુવ્રત થાય તોજ દેશવિરતિ ગણાય.

પ્રશ્ન ૩૧—વસા શબ્દનો અર્થ કયો ? શ્રાવકને સવા વસાની દયા શી રીતે ઘટી શકે ?

સમાધાન—અત્યારે રૂપીઆના ૧૬ આના તેમ આગળના વખતમાં ૨૦ વસા ગણતા હતા તેથી તે ઉપમાએ ઘટાવતાં જીવ બે પ્રકારના સ્થાવર અને ત્રસ. ગૃહસ્થને સ્થાવરના પચ્ચખાણ હોતા નથી તેથી ૨૦ના બે ભાગ કરતાં ૧૦ વસા થયાં. ત્રસ જીવોમાં પણ જાણી જોઈને ન મારવા. ચુલો સળગાવતાં કોઇ જીવ આવી ગયો તો તેમાં મારી પ્રતિજ્ઞા નથી, માત્ર સંકલ્પથી હિંસા બંધ કરી એટલે ૧૦માંથી પાંચ ગયા, બાકી રહ્યા પાંચ વસા, પાંચની બંધીમાં હું ધોલ ખાઇને બેસી ન રહું. મારો અપરાધી થાય તો છોડું નહિં એટલે અપરાધીના અર્ધા ગયા એટલે રહ્યા

અઢી વસા. સામે વાઘ-સિંહ ફાળ મારી મને મારી નાખશે; તે માટે હું પચ્ચખાણ નહી કરૂં. મારા શરીરને નુકશાન કરે તે વખતે હું ગમ ખાઉં તેમ નહિ બને, એટલે અઢીમાંથી અર્ધો ભાગ ગયો એટલે સવા રહ્યો.

આ રીતે શ્રાવકને વીસ વસામાંથી સવા વસો ને સાધુને સંપૂર્ણ (આખો રૂપૈયો) દયા હોવાથી વીસ વસા.

પ્રશ્ન ૩૨—બિલાડી ઉંદરને પકડે તેમાં ઉંદરને બચાવીએ પણ ઉંદર ન મળવાથી બિલાડી મરી જાય તો આપણને અંતરાય કે હિંસાનું પાપ ન લાગે?

સમાધાન—એવી ઉંદર ખાધા વગરની બિલાડી કેટલી મરી ગઇ? આ તો જેઓને દયા તરફ અરુચી છે તેણે અંતરાય અને હિંસાનો થાંભલો ઉભો કર્યો છે ને પકડી લીધો છે. બિલાડીનું કે બિલાડીના બચ્ચાનું ખરાબ થાય તેથી ઉંદરને બચાવતા નથી, એ તો કુતરો બિલાડીને મારવા આવે તો તેની તે જ બિલાડીને પણ બચાવીએ જ છીએ. જુઓ આ વાત વિચારમાં લ્યો—

મેઘકુમારનો જીવ જે આગલા ભવમાં હાથી હતો, તે હાથીએ સસલાને બચાવવા માટે એક પગ અઢી દિવસ સુધી અદ્ધર રાખ્યો. પરિણામે ત્રીજે દિવસે હાથી જ્યારે સસલાઓ બધા ખસી ગયા અને નીચે પગ મુકવા જાય છે એટલે પગ સીધો ન થવાથી ભૂમિપર ગબડી પડયો. છેવટે મરી ગયો. આત્મહત્યા થઇ. અહિં તો જૈન શાસનમાં પોતાની હત્યા પણ વર્જેલી છે. એ હાથી અઢી દિવસે ભૂમિપર પડયો તે શું ભૂમિ પુંજી પ્રમાર્જીને પડયો હશે? પુંજણી તેની પાસે હશે કેમ? એક સસલાને બચાવવા પોતે મર્યો અને તેના બચાવવારૂપ અહિંસાના ફળરૂપ રાજાનો પુત્ર મેઘકુમાર થયો.

જો અહિંસાનું ફળ ન હોય તો તેના પડવાથી જીવો મરી ગયા હશે તેથી તે મરી ગયાના ફળરૂપ તેની દુર્ગતિ થવીજ જોઇને? પણ તે તો થઇ નહિ, માટે હિંસા રોકવાથી બીજા જીવને નુકશાનનો અવસર લેવાનો નથી પણ અહિંસાનું પુણ્ય તે લેવાનું છે.

પ્રશ્ન ૩૩—ત્યારે શું જે જીવો બચાવીએ તે અવિરતિ હોવાથી તે જીવો જે પાપ સેવે તેનું નિમિત્ત આપણે બનીએ તો આપણને પાપ ન લાગે?

સમાધાન—ત્યારે સસલાને બચાવ્યો તે પછી બચેલા એ સસલાએ શું વિરતિ લીધી હતી? ના વિરતિ લીધી ન હતી, તો પછી હાથીનો જીવ મેઘકુમાર કેમ થયો? એટલે બચાવવાથી બચેલો જીવ જે પાપ કરે તે પાપ બચાવનારને લાગતું નથી.

પ્રશ્ન ૩૪—જીવ સિદ્ધિ ગતિએ જાય ત્યારે શરીરમાંથી એકી સાથે એટલે આખા શરીરમાંથી નીકળી જાય એટલે શું?

સમાધાન—જીવ દેવલોક જવાનો હોય તો શરૂઆતમાં પગ જુઠા પડી જાય છે ને છેવટે મોં જુઠું પડે, એટલે મોંમાથી કે આંખમાંથી જીવ ગયો તેમ કહેવાય છે. તેવી રીતે છેવટે માત્ર કે

ઠલ્લો છુટી જાય તો તેમાંથી જીવ ગયો એમ કહેવાય છે. આવી રીતે જીવ જાય ત્યારે એક ભાગમાંથી જીવ ગયો એમ કહેવાય અને જ્યારે મોક્ષે જીવ જાય ત્યારે એકીસામટા બધા આત્મ પ્રદેશો આખા શરીરમાંથી નીકળી પડે છે.

પ્રશ્ન ૩૫—મોક્ષે જાય ત્યારે ત્રીજો ભાગ ઓછો થાય એટલે શું ?

સમાધાન—લીંબુ, તુરીયાં, ભીંડો, તુંબડી સુકાય ત્યારે આકાર તો એનો એ જ રહે પણ પાણીનો ભાગ સુકાઇ જાય ને ઘટ થઇ જાય છે તેમ મોક્ષે જાય ત્યારે શરીરમાં જે પોલાણુ હોય તે ઘટ થઇ જાય એટલે પોલાણુવાળો ભાગ આત્મ પ્રદેશોથી પુરાઈ જાય. તે પુરાવાથી છેવટે જેટલી શરીરની અવગાહના છે તેનો ત્રીજો ભાગ ન્યુન એટલી આત્માની અવગાહના રહે છે.

પ્રશ્ન ૩૬—ઇલીકા ગતિ એટલે શું ?

સમાધાન—મરણ સમુદ્ઘાતમાં આત્મ પ્રદેશો પોતાને ઉપજવાના સ્થાને જાય ને પાછાં આવે, એટલે ઇયળ જેમ પોતાના શરીરનો ભાગ ચાલવું હોય ત્યારે આગળ નાખે, વળી પાછી જાય; તેમ આત્મા મરણ વખતે જ્યાં ઉપજવાનું હોય ત્યાં પોતાના કેટલાક આત્મપ્રદેશો ફેંકે છે ને તેમાંથી (તે સ્થાને ફેંકેલા પ્રદેશોમાંથી) કેટલાક પ્રદેશો જાય અને વળી પાછા આવે ને વળી જાય તેને શાસ્ત્રમાં ઈલીકાગતિ કહેલી છે.

પ્રશ્ન ૩૭—આયુષ્યનો ત્રીજો ભાગ બાકી રહે ત્યારે પરભવાયુ બંધાય તે નિયમ તુટી જનાર આયુષ્યને લાગુ પાડી શકાય કે નહિ ?

સમાધાન—આયુબંધમાં આયુષ્યનો ત્રીજો ભાગ તે અનુક્રમે ભોગવવાની અપેક્ષાએ છે. ત્રીજા ભાગનો નિયમ તુટી જનાર આયુષ્ય માટે નથી તેવી રીતે ૩.૯.૨૭ ઇત્યાદિ ભાગ પણ નિરૂપક્રમ આયુવાળા માટે છે.

પ્રશ્ન ૩૮—ત્યારે શું આપણા આયુષ્યો સોપક્રમિ છે કે નિરૂપક્રમિ છે ?

સમાધાને—આપણા આયુષ્યો સોપક્રમિજ છે નિરૂપક્રમિ નથી એમ નહિં કહી શકાય, આજે પણ ઉપક્રમ લાગે આયુ જલ્દી ભોગવાય ને તે ભોગવાય તો જ સોપક્રમિ ગણાય. જેમ ઘડીઆળમાં આઠ દિવસની ચાવી આપી હોય તે નિયમસર ચાલે તો આઠ દિવસ સુધી ચાલે. વચમાં જો કમાન છટકી જાય તો બધી ચાવી બે મિનીટમાં પુરી થાય, તેમ આપણા આયુષ્યના દળીઆ અનુક્રમે ભોગવાય તો નિરૂપક્રમિ આયુષ્ય ભોગવાય અને વચમાં કોઇક અકસ્માત આવી ગયો હોય તો આયુષ્યના બધા પુદ્દગલો અંતર મુહુર્તમાં ભોગવી લેવાય, તેથી આપણા આયુષ્યો સોપક્રમિ ને નિરૂપક્રમિ છે.

પ્રશ્ન—અઢી દ્વિપની બહાર મનુષ્યો જન્મે કે મરે નહિ ?

સમાધાન—ના, અઢી દ્વિપની બહાર મનુષ્યો જન્મે કે મરે નહિ.

પ્રશ્ન ૪૦—શાસ્ત્રમાં સિદ્ધશિલા ઉપર દરેક પ્રદેશોએ અનંતા જીવો છે એમ કહ્યું છે તો જો અનંતા જીવો દરેક પ્રદેશે માનીએ તો જ્યાં અકર્મભૂમિ છે ત્યાંથી મોક્ષે જતા નથી. તો

અકર્મભૂમિના ઉપર રહેલા પ્રદેશોમાં અનંતા જીવો કેવી રીતે મોક્ષે ગયા હશે?

સમાધાન—અનંતો કાળ હોવાથી જો એક કાળ ચક્રમાં એકજ સંહરણ થયેલ મુનિ અકર્મ-ભૂમિમાં કાળ કરી મોક્ષે જાય તો અનંતા કાળે અનંતા થાય તેમાં કાંઈ વાંધો આવશે નહિ.

પ્રશ્ન ૪૧—પંચપરમેષ્ટીના રંગો જુદા જુદા કેમ છે?

સમાધાન—પરમેષ્ટીને રંગ હોતા નથી. પરંતુ નવેને જુદા જુદા રૂપે ધ્યાનમાં લેવા માટે અને વર્તુળમાં જુદા જુદા રંગો લેવા માટે પરમેષ્ઠીના ભિન્ન ભિન્ન વર્ણો રાખેલા છે, અહિં તમને શંકા થશે કે તો પછી અરિહંતનો વર્ણ બીજો કરીએ તો ચાલશે કે કેમ? અહિં તો આખી જમીન ધોળી છે તેથી તેના નવ ભાગ કરવા છે માટે ચાર દિશામાં ચાર કયા રંગ ગોઠવવા કે જેમ તે જુદા તરી આવે, તે વિચારવા જો યુક્તિ પર જઈએ તો સફેદ સિવાય ચાર રંગમાં સારો કયો રંગ ગણાય? શાસ્ત્ર દૃષ્ટિએ નીલકસીણું લીલો અને કૃષ્ણ અશુભ છે, લાલ અને પીળો એ બે શુભ રંગ છે તેથી એ લાલને પહેલો મેલી એટલે પીળો પછી મેલવો પડે ત્યાર પછી લીલો ને કાળો મેલવા પડે એ રીતે વચલી કરણીકામાં સફેદ, દિશામાં લાલાદિ ને વિદિશામાં સફેદ આવી જશે, તેથી તે રીતે પરમેષ્ઠીના રંગો ગોઠવાયા.

પ્રશ્ન ૪૨—મુહપત્તિના બોલ અમુક વખત શરીરને લાગે, અમુક વખત ન લાગે તેમાં શી વિશેષતા છે?

સમાધાન—જયણા અને પડિલેહણ માટે બોલ બોલવાએ અસલ રાખ્યું. હવે તે બોલો મનને ઠેકાણે રાખવા ગોઠવવાના છે ને તેથી મોહનીયાદિ ખંખેરવા લાયક છે, સુદેવાદિ આદ-રવા લાયક છે. આવી બુદ્ધિ રાખીને તે ગોઠવેલ છે, બોલ નવા છે. એમ નથી. બોલની વાતોનો લેખ તો ૪૦૦-૫૦૦ વર્ષનો છે આ રીતે બોલ ગોઠવવાવાળાએ અક્કલ વાપરીનેજ તે ગોઠવેલ છે એ બોલો મન માંકડાને ઠેકાણે લાવવા માટે છે. અને આથી મન માંકડાને વશ કરવાનો જે ઉપાય તે ન કર્યો તેથી પ્રાયશ્ચિત.

પ્રશ્ન ૪૩—મુહપતિમાં કેવું વસ્ત્ર વાપરવું? સુતરનું, ઉનનું કે રેશમી વાપરવું?

સમાધાન—સુતરનું કપડું મુહપતિ માટે વાપરવું જોઇએ કારણ કે શાસ્ત્રકારોએ સૌત્ર કહેલું છે. રેશમી કે ગરમ કપડાંની મુહપતિ કહેલી નથી.

પ્રશ્ન ૪૪—કોઈક નક્ષત્રમાં સાધુનું મૃત્યુ થાય ત્યારે ઘાસનું અગર અડદનું પુતળું કરવામાં આવે છે તો હવે તે પુતળાનો ઘાત કર્યો ગણાય કે નહિ?

સમાધાન—પુતળુ શા માટે મુકવામાં આવે છે તે ખ્યાલમાં રાખવા જેવું છે કારણ કે શુદ્ધ પંચેન્દ્રિય ન મરે માટે આરોપિત આકારનું દુષણ નહિ! કુકડાનું પુતળું માર્યું તેનો વિપાક કઠણ પડે છે ત્યારે પણ ત્યાં તો પુતળાનો ભોગ તરીકે ઘાત કર્યો છે પણ અહિં તો બચાવવા માટે ઉદ્દેષ છે. કુકડામાં દેવીને ઉદ્દેશીને છે, બચાવવા માટે નથી.

પ્રશ્ન ૪૫—અડદ કે ઘાસનું પુતળું મુક-વાથી બીજો બચી શકે ખરો?

સમાધાન—કેટલીક વખત સામાચારી પરંપરા અને સંયોગી કારણથી બને છે તેમ શાસ્ત્રકારે

કહેલું છે, આયુ આવી રહ્યું હોય ત્યારેજ તેમ થાય; પણ તેમ કરવાથી કમોત બચે છે. પુતળું ઘાસનું કહો કે અડદનું કહો તેથી શું ? અત્યારે ડાભની પ્રવૃત્તિ લાગે છે.

પ્રશ્ન ૪૬—દરેક આરામાં જીવો મોક્ષે જાય છે તો કોઈક વખત આ સંસાર ખાલી થશે કે નહિ ?

સમાધાન—જીવોની સંખ્યા એટલી બધી જબરજસ્ત છે કે ચોથા આરાના પ્રવિભાગમાં માત્ર મોક્ષ છે ને ત્રીજાના છેલ્લા ભાગમાં માત્ર મોક્ષ છે તે ફરીને કદાપિ છએ આરામાં મોક્ષે જવાનું ચાલુ જ રહે તોપણ જીવોની સંસારમાંથી સર્વથા ખાલી થવાના નથી, કારણ કે જીવોની સંખ્યા બહુ જ મોટી છે.

પ્રશ્ન ૪૭—પુનમ અમાવાસ્યા તિથિ શાથી ગણાય ?

સમાધાન—પુનમ અમાવાસ્યા ચતુષ્પર્વીમાં લીધી છે તેથી બાર તિથિમાં ગણાય તેમાં પણ વાંધો નથી.

પ્રશ્ન ૪૮—પખ્ખીપ્રતિક્રમણ પછી સંતિકરં બોલવું જોઇએ કે નહિ ?

સમાધાન—પખ્ખી પ્રતિક્રમણના છેડે સંતિકરં બોલવાનો રિવાજ કેંઇ વર્ષથી છે અને તેની ટીકામાં પણ પખ્ખી પ્રતિક્રમણ પછી બોલવું તેમ કહેલ છે.

પ્રશ્ન ૪૯—સાથીયો (સ્વસ્તિક) કર્યા પછી ફળ સાથીયા ઉપર કે સિદ્ધશિલા પર મુકવું ?

સમાધાન—વિધાન થાળ મુકવાનું છે, ફળ નૈવેદની જુદી રકાબી મુકાય છે પણ ખરી.

પ્રશ્ન ૫૦—અષ્ટ મંગળીકમાં મત્સ્ય યુગ્મ કેમ લીધું હશે ?

સમાધાન—શુકન શાસ્ત્રવાળાને પુછીએ તો કોઇક માણસ કયાંક પ્રયાણ કરે છે. સામે જીવતા બે મચ્છ દેખે તો અપશુકન ગણે છે. જ્યારે હાથમાં મત્સ્યનું ચિન્હ હોય તે ઉત્તમ ગણે છે, પણ હાથમાં જીવતું માછલું હોય તે ઉત્તમ ગણાય નહિ. અહિં આકારની ઉત્તમતા છે અને તેથી અષ્ઠ મંગળીકમાં આકાર કરવાના છે, તેથી આલેખતા ન આવડે તો પાટલી કરેલી હોય તેમાં પૂરે.

પ્રશ્ન ૫૧--અષ્ટ મંગળની પૂજા કરે તથા ફુલ ચઢાવે છે તે કેમ ?

સમાધાન--અષ્ટ મંગળીક પૂજાનું સાધન છે પણ અમુક વિધિઓમાં જે તે સાધનો છે તેની પણ પૂજા કરાય છે. જેમ ક્ષત્રિઓ હથીયાર જે જીતના સાધનો છે, તેની પણ પૂજા કરે છે આથી સાધનની કીંમત વખતે તેની પણ પૂજા કરાય અર્થાત્ પૂજાનું સાધન હોવાથી સાધન તરીકે પૂજા કરાય.

પ્રશ્ન ૫૨--સ્ત્રીઓ **नमोऽर्हत् सिद्धाचार्योपाध्या०** બોલી શકે કે નહિ ?

સમાધાન--તે પૂર્વની વાણી હોવાથી સ્ત્રીઓને બોલવાનો અધિકાર નથી.

પ્રશ્ન ૫૩--તે તો સિદ્ધસેન દિવાકરે બનાવેલું છે તેમ કહેવાય છે ?

સમાધાન--અન્યોની સભામાં નવકાર બોલતા શરમાયા કહો અગર અપૂર્વતા જણાવવા માટે કહો પણ સિદ્ધસેન દિવાકર બોલ્યા છતાં તેમણે

નવીન બનાવેલું નથી પણ પૂર્વનું જ એ પદ છે. નવકાર બોલવાની જગોપર પ્રાકૃત ભાષાનો સંકોચ થયો તેથી **નમોऽर्हत्** બોલ્યા છે. તેમને ગણધર મહારાજની કૃતિને શરમાવનાર ગણી તેથી તે જગો પર ગુરૂ મહારાજે મિચ્છામિ દુક્કડં દેવરાવેલ છે.

પ્રશ્ન ૫૪--ઝંકારારાવસારા૦ એ ગાથા એક સાથે મોટા ઉચ્ચારથી કેમ બોલાય છે?

સમાધાન--શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ ૧૪૪૪ ગ્રંથ બનાવ્યા તેમાં આ સંસારદાવાની ૪ ગાથાઓ છેલ્લા ૪ ગ્રંથ રૂપ છે. અંત અવસ્થાએ સંસ્કૃત પ્રાકૃત ઉભય ભાષા સ્વરૂપ અસંયુક્તાક્ષર એવા આ ગ્રંથ રચના કરતાં કરતાં કાળ ધર્મ પામે છે તે વખતે આ છેલ્લા પદો સંઘ પણ સાથે સાથે પુરે છે.

પ્રશ્ન ૫૫--નાગકેતુ જન્મતાની સાથે અઠ્ઠમ કરે છે તે દેશવિરતિ ગણાય? જો દેશવિરતિ ગણાય તો, ૮ વરસ પહેલાં દેશવિરતિ સંભવે?

સમાધાન--કુળ સંસ્કાર ન હોય તો ૮ વરસ પહેલાં દેશવિરતિ ન થાય. આજ કાલ તો કુળને અંગે ધર્મ થયો છે પણ પ્રાચિન કાળમાં તો મરજી અંગે ધર્મ હતો. આથીજ શ્રાવકના બાળ બચ્ચાને નિસર્ગ સમક્તિ મનાય છે અને તેથી કરીને કુળના સંસ્કાર પૂર્વભવના સંસ્કાર, જાતિસ્મરણ અને અવધિજ્ઞાનને અંગે બાળપણમાં પણ વિરતિ આવવામાં હરકત નથી.

પ્રશ્ન ૫૬--દ્વિદળ ન ખવાય તો તે કોનાથી થાય ને તેમાં શું ન ખવાય?

સમાધાન--અડદ, મગ, મઠ, મેથી, તુવેર, ચોળા, ગવાર, વાલ, ચણા, જેમાંથી મગફળી માફક ચીકાશ ન નીકળે ને જેની બે ફાડો થાય તે. કાચા ગોરસ એટલે ઉનું કર્યા વગરનું દુધ, દહીં છાશ સાથે એકઠા ન કરાય અને ન ખવાય મેથીની, ચોળીની ભાજી સાથે પણ તે કાચા ગોરસ ન વપરાય કારણ કે દ્વિદળ કહેવાય.

પ્રશ્ન ૫૭--દહીં કેટલું ઉનું કર્યા પછી કઠોળનો સંયોગ થાય તો પછી હરકત ન ગણાય?

સમાધાન--દહીંનો શિતસ્પર્શ ઉડી જાય પછી તેમાં વાંધો ન આવે.

પ્રશ્ન ૫૮--આંબેલ આદિકનું પચ્ચખાણ પાર્યું હોય ને પાણી પીધું ન હોય તો ઉપવાસનું પચ્ચખાણ થાય?

સમાધાન--આંબેલ આદિકનું પચ્ચકખાણ પાર્યા પછી પાણી ના વાપર્યું હોય તો પણ આગળ પચ્ચખાણ ન કરાય પણ અભિગ્રહ કરી શકાય.

પ્રશ્ન ૫૯--નમોऽસ્તુ વર્ધમાનાય અને વિશાલ લોચન૦ સ્ત્રીઓ કેમ નથી બોલતી?

સમાધાન--પૂર્વની વસ્તુ હોવાથી સ્ત્રીઓ નથી બોલતી કારણ કે સ્ત્રીને પૂર્વની વસ્તુ બોલવાનો નિષેધ છે.

પ્રશ્ન ૬૦--રાત્રે ખુબ ઇલેક્ટ્રીક લાઈટના પ્રકાશમાં બેસી જમે તો રાત્રી ભોજનનો દોષ લાગે ખરો?

સમાધાન--પ્રાચીન કાળમાં ઇલેક્ટ્રીક લાઈટને ઓળંગે તેવા મણી રત્નો હતા, છતાં રાત્રે

જમવાનો નિષેધ કર્યો છે. જો રાત્રી ભોજનની છુટ આપશે તો મુનિને રાત્રે દાનની પણ છુટ આપવી પડશે તેમજ ગુરૂએ રાત્રે ભોજન કરવું પડશે. જો તેમ નહિ કરે તો ગુરૂને વહોરાવ્યા વગર ખાવાનો પ્રસંગ આવશે. પરંતુ શાસ્ત્રોકારો તો સંભવ માત્રમાં કાળુ મેલે છે, તેથી જ્યાં જયણાનું વિધાન છે ત્યાં સંભવ હોય તો પણ તે ટાળવું જ જોઇએ, અને તે વિચારશો તોજ મુહપતિ દરરોજ અનેક વખત જીવજંતુ નીકળતો નથી છતાં વિધાન હોવાથી એકાદ પણ જીવાતનો સંભવ હોય તો મરે નહીં એ હેતુથી પલેવીએ છીએ. તેમ રાત્રી ભોજનમાં પણ આહારના રંગના નાના નાના જંતુઓ જે પ્રકાશમાં પણ માલમ ન પડે તેવો સંભવ તે રાત્રે નીકળે છે અને તે આહારમાં પડે તો પણ આપણે જાણી શકતા નથી માટે જ્ઞાની ભગવંતોની આજ્ઞા મુજબ પ્રવૃત્તિ કરવી જોઇએ.

હંસ ને કેશવનો પિતા મિથ્યાત્વી હતો, તેના પુત્રોએ રાત્રી ભોજનનો ત્યાગ કરેલો હતો તેથી તેને બસ રાત્રે જ ખવડાવું, દહાડે આપું જ નહિં તેમ કરવાથી તેની શી દશા થઈ તે વિચારજો!

પ્રશ્ન ૬૧—ઉપવાસાદિક તપસ્યા કરવી હોય તો આગલી રાત્રે કયા વખતથી આહાર પાણી બંધ કરવાં જોઇએ ને ચોવિહાર હોવો જોઇએ કે નહિ?

સમાધાન—પરંપરા મુજબ અને સમાચારીથી રાત્રીના બાર વાગ્યા પછી આહાર પાણી બંધ કરવા જોઇએ. મુખ્યતાએ ઉપવાસાદિક કરનારે રાત્રિભોજનનો પ્રથમ ત્યાગ કરવો જ જોઇએ. રાત્રીભોજન ત્યાગ તે તો મૂળગુણ જેવો હોવાથી અને ઉત્તર ગુણ ઉપવાસ હોવાથી રાત્રી ભોજનનો ત્યાગ પ્રથમ કરવો જ જોઇએ, નહિંતર અનાજ ખાવાની બંધી લેનાર માંસ ખાઈ શકે તેવું થાય.

પ્રશ્ન ૬૨—પડવાના દિવસે સાધુ મહારાજ કેમ ભણતા નથી?

સમાધાન—ઘણે ભાગે પંડિતો રજા પડવાની પાળે છે માટે બધે પડવા પળાય છે, તેમાં શાસ્ત્રીય કંઈ કારણ નથી. શાસ્ત્રીય રીતે તો ચાર મહા પડવામાં અસજ્ઝાય ગણાય છે તેથી તે દિવસે સિદ્ધાંત ન ભણાય.

પ્રશ્ન ૬૩—અસજ્ઝાયમાં દિક્ષા આપી શકાય કે નહિ?

સમાધાન—દિક્ષા આપવામાં વાંધો નથી.

પ્રશ્ન ૬૪—આદુ તથા લીલી હળધર કંદમૂળ છે છતાં સુકવીને તે વપરાય છે તેમ બીજા કંદમૂળ સુકવીને ખવાય કે નહિ?

સમાધાન—આદુ હળધરના અથાણા કરી કોણે ખાધાં? એ બેની સુકવેલીની છુટ છતાં વધારે પ્રમાણમાં તેનો ઉપયોગ નહીં થાય અને જો ગાજર રતાળુ બટાકા વિગેરેની સુકવેલીની છુટ આપે તો છુટથી તેનો ઉપયોગ થાય માટે તેની સુકવણી ન ખવાય.

પ્રશ્ન ૬૫—દુવિહાર પચ્ચખાણમાં બીડી પીવાય?

સપાધાન—ન પીવાય.

# આગમોદ્ધારકની અમોઘ દેશના.

( દેશનાકાર પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રીઆનંદસાગરસૂરીશ્વર )

## અમોઘફલદાયિ-શ્રીસિદ્ધપદ.

નોંધ—ચાલુ વર્ષના ચૈત્ર માસની શાશ્વતી ઓળી પ્રસંગે ધી જયંત મેટલ વર્કસના માલીક શેઠ ચીમનલાલ ડાહ્યાભાઇએ હજારોના ખર્ચે શ્રીનવપદજીની સામુદાયિક આરાધના પ્રસંગે પૂ. સાધુ, પૂ. સાધ્વી અને શ્રાવક શ્રાવિકાનો ચતુર્વિધ સંઘ એકત્રિત થયો હતો. તે અવસરે કપડવંજ મુકામે મંડપમાં શ્રોતાઓની ભરચક મેદની વચ્ચે દીધેલ દેશનાનું ક્રમસર અવતરણ; સંચયકાર-મુનિ શ્રીહેમસાગરજી. —તંત્રી

**અનેક ભવમાં જગત્‌ના ઉદ્ધારકની એકસરખી ભાવના.**

**પરાધીનતાની જંજીરોને તોડવા ઘનઘાતી કર્મ પર આક્રમણ કરો.**

**અનંતી વખત ઓઘા મુહૂપતિ મુકવાની × × × × × ટકોર કરનારને સાદી શીખામણ.**

**રાજા અને રંકના મરણ એક સરખા છે.**

**શરીર ધારી અને શરીર વગરના દેવ સિવાય શાસનનું સંસ્થાપન-સંચાલનની મુશ્કેલતા ?**

## સિધ્ધપદ

૧૯૯૯ ચૈત્ર શુદિ ૮ મંગળવાર
કપડવંજ.

**पनरसभेयपसिद्धे, सिद्धे घणकम्मबंधणविमुक्के। सिध्धाणंतचउक्के झायह तम्मयमणा सययं ॥२॥**

**જગતના ઉદ્ધારની ભાવના.**

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ રત્નશેખરસૂરીશ્વરજી મહારાજ શ્રીપાળ ચરિત્ર રચતાં થકા આગળ જણાવી ગયા કે જે મિત્ર સંમિત વાકયથી પ્રતિબોધ પામનારા જીવો હોય તેવા જીવોને સમજાવતાં ને નવપદનું સ્વરૂપ જણાવતાં. પહેલું અરિહંતનું સ્વરૂપ જણાવી ગયા. ચાર અતિશય જણાયા તેમાં વાંઝીયાને સંતતિનું સ્વપ્ન પણ ન હોય તેમ દેવતાની પૂજા-સમાગમ કે દર્શન પણ દુર્લભ હોય તેવાને દેવતાની કરેલી પૂજા અતિશયોક્તિવાલી લાગે, દેવતા સેવામાં હાજર રહે તે માનેજ નહિ તેઓએ વિચારવાની જરૂર છે કે-અરિહંત ચીજ શી છે! દેવતાઓના કહેલા અતિશયો, પૂજા અભિષેક, તે ભકતોએ કરેલ છે.

અરિહંત કોણ બને! સમજીએ છીએ કે-દેશ માટે ભોગ આપનાર તે મરી જાય તો પણ દેશ કેવો માને છે! રશિયામાં સ્ટેલીન ઉપર, ઇટાલીમાં મુસોલીની ઉપર, અનહદ ભક્તિ પ્રજાની હોય. મારા દેશનો ઉદ્ધાર કરનાર નરવીર નરરત્ન આ એકજ છે. દેશોદ્ધાર કરનાર પાછળ તે દેશના લોકો પાયમાલ થઇ જાય છે, તો જે જિનેશ્વર મહારાજાએ જન્મોના જન્મો સુધી એકજ કાર્ય કર્યું છે. કે જગત્‌નો ઉદ્ધાર કરૂં 'સવિ જીવ કરૂં શાસનરસી' એ સ્નાત્રપૂજામાં દરેક બોલે છે પણ તે શબ્દો ઘંટડીના શબ્દોમાં ચાલ્યા જાય છે. આપણું શાસન રસિકપણું કેવું છે! મારી સોગટીને કોઈ અડકશો નહીં. આપણે આપણું કુટુંબ સગાસંબંધીઓનાં સંબંધ શાસન માટે તજવાં જોઇએ છતાં બાકીના બધાં જાવ પણ મારી વાત કરશો નહિ આ આપણી ભાવના કઇ! મારા કુટુંબાદિ રૂપ સોગટી શિવાય બધાંને શાસનરસિક કરૂં! આગળ ચાલીએ એક તીર્થંકરના ભવની ભાવના નહીં પણ પાછળના ભાવોની **"भावितभावना भवेष्वनेकेषु"** અનેક ભવોમાં આવી એકસરખી ભાવના રાખી કુટુંબ, રાજ્ય શરીરનો ભોગ તે માટે જેમણે આપ્યો **'नैकस्मिन्द्वयोः'** એક બે ભવ નહીં અન્તઃ કોટાકોટી

કાળના ભવ સુધી ભાવના રહે તો વાંધો નહીં અર્થાત્ એકજ ભવ કે બે ભવમાં જગતના ઉદ્ધારની ભાવના રહી હતી તેમ નહીં. એકલી ભાવના નહીં-પણ ભોગ ચક્રવર્તી સરખા રાજ્યનો પણ ભોગ આપતા રૂપ્યો શ્રી રીખવદેવજી આગલા ભવમાં ચક્રવર્તી હતા તેવા રાજ્યને, ૧૯૨૦૦૦ સ્ત્રીઓનો ભોગ છોડી દેનારા, શરીરને અંગે તેલી તલને પીલે તેના કરતાં પણ કપરી રીતે શરીરને તપસ્યાથી પીલનારા, જીંદગીમાં એક બે માસખમણ કરીયે તો ખૂબ કર્યું. લાખ વરસ સુધી લાગલાગટ માસખમણ નંદનના ભવમાં. આ બધા ભવમાં ભાવના કઇ! જગતના ઉદ્ધારની ભાવના. એ જીવ કુદરતમાં સર્વ જીવોને પૂજવા લાયક થાય તેમાં નવાઇ શી! જન્મ વખતે, દીક્ષાના વિચાર સાથે, કેવળ જ્ઞાન વખતે, સર્વ ઠેકાણે ઇંદ્રની હાજરી થાય તેમાં નવાઇ શી! યાવત્ મોક્ષ વખતે ઇંદ્રની હાજરી. 'સુરભક્તિ શોકસહિત' એક બાજુ ભકિત એક બાજુ શોક. હોય તો કાળાં કપડાં પહેરવાં જોઇએ પણ ભકિત અને શોક બંને સાથે છે. જેના વિયોગનો શોક થાય વિયોગ પછી પણ ભકિત્ત જાગતી રહે તે તીર્થંકર નામકર્મના પ્રતાપેજ! તે કોના પ્રતાપે બંધાયું! સિદ્ધિ જેવી કોઈ ચીજ નથી પછી તીર્થંકરપણાને ગોઠવો જોઇએ! તો ધૂર્તમાં ધૂર્તપણામાં તીર્થંકર પણાને ગોઠવાય. મોક્ષ વસ્તુ નથી, મોક્ષે જનાર જીવ ન હોય તો જગતને ઠગવાનું કે બીજું કંઇ! તીર્થંકરપણું આટલું બધું મહિમાવાળું છતાં

**મોક્ષાભિલાષની યથાયોગ્ય વ્હેંચણ.**

તેની કોઇ મુખ્ય જડ અને આધાર હોય તો માત્ર સિધ્ધપણું માનનારને જ છાપ મળે, મોક્ષની છાપ અરિહંત માનનારને અને આચાર્યાદિકને માનનારને છાપ નથી મળતી ભવ્યપણાની છાપ સિદ્ધ માનનારને મળે છે. ન સાંભળ્યું હોય તો સમજ! ઘણા ભવ્યોએ આ વાત સાંભળી હશે કે મોક્ષે જવાનો વિચાર ભવ્ય સિવાય બીજાને હોય નહીં જેને મોક્ષની શ્રદ્ધા અને મોક્ષે જવાનો વિચાર થાય તે જરૂર ભવ્ય જ હોય અભવ્ય હોય જ નહિ. સિદ્ધાચલજી દેખે તે ભવ્ય ચોકસ, પણ ન દેખે તે અભવ્ય હોય તે નિયમ તેમ અહીં જેમને મોક્ષની શ્રદ્ધા, મોક્ષે જવાનો વિચાર થાય તે ભવ્ય જ હોય પણ મોક્ષની શ્રદ્ધા થઇ નથી અને મોક્ષે જવાનો વિચાર થયો નથી તે બધા અભવ્ય જ, એવો આ શાસ્ત્રકારોનો નિયમ નથી.

શીલાંકાચાર્યે આચારાંગમાં જણાવ્યું કે-અભવ્યને હું ભવ્યું છું કે અભવ્ય તે શંકા ન થાય. ત્યારે મૂળ વાત ઉપર આવીયે મોક્ષની માન્યતા તેની શ્રદ્ધા ભવ્ય જીવને જ હોય.

મોક્ષની માન્યતા, સિદ્ધિ તેમાં રહેલા જીવોની માન્યતા સાથે ભવ્યપણાની છાપ અરિહંત આચાર્યો, ઉપાધ્યાય, સાધુને અંગે લાગણીવાળો રહેજે થાય સિદ્ધ તરફ લાગણી થવામાં બાહ્ય નિમિત્ત નથી. અરિહંતાદિકમાં લાગણી થવાને માટે બાહ્ય નિમિત્તો છે. સિદ્ધ મહારાજને અંગે આત્માનું શ્રેય રૂપ ધ્યેય હોય તો જ લાગણી થાય તેમાં બાહ્ય નિમિત્તને સ્થાન નથી. અરિહંત આચાર્ય ઉપાધ્યાય સાધુનો સત્કાર તે ભવ્યપણાની છાપવાળો નથી. ભવ્યપણાની છાપવાળી ચીજ સિદ્ધપણાની માન્યતા છે. સિદ્ધપણું એટલે સંપૂર્ણ પરાધીનતાની ધુસરીમાં ફસાઈ ગયેલો, અને એકપણ સ્વાતન્ત્ર્યના કિરણને નહીં સ્પર્શતો તે ગુલામીને ધિક્કારનારી પરાધીનતાની બેડીમાં જકડાયેલો તે જંજીરોને તોડીને સદા પોતાના સ્વરૂપમાં સ્થિત રહેવું તે. આ જીવને પ્રથમ મોક્ષાભિલાષ કઇ વખતે! ૭૦ કોડાકોડ ૬૯ અંતઃકોડાકોડીથી અધિકનો કાળ જેમાં સમકિત માર્ગપ્રાપ્તિ પણ નથી. માર્ગની દિશા પણ નથી. તેવા વખતમાં પણ ભવ્યપણાનો નિશ્ચય થઇ શકે છે. મોક્ષને માનવાવાળો ૧ પુદ્દગલપરાવર્તન સંસારવાળો હોય, સમ્યક્ત્વવાળો અર્ધપુદ્દગલપરાવર્તનમાં ન્યુન સંસારવાળો હોય જ્યારે મોક્ષમાનવાવાળો ૧ પુદ્દગલપરાવર્તન સંસારવાળો હોય ભગવાન્ હરિભદ્રસૂરિજીએ જણાવ્યું કે—**'मुक्खा आओ वि अन्नथ'** ઇત્યાદિ છેલ્લા પુદ્દગલપરાવર્તન શિવાય મોક્ષની વિચાર-માન્યતા થાયજ નહી. સજ્જડ સંસાર રખડવાનો બાકી હોય તો સિદ્ધનો અભિપ્રાય થાય જ નહીં.

અરિહંતાદિક ચારનો અભિપ્રાય થાય પણ સિદ્ધ અને પુદ્દગલપરાવર્તન સિદ્ધના જીવોની અભિપ્રાય છેલ્લા શિવાય થાય નહીં.

હવે સ્હેજે સમજવાવાળા ધ્યાન દેશેતો માલમ પડશે કે સમ્યક્ત્વ પામવા પહેલાં તો કર્મની સ્થિતિ અંતઃકોડાકોડી હોય તે પહેલાં ૭૦ કોડાકોડી હોય એ પરાધીનતામાં કેટલો છે!

પરાધીનતાની સંપૂર્ણ બેડીમાં જકડાયેલો જેને જીવાદિતત્ત્વોનું ભાન નથી. કેવળ દુનિયાદારીના રાજા, ઈંદ્રપણું કહો પણ ગુલામીની ધુસરી. પૌદ્ગલિક ગુલામીની બેડીમાં જકડાયેલો પણ એ વિચારમાં આવે કે-આક્રમણકારીના બળનો નાશ કરવો તે મારૂં ધ્યેય.

**આક્રમણકારની શક્તિનો વિનાશ કરો.**

આક્રમણકારનો નાશ કરવો, આક્રમણકારની શકિતનો નાશ કરવો, આક્રમણકાર મુખ્યતાએ મોહનીય તેની જોડે રહેલા તેના ત્રણ ભાયાતો જ્ઞાનાવરણી, દર્શનાવરણી, અંતરાય, તે ચારે ઘાતિકર્મની ચોકડી તેજ દુનિયાને પરાધિનતાની બેડીમાં જકડનારી ચીજ છે. પોતે ગુલામીમાંથી છુટેલો નથી. આ ધુંસરી આ બેડી ફેંકી દઉં તેવી ધારણા ભવ્યનેજ થાય છે. અજ્ઞાનતાની ગુલામીમાં જકડાયલો હોય તે ભાન આવે ત્યારે ફેંકી દેવા વિચાર કરે છે.

હેડનબર્ગે પ્રજા માટે એકજ અમોઘ શસ્ત્ર માન્યું હતું.

જેકોસ્લોવેકીયા જુદા કર્યા પણ એકજ વસ્તુ પકડી હતી કે મારી પ્રજામાં શત્રુ તરફની ધિક્કાર નજર છે તેજ અમોઘ હથિયાર છે.

આક્રમણકારી કર્મોમાં જે રસની શકિત તે તોડી નાખવી. મોક્ષે જનારો કર્મના અણુને નાશ કરવા સમર્થ નથી. માત્ર કર્મના રસ તોડી નાખે. એક પણ અણુ નાશ કરવાની તાકાત અરિહંત કે સિદ્ધમાં નથી. આક્રમણકારની શકિતનો એવો નાશ કરાય કે ફેર ઉંચોજ ન થાય કર્મ પરમાણુને એવા વિખેરી છુટા પાડી નાખ્યા કે-અનંતોકાળ ચાલ્યો જશે અનંતી ઉત્સર્પિણી જશે તો પણ કર્મનું આક્રમણ તેના પર થશેજ નહીં સિદ્ધ પરમાત્મા બન્યા પછી કર્મની શક્તિ તોડી તે તેમની ઉપર કોઈ દિવસ આક્રમણ કરી શકે નહીં. એ સર્વથા તોડીને સાફ કરવાનો વિચાર ભવ્યોનેજ આવે ભવ્યો સિવાય બીજાને તે વિચાર પણ ન આવે માટે કહે છે કે મનના મોતીના ચોક પૂર્યા તેમાં શું વળ્યું! પણ પણ શાસ્ત્રકાર કહે છે કે-એટલું પણ કરે તો હું મોક્ષ આપવા બંધાઉં છું.

**ઇન્દ્રાસનને બદલે નિંદ્રાસન.**

મનમાં મોતીના ચોક પુરે તેને સાચા કરવાનુ શાસ્ત્રકાર માથે લે છે પણ મનમાં પણ પુરાવું જોઇએને! ઇંદ્રાસન બદલે નિંદ્રાસન વિચારાય એટલે પોતાનું વિચારવાને બદલે પુદ્ગલનું વિચારાય ત્યાં શું થાય! પોતે પોતાનું તો વિચારવું જોઇએને! પોતે પોતાનું વિચારે તેને ધાર્યું સિદ્ધ કરી દેવું, તે મારે માથે જેની મોક્ષની માત્ર ઇચ્છા થાય તેને મોક્ષ મેળવાવી દેવો તે મારા માથે.

અભવ્યને મોક્ષની ઇચ્છા ન થાય ભવ્યનેજ મોક્ષની ઇચ્છા થાય કલ્પવૃક્ષ પણ માગ્યા શિવાય ન આપે તો શાસ્ત્રકાર પાસે મોક્ષ માગેજ નહિ તો કયાંથી મળે! જીંદગી સુધી કલ્પવૃક્ષની સેવા કરનાર કેરડાને બોરાં માંગે ને મને રાજ્યરિદ્ધિ ન મળી કહે પણ માગ્યા બોરા ને કેરડા તો કલ્પવૃક્ષ શું આપે! તેમ આ જીવે અનંતી વખત દેવગુરુ-ધર્મની સેવા આરાધના ભકિત કરી, બરોબર ચાકરી કરીને માગ્યું પુદ્ગલ. એક પણ વખત આત્માનું કલ્યાણ માગ્યુંજ ન હતું. બીડમાં હજારો વર્ષો સુધી વરસાદ થયો પણ વાવ્યું કયારે કે છોડવો ન થયો! વરસાદમાં તાકાત છે પણ બીજ વાવ્યા વિના ન ઉગે.

**ટકોર કરનારાને સાદી શીખામણ.**

અનંતી વખત ઓઘા લીધા પણ માગ્યા બોરને કેરડા એક પણ ભવ મોક્ષના સાધ્યવાળો થયો નથી, પછી ઓઘો લીધે શું વળે? એમ જે કહે છે, તેના જેવો બીજો મૃષાવાદી નથી. મોક્ષની ઇચ્છાવાળો-ઓઘો ચરવળો એક પણ હજુ થયો નથી. ખેડુત ખેતરમાં હળ ખેડતો હોય તેને બીડનું દૃષ્ટાન્ત દઇને જે ભરમાવાય તેમ મોક્ષની બુદ્ધિએ, કર્મક્ષયની બુદ્ધિએ, ધર્માચરણ કરનારને મેરુપર્વત જેટલા ઓઘા મુહપત્તિ થયા તેમ કહી ભરમાવનાર ધૂતારા છે. કર્મક્ષયની બુદ્ધિ એ ઓઘો લેનારાને ભરમાવનારા છે. એ ખેડૂત હળ બળદ છોડી ચાલ્યા જાય કે ભાઇને ઘી કેળાં થાય તેમ પુદ્ગલાનંદી જીવોને પણ તે ઓઘા મુહપત્તિ છોડી દે તો પોતાની હલકાઈ થતી અટકે આત્માકલ્યાણની બુદ્ધિવાળાને તો અનંતા ભવે દુર્લભતા જણાવવા માટે કહ્યું છે કે-મેરુપર્વત જેટલા ઓઘા થયા.

બીજી રીતે વિચારીયે—પૌદ્ગલિક માટે કર્યું તેમાં શું થયું! નવગ્રૈવેયકની હદ સુધીનું દેવપણું, રાજા મહારાજા થયો. કેરડા, બોર માટે સેવાયેલા કલ્પવૃક્ષો કેરડા બોરાતો આપ્યાંજ, પણ નથી સેવ્યો તેને શું મળ્યું!

અનંતી વખત ઓઘા મુહપત્તિ લીધા એ પણ અનંતી વખત રાજા રજવાડાનો વૈભવ ધર્મના

પ્રભાવે મળ્યો છે. બાયડી છોકરાં વધારે વખત મેળવ્યા કે—ઓઘા મુહપત્તિ અનંતી વખત લીધાં! માને બાયડીઓ કેટલીક વખત ! માતાનું દૂધ પીધું છે તે ભેગું કરીએ તો સ્વયમ્ભૂરમણ સમુદ્ર (છેલ્લો સમુદ્ર) કે જે છઆની ભાગ પ્રમાણુ છે એવો સમુદ્ર તે તો ખાબોચીયા જેવડો થઇ જાય. વિચારો માનું દૂધ કેટલું પીધું ! એ પ્રમાણે સ્ત્રીઓ પુત્રો તેટલા થયા છે કેટલી વખત માની મમતા, બાયડીની મમતા, બેન છોકરા છોકરી ધન-માલની મમતા કરી તેનું ફળ શું આવ્યું ! દુર્ગતિમાં રખડવાનું ફળ આવ્યું આ બે શિક્ષાને શિરપાવ તારી નજર નીચે છે નરકની શિક્ષા નવગ્રૈયકનો શિરપાવ તે પણ મળે છે તો શીરપાવને રસ્તે કેમ જવાતું નથી. ને ખાસડાના રસ્તે કેમ જવાય છે!

**કાળજા વગરનો શિયાળીઓ કે વાઘ ?**

પૌદ્‌ગલિક દૃષ્ટિએ અનંતી વખત જેનું ફળ મેળવ્યું છે. તે રસ્તે કેમ જવાતું નથી શીયાળીયાએ વાઘને કહ્યું કે—

વાઘ મામા વાઘ મામા હું આટલો નાનો છું તેથી તેમાં પેટ નહિ ભરાય પેટ ભરાય તેવું લાવી આપું મામા ગધેડાને કહે કે—ભાણેજ આવ્યા. ગધેડો પૂછે છે કે શું છે ! તમે દુબળા કેમ ! મારા બીજા મામા એવા જબરા છે. કેવા છે ! ચાલો દેખાડું દોરી લાવ્યો વાઘે દેખ્યો કે તુરત તરાપ મારી, ગધેડો ભડકયો અને ભાગી ગયો હું લાવતો હતો ને ભગાડી મુકયો, હવે તડાકો કરી બગાડશો નહીં કેમ મામા ભાગી આવ્યા તમને મળવા માટે સામા આવતા હતા તેથી તડાકો કર્યો તમે દુબળા ખરા કે નહીં, નજીક આવ્યા ગધેડાને ફેર કહ્યું કે—કેમ ભાગી આવ્યા ! દુબળા કેમ ? તમે તો પંજામાં અને અવાજમાં દુબળા માટે મામા સાથે રહો હળો તો બળ આવશે મુર્ખ ગધેડો ગયો અને આવ્યો કે તુરત વાઘે મારી નાખ્યો પાપ મેં કર્યું અને જરૂર તે ગધેડાને ખઇ જાશે. આ વિશ્વાસઘાત કર્યો મોટું પાપ લાગ્યું, જપ તપ મનુષ્યો કરે આતો હું તિર્યંચ કંઈ નહીં તો નાહી તો લઉં શીયાળીઓ નદીમાં ગયો અને ત્યાંથી નીકળી શીયાળીઉં ખાબોચીયામાં ગયું ને ફરી રમત કરીને નાહીધોઈ બહાર નીકળી ગયું વાઘ જો તો રહ્યો કે હજુ શીયાળીયો આવ્યો નથી કાળજું નથી માટે લેવા ગયો હશે પણ કાળજું હતે તો આવત ખરો ! તેમ ફસાવનાર ક્રિયા-હિનોને ફસાવે પણ સમજે તો અનંતી વખત બાયડી છોકરાથી દુર્ગતિ મળી ઓઘાથી દેવલોકો મળ્યા. આત્મકલ્યાણની બુદ્ધિનો એકપણ ઓઘો—ચરવલો હજુ પકડયો નથી.

**ધારણા સાથે કલ્પના ફિત.**

મારે મોક્ષ મેળવવો છે. મોક્ષ શિવાય બીજું કાંઇપણ ન જોઇએ એવાઓને મોક્ષ અપાવવો તે શાસ્ત્રકાર માથે લે છે. મોક્ષજ જોઇએ તો અર્ધ પુદ્‌ગલ પરાવર્તમાં. મોક્ષ જોઇએ તો ૧ પુદ્‌ગલપરાવર્તમાં આવે. બેય મુદતની હુંડી આહં લખી આપશે. આ બધું મોક્ષનું પ્રકરણ સિદ્ધપદને અંગે, **પનરસમેદપસિદ્ધે** તીર્થંકર બનો કે ન બનો સ્ત્રી, પુરૂષ પ્રત્યેક કે સ્વયંબુદ્ધ હો એકલા કે પરિવારવાળા હો પોતે સમજેલા હોકે બીજાથી તેમાં સિદ્ધપણામાં ફરક નથી. જેવું પુરુષને તેવુંજ સ્ત્રીને પંદરે ભેદવાળાને એકસરખું સિદ્ધપણું છે. અહિં ભેદ હોય તો ત્યાં ભેદ કેમ નહીં ! ઝાડના બીજ ફળફુલમાં ભેદ હોય છતાં ગોટલાની રાખ કે જાબુડાના ફળની રાખ તે મૂળ જાતને વળગીને રહે છે.

**સિદ્ધપદનું અંતિમ રહસ્ય.**

જેવી રીતે રાજા કે રંકનું મોત એકસરખું. પંદરભેદે કરીને જાહેર થયેલા અનાદિના લખેલાં કર્મ બંધનોથી રહિત થયા મોક્ષે ગયા પછી ન ખાવું ન પહેરવું પછી મોક્ષને શું કરવું ! પૂછીયે ભાઇ ! અક્કલનો કોઇ ફાકડો મારો છો ! અક્કલ આબરૂ ઓઢવા પીવા પહેરવા કામ ન લાગે તો નકામી ચીજ ગણવી ! મૂર્ખાઓ અકકલની કિંમત ખાવા પીવા દ્વારા કરે છે. તેમ અજ્ઞાનીઓ આત્માના ગુણોદ્વારાન કરતાં ખાવાપીવાદ્વારા સિદ્ધની કિંમત કરે છે. સર્વકાળ માટે અનંતુ જ્ઞાન દર્શન ચારિત્ર સુખ રજીસ્ટર્ડ થયેલું છે રોગ શોક જેને નથી. એવા સિદ્ધ પરમાત્મા તેનું ધ્યાન કરો 'હાથમાં માળા અને બગલમાં છુરી, ભગત ભયા પણ દાનત બુરી,' તેમ નહીં પણ સિધ્ધ સ્વરૂપમય મનને સાવધાન કરી સિધ્ધ મહારાજાનું સતત ધ્યાન કરો.

પ્રથમ પદમાં આમ શરીરધારી દેવ અને બીજા પદમાં શરીર વગરના દેવ એ બે ભેદો જણાવ્યા હવે ગુરુનું સ્વરૂપ કેવું છે અને ગુરૂઓને પણ દેવ સાથે કેવો સબંધ છે તે આગળ ઉપર જણાવાશે.

**અનુભવના એરણુ ઉપરથી—**

લેખક—**સુધાવર્ષી**

# વિવેક ક્યાંથી હોય ! ! !

૧. વિના અપરાધે કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેલા વાલી મુનિને ઉપસર્ગ કરવામાં હઠે ચડેલા અને વેરની વસુલાત લેવામાં વિકરાલ બનેલા જડાત્મા રાવણને **વિવેક ક્યાંથી હોય !**

૨. પરમાર્હત્ કુમારપાળનું ખુન કરાવવામાં અગ્રભાગ ભજવનાર શાકંભરીના રાજા અર્ણોરાજ ઉપર ચઢાઇ કરનાર સત્વશાળી કુમારપાળના સામંત સરદારો, સેનાપતિ અને સબળ સૈનિકોને ચાલતી લડાઇમાં લાંચ રૂશ્વત આપીને ફોડનાર જડાત્મા અર્ણોરાજને **વિવેક ક્યાંથી હોય !**

૩. બિહારના બહોળા પ્રદેશના બજારમાં વેપારની લેવડદેવડ કરનારા હજારોની સંખ્યામાં ઉભરાઇ જનારા માનવીઓને અચાનક ધરતીકંપથી ધ્રૂજતી ધરતીમાં પ્રવેશ કરાવીને જીવનનો અંત આણવામાં પાવરધા બનેલી પૃથ્વીને **વિવેક ક્યાંથી હોય !**

૪. ગંગાના કિનારા ઉપર જગમશહુર મહેલાતો બાંધીને અબજોની સંપત્તિસહિત વસનારા અને ગંગાના પાણીના પુરવેગથી બચવાને અભેદ્ય લોખંડની દિવાલો બનાવીને સાવધાન રહેનારાઓને થાપ આપીને સંપત્તિ સાથે મહેલાતને પાણીના પુરમાં ધસડી જનારા જડ–જલ પ્રવાહને **વિવેક ક્યાંથી હોય !**

૫. જાપાનના જગપ્રસિદ્ધ પ્રદેશમાં જાણીતી નદીઓના પુરમાં અકલ્પ્ય નાશભોગ બનનારા માનવસમૂહની દયા ખાવાનો લેશ પણ અવકાશનો અવસર નાશ નોંતરનારા એ જાલીમ જડ–જલપ્રવાહને **વિવેક ક્યાંથી હોય !**

૬. મારવાડ અને મેવાડની સ્વભાવિક સંબંધને સાંધનારી સરહદ ઉપર એકાએક અણધાર્યું આક્રમણ કરનારી અતિવૃષ્ટિમાં ભાગ લેનારા જાલીમ જુલ્મગાર જડ–જલને **વિવેક ક્યાંથી હોય !**

૭. સ્થળ ઉપર જડ–જલનું અખંડ સામ્રાજ્ય જમાવવાને અતિવૃષ્ટિમાં એક સરખો સહકાર આપવાને પૂર્વે સંકેત કર્યો ન હોય તેવી રીતે પુરા મદે ચઢેલા નદીના ગોઝારા નીરે મકાન અને મહેલાતો, ગામ અને નગર, હાટ અને હવેલી, એકસરખાં જમીનદોસ્ત કરવા જડના–જલના ઉદયની જંગલી જમાવટ કરવામાં હઠે ચઢેલા જડ–જલને **વિવેક ક્યાંથી હોય !**

૮. અણધારી આવી ચડેલી અતિવૃષ્ટિ અને નદીના પુરને અખંડ સહકાર આપવાને તૈયારીમાં એકાએક બહાર પડતા ન હોય તેવી રીતે ૪૦૦ માઇલના ઘેરાવાના સમુદ્ર સમાન સરોવરોએ પોતાની મર્યાદાનો ભંગ કરીને ભરનિદ્રામાં સૂતેલા અને શાન્તિથી જીવન પસાર કરનારા કુટુંબોના હજારો સંખ્યામાં પુરુષ અને સ્ત્રી બાલ અને બચ્ચાંના તથા અસંખ્ય ઢોરોના જીવનનો અંત આણવામાં મુખ્ય ભાગ ભજવે એવા જડ–જલને **વિવેક ક્યાથી હોય !**

૯. સત્યસિદ્ધાંત, નિર્મળનીતિ, અને પુનિત પ્રણાલિકાઓનું ખૂન કરવાને સજ્જ થયેલ કહેવાતા વિદ્વાનો સજ્જનતા અને પ્રમાણિકતાને સદાકાળને માટે દેશવટો આપવા માટે તટસ્થતાની તિલાંજલિ દેનારા જડાત્માઓને **વિવેક ક્યાથી હોય !**

૧૦. ઉપકારી અને અપકારી ઉપર તુલ્ય મનોવૃત્તિ રાખનાર આસન્નોપકારી જગદ્વન્દ્ય ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ મહાવીર પાસેથી સંયમવિદ્યાદિ પામ્યા છતાં તેજોલેશ્યાની જ્વલંત જ્વાલામાં પ્રભુના પરમ-ભક્તિવત્સલ સર્વાનુભૂતિ અને સુનક્ષત્રને ભસ્મીભૂત કરનાર અને પરમાનંદ સ્વરૂપ પરમાત્માને યથેચ્છ ભાંડનાર કૃતઘ્ન શિરોમણિ ગોઝારા જડાત્મા ગોશાળાને **વિવેક ક્યાંથી હોય !**

ઉપરના દરેક વાંકયોને સમર્થન કરતા અને પોતાના અનુભવનો સાક્ષાત્કાર કરાવતા હોયની શું ! એવી રીતે સાહિત્યાવતાર શબ્દામ્ભોનિધિ કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રીમાન્ હેમચંદ્રસૂરીશ્વરજી જણાવે છે કે—

**जडानामुदये हन्त ! कीदृशो विवेको भवेत् ।**

ખેદની વાત છે કે—જડ–જલના ઉદયમાં (અર્થાત્ અજ્ઞાનના ઉદયમાં) **વિવેક ક્યાંથી હોય !**

# ઉઘાડી ચોપડા જોશો !!!

અહીં આવ્યા છો શું કરવા ? કરો છો શું તમે ઉંધું ?
કર્યો વ્યાપાર શા શાનો ? ઉઘાડી ચોપડા જોશો ॥ ૧ ॥

લઇને માલ જે આવ્યા, વધાર્યો છે કે ખોયોછે ?
હજું છે કેટલો પાસે ? ઉઘાડી ચોપડા જોશો ॥ ૨ ॥

લુંટી છે લાજ બહુ જનની, લુંટી છે માલ મીલ્કતને
લુંટી છે કે લુંટાયા છો ? ઉઘાડી ચોપડા જોશો ? ॥ ૩ ॥

કહે ઓ ! ન્યાયની પ્રતિમા, અરે લાંચો ઘણી ખાધી,
તમારી શી ગતિ થાશે ! ઉઘાડી ચોપડા જોશો ॥ ૪ ॥

કર્યા તોફાન દુનિયામાં, કર્યા ઉન્માદ બહુ ભારી;
કર્યા કાળાં બહુ કૃત્યો, ઉઘાડી ચોપડા જોશો ॥ ૫ ॥

કર્યા ક્રોડો તમે ભેગાં, દીધાં ખંભાતના તાળાં;
નશીબમાં ફુટેલી હાંડી, ઉઘાડી ચોપડા જોશો ॥ ૬ ॥

ફરો થઇ શેઠ અહીં ભારી, કહે જન મોટા વેપારી;
પછી પડશે ઘણી લાતો, ઉઘાડી ચોપડા જોશો ॥ ૭ ॥

હસો છો દુઃખી દીન દેખી, હસે મહાકાળ તારાપર;
તમોને મત્સ જેમ ગળશે, ઉઘાડી ચોપડા જોશો ॥ ૮ ॥

નરકમાં કોઇ નહીં સાથે, પ્રિતમ કે પ્રેમી પત્નીઓ;
નથી પ્યારા સ્વજન સ્નેહી, ઉઘાડી ચોપડા જોશો ॥ ૯ ॥

કહે શ્રીચંદ્રપ્રભ સુણજો, ભવિ મહાનન્દના આશી;
સાથી છે પુણ્યને પાપો, ઉઘાડી ચોપડા જોશો ॥ ૧૦ ॥

ધી "જૈન વિજયાનંદ" પ્રિં. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા૦ પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રીસિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ બાવાસીધી, ગોપીપુરા સુરતમાંથી પ્રગટ કર્યું.

Regd. No. B. 3047

# શ્રી સિદ્ધચક્ર

વિક્રમસં. ૨૦૦૦ વીરસં. ૨૪૭૦, અષાડ પૂર્ણિમા

લવાજમ રૂ. ૨-૦-૦

વં:::દ:::ન:::હો

## શ્રી સિદ્ધચક્રને

अर्हन्तः प्रातिहार्यैः सुरनरनिकरैरर्चनीयाः शिवाढ्याः,
सिद्धाः निष्कर्मकिट्टा जनिमृतिरहिताः सर्ववेदिप्रगल्भाः ।
आचार्या धर्मधुर्याः श्रुतगणपटवो वाचकाः सन्मुनीशाः;
मोक्षाध्वालंबनाः श्रद्धतिमतिश्चरणैः सत्तपोभिः पुनन्तु ॥१॥

जिनेशितुश्चक्रभृतो वासुदेवस्य वा यथा ।
चक्रं तथेदं श्रीसिद्धचक्रं शासनकार्यकृत् ॥२॥

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, મુંબઈ.

ગોપીપુરા બાવાસીધી,
સુરત.

વર્ષ ૧૦ 9

ચાલુ અંકનો વધારો

૬૮

હતું ? રાજ્યની ઈર્ષ્યા તથા સંયુક્તા ! આ યુદ્ધ કે જેથી રાજ્ય ગયું તે વિચાર, વિવેકનું કે અવિચાર, અવિવેકનું ? વિષય વાસનાના યુદ્ધના પરિણામને, યુક્તિબાજો ધર્મ પર ઢાલવે છે !

**જૈન રાજાઓનાં રાજ્ય, ધર્મપાલનથી વધ્યાં કે ઘટયાં ?**

જૈન ઈતિહાસમાં, બે મોટા જૈન રાજાઓ પ્રસિદ્ધ છેઃ સંપ્રતિ મહારાજા અને કુમારપાલ મહારાજા ! એમના સમયમાં તેમનું રાજ્ય, રાજ્યાભિષેક પછી વધ્યું કે ઘટ્યું ? કહો કે વધ્યું ! સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, આંધ્ર આ તમામ સમ્રાટ્ સંપ્રતિ, રાજ્યાભિષેક પછી જીત્યા છે. હવે મહારાજા કુમારપાલનો ઇતિહાસ તપાસો. સિદ્ધરાજ જયસિંહ અને રાંખેંગારનું યુદ્ધ થયું ખરૂં પણ તેમાં સોરઠ વશ થયેલ નથીઃ કુમાળપાળ મહારાજાના શાસનકાલમાં સૌરષ્ટ્ર આધીન થયું છે. ઠેઠ જલંધર સુધી સોલંકીની આણ પ્રવર્ત્તી હતી. વિચારો કે જૈન રાજાઓના રાજ્ય વધ્યાં છે કે ઘટયાં છે ?

આ ઉત્તર પણ દુન્યવી રીતિને અંગે છે, બાકી જૈન દર્શનનું તો મંતવ્યજ અનેરૂં છે. રાજ્ય એ જુદી ચીજ છે. ધર્મ એ જુદીજ ચીજ છે. ત્યાગ, વૈરાગ્ય, દયારૂપ ધર્મને, વિચાર તથા વિવેકરૂપ ધર્મને તથા રાજ્યની ઉન્નતિ અવનતિને કશો સંબંધ નથી. એ સંબંધ તો પુણ્યની પ્રબલતા તથા ખામીની સાથે છે. જે વખતે પુણ્ય જાગે, પ્રબલ થાય ત્યારે ખૂણે પડેલ વ્યક્તિ પણ છ ખંડનો માલીક ચક્રવર્તી બને છે. સુભૂમ ચક્રવર્તીનું વૃત્તાંત વિચારો ! 'સુભૂમ' નામ શાથી !! એ જન્મ્યો પણ પૃથ્વીના પેટાલમાં-ભોંયરામાં, ઉછર્યો પણ ભોંયરામાં છતાં પુણ્ય જાગતાં તે ષટ્ખંડાધિપતી ચક્રવર્તી થયોને ! અને પુણ્ય પરવારતાં, પુણ્યમાં ખામી આવતાં, ઇતિહાસના ભગવાન મનાતા વાસુદેવ શ્રી કૃષ્ણજી પણ પોતાની દ્વારિકા બળતી જોઈજ રહ્યાને ! પુણ્યપ્રબલ હોય ત્યારે સામગ્રી અનુકૂલ આપોઆપ આવી મળે. પુણ્ય ખૂટે ત્યારે હોય તે એની મેળે ટળે ! તાત્પર્ય કે જૈન મન્તવ્યાનુસાર તો વસ્તુસ્થિતિ આ છે પણ છતાંય દુન્યવી રીતિએ પણ, જવાબ સ્પષ્ટ છે કે સંપ્રતિ સમ્રાટ્ના મહારાજા કુમાળપાળનું રાજ્ય વધ્યુંજ છે, ઘટયું નથી.

સમજી લ્યો કે, મુઠ્ઠીથી કામ ન થાય તો મુઠ્ઠીથી કરવાના ન્યાયાનુસાર, ધર્મથી ઉભગાવવનારા, કહેવાતા આર્યો, 'ધર્મે લેહીની નદીઓ વહેવરાવી' આદિ પ્રચારમાં પાછા પડતાં, બીજી બાજી વિસ્તારે છે કે-'ધર્મથી રાજ્ય જાય છેઃ કેમકે દયા, વિચાર, વિવેક હોવાથી રાજ્ય મેળવવાનું, જાળવવાનું, સાહસ થતું નથી." આ વાત પણ સંગત નથીઃ જૈન દર્શનના મંતવ્યથી તથા ઈતિહાસથી પણ એમની તરકીબ તુટી જાય છેઃ ખુલ્લી પડે છે. તેઓ કહે છેઃ "જેને રાજ્ય જોઈએ, રાષ્ટ્ર જોઇએ, ધન વિગેરે જોઇએ તેને ધર્મનું શરણ પડાવે નહિ કેમકે ધર્મથી તો હૃદયમાં કાયરતા આવે છે." ધર્મને સારો કહ્યા છતાં ધર્મથી પેદા થતા વિચાર, વિવેકાદિને કાયરતાનુંરૂપ આપનાર, આવાઓની કાતર

[ અનુસંધાન ટાઈટલ પાને ૩ ]

# શ્રી સિદ્ધચક્ર

તંત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી.

વર્ષ ૧૦ ] [ વધારાનો અંક


# આગમોદ્ધારકની અમોઘ દેશના.

(દેશનાકાર પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી)

મુંબઇ-શ્રી ગોડીજી જૈન ઉપાશ્રયના વિશાળ વ્યાખ્યાન હોલમાં

## પ. પૂ. આગમદિવાકર આચાર્યદેવશ્રીનું પ્રથમ-મંગલ પ્રવચન.

### ધર્મને બારીક બુદ્ધિએ તપાસી ધર્મની નકલ કરનારાઓને સાચા સ્વરૂપમાં પીછાનવાની આવશ્યકતા.

જ્યારથી પ૦ પૂ૦ આગમદિવાકર–આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રીમત્ સાગરાનંદસૂરીશ્વરજીનું ચાતુર્માસ આ સાલે મુંબઇ જૈન સંઘના આગ્રહથી નિશ્ચિત થયું. ત્યારથી મુંબઇની જનતાનો આનંદ કોઇ અનેરો વર્તાઈ રહ્યો છે. ઉગ્ર વિહાર કરી મહારાજશ્રી મુંબઇ પધારતા રસ્તામાં પણ સ્થળે સ્થળે ભવ્ય સામૈયા થયા હતા અને એઓશ્રીની નિઃસ્પૃહ વૈરાગ્યવાહિની દેશનાએ તો જનતાના હૃદયમાં ત્યાગની જે છાપ પાડી છે તે તો સાંભળનારાજ પ્રત્યક્ષ કહી શકે છે. એમ મુંબઇ પહોંચતા ખુબજ ઠાઠમાઠથી બેન્ડવાજા અને સાંબેલા સહિત મુંબઇની જૈન જનતાએ બાદશાહી સ્વાગત કર્યું છે. તેમનાં દર્શન માટે જૈનેતર પ્રજાની પણ પડાપડી થઇ હતી. રસ્તામાં બારીઓ, અટારીઓ ચીકાર થઇ ગઈ હતી. ઠેરઠેર કમાનો, વાવટાં બંધાયા હતા. શહેરના આગેવાન શ્રીમંત ગૃહસ્થોએ પણ ટાઈમનો સુંદર ભોગ આપ્યો હતો. સામૈયું લગભગ ચાર કલાક શહેરમાં ફરી પછી ઉપાશ્રયે પહોંચ્યું હતું. મંગલાચરણ થયા બાદ શ્રીફળની પ્રભાવના થઇ હતી.

## આર્યપ્રજાની માન્યતા :

શાસ્ત્રકાર મહારાજા આચાર્યદેવ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ કરતા થકા સૂચવી ગયા કે- આ સંસારમાં આર્ય પ્રજા જન્મથી, સંસ્કારથી અને વર્તનથી ધર્મનીજ ઇચ્છાવાળી હોય છે. કોઈપણ આર્ય મનુષ્ય, અધર્મ કરતો હોય તો પણ અધર્મ કરવામાં રાજી હોતો નથી. આર્ય મનુષ્ય ધર્મ ઓછો પણ કરે, પરંતુ ઓછો પણ થયેલો ધર્મ હૃદયને સંતોષ આપનારો થાય છે. આવી સમજ-બુદ્ધિને ધરનારો આર્ય મનુષ્ય અધર્મને ખરાબ ગણે અને ધર્મને સારો ગણેજ ! ધર્મ તરફના એના વર્તનથી પોતાનું હિત થતું જાણી ખુશી, અને અધર્મ થતો હોય ત્યારે એવાને હૃદયમાં ડંખ કે ગ્લાની થયા સિવાય રહેજ નહિ. ત્યારે વિચારો ! ધર્મને માનવામાં-ધારવામાં હૃદયને સંતોષ થાય અને અધર્મને માનવામાં-ધારવામાં હૃદયને અસંતોષ થાય અધર્મને માનવામાં-ધારવામાં જ્યારે અસંતોષ રહે ત્યારેજ હૃદયની ખરી સ્થિતિ કયી છે તે નક્કી થાય. હૃદયની ખરી સ્થિતિ એજ ધર્મ પ્રત્યે પ્રેમ અને અધર્મ પ્રત્યે રોષ. આ બે વસ્તુ આર્યપણાને પામેલ દરેક પ્રજામાં નક્કી થઈ જવી જોઇએ.

## નકલ કોની નીકળે ?

જ્યારે એકજ પદાર્થની પાછલ અનેકોની પડાપડી હોય-ખરીદી માટે દરોડો પડતો હોય ત્યારેજ તેની હજારો નકલો નીકળી આવે છે. નકલો કયા પદાર્થની બને ? કે જેની કીંમત દુનીયામાં વધારે પ્રમાણમાં હોય. ધૂળની, માટીની, તાંબાની, પીત્તળની કે લોખંડની નકલો કેમ નીકળતી નથી ? કેમકે તેની જગતને બહુ કીંમત નથી. જ્યારે સોના-ચાંદી-હીરા-માણેક-મોતી વિગેરેની ઢગલાબંધ નકલો આજે નીકળી પડી છે. જે પદાર્થ કીંમતી હોય તેનીજ નકલ દુનિયામાં વધુ પ્રવર્તે. જે પદાર્થની દુનિયામાં કીંમતજ હોતી નથી અગર ઓછી હોય છે તેની નકલ નીકળતી નથી. હવે આપણે પહેલાં એ નક્કી કરવુ છે કે- 'ધર્મ કીંમતી છે કે નહિ' જો ધર્મ કીંમતીજ હોય તો જગતમાં તેની નકલ હોય તેમાં નવાઈજ નથી. અને જો ધર્મ કીંમતી ન હોય તો તેની નકલ પણ હોય નહિ. જ્યારે એકના ભોગે અનેક વસ્તુઓની પ્રાપ્તિ થઈ શકતી હોય ત્યારે સમજવું જોઇએ કે તે અનેક વસ્તુઓ કરતાં એકજ કીંમતી છે એમ જરૂર ગણી શકાય.

## ભાગ્યનોજ પ્રતાપ

અહીં જન્મને અંગે વિચારીએ. જન્મ્યો છે તે તો ચોક્કસ. નાસ્તિક હોય કે આસ્તિક હોય પણ જન્મનું સ્થાન પામ્યો છે તેમાં તો શક નથી. જન્મ કોનો ? જન્મ એ પિતાની પ્રાર્થનાનો, માતાના મનોરથનો કે છોકરાની ઈચ્છાનો ? અગર પિતાએ કોઈ દૂર ઉભેલા સ્વરૂપવાન છોકરાને જોઈ તેવા છોકરા માટે પ્રાર્થના કરી કે માતાએ કોઇ રખડતા છોકરાને જોઈ તેવા છોકરા માટે મનોરથ સેવ્યા ? શું કોઇ છોકરાએ એવું ઈચ્છયું કે હું આવી માને પેટે જન્મું તો સારૂં ? આવા જુદા જુદા વિચારોનો અમલ થાય ખરો ? આ બધો

પ્રતાપ કોનો ? કોના પ્રભાવનો ? ભાગ્યના પ્રતાપનોજ જન્મ કહી શકાય. હવે એ ભાગ્યના પ્રભાવમાં આપણી પોતાની સ્થિતિ પોતાપણામાંજ રહે તો માનવ જન્મની કીંમત આપણને ન જ થાય. જેમ પાદશાહ સાહ્યબીમાં જન્મ્યો, સાહ્યબીમાં ઉછર્યો, અને સાહ્યબીમાં વર્ત્યો તેવા સુખી પાદશાહને દરિદ્રની દશાનો વાસ્તવિક ખ્યાલ કયાંથી આવે ? જગતની સમગ્ર દ્રષ્ટિએ જો જોવામાં આવે-વિચાર કરવામાં આવે તોજ વાસ્તવિક સ્થિતિ સમજી શકાય. પોતાની સ્થિતિનો જગતની દ્રષ્ટિએ વિચાર કરવા માટે.

અત્રે પાદશાહ અને દુબળાભીખારીનું ખાજાનું દ્રષ્ટાંત આપ્યું હતું.

### મનુષ્યપણાની કીંમત !

બાદશાહ જન્મ્યો સુખમાં, ઉછર્યો સુખમાં અને વર્ત્યો સુખમાં. જેથી તેને બીજાની દારિદ્રતાની કીંમત નથી. તેમ આપણે મનુષ્યજન્મ પામ્યા છીએ. ઉછર્યા છીએ પણ મનુષ્યપણામાં, અને વર્ત્યા છીએ પણ મનુષ્યપણામાં. આથી આપણને મનુષ્યપણાની કીંમત નથી આવતી.

આપણી જાતની અપેક્ષાએ ચાલીએ તો મનુષ્યજન્મની કીંમત નથી. પરંતુ જ્યારે જગતની દ્રષ્ટિએ ચાલીએ, તપાસીએ, ત્યારેજ મનુષ્યભવની વાસ્તવિક કીંમત માલમ પડે. જ્યાંસુધી આપણે જગતની દ્રષ્ટિએ ન જોઇએ ત્યાં સુધી મનુષ્યભવની કીંમત આપણને ન સમજાય. જેમ ખાવાની મુશ્કેલી પાદશાહને માલમ નજ પડી, અને તે સંબંધી દ્રષ્ટાંત આપણે પહેલાં વિચારી ગયા છીએ.

તમે જે રીતે જન્મ્યા છો અને હાલ જે સ્થિતિમાં છો તે જોતાં મનુષ્યભવની કીંમત નજ સમજી શકો તે બરાબર છે. એથી તમે સૌ કોઇ પોતાને નહિ જોતાં જગતની દ્રષ્ટિએ જોતાં શીખો.

### જૈનો જીવ કોને માને ?

જૈનો, જીવશબ્દને કેટલો વ્યાપક માને છે ? અને અજૈન એ જીવ શબ્દને કેટલો સંકુચિત રાખે છે ? અજૈન શું લેવાના ? કીડી-મંકોડી વિગેરે હાલતા-ચાલતા જીવોથી શરૂઆત કરવાના. પૃથ્વી-વાયુ-વનસ્પતિ, આદિ કાયો એ નહિ લઈ શકે.

તમે જૈન છો પણ કાળીઆની જોડે ધોળીઆને બાંધો તો વાન નહિ આવે પણ સાન તો જરૂર આવશે. તેવી રીતે તમે તેમના સંસર્ગમાં રહી હાલતા-ચાલતાને જીવ માની લેવા લાગ્યા. આવી માન્યતાવાળાને જૈન કહેવાય ? એ તો જૈનેતરનુંજ વચન ગણી શકાય. એ તો તેઓજ બોલી શકે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિને કાઢી નાંખી ફક્ત ત્રસ જીવોનેજ જીવ માનવાનું જૈનને કદી પણ પાલવે નહિ. હવે આગળ વધીએ. જીવ કોને કહેવાય ? તો કે-શરીર ધારણ કરવાવાળો માત્ર જીવ. તમોએ કહેવામાં-બોલવામાં જૈનપણું રાખ્યું પણ જીવની ઓળખમાં જૈનપણું ગુમાવી દીધું છે, એટલે કે જૈનેતરપણાના વિચારોએ તમારા ઘરમાં સ્થાન મેળવ્યું છે, જેટલા શરીરધારી એટલા જીવ એવું કોઇદી કહ્યું ખરૂં ? કોઇને કોઈ રૂપે શરીર તો ધારણ કરેલાંજ છે,

તમોએ સરસવ જેટલાને જીવ માન્યા અને મેરૂ જેટલાને ફેંકી દેવાની વાત કરો છો. એક બાજુ જગતની જેટલી ઈંદ્રિયોના જીવો-દેવતા, નારકી, મનુષ્ય બધાને રાખો અને બીજી બાજુ કંદ-મૂળાદિ સોયની અણી ઉપર આવે તેટલા રાખો અને જ્ઞાની મહાત્માને પૂછો કે જીવ શામાં વધારે છે? તો પણ કંદમૂળાદિ અનંતકાયમાં જીવ વધારે છે તેવુંજ કહેશે અને તે કેટલા ગુણા તો કે-અનંત ગુણા. આ બધા મેરૂ જેટલા જીવોને તો તમોએ જીવમાંથીજ બાતલ કરી નાખ્યા. જૈનેતરો કે જેઓ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વર્તમાનમાં વિજ્ઞાનથી સિદ્ધ એવી પણ વનસ્પતિને જીવમાંથી કાઢી, ફક્ત ત્રસ જીવોનેજ જીવ માનવા લાગ્યા અને તમે જૈન હોવા છતાં પણ તેમનીજ માન્યતામાં રહેવા લાગ્યા; પરંતુ જેટલા શરીરધારી તેટલા બધાને જીવો ગણી શકાય પણ આ બધું તમને કયારે સમજાય? જ્યારે સાચા જૈનો બનો ત્યારે.

## જગતની દ્રષ્ટિએ જોતાં શીખો

આપણે મનુષ્યપણું પામ્યા અને આ બધા જીવો લટકતા રહ્યા એનું કારણ શું? પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, પશુ, પંખી વિગેરે બધા જીવો છતાં એમને મનુષ્યપણું મળ્યું નહિ અને આપણુનેજ મળ્યું એનું કારણ તપાસો, આપણને મળેલું મનુષ્યપણું કેટલી મુશ્કેલીવાળું છે એ ત્યારેજ સમજાય કે જ્યારે બીજા જીવોનો વિચાર કરતા શીખીએ. મનુષ્ય પોતાની સ્થિતિમાં રહી અન્ય જીવો તરફ દ્રષ્ટિ સરખી પણ ન કરે તો તેને અન્યની મુશ્કેલીનો ખ્યાલજ કયાંથી આવે? માટેજ જગતની દ્રષ્ટિએ દરેક વસ્તુનો ખ્યાલ કરવો જોઇએ અને એમ બને તોજ વાસ્તવિક સ્થિતિ સમજી શકાય.

## ધર્મ એ મહાન કીંમતી ચીજ

પરંતુ એ મનુષ્યપણું મળ્યું કોના પ્રતાપે? શું આપણે આપણી ઇચ્છાપૂર્વક તેને મેળવ્યું છે? આપણને મળ્યું અને બીજાને કેમ નથી મળ્યું? એનો જવાબ એજ હોઈ શકે કે આપણને મનુષ્યપણું મળ્યું છે, તે આપણાજ પુણ્યના પ્રતાપે. આર્યક્ષેત્ર, ઉત્તમ કુળ, ઉત્તમ જાતી, પચેંદ્રિય-સંપૂર્ણતા, લાંબુ આયુષ્ય અને દેવ ગુરૂ ધર્મનો યોગ-આ બધું શાને આભારી? કહેવુંજ પડશે કે ધર્મને આભારી ત્યારે હવે આ બાબતમાં સ્પષ્ટ કહી શકાય કે દરેક ચીજ કરતાં ધર્મ અનેકગણો કીંમતી છે. એક ચીજથી અનેક સુખી ત્યારે તે ચીજ કીમતીમાં કીમતી ગણી શકાય. હવે ધર્મ જ્યારે કીમતીમાં કીમતી છે ત્યારે તેનીજ પાછળ નકલીનો દરોડો હોયજ, જે માલના ઘણા ગ્રાહકો હોય તેની નકલોનો દરોડો ફાટયા સિવાય રહે પણ નહિ. ધર્મ આ લોક તેમજ પરલોકનું સુખ આપે છે, ધર્મ જેમ મોક્ષ ફળને આપનાર બને છે તેમ દુનિયાદારીની ચીજો કંચન, કામિની, કુટુંબ, કબિલો અને કાયાને પણ આપનાર બને છે. દુનિયાની સર્વ સમૃદ્ધિને આપવાની એ તાકાતવાળો હોય છે. આવા ધર્મની પાછળ નકલીઓનો દરોડો હોય એમાં નવાઇ જેવું કંઈ નથી.

## સાચા ચોકસી બનો

પરંતુ સાચા ધર્મ અને તેની નકલને ઓળખતા પ્રથમ શીખવું પડશે. દુનિયાદારીમાં રહેલો શાક પણ તપાસીને લે છે છતાં ખરાબ નીકળે તો તેનો દિવસ બગડે છે તેવીજ રીતે ભોજનનું પણ બને છે. અથાણું બગડે તો તેનું વરસ બગડે છે. લગ્ન કરવામાં છેતરાય તો ફક્ત આ ભવજ બગડે છે. જ્યારે ધર્મ લેતાં ઠગાય તો તેના ભવોભવ બગડે છે ધર્મ કીંમતી માટેજ તેની થપ્પડ પણ કીમતી એટલે ભવોભવ સુધી યાદ રહી જાય એવી. જે સોદામાં થપ્પડ ખાવાથી વધારે નુકશાની થતી હોય તે સોદામાં વધારે સાવચેતી રાખવી પડે છે. શાક લેવાને માટે બજારમાં સામાન્ય નોકરને મોકલાય છે, દાગીનાની ખરીદી માટે ભાઇને મોકલાય છે અને ઝવેરાતનો વેપાર કરવો હોય તો? તો તો જાતેજ જવું પડે, કેમકે ત્યાં ઠગાય તો જબરૂં નુકશાન સહન કરવું પડે અને વખતે પેઢી પણ ડુલી જાય; તો પછી જ્યારે તમો આ લોકના કાલ્પનિક સુખને મેળવવાને માટે આટલી ચોકસી રાખો છો તો પછી પરલોકના અવ્યાબાધ સુખને-એટલે શાશ્વત સુખના ધામરૂપ મોક્ષ નગરીને બતાવનાર ધર્મને મેળવવા માટે કેટલી ચોકસી રાખવી પડશે ?

## નકલીઓથી સાવધાન

ધર્મ સૌથી વધારે કીમતી હોવાથી તેની આજે નકલો કરનારા ઘણા ફુટી નીકળ્યા છે. કયું સાચું કે કયું ખોટું એ પારખવું આજે સામાન્ય માણસને માટે તો મુશ્કેલ થઇ પડયું છે. સાચા મોતી, માણેકની દુકાનો કરતાં આજે કલચર-માણેકની દુકાનો ઠેર ઠેર નજરે પડે છે, ખોટાનો દરોડો હોય તેથી શું સાચા ઝવેરીએ પોતાનો વેપાર છોડી દેવો? નકલીના દરોડાને દેખી મૂળ વસ્તુને છોડી દેવી? કલચરને જોઇ સાચા મોતીનો ધંધો છોડી દેવો? એવું કદી બને ખરૂં? અને એથી ગભરાઇને કોઇએ વેપાર છોડયો ખરો? કે સાવચેતી વધારી? ઇમીટેશન દેખીને કોઇએ ચોકસીપણું કે ઝવેરીપણું છોડયું નથી પણ સાવચેતી વધારી છે.

## ધર્મના ફાંટા દેખી દૂર રહેનારાઓને

એવીજ રીતે આજે ધર્મના અનેક ફાંટાઓ હોય છતાં એથી કંટાળો લાવવો જોઇએ નહિ, પણ પરીક્ષક બની સાચા-ખોટાને પારખતાં શીખવું જોઇએ. કોઈ કાંઇ કહે છે, કોઇ કંઇ કહે છે, આપણને એમાં ખબર પડે નહિ. આપણે ઉંડા ઉતરવું નહિ અને કોઇ ઠેકાણે જવું પણ નહિ. આવી જાતના વિચારો કરવામાં આવે તો તેનો શો અર્થ? ઈમીટેશન દેખી ઘરનું સાચું ફેંકી દેવું એમ? સાચા-ખોટાની કોને ખબર છે? એવી માન્યતાને ધરનારો કેવો કહેવાય? ઈમીટેશનની પ્રવૃત્તિ દેખી સાચા હીરાને ફેંકી દે એ કેવો ગણાય? જો આપણે તેને મૂર્ખ ગણીએ-અણસમજુ ગણીએ તો પછી ધર્મના ફાંટા દેખી દૂર રહેનારા અને સત્ય વસ્તુને મેળવવામાં વંચિત રહેનારા કયી સ્થિતિમાં ગણાય?

## બારીક બુદ્ધિથી ધર્મને તપાસો :

આ માટે શ્રી હરિભદ્રસૂરિજી મહારાજાએ

ચોકખું જણાવ્યું છે કે-જેઓને ધર્મની ઈચ્છા હોય તેઓએ ધર્મને બારીક બુદ્ધિથી જોવો.

બજારમાં શાકના ઢગેઢગ પડયા હોય-તેના ડીંટા પણ પડયા હોય. ત્યાં ખરીદી કરતાં દરકાર ન કરીએ તો ચાલે, પણ કીંમતી ચીજની ખરીદી કરતાં દરકાર કર્યા વગર ચાલતું નથી. પરીક્ષા કર્યા વગર આંખ મીંચી કીંમતી ચીજ ખરીદાય? બોર-જાંબુ વિગેરે અંધારામાં ખરીદાય પણ ઝવેરાત-હીરા-મોતી વિગેરે અંધારામાં ખરીદાય? ઝવેરાત ખરીદવા માટે તો આઇ-ગ્લાસ દિવસે પણ રાખવા પડે છે. કેમકે કીમતી. તેથી પરીક્ષાનો અવકાશ. એવીજ રીતે ધર્મ કીમતીમાં કીમતી ચીજ હોવાથી તેને સૂક્ષ્મદ્રષ્ટિથી જોવાની આજ્ઞા ભગવાનશ્રી હરિભદ્રસૂરિજીએ ફરમાવી.

## દ્રષ્ટિ-દોષ

જેમ સૂર્યને સૂક્ષ્મ દ્રષ્ટિથી જોવાની જરૂર રહેતી નથી. કેમકે તે તો સ્વયં પ્રકાશમાન હોવાથી સર્વત્ર પ્રકાશને ફેલાવે છે તેમ ચંદ્ર પણ સ્વયં પ્રકાશિત બને છે. સૂર્ય અને ચંદ્રની પાછળ નકલીનો દરોડો નથી, પરંતુ જ્યારે આંખમાં રોગ થયો હોય ત્યારે તે પણ એકથી અધિક દેખાય. તેમ દ્રષ્ટિમાં રોગ થાય ત્યારે એકની એક ચીજ અનેક રૂપમાં દેખાય. તેવીજ રીતે જ્યાં નકલીની ભેળસેળ હોય ત્યાં ખરી વસ્તુ ઓળખવી મુશ્કેલ થઈ પડે છે.

## મૂળ વસ્તુને કદી ન છોડો

એવીજ રીતે ધર્મનો પ્રકાશ પણ સ્વયં ઓળખાઇ શકે છે. જો કે તેની નકલો કરનારા ઘણા હોય છે પરંતુ નકલ કરવામાં તેને દંભ અને બનાવટો ઘણી કરવી પડે છે. અને એ નકલ કરનારાઓને આડંબરો-ખોટી ધામધૂમો, ખટપટ અને કાવાદાવાજ કરવાના હોય છે, તેમાં ભોળા અજ્ઞાન જીવો દીવાના પતંગીયાની માફક ઝંપલાય છે. જ્યારે તેઓને સત્ય વસ્તુનું ભાન થાય છે ત્યારે તેઓ ખરેખરા પોક મુકીને રડી ઉઠે છે, અને ફરી સામું જોવા કે સાંભળવાની પણ દરકાર કરતા નથી. એટલે ઈમીટેશન નકલ કરનારથી સાવધ રહી ખરા મૂળ ધર્મને નહિજ છોડવો જોઈએ.

## ધર્મને માથે ધૂળ ઉડાડનારા

ધર્મ પણ આજે નકલીપણાથી વીંટળાયેલો છે ત્યારેજ બારીક બુદ્ધિથી જોવાની આજ્ઞા ફરમાવી છે. જે આર્યપ્રજા ધર્મને સારો અને ઉંચ્ચ ગણનારી અને અધર્મને ખરાબ તથા નીચ ગણનારી એજ આર્યપ્રજાના સંતાનો આજે ખરા ધર્મને માથે ધૂળ ઉડાડનારા પાકયા છે.

ચોપડીમાં-ઈતિહાસમાં વાંચ્યું હશે કે લડાઇઓ ઘણી થઈ તેમાં જર, જમીન અને જોરૂની લડાઇ શિવાય બીજું કાંઇ વાંચ્યું છે? ધર્મના ઝગડા કદી વાંચ્યા છે? મહાભારતનું યુદ્ધ કે રામ રાવણનું યુદ્ધ કોને આભારી? શું ધર્મ માટે થયેલ છે? ઘણા યુદ્ધો થયાં તેમાં મોટે ભાગે રમા અને રામા માટેનાંજ હોય છે. ધર્મને માટે હોતા નથી.

પરંતુ દુનિયાનો સામાન્ય નિયમ છે કે-પોતાના છોકરાનો વાંક હોય તો શોકયના છોકરાને

માથે નંખાય છે. એવી જ રીતે આપણામાં પણ એવા કેટલાક ખરા ધર્મથી વંચિત રાખવામાં અને નકલીમાં ભેળવી દેવામાં કાએલીયતપણું ભોગવી રહયા છે. એવાઓ ધર્મનો ધ્વંસ કરનાર હોય છે. એવી બહુરૂપી ટોળીથી જનતાએ સાવધ રહેવા જેવું છે. દિનપ્રતિદિન વેપારની-ઘરની અને બીજી ધમાચકડીઓ કે લડાઇઓનો ટોટો નથી. એ લડાઈઓનો હીસાબ નથી પણ ધર્મમાં મતભેદ ઉભો કરનાર ધર્મની લડાઇઓ ગણાવે? ધર્મસ્થાન એ તો બોડી બામણીનું ખેતર જે આવે તે લણે!

એવી બીજી ઢગલાબંધ લડાઇઓ વાંચતા-સાંભળતા છતાં ધર્મનીજ લડાઇ ગણાવી-લખી મારે એવાઓનો આશય જનસમૂહને ધર્મરૂચીથી અળગા કરવાનો-ધર્મહીન બનાવવાનો હોય છે. એ શિવાય એમનો ધંધોજ નથી. રમા-રામાની લડાઇ-વેપારની લડાઈ-હકકની મારામારી વિગેરેની લડાઇ, એવા પુસ્તકો કેટલા લખ્યા? આ તો દુનિયાની મૂર્ખાઇનો-ભોળપણનો-અજ્ઞાનતાનો લાભ લડવાવાળા ઉઠાવે છે. કહે છે કે ધર્મયુદ્ધ. ધર્મને રસાતળ પહોંચાડવાનો એ લોકોનો ધર્મને નામે ઠગવાનો બીજો રસ્તો નથી.

## ધર્મના પડીકા વેચવાવાળા

આર્ય દેશમાં-આર્ય પ્રજામાં જન્મેલાઓ આ ધર્મ ઉપર કલંક શી રીતે દઇ-સાંભળી કે ચડાવી શકે છે? લડાઇઓમાં જેનું નામનિશાન નહિ. લગભગ ચાલીશ લડાઇઓ થઈ તેમાં ધર્મની કયી? કદાચ અનાર્ય પ્રજા ધર્મની ગણે પણ આર્યપ્રજા કેમજ કહી શકે? આ માટેજ ભગવાન શ્રીહરિભદ્રસૂરિ મહારાજને કહેવું પડયું છે કે ધર્મ કરવાની ઇચ્છાવાળાએ ધર્મને બારિક બુદ્ધિથી જોવો. ધર્મની ક્રિયા કરવામાં બારિક બુદ્ધિ રાખવી. અને જો બારિક બુદ્ધિ નહિ રખાશે તો તો એમ થશે કે હું ધર્મ કરૂં છું પણ વાસ્તવિક તે ધર્મ કરતો નહિ હોય. આજે એવા ઈમીટેશન ધર્મના પડીકા વેચવાવાળા ઘણાં નીકળ્યા છે અને કહી રહ્યા છે કે-"જાઓ તમે ધર્મી-જાઓ તમે અધર્મી. સર્ટીફીકેટ આપતાં પહેલા પોતાની સ્થિતિનો જરા જેટલો પણ ખ્યાલ રખાય તો આમ બને ખરૂં?

## ઘરનાજ સર્ટીફીકેટો દેનારા

દુનિયાના સર્ટીફીકેટો દેતાં પહેલાં પરીક્ષા પસાર કરવી પડે છે તો ધર્મી-અધર્મીના સર્ટીફીકેટો દેતાં પહેલાં ધર્મના શાસ્ત્રોનાં પારંગત થવું પડશે કે નહિ? પરંતુ તેનો જરા જેટલો વિચાર કર્યા વગર આજે ઘરના સર્ટીફીકેટો દેનારા ઘણા નીકળ્યા છે. આવાઓના ફંદામાં ફસાતા આત્માઓની દેખાવમાં તો આરાધના રહેશે પણ સમ્યક્ત્વનો તો નાશજ થશે.

બુદ્ધિ-ધર્મની-સમ્યક્ત્વની-આજ્ઞાની હોય ત્યાં આજ્ઞા વિરૂદ્ધ કેમ વર્તાય?

( અત્રે આને અંગે શાસ્ત્રીય દ્રષ્ટાંત આપ્યું હતું )

## વૈયાવચ્ચ, એ મહાન ગુણ:

આચાર્યમહારાજે કોઈક વખતે વૈયાવચ્ચની પ્રશંસા કરી તો એમ સમજી લેવાનું નથી કે, જ્ઞાન-ચારિત્ર અને તપની ગૌણતા કરી, જેનો

જે વખતે અધિકાર ચાલતો હોય તેનેજ ઉદ્દેશીને ખાસ કહેવામાં આવે છે, તમારામાં જેમ લગ્ન વખતે ગીત તો પરણુનારનાજ ગવાય છે કે બીજાના ? તો એમ નથી સમજી લેવાનું કે બીજા ભાઈઓની ગૌણુતા કરી. બાકીનાને ઓળવ્યા એમ ?

આ જગતમાં ધર્મ આરાધન કરવાના અસંખ્ય માર્ગો છે. અસંખ્ય યોગો છે. એ બધામાં એકજ યોગ છે કે જે માટે ખુબખુબ જ્ઞાની-મહાત્માઓને પણ લખવું પડયું છે. દર્શન-જ્ઞાન અને ચારિત્રના ફળો મેળવેલા કોઈ દિ ફોગ પણ જાય. દર્શન આવેલું પણ ચાલ્યું જાય. જ્ઞાન મેળવેલું પણ ઉંધુ પરિણુમે-ચારિત્ર આવેલું પણ નાશ પામે. પરંતુ કરેલી વૈયાવચ્ચનું ફળ તો કદીજ અફળ જતું નથી. આ બધું ધ્યાનમાં રાખજો. તમારી દરેક ક્રિયા પ્રત્યે ધ્યાન રાખો તો આપોઆપ તમને સમજાઇ જશે.

**ભગવાનને કોણુ માની શકે ?**

આ સંબંધમાં ભગવાન ગૌતમસ્વામી ભગવાન મહાવીર મહારાજના મોઢાથી-એક વાકય બોલાવે છે. ભગવાન કહે છે કે-ગ્લાનની-માંદાની માવજત કરનારો હોય તેજ મને માનનારો, અને મને માનનારો હોય તે જરૂર માંદાની માવજત કરનારો હોય. આવી રીતે આચાર્યમહારાજે વૈયાવચ્ચને ઉદ્દેશી ઉપદેશ આપ્યો એટલે બધી વસ્તુઓ પડવાવાળી બની પણ જાય છે, પણુ વૈયાવચ્ચ એ એવી વસ્તુ છે કે જે નિષ્ફળ જાય નહિ. ચક્રવર્તી છ ખંડનો માલીક કહેવાય, જેને દેવતાઓ પણુ ન જીતી શકે તેટલી બધી તાકાત એ ધરાવતા હોય પણુ તેઓ પણુ વૈયાવચ્ચવાળાને જીતી શકયા નહિ.

આચાર્ય મહારાજે વૈયાવચ્ચને અંગે જે વસ્તુ જણાવી તે અંગે દ્રષ્ટાંત-ભરત, બાહુબળીજી પણ પાંચે યુદ્ધમાં ચક્રવર્તીને જીતી ગયા છે. એ વસ્તુને સાંભળવાથી પણુ કલ્યાણુ થાય છે.

તે કાળમાં આજના જેવી વાડાબંધી નહિ હતી, એક ભાઈને વૈયાવચ્ચનું પચ્ચક્ખાણુ હતું. ઉપાશ્રયો પણુ પાંચસો હતા. રોજ દરેક ઠેકાણે વૈયાવચ્ચ કરી આવતો. આ અંગે પૂ. આચાર્ય-શ્રીએ લંબાણુથી દ્રષ્ટાંત આપ્યું હતું.

**વાડાબંધીનું પરિણુામ :**

આજે વાડાબંધીના પરિણુામે દશા એ થઈ રહી છે કે ધર્મની બુદ્ધિ હોવા છતાં પરિણુામે ધર્મની નાશ થઇ રહયો છે—કેમકે નકલીઓનો જ્યાં દરોડો હોય ત્યાં કલચરના તેજમાં અંજાઇ જઇ સાચી વસ્તુને ખોટી માની છોડી દે છે. આથીજ ભગવાન હરિભદ્રસૂરિને વારંવાર કહેવું પડયું કે સર્વવસ્તુઓનો આધારભૂત ધર્મ છે પણુ બુદ્ધિશાળીએ પણુ ધર્મને બારિક બુદ્ધિથી પરીક્ષા કરવાની જરૂર છે.

હવે ધર્મની બારિક બુદ્ધિથી પરીક્ષા કયીરીતે થાય ? ધર્મનું લક્ષણુ શું ? વિગેરે આગમાદિ દ્વારા કેવી રીતે થાય તે આગળ કહેવાશે.

# આગમોદ્ધારકની અમોઘદેશના

આત્મ-સ્વરૂપ ધર્મ તો વજ્રમય છે.

**મૂલ્યવાન ચીજની નકલ થાય છે!**

**आगमादविरुद्धाद्यतदनुष्ठानं यथोदितं ।**
**मैत्र्यादिभावसंयुक्तं, तद्धर्म इति कीर्त्यते ॥ १ ॥**

શાસ્ત્રકાર મહારાજા આચાર્યભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજશ્રી ભવ્ય જીવોના ઉપકારાર્થે ધર્મોપદેશ કરતાં ધર્મબિંદુ આદિ ગ્રંથોમાં ધર્મનું સ્વરૂપ વિગેરે જે જણાવે છે તેનો અધિકાર ચાલી રહ્યો છે.

આર્ય પ્રજા માત્ર, ધર્મને શ્રેષ્ઠ ગણનારી છે, એ આપણે અગાઉ જોઈ ગયા. સમસ્ત, આર્ય પ્રજા જન્મથી, કુલથી સંસ્કારથી, અરે વાતાવરણથી પણ ધર્મનેજ વ્હાલો હિતકર ગણે છે, અને તેથીજ દરેક આર્ય કહો કે આર્યો માત્ર, ધર્મ પરત્વે ઉત્કૃટ પ્રેમ ધરાવે છે. કેમકે ધર્મને તેઓ તેવો કીંમતી માને છે, અને ગણે છે. ધર્મ કિંમતી છે તેનું પ્રત્યક્ષ પ્રમાણ તેની નકલો ઘણી છે ધર્મના અનેકવિધ ભેદપ્રભેદો ઘણા છે, અને ઘણા ફાંટાઓજ પૂરવાર કરે છે કે ધર્મ એ અતિ કિંમતી છે. દુનીયામાં પણ દુન્યવી વ્યવહારમાં પણ દેખાય છે કે ધૂલ, માટી, લોઢું, તાંબુ, પિત્તલ વીગેરેની નકલ થતી નથી. સોનાની, રૂપાની, હીરાની, મોતીની, માણેક વીગેરેનીજ નકલો થાય છે કેમ કે તે તે પદાર્થો મૂલ્યવાન છે.

મર્યાદિત મૂલ્યવાળી આવી દુન્યવી ચીજોની જો નકલો થાય તો પછી ધર્મ કે જે અમૂલ્ય છે, જેના મૂલ્યની મર્યાદા નથી તેની નકલો થાય તેમાં નવાઈ શી? ધર્મ કહો કે પૂણ્ય કહો, એ એવી કિંમતી, એવી મૂલ્યવાન વસ્તુ છે કે પહેલાંની (પૂર્વ ભવોની) અહીં (આ ભવમાં) વટાવાય, અહીંની આગળ (આગામી ભવમાં) વટાવાય અને આગળની આગળ વટાવાય છે. આ મનુષ્યત્ત્વ, પંચેંદ્રિય સંપૂર્ણપણું, સાનુકુલ સામગ્રીવાળું જીવન એ શાના પ્રભાવે? કહો કે પહેલાના (પૂર્વભવના) પુણ્ય પ્રતાપે! અહીં શું વટાવાય છે? શું ખવાય છે? પ્રથમ ભવના પુણ્યની હુંડી-ચેક, કે મીલકત જે કહો તેજ વટાવી ખવાય છે ને! જવાબ દેનાર-એજ સાચી મત્તા છે. પ્રથમના ભવની પૈસાની પેઢી, બાયડીની બેન્ક, કુટુંબની કોથળી કે કાયાની કોઠીમાંણી કોઈએ (એકકે ચે) જવાબ-દીધો? એ બધા બે જવાબદાર વાનાંઓ છે. માત્ર પુણ્યજ જવાબદાર છે. અહીં જવાબ દે છે તે પ્રથમનું પુણ્ય છે. અને આગલ જવાબ દેનાર પણ પુણ્યજ છે.

પૂર્વભવમાં તમે ભલે અબજાધિપતિ હતા, માનો લાખો સ્ત્રીઓના સ્વામી હતા, અરે! કરોડો કુટુંબીઓથી પરવરેલા હતા અને પહાડ જેવી કાયા ધરાવનારા હતા પણ એમાંનુ અત્યારે કાંઈએ ઉપયોગી છે? ઉપયોગી થયું? કેમકે એ કંપની, પરપોટા કંપની હતી, ફેઈલજ થાય ને? કંચન, કાયા, કુટુંબ, કાયાની એ કંપની માટે જિંદગીભર જહેમત ચલાવી, ધમધોકાર ધધૂખર કરે પણ એ ફેઈલ થવાના સ્વભાવવાળી કંપની છે. પાઘડી ન ફેરવે તો એ કંપની પરપોટા કંપનીજ

શાની! ગયા ભવની અપેક્ષાએ અહીં, અહીંની દૃષ્ટિએ આવતા ભવોમાં જવાબ દેનારી પેઢી, બેન્ક, હુંડી, કોથળી, કોઠી જો કોઇ પણ હોય, સદ્ધર જવાબદાર જો કોઈપણ હોય તો માત્ર પુણ્યજ છે.

આવા ઉત્તમ તત્વરૂપ ધર્મની, અને પુણ્યની નકલો, જગતમાં ઠેરઠેર થાય તેમાં નવાઈ નથી. સારા કહેવાતા પદાર્થની ચોરી (નકલ) કોણ ન કરે? નામમાંય ચોરી યાને નકલ ઉંચાનીજ થાય છે: હલકા નામને કોણ પસંદ કરે?

**ફુલને કોરી ખાનારા કીડા જેવાઓના મિથ્યા પ્રયત્નો!**

આર્ય પ્રજા ધર્મને આટલી હદે કિંમતી માને છે માટે 'ધર્મ' શબ્દ આગળ રાખીનેજ તે પ્રજા દરેક વાત કરે છે: પણ આર્ય પ્રજામાં કેટલાક બીચારા એવા પાકયા છે કે પોતે તો ધર્મ ન કરે, પણ બીજાઓ કરે તે પણ તેમને ગમતો નથી. ઝાડમાં પેદા થયેલા જંતુ, ફળમાં પેદા થયેલા કીડા અને પાંદડામાં ઉત્પન્ન થયેલી જીવાત, એમને વૃક્ષ, ફળ કે પાદડાં, પોતે તો વધારે નહિ પણ વૃદ્ધિ થાય તે ખમાય પણ નહિ. આર્યપ્રજામાં આવા ઘૃણ, (જંતુ) કીડા, તથા જીવાત સરખા ઉત્પન્ન થયેલા બીચારાઓથી બીજાઓ ધર્મ કરે તે પણ ખમાતું નથી.

**મોઢા કયું મલીન!**

દૃષ્ટાંત: એક વેપારી બજારથી ઘેર આવ્યો, તેને ઉદાસ જોઇ તેની સ્ત્રી પૂછે છે—

નાથ! કયા ગાંઠેસે ગીર પડા, કહા કોઇ કું દીધ;
પ્રિયા પૂછે કંથકો, કયું યે મુખ મલીન!

અર્થ=સ્વામી! તમારૂં મોં ઉદાસ કેમ છે? કાંઇ ગાંઠથી પડી ગયું છે? (એ વેપારી એક પાઈને પણ પાંચ ગાંઠથી બાંધતો હતો) પરાણે કોઇ વળગવાથી કોઇને કાંઇ દેવું પડયું? બન્યું શું? આ મોં મલીન (ઉદાસ) કેમ?

પેલો પોતાની ઉદાસીના કારણને જણાવતા કહે છે કે—

ના ગાંઠેસે ગીર પડા, નાહિ કીસીકું દીધ;
દીઠા દેતાં ઓરકો, મોઢા ભયા **મલીન.**

"હે સ્ત્રી! ગાંઠેથી તો કાંઇ પડી ગયું નથી અને એક પાઇને પણ પાંચ ગાંઠથી પેક કરૂં ત્યાં ગાંઠેથી પડવાનો પ્રસંગજ કયાં છે? અને કોઇને દીધું પણ નથી: કોઈ ગમે તેવો વળગે, પણ પાંચ ગાંઠ છોડતાં છોડતાં તો એ ઉભો રહેજ શાનો! એટલે મુખની મલીનતાનું, હે માનુની! એ પણ કારણ નથી: પણ બીજાને દેતાં (દાન દેતાં) જોઇને મારૂં મોં મલીન થયું છે. મને એમ થાય છે કે પરસેવાથી પેદા થયેલો પૈસો પેલાઓ પલકમાં આપી દે છે!"

આર્યપ્રજામાં ઉત્પન્ન થયેલા, આવા કેટલાક બિચારાઓ, અમૂલ્ય એવા ધર્મનો લાભ પોતે લેતા નથી, નથી અન્યને (વૃદ્ધાદિને) પ્રેરણાથી લેવરાવતા, કે અન્યની પ્રેરણાથી પણ પોતે લાભ લેતા નથી. આટલું તો નથીજ પરંતુ આગળ વધીને બીજાઓ ધર્મ કરે તે પણ આવાઓથી ખમાતું નથી: અને તેથીજ આવાઓએ, પેલા ઘૃણ, કીડા, જીવાતના જેવી, જ્યાં ઉત્પન્ન થયા ત્યાંજ કોર-

વાની ધૃષ્ટતા આદરી, તેવાઓએ પ્રચાર એવો કર્યો કે "ધર્મેજ લોહીની નદીઓ વહેવરાવી છે. જે. ઝઘડાઓનું, કલેશોનું કારણ ધર્મજ છે." આર્ય પ્રજાને ધર્મથી ઉભગાવવાને, આર્ય પ્રજામાં ઉત્પન્ન થયેલા ઝાડના ઘૂણ, ફળના કીડા, પાંદડાની જીવાત સરખાઓએ, આવો વ્યવસ્થિત પ્રચાર આદર્યો.

ન પોતે કરે, ન કરાવે પણ કરતાને રોકે: એવાઓ માટે શું કહેવું ? એવાઓને કઈ કક્ષામાં ગણવા. પેલી સુગરી અને વાનરનું દૃષ્ટાંત તો પ્રસિદ્ધજ છે. જાણોજ છો ને! ચોમાસામાં વાંદરાને પલળતો જોઇ, માળો બાંધીને રહેનારી સુગરીએ, વાંદરાને તેના ભલા માટે કહ્યું; ભાઇ ! તને હાથ છે, પગ છે તો આશ્રમ, આશ્રય માટે કેમ બાંધતો નથી ? વાંદરાએ પ્રત્યુત્તરમાં શું કહ્યું અને શું કર્યું ?

दुराचारी, वानर—

**असमर्थो गृहारंभे, समर्थो गृहभंजने ।**

આમ કહીને ઉપદેશ દેનાર સુગરીનો માળો તોડી નાંખ્યો ! વાંદરાએ ઘર બાંધ્યા સાંભળ્યા છે, એ તો ઘર તોડે ? ઘરની ભાંગફોડ કરે; વાનરોનું કામજ એ !

**યુદ્ધ ધર્મનું હોઇ શકે ?**

આવાઓએ 'ધર્મેજ લોહીની નદીઓ વહેવરાવી છે' વિગેરે ધર્મ વિરૂદ્ધ શબ્દોથી, વાકયોથી, ધર્મીઓને ધર્મથી ઉભગાવવાનું મંથન કર્યું. ગઇ કાલે પેલા દ્રષ્ટાંતમાં જોયું કે, પેલા તોફાની છોકરાઓએ, પેલા મુર્ખ છોકરાનો જરીયાન ફેંટો તેનાજ હાથે બોળવીને ખાળમાં નાંખીને ફડાવ્યોને ! તેજ રીતિએ આર્યપ્રજામાંના કેટલાક ભોળા જીવોને, ઉપર કહેલા ફળને કોરી ખાનારા કીડા જેવાઓ આ રીતિએ ધર્મથી ખસેડે છે.

આવા પ્રતિકુલ ઉપાયોથી જ્યાં સફલ ન થાય, ત્યાં આવાઓ અન્ય અનુકુલ પ્રયત્નો કરવાને ચૂકતા નથી કેમકે આપણે જોઈ ગયા કે બીજાઓ ધર્મ કરે તે પણ તેમને ગમતો નથી.

ઉપસર્ગ પરિષહ પણ બે પ્રકારના છે ને ! શીત, ક્ષુધા, તૃષા, વધાદિ જેમ પરિષહ છે તેમ સત્કાર પુરસ્કાર પણ પરિષહજ છે ને! પેલા પ્રતિકુલ તો આ અનુકુલ !!!

કર્મસત્તા બેયદ્વારા કામ લે છે ને ! દુનીયાના વ્યવહારમાં પણ કાં ત્રાસથી કામ લેવાય છે: કાં લાલચથી કામ લેવાય છે ને! કાંતો મુક્કીથી મનાવાય છે અગર તો મુઠ્ઠીથી મનાવાય છે. એજ રીતિએ ધર્મથી ઉભગાવનારા, કહેવાતા આર્યો, ફળમાંના ફળનેજ કોરી ખાનારના કીડા સરખા, તેવાજ પ્રકારના વૃક્ષના ઘૂણ તથા પાંદડાંની જીવાત સમાન, આવા પ્રકારના આ આર્યો ઉપર જોઈ ગયા તેવો પ્રયત્ન કરે છે અને તેમાં ન ફાવે એટલે બીજા પ્રકારનો અનુકુલ જેવો પ્રચાર પણ કરે છે તેવાઓ ધર્મને સારો, ઉત્તમ કહીને પછી તેમાંજ કહેવાનું બીજું કહી દે છે: કહે છે કે—

"ધર્મની શી વાત ! ધર્મ ઉત્તમ ! પણ ધર્મમાં દયા હોવાથી રાજ્ય ગયું ! ધર્મથી વિચાર અને વિવેક આવે છે, દયા ઉત્પન્ન થાય છે એટલે રાજ્ય રહે નહિ" આવું કહીને તેઓ

કહેવા માગે છે કે રાજ્યના અર્થીને, રાષ્ટ્રના અર્થીને ધર્મ એ ઉપયોગી નથી કિન્તુ વિઘાતક છે. આવાઓ ધર્મથી ઉભગાવવાના એક પછી એક ગોળા ગબડાવ્યેજ જવાના! કાળજું સાવધ નહિ રાખનારા, એ ગોળાની સાથેજ ગબડી જવાના!

એ લોકો કહે છે—ધર્મના નામે લડાઇઓ થઇ! પણ કઇ લડાઇ ધર્મ માટે થઇ? દક્ષીણ આફ્રીકાની? ક્રીમીયાની? ૧૯૧૪ની? કે ૧૯૩૯થી શરૂ થયેલી આ? આમાંની કઇ લઢાઇ ધર્મની? ધર્મ માટેની?

પ્રશ્ન : જેરૂસેલમની લઢઈને ધર્મ માટેની લઢાઈ ગણાવાય છે ને!

## જેવું કુલ તેવો ગુન્હો!

વાત તો આર્ય પ્રજાને અંગે ચાલે છે અને એ લઢાઇને ધર્મની લઢાઈ અનાર્યોએ કહી એટલે પ્રશ્ન પ્રકારાંતરીય છે છતાં ટુંકામાં—

જેવો ધર્મ, જેવું કુલ, જેવી જાતિ, તેવો ગુન્હો!

તમારામાં એટલે ઉચ્ચ જ્ઞાતિમાં કારણવશાત્ કોઇને કલેશ થાય તો બહુ બહુ તો શું બોલો? એજને કે "મોં સંભાળીને બોલ! નહિ તો જોડો મારીશ" હદ થઇને! તમે ઉચ્ચ છતાં કષાયવશાત્ 'જોડે' પહોંચ્યા એ ખરૂં પણ હદ આવી ગઈ! પણ બે ચાર મીયાંભાઈ વઢે તો શું બોલે—"છુરીસે મારૂંગા! તેરેકુ કચ્ચા કા કચ્ચા ખા જાઉંગા!" હિંદુઓના મોંમાં આવા શબ્દો આવતા નથી: કેમકે લોહીમાં, ખૂનમાં, ખમીરમાં એ છેજ નહિ! અને પેલા લોહીમાં એજ ભારો-ભાર છે! ત્યાં દયા, મહેર રહેમ છેજ કયાં? જરા તપાસો તો માલુમ પડશે કે કોર્ટમાં કોઇ એવો કેસ હશે તો ન્યાયાધીશ—જજ પણ ટીકા કરશે, દીલગીરીપૂર્વક ટીકા કરશે કે "તું જૈન કુલમાં ઉત્પન્ન થઇને આવું કામ કર્યું?" આવી ટીકા શાથી? કેમકે એ કુલમાં એ સંભવે નહિ: ઘાટી, ભીલ, કોળીના કેસોમાં તો ડગલે પગલે સંભવે માટે ત્યાં તેવી ટીકા ન હોય: તાત્પર્ય કે જેવો કુલાચાર, ગુન્હો પણ તેવો અને તેટલી હદનો હોય છે અનાર્ય પ્રજાના સંસ્કારો માંસ માટીથીજ ઘડાયા છે ત્યાં મારામારી સહજ છે અને એ બીચારા તે મારામારીને પણ ધર્મ ગણાવે તેમાં નવાઇ શું? કહેવાતા આર્યો જો દુન્યવી સિદ્ધિ માટેના યુદ્ધો ને ધર્મ માટેના યુદ્ધ ગણાવવાની ધૃષ્ટતા આચરે તો અનાર્યો માટે પ્રશ્નજ શો? હવે માનો કે જેરૂસેલમની લઢાઈ, તેઓના કહેવા મુજબ ધર્મની તો પણ તે લઢાઈ વધારે લાંબી ચાલી કે ૧૯૧૪ની તથા ૧૯૩૯ની? પ્રશ્નનો જવાબ હાલ એટલો પર્યાપ્ત છે.

ધર્મથી ઉભગાવનારાઓ સમજાવવા, ઠસાવવા ઈચ્છે છે કે "વિચાર અને વિવેક, દયા વિગેરેથી રાજ્ય ગયું! કેમકે એથી સાહસ થાય નહિ." હવે ઇતિહાસ તપાસો! હિંદના ઇતિહાસનું અવલોકન કરો હિંદનો કિલ્લો હાથથી ગયો કયારે?

પૃથ્વીરાજ ચૌહાણના સમયથીજ તે બન્યું ને! પૃથ્વીરાજ, જયચંદ વચ્ચે વૈમનસ્યનું કારણ ધર્મ

ઓળખવા જેવી છે. એ કાતર નહિ ઓળખનારનાં ખીસ્સાં કપાવાનાંજ! આવાઓ વિચારાદિથી થતી ઉન્નતિને બતાવતા નથી, સંપ્રતિ કુપાળપાળ વિગેરેનો ઇતિહાસ દીવા જેવો છતાં તે પ્રગતિને બતાવતા નથી પણ અવિવેકાદિથી થએલી અવનતિને ધીમેથી ત્યાં ગોઠવે છે.

**રાજ્ય તથા ત્યાગાદિ ધર્મને સંબંધજ નથી.**

જૈન દર્શન, જૈન ધર્મ, રાજ્ય વધે તેમાં ધર્મની શોભા કે રાજ્ય ઘટે તેમાં ધર્મની અશોભા માનતુંજ નથી કેમકે આ ધર્મનો તો ત્યાગ, વૈરાગ્ય એજ પાયો છેઃ વીતરાગપણાને અહીં અગ્રપદ છે, અહીં તો છે તે છોડવાનું કહેવામાં આવે છેઃ આટલું છતાં જ્યારે કહેવાતા આર્યો, આક્ષેપ કરે છે કે–"ધર્મથી તો રાજ્ય ઘટે." તેઓના આક્ષેપના રદીઆરૂપે આ ઉત્તર છે કે જૈન રાજાઓનાં રાજ્ય વધ્યાંજ છે.

પેલી સુગરીના માળાને તોડનાર જેવા ગૃહભંજકો અર્થાત એ કક્ષાના આવા બિચારાઓ, ધર્મીઓને યેનકેન પ્રકારેણ, ધર્મમાર્ગથી રોકવાના પ્રયત્નો કરે છે તેવાઓ ફાવતું બોલવાની કલામાં પણ પાવરધા છે હો! "ધર્મે લોહીની નદીઓ વહેવરાવી" એવું કહેનારાઓ, આમાંના કોઈ પ્રસંગને, જો પોતાને ફાવતું હોય તો શૌર્યમય પણ વર્ણવે અને, જો ફાવતી વાત ન હોય તો ઘાતકીપણાનો આરોપ ધર્મ પર ઢોળી દે છે.

આવાઓ અનુકુળ કે પ્રતિકુળ રીતિના ગમે તેવા પ્રયત્નો કર્યા કરે પણ ભગવાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે ધર્મની કાયા એવી વજ્રમય છે કે, ધર્મનું સ્વરૂપ એવું વજ્રદેહી છે કે, ધર્મને તોડવાના કેઈ ઘણના પ્રહારો આવી ગયા છે છતાં તેનો નાશ થયો નથી, થતો નથી, થવાનો પણ નથી. તે તો અવિચળ રહ્યો, રહ્યો તે રહ્યોજ છે અને રહેવાનોજ. ઘણુ પડવા છતાંય, જેના પર ઘણુ પડે તેનો ચૂરો કેમ ન થાય એ પ્રશ્ન સહજ થાય પણ એનો ઉત્તર સહજ છે કે તે ચીજજ એવી મજબૂત છે કે જેથી તેના ઘણથી ચૂરો થાયજ નહિ. મેરૂપર્વતને વાયરાના, વંટોળીઆના, વાવાઝોડાના કરોડો, અબજો ધક્કા લાગે તોયે એ ડગે ખરો? એની કાંકરીયે ખરે ખરી? જે ચીજ લોઢાની, પોલાદી હોય, વજ્રમયી હોય તે મજબૂતજ, સ્વયં મજબૂતજ છે. ધર્મ જાતેજ મજબૂત છે માટે તે અવિચલજ હોય. ધર્મને શાસ્ત્રમાં વાયુથી પણ ચંચળ કહે છે એ પણ સમજવા જેવું છે. દુનીયામાં ચલમાં ચલ વાયુ ગણાય છે. કોઈ વસ્તુના વેગની ગાત બતાવવા 'વાયુ વેગે' એમ કહેવામાં આવે છે. એ વાયુથી પણ મન વધારે ચંચળ છે, વાયુની ગતિ તો ફરતી ત્યાં ફરે; હદમાંજ ફરે. દરીયાઈ પવન ત્યાંજ ફરે, પહાડી પવન ત્યાંજ (એટલામાંજ) ફરે પણ મનની ગતિ તો સર્વત્રઃ માટે તો કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ મનને કપિ કહેલ છે, પવનની ગતિની પરખ થઈ, તેનું નિયમન થયું, નોંધ થઈ પણ તેવી નોંધ મનની થઇ? વિચાર વાયુની નોંધ થઈ? તેનું લીસ્ટ થયું? વાયુને અંગે નિયમન એટલે કાયદા નોંધાયા

REGD. NO. 3047

અમુક સ્થળે, અમુક સમયે વાયુની આવી અને આટલી ગતી પણ તાત્પર્ય કે ગરમી, વાયુ, વરસાદ સંબંધી નિયમન ખરૂં; કાયદા ખરા પણ વાંદરા માટે કાયદો ખરો? હવે તેમાં જગતના વાંદરા એટલે કે વાનર જાતિના વાંદરા પોતાના બગીચામાં કુદે; ગુજરાતનાં વાનરોનું ટોળું કાઠીયાવાડ ગયું? પણ વિચારરૂપી વાંદરા માટે કાયદો, કોષ્ટક, ગણિત કાંઇ છે? મનને વાંદરા સાથે સરખાવ્યું પણ મન વાનર, પેલા વાનરથી વળી જુદૂંજ છે. વાયુથી પણ વધુ ચંચળ મન છે; ધર્મને ચંચળ કેમ કહ્યો તે અપેક્ષા હવે સમજાશે કેમકે ધર્મનો આધાર વિચાર પર એટલે કે મનના પરિણામ પર છે. ત્યારે પ્રશ્ન રહે છે કે તો પછી ધર્મ મજબૂત શી રીતે?

સાધ્ય ધર્મ ચંચળ છે જ્યારે સ્વરૂપ ધર્મ લોહમય, પોલાદી, વજ્રમય છે. સમ્યગદર્શન, સમ્યગજ્ઞાન, સમ્યગચારિત્ર એજ સ્વરૂપ ધર્મ: એ ધર્મ વજ્રમય છે. એ ધર્મનું સ્વરૂપ કદી ખંડિત થયું નથી, થતું નથી, થવાનું નથી. આત્મસ્વરૂપ ધર્મ, સમ્યક્દર્શન જ્ઞાન ચારિત્રમય ધર્મ અપ્રતિહત છે. અભવ્યને પણ આત્મસ્વરૂપ ધર્મ તો રહેજ. કેવળજ્ઞાન, કેવળદર્શન તો અભવ્યને પણ ખરાં કેમકે જીવનો સ્વભાવજ એ છે—અભવ્યને કેવળ જ્ઞાનાવરણીય, કેવળ દર્શનાવરણીય કર્મ ખરાં કે નહિ? ખરાં, તો પછી કેવળજ્ઞાન, કેવળદર્શન વિના આવરે કોને?

દુનિયાના આઘાતો, વિચાર ધર્મ, વર્તન ધર્મ પરત્વે છે: પણ આત્મ-સ્વરૂપ ધર્મ તો અવિચલજ છે; અભંગજ છે. સમ્યગદર્શન, જ્ઞાન, ચારિત્રમય ધર્મ એજ આત્મધર્મ તો અમરજ છે, અચલજ છે.

આ સ્વરૂપ ધર્મ સંબંધમાં તેમજ વિચાર-ધર્મ, અને વર્તનધર્મ સંબંધમાં, શ્રી હરિભદ્રસૂરીશ્વરજી ભગવાન્ જે કહે છે તે સ્વરૂપ હવે પછી અગ્રેવર્તમાન!

ધી 'જૈન વિજ્યાનંદ' પ્રિં. પ્રેસ, હવાડીયા ચકલા-સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ છાપ્યું અને તંત્રી શા. પાનચંદ રૂપચંદ ઝવેરીએ શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, બાવાસીડી-ગોપીપુરા, સુરતમાંથી પ્રગટ કર્યું.

Regd. No. B. 3047

# શ્રી સિદ્ધચક્ર

!!! વં......દ......ન......હો !!!

## શ્રી સિદ્ધચક્રને

अर्हन्तः प्रातिहार्यैः सुरनरनिकरैरर्चनीयाः जिनाढ्याः,
सिद्धाः निष्कर्मसिद्धा जनिमृतिरहिताः सर्ववेदिप्रकल्पाः ।
आचार्या धर्मधुर्याः श्रुतगणपठको वाचकाः सन्मुनीशाः;
मोक्षाध्वालंबनाः श्रद्धतिमतिशरणैः सत्तपोभिः पुनन्तु ॥१॥

जिनेशितुश्चक्रभृतो वासुदेवस्य वा यथा ।
चक्रं तथेदं श्रीसिद्धचक्रं शासनकार्यकृत् ॥२॥

સિદ્ધચક્રનો ખાસ અંક

તિથિવિષયક ચર્ચા

વર્ષ ૧૦

અંક ૫ થી ૧૨

ગોપીપુરા બારાસીધી, સુરત.

| વિક્રમસં. ૨૦૦૦ વીરસં. ૨૪૭૦, | મહા પૂર્ણિમા |
|---|---|
| લવાજમ રૂ. ૨-૦-૧ | તા. ૯-૨-૪૪ બુધવાર. |
| આ અંકની કીંમત રૂ. ૨-૦-૦ | |

# તિથિ વિષયક પરસ્પર લેખીત ચર્ચાની ટુંકી અનુક્રમણિકા,


પા. ૪૧ મૂળ મુસદ્દો.

પા. ૪૨ આ. શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી તરફના ૯ મુદ્દાઓ.

પા. ૪૩ આ. શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી તરફના ૯ મુદ્દાઓ સંબંધી નીરૂપણ.

પા. ૫૨ આ. શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી તરફના શાસ્ત્રીય પાઠો.

પા. ૬૪ આ. શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી તરફના શાસ્ત્રીય પાઠોની અનુક્રમણિકા.

પા. ૮૫ આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીના તરફના ૨૫ મુદ્દાઓ.

પા. ૮૮ આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીના તરફના ૨૫ મુદ્દાઓ સંબંધી નીરૂપણ.

પા. ૧૧૭ આ. શ્રી વિજયરામચંદ્રસૂરિના ૨૫ મુદ્દા ઉપર આ. શ્રી સાગરાનંદ સૂરીજીએ કરેલી સમાલોચના. (ખંડન)

પા. ૧૩૨ આ. શ્રી વિજય રામ૦ એ આપેલા પાઠાપાઠો ઉપર આ. શ્રી સાગ૦ કરેલી સમાલોચના.

પા. ૧૬૧ આ. શ્રી વિજય રામ. કરેલા નીરૂપણ ઉપર જવાબ (ખંડન).

પા. ૨૦૦ આ. શ્રી વિજય રામ. એ આપેલા શાસ્ત્ર પાઠો તેમજ પાઠોના શુદ્ધ અર્થો તથા તે ઉપર સ્પષ્ટીકરણ अ. ब. क. સંજ્ઞાપૂર્વક.

પા. ૨૪૪ શુદ્ધિપત્રક.

પા. ૨૫૦ તંત્રીની નોંધ.

શ્રી સિદ્ધચક્ર.
તંત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી

વર્ષ ૧૦ ]　　કાર્તિક પૂર્ણિમા

# આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરિના મુદ્દાઓ.

"તિથિદિન" અને "પર્વારાધન" સંબંધી મંતવ્યભેદને અંગે નિર્ણય કરવા માટેના ખાસ મુદ્દાઓ

(૧) પર્વતિથિઓની આરાધનાને માટે મળી શકે ત્યાં સુધી, ઉદય તિથિનેજ ગ્રહણ કરવાની આજ્ઞા છે કે નહિ ?

(૨) જે દિવસે જે પર્વતિથિ ઉદયતિથિ રૂપે પ્રાપ્ત થતી હોય, તે દિવસે તે પર્વતિથિ ન મનાય તેમજ તે પર્વતિથિ એવા દિવસે મનાય કે જે દિવસે તે પર્વતિથિના ભોગવટાનો અંશજ ન હોય અગર ભોગવટાનો ભાગ હોય તો પણ તે સુર્યોદય સ્પર્શ પૂર્વેનો ભોગવટો હોય, તો તેમ કરવાથી આરોપ, પર્વલોપ, મૃષાવાદ અને આજ્ઞા ભંગાદી દોષોના પાત્ર બનાય કે નહિ ?

(૩) પૂર્વની તિથિને પછીની તિથિના દિવસે માનવામાં આવે તો તેથી વિનષ્ટ કાર્યનું ભાવી કારણ માન્યાનો દોષ પણ લાગે કે નહિ ?

(૪) **"क्षये पूर्वा तिथिः कार्या** અગર **क्षये पूर्वा तिथि ग्राह्या"**—એ આજ્ઞા જે પર્વતિથિ ઉદય-તિથિ રૂપે પ્રાપ્ત થતીજ ન હોય તેવી પર્વતિથિની માન્યતા અને આરાધનાનો દિવસ નક્કી કરવાને માટેજ છે કે ક્ષીણ પર્વતિથિના ક્ષયના બદલામાં તે ક્ષીણ પર્વતિથિની પૂર્વે જે કોઈપણ અપર્વ-તિથિ આવતી હોય તેનો ક્ષય કરવાને માટે છે ?

(૫) **वृद्धौ कार्या तथोत्तरा"** અગર **"वृद्धौ ग्राह्या तथोत्तरा"** એ આજ્ઞા, જે પર્વતિથિ બે સૂર્યોદયને સ્પર્શનારી બનીને બીજા સૂર્યોદયવાળા દિવસે સમાપ્તિને પામેલી હોય, તે પર્વતિથિની આરાધના તે પર્વતિથિના બીજા સૂર્યોદયવાળા દિવસે નક્કી કરવાને માટે છે કે વૃદ્ધા પર્વતિથિના બદલામાં તે વૃદ્ધા પર્વતિથિની પૂર્વે જે કોઈપણ પહેલી અપર્વતિથિ આવતી હોય તેની વૃદ્ધિ કરવાને માટે છે ?

(૬) 'તિથિક્ષય' એટલે 'તિથિનાશ' અને તિથિવૃદ્ધિ' એટલે બે અવયવોવાળી એકજ તિથિ નહિ, પણ એકમ બીજની જેમ એક—બીજાથી ભિન્ન એવી બે તિથિઓ—એવો અર્થ થાય કે **નહિ ?**

(૭) માસ વૃદ્ધિ અને તિથિ વૃદ્ધિને અંગે આરાધનાના નિયમમાં સમાનતા છે કે નહિ ?

(૮) વૃદ્ધિના પ્રથમ માસને તથા પ્રથમા તિથિને નપુંસક કહેવાય કે નહિ ?

(૯) જે નપુંસક તિથિ પોતાનું ફુલ નિપજાવી શકવાને પણ અસમર્થ હોય, તે અન્યના તેથી પણ વધારે સમર્થ ફલને નિપજાવી શકે કે નહિ ?

(૧૦) પક્ષના ૧૫ રાત્રિ-દિવસ અને ચાતુર્માસ તથા વર્ષના અનુક્રમે ૧૨૦ અને ૩૬૦ રાત્રી–દિવસ ગણાય છે તે તથા પર્યુષણાને અંગે વીસ રાત્રિ સહિત માસ અને સીત્તેર રાત્રિ-દિવસ છે તે વારની અપેક્ષાએ ગણાય છે કે તિથિ અને માસની અપેક્ષાએ ગણાય છે ?

(૧૧) દિન ગણુનામાં જેમ એક ઉદય તિથિનો એક રાત્રિ–દિવસ ગણાય છે તેમ એક ક્ષીણુ તિથિનો પણ એક રાત્રિ–દિવસ અને એક વૃદ્ધા તિથિનો પણ એક રાત્રિ–દિવસ ગણાય છે કે નહિ.

(૧૨) બીજ, પાંચમ, આઠમ, અગીઆરસ, ચૌદશ, પૂનમ, અમાસ ભાદરવા શુદ ૪ અને કલ્યાણુક તિથિઓ પૈકી જે કોઇ પણ પર્વતિથિની વૃદ્ધિ હોય, તેને માટે બે બીજ આદિ મનાય, લખાય અને બોલાય તો તેથી વિરાધનાને પાત્ર થવાય કે તેમ માનવા આદીને બદલે તે વૃદ્ધા તિથિની પહેલાં જે પહેલી અપર્વ તિથિ હોય તેને બે એકમ આદિ રૂપે મનાય, લખાય, અને બોલાય તો, મૃષાવાદ આદિ દોષોના પાત્ર બનાય ?

(૧૩) જે પર્વ તિથિનો ક્ષય થયો હોય, તે પર્વતિથિની પૂર્વની તિથિ અપર્વ તિથિ હોય તો તે અપર્વ તિથિના એકજ દિવસે ગૌણુ–મુખ્ય રીતિએ બન્નેય તિથિઓનો વ્યપદેશ થઈ શકે કે નહિ ?

(૧૪) જે પર્વ તિથિનો ક્ષય થયો હોય, તે પર્વ તિથિની પૂર્વની તિથિ પણ જો પર્વ તિથિ હોય તો તે પૂર્વની તે પર્વ તિથિના દિવસે બન્નેય પર્વતિથિઓના આરાધક બની શકાય કે નહિ તેમજ એક દિવસે બે કે બેથી વધુ પર્વોનો યોગ થઇ જતો હોય તો તે સર્વ પર્વોના તે એક જ દિવસે આરાધક બની શકાય કે નહિ ?

(૧૫) ચૌમાસી તપમાં પાક્ષીકના તપનો અને ચૌમાસી પ્રતિક્રમણુમાં પાક્ષીક પ્રતિક્રમણુનો સમાવેશ થાય છે કે નહિ ?

(૧૬) પહેલી પૂનમે કે અમાસે ચતુર્દશીના આરોપ દ્વારા પાક્ષિક કે ચોમાસી માનવામાં આવે તો અનુક્રમે ૧૫ અને ૧૨૦ રાત્રિ–દિવસનું ઉલ્લંઘન તથા ભા૦ શુ૦ પહેલી પાંચમે આરોપ દ્વારા ભા૦ શુદ ૪ માની સંવત્સરી કરવામાં આવે તો ૩૬૦ રાત્રિ–દિવસનું ઉલ્લંઘન થાય કે નહિ ?

(૧૭) આરાધનાને અંગે, ક્ષયના પ્રસંગે ક્ષીણુ તિથિના ભોગવટાની સમાપ્તિ પૂર્વની તિથિના દિવસે હોય છે, અને વૃદ્ધિના પ્રસંગે વૃદ્ધા તિથિના ભોગવટાની સમાપ્તિ ઉત્તરા તિથિના દિવસે

હોય છે એજ એક હેતુથી—"क्षये पूर्वा तिथिर्ग्राह्या (तिथिः कार्या) वृद्धौ ग्राह्या (कार्या) तथोत्तरा" —એવા કથન દ્વારા ક્ષયના પ્રસંગે પૂર્વા તિથિ અને વૃદ્ધિના પ્રસંગે ઉત્તરા તિથિ ગ્રહણ કરવામાં ભોગવટાની સમાપ્તિ સિવાયનો કોઇ હેતુ રહેલો છે?

(૧૮) કલ્યાણક તિથિઓ એ પર્વ તિથિઓ ગણાય કે નહિ?

(૧૯) ઉદય, ક્ષય, અને વૃદ્ધિ સંબંધીના જે નિયમો ચતુષ્પર્વી, પંચપર્વી અને ષટ્પર્વીને લાગુ થાય તેજ નિયમો અન્ય સર્વ પર્વ તિથિઓને પણ લાગુ થાય કે નહિ?

(૨૦) પૂર્ણિમા અને કલ્યાણક તિથિઓ—એ બેમાં અવિશેષતા છે કે વિશેષતા છે?

(૨૧) બીજ, પાંચમ. આઠમ, અગીઆરશ અને ચૌદશે પરભવના આયુષ્યનો બંધ પડવાની જેટલી અને જેવી સંભવિતતા છે તેટલી અને તેવી સંભવિતતા પૂર્ણિમા અમાવાસ્યા કે અન્ય કલ્યાણક તિથિઓ આદિએ ખરી કે નહિ?

(૨૨) તિથિ દિન માસ અને વર્ષ આદિના નિર્ણયને માટે, જૈન ટિપ્પનક વ્યવચ્છિન્ન થવાના કારણે સેંકડો વર્ષ થયાં લૌકિક પંચાંગ જ મનાય છે અને તે માટે હાલ પણ આપણે લૌકિક પંચાંગ માનવું જોઇએ એવું ફરમાન છે કે નહિ?

(૨૩) અમુક દિવસે અમુક તિથિ ઉદય તિથિ, ક્ષય તિથિ કે વૃદ્ધા તિથિ છે એ વિગેરેના નિર્ણયને માટે હાલ શ્રી જૈન શાસનમાં "ચંડાશુચંડુ" નામનું લૌકિક પંચાંગ જ આધારભૂત મનાય છે કે નહિ?

(૨૪) પૂર્ણિમા અને અમાવાસ્યા કરતાં ચતુર્દશી અને ભા૦ શુ૦ ૫ના કરતાં ભા૦ શુ૦ ૪ એ પ્રધાન પર્વ છે કે નહિ?

(૨૫) કાર્તિક પૂર્ણિમાના ક્ષયે કાર્તિક પૂર્ણિમાની યાત્રા ચતુર્દશીના ઉદયવાળા દિવસે થાય કે અન્ય કોઇ દિવસે થાય?

વિ. સં. ૧૯૯૯ના માગશર શુ. ૨ બુધ
શ્રી જૈન સાહિત્ય મંદિર પાલીતાણા

વિજયરામચંદ્રસૂરિ

—:૦:—

# આચાર્ય વિજયરામચંદ્રસૂરિએ પોતાના ૨૫ મુદ્દાઓનું કરેલું નિરૂપણ

**णमोत्थुणं समणस्सभगवओ महावीरस्स**

**अनंतलब्धिनिधानाय श्रीगौतमगणधरेन्द्राय नमो नमः**

"તિથિદિન" અને "પર્વારાધન" સબંધી મન્તવ્ય ભેદને અંગેના નિર્ણય માટે અમોએ તારવેલા પચ્ચીસ મુદ્દાઓ પૈકીનો પહેલો મુદ્દો નીચે મુજબનો છે:—

(૧) "પર્વતિથિઓની આરાધનાને માટે મળી શકે ત્યાં સુધી ઉદયતિથિનેજ ગ્રહણ કરવાની આજ્ઞા છે કે નહિ ?"

આ મુદ્દો ઉપસ્થિત કરવાનો હેતુ એ છે કે—સામા પક્ષે આચાર્યશ્રી સાગરાનન્દસૂરિજી ચંડાશુચંડૂ પંચાગમાં જ્યારે જ્યારે પુનમનો અને અમાસનો ક્ષય આવે છે, ત્યારે ત્યારે જે જે દિવસે ચૌદશ ઉદયતિથિ રૂપે પ્રાપ્ત થઇ હોય છે તે દિવસે ચૌદશ માનવા-કહેવાનો ઈન્કાર કરે છે અને તેરશે ચૌદશ માનવા કહેવાનું પ્રતિપાદન કરે છે. એજ રીતિએ, ચંડાશુચંડૂ પંચાગમાં જ્યારે જ્યારે ભાદરવા શુદ ૫ નો ક્ષય આવ્યો હોય ત્યારે ત્યારે જે દિવસે ભા. શુ. ૪ ઉદયતિથિ રૂપે પ્રાપ્ત થયેલ હોય તે દિવસે ભા. શુ. ૪ નહિ માનવી જોઇએ, પણ ભા. શુ. ૩ ના દિનેજ ભા. શુ. ૪ માનવી જોઇએ, એમ કહે છે. પૂનમ, અમાસ અને ભાદરવા શુદ ૫ ની વૃદ્ધિના પ્રસંગમાં પણ જે દિવસે ઉદયતિથિ રૂપે ચૌદશ અને ભા. શુ. ૪ પ્રાપ્ત થયેલ હોય તે દિવસે બીજી તેરશ અને ભા. શુ. બીજી ત્રીજ માનવા-કહેવાનું તથા પહેલી પૂનમ-અમાસે ચૌદશ અને ભા. શુ. પહેલી પાંચમે ભા. શુ. ૪ માનવા-કહેવાનું પ્રતિપાદન કરે છે. આને અંગે કલ્યાણક પર્વ તિથિ ઉદયતિથિ તરીકે પ્રાપ્ત થઈ હોય તે છતાં પણ, જે દિવસે તેના ભોગવટાનો અંશ પણ ન હોય તેવા દિવસે માનવા કહેવાનો પ્રસંગ ઉભો કરે છે. આચાર્ય શ્રી સાગરાનન્દસૂરિજી આવું જે કાંઈ માનવા કહેવાનું પ્રતિપાદન કરે છે. તે જૈન શાસ્ત્રાધારોથી કેવી કેવી રીતિએ વિરૂદ્ધ છે એ દર્શાવવાને માટે તથા અમારૂં મન્તવ્ય કેવી કેવી રીતિએ જૈન શાસ્ત્રાધારોને સમ્મત છે એ દર્શાવવાને માટે આ અને આની પછીના ચોવીસ મુદ્દાઓની તારવણી કરવામાં આવી છે.

"તિથિદિન" અને "પર્વારાધન" સંબંધી મન્તવ્ય ભેદને અંગેનો નિર્ણય કરવાને માટેના ખાસ મુદ્દાઓ તરીકે અમોએ જે પચીસ મુદ્દાઓ તારવીને રજુ કર્યા છે, તેમજ અમારા મન્તવ્યને લક્ષ્યમાં રાખીને રજુ કર્યા છે. તેમજ સામાપક્ષે આચાર્યશ્રી સાગરાનંદસૂરિજીનું જે મન્તવ્ય છે તેને પણ લક્ષ્યમાં રાખીનેજ રજૂ કર્યા છે. કારણ એ છે કે—અમો બન્નેનાં મન્તવ્યોમાંથી કોનું મન્તવ્ય જૈન શાસ્ત્રાધારોને સમ્મત છે. એ વસ્તુનો નિર્ણય કરવાનું કાર્ય જેમને સોંપાયું હોય, તેમને અમારૂં મન્તવ્ય વીકે

રીતિએ શાસ્ત્રાધારોને અનુસરતું છે એ જેમ જણાવવું જોઇએ તેમ સામા પક્ષે આચાર્યશ્રી સાગરાનંદસૂરિજીનું મંન્તવ્ય કેવી કેવી રીતિએ શાસ્ત્રધારોથી વિરૂદ્ધ છે એ પણ અમારે જણાવવું જ જોઇએ.

આવા લક્ષ્યથી તારવવામાં આવેલા મુદ્દાઓ વિષે વિવેચન કરતાં, પ્રત્યેક મુદ્દાના વિવેચન પ્રસંગે બંનેનાં મન્તવ્યોનું પણ વિગતવાર વર્ણન કરવું પડે, એમ કરવાથી શ્રમમાં વધારો થાય પુનરૂક્તિઓ વધી જવા પામે અને તે કંટાળો પેદા કરનાર પણ બને. આ વિચારથી, અત્રે પ્રથમ મુદ્દાના વિવરણમાં તે મુદ્દાની તારવણી પાછળના હેતુનું વિગતવાર સ્પષ્ટીકરણ કરવાની જરૂર ઉભી રહેવા પામે નહિ અને પુનરૂક્તિપણાને પણ ઘણે ખરે અંશે ટાળી શકાય.

અમો બન્નેનાં તિથિદિન અને પર્વારાધન સંબંધી મન્તવ્યોમાંથી મુખ્ય મુખ્ય બીનાઓ:–

(૧) ચંડાશુચંડુ પંચાંગમાં જ્યાં સુધી કોઈ પણ પર્વ તિથિની હાનિ અગર વૃદ્ધિ આવતી નથી, ત્યાં સુધી તો તે તિથિદિન અને પર્વારાધન સંબંધીના અમો બન્નેના મંતવ્યોમાં કશો જ ભેદ પડતો નથી.

(૨) ચંડાશુચંડુ પંચાંગમાં જ્યારે ષટ્પર્વી પૈકીની કોઈપણ પર્વતિથિની અગર વાર્ષિક પર્વસ્વરૂપ ભાદરવા શુ. ૪ની હાનિ અગર તો વૃદ્ધિ આવે છે, ત્યારે અમો બન્નેનાં તિથિદિન અને પર્વારાધન સંબંધીનાં મન્તવ્યોમાં જે ભેદ પડે છે, તેના બે વિભાગ પણ પાડી શકાય.

(अ) જે પર્વતિથિની હાનિ અગર વૃદ્ધિ આવવા પામી હોય તે પર્વતિથિની પૂર્વની તિથિ અપર્વ તિથિ હોય તેવા પ્રસંગનો મન્તવ્ય ભેદ અને—

(ब) જે પર્વતિથિની હાનિ અગર વૃદ્ધિ આવવા પામી હોય તે પર્વ તિથિની પૂર્વની તિથિ પર્વ તિથિ હોય તેવા પ્રસંગનો મન્તવ્ય ભેદ.

(૩) જે પર્વ તિથિની પૂર્વની તિથિ અપર્વ તિથિ હોય, એવી પર્વ તિથિનો જ્યારે ક્ષય આવ્યો હોય ત્યારે અમો બન્નેનાં મન્તવ્યોમાં જે ભેદ ઉપસ્થિત થવા પામે છે તે દ્રષ્ટાન્ત પૂર્વક સૂચવીએ છીએ. માનો કે–સાતમ એ અપર્વ તિથિ છે અને તેની પછીની આઠમ એ તો પર્વ તિથિ છેજ એ આઠમના ક્ષયના પ્રસંગમાં–'ક્ષીણાષ્ટમીયુક્ત સપ્તમીમાં ક્ષીણાષ્ટમીની આરાધના કરવાનું એ દિવસે સપ્તમી તથા અષ્ટમી બન્નેનો ગૌણ–મુખ્ય ભેદે વ્યપદેશ કરવાનું અને સાતમના સૂર્યોદયને સાતમનો સૂર્યોદય માનવાનું' અમારૂં મંતવ્ય છે. સામાપક્ષે આચાર્ય શ્રી સાગરાનંદસૂરિજીનું આ વિષયમાં એવું મંતવ્ય છે કે:–'આઠમના ક્ષયના બદલામાં સાતમનો ક્ષય કરવો, તે દિવસે જે સાતમપણું છે તેને ઉડાવી દઈને માત્ર આઠમપણુંજ કાયમ કરવું અને તે પછીજ તે દિવસે અષ્ટમીની આરાધના કરવી,' આઠમના ક્ષયના દ્રષ્ટાન્તપૂર્વક રજુ કરાએલો આ મન્તવ્ય ભેદ માત્ર આઠમ પૂરતોજ નથી. પણ બીજ, પાંચમ આદિ જે કોઈ પર્વ તિથિઓ છે તે પર્વ તિથિઓનો

જ્યારે જ્યારે ક્ષય આવે છે અને તે ક્ષીણ પર્વ તિથિઓની પૂર્વ તિથિ અપર્વ તિથિ હોય છે ત્યારે ત્યારે આવોજ મન્તવ્યભેદ અમો બંન્ને વચ્ચે ઉદ્ભવે છે.

(૪) જે પર્વ તિથિની પૂર્વની તિથિ અપર્વ તિથિ હોય, એવી પર્વ તિથિની જ્યારે વૃદ્ધિ આવી હોય ત્યારે અમો વૃદ્ધા તિથિના પ્રથમ અવયવ સ્વરૂપ પ્રથમા તિથિને પર્વારાધનને અંગે અવગણવાનું અને વૃદ્ધા તિથિના બીજા અવયવ સ્વરૂપ દ્વિતીયા તિથિએ પર્વારાધન કરવાનું અને સંજ્ઞા તો તેની જે હોય તેજ કાયમ રાખવાનું માનીએ છીએ. માનો કે સાતમ એ અપર્વ તિથિ છે અને તેની પછીની પર્વ તિથિ સ્વરૂપ આઠમ વૃદ્ધિને પામેલી છે. આવા પ્રસંગમાં અમો પ્રથમા અષ્ટમી અને દ્વિતીયા અષ્ટમી એવી સંજ્ઞાને કાયમ રાખીનેજ, પર્વારાધનને અંગે પ્રથમાષ્ટમીને અવગણવાનું અને દ્વિતીયા અષ્ટમીએ અષ્ટમીનું પર્વારાધન કરવાનું માનીએ છીએ. સામાપક્ષે આચાર્યશ્રી સાગરાનંદસૂરિજીનું, આ વિષયમાં એવું મન્તવ્ય છે કે પર્વ તિથિની વૃદ્ધિને બદલે પૂર્વની અપર્વ તિથિની તથા વૃદ્ધા પર્વ તિથિની સંજ્ઞા પણ આવો ફેરફાર કરીને કરવી અને તે પછીજ વૃદ્ધા પર્વ તિથિના બીજા દિવસે પર્વારાધન કરવું. 'અર્થાત્ બે આઠમ આવી હોય તો તેના બદલે બે સાતમ કરવી એટલે કે પહેલી આઠમની પણ બીજી સાતમ એવી સંજ્ઞા કરવી અને પછી બીજી આઠમના દિવસ માત્રને જ આઠમ કહીને આઠમની આરાધના કરવી.'

(૫) ચંડાશુ ચંડુ પંચાંગમાં જ્યારે જ્યારે એવી પર્વતિથિની હાનિ અગર વૃદ્ધિ આવે છે કે જે હીના અગર વૃદ્ધિ આવે છે કે જે હીના અગર વૃદ્ધા પર્વ તિથિની પૂર્વની તિથિ અપર્વ તિથિ હોય છે ત્યારે ઉપર કલમ ૩ અને કલમ ૪ માં જણાવ્યો છે તેવો અમો બન્નેનાં મન્તવ્યોમાં ભેદ પડતો હોવા છતાં પણ, હીના કે વૃદ્ધા પર્વ તિથિની આરાધનાતો અમો બન્ને એકજ દિવસે કરીએ છીએ, તેવા પ્રસંગમાં પર્વારાધના દિવસમાં અમો બન્નેને ફેર પડતો નથી, તેમ તેવા પ્રસંગમાં જે દિવસે પર્વારાધન કરાય છે તે દિવસે આરાધનાની પર્વતિથિનું હોવાપણું છે એમ પણ અમો બન્ને માનીએ છીએ.

(૬) ચંડાશુ ચંડુ પંચાંગમાં જ્યારે જ્યારે એવી પર્વતિથિની હાનિ અગર વૃદ્ધિ આવે છે. કે જે હીના અગરવૃદ્ધા પર્વ તિથિની પૂર્વની તિથિ પણ પર્વતિથિ જ હોય ત્યારે તો અમારા અને સામાપક્ષે આચાર્યશ્રી સાગરાનન્દસૂરિજીના મન્તવ્ય વચ્ચે એવો ભેદ ઉપસ્થિતિ થવા પામે છે કે–એ પ્રસંગોમાં ઉપરની કલમ પાંચમીમાં જણાવ્યું છે તેટલું પણ સામ્ય અમારી–તેમની વચ્ચે રહેવા પામતું નથી.

(૭) જ્યારે એવી પર્વતિથિનો ક્ષય આવે છે, કે જે પર્વ તિથિની પૂર્વની તિથિ પણ પવ તિથિ હોય છે, ત્યારે અમારા અને આચાર્યશ્રી સાગરાનન્દસૂરિજીના મન્તવ્ય વચ્ચે જે ભેદ ઉપ-

સ્થિત થવા પામે છે, તે દ્રષ્ટાન્ત પૂર્વક સૂચવવો ઠીક થઈ પડશે, અહિં સૂચવવાનો મન્તવ્ય ભેદ ત્યારેજ ઉપસ્થિત થવા પામે છે, કે જ્યારે પૂનમનો-અમાસનો અગર તો ભા. શુ. ૫નો ક્ષય આવ્યો હોય એમાંથી કોઇપણ એકનું દ્રષ્ટાન્ત લઇએ જેમકે પૂનમનો ક્ષય. પૂનમના ક્ષયના પ્રસંગે ચૌદશે જ ચૌદશના અને પૂનમના એમ બન્નેય પર્વ તિથિઓના એકજ દિવસે આરાધક બની શકાય છે. અને જરૂર મુજબ મુખ્ય-ગૌણ રીતિએ તે દિવસે ચૌદશની તથા પૂનમની પણ સંજ્ઞા થઈ શકે છે. પૂનમે તપ કરવાનો હોય તેવા પ્રસંગમાં પૂનમે કરવાનો તપ તેરસે અને તેરશે રહી જવા પામે તો વદ એકમે પણ થઈ શકે છે'-આવું અમારૂં મન્તવ્ય છે કે-'પૂનમના ક્ષયને પ્રસંગે ચૌદશે ચૌદશ પૂનમ એ બન્નેય પર્વ તિથિઓના આરાધક પણ બની શકાય નહિ. અને તે બન્ને પર્વ તિથિઓની તે એક દિવસે સંજ્ઞા પણ થઈ શકે નહિ. પૂનમના ક્ષયે પૂનમના ક્ષયમા બદલામાં તેરશનોજ ક્ષય કરવો જોઇએ. પૂનમના ક્ષયના બદલે તેરશનો ક્ષય કરીને ઉદય તિથિ રૂપે પ્રાપ્ત થયેલી ચતુર્દશીમાં ફેરફાર કરવો જોઇએ એટલે કે-તેરશે ચૌદશ માનવી જોઇએ અને ઉદયતિથિ ચૌદશે માત્ર ક્ષીણ પૂર્ણિમાનેજ ઉદયતિથિ રૂપ બનાવીને માનવી જોઇએ.' આવું અમાસના ક્ષયે તથા ભા. શુ. ૫ ના ક્ષયે પણ સમજી લેવાનું છે.

(૮) જ્યારે એવી પર્વ તિથિની વૃદ્ધિ આવે છે, કે જે પર્વ તિથિની પૂર્વની તિથિ પણ પર્વતિથિ હોય છે, ત્યારે અમારા અને આચાર્યશ્રી સાગરાનન્દસૂરિજીના મન્તવ્ય વચ્ચે, જે ભેદ ઉપસ્થિત થવા પામે છે, તે પણ અત્રે પૂનમના દ્રષ્ટાન્ત પૂર્વક સૂચવાય છે. 'પૂનમની વૃદ્ધિના પ્રસંગે પ્રથમા પૂર્ણિમા અને દ્વિતીયા પૂર્ણિમા એવી સંજ્ઞા કાયમ રાખીને, પર્વારાધનને અંગે પ્રથમા પૂર્ણિમાની અવગણના કરીને.દ્વિતીયા પૂર્ણિમાએ પૂર્ણિમાનું પર્વારાધન કરવું જોઇએ-આવું અમારૂં માનવું છે-સામાપક્ષેઆચાર્યશ્રી સાગરાનંદસૂરિજીનું, આ વિષયમાં એવું માનવું છે કે-પૂનમની વૃદ્ધિના પ્રસંગે પ્રથમા પૂર્ણિમા અને દ્વિતીયા પૂર્ણિમા એવી સંજ્ઞા થઈ શકેજ નહિ પૂનમની વૃદ્ધિના બદલે તેરશની વૃદ્ધિ કરવી જોઇએ અને તેમ કરીને ઉદય તિથિ રૂપે પ્રાપ્ત થયેલી ચૌદશને બીજી તેરશ બનાવી પ્રથમા પૂર્ણિમાને ચૌદશ બનાવી, પ્રથમા પૂર્ણિમાએ ચૌદશની અને દ્વિતીયા પૂર્ણિમાએ પૂનમની આરાધના કરવી જોઈએ.

(૯) કલ્યાણક પર્વની તિથિઓને અપર્વ તિથિ કહેવાય-મનાય કે નહિ અને પર્વ તિથિઓના આરાધનને અંગે જૈન શાસ્ત્રકાર મહાપુરૂષોએ ફરમાવેલા ઉદય, ક્ષય તથા વૃદ્ધિ સંબંધીના નિયમો જેમ ચતુષ્પર્વી પંચપર્વી અને ષટપર્વી તેમજ વાર્ષિક પર્વ ભાદરવા શુ. ૪ ને લાગુ પડે તેમ કલ્યાણક પર્વની તિથિઓને પણ લાગુ પડે કે નહિ. એ સબંધમાં પણ અમારા અને આચાર્ય શ્રી સાગરાનંદસૂરિજીના મંતવ્ય વચ્ચે ભેદ પડે છે. અમારૂં મન્તવ્ય એવું છે કે-'કલ્યાણક પર્વની

તિથિઓને પણ અપર્વ તિથિ કહેવાય મનાયજ નહિ, તેમજ ઉદય ક્ષય તથા વૃદ્ધિ સંબંધીના નિયમો જેમ ચતુષ્પર્વી, પંચપર્વી, ષટપર્વી અને વાર્ષીક પર્વ ભા. શુ. ૪ ને લાગુ પડે છે તેમજ કલ્યાણક પર્વ તિથિઓને પણ લાગુ પડે છે' આચાર્યશ્રી સાગરાનંદસૂરિજી કલ્યાણક પર્વ તિથિઓને પર્વતિથિ તરીકે માનીને કલ્યાણક પર્વતિથિનો ક્ષય આવ્યો હોય તો પૂર્વની તિથિએ અને કલ્યાણક પર્વ તિથિની વૃદ્ધિ આવી હોય તો પર્વારાધનને અંગે પ્રથમાને અવગણીને દ્વિતીયા (ઉત્તરા) તિથિએ પર્વારાધનને માને છે, એટલે એમ પણ મનાય કે ઉદય, ક્ષય અને વૃદ્ધિના જે નિયમોને શાસ્ત્રાધારે અમો પર્વ તિથિઓને લાગુ પાડીએ છીએ તે નિયમોને આચાર્યશ્રી સાગરાનન્દસૂરિજી કલ્યાણક પર્વતિથિઓને અંગે, શાસ્ત્રાધારે અમો જે રીતિએ લાગુ પાડીએ છીએ તે રીતિએ સર્વથા લાગુ પાડતા નથી એમ તો નહિજ, કલ્યાણક પર્વતિથિઓની હાનિ વૃદ્ધિને તેઓ કબુલ રાખે છે એટલે એમ પણ મનાય કે કોઈ પણ પર્વતિથિની હાનિ વૃદ્ધિ મનાયજ નહિ અને એથી પર્વતિથિની હાનિ વૃદ્ધિ એ પૂર્વની અપર્વ તિથિની અને પૂર્વની તિથિ પણ પર્વ તિથિ હોય તો તેનીય પૂર્વની અપર્વતિથિની હાનિવૃદ્ધિ માનવી જોઇએ. એવી જે તેમની માન્યતા છે, તેમાંથી કલ્યાણક પર્વતિથિઓને બાતલ કરી નાખે છે, વળી કોઈપણ કલ્યાણક પર્વતિથિની પૂર્વની તિથિ ષટ્પર્વી પૈકીની હોય અને તેવી કલ્યાણક પર્વતિથિનો ક્ષય આવ્યો હોય, ત્યારે તેઓ કલ્યાણક પર્વતિથિના ક્ષયના બદલે તે પર્વતિથિના પૂર્વની કે પછીની તિથિનો ક્ષય માન્યા વિનાજ, એટલે કે-કોઈપણ દિવસે તે પર્વતિથિની માન્યતા કર્યા વિનાજ પછીની તિથિએ કલ્યાણક પર્વતિથિની આરાધના માને છે, અમો તેવા પ્રસંગમાં પૂર્વની તિથિ, કે જે ષટ્પર્વી પૈકીની પર્વતિથિ ક્ષીણ કલ્યાણક પર્વતિથિ યુક્ત છે તે તિથિએજ બન્નેય પર્વતિથિઓનું આરાધન થાય છે એમ માનીએ છીએ. આ ઉપરાંત, બીજ આદિ ષટ્પર્વી પૈકીની પર્વતિથિઓની હાનિવૃદ્ધિએ તેની પૂર્વની એકમ આદિ તિથિઓને 'અપર્વ તિથિ' તરીકે માની-કહીને જ આચાર્યશ્રી સાગરાનંદસૂરિજી એકમ આદિની હાનિ-વૃદ્ધિ કરે છે, એટલે એવા પ્રસંગમાં મુકાએલી એકમઆદિ તિથિઓ જો કલ્યાણક પર્વ તિથિઓ હોય તો તે પર્વતિથિઓને પણ આચાર્યશ્રી સાગરાનંદસૂરિજી અપર્વતિથિઓ તરીકે જ માને-કહે છે. વધુમાં ષટ્પર્વી પૈકીની પર્વતિથિની હાનિવૃદ્ધિના બદલામાં પૂર્વ કે પૂર્વતર અપર્વ તિથિની હાનિ-વૃદ્ધિ કરવાના પોતાના મન્તવ્યને અંગે, જે કલ્યાણક પર્વ તિથિઓનો ક્ષય ન હોય તે પર્વતિથિઓનો ક્ષય માનવાને તથા કહેવાને પણ આચાર્યશ્રી સાગરાનન્દસૂરિજી તત્પર બને છે અને જે કલ્યાણક પર્વ તિથિઓની વૃદ્ધિ ન હોય તે પર્વતિથિઓની વૃદ્ધિ માનવાને તથા કહેવાને આચાર્યશ્રી સાગરાનન્દસૂરિજી તત્પર બને છે એટલું જ નહિં, પણ તેવી ક્ષય-વૃદ્ધિની કલ્પના કર્યા પછીથી, ક્ષયના પ્રસંગમાં ઉત્તરા તિથિએ પર્વારાધન કરવાના નિયમને પણ લાગુ પાડે છે.

અમારા અને આચાર્યશ્રી સાગરાનંદસૂરિજીના મન્તવ્ય ભેદને લગતી ઉપર જણાવેલી મુખ્ય મુખ્ય બીનાઓને સંગૃહીત કરીને મુખ્ય મુદ્દો તૈયાર કરાયો છે અને અમોએ જે પચ્ચીસ મુદ્દાઓ તારવ્યા છે તે પણ ઉપર જણાવેલી મુખ્ય મુખ્ય બીનાઓને લક્ષ્યમાં રાખીને જ તારવ્યા છે.

હવે અમો પચ્ચીસ મુદ્દાઓ પૈકીના પ્રથમ મુદ્દાના સંબંધમાં અમારું જે મન્તવ્ય છે તે જણાવવા સાથે તે સંબંધી જૈન શાસ્ત્રાધારને પણ જણાવીએ છીએ.

અમારું મન્તવ્ય એવું છે કે—પર્વ તિથિઓની આરાધનાને માટે, મળે ત્યાં સુધી, ઉદય તિથિને જ ગ્રહણ કરવાની જૈન શાસ્ત્રકાર પરમર્ષિઓની આજ્ઞા છે. જે પર્વતિથિ ઉદયતિથિ તરીકે પ્રાપ્ત થતી હોય, તે પર્વતિથિની આરાધનાને માટે કોઈપણ સંયોગોમાં તે ઉદય તિથિથી ભિન્ન એવી તિથિને ગ્રહણ કરવાનું જૈનશાસ્ત્રકાર, પરમર્ષિઓએ ફરમાવ્યું નથી.

જૈન શાસ્ત્રકાર-પરમર્ષિઓએ ફરમાવ્યું છે કે—સવારે પ્રત્યાખ્યાન વેળાએ જે દિવસે જે તિથિનો ભોગવટો (વિદ્યમાન) હોય તે દિવસે તે તિથિને પ્રમાણ કરવી. ચાતુર્માસીક સાંવત્સરિક પાક્ષિક પંચમી અને અષ્ટમીમાં તેજ તિથિઓ પ્રમાણ ગણવી કે જેમાં સૂર્યનો ઉદય થાય છે—બીજી નહિ ! જે તિથિમાં સૂર્યનો ઉદય થાય છે તેજ તિથિમાં પૂજા પચ્ચખાણ પ્રતિક્રમણ અને નિયમોનું ગ્રહણ કરવું જોઈએ. સૂર્યોદયમાં જે તિથિ હોય તેને જ પ્રમાણ કરવી. બીજી તિથિને પ્રમાણ કરવામાં આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના પ્રાપ્ત થાય છે.

પૂજ્યપાદ આચાર્ય ભગવાન શ્રીમદ્ રત્નશેખરસૂરીશ્વરજી મહારાજાએ વિ. સં. ૧૫૦૬માં રચેલા સ્વોપજ્ઞ વૃત્તિવાળા શ્રી 'શ્રાદ્ધવિધિ' નામના ગ્રન્થના 'પર્વકૃત્ય પ્રકાશ' નામક ત્રીજા પ્રકાશમાં ફરમાવેલું છે કે—

**"तिथिश्च प्रातःप्रत्याख्यानवेलायां यःस्यात् स प्रमाणं ।**
**सूर्योदयानुसारेणैव लोकेऽपि दिवासादि व्यवहारात् । आहुरपि—**
**'चाउमासि अ वरिसे, पक्खिअपंचट्ठमिसु नायव्वा ।**
**ताओ तिहिओ जासिं, उदेइ सूरो न अण्णाओ ॥ १ ॥**
**पूआ पच्चक्खाणं, पडिकमणं तहय नियमगहणं च ।**
**जीए उदेइ सूरो, तीइ तिहिए उ कायव्वं ॥ २ ॥**
**उदयंमी जा तिही, सा पमाणमिअरीइ कीरमाणीए ।**
**आणाभंगणवत्था-मिच्छत्तविराहणं पावे ॥ ३ ॥** **[मुद्रित प्रत-पृ-१९२]**

વિ. સં. ૧૭૩૧માં રચાએલા શ્રી ધર્મસંગ્રહ નામના સંગ્રહાત્મક ગ્રંથમાં પણ ઉપરના પાઠનો સંગ્રહ કરવામાં આવેલો છે, બીજા પણ જૈન શાસ્ત્રોમાં ઉપરના પાઠનું સમર્થન કરનારા

ઉલ્લેખો પ્રાપ્ત થાય છે, પરંતુ કોઈપણ જૈન શાસ્ત્રમાં જે પર્વતિથિ ઉદયતિથિ તરીકે પ્રાપ્ત થતી હોય તે પર્વ તિથિ અમૂક સંયોગોમાં પણ અન્ય તિથિએ આરાધવાનું ફરમાવેલું હોય એવું અમારા જાણવામાં આવ્યું નથી. આથી ઉદય તિથિ તરીકે પ્રાપ્ત થયેલી ચૌદશને તેરશે માનવાનું કહેવું ઉદય તિથિ તરીકે પ્રાપ્ત થયેલી ભા. શુ. ૪ ને ભા. શુ. ૩ના માનવાનું કહેવું એ તથા ચૌદશ અને ભા. શુ. ૪ ઉદય તિથિ તરીકે પ્રાપ્ત થએલી હોય તે છતાં તે દિવસે તેને નહિ માનતાં પહેલી અમાસ અગર પહેલી પૂનમે ચૌદશ માનવી અને ભા. શુ. પહેલી પાંચમે ભા. શુ ૪ માનવી એ-વિગેરે જૈન શાસ્ત્રની આજ્ઞાથી વિપરીતજ છે.

"તિથિદિન" અને "પર્વારાધન" સંબંધી મન્તવ્ય ભેદને અંગેના નિર્ણય માટે તારવવામાં આવેલા પચીસ મુદ્દાઓ પૈકી બીજો મુદ્દો નીચે મુજબનો છેઃ—

(૨) "જે દિવસે જે પર્વતિથિ ઉદયતિથિ રૂપે પ્રાપ્ત થતી હોય, તે દિવસે તે પર્વતિથિ ન મનાય તેમજ તે પર્વતિથિ એવા દિવસે મનાય કે જે દિવસે તે પર્વતિથિના ભોગવટાનો અંશજ ન હોય અગર ભોગવટાનો ભાગ હોય તો પણ તે સૂર્યોદય સ્પર્શ પૂર્વેનો ભોગવટો હોય, તો તેમ કરવાથી આરોપ, પર્વલોપ, મૃષાવાદ અને આજ્ઞા ભંગાદિ દોષોના પાત્ર બનાય કે નહિ ?"

આ મુદ્દાના સબંધમાં અમારૂં મન્તવ્ય એવું છે કેઃ-જૈન શાસ્ત્રાધારો મુજબ જે દિવસે જે તિથિનો ભોગવટો સૂર્યોદયને સ્પર્શીને સમાપ્તિને પામતો હોય અગર સમાપ્તિને ન પામતો હોય તોપણ તે દિવસે તે તિથિ હોવાનું માનવુંજ જોઇએ, આ ઉપરાંત, જે દિવસે જે તિથિનો ભોગવટો સૂર્યોદયને સ્પર્શતો ન હોય અને તેમ છતાં પણ સમાપ્તિને પામતો હોય, તોપણ તે દિવસે તે તિથિ હોવાનું માનવું જોઇએ. ધ્યાન એજ રાખવાનું છે કે-પર્વારાધનને અંગે જે પર્વતિથિનો ભોગવટો જે દિવસે સમાપ્તિને પામતો હોય તેજ દિવસને તે પર્વતિથિના અગર પર્વતિથિઓના આરાધનને માટે ગ્રહણ કરી શકાય. જે દિવસે જે તિથિના ભોગવટાની સમાપ્તિ થતી હોય છે, તે દિવસના સૂર્યોદયની પુર્વે તે તિથિનો ભોગવટો ગમે તેટલો હોય તોપણ તે પર્વારાધનમાં પ્રમાણ ગણાતો નથી અને એથીજ તિથિ વૃદ્ધિના પ્રસંગમાં વૃદ્ધા તિથિના પ્રથમ અવયવ સ્વરૂપ પ્રથમા તિથિને તે તિથિ તરીકે માનવા છતાં પણ પર્વારાધનમાં ગ્રહણ કરાતી નથી. આથી સ્પષ્ટ થાય છે કે-જે દિવસે જે તિથિના ભોગવટાનો અંશ ન હોય તે દિવસને તે તિથિ હોવાનું મનાય નહિ તેમજ જે તિથિનો ભોગવટો કોઈપણ દિવસે સૂર્યોદય સ્પર્શને પામતો હોય તે તિથિના સૂર્યોદય સ્પર્શની પુર્વેના ભોગવટાને ધ્યાનમાં લઇને તે તિથિની માન્યતા નકકી થઇ શકે નહિ. 'ઉદયતિથિ' તરીકે શ્રી જૈનશાસનમાં તેજ તિથિઓ સૂચવાય છે કે જે તિથિઓનો ભોગવટો સૂર્યોદયને સ્પર્શીને સમાપ્તિને પામેલો હોય.

જે દિવસે જે પર્વતિથિ ઉદયતિથિ રૂપે પ્રાપ્ત થતી હોય તે દિવસે તે તિથિ ન મનાય તો, અન્ય તિથિના દિવસે તે પર્વતિથિને માનીને તે પર્વતિથિનું અનુષ્ઠાન આચરાય તોપણ પર્વલોપના દોષને પાત્ર બનાવે. કારણકે-જે પર્વ જે તિથિમાં નિયત હોય તે તિથિમાંજ તે પર્વને માનવું જોઇએ. અહીં જો એમ કહેવાય કે-'અમે અન્ય તિથિના દિવસે પણ તે પર્વ તિથિને માનીનેજ તેના પર્વનું આરાધન તો કરીએજ છીએ' તો એની સામે એમજ કહેવું પડે કે-'તમે પર્વાનુષ્ઠાન કરવા છતાં પણ, પર્વલોપના દોષને પાત્ર બનવા સાથે મૃષાવાદી પણ બન્યા, કારણકે-જે દિવસે તે પર્વતિથિ છે તે દિવસે તે પર્વતિથિને માની નહિ એથી પર્વલોપના દોષને પાત્ર ઠર્યા અને તે દિવસે જે તિથિ નથી તે તિથિ હોવાનું માનવાથી તથા જે અન્ય દિવસે તમે તે પર્વ તિથિ માની તે દિવસે તે પર્વ તિથિ નહિ હોવાથી તમે મૃષાવાદી પણ બન્યા.'

સત્તરમી શતાબ્દિમાં થયેલા મહોપાધ્યાય શ્રીમદ્ ધર્મસાગરજીએ સ્વોપજ્ઞવૃત્તિવાળો 'તત્વ તરંગિણી' નામનો જે ગ્રન્થ બનાવ્યો છે તેમાં તિથિઓનો આરાધ્યપણાની અપેક્ષાએ વિચાર કરાએલો છે. તે ગ્રન્થમાં ચતુર્દશીના ક્ષયે પૂર્ણિમામાં ચતુર્દશીનું આરોપણ કરીને પૂર્ણિમાના દિવસે ચતુર્દશીની આરાધના કરનારાઓને જે જે વાતો ગ્રન્થકારશ્રીએ સંભળાવી છે તે સર્વ વાતો આ વિચારમાં પણ ઘણીજ સહાયક બને તેવી છે.

તેઓશ્રી ફરમાવે છે કે **क्षीणमपि पाक्षिकं-चतुर्दशीलक्षणं पूर्णिमायां प्रमाणं न कार्यं, तत्र तद्भोगगन्धस्याप्यसंभवात् [ मुद्रित प्रत-पृ-२ ]**

આવી રીતિએ જ્યાં ચતુર્દશીના ક્ષયે પણ પૂર્ણિમાએ ચતુર્દશીને પ્રમાણ કરવાનો નિષેધ કરાયો છે, ત્યાં ચતુર્દશી ઉદયતિથિ તરીકે પ્રાપ્ત થતી હોય તે છતાં પણ તેને છોડીને પહેલી પૂનમ કે અમાસે પણ ચતુર્દશીના ભોગવટાની ગંધનો અસંભવ છે. આ ઉપરાંત ચતુર્દશી જ્યારે ઉદયતિથિ તરીકે પ્રાપ્ત થઇ નથી એટલે કે-તેનો ક્ષય પ્રાપ્ત થયેલો છે તેવા સંયોગમાં પણ પૂર્ણિમાએ ચતુર્દશીનું આરોપણ કરીને ચતુર્દશીની આરાધના કરનારાઓને ગ્રંથકારશ્રી **'चतुर्दशी पौर्णमासी चेत्युभे अप्याराध्यत्वेन सम्मतेस्त स्तद्यदि भवदुक्तरीतिराश्रीयते तर्हि पौर्णमास्ये-वाराधिता, चतुर्दश्याश्चाराधनं दत्तांजलीव भवेत्' [ मुद्रित प्रत -पृ-९ ]** આવું ફરમાવે છે.

એથી પણ સિદ્ધ થાય છે કે—ચતુર્દશી ઉદય તિથિ તરીકે પ્રાપ્ત થયેલી હોય તે છતાં તે દિવસે તેને ન મનાય તો અન્ય દિવસે તેનું આરોપણ કરીને માનવા છતાં પણ ચતુર્દશીના આરાધનને અંજલિ દીધા જેવુંજ થાય એમ નહિ પણ દત્તાંજલિ દીધા જેવુંજ થાય એમ નહિ પણ દત્તાંજલિ કર્યાનુંજ કહેવાય !

અહિં એ વાત પણ વિચારવા જેવી છે કે—શ્રી જૈન શાસનમાં આરોપ કરવા દ્વારા પર્વ-તિથિને માનવાની અને આરાધવાની આજ્ઞા છે કે નહિ? શ્રી જૈન શાસનમાં તેની આજ્ઞા નથીજ. એ વાતનો અને પ્રસ્તુત મન્તવ્ય ભેદને લગતી બીજી પણ કેટલીક વાતોનો ગ્રન્થકારશ્રીના નીચેના કથનમાંથી ખુલાસો મળી જાય છે.

"नन्वेवं पौर्णमासी क्षये भवतामपि का गतिरिति चेत्, अहो विचारचातुरी, यतस्तत्र चतुर्दश्यां द्वयोरपि विद्यमानत्वेन तस्या अप्याराधनं जातमेवेति जानताऽपि पुनर्नोद्यते । १ । न च तत्रारोपिता सती पूर्णिमाऽऽराध्यते, यतस्त्रुटितत्त्वेन चतुर्दश्यां पौर्णमास्या वास्तव्येव स्थितिः, युक्तिस्तु तत्रोक्ता वक्ष्यते च क्षीणतिथि वृद्धितिथि साधारणलक्षणावसरे इति । भवता तु त्रुटित चतुर्दशी पूर्णिमायां बुध्याऽऽरोप्याऽऽराध्यते, तस्यां तद्भोगगंधाभावोऽपि तत्वेन स्वीक्रियमाणत्वात्, आरोपस्तुमिथ्याज्ञानं, यदुक्तं प्रमाणनयतत्त्वालोकालङ्कारे श्रीदेवाचार्यपादैः—"अतस्मिस्तदध्यवसायःसमारोपो,यथाशुक्तिकायामिदं रजत" मिति । किंच—क्षीणपाक्षिकानुष्ठानं पौर्णमास्यामनुष्ठीयमानं किं पञ्चदश्यनुष्ठानं पाक्षिकानुष्ठानं वा व्यपदिश्यते ? आद्ये पाक्षिकानुष्ठानविलोपापत्तिः, द्वितीये स्पष्टमेव मृषाभाषणं पञ्चदश्या एव चतुर्दशीत्वेन व्यपदिश्यमानत्वात् । न च क्षीणे पाक्षिके त्रयोदश्यां चतुर्दशीज्ञानमारोपरूपं भविष्यति इति वाच्यं, तत्रारोपलक्षणस्यासंभवात्, नहि घटपटवति भूतले घटपटौस्त इति ज्ञानं कनकरत्नमयकुंडले (वा) कनकरत्नज्ञानं (वा) भ्रान्तं भवितुमर्हति, एवमेकस्मिन्नेव रव्यादिवारलक्षणे वासरे द्वयोरपितिथ्योः समाप्तत्वेन विद्यमानत्वात् कौतस्कुत्यमारोपज्ञानम् ? अतएवात्रैव प्रकरणे 'संपुण्णत्ति अकाउ' मिति गाथायां या तिथिर्यस्मिन्नेवादित्यादिवारलक्षणे दिने समाप्यते स दिनस्तत्तिथित्वेन स्वीकार्य इत्याद्यर्थे संमोहो न कार्य इति । अथानन्तर्यस्थितासु द्वित्रादि कल्याणक तिथिषु किमेवाङ्गीक्रियते इतिचेत्. अहो वैदग्ध्यं भवतः यतः स्वविनाशाय स्वशस्त्रमुत्तेजीकृत्यास्मत्करकुशेशये न्यस्यते,यतोह्यस्माकमग्रेतनकल्याणकतिथिपाते प्राचीनकल्याणकतिथौ द्वयोरपि विद्यमानत्वा दिष्टापत्तिरेवोत्तरं, भवता तु प्राचीनाया उत्तरस्याश्च-तिथिपाते [ तिथेः पाते ] उभयत्राप्याकाशमेवावलोकनीयमुभयपाशादिति । ननु कथं तर्हि अनंतर दिने भविष्यद्वर्षकल्याणकतिथिदिने च पृथक् तपः समाचर्यते इतिचेत्, उच्यते, कल्याणकाराधको हि प्रायस्तपोविशेषकरणाभिग्रही भवति, स चद्विधा—निरन्तरतपश्चिकीर्षुः सान्तरतपश्चिकीर्षुश्च, तत्राद्य एकस्मिन् दिने द्वयोरपि कल्याणकतिथ्योर्विद्यमानत्वेन तदाराधकोऽपि सन्ननंतरोत्तरदिनदायैव तपःपूरको भवति नान्यथा, यथापूर्णिमापाते पाक्षिकचातुर्मासिकषष्ठतपोऽभिग्रहीति द्वितीयस्तु भविष्यद्वर्षतत्कल्याणक तिथियुक्तदिनमादायैवेति नात्र शङ्कावकाश इति, युक्ति रिक्तत्वात्, नच स्वप्नचित्रमेव शंकाज्वरनाशौषधीति गाथार्थः ॥ [ यथा पूर्णिमापाते चातुर्मासिकषष्ठतपोऽभिग्रही

अपरदिनमादायैव तपः पूरकः द्वितीयस्तु भविष्यद्वर्षतत्कल्याणकतिथियुक्तं दिनमादायैवेति न किंचिदनुपपन्नम्, अत्र तव तावद्युक्तिरिक्तत्वात्स्वप्नचित्वमेव शङ्काज्वरनाशौषधीति गाथार्थः ]

(मुद्रित प्रत–पृ–५–६)

(ઉપરના પાઠમાં જે ભાગની નીચે લીટી દોરી છે તે પાઠ પણ મુદ્રિત પ્રતમાંનો છે, પણ તેની જગ્યાએ હસ્તલિખિત પ્રતિમાં જે પાઠ છે તે સૂચવવાને માટેજ પાઠની નીચે લીટી દોરીને તેની પાસે [ ] આવો કૌંસ કરી હસ્તલિખિત પ્રતિમાનો પાઠ મૂકયો છે.

ગ્રન્થકારશ્રીએ ઉપરનું કથન પ્રશ્નોત્તર રૂપે રજુ કરેલું છે. ચતુર્દશીના ક્ષયે પૂર્ણિમામાં ચતુર્દશીનું આરોપણ કરીને પાક્ષિકાનુષ્ઠાન કરનારને ખરતરગચ્છીએ પોતાના મતના સમર્થન માટે શ્રી તપાગચ્છની શાસ્ત્ર સિદ્ધ પ્રવૃત્તિને અંગે પ્રશ્નો કર્યા હોય અને ગ્રન્થકારશ્રી તે પ્રશ્નોના શ્રી તપાગચ્છીની શાસ્ત્ર સિદ્ધ પ્રવૃત્તિના વ્યાજબીપણાને દર્શાવવા સાથે શ્રી તપાગચ્છની તે પ્રવૃત્તિથી ખરતર ગચ્છની માન્યતાને સમર્થન મળતું નથી એ સૂચવનારા ઉત્તરો આપ્યા હોય, તેવી રીતિએ ગ્રંથકારશ્રીએ ઉપરનું કથન કરેલું છે. ઉપરના કથનનો ભાવ એ છે કે:—

ગ્રન્થકારશ્રીએ જ્યારે ખરતરગચ્છીયને એમ કહ્યું કે-'ચૌદશ અને પૂનમ એ બન્નેયનું આરાધ્યપણું આપણુ બન્નેને સમ્મત છે. હવે જો તમારી કહેલી રીતિનો આશ્રય કરાય તો પૂનમજ આરાધાઈ એવું થાય અને ચતુર્દશીના આરાધનને તો અંજલિ દીધા જેવુંજ થાય.' વિગેરે, એટલે ખરતર ગચ્છીએ પ્રશ્ન કર્યો કે–'ચતુર્દશીના ક્ષયે અમારી રીતિનો આશ્રય કરવાથી, ચતુર્દશીના આરાધનને અંજલિ દીધા જેવું થાય અને, માત્ર પૂનમનીજ આરાધના થાય એવું તમે કહો છો, તો પૂનમના ક્ષયે તમારી પણ શી ગતિ થાય છે? અર્થાત્–પુનમના ક્ષયે તમારે પણ પૂનમના આરાધનને તો અંજલિ દીધા જેવું થાયજ છેને?

આચાર્યશ્રી સાગરાનંદસૂરિજી હાલમાં કહે છે તેમ જો તે વખતે શ્રી તપાગચ્છીય સમાજ પૂનમના ક્ષયે તેરશે ચૌદશ અને ચૌદશે પૂનમ–એવી હેરફેરી કરતો હોત, તો આવો પ્રશ્ન ઉપસ્થિત થવા પામતજ નહિ. એટલે આ પ્રશ્ન પણ એજ પૂરવાર કરે છે કે–તે સમયે શ્રી તપાગચ્છીય સમાજ પૂનમના ક્ષયે ચૌદશેજ ચૌદશ અને પુનમ બન્નેની સમાપ્તિ હોવાથી ચૌદશેજ ચૌદશ–પુનમ બન્નેની આરાધના કરતો હતો અને ચતુર્દશીના અનુષ્ઠાનમાં પુર્ણિમાના અનુષ્ઠાનનો સમાવેશ કરતો હતો. ખરતર ગચ્છીયના ઉપરના પ્રશ્નનો ગ્રન્થકારશ્રીએ જે ઉત્તર આપ્યો છે તે જોતાં પણ અમારા આ કથનનેજ સમર્થન મળે છે પણ આચાર્યશ્રી સાગરાનંદસૂરિજીના કથનને સમર્થન મળતું નથી.

'પુનમના ક્ષયે તમારી પણ શી ગતિ થાય છે ?' એના ખરતર ગચ્છીએ પુછેલા પ્રશ્નનો **ઉત્તર** આપતાં. ગ્રન્થકારશ્રી ફરમાવે છે કે પૂનમના ક્ષયે ચતુર્દશીમાં પૂર્ણિમાનું આરાધન થઇજ ગયું ! **ચૌદશે અમે જે પૂર્ણિમાનું આરાધન કરીએ છીએ,** ને ચૌદશમાં પૂનમનો આરોપ કરીને કરતા **નથી. કારણકે–પૂર્ણિમાનો ક્ષય હોવાથી ચતુર્દશીમાં** પૂર્ણિમાની વાસ્તવીક સ્થિતિ છે. તમે તો ક્ષીણ **ચતુર્દશીની આરાધના પૂર્ણિમામાં કરો છો** તે પૂર્ણિમામાં **ચતુર્દશીનું** બુદ્ધિથી **આરોપણ** કરીને **કરો છો. કારણકે પૂર્ણિમામાં ચતુર્દશીના** ભોગવટાની ગન્ધનો અભાવ હોવા છતાં પણ તમે પૂર્ણિમાનો **ચતુર્દશીપણે સ્વીકાર કરો છો અને આરોપ એતો** મિથ્યાજ્ઞાન છે.'

તે વખતે શ્રી તપાગચ્છીય સમાજ જો પૂનમના ક્ષયે તેરસે ચૌદશ માનવાની અને પૂનમની **વૃદ્ધિએ પહેલી પૂનમે ચૌદશ** માનવાની આચાર્યશ્રી સાગરાનંદસૂરિજી કહે છે. તેવી હેરફેરી કરતો હોત તો ગ્રન્થકારશ્રી આવો ઉત્તર આપી શકતજ નહિ કારણકે–પહેલી પૂનમમાં ચતુર્દશીના ભોગવટાની ગંધ સરખી પણ હોય નહિ એ દેખીતી વાત છે અને ચૌદશ ઉદયતિથિ તરીકે પ્રાપ્ત **થતી હોવા છતાં પણ ચૌદશનું તેરશે આરોપણ** કરતા હોત તો અહિં ઉદયતિથિ ચૌદશની વિરા-**ધનાનો પ્રશ્ન પણ** ઉદ્દભવ્યા વિના રહેતજ નહિ. ગ્રન્થકારશ્રી કમથી કમ, એ પ્રશ્નનો પોતાને **અભિમત એવો ખુલાસો** આપવાને માટે પણ ઉદયતિથિ ચૌદશને છોડીને તેરશે તેનું આરોપણ **થાય કે નહિ ?'–એવો** પ્રશ્ન ઉભો કરતજ. અહિં તો તેવો પ્રશ્ન ઉભો કરવામાં આવ્યો નથી અને **પૂર્ણિમાએ ચૌદશના ભોગની** ગન્ધ નહિ હોવાના કારણને જણાવીને ગ્રન્થકારશ્રીએ ખરતર ગચ્છીયને **આરોપ કરીને આરાધના** કરનારો ઠરાવી તેના આરોપને મિથ્યા જ્ઞાન તરીકે જણાવેલ છે.

હવે આગળ ચાલતાં ગ્રન્થકારશ્રી ખરતર ગચ્છીયને ઉદ્દેશીને એવા ભાવનો પ્રશ્ન કરે છે **કે–ક્ષીણ પાક્ષિકના અનુષ્ઠાનને પૂર્ણિમામાં આચરતાં, તે અનુષ્ઠાનને** તમે પાક્ષિકનું અનુષ્ઠાન **કહેશો** કે પૂર્ણિમાનું અનુષ્ઠાન કહેશો ?' આવો પ્રશ્ન કરીને ગ્રન્થકારશ્રી કહે છે કે–'જો આ પ્રશ્નના **ઉત્તરમાં તમે એમ કહેશો કે–એ પૂર્ણિમાનું** અનુષ્ઠાન છે. તો પાક્ષિકના અનુષ્ઠાનના વિલોપની **આપત્તિ આવશે અને એમ** કહેશો કે–એ પાક્ષિકનું અનુષ્ઠાન છે, તો પૂર્ણિમાનોજ ચતુર્દશીપણે વ્યપદેશ કરવાના કારણે તે સ્પષ્ટ મૃષા ભાષણજ ગણાશે.'

**અહિં ખાસ ધ્યાન ખેંચનારી બીના** એ છે કે–પૂર્ણિમાનું અનુષ્ઠાન કહેનારને માટે પાક્ષિ-કાનુષ્ઠાનના વિલોપની આપત્તિ જણાવી, પણ પાક્ષિકનું અનુષ્ઠાન કહેનારને પૂર્ણિમાના અનુષ્ઠાનના **વિલોપની આપત્તિ જણાવી નહિ** કારણકે પાક્ષિકાનુષ્ઠાનમાં પૂર્ણિમાના અનુષ્ઠાનનો સમાવેશ થઇ **શકે છે અને શ્રી તપાગચ્છીય સમાજ પણ** પૂર્ણિમાના ક્ષયે પાક્ષિકાનુષ્ઠાનમાં પૂર્ણિમાના અનુષ્ઠાનનો **સમાવેશ કરે છે એ વાત** ગ્રન્થકારશ્રીના ધ્યાનમાંજ હતી વળી પૂર્ણિમાનોજ ચતુર્દશી તરીકે વ્યપદેશ

કરવો, એ સ્પષ્ટ મૃષાભાષણજ છે, એમ ગ્રન્થકારશ્રીએ કહ્યું છે પરંતુ આચાર્યશ્રી સાગરાનંદસૂરિજીની માફક જો તેઓ પૂર્ણિમાની વૃદ્ધિએ પ્રથમા પૂર્ણિમાએ ચતુર્દશીએ બીજી ત્રયોદશીનો વ્યપદેશ કરવો અને ઈષ્ટ માનતા હોત, તો એમ કહેતજ નહિ. કારણકે એ સ્પષ્ટ મૃષા ભાષણનું પોતાનું કથન પોતાને પણ લાગુ પડે તેમ છે. એ સમજવાને માટે પણ તેઓથી પૂરતા સમર્થ હતા.

પૂર્ણિમાનાજ ચતુર્દશી તરીકેના વ્યપદેશને સ્પષ્ટ મૃષાભાષણ તરીકેજ ઓળખાવ્યા બાદ, ગ્રન્થકારશ્રીએ 'ચતુર્દશીનું જ્ઞાન આરોપ રૂપ નથી'–એ વસ્તુનું સમર્થન કર્યું છે અને એ પછી, ખરતર ગચ્છીયનો કલ્યાણક તિથિઓના આરાધનને લગતો પ્રશ્ન મૂકીને તેનો ઉત્તર આપ્યો છે.

ખરતરગચ્છીએ એવા ભાવનો પ્રશ્ન કર્યો છે–'પુનમના ક્ષયે તમે ચૌદશે ચૌદશ અને પૂનમ બન્નેયનું આરાધન થવાનું કહો છો, તો શું અન્તરરહિતપણે રહેલી બે, ત્રણ કે તેથી પણ વધારે કલ્યાણક તિથિઓ પૈકીની બીજી ત્રીજી આદિ કલ્યાણક–તિથિનો ક્ષય આવે ત્યારે પણ તમે પૂનમના ક્ષયે ચૌદશે ચૌદશ–પૂનમ બન્નેના' આરાધનની જેમ ક્ષીણ કલ્યાણક તિથિ અને તેની પૂર્વા કલ્યાણક તિથિ એ બેયનું ક્ષીણ કલ્યાણક તિથિ યુક્ત પૂર્વા કલ્યાણક તિથિએ આરાધન કરવાનું સ્વીકારો છો ?'

ખરતર ગચ્છીયના આવા પ્રશ્નના ઉદ્ભવને અવકાશ શાથી મળ્યો ? ગ્રન્થકારશ્રીએ જો પૂર્ણિમાના ક્ષયે ચતુર્દશીએજ ચતુર્દશીનું અને ક્ષીણ પૂર્ણિમાનું પણ આરાધન થાય એમ પોતાના પક્ષે ન જણાવ્યું હોય તેમજ પૂર્ણિમાના ક્ષયે ચતુર્દશીએ માત્ર પૂર્ણિમાનું અને ત્રયોદશીએજ ચતુર્દશીનું આરાધન થાય એમજ જણાવ્યું હોય, તો આવો પ્રશ્ન ઉત્પન્ન થવાને અવકાશજ મળે નહિ ! પરંતુ જૈન શાસ્ત્રધારો મુજબ પર્વતિથિઓનું આરાધન કરનારો શ્રી તપાગચ્છીય સમાજ તે વખતે પૂનમના ક્ષયે ચૌદશેજ ચૌદશેજ ચૌદશ અને પૂનમ એ બે બન્નેયની આરાધના કરતો હતો, એટલે ગ્રન્થકારશ્રીએ પણ 'પૂનમના ક્ષયે તમારી પણ શી ગતિ થાય છે ?' એવો પ્રશ્ન કરીને ચૌદશના ક્ષયે પૂનમે પખ્ખી કરવાની પોતાની વાતનું સમર્થન કરવાને ઇચ્છતા ખરતર ગચ્છીયને કહ્યું કે–પૂનમના ક્ષયે ચૌદશે ચૌદશ–પૂનમ બન્નેયનું વિદ્યમાનપણું હોવાથી ચૌદશે ચૌદશ–પૂનમ બેયનું આરાધન થઈજ ગયું !' આમ કહ્યા પછીથી ગ્રન્થકારશ્રીએ ખરતર ગચ્છીયને એમ પણ સૂચવ્યું કે–અમારી માફક તમારે ચૌદશના ક્ષયે પૂનમે ચૌદશ–પૂનમ બેયનું આરાધન નથી થતું, કારણકે પૂનમમાં ચૌદશના ભોગની ગંધનોય અભાવ છે ! આ રીતિએ પૂનમના ક્ષયની વાતમાં કાંઈ નિપજ્યું નહિ, ત્યારે ખરતર ગચ્છીએ કલ્યાણક તિથિઓના આરાધનાની વાતને યાદ કરી. કારણકે કલ્યાણક તિથિઓના આરાધકો અન્તર રહિતપણે રહેલી બે, ત્રણ કે વધુ કલ્યાણક તિથિઓ પૈકીની બીજી કલ્યાણક તિથિ આદિનો ક્ષય આવતો હતો, ત્યારે તે તિથિએ કરવાના તપને માટે

કાંતો અંતર રહિતપણે રહેલી કલ્યાણક તિથિઓના અનન્તર ઉત્તરદિનને ગ્રહણ કરતા હતા, કાંતો પછીના વર્ષમાંના તે કલ્યાણક તિથિયુક્ત દિવસને ગ્રહણ કરતા હતા આથી ખતરગચ્છીએ અંતર રહિતપણે રહેલી કલ્યાણક તિથિઓ વિષે એવા આશયથી પ્રશ્ન કર્યો કે-ગ્રન્થકારશ્રીએ પૂનમના ક્ષયે ચૌદશે ચૌદશ-પૂનમ બન્નેયની આરાધના થાય છે એમ જે કહ્યું છે તે ખોટું ઠરે અગર જે નિયમનો પૂનમના ક્ષયમાં ગ્રન્થકારશ્રી ઉપયોગ કરે છે; તે નિયમ મુજબ તેઓ કલ્યાણક પર્વ તિથિઓમાં વર્તતા નથી એમ સાબીત થઈ શકે! પરંતુ તે વખતેય શ્રી તપાગચ્છીય જૈન સમાજ ઉદય, ક્ષય અને વૃદ્ધિ સબંધી જે નિયમો છે તે નિયમો જેમ ષટ્પર્વીને લાગુ કરતો હતો, તેમ કલ્યાણક પર્વતિથિઓને પણ લાગુ કરતો હતો અને તેમ છતાં પણ જરૂર પડયે કલ્યાણક પર્વ તિથિના ક્ષયે અનન્તર ઉત્તર દિનને લઇને કે પછીના વર્ષના તત્કલ્યાણક તિથિયુક્ત દિનને લઇને ક્ષીણ કલ્યાણક તિથિનો તપ કરતો હતો.

આથીજ, તમે શું પૂનમના ક્ષયે ચાદશ-પૂનમ એ બન્નેનું આરાધન ચૌદશે સ્વીકારો છો, તેમજ અન્તરરહિતપણે રહેલી બે, ત્રણ આદિ કલ્યાણક તિથિઓમાં પણ સ્વીકારો છો?-એવા ભાવના ખરતરગચ્છીયના પ્રશ્નનો ઉત્તર આપતાં, ગ્રન્થકારશ્રી ફરમાવે છે કે-'અમારે તો અગ્રેતન કલ્યાણક તિથિના ક્ષયે પ્રાચિન કલ્યાણક તિથિના ક્ષયે કે ઉત્તરા કલ્યાણક તિથિના ક્ષયે બન્નેય પ્રસંગમાં તમારેજ આકાશ સામું જોવું પડે તેમ છે.'

ગ્રન્થકારશ્રીએ આવા ભાવનો ઉત્તર આપ્યો, એટલે ખરતર ગચ્છીય પ્રશ્ન કરે છે કે-તો પછી કલ્યાણક તિથિના ક્ષયના કારણે અનન્તર દિને અને પછીના વર્ષના કલ્યાણક દિને કેમ પૃથક્ તપ આચરવામાં આવે છે?

આ પ્રશ્નનું નિરાકરણ કરતાં, ગ્રન્થકારશ્રી ફરમાવે છે કે કલ્યાણકોનો આરાધક પ્રાયઃ તપોવિશેષકરણનો અભિગ્રહી હોય છે અને તે બે પ્રકારનો હોય છે. એક નિરંતર તપ કરવાની ઈચ્છાવાળો અને બીજો સાન્તર તપ કરવાની ઈચ્છાવાળો નિરંતર તપ કરવાની ઈચ્છાવાળો એક દિવસે બન્નેય કલ્યાણક તિથિઓનું વિદ્યમાનપણું હોવાથી તે એકજ દિવસે બન્નેય કલ્યાણક તિથિઓનો આરાધક બન્યો થકો અનન્તર ઉત્તરદિનને લઈનેજ તપઃ પૂરક થાય છે. પણ અન્ય પ્રકારે તપઃ પૂરક થતો નથી. જેમકે ચૌદશ પૂનમના (પાક્ષિક અને) ચાતુર્માસીક છઠ તપનો અભિગ્રહી પૂનમના ક્ષયે, ચૌદશે ચૌદશ-પૂનમ બન્નેનો આરાધક બન્યો થકો અપરદિનને ગ્રહણ કરીને છઠ તપનો પૂરક બને છે! સાન્તરતપ કરવાની ઇચ્છાવાળો તો પછીના વર્ષે તે કલ્યાણક તિથિયુક્ત એવા દિવસને ગ્રહણ કરીનેજ પોતાના અભિગ્રહને પૂર્ણ કરે છે.'

ગ્રન્થકારશ્રીએ આવા ભાવનો ઉત્તર આપીને, અગ્રેતન પર્વતિથિના ક્ષયે પ્રાચીન પર્વતિથિએ બન્નેય પર્વતિથિઓનું વિદ્યમાનપણું હોવાથી બન્નેય પર્વતિથિઓનું આરાધન એકજ દિવસે થાય

એ વાતને પુષ્ટ કરી છે તેમજ તેમણે જે છઠ તપના અભિગ્રહનો દાખલો આપ્યો છે તે પણ પૂનમના તપાગચ્છીય જૈન સમાજમાં વિદ્યમાન નહિ હતી એમ પૂરવાર થાય છે.

હવે આ બધી વિગતોનો ઉપસંહાર કરતાં પૂર્વે અમે એ વાત જણાવી દેવાને ઇચ્છીએ છીએ. અત્યાર સુધીમાં અમોએ જે જૈન શાસ્ત્રપાઠો આપ્યા છે અને હવે પછી જે જૈન શાસ્ત્રપાઠો આપીશું, તેમાં અમારો આશય મૂળ વિવાદાસ્પદ વસ્તુનાજ ખરા ખોટાપણાને જણાવવાનો હોઇને, તે તે પાઠોમાંના સર્વ પદોનો અર્થ આપવાનું ધોરણ અમે સ્વીકાર્યું નથી, પણ તેને પાઠોમાંની મુખ્ય મુખ્ય બીનાઓના ભાવનેજ રજૂ કરવાનું ધોરણ અમે સ્વીકાર્યું છે. આપેલા પાઠોમાંના અમૂક પદોનો અગર અમૂક વાકયોનો અર્થ કે ભાવ કેમ નથી આપ્યો ? એવા પ્રશ્નને અવકાશ ન મળે, એટલા માટેજ આટલો ખૂલાસો કરી દેવામાં આવ્યો છે.

ઉપર રજૂ કરેલી સર્વ બીનાઓથી સિદ્ધ થાય છે કે—

(૧) જે દિવસે જે પર્વ તિથિ ઉદય તિથિ તરીકે મળતી હોય, તે દિવસે તે પર્વ તિથિ ન મનાય તો પર્વ લોપના દોષને પાત્ર બનાય.

(૨) જે દિવસે જે પર્વ તિથિનો ભોગવટો ન હોય, તે દિવસે તે તિથિ માનવી એ આરોપ છે અને આરોપ એ મિથ્યા જ્ઞાન છે.

(૩) જે દિવસે જે તિથિનો ભોગવટો ન હોય તે દિવસે તે તિથિનો વ્યપદેશ કરવો એ સ્પષ્ટ મૃષા ભાષણ છે.

(૪) આચાર્યશ્રી સાગરાનંદસૂરિજી 'પૂનમ–અમાસના ક્ષયે તે ક્ષયના બદલામાં તેરશનો ક્ષય કરીને તેરશે ચૌદશ અને ચૌદશે પૂનમ અગર અમાસ કરવાનું, પૂનમ અમાસની વૃદ્ધિએ તે વૃદ્ધિના બદલામાં તેરશની વૃદ્ધિ માની ચૌદશને બીજી તેરશ બનાવી તથા પહેલી પૂનમ કે અમાસે ચૌદશ માનનાનું ભા–શુ–૫ ના ક્ષયે તે ક્ષયના બદલામાં ભા–શુ–૩ નો ક્ષય કરીને ભા–શુ–૩ નાદિને ભા–શુ-૪ માનવાનું અને ભા–શુ–૫ની વૃદ્ધિએ ભા–શુ–૩ની વૃદ્ધિ માનીને ભા–શુ–૪ ને ભા–શુ બીજી ત્રીજ બનાવી ભા–શુ પહેલી પાંચમે, ભા–શુ–૪ માનવાનું કહે છે. પણ જૈન શાસ્ત્રધારોને અનુસરતા શ્રી તપાગચ્છીય જૈન સમાજમાં સત્તરમી સદીમાં પણ તેવી હેરફેરી કરવાની રીતિ વિદ્યમાન હતીજ નહિ.

(૫) સાથે સાથે રહેલી પર્વ તિથિઓમાં અગ્રેતના પર્વ તિથિના ક્ષયે પ્રાચીન પર્વ તિથિના એક દિવસેજ અગ્રેતના અને પ્રાચીના બન્નેય પર્વતિથિઓના આરાધક બની શકાય છે (આમાં ચૌદમા મુદ્દા વિષેનું અમારૂં મન્તવ્ય સ્પષ્ટ થઇ જાય છે.)

(૬) ઉદય, ક્ષય, અને વૃદ્ધિના જે નિયમો જે રીતિએ ષટ્પર્વીને તથા ભા–શુ–૪ ને લાગુ પડે છે, તે નિયમો તેજ રીતિએ કલ્યાણક તિથિઓને પણ લાગુ પડે છે અર્થાત્ શ્રી જૈન શાસનમાં જેટલી પર્વતિથિઓ મનાય છે, તે સર્વને આ ઉદય, ક્ષય અને વૃદ્ધિના નિયમો લાગુ પડે છે. (આમાં ૧૯મા મુદ્દા વિષેનું પણ અમારૂં મન્તવ્ય સ્પષ્ટ થઇ જાય છે.)

આ મુદ્દામાં અમે જે આરોપ, પર્વલોપ, મૃષાવાદ અને આજ્ઞાભંગાદિ દોષોના પાત્ર બનાય કે નહિ ? એમ જણાવેલું છે, તેમાંથી આરોપ પર્વલોપ અને મૃષાવાદના દોષોની પાત્રતાતો ઉપરના વિવેચનમાં સ્પષ્ટ રીતિએ જણાવી દેવામાં આવી છે જ્યાં આરોપ આદિ દોષોની પાત્રતા હોય ત્યાં આજ્ઞા ભંગાદિ દોષોની પાત્રતા હોયજ, છતાં જે પર્વતિથિ જે દિવસે ઉદયતિથિ રૂપે પ્રાપ્ત થતી હોય તે દિવસે તે તિથિ ન મનાય, તો આજ્ઞા ભંગાદિ દોષોના પાત્ર બનાયજ. એ વાતને સૂચવતી નિચે મુજબની ગાથા પહેલા મુદ્દાના વિવરણમાં કહેવાઈજ ગઇ છે.

"उदयंमी जा तिहि, सा पमाणमिअरीइ कीरमाणीए।
आणा भंगणवत्था–मिच्छत्त विराहणं पावे ॥१॥"

"તિથિદિન" અને "પર્વારાધન" સંબંધી, મન્તવ્ય ભેદને અંગે નિર્ણય કરવાને માટેના ખાસ મુદ્દાઓ પૈકીનો ત્રીજો મુદ્દો નીચે મુજબનો છે:—

"(૩) પૂર્વની તિથિને પછીની તિથિના દિવસે માનવામાં આવે, તો તેથી વિનષ્ટ કાર્યનું ભાવિ કારણ માન્યાનો દોષ પણ લાગેજ, એવું જૈનશાસ્ત્ર ફરમાવે છે. પૂર્ણિમા, એ ચતુર્દશીનું કારણ નથી : કારણ કાર્યનું પૂર્વભાવિજ હોય અને પૂર્ણિમા એ ચતુર્દશીની પૂર્વે આવનારી તિથિ નથી પણ ચતુર્દશીની સમાપ્તિ થઈ ગયા પછીજ આવનારી તિથિ છે. આ વસ્તુને સ્પષ્ટ કરતાં શ્રી તત્વતરંગિણીમાં જે ૧૦મી ગાથા કહેવાઇ છે તે તેની વૃત્તિ સાથે આ નીચે આપવામાં આવે છે.

"जयविहु जिणसमयंमि अ कालो सव्वस्स कारणं भणिओ।
तहाविअ चउद्दसीए नो जुज्जइ पुण्णिमा हेउ ॥१०॥

यद्यपि हु निश्चितं जिनसमये–जिनशासने कालः, स्वभावादिचतुष्कसहकृत इत्यध्याहार्यं, सर्वस्यापि कारणं भणितस्तथापि पूर्णिमाभावश्चतुर्दश्या हेतुः–कारणं न युज्यते एवेति, अत्र चकार एवकारार्थः, कारणलक्षणाभावादिति गाथार्थः ॥१०॥ अथ कारणलक्षणाभावमेव दर्शयति—

"कज्जस्स पुव्वभावी नियमेणं कारणं जओ भणियं।
तल्लक्खणरहिआविय भणाहि कह पुण्णिमा हेऊ ? ॥११॥

कार्यस्य नियमेन यत् पूर्वभावी, दीर्घत्वं चात्र लिङ्गव्यत्ययेन प्राकृतत्वात्, तदेव कारणं

भवति, तल्लक्षणरहिताऽपि च पौर्णमासी कथं चतुर्दश्या हेतुः कारणं स्यादिति भण-कथय, मां प्रतीति गम्यं, यदि विनष्टस्यापि कार्यस्य भाविकारणं स्यात्तर्हि जगद्व्यवस्थाविप्लवः प्रसज्येतेति गाथार्थः ॥११॥

આ પાઠથી પણ એજ સૂચિત થાય છે કે-પહેલી પૂનમ અગર પહેલી અમાસે ચૌદશ, માનવી, ઔદયિક ચૌદશે કલ્પિતપણે બીજી તેરશ માનવી અને ભા-શુ-પહેલી પાંચમે ભા-શુ-૪ માનવી અને ઔદયિક ચોથના દિવસે કલ્પિત બીજી ત્રીજ માનવી એ વિનષ્ટ કાર્યનું ભાવિકારણ માનવાના દોષને પાત્ર બનવાનુંજ કાર્ય છે.

"તિથિદિન" અને પર્વારાધન સંબંધી મન્તવ્ય ભેદને અંગે નિર્ણય કરવા માટેના ૨૫ મુદ્દાઓ પૈકીનો ચોથો મુદ્દો નીચે મુજબનો છે:—

"(૪)" **क्षये पूर्वा तिथिः कार्या** "અગર" **क्षये पूर्वा तिथि ग्राह्या** એ આજ્ઞા, જે પર્વ તિથિ ઉદય તિથિ રૂપે પ્રાપ્ત થતીજ ન હોય તેવી પર્વ તિથિની માન્યતા અને આરાધનાનો દિવસ નક્કી કરવાને માટેજ છે કે ક્ષીણ પર્વ તિથિના ક્ષયના બદલામાં તે ક્ષીણ પર્વ તિથિની પૂર્વે જે કોઇ પણ પહેલી અપર્વ તિથિ આવતી હોય, તેનો ક્ષય કરવાને માટે છે?

આ મુદ્દાના સંબંધમાં અમારૂં મન્તવ્ય એવું છે કે—**क्षये पूर्वा तिथिः कार्या** અગર **क्षये पूर्वा तिथिर्ग्राह्या** એ આજ્ઞા જે પર્વતિથિ ઉદયતિથિ રૂપે પ્રાપ્ત થતીજ ન હોય તેવી પર્વ તિથિની માન્યતા અને આરાધનાનો દિવસ નક્કી કરવાને માટેજ છે. પણ ક્ષીણ પર્વ તિથિના ક્ષયના બદલામાં તે ક્ષીણ પર્વ તિથિની પૂર્વે જે કોઇપણ પહેલી અપર્વ તિથિ આવતી હોય, તેનો ક્ષય કરવાને માટે નથીજ!

શ્રીતત્વતરંગિણીમાં—"**अथ तिथिनां हानौं वृद्धौ च का तिथिराराध्यत्वेन सम्मतेत्यपि दर्शयति।**" એમ કહીને નીચે મુજબની ચોથી ગાથા કહેવામાં આવી છે.

"**तिहिवाए पुव्वतिही अहिआए उत्तरा य गहिअव्वा।**
**हीणंपी पक्खियं पुण न पमाणं पुण्णिमा दिवसे ॥४॥**"

આ ગાથાના પૂર્વાર્દ્ધની વૃત્તિમાં ગ્રંથકારશ્રીએ ફરમાવ્યું છે કે—

"**तिहिवाए तिथिपाते-तिथिक्षये पूर्वैव तिथिर्ग्राह्या, अधिकायां च वृद्धौ चोत्तरैव ग्राह्या-उपादेयेत्यर्थः, यदुक्तं-"क्षये पूर्वा तिथिर्ग्राह्या, वृद्धौ ग्राह्या तथोत्तरा। श्रीमद्वीरस्य निर्वाणं, ज्ञेयं लोकानुसारतः ॥" एतच्चावयोरपि सम्मतमेव।**

'તિથિની હાનિ-વૃદ્ધિમાં કયી તિથિ આરાધ્યપણાએ કરીને સમ્મત છે' અને 'તિથિના ક્ષયે પૂર્વાતિથિ જ તથા તિથિની વૃદ્ધિમાં ઉતરા તિથિજ ગ્રહણ કરવી જોઇએ'—એવાં સૂચનો અમોએ

ઉપર જણાવેલા મન્તવ્યનેજ પુષ્ટ કરનારા છે. વળી, શ્રીતત્વતરંગિણિની ચોથી ગાથાની વૃત્તિમાં જે બે ગાથાઓ સાક્ષી તરીકે મૂકવામાં આવી છે. તેમાંની બીજી ગાથાથી પણ એજ વાત તે પુષ્ટિ મળે છે કે—**क्षये पूर्वा०**વાળી આજ્ઞા પર્વતિથિના ક્ષયના ક્ષયના બદલામાં તેની પૂર્વે જે કોઈપણ પહેલી અપર્વ તિથિ આવતી હોય તેનો ક્ષય કરવાને માટે નથીજ. તેની બીજી ગાથા—

**"अह जइ कहवि न लब्भंति ताओ सूरुग्गमेण जुत्ताओ।**
**ता अवरविद्ध अवरावि हुज्ज नहु पुव्व तव्विद्धा ॥२॥"**

આ ગાથાની વૃત્તિ શ્રીતત્વતરંગિણીની મુદ્રિત પ્રતમાં છપાએલી નથી, પણ હસ્ત લિખિત પ્રતમાં છે અને તે નીચે મુજબની છે:—

**"अथ यदि कथमपि 'ताः' पूर्वोक्ताः 'सूर्योद्गमेनयुक्ताः' अवाप्त सूर्योदया इति यावत्, न लभ्यते 'ता'-तर्हि 'अवरविद्ध'ति अवरविद्धा क्षीणतिथिर्भिविद्धा-अर्थात्प्राचीनास्तिथयः 'अपरा अपि'-क्षीणतिथि संज्ञिका अपि, प्राकृतत्वाद् बह्वर्थे एकवचनं, 'हुज्ज'त्ति-भवेयुः। व्यतिरेकमाह 'नहु'त्ति-दुरेवार्थे व्यवहितः संबध्यते, तद्विद्धाः सत्यो न पूर्वा एव-पूर्वातिथिनाम्न्य एव भवेयुः किन्तु उत्तरसंज्ञिका अपीति भावः।"**

આ પાઠ પછી મુદ્રિત પ્રતમાં નીચે મુજબનો પાઠ છે—

**"न च प्राक् चतुर्दश्येवेत्युक्तम्, अत्र तु 'अवरावी'त्यनेन अपि शब्दादन्य संज्ञाऽपि गृह्यते, तत्कथं न विरोध इति वाच्यं, प्रायश्चित्तादिविधावित्युक्तत्वात्, गौणमुख्यभेदात् मुख्यतया चतुर्दश्या [एव] व्यपदेशो युक्त इत्यभिप्रायेणोक्तत्वाद्वा"**

ઉપરના પાઠોમાં 'અન્ય સંજ્ઞાપણ થાય છે અને ગૌણ મુખ્ય ભેદથી મુખ્યતયા ચતુર્દશીનો વ્યપદેશ યોગ્ય છે' એવાં જે સૂચનો કરવામાં આવ્યા છે તેથી પણ એજ સિદ્ધ થાય છે કે—પર્વ તિથિના ક્ષયે તેની પૂર્વ તિથિનો ક્ષય કરી શકાયજ નહિ, ઉલટું, જેનો ક્ષય ન હોય તેનો ક્ષય કહેવો એ મૃષાવાદ છે. અહીં જે 'ક્ષીણ પર્વ તિથિની પૂર્વની અપર્વ તિથિનો વ્યપદેશ પણ થઈ શકે છે એવું સિદ્ધ કરવામાં આવ્યું, તેથી તેરમા મુદ્દાના સંબંધમાં અમારૂં મન્તવ્ય કેવું છે અને તે જૈનશાસ્ત્રાધારને સમ્મત છે કે નહિ એનો ખુલાસો થઈજ જાય છે.

"તિથિદિન" અને "પર્વારાધન" સંબંધી મન્તવ્ય ભેદને અંગેનો નિર્ણય કરવાને માટેના ૨૫ મુદ્દાઓમાં પાંચમો મુદ્દો નીચે મુજબનો છે.

"(૫)" **वृद्धौ कार्या तथोत्तरा** અગર **वृद्धौ ग्राह्या तथोत्तरा** એ આજ્ઞા જે પર્વતિથિ બે સૂર્યોદયોને સ્પર્શનારી બનીને બીજા સૂર્યોદયવાળા દિવસે સમાપ્તિને પામેલી હોય, તે પર્વતિથિની આરાધના તે પર્વતિથિના બીજા સૂર્યોદયવાળા દિવસે નક્કી કરવાને માટે છે કે વૃદ્ધા પર્વતિથિના

બદલામાં તે વૃદ્ધા પર્વતિથિની પૂર્વે જે કોઈપણ પહેલી અપર્વ તિથિ આવતી હોય તેની વૃદ્ધિ કરવાને માટે છે ?"

આ મુદ્દાના સંબંધમાં અમારૂં મન્તવ્ય એવું છે કે—**वृद्धौ कार्या तथोत्तरा** અગર **वृद्धौ ग्राह्या तथोत्तरा** એ આજ્ઞા, જે પર્વતિથિ બે સૂર્યોદયોને સ્પર્શનારી બનીને બીજા સૂર્યોદયવાળા દિવસે નક્કી કરવાને માટેજ છે, પણ વૃદ્ધા પર્વતિથિના બદલામાં તે વૃદ્ધા પર્વ તિથિની પૂર્વે જે કોઈપણ પહેલી અપર્વ તિથિ આવતી હોય, તેની વૃદ્ધિ કરવાને માટે નથીજ !

શ્રીતત્વતરંગિણીમાં સત્તરમી ગાથા મૂકતાં પૂર્વે ગ્રન્કાર શ્રી કહે છે કે—"**अथ च वृद्धौ या तिथिराराध्यातामाह–**" હવે જો પર્વતિથિની વૃદ્ધિને બદલે પૂર્વની અપર્વ તિથિની વૃદ્ધિ કરવાની ઈષ્ટ હોત, તો 'વૃદ્ધિમાં કયી તિથિ આરાધવા યોગ્ય છે—એમ કહેવાને બદલે વૃદ્ધિમાં કઇ તિથિની વૃદ્ધિ કરવાની છે, એમ કહેવાત શ્રીતત્વતરંગિણીમાં ૧૭મી ગાથા અને તેની વૃત્તિ નીચે મુજબ છે—

"**संपुण्णत्ति अ काउं वुड्ढिए घिप्पइ न पुव्व तिहि ।**
**जं जा जंमि हु दिवसे समप्पइ सा पमाणंति ॥१७॥**

**प्रकरणात् तिथेर्वृद्धौ सत्यामपि, चोऽप्यर्थे ज्ञेयः, अद्य संपूर्णा तिथिरिति भ्रान्त्या कृत्वाऽऽराध्यत्वेन पूर्वा तिथिर्न गृह्यते, किन्तूत्तरैव, यतः किमिदं तिथेर्वृद्धत्वं नाम ?, प्राप्तद्विगुणस्वरूपत्वं वा प्राप्ताधिक सूर्योदयत्वं वा प्राप्तसूर्योदयद्वयत्वं वा द्वितीयसूर्योदयमवाप्य समाप्तत्वं वा ? आद्योऽसंभवी, एकादिन्यूनाधिकविंशत्युत्तरशतसाध्यारिकामानप्रसंगात्, शेषेषु त्रिष्वपि विकल्पेषु शेषतिथ्यपेक्षयैकस्यामेव तिथौ एकादिघटिकाभिराधिक्यमसूचि, तथा च यं सूर्योदयमवाप्य समाप्यते या तिथिः स एव सूर्योदयस्तस्यास्तिथेः प्रमाणं, शेषतिथिनामिव, प्रयोगस्तु–प्राप्तसूर्योदयद्वयलक्षणायास्तिथेः समाप्तिसूचक उदयः प्रमाणं, विवक्षितवस्तु समाप्तिसूचकत्वात्, यथा शेषतिथिनाम्भुदयः, व्यतिरेके गगनकुसुमम्, अथ तिथिनां वृद्धौ हानौ च का तिथिः स्वीकार्येत्यत्रोभयोः साधारणं लक्षणमुत्तरार्द्धेनाह–'जं जा जंमि'त्ति यद्–यस्माद् या–तिथिर्यस्मिन्–आदित्यादिवारलक्षणदिवसे समाप्यते स एव दिवसो–वारलक्षणः प्रमाणमिति–तत्तिथित्वेनैव स्वीकार्यः, अत्र हु एवकारार्थे ज्ञातव्य इत्यर्थः अत एव 'क्षये पूर्वा तिथिर्ग्राह्या' तस्मिन्नेव दिवसे [ तिथिः कार्या' इति श्लोकः श्रीउमास्वातिवाचककृत इति वृद्धवादः सम्यग् यतस्तस्मिन् दिवसे ] द्वयोरपि समाप्तत्वेन तस्या अपि समाप्तत्वात्, एतत्संवादकं च 'तिहि वाए पुव्वति हीत्ति गाथा व्याख्यावसरे प्रपंचितमिति गाथार्थः ॥"**

(ઉપરના પાઠમાં જેટલા ભાગમાં નીચે લીટી દોરી છે તે ભાગ મુદ્રિત પ્રતમાંનો છે અને તેની જગ્યાએ હસ્ત લિખિત પ્રતમાં [ ] આવા કૌંસમાં લખ્યો છે તેવો પાઠ છે.)

ઉપરના પાઠમાં ગ્રન્થકારશ્રીએ વૃદ્ધિના પ્રસંગમાં આરાધ્યપણાએ કરીને ઉત્તરા તિથિનોજ સ્વીકાર કરવો જોઇએ એ વાતનું પ્રતિપાદન કર્યું છે અને વૃદ્ધા તિથિને બે સૂર્યોદયોને સ્પર્શીને

સમાપ્તિને પામનારી તરીકે જણાવી છે, એ વિગેરે જોતાં પણ વૃદ્ધા તિથિને બદલે પર્વ પર્વતિથિની વૃદ્ધિ કરવાની વાતને પણ અવકાશ મળતો નથી. વળી જે તિથિની વૃદ્ધિ ન હોય તેની વૃદ્ધિ કરવી એ મૃષાવાદ પણ છે.

આચાર્યશ્રી સાગરાનંદસૂરિજી પર્વતિથિની હાનિ-વૃદ્ધિએ તે હીના કે વૃદ્ધા પર્વતિથિની પૂર્વા અગર પૂર્વોત્તરા તિથિની હાનિ-વૃદ્ધિ કરવાનું કહે છે તે મૃષાવાદ આદિ દોષોને પાત્ર તો છેજ પણ તેમ કરવામાં આવે તો પર્વલોપના પાત્ર પણ બનાય છે. કારણ કે ઉદયતિથિ તરીકે પ્રાપ્ત થયેલી પર્વ તિથિએ તેના પર્વને નથી મનાતું અગર તો ઉદય તિથિ તરીકે પ્રાપ્ત થયેલી પર્વ તિથિને અપર્વ તિથિ માની તેના વિરાધક બનાય છે. આથી પર્વ તિથિની હાનિ-વૃદ્ધિએ પૂર્વ કે પૂર્વોત્તર અપર્વ તિથિની હાનિ-વૃદ્ધિ માનવાની વાત શાસ્ત્રસમ્મત હોઇ શકેજ નહિ અને એથી **"क्षये पूर्वा तिथिः कार्या, वृद्धौ कार्या तथोत्तरा ।"** એ આજ્ઞામાંથી પણ એ વાત નીકળી શકેજ નહિ.

"તિથિદિન" અને "પર્વારાધન" સંબંધી મન્તવ્ય ભેદને અંગેનો નિર્ણય કરવાને માટેના ૨૫ મુદ્દાઓ પૈકી છઠ્ઠો મુદ્દો નીચે મુજબનો છે—

(૬) "તિથિક્ષય" એટલે "તિથિનાશ" અને 'તિથિવૃદ્ધિ' એટલે બે અવયવોવાળી એકજ તિથિ નહિ, પણ એકમ બીજની જેમ એક બીજાથી ભિન્ન એવી બે તિથિઓ-એવો અર્થ થાય કે નહિ?

આ મુદ્દો ઉપસ્થિત કરવાનો હેતુ એ છે કે-આચાર્યશ્રી સાગરાનન્દસૂરિજી, પંચાંગમાં આવતી પર્વ તિથિઓની પણ હાનિ વૃદ્ધિને કબુલ રાખો પર્વતિથિઓની આરાધના કરવા તત્પર રહેનારા અને તિથિઓમાં હેરફેરી કરી નાખીને આજ્ઞાભંગ, પર્વલોપ આદિને પાત્ર નહિ બનનારાઓને મહિનામાં બાર પર્વતિથિઓને બદલે અગીઆર અને તેર પર્વતિથિઓ માનનારા તરીકે સંબોધવામાં આનન્દ અનુભવે છે તિથિની હાનિ-વૃદ્ધિ કબુલ રાખવાથી ઓછી અધિક તિથિઓ માની કહેવાયજ નહિ. કારણકે-તિથિક્ષય એટલે તિથિ નાશ અને તિથિવૃદ્ધિ એટલે બે અવયવોવાળી એકજ તિથિ નહિ; પણ એકમ બીજની જેમ એક બીજાથી ભિન્ન એવી બે તિથિઓ' એવો અર્થ થતોજ નથી.

સત્તરમી સદીમાં થયેલા મહોપાધ્યાય શ્રીમદ્ ધર્મસાગરજીએ શ્રી "પ્રવચન પરીક્ષા" નામના ગ્રન્થમાં ફરમાવ્યું છે કે—

**"न हि हीनत्वं नाम तिथेर्नाशः ।"** અને **सूर्योदयद्वयस्पर्शिनी तिथिर्वृद्धा इत्युच्यते, तत्राद्यसूर्योदयावच्छिन्ना तिथिः प्रथमोऽवयवो द्वितीयोदयाविच्छिन्ना च द्वितीयोऽवयवो भण्यते ।"**

[ પૃ. ૪૧૩ અને ૪૦૮ ]

ઉપર આપેલા બે પાઠોથી એ વાત પણ સિદ્ધ થાય છે કે-પર્વતિથિની હાનિ માનવાથી

પર્વતિથિનો નાશ મનાતો નથી અને એથી પર્વતિથિની હાનિને કબુલ રાખીને હાનિના પ્રસંગમાં ક્ષીણ પર્વતિથિનું પૂર્વની તિથિમાં વિદ્યમાનપણું હોવાથી પર્વારાધન કરનારાઓને પર્વલોપક કહેવા એ સર્વથા ખોટુંજ છે આ ઉપરાંત પૂનમ-અમાસની વૃદ્ધિએ ચૌદશે ચૌદશની અને બીજી પૂનમ અમાસે પૂનમ અમાસની આરાધના કરનારાઓને આચાર્યશ્રી સાગરાનંદસૂરિજી-ચૌદશ અને પૂનમ અમાસની વચ્ચે આંતરૂં માનનારા કહે છે. તિથિવૃદ્ધિ એટલે એકજ તિથિના બે અવયવો, એ વાતને ધ્યાનમાં લેવામાં આવે તો તેમનાથી એવું કહી શકાયજ નહિ.

"તિથિદિન" અને "પર્વારાધન" સંબંધી મન્તવ્ય ભેદને અંગેનો નિર્ણય કરવાને માટેના આ મુદ્દાઓ પૈકીનો સાતમો અને નવમો મુદ્દો નીચે મુજબ છે:—

(૭) "માસવૃદ્ધિ" અને તિથિવૃદ્ધિને અંગે આરાધનાના નિયમમાં સમાનતા છે કે નહિ?

(૮) "વૃદ્ધિના પ્રથમ માસને તથા પ્રથમાતિથિને નપુંસક કહેવાય કે નહિ."

(૯) જે નપુંસક તિથિ પોતાનું ફળ નિપજાવી શકવાને પણ અસમર્થ હોય, તે અન્યથા તેથી પણ વધારે સમર્થ ફળને નિપજાવી શકે કે નહિ.

સાતમા મુદ્દાના સંબંધમાં અમારૂં મન્તવ્ય એવું છે કે-માસવૃદ્ધિ અને તિથિવૃદ્ધિને અંગે આરાધનાના નિયમમાં સમાનતા છે શ્રી જૈનશાસ્ત્રોમાં અનેક સ્થળોએ માસવૃદ્ધિની માફક તિથિવૃદ્ધિ અને તિથિવૃદ્ધિની માફક માસવૃદ્ધિ'-એવા ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.

શ્રી પ્રવચન પરીક્ષામાં પણ ફરમાવ્યું છે કે:—

**वुड्ढे पढमोऽवयवो नपुंसओ निअयनामकज्जेसु ।**
**जण्णं तक्कज्जकारो इअरो सव्वुत्तमे सुमओ ॥२०८॥"**

**वृद्धे-मासादौ वृद्धे सति तदीयः प्रथमोऽवयवः, सूर्योदयद्वयस्पर्शिनी तिथिर्वृद्धेत्युच्यते, तत्राद्यसूर्योदयावच्छिन्ना तिथिः प्रथमोऽवयवो द्वितीयोदयावच्छिन्ना च द्वितीयोऽवयवः भण्यते, यदा चैकस्यां संक्रान्तौ मासद्वयस्योदयः स्यात् तदा मासवृद्धिरुच्यते, तत्र प्रथममासोदयावच्छिन्ना संक्रान्तिरेव प्रथमोऽवयवो भण्यते, परस्तु द्वितीय इति, एवं च सति तिथिमासयोराद्ययोरंशयोः प्रथमतिथ्यादि संज्ञा स्यात्, तत्र प्रथमातिथिर्मासो वा निजकनामकार्येषु—आषाढादिमासेषु प्रतिपदादि तिथिषु चेदं कर्तव्यादिरूपेण स्वस्वनामांकितकृत्येषु नपुंसक इव नपुंसको बोध्यः, यथा हि नपुंसकः स्वापत्योत्पत्तिमधिकृत्यासमर्थस्तथा तत्तनामाङ्कितकृत्येष्वेव प्रथमातिथिः प्रथमो मास वा न समर्थः, न पुनः सर्वेष्वपि कार्येषु, न हि नपुंसकोऽपि स्वापत्यं प्रत्यहेतुरपि भोजनादिकृत्यं प्रत्यप्यहेतुरेवेति, नपुंसकत्वेहेतुमाह 'जण्णं'णमित्यलङ्कारे यद्-यस्मादितरो द्वितीयोंऽशो द्वितीयतिथि आदि संज्ञितस्तत्कार्यकरो-विवक्षितकार्यकरणसमर्थः सर्वोत्तमः पूर्वावयवापेक्षया प्रधानः सुमतः**

सर्वजनसम्मतः, अनादि परंपरासिद्धोऽग्रे वक्ष्यमाण इत्यर्थः, अयं भावः-यथा किल विवक्षिता तिथिश्चतुर्दशी, सा च प्रवचने पाक्षिकपर्वत्वेनाभिमता, तस्याश्च कृत्यं चतुर्थं तपः पाक्षिक प्रतिक्रमणं चेत्यादि तत्कृत्यकरो द्वितीय एवांशो,न पुनः प्रथमोऽपि तस्य तत्कृत्यमधिकृत्य नपुंसकवदसामर्थ्याद्, एवं विवक्षितो मासो भाद्रपदः सोऽपि सम्प्रति चतुर्धाविच्छिन्नस्य श्रीसंघस्य पर्युषणापर्वत्वेन प्रवचने प्रतीतः, तस्यापि कृत्यं सर्वसाधुचैत्यवन्दनालोचनाष्टमतपो लोच सांवत्सरिकप्रतिक्रमणलक्षणानि पञ्चकृत्यानि नियतानि, तान्यधिकृत्यप्रथमो भाद्रपदो नपुंसकवदसमर्थः, नपुंसकत्वं च ज्योतिर्विदां प्रतीतमेव, यदुक्तं-"यात्राविवाहमण्डनमन्यान्यपि शोभनानि कर्माणि । परिहर्तव्यानि बुधैः सर्वाणि नपुंसके मासि ॥१॥" इति, तस्मात् सर्वोत्तमो द्वितीय एव भाद्रपदोऽधिकर्तव्यः, एवमष्टम्यादयस्तिथयः कार्तिकादयश्च मासा अपि योजनीया इति गाथार्थः॥"(गु. प्र. पृ. ४०८-४०९)

ઉપરના પાઠમાં જે વાત કહી છે–તે માસ વૃદ્ધિ અને તિથિ વૃદ્ધિને એક સરખી રીતિએ લાગુ કરવામાં આવી છે. જેમ એક તિથિ બે સૂર્યોદયોને સ્પર્શનારી બને છે એથી તિથિ વૃદ્ધિ કહેવાય છે તેમ એક સંક્રાન્તિમાં બે માસોદયો થાય છે તો તે માસવૃદ્ધિ કહેવાય છે. વૃદ્ધા તિથિમાં જેમ પ્રથમા તિથિને તે તિથિના નામથી અંકિત કાર્યોને માટે ગ્રહણ કરાય નહિ, તેમ માસવૃદ્ધિના પ્રસંગમાં પ્રથમ માસને પણ તે માસના નામથી અંકિત કાર્યોને માટે ગ્રહણ કરાય નહિ. આ વિગેરે બાબતોથી 'માસવૃદ્ધિ અને તિથિ વૃદ્ધિને અંગે આરાધનાના નિયમમાં સમાનતા છે' એ વાત સિદ્ધ થઈ જાય છે.

ઉપરના પાઠમાં વૃદ્ધાતિથિ અને વૃદ્ધ માસના પ્રથમ અવયવરૂપ પ્રથમા તિથિને અને પ્રથમ માસને "નપુંસક' તરીકે જણાવીને પોતપોતાનાં નામાંક્તિ કાર્યોને માટે અસમર્થ જણાવેલ છે. આથી આઠમા મુદ્દામાં 'વૃદ્ધિના પ્રથમ માસને અને પ્રથમા તિથિને નપુંસક કહેવાય કે નહિ ? એવો જે પ્રશ્ન છે તેનો ઉત્તર પણ મળી રહે છે. અને નવમા મુદ્દામાં "જે નપુંસક તિથિ પોતાનું ફળ નિપજાવી શકે કે નહિ ? એવો જે પ્રશ્ન છે તેનો ઉત્તર પણ મળી રહે છે. ગ્રન્થકારશ્રીએ નપુંસક માસમાં શોભન કાર્યોનો પરિહાર કરવાની સાક્ષી આપીને નપુંસક તિથિમાં પણ શોભન કાર્યોનો ત્યાગ કરવાનું સૂચન કર્યું છે આથી પૂનમ અમાસની વૃદ્ધિએ નપુંસક એવી પ્રથમા પૂનમ અમાસે પાક્ષિક પર્વ અને ભા. શુ. ૫ ની વૃદ્ધિએ નપુંસક એવી ભા. શુ. પ્રથમા પંચમીએ સાંવત્સરિક પર્વ માનવા આરાધવાનું આચાર્યશ્રી સાગરાનંદસૂરિજીનું મન્તવ્ય શાસ્ત્રથી સર્વથા વિરૂદ્ધજ પૂરવાર થાય છે. જે નપુંસક તિથિ પોતાનું નામાંકિત કાર્ય નિપજાવી શકવાને અસમર્થ હોય તે નપુંસક તિથિ મહાપર્વના કાર્યને નિપજાવવાને સમર્થ બને, એ સર્વથા અસંભવિત વસ્તુ છે. જે નપુંસક પોતાના નપુંસકપણાને કારણે સ્વભાર્યાના વાંઝણીપણાને ટાળવાને અસમર્થ હોય તે નપુંસક પરસ્ત્રી

સાથે વ્યભિચાર કરી શકે અને પરસ્ત્રીને સંતાનવતી બનાવી શકે એ માન્યતા કોઈપણ બુદ્ધિશાલિની તો હોઇ શકેજ નહિ.

ઉપરના પાઠથી જેમ સાતમા આઠમા અને નવમા મુદ્દાનું નિરાકરણ મળે છે તેમ બારમા મુદ્દામાં 'બે બીજ આદિ મનાય. લખાય અને બોલાય કે નહિ ? એનો નિર્ણય કરવાનો છે અને ઉપરના પાઠમાં–**"एवं च सति तिथिमासयोराद्ययोरंशयोः प्रथमा तिथ्यादिसंज्ञास्यात्."** એમ જણાવીને બીજ આદિની વૃદ્ધિએ બે બીજ આદિ મનાય લખાય અને બોલાય, સ્પષ્ટપણે પ્રતિપાદન કરેલું છે.

"તિથિદિન" અને "પર્વારાધન" સંબંધી મન્તવ્યભેદને અંગેનો નિર્ણય કરવાને માટે તારવવામાં આવેલા ૨૫ મુદ્દાઓ પૈકી દશમો અને અગીયારમો મુદ્દો નીચે મુજબનો છે.

(૧૦) પક્ષના ૧૫ રાત્રી દિવસ અને ચતુર્માસ તથા વર્ષના અનુક્રમે ૧૨૦ અને ૩૬૦ રાત્રિ દિવસ ગણાય છે તે તથા પર્યુષણાને અંગે વીશ રાત્રિ સહિત માસ અને સીત્તેર રાત્રિ દિવસ ગણાય છે તે વારની અપેક્ષાએ ગણાય છે કે તિથિ અને માસની અપેક્ષાએ ગણાય છે ?

(૧૧) "દિનગણનામાં જેમ એક ઉદયતિથિનો એક રાત્રી દિવસ ગણાય છે તેમ એક ક્ષીણ તિથિનો એક રાત્રિ દિવસ અને એક વૃદ્ધાતિથિનો પણ એક રાત્રિ દિવસ ગણાય છે કે નહિ ?

આ બે મુદ્દાઓના સંબંધમાં અમારૂં મન્તવ્ય એવું છે કે પક્ષના ૧૫, ચતુર્માસના ૧૨૦ અને વર્ષના ૩૬૦ રાત્રિ દિવસ ગણાય છે તે તથા પર્યુષણાને અંગે વીસ રાત્રિ સહીત માસ અને સીતેર રાત્રિ–દિવસ ગણાય છે તે તિથિ અને માસની અપેક્ષાએજ ગણાય છે. ૧૪, ૧૫ કે ૧૬ રાત્રિ–દિવસનો પક્ષ હોય તોપણ તેમાં તિથિઓ પંદરજ હોય છે. આવા બે પક્ષનો માસ ગણાય છે–ચતુર્માસમાં વૃદ્ધિના કારણે પાંચ માસ આવ્યા હોય તોય તે ચતુર્માસજ ગણાય છે, એટલે કે વૃદ્ધ માસના પ્રથમાવયસ્વરૂપ પ્રથમ માસની તિથિઓ તથા પ્રથમ માસના બે પક્ષોને ગણનામાં લેવામાં આવતા નથી. વર્ષના જે બાર માસ ચોવીસ પક્ષ અને ૩૬૦ રાત્રિ દિવસ ગણાય છે તે પણ આવીજ રીતિએ ગણાય છે. પક્ષમાં ગણાતા પંદર રાત્રિ દિવસ તિથિઓની અપેક્ષાએ તો ગણાયજ છે પણ તેમાં એક ઉદય તિથિનો જેમ એકરાત્રિ દિવસ ગણાય છે તેમ સૂર્યોદય સ્પર્શને પામ્યા વિનાજ સમાપ્તિ થઈ ગયેલી ક્ષીણતિથિનો પણ એકરાત્રિ દિવસ ગણાય છે અને બે સૂર્યોદયોને સ્પર્શ્યા પછીથીજ સમાપ્તિને પામતી વૃદ્ધા તિથિનો પણ એક રાત્રિદિવસ ગણાય છે આ સંબંધમાં, શ્રી પ્રવચન પરીક્ષા નામના ગ્રન્થની છાપેલી પ્રતમાં પૃ–૪૧૦ અને પૃ–૪૧૧ ઉપર નીચે મુજબનો પાઠ છે—

**"यत्कृत्यं प्रतिमासं नामग्राहं नियत कृत्यं तत् तस्मिन्नेव मासे विधेयं, नान्यत्रेति, विवक्षया**

तिथिवन्न्युनाधिकमासोऽप्युपेक्षणीयः, अन्यत्र तु गण्यतेऽपि, तथा हि-विवक्षितं हि पाक्षिकप्रतिक्रमणं तच्चतुर्दश्यां नियतं, सा च यद्यभिवर्द्धिता तदा प्रथमां परित्यज्य द्वितीयाऽपि कर्तव्या, दिनगणनायां त्वस्या अन्यासां वा वृद्धौ संभवन्तोऽपि षोडशदिनाः पञ्चदशैव भण्यन्ते, एवं क्षीणायां चतुर्दशापि दिनापञ्चदशेवेति बोध्यं, तद्वदत्रापि विवक्षितं कृत्यं सांवत्सरिकप्रतिक्रमणादि, तच्च मासमधिकृत्य भाद्रपदे नियतं, स च यद्यभिवर्द्धितस्तदा प्रथमं भाद्रपदं परित्यज्य द्वितीयोऽधिकर्तव्यः, दिनगणनायां त्वस्यान्यस्य वा मासस्य वृद्धौ संभवन्तोऽप्यशीति दिनाः पञ्चाशदेव गण्यन्ते, यथा परस्याप्यभिमता पञ्चमास्यपि चतुर्मासीतयेति ।"

"તિથિદિન" અને "પર્વારાધન" સંબંધી મન્તવ્ય ભેદને અંગેનો નિર્ણય કરવાને માટે તારવવામાં આવેલા ૨૫ મુદ્દાઓમાં બારમો મુદ્દો નીચે મુજબનો છે—

(૧૨) "બીજ, પાંચમ, આઠમ અગીયારશ ચૌદશ પુનમ અમાસ ભા-શુ-૪ અને કલ્યાણક તિથિઓ પૈકી જે કોપપણ પર્વતિથિની વૃદ્ધિ હોય, તેને માટે બે બીજ આદિ મનાય લખાય અને બોલાય તો તેથી વિરાધનાને પાત્ર થવાય કે તેમ માનવા આદિને બદલે બે એકમ આદિ રૂપે મનાય, બોલાય, અને લખાય તો મૃષાવાદ આદિ દોષો પાત્ર બનાય?

આ મુદ્દાના સંબંધમાં અમારૂં મન્તવ્ય એવું છે કે-શ્રી જૈન શાસનમાં જેટલી તિથિઓને પર્વતિથિઓ તરીકે માનવાની આજ્ઞા ફરમાવવામાં આવી છે. તે તિથિઓમાંની કોઇપણ તિથિની વૃદ્ધિ આવી હોય ત્યારે તે વૃદ્ધા તિથિના પ્રથમાવયસ્વરૂપનો અને દ્વિતીયાવયસ્વરૂપનો ખ્યાલ રાખીને એક તિથિના ગણાતા બે દિવસોમાં પહેલા દિવસે વૃદ્ધા તિથિની પ્રથમા તિથિ અને બીજા દિવસે વૃદ્ધા તિથિની દ્વિતીયા તિથિ એવી સંજ્ઞા થાયજ અર્થાત્ બીજ આદિની વૃદ્ધિએ બે બીજ આદિ માની શકાય, લખી શકાય અને બોલી શકાય, માત્ર તેના નામાંકિત કાર્યને માટે પહેલી બીજને અવગણીને બીજી બીજનો સ્વીકાર કરાય, આ સબંધમાં મુદ્દા ૭-૮-૯ના વિવેચન પ્રસંગે શાસ્ત્ર પાઠ મૂકીને સ્પષ્ટતા કરેલી છે. બે બીજને બે બીજઆદિ રૂપે માનવા, લખવા કે બોલવાથી વિરાધનાને પાત્ર થવાય, એવું તો વૃદ્ધા તિથિના સ્વરૂપને અને પર્વારાધનની આજ્ઞાને યથાર્થપણે નહિ સમજનારજ કહી શકે પ્રત્યુત્ત, આચાર્યશ્રી સાગરાનન્દસૂરિજી બે બીજ આદિ આવી હોય તે છતાં પણ તેને બે એકમઆદિ અને બે પૂનમ-અમાસ આવી હોય તે છતાં પણ તેને બદલે બે તેરશઆદિ માનવાનું, લખવાનું અને બોલવાનું જે કહે છે, તેને અનુસરાય તો મૃષાવાદ આદિ દોષોના પાત્ર બનવાની આપત્તિમાંજ મુકાઈ જવું પડે.

"તિથિદિન" અને "પર્વારાધન" સંબંધી મન્તવ્ય ભેદને અંગેના નિર્ણયને માટે તારવવામાં આવેલા ૨૫ મુદ્દાઓમાં તેરમો મુદ્દો નીચે મુજબનો છે—

(૧૩) જે પર્વતિથિનો ક્ષય થયો હોય, તે પર્વતિથિની પૂર્વની તિથિ અપર્વ તિથિ હોય તો તે અપર્વ તિથિના એકજ દિવસે ગૌણ-મુખ્ય રીતિએ બન્નેય તિથિઓના વ્યપદેશ થઈ શકે કે નહિ ?

આ મુદ્દાના સંબંધમાં અમારૂં મન્તવ્ય એવું છે કે—જે પર્વ તિથિનો ક્ષય આવ્યો હોય, તે પર્વતિથિની પૂર્વની તિથિ અપર્વ તિથિ હોય તોપણ તે અપર્વ તિથિના એકજ દિવસે ગૌણ મુખ્ય રીતિએ અપર્વ તિથિ અને પર્વ તિથિ બન્નેય તિથિઓનો વ્યપદેશ થઈ શકે ચોથા મુદ્દાના વિવેચનમાં આ વાતને શાસ્ત્ર પાઠથી સિદ્ધ કરવામાં આવી છે એટલે અત્રે વિસ્તાર કરતા નથી.

"તિથિદિન" અને "પર્વારાધન" સંબંધી મન્તવ્યભેદને અંગેના નિર્ણય માટે તારવવામાં આવેલા ૨૫ મુદ્દાઓમાં ચૌદમો મુદ્દો નીચે મુજબનો છે.

(૧૪) જે પર્વતિથિનો ક્ષય થયો હોય, તે પર્વતિથિની પૂર્વની તિથિ જો પર્વતિથિ હોય તો પૂર્વની તે પર્વતિથિના દિવસે બન્નેય પર્વતિથિઓના આરાધક બની શકાય કે નહિ તેમજ એક દિવસે બે કે બેથી વધુ પર્વોનો યોગ થઇ જતો હોય તો તે સર્વ પર્વોના તે એકજ દિવસે આરાધક બની શકાય કે નહિ ?"

આ મુદ્દાના સંબંધમાં અમારૂં મન્તવ્ય એવું છે કે-જે પર્વતિથિનો ક્ષય આવ્યો હોય, તે પર્વતિથિની પૂર્વની તિથિ જો પર્વતિથિ હોય, તો પૂર્વની તે પર્વતિથિના દિવસે બન્નેય પર્વતિથિઓના આરાધક બની શકાય અને એજ રીતિએ જે એક દિવસે જેટલાં પર્વોનો યોગ થઇ જતો હોય તે સર્વ પર્વોના પણ તેજ એક દિવસે આરાધક બની શકાય, બીજા મુદ્દાના વિવેચનમાં આ વાતને શાસ્ત્ર પાઠથી સિદ્ધ કરવામાં આવી છે, એટલે અત્રે વિસ્તાર કરતા નથી.

તિથિદિન અને પર્વારાધન સંબંધી મન્તવ્ય ભેદને અંગેના નિર્ણયને માટે તારવવામાં આવેલા ૨૫ મુદ્દાઓમાં પંદરમો મુદ્દો નીચે મુજબનો છેઃ—

(૧૫) ચૌમાસી તપમાં પાક્ષિકના તપનો અને ચોમાસી પ્રતિક્રમણમાં પાક્ષિક પ્રતિક્રમણનો સમાવેશ થાય છે કે નહિ ?

આ મુદ્દાના સંબંધમાં અમારૂં મંતવ્ય એવું છે કે-ચોમાસી તપમાં પાક્ષિકના તપનો અને ચોમાસી પ્રતિક્રમણમાં પાક્ષિક પ્રતિક્રમણનો સમાવેશ થાય છે, શ્રી જૈન શાસનમાં પાક્ષિકનો એક ઉપવાસ અને ચોમાસીનો બે ઉપવાસ રૂપ છઠ કરવાની ખાસ આજ્ઞા કરેલી છે અને તે નહિ કરનારને પ્રાયશ્ચિત કહેલું છે. યુગ પ્રધાન આચાર્ય ભગવાન શ્રી તુ કાલિકસૂરિશ્વરજી મહારાજાએ તેવા પ્રકારનું કારણ ઉપસ્થિત થયેથી, શાસ્ત્રની આજ્ઞાને અનુસરતી રીતિએ, વાર્ષિક પર્વ જે ભા. શુ. ૪ માં આણ્યું અને એમ કરવાના કારણે ચોમાસી જે આષાઢ કાર્તિક અને ફાગણની શુક્લા ચતુર્દશીએ નિશ્ચિત કરવી પડી. આમ થવા પૂર્વે આસાઢ, કાર્તિક અને ફાગણની શુકલા ચતુર્દ-

શીએ પાક્ષિકાનુષ્ઠાન આચરાતું હતું તથા આષાઢ કાર્તિક અને ફાલ્ગુનની પૂર્ણિમાએ ચોમાસી અનુષ્ઠાન આચરાતું હતું આમ છતાં વાર્ષિક પર્વને ભા-શુ-૫માંથી ભા-શુ-૪માં આણુતા ચોમાસી પુનમને બદલે ચૌદશે આણી. પણ આસાઢ, કાર્તિક અને ફાલ્ગુનની શુકલા ચતુર્દશીએ જે પાક્ષિકાનુષ્ઠાન પૃથક્ આચરાતું હતું તે બંધ થયું જો ચોમાસી તપમાં પાક્ષિકના તપનો અને ચૌમાસી પ્રતિક્રમણમાં પાક્ષિકના પ્રતિક્રમણનો સમાવેશ ન થઈ શકતો હોમ તો વાર્ષિક પર્વ અને ચોમાસી પર્વોને પૂર્વની નિથિએ નિશ્ચિન કરતી વેળાએ અષાઢ, કાર્તિક અને ફાલ્ગુનના શુકલ પક્ષના પાક્ષિકને પણ શુકલા તેરશે નિશ્ચિત કરવુંજ પડત. પણ તેમ કરવુંજ પડત, પણ તેમ કર્યું નથીજ એથી પણ સમજી શકાય તેમ છે કે એક દિવસે બે પર્વ તિથિઓ આવી જવા પામી હોય અગર એકથી વધુ પર્વોનો યોગ થઈ જવા પામ્યો હોય તો મુખ્ય પર્વના અનુષ્ઠાનમાં તેની અપેક્ષાએ ગૌણ પર્વોનાં અનુષ્ઠાનોનો પણ સમાવેશ થઈજ જાય.

"તિથિદિન" અને પર્વારાધન" સંબંધી મન્તવ્ય અંગેનો નિર્ણય કરવાને માટે તારવવામાં આવેલા ૨૫ મુદ્દાઓ પૈકીનો સોલમો મુદ્દો નીચે મુજબનો છે—

"(૧૬)" પહેલી પૂનમે કે અમાસે ચતુર્દશીના આરોપદ્વારા પાક્ષિક કે ચોમાસી માનવામાં આવેતો અનુક્રમે ૧૫ અને ૧૨૦ રાત્રિ-દિવસનું ઉલ્લંઘન તથા ભા-શુ પહેલી પાંચમે આરોપદ્વારા ભા-શુ-૪ માની સંવત્સરી કરવામાં આવે તો ૩૬૦ રાત્રિ-દિવસનું ઉલ્લંઘન કર્યું કહેવાય તો તેવા ઉલ્લંઘનને દોષપાત્ર કહેવાય કે નહિ ?

આ મુદ્દાના સંબંધમાં અમારૂં મન્તવ્ય એવું છે કે-શ્રી જૈનશાસનમાં આરોપદ્વારા કોઇ પણ પર્વ તિથિના દિવસને નક્કી કરવાનું વિધાન છેજ નહિ અને આરોપનો નિષેધ સ્પષ્ટરૂપે કરાએલો છે. બીજા મુદ્દાના વિવેચનમાં આરોપના નિષેધની વાત શાસ્ત્રપાઠની સાક્ષીપૂર્વક કહેવાઈ છે. આથી સિદ્ધ થાય છે કે-પહેલી પૂનમે કે અમાસે ચતુર્દશી વિદ્યમાન નહિ હોવાથી અને તે પૂર્વે તે વ્યતિત થઈ ગયેલી હોવાથી પહેલી પુનમે કે અમાસે ચતુર્દશીનું આરોપણ કરીને પણ પાક્ષિક કે ચૌમાસી માનવામાં આવે તો પણ અનુક્રમે ૧૫ અને ૧૨૦ રાત્રિ દિવસનું ઉલ્લંઘન કર્યું એમજ કહેવાય એજ રીતીએ ભા. શુ. પહેલી પાંચમે ભા. શુ. ૪ નો આરોપ કરીને વાર્ષિક પર્વનું અનુષ્ઠાન કરવામાં આવે તો પણ ૩૬૦ રાત્રિ દિવસનું ઉલ્લંઘન કર્યું કહેવાય પંદર રાત્રિ દિવસ આદિના ઉલ્લંઘનથી પ્રત્યાખ્યાનાવરણીયાદિ કષાયોમાં આવી જવાનું થતું હોવાથી પંદર રાત્રિ-દિવસ આદિના ઉલ્લંઘનને દોષપાત્ર ગણાય તે પણ સ્વાભાવિકજ છે.

"તિથિદિન" અને "પર્વારાધન" સંબંધી મન્તવ્ય ભેદને અંગેનો નિર્ણય કરવાને માટેના ૨૫ મુદ્દાઓ પૈકીનો સત્તરમો મુદ્દો નીચે મુજબનો છે:—

(૧૭) આરાધનાને અંગે ક્ષયના પ્રસંગે ક્ષીણ તિથિના ભોગવટાની સમાપ્તિ પૂર્વની તિથિના દિવસે હોય છે. અને વૃદ્ધિના પ્રસંગે વૃદ્ધાતિથિના ભોગવટાની સમાપ્તિ ઉત્તરાતિથિના દિવસે હોય છે એજ એક હેતુથી-**"क्षये पूर्वा तिथिर्ग्राह्या-(तिथि कार्या), वृद्धौ ग्राह्या (कार्या) तथोत्तरा"** એવા કથન દ્વારા ક્ષયના પ્રસંગે પૂર્વાતિથિ અને વૃદ્ધિના પ્રસંગે ઉત્તરાતિથિ ગ્રહણ કરવાની આજ્ઞા કરાઈ છે કે તેવી આજ્ઞા કરવામાં ભોગવટાની સમાપ્તિ સિવાયનો કોઇ હેતુ રહેલો છે ?"

આ મુદ્દાના સંબંધમા અમારૂં મન્તવ્ય એવું છે કે ક્ષયના પ્રસંગમાં સમાપ્તિ પૂર્વાતિથિના દિવસે હોય છે અને વૃદ્ધિના પ્રસંગમાં સમાપ્તિ વૃદ્ધાતિથિના દ્વિતીયાવયસ્વરૂપ ઉત્તરાતિથિના દિવસે હોય છે એજ એક હેતુથી આરાધનાને અંગે-**"क्षये पूर्वा तिथिग्राह्या (तिथिःकार्या), वृद्धौ ग्राह्या (कार्या) तथोत्तरा"** એવા કથન દ્વારા ક્ષયના પ્રસંગે પૂર્વાતિથિ અને વૃદ્ધિના પ્રસંગે ઉત્તરાતિથિ ગ્રહણ કરવી એવી આજ્ઞા કરવામાં આવી છે. શ્રી તત્વતરંગિણીની છાપેલી પ્રતનો પૃ. ૧૨ માં નીચે મુજબનો પાઠ છે તેથી પણ આ વાતને પુષ્ટિ મળે છે:—

**"अथ तिथिनां हानौ वृद्धौ च का तिथिः स्वीकार्येत्यत्रोभयोः साधारणं लक्षणमुत्तरार्द्धेनाह-'जं जा जंमि'त्ति यद्-यस्माद् या तिथिर्यस्मिन् आदित्यादिवारलक्षणदिवसे समाप्यते स एव दिवसो-वारलक्षणः प्रमाणमिति-तत्तिथित्वेनैव स्वीकार्यः ।"**

"તિથિદિન" અને "પર્વારાધન" સંબંધી મન્તવ્ય ભેદને અંગેનો નિર્ણય કરવાને માટેના ૨૫ મુદ્દાઓ પૈકીનો અઢારમો મુદ્દો નિચે મુજબનો છે—

"(૧૮)" કલ્યાણુક તિથિઓએ પર્વતિથિઓ ગણાય કે નહિ ?

આ મુદ્દાના સંબંધમાં અમારૂં મન્તવ્ય એવું છે કે શ્રી જૈન શાસનમાં કલ્યાણુક તિથિઓને પણ પર્વ તિથિઓ તરીકે જણાવેલી છે. વિ સં ૧૭૩૧માં પાઠક પવર શ્રીમાન્ માનવિજયજી ગણિવરે રચેલા શ્રીધર્મસંગ્રહ નામના ગ્રંથની છાપેલી પ્રતિમાં પૃ. ૨૩૯માં ઉપર નીચે મુજબનો પાઠ છે—

**"तथा वर्षामध्येऽश्विनचैत्रचातुर्मासिक वार्षिकाष्टाहिका चतुर्मासकत्रयसांवत्सरपर्वादि दिवसा अर्हज्जन्मादि पंचकल्याणक दिवसाश्चापि पर्वतिथित्वेन विज्ञेयाः ॥"**

"તિથિદિન" અને "પર્વારાધના" સંબંધી મન્તવ્ય ભેદને અંગેનો નિર્ણય કરવાને માટેના ૨૫ મુદ્દાઓ પૈકીનો ઓગણીસમો મુદ્દો નીચે મુજબનો છે.

"(૧૯)" ઉદય ક્ષય અને વૃદ્ધિ સંબંધીના જે નિયમો ચતુષ્પર્વી પંચપર્વી અને ષટ્પર્વીને લાગુ થાય, તેજ નિયમો અન્ય સર્વ પર્વ તિથિઓને પણ લાગુ થાય કે નહિ ?

આ મુદ્દાના સંબંધમાં અમારૂં મન્તવ્ય એવું છે કે-ઉદય ક્ષય અને વૃદ્ધિ સંબંધીના જે નિયમો શ્રી જૈન શાસનમાં છે, તે નિયમો સર્વ પર્વ તિથિઓને લાગુ થાય છે. આ વાતનું સમર્થન શાસ્ત્ર પાઠની સાક્ષી સાથે બીજા મુદ્દાના વિવરણમાં કહેલું હોવાના કારણે અત્રે વિસ્તાર કરતા નથી.

"તિથિદિન" અને "પર્વારાધન" સબંધી મન્તવ્ય ભેદને અંગેનો નિર્ણય કરવાને માટેના ૨૫ મુદ્દાઓ પૈકીનો ૨૦મો મુદ્દો નીચે મુજબનો છે.

"(૨૦)" પૂર્ણિમા અને કલ્યાણુક તિથિઓ-એ બેમાં અવિશેષતા છે કે વિશેષતા?"

આ મુદ્દાના સંબંધમાં અમારૂં મંતવ્ય એવું છે કે-પૂર્ણિમા અને કલ્યાણુક તિથિઓ-એ બેમાં આરાધ્યપણાને અંગે વિશેષતા નથી પણ અવિશેષતા છે શ્રી તત્વતરંગિણીમાં ચોથી ગાથાની વૃત્તિમાં કહ્યું છે કે—

**"आराध्यत्वे च पञ्चदशीकल्याणक तिथ्योरप्यविशेषः।"**

"તિથિદિન" અને "પર્વારાધન સંબંધી મન્તવ્ય ભેદને અંગેનો નિર્ણય કરવાને માટેના ૨૫ મુદ્દાઓ પૈકીનો એકવીસમો મુદ્દો નિચે મુજબનો છે—

"(૨૧)" બીજ, પાંચમ, આઠમ, અગીયારશ, અને ચૌદશે પરભવના આયુષ્યનો બંધ પડવાની જેટલી અને જેવી સંભવિતતા છે તેટલી અને તેવી સંભવિતતા પૂર્ણિમા અમાવાસ્યા કે અન્ય કલ્યાણુકતિથિઓ આદિએ ખરી કે નહિ?

આ મુદ્દાના સંબંધમાં અમારૂં મન્તવ્ય એવું છે કે-બીજ, પાંચમ, આઠમ અગીઆરશ અને ચૌદશે પરભવના આયુષ્યનો બંધ પડવાની જેટલી અને જેવી સંભવિતતા છે. તેટલી અને તેવી સંભવિતતા પૂર્ણિમા અમાવાસ્યા કે અન્ય કલ્યાણુક તિથિઓ આદિએ નથીજ. પૂજ્યપાદ આચાર્ય ભગવાન શ્રીમદ્ રત્નશેખર સૂરિશ્વરજી મહારાજાએ વિ. સં. ૧૫૦૬ માં રચેલા સ્વોપજ્ઞ- વૃત્તિવાળા શ્રી શ્રાધ્ધવિધિ નામના ગ્રન્થના 'પર્વકૃત્ય પ્રકાશક' નામક ત્રીજા પ્રકાશમાં ફરમાવેલું છે કે:-

**"पर्वतिथिपालनं च महाफलं शुभायुर्बन्धहेतुत्वादिना। यदागमः 'भयवं! बीअपमुहासु पंचसु तिहीसु विहिअं धम्माणुट्ठाणं किं फलं होइ?। गोयमा बहु फलं होइ। जम्हा एआसु तिहीसु पाएणं जीवो परभवाउं समज्जिणइ, तम्हा तवोविहाणाइं धम्माणुट्ठाणं कायव्वं। जम्हा सुहाउअं समज्जिणइत्ति'। आयुषिबद्धे तु दृढधर्माराधनेऽपि बद्धायुर्न टलति।"**

ઉપરના પાઠમાં સાક્ષી રૂપે આપેલા શ્રીજિનાગમમાંના પ્રશ્નોત્તરમાં જે બીજ આદિ પાંચ તિથિઓ કહી છે, તેમાં બીજ સિવાયની ચાર તિથિઓ પાંચમ, આઠમ, અગીયારશ અને ચૌદશજ

છે તે જાણવાને માટે શ્રી શ્રાદ્ધવિધિકાર આદિ મહાપુરૂષોએ સંગ્રહિત કરેલી નીચેની ગાથા પણ ઉપયોગી નિવડે તેમ છે.

**"बीआ पंचमी अट्ठमी, एगारसी चउदशी पणतिहीओ।**
**एआओ सुअतिहिओ, गोयमगणहारिणा भणिआ ॥१॥"**

"તિથિદિન" અને "પર્વારાધન" સંબંધી મન્તવ્ય ભેદને અંગેનો નિર્ણય કરવાને માટે તારવવામાં આવેલા ૨૫ મુદ્દાઓ પૈકીનો બાવીસમો અને તેવીસમો મુદ્દો નિચે મુજબ છે.

"(૨૨)" તિથિદિન માસ અને વર્ષ આદિના નિર્ણયને માટે જૈન ટિપ્પનક વ્યવચ્છિન્ન થવાના કારણે, સેંકડો વર્ષ થયાં લૌકિક પંચાગજ મનાય છે અને તે માટે હાલ પણ આપણે લૌકિક પંચાંગ જ માનવું જોઇએ, એવું ફરમાન છે કે નહિ?

(૨૩) અમુક દિવસે અમૂક તિથિ ઉદયતિથિ, ક્ષયતિથિ કે વૃદ્ધાતિથિ છે એ વિગેરેના નિર્ણયને માટે હાલ શ્રી જૈન શાસનમાં "ચંડાશુચંડૂ" નામનું લૌકિક પંચાગજ આધારભૂત મનાય છે કે નહિ?

આ બે મુદ્દાઓના સંબંધમાં અમારૂં માનવું એવું છે કે–તિથિદિન, માસ અને વર્ષ આદિના નિર્ણયને માટે, જૈન ટિપ્પનક વ્યવચ્છિન્ન થવાના કારણે, સેંકડો વર્ષો થયાં લૌકિક પંચાગજ મનાય છે અને હાલ પણ લૌકિક ટિપ્પનક માનવાની જૈન શાસ્ત્રકાર મહાપુરૂષોની આજ્ઞા છેજ. એથીજ હાલ શ્રી જૈન શાસનમાં અમુક દિવસે અમુક તિથિ ઉદયતિથિ, ક્ષયતિથિ કે વૃદ્ધાતિથિ છે એ વિગેરેના નિર્ણયને માટે "ચંડાશુચંડૂ" નામનું લૌકિક પંચાગજ આધારભૂત મનાય છે. જૈન ટિપ્પનક વ્યવછિન્ન થયાના, જૈન ટિપ્પનક વ્યવછિન્ન થવાના કારણે લૌકિક ટિપ્પનક સ્વીકાર્યાના અને લૌકિક ટિપ્પનકના સ્વીકાર વિના ચાલે તેમ નથી એવું સૂચવનારા ઘણા ઉલ્લેખો જૈન શાસ્ત્રોના છે. તેમાંથી આ નીચે ત્રણ ઉલ્લેખો ટાંકીએ છીએ.

**"लौकिकटिप्पनाभिप्रायेण दीक्षोपस्थानादिषु तिथि ववादिकरणसंध्यागतादि नक्षत्रप्रथमादि नक्षत्रचंद्रग्रहचारादि शुद्धमुहूर्तादानं पर्युषणापर्वकरणं च" [ श्रीविचारामृतसंग्रह मु. प्र. पृ. १६ ]**

આ ગ્રન્થ યુગ પ્રધાનોત્તમ આચાર્યભગવાન શ્રી દેવસુંદરસૂરિવરના શિષ્ય આચાર્ય ભગવાન શ્રીમત્ કુલમણ્ડન સૂરિવરે સં. ૧૪૭૩ માં રચેલો છે.

**"अत एव लौकिक लोकोत्तरे च टिप्पनकव्यवहारप्रवृत्तिरपि प्रतिपदादि तिथिक्रमेणैव, व्युच्छिन्नेऽपि जैनटिप्पनके संप्रतिटिप्पनकप्रवृत्तिरेव तत्साक्षिणी। [श्रीप्रवचन प० पृ. १९० ]**

**"यत्तु जैन टिप्पकानुसारेण श्रावणभाद्रपदवृद्धावपि आषाढवृद्धिरेव गण्यन्ते इति तन्न युक्त, जैन-**

टिप्पनकस्य व्युच्छिन्नत्वात् संप्रति शैवटिप्पनके नैव व्यवहारप्रवृत्तिः तदनङ्गीकारे दीक्षाप्रतिष्ठादि मुहूर्तपरिज्ञानं दूरे, मासवृद्धिरपि कथं ज्ञायते! तस्माच्छ्रावणभाद्रपदवृद्धिर्नाषाढतया व्यवहर्तव्या, किन्तु श्रावणादि तथैवेति।" [ श्रीप्रवचनपरीक्षा मु० प्र० पृ. ४४१ ]

"તિથિદિન" અને પર્વારાધન સબંધી મન્તવ્ય ભેદને અંગેના નિર્ણયને માટે તારવવામાં આવેલા ૨૫ મુદ્દાઓમાંનો ચોવીસમો મુદ્દો નીચે મુજબનો છે—

"(૨૪)" પૂર્ણિમા અને અમાવાસ્યા કરતાં ચતુર્દશી અને ભા-શુ-૫ ના કરતા ભા-શુ-૪ એ પ્રધાન પર્વતિથિ છે કે નહિ ?

આ મુદ્દાના સબંધમાં અમારૂં મન્તવ્ય એવું છે કે—પૂર્ણિમા અને અમાવાસ્યા કરતાં ચતુર્દશી અને ભા-શુ-૫ ના કરતાં ભા-શુ-૪ કેઇ ગુણી રીતિએ પ્રધાન પર્વતિથિ છે કારણ એ છે કે—ચતુર્દશીએ પાક્ષિક અને ચાતુર્માસિક પર્વની તિથિ છે વળી ચતુર્દશીએ આયુષ્યબંધની જેવી સંભાવના છે તેવી સંભાવના પૂનમ અમાસે નથી. ભા-શુ-૪ નાશ્રી સંવત્સરી પર્વ હોવાના કારણે એ તો સારાય વર્ષની પર્વતિથિઓમાં પ્રધાનતા ભોગવે છે એટલે ભા-શુ-૫ કરતાં એની પ્રધાનતા હોય તે સ્વાભાવિક છે આ મુદ્દા ખાસ કરીને એટલા માટેજ ઉપસ્થિત કરવામાં આવ્યો છે કે આચાર્યશ્રી સાગરાનન્દસૂરિજી પૂનમ, અમાસ અને ભા-શુ-૫ ને ઉભી રાખવાના તથા તે ત્રણને એક એકજ દિવસે રાખવાના નામે પખ્ખી તથા ચોમાસીની ચૌદશની અને સાંવત્સરિક પર્વતિથિની વિરાધના આદિ દોષોની પાત્રતાને ઉભી કરતાં પણ અટકતાં નથી.

"તિથિદિન" અને પર્વારાધન સબંધી મન્તવ્ય ભેદને અંગેના નિર્ણયને માટે તારવવામાં આવેલા ૨૫ મુદ્દાઓ પૈકીનો ૨૫ મો મુદ્દા નીચે મુજબ છે.

"(૨૫)" કાર્તિક પૂર્ણિમાના ક્ષયે કાર્તિક પૂર્ણિમાની યાત્રા ચતુર્દશીના ઉદયવાળા દિવસે થાય કે અન્ય કોઈ દિવસે થાય ?

આ મુદ્દાના સબંધી અમારૂં મન્તવ્ય એવું છે કે—પૂર્ણિમાના ક્ષયે ચતુર્દશીએજ ચતુર્દશી અને પૂર્ણિમા વિદ્યમાન હોય છે એટલે તે એકજ દિવસે બન્નેના આરાધક બનાય પૂર્ણિમાની યાત્રા તે દિવસે કરવી એ વ્યાજબી ગણાય.

વિ. સં. ૧૯૯૯ના માગશર શુ. ૬ રવિ<br>
શ્રી જૈન સાહિત્ય મંદિર પાલીતાણા

વિજયરામચંદ્રસૂરિ

ૐ શ્રી ગૌતમ સ્વામિને નમઃ ।

# આરાધનામાં પર્વતિથિની સંજ્ઞાનો અભાવ કે સંજ્ઞાનું બેવડાપણું મનાય નહિ

## શેઠ શ્રી કસ્તુરભાઇની હાજરીમાં-તિથિની હાનિવૃદ્ધિની વખતે પર્વતિથિ નક્કી કરવાના ઘડાએલા મુત્સદ્દાને અંગે એ વર્ગે આપેલા મુદ્દાઓ અને તેની ઉપર

# સમાલોચના

શીર્ષક મુદ્દો—"તિથિ દિન" અને "પર્વારાધન" સંબંધી મંતવ્ય ભેદને અંગે નિર્ણય કરવા માટેના ખાસ મુદ્દાઓ.

સમાલોચના—તિથિદિનમાં મંતવ્ય ભેદ નથી પરંતુ પર્વતિથિની હાનિવૃદ્ધિ વખતે તિથિ સંજ્ઞામાં મતભેદ છે.

મુદ્દો—૧ પર્વતિથિઓની આરાધનાને માટે મળી શકે ત્યાંસુધી, ઉદયતિથિનેજ ગ્રહણ કરવાની આજ્ઞા છે કે નહિ ?

**સમાલોચના—ઉદયવાળીજ પર્વતિથિ માનવી એવો એકાંત નથી, કેમકે પર્વતિથિના ક્ષય-વૃદ્ધિ પ્રસંગે તે સિદ્ધાંત બાધિત થાય છે.**

ઉદયતિથિ તો ઉત્સર્ગ માર્ગ છે. **'ક્ષયે પૂર્વા તિથિઃ કાર્યા'** એ પ્રઘોષ એનો અપવાદ છે. **એટલે**—ક્ષયવૃદ્ધિ પ્રસંગે જૈનશાસ્ત્ર પ્રમાણે તિથિ નક્કી કરવાની ચર્ચામાં આ મુદ્દાજ વ્યર્થ છે.

૧. ઉદયતિથિની વાત પણ નિષેધ, અનુવાદ અને પ્રાપ્તવિધાન કરે છે. જેમકે ઉદય પૂર્વે તે તિથિ જેટલો ભાગ હોય તેટલા બધાય તે તિથિના ભાગને તે તિથિ તરીકે માનવાની મનાઈ કરે છે. અને પૂર્વાન્હાદિવ્યાપ્તિનો કે ક્રિયાકાળ વ્યાપ્તિનો નિષેધ કરે છે.

૨. ઉદયને સ્પર્શતી વખત જે તિથિભાગ હોય તે સીધો હોવાથી અનુવાદ કરે છે.

૩. અને તે આખા અહોરાત્રમાં બીજી તિથિનો ભોગ હોય કે સમાપ્તિ હોય તો પણ તેને તે બીજી તિથિ તરીકે કહેવાની મનાઇ કરે છે.

મુહૂર્તાદિકમાં તિથિઓની વિદ્યમાનતાએ તિથિ લેવાય છે. ઉદયમાત્રથી આખો દિવસ તિથિ લેવાનું તો આરાધનાદિમાંજ હોય છે.

આ ઉપરથી ઉદયતિથિને માનનાર મનુષ્ય આરાધનમાં એક દિવસે બે તિથિ માની શકેજ નહિ, એ વાત સ્પષ્ટ થાય છે. **કેમકે 'ઉદયતિથિ લેવી'** એ વાતનો અર્થજ 'ઉદયવાળી **ચોવીશ**

કલાકની તિથિ' એવો છે અને તેથીજ તિથિનો આરંભ પણ પ્રત્યાખ્યાનની વખતે થાય અને સમાપ્તિ પણ બીજા દિવસના પચ્ચક્ખાણના વખતની અનંતર પૂર્વેજ થાય. પર્વ કે પર્વાન્તરની તિથિરૂપ પર્વતિથિની હાનિ-વૃદ્ધિનો પ્રસંગ ન હોય ત્યારે પ્રવર્તવાવાળો આ માર્ગ છે. અને તેથી પર્વતિથિની હાનિ-વૃદ્ધિની ચર્ચામાં તે 'ઉદયવાળીજ તિથિ માનવી એ' વાત બાધિત છે.

૪. ઉદયનીજ તિથિ લેવી એમ કહેતો ઉદય વિનાની-વ્યવહારથી ઉદયયુક્ત ગણાએલી ક્ષીણ પર્વતિથિને માનીને મિલિત પર્વતિથિ માનનાર વર્ગ સ્વવચનથી આજ્ઞાભંગાદિ દોષવાળો થાય. અર્થાત્ સામો પક્ષ જો ઉદયયુક્તજ પર્વતિથિ લેવી, એમ એ ઉદયવાળી વાતથી કહેવા માગતો હોય તો તે વર્ગ આઠમના ક્ષયની વખતે સાતમને દિવસે અનુદયવાળી પણ આઠમ પર્વતિથિ તરીકે ગણીને આરાધે છે તે સ્વમંતવ્યથી વિરૂદ્ધ હોવાથી આજ્ઞા ભંગાદિ દોષવાળો થાય.

જો ઉદયવાળી તિથિ લેવીજ એમ કહે તો વૃદ્ધિની વખતે બન્ને તિથિ ઉદયયુક્ત હોવાથી તે બે દિવસ તે બે પર્વતિથિ નહિં માનનાર તે વર્ગ સ્વવચન વિરૂદ્ધ ગણાય. અર્થાત્ એ પક્ષ જો ઉદયયુક્ત પર્વતિથિ લેવીજ, એમ પણ કહેવા માગે તો ટીપ્પણામાં આવેલી પર્વતિથિની વૃદ્ધિની વખતે બન્ને પર્વતિથિઓ ઉદયવાળી હોવાથી તે વર્ગે તે બન્ને દિવસ પર્વતિથિ કહેવી અને માનવી જોઇએ. પણ તેમ તેઓ નહિ કરતા હોવાથી સ્વવચન વિરૂદ્ધ ગણાય.

**વાસ્તવિક રીતે ક્ષયવૃદ્ધિ વખતે પર્વતિથિ નક્કી કરવાની ચર્ચામાં આવા ઉત્સર્ગ વાકયવાળા મુદ્દાની જરૂરજ ન ગણાય.**

મુદ્દો—૨. જે દિવસે જે પર્વતિથિ ઉદયતિથિ રૂપે પ્રાપ્ત થતી હોય, તે દિવસે તે પર્વતિથિ ન મનાય તેમજ તે પર્વતિથિ એવા દિવસે મનાય કે જે દિવસે તે પર્વતિથિના ભોગવટાનો અંશજ ન હોય, અગર ભોગવટાનો ભાગ હોય તો પણ તે સૂર્યોદય સ્પર્શ પૂર્વેનો ભોગવટો હોય, તો તેમ કરવાથી આરોપ, પર્વલોપ, મૃષાવાદ અને આજ્ઞાભંગાદિ દોષોના પાત્ર બનાય કે નહિ ?

**સમાલોચના—પર્વતિથિનું પરિસંખ્યાન જાળવવા માટે શાસ્ત્રકારોએ જણાવેલા સંસ્કાર માર્ગમાં આરોપાદિક દોષો લાગતા નથી.**

પર્વતિથિ જ્યારે ઉદયને સ્પર્શનારી ન હોય ત્યારે તેનાથી પહેલાંની અપર્વતિથિમાં તે અપર્વતિથિની સંજ્ઞા રખાયજ નહિ, પરંતુ તે આખા અહોરાત્રને પ્રાયશ્ચિત્તાદિ વિધિમાં તે ક્ષીણ પર્વતિથિનીજ સંજ્ઞા અપાય, એવું શાસ્ત્રકારનું સ્પષ્ટ ફરમાન હોવાથી મિથ્યાત્વથી ડરવાવાળા અને માર્ગને માનવાવાળા સુજ્ઞો તો આરોપ, પર્વલોપ આદિ દોષોમાં આવેજ નહિ; પરંતુ ચોવીશે કલાક એકજ ઉદયવાળી તિથિનો વ્યવહાર કરવાનું નિશ્ચિત છતાં અને તેમ માન્યા છતાં જેઓ ઉદય વગરની તિથિને ભેળવીને માને, તેઓ તો શાસ્ત્ર અને પોતાના વચનથી વિરૂદ્ધવાળા ગણાવાને

અંગે તે આરોપાદિ દોષોમાં જરૂર આવે. ઉદયતિથિ માનનારાએ આઠમ આદિ દિવસે અમુક ઘડી બાદ નોમ વિગેરે બીજી તિથિ આવે તો પણ તે આખા અહોરાત્રને આઠમ આદિ તરીકે માનવામાં પોતાનું શાસ્ત્રથી નિરપેક્ષપણું સ્વીકારવાની સાથે' આરોપ વિગેરે દોષો પોતાને માટે કબુલ કરવાજ જોઈએ. ભોગવટાને નામે કે સમાપ્તિના નામે તિથિનો વ્યવહાર કરનારે-ઉદયતિથિના સિદ્ધાંતને, પૂર્વપુરૂષોનાં સંજ્ઞાનિર્દેશનાં વચનને તેમજ તેવી પરંપરાને માનેલજ નથી એમ કહેવું ખોટું નહિ ગણાય.

મુદ્દો—૩ પૂર્વની તિથિને પછીની તિથિના દિવસે માનવામાં આવે તો તેથી વિનષ્ટકાર્યનું ભાવિકારણ માન્યાનો દોષ પણ લાગે કે નહિં ?

**સમાલોચના—પૂર્વની તિથિને પછીની તિથિના દિવસે આગલની બીજી તિથિની સંજ્ઞા રાખીને પ્હેલાની તિથિનું કાર્ય કરે તો એટલે આગલના બીજા નામથી તિથિ તરીકે માની હોય અને પાછલી બીજી તિથિનું કાર્ય થાય તો તેમાં કારણ કાર્ય ભાવનું અસંગતપણું થાય અને દોષ લાગે, અન્યથા નહિં.**

સૂર્યોદયની વખતે અમુક ઘડી સુધી આઠમ વિગેરે તિથિ હોય અને પછી નોમ વિગેરે તિથિ બેસી જતી હોય છતાં તે નોમ વિગેરેના ભોગવટાની વખતે આઠમ વિગેરે તિથિ માનનાર મનુષ્ય વિનષ્ટ કાર્યનું ભાવિકારણ નોમને માને છે એમ નહિ. ભવ્યત્વ, તથાભવ્યત્વ, ભવિતવ્યતા જેવા પદાર્થો કે દગ્ધદંડને પણ ઘટનું કારણ માનનાર જૈનવર્ગ હોય છે. અને તે ભવ્યત્વ, તથાભવ્યત્વ અને ભવિતવ્યતાને, 'ભૂતકાલીન છે' એમ માનવાને કોઈપણ જૈન તૈયાર થઇ શકે નહિં.

વળી જેઓ ચતુર્દશી તિથિ અને પાક્ષીક એકરૂપે માને તેઓજ વિનિષ્ટ કાર્ય અને ભાવિ-કારણ જેવા શબ્દો લગાડી શકે. પરંતુ જેઓ પર્વની પૃથક્ પૃથક્ વ્યવસ્થા કરીને આરાધનાને પર્વ-કર્તવ્ય માને છે, તેવા સુજ્ઞોને તો નષ્ટ કાર્ય પણ નથી અને ભવિષ્યની કારણતા પણ નથી.

**જો કે—આરાધનામાં પણ પર્વતિથિની ક્ષય-વૃદ્ધિને માનનારો આ વર્ગ, પર્વ તિથિનો ક્ષય માનીને ઉદયને અંગે થએલ અખંડ એવી અપર્વ તિથિમાં પણ ઉદયથી નિર્મૂલ એવી પર્વતિથિની આરાધના કરે છે, માટે તેણે તો પર્વતિથિની આરાધનાને અંગે કાર્ય-કારણભાવ બતાવવો રહેતોજ નહિં હોવાથી આ મુદ્દોજ વ્યર્થ છે.**

મુદ્દો ૪—**"क्षये पूर्वा तिथि कार्या"** અગર **क्षये पूर्वा तिथि ग्राह्या"**—એ આજ્ઞા જે પર્વતિથિ ઉદયતિથિરૂપે પ્રાપ્ત થતીજ ન હોય તેવી પર્વતિથિની માન્યતા અને આરાધનાનો દિવસ નક્કી કરવા માટેજ છે કે ક્ષીણ પર્વતિથિના ક્ષયના બદલામાં તે ક્ષીણ પર્વતિથિની પૂર્વે જે કોઈપણ અપર્વ તિથિ આવતી હોય તેનો ક્ષય કરવાને માટે છે ?

**સમાલોચના—'क्षये पूर्वा तिथिः कार्या' એ વિધિવાક્ય છે, અને તે ક્ષીણ પામેલી પર્વતિથિને પૂર્વ અપર્વતિથિના દિવસે આખા અહોરાત્રમાં કાયમ કરનાર છે.**

સંતોષની એ વાત છે કે-એ વર્ગમાં પણ **क्षये पूर्वा**૦ના વાક્યથી ઉપર મુજબ પર્વતિથિના ક્ષય વખતે પ્રથમ દિવસે-પૂર્વની અપર્વતિથિના દિવસે તે ક્ષીણ પર્વતિથિપણાની (નહિં કે આરાધનાની) માન્યતા ધરાવવાનું કબુલ કરે છે. શ્રાદ્ધવિધિ ગ્રંથમાં પર્વકૃત્ય વિભાગમાં આવેલા તે—**क्षये पूर्वा**૦ના પદ્યાર્ધની ઉત્પત્તિ શા માટે થઇ છે, એ વિચારવાની ઘણીજ જરૂર છે. **'क्षय'** શબ્દ, એ 'સંબંધી' શબ્દ છે. અને તેથી તેની સાથે સંબંધ રાખનારો બીજો શબ્દ લેવોજ પડે, આ વાતને અનુલક્ષીને (શ્રી શ્રાદ્ધ વિધિગ્રંથના પર્વ સંબંધીના એ આખાયે વિભાગનું નામ પર્વ-કૃત્ય પ્રકાશ હોવાથી તથા **क्षये पूर्वा**૦ પદ્યાર્ધ **तिथिश्च प्रातः**૦ એવા પદથી શરૂ થયેલા પ્રકરણમાં હોવાથી ) માનવું પડશે કે **क्षये पूर्वा**૦નો અર્થ 'પર્વ તિથિનો ક્ષય હોય તો' એમજ થાય. **આ ચર્ચાનો મુખ્ય આધાર क्षये पूर्वा૦ના આ પ્રઘોષ ઉપરજ હોવાથી તે બાબત અત્ર નીચે પ્રમાણે વિસ્તારથી વિવેચન આવશ્યક બને છે.**

હવે જ્યારે સૂર્યઉદયને નહિ સ્પર્શનારી પર્વતિથિ હોય અને તેથી લોક લોકોત્તર બંને રીતિએ તેનો ક્ષય ગણાતો હોય તેવા વખતે તે પર્વતિથિનો ક્ષયજ જો ઇષ્ટ હોય તો **क्षये पूर्वा**૦ પદ્યાર્ધના આ પહેલા પાદની જરૂરજ નહોતી, અર્થાત્ જેઓ તિથિની સંખ્યામાં ન્યૂનતા માનવાને તૈયાર થાય તેઓને આ પાદની નિષ્પ્રયોજનતા સ્વીકારવીજ પડે. વળી પાદમાં જણાવવામાં આવે છે કે **'पूर्वा तिथिः कार्या (तिथिर्ग्राह्या)'** એ પદોનો શાસ્ત્રને અનુસરતી સિધી બુદ્ધિએ વિચાર કરનારને તો સ્પષ્ટ શમજાય તેમ છે કે તે-ક્ષય પામેલી પર્વતિથિનું સ્થાન પૂરવા માટેજ **'पूर्वा तिथिःकार्या (तिथिर्ग्राह्या)'** એ પદો રચવા પડે. એટલે સામુદાયિક એ પદ્યાર્ધનો અર્થ ન્યાયદૃષ્ટિએ એજ કરવો પડે કે-જ્યારે પણ ટીપણામાં પર્વતિથિનો ક્ષય હોવાથી પર્વતિથિ શૂન્યતાને પામે ત્યારે પહેલાંની તિથિનેજ પર્વતિથિપણે કહેવી અગર લેવી.

**આ વાતનેજ અનુલક્ષીને શાસ્ત્રકારોએ 'ક્ષીણ પર્વતિથિની પહેલાં જે અપર્વ તિથિની 'ઉદયને લીધે આખો અહોરાત્ર' સંજ્ઞા હતી તેનો અભાવ કરીને તે અપર્વ તિથિના આખા દિવસને તે ક્ષીણ પર્વતિથિની સંજ્ઞા આપવી' એમ કહેલું છે.**

જેઓ અજ્ઞાન આદિ કોઇપણ કારણથી **'पूर्वा तिथिः'** એ પદનો અર્થ 'પૂર્વની તિથિમાં' એવો કરે છે, અગર 'પૂર્વની તિથિમાં આરાધના કરવી' એવો અર્થ કરે છે-તેઓ ઉદયના અભાવે આવેલી પર્વતિથિની શૂન્યતાને અને **पूर्वा**ના તિથિના અધિકારને સમજતા નથી એમ માનવું જોઇએ, અગર સમજ્યા છતાં કોઈ અગમ્ય કારણથી બીજી રીતે બોલે છે એમ ગણાવું જોઇએ.

**ક્ષયે પૂર્વા૦ ના પાઠથી જ્યારે ઉદયના અભાવથી ક્ષીણ થયેલી પર્વતિથિને પણ પર્વતિથિની સંજ્ઞા આપીને ઉભી રાખવી એજ વાત શાસ્ત્રકારોને ઈષ્ટ છે, તો પછી તેમ સંસ્કાર કરીને તે ક્ષીણ પર્વતિથિનેજ ઉભી રાખવા જતાં 'તે ક્ષીણ પર્વતિથિની પૂર્વવર્તી પણ કદાચ કોઇ અપર્વને બદલે પર્વતિથિ હોય અને તે' પૂર્વવર્તી પર્વતિથિજ નષ્ટ થઇ જતી હોય તો તેમ થવા દેવું એ તો શાસ્ત્રકારોને કોઇપણ વાતે ઈષ્ટ ન હોય એ તો સહજ છે.**

એટલે પર્વાનન્તર પર્વના ક્ષયની વખતે **ક્ષયે પૂર્વા૦** નો વિધિસંસ્કાર તેવા સ્થળે ફરી પણ પ્રવર્તાવવોજ પડે. અને તેથી શ્રી દેવસૂરતપાગચ્છનો સમગ્ર સંપ્રદાય પર્વાનન્તર પર્વના ક્ષયની વખતે પૂર્વતર અપર્વતિથિનો ક્ષય કરતો આવ્યો છે અને કરે છે, તે યુક્તિયુક્તજ છે. કારણ કે એમ કરવાથીજ શાસ્ત્રકારોએ ઈષ્ટ માનેલી એવી પર્વસંખ્યા ક્ષય-વૃદ્ધિ પ્રસંગે પણ નિયત રહે છે.

**પૂર્ણિમા કે આમાવાસ્યા કે જે પર્વાનન્તર પર્વતિથિઓ છે. તેના ક્ષયે ચૌદશ-પુનમ કે ચૌદશ અમાવાસ્યા એકઠી કરવાનું જે એ વર્ગે પાંચ સાત વર્ષથી પ્રર્તાવેલું છે તે 'યોગ્ય છે' એમ દર્શાવનાર એક પણ વચન હજુ સુધી એ વર્ગ તરફથી આખા વિષયમાં જણાવવામાં આવેલુંજ નથી.**

કોઇ મનુષ્ય '**हरी अंत्र**' વાકય દેખીને-'અહિં સંધી નહિ કરનારે ભૂલ કરી છે.' એમ કહેવા તૈયાર થાય. અર્થાત્ અસંધી સંબંધિના અપવાદને ન સમજી શકે અને એમ બોલે. તેવી રીતે પર્વતિથિની પર્વસંખ્યા નિયત કરવા માટે શાસ્ત્રકારોએ કરેલા અપવાદને ન સમજતાં જેઓ એકલા ઉદયને આગળ કરે તેની દશા-સ્થિતિ પણ વિદ્વાનોમાં તેવીજ ગણાય.

મુદ્દો-૫ "**वृद्धौ कार्या तथोत्तरा**" અગર "**वृद्धौ ग्राह्या तथोत्तरा**" એ આજ્ઞા જે પર્વતિથિ એ સૂર્યોદયને સ્પર્શનારી બનીને બીજા સૂર્યોદયવાળા દિવસે સમાપ્તિને પામેલી હોય, તે પર્વતિથિની આરાધના તે પર્વતિથિના બીજા સૂર્યોદયવાળા દિવસે નક્કી કરવાને માટે છે, કે વૃદ્ધા પર્વતિથિના બદલામાં તે વૃદ્ધા પર્વતિથિની પૂર્વે જે કોઈપણ પહેલી અપર્વતિથિ આવતી હોય તેની વૃદ્ધિ કરવાને માટે છે ?

**સમાલોચના-"वृद्धौ कार्या तथोत्तरा" એ નિયમ વાકય છે. અને તેથી પર્વતિથિની વૃદ્ધિ વખતે પહેલી તિથિનું પર્વતિથિપણાનું નામ ઉડી જાય છે.**

'**वृद्धौ कार्या तथोत्तरा**' એ વાકય ત્યારેજ જરૂર ગણાય કે-જ્યારે પર્વતિથિની શાસ્ત્રકારોને અધિકતા ઇષ્ટ ન હોય. જો તિથિને બદલે આરાધનાને અંગેજ આ વાકય લેવામાં આવે તો આરાધનાની અધિકતા કોઈ પણ દિવસે શાસ્ત્રકારોએ અનિષ્ટ ગણી નથી કે જેથી આરાધનાનું

બેવડાપણું થતું નિવારવા માટે આ વાકય કહેવું પડે. આરાધના માટે તો **'सव्वेसु कालपव्वेसु'** એમ કહીને હંમેશાં આરાધના કરવાનું શાસ્ત્રકારો ઉચિતપણુંજ માને છે. વળી શ્રીતત્વાર્થભાષ્યકાર શ્રીઉમાસ્વાતિજી મહારાજ વિગેરે તો ફરજીયાત પર્વતિથિ સિવાયની પડવા આદિ તિથિમાં પણ પૌષધ વિગેરે આરાધવાનું ફરમાવીને સર્વકાળે પૌષધાદિ આરાધનાની યોગ્યતાજ માને છે.

ટીપ્પણાની પર્વતિથિની વૃદ્ધિ પ્રમાણેજ આરાધનામાં પણ વૃદ્ધિ માનનારો વર્ગ પણ એવો કોઈપણ લેખ જણાવતો નથી કે "અષ્ટમી આદિ પર્વતિથિએ કરાતા પૌષધાદિ પર્વકૃત્યો અપર્વતિથિમાં કરે કે અધિકપણે કરે તો અમૂક શાસ્રકારો અમૂક પ્રાયાશ્ચિત જણાવે છે !"

વસ્તુતઃ **'वृद्धौ कार्या०'** એ વાકય આરાધનાની અધિકતાના નિવારણ માટે છેજ નહિં, પરંતુ પરિસંખ્યાત પર્વતિથિઓની સિદ્ધિ માટેજ છે. એટલે સ્પષ્ટ કહેવું જોઈએ કે-**'वृद्धौ'**-એટલે 'પર્વતિથિની લૌકીક ટીપ્પણામાં વૃદ્ધિ હોય ત્યારે' પર્વતિથિનું પરિસંખ્યાન ચલિત થઈ જાય છે તેથી તે ચલિત ન થવા દેવા માટે-ઉત્તરની તિથિજ પર્વતિથિ પર્વતિથિપણે કરવી કે ગ્રહણ કરવી.

આ કારણથીજ શ્રીહીરસૂરીજી મહારાજ અને શ્રીસેનસૂરિજી મહારાજ અષ્ટમી-એકાદશી-પૂર્ણિમા અને આમાવાસ્યા જેવી પરિસંખ્યાન કરવામાં આવેલી પર્વતિથિની ટીપ્પણાના વૃદ્ધિની વખતે બીજા દિવસની તિથિનેજ 'પર્વતિથિ કહેવા' ઔદયિકી ગણીને ચોવીશે કલાક ઉદયને લીધે થતી પર્વતિથિની સંજ્ઞા તે દિવસેજ કાયમ કરે છે.

એટલે સ્પષ્ટ સમજાય તેવી વાત છે કે—તેઓશ્રીએ તેવી પર્વવૃદ્ધિ વખતે પહેલી અષ્ટમી આદિને તો તે પર્વતિથિ તરીકે ઉદયને સ્પર્શનારીજ નહિ ગણી, તો પછી તેને અષ્ટમી તરીકે કહી શકાયજ કેમ ?

અને ન કહેવાય ત્યારે સૂર્યોદયને સ્પર્શનારી ગણેલી તે બીજા દિવસની અષ્ટમીઆદિથી પહેલાંનો કાળ સપ્તમીઆદિ તરીકેજ મનાય એ તો એક વ્યવહારસિદ્ધ હકીકત છે. અને તેથી તેવા અવસરે સાતમઆદિ અપર્વતિથિનીજ વૃદ્ધિ માનવી, તે પ્રઘોષ-પર્વતિથિના નિયમ-આરાધના અને ગ્રંથકારોનાં વચનને અનુકુલ છે, એમ કહેવાય.

આશ્ચર્યની વાત તો એ છે કે—આ વર્ગ આઠમની પર્વતિથિ (એવી વૃદ્ધિના વખતે) પહેલે દિવસે પણ છે, એમ માનવા તૈયાર થાય છે, અને આઠમઆદિ પર્વતિથિના નામે લીધેલા નિયમો રૂપ આરાધના કરવાનો તો તે દિવસે નિષેધજ કરે છે. અથવા તે દિવસે તે તિથિના નામે લીધેલા નિયમોથી વિરૂદ્ધ વર્ત્તનનું પ્રાયશ્ચિત માનવા કે કરવા એ વર્ગ તૈયાર થતો નથી.

એટલે કહેવું જોઇએ કે-એ વર્ગને દત્તક લીધાની તો કબુલાત છે. પરંતુ વારસાને માટે હક્કદાર (તે દત્તકને) માનવો નથી, એના જેવુંજ એ થાય છે.

પર્વતિથિઓનું પરિસંખ્યાન જ્યારે ઇષ્ટ છે, અને એને અંગે ઉપરોક્ત રીતીએ જો ટીપ્પણામાં આવેલી પર્વાન્તર પર્વતિથિની વૃદ્ધિ ન મનાય તો પછી **वृद्धौ कार्या**૦ના પ્રયોગને લીધે થયેલી પૂર્વવર્તિ પર્વતિથિની થવા પામતી વૃદ્ધિ, એ તો મનાયજ કેમ ? અને જો માનવામાં આવે તો તેમ માનનારની 'ઊકરડું કાઢતાં ઉંટ પેઠા' જેવી સ્થિતિ કેમ ન થાય ? એટલે જેમ એક પર્વની વૃદ્ધિમાં પૂર્વના અપર્વનીજ વૃદ્ધિ કરવી પડે તેમ પર્વાન્તર પર્વની ટીપ્પણામાં વૃદ્ધિ હોય ત્યારે પર્વની પૂર્વવર્તિ પર્વતિથિની પહેલાની અપર્વતિથિનીજ વૃદ્ધિ કરવી પડે. અને તેથીજ શ્રીદેવસૂર તપાગચ્છવાળાઓ પૂર્ણિમા અમાવાસ્યાની વૃદ્ધિએ હંમેશાં તેરસની વૃદ્ધિ કરતા હતા, અને એજ કારણથી વિ. સં. ૧૬૬૫માં 'ઉત્સૂત્ર ખંડન' ગ્રંથકાર ખરતરગચ્છવાળાએ એવી વૃદ્ધિ વખતે પ્હેલી પૂર્ણિમાએ કે પહેલી અમાસે પક્ખી ચૌદશ કરનાર તપાગચ્છને ઓળંભો આપવો પડયો છે. અર્થાત્ તપાગચ્છવાળાઓ પૂર્ણિમા કે અમાવાસ્યાની વૃદ્ધિએ તેરશનીજ વૃદ્ધિ કરીને જો પહેલી પુનમ કે પહેલી અમાસે ચૌદશ ન કરતા હોત તો ખરતરગચ્છવાળાઓ **'वृद्धौ पाक्षिकं क्रियते इदं किं'** એ ઓલંભોજ ન આપી શકે.

શ્રી તપાગચ્છની એ સમાચારીથી પાંચ સાત વર્ષથી જુદી રીતે વર્ત્તનારો વર્ગ, પર્વાન્તર પર્વતિથિની વૃદ્ધિની વખતે પૂર્વતર અપર્વતિથિ તેરસ આદિની થતી વૃદ્ધિના બાધક તરીકે એક પણ વાકય શાસ્ત્રમાંથી આપી શકેલ નથી.

મુદ્દો ૯—'તિથિક્ષય' એટલે 'તિથિનાશ' અને તિથિવૃદ્ધિ' એટલે 'બે અવયવોવાળી એકજ તિથિ નહિ, પણ એકમ બીજની જેમ એક બીજાથી ભિન્ન એવી બે તિથિઓ 'એવો અર્થ થાય કે નહિ ?

## સમાલોચના—સૂર્યોદયને નહિ સ્પર્શવાથી કે બે વખત સ્પર્શવાથી તિથિની હાની-વૃદ્ધિ થાય છે.

જૈન જ્યોતિષ અને પ્રાચીન જ્યોતિષ પ્રમાણે જે તિથિ જે દહાડે સૂર્યોદયને ન સ્પર્શતી હોય તે તિથિ તે દિવસે ઘણા ભોગવાળી હોય કે સમાપ્તિવાળી તોપણ તે ક્ષીણ થયેલીજ ગણાતી હતી, અને વર્ત્તમાન પંચાંગોમાં પણ તેમજ ગણાય છે. પરંતુ પ્રાચીન જ્યોતિષ કે જૈન જ્યોતિષમાં તિથિનું પ્રમાણ એક સરખું $\frac{?}{?}$ અંશ હોવાથી કોઈ દિવસ પણ પર્વતિથિની વૃદ્ધિ થતીજ ન હતી, પરંતુ વર્ત્તમાન લૌકિક ટીપ્પણાઓમાં તિથિની વૃદ્ધિ થાય છે.

વર્ત્તમાન ટીપ્પણામાંજ થતી એ તિથિવૃદ્ધિ બે સૂર્યોદયને સ્પર્શવાને લીધેજ થાય છે. સૂર્યોદયના સ્પર્શના આધારે ગણાતી તિથિ પણ તે દિવસના ચોવીશ કલાક નિયત થવાથી તે વૃદ્ધિ પામેલી તિથિને બે દિવસની બે તિથિઓજ માનવી પડે, અને તેથી ભિન્ન માનવીજ પડે. કદાચ તિથિઓની સંખ્યા 'પંદર' નિયત હોવાથી નામ માત્રની અપેક્ષાએ અવયવ મનાય તોપણ અયોગ્ય કહેવાય નહિ.

મુદ્દો ૭—માસવૃદ્ધિ અને તિથિવૃદ્ધિને અંગે આરાધનાના નિયમમાં સમાનતા છે કે નહિ ?

**સમાલોચના—તિથિને માટે 'क्षये पूर्वा तिथिः कार्याः वृद्धौ कार्या तथोत्तरा' એવા વિધિ અને નિયમનાં વાકયો છે, તેવાં વાકયો માસને અંગે શાસ્ત્રકારે કોઇ સ્થળે કહ્યા નથી. તેમજ માસ અનુષ્ઠાન તિથિની માફક પરિસંખ્યાત નથી.**

તિથિનું પ્રકરણ શરૂ કરીને શાસ્ત્રકારોએ **क्षये पूर्वा०** વિગેરે કહ્યું છે, માટે તે નિયમ તિથિનેજ લાગુ કરી શકાય. માસને માટે તો જો તેને મહીનાના નામે નિયમો લીધેલા હોય તો તે બન્ને મહિના પાળવાજ પડે. જેમકે ચોમાસી, છમાસિ અને વાર્ષીક તપમાં અધિક મહીનામાં તપસ્યા કરવીજ પડે છે. વધેલા મહીનામાં 'સ્વીકૃત' નિયમ ન પાળે તો તુટયોજ ગણાય, પણ લીધેલ નિયમ અધિક તિથિમાં ન પાળે તો તૂટતો નથી.

**સંવત્સરી પર્વ એ મહિનારૂપ નથી પણ મહિનામાંની તિથિરૂપ છે.**

મુદ્દો ૮—વૃદ્ધિના પ્રથમ માસને તથા પ્રથમ તિથિને નપુંસક કહેવાય કે નહિ ?

**સમાલોચના—વૃદ્ધિના પ્રથમ માસ કે પ્રથમ તિથિનું સર્વથાજ નપુંસકપણું નથી.**

જે તિથિવૃદ્ધિ પામેલી હોય તે તિથિ તેની અપેક્ષાએ નપુંસક ગણવા છતાં અન્યની અપેક્ષાએ નપુંસક ન ગણાય. જો અન્યની અપેક્ષાએ પણ નપુંસક ગણીએ તો દિવસના નિયમો પણ તેમાં કરવા જોઇએ નહિ; જેમ વધેલો શ્રાવણ કે ભાદ્રપદ માસ સંવચ્છરીની અપેક્ષાએ નપુંસક હોય છતાં તેમાં પક્ખી વિગેરે પર્વતિથિઓ નપુંસક ગણાતી નથી.

**કલ્યાણક તિથિઓને અંગે અધિક મહિનો આખોય નપુંસક છતાં કલ્યાણક પર્વ કરતાં પણ અધિક એવું પાક્ષિકાદિ તિથિનું કાર્ય તે મહિનામાં કરાય છે.**

મુદ્દો ૯—જે નપુંસક તિથિ પોતાનું ફલ (નિપજાવવાને) નીપજાવી શકવાને પણ અસમર્થ હોય, તે અન્યના તેથી પણ વધારે સમર્થ ફલને નીપજાવી શકે કે નહિ ?

**સમાલોચના—પોતાને માટે અસમર્થ પણ બીજાને અંગે વધારે ફળ નીપજાવી શકે.**

પુત્રોત્પાદનની અપેક્ષાએ અસમર્થ ગણાતા નપુંસકો પણ યુદ્ધ વિગેરેમાં ઈતર પુરૂષોથી પણ અસાધ્ય એવાં કાર્યો કરી શકે છે, તેમ વૃદ્ધિ તિથિ પોતાને માટે અસમર્થ હોય તેટલા માત્રથી બીજાને માટે પણ અસમર્થજ હોય એમ કહી શકાય નહિ. જો એમ ન લઇએ તો લૌકિક ટીપ્પણ પ્રમાણે અમાસ આદિની વૃદ્ધિ વખતે આરાધનામાં પણ બે અમાસ આદિ માનનાર વર્ગને પર્યુષણમાં 'ટીપ્પણાનુસાર બે અમાસ હોય અને ભા–શુ–બીજ કે ત્રીજનો ક્ષય હોય તો' તે વર્ગ તરફથી કહેવાતી પહેલી 'નપુંસક' અમાસે શું કલ્પધર જેવું અસમર્થ કાર્ય નહિ થાય ? નથી થતું ? અર્થાત્ થાયજ છે.

મુદ્દો-૧૦. પક્ષના (પંદર) ૧૫ રાત્રિ દિવસ અને ચતુર્માસ તથા વર્ષના અનુક્રમે ૧૨૦ અને ૩૬૦ રાત્રી-દિવસ ગણાય છે, તે તથા પર્યુષણાને અંગે વીસ રાત્રી સહિત માસ અને સીત્તેર રાત્રિ-દિવસ ગણાય છે તે વારની અપેક્ષાએ ગણાય છે કે તિથિ અને માસની અપેક્ષાએ ગણાય છે ?

**સમાલોચના-દિવસ, રાત્રિ, પક્ષ, ચતુર્માસ અને વર્ષના રાત્રિ-દિવસોનો વ્યવહાર કર્મમાસની અપેક્ષાએ છે.**

મુદ્દો-૧૧. માસ અને તિથિના નામોની અપેક્ષાએ પક્ખીના ૧૫, ચતુર્માસીના ૧૨૦ અને વર્ષના ૩૬૦ દિવસો બોલાય છે.

મુદ્દો-૧૧. દિન ગણવામાં જેમ એક ઉદયતિથિનો એક રાત્રિ-દિવસ ગણાય છે, તેમ એક ક્ષીણ તિથિનો પણ એક રાત્રિ-દિવસ અને એક વૃદ્ધા તિથિનો પણ એક રાત્રિ-દિવસ ગણાય છે કે નહિ ?

**સમાલોચના-કર્મમાસની અપેક્ષાએ ગણત્રીમાં નિરંશપણું હોય છે અને તેથી વૃદ્ધિહાનિ ગણાતી નથી.**

તિથિનાં નામોની અપેક્ષાએ તે ગણત્રી છે. કેમકે વ્યવહારનું અંગ કર્મમાસ છે અને કર્મ વર્ષ છે. અને તેના દિવસો અનુક્રમે ૩૦ અને ૩૬૦ નિરઅંશ હોવાથી ૩૦ અને ૩૬૦ ગણાય તેમજ પક્ષના પણ ૧૫ ગણાય. માસમાં તિથિનો ક્ષય હોય ત્યારે પણ ૩૦ અને વૃદ્ધિ હોય ત્યારે પણ ૩૦ અહોરાત્ર કોઈ દિવસ મળેજ નહિ.

મુદ્દો-૧૨. બીજ-પાંચમ-આઠમ-અગીયારસ-ચૌદશ-અમાસ-ભાદરવા સુદિ ૪ અને કલ્યાણક તિથિઓ પૈકી જે કોઈ પણ પર્વતિથિની વૃદ્ધિ હોય, તેને માટે બે બીજ આદિ મનાય, લખાય તો તેથી વિરાધનાને પાત્ર થવાય કે તેમ માનવા આદિને બદલે તે વૃદ્ધા તિથિની પહેલો જે પહેલી અપર્વતિથિ હોય તેને બે એકમ આદિ રૂપે મનાય, લખાય અને બોલાય તો મૃષાવાદ આદિ દોષોના પાત્ર બનાય ?

**સમાલોચના-પ્રાયશ્ચિત્તાદિ વિધિમાં આઠમ વિગેરે નહિ બોલનાર કે બે આઠમ વિગેરે બોલનાર શાસ્ત્રાજ્ઞાનો લોપક ગણાય.**

**'वृद्धौ कार्या तथोत्तरा'** એ વાકય પર્વતિથિની સંજ્ઞાનું નિયામક હોવાથી બે આઠમ વિગેરે 'પ્રાયશ્ચિતાદિ વિધિમાં' બોલનાર વર્ગ શાસ્ત્ર અને પરંપરાનો વિરાધકજ થાય. જ્યારે વ્યવહારની સત્યતા હોવાથી શાસ્ત્રકારોએ સ્થાપેલા વ્યવહારની અપેક્ષાએ-વૃદ્ધિ પામેલી પર્વતિથિની પહેલાંની અપર્વતિથિને બેવડી બોલવાવાળાજ સાચા અને આરાધક ગણાય. ભમરામાં ધોળો વિગેરે રંગ હોવાને લઇનેજ ભમરાને ધોળો કહેવા લાગે તે શાસ્ત્ર અને લૌકિક એમ બન્ને રીતીએ જુઠાજ ઠરે, અને વિરાધકજ ગણાય.'

મુદ્દો-૧૩. જે પર્વતિથિનો ક્ષય થયો હોય, તે પર્વતિથિની પૂર્વની તિથિ અપર્વતિથિ હોય તો તે અપર્વતિથિના એકજ દિવસે ગૌણ-મુખ્ય રીતિએ બન્નેય તિથિઓનો વ્યપદેશ થઈ શકે કે નહિ ?

**સમાલોચના-યવાંકુરન્યાયે અપર્વને દિવસે પણ આખો દિવસ ક્ષીણ એવી પર્વતિથિનોજ વ્યપદેશ થાય.**

પ્રાયશ્ચિત્તાદિ વિધિમાં શાસ્ત્રકારોએ પર્વતિથિના ક્ષયની વખતે પૂર્વની અપર્વતિથિની સંજ્ઞાનો નિષેધ કર્યો છે, અને તે દિવસે પર્વતિથિની સંજ્ઞાથીજ વ્યવહાર કરવાનો કહ્યો છે, માટે અપર્વતિથિનો વ્યપદેશ કરનાર અને મિશ્ર પર્વતિથિ કહેનાર વર્ગ શાસ્ત્રથી વિરુદ્ધજ ગણાય. વળી ઘઉંના અંકુરાને જો કોઈ હવાનો અંકુરો કે પાણીનો અંકુરો કહે તો તે જેટલો સાચો ગણાય તેટલો ગૌણપણાના વ્યપદેશને કરનારો સાચો ગણાય. અર્થાત્ પૃથ્વી આદિક કારણો છતાં પણ અંકુરનો વ્યપદેશ મુખ્ય ગોધૂમાદિકથીજ કરાય છે. અને તે ગોધૂમાંકૂરાદિ કહેવાય છે, તેવી રીતે પર્વતિથિની ક્ષય વખતે પૂર્વ અપર્વ તિથિમાં મુખ્યતા હોવાથી તે આખા દિવસને પર્વતિથિ તરીકેજ વ્યવહાર કરાય.

મુદ્દો ૧૪—જે પર્વતિથિનો ક્ષય થયો હોય તે પર્વતિથિની પૂર્વની તિથિ પણ જો પર્વતિથિ હોય તો પૂર્વની તે પર્વતિથિના દિવસે બન્નેય પર્વતિથિઓના આરાધક બની શકાય કે નહિ, તેમજ એક દિવસે બે કે બેથી વધુ પર્વોનો યોગ થઈ જતો હોય તો તે સર્વપર્વોના તે એકજ દિવસે આરાધક બની શકાય કે નહિ ?

**સમાલોચના-પરિસંખ્યાત પર્વતિથિઓમાં એક દિવસે બે પ્રર્વતિથિ મનાયજ નહિ, અષ્ટમી, ચતુર્દશી, આદિ પર્વતિથિઓ અહોરાત્રથી નિયત હોવાને લીધે બે પર્વતિથિ એકી દીવસે બોલાય પણ નહિ, તેમજ આરાધાય પણ નહિ.**

મુદ્દો-૧૫. ચોમાસી તપમાં પાક્ષિકના તપનો અને ચોમાસી પ્રતિક્રમણમાં પાક્ષિક પ્રતિક્રમણનો સમાવેશ થાય કે નહિ ?

**સમાલોચના—પક્ખી ચોમાસી અને સંવત્સરી એ ત્રણે પ્રતિક્રમણોમાં દેવસિક પ્રતિક્રમણ જુદું કરવું પડે છે, તેમજ દિવસ સંબંધી પ્રાયશ્ચિત્તનો કાઉસ્સગ્ગપણ જુદો કરવોજ પડે છે, માટે એક બીજાના તપ કે પ્રતિક્રમણનો એક બીજામાં સમાવેશ થાય નહિં.**

જો ચોમાસી પ્રતિક્રમણમાં પાક્ષિક પ્રતિક્રમણનો સમાવેશ કરવો ઈષ્ટ હોય તો પછી પક્ખી ચોમાસી અને સંવચ્છરી ને દહાડે આદ્યંતમાં જે દેવસી પ્રતિક્રમણ કરવું પડે છે તે કરવુંજ ન પડત. તેમજ પક્ખી, ચોમાસી અને સંવચ્છરી ને દહાડે તે તે દિવસના પ્રાયાશ્ચિત્તના અનુક્રમે

જે ૧૨-૨૦ અને ૪૦ લોગસ્સના કાઉસગ્ગ કરવામાં આવે છે. તદુપરાંત તે તે દિવસે તે તે દિવસ સંબંધીના પ્રાયશ્ચિત્તનો પણ કાઉસ્સગ્ગ જુદો કરવોજ પડે છે, એટલે એક બીજાના તપનો પણ એક બીજામાં સમાવેશ કરવો તે સપ્રમાણ ગણાયજ નહિં. કેટલાક પૂર્વાચાર્યોની માન્યતા તો પકખી પણ પહેલાં પૂર્ણિમાની હતી, એ શાસ્ત્રલેખોથી સ્પષ્ઠ છે.

મુદ્દો ૧૬—પહેલી પુનમે કે અમાસે ચતુર્દશીના આરોપ દ્વારા પાક્ષિક કે ચોમાસી માનવામાં આવે તો અનુક્રમે ૧૫ અને ૧૨૦ રાત્રિ-દિવસનું ઉલ્લંઘન, તથા ભાદરવા શુદિ પહેલી પાંચમે આરોપદ્વારા ભા. શુ. ૪ માની સંવત્સરી કરવામાં આવે તો ૩૬૦ રાત્રિ-દિવસનું ઉલ્લંઘન થાય કે નહિ ?

**સમાલોચના—તેરશ માનીને ચોમાસી કરે અને ત્રીજ માનીને સંવત્સરી કરે તેવા નવા વર્ગને તે તે દિન સંખ્યાનું ઉલ્લંઘન થાય અને તેથી અનંતાનુબંધી અને મિથ્યાત્વમાં જાય.**

ટીપ્પણાંની પહેલી પુનમ, અમાસ કે પાંચમની પ્રાયશ્ચિત્તાદિ વિધિમાં તે તે નામે સંજ્ઞાજ નહિં રહેતાં અનુક્રમે ચૌદશ અને ચોથનીજ સંજ્ઞા હોવાથી તે તે સંખ્યા પ્રમાણ રાત્રિ-દિવસનું ઉલ્લંઘન થતું નથી; પરંતુ ચોમાસી ચઉદશના ક્ષયની વખતે ઉદયવાળી તેરશ ગણીને જેઓ તે તેરશમાંજ ચોમાસી ચૌદશ માનનાર છે, તેને તે ૫૦ અને ૭૦ દિવસની 'શ્રી સંવચ્છરીને અંગે આગળ પાછળની' મર્યાદાનું ઉલ્લંઘન થાય છે; અને પકખી ૧૬મા દિવસે તેમજ ચોમાસી ૧૨૧મા દિવસે થવાથી પકખી અને ચોમાસીની મર્યાદાનું પણ ઉલ્લંઘન થાય છે.

એવીજ રીતે ભાદ્રપદ શુદિ ચોથના ક્ષયે સૂર્યોદયવાળી ત્રીજ માનીને તે ત્રીજને દિવસે ચોથ સંવચ્છરી કરનાર વર્ગને આગામી સંવચ્છરીએ પણ ૩૬૧ દિવસજ થતા હોવાથી મિથ્યાત્વાદિક દોષોમાં જવુંજ પડે છે.

મુદ્દો-૧૭. આરાધનાને અંગે, ક્ષયના પ્રસંગે ક્ષીણતિથિના ભોગવટાની સમાપ્તિ પૂર્વની તિથિના દિવસે હોય છે, અને વૃદ્ધિના પ્રસંગે વૃદ્ધા તિથિના ભોગવટાની સમાપ્તિ ઉત્તરા તિથિના દિવસે હોય છે એજ એક હેતુથી **"क्षये पूर्वा तिथिर्ग्राह्या (तिथिःकार्या) वृद्धौ ग्राह्या (कार्या) तथोत्तरा"** એવા કથન દ્વારા ક્ષયના પ્રસંગે પૂર્વાતિથિ, અને વૃદ્ધિના પ્રસંગે ઉત્તરાતિથિ ગ્રહણ કરવાની આજ્ઞા કરાઇ છે કે તેવી આજ્ઞા કરવામાં ભોગવટાની સમાપ્તિ સિવાયનો કોઇ હેતુ રહેલો છે ?

**સમાલોચના-ક્ષયમાં પૂર્વતિથિ અને વૃદ્ધિ પ્રસંગે ઉત્તરતિથિ લેવામાં ભોગ કે સમાપ્તિનો હેતુજ નથી.**

**ક્ષયે પૂર્વા૦** નાં એ વાકયો તિથિભોગ અને સમાપ્તિને અંગે નથી, પરંતુ અપર્વના સૂર્યોદયને પર્વનો સૂર્યોદય ગણવા અને વૃદ્ધિના પહેલા સૂર્યોદયને નહિ ગણવા માટે છે. જો એમ લેવામાં ન આવે અને ભોગવટાની કે સમાપ્તિની વાત લેવામાં આવે તો નવમી–પ્રતિપદ વિગેરેનો ક્ષય હોય ત્યારે અષ્ટમી અને પૂર્ણિમાને (ચૌદશના ક્ષયે એ વર્ગ અલ્પ ભોગવાળી તેરશની સમાપ્તિ લેખામાં નહિં લેતો હોવાથી તેરશને સમાપ્તિ વગરની ગણી લે છે તેમ) અલ્પભોગ અને સમાપ્તિ વગરના ગણીને પર્વતિથિનો બાધ કરવો પડે એટલે કે નવમીના ક્ષયે અષ્ટમીને અને પડવાના ક્ષયે પૂર્ણિમાને એ વર્ગથી માની શકાયજ નહિં. તેમજ જો એ **ક્ષયે પૂર્વા૦** વાકયો ભોગવટા અને સમાપ્તિને લીધે હોય તો એ વર્ગને જો પર્વતિથિઓ પ્રથમ દિવસે અધિક ભોગવાળી હોય તો તે દિવસે તે પર્વતિથિઓજ આખો દિવસ માનવી પડે.

મુદ્દો–૧૮. કલ્યાણક તિથિઓ એ પર્વતિથિઓ ગણાય કે નહિં ?

**સમાલોચના–કલ્યાણક તિથિઓ એ ફરજીઆત પર્વતિથિઓ નથી.**

અષ્ટમી આદિ તિથિઓ ફરજીયાત પર્વતિથિઓ છે, અને તે મુખ્યતાએ પૌષધ આદિકથી આરાધ્ય છે. કલ્યાણક તિથિઓ મરજીયાત છે, અને તે મુખ્યતાએ તપાદિકથી આરાધ્ય છે. એક દિવસે ઘણા કલ્યાણકો હોય છે પણ એકી દિવસે ઘણી પર્વતિથિઓ હોતી નથી. વળી કલ્યાણકોમાં ત્રણ–ચાર તિથિ સુધીજ પાછળ હઠવાનું પારંપરિક વિધાન પણ છે.

મુદ્દો–૧૯. ઉદય, ક્ષય અને વૃદ્ધિ સંબંધીના જે નિયમો ચતુષ્પર્વી, પંચપર્વી અને ષટ્પર્વીને લાગુ થાય તેજ નિયમો અન્ય સર્વ પર્વતિથિઓને પણ લાગુ થાય કે નહિ ?

**સમાલોચના–ઉદયાદિકના નિયમો ફરજીયાત પર્વતિથિ સિવાયની પર્વતિથિઓને ત્રણ કે ચાર વખત લાગુ પડે.**

પ્રાયશ્ચિત્તાદિ વિધિમાં પર્વતિથિના ક્ષય વખતે પૂર્વની અપર્વતિથિની સંજ્ઞાનો અભાવ કરીને આખા દિવસ માટે શાસ્રકારોએ તે ક્ષીણ પર્વતિથિનીજ સંજ્ઞા કાયમ કરી છે, તેવી રીતે કલ્યાણકોને માટે સ્પષ્ટ લેખ હોય તો તે જાહેર કરવો જોઈએ. એવો કોઈપણ જણાવ્યા વિનાનો સર્વ પર્વતિથિઓને માટેનો આ જાહેર કરાતો મુદ્દો માત્ર સાચી વાતને ગુંચવવા માટે ગણાય.

મુદ્દો ૨૦—પૂર્ણિમા અને કલ્યાણક તિથિઓ એ બેમાં અવિશેષતા છે કે વિશેષતા છે ?

**સમાલોચના—પૂર્ણિમા એ ફરજ્યાત ચતુષ્પર્વી માંહેની પર્વતિથિ છે, અને કલ્યાણક ફરજીયાત પર્વતિથિમાં નથી.**

મુદ્દો ૨૧—બીજ, પાંચમ, આઠમ, અગિયારશ અને ચૌદશે પરભવના આયુષ્યનો બંધ

પડવાની જેટલી અને જેવી સંભવિત(તા) છે, તેટલી અને તેવી સંભવિતતા પૂર્ણિમા, અમાવાસ્યા કે અન્ય કલ્યાણક તિથિઓ આદિએ ખરી કે નહિં ?

**સમાલોચના—પર્વતિથિએ આયુષ્યના બંધનો નિયમ જૈન જ્યોતિષના પ્રચાર વખતે ગણાયો હોય તે પ્રાયિક છે અને તે મૂળશાસ્ત્રોમાં ઉલ્લેખિત નથી.**

પરભવનું આયુષ્ય બાંધવા સંબંધી ફરમાન કરનારા જ્ઞાની પુરૂષોની વખતે કોઈપણ તિથિનીજ વૃદ્ધિ થતી ન હોતી તો પર્વતિથિની વૃદ્ધિ તો થાયજ ક્યાંથી ? હોયજ ક્યાંથી ? અને જો એમ હોય તો પછી આયુષ્યને બ્હાને સાચા વિષયને મરડી નાંખનારા આવા મુદ્દાથી ફાયદો પણ શું ?

બીજ વિગેરે પાંચ પર્વતિથિએ પ્રથમ તો આયુષ્યબંધ પ્રાયિક છે. તે પાંચ પર્વતિથિઓ સિવાય આયુષ્યબંધ નથી એવું એક પણ શાસ્ત્રવચન નથી. વળી આગમોક્ત વચન તો અષ્ટમી, ચતુર્દશી, પૂર્ણિમા અને અમાવાસ્યા માટેજ છે, અને ફરજીયાત આરાધના પણ તેનીજ છે, તે ચારે તિથિઓ ફરજીયાત આરાધ્ય હોવાથીજ તેનાં ફળને જણાવવાની જરૂર ન પડી. બીજ વિગેરે તિથિઓ આરાધનામાં વિવાદસ્થાન હોવાથી તેના ફળને જણાવવાની શાસ્ત્રકારોને ફરજ પડી છે.

શ્રાદ્ધવિધિ વિગેરેમાં સ્પષ્ટ શબ્દોથી પૂર્ણિમા અને અમાવાસ્યાને પણ તે તિથિઓની સાથેજ પર્વમાં જોડેલી છે. અને પૂર્ણિમા વિગેરેમાં આરાધના ન કરવાથી પ્રાયશ્ચિત જણાવ્યું છે. તેવું બીજ વિગેરે તિથિઓમાં આરાધના ન કરાય તો પ્રાયશ્ચિત્ત છેજ નહિં.

મુદ્દો ૨૨—તિથિદિન, માસ અને વર્ષ, આદિના નિર્ણયને માટે, જૈન ટિપ્પનક વ્યવચ્છિન્ન થવાના કારણે સેંકડો વર્ષો થયા લૌકિક પંચાંગજ મનાય છે અને તે માટે હાલ પણ આપણે લૌકિક પંચાગજ માનવું જોઇએ, એવું ફરમાન છે કે નહિં ?

મુદ્દો ૨૩—અમુક દિવસે અમુક તિથિ, ઉદયતિથિ, ક્ષયતિથિ કે વૃદ્ધિતિથિ છે; એ વિગેરેના નિર્ણયને માટે હાલ શ્રી જૈન શાસનમાં 'ચંડાશુ ચંડુ' નામનું લૌકિક પંચાંગજ આધારભૂત મનાય છે કે નહિં ?

**સમાલોચના—તિથિના નિર્ણય માટે સંસ્કાર પૂર્વકજ 'ચંડાંશુ ચંડુ' આજે મનાય છે.**

તિથિઓ આદિ માનવા પૂર્વક પર્વતિથિની હાની-વૃદ્ધિ વખતે જૈનશાસ્ત્ર પ્રમાણે સંસ્કાર કરીને ટિપ્પણાની ક્ષીણ અને વૃદ્ધિ તિથિને સંજ્ઞા આપીને નકકી કરવા માટે ૬૦-૭૦ વર્ષથી 'ચંડાશુ ચંડુ' મનાય છે, તે પહેલાંના પૂર્વકાળમાં બીજાંજ લૌકિક પંચાંગ એ માટે મનાતાં હતાં. જ્યોતિષ ગણિત પ્રમાણેજ જો પર્વતિથિ માનવાની હોત તો **'उदयंमि जा तिहि'** **'क्षये पूर्वा० वृद्धौ...तथोत्तरा०'** વિગેરે નિયમો શાસ્ત્રકારોએ કરવા પડતજ નહિં. **લૌકિક પણ**

**તથાવિધ યોગે સપ્તમીને અષ્ટમી તરીકે અને દશમીને એકાદશી તરીકે કહે છે અને આરાધે છે!** જેમકે:--

**રોહિણીનો મધ્યરાત્રીયોગ હોય તો બીજે દિવસે ઉદયયુક્ત અષ્ટમી હોવા છતાં પણ સાતમના દિવસે અષ્ટમી કહે છે અને આરાધે છે.**

મુદ્દો-૨૪. પૂર્ણિમા અને અમાવાસ્યા કરતાં ચતુર્દશી, અને ભાદરવા સુદ ૫ ના કરતાં ભા-શુ-૪ એ પ્રધાન પર્વતિથિ છે કે નહિ?

**સમાલોચના-ચતુર્દશી અને ચોથ સ્વસ્થાને અધિક છતાં પૂર્ણિમા વિગેરેનાં બાધને સહન કરી શકે નહિ.**

'ફરજ્યાત તિથિઓમાં પ્રધાન અપ્રધાનપણું શાસ્ત્રકારોએ જણાવેલું છે,' એ પ્રમાણે લેખ દેખાડયા સિવાય આ મુદ્દો વ્યર્થ છે. ફરજીઆત દરેક તિથિઓમાં પ્રધાનપણુંજ છે. ચઉદશ અને પૂર્ણિમા આદિ ફરજીયાત તિથિઓના પણ અનુક્રમે ક્ષય વખતે એ વર્ગ ભોગ અને સમાપ્તના બાને પૂર્વતિથિમાં તે તિથિને એક વખત આરાધે છે. અને એક વખત આરાધતો નથી. અર્થાત્ ચૌદશના ક્ષયે ઉદયયુક્ત તેરશ ઉભી રાખીને તે વર્ગ તે તેરશમાં ચઉદશ આરાધી લેવાનું કહે છે. અને પૂર્ણિમાના ક્ષય વખતે 'એ ન્યાયે ચૌદશ ઉભી રાખીને ચૌદશ તે ક્ષીણ પૂર્ણિમા આરાધવાને બદલે ઉદયયુક્ત ચૌદશમાં ચૌદશજ આરાધે છે. પૂર્ણિમાનું તો એ વખતે આરાધનાજ કરતા નથી.'

એ રીતે ટીપ્પણાની ભા-શુ-૪ ના ક્ષયે પણ એ વર્ગ ઉદયયુક્ત ત્રીજમાં ચોથ માને છે અને કરે છે. છતાં ભા-શુ-૫ ના ક્ષયે તો ઉદયયુક્ત ભા-શુ-૪ નુંજ તે દિવસે આરાધન કરે છે? પાંચમના આરાધનને તો અંજલીજ આપે છે.

પૂર્ણિમા અને અમાવાસ્યા કરતાં ચતુર્દશીનું અને ભા-શુ-૫ કરતાં ભા-શુ-૪ નું એ રીતે મનસ્વીપણેજ પ્રધાનપણું કહેનાર એ વર્ગ પુનમ, અમાવાસ્યા અને ભા-શુ-૫ ના ક્ષયે એવી ફરજીયાત તિથિનો અને તેના આરાધનનો એવા વખતે જે ક્ષય કરી નાંખે છે તે ન કરે, અને તેની માન્યતા અનુસારની ક્ષય વખતે ભોગ અને સમાપ્તવાળીજ તિથિ માનવાની વાતને અનુસરે તો સ્પષ્ટ છે, કે-એ વર્ગને ઉદયયુક્ત ચૌદશને દિવસેજ પૂર્ણિમા કે અમાવાસ્યાને તથા ભા-શુ-૪ ના દિવસેજ ભા-શુ-૫ માનવી અને કરવી પડે. અને એમ થાય એટલે એ વર્ગને ચૌદશ અને ચોથ રૂપ કહેવાતી પ્રધાન તિથિઓ પૂર્વદિને કરવી પડે. અને એમ થાય એટલે એ વર્ગને તિથિઓને માટે પ્રધાન અપ્રધાનપણાની વાત સ્વયં પડતી મૂકીને આરાધકપણામાં આવીજ જવું પડે.

મુદ્દો-૨૫. કાર્તિક પૂર્ણિમાના ક્ષયે કાર્તિક પૂર્ણિમાની યાત્રા ચતુર્દશીના ઉદયવાળા દિવસે થાય કે અન્ય કોઇપણ દિવસે થાય?

**સમાલોચના--કાર્તિકી પૂર્ણિમાની યાત્રા ટીપ્પણાની પૂર્ણિમાના ક્ષયે તેરશે**

**ચઉદિશ કરીને તેને બીજે દિવસે કરવાની શાસ્ત્રાજ્ઞા છે.**

આણસૂરગચ્છ, કે જે તપગચ્છની ચાલતી પરંપરાથી જુદો પડી પૂર્ણિમાની વૃદ્ધિએ પડવાની વૃદ્ધિ માનવા લાગ્યો હતો, તે પણ ટીપ્પણાની તે પૂર્ણિમાના ક્ષયે તો તેરશનો ક્ષયજ માનનાર હતો, એટલે જૈનશાસનને માનનાર કોઇપણ મનુષ્ય પૂર્ણિમાના ક્ષયે ચૌદશ–પૂનમ ભેળાં તો આ વર્ગની જેમ માનતોજ ન હોતો. વર્તમાનમાં પણ શાસનવર્તિ સમગ્ર લોકો ટીપ્પણાની પૂર્ણિમાના ક્ષયે પ્રાયશ્ચિતાદિ વિધિમાં તેરશનો ક્ષય માનતા હોવાથી તેમને તો તે ક્ષીણ પણ પૂર્ણિમા અખંડ રહે છે. અને તેથી તેમને 'કયે દિવસે યાત્રા થાય અને કયે દિવસે યાત્રા ન થાય ?' એમ એ વર્ગની માફક વિચારવાનું રહેતુંજ નથી 'યાત્રા' એ ચોમાસી પછીનું કર્તવ્ય હોય તો તેની પૂર્ણિમાના દિવસની નિયતતા રહે અને ચૌદશના દિવસે નજ થાય. અને તેમ ન હોય તો પણ ચૌદશે યાત્રા કરનારને પીકેટીંગ કરીને કોણ રોકવા બેસે છે ?

**જો કે આ મુદ્દાને ચાલુ ચર્ચા સાથે કોઇપણ જાતનો સંબંધ છેજ નહિં, છતાં અહિં એ વર્ગે લખ્યો છે માટે સમાલોચના કરી છે.**

## ઉપસંહાર

૧. એ વર્ગ સં. ૧૯૯૧ સુધી ટીપ્પણામાં આવતી પર્વતિથિની હાની–વૃદ્ધિની વખતે જૈન-શાસ્ત્ર અને પરંપરાને આધારે પૂર્વ કે પૂર્વતર અપર્વ તિથિની હાનિ–વૃદ્ધિ માનનારો, કહેનારો અને આરાધનારો હતો. અને પછી એ વર્ગ ટીપ્પણા પ્રમાણેજ પર્વતિથિની હાનિ–વૃદ્ધિને કહેનારો માનનારો અને આચરનારો થયો છે.

૨. હવે જ્યારે તેઓને એમજ ઇષ્ટ છે તો પછી તે વર્ગે પોતાના ઇશ્યુઓ–મુદ્દાઓમાં 'શાસ્ત્રકારો પર્વતિથિની હાનિ–વૃદ્ધિએ પૂર્વ કે પૂર્વત્તર અપર્વ તિથિની હાનિ–વૃદ્ધિ કરીને પર્વતિથિ કહેવાનું અને માનવાનું કહે છે કે કેમ ? અને કહે છે તો તે સાચું છે કે કેમ ? એ બાબતના ખુલાસા કરવા જોઇતા હતા, પરંતુ એ વર્ગના આ ૨૫ ઇશ્યુ–મુદ્દામાંથી એક પણ ઇશ્યુ એ વાતને સીધી રીતે સ્પર્શનારોજ નથી.

૩. એ વર્ગે આપેલા આ ૨૫ ઇશ્યુ–મુદ્દાઓને પણ અનુકુળ ન હોઇ ને ચાલુ વિવાદ જે 'પર્વતિથિની ટીપ્પણામાં આવતી હાનિ–વૃદ્ધિને અંગે પૂર્વ કે પૂર્વત્તર અપર્વ તિથિની હાનિ–વૃદ્ધિ કરીને પર્વતિથિની સંજ્ઞા અને માન્યતા કરવી યોગ્ય નથી, એ બાબત સાબીત થાય તેવા પુરાવા આપ્યાજ નથી ?

૪. એટલે એ સર્વે પુરાવાઓ મુળ મુદ્દાને અડકયા સિવાયજ ચાલ્યા છે એમ માનવું જોઇએ.

**આનન્દસાગર સહી. દ. પોતે**

તા. ૫–૧–૪૩.

**શ્રી દેવસૂર તપાગચ્છમાં કઇ સદીઓની પરંપરાથી પંચાંગમાં આવતી પર્વતિથિ કે પર્વાનન્તર પર્વતિથિના હાનિ-વૃદ્ધિના પ્રસંગે પૂર્વ કે પૂર્વત્તર અપર્વતિથિની હાનિવૃદ્ધિ થતી હતી અને થાય છે તેનાથી વિરૂદ્ધ થયેલા વર્ગે આપેલા શાસ્ત્રપાઠોની**

# —: સમાલોચના :—

ચંડાશુચંડુ નામના લૌકિક પંચાંગમાં પર્વ કે પર્વાનન્તર પર્વતિથિની હાનિ-વૃદ્ધિ આવે છે, ત્યારે શ્રી દેવસૂર તપાગચ્છસંઘ પૂર્વ કે પૂર્વતરની અપર્વતિથિની હાનિ-વૃદ્ધિ કરતો આવ્યો છે અને કરે છે તેનાથી એ વર્ગ વિ. સં. ૧૯૯૧ પછી જુદો પડયો છે અને તે વર્ગ—

(૧) ટીપ્પણામાં આવતા પર્વ કે પર્વાનન્તર પર્વતિથિના ક્ષયની વખતે એક અપર્વતિથિને દિવસે કે એક પર્વતિથિને દિવસે બે તિથિ કે બે પર્વતિથિ માનવા અને આરાધવાનું કહેવા માનવા લાગ્યો છે, તેમજ

(૨) વૃદ્ધિની વખતે શાસ્ત્રકારોએ જણાવેલો 'પર્વાનન્તર પર્વોને અનન્તરપણે રાખવાનો **क्षये पूर्वा०** નો નિયમ નહિ માનતાં એ વર્ગ હવેથી અનુષ્ઠાન વિશેષે છઠ્ઠ કરવાના સ્થાનરૂપ બે પર્વતિથિના નિરન્તરપણાને માનવાની ના પાડે છે. આમ છતાં પોતાના તેવા પણ મંતવ્યને સાબીત કરવા માટે તે વર્ગે પોતાના પચીસ મુદ્દાઓના આ પુરાવાઓમાં શાસ્ત્રના જે પાઠો આપ્યા છે તે પાઠોમાંનો એક પણ પાઠ તે બેમાંથી એક પણ વસ્તુને સાબીત કરતો નથી.

આ વસ્તુ સવિસ્તર જણાવવા માટે એ વર્ગે આપેલા ચર્ચાગ્રન્થોનાજ પણ કહેવાતા આ પૂરાવા ઉપર સ્વતંત્ર દ્રષ્ટીપાત કરવાની જરૂર ઘણી છે. અને તેથી તે વર્ગના આપેલા પૂરાવાઓમાંના નંબરવાર પાઠો અને તેનું સ્પષ્ટીકરણ નીચે મુજબ અનુક્રમસર અપાય છે—

**એ વર્ગના પૂરાવાના પાઠ-૧**

**तिथिश्चप्रातः प्रत्याख्यानवेलायां यःस्यात् सः प्रमाणं सूर्योदयानुसारेणैव लोकेऽपि दिवसादि व्यवहारात् । आहुरपि—**

**चाउमासिअवरिसे, पक्खियपञ्चट्ठमीसु नायव्वा ।**
**ताओ तिहिओ जासिं, उदेइ सूरो न अण्णाओ ॥१॥**
**पूआ पच्चक्खाणं, पडिक्कमणं तहय नियमगहणं च ।**
**जीए उदेइ सूरो, तीइ तिहिए उ कायव्वं ॥२॥**
**उदयंमि जा तिही सा पमाणमिरीइ कीरमाणीए ।**
**आणाभंगणवत्था मिच्छत्तविराहणं पावे ॥३॥**

(શ્રાદ્ધ વિધિ મુદ્રિતપ્રત પૃ-૧૫૨; એ વર્ગના આપેલા પુરાવા સિ૦ પાનું ૯૩)

સ્પષ્ટીકરણ-૧

આ પાઠ-પ્રત્યાખ્યાન વખત અને સૂર્યોદયની વખતેજ તિથિનો આરંભ થાય તેમ જણાવે છે, તો પછી એક દિવસે બે સૂર્યોદય કે બે પ્રત્યાખ્યાનના વખતો હોયજ નહિં. અને તેથી એક દિવસે બે તિથિ મનાય નહિં. અને તેનો વ્યવહાર પણ થાયજ નહિં એ સાફ સમજાય તેમ હોવાથી આ પાઠો એ વર્ગની માન્યતાને સીધા ઘાતક છે. વળી આ પાઠની આગળજ એ શ્રીશ્રાદ્ધવિધિમાં નીચે પ્રમાણેનો પાઠ છે, જે તે વર્ગે એ સ્થળે આપ્યો નથી, તે નિચે મુજબ છે—

**એ વર્ગે પૂરાવામાં નહિં રજુ કરેલો પાઠ**

**उमास्वातिवचः प्रघोषश्चैवं श्रूयतेः—**

**'क्षये पूर्वा तिथिः कार्या, वृद्धौ कार्या तथोत्तरा'**

અર્થાત્ પર્વતિથિનો ક્ષય હોય ત્યારે પર્વતિથિપણે પહેલાની તિથિ કરવી, અને પર્વતિથિની વૃદ્ધિ હોય ત્યારે બીજી તિથિનેજ પર્વતિથિપણે કરવી. આ પ્રઘોષ ઉપલા પાઠનો અપવાદ છે. અને અપવાદ એ ઉત્સર્ગ કરતાં પહેલો પ્રવર્તે છે. માટે ક્ષય વૃદ્ધિના પ્રસંગમાં આ અપવાદ પાઠ નહિં આપતાં તે બાધિત પાઠ આપવામાં એ વર્ગે સમજણ વાપરવી જોઈતી હતી. (આ પાઠ સમજે તો એ વર્ગ 'સાતમ આઠમ' તેરશ ચૌદશ' ચૌદશ પૂનમ કે ચૌદશ અમાવાસ્યાને હવે ભેળા કરવાનું કહે છે તે કોઈ દિવસ કહેવા તૈયાર થાય નહિં.)

એ વર્ગે આપેલા પણ ઉપરના શ્રાદ્ધ વિધિના પાઠોમાં શાસ્રકારે **सूर्योदयानुसारेणैव लोकेऽपि०**— એ પાઠથી લોકને અનુસારે દિવસનો વ્યવહાર ઉદયના આધારે લીધો છે. માટે પણ એક દિવસમાં બે તિથિ માની શકાય નહિં.

**એ વર્ગના પૂરાવા પાઠ-૨.**

**क्षीणमपि पाक्षिकं चतुर्दशीलक्षणं पूर्णिमायां प्रमाणं न कार्य, तत्र तद्भोगगन्धस्याप्यसंभवात्**

(**तत्वतरंगिणीमुद्रित पृष्ठ ३;** એ વર્ગના આપેલા પૂરાવા સિદ્ધ૦ પા૦ ૬૫.)

સ્પષ્ટીકરણ-૨

ચતુર્દશીના ક્ષયે ખરતરગચ્છવાળાઓ 'પૂનમને દિવસે પૂનમ માને છે અને ચૌદશનું કાર્ય કરે છે. તેને અંગે શ્રીતત્વતરંગિણીકારનું એ કથન છે એટલુંજ નહિં, પરન્તુ તેઓ ખરતર ગચ્છવાળાઓ તિથિ માનવામાં ભોગની બહુલતારૂપી હેતુ 'વિધિ પ્રપા' વિગેરે ગ્રન્થોમાં આપે છે. માટે તત્વ-તરંગિણીકારે એ ખરતરગચ્છવાળાને એ સ્થળે તિથિ બાબત ભોગનો અસંભવ જણાવ્યો છે, વસ્તુતઃ તિથિનો ભોગ, એ તિથિના વ્યપદેશનું કારણજ નથી. કેમકે સાતમ વિગેરે તિથિઓમાં આઠમ વિગેરે પર્વતિથિના ભોગો, ઘણી વખત મોટા પ્રમાણમાં હોય છે; વળી અષ્ટમી આદિને

દિવસે પણ નવમી આદિના ભોગો ઘણી વખત અને ઘણા મોટા પ્રમાણમાં હોય છે. એથી જો ઘણા ભોગવાળીજ તિથિને તિથિ તરીકે માનવામાં આવે તો ઉદયયુક્ત સાતમે આઠમ અને આઠમે નોમજ માનવી પડે. એ તો એ વર્ગને માન્ય નથી. માટેજ શ્રીતત્વતરંગિણીકારે અત્ર આપેલો ભોગનો હેતુ માત્ર પ્રતિવાદીની માન્યતાથી અપેક્ષાએ લેવામાં આવેલો છે, તે સ્પષ્ટ સમજાય તેવું છે. (જેમ જૈનો કોઈપણ પુદ્ગલના સંયોગને અનાદિકાલીન માનતા નથી, છતાં જૈનો તરફથી મોક્ષને નહિ માનનારા મીમાંસકોને મોક્ષની સિદ્ધિને માટે **'काञ्चनोपलसंयोग'**નું દ્રષ્ટાન્ત કાંચન અને ઉપલના સંયોગને અનાદિ ગણીને કહેવામાં આવે છે (કેમકે મીમાંસકો તેમ માને છે) તેમ ભોગવાળી તિથિને નહિ માનનારા તપગચ્છવાળાઓ અત્ર ભોગવાળી તિથિને માનવાવાળા ખરતરને તિથિના ભોગની વાત કહે છે; નહિં કે પોતાની પણ તેવી માન્યતા છે એમ રજુ કરે છે.)

**એ વર્ગના પૂરાવા પાઠ-૩**

**चतुर्दशीपौर्णमासी चेत्युभे अप्याराध्यत्वेन सम्मते स्तस्तद्यदि भवदुक्तरीतिराश्रीयते तर्हि पौर्णमास्येवाराधिता, चतुर्दश्यांश्चाराधनं दत्तांजलीव भवेत्**

(**तत्त्वतरंगिणी मुद्रित प्रत पृ. प**; એ વર્ગના આપેલા પૂરાવા સિ૦ પાનું ૯૫)

**સ્પષ્ટીકરણ-૩.**

આ પાઠનો પૂરાવો તેઓજ આપી શકે કે જેઓ બંને પર્વને પૃથક્‌માનીને બંને પર્વ તિથિની આરાધના પૃથક્‌જ માનતા હોય, એ વર્ગ ટીપ્પણાની પુનમના ક્ષયે ચૌદશ અને પૂનમને ભેળા માનીને જે એકજ દિવસે બંને પર્વતિથિની આરાધના કરવા માગે છે, તે આ પાઠ વિચારે અને માને તો પોતાનું મન્તવ્ય ભૂલ ભરેલું છે એમ એમનેજ સ્પષ્ટ માલમ પડે તેમ છે.

(બંને પર્વતિથિઓની સ્વતંત્ર અને લાગલાગટ આરાધના કરવા માટે શ્રી દેવસૂર તપાગચ્છ પર્વાનન્તર પર્વની તિથિની હાનિ-વૃદ્ધિ વખત પૂર્વતર અપર્વતિથિ (તેરશ)ની હાનિ-વૃદ્ધિ કહે છે અને કરે છે તે આ પાઠથી પણ વ્યાજબીજ થાય છે).

**એ વર્ગના પૂરાવા પાઠ-૪.**

**नन्वेवं पौर्णमासीक्षये भवतामपि का गतिरिति चेत्, अहो विचारचातुरी, यतस्तत्र चतुर्दश्यां द्वयोरपि विद्यमानत्वेन तस्याऽप्याराधनं जातमेवेति जानताऽपि पुनर्नोद्यते ? । न च तत्रारोपिता सती पूर्णिमाऽऽराध्यते, यतस्त्रुटितत्वेन चतुर्दश्यां पौर्णिमास्या वास्तव्यैव स्थितिः, युक्तिस्तु तत्रोक्ता वक्ष्यते च क्षीणतिथि वृद्धितिथि साधारणलक्षणावसरे इति । भवता तु त्रुटित चतुर्दशीपूर्णिमायां बुद्ध्याऽऽरोप्याऽऽराध्यते, तस्यां तद्भोगगन्धाभावेऽपि तत्त्वेन स्वीक्रियमाणत्वात्, आरोपस्तु मिथ्याज्ञानं,**

यदुक्तं.............तत्राद्य एकस्मिन् दिने द्वयोरपि कल्याणकतिथ्योर्विद्यमानत्वेन तदाराधकोऽपि समनंतरोत्तरदिनमादायैव तपःपुरको भवति, नान्यथा, यथा पूर्णिमापाते पाक्षिकचातुर्मासिकषष्ठतपोऽभिग्रहीति, द्वितीयस्तु भविष्यद्वर्षतत्कल्याणकतिथियुक्तदिनमादायैवेति नात्र शङ्कावकाश इति, युक्तिरिक्तत्वात् न च खमूचित्वमेव शङ्काज्वर नाशौषधीति गाथार्थः ॥

[यथा पूर्णिमापाते चातुर्मासिकषष्ठतपोऽभिग्रही अपर दिनमादायैव तपः पुरकः द्वितीयस्तु भविष्यद्वर्षतत्कल्याणकतिथियुक्तं दिनमादायैवेति न किंचिदनुपपन्नम् अत्र तव तावद्युक्तिरिक्तत्वात् खमूचित्वमेव शङ्काज्वरनाशौषधीति गाथार्थः]

(तत्वतरंगिणि मुद्रित पृष्ठ ८–६ः એ વર્ગના આપેલા પૂરાવા પાનું સિદ્ધ૦ ૯૬–૯૭)

સ્પષ્ટીકરણ ૪.

ઉપર જણાવેલા પાઠોના એ વર્ગે ભાવ કે અર્થ પૃથક્ આપ્યાજ નથી, અને આ પાઠનો અર્થ સારા વિસ્તાર રૂપે અગાઉ અનેકવાર આપ્યા છતાં એ વર્ગ તરફથી 'ભાવ'ના નામે કેમ આગળ થવાય છે; એ આ લખાણ સમજનારને સ્હેજે સમજાય તેમ છે.

(अ) ननु० એ અવયવથી જે શંકા શરૂ કરવામાં આવે તે શંકા શા કારણથી કરવામાં આવી છે? એ વસ્તુને એ વર્ગ વિચારે એ ઘણું જરૂરી છે. સામાન્ય નિયમ છે કે. 'या या शंका स्यात् सा सा पूर्वग्रन्थस्य उपरि' અર્થાત્ જે કાંઇપણ શંકા કરવામાં આવે તે પહેલાના વિધિ નિષેધ વિકલ્પ કે નિયમાદિ ઉપરજ હોય એટલે આ શંકાની પહેલાનો પાઠ એવો છે કે–

किं किमप्यष्टम्या रहोवृत्त्या समर्पितं यन्नष्टाऽप्यष्टमी परावृत्त्याभिमन्यते, पाक्षिकेण च किमपराद्धं यत्तस्य नामापि न सह्यते इति (तत्त्वतरंगिणी मु० पृ. ८)

શાસ્ત્રકાર ખરતર ગચ્છવાળાઓને કહે છે કે આઠમની પર્વતિથિએ તમને શું ખાનગીપણે (લાંચ તરીકે) કંઈ આપ્યું છે, કે જેથી ક્ષય પામેલી અષ્ટમીને (સાતમનું) પલટાવવું કરીને પણ માનો છો? (અને જો ત્યાં ફેરવીને પણ ક્ષીણ પર્વતિથિ માનો છો તો પછી પાક્ષિક એટલે ચૌદશે તમારો શો અપરાધ કર્યો છે કે જેથી તેનું (ચૌદશનું) નામ પણ સહન કરતા નથી?")

આ વસ્તુ જો એ વર્ગ વિચારે તો તેને સ્પષ્ટ માલમ પડે કે શાસ્ત્રકાર પર્વતિથિના ક્ષય વખતે પર્વતિથિને ક્ષીણ માનીને એકલી આરાધનાને વળગતાજ નથી. અર્થાત એવા વખતે શાસ્ત્રકારો પ્રથમ તો પર્વતિથિજ નક્કી કરે છે. કેમકે ખરતરો ચૌદશના ક્ષયે પુનમે, પુનમને દિવસે ચતુર્દશીનું કર્તવ્ય જે પાક્ષિક પ્રતિક્રમણાદિ આરાધના છે, તેને તો તેઓ કરેજ છે. માત્ર તે દિવસે ચતુર્દશીની આરાધના કર્યા છતાં તે દિવસને ખરતરો ચૌદશ નહિ માનતાં પુનમ માને છે, તેનોજ શાસ્ત્રકારે અત્ર વિરોધ ઉઠાવ્યો છે, અર્થાત્ ક્ષીણ ચતુર્દશી વખતે ખરતરો તેરસને બીજે દિવસેજ

પુનમ માનીને તે પુનમને દિવસે ચૌદશની આરાધના કરે છે. અને તેરસ અને પુનમ વચ્ચેની ચૌદશ પર્વતિથિને ઉડાવી દે છે તેનોજ વાંધો ઉઠાવ્યો છે.

આ વાત સંપૂર્ણતયા લક્ષમાં લઇને એ વર્ગે વિચારવું જોઇએ કે તિથિની ક્ષય વૃદ્ધિ વખતે પણ શાસ્ત્રકારોનું ધ્યેય પ્રથમ પર્વતિથિજ નક્કી કરવા ઉપર છે. કારણકે તેને અંગેજ આરાધનાનો નિયમ છે.

આ વસ્તુ ભૂલીને એ વર્ગ તો તિથિના નિયમને ખસેડે છે અને આરાધનાના નિયમમાં આવે છે. આમ ઉલટું થતું હોવાથી એ વર્ગે જણાવેલી શંકાના મૂલરૂપ આ ગ્રંથને ખૂબ મનન કરવો જોઇએ.

(**आ**) ઉપરના ગ્રંથ ઉપર વાદી તરફથી એ ગ્રંથમાં **ननु०** વિગેરે અવયવથી શંકા કરવામાં આવે છે. એટલે ગ્રંથકાર પુનમના ક્ષયની વખતે ચૌદશના દિવસે ચૌદશ નહોતા કરતા એમ નક્કી થાય છે. અને તેથીજ શાસ્ત્રકારને **'पौर्णमासीक्षये भवतामपि का गतिः'** એમ કહીને અત્ર વાદી આપત્તિ આપે છે (ગ્રન્થકાર જો પુનમના ક્ષયે નવા વર્ગની માફક ચૌદશ પુનમની પર્વતિથિને ભેળા કરતા હોત હોત તો-ચૌદશને દિવસે ચૌદશના નામને નહિ સહન કરવાની આપત્તિ ખરતરો તરફથી તેઓને આપવામાં આવતજ નહિં.)

એ વર્ગે પોતાના પુરાવાઓમાં આવા પાઠોનો અર્થ કરવાને બદલે માત્ર કહેવાતો ભાવ જણાવતાં પણ તત્વતરંગિણી પૃ. ૫ માં આપેલો **'किं किमप्यष्टम्या रहोवृत्या समर्पितं यन्नष्टाऽप्यष्टमी०'** વાળો ઉપર (**अ**)માં જણાવેલો ભાગ અભિપ્રાય પૂર્વકજ જોડયો નથી એમ કહેવામાં કોઇપણ પ્રકારે ભૂલ થતી હોય તેમ લાગતું નથી. વળી પૂર્ણિમાના ક્ષયે ઉદયયુક્ત ચૌદશને દિવસે ચૌદશનું નામ ન સહન થવાને લીધેજ તે ઠેકાણે ખરતરો તરફથી એ શંકા થઇ છે એ વાત સ્પષ્ટ છતાં તે શંકાને આ વર્ગ પુનમની સાથે લટકાવી દે છે, એ આશ્ચર્ય છે. આખા તે તત્વતરંગિણી ગ્રંથમાં કોઇપણ જગો પર 'શાસ્ત્રકાર પૂર્ણિમાના ક્ષયે પૂર્ણિમા માનતા ન હોતા' એ વાતની ગંધ સરખી-પણ એ વર્ગે પોતાના આખા સમર્થનમાં જણાવી પણ નથી, તેમ સાબીત પણ કરી નથી. વળી એ વર્ગની રીતિ પ્રમાણે તો પૂનમના ક્ષયે ચૌદશના દહાડે ચૌદશ ને પૂનમ બન્નેની આરાધના કરાય છે. તે તેમાં પફખીના કે પૂનમના નામ સહન ન થવાની આપત્તિ જ કયાં રહે છે?

(**इ**) શ્રી તત્વતરંગિણીકાર જેઓને પોતાના મહાપુરૂષ તરીકે આચાર્ય કહીને જણાવે છે તેવા શ્રી હીરસૂરિજી મહારાજ પોતાના હીરપ્રશ્ન નામના મુદ્રિત ગ્રન્થ પૃષ્ટ ૩૨માં પુનમના ક્ષયે (અનુક્રમે) તેરસ અને ચૌદશને દિવસે ચૌદશ અને પુનમની આરાધના કરવાનું સ્પષ્ટ શબ્દોથી જણાવે છે કેમકે પુનમના ક્ષયે પુનમના તપ (આરાધના)ના પ્રશ્નમાં શ્રી હીરપ્રશ્ન મુદ્રિત પૃષ્ઠ ૩૨માં

'त्रयो०' એમ દ્વિવચન સ્પષ્ટ શબ્દોથી વાપરે છે, જો આ નવા વર્ગના કહેવા પ્રમાણે શ્રીહીરસૂરિજી કે બીજા કોઇ તપાગચ્છીય, ટીપ્પણાની પુનમના ક્ષયે આરાધના માટે જો ચૌદશ પુનમ ભેગા કરતા હોત તો જેમ તે પૃષ્ઠ ૩૨ ના તેજ પ્રશ્નમાં પ્રથમ પંચમીના ક્ષયને અંગે તપ (આરાધના)નો પ્રશ્ન 'આ પુનમ ક્ષયના પ્રશ્નની સાથેજ' થયો છે તેમાં તેની આરાધના, पूर्वस्यां तिथौ એમ એક વચન વાપરીને પહેલાની તિથિમાં જણાવ્યું છે તેમ અહિં પણ पूर्वस्यां तिथौ એક વચનથી જણાવત, પણ 'त्रयोदशी चतुर्दश्योः' એમ દ્વિવચનથી જણાવત નહિં એટલુંજ નહિ, પરંતુ પાંચમ અને પુનમના ઉત્તર જુદા હોવાની પણ જરૂર રહેત નહિ.

ટીપ્પણાની પુનમના ક્ષય વખતે, એકલા તે પૂનમનાજ તપ (આરાધના)ના પ્રશ્નમાં શ્રીહીરસૂરિજી મહારાજે જ્યારે 'त्रयोदशी चतुर्दश्योः' એમ દ્વિવચન કેમ વાપરવું પડ્યું છે? એ વાત એ વર્ગ વિચારે તો તેને બે તિથિ ભેળી કરવાની અણસમજથી તુરતજ વિરમવું પડે તેમ છે.

ખરી રીતે તો શ્રીતત્વતરંગિણીમાં ખરતરોએ કરેલી આ 'શંકા' ટીપ્પણાની પૂનમના ક્ષય વખતે ચૌદશના દિવસે ચૌદશના નામને નહિં સહન કરવા પુરતી છે, છતાં એ વર્ગ કઇ બુદ્ધિથી એ વાત પૂનમને જોડે છે તે વિદ્વાનોને સમજવું મુશ્કેલ નથી.

(ई) શ્રી તપગચ્છવાળાઓ તિથિના ભોગ કે સમાપ્તિને અંગે કોઈપણ દિવસ તિથિ માનવાને તૈયાર થયેલા નથી. તેઓ તો 'ટીપ્પણાનો ઉદય કે क्षये पूर्वा० આદિનો ન્યાય લઈનેજ તિથિ અહોરાત્ર પ્રમાણ માને છે. (જો એમ લેવામાં ન આવે તો નોમ અને પડવાના ક્ષયે આઠમ અને પૂર્ણિમાએ 'આઠમ અને પૂર્ણિમા માનવાનો વખત ન રહેતાં' નોમ અને પડવો માનવાનો વખત આવે. કેમકે તે તે દિવસે નોમ અને પડવા વિગેરેના ભોગ અને સમાપ્તિ છે.)

(उ) ગ્રન્થકાર द्वयोरपि विद्यमानत्वेन० એ પાઠ કહીને હેતુ તરીકે (ખરતરે માનેલા ભોગની અપેક્ષાએ) તે ક્ષીણ પૂનમની ઉદયયુક્ત ચૌદશમાં વિદ્યમાનતા જણાવીને સાધ્યમાં તે ઉદયયુક્ત ચતુર્દશીને દિવસે ક્ષીણ એવી પણ પૂનમનું આરાધન કહે છે છતાં એ વર્ગ 'तस्या अपि'નો અર્થ द्वयोरपि એવો કરવા જાય છે અર્થાત્ अपि શબ્દ ક્ષીણ એવા વિશેષણને જણાવવા માટે હતો છતાં તે अपि શબ્દને સમુચ્ચય એવા અર્થમાં લેવા જાય છે, પરંતુ વાસ્તવિક નથી કેમકે શાસ્ત્રકારને એ પ્રસંગે પૂર્વતિથિમાં બન્ને તિથિનું આરાધન માન્ય હોત તો तस्याऽप्याराधनंની જગોપર द्वयोरप्याराधनम् એમજ કહેવું પડત પણ એમ નહિં કહેતાં જે तस्या अपि કહ્યું છે તે સ્પષ્ટ જણાવે છે કે ચૌદશને દિવસે પૂનમ માનેલી હોવાથી તે ક્ષીણ એવી પણ પૂનમનું આરાધન ચૌદશે થયું અને તેથી ચૌદશનું નામ પણ ચૌદશને દિવસે એ વખતે રહ્યું નહિ. આથીજ ખરતરોએ શાસ્ત્રકારને पौर्णमासीक्षये नामापि नागतेः એમ કહીને આપત્તિ આપી છે (એ રીતે ચૌદશે ચૌદશનું નામ

ઉડ્યું, પરંતુ તેનું આરાધન તેરસે થયેલું છે. કારણકે તેરસમાં પણ ચૌદશની વિદ્યમાનતા હોવાથી તેરસે ચૌદશ થાય છે,) ગ્રન્થકાર જો ચૌદશે પૂનમ ન માનતા હોત અને એ વર્ગે જણાવ્યું છે અને માન્યું છે તેમ જો પૂનમના ક્ષયને અંગે પુનમનો પ્રશ્ન હોત તો ગ્રન્થકારશ્રીની પાસે ચૌદશના દિવસે પૂનમનો ભોગ અને પૂનમની સમાપ્તિ કહેવા રૂપ કહેલા ઉત્તરો હતા. પણ તેમ અપાયા નથી.

**(ऊ) यतस्त्रुटितत्वेन चतुर्दश्यां पौर्णमास्या वास्तव्येव स्थितिः**

આ પંક્તિમાં ગ્રંથકાર સ્પષ્ટ કહે છે કે પૂર્ણિમાના ક્ષયની વખતે ચૌદશને દિવસે વાસ્તવિક રીતે પુનમનુંજ સ્થાન છે અને તેમાં હેતુ તરીકે પુનમના ક્ષયને જણાવે છે. અર્થાત્ પુનમનો ક્ષય હોય ત્યારે ચૌદશે પુનમજ થાય. નવા વર્ગના કહેવા પ્રમાણે લઇએ તો તે ઉદયયુક્ત ચૌદશને દિવસે શાસ્ત્રકારના કહેવા મુજબ એકલી ક્ષીણ પુનમની વાસ્તવિક સ્થિતિ ન રહે, પરંતુ ચૌદશ અને પુનમ બન્નેની વાસ્તવિક સ્થિતિ થાય. વળી નવો વર્ગ તો પુનમ કરતાં ચૌદશને પ્રધાનતિથિ કહે છે માટે નવા વર્ગના હિસાબે તો પૂનમના ક્ષયે ચૌદશને દિવસે ચૌદશનીજ વાસ્તવિક સ્થિતિ ગ્રન્થકારે કહેવી જોઇએને ? તે તો કરી નથી તેમજ જો નવામતે એવા વખતે માનેલા સમાપ્તિના સિદ્ધાંતને આગળ કરીએ તો તો ચૌદશે સમાપ્તિવાળી પુનમ હોવાથી એ વર્ગને હિસાબે પણ પૂર્ણિમાનીજ આરાધના થાય એટલે સમાપ્તિના સિદ્ધાન્તથી ચૌદશની આરાધનાને પૂર્ણિમાના ક્ષય વખતે નિરાધારજ રહેવું પડે.

**(ऋ)** પૂર્ણિમાના ક્ષયની વખતે ચૌદશને દિવસે આખો દિવસ પૂનમ મનાતી હતી અને ચૌદશનો ઉદય હતો છતાં ચૌદશ મનાતી ન હતી, અર્થાત્ તે ચૌદશ તેરશે મનાતી હતી તેને અંગેજ તપાગચ્છવાળાઓ પફ્ખીના નામને સહન કરતા નથી એ પ્રતિબંધી ખરતરોએ શાસ્ત્રકારને આપી હતી.

પૂનમના ક્ષય વખતે ચૌદશમાં ચૌદશ પૂનમ ઉભયનું વિદ્યમાનપણું હોવાથી તે ઉભય પર્વતિથિ માનવાની હોત તો તે વાત તત્વતરંગિણીમાં આગળ તેરસ અને ચૌદશની ચર્ચા વખતે, તામ્ર અને રત્નના દૃષ્ટાન્તથી ચર્ચાણી છે, ત્યાં જણાવાઇ હોત વળી એ રીતે પૂનમના ક્ષયે ચૌદશ ત્રાંબા જેવી અને પૂનમ જ રત્ન જેવી રહે. અને તેરસે તેરસનું નામ નહિં લેવાની માફક ચૌદશે ચૌદશનું નામ લેવાનું પણ રહે નહિં. એ વાત આ વર્ગ અહિં કેમ યાદ નહિ કરતો હોય ?

વૃદ્ધિની વખતે પણ પહેલા પૂનમ કે પહેલી અમવાસ્યાએ પફ્ખી કરવાનો જે બોલંબો ખરતરોએ તપગચ્છવાળાને 'ઉત્સૂત્રખંડન' નામના ગ્રન્થમાં **वृद्धौ पाक्षिकं क्रियते इदं किं ?** એમ કહીને આપ્યો છે તે જો ટીપ્પણાની પહેલી પૂનમ કે પહેલી અમાસે તપાગચ્છવાળાઓ **वृद्धौ कार्या तथोत्तरा** એ પ્રઘોષ બીજી વખત પ્રવર્તાવીને ચૌદશ નજ કરતા હોતતો ન જ આપત વસ્તુતઃ આ મુદ્દો જ

પુનમ કે અમાવાસ્યાની વૃદ્ધિ માટેનો નથી અને એ વર્ગે આ સ્થળે નિરર્થક જ વૃદ્ધિનો પ્રસંગ પણ ચર્ચ્યો છે.

શ્રી તત્વ તરંગિણીમાં ચાલેલું આ **નનુ**વાળું પ્રકરણ પૂનમના ક્ષયે પૂનમે ચૌદશ માનીને પુનમે પક્ખી કરનાર ખરતરોના નિષેધ માટે છે.

ચૌદશની પર્વતિથિને સાચવવા માટે તત્વતરંગિણી પૃષ્ઠ-૩માં જેમ 'ટીપ્પણાની ચૌદશના ક્ષયે ટીપણાની તેરસે' તેરસને ઉદય તેરસની સંજ્ઞાનું કારણ ન બન્યો અને ચૌદશનીજ સંજ્ઞાનું કારણ બન્યો, તેમ પૂર્ણિમા પર્વતિથિના ક્ષય વખતે પૂર્ણિમા પર્વતિથિના બચાવ માટે ટીપ્પણાની ચૌદશનો ઉદય પ્રાયશ્ચિત્તાદિ વિધિમાં ચૌદશનું કારણ ન બને પણ પૂર્ણિમાનુંજ કારણ બને, તેમાં પ્રશ્નજ રહેતો નથી.

હવેથી આ વર્ગ જો ટીપ્પણાનીજ ક્ષયવૃદ્ધિને પ્રાયશ્ચિત્તાદિ વિધિમાં પણ કાયમ જ રાખવા માગે તોપણ એ ટીપ્પણા અનુસાર પણ એ વર્ગને પુનમ કે અમાવાસ્યાના ક્ષયે પૂર્વતર અપર્વતિથિ તેરસને ઉત્તરની પર્વતિથિ ચૌદશની સંજ્ઞા અને ચૌદશને પુનમ કે અમાસની સંજ્ઞાજ આપવી પડે તેમ છે. જુઓ સં. ૨૦૦૦ની સાલના ચંડાશુચંડુ પંચાંગની ફાગણ વદિ અમાસના ક્ષયનું દૃષ્ટાન્ત તે સ્થળે તે ટીપ્પણાકારે ફાગણ વદિ અમાસના ક્ષયે વદિ તેરસના દિને મહાશિવરાત્રિની અને ચૌદશને દિને ચૌદશને અમાસનીજ સંજ્ઞા આપી છે. શ્રી દેવસૂર તપાગચ્છવાળાઓ પણ એ રીતના પર્વાન્તર પર્વના ક્ષયની વખતે એ રીતેએજ પૂર્વતર અપર્વ તિથિ તેરસને ચૌદશ અને ચૌદશને પૂનમની કે અમાસની સંજ્ઞા આપે છે.

ટીપ્પણાની પહેલી પૂનમ કે પહેલી અમાવાસ્યાએ ચૌદશ માનીને કરાતી પક્ખીનો પ્રશ્ન ૧૬૬૫ પહેલાં ખરતરોએ નહિં કર્યો હોય એમ ગણીએ તો પણ ૧૬૬૫માં ખરતરોએ રચેલા 'ઉત્સૂત્ર ખંડન'માં કહેલાજ છે, એટલે ઉત્સૂત્ર ખંડનના પહેલી પુનમે પક્ખી કરવાના તપાગચ્છને આપેલા ઓલંભાથી શ્રી હીરસૂરિજી મહારાજના પ્રશ્નોત્તર ગ્રન્થના વચનથી, શ્રી વિજયદેવસૂરિજીના સંઘના પટ્ટકથી તથા અત્યાર સુધી શ્રી દેવસૂર સંઘની સમાચારીથી બે પુનમ કે અમાવાસ્યા હોય ત્યારે ટીપ્પણાની પહેલી પૂનમ કે અમાવાસ્યાએ ચૌદશ માનીને પક્ખી થતી હતી તે વાત નિર્વિવાદજ છે આખી પર્વતિથિને ઉડાવવાની અને પર્વતિથિને જણાવવા માટે કહેવાતા વચનોને આગળ કરવા તે દૂષણાભાસ નથી એમ કેમ કહેવાય ?

* ખરતરો પૂનમની પર્વતિથિ માનીને તેમાં ચતુર્દશી પાક્ષિકનું અનુષ્ઠાન કરે છે તેથી તેને તત્વતરંગિણીકારે જેમ પૂનમના અનુષ્ઠાનના લોપની આપત્તિ આપી તેવીજ રીતે જો ગ્રન્થકાર પૂનમના ક્ષયે આ વર્ગની માફક ટીપ્પણાની ચતુર્દશીને દિવસે ચૌદશ માનતા હોત અને અને પુનમનું પર્વાનુષ્ઠાન ચૌદશે કરતા હોત તો જરૂર ખરતરવાળાઓ ગ્રન્થકારને ચૌદશના અનુ-

ષ્ઠાનના લોપની આપત્તિ આપત. પરંતુ પુનમના ક્ષય વખતે ગ્રન્થકાર ચૌદશે ચૌદશ માનવી અને પૂનમ કરવી, તેમ કરતાજ ન હતા. એટલે ગ્રન્થકારને તે આપત્તિ હતી પણ નહિ અને તેથીજ ખરતરોએ આપી પણ નહિ.

વળી આ વર્ગ જેમ ચૌદશને દહાડે પુનમ કે અમાવાસ્યાની ભેળી આરાધના માને છે, તેમ જો તે વખત ખરતરગચ્છવાળાકે તપગચ્છવાળા એક દિવસે બે પર્વતિથિ ભેળી આરાધવાનું માનતા હોત તો પરસ્પર આપત્તિ આપવાનું રહેતજ નહિ અર્થાત્ બેમાંથી કોઇપણ ગચ્છવાળા આપત્તિની આપલે કરતજ નહિ. કારણ કે પૂર્ણિમા કે અમાવાસ્યાના ક્ષયની વખતે તો તેરસે ચૌદશનો અને ચૌદશે પૂનમ કે અમાવાસ્યાનો ભોગવટો ઘણો હોય તેથી તે દિવસે તેની વિદ્યમાનતા હોય તેમાં ખરતરને તો બોલવાનું રહેતજ નહિં.

(ए) પૂર્ણિમા અમાવાસ્યાના ક્ષયની વખતે તપગચ્છવાળાઓ ચતુર્દશીને દિવસે ચતુર્દશી અને પૂર્ણિમા એ બન્નેનુ એકઠું આરાધન કરતાજ નહોતા અને એ વાત શ્રીહીરસૂરિજી મહારાજના **'त्रयोदशी चतुर्दश्योः'** એ દ્વિવચનવાળા પદથી સ્પષ્ટ છે એમ ઘણી વખત અગાઉ પણ સૂચવવામાં આવ્યું છે. (સંવત ૧૮૮૬ ના માગશર મહિને રાજનગરથી વડોદરા શ્રી સંઘ ઉપર લખેલો શ્રી રૂપવિજયજી 'મહારાજનો કાગળ કે જેની અસલ નક્કલ પાટણમાં સાહિત્યપ્રેમી મુનિ વર્યશ્રી પુણ્ય વિજયજી' પાસે છે તેમાં પણ ચોકખું લખાણુ છે કે-પુનમના ક્ષયે બારસ તેરસ ભેગા કરવા એટલે બારસને બીજે દિવસે ચૌદશ ને તેને બીજે દિવસે અમાવાસ્યા કરવી.)

વળી સં. ૧૮૭૧ માં વડોદરાથી પંડિત શ્રી દીપવિજયજીએ જે કહાનમ પ્રગણાના સાધુઓ ઉપર કાગળ લખ્યો છે (અને જે કાગળની નક્કલ આચાર્યશ્રી વિજય ઉદયસૂરિજી પાસે વિદ્યમાન છે તથા જેનો કેટલોક ભાગ શાસ્રીય પૂરાવાની ચોપડીમાં છપાયેલો પણ છે.) તેમાં પણ સ્પષ્ટ જણાવે છે કે-'અમાવાસ્યા કે પુનમ ત્રુટતી હોય ત્યારે શ્રીદેવસૂરગચ્છવાળા તેરશને ઘટાડે છે' આ બધી વસ્તુને જોનાર જાણનારને માનનાર મનુષ્ય કોઈ દિવસ પણ એમ ન કહી શકે કે-શ્રીતપાગચ્છવાળાઓ પૂનમ-અમાવાસ્યાના ક્ષયે ચૌદશ પૂનમ કે ચૌદશ અમાવાસ્યાને એકજ દિવસે ભેગા કરીને માનતા હતા.

(ऐ) એ વર્ગ પોતાના લખાણનો ભાવ લખતાં એમ કબુલે છે કે પૂનમને દિવસે પાક્ષિકનું અનુષ્ઠાન ખરતરો કરે છે, તો પણ તેને ચૌદશના અનુષ્ઠાનના લોપની આપત્તિ ગ્રન્થકાર પૂનમ માનવાને લીધે આપે છે. તો પછી એ વર્ગ અષ્ટમી અને ચતુર્દશી આદિના ક્ષયની વખતે સાતમ અને તેરશની ઉદયતિથિ (અહોરાત્ર) માની જે અષ્ટમી અને ચતુર્દશીની આરાધના કરે તો પણ અષ્ટમી અને ચતુર્દશી આદિ પર્વતિથિઓ (તે દિવસે ચોવીસે કલાક સંજ્ઞા આપીને) નહિ માનેલી હોવાથી પોતાને અષ્ટમી અને ચતુર્દશી આદિના અનુષ્ઠાનોની લોપની આપત્તિ, **विनाधारं च नाधेयं**

(તિથિરૂપ આધાર વિના આરાધનારૂપ આધેય નહીં)ની માફક કેમ ન સૂઝી?

વળી જેમ તે દિવસે અહોરાત્રની પૂનમ માનેલી હોવાથી પોતાની માન્યતાની અપેક્ષાએ પણ ખરતરો જો મૃષાવાદી થાય છે, તો પછી જેઓ આઠમના ક્ષયે સાતમ આદિ માની તે તે સાતમમાં આઠમ આદિની આરાધના કરે તેઓ તે દોષથી કેમ છટકતા હશે? તે કહેવું મુશ્કેલ છે.

વાસ્તવિક રીતિએ કોઈપણ પર્વની બાધા સિવાય શ્રીઉમાસ્વાતિવાચકજીના **ક્ષયે પૂર્વા**૦ ના પ્રઘોષની **अर्धजरतीय** ન્યાયે અવગણના કરીને ખરતરોએ કરેલી પ્રવૃત્તિને અંગે આ સર્વ કથન છે. એ વાત ગ્રન્થકારે શરૂઆતથીજ કહેલી હોવા છતાં એ વર્ગના મગજમાં કેમ નથી આવી? એ સમજવું સુજ્ઞોને માટે કઠણ નથી.

ચૌદશ માનવામાં પૂનમના અનુષ્ઠાનના લોપની આપત્તિ કેમ નથી આપવામાં આવી અર્થાત્ ત્યાં મૃષાવાદની આપત્તિ કેમ નથી આપી? એવું કહેવામાં એ વર્ગ શ્રીતત્વતરંગિણીમાં એ સ્થળે 'પાક્ષિક પ્રકરણ શરૂ થયું છે' એ વાત કેમ ભૂલી ગયો?

વળી અનુષ્ઠાન લોપ કરતાં પણ મૃષાભાષાનો મોટો દોષ છે એ વાત પાંચ મહાવ્રતધારી એ વર્ગ ન સમજી શકે એમ તો સંભવિત નથી.

વળી આ આખું વાક્ય એ તો સ્પષ્ટજ કરે છે કે એક તિથિએ બે અનુષ્ઠાન નહીંજ થાય. જો આમજ છે તો પછી એ વર્ગને ચૌદશ પુનમ કે ચૌદશ અમાવાસ્યા જેવી ફરજિયાત તિથિઓને એક દિવસે એકઠી માનવાની ધારણાઓ કઈ નજરે ઉદ્ભવી હશે?

એ વર્ગ પૂનમના દિવસે ખરતરો પકખી કરે તેમાં પણ પૂર્ણિમાના અનુષ્ઠાનનો સમાવેશ કરવા તૈયાર થાય છે. જ્યારે શાસ્ત્રકાર તો તે ચૌદશ પૂનમ બન્ને દિવસોએ બે ઉપવાસરૂપી છઠ કરવાથી તે બંને પર્વતિથિની આરાધના થાય અને તે કરવીજ જોઈએ એમ ફરજ તરીકે જણાવે છે.

(જો) શ્રીઉમાસ્વાતિ વાચકજીના '**वृद्धौ कार्या तथोत्तरा**'ના વચનને અનુસરીને તેજ શ્રી દેવસૂરિજીના પટ્ટકના આધારે શ્રી તપગચ્છવાળાઓ પૂર્ણિમા ને અમાવાસ્યાની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિ કરે તેમાં દોષનો લેશ પણ ન ગણાય. અને જો એમ ન ગણીએ તો ઉદયવાળી તેરસ છતાં ચતુર્દશીનો ક્ષય હોય તો તેરસનું નામ નહિ લેવામાં અને ચૌદશનુંજ નામ લેવામાં સમ્મત થયેલા શાસ્ત્રકારને ખરતર ગચ્છવાળાઓ મૃષાવાદનો પ્રસંગ આપ્યા વગર રહે નહિ, એમજ માનવું પડે. અર્થાત્ પૂર્વાચાર્યોએ પ્રવર્તાવેલા વ્યવહારને અંગે વ્યપદેશ કરનારાઓને માટે ખરતરગચ્છ સરખા વિરોધિઓએ પણ આરોપ, 'મૃષાવાદ જેવા દોષો આપવાની હિંમત નથી કરી ત્યારે એ વર્ગે એવું કરનારના ઉપર દોષોનો ડુંગર ઠાલવવામાં બાકી રાખી નથી. એટલે કહેવું જોઈએ કે-વિરોધિ ગચ્છવાળાઓને જેટલી પૂર્વાચાર્યોના વચનની મગજમાં કંઈક પણ અરસ હશે તેટલી પણ આ

વર્ગના મગજમાં ન હોય, એ ન બનવાજોગ નથી.

(औ) પૂર્ણિમાના ક્ષયની વખતે જો એ વર્ગના કહેવા પ્રમાણે ચતુર્દશી અને પુર્ણિમા બન્ને પર્વતિથિઓનું એકજ દિવસે આરાધન કરી શકાતુ હોત તો અનન્તરસ્થિત બે ત્રણઆદિ કલ્યાણકોના પ્રશ્નનો અવકાશજ નહોતો. તેમજ ઉત્તરમાં પણ શાસ્ત્રકારે **उभयत पाशारज्जु**ની આપત્તિ આપવાનો પણ પ્રસંગ નહોતો, એટલુંજ નહિં પરંતુ ગ્રન્થકારને તે સ્થળે કલ્યાણકનો આરાધક તપસ્યા કરનારજ હોય છે એમ કહીને પૂર્ણિમા આદિ ફરજિયાત તિથિઓ કરતાં કલ્યાણકની મરજિયાત પર્વતિથિઓ માટેની આરાધના જુદી રીતે કરવાનું પણ કહેવું પડત નહિં. તેમજ એવા વખતે અનંતર દિવસે તપ કરી લેવો એમ ઉત્તર દેવો પડત નહિં છતાં એમ કહયું છે તથા ઉત્તર આપ્યો છે તેથી સ્પષ્ટ થાય છે કે પૂનમના ક્ષયે તેઓ તેરશનો ક્ષય કરીને તેરશે ચૌદશ ને ચૌદશે પૂનમ કરતા હતા.

અને તેથીજ કયાં સુધી તિથિઓ ફેરવશો ? એમ સામા પક્ષવાળાને ગ્રન્થકારની સામે આ પ્રશ્ન ઉભો કરવો પડયો. અર્થાત્ એક દિવસે નવા વર્ગની માફક અનેક પર્વોની આરાધના થતી હોત તો ન તો ખરતરોને **अथानन्तरस्थितासु द्वित्र्यादिकल्याणकतिथिषु०** એમ જણાવીને' ત્રણ કલ્યાણકોનો પ્રશ્ન કરવો પડત કે નતો શાસ્ત્રકારે તેને અનન્તર દિન લઇને તપ પુરવાની વાત જણાવવી પડત.

(क) અષ્ટમી ચતુદશી આદિ-પર્વતિથિઓ કરતાં કલ્યાણકની પર્વતિથિઓનું ભિન્નપણું હવેજ નહીં માનનાર એ વર્ગ જો અન્તઃકરણથી સાચી રીતે એ આપંકિતઓને ઉકેલે તો તેને ફરજીયાત ચતુષ્પર્વીના અનુષ્ઠાન અને મરજીયાત કલ્યાણકપર્વોની આરાધનામાં કેટલું બધું પ્રબળ અંતર છે એ વાત સ્હેજે સમજી શકાય તેમ છે. એ વર્ગને આ વસ્તુ યથાર્થ સમજાઇ હોત તો તેઓ હવે જે શાસ્ત્રને તપાગચ્છની આચરણા વિરૂદ્ધ' કલ્યાણક તિથિઓના નામે ચતુષ્પર્વી તથા ષટપર્વી તિથિઓને ભેળી કરવાનું ભેળી આરાધવાનું અને ભેળી કહેવાનું કાર્ય કરે છે, પ્રરૂપે છે અને આચરે છે તે સ્વપ્ને પણ કરત, પ્રરૂપત કે આચરત નહિં.

(ख)પૂર્ણિમાના ક્ષયે આ નવા વર્ગની માફક જો ગ્રન્થકારને ચૌદશને દિવસે બન્ને તિથિઓનું આરાધન થઈ ગયું એમ ગણવાનું હોત તો પછી ભેળી આવેલી કલ્યાણક તિથિઓ માટે પણ **'उत्तरदिनमादायैव तपः पूरको भवति'** ( त- मु- पृ- ६ ) એમ કહીને ઉત્તરદિન લેવાની અને તે ભેળી તિથિનો અલગ તપ કરી આપવાની વાત ગ્રન્થકારને કહેવાનું સ્વપ્ને પણ રહેત નહિં એટલુંજ નહીં, પરન્તુ ખરતરોને આપત્તિ આપી છે કે (તમો ચૌદશના ક્ષયે તો પૂનમના દિવસે પકખી કે ચોમાસીનો એક ઉપવાસ કરી લો પરન્તુ **'यथा पूर्णिमापाते पाक्षिकचातुर्मासिक षष्ठत-**

**पोडमिग्रहीति' ( त० मु०६.)**

જ્યારે પૂનમનો ક્ષય હોય અને ચૌદશ પૂનમ એ તિથિનો છઠતપ (બે ઉપવાસ લાગલાગટ) નો અભિગ્રહ હોય ત્યારે તમે આગળનો દિવસ (પડવો) લઈનેજ જેમ તપ પુરો કરો છો (તેવી રીતે કલ્યાણકની આરાધના કરનાર, નહિ કે ફરજિયાત ચતુષ્પર્વીની આરાધના કરનાર આગળના દિવસને લઈ જે તપને પુરનારો થાય) એમ જણાવ્યું છે, તે જણાવત નહીં. આ રીતે એક દિવસે બે તિથિનું આરાધન કોઈ દિવસ ભેળું નહિ થવાની શાસ્ત્રમાં સ્પષ્ટ વાતો હોવા છતાં એ વર્ગ, એ ગ્રન્થકારની પંક્તિઓનો આ રીતે સીધો અર્થ નહિ કરતા ભાવ કહેવાને નામે કેટલું બધું ખોટી રીતે ચીતરે છે તે સુજ્ઞોને સમજવું મુશ્કેલ નથી.

**એ વર્ગના પૂરાવા પાઠ-૫ સ્પષ્ટીકરણ ૫**

**उदयंमि (श्राद्धविधि मुद्रित पृष्ठ १५२.)**

ખુલાસો આ સમાલોચના (એ વર્ગના પુરાવા પાઠ ૧. તથા સ્પષ્ટી કરણ ૧) માં થઈ ગયો છે.

**એ વર્ગના પુરાવા પાઠ ૬ સ્પષ્ટીકરણ પાઠ ૬**

**जइवि हु जिणसमयंमि अ कालो सव्वस्स कारणं० (त. मु. पृ. ८)**

ખરતર ગચ્છના જિનપ્રભસૂરિએ તો વિધિપ્રપા નામના ગ્રન્થમાં ચૌદશના ક્ષયની વખતે તેરશને દિવસેજ ચૌદશ કરવાનું જણાવેલું હોવાથી (સ્પષ્ટ છે કે એ ખરતરગ્રન્થકાર પછી) સત્તરમી સદીઓના ખરતર ગચ્છવાળાઓને જ્યારે ચૌદશના ક્ષયે પુનમના દિવસે પક્ખી ચૌદશ કરવાનું રાખ્યું ત્યારે તે ખરતર ગચ્છવાળાઓને પોતાના પૂર્વાચાર્યના કોઈ વચનનું સમર્થન લભ્ય ન હોવાથી તે ખરતરોને ભવિષ્ય અને ભૂતકાળના કાર્યકારણની વાત પકડવી પડી, અને તેથી જ ગ્રન્થકારે પણ અત્ર આ **जइवि हु**० ગાથાથી ભવિષ્ય અને ભૂતકાળના કાર્યકારણની વાત ખરતર ગચ્છ આગળ ધરવી પડી, નહિ કે ગ્રન્થકારની પોતાની તેવી માન્યતા છે, તે માટે આ ગાથા ધરી છે.

આ વસ્તુ બારીકાઇથી લક્ષમાં લીધાવિના આ વાત પકડીને પર્વાનન્તર પર્વતિથિના ક્ષયની વખતે એ વર્ગ આડી ધરે એ કોઈ વાતે સંગત નથી, પર્વાનન્તર પર્વતિથિના ક્ષયની વખતે પૂર્વતર અપર્વતિથિનો ક્ષય કરવાની અને વૃદ્ધિની વખતે વૃદ્ધિ કરવાની અસલની રીતિને જીત આચારનું પણ બળ હોવાથી એ સમયે એ વાત લઈને એ વર્ગથી કંઇ કહી શકાય નહિ.

આમ છતાં એ વર્ગ અત્ર એજ વાતને વળગી રહે તો તેને અષ્ટમી ચતુર્દશી, પૂર્ણિમા કે અમાવાસ્યાના દિવસે માત્ર અમુક ઘડી જ તે તિથિઓ હોય અને પછી અનુક્રમે નવમી, પુનમ કે પડવો ચાલુ થતા હોય તો તે દિવસે તે તે તિથિના બાકીના વખતને અષ્ટમીઆદિ તરીકે કહેવા અને આરાધવામાં વિનષ્ટ કાર્યનું ભવિષ્ય કારણ કેમ નહીં થાય? તો પ્રસંગે એ વર્ગ તરફથી કદાચ

ઉદયનું આલંબન લેવામાં આવે તો જેમ તે તિથિનો થોડી ઘડીનો પણ ઉદય, તે આખા દિવસની સાઠેય ઘડીને માટે નિયત કરવો, તે માત્ર સંપ્રદાયની પરિભાષા છે; અને તે પ્રમાણે વર્તવું અયોગ્ય નથી. તેવીજ રીતે પર્વના પરિસંખ્યાતને નુકશાન આવે તે વખતે ઉદયને પણ વ્યવસ્થિત કરવો એ કંઇ અયોગ્ય નથી.

**એ વર્ગના પૂરાવા પાઠ ૭-૮ સ્પષ્ટીકરણ ૭-૮**

**क्षये पूर्वा तिथिः कार्या અગર क्षये पूर्वा तिथिर्ग्राह्या ।**

આ પાઠમાં નિષેધ અનુવાદ અને વિધાનદ્વારાએ તેમજ વિધિ અને નિયમદ્વારાએ ખુલાસો કરવામાં આવેલો છે. અષ્ટમીઆદિના સૂર્યોદય પહેલાં અષ્ટમીઆદિકની તિથિ વિદ્યમાન છતાં તેનાં નિયમો ન પાળવામાં પ્રાયશ્ચિત નહીં તેમજ અષ્ટમી આદિને દિવસે નવમીઆદિ તિથિઓ બેસી ગઇ હોય છતાં અષ્ટમીઆદિના નિયમો પાળવાની ફરજ રખાય છે, અને ન પાળે તો પ્રાયશ્ચિત છે. તો એ વર્ગને એ વખતે વિનષ્ટકાર્યનું ભાવિકારણ નહીં ગણાય. તત્વ એ છે કે-પ્રઘોષ અને उदयंमि० ના વિધાનોની પ્રવૃત્તિમાં સિદ્ધાન્ત આડે લાવીને દોષ દેવાયજ નહીં કેમકે ઉદયનો સિદ્ધાંન્ત સ્વીકારનારે ઉદયની પહેલાં તિથિભાગની અમાન્યતા કરવી જોઇએ અને ઉદયવાળી તિથિના દિવસે ભવિષ્ય તિથિમાં ભૂતનો આરોપ કરવો જોઇએ. એટલે પૂર્વકાળે નિષેધ, વર્તમાન કાળે અનુવાદ, અને ભવિષ્યકાળે ભાવિતિથિમાં આરોપ માન્યા સિવાય ઉદય તિથિ માની શકાયજ નહિ.

જેમ પૂર્વાચાર્યોના વચનથી તે નિષેધ અને આરોપને ગણકાર્યા વગર ઉદયના ઉપલક્ષણથી આખો અહોરાત્ર તિથિ માનવામાં આવે તો આચાર્યમહારાજના વચન પ્રમાણે તિથિસંજ્ઞાનો વિપર્યાસ કરીને પરિસંખ્યાત પર્વતિથિનું નિયમિતપણું કરવામાં કોઇપણ વિચક્ષણ દોષ માનીને એથી વિપરિત કંઇ કહી શકે નહીં.

અને તેથી આધાર તરીકે લેવાતા ટીપ્પણાથી આવેલી પરિસંખ્યાત પર્વતિથિની હાનિવૃદ્ધિ વખતે પૂર્વ કે પૂર્વતર અપર્વતિથિની હાનિ-વૃદ્ધિ કરવામાં સર્વ પ્રકારે યોગ્યતાજ રહી શકે છે. પર્વતિથિની ટીપણામાં હાનિ હોય તે વખતે આધાર તિથિપણે તિથિઓ જણાવાય.

**એ વર્ગના પુરાવા પાઠ ૯-૧૦-૧૧**

**अथ तिथीनां हानौ वृद्धौ च का तिथिराराध्यत्वेन सम्मतेत्यपि दर्शयति । तिहिवाए पुव्वतिहि अहिआए उत्तराय गहियव्वा०**

**'तिहिवाए' तिथिपाते तिथिक्षये पूर्वैव तिथिर्ग्राह्या उपादेयेत्यर्थः**

**( तत्वतरंगिणि पृष्ठ ३ )**

**સ્પષ્ટીકરણ ૯-૧૦-૧૧**

પૂર્વની અપર્વ તિથિનું પર્વપણું વિહિત થાય છે અને વૃદ્ધિની વખતે પહેલીમાંથી પર્વપણું નીકળી જાય અને ઉત્તરમાં પર્વપણું કાયમ થાય છે. એ વખત કોઇ વખત પણ કોઈ સપ્તમી આદિ અપર્વતિથિને આરાધ્ય તિથિ તો કહી શકેજ નહિ એટલે અષ્ટમીઆદિ પર્વતિથ હોય ત્યારે આરાધ્યપણાનો અર્થ 'પર્વ તિથિપણે' એમ કરવોજ પડે, આજ કારણે **'ग्राह्या'** એવા સાધારણ શબ્દના પર્યાયનો અર્થ શાસ્ત્રકારે **'उपादेया'** એમ કર્યો એટલુંજ નહીપણ **'इत्यर्थ'** કહીને **'ग्राह्या'** શબ્દનો અર્થ 'પર્વતિથિના' આદરપૂર્વક લેવી એમ જણાવવો પડયો. અર્થાત્ અપર્વતિથિને પર્વ સંજ્ઞા આપીને પર્વપણે લેવા માટે **'उपादेया'** જેવો આકરો શબ્દ શાસ્ત્રકારને લેવો પડયો.

**तिहिवाए पुव्वतिहि०** એ વાકય પર્વતિથિનો ક્ષય હોય તો પહેલાની તિથિ ( પર્વતિથિપણે ) લેવી, એમ સ્પષ્ટપણે જણાવે છે. એટલે અષ્ટમીઆદિના ક્ષયે સપ્તમિઆદિને અષ્ટમી આદિ તરીકેજ લેવી પડે. જો એવો અર્થ કરવામાં ન આવે અને એ વર્ગ કહે છે તેમ ( પર્વતિથિના ) ક્ષયે પૂર્વની તિથિમાં આરાધના કરવી એવો અર્થ લેવામાં આવે, તો પ્રથમ તો એ અર્થ વૈયાકરણોને હાંસી પાત્ર લાગે.

કેમકે તેમ અર્થ કરતાં આરાધનાપદ આકાશમાંથીજ લાવવું પડે એટલુંજ નહીં, પરંતુ આપત્તિ પર્વતિથિના ક્ષયની 'શુન્યતા' ને છે અને એ વખતે (તે તિથિનુંજ વિધાન છોડીને) આરાધનાનું વિધાન કરવામાં આવે તો તેમાં કેટલી બધી અયોગ્યતા રહે તે વાકયાર્થ સમજનારાઓને પણ સમજવી મુશ્કેલ નથી.

વળી **क्षये पूर्वा तिथिः कार्या** એ પદાર્થથી પર્વતિથિના ક્ષયનું સ્થાન પુરવા માટે પૂર્વની અપર્વ તિથિનું સ્થાન ન લે અને તેનો 'અપર્વ તિથિમાં આરાધના' કરવી એવો અર્થ કરે તો તેમાં **तिथिः** એ શબ્દ પ્રથમા છે તે જગો પર **तिथौ** એમ સપ્તમી કરવાની અજ્ઞાનતા આવવા સાથે **तिथिश्च०** વડે કરીને શ્રાદ્ધવિધિમાં શરૂ કરેલું તિથિ પ્રકરણ પણ બાધિત થાય, તે વાત ઓછી વિચારવા જેવી નથી. યાદ રાખવું કે પર્વ તિથિનો ટીપણામાં ક્ષય હોય ત્યારે 'પહેલી અપર્વ તિથિનો ક્ષય કરવો' એવો આ **क्षये पूर्वा०** પાઠનો વાકયાર્થ છે, એમ કોઈપણ કહે નહિં પરંતુ તાત્પર્યાથ જરૂર એ આવે કે-પૂર્વની અપર્વતિથિની 'સંજ્ઞા' એટલે 'વ્યવહાર' ઉડી જવાથી તે પૂર્વની અપર્વતિથિના ક્ષયનોજ વ્યવહાર થાય.

**वृद्धौ ग्राह्या तथोत्तरा** એ પાઠનો અર્થ પણ પર્વતિથિની વૃદ્ધિ હોય તો 'તે પર્વતિથિથી આગળની તિથિ લેવી', એવો અર્થ તો અણસમજુ કરે પરંતુ શાસ્ત્ર અને પરંપરા સમજનારા વિજ્ઞ પુરૂષો તો ટીપ્પણામાં આવેલી પર્વતિથિની વૃદ્ધિ વખતે' બીજી તિથિને જ પર્વતિથિ તરીકે કહેવી એવો અર્થ કરે છે.

તત્વ એ છે કે-શાસનને અનુસરનારા બુદ્ધિમાનો તો પહેલા વાક્યને અપ્રાપ્ત વિધાન કરનાર ગણીને વિધિવાક્ય તરીકે ગણે અને બીજાપાદને સિદ્ધ છતાં આરંભ કરવાથી નિયમ વાક્ય ગણે અને તેથી જ **क्षये पूर्वा०** પ્રઘોષના આખાય 'પૂર્વાર્દ્ધ'થી ટીપણામાં આવતા પર્વતિથિના ક્ષયની વખતે પૂર્વની અપર્વ તિથિમાં ૨૪ કલાક માટે પર્વતિથિનું વિધાન અને ટીપણામાં પર્વતિથિની વૃદ્ધિ હોય ત્યારે બીજા દિવસેજ ચોવીસ કલાક માટે પર્વતિથિપણાનો નિયમ ગણે છે અને તેજ વાત તત્વતરંગિણીમાં ટીકાકારે સ્પષ્ટ શબ્દોમાં 'ચૌદશના ક્ષયે તેરશનું નામ લેવાનો અભાવ અને ચૌદશ જ કહેવાનું થાય છે' એમ કહીને સ્પષ્ટ કરી છે.

જૈન ધર્મને અનુસરતો કોઈપણ મનુષ્ય અજ્ઞાનતાથી કદાચ અવળે માર્ગે ચઢી જાય તે અસંભવિત નથી. પરંતુ જેના હૃદયમાં વાસ્તવિકરીતિએ જૈનધર્મ વસ્યો હોય તે જાણીબુજીને તો માર્ગથી વિપરીત બોલે જ નહિ પરંતુ દુષમકાળના પ્રભાવે એથી વિચિત્ર વર્તન દેખાય તો શાસન પ્રેમીઓને તો ખરેખર ઘૃણાજ થાય.

વસ્તુ એ છે કે-જે ગ્રન્થમાંથી અને જે ગાથાના વિવરણમાંથી આ પાઠ એ વર્ગ તરફથી આપવામાં આવ્યો છે તે શ્રી તત્વતરંગિણી ગ્રન્થ અને વિવરણમાંજ શાસ્ત્રકારે આપેલો ખુલાસો **ननु उदयतिथिस्वीकारान्यतिथि तिरस्कारप्रवणयोराचयोः त्रयोदश्या अपि चतुर्दशीत्वेन०** એ પાઠથી 'પર્વતિથિના ક્ષયની બાબતના' પ્રશ્નોત્તર પૂર્વક કરેલો છે અને જે તે એ વર્ગે આપેલા ઉપર મુજબના પાઠોની જોડેજ છે તે છતાં તે જાણી જોઇને એ વર્ગ તરફથી અહિં આપવામાં આવ્યો નથી!

**સ્પષ્ટીકરણ ૧૨-૧૩-૧૪**

બારમા નંબરમાં **अह जइ कहवि०** એ ગાથા છે તેરમા નંબરમાં એ ગાથા ઉપર ગ્રન્થકાર સિવાય અન્ય કોઇએ કરેલી **अथ यदि कथमपि ता........द्रुज्झति भवेयु......व्यतिरेकमाह०** વિગેરે વાક્યોવાળી ટીકા છે તે ટીકામાં **अपि** શબ્દથી ઉભય તિથિની સંજ્ઞાની વ્યાખ્યા કરવા છતાં તે સ્થળે તેમાં તે ટીકાકાર વ્યતિરેક જણાવે છે તે કોઈપણ પ્રકારે યોગ્ય ગણાય નહીં અન્વય સિવાય વ્યતિરેક ક્યાંથી? મૂળગાથામાં **'अयरा'** શબ્દ બહુવચનજ છે છતાં ટીકાકારે અહિં **प्राकृतत्वा त्वबह्वर्थे एकवचनं** કહીને એક વચનમાં ગણી લીધું. વળી સાક્ષી ગાથાની વ્યાખ્યા કરવાનો તે ગ્રન્થકારનો રિવાજ નથી, તેમજ **अपि** શબ્દથી શંકા ઉઠાવી. તેનું સમાધાન તો ગ્રન્થકાર પોતે જુદું કરેજ છે આમ છતાં આ ગાથાની વ્યાખ્યાનો ઉપયોગ કેવળ જાણી જોઇને એ વર્ગે અહીં જોડી દીધો છે. તે વ્યાખ્યાનો ભાવ (ટીપણામાં આવતી પર્વતિથિની હાનિની વખતે પૂર્વની અપર્વ તિથિનો વ્યવહાર થાયજ નહીં. અને પ્રાયશ્ચિત્ત લાયક 'જે ન કરવાથી પ્રાયશ્ચિત્ત આવે એવા' વિધાનો પર્વ-

તિથિના નામેજ તે દિવસે કહેવાનો સંઘમાં વ્યવહાર છે એમ તે વખત એટલે વિ. સં ૧૬૧૫ની વખત એ ગ્રન્થમાં જણાવવામાં આવ્યું છે) તે વચનની સાથે સખ્ત વિરોધ ધરાવે છે. કોઈપણ ગ્રન્થકાર પોતાના વક્તવ્યનો વિરોધ કરતી સાક્ષી ગાથા આપે કે તેવી વ્યાખ્યા આપે એ આકાશ કુસુમવત્ છે. શાસ્ત્રકારની આ વસ્તુ સ્પષ્ટ રીતે સમજાય તેથી તે ગાથા અને તેની આ ભાવ પુરતી વ્યાખ્યા નીચે આપી છે.

**तिथिपाते तिथिक्षये पूर्वैव तिथिर्ग्राह्या अधिकायां.........तथा...किन्तु प्रायश्चित्तादि विधौ चतुर्दश्येवेति व्यपदिश्यमानत्वात्**

(તત્વતરંગિણી મુદ્રિત પૃષ્ઠ. ૩)

**અર્થ**:—તિથિપાત વખતે (ટીપ્પણામાં પર્વતિથિનો) ક્ષય હોય ત્યારે તેનાથી પહેલાની તિથિ (પર્વતિથિપણે) ગ્રહણ કરવી જોઈએ. અને (ટીપ્પણામાં પર્વતિથિ) અધિક હોય એટલે બે હોય ત્યારે બીજીજ (પર્વતિથિપણે) લેવી જોઇએ. અહિં જો પર્વ તિથિને સામાન્ય રીતે ગ્રહણ કરવાનું કહે તો પૂર્વની તિથિનું તે દિવસે અપર્વતિથિપણું ખસે નહિ માટે તે અપર્વપણું ખસેડીનેજ પર્વતિથિપણું લેવા માટે તો **ग्राह्या** શબ્દનો અર્થ રહેલો છતાં **'उपादेया'** પર્વ તિથિપણે લેવી એમ કરીને **इत्यर्थः** કહીને શાસ્ત્રકારે તે ભાવ જણાવ્યો છે. પર્વતિથિનો ક્ષય હોય ત્યારે પહેલાંની તિથિ (પર્વ તિથિપણે) લેવી અને વૃદ્ધિ હોય ત્યારે તેવીજ રીતે (પર્વ તિથિપણે) આગળની તિથિ લેવી અને શ્રી. મહાવીર મહારાજના જ્ઞાનનિર્વાણ એટલે દિવાળી તો લોકોને અનુસારે કરવી (પર્વ તિથિની વૃદ્ધિ હાનિ જો લોકે માનેલા ચંડાશુચંડુ પચાંગના આધારેજ કરવાની હોય તો આ શ્લોકનો ઉત્તરાર્ધ **श्री वीरज्ञान० कार्य लोकानुगैरिह** એ કહેવો પડતજ નહીં. અર્થાત્ એ વાકય પૂર્વાર્ધમાંજ કહી દેત. તેમજ તે શ્લોકના પૂર્વાર્ધના સૂચન કરતાં જુદી રીતનું સૂચન જણાવનારો ઉત્તરાર્ધ પણ કહેવો પડતજ નહીં.

**उदयतिथिस्वीकारान्य तिथितिरस्कारप्रवणयोरावयो०** એ પાઠથી આ વસ્તુ આપણે બન્ને ( ખરતરગચ્છ અને તપગચ્છવાળા )ને માન્ય છે એ વાતને અંગીકાર કરીને પણ કોઈક ( ખરતરગચ્છવાળા ) ભ્રાંતિથી અગર પોતાની બુદ્ધિની મંદતાથી અષ્ટમીઆદિક પર્વતિથિના ક્ષયની વખત તો સપ્તમી આદિક લેવી અષ્ટમીઆદિ પર્વતિથિ પણ લેવી, પણ ચૌદશના ક્ષયે તો આગળની પૂનમ લેવી (ચૌદશને પૂનમે પકખી તરીકે કહેવી, લેવી) એવી રીતે અર્ધજરતીયન્યાયને જે અનુસરે છે તેને આશ્રીને શાસ્ત્રકાર ઉત્તરાર્ધ કહે છે **हिनमपि०** ક્ષય પામેલી ચતુર્દશી એટલે પકખી, પૂનમના દિવસે પ્રમાણ કરવી નહિ. કારણ કે ખરતરો સાતમને દિવસે આઠમ કરવામાં ભોગ વિગેરે હેતુ આપે છે માટે તેમને અહિં શાસ્ત્રકાર

તેજ હેતુ દઇને કહે છે કે) પૂનમે ચૌદશના ભોગના ગંધનો પણ અભાવ છે. (માટે તમારાથી પૂનમે ચૌદશ થાયજ નહિં.)

પરંતુ ટીપ્પણાની તેરસને દિવસેજ ચૌદશ એટલે પાક્ષિક કરવું જોઇએ. દૃષ્ટાન્તની સાથે જોડાએલી યુક્તિઓ આ ગ્રન્થમાં આગળ કહેવાશે. (ખરતર ગચ્છવાળાઓ ગ્રન્થકારે તેરસના દિવસે ચૌદશ માનવાનું જણાવ્યું તેથી શંકા કરે છે કે) ઉદયવાળી તિથિને માનવી અને ઉદય વગરની તિથિને ન માનવી એમ માનવાવાળા આપણે બન્ને છીએ. તો પછી (ટીપ્પણામાં જે તેરશના ઉદયવાળી) તેરશ છે છતાં તેનો (ટીપ્પણામાં જેનો ઉદય નથી કેમકે ક્ષીણ થયેલી છે તેથી તેવી) ચૌદશ પણે સ્વીકાર કરવો યોગ્ય કેમ ગણાય? ખરતર ગચ્છવાળાની આવી શંકાના ઉત્તરમાં શાસ્ત્રકાર કહે છે કે તેવા પ્રસંગે (ટીપ્પણામાં ચતુર્દશીનો ક્ષય હોય ત્યારે તે ટીપ્પણાની તેરશના દહાડે) તેરસનો વ્યપદેશ એટલે વ્યવહાર કે સંજ્ઞાનો પણ સંભવ નથી, તેથી (તેને તેરશ કહેવાયજ નહીં) પરંતુ પર્વતિથિ નિયત તપ ચૈત્યવન્દન સાધુવન્દન વિગેરે વિધિ કે જે પર્વતિથિને દિવસે ન કરવાથી પ્રાયશ્ચિત આવે છે તેવા વિધિઓમાં (ટીપ્પણાની ઉદયવાળી તેરશ છતાં પણ તે આખો દિવસ) ચૌદશજ છે એમ વ્યવહાર એટલે વ્યપદેશ થાય છે.

ઉપરનો પાઠ પ્રમાણિકપણાથી જોનાર સમજુ માણસ સ્વપ્ને પણ ટીપ્પણામાં આવતા પર્વતિથિના ક્ષયની વખતે પૂર્વની અપર્વ તિથિના દિવસે તે અપર્વ તિથિનું સંઘમાં નામ લેવાનું કહેશે નહિ. નામતો લેવાયજ નહિ પરંતુ તે આખો દિવસ (ટીપ્પણામાં ક્ષય પામેલી એવી) પર્વતિથિની સંજ્ઞાજ રાખવી પડે એમ માન્યા સિવાય કોઇપણ સુજ્ઞ પુરૂષ રહી શકેજ નહિ. આવી વિપરીતસિદ્ધિ થવાના ભયથી એ વર્ગે અહિં અધુરો પાઠ આપીને ભ્રમ પેદા કરવાનો રસ્તો લીધો છે, પરંતુ તે ભ્રમનું પેદા થવું એ ભદ્રિક અજ્ઞાન વર્ગમાંજ બને.

આ કરતાં પણ નંબર ૧૪નો પાઠ અને તેનું તાત્પર્ય બતાવવામાં તો એ વર્ગ કોઇપણ સાક્ષરને ન છાજે એવુંજ વલણ લીધું છે. તેઓએ આપેલા એ પાઠ મુદ્રિત પ્રતમાં નીચે પ્રમાણે છે:—

**न च प्राक चतुर्दश्येवेत्युक्तम्, अत्र तु 'अवरावी' त्यनेन अपिशब्दादन्यसंज्ञाऽपि गृह्यते तत्कथं न विरोध इति वाच्यं, प्रायश्चित्तादि विधावित्युक्तत्वात्, गौणमुख्यभेदात् मुख्यतया चतुर्दश्या एव व्यपदेशो युक्त इत्यभिप्रायेण उक्तत्वाद्वा.**

અર્થ:—ખરતર-ગચ્છવાળાઓ તરફથી વિરોધ ઉઠાવવામાં આવે છે કે પહેલાં ઉપર તો (તમે) 'ચૌદશજ' એમ (શ્રી સંઘમાં કહેવાય છે) એમ કહ્યું હતું (એટલે ટીપ્પણામાં જ્યારે ચૌદશનો ક્ષય હોય ત્યારે ટીપ્પણામાં આવેલી તેરશનો તેરશ તરીકેનો

વ્યવહાર સંભવિતજ નથી’ પરન્તુ આખાસંઘમાં ચૌદશજ થાય છે એવો વ્યવહાર છે) પરંતુ અહિં તમારા કથનના પોષણ માટે તમોએ આપેલી ગાથામાં ‘તો **अवरावी** એ જગો પર કહેલા **‘अवि’** શબ્દથી બીજી પણ સંજ્ઞાવાળી તિથિ (એટલે તેરશની સંજ્ઞા પણ) ગ્રહણ થાય એટલે કે અહિં શાસ્ત્રકારને ખરતરગચ્છવાળા કહે છે કે–પહેલાં તેરશ નહીં કહેતાં ચૌદશજ કહેવાનું કહ્યું અને અહિં તો ‘ચૌદશ પણ’ કહેવાથી ‘પણ શબ્દથી કહેવાતી તેરશની પણ સંજ્ઞા રહે છે. માટે તમારા કથનનો તમનેજ વિરોધ કેમ નહિં આવે ? આવી રીતે ( ખરતરગચ્છવાળાઓએ **‘अवि’** શબ્દથી તેરશની સંજ્ઞા આવવાથી વિરોધ આવે છે એમ જયારે શાસ્ત્રકારને જણાવ્યું છે ત્યારે તેના ઉત્તરમાં શાસ્ત્રકાર કહે છે કે) અમે ‘પ્રાયશ્ચિત્તાદિ વિધિમાં’ (તેરશ ન કહેવી પણ ચૌદશજ કહેવી) એમ કહેલું છે. (માત્ર ચૌદશજ છે, એમ પ્રથમ કહેલા વચનને વિરોધ આવતો નથી)

**‘तुष्यन्तु दुर्जनाः’** એ ન્યાયે કદાચિત ખરતરની શંકા પ્રમાણે ગૌણપણે તેરશ કહેવાનો વખત આવે તો પણ ગૌણપણાને કબુલ કરીને પણ શાસ્ત્રકાર ઉત્તર દે છે કે) વ્યવહારના જગતમાં **गोधुमांकुर** ન્યાયે મુખ્ય અને ગૌણ એવા બે કારણો હોય છે, (તેમાં અંકુરને માટે જેમ મુખ્યપણે કારણ ગોધુમ અને ગૌણપણે કારણ પૃથ્વી, પાણી, હવા, વિગેરે છે, છતાં કોઇપણ મનુષ્ય તેને પૃથ્વીઅંકુર, પાણીઅંકુર કે હવાઅંકુર કહી શકે નહિ પણ તેનું મુખ્ય કારણ ગોધુમ હોવાથી ગોધુમઅંકુરજ કહે તેવી રીતે) અહિં ચૌદશના ક્ષયે તેરશમાં ચૌદશનું મુખ્યપણું હોવાથી તે ટીપ્પણાની તેરશના દિવસે ચૌદશની પર્વ તિથિનોજ વ્યવહાર થાય, (અર્થાત ગૌણપણે તેરશનો વ્યવહાર થાયજ નહિં) તેજ યોગ્ય છે (કારણ કે ગૌણનો વ્યવહારજ થતો નથી.) એ અભિપ્રાયે અમે તે દિવસે ચૌદશજ કહેવાય એમ કહેલું છે માટે (ટીપ્પાની ચૌદશના ક્ષયની વખતે તેરસના દિવસે તેરશ ન કહેવી પણ ચૌદશજ કહેવી એમ જે કહેલું છે તેનો વિરોધ આવતો નથી.)

આવી રીતે ઉપરનો પાઠ સ્પષ્ટપણે ‘ટીપ્પણામાં ચૌદશનો ક્ષય હોય ત્યારે ટીપ્પણાની તેરશને દિવસે ચૌદશનો નિશ્ચય’ જણાવે છે અને આખો દિવસ ચૌદશજ કહેવાનું નક્કી કરે છે. છતાં એ વર્ગ ‘દિનકર’ શબ્દને નિશાકર સમજવાની માફક નીચે પ્રમાણે ખોટો પાઠ આપીને તેણે આપેલ પુરાવાના પાના નં. ૨૦ માં ખોટું લખે છે. સિ. પા. ૧૦૪

**[‘ न च प्राक् चतुर्दश्येवेत्युक्तम्, अत्र तु ‘अवरावी’ इत्यनेन अपि शब्दादन्यसंज्ञाऽपि गृह्यते तत्कथं न विरोध इति वाच्यं, प्रायश्चित्तादिविधावित्युक्तत्वाद् गौणमुख्यभेदात् मुख्यतया चतुर्दश्या व्यपदेशो युक्त इत्यभिप्रायेणोक्तत्वाद्वा’’**

[ઉપરના પાઠોમાં અન્યસંજ્ઞા પણ થાય છે અને ગૌણ મુખ્ય ભેદથી મુખ્યતયા ચતુર્દશીનો વ્યપદેશ યોગ્ય છે એવા જે સૂચનો કરવામાં આવ્યા છે તેથી પણ એજ સિદ્ધ થાય છે કે પર્વ

તિથિના ક્ષયે તેની પૂર્વ તિથિનો ક્ષય કરી શકાયજ નહિં. ઉલટું જેનો ક્ષય ન હોય તેનો ક્ષય કહેવો એ મૃષાવાદ છે. અહિ જે ક્ષીણ પર્વતિથિની પૂર્વની અપર્વતિથિનો વ્યપદેશ પણ થઇ શકે છે એવું સિદ્ધ કરવામાં આવ્યું તેથી ૧૩ મા મુદ્દાના સબંધમાં અમારૂ એવું મંતવ્ય છે અને જે શાસ્ત્રાધારને સંમત છે કે નહિ તેનો ખુલાસો થઇજ જાય છે.]

(એ રીતે એ વર્ગે પોતાના પુરાવામાં આપેલો પાઠ [ ] કૌંસમાં મૂકીને તેમજ તે પાઠનો તે વર્ગે કરેલો અર્થ પણ [ ] કૌંસમાં જણાવીને તે પ્રતિ કહેવું સાંપ્રત થાય છે કે.)

લિખિત અને મુદ્રિત બન્ને પ્રતોમાં **'चतुर्दश्या एव व्यपदेशो युक्तः'** એવો સાફ પાઠ છે, છતાં એ વર્ગે પોતાના પરંપરાથી વિરૂદ્ધ એવા આગ્રહને પોષવા માટે ઉપરના પાઠમાંથી **'एव** કાર જાણી બુજીને કાઢી નાખ્યો છે! (કેવી સ્થિતિ?) કેમકે તે પાઠથી તેરશને દિવસે ચૌદશજનોજ વ્યપદેશ (સંજ્ઞા) કરવો એવો સીધો અર્થ થતો હોવાથી એવા વખતે તેરશ ચૌદશ ભેળા કરનાર એ વર્ગને ટીપ્પણાની તેરસને દિવસે તેરસ કહેવાનું સ્થાન ગૌણપણે પણ રહેતું નથી. ખાસ ધ્યાનમાં લેવા જેવી વાત છે કે–

**૧ ટીપ્પણાની પર્વતિથિની હાનિ-વૃદ્ધિની વખતે પૂર્વ કે પૂર્વતર તિથિને જે અપર્વતિથિ તરીકે ગણવામાં આવે છે તે ફરજીયાત પર્વતિથિની અપેક્ષાએ છે. અને તેથીજ કોઈપણ ચૌદશના ક્ષયે કોઈપણ તેરસની સંજ્ઞાનો અભાવ શાસ્ત્રકારોએ જણાવ્યો છે.** અર્થાત્ ફરજિયાત પર્વતિથિઓના ક્ષય વખતે તેવી પર્વતિથિઓનું પરિસંખ્યાતપણું જાળવવા માટે પૂર્વની અપર્વ તિથિ હોય છતાં 'તે કલ્યાણકપર્વ જેવી મરજિયાત પર્વતિથિ હોય તો' તેની પણ સંજ્ઞાનો અભાવ શાસ્ત્રકારોએ જણાવ્યો છે.

**૨ પર્વતિથિનો ટીપ્પણામાં ક્ષય હોય ત્યારે પૂર્વ તિથિનું નામ ન લેવું એ વાત એકલા તત્વતરંગિણી કારજ કહે છે તેમ નહિં, પરંતુ આગમગ્રન્થમાં શ્રી. ચૂર્ણિકાર મહારાજ પણ અષાડ શુદી ૧૫નો ક્ષય હોવા છતાં તે દિવસે અષાડ શુદ ૧૫ના નામેજ જણાવે છે, નહિ કે ચૌદશના નામે કે ચૌદશ પુનમના નામે જણાવે છે. એ વર્ગના પુરાવા પાઠ--૧૫-૧૬**

**'वृद्धौ कार्या तथोत्तरा** અગર **वृद्धौ ग्राह्या तथोत्तरा'**

**સ્પષ્ટીકરણ ૧૫-૧૬**

જિન શાસ્ત્રને માનનાર મનુષ્ય આરાધનાની કર્તવ્યતા હંમેશને માટે માનનારો હોય છે એટલે તિથિની માફક આરાધના માટે પરિસંખ્યાતની જરૂર હોયજ નહીં.

જો આરાધનાની પરિસંખ્યા હોયજ નહિ તો ટીપ્પણાની પર્વતિથિની વૃદ્ધિ વખતે થતાં

'તિથિની અધિકતા ટાળવાના આ **वृद्धौ०** ના નિયમ અનુસાર આરાધનાની અધિકતા ટાળવા માટે નિયમ કરવાનો હોયજ કયાંથી ?

એટલે કહેવું જોઈએ કે આ વાક્ય આરાધના (તપ, પૌષધ, બ્રહ્મચર્ય) નો અધિકાર ટાળવા માટે નથી, પણ પરિસંખ્યાત એવી પર્વતિથિઓની અધિકતા ટાળવા માટેજ છે. પ્રાયશ્ચિત લાયક પર્વતિથિનું પરિસંખ્યાતપણું હોવાથી પર્વતિથિઓની 'ન્યૂનતાની માફક' અધિકતા શાસ્ત્રકારોને ઈષ્ટ ન હોય તો સ્વભાવિક છે.

લૌકિક પંચાંગ પ્રમાણેજ પર્વતિથિ માનવા જતાં અષ્ટમી આદિ પર્વતિથિઓ તેમાં બેવડી આવે તે વખત પ્રાયશ્ચિત્તાદિ વિધિમાં તિથિનું પરિસંખ્યાતપણું બાધિત થાય, માટે **वृद्धौ कार्या०** વાક્યથી પર્વતિથિનું નિયમન કરીને શાસ્ત્રકાર જણાવે છે કે લૌકિક પંચાંગમાં જ્યારે પર્વતિથિની અધિકતા, એટલે બે દિવસ રહેવાવાળી એક નામની બે પર્વતિથિઓ હોય ત્યારે બીજા સૂર્યોદયવાળી તિથિનેજ (પર્વતિથિપણે) કરવી અગર લેવી.

આ સ્પષ્ટતાથી સ્પષ્ટ છે કે-ટીપ્પણાની પહેલી આઠમ અગર પહેલી ચૌદશ વિગેરેમાંથી આઠમ ચૌદશપણું નિષિદ્ધ છે, અને આઠમ પહેલાની અગર ચૌદશ પહેલાની તિથિ 'સાતમ અગર તેરશજ હોય' એ પણ તેટલુંજ નક્કી છે. માટે **શ્રી દેવસૂર તપાગચ્છની સમાચારી મુજબ ટીપ્પણામાં અષ્ટમી, ચતુર્દશી આદિની વૃદ્ધિ આવે ત્યારે જે બે સાતમ અથવા બે તેરસ કરવામાં આવે છે, તે વ્યાજબી છે; અને તે વિધિ તપને કરવાવાળો તો સમજ્યા માન્યા વગર રહેશે નહિં.**

**એ વર્ગના પૂરાવા પાઠ ૧૭-૧૮**

**अथ च वृद्धौ या तिथिराराध्या तामाह (श्री त० वृ-पृ-१२)**

**સ્પષ્ટીકરણ ૧૭-૧૮**

એ પાઠ તથા **संपूण्णति उ काउं वुड्डीए** તત્વ૦ ગાથા. ૧૭ ની ટીકા ભરમાં **'आराध्या'** શબ્દ તરફ નજર રાખનાર મનુષ્ય સ્હેજે સમજી શકે કે-**'आराध्या'** શબ્દથી 'તે દિવસે આરાધના કરવી' એવો અર્થ જે એ વર્ગ કરે છે, તે બની શકે તેવો નથી પરંતુ 'આરાધવા યોગ્ય તિથિ અર્થાત્ પર્વતિથિ, એમ અર્થ લેવો તે સુસંગત છે, એટલે કે આઠમ ચૌદશ આદિનો ક્ષય હોય ત્યારે અષ્ટમી કે ચતુર્દશી કઇ ? તે વાતજ ગ્રન્થકારે **आराध्या** શબ્દથી નક્કી જણાવી.

આ પાઠમાં તિથિનું બેવડાપણું જણાવતાં જે **'एकादिन्युनाधिकविंशत्युत्तरशत०**ના પાઠથી' એકાદિથી અધિક ૧૨૦ ઘડી પ્રમાણ તિથિપણું આપત્તિ તરીકે કહેવામાં આવેલું છે તે ઉપરથી એ વાત માનવી જોઇશે કે ૬૦ ઘડીથી ઓછી તિથિ તો મનાયજ નહિ.

આ અર્થ સ્પષ્ટ છે કે—એક દિવસે બે તિથિ માનવાનું કહેવું તે જેમ ઉદયના સિદ્ધાંતથી વિરૂદ્ધ અને જુઠું છે તેમ આ વાક્યથી પણ વિરૂદ્ધ રીતે તિથિના માનને વ્યવહારથી ખંડન કરનારૂં છે.

ખરતરગચ્છવાળાઓએ ટીપ્પણાની પર્વતિથિની વૃદ્ધિ વખતે આ **'पक्खियचाउमासिय अट्ठमी पंचमीकल्लाणयाइतिहिसु तवपूयाइए उदयियतिहि अप्पयरभुत्तावि घेतव्वा न बहुतरभुत्ता वि इयरा। जयाय पक्खियाइ पव्वतिही पडइ तया पुव्वतिही चेव्व तब्भुत्तिबहुला पच्चक्खाणपूयाइसु घिप्पइ न उत्तरा। तब्भोगे गंधस्स वि अभावाओ। पव्वतिहिवुड्ढीए पुण पढमा चेव पमाणं संपुण्णति काउं।**

'વિધિપ્રપા' મુદ્રિત પૃ. ૧૧૮ વિગેરે પાઠથી તિથિ માનવામાં 'સંપૂર્ણ' અને 'ભોગ'ની વાતો લાવીને વૃદ્ધિ વખતે પહેલી તિથિને 'સંપૂર્ણ'ના બ્હાને તેમજ ઘણા ભોગના બ્હાને આરાધવા જણાવ્યું ત્યારે તત્વતરંગિણી શાસ્ત્રકારે પણ તેની પ્રતિબંધી (એનો હવાલો એને સોંપવો) તરીકે તે વૃદ્ધિ તિથિની સંપૂર્ણતાની બીજે દિવસેજ 'અન્ય તિથિઓના દ્રષ્ટાન્તથી' સિદ્ધ કરીને ઉત્તરની તિથિનેજ પર્વતિથિ તરીકે માનવાનું આરાધ્ય તિથિ તરીકે માનવાનું સાબીત કર્યું છે, શાસ્ત્રકારો ખરતરોની સાથે ચર્ચા કરતાં બે ચૌદશ વિગેરે જે લખે છે તે ટીપ્પણાની અપેક્ષાએ છે, ખરતરગચ્છવાળાએ તેવા વખતે પહેલે દિવસે પર્વતિથિપણું માનીને આરાધવાનું રાખે છે તેના નિષેધને માટે છે એટલે વૃદ્ધિ વખતે પહેલી તિથિમા તે પર્વતિથિપણું માનીને તેને આરાધવાના નિષેધ માટે છે, પરંતુ એથી તે વધેલી તિથિમાં તપગચ્છવાળાઓ જે અપર્વ તિથિનો વ્યપદેશ કરે છે તેનો નિષેધ થતોજ નથી અને તેથી તેવા વખતે બન્ને દિવસ પર્વતિથિના નામે બોલવું તે કોઈ વાતે સંગત નથી.

આ સ્થાને સમાપ્તિને, ઉદયના સૂચક તરીકેના તિથિપણાની કારણતામાં લીધી છે અને તેથી અષ્ટમી આદિકના ક્ષયની વખતે સપ્તમી આદિનો ઉદયજ સમાપ્તિ સૂચક હોવાથી તે આખો દિવસ અષ્ટમી ન માનીને માત્ર તે સપ્તમીમાં અષ્ટમીની આરાધના કરવી, તે અપ્રમાણ કેમ ન ગણવી?

**क्षये पूर्वा**૦ના અર્થથી તિથિની વિધાયકતા કરે તેને તો અષ્ટમીનોજ ઉદય ગણવાનો છે, પરંતુ એ પદ્યાર્ધનો અર્થ 'પૂર્વની તિથિમાં આરાધના કરવી' એવો કરનારને તો તે આખો દિવસ સપ્તમીપણેજ માને છૂટકો છે. અને તેમ થતાં તે દિવસે અષ્ટમીની આરાધના કરે તેને તો આરોપ મૃષાવાદ વિગેરે દોષ લાગવા સાથે અજ્ઞાનતાનો ડુંગર પણ માથે લેવો પડે.

ગ્રન્થકારે **तत्तिथित्वेन**૦ પાઠવડે એક દિવસે બે તિથિની સમાપ્તિ કહી હોય તો પણ ત્યાં ઉદય યુક્ત તિથિનીજ મુખ્યત્વે સમાપ્તિ ગણી છે. અને તેથી આઠમ આદિના ક્ષયે 'આચાર્યો'ના વચનોથી વિરૂદ્ધપણે વર્તીને પણ ટીપ્પણાની સાતમને દિવસે સાતમ આદિકને ગણીને ફરી વળી

આઠમની સમાપ્તિને આગળ કરે તે મનુષ્ય આ ગ્રન્થના રહસ્યને સમજ્યોજ નથી એમ સ્પષ્ટપણે કહી શકાય

**तिहिवाए०**ની ગાથા એક દિવસે એકજ 'તિથિ સંજ્ઞા' રાખવાનું નક્કી કરે છે અને તેથીજ શાસ્ત્રકારે ચૌદશના ક્ષયની ચર્ચા વખતે તત્વ૦ પૃ. ૩માં **त्रयोदशीति व्यपदेशस्याऽप्यसंभवात्'** તેરશની સંજ્ઞાનો અભાવજ છે એમ કહીને **'किन्तु प्रायश्चित्तादिविधौ चतुर्दश्येवेति व्यपदिश्यमानत्वात्'** ચૌદશનીજ સંજ્ઞા થાય છે એમજ સાફ જણાવ્યું છે અને તેથીજ શાસ્ત્રકારે અહીં આગળ **'तत्तिथित्वेन'** એમ નહિ કહેતાં **'तत्तिथित्वेनैव'** એમ કહ્યું છે એટલે ક્ષય વખતે ઉદયના સિદ્ધાંતને બાદ કરીને ક્ષીણ એવી પર્વતિથિની સંજ્ઞા નક્કી કરેલી છે એમ એ વાતથી અહીં સૂચવે છે.

**એ વર્ગના આપેલા પુરાવા પાઠ-૧૯**

**क्षये०**

**સ્પષ્ટીકરણ ૧૯**

આ શ્લોકાર્થ, ક્ષીણ પર્વતિથિના વખતે પહેલી અપર્વ તિથિને પર્વપણે માનવાનું વિધાન કરે છે, અને વૃદ્ધિને વખતે ઉત્તરની તિથિને માનવાનો 'નિયમ' કરે છે આમ હોવા છતાં તેનો સપ્તમી વિભક્તિથી અર્થ કરનારા અને આરાધનાપદ ઘુસાડનારા તો આકાશકુસુમનોજ આધાર લે છે.

**એ વર્ગના પૂરાવા પાઠ-૨૦**

**नहि हीनत्वं नाम तिथेर्नाशः (प्रव० परीक्षा पृ. ४१३)**

**सूर्योदयस्पर्शिनी तिथिर्वृद्धेत्युच्यते० प्रवचनपरीक्षा पृ. ४०८)**

**સ્પષ્ટીકરણ-૨૦.**

ભોગની અપેક્ષાએ તિથિનો નાશ ન કહેવાય, પરંતુ ઉદયના આધારે તિથિને માનનાર માટે તો તિથિનો ઉદય ન હોય તે દિવસે તિથિનો નાશ કહેવાય. વળી શાસ્ત્રકારોએ ટીપ્પણામાં પર્વતિથિનો ક્ષય છતાં પણ પૂર્વ અપર્વને દિવસે તે ક્ષીણ પર્વતિથિની સંજ્ઞા કાયમ કરેલી છે. છતાં જેઓ તે દિવસે આખો અહોરાત્ર પર્વતિથિની સંજ્ઞા ન માને અને તે પર્વતિથિની આરાધના કરે તેઓ પર્વતિથિના નામે ઠગ છે એટલુંજ નહિ પણ પૂનમ અને અમાવાસ્યા જેવી ફરજિયાત અને સ્વતંત્ર તિથિઓને ચૌદશની સાથે (તે તે તિથિઓના ક્ષયની વખતે) એકઠી કરી નાંખનાર એ વર્ગ તો બાર તિથિની જગોએ અગીઆર તિથિનો માનનાર થઈ પર્વતિથિનો બાધક બને છે એવા પર્વતિથિને બાધક થનાર વર્ગથી ચમકવું જોઈએ નહીં.

જો ટીપ્પણામાં પર્વતિથિની થયેલી વૃદ્ધિને વખતે એ બન્ને તિથિઓ પર્વના અવયવ તરીકે

માન્ય હોય તો સામાન્ય રીતે ચોવીસ (૨૪) કલાક સુધી તિથિની આરાધના ગણાએલી છે. એ રીતે આ નવો વર્ગ એ અવયવરૂપ બન્ને દિવસ તે તિથિની તે ૪૮ કલાક આરાધના કેમ કરતો નથી ? વૃદ્ધિ વખતે બન્ને દિવસે તે તિથિના અવયવ માનનારે તો ૪૮ કલાકની આરાધના રાખવી જોઈએ અને તે ન રાખે તો તેનાજ હીસાબે એ વર્ગ તિથિના એક અવયવને લોપનારો થાય. ખરતરગચ્છવાળાઓ તેવી વૃદ્ધિ વખતે પહેલે દિવસે સંપૂર્ણ 'તિથિ' માને છે અને બીજે દીવસે મુહૂર્ત તિથિપણું માનતા નથી, જેથી તેના માટે બીજે દિવસે અવયવપણું કહેવું તે સંભવિત નથી. અને આ નવા વર્ગ માટે અસંભવિત નથી.

**એ વર્ગના પૂરાવા પાઠ–૨૧**

**वुड्ढे पढमोऽवयवो नपुंसओ निअयनामकज्जेसु०** (પ્રવચન પરીક્ષા મુદ્રીત પૃ. ૪૦૮–૪૦૯)

**સ્પટીકરણ—૨૧.**

ખરતરગચ્છવાળાઓ માસ અને તિથિ–વૃદ્ધિ હોય ત્યારે પહેલા માસ અને પહેલી તિથિને કાર્ય કરનાર તરીકે માને છે તેથી તેના અંગે ગ્રન્થકાર તરફથી તિથિની વૃદ્ધિને વખતે પહેલી તિથિને તથા માસની વૃદ્ધિ વખતે પહેલા માસને નપુંસક તરીકે સાબીત કરવામાં આવ્યો છે, પરંતુ શ્રી દેવસૂર તપાગચ્છવાળાઓ પહેલા માસ અને પહેલી તિથિને તેના કાર્ય કરનાર તરીકે માનતાજ નથી, તેમાં પણ તેવી નપુંસક તિથિને સર્વ કાર્યને માટે નપુંસક કહેવી હોત તો પ્રવચન પરીક્ષાના તે પાઠમાંના '**तत्कज्ज०**' તે વાક્યમાં '**तत्**' શબ્દ આપતજ નહિ. એટલે સ્પષ્ટ થાય છે કે શાસ્ત્રકાર તેવી તિથિ કે માસને તેને પોતાના કાર્ય માટેજ નપુંસક કહે છે 'એટલે' અન્ય કાર્ય માટે, 'અન્ય કે તેનાથી ચઢીયાતું કાર્ય કરવાને માટે' તે પ્રથમ પર્વતિથિ અને પ્રથમ માસને નપુંસક ગણનાર મનુષ્ય શાસ્ત્રકારે આપેલા હેતુના **तत्०** શબ્દને કયાં મેલતો હશે ? કેમ મેલતો હશે ? તે તો સમર્થોજ જાણી શકે. આસો વદી બે અમાસ વખતે તો એ વર્ગ પણ તેણે માનેલી નપુંસક એવી પહેલી અમાસેજ વાર્ષિક પર્વરૂપ દિવાળી પર્વ કરે છે છતાં પણ પહેલી તિથિ દરેક કાર્યો માટે નપુંસક ગણનાર એ વર્ગને શું કહેવું ? "તિથિની અધિકતામાં સૂર્યોદયની અધિકતા સ્પષ્ટપણે લીધી છે, અને માસ વૃદ્ધિમાં કારણરૂપે કાળની અધિકતા લીધી છે." એ વસ્તુને સમજનાર મનુષ્ય કોઈ દિવસ માસ વૃદ્ધિને તિથિની વૃદ્ધિના સરખાપણામાં ગણી શકે નહિં કેમકે એકમાં (તિથિ–વૃદ્ધિમાં) સૂર્યના ઉદયની અધિકતા કારણ છે. ત્યારે બીજામાં (માસ વૃદ્ધિમાં) સૂર્યના ઉદયની ન્યુનતા એ કારણ છે.

વળી એ વર્ગ ટીપ્પણામાં પર્યુષણા પર્વને અંગે ભાદરવા માસમાં શુદિ ચોથ સુધીમાં એકમથી માંડીને કોઇપણ તિથિનો ક્ષય હોય અને શ્રાવણ અમાવાસ્યાની વૃદ્ધિ હોય તો પહેલી

અમાવાસ્યા કે જે તે વર્ગને નપુંસક તિથિ છે તે અમાવાસ્યાને દિવસે આવતો કલ્પધરનો મહાન પર્વ દિવસ એ વર્ગ તે દિવસે શી રીતે કરી શકે.

આ પ્રકરણ ટીપ્પણામાં ચૌદશનો ક્ષય હોય ત્યારે નવા ખરતરો પોતાના આચાર્યોના ચૌદશના ક્ષયે તેરસે ચૌદશ કરવાનાં **'जयाय पक्खियाइ पव्वतिही पडइ तया पुव्वतिही तब्भुत्तिबहुला पच्चक्खाण-पूयाइसु घिप्पइ न उत्तरा'** ( વિધિ પ્રપા મુ. પૃ. ૧૧૮ ) એ વચનથી વિરૂદ્ધ થઇને પણ પૂનમે-પૂનમ માનીને ચૌદશની ક્રિયા કરે છે તેના નિષેધને અંગે હોઇને અત્રે શાસ્ત્રકારે ભોગ વિગેરે હેતુઓ (તપગચ્છવાળાને નહી સમ્મત છતાં આપ્યા છે તેવી રીતે પર્વતિથિની વૃદ્ધિ વખતે તે ખરતરો પહેલી પર્વતિથિનેજ પર્વતિથિપણે ગણુતા હતા, તેના નિષેધને માટે ખરતરોની સાથે તે બાબતની ચર્ચા કરતાં અનેક ગ્રન્થકારોએ પહેલી તિથિ અને પહેલો માસ નિરર્થક જણાવવા તેને આપેલું છે જે નપુંસકપણું છે ને માત્ર ખરતરોના નિરાસ પુરતુંજ છે. નાસ્તિકોની સામા જીવની સિદ્ધિ કરતી વખતે જેમ સ્તનાભિલાષ વિગેરે હેતુઓ આપવામાં આવે પરંતુ તેથી જેમ સિદ્ધ જીવનું જીવપણું આસ્તિકોને સામાન્ય હોતું નથી તેમ આ પણ છે. એમ વિજ્ઞ પુરૂષો સ્હેજે સમજી શકે અને તેથી શ્રી દેવસૂર તપાગચ્છવાળાને બે અષ્ટમી બે ચતુર્દશી બે પૂનમ કે બે અમાવાસ્યા માનવી થતી હતી એમ સમજવું નિરર્થક બને.

વસ્તુતઃ ટીપ્પણાની તિથિ કે માસની વૃદ્ધિ વખતે જેઓ (ખરતરો) પ્રથમા તિથિ કે પ્રથમ માસને સંપૂર્ણ તથા આરાધ્ય માને છે તેને માટેજ આ અધિકાર છે અને તેથી તે અધિકાર શ્રી દેવસૂર તપાગચ્છની 'ટીપ્પણાની પર્વતિથિની હાનિ કે વૃદ્ધિ વખતે પૂર્વ કે પૂર્વતર અપર્વ તિથિની હાનિ-વૃદ્ધિ કરવાની' પ્રમાણિક રીતિએ જરાએ બાધક નથી.

તિથિ કે માસની વૃદ્ધિ વખતે પહેલી તિથિ કે પહેલા માસના માનને કાર્યસાધક માનનારા ખરતરોને માટે આ અવયવતા સિદ્ધ છે પણ તેથી જો બે માસ અને અવયવતાનો સ્વીકાર થાય તો સમાપ્તિનું વચન અન્ત્ય પ્રદેશી નિહ્નવ જેવું નથી.

(શ્રી દેવસૂર તપાગચ્છવાળાઓને તો 'પંચાંગમાં પૂનમ અમાવાસ્યાની વૃદ્ધિ હોય ત્યારે તેરસની વૃદ્ધિ થાય છે' અને તેથી ટીપ્પણાની તે પહેલી અમાવાસ્યાએ ચૌદશ આવે અને તેથી કલ્પધરનો દિવસ પણ તે ચૌદશેજ થાય છે, પરંતુ એ બે અમાવાસ્યાવાળો વર્ગ પહેલી અમાવાસ્યાને નપુંસક માને એને અંગે તેને તો આ કલ્પધરનો વિરોધ જરૂર આવે.)

શાસ્ત્રકારોએ તે માસ અને તે તે તિથિના નામને આશ્રિને થતા કાર્યને અંગે નપુંસકપણું સ્પષ્ટ જણાવેલું છે એટલે 'અન્યના' 'અન્યમાસ' અને અન્ય તિથિના નામના કાર્ય કરવાનો બાધ આવતો નથી. અને તેથી ટીપ્પણાની પહેલી પૂનમ કે અમાવાસ્યાએ ચૌદશના પાક્ષિક પ્રતિક્રમણના

કાર્યને કરનારાઓ કોઈ દોષના ભાગી થતા નથી. આ વસ્તુ નહિ સમજનારો એ વર્ગ બીજું શું સમજીને આ ગાથા કે પાઠ આરાધક વર્ગની સામે આગળ કરતો હશે ?

ગ્રન્થકાર મહાપુરૂષે ઉત્તરતિથિના અવયવનું પરંપરાથી સાધકપણું કહ્યું છે, તો પછી આ વર્ગે પણ તે સાધકતા માનવીજ જોઇએ. આ વર્ગ શ્રી દેવસૂરગચ્છની પરંપરાનો હોવા છતાં હવે તે વર્ગ સાધકતા ન માને અને કેટલીય સદીઓથી ચાલી આવેલી સુવિશુદ્ધ પરંપરાને ઉઠાવનારો થાય એ ઓછા ખેદનો વિષય નથી.

જેવી રીતે પર્વ કે પર્વાનન્તર પર્વની તિથિના ક્ષયની વખતે શાસ્ત્રકારો સ્થાને સ્થાને સંજ્ઞાની પરાવર્ત્તિ જણાવે છે, તેવી રીતે માસના નામની પરાવર્તિ જણાવતા હોય તેવો કોઈપણ પાઠ એ વર્ગે હજુ સુધી રજુ કરેલો નથી, **क्षये पूर्वा०** એ પદ્યાર્ધ તિથિને માટે છે, નહિ કે માસને માટે.

**એ વર્ગના પુરાવા પાઠ-૨૨.**

**यत्कृत्यं प्रतिमासं नामग्राहं नियतकृत्यं.** (પ્રવચન પરિક્ષા મુ. પૃ. ૪૧૦-૪૧૧)

**સ્પષ્ટીકરણ—૨૨.**

જેવી રીતે એ વર્ગે **શ્રી तत्त्व०**માં **'तस्य नामाऽपि न सह्यते ।'** એ પાઠથી કહેવાયેલા પાક્ષિક નામને નહી સહન કરવાના અધિકારમાં શાસ્ત્રકારે ટીપ્પણાની ચૌદશના ક્ષયે ટીપ્પણાની તેરસે ચૌદશ માનેલી હોવાથી, **तत्त्वतरं०**માંના **'तस्याअपि'** એ પાઠથી ક્ષીણ એવી પણ પુનમનું અમારે તો ચૌદશે આરાધન થયુંજ છે' એમ જણાવતાં ચાદશના દિવસે ક્ષીણ પૂનમનીજ માત્ર વિશેષતા જણાવવા તે પાઠમાં **अपि** શબ્દ કહેલો છે, છતાં તે વર્ગે એ વાત નહિ માનીને અને **'द्वयोरपि विद्यमानत्वेन'** એ 'હેતુ' અને **'तस्या अपि'** આપેલ સાધ્ય'માં હેતુ અને સાધ્યની ઐકયતા થઇ જાય તેનો પણ વિચાર કર્યા વિના **'अपि'** શબ્દથી જો પૂનમ સાથે ચૌદશ લઇ લીધી છે, તો પછી પ્રવચન પરીક્ષાના આ પાઠમાં જે **'द्वितीया अपि'** એમ કહ્યું છે, એટલે શું આ **'अपि'** શબ્દથી પહેલી ચૌદશ વિગેરે ખરતરો માને છે, તે આ વર્ગ યોગ્ય માનશે ખરો ?

**(वस्तुतः द्वितीयाऽधिकर्त्तव्या)**

**એ વર્ગના પુરાવા પાઠ ૨૩—૨૪**

**क्षये पूर्वा तिथि ग्राह्या०**

**સ્પષ્ટીકરણ ૨૩—૨૪**

એ પ્રઘોષ ખરતરની ચર્ચાના પ્રકરણ સિવાય ભોગ અને સમાપ્તિને સ્પર્શતોજ નથી. જો ભોગ અને સમાપ્તિને કબુલ કરવા જાયતો નવમી દ્વાદશી આદિના ક્ષય પ્રસંગે અષ્ટમી એકાદશી આદિનું અપલાપ્ય થાય. વસ્તુતઃ એ પ્રઘોષ પહેલી અપર્વ તિથિનો નિષેધ કરી તે પર્વતિથિને કાયમ

રાખવા માટે છે અને વૃદ્ધિની વખતે પહેલીમાંથી પર્વપણું કાઢી નાખવા માટે છે (વૃદ્ધિના વખતે પહેલે દિવસે ઉદય, ભોગવટો અને સમાપ્તિ એ ત્રણે રહેલા છે, જો પહેલે દિવસે સમાપ્તિ ન ગણાય તો તિથિની વૃદ્ધિજ કહેવાય નહિ.

**એ વર્ગના પુરાવા પાઠ ૨૫**

**अथ तिथिनां हानौ वृद्धौ च....'जं जा जंमि' त्ति....तत्तिथित्वेन स्वीकार्यः**

**( तत्वतरं. मु. पृ. १२ )**

**સ્પષ્ટીકરણ ૨૫**

આ પ્રકરણ એક દિવસે એકજ તિથિ ચોવીસ કલાક માટે નક્કી કરવાનું કહે છે એટલે એક દિવસે બે તિથિ કહેનાર અને આરાધનાર જેમ પરંપરાનો લોપ કરે તેમ શાસ્ત્રનો પણ લોપક ઠરે.

**એ વર્ગના પુરાવા પાઠ ૨૬**

**तथा वर्षमध्येऽऽश्विनचैत्रचातुर्मासिकवार्षिकाष्टाह्निका चतुर्मासिक त्रय०**

**(धर्मसंग्रह मुद्रित. पृ. २३९)**

જૈન શાસ્ત્ર અને જૈન ધર્મના રીવાજને સમજનાર મનુષ્ય તો અષ્ટમી ચતુર્દશીઆદિને ફરજિયાત તિથિ તરીકે સમજી શકે, અને કલ્યાણકાદિ તિથિઓને મરજિયાત તિથિ તરીકે સમજી શકે, જો કે બંને તિથિને પર્વ તિથિનું નામ અપાય છે પણ તેમાં આરાધના વિષયક તારતમ્યતા રહેલી છે અને તે એકે એક દિવસે ઘણા કલ્યાણકોની પર્વતા હોય છે. પરંતુ ફરજિયાત તિથિઓ એક દિવસે ઘણી હોતી નથી. વળી કલ્યાણક તિથિઓની હાનિ-વૃદ્ધિને અંગે ૩-૪ તિથિ સુધી પાછળ ઘટવધ કરતા જવાનું સાંપ્રદાયિક જે વિધાન છે તે ફરજિયાત પર્વતિથિને સ્પર્શતું નથી.

**એ વર્ગના પૂરાવા પાઠ-૨૭**

**आराध्यत्वे च पञ्चदशी कल्याणकतिथ्योरपि अविशेष :**

**(तत्व. मु. गाथा ४ नी वृत्ति)**

**સ્પષ્ટીકરણ ૨૭**

મનુષ્યત્વ એ આર્ય અને અનાર્યનાં અવિશિષ્ટ હોય તેથી આર્ય અનાર્ય જેમ સરખા ન થાય, તેમ ફરજિયાત અને મરજિયાત પર્વ તિથિઓ આરાધ્ય હોય તેથી બન્ને સરખી તો નજ કહેવાય. અષ્ટમી ચતુર્દશી પૂનમ અને અમાવાસ્યા એ ફરજિયાત આરાધ્ય તિથિઓ છે.

**એ વર્ગના પુરાવા પાઠ ૨૮-૨૯**

**पर्वतिथिपालनं च महाफलं शुभायुर्बन्धहेतुत्वादिना० ॥२८॥**

**बिआ पञ्चमी० ॥२९॥** (શ્રાદ્ધ વિધિ 'પ્રકાશ' ૩ પર્વતિથિ પ્રકરણ પૃ. ૧૫૨)

સ્પષ્ટીકરણ ૨૮-૨૯

તે આઠમ આદિ તિથિઓ તો આઠે પ્રકારના કર્મના શુભપણાના અને ગુણના ઉપાદાનના કારણભૂત છે. અને તેથી સુયગડાંગ આદિ સૂત્રોમાં જગો જગોપર તેનીજ આરાધનાનો ઉલ્લેખ છે. એટલે બીજ વિગેરેને પરભવના આયુષ્યના હેતુ તરીકે જો ગણાવે તો તેમાં પૂનમ જેવી ફરજિયાત તિથિઓ તેની ભેળી થતી નથી.

(આયુષ્ય બન્ધને માટે કોઈપણ માસ, તિથિ, કલાક, મિનિટ, કે સમય સુદ્ધાં નિયત નથી. એટલે આયુષ્યબંધની આ વાત પ્રાયિક છે. અને તેથી **रयणसेहरी** વિગેરેમાં એ વાતમાં **प्रायः** શબ્દ મેલ્યો છે એટલુંજ નહીં, પરન્તુ ત્યાં શ્રુતતિથિઓ જણાવી છે. પૂર્ણિમા વિગેરે ચારિત્ર તિથિઓ છે અને તેથી બીજ વિગેરેના કરતાં ઘણીજ ઉંચા નંબરની તિથ છે. આચારોપદેશમાં આયુષ્યના બીજા ત્રીજા ભાગે પરભવના આયુષ્યનો બન્ધ જણાવીને તેને તિથિની સાથે જોડેલો છે. એટલે આયુષ્ય બન્ધની માત્ર ઘટનાજ છે, અને તેથીજ પર્વ તિથિએજ આયુષ્ય બન્ધાય અને બીજી તિથિએ ન બન્ધાય એમ કોઇ સુજ્ઞ કહી શકે નહિ. વળી તે ત્રીજા ભાગની ઘટના કર્મ માસની અપેક્ષાએ હોઈને તિથિની હાનિવૃદ્ધિ વખતે તો તે ઘટનાને સ્થાન રહેજ નહીં.

એ વર્ગના પુરાવા પાઠ ૩૦

**लौकिकटीप्पनाभिप्रायेण दीक्षोपस्थापनादिषु०**

(વિચારામૃત સંગ્રહ મુદ્રિત પૃ. ૧૬)

સ્પષ્ટીકરણ પાઠ ૩૦

જો કે શ્રી દેવસૂર ગચ્છમાં વર્તમાન સમયે તિથિઓ પણ ચંડાશુચંડુ લૌકિક પંચાંગને આધારે સંસ્કાર કરવા પૂર્વક લેવાય છે, પરન્તુ એનો આપેલો વિચારામૃત સંગ્રહનો પાઠ પ્રસ્તુત તિથિસંજ્ઞા અને આરાધનાને માટે આપવો તે વ્યર્થ છે.

એ વર્ગના પુરાવા પાઠ ૩૧

**अत एव लौकिके लोकोत्तरे च टिप्पनकव्यवहारप्रवृत्तिरपि प्रतिपदादि०**

(પ્રવચન પરીક્ષા મુદ્રિત પૃ. ૧૯૦)

**यत्तु जैनटिप्पनकानुसारेण श्रावण०** (પ્રવચન પરીક્ષા મુદ્રિત પૃ. ૪૪૧)

સ્પષ્ટીકરણ ૩૧

સંસ્કાર કર્યા વગર જો લૌકિક ટીપ્પણું માનવામાં આવે તો **उदयंमि जा तिहि० तिथिश्च०** તેમજ **क्षये पूर्वा०** વિગેરે વાકયોને તિલાંજલિ દેવી જોઇએ. એટલુંજ નહીં પરંતુ પંચાંગમાં જ્યારથી તિથિનો આરંભ થાય અને જ્યાં સુધી તે તિથિનો ભોગવટો રહે તે કાળમાંજ એ વર્ગે તે તિથિની આરાધના કરવી જોઇએ.

(એમ કાર્તિક પૂનમનો ક્ષય હોય ત્યારે ટીપ્પણામાં તે ક્ષીણ પૂનમની સવારના પડિકમણાનો સૂર્યોદય પહેલાનો વખત પૂર્ણિમાનો હોય નહિ, એટલે તે વખત અગર તેની નજીકના વખતને પૂનમ માનીને પૂનમની જાત્રા કરનારો લૌકિક પંચાંગને માને છે એમ કહી શકાય નહીં. વળી શ્રી દેવસૂર તપાગચ્છવાળાઓ તો પૂર્ણિમાના ક્ષયે તેરશનો ક્ષય કરતા હોવાથી આ મુદ્દાને આકાશ કુસુમ જેવોજ ગણ્યો છે, પરંતુ એ નવા વર્ગને દરેક વર્ષે ચોમાસી પડિકમણું કર્યા પછી કરાતી પૂનમની જે યાત્રા તે પોતાના નવા માર્ગને લીધે ચૌમાસી પ્રતિક્રમણ કર્યા પહેલાંજ કરવી પડે. વાસ્તવિક રીતિએ તો આ મુદ્દાને અને ચાલુ ચર્ચાને કંઈજ સંબંધ નથી.

પર્વતિથિની સંજ્ઞાને અંગે શાસ્ત્રકારોએ પ્રભાતના પચ્ચક્ખાણનો વખતજ સૂર્યને સ્પર્શનારો લીધો છે. હવે જો સંજ્ઞાને અંગે ઉદય-ભોગ અને સમાપ્તિ-એ ત્રણ લેવામાં આવે તો અપર્વના ઉદયે પર્વ ન થઈ શકે તે દિવસે જો પર્વતિથિને અંગે ભોગ અને સમાપ્તિની બળવત્તરતા ગણવામાં આવે તો પર્વાનન્તર અપર્વ તિથિના ક્ષયની વખતે પર્વતિથિના ક્ષયનીજ આપત્તિ થાય અને જો **ક્ષયે પૂર્વા**૦ના વચનને આગળ કરવામાં આવે તો પછી ક્ષય-વૃદ્ધિ વખતે આચાર્ય ભગવન્તના વચનો અને તેમની પરંપરાનેજ આગળ કરવાનું તત્વ રહે. જો તેમ થાય તો પછી કઇ સદીઓથી ચાલતી પરંપરા પ્રમાણે પર્વતિથિ કે પર્વાનન્તર પર્વતિથિના હાનિ-વૃદ્ધિના પ્રસંગે જે પૂર્વ કે પૂર્વતર અપર્વ-તિથિની હાનિ-વૃદ્ધિ કરાય છે તે સ્વરસથી કબુલ કરવી જોઈએ. મુસદ્દામાં તિથિ સંજ્ઞા નક્કી કરવાનું જણાવાયું છે અને મતભેદ પણ તિથિસંજ્ઞાને અંગે છે. તિથિદિન અને આરાધનાને અંગે મતભેદજ કયાં છે?

# ઉપસંહાર

પર્વતિથિની હનિ-વૃદ્ધિ માનનારાઓએ તેમની માન્યતા મુજબ (મોકલેલ પુરાવાથી) નીચેના મુદ્દા સાબિત કરવા ઘટે છતાં સાબીત કર્યા નથી.

૧ શ્રી દેવસૂર તપાગચ્છની સામાચારી કરનારાઓ, ટીપણામાં જ્યારે પર્વતિથિની હાનિવૃદ્ધિ હોય ત્યારે પૂર્વ કે પૂર્વતર તિથિની હાની-વૃદ્ધિ નથી કરતા અને ન્હોતા કરતા.

૨ પોતે શ્રી દેવસૂરની સમાચારી કરનારી પરંપરામાં નથી.

૩ પર્વતિથિની આરાધના તરીકે પર્વતિથિ ઓછી થાય અગર અધિક થાય એ બન્નેમાં દોષ નથી.

૪ સૂર્યોદયવાળી તિથિના વ્યવહાર સાથે અનુદયવાળી તિથિનો પણ વ્યવહાર કરાય.

૫ ચૌદશ સાથે પૂનમ કે અમાવાસ્યાનું સંલગ્નપણું જરૂરી નથી.

૬ પ્રાયશ્ચિત્તાદિ વિધિમાં તિથિની સંજ્ઞા ક્ષય થાય અગર વધે તે વ્યાજબી છે.

૭ ચૌદશ આદિની સંજ્ઞાએ પકૂખી આદિની વ્યવસ્થા કરેલી છે છતાં તિથિની પરાવૃત્તિ તિથિ થાય છે અને તેરશ અને ત્રીજની તિથિની સંજ્ઞા માનીને પકૂખી ચોમાસી સંવચ્છરી કર્યા છતાં તિથિનું પરાવર્તન નથી.

શ્રી દેવસૂર ગચ્છની સામાચારીવાળાઓને ટીપણામાં જ્યારે પર્વ કે પર્વાનન્તર પર્વતિથિની હાનિ કે વૃદ્ધિ આવે ત્યારે જે પૂર્વ કે પૂર્વતર અપર્વ તિથિની હાની–વૃદ્ધિ સાબિત કરવાની છે તે સાબીત થઈ છે.

૧ ચૌદશના ક્ષયે તેરશે તેરશ કહેવાય નહીં પણ ચૌદશજ કહેવાય એ વિગેરે પાઠોથી તેમજ અષ્ટમી આદિની વૃદ્ધિ વખતે એકનેજ ઔદયિકી–એકજ પર્વતિથિ ગણવા જણાવ્યું છે. એ વિગેરે પાઠોથી એક પર્વની હાનિ–વૃદ્ધિએ પૂર્વ અપર્વ તિથિની હાનિ–વૃદ્ધિ સાબીત થઇ છે.

૨ પર્વાનન્તર પર્વતિથિની હાનિવૃદ્ધિની વખતે શ્રી હીરસૂરીજીના '**त्रयोदशी चतुर्दश्योः**' એ દ્વિ વચનવાળા પાઠ વિગેરેથી પૂર્વતર અપર્વતિથિની હાનિ તેમજ પહેલી પુનમે ખરતર તરફથી '**वृद्धौ पाक्षिकं क्रियते इदं किं ?**' એ પાઠથી અપાએલો ઓલંભો, શ્રી દેવસૂર પટ્ટક આદિ પાઠોથી પર્વાનન્તર પર્વતિથિની વૃદ્ધિ હોય ત્યારે પૂર્વતર અપર્વતિથિની વૃદ્ધિ કરવાનું સાબીત થયું છે.

૩ અનેક પુરૂષ પરંપરાએ ચાલેલો જે રિવાજ હોય તેને શાસ્ત્રકારો જીતકલ્પ કહે છે. અને તેને આગમ કથિત અનુષ્ઠાનોની માફકજ પ્રમાણ ગણવામાં આવે છે તે જીતકલ્પથી અવ્યાહત-પણે, ટીપણામાં જ્યારે પર્વ કે પર્વાનન્તર પર્વની હાનિ કે વૃદ્ધિ આવે છે ત્યારે પૂર્વ કે પૂર્વતર અપર્વ તિથિનીજ હાનિવૃદ્ધિ થાય છે એ વાત સાબીત કરવામાં આવી છે.

૪ લૌકિક ટીપણામાં પણ એવા અવસરે પૂર્વતર અપર્વને પર્વની સંજ્ઞા અપાય છે. એ વાત પણ વિ. સં. ૨૦૦૦ની સાલના ચંડાશુ ચંડુ પંચાગમાં પ્રસિદ્ધ થયેલ ફાગણ વદ અમાસના ક્ષયે ફાગણ વદિ ૧૩ને આપેલ મહાશિવરાત્રિની સંજ્ઞાથી તથા ચૌદશને આપેલી અમાસની સંજ્ઞા જણાવીને સાબીત કરવામાં આવી છે.

જૈન આગમશાસ્ત્રોમાં પૂર્ણિમાના ક્ષયે પણ તે દિવસે પુનમ કહેલીજ છે. અને તત્વ-તરંગિણી આદિ ચર્ચા ગ્રન્થમાં પણ એજ વાતનું સાફ સમર્થન છે. તાણી તૂણીને પણ ચર્ચા ગ્રન્થોમાંથીજ કહેવાતા પણ પાઠો આપનાર એ વર્ગ જો આપેલ આગમશાસ્ત્રોના પાઠોને માને તોજ તેઓ એવા ચર્ચાગ્રન્થો પણ સીધા લગાવી શકે.

તા. ૫–૧–૪૩ આનંદસાગર દઃ પોતે.

શ્રી ગૌતમસ્વામિને નમ:

# શેઠશ્રી કસ્તુરભાઇ સમક્ષ રજુ થયેલો મુસદ્દો અને એ ઠરાવને અંગે નવા વર્ગે આપેલા ૨૫ મુદ્દા ઉપરનો

# સંક્ષિપ્ત જવાબ.

## મૂળ મુસદ્દો

'પર્વતિથિની આરાધનાને અંગે, ચંડાશુચંડુ પંચાંગમાં જ્યારે પર્વ કે પર્વાનન્તર પર્વ તિથિનો ક્ષય હોય કે વૃદ્ધિ હોય ત્યારે પર્વની તિથિનો કે પર્વાનન્તર પર્વની તિથિનો ક્ષય કે વૃદ્ધિ બાબતમાં જૈનશાસ્ત્રના આધારે કઈ તિથિને પર્વ તિથિ તરીકે કહેવી અને માનવી."

## આ મુસદ્દા ઉપર નવા વર્ગના ૨૫ મુદ્દાના નિરૂપણ ઉપરનું શીર્ષક લખાણ

**સિદ્ધચક્ર પાના નં. ૮૮ પેરા-૧**

"તિથિદિન અને પર્વારાધન સંબંધી મન્તવ્ય ભેદને અંગેના નિર્ણય માટે અમોએ તારવેલા ૨૫ મુદ્દાઓ પૈકીનો પહેલો મુદ્દો—

**સમાલોચના પેરા-૧**

ખરી રીતે શ્રી દેવસૂર તપાગચ્છ અને એ વર્ગ વચ્ચે તિથિદિન અને પર્વારાધન એ બે સંબંધી મંતવ્યભેદ નથી.

શ્રી દેવસૂર તપાગચ્છ અને નવો વર્ગ એ બન્ને "તિથિદિન અને પર્વારાધન" માનેજ છે. ભેદ માત્ર ત્યાંજ છે કે-ટીપ્પણામાં આવતી પર્વ કે પર્વાનન્તર પર્વ તિથિના હાનિ-વૃદ્ધિ પ્રસંગે કયે દિવસે તે પર્વ તિથિની સંજ્ઞા કરવી અને તે પછી તે પર્વતિથિને માનવી? મુદ્દો પણ એજ વાત નક્કી કરવાનું જણાવે છે.

**સમાલોચના પેરા-૨**

એ વર્ગનો પ્રથમ મુદ્દો હાનિ-વૃદ્ધિના પ્રસંગ વગરનો અને હાનિ-વૃદ્ધિ પ્રસંગના અપવાદથી બાધિત થયેલ હોવાથી શેઠશ્રી કસ્તુરભાઈ સમક્ષ થયેલ મુસદ્દાની મર્યાદાથી બહાર છે. કારણકે એ વર્ગે તેમના પ્રથમ મુદ્દામાં હાનિ વૃદ્ધિનો મુદ્દલ પ્રસંગ બતાવ્યોજ નથી.

અમે મૂળ ૨૫ મુદ્દાની સમાલોચના અને તેમણે પોતાના મુદ્દાનાં સમર્થનમાં-(વિવરણમાં) આપેલા પાઠોની સમાલોચના કરી ગયા છીએ. છતાં તેમનું વિવરણ કે જે એકજ વાતનું ઘણીવાર

પુનરાવર્તન કરે છે અને શાસ્ત્રપાઠના અર્થથી રહિત અને વાસ્તવિક અર્થથી વિરૂદ્ધ એવા માત્ર ભાવને જણાવે છે. તેમજ પોતાના મંતવ્યને સમર્થન આપનાર એક પણ શાસ્ત્રીય પાઠ કે પરંપરાને સાબિત કરી શક્યું નથી. તે બતાવવા એ વર્ગના વિવરણની (નિરૂપણની) અમે કાંઈક સમાલોચના રજુ કરીએ છીએ.

એ વર્ગે પોતાના વિવરણમાં પ્રથમ મુદ્દાનું સમર્થન કરતાં અગાઉ શરૂઆતના (લખેલાં) પાના-૭ સુધી પોતાનું મંતવ્ય કે જે શ્રી દેવસૂર તપાગચ્છની સમાચારીથી અને શાસ્ત્રપાઠોથી વિરૂદ્ધ છે. અને જેને ખોટી રીતના પ્રમાણથી છાયા આપીને રજુ કર્યું. છે જ્યારે શ્રી દેવસૂર તપાગચ્છની સામચારી પ્રમાણેનું મંતવ્ય રજુ કરતાં જે જાહેર અને વાસ્તવિક પ્રમાણો છે, તેની છાયા સરખા પણ એ વર્ગે બતાવી નથી. માટે ૭ પાના સુધીનું ઉપોદ્‌ઘાતનું લખાણ કોઈપણ સુજ્ઞ મનુષ્યે વાસ્તવિક છે એમ ન માનવું જોઇએ. વળી તે કરેલો સંગ્રહ એ વર્ગ પુનરૂક્તિ રૂપે આગળ રજુ કરવાનું જણાવે છે તેથી પણ પાના-૭ સુધીનો એ વર્ગે કરેલો સંગ્રહ શાસ્ત્રાધારથી નિરપેક્ષ હોવાથી અહિં લક્ષ્યમાં લેવા યોગ્ય નથી. તથા શરૂઆતના સાત પાના સુધી જગો જગો પર એ વર્ગ મારી માન્યતાને મારા (આ. સાગરાનન્દસૂરિજીના) મંતવ્ય તરીકે જણાવે છે તે મારૂં મંતવ્ય નથી, પણ આખા દેવસૂર સંઘનું મન્તવ્ય છે. અને એઓનું પણ સં. ૧૯૯૧ સુધી એજ મંતવ્ય હતું. આથી અમે અમારે માટે 'દેવસૂર સંઘ' કે તપાગચ્છ આપીએ છીએ અને એમને માટે અમે 'એ વર્ગ' એ રીતે લખીએ છીએ.

### પેરા ૩જાની સમાલોચના.

પેરા ત્રણમાં પ્રથમ મુદ્દો ઉપસ્થિત કરવાનાં એ વર્ગે જે કારણો બતાવ્યા છે તે પણ બરાબર નથી. કારણકે પ્રથમ મુદ્દોજ મંતવ્ય ભેદની ચર્ચાના વિષયની બહાર છે. અને અમો તો શ્રી દેવસૂર તપાગચ્છની સામાચારી મુજબ અસલથી સેંકડો વર્ષથી જે રીતે થતું હતું તે રીતેજ થાય છે ને કરીએ છીએ. ખરી રીતે પ્રથમ મુદ્દો પર્વ કે પર્વાનન્તર પર્વતિથિના ક્ષય-વૃદ્ધિ પ્રસંગે અપવાદને નહિ સમજવાથીજ ઉત્પન્ન થવા પામ્યો છે.

### પેરા-૪ની સમાલોચના.

પેરા ચારમાં જણાવેલી વાત બરાબર નથી. કારણકે તેમણે જે મુખ્ય મુખ્ય બીનાઓ સંઅહિત કરી છે, તે બીનાઓમાં પણ જે વસ્તુ અમે શાસ્ત્રાધારે અને પરંપરાએ માનીએ છીએ, તેને મચડીને અને ભ્રમ ઉત્પન્ન કરે તેવી રીતે રજુ કરી છે જે તટસ્થ નિરૂપકને વસ્તુ સ્થિતિનો સરળતાથી અભ્યાસ થવા દેવામાં આડી દિવાલ રૂપે છે.

જેમકે તે વર્ગ તેમના વિવરણમાં સિ૦ પૃ. ૮૯ પેટા પેરા-૩ 'સામાપક્ષે ૦૦૦૦ સાગરાનંદ ૦૦૦૦ નું આ વિષયમાં એવું મંતવ્ય છે કે'-એમ જે લખ્યું છે તે બરાબર નથી. કારણકે ઉપર જણાવ્યા મુજબ અમારૂં મંતવ્ય કે આચરણ જે છે તે કાંઈ તે વર્ગની માફક સ્વતંત્ર નવું મંતવ્ય કે નવા આચરણરૂપ નથી. પરંતુ શ્રી દેવસૂર તપાગચ્છની પરંપરામાં અસલથી ચાલતું આવેલું ને ચાલે છે તેજ છે. તેમજ એ વર્ગે પણ સં. ૧૯૯૧ સુધી એ પ્રમાણેજ આચરેલું છે તે મંતવ્ય છે. મારા તરફથી તો ફક્ત તેનું અહિં માત્ર પ્રતિપાદનજ થાય છે.

**સિ. પા. ૮૯. સમાલોચના. પેરા ૫**

પેરા પાંચમાં જણાવવામાં આવ્યું છે 'પુનરૂક્તિઓ વધી જવા પામે........ટાળી શકાય' એ પણ બરાબર નથી. કારણકે પુનરૂક્તિ ટાળવા શરૂઆતના સાત પાના રોકયાં છતાં એ વર્ગના વિવરણમાં પુનરૂક્તિ અસ્પષ્ટતા અને પુરાવા વિનાના કલ્પીત વિધાનો તો તેમના તેમજ રહેવા પામ્યા છે જે અમે પ્રસંગે જણાવીશું.

**પેરા ૬ ની સમાલોચના.**

પેરા ૬ માં જણાવેલ વિગત બરાબર નથી. કારણ કે તે પક્ષનો હેતુ વિગત જણાવવાનો નથી. પરંતુ વિગતના બ્હાને 'શ્રી દેવસૂર' તપાગચ્છ સામાચારી મુજબ સેંકડો વર્ષથી અવિચ્છિન્ન રીતે આચરણા કરનાર અમારી રીતિને ઉલટી રીતે રજુ કરીને પોતાને આગળ જે વસ્તુ રજુ કરવી છે તેને માટે ભૂમિકા તૈયાર કરવાનો છે.

**પેરા ૬ પેટા પેરા-૧**

ચંડાશુચંડુ પંચાંગમાં પર્વતિથિની હાનિ-વૃદ્ધિ ન હોય ત્યારે "તિથિદિન અને પર્વારાધન" માં અમે એક છીએ.

**પેરા ૬ ની સમાલોચના.**

પેરા ૬ ના પેટા પેરા ૧ માં જણાવેલી વિગત સત્યથી વેગળી છે. તેઓ ટીપણામાં નોમના ક્ષયે સૂર્યોદયને સ્પર્શનારી અષ્ટમી હોવા છતાં ભોગ સમાપ્તિવાળી નોમનો પણ વ્યપદેશ (ટીપ્પણાની આઠમના ક્ષયે સાતમ આઠમની પેઠે) આઠમ નોમ કહીને સ્વીકારે છે, તે વસ્તુ 'શ્રી દેવસૂરગચ્છ સમાચારીવાળાઓને જૈનશાસ્ત્ર અને પરંપરા મુજબ' માન્ય રહી શકે, તેવો કોઇ પણ આધાર એ વર્ગ આજ સુધી આપી શકેલ નથી. તેમ એ વર્ગે આ વિવરણમાં પણ આપ્યો નથી.

શાસ્ત્રકારોએ અને તપગચ્છ સમાચારીવાળાઓએ પર્વતિથિની હાનિવૃદ્ધિવાળો અનુક્રમે એ પૂર્વની અપર્વતિથિના વ્યપદેશનો અભાવ અને પૂર્વતિથિમાં પર્વતિથિપણાનો વ્યપદેશનો અભાવ

ગણ્યો છે, તે તે તિથિ કે પર્વતિથિમાંના ઉદયના અપ્રમાણને લઈને ગણ્યો છે. એટલે ભોગ સમાપ્તિની નામે કોઇપણ જગ્યાએ તપાગચ્છ શાસ્ત્રકારોએ અને તેની સમાચારીવાળાઓએ ભોગ અને સમાપ્તિની માન્યતાનો ગંધ સરખો પણ લીધો નથી.

આથી સ્પષ્ટ સમજાશે કે એ વર્ગને આ પ્રકારના શ્રી. દેવસૂર તપાગચ્છના અને તે વર્ગના મંતવ્ય ભેદનો ખ્યાલ હોવા છતાં એ વર્ગે પોતાના વિવરણમાં 'ચંડાશુચંડુ પંચાંગમાં જ્યાં સુધી × × × × × × × × કશોજ ભેદ પડતો નથી.' તે વાક્ય ઈરાદાપૂર્વક ભ્રમ ઉત્પન્ન કરવા રજુ કર્યું છે તેવુંજ બીજે લગભગ દરેક ઠેકાણે બનવા પામ્યું છે.

## પેરા ૬ પેટા પેરા ૨-૩ સમાલોચના.

પેરા ૬ ના પેટા પેરા ૨--૩નું લખાણ પણ સત્ય નથી. તેમાંનું લખાણ શ્રી દેવસૂર તપાગચ્છ સમાચારીને અનુસરનારા એવા મારા નામે ખોટી રીતે રજુ કર્યું છે અર્થાત્ આ ચર્ચા વિષે હું જે કંઇ માનું છું અને આચરૂં છું તે મારો મત કે આચારણા નથી. પણ શ્રી તપાગચ્છાધિપતિ શ્રી વિજયદેવસૂરિજીની માન્યતા અને આચરણા છે. છતાં તેઓ દરેક બાબતમાં મારી માન્યતા તરીકે ખોટી રીતે જણાવે છે.

પેરા ત્રણમાં એ વર્ગ જણાવે છે કે "સામાપક્ષે ૦૦૦૦ સાગરાનંદ સૂરિજીનું આ વિષયમાં એવું મંતવ્ય છે કે આઠમના ક્ષયના બદલામાં સાતમનો ક્ષય કરવો તે દિવસે જે સાતમપણું છે તેને ઉડાવી દઈને માત્ર આઠમપણું કાયમજ કરવું, અને તે પછીજ તે દિવસે અષ્ટમીની આરાધના કરવી." વિગેરે વિગેરે એ વર્ગનું એમ કહેવું તે સત્ય નથી. કારણ કે અમે એ વર્ગે લખ્યું તેમ અમે તિથિ સંબંધી કોઇ વાત નિર્ધાર કહેતા કે માનતા નથી, પણ શાસ્ત્રાજ્ઞા મુજબના **ક્ષયે પૂર્વા૦** ના વાક્યાધારે સંસ્કારપૂર્વક માનીએ છીએ, આજ્ઞા મુજબનો સંસ્કાર કર્યા વગર ટીપ્પણામાં જણાવેલ વાતને સિદ્ધ ગણીને એ વર્ગ તરફની વિવરણમાં જે કહેવામાં આવ્યું છે તે જૈન શાસ્ત્રકારોએ કહેલા સંસ્કારની અપેક્ષાએ જુદું ને વિરોધિ છે. જેમ ટીપ્પણામાં ચૌદશનો ક્ષય હોય ત્યારે તત્વતરંગિણીના **'तत्र त्रयोदशीति व्यपदेशस्याऽप्यसंभवात् किन्तु प्रायश्चित्तादिविधौ चतुर्दश्येवेति व्यपदिश्यमानत्वात्'** વિગેરે કથનથી શાસ્ત્રકારોએ તેરશને દિવસે તેરશ કહેવીજ નહિ, પરંતુ ચૌદશજ કહેવી. એવો (**ક્ષયે પૂર્વા૦** નિયમ અનુસાર સંસ્કાર કરવા માટે) સ્પષ્ટ આદેશ કર્યો છે. તેમ તેજ રીતિ આઠમ આદિના ક્ષયે એકજ સરખી ઘટે છે. ટીપ્પણાની આઠમના ક્ષયે સાતમે આઠમનીજ સંજ્ઞા કરવાને બદલે તે દિવસે 'સાતમપણું છે સાતમપણું હતું' એવા શબ્દો શ્રી દેવસૂર સંઘમાં રજુ કરવા તે શ્રી દેવસૂર સમાચારીમાં જાણી બુજીને ભ્રમ ઉત્પન્ન કરવાનો પ્રયાસ માત્ર છે. તેમજ તેજ પૃષ્ટ-૩ ના

પેરા–૬ના પેટા પેરા ૩ માં આગળ લખતાં એ વર્ગ જણાવે છે કે "સાતમના સૂર્યોદયને સાતમનો સૂર્યોદય માનવા સાથે અષ્ટમીનો પણ સમાપ્તિ સૂચક સૂર્યોદય માનવાનું અમારૂં મંતવ્ય છે."

આથી ટિપ્પણાની અષ્ટમીના ક્ષયની વખતે જૈન શાસ્ત્ર પ્રમાણે સાતમે આઠમ માન્યા વિના સાતમના દિવસે પણ સૂર્યોદયને સ્પર્શનારી સાતમજ હોય છે. એમ ઉપરના વાક્યમાં કબુલ કરીને તે દિવસે અષ્ટમીનો પણ સમાપ્તિ સૂચક સૂર્યોદય માનવાનું અમારૂં મંતવ્ય છે એમ કહેવું તે **वदतो व्याघात** છે. કારણકે અષ્ટમીનો સમાપ્તિ સૂચક સૂર્યોદય હોય તો ટીપ્પણામાં આઠમનો ક્ષય શી રીતે કહેવાય? તેમજ એક દિવસે બે સૂર્યોદય હોવાનું વચન અબુધજનગ્રાહ્ય પણ બની શકે નહિ. સમાપ્તિ સૂચક સૂર્યોદયવાળી તિથિ તો તેને કહેવાય કે સૂર્યોદયને સ્પર્શનારી તિથિને દિવસે સમાપ્તિ થયેલી હોય તે દિવસે તેવી તિથિ તો સમાપ્તિવાળીજ છે. એટલે સ્પષ્ટ છે કે સમાપ્તિ સૂચક સૂર્યોદય અષ્ટમીનો છેજ નહિ. અષ્ટમીના ક્ષય પ્રસંગે ઉદય અને સમાપ્તિ યુક્ત સપ્તમીમાં અષ્ટમીના માત્ર ભોગ સમાપ્તિ છે ને ભોગસમાપ્તિને તિથિના વ્યપદેશમાં કારણરૂપે ( ખરતર ગચ્છવાળા સિવાય ) તપાગચ્છ સંઘમાં કોઇ શાસ્ત્રકારે માની નથી.

શ્રી તત્વતરંગિણીકારે મુદ્રિત પ્રત પૃષ્ઠ–૧૨ માં જે **जं जा जंमि** ગાથા ૧૭-ના વિવરણમાં **या तिथिर्यस्मिन् आदित्यादिवारलक्षणे दिवसे समाप्यते स एव दिवसो वारलक्षणः प्रमाणमिति तत्तिथित्वेनैव स्वीकार्यः'** એમ જણાવીને જે સમાપ્તિસૂચક નિયમ બતાવ્યો છે, તે ખરતરોને આશ્રીને છે. આમ છતાં તે નિયમથી પણ ટીપણાની અષ્ટમીના ક્ષય વખતે સાતમમાં સમાપ્તિ પામેલી અષ્ટમીને તે સાતમનો આખો અહોરાત્ર માનવાનુંજ શાસ્ત્રકારે જણાવ્યું છે. નહિં કે તે દિવસે સાતમનો પણ સૂર્યોદય કે સાતમ પણ માનવાનું જણાવ્યું છે. અને તેથી સાતમના સૂર્યોદયને આઠમનોજ સૂર્યોદય માનવાનો રહે છે, નહિં કે તે દિવસે સાતમનો પણ સૂર્યોદય માનવાનું રહે છે. ભોગ સમાપ્તિને લઇને એક દિવસે બે તિથિનો વ્યપદેશ માનવાનું નવા વર્ગ સિવાય આજસુધી કોઈ શાસ્ત્રકારે કહ્યું નથી.

આથી આઠમના ક્ષય વખતે **क्षये पूर्वा०** નિયમ લગાડીને તે ટીપણાની સાતમના સૂર્યોદયને અષ્ટમીનો સૂર્યોદય ગણીને સપ્તમીના સૂર્યોદયપણાનો બાધ કરવામાં આવ્યો છે. શ્રી તત્વતરંગિણી આદિ કોઈપણ શાસ્ત્રકારોએ કે પંચાંગકારોએ બે જુદા નામની બે તિથિ એકી વખતે કે એક દિવસે સૂર્યોદયને સ્પર્શતી હોય એવો કોઇ સૂર્યોદય કોઈ તિથિઓ માટે માન્યો નથી. એ વર્ગે (સાતમના સૂર્યોદય માનવા સાથે અષ્ટમીનો પણ સમાપ્તિસૂચક સૂર્યોદય માનવાનું અમારૂં મંતવ્ય છે.) એમ જણાવવા વડે જૈન શાસ્ત્રકાર અને પંચાંગકાર બન્નેથી કોઈ નવીજ વાત ઉભી કરી છે.

પેરા ૬ પેટા પેરા ૪ની સમાલોચના. સિ. પા. નં. ૯૦.

પેરા ૬ ના પેટા પેરા ૪નું લખાણ પણ સત્ય નથી.

એક અખંડ વસ્તુના બે અવયવને બે વસ્તુસ્વરૂપે માનવામાં આવે અને તેમાંનો એક અવયવ અવગણીને પણ એ સાથે બીજા અવયવનો પણ સ્વીકાર કરવામાં આવે તો એમ માનનારને તે અખંડ વસ્તુનું આરાધાન થયું ન ગણાય. એક વસ્તુ બે અવયવમાં વહેંચાણી હોય તે વખતે અંત્યમાં અખંડ વસ્તુને સ્વીકારનાર વર્ગને તો જૈન શાસ્ત્રકારોએ ઉત્તરાધ્યયનાદિ સૂત્રોમાં અંત્ય પ્રદેશી નિન્હવ ગણાવ્યો છે, તથા શાસ્ત્રકારે બતાવેલો 'वृद्धौ कार्या तथोत्तरा' એ નિયમ પણ બે અવયવ સ્વરૂપ તિથિને માનનાર વર્ગ માટે નકામો થઈ પડે. કારણ કે એ નિયમ પર્વતિથિની વૃદ્ધિ વખતે પર્વતિથિની સંજ્ઞાની વ્યવસ્થા કરવા માટે છે. નહિં કે બે અવયવરૂપ તિથિ માટે છે. વૃદ્ધિ વખતે શ્રી દેવસૂર તપાગચ્છવાળાઓ તો ઉત્તર દિવસનેજ એક અખંડ પર્વતિથિ તરીકે માનીને આરાધતા હોવાથી તેને તેવી કોઇ આપત્તિ નથી.

પેરા ૬ પેટા પેરા ૫ ની સમાલોચના.

પેરા ૬ ના પેટા પેરા ૫ નું લખાણ પણ સત્ય નથી.

પૂર્વે અપર્વતિથિ હોય તેવી પર્વતિથિની હાનિ પ્રસંગે શ્રી દેવસૂર તપાગચ્છવાળાઓને તથા નવા વર્ગને આરાધના એક દિવસે થાય છે. પરંતુ (શ્રી દેવસૂર તપાગચ્છ ટીપ્પણાની આઠમ આદિના ક્ષય પ્રસંગે સાતમના દિવસે આખો દિવસ આઠમ પર્વતિથિ માનીને આઠમ વિગેરેની આરાધના કરે છે. એટલે પર્વતિથિ જે આરાધનાના આધારરૂપ છે તેને રાખીને આરાધનારૂપ 'આધેય' રાખવામાં આવે છે. જ્યારે આ નવો વર્ગ એ પ્રસંગે આઠમરૂપી આધારને ક્ષીણ માનીને અને આઠમની આરાધનારૂપ આધેયને રાખવા માટે સાતમને 'આધાર' કરીને તે સાતમમાં આઠમ વિગેરેનો આરાધનારૂપ આધેય રાખે છે.)

આટલો જબ્બર તફાવત છે અને તેથી તે વર્ગને આરાધના કરતાં છતાં પર્વતિથિના લોપક થવું પડે છે. અને તેવીજ રીતે ટીપણાની વૃદ્ધાપર્વતિથિમાં 'वृद्धौ कार्या तथोत्तरा'ની ઘટનાપૂર્વક અખંડ પર્વતિથિનું આરાધન અમે કરીએ છીએ. જ્યારે એ વર્ગ વૃદ્ધાતિથિ વખતે એક દિવસે બે અવયવ માનીને અને પૂર્વ અવયવ છોડીને ઉત્તર અવયવે પર્વતિથિનું આરાધાન કર્યા છતાં અખંડ તિથિની આરાધાનથી રહિત રહે છે.

પેરા ૬ પેટા પે-૬-૭ સમાલોચના.

પે-૬ ના પેટા પેરા ૬-૭નું લખાણ પણ બરાબર નથી.

અમે અહિં દરેક વસ્તુનું અમારૂં મંડન એટલા માટે નથી કરતા કે આગળ આની આ વસ્તુ વારે ઘડીએ આવે છે. અને એટલાજ માટે માત્ર અમારે નામે ખોટી રીતે જે વસ્તુ એ વર્ગ રજુ કરે છે તેનોજ અમે નિષેધ કરીએ છીએ.

પેરા ૭ માં એ વર્ગે લખેલી "ચૌદશેજ ચૌદશના અને પૂનમના એમ બન્નેય પર્વતિથિના એકજ દિવસે આરાધક બની શકાય છે." વિગેરે આ અને આના પછી લખેલી સર્વ વસ્તુ સત્યથી વેગળી છે. જૈનશાસ્ત્રોમાં પર્વતિથિઓ ફરજીયાત અને મરજીયાત એમ બે પ્રકારની કહી છે. અષ્ટમી ચતુર્દશી આદિ ચતુષ્પર્વી કે પ્રાયશ્ચિતાદિ વિધિમાં ફરજીયાત પર્વતિથિઓ છે અને કલ્યાણકાદિ પર્વતિથિઓ મરજીયાત પર્વતિથિઓ છે. ફરજીયાત પર્વતિથિઓનું પરિસંખ્યાન હોવાથી ન તો તેની હાનિ પાલવે કે ન તો તેની વૃદ્ધિ પાલવે, જેમ ફરજીયાત તિથિઓનું પાલન ન થાય તો **"अमुना प्रकारेण पाक्षिकचातुर्मासिकसांवत्सरिकलक्षणतिथिनामाराध्यत्वेन तत्तपः उपलक्षणादन्यदपि तन्नियतानुष्ठानं तस्य नियमो–मर्यादा तत्तपः चतुर्थादिलक्षणं इत्यर्थः, स च कथितो वीतरागेण, केन स्वरूपेण ? नियमेन–निश्चयेन नतु भजनया इत्यर्थः, शेषतिथिषु च भजना–नियामाभावः, अकरणे प्रायश्चित्ताभावादिति जीनवचनविद्भिर्ज्ञेया"** (તત્વતરંગિણી પૃ. ૨૬) ના એ પાઠ આદિથી પ્રાયશ્ચિત જણાવે છે. તેમ કલ્યાણકાદિ મરજીયાત પર્વતિથિઓનું તે તે તિથિના દિવસે આરાધન કરે તો એ ઠીક અને ન કરે તો એ ઠીક એમ જણાવીને તે તે દિવસે તે તિથિનું આરાધન ન થાય તો પ્રાયશ્ચિત જણાવતા નથી. અર્થાત્ પ્રાયશ્ચિત્ત નથી એમ સાફ જણાવે છે.

અને તેજ કારણથી **क्षये पूर्वा०** ના પ્રઘોષને જન્મ મલ્યો છે. અને તેથી એક દિવસે બે ફરજીયાત તિથિ માનવાનું શાસ્ત્રકારે કોઇ પણ સ્થાને જેમ કહ્યું નથી તેમ ફરજીઆત બે પર્વતિથિનું એક દિવસે આરાધન થાય તેમ પણ કોઈ સ્થાને કહ્યું નથી. તથા તેમણે આગળ રજુ કરેલા પાઠોમાં એક પણ પાઠ તેનું સમર્થન આપતો નથી.

તેમજ તે પેટા પેરા ૭ માં એ વર્ગ જણાવે છે કે "અને જરૂર મુજબ મુખ્ય ગૌણ રીતિએ તે દિવસે ચૌદશની તથા પૂનમની પણ સંજ્ઞા થઈ શકે છે' તે લખાણ પણ બરાબર નથી. 'અત્ર એ વર્ગે એક દિવસે બે તિથિની સંજ્ઞા થઈ શકે છે" એ વાત સાબીત કરવી જોઈએ. પણ તે કરી નથી. તેઓના આ કથન માટે આગળ પણ તેઓ એકેય પુરાવો આપી શકયા નથી. તત્વતરંગિણી પૃ. ૩ માં **गौणमुख्यभेदात् मुख्यतया चतुर्दश्या एव व्यपदेशो युक्तः'** આ પાઠથી શાસ્ત્રકારે ગૌણપણે પણ અપર્વતિથિને કહેવાનો નિષેધ કર્યો છે. ને હંમેશાં વ્યપદેશ પણ મૂખ્યપણેજ થાય છે. અને એટલા માટે તો તેરશે ચૌદશજ કહેવા માટે શાસ્ત્રકારે એ પાઠમાં **'एव'** કાર પણ મુકયો છે. એકજ દિવસે 'ગૌણ મુખ્ય' એમ બે રીતે વ્યપદેશ થઈ શકેજ નહિં અને જો તેમ થાય તો

ગોધૂમાંકુર ન્યાયે મુખ્ય જે ગોધૂમ છે તે છોડી દઈને પૃથ્વ્યાંકુર આદિની પણ સંજ્ઞા થઈ જાય. પણ તેમ થતું નથી. આથી એ વર્ગની "ગાણુ મુખ્ય રીતિએ તે દિવસે ચૌદશ તથા પુનમની પણ સંજ્ઞા થઈ શકે છે." તે વાત તદ્દન ગલત છે. તેથીજ એ વર્ગે પેરા ૭ માંની તેમની આ ગૌણુ મુખ્યવાળી વાત પછીની ત્રીજીજ પંક્તિમાં 'આવું અમારૂં મંતવ્ય છે' એમ જણાવે છે. નહિં કે કોઈ શાસ્ત્રકારનું તેવું મંતવ્ય છે એમ જણાવે છે. આશ્ચર્યની વાત એ છે કે એ વર્ગ તેની આ 'ગૌણુ–મુખ્યવાળી' વાત પછીનીજ પંક્તિમાં પૂનમના ક્ષયે પૂનમનો તપ તેરશે કરવાનું કહે છે અને તેરશે ભૂલાય તો પડવે કરવાનું કહે છે. પણ એ તપ માટે પકડેલી આ ગૌણુ મુખ્યની વાતને પકડી રાખીને એ વર્ગ ચૌદશેજ ચૌદશ પૂનમ બન્નેની સંજ્ઞા કરવાનું કહેતો નથી.

ખરી રીતે તે દિવસે પુનમનીજ સંજ્ઞા થાય છે. અને ચૌદશની સંજ્ઞા તેના આગળના દિવસે થાય છે. તેજ પેટા પેરા ૭ માં "પૂનમે તપ કરવાનો હોય તેવા પ્રસંગમાં પૂનમે કરવાનો તપ તેરશે અને તેરશે રહી જવા પામે તો વદી એકમે પણ થઈ શકે છે."

આ વસ્તુ સ્વીકારનાર માણસે 'ઉદયતિથિ ઉદયતિથિ' એવી બુમ શું કામ પાડવી પડતી હશે? કારણ કે ઉદય ભોગ કે સમાપ્તિમાંથી એક પણ નિયમ એ વર્ગના કહેલા અનુસાર તેરશે અથવા એકમે પુનમનો તપ કરીને પુનમની આરાધના કરનાર એ વર્ગને ઘટી શકશેજ નહિ.

ખરેખર અહિં એ વર્ગે ચતુષ્પર્વીમાંના બે બે પર્વોનો એક દિવસે વ્યપદેશ પોકારીને શાસ્ત્રકારના વચન અને પરંપરા છોડવા સાથે પોતા ઉદયના સિદ્ધાંતને પણ ફગાવી દીધો છે.

ખરી રીતે શ્રી હીરપ્રશ્નમાં શ્રી હીરસૂરિજી મહારાજે તો પૂનમના ક્ષય વખતે **'त्रयोदशी चतुर्दश्योः'** એમ કહીને ટીપણાની તેરશે ચૌદશની સંજ્ઞા આપીને અને ચૌદશને દિવસે પૂનમની સંજ્ઞા આપીને ક્ષીણ પૂનમનો તપ ટીપણાની ચૌદશે કરવાનું કહેલું છે. તેમાં વળી તેરશે ચૌદશ કરવી ભૂલી જાય અને ટીપ્પણાની ચૌદશે ચૌદશ કરવી પડે તોજ ક્ષીણ પુનમનું તપ એકમે કરવાનું શાસ્ત્રકારે જણાવ્યું છે. આવી ચોખ્ખી વાતને જેઓ આમ ખોટી રીતે ગોઠવે છે તેઓ તરફથી શુદ્ધ કથનની આશા શી રીતે રખાય? શ્રી દેવસૂર તપાગચ્છની સમાચારી મુજબ અનુસરવાવાળા પુનમના ક્ષયે **क्षये पूर्वा०** ના સિદ્ધાંતને અદગ્ધ દહન ન્યાયે પ્રવર્તાવીને તેરશે ચૌદશ અને ચૌદશે પુનમ કરે છે. અને જો ટીપણામાં પૂનમની વૃદ્ધિનો પ્રસંગ હોય તો બે તેરશ કરે છે. એજ ન્યાયે **वृद्धौ कार्या०** વાકયની ફેર પ્રવૃત્તિ કરવા વડે પહેલી પુનમે ચૌદશ અને બીજી પુનમે પુનમ સંજ્ઞા કરીને બંને ફરજીયાત પર્વતિથિની સંલગ્ન આરાધના કરે છે.

આ નવા વર્ગને તો પુનમના ક્ષયે તેના ઉપરના કથન મુજબ તેરશે પુનમ કરવાથી અને તે પુનમ પછી ચૌદશ કરવાથી શાસ્ત્ર પરંપરા લોકવ્યવહાર, ગણિત કે પોતાનું વચન વિગેરેમાંનું એકેય અનુકુલ બનતું નથી.

સિ૦ પા. ૯૧માં તેજ પેટા પેરા ૭માં 'એટલે કે તેરશ ચૌદશ માનવી જોઇએ અને ઉદયતિથિ ચૌદશે માત્ર ક્ષીણુ પૂર્ણિમાનેજ ઉદયતિથિ રૂપ બનાવવી જોઇએ.' આ લખાણુ એ વર્ગ તરફથી અમારે નામે જે રજુ કરવામાં આવ્યું છે તે ભ્રામક છે.

અમે શ્રી દેવસૂરતપાગચ્છ સમાચારીને માનનારા કોઇ પણુ ટીપ્પણાની પૂનમના ક્ષયે ઉદયતિથિ તેરશે કે ચૌદશે તેરશ કે ચૌદશ માનીને ટીપ્પણાની તેરશ કે ચૌદશે અનુક્રમે ચૌદશ કે પૂનમ માનતા નથી પણુ ટીપ્પણાની તેરશના ઉદયને શાસ્ત્રકારના વચનથી શ્રીદેવસૂરિજીના પટ્ટક મુજબ સંસ્કાર કરીને તેરશે ચૌદશનોજ સૂર્યોદય માનીને ચૌદશની સંજ્ઞા અને ટીપ્પણાની ચૌદશે પૂનમનોજ સૂર્યોદય માનીને પૂનમની સંજ્ઞા રાખીને ચતુર્દશીના અને પૂર્ણિમાના પ્રત્યાખ્યાનાદિ કરીએ છીએ.

તેમજ **'तत्र त्रयोदशीति व्यपदेशस्याऽप्यसंभवात्'** એ પ્રમાણે તત્વતરંગિણીકાર શ્રીમાન્ — ધર્મસાગરજી મહારાજ ટીપણાની તેરશના સૂર્યોદયવાળી તેરશનો વ્યપદેશ કરવાનો પણુ અસંભવ જણાવે છે.

આથીજ શાસ્ત્ર અને પરંપરા મુજબ અમે તેરશના સૂર્યોદયને ચૌદશનો સૂર્યોદય માની ચૌદશ સંજ્ઞા રાખીને ચૌદશની આરાધના કરીએ છીએ. છતાં એ વર્ગે 'તેરશ ચૌદશ માનવી' તેવું અમારે નામે જે લખ્યું છે તે તદ્દન ભ્રમ ઉત્પન્ન કરનારા છે. એમ અમારે સખેદ કહેવું પડે છે. તેમજ પૂનમના ક્ષયના પ્રસંગમાં પણુ **क्षये पूर्वा०** લગાડીને ટીપણાની ચૌદશનો પૂનમ વ્યપદેશ કરીનેજ પૂનમ તરીકે માનીએ છીએ અને આરાધીએ છીએ. નહિં કે એ વર્ગે અમારા માટે જણાવ્યું તેમ ચૌદશે પૂનમ માનીએ છીએ અને આરાધીએ છીએ. આ સંબંધીનું વિસ્તૃત નિરૂપણુ તો એ વર્ગના મુદ્દાનું અમોએ કરેલ સ્પષ્ટીકરણુ જણાવે છે.

**પેરા ૬ પેટા પેરા ૮ ની સમાલોચના.**

પેટા પેરા ૮નું લખાણુ પરંપરા અને શાસ્ત્રસમ્મત નથી. એ વર્ગ લખે છે કે 'પૂનમની વૃદ્ધિના પ્રસંગે પ્રથમા પૂર્ણિમાની અવગણુના કરીને દ્વિતીયા પૂર્ણિમા એવી સંજ્ઞા કાયમ રાખીને પર્વારાધનને અંગે પ્રથમા પૂર્ણિમાની અવગણુના કરીને દ્વિતીયા પૂર્ણિમાએ પૂર્ણિમાનું પર્વારાધન કરવું જોઈએ' એ વસ્તુ સત્ય નથી.

પ્રથમા પૂર્ણિમા જો કહેવામાં આવે તો તે પ્રથમા પૂર્ણિમા બીજી પૂર્ણિમાના સૂર્યોદય અગાઉ પૂર્ણુ થાય અને એમ છતાંય તે ઉદય સમાપ્તિવાળી પ્રથમા પૂર્ણિમાને નપુંસક ફલ્ગુઆદિ કહીને અવગણુવામાં આવે તો એ વર્ગને પૂર્ણિમારૂપ ફરજીયાત પર્વની વિરાધના પણુ થાય.

હવે જો શ્રાદ્ધવિધિમાં જણાવેલો **वृद्धौ कार्या०**વાળો પ્રઘોષ લગાડવામાં આવે તો ટીપણાની

બીજી પૂનમજ પૂનમ પર્વતિથિ ગણાય. પહેલી પૂનમ બીજી પૂનમ' એમ રહી શકેજ નહિં. પહેલી પૂનમ એમ કહીને પૂનમ માનવી અને તે આરાધવા લાયક નથી એમ બોલવું એ તો 'હું મુગો છું'' એવું બોલનારની માફક **वदतो व्याघात** ગણાય.

આગળ એજ પેરા ૮ માં એ વર્ગ તેવી અમારી માન્યતા હોવાનું જણાવીને અમોને લખે છે કે 'પુનમની વૃદ્ધિને બદલે તેરશની વૃદ્ધિ કરવી જોઈએ અને તેમ કરીને ઉદયતિથિરૂપે પ્રાપ્ત થયેલી ચૌદશને બીજી તેરશ બનાવીને પ્રથમા પૂર્ણિમાને ચૌદશ બનાવી પ્રથમા પૂર્ણિમાએ ચૌદશની અને દ્વિતિયા પૂર્ણિમાએ પુનમની આરાધના કરવી જોઈએ.'

આ વસ્તુ પણ એ વર્ગે અમારે નામે ખોટી રીતે રજૂ કરી છે. ખરી રીતે જૈનશાસ્ત્રોમાં અષ્ટમી ચતુર્દશી પૂર્ણિમા અને અમાવાસ્યા એ ચાર તિથિઓ ચતુષ્પર્વી ગણાય છે. અને તે ફરજીયાત આરાધનીય છે. એ કારણથી એની જેમ હાનિ શાસ્ત્રકારોએ ન માનવાની હોવાથી **क्षये पूर्वा तिथिः कार्या** એવું વિધાન કરીને પહેલાની અપર્વતિથિની સંજ્ઞા ખસેડી તેને પર્વતિથિની સંજ્ઞા આપવામાં આવી અને પરિસંખ્યાન જાળવ્યું તેવીજ રીતે ટીપ્પણાની વૃદ્ધિ વખતે પણ ઉત્તરની તિથિનેજ પર્વતિથિ માનીને શાસ્ત્રકારોએ પર્વતિથિનું પરિસંખ્યાન જાળવ્યું છે.

વૃદ્ધિ વખતે થતી આરાધનાની અધિકતા શાસ્ત્રકારોને અનિષ્ટ નથી. કેમકે શાસ્ત્રકારો આરાધનાને તો સર્વકાળ કર્તવ્ય માને છે અર્થાત્ શાસ્ત્રકારોને ફરજિયાત પર્વતિથિની અધિકતા ઇષ્ટ નથી. માટેજ શાસ્ત્રકારોને ટીપ્પણાની પર્વતિથિની હાનિ વખતે **क्षये पूर्वा**૦ના વિધિની માફક વૃદ્ધિની વખતે **वृद्धौ कार्या तथोत्तरा** એવું નિયમવાક્ય પણ કહેવું પડયું છે. તેનો અર્થ એજ થાય કે ટીપણામાં પર્વતિથિની વૃદ્ધિ હોય ત્યારે ટીપ્પણાની બીજી તિથિનેજ પર્વતિથિપણે કહેવી. આમ બન્ને એટલે પૂર્વની તિથિ આપોઆપ અપર્વ બની જાય છે. આજ કારણથી આ૦ શ્રી હીરસૂરિજીએ તથા આ૦ શ્રી વિજયસેનસૂરિજીએ અષ્ટમી એકાદશી પૂર્ણિમા અને અમાવાસ્યાની ટીપ્પણામાં વૃદ્ધિ વખતે બે તિથિએ સૂર્યઉદય હોવાથી બન્ને તિથિઓ ઔદયિકી બને છતાં તિથિસંજ્ઞાના કારણભૂત એવો ઉદય માર્ગ બીજી તિથિમાંજ ગણીને ટીપ્પણાની તે બીજા દીવસની તિથિનેજ ઔદયિકી પર્વતિથિ તરીકે વ્યવહાર કરવાનું જણાવ્યું છે. એ વર્ગે પોતાના મુદ્દાઓમાં અનેક જગો પર એ વાત જણાવી છે કે -'ઉદય ફરસવાવાળી તિથિની સંજ્ઞા આખો દિવસ રહે' અને એ માન્યતાનુસાર ટીપણાની વૃદ્ધિતિથિ વખતે તે વર્ગ પહેલી તિથિને પણ જે પર્વતિથિ કહે છે તે શ્રી હીરસૂરિજી અને શ્રી સેનસૂરિજી મહારાજના વચન અનુસાર વૃદ્ધિ વખતે પહેલા દિવસનો ઉદયજ તે તિથિના ઉદય તરીકે પ્રમાણ ગણવામાં નથી આવતો, તો પછી તે દિવસની ટીપ્પણાની પહેલી તિથિને પર્વતિથિ તરીકેની સંજ્ઞા ન પડવાથી એ વર્ગથી પર્વતિથિ કહેવાયજ કેમ? છતાં

એ વર્ગ શાસ્ત્રવચનો અને શ્રી દેવસૂર સંઘની રીતિથી થોડી મુદતથી એ તિથિ વિગેરે જુદું બોલવા તથા માનવા માંડયો છે.

એ વર્ગ આરાધનામાં પણ જ્યારે વધેલી તિથિને એકજ તિથિના બે અવયવ રૂપ માને છે, તો પછી પહેલા અવયવમાં આરાધના ન કરવી અને બીજા અવયવમાં આરાધના કરવાનું કહેવું એ શું ? કોઇ રીતિએ વ્યાજબી ગણાઈ શકે તેમ નથી. એમ કરવાથી તો એ વર્ગના મતે પર્વતીથીની અખંડ આરાધના નજ રહે.

શ્રી પ્રવચન પરીક્ષામાં અવયવપણું સૂચવવામાં આવ્યું છે તે તો ખરતરો ટીપ્પણાની તિથિની વૃદ્ધિની વખતે બીજીને પર્વતિથિ તરીકે કહેતા કે આરાધતા નથી. તેને માટે કહેવામાં આવે છે. પરંતુ તેથી શ્રી હીરસૂરિજી અને શ્રી સેનસૂરિજીના વચનો તથા દેવસૂરિસંઘના તરફથી સિદ્ધ થયેલી 'બેવડી પર્વતિથિ ન માનવાની વાત' કોઈપણ પ્રકારે ખસી શકે નહિ. **वृद्धौ कार्या०** એ નિયમવાકય હોવાથી એકજ તિથિને આઠમ આદિ પર્વતિથિ કહેવાય અને તેથી પહેલાનો ઉદય સાતમ આદિનોજ ગણાય એ સ્વભાવિક છે.

અમે શ્રી દેવસૂર તપાગચ્છ સમાચારી મુજબ વર્તનારા 'શ્રી દેવસૂરસંઘ પટ્ટક મુજબ તથા ઉત્સુત્ર ખંડનમાં **वृद्धौ पाक्षिकं क्रियते इदं किं?** એ પદ પણ પૂર્વે પૂનમની વૃદ્ધિએ પંચાંગની પ્રથમ પૂર્ણિમાએ પાક્ષિક થતું હતું તે જણાવે છે તેથી પુનમની વૃદ્ધિએ બે તેરશ કરીને સેંકડો વર્ષથી એક પણ અપવાદ સિવાય જે રીતે આરાધના થતી હતી ને થાય છે તે રીતે કરીએ છીએ. માત્ર ૧૯૯૧ પછી એ વર્ગ જુદો પડયો છે. ૧૯૯૧ સુધી તો એ વર્ગ પણ ટીપણાની બે પૂનમ કે બે અમાવાસ્યા વખતે પહેલી પૂનમ કે બે અમાવાસ્યા વખતે પહેલી પૂનમ કે અમાવાસ્યાને ચૌદશની સંજ્ઞા આપીને અને બે તેરશ કરીનેજ તે ચૌદશે પખ્ખિ કરતો હતો. આથી પેરા આઠનું પણ લખાણ સત્ય નથી.

## પેરા ૬ પેટા પેરા ૯ ની સમાલોચના. સિ. પા ૯૧-૯૨.

પેટા પેરા ૯ માં જણાવેલ લખાણ સત્ય નથી ને અમોને કબુલ નથી.

કલ્યાણક પર્વતિથિઓનું આરાધન સેંકડો વર્ષોથી શ્રી જૈન તપાગચ્છમાં જે રીતે પ્રચલિત છે તે રીતેજ અસ્ખલિતપણે અદ્યાપિ સકલ સંઘ આરાધે છે. એ રીતે સેંકડો વર્ષથી અસ્ખલિતપણે આરાધાતી પ્રચલિત આચરણામાં તે વર્ગ પોતાના જણાવ્યા મુજબના જે જે ફેરફારો કર્યા છે તે તેમણે પૂરાવા આપીને સાબીત કરવા જોઇએ. તેમ કરવાને બદલે તે વર્ગે બીજી બીજીજ વાતો રજુ કરી છે તે અપ્રાસંગિક છે.

એ વર્ગ કહે છે કે-ઉદય ક્ષય તથા વૃદ્ધિ સબંધીના નિયમો જેમ ચતુષ્પર્વી, પંચપર્વી

ષટ્પર્વી અને વાર્ષિક પર્વ ભા-શુ-૪ ને લાગુ પડે છે તેમજ કલ્યાણક પર્વતિથિને પણ લાગુ પડે છે.

આ વિધાન તેમણે શાસ્ત્રાધારોથી પુરવાર કરવું જોઈએ. આગળ કોઇપણ જગ્યાએ તેમના એવા કથનનું તેઓએ શાસ્ત્રપાઠ આપીને કદાપી સમર્થન કર્યું નથી. જેવી રીતે ચતુષ્પર્વીના ક્ષય આદિ પ્રસંગે સંજ્ઞા ફેરવવા માટે શાસ્ત્રીય વિધાન અને પરંપરા છે, તેવી રીતે કલ્યાણક પર્વ માટેનું વિધાન તેઓએ પુરવાર કરવું જોઈતું હતું પણ તેઓ તે કરી શકયા નથી.

પેરા ૯ માં આગળ એ વર્ગ લખે છે કે પૂર્વની તિથિ કે જે ષટ્પર્વી પૈકીની પર્વતિથિ ક્ષીણ કલ્યાણક પર્વતિથિ યુક્ત છે તે તિથિએજ બન્નેય પર્વનું આરાધન થાય છે. આ વિધાન માટે પણ તેઓ શાસ્ત્રીય પાઠ કે પુરાવા આપી શકયા નથી. એ વર્ગે અમારે નામે કલ્યાણક પર્વ-આરાધનામાં પણ જે જે જણાવ્યું છે, તે પણ બહુ ઉંધી રીતે જણાવ્યું હોઇને વસ્તુ સ્થિતિથી લગભગ પર છે.

ભગવાન જિનેશ્વર મહારાજના કલ્યાણક દિનો પર્વદિન નથી. એમ ભવભીરૂ આત્મા કહે કે માને નહિ. પરંતુ પર્વતિથિઓ બે પ્રકારની છે. (૧) ફરજીયાત પર્વતિથિ (૨) મરજીયાત પર્વતિથિ.

પ્રાયશ્ચિત્તાદિ તપવિધિમાં નિયત કરાયેલ અષ્ટમ્યાદિ ફરજીયાત પર્વતિથિ છે. અને કલ્યાણકાદિતિથિઓ મરજીઆત પર્વતિથિ છે.

**अट्ठमीए चउत्थं पक्खिए चउत्थं चउमासीए छट्ठं संवच्छरिए अट्ठमं न करोति पच्छित्तं (महानिशिथ)**

**અર્થ**:-આઠમે ઉપવાસ ચઉદશે ઉપવાસ ચૌમાસીએ છઠ્ઠ સંવચ્છરિએ અઠ્ઠમ ન કરે તો પ્રાયશ્ચિત લાગે, આ પ્રકારે તિથિની આરાધના ન કરવામાં આવે તો પ્રાયશ્ચિત લાગે તે તિથિઓ ફરજીયાત પર્વતિથિઓ છે. અને 'તપઆદિ ન કરે તોય ન પાયશ્ચિત્ત લાગે' તે પર્વતિથિઓ મરજીયાત છે. આ વાત શ્રી તત્વતરંગિણીકારે પણ ગાથા ૧૭ની ટીકામાં સાફ જણાવી છે. એ તત્વતરંગિણીકારે ટીપ્પણાની પર્વહાનિ વખતે સંજ્ઞાનું પરીવર્તન કરવાનું પણ ફરજીયાત તિથિની હાનિ વૃદ્ધિ માટેજ નકકી કર્યું છે, નહિ કે કલ્યાણકાદિ મરજીઆત પર્વતિથિઓને માટે.

(આ દરેક વાતો અમારે પુનરૂક્તિ દોષની પરવા તજીને પણ ફરી ફરી એટલાજ માટે રજુ કરવી પડે છે કે એ વર્ગે નિરર્થક અને નિરાધાર એવી વાતોનું પણ ફેર ફેર પુનરાવર્ત્તન કરીને ભ્રમમાં પાડવાનોજ પ્રયાસ સેવ્યો છે)

જેમ જેમ "શાસ્ત્રકારોએ જેવી રીતે અષ્ટમ્યાદિક તિથિઓમાં તપ આદિ ન કરે તો પ્રાયશ્ચિત્ત બતાવ્યું છે, અગર નિયત કર્તવ્યતા બતાવી છે. તેવી રીતે કલ્યાણક પર્વતિથિમાં તપ આદિ ન કરે તો પ્રાયશ્ચિત્ત કે નિયત કર્તવ્યપણું બતાવેલ નથી." તેમજ તત્વતરંગિણીકાર વિગેરે શાસ્ત્રકારોએ પ્રાયશ્ચિત્તાદિ

વિધિવાળી તિથિઓ તરીકે અષ્ટમ્યાદિને ગણી છે અને તેને માટે વિધાન જણાવ્યું છે પણ કલ્યાણકાદિ પર્વતિથિઓ માટે તેવું વિધાન જણાવ્યું નથી.

જો પ્રાયશ્ચિત્તાદિ વિધિવાળી તિથિઓની પેઠે યાવતકલ્પ પર્વતિથિને અંગે શાસ્ત્રકારે કોઈપણ વિધાન કર્યું હોત તો શ્રી દેવસૂર તપાગચ્છ, તે માન્યા સિવાય રહેતજ નહિં.

ખરી રીતે અષ્ટમીઆદિ વિગેરેદિવસ પ્રતિનિયત હોવા સાથે પક્ષ અને માસ માત્રને અંગે પ્રતિનિયત છે, એટલુંજ નહિ પરંતુ તે ફરજીઆત હોવા સાથે દેશવિરતિવાળા શ્રાવકવર્ગને પૌષધાદિથી અને સાધુવર્ગને ઉપવાસ ચૈત્યવંદનાદિથી નિયત થઈને પરિગણિત કરવામાં આવેલ છે. આ રીતે કલ્યાણક તિથિઓ પર્વતિથિઓ છે, પરંતુ તે પ્રતિમાસે કે પ્રતિપક્ષે પરિગણિત નથી.

વળી કલ્યાણકાદિ પર્વતિથિઓ મુખ્યતાએ માત્ર તપસ્યાથી આરાધ્ય હોય છે અને તપસ્યામાં સાથે ઉચ્ચાર, અતીત અનાગત કર્તવ્યતાના જુદા જુદા વિભાગો, અને કર્તવ્યતાના સરવાળા કરીને પણ આરાધાય છે. કારણ કે ત્યાં અનેક કલ્યાણકોનું તપ એકી સાથે ને એકી દિવસે આરાધી શકાય છે, તેમજ આરાધના રહી જવા પામે તો અનાગત–આવતા વર્ષે પણ આરાધાય છે. કલ્યાણક પર્વતિથિઓ આવતા વર્ષે આરાધાય છે, તે વાત તે વર્ગે પણ આગળ પોતાના નિવેદન મુદ્દા ૨ પાના–૧૨ ઉપર જણાવતાં શાસ્ત્રીયપાઠમાં જણાવ્યું છે કે........

**'भविष्यद्वर्षतत्कल्याणकतिथियुक्यदिनमादायैवेति'**

ફરજીઆત પર્વતિથિઓ એ રીતે આરાધાતી નથી.

આ રીતે કલ્યાણ તિથિઓ આવતા વર્ષે તપ કરીને આરાધી લેવાય તે કબુલ કરીને કલ્યાણક પર્વતિથિને ચતુષ્પર્વી સાથે સમાન ઘટના કરનાર તે વર્ગ ઉપરોક્ત શાસ્ત્રીય કથન મુજબ ચતુષ્પર્વીને પણ આગામી વર્ષે આરાધી શકશે ખરો? નહિંજ. આથી કલ્યાણક તિથિઓ ફરજીયાત પર્વતિથિ નથી. પણ મરજીયાત પર્વતિથિ છે અને તેની ફરજીયાત તિથિઓની જેમ આરાધના હોતી નથી એ સ્પષ્ટ કરીએ છીએ.

શ્રી દેવસૂર તપાગચ્છમાં **'क्षये० वृद्धौ०'** ના પ્રઘોષને જણાવનારો અધિકાર અષ્ટમી આદિ ફરજીયાત પર્વતિથિ વિગેરેને માટે જણાવ્યો છે અને તેથી શ્રાદ્ધવિધિ આદિમાં **क्षये०** અને **वृद्धौ०** ના પ્રઘોષનો પાઠ જણાવીને એ એકજ શ્લોકથી વિધિ અને નિયમ બન્ને જણાવ્યા છે. અને એ આખો અધિકાર થઇ ગયા બાદજ કલ્યાણકના પર્વદિનો પણ પર્વતિથિપણે જણાવી અતિદેશ કર્યો છે એટલે સ્પષ્ટ છે કે સામાન્ય અતિદેશ વિશેષવિધાનકને બાધા કરનાર હોય નહિ. **सामान्यातिदिष्टो विधिर्न विशेषबाधकः** એ ન્યાય પણ કથંચિત એજ વાત કહે છે.

**क्षये पूर्वा०** નો અપવાદ પર્વતિથિના ક્ષય વૃદ્ધિ પ્રસંગે એટલા માટે ઘટાવવો પડે કે કોઇપણ

પર્વતિથિ ખેવડાય નહિં કે ઓછી થાય નહિ. તેમજ પર્વતિથિ સંજ્ઞા કાયમ રાખીનેજ પર્વારાધન થાય. હવે જો નવા વર્ગના મંતવ્ય પ્રમાણે પર્વતિથિ ખેવડાય કે એકમાં બે પર્વારાધન થાય તો તેમાં ક્ષયે૦ નો પ્રઘોષ નિરર્થક થઈ પડે. એ વર્ગે એક દિવસે બે તિથિનો વ્યપદેશ સ્વીકારીને 'ચતુષ્પર્વી' પૈકીના બે પર્વોનું પણ આરાધન એક દિવસે થાય, તેવું વિધાન કર્યા છતાં તેને સમર્થન આપનાર એકે પૂરાવો આજસુધી આપ્યો નથી, તેમજ આ લાંબા લખાણમાં પણ આપ્યો નથી. માત્ર તત્વતરંગિણીનાં શાસ્ત્ર પાઠમાં આવેલ ચર્ચા પ્રસંગને વિચાર્યા કે સમજ્યા વગર 'હોય' 'થાય' તેવા તરંગો બાંધીને અનુમાનોજ દોર્યા છે.

(જ્યાં એક દિવસે વધુ પર્વોનું આરાધન થાય ત્યાં **ક્ષયે પૂર્વા૦** પ્રઘોષનું સાફલ્ય નથી. કલ્યાણક પર્વોને માટે તો એક દિવસે વધુ આરાધી શકાય છે, તેવા સ્પષ્ટ પાઠો છે. ખરી રીતે આ સંબંધીનો પાઠ તેમણે રજુ કરવો જોઇતો હતો છતાં નીચે મુજબ અમારે રજુ કરવો પડે છે.

**च्यवनं जननं दीक्षा ज्ञानं निर्वाणमित्यहो अर्हतां कल्याणकानि सुधीराराधयेत् तथा ॥१३॥ एकस्मिन् एकाशनकं द्वयोर्निर्विकृतेस्तप त्रिष्वाचाम्लं सपूर्वार्द्धं चतुर्षूपोषितं सृजेत् ॥१४॥ सपूर्वार्द्धमुपवासं पुनः पंचसु तेष्विति पंचभिःवासरैःकुर्यात् तानिचोपोषितैः सुधीः ॥१५॥**

**( आचारोपदेश मु० पृ० १३ )**

તિથિ પ્રતિબદ્ધ વિશ્રુત કલ્યાણક સિવાય કલ્યાણક પર્વમાં ક્ષય વૃદ્ધિ પ્રસંગે તપસ્યાની મુખ્યતાએ આરાધના રૂપ કલ્યાણકોમાં એક દિને બે ત્રણ કે તેથી વધુ પણ કલ્યાણક પર્વોનું આરાધન આચારોપદેશનાં ઉપરનાં કથનથી થાય છે, તેથી ટીપ્પણાની કલ્યાણક પર્વની હાનિ વખતે કલ્યાણક પર્વોમાં વિશ્રુત કલ્યાણક સિવાય **ક્ષયે પૂર્વા૦** નિયમ ઘટતો નથી.

ખરી રીતે એ વર્ગના અહિં પા–૭ સુધીમાં એ વર્ગે શ્રી દેવસૂરગચ્છની માન્યતામાં ભ્રમ ઉપજે તેવી રીતે રજુ કરવા પૂર્વક પોતાની વસ્તુને રજુ કરી હોય તો પણ તેમાંથી ખરી રીતે રજુ કરાતા નિમ્નોકત ત્રણ વસ્તુના તારવણને ટેકો મળે એવો એકેય શાસ્ત્રાધાર એ વર્ગે એ લાંબા લખાણમાં રજુ કર્યો નથી.

નીચેની આ ત્રણ વસ્તુજ એ વર્ગે નકકી કરી બતાવવાની હતી.

(૧) ટીપ્પણામાં પર્વતિથિની હાનિ–વૃદ્ધિ હોય ત્યારે જૈનશાસ્ત્ર પ્રમાણે કઇ તિથિએ તે પર્વતિથિની સંજ્ઞા રાખવી અને તે તિથિને પર્વ પણે માનવી અને આરાધવી ?

(૨) ટીપ્પણામાં જયારે પર્વતિથિની હાનિવૃદ્ધિ આવે અને તે પર્વતિથિની પૂર્વની તિથિ પણ પર્વતિથિ હોય ત્યારે કઇ તિથિએ પર્વતિથિની સંજ્ઞા રાખવી અને તેને પર્વતિથિ તરીકે માનવી અને આરાધવી ?

(૩) કલ્યાણક પર્વતિથિમાં ક્ષય વૃદ્ધિના પ્રસંગે કેમ વર્તવું ? પરસ્પરના વિવાદાસ્પદ આ ત્રણ મુદ્દાના નિર્ણય માટે મુસદ્દા અનુસાર એ વર્ગે ટીપ્પણાની પર્વતિથિની હાનિ વૃદ્ધિ વખતે 'જૈન શાસ્ત્ર પ્રમાણે કઈ તિથિને પર્વતિથિ કહેવી અને માનવી' એ વાતજ નક્કી કરી બતાવવાની રહેતી હતી. પણ એ વર્ગે અહીં એ ત્રણ મુદ્દા ચર્ચીને પણ તેમ કરી બતાવેલ નથી. એને ઘણાય સ્થાને 'અમારૂં મંતવ્ય અમારૂં મંતવ્ય' નહિં કે જૈનશાસ્ત્રકારનું મંતવ્ય એમ કહીને પોતાની એકની એક વાત પુનઃપુનઃ આલેખી બતાવેલ છે. એ વર્ગની ૨૫ મુદ્દાના વિવરણમાં એ રીતીની એકને એક વાત ઘણીયવાર આવવાથી અમારે પણ એ વર્ગે એ રીતના આવેલા પ્રસંગો પામીને એ વર્ગની એની એ પણ ઘણીવાર ચીતરાયેલી એકને એક વાતનું ઘણીયેવાર પુનરૂક્તિ દોષ વહોરીને પણ મારે એકની એક વાતથી અને દુઃખદ હિલે નિરાકરણ આપવું પડયું છે, અને આપવું પડે તેમ છે.

સિ. પા. ૯૧ પેરા ૭–૮ નું લખાણ બરાબર નથી. કારણકે એમાં શાસ્ત્રાધાર જેવું કશું છેજ નહિ. માત્ર પાઠનો અર્થ ઉલટી રીતે કરવાથી ભ્રમ ઉત્પન્ન કર્યો છે. પેરા ૯માં જણાવવામાં આવ્યું છે કે 'પર્વતિથિઓની આરાધનાને માટે મળે ત્યાં સુધી ઉદયતિથિનેજ ગ્રહણ કરવાની જૈન શાસ્ત્રકાર પરમર્ષિઓની આજ્ઞા છે.'

આ વસ્તુ બરાબર સમજવી જોઇએ, ઉદયનો સિદ્ધાંત પરમર્ષિઓએ ફરમાવતા એ વાત સ્પષ્ટપણે સૂચવી છે કે ઉદયની પહેલાં ભોગવટામાં ગમે તેટલો ભાગ તે પર્વતિથિ હોય અને તેમાં પર્વના નિયમોનું પાલન ન કરે તો તેનું અંશે પણ પ્રાયશ્ચિત હોય નહિ. એટલે કહેવું જોઇએ કે માત્ર આચાર્ય ભગવંતોના વચનથી પર્વતિથિનો ઘણો મોટો ભોગવટો જતો કરવો તે ગેરવ્યાજબી નથી એટલુંજ નહી, પરંતુ ઉદયના સ્પર્શના દિવસે થોડી ઘડી તે પર્વતિથિ રહે અને પછી બાકીનો અહોરાત્રનો બધો વખત અપર્વતિથિ અર્થાત્ તે દિવસે અપર્વતિથિ નષ્ટ પણ થઈ હોય તો પણ તે અપર્વતિથિના ભોગને તે પર્વતિથિ રૂપે ગણાવો અને તેને લઇનેજ અહોરાત્ર નિયત પર્વાનુષ્ઠાનનું પાલન ઘટી શકે છે આથી સુર્યોદય પછી પર્વતિથિનો ભોગવટો સમાપ્ત થયા પછી તે દીવસે અપર્વનો ભોગવટો હોવા છતાં પણ તે સર્વ અપર્વની ભોગ સમાપ્તિને તે પર્વતિથિ તરીકેજ ગણાય છે અને તેને લઇનેજ સાયંપ્રતિક્રમણાદિ સર્વક્રિયા પર્વદિનનીજ ગણાય છે એ વર્ગ કહે છે કે જે 'દિવસે જે તિથિનો ભોગવટો સૂર્યોદયને સ્પર્શતો ન હોય અને તેમ છતાં પણ સમાપ્તિ પામતો હોય તો પણ તે દિવસે તે તિથિ હોવાનું માનવું જોઇએ' આથી અષ્ટમ્યાદિ પર્વતિથિનો નિયમ સવારમાં ટીપ્પણામાં નવમીના ક્ષયે પ્રત્યાખ્યાનાદિ લેતી વખતે અષ્ટમી પછી નોમના ભોગથી સાંજના પતિક્રમણ વખતે તેમના મતે નવમી માનવી જોઇએ, અને તે વખતે પ્રતિક્રમણાદિ નોમના વ્યપદેશથી કરવામાં આવે તો એ વર્ગને આઠમનું

આરાધન કઇ રીતે થશે? આથી એ વર્ગના કહેવા મુજબ માનવામાં અગર કરવામાં આવે તો અપ્રાયશ્ચિતના સ્થાને પ્રાયશ્ચિત અને પ્રાયશ્ચિતના સ્થાને અપ્રાયશ્ચિત જેવું જ બને. ખરી રીતે વાતજ એ છે કે ઉદય ઉદયને પોકાર કરનાર એ વર્ગે ઉદયની વસ્તુસ્થિતિ સમજવી જોઇએ. એજ પેરા ૯માં એ વર્ગ કહે છે કે 'જે પર્વતિથિ ઉદય તિથિ તરીકે પ્રાપ્ત થતી હોય તે પર્વતિથિની આરાધના માટે કોઇપણ સંયોગોમાં તે ઉદયતિથિ ભિન્ન એવી તિથિનું ગ્રહણ કરવાનું જૈનશાસ્ત્રકાર પરમર્ષિઓએ ફરમાવ્યું નથી. ઉત્સૂત્ર ખંડનમાં '**अन्यच्च वृद्धौ पाक्षिकं क्रियते इदं किं ?** શ્રી વિજય દેવસૂરિજી મહારાજનો પટ્ટક '**कथं त्रयोदश्या अपि चतुर्दशीत्वेन स्वीकारो युक्तः**' વગેરે વિગેરે શાસ્ત્રીય વિધાનોમાં શાસ્ત્રકારો ટીપ્પણાની ઉદયવાળી તેરશે ચૌદશ અને ટીપ્પણાની ઉદયવાળી ચૌદશે પૂનમ કરવાનું કહેતા હોવાથી એ વર્ગનું ઉપરનું કથન સત્ય નથી. ઉદય તિથિ તેરશને **क्षये पूर्वा**૦ના સંસ્કારથી ચતુર્દશીના ઉદયની સંજ્ઞા આપીને ગ્રહણ કરવાનું કહેવાયું છે કે નહિ? તેમજ **૧૯૯૧ સુધી** સકળ શ્રી દેવસૂર તપાગચ્છ સાથે રહીને એ વર્ગે પણ એવા પ્રસંગે ઉદય તિથિથી ભિન્ન એવી તિથિને પર્વ તિથિની આરાધના માટે ગ્રહણ કરી છે તે કયા જૈન શાસ્ત્રકાર પરમર્ષિઓના ફરમાનથી ગ્રહણ કરી છે?

દેવસૂરતપાગચ્છ સમાચારી મુજબ વર્તનારા અમે ટીપ્પણાની આઠમ વિગેરેના ક્ષયે પર્વની અપર્વ તિથિ સાતમના સૂર્યોદયને ખસેડી **क्षये पूर्वा**૦ના નિયમને લગાડીએ છીએ. અને તે દીવસે આઠમના સૂર્યોદયને માનીને એ આખો અહોરાત્ર અખંડ આઠમ માનીએ છીએ. તેમાં આરોપ કે બીજું કાંઇ નથી.

પરંતુ એ રીતે નહિ માનનાર એ વર્ગ સૂર્યોદય સમાપ્તિ અને ભોગ સમાપ્તિને હવે માને છે તો તેમના મતે ટીપ્પણાની આઠમના ક્ષયે સાતમના સૂર્યોદય પછી જ્યાં સુધી આઠમના ભોગની શરૂઆત થાય નહિ ત્યાં સુધી આઠમની વિરાધના કરનાર વિરાધક નહિ ગણી શકાય? અને આરાધના કરનાર આરાધક નહિ ગણી શકાય? અર્થાત્ સાતમના સૂર્યોદય વખતે જે પ્રાતઃ પ્રત્યાખ્યાન ગ્રહણ કરવામાં આવશે તે એ વર્ગને તે દિવસની સાતમની જેટલી ઘડીઓ હોય તેમાં આઠમની ભોગ સમાપ્તિ નહિ હોવાથી સાતમનીજ થશે?

તેમજ નોમના ક્ષયે પણ આઠમના સૂર્યોદય સમાપ્તિ બાદ આઠમને દિવસે રહેલી નોમની ભોગ સમાપ્તિમાં એ વર્ગને નોમ ગણાશે? એટલે આઠમના દિવસે આઠમના સૂર્યોદયની સમાપ્તિ પછીના નોમના ભોગ સમાપ્તિના સમયમાં આઠમના પ્રત્યાખ્યાનાદિનો ભંગ કરનાર આઠમનો વિરાધક નહિ ગણાય, તેમજ સાયં પ્રતિક્રમણાદિ અનુષ્ઠાનો પણ આઠમના નહિ ગણાતાં નોમનાં ગણાશે? આ દરેક આપત્તિનો એ વર્ગની પાસે શું જવાબ છે? માત્ર ઉદય તિથિ ઉદય તિથિ એમ પોકાર

કરવાથી શું વળે? વસ્તુ સમજવી જોઇએ.

પેરા ૧૦ માં લખાયેલ લખાણુ જે રીતે રજુ કરવામાં આવ્યું છે તે રીતિ બરાબર નથી.

સૂર્યોદય સિવાયની તિથિ પૂજા પચ્ચખાણુ વિગેરેમાં ન લેવી. અને લે તો આજ્ઞાભંગાદિ દોષો આવે એ વાતનો નિરપવાદ હોય તો અષ્ટમી આદિ પર્વતિથિના ક્ષયે સપ્તમીઆદિના દિવસે સપ્તમી આદિજ માનીને એ વર્ગ અષ્ટમી આદિકના પૂજા પચ્ચખાણુ વિગેરે કરે છે. તથા તેઓને આજ્ઞાભંગ, મિથ્યાત્વ અનવસ્થા અને વિરાધના જરૂર લાગે, અને તેવીજ રીતે ટીપ્પણામાં જે દિવસે પર્વતિથિની વૃદ્ધિ હોય ત્યારે પહેલે દિવસે સૂર્યોદયને સ્પર્શનારી પર્વતિથિ હોય છે. અને એ નવો વર્ગ તે દિવસે અષ્ટમીઆદિ પર્વતિથિજ કહે છે. અને તેમ છતાં અષ્ટમીઆદિ પર્વતિથિના પૂજા પચ્ચખાણુ વિગેરે કાર્યો નથી કરતાં? તેથી પણુ એ નવા વર્ગને આજ્ઞાભંગ અનવસ્થા મિથ્યાત્વ વિગેરે લાગે છે.

**ક્ષયે પૂર્વા૦** એ પ્રઘોષ રૂપ અપવાદને પર્વતિથિની સંજ્ઞા માટે માન્ય કરાય છે, જેથી એ દોષો અમારા માટે ટકી શકે નહિ, કારણુ કે "પહેલે દિવસે તે તે તિથિના ઉદય ભોગ અને સમાપ્તિ હોવા છતાં એ પ્રઘોષજ પર્વતિથિ સંજ્ઞા કાયમ કરે છે, અને નિષેધે છે." પણુ તે નવા વર્ગને માટે તો વજ્રલેપ સમાનજ એ દોષ રહેવાના. ઉદયના સિદ્ધાંતનો ભંગ થતાં જે મિથ્યાત્વ વિગેરે દોષો એ વર્ગ તરફથી અમોને કહેવામાં આવ્યા છે, તે દોષો શું ક્ષીણુ પર્વતિથિને પૂર્વની અપર્વતિથિમાં કરી લેવાનું કહેનાર એ વર્ગને નહિ લાગે એમ ખરૂં? એ નવો વર્ગ પણુ આ વાત કબુલ નહિં કરે ત્યારે કહેવું જોઇએ કે **ક્ષયે પૂર્વા૦** નુ આ વાકય તિથિના ભોગવટાને અંગે નથી. પણુ જેઓ પર્વતિથિની હાની વખતે પ્રત્યાખ્યાનના આરંભ કાળ સિવાય પર્વતિથિ માનીને પ્રત્યાખ્યાન શરૂ કરે તેમજ પ્રત્યાખ્યાનની સંપૂર્ણતા સિવાય તિથિની સંપૂર્ણતા માનીને પચ્ચખ્ખાણુ છોડી દે. તેવાઓના નિષેધને માટે છે. ભોગવટા વિગેરેને અંગેજ તિથિ માનનારને અહોરાત્ર સંબંધીના પૌષધ અને ઉપવાસાદિક અનુષ્ઠાનો અહોરાત્ર ન પાળી શકાતાં હોવાથી, તેના નિયમોના ભંગો સ્પષ્ટપણે થાય. અને તેથી માર્ગ શ્રદ્ધાની હાનિ વિગેરેને લઇને તે વર્ગને મિથ્યાત્વાદિ દોષો લાગે તે સ્વભાવિક છે. એવી રીતે પૂર્વાનુદયવ્યાપિની સંધ્યાવ્યાપિની આદિથી તિથિ માને તો પણુ તેને મિથ્યાત્વાદિક લાગે છે. એટલે સ્પષ્ટ છે કે આ ઉદયનો સિદ્ધાંત "ક્ષયની વખતે પૂર્વની અપર્વ તિથિને દિવસે સવારથીજ પર્વતિથિ માનનારને અને વૃદ્ધિના વખતે બીજા દિવસે પર્વતિથિ માનનારને" બાધક નથી, પરંતુ ક્ષય વખતે પૂર્વના અપર્વ દિવસે સવારથી પર્વતિથિ માનનાર અને બન્ને દિવસે પર્વતિથિ માનનાર એવા નવા વર્ગને બાધક છે. કારણુ કે મિથ્યાત્વાદિ દોષો લાગે છે.

સિ. પા. ૯૩ પેરા ૧૧-૧૨ નું લખાણુ પણુ જે રીતે રજુ કર્યું છે તે વાસ્તવિક નથી.

**लोकेऽपि दिवसादिव्यवहारात्** એ પાઠમાંના આદિ શબ્દથી લોકોના વિજયાદશમી વગેરે પર્વો લેવા પડે. અને વિજયાદશમીનો ક્ષય હોય ત્યારે લોકો પણ આ નવા વર્ગની જેમ 'નવમી વિજયાદશમી' એમ ભેગી નહિ કહેતાં આખો દિવસ જેમ વિજયાદશમીજ ગણે છે, તેમ આ નવા વર્ગે પણ પર્વતિથિને સ્વતંત્ર બોલવી જોઇએ. જો તેમ ન બોલે તો 'લોકવ્યવહાર' કે જેનું શ્રી રત્નશેખર સૂરિજીએ આલંબન લીધું છે તેને પણ તે વર્ગ સમજ્યો નથી, એમ માન્યા સિવાય ચાલે નહિ. એમ એ વર્ગ ન માનીને ક્ષય વૃદ્ધિ વખતે પણ ઉદયનીજ તિથિ માનવાની વાત કર્યા કરે છે, તેવો સૂર્યોદય વ્યવહારવાળો તે વર્ગજ વાસ્તવિક રીતે ક્ષય–વૃદ્ધિ પ્રસંગે આરોપિત તિથિઓ માને છે, અને શ્રી દેવસૂર તપાગચ્છ વાળાઓને આરોપિત તિથિ માનવાનો જુઠો આરોપ કરે છે.

પેરા ૧૩નું લખાણ ઉપયોગી નથી. આગળનો સંબંધ તેમાં જોડવામાં આવ્યો નથી. કારણ કે તેજ ધર્મસંગ્રહ નામના ગ્રન્થમાં આગળ **क्षये पूर्वा**નું જે લખાણ છે તે વાત પર્વતિથિના ક્ષય વૃદ્ધિ વખતે વ્યવસ્થા કરનારી છે અને અપવાદ હોવાથી પૂર્વ કરતાં બળવાન છે. આથી પાઠ રજુ કરવા છતાં એ વર્ગ ધર્મસંગ્રહમાં જણાવેલ વસ્તુનું પોતાને અજ્ઞાન હોવાનું સૂચવે છે.

**સિ. પા. ૯૪ પેરા–૧૪–૧૫ અને ૧૬ની સમાલોચના.**

પૃષ્ટ ૯ પેરા ૧૪–૧૫–૧૬ "આ પ્રેરણાકો મુજબ જે દિવસે જે તિથિનો ભોગવટો સૂર્યોદયને સ્પર્શીને સમાપ્તિને પામતો હોય અગર સમાપ્તિને ન પામતો હોય તો પણ તે દિવસે તે તિથિ હોવાનું માનવુંજ જોઇએ."

ખરી રીતે આ વાતના સમર્થનમાં તેમણે એક પણ શાસ્ત્રીય પાઠ આપ્યો નથી. પોતે જે વસ્તુનુ વિધાન કરે છે તે કયા પ્રમાણથી કરે છે? તે આપવુંજ જોઇએ. એ વર્ગ માત્ર શબ્દથી બોલે છે પણ પ્રમાણ આપતો નથી. વિજયદેવસૂર તપાગચ્છનું કે તેનાથી પ્રાચીન કોઇ પણ શાસ્ત્રનું પ્રમાણ તેમના સમર્થનમાં તેઓ આપે એ જરૂરી છે.

**સિ. પા. ૯૫. પેરા ૧૭ની સમાલોચના.**

પેરા ૧૭ "જે દિવસે" વગેરે છે. ત્યાં જો ઉદયતિથિ તેમને માન્ય હોય તો પંચાગમાં જે પર્વતિથિની વૃદ્ધિ આવે છે તેને બે માની બે પર્વતિથિ તરીકે આરાધવી જોઇએ. એ વર્ગ આવી રીતે નથી કરતો તે ઉચિત નથી. બે પૂનમ હોય ત્યારે પહેલી પૂનમ ઉદયમાં છેજ અને તે તિથિની અપેક્ષાએ ઉદય ભોગવટો અને સમાપ્તિ છે તો તે કેમ નથી માનતા તેમજ પર્વતિથિના ક્ષયની વખતે પણ પર્વતિથિની આરાધના પૂર્વતિથિમાં કરવી ન જોઇએ. પણ ખરી રીતે ઉદયતિથિની માન્યતાવાળા એ વર્ગે અપર્વતિથિની સંજ્ઞાનો વ્યવહાર કરવો જોઇએ. તે દરેક વાત ઉડાવવા માટેજ તેમનો આ પ્રયત્ન છે!

હવે આગળ ઉપર પંચાંગમાં બે પૂર્ણિમાઓ આવે ત્યારે પહેલી પૂર્ણિમાને શાસ્ત્રકારોએ જણાવેલી પર્વતિથિઓનું પરિસંખ્યાન જાળવવા માટે ચૌદશ માનનાર અમારા શાસ્ત્રીય પક્ષને (શ્રી વિજયદેવસૂર સંઘને) એ વર્ગ દોષ આપે છે. પરંતુ એ દોષો આપતા પહેલાં તેમણે નીચેના મુદ્દાઓનો શાસ્ત્રીય પ્રમાણોથી જવાબ આપવો જોઇતો હતો.

૧. જૈનશાસ્ત્રમાં વિધાન છે કે આરાધનામાં પર્વતિથિ ન વધે કે ઘટે. જુઓ પાઠ **प्रथमतो जैनागमानुसारेण एकापि पर्वतिथिर्न हीयते नच वर्धते** (શાસ્ત્રીય પુરાવા પૃષ્ઠ ૫. ) —

૨. શ્રી વિજય દેવસૂર પટ્ટકની આજ્ઞા છે કે પૂનમ વધે ત્યારે તેરશ વધારે. —

૩. સંવત ૧૬૬૫ ના ખરતરગચ્છના ઉત્સૂત્ર ખંડનમાં જણાવ્યું છે કે "પૂનમ વધે છે ત્યારે — પહેલી પૂર્ણિમાએ ચૌદશ કેમ કરો છો?"

આ ઉપરથી સિદ્ધ થયું કે પુનમ વધે ત્યારે શ્રી વિજયદેવસૂર ગચ્છવાળા તેરશ વધારીને ટિપ્પણાની પહેલી પુનમે ચૌદશ (પખ્ખિ) કરતા હતા.

૪ જૈન શાસ્ત્રાધારે જ્યારે કોઈપણ તિથિ વધતીજ નથી ત્યારે પંચાંગમાં આવેલી પહેલી — પૂનમે અમે ચૌદશ કરીએ છીએ તેનું મુખ્ય કારણ જૈન ગણિત પ્રમાણે પહેલી પૂર્ણિમાએ સૂર્યોદય સમયે ચતુર્દશીનીજ ઘડીઓ છે. જૈન શાસ્ત્ર પ્રમાણે તિથિ ૬૧/૬૨ હોય. જો એમજ છે, તો જ્યારે ટીપ્પણામાં વૃદ્ધિ તિથિ ૬૪ યા ૬૫ ઘડીની થાય છે ત્યારે તે વધારાની ત્રણ ઘડી આવી ક્યાંથી? તો તે પૂર્વની તિથિની ઘડીઓ આવી છે. પહેલી પૂર્ણિમાએ તેની પહેલાંની તિથિ ચૌદશની ઘડીઓની અધિકતાથી બનેલી છે એટલે સૂર્યોદય સમયની પ્રથમની બેથી ત્રણ ઘડી ચૌદશનીજ છે. એવી રીતે ચૌદશમાં પણ તેરશની ઘડીઓ વધી છે માટે બે તેરશ કરી છે તે યુકત છે. પર્વતિથિની સંખ્યા નિયત હોવાથી તેની રક્ષા માટે ગણિતને આધારે થએલા પંચાંગમાં ફેરફાર કરવો પડે છે. એટલે આ પ્રમાણે તો અમને નથી તો કોઇ પર્વલોપનો દોષ આવતો કે નથી તો કોઇ મૃષાવાદનો કે દત્તાજંલીનો દોષ આવતો.

સિ. પા. ૯૫. ૧૮--૧૯--૨૦ આ ત્રણે પેરામાં તત્વતરંગિણીનો હવાલો આપ્યો છે પણ આ ગ્રંથના પાઠો તેમના પક્ષને સિદ્ધ નથી કરતા.

૧. "**क्षीणमपि**" આ પાઠ તો ખરતરગચ્છને ઉદ્દેશીને છે. ખરતરો ચૌદશના ક્ષયે પૂર્ણિમાએ પૂનમ માનીને ચૌદશ કરતા તે ઠીક નથી એમ કહેવાયું છે. દેવસૂરસંઘ એ રીતે એવા વખતે પૂનમ માનીને પૂનમે ચૌદશ નથી કરતો માટે તે દોષ ન લાગે.

૨. **चतुर्दशी०** આ પાઠમાં ચૌદશના ક્ષયે પૂનમના દિવસે પૂર્ણિમાની આરાધના થઇ જણાવ્યું છે અને ચતુર્દશીના આરાધનને દત્તાંજલી કહી છે.

આ બન્ને પાઠો સામાપક્ષનું સમર્થન ન કરતાં શાસ્ત્રીય પક્ષનુંજ સમર્થન કરે છે. જુઓ તે પહેલો પાઠ અને બીજો પાઠ. તે બંને પાઠો એક વસ્તુ સિદ્ધ કરે છે કે તે વખતે ૧૪/૧૫ મીશ્ર લખતા કે બોલતા ન હતા, તેમ ચૌદશ પૂનમ બંનેનું એક દિવસે જુદું જુદું આરાધન નહોતું થતું. ચૌદશ પૂનમ બન્ને જુદી જુદી આરાધવાની છે. એક બીજામાં એક બીજી તિથિનું આરાધનજ નહોતું થતું. અને તે તિથિઓ ભેગીજ નહોતી બોલાતી, લખાતી કે ન્હોતી આચરાતી. કારણ કે ઉભય તિથિના આરાધનનો વિકલ્પ નથી તો પ્રશ્નમાં કે નથી તો ઉત્તરમાં.

પેરા ૨૧ 'જૈન શાસ્ત્રમાં આરોપ કરવા દ્વારા'.

આ લખીને એ વર્ગે જે શાસ્ત્રીય પાઠ આપ્યો છે તે પાઠનો એ વર્ગે અર્થ નથી આપ્યો. આ પાઠમાં તેમની વિરૂદ્ધ પાઠો છે એટલેજ અર્થ ન આપતાં એમ હાંકે રાખ્યું છે. પુનમના ક્ષયે તમારી શું ગતિ થાશે? આ પ્રશ્નના જવાબમાં **द्वयोरपि विद्यमानत्वेन तस्याऽप्याराधनं जातमेव पूर्णिमाऽऽराध्यते पूर्णिमामावास्या वास्तव्येव स्थितिः** (તત્વતરંગિણી પૃષ્ટ ૫)

આ પાઠ તો સાફ સાફ સમજાવે છે કે પૂનમના ક્ષયે ચૌદશ બન્ને તિથિઓ છે; પણ આરાધન તો તે દિવસે પૂનમ માનીને પૂનમનુંજ થાય છે. અને વાસ્તવિક સ્થિતિ પૂનમનીજ છે. જે માણસ વ્યવહાર આચરે છે તેને આરોપ દોષ દેવાય નહિ. જેમકે ભગવાનની પ્રતિમાને ભગવાન કહે અને ભગવાન માને તેમાં આરોપ દોષ કહી શકાય નહિ. પરંતુ પત્થર કહીને ભગવાન કહે તેનેજ આરોપ દોષ લાગે, તેવી રીતે ટીપણાની ચૌદશના ક્ષયે જેઓ તેરશ આદિ માનીને તે દિવસે ચૌદશઆદિ કરે તેનેજ આરોપ દોષ લાગે પરંતુ પ્રઘોષના આધારે સંસ્કાર કરનારને આરોપ દોષ નજ લાગે. પૂનમના ક્ષયે તેરશે ચૌદશ લઈ ગયા હોવાથી તે દિવસે પૂનમનીજ વાસ્તવિક સ્થિતિ છે. અર્થાત્ એ વર્ગની માન્યતા મુજબ 'પૂનમના ક્ષયે ૧૪/૧૫ ભેગાં લખી ચૌદશની આરાધના કરે છે' તેવું આ ગ્રંથ નથીજ કહેતો, પૂનમની આરાધાનનું કહે છે. અને પૂનમના ક્ષયે ચૌશદના દિવસે વાસ્તવિક પૂનમ છે, એમજ કહે છે. વળી ચૌદશના ક્ષયે પૂનમે પાક્ષિકનું અનુષ્ઠાન કરવા છતાં શાસ્ત્રકાર ખરતરગચ્છવાળાને પાક્ષિક અનુષ્ઠાનના લોપની આપત્તિ આપે છે. તે પ્રમાણે આ વર્ગ પણ તેરશને દિવસે અખંડ ચૌદશ ન માનતો હોવાથી તે તેરશે ચૌદશનુ અખંડ આરાધન કરે તો પણ તેમને પાક્ષિક અનુષ્ઠાનના લોપનો દોષ કેમ ન લાગે? કેમકે શાસ્ત્રકારોએ તિથિ સંજ્ઞા પૂર્વકનું અનુષ્ઠાનજ પ્રમાણિક ગણ્યું છે.

આ ત્રણે મુદ્દા દેવસૂર પક્ષનુંજ સમર્થન કરનારા છે. પછી નવીન પક્ષ સાધન કેમ મનાય? એ વર્ગે પણ અમારૂં માન્યું છે. જુઓ પૃષ્ટ ૧૩

"ચતુર્દશી"માં પૂનમનું આરાધન થઈ ગયું. (ત્યારે તેમના મતે ૧૪/૧૫નું ભેગું આરાધન નહિ. પણ અમારા મત મુજબ પૂર્ણિમાનું આરાધન થયું. પંચાંગની પૂર્ણિમાના ક્ષયે આ આજ્ઞા

પ્રમાણેજ અમે ચૌદશે પૂર્ણિમાનું આરાધન કરીએ છીએ. તેમજ અહીં પણ એ વર્ગની માન્યતા મુજબ એ વર્ગે પણ મીશ્ર આરાધન નથી જણાવ્યું) "ચતુર્દશીમાં પૂર્ણિમાની વાસ્તવિક સ્થિતિ છે" અહિં તેમણે મુદ્રીત પ્રતનો જે પાઠ આપ્યો છે તેમાં '**एव**' કાર છે છતાંએ તેને ઉડાવ્યો છે. તે ઉચિત નથીજ. તેમજ લેખક તે ઉડાવેલ '**एव**'કારનો અર્થજ નથી આપતા. આ એ વર્ગની કેવી સચ્ચાઈ? છતાં એ ચૌદશે વાસ્તવિક પૂનમજ છે. આમ તો એ વર્ગ પણ કબુલજ કરે છે, તો પછી તેઓ અમારી સામે ૧૪/૧૫ ભેગા લખવાનું–મીશ્રતિથિ આરાધવાનું કયા પ્રમાણોથી કહે છે? તે સમજાતું નથી. અમે તેમને કહીએ છીએ કે તેઓએ આ વચનો જે લખ્યાં છે તેવુંજ તેઓ પાળે. બીજું એ વર્ગવાળા કહી ગયા છે કે 'જુઓ પેરા ૧૮–૧૯માં' તિથિનો ભોગવટો અને સમાપ્તિ હોય તે તિથિ આરાધવી જોઈએ." પૂનમના ક્ષયે ચૌદશમાં પૂનમનો ભોગવટો અને સમાપ્ત છે, તો પછી પૂનમના ક્ષયે ચૌદશના દિવસે એ વર્ગ એકલી પૂનમ કેમ નથી આરાધતો? શું ચૌદશમાં પૂનમનો ભોગવટો અને સમાપ્તિ નથી?

પૃ. ૧૪–માં એ વર્ગે ઉપરના મંતવ્યનેજ વારંવાર જણાવ્યું છે અને તેઓ પેરા ત્રીજામાં વાત ક્ષયની છે અને દોષ વૃદ્ધિનો આપે છે. પૂનમના ક્ષયે તમારી શું સ્થિતિ થશે? આ પ્રશ્નોત્તરી છે. પણ છેલ્લે ઉપસંહારમાં સામો પક્ષ લખે છે કે "સાગરાનંદસૂરિની માફક પૂર્ણિમાની વૃદ્ધિએ...." આ વાકય તદ્દન અસ્થાને છે તેમને ક્ષયનો મુદ્દો ઉડાવી જવાબ વૃદ્ધિના મુદ્દાનો આપ્યો તે એ વર્ગને શોભે છે? નથીજ શોભતું. પૃ. ૧૫માં સામા પક્ષે એજ ભૂલ ચાલુ રાખી છે. વારંવાર તેની એજ ભૂલ હું જણાવું તો આ નિબંધનું કદ વધી જાય અને પિષ્ટપેષણ થાય.

આ આખો પ્રશ્ન ખરતરોએ તેરશે ચૌદશનું નામ ન લેવાથી, અને પૂનમે ચૌદશનું નામ લીધા સિવાય પાક્ષિકનું અનુષ્ઠાન કરવાથીજ ઉપસ્થિત થયો છે, એટલે સ્પષ્ટ છે કે વાસ્તવિક રીતે અહિં શાસ્ત્રકારે તેરશે ચૌદશનું નામ આપ્યું, અને ચૌદશે પૂનમનું નામ આપ્યું. કારણ કે ટીપ્પણાની પૂનમના ક્ષયે ચૌદશે ચૌદશ પૂનમ ભેગી ન માનીને એકલી સ્વતંત્ર પૂનમ કરી તેથીજ "**नन्वेवंपौर्णमासीक्षये भवतामपि का गतिः**" એમ કહીને તમારે પણ ચૌદશે ચૌદશનું નામ સહન નથી થતું, તેવો પ્રશ્ન ખરતરોએ ઉઠાવ્યો છે. એટલે એ વર્ગે અમને દોષ આપ્યો છે, તેના બદલે આ દોષ એ વર્ગનેજ લાગુ પડે છે.

પૃષ્ટ ૧૫ પેરા બીજો—ખરતરગચ્છવાળાએ પ્રશ્ન કર્યો કે–"પૂનમના ક્ષયે તમે ચૌદશે ચૌદશ અને પુનમ બન્નેનું આરાધન થવાનું કહો છો' એ વર્ગ અહીં ગ્રન્થકારના મોઢામાં કેવા જુઠા શબ્દો મુકાવે છે, તેનોયે વિચાર નથી કરતા એ દુઃખની વાત છે ગ્રન્થકારે તો પુનમના ક્ષયે ટીપ્પણાની ચૌદશે '**तस्याः–पूर्णिमायाः आराधनं जातं**' કહીને પૂર્ણિમાનીજ સ્થિતિ અને આરા-

ધના જણાવી છે. એ વર્ગને આવું જુઠું બોલવું તે હરગીજ નથી શોભતું. એ વર્ગને આવાં જુઠાણાંઓથીજ જીત મેળવવી હોય તો તેમનો પ્રયત્ન હવામાં બાચકા ભરવા જેવોજ છે.

પૃ. ૧૫ પેરા ત્રીજે-ત્રીજા પેરામાં પણ એ વર્ગે પિષ્ટપેષણ કર્યું છે. અને તપાગચ્છીય સમાજને નામે જુઠાણુંજ હાંકયે રાખ્યું છે. એ વર્ગ લખે છે કે-"શ્રી તપાગચ્છીય જૈન સમાજ તે વખતે પૂનમના ક્ષયે ચૌદશેજ ચૌદશ પૂનમ એ બંનેની આરાધના કરતો હતો" વાહ ! એ વર્ગનાં આવાં જુઠાં લખાણની બલિહારી (!) છે! તપાગચ્છ ચૌદશના ક્ષયે ચૌદશ પૂનમ બંનેની આરાધના કરતો તેનું એક પણ પ્રમાણ કે ગ્રન્થકારનું કોઈ પણ વાકય પોતે આટલા લાંબા વિવરણમાં ટાંકી શકયા નથી, કે જેને આધારે એકજ તિથિએ બે ફરજયાત પર્વ તિથિની સંજ્ઞા કરાય અને આરાધાય ઉલ્ટું એ વર્ગે પોતાની એક તિથિને દિવસે બે ફરજ્યાત પર્વતિથિની આરાધના નજ થાય એમ કબુલ કરીને પૂનમના ક્ષયે તેની આરાધના તેરશેજ અગર એકમે કરવી તેમ સ્પષ્ટ જણાવેલ છે. એ રીતે એ વર્ગ ક્ષીણ પૂનમનું અનુષ્ઠાન તેરશે કરવાનું કબુલ્યું, છતાં ઉપર જે ભેગું કરવાનું લખ્યું છે તે આખા તપગચ્છ ઉપર જુઠો આક્ષેપ મુકવા સાથે પોતાના વચનનો પણ વ્યાઘાતજ કર્યો છે. એ વર્ગે આગળ ઉપર વળી મૂળપાઠમાંથી 'एव' કાર ઉડાવ્યો છે, એટલુંજ નહિં પરંતુ **"यदिच અને यत्त्वष्टाप्यष्टमी परावृत्याभिमन्यते"** આ આખું તત્ત્વતરંગિણીનું શાસ્ત્રીય વાકય પણ ઉડાવી દીધું છે. શું એ વર્ગ એમ માને છે કે શાસ્ત્રીય સાચા પાઠો ઉડાવવાથી અમે જીતી જઇશું ? જો તેમ છે તો તેમની ધારણા તદ્દન જુઠી અને રેતમાં ઇમારત ચણવા જેવી પાયા વિનાનીજ છે એટલું એ વર્ગ યાદ રાખી લે.

આગળ ઉપર પણ આવુંજ જુઠાણું ચલાવ્યું છે. આવીજ રીતે પૃ. ૧૬ અને ૧૭માં કલ્યાણક પર્વારાધનની વાતની ચર્ચામાં પણ નર્યું અસંગતપણું અને પિષ્ટપેષણ કર્યું છે. જેનો જવાબ તો અમે શાસ્ત્રીય જવાબમાં આપ્યો છે; પણ તેમણે પૃ. ૧૭માં જે ઉપસંહાર કર્યો છે, તેનો જવાબ આપવો જરૂરી હોવાથી અત્ર નીચે અપાય છે. તે વર્ગે તે ઉપસંહારમાં છ મુદ્દાઓ આપ્યા છે. તેમાંનો

પ્રથમ મુદ્દો સામાન્ય છે કે "જે દિવસે જે પર્વતિથિ ઉદય તરીકે મળતી હોય તે દિવસે તે પર્વતિથિ ન મનાય તો પર્વલોપના દોષને પાત્ર બનાય."

ખરી રીતે એ વર્ગ ઉદયનો આશય સમજ્યોજ નથી. સામાન્ય રીતે ક્ષય અને વૃદ્ધિના પ્રસંગ સિવાય ઉદયતિથિ મળે ત્યાંસુધી તે લેવી એ વાત બરાબર છે. પણ ક્ષય અને વૃદ્ધિમાં 'क्षये पूर्वा० અને वृद्धौ उत्तरा०'ના અપવાદને તેઓ ભૂલી જાય છે. જો તેમને ઉદયનોજ આગ્રહ હોય તો બે પૂર્ણિમા હોય ત્યારે પહેલી પૂનમ ઉદયવંતીજ છે. તો તેઓ તેને આરાધ્યપણે કેમ નથી

માનતા ? ઉદયનું વાક્ય ઉદયંમિ એ ક્ષયવૃદ્ધિના પ્રસંગ સિવાય ઉપયોગી છે, અને ક્ષયે પૂર્વા૦ વાક્ય ક્ષયના પ્રસંગે ચોવિસે કલાક એક તિથિની સંજ્ઞા માટે છે. અને સંજ્ઞા પછી તેવીજ આરાધના થાય એટલા માટેજ છે, નહિ કે 'ક્ષયે પૂર્વા' ના પ્રઘોષને ન માને અને ઉદયના નામે વિપરીત આચરણ કરે તે માટે ઉદયની વખતે આઠમના ક્ષયે સાતમનો ઉદય ભોગ અને સમાપ્તિ હોવા છતાં શું આઠમનું આરાધન તેઓ નહીં કરે ? ખરી રીતે ટીપણાની વૃદ્ધિ વખતે તેમણે તેમની ઉદયની માન્યતા પ્રમાણે પહેલીને આરાધ્યા માનવી જોઇએ. એ વર્ગ બે પૂનમ માને અને પહેલીને ન અરાધે તે ઉચિત નથી. તેમના મતે તો પહેલી પૂનમ પણ ઉદયવતીજ છે. જો એમ ન માનતા હોય તો પહેલી પૂનમને પૂનમ શા આધારે કહે છે તે જણાવશે ખરા ? કહેવી પૂનમની સંજ્ઞા અને આરાધના ન કરવી તેનું પ્રમાણ આપશે ખરા ?

સૂર્યોદય સમયે અને આખો દિવસ પૂનમ છે. એમ કહેવું છેપણ આરાધના નથી કરવી, આ કયાંનો ન્યાય છે ? કાંતો તે દિવસને પૂનમ છે એમ કહેવું છોડી દો અને કાંતો તેને આરાધવા માંડો અને કાંતો ઉદયનો આગ્રહ છોડી દો.

મુદ્દા ૨–૩ માં એ વર્ગે આરોપ અને મૃષાવાદપણાના દોષો જણાવ્યા છે, અમે તમને પૂછીએ છીએ કે તમને જો ભોગવટાનોજ આગ્રહ હોય તો નોમના ક્ષયે ૮/૯ ભેગાં લખીને આઠમના દિવસે નોમ માને તો વાંધો શો છે ? એકમના ક્ષયે ૧૫/૧, ૦))/૧ ભેગાં લખી એકમ આરાધે તો વાંધો શું છે ? પર્વ તિથિના ક્ષયમાં તો એ વર્ગ ચૌદશના ક્ષયે ૧૩/૧૪ ભેગાં લખીને તેરશમાં ચૌદશની આરાધના કરે છે, પણ પૂનમના ક્ષયે તેમ કરતા નથી. અર્થાત્ ત્યારે તો પૂનમના ક્ષયે ૧૪/૧૫ ભેગાં લખીને સ્વવચનથી વિરૂદ્ધ થઇને ચૌદશના દિવસે ચૌદશજ આરાધે છે. પૂનમને તો ઉડાડીજ દે છે. તે તેઓ દોષપાત્ર નથી બનતા ? ભોગવટો અને સમાપ્તિ માનનારા તે વર્ગને તે દિવસે ભોગવટો અને સમાપ્તિની પૂર્ણિમાનીજ છે પછી ચૌદશ શાઆધારે આરાધે છે ? તે વર્ગ જે નિયમ બાંધે છે, તે પાળે તો તો હજીયે ઠીક. પાળવા નહિ અને નિયમો બાંધવા તેનો શો અર્થ છે ? એ વર્ગ દરેક મહિનાની પાંચમના ક્ષયે ૪/૫ લખીને પાંચમ આરાધે છે, જ્યારે ભાદરવા સુ. પાંચમના ક્ષયે ૪/૫ લખીને ચોથ આરાધે છે ! તે ક્યાંનો ન્યાય છે, તે જણાવશે ખરા ?

ઉપસંહારનો મુદ્દો ૪ ની સમાલોચના અમે દેવસૂર તપાગચ્છવાળાઓ પૂનમ કે અમાસની ક્ષય-વૃદ્ધિએ તેરશની ક્ષય વૃદ્ધિ કરીએ છીએ. તે શ્રી હીરવિજયસૂરિજીના વચન અને વિજયદેવ-સૂરિજીના પટ્ટકના આધારે જ કરીએ છીએ. બીજાં પણ છુટક પાનામાં શાસ્ત્રીય પ્રમાણો છે, જે પુરાવામાં આપ્યા છે. તેમાં સાફ લખ્યું છે કે–પૂનમ કે અમાસની વૃદ્ધિએ તેરશની ક્ષય વૃદ્ધિ કરવી એ જ ન્યાય અમે ભા. સુ. ૫.માં લગાડીએ છીએ. આવી હેરફેરીની 'સોળમી, સત્તરમી,

અઢારમી અને ઓગણીસમી સદી 'ના પુરાવા શાસ્ત્રીય પ્રમાણોમાં અમે આપ્યા છે, તે જોઈ લેવા ભલામણ છે. વળી ૩૫ વિ. તથા ૩૯પ. વિ.ના પત્રોના હવાલા જે ૧૮૯૫ તથા ૧૮૯૬ ના છે તે જોવા. એટલે બરાબર સોળમી સદીથી શ્રી દે. સૂ. સંઘના પુરાવાઓ મોજુદ છે, જેમાં પૂનમ કે અમાસની ક્ષયવૃદ્ધિએ તેરશની ક્ષયવૃદ્ધિ કરવી, એમ સાફ વાત છે.

ઉપસંહારનો મુ. ૫ ની સમાલોચના આ મુદ્દાના સમર્થનમાં કોઈ પાઠ કે પ્રમાણ એ વર્ગે આપ્યા જ નથી. ઉલટું તે વર્ગની વિરૂદ્ધ પાઠો તત્વતરંગિણિમાં છે, જે આપણે જોઇ ગયા છીએ. તેમાં ચૌદશના ક્ષયે તેરશના વ્યપદેશનો સાફ અસંભવ જણાવીને તે દિવસે ચૌદશનો વ્યપદેશનો જણાવ્યો છે.

ઉપસંહારનો મુ. ૬. 'ઉદય આદિના નિયમો પર્વતિથિને જ લાગુ પડે છે તેમ કલ્યાણક તિથિઓને લાગુ કરવા જોઈએ.'—આ વિધાનને પુરવાર કરનાર એક પણ શાસ્ત્રીય પાઠ એ વર્ગે આપ્યો નથી.

પર્વો બે પ્રકારના છે. એક ફરજીયાત અને બીજો મરજીયાત. ચતુષ્પર્વી ફરજીયાત પર્વ છે. તે દિવસે પૌષધ, ઉપવાસ અને ચૈત્યવંદનાદિ મુનિ ન કરે તો પ્રાયશ્ચિત લાગે. જ્યારે મરજીયાત પર્વતિથિ, તપસ્યાથી આરાધવાની છે અને તેમાં પણ આરાધે તો સારૂં, પણ ન આરાધે તો પ્રાયશ્ચિત નથી. તદનુસાર કલ્યાણક પર્વતિથિઓ પણ મરજીયાત પર્વતિથિઓ છે, તે ન આરાધે તો પ્રાયશ્ચિતનું વિધાન નથી. (જુઓ તત્વ૦નીગાથા ૩૩મી) એટલે ક્ષયે પૂર્વાનું વિધાન તેને લગાડવું જ જોઈએ, તેવો એકાંત નિયમ નથી, કારણ કે તેને માટે ભજના-વિકલ્પ છે.

શાસ્ત્રકારે તો ચૌદશના ક્ષયે તેરશે; તેરશના વ્યપદેશનો અભાવ કહ્યો અને તે દિવસે ચૌદશજ માનવાની જણાવી છે. માનો કે હવે તેરશે કલ્યાણક પર્વ પણ આવે છે, છતાં તેરશના વ્યપદેશનો શાસ્ત્રકારે અભાવ કહ્યો છે, તેમ જ તત્ત્વ૦ પૃષ્ઠ ૫ ઉપર આઠમના ક્ષયે સાતમનું '**પરાવૃત્ય.**' કહીને સાતમ ખસેડીને આઠમ કરવાનું જણાવ્યું છે. સાતમે કલ્યાણકો આવે છે છતાંયે આઠમના ક્ષયે સાતમનું પરાવર્તન કરી આઠમ માનવાનું જણાવ્યું છે, એ શું સૂચવે છે? એક જ વાત જણાવે છે કે-ફરજીયાત તિથિનું પરિસંખ્યાન છે. અને તે પરિસંખ્યાન મરજીયાતને ખસેડીનેય જાળવવાનું છે. આથી ફરજીયાત અને મરજીયાત પર્વોનું જબ્બર અંતરપણું સ્પષ્ટ થાય છે. સાતમે તપાગચ્છ અને ખરતરગચ્છવાળા બન્નેએ આઠમ જ માની છે અને અદ્યાવધિ અવિછિન્ન રીતે માને છે.

"પૂર્વની તિથિને"

આ મુદ્દામાં તેમણે પંચાગમાં વધેલી પૂર્ણિમાએ (પ્રથમાએ) ચૌદશ કરનાર તપાગચ્છ

સંઘને દોષ આપ્યો છે કે-' વિનષ્ટ કાર્યનું ભાવિ કારણ માન્યાનો દોષ પણ લાગેજ, એવું જૈન શાસ્ત્ર ફરમાવે છે'

એ વર્ગે આપેલી આ દોષાપત્તિ દેવસૂર તપાગચ્છ સંઘને નહી પણ એ વર્ગનેજ સંગત થાય છે. કેમકે **वृद्धौ कार्या तथोत्तरा** ના પ્રઘોષ મુજબ ટીપ્પણાની બીજી પૂર્ણીમાજ આરાધનીય છે. જ્યારે એમજ છે ત્યારે હવે પ્રથમા પૂર્ણીમાને શું કહેવું ? આ પ્રશ્નનો જવાબ પહેલાં પણ જણાવાયો છે અને અત્ર પણ એ છે કે-જૈન શાસ્ત્રાધારે તિથિ કે પર્વતિથિ વધેજ નહીં. કારણકે દરેક તિથિઓ ગણિતની ગણનાથી પરિમિત હોય છે. સામાન્ય રીતે તિથિ ૬૧/૬૨ હોય છે. એ વર્ગ નોમના ક્ષયે ૮-૯ ભેગી લખીને પણ જે આઠમજ આરાધે છે, ત્યારે તો એ વર્ગ જેટલી ઘડી આઠમ હોય અને તે પછીની શરૂ થતી' નોમને વિનષ્ટ એવી અષ્ટમીનું ભાવિ કારણ માનેજ છે ! તો પછી આવી યુક્તિ અમને શા માટે આપે છે ? હવે ટીપ્પણાનુસાર પર્વતિથિની વૃદ્ધિ વખતે જે તિથિ વધારાની આવી છે, તે તેની પહેલાની ઘડીઓમાંથીજ આવી હોવાથી તે વધારાની તિથિ તે પૂર્વતિથિ છે. જેમકે ચંડાશુચંડુ પંચાગમાં ( હિન્દિ ) માર્ગશીર્ષ કૃષ્ણ પક્ષમાંજ શુરૂ અને શુક્રવારે એમ બે દિવસ છે. હવે તેમાં માગશર વદિ એકમ ૪૯ ઘડી ને ૪ પળ છે; બીજ, ૫૩ ઘડી અને ૫૨ પળ છે. ત્રીજ, ૫૯ ઘડી અને ૬ પળ છે. પહેલી ચોથ, ૬૦ ઘડી છે. અને બીજી ચોથ ૪ ઘડી અને ૨૫ પળ છે. એટલે ચોથ બે થઇ છે. તેનું કારણ એકમ આદિ તિથીઓને ઓછી ઓછી ઘડીઓ આવતાં છેવટે ચોથ વધી ગઇ છે. જૈન ગણિતના હિસાબે ૬૧-૬૨ ઘડીવાળી તિથિ હોય છે જ્યારે આ ટીપ્પણામાં ૬૪ ઘડીની ચોથ છે. વસ્તુ સ્થિતિ આપે છે ત્યારે તે ચોથની વધારાની ઘડીઓ પૂર્વતિથિમાં લઇ લેવાથી ચોથ એકજ દિવસે શુક્રવારેજ આવશે. અને પહેલી ચોથે સૂર્યોદય સમયે ત્રીજનીજ ઘડીઓ આવે છે. આવીજ રીતે પંચાગમાં બે પૂર્ણીમા આવે ત્યારે અગીયારશે ૫૦ ઘડી, બારશે ૫૨ ઘડી, તેરશે ૫૬, ચૌદશે ૫૯, પ્રથમ પૂનમે ૬૦, અને બીજી પૂનમે ૪ ઘડી ને ૫૩ પળ છે. હવે પૂનમની જે ૬૪ ઘડી અને ૫૩ પળ થઈ છે તે તેની પૂર્વની તિથિને લઇનેજ થઇ છે. એટલે પહેલી પૂનમે સૂર્યોદય સમયે વાસ્તવિક ચૌદશજ છે. હવે એમ ગણતાં જ્યારે બે ચૌદશ થાય છે, ત્યારે પહેલી ચૌદશે તેરશની જ ઘડીઓ છે. આથી સાફ વાત છે કે શ્રી વિજય દેવસૂર સંઘવાળા જે બે પૂર્ણીમાએ બે તેરસ કરે છે, તે તદ્દન સંગત અને જૈન શાસ્ત્રાધારેજ છે.

હવે તે વર્ગ વૃદ્ધિનો વિષય લઈને જે શાસ્ત્રપાઠ આપ્યો છે. તે પાઠનું ચોટ નિરસન અમે શાસ્ત્રીય પ્રમાણમાં કર્યું છે. અને એટલેજ તેની અત્ર પુનરાવૃત્તિ ન કરતાં એટલુંજ કહેવું ઠીક થઈ પડશે કે તેઓનો આપેલો શાસ્ત્રીય પાઠ તેમના મતને લગારે સાધક નથીજ;

એ તો શ્રીતત્ત્વતરંગકાર તરફથી માત્ર ખરતરગચ્છવાળાના પ્રશ્નના સમાધાનરૂપે જ લખાયું છે.

તેનો ઉપયોગ ઉલટી રીતે કરીને બીજાને દોષ ન જ અપાય.

સિ. પા. પૃષ્ઠ ૧૦૩ મુદ્દો ચોથો—

સમાલોચના.

આ મુદ્દામાં 'क्षये पूर्वा०' વિગેરે લખીને એ વર્ગે વિષય ઉઠાવ્યો છે કે આ પાઠ 'જે પર્વતિથિ ઉદય તિથિરૂપે પ્રાપ્ત થતી જ નહોય તેવી પર્વતિથિની માન્યતા અને આરાધનાનો દિવસ નક્કી કરવા માટે જ છે' વિગેરે.

આ પાઠ પર્વતિથિની સંજ્ઞાનો નિશ્ચય કરવા માટે જ છે. નહીં કે પર્વારાધન નિશ્ચય કરવા માટે. "શ્રાદ્ધવિધિમાં" જ્યાં ઉપર્યુક્ત પાઠની સૂચના આપી છે, ત્યાં શરૂઆતમાં तिथिश्च० લખીને 'તિથિ ક્યારે માનવી' તેનું જ પ્રકરણ ચલાવ્યું છે, તે સ્થળે આરાધનાનું પ્રકરણ જ નથી. आदित्योदय० વિગેરે પાઠોથી તિથિની સંજ્ઞા જ નિશ્ચિત કરી છે. અહીં આપેલા પાઠમાં પણ 'क्षये पूर्वा तिथिः कार्या' એમ વાત છે. અને 'वृद्धौ कार्या तथोत्तरा' એ વાત પણ તિથિ નિશ્ચય માટે છે. અર્થાત્ આ પાઠમાં તો આરાધનાનું નામ જ નથી, તિથિનું જ નામ છે. પુનરાવૃત્તિ દોષ વહોરીને પણ પ્રસંગે કહીએ છીએ કે–તિથિને અંગે આરાધના છે. આરાધના માટે તિથિ છે જ નહિ. કારણ કે આરાધના તો નિત્ય કરે તો પણ વાંધો નથી. પરંતુ નિયત પર્વતિથિએ નિયત અનુષ્ઠાન ન કરાય તેનો જ વાંધો છે અને એટલા માટે તિથિની સંજ્ઞા વ્યવસ્થિત કરવાજ ઉપર્યુક્ત પ્રઘોષ અપાયો છે. આથી નક્કી છે કે આ પ્રઘોષ જ્યારે જ્યારે ટીપ્પણામાં પર્વ તિથિની હાનિ–વૃદ્ધિ આવે ત્યારે ત્યારે તેને કઇ સંજ્ઞાથી બોલવી કહેવી, કે આચરવી તેને માટેજ છે. નહિ કે પર્વારાધનની નિશ્ચિતતા કરવા માટે.

હવે સિ. પૃ. ૧૦૪ માના છેલ્લા પેરામાં એ વર્ગે 'न च प्राक्०' લખીને ગૌણ મુખ્યતા બોલતું વિવેચન કર્યું છે; અને પૃ. ૨૧ માં પણ એ જ વસ્તુનું નિરૂપણ કર્યું છે, પરંતુ એ વર્ગે આપેલો પાઠ અપૂર્ણ અને ત્રુટિત છે. અહીં આ પાઠ તે વર્ગને જ બાધિત થતો હતો એટલે જાણીજોઇને ઇરાદાપૂર્વક સત્ય ગોપાવવા 'मुख्यतया चतुर्दश्या एव व्यपदेशो युक्तः' પાઠમાંથી 'एव' કાર ઉડાવી દીધો છે! આ વાતાવરણ ધર્મપ્રિયને લગારે શોભતું જ નથી. હવે તે પાઠનો અર્થ 'ગૌણ મુખ્ય ભેદથી મુખ્ય ભેદવડે ચતુર્દશી જ એવો વ્યવહાર વ્યપદેશયુક્ત છે.' એમ જ છે.

આજ પૃષ્ઠમાં આગળ ઉપર એ વર્ગે 'પર્વતિથિના ક્ષયે તેની પૂર્વતિથિનો ક્ષય કરી શકાય જ નહિ' એમ લખ્યું છે, પણ આ વાક્ય તદ્દન અસત્ય અને અશાસ્ત્રીય છે. 'क्षये पूर्वातिथिः कार्या' આ શાસ્ત્રીય પ્રઘોષ તેમના વચનને અસત્ય ઠરાવવા પ્રબલ છે. છતાંએ ચૌદશના ક્ષયે તેરશે તેરશના વ્યપદેશનો જ અભાવ છે, અને 'चतुर्दश्येव' આ પાઠનું એ વર્ગ

મનન કરીને કંઇક લખે તો સારૂં.

તેઓ પોતે તેરશના વ્યપદેશના અભાવની વાત લખે છે અને બીજી બાજુ લખે છે કે 'જેનો ક્ષય ન હોય તેનો ક્ષય કહેવો એ મૃષાવાદ છે' યદિ તેમનું લખાણ સત્યજ હોય તો તેઓ સિદ્ધ કરે કે '**क्षये पूर्वा तिथिः कार्या**' માં આરાધન શબ્દ કયાંથી લાવ્યા છે. યદિ તેમનું કથન સત્ય હોય તો '**क्षये पूर्वा**' ના પ્રઘોષની જરૂરજ શી છે? તે સમજાવશે ખરા? આરાધના શબ્દ મૂળપાઠમાં નથી અને '**तिथिः कार्या**' છે. પછી એમાંથી આરાધના શી રીતે માનવી? એનો અર્થ સમજાવશે ખરા?

આગળ સિ. પૃ. ૧૦૪ માં પાંચમા મુદ્દાનું વિવેચન છે આમાં '**वृद्धौ कार्या तथोत्तरा** સંબંધી વિવેચન એ વર્ગે આપ્યું છે, પણ એ સંગત નથી. આ વાત ઉપર જૈન શાસ્ત્રાધારે તિથિ નથીજ વધતી એ વાત હું આગળ સિદ્ધ કરી ગયો છું એટલે પિષ્ટપેષણ ન કરતાં તેજ જોવાની ભલામણ કરું છું છતાં એ સંક્ષેપમાં જવાબ આપું છું.

ટીપ્પણાની વૃદ્ધાતિથિને શાસ્ત્રકારે બે સૂર્યોદયવાળી જણાવી છે તે ટીપ્પણાનુસારેજ જણાવી છે. નહીં કે જૈન શાસ્ત્રાનુસારે જણાવી છે. જૈન શાસ્ત્રાનુસારે જગદ્ગુરૂ આ. શ્રી. હીરવિજય સૂ. તથા આ. શ્રી. વિજયસેનસૂરીજી મ. ટીપ્પણામાં આવેલી પર્વતિથિની વૃદ્ધિ વખતે બીજી તિથિનેજ ઓદયિકી કહેતા હોવાથી પ્રાયશ્ચિતાદિ વિધિમાં ટીપ્પણાની પર્વતીથિની વૃદ્ધિ વખતે '**वृद्धौ कार्या तथोत्तरा**' એ પ્રઘોષ અનુસાર બીજી તિથિનેજ પર્વતિથિ તરીકે સ્વીકારી છે. હવે જ્યારે બીજીનેજ પર્વતિથિ માની ત્યારે પૂર્વની તિથિ આપોઆપ અપર્વ થઈ જતી હોવાથી ટીપ્પણાની બે ચૌદશ વખતે આપોઆપ બે તેરશજ થાય છે. અને તેથીજ શ્રી. દેવસૂર તપાગચ્છની આચરણામાં શ્રી સંઘમાં ટીપ્પણાની પૂર્વ તિથિની વૃદ્ધિ વખતે પૂર્વ કે પૂર્વતર અપર્વ તિથિનીજ વૃદ્ધિ કરાય છે તે તદ્દન વ્યાજબીજ છે. ટીપ્પણાની પર્વતિથિની વૃદ્ધિને એમજ રહેવા દઈને જો તત્વતરંગિણીકારના આ સમાસિના વચનથી ભ્રમિત થઈને બીજી તિથિને આરાધી લેવી એવો અર્થ સાચોજ માનવા આગ્રહ હોય તો પ્રથમ શ્રી ઉમાસ્વાતિવાચક મહારાજને '**वृद्धौ कार्या तथोत्तरा**'નો પ્રઘોષ શા માટે બનાવવો પડે? તે વિચારવાની જરૂર છે કારણ કે ટીપ્પણામાં તો બે પર્વતિથિ હતીજ પછી વળી ઉત્તરા કરવી એમ કહેવાની જરૂરજ શી પડી? અહીં ધ્યાનમાં રાખવાનું છે કે તત્ત્વતરંગિણીકારે આ વૃદ્ધાતિથિનો પ્રસંગ જે ઉઠાવ્યો છે, તેનો અર્થ એટલોજ છે કે ટીપ્પણામાં પર્વતિથિ વધે, કે ઘટે ત્યારે કઇ તિથિ માનવી? તે નક્કી કરવું અર્થાત્ તેમનો પ્રયાસ તો પર્વતિથિ ટીપ્પણામાં વધે કે ઘટે ત્યારે કઇ પર્વતિથિ માનવી તેની વ્યવસ્થા કરવા માટે છે, નહિ કે ક્ષય કે વૃદ્ધિ વખતે પૂર્વ કે પૂર્વતર અપર્વ તિથિના ક્ષય કે વૃદ્ધિની વ્યવસ્થા કરવા માટે છે.

સિ. પૃ. ૧૦૬ માં આગળ ઉપર મુદ્દા ૬ રજુ કર્યો છે કે—

આમાં તિથિક્ષય એટલે કે તિથિનાશ અને તિથિવૃદ્ધિ એટલે બે અવયવવાળી એક તિથિ કે ભિન્ન અવયવવાળી તિથિ–તિથિક્ષય એટલે તિથિનાશજ એમ નહીં. કારણ કે જ્યારે તિથિનો ક્ષય ટીપ્પણામાં આવે ત્યારે તે તિથિ કયારે માનવી તેની વ્યવસ્થા રાખવાજ **क्षये पूर्वा**૦નો પ્રઘોષ ઉમાસ્વાતિજીને કરવો પડયો છે.

યદિ તિથિ ક્ષયનો અર્થ તિથિનાશજ કરવો હોત તો **क्षये पूर्वा**૦ પ્રઘોષનું કામ નજ હતું આવીજ રીતે વૃદ્ધાતિથિ એટલે એકજ તિથિના બે અવયવ નહિ, પરંતુ જુદીજ તિથિ છે. કારણ કે જે તિથિ સૂર્યોદયને સ્પર્શી તે આખી એકજ તિથિ મનાય છે. **यां तिथिः प्रातः प्रत्याख्यानवेलायां सा संपूर्णा इति.** આ વાકય એજ સિદ્ધ કરે છે કે પ્રાતઃ પ્રત્યાખ્યાન સમયે હોય તે તિથિજ સંપૂર્ણ અહોરાત્ર મનાય.

આથી સ્પષ્ટ છે કે હવે બે સૂર્યોદયને એક તિથિ સ્પર્શે તો તે જુદીજ ગણાય. આટલા માટેજ ટીપણામાં બે પર્વતિથિ આવી ત્યારે પહેલી તિથિને પર્વતિથિ તરીકે નથી માની. કારણ કે સૂર્યોદય સમયે તો તેમાં અપર્વતિથિનીજ ઘડીયો છે. અર્થાત્ ટીપ્પણામાં આવેલી બે આઠમ વખતે પહેલી આઠમે સૂર્યોદય સમયે સાતમનીજ ઘડીયો છે. એટલેજ બીજી આઠમ ઔદયિકી આઠમ મનાની છે. અને તેથી વાસ્તવિક આઠમ ઔદયિકી તે બીજી આઠમજ વાસ્તવિક આઠમ છે એમ મનાયું છે. અને એટલેજ **वृद्धौ कार्या तथोत्तरा ।** સૂત્ર મુજબ ટીપ્પણાની બે આઠમમાં બીજી ઉત્તરાજ આઠમ માનવાની આજ્ઞા અપાઈ છે.

સિ. પૃ. . ૧૦૮

માસ વૃદ્ધિ અને તિથિ વૃદ્ધિ વિગેરે ત્રણે મુદ્દાના સમાધાનમાં જણાવવું રહે છે, કે માસ વૃદ્ધિ અને તિથિ વૃદ્ધિની સમાનતા છેજ નહી. આ વાત હું આગળ જણાવી ગયો છું એટલે અહીં પિષ્ટપેષણ નથી કર્યું છતાંએ સંક્ષેપમાં જુઓ.

વૃદ્ધિ તિથિ પોતાનું નિયત કાર્ય કરવા અસમર્થ છે પણ બીજાનું કાર્ય કરવા શક્તિમાન છે તિથિની હાનિ વૃદ્ધિ અંગેનો નિયમ આપણને જેવી રીતે મળે છે તેવીજ રીતે માસની હાનિ વૃદ્ધિનો કોઇ નિયમપાઠ ઉપલબ્ધ નથી. છેજ નહિ. તેમજ મલે તો બે માસ હોય ત્યારે પ્રથમ માસની ગણના નથી ગણી. એ સાચું છે છતાં એ વર્ષીતપ–ચોમાસીતપ છમાસી તપ વિગેરે તપમાં વૃદ્ધમાસને ભેળોજ ગણવો પડે છે. આ બધું વિચારતાં માસવૃદ્ધિ અને તિથિ વૃદ્ધિની સમાનતા નજ કહેવાય. એ વર્ગને તિથિને માસની જેમ 'નપુંસક' અને કાર્યમાં અસમર્થ છે, એમ બોલવું છે. અને એ રીતે મનસ્વીપણે બે પર્વતિથિ બોલી આરાધનામાં તો બીજીનેજ લેવો છે. માટેજ આ મુદ્દા ઉભા કર્યા છે.

ખરી રીતે આ ત્રણે મુદ્દાનો એકમાંજ સમાવેશ થઈ શકે તેમ છે. એ વર્ગના પચીસ મુદ્દામાં એવા મુદ્દા ઘણા છે કે જેનો આથી અડધા મુદ્દાઓમાં જરૂર સમાવેશ થઈ શકે તેમ છે. માત્ર લેખનું કલેવર વધારવાજ અસ્થાને મુદ્દા ઉભા કરેલા છે. તેમજ તેમણે આપેલા પાઠો પણ ખરતર ગચ્છના જવાબ રૂપે છે. એટલે તે પાઠો અહિં ઉપયોગી કે મહત્વતાવાળા નથી. છેલ્લે એ વર્ગે પૂનમ અમાસની વૃદ્ધિ એ અને ભા. સુ. ૫. ની ટીપ્પણાની વૃદ્ધિએ સંવત્સરી પકખી અને ચોમાસી આદિનું કર્તવ્ય શાસ્ત્ર વિરૂદ્ધજ જણાવ્યું છે. પરંતુ અમે તે દિવસે પહેલી પુનમ કે પહેલી અમાસ કે પહેલી પંચમી કહેતા કે માનતા નથી. અમો તો તેને ચૌદશ અને ચોથજ કરીને અને બોલીને તે તે તિથિનું પર્વાનુષ્ઠાન આરાધીએ છીએ. ખરી રીતે અહી દોષાપત્તિ તેમને આવે છે. ભા. સુ. ૫ માં ઉદય પંચમી પહેલાની ચોથે સંવત્સરી કરવાનું જણાવ્યું છે. "**भद्दवय सुद्ध पंचमीए**" એ પાઠથી ચોથ સંવત્સરીની અનંતર પંચમી જોઈએ. આ બધા પાઠો એજ સૂચવે છે કે-ઉદય પંચમી પહેલાં સંવત્સરી જોઈએ. હવે એ વર્ગ ટીપણાની વૃદ્ધિ વખતે બે પાંચમ માને છે. એટલે સંવત્સરી અને ઉદય પાંચમ વચ્ચે તેમની માનેલી ફલ્ગુ સુ. પાંચમ તે વર્ગને આડી આવશે. મૂળ વાત એ છે કે એ વર્ગે આડો ધરેલો જે શાસ્ત્ર પાઠ છે તે તો પહેલી તિથિ અને પહેલો માસ આરાધનાર ખરતર ગચ્છવાળાને જવાબ આપવા માટે છે. એ પાઠો અહીં આપવા ઉચીત ગણાયજ નહિં એટલે તે પાઠો અહિં સંગત થાયજ નહિ.

**સમાલોચના પૃ. ૨૬**

અહિ આપેલા મુદ્દા ૧૦ અને ૧૧ બન્ને મુદ્દા વિષયાંતર રૂપે છે એ વર્ગે 'પર્વતિથિ કયારે કરવી ?' એજ મુદ્દો ચર્ચવાનો હતો. તેના બદલે આવી ચર્ચા કે પાક્ષિક તથા દિન ગણનાની ચર્ચા કરી બતાવી છે, તે તદ્દન અસ્થાનેજ હોઇને તેનો જવાબજ ઉચીત નથી ધાર્યો. છતાંએ શાસ્ત્રીય વિવરણમાં તેનો જવાબ આપ્યો છે અને અહિં પણ સંક્ષિપ્ત જવાબ આપીએ છીએ.

આ બન્ને મુદ્દાઓના આધાર કર્મ માસ અને કર્મ વર્ષમાં તિથિ વૃદ્ધિ નથી આવતી. કર્મ માસમાં તિથિ હાનિ અને માસ વૃદ્ધિ આવે છે. તેમાં ટીપ્પણાનુસારે તિથિની વૃદ્ધિ આવે કે હાનિ આવે, ૧૫-૩૦-૧૨૦-૩૬૦ દિવસ આવે છતાં પણ તે નિરંશ હોવાથી અનુક્રમે ૧૫ અહોરાત્રો-૩૦ અહોરાત્રો-૧૨૦ અહોરાત્રો કે ૩૬૦ અહોરાત્રો તોજ ન આવે. પણ આવા મુદ્દા ચર્ચીને એ વર્ગને શું સિદ્ધિ કરવી છે ? તેજ નથી સમજાતું. શાસ્ત્રમાં જે મુદ્દાઓ નિશ્ચિતરૂપે નિરૂપેલા છે તેનું પિષ્ટપેષણ કરવાથી શું લાભ સમજતો હશે ?

સિ. પૃ. ૧૧૦ માં એ વર્ગે મુદ્દા બારમાનું વિધાન કર્યું છે. એમાં બે બીજ વિગેરે લખવા બોલવાની અને તેમ ન કરે તેને મૃષાવાદની આપત્તિ આપી છે.

આ વર્ગે 'જૈનશાસ્ત્ર પ્રમાણે તિથિ વધતી નથી' એ નિયમનો અભ્યાસ કરવાની જરૂર છે. પ્રાયશ્ચિત્તાદિ વિધિમાં બે પર્વતિથિનો કે પર્વતિથિના ક્ષયનો પાઠ તેમને ઉપલબ્ધ થયો હોય તો રજુ કરે.

એક બાજુ ઉદયનો જ આગ્રહ રાખવો છે; અર્થાત્ ઉદયતિથિ જ આરાધાય તેમ બોલવું છે, અને બીજી બાજુ ટીપ્પણાની વધેલી પ્રથમા પર્વતિથિને 'ઉદય અને ભોગવટો' બંને હોવા છતાં આરાધવી નથી! એ તો સ્પષ્ટ રીતે સ્વવચન વિરોધ જ છે. આગળ આજ પૃષ્ઠના ૧૩ અને ૧૪ મા મુદ્દામાં પણ લગભગ સમાનતા છે. માત્ર વ્યપદેશ થઇ શકે કે નહિ? અને આરાધક થઈ શકે કે નહિ? આટલો ભેદ છે.

ચૌદશના ક્ષયે—' **त्रयोदशीति व्यपदेशस्याप्यसंभवात्** ' આ પાઠથી ચૌદશના ક્ષયે તેરશ ન જ કહેવાય. તેમ જ ' **परावृत्याभिमन्यते** ' આ પાઠથી પણ આઠમના ક્ષયે સાતમનું પરાવર્તન કરી આઠમ જ કહેવાય. વળી ચૌદશના ક્ષયે તેરશે ' **चतुर्दश्येव** ' ચૌદશ જ કહેવાય. આ બધા પાઠો, એ વર્ગની વિરૂદ્ધના જ છે. તેમ જ પ્રાયશ્ચિત્તાદિ વિધિમાં ફરજીયાત પર્વતિથિ તથા બે બે પર્વતિથિ એકી સાથે આરાધવાનું કયાંય વિધાન જ નથી. પર્વાનન્તર પર્વતિથિના ક્ષય પ્રસંગે પૂર્વની પર્વતિથિમાં ઉત્તર ક્ષીણ પર્વતિથિને ભેળી આરાધી લેવાની વિચિત્ર વાતો કરનાર આ વર્ગ, ચૈત્ર અને આસો માસની આયંબિલની ઓળીની અઠ્ઠાઈના દિવસોમાં પૂનમના ક્ષય વખતે ચૌદશ ભેળી પૂનમ માનીને એક દિવસે બે આયંબિલ, બે દીનનું બ્રહ્મચર્યપાલન કેવી રીતે કરાવશે? મરૂદેવાતપ આદિમાં ક્ષય વખતે તે વર્ગને એક દિવસે બે તપાનુષ્ઠાનાદિ કોઈ વાતે થઈ શકતાં નથી, અને નિરર્થક જ જુઠી વાત રજુ કરે છે. કારણ કે ભા. સુ. ૫ની હાનિ વખતે એકલી ભા. સુ. ચોથજ એ વર્ગ સાંજ સુધી આરાધે છે તેમજ ચોમાસી આદિની પૂનમના ક્ષય વખતે તેઓ ચઉદશજ સાંજ સુધી આરાધે છે.

સિ. પૃ. ૧૧૧ ના તેમના ૧૪મા મુદ્દાનાં વિવેચન વાકયો પણ તેમની વિરૂદ્ધનાં છે, જુઓ એ વર્ગ કહે છે કે "શ્રી જૈન શાસનમાં પાક્ષિકનો એક ઉપવાસ અને ચૌમાસીના બે ઉપવાસ રૂપ છઠ્ઠ કરવાની ખાસ આજ્ઞા કહેલી છે અને તે નહિ કરનારને પ્રાયશ્ચિત કહેલું છે." હવે તેમના આ વચનનો પણ ઉપરના મુદ્દાનાં વાકયો સાથે વિરોધ આવે છે કે નહિ? એ વર્ગ ચોમાસી પૂનમના ક્ષયે ૧૪-૧૫ મીશ્ર-ભેગાં લખીને એકજ દિવસે બે પર્વ પર્વતિથિની આરાધના માને છે, પછી ૧૪ અને ૧૫નો છઠ્ઠ કયાંથી કરશે? કદાચ જગદ્ગુરૂજીના વચન મુજબજ **त्रयोदशी चतुर्दश्योः** વચનનો અમલ કરીને પણ તેરશ ચૌદશનો છઠ કરે તો પછી ૧૪-૧૫ની ભેગી આરાધના થઈ ગઇ એમ કેમ કહી-કે માની કેવી રીતે શકે? માટે શાસ્ત્રીયાધારે પર્વ તિથિના ક્ષયે પૂર્વની અપર્વતિથિનો

ક્ષય કરવાનું અને જોડીયા પર્વતિથિમાં પૂર્ણિમાઆદિનો ક્ષય આવે ત્યારે શ્રી દેવસૂરતપાગચ્છ સંઘની માફક પૂર્વતર અપર્વતિથિ તેરશઆદિનો ક્ષય કરે અને એજ પ્રમાણે પર્વતિથિ આરાધે તેજ ઉચિત છે.

સિ. પા. ૧૧૧ નું લખાણુ પુનરૂક્તિવાળું છે. કારણુ કે તે વાત પહેલાં ચર્ચાઈ ગયેલ છે. અર્થાત્ 'એકજ દિવસે બંને તિથિનો વ્યપદેશ થાય તો પર્વના અખંડ આરાધન માટે કરાયેલા ઉપવાસ પ્રતિક્રમણાદિ સર્વમાં મુશ્કેલી રહેશે, તેમજ એકદિવસે બંનેનું આરાધન સમાયેલું માનતાં પર્વસંખ્યાનું ખંડન થશે વિગેરે આગળ ચર્ચાઇ ગયેલ છે.

ચતુષ્પર્વી પર્વ એક દિવસે બે આરાધાય તેવો શાસ્ત્રપાઠ કે પરંપરા એ વર્ગ નથી આપી શક્યો. માત્ર નિર્મૂલ કલ્પના કર્યા કરવાથી વસ્તુની સત્યતા જણાવી ન ગણુાય.

સિ પા. ૧૧૨નું લખાણુ સમજવિના ભ્રામક રીતે લખાયેલ છે. એ વર્ગ આરોપને ખરી રીતે સમજી શક્યો નથી. જિનેશ્વર ભગવંતની પ્રતિમાને પત્થર માનીને ભગવંત તરીકે પૂજે તો આરોપ ઘટાવાય. તેમ ચૌદશના ક્ષયે તેરશે તેરશ માનીને તે દિવસે ચૌદશ પર્વ તરીકે માને તો આરોપ ગણુાય; પણુ શાસ્ત્રકારના વચનથી તેરશે ચતુર્દશીના વ્યપદેશ પૂર્વકજ ચતુર્દશીની આરાધના કરાય છે ત્યાં આરોપ કઇ રીતે એ વર્ગ કહી શકે ? એ વર્ગને શાસ્ત્રકારે જે **'आरोपो ऽ सन्'** એમ જણાવ્યું છે તે આ વાત જાણ્યા પછીજ સમજાશે.

સિ. પા. ૧૧૩ પેરા ૬૯–૭૦નું લખાણુ પણુ ઉલટી રીતે રજુ કરાયું છે. તેમજ પુનરૂક્તિ રૂપે છે. એ વર્ગને **'क्षये पूर्वा०'**ની વસ્તુ બરાબર સમજાઈ નથી, તેથીજ આ થવા પામ્યું છે. તે વસ્તુ માટે એ વર્ગના શાસ્ત્રપાઠોની અમોએ આપેલી સમાલોચના જુઓ.

પેરા ૭૧નું લખાણુ ઉંડી વિચારણા નહિ કરવાથી થયું છે. આના સંબંધનું વિસ્તૃત વિવેચન આગળ અપાઇ ગયું છે. કલ્યાણુક પર્વ મરજીયાત પર્વ છે.

પેરા ૭૨નું લખાણુ પુનરૂક્તિ દોષવાળું છે. તે વસ્તુ આગળ ચર્ચાઈ ગયેલ છે.

સિ. પા. ૧૧૪ પેરા–૭૩નું લખાણુ બરાબર નથી.

ચતુષ્પર્વીની સરખું કલ્યાણુક પર્વ હોત તો તત્વતરંગિણીકાર પર્વોના ફરજીયાત મરજીયાતનો ભેદ કેમ પાડત ? પ્રાયશ્ચિતવિધિયોગ્ય કલ્યાણુક પર્વો ગણાય ખરા ? તેનો ખુલાસો તેમણે મુદ્દલ આપ્યો નથી.

પેરા ૭૪–૭૫–૭૬નું લખાણુ બરાબર નથી કારણુ કે આયુષ્યનો બંધ એકાંતે અમુકજ દિવસે હોય તેમ નિયમ ન રખાય.

આનું વિવરણુ અમે એ વર્ગના શાસ્ત્રપાઠની સમાલોચનામાં તથા એ વર્ગના મુદ્દાની સમા-

લોચનામાં આપી ગયા છીએ.

સિ. પા. ૧૧૫ પેરા ૭૭-૭૮ નું લખાણ બરાબર નથી. કારણ કે તે વસ્તુ એ વર્ગે ઉલટી રીતે રજુ કરી છે. લૌકિક ટિપ્પણ મનાય છે. પણ જૈન શાસ્ત્રકારોની મર્યાદા પૂર્વક સંસ્કારથી મનાય છે.

પેરા ૭૯-૮૦ નું લખાણ બરાબર નથી.

આ સંબંધીનો સ્ફોટ મુદ્દાની સમાલોચનામાં આવી ગયેલ છે.

સિ. પા. ૧૧૬ પેરા ૮૦ માં જણાવ્યા મુજબ પૂર્ણિમાના ક્ષયે પૂર્ણિમાની યાત્રા ચૌમાસીના દિવસે થાય તો હવે એ વર્ગ ચોમાસાના પ્રતિક્રમણ પહેલા યાત્રા કરી શકશે. કાર્તિકી ચૌમાસી ચૌદશે ઉકાળેલ પાણીનો કાળ ત્રણ પ્રહર છે. અને પૂનમે ચાર પ્રહર છે તેથી ૧૪-૧૫ ભેળાં કરીને ઉકાળેલ પાણી ત્રણ પ્રહર પછી રાખનાર એ વર્ગને તે ચૌદશે પૂનમ પણ હોવાથી એ વર્ગ આલોયણ પ.મશે કે આપી શકશે?

પૂનમના ક્ષયે ચોમાસાની ચૌદશના દહાડે 'પૂનમની ભોગ સમાપ્તિને લઇને' પૂનમનો વ્યપદેશ કરનાર એ વર્ગના મતે ચૌમાસી ચૌદશે ભાજીપાલો વાપરી શકશે? તેમજ ચૌમાસી પ્રતિક્રમણ પણ સાંજે પૂનમ હોવાથી નહી કરે તો ચાલશે? પૂનમના ક્ષયે ચોમાસી ચૌદશના દિવસે પૂનમ માનીને ચોમાસી પ્રતિક્રમણ અગાઉ વિહાર કરી શકશે? આ બધાના જવાબ તેણે આપવા જોઇએ.

આ રીતે તેમણે રજુ કરેલા મુદ્દા ખરી રીતે શ્રીયુત્ શેઠશ્રી કસ્તુરભાઈ સમક્ષ તૈયાર થયેલા મુદ્દાને સ્પર્શતાજ નથી! તેમજ આ ચચાના પ્રસંગમાં તેમણે જે જે નવાં વિધાનો રજુ કર્યાં છે, તે સર્વવિધાનો સં ૧૯૯૧ પહેલાં ન્હોતાં, અને જેમ સમગ્ર શ્રી દેવસૂર તપાગચ્છ એકજ સરખી રીતે પર્વારાધન કરતો હતો, તેમ એ વર્ગ પણ વર્તતાજ હતો. આમાં કેટલાક વિધાંનો એ વર્ગે પુરાવા વિના એમને એમજ રજુ કર્યાં છે. અને કેટલાંક વિધાંનોના સમર્થનમાં રજુ કરવામાં આવેલ પાઠો અર્થ સંગત કયા વિના માત્ર માનેલા ભાવાર્થ કે અનુમાનની ઇમારત ઉપર ઉભા કર્યા છે.

આ દરેક વસ્તુ તે વર્ગે સમર્થનમાં આપેલા પાઠના વાસ્તવિક અર્થો ધ્યાનમાં લેવાથી સાફ સમજાશે. અંતે અમારે પુનરપિ સખેદ કહેવું પડે છે કે-એ વર્ગે રજુ કરેલા ઘણાં વિધાનોમાં પુનરૂક્તિ દોષો વારંવાર અમારે પણ હરપળે તેના નિરસનમાં એકની એક વાત રજુ કરવા રૂપ પુનરૂક્તિ કરવી પડે છે. ખરી રીતે એ વર્ગના પચીસ મુળમુદ્દાની સમાલોચનાથી અને એ વર્ગના શાસ્ત્રીય પાઠોની સમાલોચનાથીજ તે વર્ગની માન્યતાનું નિરસન થાય છે. છતાં તેમનું લાંબુ વિવરણ પ્રતિકાર વિનાનુ ન રહી જાય માટેજ અહીં તેનો યત્કિંચિત્ પ્રતિકાર કરવામા આવ્યો છે.

---:o:---

શ્રી દેવસૂર તપાગચ્છના અને એ વર્ગ વચ્ચે જે મતભેદ તિથિચર્ચાને અંગે છે તેની સંક્ષિપ્ત તારવણી.

૧ જ્યારે ટીપણામાં કોઈ પણ પર્વતિથિનો ક્ષય આવે ત્યારે તે પર્વતિથિનો ક્ષય ન કરતાં પૂર્વતિથિનો ક્ષય કરી, તે પૂર્વ અપર્વતિથિને પર્વતિથિ તરીકેજ માનીને તે દિવસે પર્વતિથિનું આરાધન અમે કરીએ છીએ. જેમકે-અષ્ટમીનો ક્ષય ટીપ્પણામાં આવ્યો હોય, ત્યારે અમે તે અષ્ટમીની પહેલાની અપર્વતિથિ સપ્તમીનો ક્ષય કરીને અનુષ્ઠાનમાં આઠમજ માનીને અષ્ટમી પર્વતિથિનું આરાધન કરીએ છીએ. એ વર્ગ પણ અહિં અમારા મન્તવ્યને કાંઇક મળતો છે. પરંતુ એ વર્ગ સાતમને એકલી આઠમની સંજ્ઞા આપવામાં આનાકાની કરે છે, અને કદી પણ કોઇપણ શાસને કદી નહિ માનેલ રીતે ૭-૮ બોલીને અને લખીને સાતમમાં અષ્ટમી તિથિને આરાધે છે. એ રીતે તો ટીપ્પણામાં પણ ૭-૮ ભેગાં નથી લખાતાં. તેમજ ૧૧ના ક્ષયે અગીયારશના ખાનામાં તો ૦૦૦ લખે છે અને દશમનેજ અગીયારશ કહે છે. આઠમના ક્ષયે પણ સાતમનો દિવસેજ કાલાષ્ટમી—જન્માષ્ટમી લખે છે. એટલે એ વર્ગ તો ટીપ્પણાંથીય વિરૂદ્ધ લખે છે અને બોલે છે. વસ્તુસ્થિતિ આ પ્રમાણે હોવાથી અમે જે દિવસે અષ્ટમી પાળીએ છીએ તે દિવસેજ એ વર્ગ અષ્ટમી પાળવા છતાંયે શુદ્ધ આઠમ ન કહેતાં મીશ્રતિથિ કહે છે, તે તદ્દન અનુચિત છે અને અશાસ્ત્રીય છે. **'क्षये पूर्वा तिथिः कार्या'** એ સૂત્ર એ વર્ગને પણ માન્ય છે. છતાં તે પ્રમાણે તે વર્ગ આચરતો નથી. જુઓ તેનું વિવેચન **'क्षये पूर्वा तिथिः कार्या इति पर्वतिथेः क्षये पूर्वा या अपर्वतिथिः तस्या एव क्षयः कार्यः, यदि पूर्णिमामावास्ययोः क्षयो भवति तदाऽनया रीत्या त्रयोदश्याः क्षयः कार्यः** આ અને આના સમર્થનનાં બીજા પણ પાઠો છુટક શાસ્રીય પાનામાં મલે છે. તેમજ તત્વતરંગિણી નામક પ્રસિદ્ધ ચર્ચાગ્રંથને કે જેનાં પ્રમાણો એ વર્ગે માન્ય રાખ્યાં છે. છતાં તેજ ગ્રંથના નીચેના પાઠો તરફ એ વર્ગે લક્ષ્ય આપ્યું નથી. જેમ કે **'तिथिपाते-तिथिक्षये पूर्वैव तिथिर्ग्राह्या'** તિથિનો ક્ષય હોય ત્યારે પૂર્વતિથિજ લેવી. અર્થાત પર્વતિથિનો ક્ષય આવે ત્યારે પૂર્વની અપર્વ-તિથિનેજ પર્વતિથિ ગણવી. પરંતુ એ વર્ગની માન્યતા મુજબ મીશ્રતિથિ ગણવાનું ક્યાંય વિધાન મળતું નથી. આજ ગ્રંથનું બીજું પ્રમાણ આપું છું. જેમકે ટીપ્પણામાં ચૌદશનો ક્ષય આવ્યો છે. હવે શું કરવું? શાસ્ત્રાધારે તો **क्षये पूर्वा**૦નો નિયમ લાગવાનો, એટલે કે તેરશની તિથિને ચૌદશ કહેવાય, જ્યારે એ વર્ગ ૧૩-૧૪ લખે છે. હવે તેમની આ વાત અશાસ્ત્રીય છે. જુઓ—

**'तत्र त्रयोदशीति व्यपदेशस्याप्यसंमतत्वात्, किन्तु प्रायश्चित्तादिविधौ चतुर्दश्येवेति व्यपदिश्यमानत्वात्'** **( तत्त्वतरंगिणी पृष्ट ३. )**

પ્રાયશ્ચિત્તાદિ વિધિમાં ૧૪ના ક્ષયે તેરશ એવો વ્યવહાર કરાયજ નહિ, પરંતુ ચઉદશજ

કહેવાય. આ શાસ્ત્રીય વચનાનુસારે પંચાંગમાં ૧૪નો ક્ષય આવેલ હોય ત્યારે તેરશને ચઉદશજ કહેવાય તેરશ નજ કહેવાય. અમે એથીજ આ આજ્ઞા મુજબ તેરશને તેરશ ન કહેતાં ચઉદશજ કહીએ છીએ.

આવુંજ આઠમના ક્ષયને માટે પણ કથન છે તે જુઓ.

**"अन्यथा क्षीणाष्टमीकृत्यं सप्तम्यां क्रियमाणमष्टमीकृत्यव्यपदेशं न लभेत, न च इष्टापत्तिः आबालगोपालप्रतीतमेव अद्याष्टम्याः पौषधोऽस्माकमिति, एतद्वचनवक्तृपुरुषानुष्ठीयमानानुष्ठानापलापित्वेनौन्मत्य प्रसंगात्"** (**तत्वतरंगिणी पृ. ४**)

'આજે આઠમનો પૌષધ અમે કર્યો છે, એમ કહેવાય છે તે કોઈથી અજાણ્યું નથી. આ બાલગોપાલ પ્રસિદ્ધ છે. આઠમનો પૌષધ સાતમે માનો કે સાતમ આઠમ ભેળી માનો અને શુદ્ધ આઠમ નહિ માનો તો એ વર્ગને આઠમના અનુષ્ઠાનનો લોપ થવાનો પ્રસંગ આવશે, એમ શાસ્ત્રકાર અહિં પણ સાફ જણાવે છે. એટલે અમે જે ટીપ્પણાની પર્વતિથિના ક્ષયે પૂર્વની અપર્વતિથિનો ક્ષય કરીએ છીએ, તે તદ્દન વ્યાજબી અને શાસ્ત્રીય છે. એટલે કે જ્યારે બીજ-પાંચમ-આઠમ અગીઆરશ અને ચૌદશનો ટીપ્પણામાં ક્ષય આવે ત્યારે જૈન શાસ્ત્રાધારે તો એકમ, ચોથ, સાતમ, દશમ, તેરશનોજ ક્ષય થાય અને તે તે અપર્વતિથિઓને બીજ આદિજ કહેવાય. અને ત્યારેજ નીચેની આજ્ઞા મુજબ પણ તિથિની આરાધના થઇ ગણાય. જુઓ તે આજ્ઞા **"बीया पचमी अट्ठमी एगारसी च चउद्दसी तासांखओ पुव्वतिहिए अमावासाएवि तेरसी"** બીજાદિના ક્ષયે પૂર્વની (અપર્વ) તિથિનો ક્ષય કરવો તેમજ અમાવાસ્યાના ક્ષયે તેરશનો ક્ષય કરવો. અહીં ફરજીયાત પર્વતિથિ સાથેજ મર્યાદિત મરજીયાત તિથિઓના ક્ષયમાં પણ આજ વાત લખી છે.

પુનમ કે અમાસનો ક્ષય આવે ત્યારે શું કરવું? આ સંબંધી પણ મતભેદ છે. શ્રી દેવસૂર તપાગચ્છ તો જૈનશાસ્ત્રના આધારે અને પ્રાચીન પરંપરાના આધારે પુનમ કે અમાસના ક્ષયે તેરશનોજ ક્ષય કરે છે. **'क्षये पूर्वा०'** સૂત્રાધારે પુનમ અમાસના ક્ષયે ચઉદશનો ક્ષય કરવાનું એ વર્ગ સૂચવી શકે તેમ નથી. કારણ કે ચૌદશ પર્વતિથિ છે. હવે દેવસૂર સંઘના સમર્થનના કે પુનમ્ અમાસના ક્ષયે તેરશનો ક્ષય કરવો જોઈએ તેના પાઠ નીચે મુજબ છે.

" પુનમ અમાવાસ્યાના ક્ષયે તેરશનો ક્ષય થાય" (૧૭૯૨નો પાઠ)?

**"अमावासाए वि तेरसि, तथा च जम्हा पुण्णिमा खए तेरसी खओ** અમાવાસ્યાના ક્ષયે તેરશનો ક્ષય થાય જેમ પૂર્ણિમાના ક્ષયે તેમ......... (૧૫૬૩નો દેવવાચક જુનો પા ૨)

**"अत एव पूर्णिमायाः क्षये त्रयोदश्याः क्षये युक्तियुक्तः क्रियते"** આવા અનેક પાઠો છુટક શાસ્ત્રીય પાનામાં છે કે પૂર્ણિમા અને અમાવાસ્યાના ક્ષયે તેરશનોજ ક્ષય થાય. એ વર્ગ પણ

૧૯૯૧ સુધી શ્રી વિજય દેવસૂર સંઘની એ પરંપરા મુજબજ અને તેવીજ શાસ્ત્રીય પણ આજ્ઞા પ્રમાણેજ તિથિ-ક્ષયે હેરફેરી માનતો હતો. હમણાં થોડા વર્ષથીજ એ વર્ગે તે આચરણથી વિરૂદ્ધ બોલવું શરૂ કર્યું છે.

મુદ્દા ૨ જેમ ક્ષય માટે જોઇ ગયા તેમ તિથિ વૃદ્ધિનો પ્રશ્ન પણ એટલોજ વિવાદાસ્પદ છે. જેમકે ટીપ્પણામાં બે આઠમાદિ હોય ત્યારે શું કરવું? અમે (શ્રી દેવસૂર તપાગચ્છસંઘ) તો **'वृद्धौ कार्या तथोत्तरा'** આ સૂચન મુજબ જ્યારે જ્યારે ટીપ્પણામાં બે પર્વતિથિઓ આવે છે ત્યારે ઉત્તર તિથિનેજ પર્વતિથિ માનીએ છીએ, અને ઉત્તરતિથિનું પર્વતિથિ રૂપે આરાધન કરીએ છીએ. જેમકે ટીપ્પણામાં બે આઠમ આવી હોય ત્યારે બીજી આઠમનેજ પર્વતિથિ તરીકે માનવી. કારણકે તિથિના વ્યવહારના કારણભુત ઉદયવાળી ગણીને બીજી તિથિનેજ 'ઔદયીકિ' કહી છે. એ રીતે શાસ્ત્રકારોએ પ્રાયશ્ચિત્તાદિ વિધિમાં ટીપ્પણાની પહેલી આઠમના ઉદયને પહેલી આઠમનો ઉદય ન માનેલો ગણેલો હોવાથી ઉત્તરની વાસ્તવિક આઠમની પૂર્વનો સૂર્યોદય તે સાતમનોજ સૂર્યોદય ગણાય અને કહેવાય, આવું આજેજ નહિં પણ તે વખતે પણ પ્રચલિત હતું અને એ વર્ગે પણ ૧૯૯૧ સુધી તેમ કહેલું, માનેલું અને આચરેલું છે

જ્યારે એ વર્ગ હવેથી એ બંને આઠમ પર્વતિથિના નામે કાયમ રાખે છે અને બીજી આઠમને આઠમ માનીને પર્વતિથિ તરીકે આરાધે છે. શ્રી દેવસૂર તપાગચ્છ તે વર્ગ કહે છે કે મહાનુભાવો! પ્રાયશ્ચિત્તાદિ વિધિમાં બે આઠમ, બે અગીયારશ, બે ચઉદશાદિ બોલવું તે ઉચીત નથીજ. ખરી રીતે તો જૈન જ્યોતિષ તેમજ પ્રાચિન જ્યોતિષ પ્રમાણે તિથિઓ વધતીજ નથી.

જૈનશાસ્ત્રમાં તિથિના નામેજ નિયમો લેવાય છે. અને પછી તિથિ બોલવી અને નિયમ ન પાળવા તે સ્વવચન-આગમ અને પરંપરાથી અસંગત છે. હવે જૈન શાસ્ત્રાધારે તિથિજ વધતી નથી, પછી પર્વતિથિ કેમજ વધારાય અને કેમજ બોલાય? આમ છતાં એ વર્ગ તરફથી બોલાય છે તો પાળવી જોઇએ. બે આઠમ બે ચૌદશ બે પુનમ આદિ લખાય છતાં તે વર્ગ તરફથી ન પળાય તો તે વર્ગને મોટો દોષ આવશે. અને તે એ કે જો પહેલી આઠમ લખાઇ અને તે દિવસે તેનું વ્રતારાધનં-તપ-જપ પૌષધાદિ ન કર્યાં તો એક દિવસ એવો પણ આવશે કે જે બીજી આઠમે પણ વ્રતારાધન પૌષધાદિ ન કર્યાં તો શું વાંધો છે? એવો નિર્દ્ધંશપરિણામી થશે, એ વર્ગને પચાંગાનુસાર બે આઠમાદિ બોલવા છે પણ આરાધન તો દેવસૂર સંઘ કરે છે તે પ્રમાણે જ કરવું છે. અર્થાત્ પહેલી આઠમે તો સાતમનુંજ કર્તવ્ય કરવું છે. પછી બે આઠમ આદિ બોલવાનો અર્થ શો છે? નામ હીરો આપવું છે અને કાચના મુલ્યે વેચવું છે. એ વર્ગ ૧૯૯૧ સુધી તો બે આઠમ આવતી હતી ત્યારે બે સાતમ આદિજ કહેતો હતો અને માનતો હતો. એ ભૂલી ભૂલવાડીને પણ

આજે આમ ઉલટું કરે છે. આવી રીતે પૂર્ણીમા અને અમાવાસ્યામાં પણ મોટો મતભેદ છે. શ્રી દેવસૂર તપાગચ્છ તો પૂનમ અમાવાસ્યાની વૃદ્ધિએ તેરશનીજ વૃદ્ધિ કરે છે. જયારે એ વર્ગ બે પૂનમ અમાસ વિગેરે કરે છે. આશ્ચર્યની વાત છે કે આમ છતાં પણ તે વર્ગ એનું એક પણ પ્રમાણ આપી શકયો નથી.

## નિર્ણયાત્મક વાતો

૧ 'જૈન શાસ્ત્રાધારે તિથિ વધેજ નહિ આ વાત એ વર્ગને કબુલ રાખવી પડે તેથી શાસ્ત્રો સામે આંખો મીંચીને ટીપ્પણાની તિથિ વૃદ્ધિ માને છે. પણ તે અનુચિત છે.

૨ લૌકિક ટીપ્પણામાં તિથિ વૃદ્ધિ આવી જાય તો દેવસૂર સંઘવાળાને બીજી પર્વતિથિજ માન્ય છે. એ વર્ગ આ અમારી વાત માને છે, છતાંયે બે તિથિ બોલે છે, તે ઠીક નથી. જુઓ હીર પ્રશ્ન બે અગીયારશ હોય તો શું કરવું ? ઉત્તર–ઔદયિકનેજ માનવી. જૈન શાસ્ત્રાધારે બીજી તિથિનેજ ઔદયિકી મનાય છે. જગદ્‌ગુરૂજીએ અહીં બે તિથિ માનવાનું ન લખ્યું. ઔદયિકીનેજ માનવાનું લખ્યું તે પણ તે વર્ગને ખુબ મનન કરવા યોગ્ય છે.

૩ પૂનમ કે અમાસની વૃદ્ધિએ તેરશની વૃદ્ધિ કરવાનુંજ જણાવ્યું છે. જુઓ અમારા શાસ્ત્રીય પ્રમાણો

**"पूर्णिमा वृद्धौ त्रयोदशी वर्द्धनं"**

પૂનમ વધે તો તેરશ વધારવી

**"पूर्णिमामावास्यौ कदापि जैनागमाभिप्रायेण न वर्द्धते परंतु लौकिकशास्त्राभिप्रायेण तु वर्धिता दृश्यते परं असूनृतत्त्वेन तद्विषयो नांगीकृतः"**

"પૂનમ અને અમાસની વૃદ્ધિ જૈનાગમાનુસારે કદાપી થાયજ નહિ પરંતુ લૌકીક શાસ્ત્રાનુસારે વધે છે. તેવું દેખાય છે પણ તે સત્ય ન હોવાથી તે વિષય સ્વીકાર્ય નથી."

**'पूर्णिमाभिवृद्धौ त्रयोदशी वृद्धिर्जायते' (પૃષ્ટ. ૫.)**

**"जम्हा पूर्णिमा खए तेरसीखओ तम्हा पूर्णिमा वुड्ढीएवि तेरसी वुड्ढि जायइ इइ वयणं पुव्वसूरिहिं भणियं"**

જેમ પૂનમના ક્ષયે તેરશનો ક્ષય થાય તેમ પુનમની વૃદ્ધિએ તેરશની વૃદ્ધિ કરવી એવું પૂર્વાચાર્યોએ કહ્યું છે.

**"जइ पुण्णिमावुड्ढि तो आइल्ला अपव्वरूवा अतो तेरसीए तुमं आणियव्वा. तत्थदिणे तेरसी करिज्जा तयनंतर चउदसी पक्खियनव्वं चेइयसाहुवंदणं च पक्खियपडिक्कमणाइसव्वं कुणंतु गीयत्था एवमेव अम्हंपि करेमु इच्चाइ"**

(૧૫૬૩ દેવવાચક પૃષ્ટ. ૬)

ભાવાર્થ:-જો પૂનમ વધે તો અપર્વ રૂપ તેરશ વધારવી, તે પછી ચૌદશ કરવી, પક્ખીતપ, ચૈત્ય અને સાધુવંદન તથા પકિખપ્રતિક્રમણાદિ સર્વક્રિયાઓ તે દિવસે ગીતાર્થો કરે છે અને અમે પણ કરીએ છીએ.

આવીજ રીતે દીપવિજય મહારાજનો પત્ર રૂપવિજય મહારાજનો પત્ર અને ધરણેંદ્ર સૂરિનું ૧૯૩૦નું જાહેરનામું પણ એજ સિદ્ધ કરે છે કે પૂનમની વૃદ્ધિએ તેરશની વૃદ્ધિ કરવી.

જૈનશાસ્ત્રોમાં ચૌદશ અને પૂર્ણિમાનું યુગલ પર્વ માન્યું છે. એ વર્ગની માન્યતા મુજબ તે યુગલ પર્વ બરાબરજ લવાતું નથી જેમકે:—પુનમના ક્ષયે તેઓ ૧૪/૧૫ ભેગાં લખે છે અને એમ કરીને એ વર્ગ એકજ દિવસે ફરજીયાત બે પર્વતિથિનુ બે આરાધન માને છે. એટલે એ વર્ગના મતે ફરજ્યાત બે પર્વ જુદાં નજ રહ્યા. તેવીજ રીતે ૧૫ની વૃદ્ધિ માને તો ઉદય પૂનમ પહેલાં એ વર્ગને ચાદશ નથી રહેતી. તેથી 'ખાસ કરીને ચૌમાસી ચૌદશની પૂનમે તો છટ્ઠ બે ઉપવાસ લાગટ કરવાનું કહ્યું છે" તે એ વર્ગના મતે નહિ બને. જેમકે ટીપ્પણાની ચૌદશનો ઉપવાસ પછી તેમની પહેલી પૂનમે પારણું અને બીજી પુનમે ઉપવાસ. એટલે એ વર્ગને ચૌદશ અને પુનમના બે ઉપવાસનું યુગલ એક સાથે ન રહ્યું. શ્રાવકની પ્રતિમામાં સમસ્ત ચૌદશ પુનમ કે ચૌદશ અમાવાસ્યાએ તો ચોવીહાર છટ્ઠ કરીને બંને દિવસ એક સાથે પૌષધ કરવાનો નિયમ છે. એટલે એ પર્વતિથિઓ સાથેજ રાખવી જોઇએ તે એ વર્ગને રહેતી નથી. ચોમાસાની પૂર્ણિમાની ક્ષય વૃદ્ધિ આવે ત્યારે તેરશની ક્ષય વૃદ્ધિ કરવાની નીચેની પ્રાચીન શાસ્ત્રીય ગાથાને પણ એ વર્ગ અવગણી નહિ શકે.

**आसाढ कत्तिय फग्गुणमासे (जइ) खओ पूनिमा होइ तासं खओ तेरसीए भणिओ जिणवरिंदेहिं जम्हा पुण्णिमां खए तेरसीखओ तम्ह । पुण्णिमा वुड्ढीए वि तेरसी वुड्ढी जायइ इइ पूव्वसूरिहिं भणियं.**

આષાઢ કાર્તિક કે ફાગુણની પૂર્ણિમાનો ક્ષય હોય ત્યારે તેરશનો ક્ષય કરવાનુ જીનેશ્વરોએ કહ્યુ છે. તથા જેમ પૂનમે તેરસનો ક્ષય થાય છે તેમ પૂનમની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિ કરવાનું પૂર્વાચાર્યોએ કહ્યું છે.

આવીજ રીતે દશાશ્રુત ચૂર્ણિમાં પાઠ છે કે યુગાન્ત અષાઢ મહિનાની વૃદ્ધિ થાય છે. એ વૃદ્ધિ માસની પૂર્ણિમાનો અવશ્ય ક્ષય થાય છે, છતાં પૂર્ણિમાથી ૨૦મા દિવસે સાધુ વસતિરૂપ પર્યુષણાની સ્થિરતા કરીને અમે રહ્યા છીએ એમ કહે એવું શાસ્ત્રકાર કહે છે. હવે એ વર્ગની માન્યતા તે વખતે હોત તો ૧૫ નો ક્ષય થયો છે છતાં પૂર્ણિમાથી ૨૦મા દિવસનો પાઠ ન હોત

અર્થાત્ ૧૪-૧૫ મીશ્રતિથિથી 'વસતી' રક્ષાના કથનનો ઉલ્લેખ કરત.. આ ઉપરથી એટલું તો સાફ સાફ સિદ્ધ થાય છે કે ૧૫ના ક્ષયે ૧૪-૧૫ ભેગાં મીશ્ર ન્હોતાંજ મનાતાં, તેમજ પુનમનો ક્ષય પણ નહોતોજ મનાતો, પરંતુ પુનમના ક્ષયે પૂર્વતર તિથિનોજ ક્ષય મનાતો. હવે ઉત્તરાધ્યન, સૂર્યપ્રજ્ઞપ્તિ, જ્યોતિષ કરંડકઆદિમાં અષાઢાદિલૌકિક ઋતુઓને લઈને શ્રાવણાદિમાં અવમરાત્ર (તિથિનો ક્ષય) જણાવાય છે. પરંતુ જૈન રીતિની અપેક્ષાએ શ્રાવણાદિ ઋતુ હોવાથી એકમથી ૬૧ મે ૬૧ મે દિવસે ૬૨મી ૬૨મી તિથિનો ક્ષય થાય, અને શ્રાવણવદિ આસોવદિ આદિમાં અવમરાત્ર આવે છે. આ વસ્તુ ખુબ ધ્યાન રાખીને સમજવા જેવી છે.

યદ્યપિ અતિરાત્ર શબ્દ દેખીને કેટલાકો તેનો તિથિવૃદ્ધ થાય એવો અર્થ કરે છે, પણ શાસ્ત્રકારો તો "અવમરાત્ર" શબ્દની વ્યાખ્યા કરતાં રાત્રીનો અર્થ તિથિ રાખે છે. અને 'અતિરાત્ર'ની જગોપરના 'રાત્રિ' શબ્દનો અર્થ 'અહોરાત્ર' (દિવસ) કરે છે. એટલે કર્મવર્ષ કરતાં ચંદ્ર વર્ષ છ તિથિ. જેટલું ઓછું છે. જ્યારે કર્મવર્ષ કરતાં સૂર્ય વર્ષ છ દિવસ અધિક છે. નહિં કે છ તિથિ. આ શાસ્ત્રીય વચન મુજબ શ્રી દેવસૂર સંઘ ચાલે છે. આ શાસ્ત્રીય વચનોથી વિરુદ્ધ એ વર્ગ પાસેથી કોઈપણ શાસ્ત્રીય પ્રમાણ ઉપલબ્ધ નથી પછી તેમણે નવું શરૂ કરેલું છે એમ કેમ ન કહેવાય?

આવોજ ત્રીજો મુદ્દો કલ્યાણક તિથિનો છે.

એ વર્ગ કલ્યાણ તિથિઓને પર્વતિથિજ માને છે. અહિં અમારો મતભેદ એ છે કે-અમે કલ્યાણ તિથિઓને પર્વતિથિ માનીએ છીએ, પણ ફરજીયાત નહિ. જ્યારે આઠમ-ચૌદશ અને પૂનમ અમાસને ફરજીયાત પર્વતિથિ તરીકે શાસ્ત્રમાં જણાવી છે. આ તિથિઓએ તપ, પૌષધ મુનિવંદન ચૈત્યવંદનાદિકાર્યો ફરજીયાત કરવાનું કહ્યું છે. ન કરે તો પ્રાયશ્ચિત લાગે આમ જણાવ્યું છે. જુઓ તેનો પાઠ.—

**संते बले वीरियपुरिसयारपरक्कमे अट्ठमी चउद्दसी नाणपंचमी पज्जोसवणा चाउमासीए चउत्थट्ठमछट्ठं न करेइ पच्छित्त "मिति महानिशिथे" तथा च अट्ठमीए चउत्थं पक्खिए चउत्थं चाउमासीए छट्ठं संवच्छरिए अट्ठमं न करोति पच्छित्तं "व्यवहार पीठचूर्णौ."**

હવે કલ્યાણક તિથિઓ માટે ફરજીયાત વિધાન તેમજ તે દિવસે તપ આદિ ન કરે તો પ્રાયશ્ચિત વિગેરે છેજ નહિ. ( જુઓ તત્વતરંગિણીગાથા ૩૩ અને તેની ટીકા ) બીજુ કલ્યાણકો તો એક તિથિએ અનેક ભેગાં પણ આવે છે. અને આરાધાય પણ છે. જુઓ આચારોપદેશ ગાથા ૧૩-૧૪ પરંતુ ફરજિયાત પર્વતિથિ એક દિવસ એકથી વધારે મનાય કે આરાધાય તેવા ક્યાંય પણ શાસ્ત્રીય પાઠ નથી તેમજ પરંપરા પણ નથી અને હોય તો એ વર્ગ રજુ કરે.

હવે એ વર્ગે ઉદયતિથિ માન્ય કરવા માટે જે લખ્યું છે તે જુઓ તેમના પેટા ઈસ્યુ ૧-૨-૩

એ વર્ગની માફક અમને ઉદયતિથિ માન્ય છે. પરંતુ ટીપ્પણુની ક્ષય વૃધ્ધિ વખતે **ક્ષયે પૂર્વા** એ અપવાદ છે. યદિ અપવાદ ન હોત તો **ક્ષયે પૂર્વા** નો પ્રઘોષજ ન ચાલતા ક્ષયમાં તો અમે જે અપવાદ માનીએ છીએ તે અપવાદ એ વર્ગને બોલવા પૂરતોજ રહે છે. કારણુ કે પર્વતિથિ-આઠમ આદિના ક્ષયે તેઓ ઉદયવાળી પૂર્વ અપર્વતિથિમાંજ પર્વતિથિ માનીને સંતોષ પામે છે.

અર્થાત્ ક્ષય વખતે તેઓ ઉદયવાળી તિથિ આરાધતાજ નથી.

ક્ષયનો અર્થજ એ છે કે, સૂર્યોદયને ન સ્પર્શતી તિથિ સૂર્યોદય સમયે આઠમ રૂપે નથી. જેમકે પૂર્વની સાતમ આદિએ સૂર્યોદય છે તે દિવસે ચાર ઘડી પછી આઠમ બેઠી અને તે બીજા દિવસના સૂર્યોદય પહેલાં ખતમ થઈ ગઈ. એટલે 'ઉદયતિથિજ માનવી અને બીજી ન માનવી' આ તે વર્ગનો આગ્રહ એ પ્રસંગે તેઓ પણુ નથીજ પાળતા, જો તેઓ પોતાને ક્ષય પ્રસંગે પણુ ઉદય આગ્રહને વળગવામાં સાચાજ મનાવતો હોય તો તેમણે ક્ષીણુ પર્વતિથિના આરાધનના લોપક માનાવવામાં સંકોચ માન્યો ન ગણાય. કારણુ કે પર્વતિથિના ક્ષય વખતે એ વર્ગને એમનાજ મતે આરાધવા યોગ્યતો પૂર્વની ઉદય યુક્ત અપર્વતિથિજ રહે છે. આવુંજ વૃદ્ધિમાં પણુ તે વર્ગને દોષારોપણુ થાય છે. ટીપ્પણુમાં બે પૂનમ છે. બે દિવસ સૂર્યોદયને સ્પર્શનારી એવી વૃદ્ધિતિથિ છે. પહેલે દિવસે-સોમવારે પૂનમ સૂર્યોદયને સ્પર્શી છે. મંગળવારે પણુ સ્પર્શી છે. તો તેમને બેય દિવસ પર્વ સમાન માનવા જોઈએ. ત્યારે **'वृद्धौ उत्तरा'** નો નિયમ-'અપવાદસૂત્ર' તેઓને પણુ પ્રથમા ઉદયતિથિને અવગણીને અમારી માફકજ લગાડવું પડે છે. એટલા માટે અમે કહ્યું છે કે 'ઉદયતિથિજ માનવી' એવું એકાંતે કથન તે વર્ગને પણુ માન્ય નથીજ. અને અમને તો આગ્રહજ નથી. અર્થાત્ એ ઉદયની વાત તો વૃદ્ધિ હાનિ સિવાય માન્યજ છે.

**અમે દેવસૂરગચ્છની માન્યતા, અને એ વર્ગના મન્તવ્યનો ભેદ અને તેમનો જૈનશાસ્ત્રો સાથે વિરોધ પણુ દર્શાવ્યો છે. હવે અજૈનો સાથે પણુ તેમને વિરોધ આવે છે. જુઓ બે હજારની સાલનું ચંડાશુચંડુ પંચાગ, કે જેને એ વર્ગ પૂર્ણ વિશ્વાસથી માને છે. તેમાં ફાગણ (હિન્દિ) વદિ ૦)) નો ક્ષય છે. હવે તેમાં ક્ષીણુ અમાસ પૂણ્યતિથિ છે, એમ જણાવ્યું છે; અને ચૌદશે શિવરાત્રિ આવે છે. ત્યારે આ ટીપણુાના કોઠામાં લખ્યું છે કે-તેરશે 'શિવરાત્રી'-ચૌદશે 'અમા-પૂણ્યમ્' અને અમાસનો ક્ષય એટલે ૦૦૦૦૦ મીંડા લખાયાં છે. એટલે આ દ્રષ્ટિએ પણુ અમારો શાસ્ત્રીય પક્ષ સાચોજ છે. અર્થાત્ દેવસૂરતપાગચ્છની આચરણાની માફક ટીપ્પણુકારે પણુ અમાસના ક્ષયે તેરશનોજ ક્ષય માન્યો છે. બીજું ફાગણ સુદિ પૂર્ણિમાનો ક્ષય આવે ત્યારે ચૌદશેજ હોળી મનાય છે, વૈશાખ સુદિ ત્રીજનો ક્ષય આવે ત્યારે બીજને દિવસેજ અખાત્રીજ મનાય છે. આસો સુદિ દશમનો ક્ષય હોય છે ત્યારે વિજ્યાદશમી નવમીએજ લખાય છે. લૌકીક ટીપ્પણનાં આ પ્રમાણો પણુ અમારા પક્ષનાંજ સાધક છે.**

તે વર્ગે આપેલા પાઠો ભ્રમ ઉપજાવનારા હોવાથી તે પાઠો, તેના શુદ્ધ અર્થો, નવા વર્ગે કરેલ તે પાઠોના ભ્રામક અર્થો, અને તે ભ્રમનો નાશ કરનારા ખુલાસાવાર અર્થ. એમ એકેક પાઠ ત્રણ ત્રણ (अ-ब-क) વસ્તુ સુજ્ઞોને સત્યમાર્ગ સમજાવવા હવે રજુ કરાય છે.

એ વર્ગે પોતાના સ્પષ્ટીકરણમાં અવળી રીતે રજુ કરેલ

પાઠ ૧-अ

तिथिश्चप्रातः प्रत्यख्यान वेलायां यास्थात् सा प्रमाणं। सूर्योदयानुसारेणैव लोकेऽपि दिवसादिव्यवहारात्। आहुरपि –

"चाउम्मासिअवरिसे, पक्खीअपंचट्ठमीसुना यव्वा। ताओ तिहिओ जासिं, उदेइ सूरो न अण्णाओ ॥१॥

पूआ पच्चक्खाणं पडिक्कमणं तहय नियममहणं च। जीए उदेइ सूरो, तीइ तिहीए उ कायव्वं ॥२॥
"उदयंमि जा तिहि, सा पमाणमिअरीइ कीरमाणीए। आणाभंगणवत्था-मिच्छत्त विराहणं पावे" ॥३॥
[पाराशरस्मृत्यादावपि–

"आदित्योदयवेळायां या स्तोकापि तिथिर्भवेत्। सा संपूर्णेति मन्तव्या प्रभूता नोदयं विना ॥१॥

उमास्वाति वचः (वाचक) प्रघोषश्चैवं श्रूयते "क्षये पूर्वा तिथिःकार्या वृद्धौ कार्या तथोत्तरा। श्री वीरज्ञाननिर्वाणं, कार्यं लोकनुगैरिह ।१। ]
(श्राध्धविधि पृ० १५२)

એ વર્ગે રજુ કરેલ પાઠનો અર્થ તેઓએ આપ્યો નથી. તેથી એ વર્ગે રજુ કરેલ પાઠનો શુદ્ધ અર્થ અમો આપીએ છીએ.

પાઠ ૧નો અર્થ ब

તિથિ તો સવારે પચ્ચક્ખાણની વખતે જે હોય તે પ્રમાણે સૂર્યોદયના અનુસારેજ લોકમાં પણ દિવસ વગેરેનો વ્યવહાર થાય છે, માટે (સવારે પચ્ચક્ખાણની વખતે જે તિથિ હોય તેજ પ્રમાણ ગણાય) (પૂર્વાચાર્યોએ) કહેલું છે કે–

ચોમાસી વાર્ષિક (સંવત્સરી) પક્ખી, પંચમી અને અષ્ટમીમાં તે તિથિઓ જાણવી કે જેમાં સૂર્યનો ઉદય હોય, અન્ય નહિં. પૂજા પચ્ચક્ખાણ પ્રતિક્રમણ અને નિયમગ્રહણ તે તિથિમાં કરવું કે જેમાં સૂર્ય ઉદય પામે. (૨)

ઉદયની વખતે જે તિથિ હોય તેજ પ્રમાણ કરવી, બીજી કરવામાં આવે તો આજ્ઞાભંગ અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના પામે. (૩)

[ પારાશર સ્મૃતિ વિગેરેમાં પણ (કહ્યું છે કે) "સૂર્યના ઉદયની વખતે જે થોડી પણ તિથિ હોય તે સંપૂર્ણ છે એમ માનવી. ઘણી પણ ઉદય વિનાની ન માનવી. (૧)

ઉમાસ્વાતિજી (વાચક)નો પ્રઘોષ પણ આ પ્રમાણે સંભળાય છે કે—

ક્ષય હોય ત્યારે પૂર્વની તિથિ કરવી અને વૃદ્ધિ હોય ત્યારે બીજી તિથિને પ્રમાણ કરવી અને શ્રી વીર મહારાજાનું જ્ઞાન નિર્વાણ તો લોકોને અનુસરીને અહિં (શાસનમાં) કરવું. (૧) ]

એ વર્ગના પાઠના અર્થનું શુદ્ધ સ્પષ્ટીકરણ

**પાઠ ૧નુ ૨૫૦ क**

અષ્ટમી ચતુર્દશી વિગેરે તિથિઓમાં પૌષધ આહિકનો નિયમ કરેલો હોવાથી તિથિની સંજ્ઞા કરવા માટે આ ગ્રન્થ છે.

સવારે (નહિ કે સાંજે) પચ્ચક્ખાણની વખતે (ઉગ્ગએસૂરે વિગેરે કહેવાય છે તે માટે) જે તિથિ હોય તે તિથિ પ્રમાણ કરવી. ('પૂર્વાહ્ન' અપરાહ્ન વિગેરે વખતે તે તિથિ ન હોય અગર બીજી તિથિ ભોગમાં કે સમાપ્તિમાં હોય તો પણ તે પ્રમાણ ન ગણતાં ઉદયને ફરસનારીજ તિથિ પ્રમાણ કરવી.) એટલે ચોવીસે કલાક એજ તિથિ માનવી. (ચોવીસે કલાક એ તિથિ માનવા માટે અગર બીજી સવારના પચ્ચક્ખાણ કે સૂર્યોદય સુધી તે તિથિ રાખવા માટે જણાવે છે કે–)–લોકોમાં પણ સૂર્યોદયને અનુસારેજ (સૂર્યોદય વખતેજ તિથિ હોય તે તિથિના નામેજ( દિવસ વગેરેનો વ્યવહાર થાય છે; ( આખો દિવસ અને રાત લોક પણ તેજ તિથિ ગણે છે કે–જે સૂર્યોદય વખતે હોય ) એથી સવારે પચ્ચક્ખાણની વખતે જે તિથિ હોય તેજ તિથિ ચોવીસે કલાક માનવી, અર્થાત્ પૂર્વાહ્ન વ્યાપી' વિગેરે કે ભોગસમાપ્તિ વિગેરેથી તિથિનો વ્યવહાર કરવોજ નહિ.

( આ પાઠને સમજનારો મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકે તેમ છે કે–એ વર્ગ સાતમના ઉદયમાં આઠમ, તેરશના ઉદયમાં ચૌદશ અને ચૌદશના ઉદયમાં પૂનમ કે અમાવાસ્યા, વિગેરે કરે છે, તે આ પાઠથી વિરૂદ્ધજ છે કેમકે આ પાઠ ચોવીસે કલાકની એકજ સંજ્ઞા રાખવાનું કહી માત્ર પ્રાતઃ પ્રત્યાખ્યાન કે સૂર્યોદયના વખતથીજ તિથિની શરૂઆત થવાનું જણાવે છે.)

(જેવી રીતે તિથિનું લક્ષણ અત્રે ગ્રંથકાર અને લોકોએ કહ્યું છે તેવી રીતે પૂર્વાચાર્યોએ પણ કહ્યું છે કે) –ચોમાસી સંવત્સરી પક્ખી પંચમી અને અષ્ટમી (ની આરાધના) ને તેજ તિથિએ લેવી કે જેમાં સૂર્યનો ઉદય હોય, બીજી તિથિએ લેવી નહિ (૧)

પૂજા–પચ્ચક્ખાણ–પ્રતિક્રમણ તેમજ નિયમનુ ગ્રહણ તેજ તિથિઓમાં કરવું કે જેમાં સૂર્યનો ઉદય હોય (૨)

ઉદયની વખતે જે તિથિ હોય તેજ–(ચોવીસે કલાક) પ્રમાણ ગણવી (કહેવી અને માનવી) બીજી (પૂર્વાહ્નવ્યાપ્તિઆદિવાળી) કહેવા કે માનવામાં આવે તો આજ્ઞાનો ભંગ અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના પમાય (૩)

(આ સર્વ અધિકારથી સાતમ–તેરશ કે ચૌદશની ભેળા–આઠમ–ચૌદશ કે પૂનમ અમાવાસ્યા માનનારાઓ આજ્ઞાભંગ અનવસ્થા મિથ્યાત્વ અને વિરાધનાને પામનારા ગણાય.

(આ સર્વ અધિકારથી સાતમ–તેરશ કે ચૌદશની ભેળા આઠમ ચૌદશ કે પૂનમ–અમાવાસ્યા માનનારાઓ આજ્ઞાભંગ અનવસ્થા મિથ્યાત્વ અને વિરાધનાને પામનારા ગણાય.

આથી ૭×૧૨૩૪ એ ભેળામાનનાર એ વર્ગને આ પાઠથી, આજ્ઞાભંગ વિગેરે પામનારા ગણાય) [એ વર્ગે આ પાઠ સંપૂર્ણ આપ્યો નથી અને સંપૂર્ણ પાઠ આપ્યા વગર તિથિનો અધિકાર પૂરો થતો પણ નથી. અને પૂરા અધિકાર વગર પાઠના એક ખંડની સાક્ષી આપવી તે સત્ય નિર્ણયની ઇચ્છા-વાળાને શોભતું ગણાય નહિ.

આખા પ્રકરણને સમજ્યા વગર કોઇપણ મનુષ્ય તેની યથાસ્થિત સાધક બાધકતા સમજી શકે નહિ. માટે અત્રે તે 'શ્રાદ્ધવિધિ'નો ઉત્સર્ગ અને અપવાદ બન્ને જણાવવાવાળો આખો પાઠ અને તેનો યથાર્થ અર્થ પણ આપ્યો છે.)

પારાશર સ્મૃતિ વિગેરેમાં પણ (કહ્યું છે કે) સૂર્યના ઉદયની વખતે થોડી પણ જે તિથિ હોય તે આખી છે, એમ માનવું (કારણ કે) ઉદય વિનાની ઘણી હોય તોપણ તે આખી મનાય નહિ. (આ પાઠ પણ સૂર્યના ઉદયની વખતની તિથિને ચોવીસે કલાક એટલે 'સંપૂર્ણ' તિથિ' માનવાનું કહે છે તેથી 'સાતમ આઠમ ભેળા' વિગેરે કહેનાર શાસ્ત્રથી વિરૂદ્ધ કરે છે. (ઉપર સૂર્યોદયના અનુસારેજ ચોવીસે કલાક પર્વ તિથિ માનવાનું જણાવ્યું તે પર્વતિથિના ક્ષયની વખતે અસંભવિત છે, અને ટીપણામાં આવતી પર્વતિ-થિની વૃદ્ધિ વખતે અતિ પ્રસક્ત છે, કેમકે ક્ષયની વખતે સૂર્યોદયવાળી તિથિ મળે નહિ, અને વૃદ્ધિની વખતે બે સૂર્યોદયવાળી પર્વતિથિ મળે. અર્થાત્ તેવી વખતે એટલે પર્વતિથિની હાનિ વૃદ્ધિ વખતે આ લક્ષણ વ્યર્થ થાય છે.

ચાલુ ચર્ચા પર્વતિથિની હાનિ વૃદ્ધિ વખતે કઇ તિથિ કહેવી અને માનવી એ વિષયની હોવાથી તે હાનિ-વૃદ્ધિના વિષયમાં અપોદિત (બાધિત) થયેલા ગ્રન્થને આગળ કરવો, ને તે તેજ ઠેકાણે રહેલા હાનિ વૃદ્ધિના પ્રસંગોમાં ઉપયોગી પાઠને જતો કરવો એ કેવી સમજણનું કાર્ય ગણાય ?

શ્રી ઉમાસ્વાતિ વાચકનો પ્રઘોષ આવી રીતે (પર્વતિથિની હાનિ-વૃદ્ધિ વખતે ઉપયોગી થનારો) સંભળાય છે.

(પર્વતિથિના) ક્ષયની વખતે (પર્વતિથિપણે) પહેલાની તિથિ કરવી. (તથા) તિથિની વૃદ્ધિ વખતે (પર્વતિથિપણે) બીજી તિથિ કરવી અને શ્રી મહાવીર મહારાજના જ્ઞાન નિર્વાણનો મહો-ત્સવ તો લોકોને અનુસરીને અહિં જૈન શાસનમાં કરવો.

(આવી રીતે પર્વતિથિના હાનિ-વૃદ્ધિ પ્રસં-ગમાં વિધાયક અને નિયામક તરીકે આપેલો આ **'ક્ષયે પૂર્વા'**નો પ્રઘોષ એ વર્ગ તરફથી કેમ આપવામાં આવ્યો નહિ ? તેનું કારણ વાચક વર્ગ તો સ્હેજે સમજી શકે. કારણ કે આ સમર્થ વિધાન નથી. પર્વતિથિની હાનિ વખતે સપ્તમી આદિનેજ પર્વતિથિ એટલે અષ્ટમી આદિ કહેવી પડે, અને આરાધવી પડે. તેમજ પર્વતિથિની વૃદ્ધિની વખતે બીજા દિવસની તિથિનેજ પર્વતિથિ તરીકે કહેવી અને માનવી પડે. એટલે માત્ર આ અર્ધાશ્લોકનોજ અર્થ વિચારવાથી એ વર્ગની આખી માન્યતાની ઈમારત જમીનદોસ્ત થઇ જાય છે. અને તેથીજ એ વર્ગે પોતાના મુદ્દાના નિરૂ-પણમાં અપ્રકૃત અને અપૂર્ણ પાઠ આપીને ભરમાવવાનો પ્રયત્ન કર્યો છે.)

એ વર્ગે પોતાના સ્પષ્ટીકરણમાં આવી રીતે રજુ કરેલ

પાઠ–૨ अ

**अथैवमङ्गीकृत्यापि कश्चिद् भ्रान्त्या स्वमतिमान्द्याद्वाष्टम्यादितिथिक्षये सप्तम्यादिरुपा प्राचीना तिथिः चतुर्दशीक्षये चोत्तरा पञ्चदशीप्राह्येत्येवंरुपमर्धजरतीयन्यायमनुसरति तमेवाधिकृत्योत्तरार्द्धमाह] 'हीनमपि'** क्षीणमपि पाक्षिकं–**चतुर्दशीलक्षणं पूर्णिमायां प्रमाणं न कार्यं तत्र तद्भोगगन्धस्याप्यसंभवात्,**

**(श्री तत्वतरंगिणी. पृष्ट–३)**

એ વર્ગે પાઠનો અર્થ આપ્યો નથી તેથી એ વર્ગે રજુ કરેલ પાઠનો શુદ્ધ અર્થ **જ** અમો આપીએ છીએ.

પાઠ ૨નો અર્થ

[ હવે (પર્વાતથિના ક્ષયે પહેલાંની તિથિને પર્વતિથિ કરવી.) એમ અંગીકાર કરીને પણ **કોઈક ભ્રમથી** કે પોતાની બુદ્ધિમંદતાથી આઠમ આદિના ક્ષયે તો સાતમઆદિને આઠમઆદિ રૂપે બનાવે છે. પરંતુ ચૌદશના ક્ષયની વખતે પક્ખી તરીકે પૂનમ લેવી; એમ કહીને અર્ધજરતીય ન્યાયને અનુસરે છે. તેવાને આશ્રીને ઉત્તરાર્ધ કહે છેઃ–'ક્ષય પામેલી પણ] ક્ષય પામેલી પણ પાક્ષિક (ચતુર્દશી) પૂનમને દિવસે કરવી તે પ્રમાણિક નથી. ત્યાં (પૂનમના દિવસે) તે (ચૌદશ)ના ભોગની ગન્થનો પણ અસંભવ હોવાથી.

એ વર્ગના પાઠના અર્થનું શુદ્ધ સ્પષ્ટીકરણ

પાઠ–૨ क

ખરતરગચ્છવાળાઓના પૂર્વપુરૂષોએ ચૌદશના ક્ષયે તેરશના દિવસે ચૌદશ કરવાનું **"जया य पक्खियाइ पव्वतिही पडइ तया पूव्वतिहि चेव तब्भुत्तिबहुला पच्चक्खाण पुयाइसु धिप्पइ न उत्तरा"**

વિધિ પ્રપા મુદ્રિત પૃષ્ઠ–૧૪માં તેના ભોગની બહુલતાના હેતુથી જણાવેલ છતાં તે અરસાના ખરતરો ચૌદશના ક્ષયે તેરશે પક્ખી નહીં કરતાં પૂનમે પક્ખી કરતા હતા તેને અંગે તત્વતરંગિણીનો આ પાઠ છે.

આ પાઠ ખરતરોને અંગે કહેલો હોવાથી અને વર્તમાન ચર્ચા તો 'ચુંડાશુચંડુ'માં પર્વ કે પર્વાનન્તર પર્વતિથિની હાનિ વૃદ્ધિ વખતે કયારે કઈ તિથિ કહેવી અને કરવી' એ સબંધી હોવાથી એ વર્ગે આપેલ આ પાઠ કોઈપણ પ્રકારે ચાલુ ચર્ચાને ફરસતો નથી.

શ્રી તપાગચ્છવાળાઓ પર્વાનન્તર પર્વની ક્ષય વૃદ્ધિની વખતે પર્વના પરિસંખ્યાનનું રક્ષણ કરવા માટે **'क्षये पूर्वा०'**ના પ્રઘોષને પુનઃપ્રવૃત કરે છે, અને તેથી પૂનમ અમાવાસ્યાના ક્ષયે કે વૃદ્ધિએ તેરશના ક્ષયવૃદ્ધિ કરે છે, એ સામાચારીને આ પાઠથી અંશે પણ બાધ થતો નથી.

આ પાઠ તો **'क्षये पूर्वा०'**ના પ્રઘોષને ચૌદશના ક્ષયની વખતે ન માને, અને અષ્ટમી આદિના ક્ષયની વખતે માને, તેવા અર્ધજરતીય ન્યાયવાળા ખરતરોને શિખામણ માટેજ છે. અને તેથીજ આ પાઠની શરૂઆતમાં ગ્રન્થકારે (**"अथै ........हीनमपि०"**) અવતરણ આપેલું છે. જે અવતરણને સંબોધિત કર્યા વિના પાઠને રજુ કરવો વ્યાજબી નથી.

આથી સ્પષ્ટ થાય છે કે એ વર્ગ અન્ય અધિકારની અન્ય વાતોને કહેવામાં પોતાની સાર્થકતા ગણે છે. જ્યારે શ્રી દેવસૂરતપાગચ્છ સામાચારીમાંતો કોઈપણ અર્ધજરતીય ન્યાયને અનુસરી ક્ષયવૃદ્ધિ કરતુંજ નથી,

આ પાઠ કોઈપણ પ્રકારે ચાલુ ચર્ચાને (કે-જે શ્રી દેવસૂર તપાગચ્છની સામાચારીને અંગે છે, ને જેઓ અર્ધજરતીય ન્યાયને અનુસરતાજ નથી તેને) અંગે લખી શકાયજ નહિં.

આ પાઠતો નવા વર્ગના મંતવ્યને પોષનાર તો કોઇપણ પ્રકારે છેજ નહિ, પરંતુ ઉલટું આ પાઠનું ("अथै......हिनमपि०") અવતરણજ અષ્ટમી આદિના ક્ષયની વખતે સપ્તમીને અષ્ટમી આદિ રૂપેજ બનાવવાનું જણાવે છે એટલે એ નવા વર્ગને તો "બકરી કાઢતાં ઉંટ પેઠું" જેવુંજ થાય છે.

("अथै.........हीनमपि०")પાઠ કે જે-'**क्षीणमपि०**' વાતના અવતરણરૂપ હોઇને ચૌદશના ક્ષયે તેરશનેજ ચૌદશ કહેવાનું અને કરવાનું નિશ્ચયે સમજાવનાર છે. છતાં જાણી જોઈનેજ એ વર્ગ તરફથી એ પાઠ અત્ર સવિસ્તર આપવામાં આવ્યો નથી. અને તેથીજ અત્ર અવતરણ વગર અધુરીજ પંક્તિ એ વર્ગ તરફથી આપવામાં આવી છે.

એ વર્ગે પોતાના સ્પષ્ટીકરણમાં અવળી

રીતે રજુ કરેલ **પાઠ ૩-अ**

**चतुर्दशीपौर्णमासी चेत्युभे अप्याराध्यत्वेन सम्मते स्तस्तद्यदि भवदुक्तरीतिराश्रीयते तर्हि पौर्णमास्येवाराधिता, चतुर्दश्यांश्चाराधनं दत्ताजलीव भवेत्, [यदि च तत्क्षये तदाराधनं व्यतीतमेत्र तर्हि सुहृद्भावेन पृच्छामि-किं किमप्यष्टम्या रहोवृत्या समर्पितं, यन्नष्टाऽप्यष्टमी परावृत्याभिमन्यते, पाक्षिकेण च किमपराद्धं ? यत्तस्य नामापि न सह्यते इति,]**

(તત્વતરંગિણી પૃષ્ઠ ૫)

એ વર્ગે રજુ કરેલ પાઠનો અર્થ આપ્યો નથી

તેથી એ વર્ગે રજુ કરેલ પાઠનો શુદ્ધ

અર્થ અમો આપીએ છીએ.

**પાઠ ૩નો અર્થ व**

જો ચૌદશ અને પૂનમ બન્નેય (ફરજીયાત પર્વતિથિ રૂપ) આરાધ્યપણે સમ્મત છે તો પછી જો તમે કહેલી (ખરતરો ચૌદશના ક્ષયની વખતે પૂનમને દિવસે ચૌદશ કરે છે તે) રીતિ લેવામાં આવે તો (તે દિવસની તિથિ પૂનમ તરીકે માનીને આરાધી છે માટે) પૂનમની તિથિનુંજ આરાધન થયું, પરંતુ ચૌદશના આરાધનને તો (ચૌદશની સમગ્રક્રિયા ખરતરો તે દહાડે કરે છે પરંતુ તે દિવસની 'ચૌદશ' સંજ્ઞા નથી રાખતા માટે શાસ્ત્રકાર કહે છે કે) અંજલી દીધા જેવુંજ થાય [જો તે (ચૌદશ) નો ક્ષય હોવાથી તે (ચૌદશ)નું આરાધન ક્ષય પામ્યું (એમ કહો) તો હું મિત્રભાવે પુછું છું કે-શું અષ્ટમીએ તમને ખાનગીમાં કંઇક આપ્યું છે ? કે જેથી (ટીપણામાં) ક્ષય પામેલી પણ આઠમને પલટાવીને (સાતમ ઉદયવાળી છે તેને ખસેડીને પણ અષ્ટમી તરીકે) માનવામાં આવે છે ? (અને જો એમ ફેરવીને પણ જો માનોજ છો) તો પછી પાક્ષિકે (ચૌદશે) શો અપરાધ કર્યો છે કે જેથી તેનું નામ પણ સહન કરાતુ નથી ?]

એ વર્ગના પાઠનું શુદ્ધ સ્પષ્ટીકરણ

પાઠ ૩ क

આ પાઠ ચૌદશને પૂનમ બન્નેને સ્વતંત્ર ફરજીઆત પર્વતિથિ માનવાનું જણાવે છે તેથી નવોવર્ગ અમાવાસ્યાને, પૂર્ણિમાના ક્ષયની વખતે 'ચૌદશ ને પૂનમ' કે 'ચૌદશ ને અમાવાસ્યાને ભેળા માનવાનું કહે છે તે ખોટું ઠરે છે.'

આ પાઠ તે તે પર્વતિથિના નામે આરાધના કરવામાં પણ આવે તો પણ જો તે દિવસને તે પર્વતિથિ તરીકે ગણવામાં ન આવે તો તે તિથિની તે દિવસે આરાધના કહેલી હોય તો પણ તે આરાધના તે તિથિની ગણાય નહિ, એમ સ્પષ્ટ કરે છે, કેમકે ખરતરો ચૌદશના ક્ષયની વખતે પૂનમને દિવસે ચૌદશની સંપૂર્ણ આરાધના કરે છે, છતાં શાસ્ત્રકારે માત્ર તે દિવસે ચૌદશ ન માની પણ પૂનમજ માની અને તેથી ચૌદશના આરાધનને જલાંજલિ દીધાનું જણાવ્યું.

આ ઉપરથી નવોવર્ગ અષ્ટમી ચતુર્દશી આદિના ક્ષયે સાતમ-તેરશ વિગેરેને દિવસે સાતમ-તેરશ વિગરે તિથિ માને અને તેમાં આઠમ-ચૌદશ વિગેરેનું આરાધન પણ કરે તો પણ તે તિથિના આરાધનને તેણે જલાંજલી દીધી કહેવાય. એટલે આ પાઠ તેઓને કોઇપણ પ્રકારે પોષક તો નથી, પરંતુ બળાત્કારે સાતમ અને તેરશ આદિને 'સાતમ તેરશની સંજ્ઞા ખસેડી અષ્ટમી ચતુર્દશી આદિની સંજ્ઞા રાખી' અષ્ટમી અને ચૌદશ આદિ પર્વતિથિપણે મનાવનાર છે. અને એજ પ્રમાણે શ્રી દેવસૂર સંઘની સમાચારી ચાલે છે.

વળી આશ્ચર્ય તો એ છે કે એક દિવસે બે તિથિની આરાધના તે વખતે પણ ખરતર ગચ્છવાળાઓ કે તપગચ્છવાળાઓ કોઇપણ કરતુંજ ન હોતું. અને તેથીજ અંજલિ દેવાનું અનિષ્ટાપાદન શાસ્ત્રકારે જે પાઠથી કર્યું તે પાઠથીજ આ વર્ગ એક દિવસે બે તિથિના આરાધનને ઇષ્ટાપાદન માનવા તલસે છે.

પાઠ ૩ क

આ જગો પર એ વાત પણ નક્કી થાય છે કે નતો એક દિવસે બે પર્વતિથિ મનાય અને નતો એક દિવસે ફરજીઆત બે પર્વતિથિનું આરાધન થાય.

આવી ચોખ્ખી વાત છતાં નવાવર્ગને 'જોયા છતાં' સૂઝતી નથી તેનું કારણ વિચક્ષણોજ સમજી શકે.

આ આપેલા પાઠની પાછળ આગળનો જે પાઠ કે જે પાઠ એ વર્ગના મંતવ્યનો વિઘાતક હોવાથી તેઓએ જાણી જોઇને છોડી દીધો છે. તે કોઇપણ પ્રકારે સજ્જનતાને અનુસરતું ગણાય નહિ. કેમકે આ વચલી લાઇનો છોડીને આગળનો પાઠ પોતે વિસ્તારથી આપે છે એટલે સજ્જનોને સ્પષ્ટપણે કહેવું પડશે કે આ [यदि इति] પાઠ તે વર્ગે ખોટી દાનતથીજ છોડેલો છે.

આ પાઠ શ્રી દેવસૂર સંઘની સમાચારીનુંજ પોષણ કરે છે. અને તે પર્વતિથિના ક્ષયની વખતે પહેલાની અપર્વતિથિને પલટાવીને પણ પર્વતિથિની સંજ્ઞા આપવાનું ખરતર ગચ્છવાળા અને તપાગચ્છવાળા બન્ને કરતા હતા એમ

સ્પષ્ટ જણાવે છે. છતાં નવોવર્ગ સાતમને દિવસે સાતમ માનીને અર્થાત્ અષ્ટમીનો ક્ષય માનીને માત્ર આરાધના કરવાનુંજ જણાવે છે, એટલે આ નવો વર્ગ જેમ શ્રી દેવસૂર સંઘથી ઉલટો થયો છે તેમ શાસ્ત્રથી ઉલટો જવા સાથે ખરતરગચ્છ અને શ્રી તપાગચ્છ બન્નેથી ઉલટોજ ગયો છે.

વળી ગ્રન્થકાર બીજી જે હકીકત કહે છે, તે પણ ખરેખર વિચારવા જેવી છે. તે હકીકત એ છે કે-ખરતર ગચ્છવાળાઓ ચૌદશના ક્ષયની વખતે પૂનમને દિવસે ચૌદશની સંપૂર્ણ આરાધના કરે છે. માત્ર ચૌદશનું નામ નથી લેતા પરંતુ પૂનમનું નામ લ્યે છે.

એટલા માત્રથીજ શાસ્ત્રકાર પાક્ષિક એટલે ચૌદશના નામને નહિ સહન થવાનો પ્રશ્ન કરે છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે-જેઓ તે તે પર્વતિથિનું નામ તે તે દિવસને આપ્યા સિવાય તે તે પર્વતિથિનું આરાધન કરે તોપણ તે તે પર્વતિથિના નામને ખરતરગચ્છવાળાની માફક નહિ સહન કરનારજ બને, એટલે એ વાત હવે છુપી નથી રહી, કે-અષ્ટમી ચતુર્દશીના ક્ષયે સાતમ-તેરશ ને આઠમ-ચૌદશ માન્યા સિવાય તે દિવસે આઠમ અને ચૌદશની આરાધના કરનારાઓ આઠમ અને ચૌદશના નામને નહિ સહન કરનારાઓજ છે. એટલે ખરતરગચ્છવાળાઓ તો એકલા પાક્ષિકના નામને નહિ સહન કરનારા છે, ત્યારે આ નવો વર્ગ તેવા પ્રસંગે દરેક તિથિના નામને નહિ સહન કરનારાજ છે.

આથી સજ્જનો સ્પષ્ટ સમજી શકશે કે ખરતરો ચૌદશના નામના જેમ ઈર્ષાળુ છે તેવી રીતે આ નવો પંથ બધી પર્વતિથિઓના નામના ઈર્ષાળુ છે.

પાઠ-નં ૪. अ

नन्वेवं पौर्णमासीक्षये भवतामपि का गतिरिति चेत्, अहो विचारचातुरी, यतस्तत्र चतुर्दश्यां द्वयोरपि विद्यमानत्वेन तस्या अप्याराधनं जातमेवेति जानताऽपि पुनर्नोद्यते । न च तत्रारोपिता सती पूर्णिमाऽऽराध्यते, यतस्त्रुटितत्वेन चतुर्दश्यां पौर्णिमास्या वास्तव्येव स्थितिः, युक्तिस्तु तत्रोक्ता वक्ष्यते च क्षीणतिथिवृद्धितिथिविचारण-लक्षणावसरे इति । भवता तु त्रुटितचतुर्दशीपूर्णिमायां बुद्ध्याऽऽरोप्याऽऽराध्यते, तस्यां तद्भोगगन्धाभावेऽपि तत्त्वेन स्वीक्रियमाणत्वात्, आरोपस्तु मिथ्याज्ञानं, यदुक्तं प्रमाणनयतत्वालोकालङ्कारे श्री देवाचार्यपादैः—'अतस्मिंस्तदध्यवसायः समारोपो, यथा शुक्तिकायामिदं रजत' मिति । किंच क्षीणपाक्षिकानुष्ठानं पौर्णमास्यामनुष्ठीयमानं किं पञ्चदश्यनुष्ठानं पाक्षिकानुष्ठानं वा व्यपदिश्यते ? आद्ये पाक्षिकानुष्ठानविलोपापत्तिः, द्वितीये स्पष्टमेव मृषाभाषणं, पञ्चदश्या एव चतुर्दशीत्वेन व्यपदिश्यमानत्वात्, नच क्षीणे पाक्षिके भयोदश्यां चतुर्दशीज्ञानमारोपरूपं भविष्यतीति वाच्यं, तत्रारोपलक्षणस्यासंभवात्, नहि घटपटवति भूतले घटपटौ स्त इति ज्ञानं कनकमयकुंडले (वा) कनकरत्नज्ञानं भ्रान्तं (वा) भवितुमर्हति, एवमेकस्मिन्नेव रव्यादिवारलक्षणे वासरे द्वयोरपि तिथ्योः समातत्वेन विद्यमानत्वात् कौतस्कुत्यमारोपज्ञानम् ?, अत एवात्रैव प्रकरणे 'संपुण्णत्ति अ काउ' मिति गाथायां या तिथिर्यस्मिन्नेवादित्यादिवारलक्षणे दिने समाप्यते स दिनस्तत्तिथित्वेन स्वीकार्य इत्याद्यर्थे संमोहो न कार्य इति । अथानन्तर्यस्थिताम् द्वित्रादिकल्याणकतिथिषु किमेवमेवाङ्गीक्रियते

इति चेत् अहो वैदग्ध्यं भवतः,यतः, स्वविनाशाय स्वशस्त्रमुपेजीकृत्यास्मत्करकुशेशये न्यस्यते, यतो ह्यस्माकमप्रेतनकल्याणकतिथिपाते प्राचीनकल्याणकतिथौ द्वयोरपि विद्यमानत्वादिष्टापत्तिरेवोत्तरं, भवता तु प्राचीनाया उत्तरस्याश्च तिथिपाते उभयत्राप्याकाशमेवावलोकनीयमुभयपाशादिति, ननु कथं तर्हिनंतरदिने भविष्यद्वर्षकल्याकतिथिदिने च पृथक् तपः समाचर्यते इति चेत्, उच्यते, कल्याणकाराधको हि प्रायस्तपोविशेषकरणाभिग्रही भवति, स च द्विधा निरन्तरतपश्चिकीर्षुः सान्तरतपश्चिकीर्षुश्च, तत्राद्य एकस्मिन् दिने द्वयोरपि कल्याणकतिथ्योर्विद्यमानत्वेन तदाराधकोऽपि सन्ननंतरोत्तरदिनमादायैव तपः पूरको भवति, नान्यथा, यथा पूर्णिमापाते पाक्षिकचातुर्मासिकषष्ठतपोऽभिग्रहीति, द्वितीयस्तु भविष्यद्वर्षतत्कल्याणकतिथियुक्तदिनमादायैवेति नात्र शङ्कावकाश इति, युक्तिरिक्तत्वात्, न च स्वसूचित्वमेव शङ्काज्वरनाशौषधीति गाथार्थः— ॥५॥

(श्री तत्वतरंगिणी मुद्रित पृ. ५)

એ વર્ગે રજુ કરેલ પાઠનો અર્થ તેઓએ આપ્યો નથી તેથી. એ વર્ગે રજુ કરેલ પાઠનો શુદ્ધ અર્થ હમો આપીએ છીએ.

### પાઠ–૪ બ

(ખરતરો શંકા કરે છે કે) એવી રીતે પૂનમના ક્ષયે તમારી પણ શી ગતિ થશે? (આ શંકાના ઉત્તરમાં તપગચ્છવાળાઓ કહે છે કે) શું વિચારની ચાતુર્યતા! જે કારણ માટે ત્યાં (ટીપ્પણાની) ચૌદશને દિવસે (ટીપ્પણાની અપેક્ષાએ) બન્નેનું વિદ્યમાનપણું હોવાથી તે (ક્ષય પામેલી પૂનમ)નું પણ આરાધન થયુંજ ગણાય) એ જાણતા છતાં પણ ફરીથી નકામી વાત કરો છો?

ત્યાં (ટીપણાની ચૌદશને દિવસે) (પૂનમનો) આરોપ કરીને પૂર્ણિમા નથી આરાધતી, કારણ કે (પૂનમ) ક્ષય પામેલી હોવાથી (ટીપણાની) ચૌદશમાં પુનમની વાસ્તવિકજ સ્થિતિ છે, (તે ટીપણાની ચૌદશના દિવસે પૂનમ માનવા બાબતની) યુક્તિઓ તો ક્ષીણ પર્વતિથિ અને વૃદ્ધિ પામેલી (પર્વતિથિ માટેના સામાન્ય લક્ષણ કરવાના પ્રસંગે કહેવાઈ છે અને કહેવાશે.

(તપાગચ્છવાળા, ખરતરગચ્છવાળાને કહે છે કે) તમે તો ક્ષીણ પામેલી ચતુર્દશીને પૂર્ણિમાને દિવસે (માત્ર) બુદ્ધિથી આરોપ કરીને આરાધો છો. તે (પૂનમને) દિવસે તે (ચૌદશ)ના ભોગની ગન્ધનો અભાવ છતાં પણ તે (ચૌદશ) પણે સ્વીકારતા હોવાથી.'

આરોપ તો મિથ્યાજ્ઞાન છે. જે માટે પ્રમાણ નય તત્વલોકાલંકાર'માં શ્રી પરમારાધ્ય દેવાચાર્યજીએ કહ્યું છે કે–"જે વસ્તુ જેમાં ન હોય તેમાં તેનો નિશ્ચય કરવો તે સમારોપ છે" કેમકે છીપમાં 'આ રૂપું છે' એ પ્રમાણે.

વળી ખરતરોને પૂછે છે કે 'પૂનમે ક્ષીણું પામેલી "પાક્ષિક (ચૌદશ)ના અનુષ્ઠાનો આરાધતાં (તેને) પૂનમનું અનુષ્ઠાન કહેશો કે પાક્ષિક (ચૌદશ) નું? પહેલું 'પૂનમનું' (કહો તો) પાક્ષિક (ચૌદશ) ના અનુષ્ઠાનના લોપની આપત્તિ આવે, બીજું ચૌદશનું (કહો તો) સ્પષ્ટજ મૃષાવાદ છે.

પૂનમનોજ ચૌદશપણે વ્યપદેશ કરાતો હોવાથી આ ઉપરથી પાક્ષિક (ચૌદશ) નો ક્ષય હોય ત્યારે (ટીપ્પણાની) તેરશે ચૌદશ કરવી તે આરોપ રૂપ થશે.'

(એમ કોઇ શંકા કરે તો તે માટે કહે છે કે) તેમ ન કહેવું, કારણ કે ત્યાં (તેરશે) આરોપના લક્ષણનો અસંભવ હોવાથી.

જેવી રીતે ઘટ અને પટવાળી જમીન ઉપર 'ઘટપટ છે' એવું જ્ઞાન, અથવા તો કનક અને રત્નમય કુંડલમાં કનકરત્નમય જ્ઞાન ભ્રમવાળું કહેવાય નહિંજ, તેવીજ રીતે એકજ રવિ વિગેરે વારના લક્ષણવાળા દિવસે બન્નેય તિથિઓનું સમાપ્તિપણું હોવાથી આરોપજ્ઞાન કેવી રીતે કહેવાય ? આટલા માટે આજ પ્રકરણમાં **संपूर्णत्तिप्रकाउ०** ગાથામાં (અપાતા) જે તિથિ જે રવિઆદિ વારના લક્ષણવાળા દિવસે સમાપ્ત થાય તે દિવસ તે તિથિપણે સ્વીકારવો, એ વિગેરે અર્થમાં સંમોહ ન કરવો.

અનન્તરપણે રહેલી બે, ત્રણ વિગેરે કલ્યાણક પર્વતિથિઓ (ના પ્રસંગો)માં શું આમ (ફરજીયાત પર્વતિથિની પેઠે પૂર્વે પૂર્વે જવાનું)જ અંગીકાર કરાય છે ? (એમ કોઇ શંકા કરે તો તેવાને માટે કહે છે કે) તમારૂં ડહાપણ આશ્ચર્યકારક છે ! જે કારણથી પોતાના નાશને માટે પોતે શસ્ત્રને સજીને અમારા કરકમળમાં અપાય છે ! જે માટે આ ચારે તો આગળની કલ્યાણક તિથિના ક્ષયે પાછળની કલ્યાણક તિથિના બન્નેયનું વિદ્યમાનપણું હોવાથી ઇષ્ટાપત્તિજ છે. આરોપ કરવો પડતો નથી, અને તમારે (શંકાકારને) તો પાછળની અને આગળની બંનેય (કલ્યાણક તિથિ)માં આકાશજ દેખવું પડશે બંને બાજુ આપત્તિ હોવાથી.

જો એમ છે તો બીજે દિવસે અથવા તો બીજા વર્ષની તે કલ્યાણક તિથિના દિવસે પૃથક્ તપ કેમ કરાય છે ? (એમ કોઇ શંકા કરે તો તેના સમાધાન માટે) કહેવાય છે કે–કલ્યાણકનો આરાધક પ્રાયઃ તપ વિશેષ કરવાના અભિગ્રહવાળો હોય છે, તે (આરાધક) બે પ્રકારે છે. નિરન્તર તપ કરવાવાળો અને સાન્તરતપ કરવાવાળો. તેમાં પહેલો (નિરન્તર તપ કરવાળો) એક દિવસે બન્નેય કલ્યાણક તિથિઓનું વિદ્યમાનપણું હોવાથી તે (બન્નેય કલ્યાણક તિથિ)નો આરાધક થયો સતો અનંતર બીજા દિવસને ગ્રહણ કરીનેજ તપ પૂરો કરનાર થાય છે, અન્યથા નહિ. જેમ પૂનમના ક્ષયે પકૂખી અને ચોમાસી છઠ્ઠ તપનો અભિગ્રહવાળો (અનંતર બીજા દિવસને ગ્રહણ કરીનેજ તપ પૂરો કરનાર બને છે તેમ) બીજો (સાન્તર તપ કરવાવાળો) તે પછીના વર્ષના તે કલ્યાણકની તિથિવાળા દિવસને ગ્રહણ કરીનેજ (તે કલ્યાણક તિથિનો તપ પુરો કરનાર બને છે.)

અહિં શંકાને અવકાશ નથી યુક્તિ રહિત પણું હોવાથી અને શુન્યતા એ શંકાજ્વરને નાશ કરવાની ઓષધિ નથી. આ પ્રમાણે અર્થ છે.

એ, વર્ગના પાઠના અર્થનું શુદ્ધ સ્પષ્ટીકરણ

પાઠ-૪. क.

(ખરતરોએ એક અપેક્ષાએ ચૌદશનો ક્ષય હોવાથી ચૌદશનું અનુષ્ઠાન ગયું છે એમ માન્યું ત્યારે શાસ્ત્રકારે જણાવ્યું કે શું અષ્ટમીએ તમને ખાનગીપણે કંઈક આપેલું છે કે જેથી ક્ષય પામેલી એવી આઠમ પણ પલટાવીને માનો છો? અને પકૃખીએ તમારો શો ગુનો કર્યો છે કે જેથી તેનું નામ પણ સહન કરતા નથી?

આવી રીતે પકૃખીના નામને સહન નહિ કરવાના ઓલંભા ઉપર ખરતર શંકા કરે કે नन्वेवं.........का गति० શંકા એવી રીતે પુનમનો ક્ષય હોય ત્યારે તમારી પણ શી ગતિ થશે? (અર્થાત્ તમે પણ ચૌદશને દિવસે ચૌદશ કે પકૃખીના નામને તે દિવસે સહન કરશો નહિ, અને તેરશને દિવસે ચૌદશ કરી ચૌદશના દિવસને ચૌદશ કે પકખીના નામ નહિ બોલતાં પુનમનુંજ નામ આપશો.

નવા વર્ગના કહેવા પ્રમાણે આ શંકા પૂનમના નામને માટે નથી, પરંતુ ચૌદશ એટલે પકૃખીના નામને માટે છે, વળી એ નવા વર્ગના કહેવા પ્રમાણે પૂનમના ક્ષયે ચૌદશ અને પૂનમ એકઠા થતાં હોત, તો ચૌદશના કે પૂનમના એકેયના નામને આપત્તિ આવતજ નહિ. એટલે સ્પષ્ટ થાય છે કે એક દિવસે બે તિથિ બોલાતી પણ નહોતી અને આરાધાતી પણ નહોતી.)

આ શંકાના સમાધાનમાં શાસ્ત્રકાર કહે છે કે ટીપ્પણાની ચૌદશને દિવસે ટીપ્પણાની અપેક્ષાએ બન્નેનું વિદ્યમાનપણું છે માટે ક્ષીણ એવી પૂનમનું પણ આરાધન થાયજ છે થયુંજ છે, એ વાત જાણ્યા છતાં પણ ફૂરતાથી નકામી કહો છો.

(જેવી રીતે ક્ષય પામેલી પૂનમ ચૌદશને દિવસે વિદ્યમાન છે, તેવીજ રીતે ક્ષય નહિ પામેલી પૂનમ વિગેરે તિથિઓ પણ તેની પાછલાની તિથિઓમાં વિદ્યમાન તો હોયજ છે. પરંતુ તેવી વિદ્યમાનમાત્રથી તે તે તિથિઓની તે તે પૂર્વ તિથિઓમાં આરાધના થતી નથી. કેમકે સૂર્યોદયની વખતે તે તે પર્વતિથિઓ વિદ્યમાન હોય છે તોજ તેની આરાધના થાય છે. એટલે વિદ્યમાનતા હોવાથી જે અહિં આરાધના જણાવી છે તે ખરતરના પક્ષની અપેક્ષાએ છે. કેમકે તેઓ વિદ્યમાનતા અને ભોગના નામે આરાધના માને છે.

અહિં જો બે તિથિઓ ભેગી માનવાની હોય તો બેયનું વિદ્યમાનપણું કહીને એકલી પૂનમની આરાધના ન જણાવત. પરંતુ વિદ્યમાનપણા રૂપ હેતુથી બેયની આરાધના જણાવત. અને તેથી **विद्यमानत्वेन द्वयोरप्याराधनम्** લખત '**तस्या अप्याराधनम्**' લખ્યું છે તે ન લખત.

વળી આગળ જે આરોપજ્ઞાન કહેવાનો પ્રસંગ આવે છે તે પણ આવત નહિં. આખો અવયવી એવો દિવસ પૂનમપણે માનવાનો હોય તોજ આરોપની શંકાનો વખત આવે. ચૌદશના એક ભાગમાં તો પૂનમનીજ વિદ્યમાનતા બન્ને પક્ષે સ્વીકારેલી છે. એટલે ચૌદશમાં પૂનમના આરોપની શંકાને અવકાશજ રહેતો નથી.)

ચૌદશના આખા દિવસને પુનમ તરીકે માનવામાં આવે તો પુનમે ચૌદશ માનતાં જેમ આરોપ ગણાય તેમ ચૌદશના દિવસના એક ભાગમાં ચૌદશ હોવાથી તે પુનમ તરીકે માનતા આરોપ ગણવો જોઈએ. એમ પર શંકા ધારીને ખરતરોને એમ કહે છે કે) તે ચૌદશને દિવસે જે પુનમ આરાધાય તે પણ પુનમનો આરોપ કરીનેજ નથી આરાધાતી. અર્થાત્ ચૌદશને દિવસે પુનમ વિદ્યમાન છતાં ચૌદશના ભાગમાં તો પુનમનો આરોપ કરવોજ નથી પડતો. કેમકે પુનમ ક્ષય પામેલી હોવાથી ચૌદશની તિથિને દિવસે પૂનમની વાસ્તવિક સ્થિતિ છે. નહિ કે આરોપિત સ્થિતિ છે.

(ટીપ્પણાની ચૌદશને દિવસે પુનમની સ્થિતિ વાસ્તવિક છે, એમ ઠરાવવામાં વિદ્યમાનતા હેતુ ન રાખતા **'ત્રુટિતત્વેન'** એ શબ્દથી ક્ષયનો હેતુ જે રાખ્યો છે તે **ક્ષયે૦** ના સિદ્ધાંતથી ચૌદશને પૂનમ મનાવવા માટેજ છે.)

તે ચૌદશના દિવસને પૂનમ તરીકે માનવામાં યુક્તિ ક્ષીણતિથિ–વૃદ્ધિતિથિના સાધારણ લક્ષણ અવસરે આગળ કહેલી છે. (ચૌદશના ક્ષયે તેરશને દિવસે તેરશના વ્યપદેશનો અભાવ કહીને પ્રાયશ્ચિત્તાદિ વિધિમાં ચૌદશજ છે 'એવો વ્યપદેશ સંઘમાં થાય છે' એમ જણાવેલું છે વળી આગળ પણ ક્ષીણ તિથિ વૃદ્ધિ તિથિના લક્ષણની વખતે ખરતરને સમજાવવા માટે સંપૂર્ણ થતી તિથિ માનવી એમ કહેશે તે અપેક્ષાએ પણ ચૌદશને દિવસે છેલ્લી પૂનમજ ચોવીસે કલાક માનવી જોઈએ.)

(ખરતરોને કહે છે કે–તમે તો ક્ષય પામેલી ચૌદશ પ્રઘોષના આધારે તેરશે તો બદલી શકો પરન્તુ) ક્ષય પામેલી ચતુર્દશી પૂનમને દિવસે બદલો છો તે તો માત્ર બુદ્ધિથી આરોપીનેજ આરાધો છો. કેમકે તે પૂનમને દિવસે તમારી અપેક્ષાએ પણ ચૌદશના ભોગની ગંધનો અભાવ છતાં પણ (અને પૂનમ માન્યા છતાં પણ) ચૌદશ પણ લો છો. અને એવી રીતનો આરોપ કરવો તે તો મિથ્યાજ્ઞાન છે. જે માટે પૂજ્ય શ્રી દેવાચાર્યજીએ 'પ્રમાણનયતત્વલોકાલંકાર'માં કહ્યું છે કે– જેમાં જે વસ્તુ ન હોય તેમાં તેનો નિશ્ચય કરવો તે સમારોપ કહેવાય. જેમ છીપ છતાં તેમાં આ રૂપું છે એવું જ્ઞાન (સમારોપ છે) તે (શાસ્ત્રીય વ્યવહાર કે સમાચારીથી નિરપેક્ષપણાને માટે ખરતરોને અંગે આ વચન કહેવામાં આવ્યું છે. કેમકે જો એમ ન હોય તો ચૌદશના ક્ષયની વખતે તેરશના દિવસે તેરશના વ્યપદેશનો અભાવ અને આખો દિવસ ચૌદશ શાસ્ત્રકાર કહેતજ નહિં. વળી શ્રી જીનેશ્વરની મૂર્તિને જીનેશ્વરપણે માની શકાયજ નહિ.)

વળી ક્ષય પામેલી એવી ચૌદશનું અનુષ્ઠાન તમે (ખરતરો) પૂનમને દિવસે કરો તેને પૂનમનું અનુષ્ઠાન કહો કે ચૌદશનું અનુષ્ઠાન કહો ?

(આ ઉત્તર ગ્રન્થથી નક્કી થાય છે કે પૂર્વનું પ્રકરણ પણ ચૌદશના માટેજ હતું વળી ખરતર ગચ્છવાળા કે તપગચ્છવાળા બન્નેમાંથી કોઈપણ એક તિથિ માનીને તે દિવસે બે તિથિના અનુષ્ઠાન કરવાનું માનતુંજ નહોતું, કેમકે એ બે નાં

વર્ગની માફક એક તિથિએ બે તિથિના અનુષ્ઠાન કરાતાં હોત તો ત્રીજો વિકલ્પ ઉભયાનુષ્ઠાનનો પણ જરૂર કરત, પણ ગ્રન્થમાં તે કહેલ નથી.)

ખરતરોને કહે છે કે જો તમે તે પૂનમે કરાતા પક્ખીના અનુષ્ઠાનને પણ પુનમનું અનુષ્ઠાન છે એમ કહેશો તો પક્ખીના અનુષ્ઠાનના લોપનો પ્રસંગ આવશે.

[આથી સ્હેજે સમજાય તેવી બીના છે કે પૂનમને દિવસે પક્ખીનું અનુષ્ઠાન જે ઉપવાસ પક્ખી પ્રતિક્રમણ વિગેરે કરાય છે, તેને અંગેજ પ્રશ્ન છે. છતાં એક માત્ર તે દિવસને પાક્ષિક તરીકે ન માને એટલા માત્રથી 'પકખીના અનુષ્ઠાનનો લોપ થાય છે' એવી આપત્તિ આપી એટલે એ ઉપરથી એ વાતતો જરૂર સિદ્ધ થાય છે, કે આખો દિવસ તે પર્વતિથિને માન્યા સિવાય તેનું અનુષ્ઠાન કરવામાં આવે તો પણ તે અનુષ્ઠાન તે તિથિનું ગણાયજ નહિ, એટલે અષ્ટમી આદિના ક્ષયની વખતે જો આખો દિવસ અષ્ટમી વિગેરે માનવામાં ન આવે તો અષ્ટમી આદિના અનુષ્ઠાનનો લોપ વ્હોરવોજ પડે. આથી બીજી વાત એ પણ સિદ્ધ થાય છે કે આખો દિવસ તિથિ માનવામાં આવે તોજ તે તિથિનુ અનુષ્ઠાન તે દિવસે કરેલું સફળ ગણાય.)

હવે બીજા વિકલ્પમાં જણાવે છે. કે આ તમારૂં બોલવું સ્પષ્ટ જુઠું છે. એટલે પૂનમને દિવસે ક્ષીણ પાક્ષિકનું જે અનુષ્ઠાન કરો છો તે 'પાક્ષિક અનુષ્ઠાન છે' એમ કહેવું તે સર્વથા જુઠુંજ છે. કેમકે તેઓએ માનેલી અને કહેલી ચૌદશાજનેજ ચૌદશ તરીકે તમો કહેવા માંગો છો. (આથી એક દિવસને બે તિથિપણે ખરતર-ગચ્છવાળા કે તપગચ્છવાળા, એકય પણ કહેતા માનતા નહોતા તેથી આ મૃષાવાદની આપત્તિ આપેલી છે. આ ઉપરથી આજે નવો વર્ગ અષ્ટમી આદિના ક્ષયે માને છે સાતમ વિગેરે અને વ્યપ-દેશ કરે છે, આઠમ વિગેરેનો; એટલે તેઓજ સ્પષ્ટ મૃષાવાદી કેમ ન ગણાય?)

ચૌદશનો ક્ષય હોય ત્યારે ઉદયવાળી તેરશને દિવસે ચૌદશનું જ્ઞાન આરોપ રૂપ થશે' એમ ન કહેવું. કેમકે ત્યાં આરોપના લક્ષણનો સંભવ નથી. જેમ જમીન ઉપર ઘટ અને પટ બંને હોય તે જમીન ઉપર ઘટપટ છે એવું જ્ઞાન અને કનક રત્નમય કુંડલમાં કનક રત્નનું જ્ઞાન ભ્રમવાળું કહેવાય નહિં. એવી રીતે એકજ રવિ વિગેરે વારના દિવસમાં બન્ને તિથિઓનું સમાનપણું હોવાથી આરોપજ્ઞાન કહેવાય.

આટલાજ માટે આ ગ્રન્થમાં **સંપુણ્ણત્તિ જકાઉ૦** એ ગાથામાં જે રવિવાર આદિ દિવસે સમાપ્ત થાય તે દિવસ તે તિથિપણે લેવો, ઇત્યાદિક કહેવાશે તેમાં મુઝાવું નહિ.

(આ ઉપરથી સ્હેજે સમજી શકાશે કે એક વારે બે તિથિઓ સમાપ્ત થાય તેથી તેનું વિદ્ય-માનપણું હોય છતાં પણ તે દિવસે સમાપ્ત થનારી એકજ તિથિપણે અંગીકાર કરવો; નહિ કે બે તિથિપણે. શાસ્ત્રકારે તે તિથિપણે લેવો એમ નહિ કહેતાં તે તે તિથિપણે લેવો એમજ કહેત.

વળી આ અધિકાર વૃદ્ધિના પ્રકરણમાં પહેલે દિવસે સંપૂર્ણતિથિ માનીને બીજા દિવસની તિથિને સર્વથા નહિ માનનાર એવા ખરતરોને સંપૂર્ણતાના નામે કહેવામાં આવેલો છે. શ્રી તપાગચ્છવાળા તો ભોગ કે સમાપ્તિને અંગે તિથિ ન માનતાં ક્ષય વૃદ્ધિના પ્રસંગ સિવાય ઉદયને અંગેજ તિથિ માનનાર છે. અને પર્વતિથિના ક્ષય વૃદ્ધિના અનુક્રમે પ્રસંગમાં પૂર્વતિથિનો ઉદયજ પર્વપણે માનનારો છે.

શાસ્ત્રકારે પોતે તો પૂનમના ક્ષયની વખતે, ચૌદશને દિવસે પૂનમ કરવાનું અને તેથીજ તેરશને દિવસે ચૌદશ કરવાનું રાખેલું હોવાથીજ ખરતર તરફથી આ પ્રકારે શંકા કરવામાં આવી છે કે)

અનન્તરપણે રહેલી એ ત્રણ ચાર કલ્યાણક તિથિઓમાં પણ શું તમે એમજ ફરજિયાત રૂપ તિથિની પેઠે પૂર્વે પૂર્વે જવાનું કરશો ?

આવી શંકાના ઉત્તરમાં ગ્રન્થકાર કહે છે કે તમારું કહેવાપણું આશ્ચર્યકારક છે. કેમકે તમે પોતાના નાથને માટે પોતાનું શસ્ત્ર સજીને અમારા હસ્તામલમાં મૂકો છો.

આ નવો વર્ગ જેમ એક દિવસે બે અગર વધારે તિથિનું આરાધન માને છે, તેમ જો શાસ્ત્રકાર માનતા હોત તો અહિં કલ્યાણકની અનેક તિથિઓની એક સાથે આરાધનાની વાતિની આ શંકાને અને શાસ્ત્રકારે આપેલા સમાધાનનો પણ અવકાશ ન હતો.

વળી બે તિથિનું વિદ્યમાનપણું કહીને પણ આરાધના તો એકનીજ જણાવી છે. એટલે સ્પષ્ટ છે કે એક દિવસે એક કલ્યાણક તિથિ મનાતી હતી. કેમકે અમારે તો આગળની દસમી જેવી કલ્યાણકની તિથિ ક્ષય પામેલી હોય તો તેની પહેલી ટીપણાની નોમની કલ્યાણક તિથિમાં તેનું વિદ્યમાનપણું હોવાથી તે આગળની દશમી રૂપ કલ્યાણક તિથિને માનવામાં સવળતા રૂપ ઈષ્ટજ થાય છે. (આગળ આગળની તિથિ પાછળ પાછળની તિથિમાં વિદ્યમાન હોવાથી તે તે એક તિથિપણે અમે માની શકીએ છીએ, તેથી અમને કોઈ પણ પ્રકારે અનિષ્ટ નથી) પરંતુ તમારે તેવી તિથિઓમાં પહેલાંની કે છેલ્લાની એટલે કે ૯-૧૦-૧૧ માંની નોમ કે અગીયારશ એમાંથી કોઇ પણ તિથિ ક્ષય પામે ત્યારે આકાશજ દેખવું પડશે.

(ખરતરગચ્છવાળાઓ કે શાસ્ત્રકાર પોતે પણ જો એક દિવસે બે તિથિ માનતા હોત તો તેમને આકાશ દેખવાની આપત્તિ આપી શકાતજ નહિ. એટલે સ્પષ્ટ સમજાશે કે કલ્યાણક તિથિ (નહિ કે કલ્યાણક) એક દિવસે અનેક મનાતી ન હતી અને મનાય નહિ).

ખરતરગચ્છવાળા શંકા કરે છે કે જો તમે તે દિવસે તે તિથિ માનીશો તો, તો પછી બીજે દિવસે અગર આવતા વર્ષની કલ્યાણકની તિથિને દિવસે જુદું તપ કેમ કરશો ? દરેક કલ્યાણક જે પૌષધ જેવાં તપો તે આરાધન જેવા તપો તે તે સંબંધી એક દિવસે એક જ હોય.

હોવાથી તેમાં બે પૌષધો કે બે આંબેલ એક દિવસે સાથે લેવાતાં નથી, એ વાત આખા જૈન સમાજમાં પ્રસિદ્ધજ છે, અને તેથીજ આ બીજા દિવસનો ને ભવિષ્યના વર્ષના કલ્યાણકના તપનો પ્રશ્ન થયો છે.

આ ઉપરથી જેમ આજે નવોવર્ગ એક દિવસે અને એક તપે બન્ને દિવસની તિથિઓ અને બન્ને દિવસના તપો આરાધી લેવાય છે, એમ માને છે. એમ જો તે વખતે બેમાંથી કોઈ પણ ગચ્છવાળાએ માન્યું હોત તો આ પ્રશ્નજ ઉત્પન્ન થાત નહિ) આવી શંકાના સમાધાનમાં કહે છે કે—

કલ્યાણકની આરાધના કરનારાઓ પ્રાયઃ આંબેલ આદિ તપ કરવાનાજ નિશ્ચયવાળા હોય છે. 'નહિ કે પૌષધાદિ' (આથીજ શાસ્ત્રકાર પૌષધ આદિથી કરતાં કલ્યાણક તિથિને સ્પષ્ટપણે જુદી પાડે છે અને જણાવે છે કે–ફરજિયાત પર્વતિથિઓ પૌષધ આદિથી આરાધવાની હોય છે, અને તે પ્રતિનિયત દિવસવાળી હોય છે. જ્યારે કલ્યાણક તિથિઓ તપથી આરાધવાની હોય છે અને તપનો અંગીકાર ઉત્તર દિવસને મેળવીને પણ થઈ શકે છે.) કલ્યાણકનો તપ કરનારા બે પ્રકારે હોય છે. નિરન્તરતપ કરનારાઓ ને સાન્તરતપ કરનારાઓ, નિરન્તર તપ કરનારો ક્ષય વખતે' એકજ દિવસે બે કલ્યાણક તિથિનું વિદ્યમાનપણું હોવાથી તે બેય તિથિઓને આરાધક રહ્યો સતો પણ આગળના દિવસને લઈનેજ તપનો પૂરનાર થાય' એ સિવાય નહિ.

(આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે તપસ્યા, ને પૌષધ આદિથી આરાધાતી ફરજિયાત પર્વતિથિ તો એક દિવસે બે ન આરાધાય, પરંતુ કલ્યાણક તિથિ જે એકલી તપને માટે છે, તે પણ એક દિવસના તપથીજ બે તિથિની આરાધનાવાળી ન ગણાય, તેથી બીજો દિવસ લેવો પડે. જો કે 'આચારોપદેશ' વિગેરે ગ્રન્થને અનુસરીને બે ત્રણ ચાર કલ્યાણકો પણ તે તે કલ્યાણકોના સરવાળાથી આરાધાય છે, પરંતુ તત્વ એ છે કે માત્ર એક કલ્યાણકને આશ્રીને કરેલ તપથી બે ત્રણ કલ્યાણકોના તપનું આરાધન થઈ શકે નહિ.)

ખરતરગચ્છવાળાઓનેજ શાસ્ત્રકાર કહે છે કે જેમ પૂનમનો ક્ષય હોય ત્યારે પક્ખી અને ચોમાસી ઉપર છઠ કરનારાઓ તમારામાં આગળનો દિવસ લઈને છઠનો તપ પૂરો કરે છે, તેમ કલ્યાણકાદિમાં અમે પણ આગળનો દિવસ લઈને તપ પૂરો કરીએ છીએ.

(તપગચ્છમાં તો તેરશે ચૌદશ અને ચૌદશે પૂનમ થતી હતી, પરંતુ ખરતરગચ્છની પ્રાચીન સમાચારી (વિધિ પ્રપા) પ્રમાણે ચોમાસી ચૌદશના ક્ષયે પૂનમ ચોમાસી કરાતી હતી. નવા ખરતરોને મતે દરેક ચૌદશના ક્ષયે પૂનમે પક્ખી કરાતી હતી. એટલે ચૌદશના ક્ષયે ચૌદશનો ઉપવાસ તો તે લોકો પૂનમને દિવસેજ કરી લે, પરંતુ છઠના અભિગ્રહવાળો પૂનમે ચૌદશ કરે ત્યારે આગળનો પડવાનો દિવસ લીધા સિવાય છઠ કરી શકેજ નહિ.

નવો વર્ગ તો પૂનમના ક્ષયે ચૌદશ પૂનમની આરાધના અનુક્રમે શાસ્ત્રકારોએ તેરશ ચૌદશે કહેલી છે તે, અને તેરશે ભૂલી જવાય તો પડવે કહેલી છે. તે સ્પષ્ટ વચનને પરંપરા ન માનતાં તેરશને દિવસે પુનમની આરાધના કરવાનું અને ભૂલી જવાય તો એકમને દિવસે પુનમની આરાધના કરવાનું જણાવે છે. આથી તે વર્ગના મતે પુનમની આરાધના ચૌદશ પહેલાં થશે, અને તેથી તેને આ ગ્રન્થથી પણ સ્પષ્ટ વિરોધ આવે છે, કેમકે ચૌદશ પુનમની આરાધનામાં અનન્તર એવા ઉત્તર દિનનો મુખ્ય માર્ગ છે, તેનો અહિં તે વર્ગને સમાવેશ રહેતોજ નથી,

વળી તેરશે કે એકમને દહાડે પુનમનો નથી તો ઉદય, નથી તો ભોગ, કે નથી તો સમાપ્તિ છતાં શાસ્ત્રના **त्रयोदशीचतुर्दशी चतुर्दश्योः** એ દ્વિવચનથી વિરૂદ્ધ જઈને પુનમની આરાધના તેરશે કે પડવે માનવાને તેઓ તૈયાર થયા છે.

અને સાન્તર તપ કરનારા તો બીજા વર્ષની તે દિવસની કલ્યાણક તિથિવાલા દિવસને લઇનેજ તપ પુરનારો થાય છે. તેથી અહિં એક દિવસે બે તિથિ કેમ ન આરાધાય? તેવી શંકાને અવકાશ નથી.

એક દિવસે બે તિથિઓનું આરાધન થતું હોત તો સાન્તર તપવાળાને પણ બીજા વર્ષનો દિવસ લેવો પડત નહિં. 'અહિં શંકા કરવી તે યુકિત રહિત છે. અને શુન્યતા એ શંકાજ્વરને નાશ કરવાની ઔષધી નથી.' એમ કહેવું પડત નહિ.

એ વર્ગ પોતાના સ્પષ્ટીકરણમાં અવળી રીતે રજુ કરેલ

પાઠ–૫ अ

**उदयंमि जा तिही, सा पमाणमिअरीइ कीरमाणीए। आणाभंगणवत्थामिच्छत्तविराहणं पावे।**

ब એ વર્ગે રજુ કરેલ પાઠનો અર્થ આપ્યો નથી તેથી રજુ કરેલ પાઠનો અર્થ. અમે આપીએ છીએ.

ઉદયની વખતે જે તિથિ હોય તે તિથિ ચોવીસે કલાક પ્રમાણ કરવી. (પણ જો) બીજી (ક્રિયાકાલવાળી) તિથિ કરવામાં આવે તો (અહોરાત્રના પૌષધાદિક નિયમનો ભંગ થવાથી) આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના પામે.

એ વર્ગના પાઠના અર્થનું શુદ્ધ સ્પષ્ટીકરણ

પાઠ ૫ क

શાસ્ત્રકાર શ્રી રત્ન શેખર સૂરિજી મહારાજે ફરજિયાત પર્વતિથિઓની આરાધના પૌષધ આદિથી જણાવી અને તે પૌષધ વિગેરે વ્રતો અહોરાત્ર પ્રમાણ હોય છે, અને અહોરાત્રની આદિ સૂર્યના ઉદયથી આવતા સૂર્યના ઉદયની મર્યાદાએ હોય છે. તેથીજ આગળ જણાવ્યુ છે કે સવારે પચ્ચક્ખાણની વખતે જે તિથિ હોય તે આખા અહોરાત્રને માટે પ્રમાણ કરવી.

પોતાના કથનના સમર્થનમાં લોક વ્યવહારને પણ આગળ કરીને સૂર્યોદયને અનુસારે દિવસ આદિ કહેવાય છે, એમ જણાવ્યું છે એવી રીતે શાસ્ત્ર અને લોકને અનુસારીને અહોરાત્રની તિથિ પ્રાતઃ પ્રત્યાખ્યાન કાળે અગર સૂર્યોદયથી નક્કી

કર્યા છતાં જેઓ ઇતરગચ્છીઓ ધર્મ ક્રિયાનુષ્ઠાન કાળની વખતે વિદ્યમાનતાવાળી તિથિ માનતા હતા તેને માટે આ ગાથા જણાવવામાં આવી છે. અને આથીજ સૂર્યોદયને આધારે તિથિ ન માનતા ક્રિયા કાલને આધારે તિથિ માનનારાઓને મિથ્યાત્વ વિગેરે જણાવવામાં આવ્યું છે.

પ્રથમ તો આ હકીકત ક્ષય-વૃદ્ધિના પ્રસંગ સિવાયની છે. કેમકે ક્ષય વૃદ્ધિના પ્રસંગને માટે **ક્ષયે પૂર્વા**૦નું આખું પ્રકરણજ આગળ એજ ગ્રંથમાં જણાવે છે. એટલે પર્વતિથિના ક્ષય વૃદ્ધિના પ્રસંગમાં આ ગાથા અપોદિત (બાધિત) ગણાય. એવી અપોદિત ગાથાઓ અપવાદની ચર્ચામાં આપનારે નિરર્થક વસ્તુ સ્થિતિમાં ગુચવાડો ઉભો કરતાં પહેલા ઘણો વિચાર કરવાની જરૂર હતી. વળી ઉદયવાળીજ તિથિ લેવી અગર ઉદયવાળી તિથિ લેવીજ. આ બન્નેમાંથી કોઇપણ પ્રકાર લેવામાં આવે તો............ તે વસ્તુ એ નવાવર્ગને કોઇ પણ પ્રકારે ઇષ્ટ નથી. કેમકે નવોવર્ગ અષ્ટમી આદિના ક્ષયની વખતે ઉદય વગરની એવી પણ અષ્ટમી આદિ કરે છે. એટલે પોતાના રજુ કરેલા પાઠથી વિરૂદ્ધ રીતિએજ ઉદય વગરની તિથિ માનીને તે વર્ગ પોતાની વ્યાખ્યા પ્રમાણે રજુ કરેલા પોતાને ક્ષય-વૃદ્ધિ પ્રસંગે પણ માન્ય એવા આ **ઉદયંમિ**૦ના પાઠથીજ મિથ્યાત્વઆદિ દોષોને પાત્ર પોતે પોતાનેજ હાથે બને છે

વળી અષ્ટમી આદિ તિથિની વૃદ્ધિ હોય ત્યારે પહેલે દિવસે અષ્ટમી આદિનો સૂર્યોદય હોય છે. છતાં ઉદયવાળી તિથિ લેવીજ એ નિયમને ફગાવી દઈ તે દિવસને અષ્ટમી આદિ તરીકે કહે છે છતાં એ વર્ગ માનતો નથી. માટે પણ તે વર્ગ પોતાનીજ વ્યાખ્યાથી મિથ્યાત્વઆદિ દોષને પામવાવાળો થાય છે.

બીજી વાત એ પણ અહિં વિચારવા જેવી છે કે જ્યારે ગણિત પ્રમાણે અષ્ટમી આદિ પર્વ તિથિની હાનિ-વૃદ્ધિ આવે ત્યારે તે પર્વતિથિઓને અખંડ અને પરિસંખ્યાત રાખવા માટે '**ક્ષયે પૂર્વા**૦' નો અપવાદ લાગુ કરવામાં આવે.

જો ગણિતના આધારે આવેલી પર્વતિથિની પૂર્વે પણ પ્રઘોષના આધારે આવેલી પર્વતિથિની ફેર હાનિ કે વૃદ્ધિ માનવાનો પ્રસંગ આવે એટલે કે બે પુનમ કે બે અમાસ વખતે બે ચૌદશ થવાનો પ્રસંગ આવે કે પુનમ કે અમાસના ક્ષયે ચૌદશનો ક્ષય કરવાનો પ્રસંગ આવે તો તે અનિષ્ટતમ ગણાય તે સ્વાભાવિક છે. અને તેથી **યાવત્સમ્ભવસ્તાવદ્વિધિઃ**ના ન્યાયે **ક્ષયે**૦નું એ વિધાન અને **વૃદ્ધૌ**૦ નો એ નિયમો ફરી લાગુ પાડવાજ જોઇએ, અને તેથી પર્વાનન્તર પર્વતિથિની હાનિ વૃદ્ધિ વખતે તે વિધાયક અને નિયામક વાકયની પુનરૂકિત કરવીજ પડે. તે ન્યાય યુક્ત જ ગણાય તેવી રીતે શાસ્ત્રવાકય અને ન્યાયના આધારે થતી સમાચારીના વિરોધમાં **ઉદયંમિ**૦નું ઉત્સર્ગવાકય આગળ કરવું તે ન્યાય સમજનારને તો શોભેજ નહિ.

ગણિતના આધારે પૂનમ અમાવાસ્યાની હાનિનો **ક્ષયે પૂર્વા**૦ના પ્રઘોષવડે ચૌદશનું

નામ ખસેડવાનો પ્રસંગ આવ્યો હોવા છતાં ચૌદશ પણ પર્વ તિથિપણે હોવાથી અને પર્વ તિથિનો ક્ષય જૈન શાસ્ત્રકારોને ઇષ્ટ ન હોવાથી **यावत्संभवस्तावद्विधिः** એ ન્યાયે ફેર પણ **क्षये पूर्वा०**ની પ્રવૃત્તિ કરીને ચૌદશના નામનો અભાવ કરી ચૌદશની સંજ્ઞા પ્રવર્ત્તાવવી જોઇએ, એટલે ગણિતના આધારે આવેલ પૂનમના ક્ષયે તેરશનો ક્ષય કરવો જોઇએ.

એવી જ રીતે પૂનમની વૃદ્ધિ વખતે તેરશની વૃદ્ધિ, **वृद्धौ कार्या तथोत्तरा** એ ન્યાયે પુનઃ પ્રવર્તાવીને કરવી જોઇએ. એટલે પૂનમની વૃદ્ધિએ બે તેરસ કરવી એ પણ શાસ્ત્ર ન્યાય અને પરંપરાથી યુક્ત જ છે.

**क्षये पूर्वा** ને **वृद्धौ उत्तरा**ના અપવાદની વખતે પણ ઉદયાતિથિનો જ આગ્રહ શાસ્ત્રકારને ઇષ્ટ હોત અને ઉદય તિથિ ગ્રહણ નહિ કરનારને મિથ્યાત્વ આજ્ઞાભંગ વિગેરે દોષો શાસ્ત્રકાર ઇષ્ટ ગણતા હોય તો, ઉદયવાળી પૂનમને દિવસે અનુદયવાળી ચૌદશને કરનારા ખરતરો માત્ર આ એક જ સિદ્ધાંતથી મિથ્યાત્વ આજ્ઞાભંગ આદિ કરનારા વિગેરે જણાવીને તેનું ખંડત કરત, પણ શાસ્ત્રકાર મહારાજને મતે **क्षये पूर्वा०**ના પ્રઘોષની ઘટનામાં ઉદયનો સિદ્ધાન્ત અપોદિત થતો હોવાથી, તેમ ન કરતાં અનુષ્ઠાનના લોપની આપત્તિ આવશે, મૃષાવાદ લાગશે, વિગેરે ચર્ચા કરીને શાસ્ત્રકારે તેનું નિરસન કરવું પડયું છે. કારણ કે ખરતરો પણ 'ઉદય તિથિ'ને માને છે. **'उदइयतिहि अप्पयरमुत्ताचि घेतव्वा'** 'વિધિ પ્રપા'નો પાઠ તેનું સમર્થન આથી સ્પષ્ટ છે કે ઉદયનો તે સિદ્ધાંત પર્વ ક્ષય-વૃદ્ધિના પ્રસંગ સિવાયના સ્થળે પ્રવર્તે છે અને પર્વના ક્ષય વૃદ્ધિ પ્રસંગે ઉદય તિથિનો સિદ્ધાંત અપોદિત થાય છે. એ વાત આ નવા વર્ગ સિવાય ખરતરોએ માનેલ છે.

## એ વર્ગે પોતાના સ્પષ્ટીકરણમાં અવળી રીતે રજુ કરેલ પાઠ-૬ अ

**जयविहु जिणसमयंमि अ कालो सव्वस्स कारणं भणिओ । तहवि अ चउद्दसीए नो जुज्जइ पुण्णिमा हेऊ ॥१०॥**

**यद्यपि हु-निश्चितं, जिनसमये-जिनशासने कालः, स्वभावादिचतुष्क सहकृत इत्यध्याहार्य, सर्वस्यापि कारणं भणितस्तथापि पूर्णिमाभावश्चतुर्दश्या हेतुः-कारणं न युज्यते एवेति, अत्र चकार एवकारार्थः, कारणलक्षणाभावादिति गाथार्थः॥१०॥अथ कारणलक्षणाभावमेव दर्शयति-**

**कज्जस्स पुव्वभावी नियमेणं कारणं जओ भणियं । तल्लक्खणरहिआविय भणाहि कह पुण्णिमा हेऊ ? ॥११॥**

**कार्यस्य नियमेन यत् पूर्वभावी, दीर्घत्वं चात्र लिङ्गव्यत्ययेन प्राकृतत्वात्, तदेव कारणं भवति, तल्लक्षणरहिताऽपि च पौर्णमासी कथं चतुर्दश्या हेतुः कारणं स्यादिति भण-कथय,**

मां प्रतीति गम्यं, यदि विनष्टस्यापि कार्यस्य भाविकारणं स्यात्तर्हि जगद्व्यवस्थाविप्लवः प्रसज्येतेति गाथार्थः ॥११॥

## પાઠનો શુદ્ધ અર્થ

### પાઠ ૬ ब

જોકે જિન શાસનમાં કાલને સર્વનું કારણ કહેલ છે, તો પણ પૂર્ણિમાએ ચૌદશનું કારણ ગણાય નહિ (૧૦)

જોકે નિશ્ચયે જિન શાસનમાં સ્વભાવ આદિ ચતુષ્ક સહિત કાળ, સર્વનું કારણ કહેલો છે, તોપણ પૂર્ણિમાનો અભાવ એ ચૌદશનો હેતુ એટલે કારણ ગણાય નહિ. અહિં ચકાર એ વકારના અર્થમાં છે કારણના લક્ષણનો અભાવ હોવાથી. એ પ્રમાણે ગાથાર્થ (૧૦)

હવે કારણના લક્ષણનો અભાવજ દેખાડે છે. જે કારણ માટે કહ્યું છે કે–કારણ એ કાર્યની અવશ્ય પૂર્વે થવાવાળું છે.

તો પછી તે લક્ષણથી રહિત એવી પૂર્ણિમા તે (ચૌદશ) નો હેતુ કેવી રીતે થાય? તે કહે (૧૧)

કાર્યનું નિયમથી જે પૂર્વે થવાવાળું છે. (અને દીર્ઘપણું તો અહિં પ્રાકૃત હોવાથી લિંગવ્યત્યયથી છે) તેજ કારણ થાય છે. તે [કાર્યથી પૂર્વે થવા રૂપ] લક્ષણથી રહિત એવી પૂર્ણિમા કેવી રીતે ચૌદશનો હેતુ એટલે કારણ થાય? તે કહો–એ પ્રમાણે સમજી લેવું. જો વિનષ્ટ એવા પણ કાર્યનું ભાવિ કારણ થાય તો પછી જગતની વ્યવસ્થાનો નાશ થાય. આ પ્રમાણે ગાથાર્થ છે. (૧૧)

## એ વર્ગના પાઠનું શુદ્ધ સ્પષ્ટીકરણ क

આ પાઠ ખરતરગચ્છવાળાઓ પોતાના આચાર્યોની "વિધિ પ્રપા"માં કહેલું–ચૌદશના ક્ષયે તેરશે ચૌદશ કરવાનું વચન ઉલ્લંઘીને ચૌદશના ક્ષયે પૂનમ માનીને પૂનમે પકખી કરે છે તેને અંગે છે. છતાં એ વચનને પાઠના પ્રસંગનો વિચાર કર્યા સિવાય જ્યાં ત્યાં એ પ્રસંગ એકાન્તથી લગાડવામાં આવે તો જે દોષ બીજાને આપવામાં આવે છે, તેજ દોષ પોતાને કેમ ન લાગે? કારણ કે અષ્ટમી આદિ તિથિના દિવસે સૂર્યોદયથી અમુક ઘડી થયા પછી નવમી વિગેરે આવે છે, છતાં તે નવમીને જે અષ્ટમી આદિ માનીને આરાધાય તે નષ્ટ કાર્યનું ભાવિ કારણ કેમ ન ગણાય?

પરંતુ **उदयंमि**૦નો નિર્ણય આચાર્યોએ કર્યો છે, તેથી તે નવમી વિગેરેમાં અષ્ટમી વિગેરેનું આરાધન નષ્ટ કાર્યનું ભાવિ કારણ ન ગણાય, કારણ કે ઉદયમાં નોમ હોવા છતાં નોમ ગણાતી નથી. તો પછી તેમજ **क्षये पूर्वा**૦ વિગેરે પણ સમર્થ આચાર્યોનાં વચનો છે, અને તેથી તેના આધારે સંસ્કારપૂર્વક પહેલી પૂનમે ચતુર્દશીના આરાધનમાં નષ્ટ કાર્યનું ભાવિ કારણરૂપ આપત્તિ કેમ ગણી શકાય?

વળી જૈન શાસ્ત્રને માનનાર ભવિતવ્યતા કે તથાભવ્યત્વને ન માને એમ તો નજ બને. અને જો માને તો તેમાં નષ્ટ કાર્યનું ભાવિ કારણપણું કેમ નથી?

પાઠ ૭-૮-૧૫-૧૬-૧૯-૨૩-૨૪

પાઠ अ

**क्षये पूर्वा तिथिः कार्या (तिथिर्ग्राह्या) वृद्धौ कार्या (ग्राह्या) तथोत्तरा**

## પાઠનો શુદ્ધ અર્થ

(પર્વતિથિના) ક્ષયની વખતે પૂર્વની તિથિ (પર્વતિથિપણે) કરવી એટલે ગ્રહણ કરવી. અને (પર્વતિથિની) વૃદ્ધિ હોય ત્યારે ઉત્તર તિથિને (પર્વતિથિપણે) કરવી. એટલે ગ્રહણ કરવી.

## એ વર્ગના પાઠનું શુદ્ધ સ્પષ્ટીકરણ

પાઠ ૭-૮-૧૫-૧૬-૧૯-૨૩-૨૪

क

આ પ્રઘોષનું ઉત્થાન તેઓ જ માની શકે કે જેઓ પર્વ તિથિઓનું પરિસંખ્યાન માને. પરિસંખ્યા ન માનતાં જેઓ આરાધનાના આધારભુત પર્વતિથિનો ક્ષય માનવાને તૈયાર હોય, તેઓને આ વિધાયક અને નિયામક પ્રઘોષની જરૂર જ નથી. આજે એ વર્ગ બાર પર્વ તિથિઓનું પરિસંખ્યાન નહિ માનીને ૧૧ કે ૧૩ પર્વ તિથિઓને કરે છે, તેને આ પ્રઘોષ નિરર્થક છે. આ પ્રઘોષમાં આરાધના વિધેય તરીકેજ નથી. કારણકે આરાધનાની અપ્રાપ્તિ થતીજ નથી. તેમજ આરાધનાની અધિકતા એટલે સદા કર્તવ્યતા જૈન શાસ્ત્રકારોને અનિષ્ટ નથી. તેથી નિયમ કરવાની પણ જરૂર રહેલી નથી. આ પ્રઘોષની જરૂરિઆત પર્વતિથિના પરિસંખ્યાન માટે છે; જ્યારે ટીપ્પણાની રીતે પર્વતિથિનો ક્ષય આવે ત્યારે પર્વતિથિની સંજ્ઞાની કઈ રીતે વ્યવસ્થા કરવી કે જેથી સર્વ પર્વતિથિઓ સચવાઇ રહે. એ માટે છે.

**क्षये पूर्वा**૦ના પ્રથમ પાદથી વિધાન અને બીજા પાદથી નિયમ કરવામાં આવેલો છે, તે આરાધનાની ન્યુનતા કે અધિકતા ટાળવા માટે નથી. પરંતુ પરિસંખ્યાત એવી પર્વતિથિઓની ન્યૂનતા કે અધિકતા ટાળવા માટે છે.

આ પ્રઘોષમાં પણ **तिथिः कार्या (तिथिर्ग्राह्या)** એવું સ્પષ્ટ વિધેય છે, તે પર્વતિથિની ન્યુનતા અને અધિકતાની આપત્તિ ટાળવા માટે છે, એટલે વિધેયતા અને નિયતતા પર્વતિથિનીજ રહેલી છે, અને તેથી જ અષ્ટમી આદિના ક્ષયે તેનાથી પૂર્વે રહેલી સપ્તમી આદિ તિથિનેજ અષ્ટમી આદિ પર્વતિથિપણે ગણવાનું વિધાન થાય છે, તેમજ બે અષ્ટમી વિગેરે હોય ત્યારે બીજી અષ્ટમી વિગેરેને અષ્ટમી આદિરૂપ પર્વ તિથિપણે ગણવાનું થાય છે, અને તેથીજ શ્રી તત્વતરંગિણીકારે ચૌદશના ક્ષયની વખતે તેરશનો ઉદય છતાં તેરશના વ્યપદેશનો અભાવ જણાવીને ટીપણાની તેરશને તેરશ નહિંજ કહેવી એમ જણાવેલું છે. અને ચૌદશનો ઉદય નહિ છતાં પણ તે દિવસે ચૌદશજ કહેવી એમ જણાવેલું છે. અર્થાત્ ટીપણાની તેરશના ઉદયના વખતથી જ ચૌદશની સત્તા શાસ્ત્રકારે જણાવી દીધી છે, એટલે તેરશ ન માનવાનું જણાવ્યું તેમાં આશ્ચર્ય નથી

જેવી રીતે એકાદી પર્વતિથિની હાનિ વૃદ્ધિમાં વિધિ અને નિયમના બળે પૂર્વની અપર્વતિથિની હાનિ-વૃદ્ધિ કરવાનું પ્રાપ્ત થાય છે, તેવીજ રીતે પર્વાનન્તર પર્વતિથિના ક્ષય વૃદ્ધિ વખતે પણ તે વિધાયક અને નિયામક વાકયની ફરી પ્રવૃત્તિ કરવી પડે, અને તેથી પૂર્વતર અપર્વતિથિની હાનિ વૃદ્ધિ કરવાનું પ્રાપ્ત થાય છે. એક વાત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે તેરશની તિથિ જો કે કલ્યાણક તિથિ તરીકે પર્વતિથિપણે આવે તો પણ ફરજીયાત ચૌદશ જેવી તિથિના ક્ષયની વખતે તેરશે તેરશ નહિ કહેવાનું સ્પષ્ટ વિધાન કહેલું છે, તેમજ સપ્તમી પણ વ્યપદેશમાંથી ઉડાવી દેતાં ફરજીયાત અષ્ટમીરૂપ પર્વતિથિનું રક્ષણ કરવું એ ધ્યેય નક્કીજ છે. એટલે આ પાઠ સ્પષ્ટપણે પહેલી અપર્વતિથિને વ્યવહારમાંથી કાઢી નાખીને તેની જગોએ પર્વતિથિને ગોઠવે છે.

## એ વર્ગના સ્પષ્ટીકરણમાં અવળી રીતે રજુ થયેલ પાઠ ૯ अ

**अथ तिथीनां हानौ वृद्धौ च का तिथि आराध्यत्वेन सम्मतेत्यपि दर्शयति**

### પાઠનો શુદ્ધ અર્થ

### પાઠ ૯ ब

હવે તિથિ (પર્વ તિથિ)ઓની હાનિ તથા વૃદ્ધિ વખતે કઇ તિથિ આરાધ્યપણે (પર્વ તિથિપણે) સમ્મત છે તે પણ દેખાડે છે.

## એ વર્ગના પાઠનું શુદ્ધ સ્પષ્ટીકરણ પાઠ-૯ क

આ પાઠમાં '**તિથીનાં**' પદ જ સામાન્ય તિથિ એટલે અનારાધ્ય તિથિ માટે તો નથી જ, એમ એ નવા વર્ગને પણ કબુલ કરવું પડશે. તેમ પ્રકરણ પણ ઉપરથી પર્વ તિથિનું ચાલેલું છે. માટે તિથિ શબ્દનો અર્થ પર્વતિથિ એમ કરવો જ પડશે. અને જ્યારે પર્વતિથિ એવો અર્થ કરવામાં આવે તો તે પર્વ તિથિની હાનિ-વૃદ્ધિ જૈન શાસ્ત્રકારોને અનિષ્ટ છે, એમ માનવું જ જોઇએ, અને તેથી શાસ્ત્રકારો કોઇ પણ પ્રકારે અષ્ટમીનો ક્ષય કે બે અષ્ટમી ટીપ્પણમાં હોય છતાં પણ કહેવા માનવા તૈયાર નથી એ ચોકખું જ છે. વળી પર્વ તિથિની હાનિ વખતે -કઇ તિથિ આરાધ્યપણે-પર્વ તિથિપણે સમ્મત છે, એટલું વાકય 'ઉપરની વાતને પુષ્ટ કરે છે. તે વાકય જણાવે છે કે-ટિપ્પણાની પર્વ તિથિની ક્ષય કે વૃદ્ધિ હોય ત્યારે પર્વ તિથિને અખંડ રાખવા કઇ તિથિને પર્વ તિથિપણે જાણવી? અર્થાત્-ટિપ્પણામાં પંચાંગની રીતિએ પર્વ તિથિની ક્ષય વૃદ્ધિ ભલે હોય પણ જૈનશાસ્ત્ર મુજબ આરાધનામાં તિથિ ઘટે વધે નહિ, માટે કઇ તિથિની વખતે પર્વ તિથિની સંજ્ઞા રાખવી? એ જ નક્કી કરવાનું છે. વળી વિશેષે કરીને વૃદ્ધિમાં કઇ તિથિ સમ્મત છે?' એ કહેવાની તો જરૂરજ નહોતી. કેમકે પર્વ તિથિની વૃદ્ધિ માનવાથી તો સર્વકાળ ઇષ્ટ હોવાથી પણ આ વાકય કોઇ પણ પ્રકારે આરાધનાની ન્યૂનતા કે અધિકતા ટાળવાને

માટે છે એમ માની શકાય જ નહિ. પરંતુ પર્વ તિથિની ન્યૂનતાને અધિકતાને ટાળવા આ વાક્ય છે એમ માની શકાય

વળી **'कस्यामाराधना'** ન લખતાં **आराध्यत्वेन** કહીને ઇત્થંભૂત લક્ષણની તૃતીયા જણાવીને પૂર્વની અપર્વ તિથિમાં આરાધ્યત્વની વ્યાપકતા જણાવવા સાથે તેમાં પર્વતિથિપણું દાખલ કરે છે, અને વૃદ્ધિની વખતે પહેલી અષ્ટમી આદિમાંથી આરાધ્યતાને એટલે પર્વ તિથિપણાને ખસેડી દે છે. જે બન્ને વસ્તુ વિધિ અને નિયમના બળે સ્હેજે થઈ શકે છે.

વળી **आराध्य** શબ્દનો અર્થ વિચારનાર **कयण** પ્રત્યય જોઈને જરૂર તે તિથિને આરાધના ક્રિયાનું એકલું કાર્ય ન માનતાં યોગ્ય એવું કર્મ જ માને, અને તેથી જ ક્ષયની વખતે પૂર્વ તિથિમાં અને વૃદ્ધિની વખતે માત્ર ઉત્તર તિથિમાં જ પર્વતિથિપણું રહે એ સિધિ વાત છે.

**એ વર્ગ તરફથી સ્પષ્ટીકરણમાં અવળી રીતે રજુ થયેલ પાઠ ૧૦-૧૧-૧૨-૧૩-૧૪ अ**

**"तिहिवाए पुव्वतिही अहिआए उत्तरा य गहिअव्वा । हीणंपी पक्खियं पुण न पमाणं पुण्णिमा दिवसे ॥४॥" "तिहिवाए [तिथिपाते–तिथिक्षये पूर्वैव तिथिर्ग्राह्या, अधिकायां च–वृद्धौ चोत्तरैव ग्राह्या, उपादेयेत्यर्थः,यदुक्तं–"क्षये पूर्वा तिथिर्ग्राह्या, वृद्धौ ग्राह्या तथोत्तरा । श्रीमद्वीरस्य निर्वाणं, ज्ञेयं लोकानुसारतः ॥१॥"**

**एतच्चावयोरपि सम्मतमेव ॥ [अथैवमङ्गीकृत्यापि कश्चिद् भ्रान्त्या स्वमतिमान्द्याच्चाष्टम्यादितिथिक्षये सप्तम्यादिरूपा प्राचीना तिथिः चतुर्दशीक्षये चोत्तरा पञ्चदशी ग्राह्येत्येवंरूपमर्धजरतीयन्यायमनुसरति तमेवाधिकृत्योत्तरार्द्धमाह–'हीनमपि'] ( क्षीणमपि पाक्षिकं–चतुर्दशीलक्षणं पूर्णिमायां प्रमाणं न कार्यं, तत्र तद्भोगगन्धस्याप्यसंभवात्,) [किन्तु त्रयोदश्यामेवेत्यर्थः,दृष्टान्तनिबद्धा युक्तयश्चात्र पुरो वक्ष्यन्ते इति । नन्वौदयिकतिथिस्वीकारान्यतिथितिरस्कारप्रवणयोरावयोः कथं त्रयोदश्या अपि चतुर्दशीत्वेन स्वीकारो युक्त इति चेत्, सत्यं, तत्र त्रयोदशीति–व्यपदेशस्याप्यसंभवात्, किन्तु प्रायश्चित्तादिविधौ चतुर्दश्येवेति व्यपदिश्यमानत्वात्, यदुक्तं–**

**संवच्छरचउमासे पक्खेअट्ठाहियासु य तिहीसु। ताओ पमाणं भणिआ जाओ सूरो उदयमेइ ॥१॥[**

**"अह जइ कहवि न लब्भंति ताओ सूरुग्गमेण जुत्ताओ । ता अवरविद्ध अवरावि हुज्ज नहु पुव्व तव्विद्धा ॥२॥" "न च प्राक् चतुर्दश्येवेत्युक्तम्, अत्र तु 'अवरावी'त्यनेन अपि शब्दादन्य संज्ञाऽपि गृह्यते, तत्कथं न विरोध इति वाच्यं, प्रायश्चित्तादिविधावित्युक्तत्वात्, गौणमुख्यभेदात् मुख्यतया चतुर्दश्या [एव] व्यपदेशो युक्त इत्यभिप्रायेणोक्तत्वाद्वा"**

**પાઠનો શુદ્ધ અર્થ व**

**પાઠ ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪,**

તિથિના ક્ષયની વખતે પૂર્વની તિથિ અને (તિથિની) અધિકતાની વખતે ઉત્તર તિથિ ગ્રહણ

કરવી. ક્ષીણ એવી પકખી (ચૌદશ) પૂનમને દિવસે પ્રમાણ ન કરવી.

તિથિનો પાત એટલે તિથિનો ક્ષય હોય ત્યારે પૂર્વની જ તિથિ ગ્રહણ કરવી. અને અધિકતામાં એટલે વૃદ્ધિમાં ઉત્તર જ ગ્રહણ કરવી. આરાધ્યપણે લેવી. એમ અર્થ છે જે માટે કહ્યું છે કે–"(પર્વ તિથિ)નો ક્ષય હોય ત્યારે પૂર્વની તિથિ (પર્વતિથિપણે) ગ્રહણ કરવી. અને પર્વતિથિની વૃદ્ધિ હોય ત્યારે તે ઉત્તર તિથિને જ (પર્વતિથિપણે) ગ્રહણ કરવી; અને શ્રી વીરભગવાનનું નિર્વાણ તો લોકને અનુસાર જાણવું (૧)"

આ તો આપણે બન્નેને સમ્મતજ છે.

[હવે આ પ્રમાણે અંગીકાર કરીને પણ કોઇક ભ્રમથી કે પોતાની બુદ્ધિમન્દતાથી અષ્ટમી આદિ (પર્વ) તિથિના ક્ષયે તો સાતમ વિગેરે પહેલાની તિથિઓને (આઠમ વિગેરે પર્વ તિથિપણે લે) અને ચૌદશના ક્ષયની વખતે ઉત્તર એવી પૂનમ ગ્રહણ કરે એમ અર્ધજરતીય ન્યાયને અનુસરે છે, તેવાને આશ્રીને ઉત્તરાર્ધ કહે છે–ક્ષીણ એવી પણ]

ક્ષીણ એવી પણ પકખી (ચૌદશ)ને પૂનમે પ્રમાણ ન કરવી ત્યાં (પૂનમ દિવસે) તે (ચૌદશ)ના ભોગની ગંધનો પણ અસંભવ હોવાથી [પરંતુ તેરસને દિવસે જ (કરવી) એ પ્રમાણે અર્થ છે. દષ્ટાન્ત સાથે યુક્તિઓ હવે આગળ કહેવાશે.

ઉદયવાળી તિથિનો સ્વીકાર અને અન્ય તિથિનો તિરસ્કાર માનવામાં તત્પર આપણે બન્નેને તેરસનો ચૌદશપણે સ્વીકાર કેવી રીતે યુક્ત છે?

(આ પ્રમાણે કોઇ શંકા કરે તો તેના સમાધાન માટે કહે છે કે) (આ પ્રમાણે કહે છે તે) સાચું છે, ત્યાં (ટીપણાની તેરશે) તેરશ એવા વ્યપદેશનો પણ અસંભવ હોવાથી, (અને) પ્રાયશ્ચિત આદિ વિધિમાં 'ચૌદશ' એ પ્રમાણે વ્યપદેશ કરાતો હોવાથી જે માટે કહ્યું છે કે સંવત્સરી, ચોમાસી પકખી અને અઠ્ઠાઈ વિગેરે તિથિઓમાં તે તિથિઓ પ્રમાણ ગણવી કે જે તિથિઓને સૂર્યોદય સ્પર્શે છે.]

જો કદાપી સૂર્યોદયથી યુક્ત તે તિથિઓ ન મલે તો ક્ષીણ (ચતુર્દશી આદિ) પર્વતિથિ જ વિંધાયેલી પણ ચૌદશ વિગેરે પણ પર્વતિથિ લેવી. પર્વ તિથિથી વિંધાયેલી પૂર્વા એટલે પહેલાંની અપર્વ તિથિ કહેવાય જ નહિં.

પહેલા ચૌદશ જ કહેવાય એમ કહ્યું, અને હવે અહિં પણ શબ્દવડે અન્ય સંજ્ઞા પણ ગ્રહણ કરાય એમ કહેશો તો કેમ વિરોધ નહિ આવે? (કારણ કે આગળ પર્વતિથિના ક્ષયે પૂર્વની અપર્વ તિથિના વ્યપદેશને ઉડાડી કેવળ પર્વતિથિપણે જ વ્યપદેશ કરવો તેમ જણાવ્યું અને અહિં 'અપિ' શબ્દથી અન્ય વ્યપદેશ પણ થાય તેનો શું વાંધો નહિ આવે? તો શાસ્ત્રકાર કહે છે કે–એમ નહિ.)

પ્રાયશ્ચિત્તાદિ વિધિમાં ચતુષ્પર્વીમાં નિશ્ચયે (ચતુર્દશીની જ સંજ્ઞા થાય તેમજ ગૌણ મુખ્ય ભેદથી મુખ્યપણાએ ચતુર્દશીનો જ વ્યપદેશ

યોગ્ય છે, એ પ્રમાણે અભિપ્રાય જણાવેલો હોવાથી.

આ પાઠોમાં વચમાં વચમાં પ્રસ્તુત ચર્ચામાં ઉપયોગી છતાં પણ [કૌંસમાં લખેલા પાઠો, એ વર્ગે જાણી જોઈને છોડી દીધા છે.

## પાઠ ૧૦ થી ૧૪ નું શુદ્ધ સ્પષ્ટીકરણ
### ब–क

આ આખા પાઠને સળંગ રીતે વાંચનાર મનુષ્ય એમ કબુલ કર્યા સિવાય રહી શકેજ નહિ કે–પર્વતિતિથિની હાનિ કે વૃદ્ધિ ટીપણામાં હોય ત્યારે તેનાથી પૂર્વ અપર્વ તિથિની હાનિવૃદ્ધિ કરવી જ જોઈએ.

આ આખો પાઠ ઉદયવાળી તેરશને પણ તેરશ કહેવાની મનાઇ સિદ્ધ કરનારો છે. અને ઉદય વગરની ચૌદશને ટીપણાની તેરશ છતાં પણ તે આખો દિવસ ચૌદશજ છે એમ કહેવાનું સાબીત કરનારો છે. અને એ રીતે જ્યારે પર્વ તિથિના ક્ષયની અનિષ્ટતા ટાળવા માટે અને પર્વતિથિના પરિસંખ્યાનના રક્ષણ માટે ઉદયવાલી પણ પૂર્વની અપર્વતિથિને એ અપર્વતિથિરૂપે કહેવાનું નિષેધે છે, તો પછી પર્વતિથિની ટીપણામાં વૃદ્ધિ હોય ત્યારે પણ પર્વતિથિની પરિસંખ્યાનનું રક્ષણ કરવાની જરૂર જ હોવાથી પહેલી તિથિમાંથી પર્વ તિથિપણું કાઢી નાખવુંજ પડે.

એ વર્ગ તરફથી આ ખંડીત કરીને આપવામાં આવેલા પાઠ ઉપરથી સ્પષ્ટપણે સમજુ માણસ સમજી શકે કે–તે વર્ગની દાનત આવી રીતે પાઠ રજુ કરીને સાચી વાત છૂપાવવી અને ટુકડા ટુકડા રજુ કરવા વડે ભ્રમ ઉત્પન્ન કરવો એ તેમનો આશય દેખીતો જણાય છે.

આ આખો પાઠ સમજનાર મનુષ્ય સ્હેજે સમજી શકે કે આ પાઠ શ્રી દેવસૂર સંઘની જે સામાચારી પર્વ કે પર્વાનન્તર પર્વતિથિની હાનિ–વૃદ્ધિ વખતે પૂર્વ કે પૂર્વતર અપર્વતિથિની હાનિવૃદ્ધિ કરવાનું પ્રતિપાદન કરે છે તે સત્ય જ છે, તેમ જણાવે છે. ૧૯૯૧થી નવો નીકળેલો એ વર્ગ જેવી રીતે શ્રી દેવસૂરસંઘની સમાચારીને ઉઠાવનારો બન્યો છે, તેવી રીતે આ પાઠો રજુ કરવામાં પણ આ ગ્રન્થના વચલા વચલા ભાગને જાણી જોઈને છોડી દઈ ગ્રંથકારના આશયને લોપવા પ્રયત્ન કરનાર બન્યો છે. આથી 'તત્વ તરંગિણી' ગાથા ૪ અને તેની ટીકાના સળંગ ભાગને વાંચનારો મનુષ્ય કોઇ દિવસ પણ આ નવા વર્ગની સત્યતાને જાણ્યા માન્યા અને કહ્યા સિવાય રહી શકેજ નહિં.

વળી પાઠ ૧૩ ના **अथ यदि कथमपि०** અંગે લખવાનું કે–આખી તત્વતરંગિણીને જોનારો મનુષ્ય જોઈ શકે છે કે—ગ્રંથકારે પોતાની ગાથાનું વિવરણ કરતાં 'સ્પષ્ટ હોય' તો તે ગાથાને **'स्पष्टा'** તરીકે જણાવી છે. પરંતુ સાક્ષીના કોઇપણ ગદ્ય કે પદ્ય પાઠને સ્પષ્ટ તરીકે જણાવેલો જ નથી. તે સાક્ષીરૂપ ગદ્ય પદ્ય પાઠોની ટીકા પણ પોતે કરેલી હોતી જ નથી. એટલે તે વર્ગે તેરમા નંબરમાં આપેલું કથન એ ગ્રન્થકારનું નહિ પરંતુ કોઈકે ટીપ્પણીમાં લખેલું છતાં કોઇક પ્રતમાં પેસી ગયેલું છે.

એથી એ પાઠ ઉપેક્ષણીય છે. ને તે ગ્રન્થની બહાર હોવાથી ગ્રંથના નામે લઇ શકાય નહિ. જેથી મુદ્રિત પ્રતમાં તે ટીપ્પણી નથી.

વળી તે ટીપ્પણીકારે અન્વય અને વ્યતિરેક તરીકે વ્યાખ્યા કરવાનું જણાવ્યું છે. પરંતુ અન્વય–વ્યતિરેક બંન્ને ઠેકાણે 'અપિ' શબ્દ જણાવ્યા છે; તેથી અન્વય કે વ્યતિરેક એકેય વ્યવસ્થિત થતો નથી.

વળી ગ્રંથકારે જે બે બાબતમાં સાક્ષી આપવા માગી છે તે બન્ને બાબતો ટીપ્પણમાં અસ્ત-વ્યસ્ત થઇ ગઇ છે. તેમજ એ ગાથા પર વિરોધનું ઉત્પાદન ગ્રન્થકારે જુદું કર્યું છે, ને તેનું સમાધાન આપ્યું છે. તેથી જો તે ટીપ્પણી ગ્રંથકારની પોતાની હોત તો તેમ બનત નહિ. વળી વિરોધનું ઉદ્‌ભાવન સાક્ષીની સંપૂર્ણતા પછી કર્યું છે, એટલે આ કથન જો ગ્રંથકારનું હોત તો તે **'अपि'** વિગેરે શબ્દની સાથે જ વિરોધનું ઉદ્‌ભાવન કરત.

એટલું છતાં પણ તે ટિપ્પણીનું વક્તવ્ય પણ શાસ્ત્રકારોએ વિરોધનો પરિહાર કરતાં જડમૂળથી ઉખેડી નાંખેલું છે. અને સ્પષ્ટ કહેલું છે કે–ચૌદશનો ક્ષય હોય ત્યારે પ્રાયશ્ચિત્તાદિ વિધિમાં ચૌદશ જ કહેવી. અને જગતમાં વ્યપદેશ મુખ્યપણાની અપેક્ષાએ થાય છે, માટે તે દિવસે ચૌદશનોજ વ્યપદેશ કરવો યોગ્ય છે, એમ ત્યાં સ્પષ્ટ કહેલું છે. એટલે કહેવું જોઇએ કે પ્રાયશ્ચિત્તાદિ વિધિમાં તેરશ કહેવાનો શાસ્ત્રકાર સર્વથા નિષેધ જ કરે, પરંતુ પ્રાયશ્ચિત્તાદિ વિધિ સિવાય પણ સંઘ આખામાં ચૌદશજ કહેવાય એમ નિશ્ચય પૂર્વક જણાવે છે એટલે આ નવો વર્ગ જો તેરસ માનીને ચૌદશની આરાધના કરાવવા માગે છે અર્થાત્ આખો દિવસ ચૌદશ માનવા તૈયાર નથી, તેવા મન્તવ્યનો તો આ પાઠ જડમૂળથી નાશજ કરે છે. ઉલટો એ પાઠ તો શ્રી દેવસૂર સંઘની જે સમાચારી છે, કે ટીપ્પણામાં પર્વ કે પર્વાનન્તર પર્વ તિથિની હાનિ વૃદ્ધિ હોય ત્યારે તેનાથી પૂર્વ કે પૂર્વતર અપર્વતિથિની હાનિ વૃદ્ધિ કરવી' સંપૂર્ણપણે સત્ય ઠરાવવા શાસ્ત્રાનુસારિણી ઠરાવે છે.

પાઠ–૧૦ ખરતર ગચ્છવાળાઓ ચૌદશના ક્ષયે પૂનમે પાક્ષિક કરે છે, તેને લઇને કહેવામાં આવ્યો છે, ત્યાં જણાવવામાં આવ્યું છે કે–પર્વતિથિ ક્ષય હોય ત્યારે પૂર્વની અપર્વતિથિ ખસેડીને તેને પર્વતિથિપણે કરવી. અધિક હોય ત્યારે ઉત્તરાને પર્વતિથિ તરીકે રાખવી. ને આમ થતું હોવાથી ચૌદશના ક્ષયે પૂનમે ચૌદશની આરાધના કે માન્યતા પ્રમાણિક નથી, તેને અંગે આ પાઠ અને ચર્ચા છે.

પાઠ ૧૧ પર્વતિથિના ક્ષયે પૂર્વતિથિને પર્વ-તિથિપણે ગ્રહણ કરવી વિગેરેમાં અહિં 'ગ્રાહ્ય.' એવા સાધારણ શબ્દનો અર્થ **'उपादेया'** એમ શાસ્ત્રકારે કર્યો, ને તે પછી **इत्यर्थः** કહીને **ग्राह्या** શબ્દનો અર્થ 'પર્વતિથિ આદરપૂર્વક લેવી' એમ જણાવ્યું. આથી અપર્વતિથિને પર્વસંજ્ઞા આપીને પર્વપણે લેવા માટે **'उपादेया'** જેવો આકરો શબ્દ શાસ્ત્રકારને લેવો પડયો છે. તેમજ **क्षये पूर्वा०** પૂર્વાર્ધ અને **श्रीमद्वीरस्य निर्वाणं** ઉત્તરાર્ધ-ને વિચારનાર મનુષ્ય સ્હેજે સમજી શકે કે—

આ પૂર્વાર્ધ પર્વતિથિની પરિસંખ્યાના નિયમને જાળવવા માટે જ છે. કારણ કે ઉત્તરાર્ધમાં 'મહાવીર ભગવંતનું નિર્વાણ લોકને અનુસરી જાણવું' એમ જે કહ્યું છે તેથી સિદ્ધ થાય છે કે–

જો લોકે માનેલા ચંડાશુચંડુ પંચાંગના આધારે પર્વતિથિની હાનિ–વૃદ્ધિ થતી હોત તો આ શ્લોકનો ઉત્તરાર્દ્ધ કહેવો પડતજ નહિં. અને જો લોક પ્રમાણે પર્વ ક્ષય–વૃદ્ધિ માન્ય હોત, તો લોકને અનુસરીને એ પદ પણ પ્રથમ પૂર્વાર્દ્ધમાં લખત. પણ તેમ નહિં હોવાથી પૂર્વાર્દ્ધ જૈનસંસ્કાર મુજબ પર્વતિથિની વ્યવસ્થા માટે છે; ને ઉત્તરાર્ધમાં લોક પ્રમાણે કરવું તેમ જણાવ્યું છે.

પાઠ ૧૧ પછી [**अथैवमङ्गी कृतमपि उदइमेइ**] ત્યાં સુધીના કૌંસનો ભાગ પ્રસ્તુત ચર્ચામાં ઉપયોગી છતાં જાણીબુજીને ઉડાડી દેવામાં આવ્યો છે, કારણ કે તેમાં એ વર્ગને **त्रयोदशी व्यपदेशस्याऽप्य संभवात् 'चतुर्दश्येवेति व्यपदिश्यमानत्वात्'** વિગેરે શબ્દો પોતાને જ ઘાતક છે. આ શબ્દો સ્પષ્ટ સિદ્ધ કરે છે કે—પર્વતિથિ ચૌદશના ક્ષયે ટીપ્પણાની તેરશે તેરશનો વ્યપદેશ પણ સંભવતો નથી. તેમજ ટીપણાની તેરશ ચૌદશપણેજ વ્યપદેશ પામે છે. આથી ૧૪ ના ક્ષયે ૧૩-૧૪ માનનાર અને ૧૩ માની ચૌદશ આદરનાર તેઓએ ચર્ચામાં 'તત્ત્વતરંગિણી' માનેલ હોવા છતાં તત્વતરંગિણીનો પાઠ જ્યાં પોતાને બાધક લાગ્યો ત્યાં તેઓ ઓળવવા અચકાયા નથી.

આ પછી પાઠ ૧૨–૧૩ કે જે તેમણે પોતાના પુરાવામાં રજૂ કર્યા છે, તે પણ તેમને બાધક છે. કારણ કે તે પાઠો પણ સ્પષ્ટ જણાવે છે કે–

પર્વતિથિના ક્ષયે પૂર્વની અપર્વતિથિને ખસેડીને તે દિવસે પર્વતિથિપણે વ્યપદેશ કરવો. વળી પાઠ ૧૪માં દુઃખદાયક વસ્તુસ્થિતિ એ છે કે–તમામ પ્રતોમાં '**चतुर्दश्या एव व्यपदेशो युक्तः** આમ સાફ પાઠ હોવા છતાં **चतुर्दश्या व्यपदेशो युक्तः** એમ લખીને શાસ્ત્ર પાઠોમાં **एव** શબ્દ ઉડાવી દીધો છે '

પોતાની માન્યતા માટે આવો અણઘટતો પ્રયત્ન કરવો વ્યાજબી નથી. '**एवकार**' રાખવાથી તો સ્પષ્ટ સિદ્ધ થાય છે કે—ચતુર્દશીના ક્ષયે ટીપ્પણાની તેરશે ચૌદશનો જ વ્યપદેશ કરવો ને તેમ સિદ્ધ થતાં આખી તેમની માન્યતા તેજ પાઠથી પડી ભાંગે છે.

**૧૫–૧૬–૧૭–૧૮ પાઠ अ**

**वृद्धौ कार्या तथोत्तरा** અગર **वृद्धौ ग्राह्या तथोत्तरा**

**अथ च वृद्धौ या तिथिराराध्या तामाह—**

**"संपुण्णत्ति अ काउं वुड्ढिए घिप्पइ न पुव्व तिहि। जं जा जंमि हु दिवसे समप्पइ सा पमाणंति ॥१७॥**

**प्रकरणात् तिथेर्वृद्धौ सत्यामपि, चोऽप्यर्थे ज्ञेयः, अद्य संपूर्णा तिथिरिति भ्रान्त्या कृत्वाऽऽराध्यत्वेन पूर्वा तिथिर्न गृह्यते, किन्तूत्तरैव, यतः किमिदं तिथेर्वृद्धत्वं नाम ?,**

**प्राप्तद्विगुणस्वरूपत्वं वा प्राप्ताधिकसूर्योदयत्वं वा प्राप्तसूर्योदयद्वयत्वं वा द्वितीयसूर्योदयम-**

वाप्य समाप्तत्वं वा? आद्योऽसंभवी, एकादिन्यूनाधिकर्विंशत्युत्तरशतसाध्यारिकामानप्रसंगात्, शेषेषु त्रिष्वपि विकल्पेषु शेषतिथ्यपेक्षयैकस्यामेव तिथौ एकादिघटिकाभिराधिक्यमसूचि, तथा च यं सूर्योदयमवाप्य समाप्यते या तिथिः स एव सूर्योदयस्तस्यास्तिथेः प्रमाणं, शेषतिथिनामिव, प्रयोगस्तु–प्राप्तसूर्योदयद्वयलक्षणायास्तिथेः समाप्तिसूचक उदयः प्रमाणं, विवक्षितवस्तु समाप्तिसूचकत्वात्, यथा शेषतिथिनामुदयः, व्यतिरेके गगनकुसुमम्, अथ तिथीनां वृद्धौ हानौ च का तिथिः स्वीकार्येत्यत्रोभयोः साधारणं लक्षणमुत्तरार्द्धेनाह–'जं जा जंमि'त्ति यद्–यस्माद् यातिथिर्यस्मिन्–आदित्यादिवारलक्षणदिवसे समाप्यते स एव दिवसो–वारलक्षणः प्रमाणमिति–तत्तिथित्वेनैव स्वीकार्यः, अत्र तु एवकारार्थे ज्ञातव्य इत्यर्थः अत एव 'क्षये पूर्वा तिथिर्ग्राह्या' तस्मिन्नेव दिवसे [द्वयोरपि समाप्तत्वेन तस्या अपि समाप्तत्वात्, एतत्संवादकं च 'तिहिवाए पुव्वतिहीत्ति गाथा व्याख्यावसरे प्रपंचितमिति गाथार्थः ॥" ]

## ૧૫, ૧૬, ૧૭, ૧૮ પાઠનો શુદ્ધ અર્થ

**વ.**

(પર્વતિથિની) વૃદ્ધિ વખતે બીજી તિથિ (પર્વ તિથિ પણે) કરવી. એટલે ગ્રહણ કરવી. (ટીપ્પણુમાં પર્વ તિથિની) વૃદ્ધિ હોય ત્યારે જે તિથિ આરાધન લાયક (બને) તેને કહે છે.

સંપૂર્ણ છે એ હેતુથી વૃદ્ધિમાં પહેલી તિથિ ગ્રહણ ન કરવી. જે માટે જે તિથિ જે દિવસે સમાપ્ત થાય તે (તમારા હિસાબે) પ્રમાણ કરવી (૧૭)

પ્રકરણથી તિથિની વૃદ્ધિ છતાં પણ આજ સંપૂર્ણ તિથિ છે એવી ભ્રાન્તિવડે કરીને આરાધ્યપણે પહેલાની તિથિ ન લેવી. પરંતુ બીજીજ લેવી. જે માટે તિથિનું વધવું એ શું?

શું બેવડી તિથિ થાય છે તે? સૂર્યોદયની અધિકતા થાય છે તે? બે સૂર્યોદય યુક્તપણું થાય છે તે? કે બીજા સૂર્યોદયને પામીનેજ સમાપ્તપણું થાય છે તેજ?

આ ચાર વિકલ્પોમાંથી કયા પ્રકારે તિથિનું વૃદ્ધિપણું માનો છો?

( એમ ખરતર ગચ્છવાળાને પૂછે છે )

આદ્ય વિકલ્પ સંભવતો નથી કંઈક ન્યૂન ૧૨૦ ઘડી જેટલી તિથિનો પ્રસંગ હોવાથી (તે બને નહિ) માટે પહેલો વિકલ્પ અસંભવિત છે. બાકીના ત્રણ વિકલ્પોમાંથી બાકીની તિથિની અપેક્ષાએ એકજ તિથિમાં એક આદિ ઘડીથી અધિકતા જણાય. એટલે જે સૂર્યોદયને પામીને તિથિ સમાપ્ત થાય તેજ સૂર્યોદય તે તિથિના (વ્યવહારમાં) પ્રમાણ ગણાય.

જેમ બાકીની તિથિઓ (જે સૂર્યોદયને પામીને સમાપ્ત થાય છે ને સૂર્યોદય તે તિથિને (ચોવીસે કલાક) જણાવનાર હોય જે).

અનુમાન પ્રમાણનો પ્રયોગ એવી રીતે છે કે–બે સૂર્યોદયને પામેલી તિથિની સમાપ્તિ જણાવનાર એવો સૂર્યનો ઉદય તે પ્રમાણ ગણાય. ઈષ્ટ વસ્તુની સમાપ્તિ સૂચવનાર છે, માટે જેમ

બાકીની તિથિઓનો ઉદય. (સમાપ્તિને સૂચક હોય તેજ પ્રમાણ ગણાય છે) ઉલટા રૂપે આકાશનું પુષ્પ તે સમાપ્તિ સૂચક શુન્ય છે. તેથી પ્રમાણ પણ નથી.

હવે તિથિની વૃદ્ધિ અને હાનિ હોય ત્યારે કઈ તિથિ લેવી ? એ વાતમાં બન્ને વસ્તુનું સાધારણ લક્ષણ ઉત્તરાર્ધથી કહે છે જે માટે જે તિથિ સૂર્યાદિવાર લક્ષણ જે દિવસે સમાપ્ત થાય તે દિવસ તે તિથિપણેજ માનવો.

આટલાજ માટે **क्षये पूर्वा तिथिः कार्या०** પ્રઘોષ ચાલે છે. તેજ દિવસે બન્ને પણ તિથિઓનું સમાપ્તિપણું હોવાથી તે ઉત્તર તિથિનું પણ સમાપ્તપણું છે. આજ વાતને મળતી હકીકત **तिथिवाए पुव्वतिही**' એ ગાથાની વ્યાખ્યા વખતે જણાવેલી છે.

## ૧૫, ૧૬, ૧૭, ૧૮ એ વર્ગના પાઠના અર્થનું શુદ્ધ સ્પષ્ટીકરણ क.

શ્રી જૈન શાસનનું ગણિત અને પ્રાચીન જ્યોતિષ ગણિત પ્રમાણે તિથિનું માન એક સરખી રીતે કંઈ અધિક પ૯ ઘડીનુંજ માનતા હતા. અને તેથી કોઈ વખત પણ તિથિની વૃદ્ધિ આવતી જ ન હતી.

એજ કારણથી જેમ પર્વતિથિની હાનિની વખતે પહેલાની તિથિને ક્ષીણ એવી પર્વતિથિની સંજ્ઞા આપવી જોઈએ. અને પર્વતિથિની સંજ્ઞા આપીને તે પ્રમાણે આરાધવી જોઈએ.

આ વિષયમાં જેમ શ્રીઆચાર દશાચૂર્ણિ અને આચાર પ્રકલ્પચૂર્ણિના પાઠથી યુગના અંતમાં બીજા આષાઢની પૂનમનો ક્ષય હોવા છતાં તે દિવસને ચોમાસી પૂનમ તરીકે જણાવેલો છે. એમ જણાવીને પર્વતિથિના ક્ષયની વખતે પૂર્વની અપર્વતિથિની સંજ્ઞા ન રખાય પણ પર્વતિથિની સંજ્ઞા રાખીને જ આરાધાય. એ વસ્તુ જેમ પંચાંગી પ્રમાણથી સાબીત કરવામાં આવી છે તેવી રીતે તિથિવૃદ્ધિ જૈન ગણિતથી હતી જ નહિ. એટલે વૃદ્ધિની ચર્ચામાં પંચાંગીનો પાઠ ન આપી શકાય એ તો સ્વાભાવિક છે. જો કે ક્ષયને અંગે જણાવેલી રિતીને માનનારો મનુષ્ય તો જરૂર માની શકે કે-ક્ષયવૃદ્ધિના પ્રસંગ સિવાય જ ઉદયની તિથિ મનાય, પરંતુ ક્ષયવૃદ્ધિના પ્રસંગમાં ઉદયની તિથિ માનવાની વાત અપોહિત (બાધિત)જ થાય છે. છતાં કઇ સદીઓથી લૌકિક પંચાંગને સંસ્કાર પૂર્વક લેવાનું રાખેલું હોવાથી અને તેમાં અપર્વ કે પર્વતિથિની વૃદ્ધિ આવતી હોવાથી વૃદ્ધિની વખતે કઈ તિથિ લેવી ? એ ચર્ચા શાસ્ત્રપાઠના ઐદંપર્યને નહિ સમજનારા માટે જરૂર રહે.

એક વાત જરૂર ધ્યાનમાં રાખવાની છે કે-શ્રીતપગચ્છવાળાઓ ફરજિયાત પર્વતિથિએ કરાતી પૌષધાદિની આરાધનાને પરિગણિત માનતા નથી.

પરંતુ તે આરાધનાની સર્વ કાળ કર્તવ્યતા માને છે. એટલે તેઓને પર્વતિથિની વૃદ્ધિ થતાં આરાધનાની વૃદ્ધિ થાય એ અનિષ્ટ નથી. કેમકે તેઓ **सव्वेसु कालपव्वेसु०** વિગેરે શ્રી આવશ્યક ચૂર્ણિ વિગેરેના વાકયોને અનુસરીને સર્વ અહોરાત્ર અગર સર્વ તિથિઓ પૌષધઆદિ આરા-

માનેલ અષ્ટે લાયક જ છે. એ માને છે. પરંતુ અષ્ટમી–ચતુર્દશી પૂર્ણિમા અને અમાવાસ્યાએ ચાર પર્વતિથિઓને ફરજિયાત પર્વતિથિ તરીકે ગણે છે. અર્થાત્ વ્રતધારી શ્રાવકે આ અષ્ટમી આદિ ચાર દિવસોએ જરૂર જ પૌષધ કરવો જોઇએ. અને જો તે અષ્ટમી આદિનો પૌષધ ન થયો હોય તો વ્રતધારીને અતિચાર (દૂષણો) લાગે છે એમ માને છે. અને તેથી જ આ અષ્ટમી વિગેરે પર્વતિથિઓ ફરજિયાત પર્વ તિથિઓ છે.

આ જ કારણથી અષ્ટમી આદિ ચાર તિથિઓની હાનિ કે વૃદ્ધિ શાસનને પાલવે નહિ તે સ્વાભાવિક છે.

આ કારણથી પર્વતિથિની હાનિને વખતે જેમ પૂર્વની અપર્વ તિથિની સંજ્ઞા ખસેડવાપૂર્વક પર્વ તિથિની સંજ્ઞા કાયમ કરી, તેવી રીતે વૃદ્ધિની વખતે પણ પરિગણિતપણાના બચાવને માટે એક જ ફરજિયાત તિથિ રાખવી પડે.

ટીપણામાં આવેલી પર્વતિથિની વૃદ્ધિ વખતે શ્રી તપાગચ્છવાળાઓ જ્યારે બીજા દિવસની તિથિને જ પર્વતિથિ તરીકે કહીને આરાધવાનું જણાવે છે. ત્યારે ખરતરગચ્છવાળાઓ તેવા વખતે પહેલા દિવસની તિથિ સંપૂર્ણ છે, એમ કહીને તેને આરાધવાનું જણાવે છે.

આવી રીતે વૃદ્ધિના પ્રસંગમાં શ્રી 'તત્ત્વ તરંગિણી'માં અને શ્રી 'પ્રવચન પરિક્ષા'માં દિન અગર માસની વૃદ્ધિને અંગે સંપૂર્ણપણાને લીધે કે ભોગની અધિકતાને લીધે જે દૂષણો કે સાધનો ખરતરગચ્છવાળાઓને અંગે લેવા દેવામાં આવ્યા છે, તે માત્ર ખરતરગચ્છવાળાના પ્રતિબંધી તરીકે છે એટલું જ નહિ પરંતુ શાસ્ત્રકાર અને શ્રી તપાગચ્છવાળાઓએ તો તિથિની સંજ્ઞા રાખવામાં ત્રણ વસ્તુ માન્ય રાખી છે.

(૧) પર્વતિથિની હાનિ–વૃદ્ધિ ન હોય ત્યારે ઉદયને ફરસનારી તિથિ પ્રમાણ ગણવી એટલે ચોવીસે કલાક તે તિથિ લેવી.

(૨) પર્વતિથિનો જ્યારે પણ ક્ષય આવે ત્યારે તે પર્વતિથિ ઉદયવાળી ન હોય અને તેથી તે વખતે તેનાથી પહેલાંની અપર્વ તિથિનું નામ પણ ન લેવું. પરંતુ ચોવીસે કલાક એટલે આખા અહોરાત્રમાં ક્ષીણ એવી પર્વતિથિની સંજ્ઞા રાખવી.

(૩) ટીપણામાં જ્યારે પર્વતિથિની વૃદ્ધિ હોય ત્યારે બીજા દિવસના ઉદયને જ પ્રમાણ ગણીને તે બીજા દિવસની તિથિને જ ઔદયિકી ગણવી અને તે પર્વ તિથિની સંજ્ઞા તે બીજા દિવસને જ આપવી.

(પર્વતિથિના ક્ષયની વખતે જેમ ઉદયવાળી અપર્વ તિથિ છતાં તેની સંજ્ઞા ફરે છે, તેમ અધિક ઉદયને વખતે પહેલા ઉદયને અપ્રમાણ ગણવાથી તે ઉદયની–અપેક્ષાએ તે અહોરાત્રને તે તે પર્વતિથિની સંજ્ઞા મળી શકતી નથી.)

નવોવર્ગ અધિક માસની સાથે અધિક તિથિને સર્વથા સરખાવટમાં લેવા માંગે છે; પરંતુ તેણે વિચારવું જોઈએ કે–માસની વૃદ્ધિ સંક્રાન્તીના ઉદયના અભાવને અંગે છે, જ્યારે તિથિની

વૃદ્ધિ ઉદયની અધિકતાને લીધે છે.

વળી માસની વૃદ્ધિ જૈન અને જૈનેતર પ્રાચીન અને અર્વાચીન એવા સર્વ ગણિતોથી મનાયેલી છે, જ્યારે પર્વતિથિની વૃદ્ધિ, એ માત્ર અર્વાચીનજ છે.

ઉપર જણાવેલા વસ્તુ તત્વને નહિ સમજતાં જેઓ શ્રી દેવસૂર તપગચ્છમાં હોઈને પોતાની કલ્પનાથી તેની સમાચારીનો લોપ કરે છે. અને પ્રતિબંધી વસ્તુતત્ત્વને ન સમજતાં શબ્દ માત્રને આગળ કરે છે, તેઓએ નીચેના મુદ્દા જરૂર વિચારવા જોઈએ.

૧. સમાપ્તિવાળોજ સૂર્યોદય પ્રમાણ કરવામાં પર્વથી અનન્તર અપર્વતિથિનો ક્ષય હોય ત્યારે પર્વતિથિની સમાપ્તિવાળો સૂર્યોદય નથી, એટલે શું તે પર્વનો સૂર્યોદય અપ્રમાણ ગણે ? અર્થાત્ તે દિવસે પર્વતિથિ ન માને ?

૨. નવમી આદિના ક્ષયની વખતે નવમી આદિની સમાપ્તિ અને ભોગની અધિકતા આઠમના સૂર્યોદયવાળા દિવસે હોય છે તો શું આઠમ નહિ માનતાં નોમ માનશે ?

૩. ચૌમાસી ચૌદશ કે ભાદરવા શુદિ ચોથ જેવી અવધિવાળી તિથિનો ક્ષય હોય ત્યારે તેનાથી પહેલા એટલે તેરશ અને ત્રીજના દિવસે તેરશ અને ત્રીજ જ સમાપ્તિયુક્ત ઉદય વાળી છે એટલે તે તે દિવસે તેરશ અને ત્રીજ માનીને ચોમાસી અને સંવચ્છરી કરવા પડશે ? અને તેમ કરતાં ૫૦, ૭૦, અને ૧૨૦ દિવસની શાસ્ત્રકારોએ જણાવેલી મર્યાદાને ઉલ્લંઘન કરનાર થવું પડશે ? અને તે પ્રમાણ થશે ?

જૈન શાસ્ત્ર કે પ્રાચીન ગણિતની અપેક્ષાએ તિથિની વૃદ્ધિ થતી ન હતી, અને લૌકિક પંચાંગ આચાર્યોએ આધાર તરીકે લીધાં તેમાં તિથિની વૃદ્ધિ આવવા લાગી એટલેજ મુળ શાસ્ત્રોની અપેક્ષાએ પર્વતિથિની વૃદ્ધિ વખતે બીજી તિથિનેજ પર્વતિથિ તરીકે કહેવી અને માનવી એનો ખુલાસો નથી. જો એમજ છે તો આચાર્યોએ તે બીજી તિથિને કયા મુદ્દાથી કબુલ કરી ? એવી શંકાના સમાધાનમાં એમ કહી શકાય કે મૂળ શાસ્ત્રોમાં પર્વતિથિની વૃદ્ધિજ ન માનેલી હોવાથી તેનું સાક્ષાત વિધાન ન હોય એ સ્વાભાવિક છે, પરંતુ જ્ઞાપકથી તે વાત સિદ્ધ થઇ શકે છે તે જ્ઞાપકો નીચે મુજબ —:

૧ મૂળ શાસ્ત્રો પ્રમાણે યુગના અન્તે અષાઢની વૃદ્ધિ આવતી હતી અને તેમાં બીજા અષાડના છેલ્લા દિવસનેજ ચોમાસી કહેતા હતા. (પહેલા અષાડમાં જો કે શુકલ પૂર્ણિમા ઉદયવાળી આવતી હતી તોપણ તે દિવસને ચોમાસી પૂનમ કે ચોમાસી કહેતા ન હતા પરંતુ બીજા અષાડની પુનમ કે જે દરેક યુગના અંતમાં ક્ષીણજ થતી હતી, છતાં પણ તે દિવસનેજ ચોમાસી પૂનમનેજ ચોમાસી કહેતા હતા અર્થાત્ ઉદયભોગ અને સમાપ્તિવાળી પણ પૂનમ ચોમાસી તરીકે ન ગણતાં ઉદય વગરની એવી પૂનમને દિવસે ચોમાસી પૂનમ અને ચોમાસી કહેતા હતા.)

૨. જૈન અને પ્રાચીન જ્યોતિષના ગણિત પ્રમાણે યુગના મધ્યમાં પોષ માસની અને યુગના અંતમાં અષાડ માસનીજ વૃદ્ધિ થતી હતી. છતાં તે પોષ અને અષાડ માસનાં કલ્યાણકો બીજા પોષ અને અષાડમાંજ થતાં હતાં.

૩ જૈન અને પ્રાચીન ગણિત પ્રમાણે તિથિઓનું જે પ્રમાણુ છે તે પ્રમાણુનો ઘટાડો થવાથીજ ટીપણામાં તિથિની વૃદ્ધિ આવે છે. એટલે એ તિથિનો થયેલો ઘટાડો ન ગણવામાં આવે અને શાસ્ત્રગણિત પ્રમાણે માપ ગણવામાં આવે તો ટીપણામાં તિથિની વૃદ્ધિ થયા છતાં પણ પર્વ તિથિપણાનો વખત બીજે દીવસે આવે.

(જો કે ટીપણામાં પર્વ તિથિના ક્ષયની વખત તેનાથી પહેલાની તિથિઓનું માન અધિક આવેજ છે, પરંતુ તે દરેક વર્ષે બાર તિથિ ઘટાડવાની અપેક્ષાએ છે. જો તિથિ વધારવી ન હોય અને છ તિથિજ માત્ર ઘટાડવીજ હોય તો કોઈ પણ પ્રકારે તિથિનું માન વધારવાનું હોયજ નહિ. એટલે હાનિ કે વૃદ્ધિ બન્નેમાં પૂર્વની તિથિ ઉપરજ ભાર રહે એ સ્વાભાવિક છે.

૨૦ પાઠ अ

**नहि हीनत्वं नाम तिथिर्नाशः**

**(प्रवचन परीक्षा पृ, ४१३)**

પાઠ ૨૦ નો શુદ્ધ અર્થ ब

નિશ્ચયે કરીને હીનપણું એટલે તિથિનો નાશ (એવો અર્થ) નથી.

એ વર્ગના પાઠ ૨૦ ના અર્થનું શુદ્ધ સ્પષ્ટીકરણ क.

શાસ્ત્રકારે હીનપણું એટલે તિથિનો નાશ નહિ, એમ જે કહે છે તે બરાબર સમજવું જોઇએ. તિથિનો નાશ નહિ, એમ જો એકાંતે માનવામાં આવે તો, જૈન સૂત્રોમાં ઠેર ઠેર અવમ રાત્ર જણાવ્યું છે, તેનો નિષેધ કર્યો ગણાય, ત્યારે શાસ્ત્રકારનાં વચનને કઈ રીતે સંગત કરવું?

વાસ્તવિક રીતિએ તિથિના વિદ્યમાનપણાને અંગે તિથિનો નાશ નથી. પરંતુ સૂર્યોદયને નહિ સ્પર્શવાવાળી જે તિથિ તે દિવસઆદિ વ્યવહારમાં નષ્ટ ગણાય છે. અને તેથીજ જેમ શાસ્ત્રકારો તે તિથિને નષ્ટા પતિતા ક્ષીણ વિગેરે શબ્દથી જણાવે છે, તેવીજ રીતે પંચાંગકારો પણ તે તિથિનો ભોગ છતાં પણ નક્ષત્રાદિકમાં તેનો આંક ભરતાજ નથી, ને તે ઠેકાણે મીંડાજ મુકે છે.

આથી ભોગ સમાપ્તિને લઇને તિથિનો નાશ નથી, પરંતુ સૂર્યોદય નહીં સ્પર્શવાથી વ્યપદેશના અભાવ રૂપ તથા પંચાંગમાં ક્ષીણ તરીકે જણાવવામાં આવેલ છે.

એટલે જે ખરતરગચ્છવાળાઓ ભોગને અને સંપૂર્ણતાને આધાર તરીકે લેતા હતા, તેવાઓને ક્ષીણ તિથિનો પણ ભોગ હોય અને સંપૂર્ણતા હોય તેથી તિથિનો નાશ નથી એમ શાસ્ત્રકારે કહી શકાય નહિ.

તેમજ એજ ગ્રન્થના એજ અધિકારના એજ પૃષ્ઠમાં જણાવ્યું છે કે—

**यदाऽष्टम्यादि तिथिः पतति तदाऽष्टम्यादिसम्बन्धिकृत्यं सप्तम्यामष्टमीतिधिया क्रियते**

'જ્યારે અષ્ટમીઆદિ તિથિ ક્ષય પામે

ત્યારે અષ્ટમીઆદિ સંબંધી કાર્ય ટીપણાની સપ્તમીયાં અષ્ટમી ધારીને–અષ્ટમી છે એ બુદ્ધિથી કરાય છે.

આ વાક્ય જો તેઓએ વિચાર્યું હોત તો ૭ ૧૩ ભેળા કહેવાની વાત છોડી દઈને શ્રી દેવસૂર સંઘ સમાચારી પ્રમાણે અષ્ટમીના ક્ષયે સપ્તમીને દિવસે અષ્ટમીજ છે, એમ પ્રમાણિક રીતે માનવા તૈયાર થાત, અને જો તેમ કરવામાં આવે તો આખા વિવાદનો નિર્ણય શ્રી દેવસૂર પક્ષે આવીજ જાય છે.

વળી ખરતરગચ્છવાળાઓ તિથિના નાશને નામે પૂનમને દિવસે પક્ખી કરવાને માટે (અનુષ્ઠાનનો નાશ 'તિથિના નાશે' થઈ જાય છે) એમ માનવા મનાવા લાગ્યા હતા તેને અંગે તિથિનો ક્ષય થયો, એટલે તિથિનો નાશ નથી, એમ શાસ્ત્રકાર તરફથી જણાવાયું છે, તેનો અર્થ તિથિનો ક્ષય થતો નથી એમ કહેવાયજ નહિ. છતાં જો એમ કહેવાય તો તત્વતરંગિણીનું **'तिहिवाए'** વિગેરે પ્રકરણ નિરર્થક થઈ જાય. કારણ કે આખું પ્રકરણજ પર્વતિથિના ક્ષયની વખતે પૂર્વઅપર્વ તિથિને પર્વ તિથિ તરીકે માનવા માટેનું છે.

**પાઠ ૨૦ ચાલુ अ**

**सूर्योदयद्वयस्पर्शिनी तिथिर्वृद्धा इत्युच्यते, तत्राद्य सूर्योदयावच्छिन्ना तिथिः प्रथमोऽवयवो द्वितीयोदयावच्छिन्ना च द्वितीयोऽवयवो भण्यते ।**

**પાઠ ૨૦ નો શુદ્ધ અર્થ ब**

જે સૂર્યોદયને સ્પર્શવાવાળી તિથિ વધી એમ કહેવાય છે. તેમાં પહેલાં સૂર્યોદયવાળી તિથિ પહેલો અવયવ (કહેવાય) અને બીજા ઉદયવાળી તિથિ બીજો અવયવ કહેવાય છે.

એ વર્ગના પાઠ ૨૦ના અર્થનું શુદ્ધ સ્પષ્ટીકરણ क

ટીપણાની પર્વ વૃદ્ધિ વખતે ખરતરગચ્છવાળાઓ પહેલા દિવસને સંપૂર્ણ તિથિ તરીકે માને છે. તેમજ માસ વૃદ્ધિ વખતે પહેલા માસને 'કાલચુલા તરીકે માનતા નથી, પરંતુ તેને' શુદ્ધ માસ માનીને પર્વારાધન કરે છે. અર્થાત્ બીજી તિથિ અને બીજા માસને તેઓ અસ્થાન તરીકે ગણે છે. માટે અહિં અવયવની ઘટના કરાયેલ છે અને તે માત્ર પ્રતિબંધી તરીકેજ કરાયેલ છે. જો એમ ન હોય પરંતુ વાસ્તવિક અવયવ ઘટના હોય તો ગ્રન્થકારને અને આ નવીન વર્ગને બન્ને માસ અને બન્ને તિથિઓ એક સરખી રીતિએ આરાધવા લાયક થાય. પરંતુ તે ગ્રન્થકારને કબુલ નથી.

**પાઠ ૨૧ अ**

**"वुड्ढे पढमोऽवयवो नपुंसओ निअयनामकज्जेसु । जण्णं तक्कज्जकरो इअरो सव्वुत्तमे सुमओ ॥२०८॥**

**वृद्धे–मासादौ वृद्धे सति तदीयः प्रथमोऽवयवः, सूर्योदयद्वयस्पर्शिनी तिथिर्वृद्धेत्युच्यते, तत्राद्यसूर्योदयावच्छिन्ना तिथिः प्रथमोऽवयवो द्वितीयोदयावच्छिन्ना च द्वितीयोऽवयवो भण्यते, यद्वा चैकस्यां संक्रान्तौ मासद्वयस्योदयः स्यात्तदा मासवृद्धिरुच्यते, तत्र प्रथममासोऽप्यावच्छिन्न**

संक्रान्तिरेव प्रथमोऽवयवो भण्यते, परस्तु द्वितीय इति, एवं च सति तिथिमासयोराद्ययोरंशयोः प्रथमतिथ्यादिसंज्ञा स्यात्, तत्र प्रथमा तिथिर्मासो वा निजकनामकार्येषु–आषाढादिमासेषु प्रतिपदादितिथिषु चेदं कर्त्तव्यादिरूपेण स्वस्वनामाङ्कितकृत्येषु नपुंसक इव नपुंसको बोध्यः, यथा हि नपुंसकः स्वापत्योत्पत्तिमधिकृत्यासमर्थस्तथा तत्तन्नामाङ्कितकृत्येष्वेव प्रथमा तिथिः प्रथमो मासो वा न समर्थः, न पुनः सर्वेष्वपि कार्येषु, नहि नपुंसकोऽपि स्वापत्यं प्रत्यहेतुरपि भोजनादिकृत्यं प्रत्यप्यहेतुरेवेति, नपुंसकत्वे हेतुमाह 'जण्णं' णमित्यलङ्कारे यद् यस्मादितरो द्वितीयोंऽशो द्वितीयतिथ्यादि संज्ञितस्तत्कार्यकरो–विवक्षितकार्यकरणसमर्थः सर्वोत्तमः पूर्वावयवापेक्षया प्रधानः सुमतः–सर्वजनसम्मतः, अनादिपरंपरासिद्धोऽग्रे वक्ष्यमाण इत्यर्थः, अयं भावः, यथा किल विवक्षिता तिथिश्चतुर्दशी, सा च प्रवचने पाक्षिकपर्वत्वेनाभिमता, तस्याश्च कृत्यं चतुर्थतपः पाक्षिक प्रतिक्रमणं चेत्यादि, तत्कृत्यकरो द्वितीय एवांशो, स पुनः प्रथमोऽपि, तस्य तत्कृत्यमधिकृत्य नपुंसकवदसामर्थ्याद् । एवं विवक्षितो मासो भाद्रपदः, सोऽपि सम्प्रति चतुर्थाविच्छिन्नस्य श्रीसंघस्य पर्युषणापर्वत्वेन प्रवचने प्रतीतः, तस्यापि कृत्यं सर्वसाधुचैत्यवन्दना १ लोचना २ ऽष्टमतपो ३ लोच ४ सांवत्सरिकप्रतिक्रमण ५ लक्षणानि पञ्चकृत्यानि नियतानि, तान्यधिकृत्य प्रथमो भाद्रपदो नपुंसकवदसमर्थः नपुंसकत्वं च ज्योतिर्विदां प्रतीतमेव, यदुक्तं–"यात्राविवाहमण्डनमन्यान्यपि शोभनानि कर्माणि । परिहर्त्तव्यानि बुधैः, सर्वाणि नपुंसके मासि ॥१॥ इति, तस्मात् सर्वोत्तमो द्वितीय एव भाद्रपदोऽधिकर्त्तव्यः, एवमष्टम्यादयस्तिथयः कार्तिकादयश्चमासा अपि योजनीया इति गाथार्थः ॥२०८॥

(श्री प्रवचन परीक्षा पृ. ४०८–४०९)

પાઠ ૨૧ નો શુદ્ધ અર્થ વ

વૃદ્ધિ હોય ત્યારે પહેલો અવયવ, પોતાના નામથી થતાં કાર્યોમાં નપુંસક (કહેવાય) જે માટે સર્વોત્તમ તો તેનું કાર્ય કરનાર એવો બીજો અવયવ મનાયેલો છે. (૨૦૮)

વૃદ્ધિ વખતે એટલે માસ વિગેરેની વૃદ્ધિ હોય ત્યારે તેનો પહેલો અવયવ એ સૂર્યોદયને સ્પર્શવાવાળી તિથિ વધી એમ કહેવાય છે. તેમાં પહેલા સૂર્યોદયવાળી તિથિ પહેલો અવયવ (કહેવાય) અને બીજા ઉદયવાળી તિથિ બીજો અવયવ કહેવાય છે. વળી જ્યારે એક સંક્રાન્તિમાં બે માસનો ઉદય હોય ત્યારે માસની વૃદ્ધિ કહેવાય છે. તેમાં પહેલાં માસના ઉદયવાળા સંક્રાન્તિજ પહેલો અવયવ કહેવાય છે, અને બીજો (ઉદય) તે બીજો (અવયવ) કહેવાય છે.

એ પ્રમાણે એમ હોવાથી પહેલી તિથિ અને અર્ધ માસના અંશની પહેલી તિથિ વિગેરે સંજ્ઞા થાય તેમાં પહેલી તિથિ અથવા મહીનો પોતાના નામથી કરવાના આષાઢ આદિ માસ અને પડવા આદિ તિથિઓમાં આ કરવું ઇત્યાદિ રૂપે પોત પોતાના નામવાળા કાર્યોમાં નપુંસકની માફક નપુંસક જાણવો.

જેવી રીતે નપુંસક પોતાના સંતાનની ઉત્પત્તિની અપેક્ષાએ અસમર્થ હોય, તેવી રીતે તે તે (માસ-તિથિના) નામથી કરતા કાર્યોમાંજ પહેલી તિથિ કે પહેલો માસ સમર્થ નથી. પણ બધાય કાર્યોમાં (સમર્થ) નથી (એમ ન કહેવું).

પોતાના પુત્રની (ઉત્પન્ન કરવાની અપેક્ષાએ) પ્રત્યે એ હેતુ એવો નપુંસક ભોજન આદિ કાર્યો કરવામાં પણ એ હેતુજ બને એમ બનતુંજ નથી.

નપુંસકપણામાં હેતુ કહે છે કે- **जणं** અહિં **णं** એ અલંકાર માટે છે. જે માટે બીજો અંશ બીજી તિથિ વિગેરે નામવાળો અવયવ તે તે માસ અને તિથિના નામથી કરાતા કાર્યને કરવામાં સમર્થ. પહેલા અવયવની અપેક્ષાએ (બીજો અવયવ) પ્રધાન સારી રીતે મનાયેલો સર્વજન સમ્મત અને અનાદિ પરંપરાથી સિદ્ધ (એવો બીજો અવયવ છે તે) આગળ કહેવાનો છે, આનો ભાવ આ પ્રમાણે—

જેમ નિશ્ચયે વિવક્ષા કરાએલી ચૌદશની તિથિની વિવક્ષા કરી. (હવે) તે (ચૌદશ) જૈન સિદ્ધાન્તમાં પાક્ષિક પર્વપણે મનાયેલી છે; તે (પાક્ષિક-ચૌદશ)નું કાર્ય ઉપવાસ પકૂખી પ્રતિક્રમણ વિગેરે (ઉપવાસાદિ) કાર્ય કરનારો બીજોજ અંશ છે. (ઉપવાસઆદિ) કરે પણ પહેલામાં નહિ તે પહેલા અંશનું તેનું કાર્યની અપેક્ષાએ નપુંસકની પેઠે અસમર્થપણું હોવાથી.

એ પ્રમાણે વિવક્ષા કરાએલો (ભાદરવો માસ તે પણ હાલ ચારે પ્રકારના સંઘને પર્યુષણા પર્વ પણાએ જૈન શાસનમાં પ્રસિદ્ધ છે. તે (પર્યુષણા) નું પણ કાર્ય સર્વ સાધુવંદન-સર્વ ચૈત્યવંદન આલોયણા લેવી, અઠ્ઠમનો તપ કરવો, લોચ કરવો અને સંવચ્છરી પ્રતિક્રમણ કરવું વિગેરે પાંચ કૃત્યો નિયત છે. તેને આશ્રીને પહેલો ભાદરવો નપુંસકની પેઠે અસમર્થ છે. તે પહેલા માસનું નપુંસકપણું તો જ્યોતિષશાસ્ત્રને જાણનારાઓને ખ્યાલમાંજ છે. જે માટે કહ્યું છે:—

યાત્રા વિવાહ મંડન અને બીજા બધા પણ શુભ કાર્યો નપુંસક માસમાં પંડિતોએ તજવા યોગ્ય છે (૧) એટલા માટે સર્વોત્તમ બીજોજ ભાદરવો માસ પર્યુષણાદિ માટે અધિકાર કરવા યોગ્ય છે. એજ પ્રમાણે અષ્ટમ્યાદિ તિથિઓ અને કાર્તિકાદિ માસોને પણ ઘટાવી લેવા. તેથી સર્વોત્તમ એવો બીજોજ ભાદરવો પજુષણમા લેવો. એવી રીતે અષ્ટમી વિગેરે તિથિઓ તથા કાર્તિક વિગેરે મહિનાઓ પણ લેવા.

એ વર્ગના પાઠ ૨૧ના અર્થનું શુદ્ધ સ્પષ્ટીકરણ **૪**

જો સંપૂર્ણપણે અવયવવાદ માની તેના ઉપર નિર્ભર રહેવામાં આવે તો, સંપૂર્ણ પહેલી તિથિ અને પહેલા માસને નપુંસક ગણીને અસમર્થ ગણવું, અર્થાત્ નપુંસક કહ્યા છતાં એકમાં માનવું ને બીજામાં ન માનવું તે વ્યાજબી નહિ કહી શકાય. કોઈપણ નપુંસક પુત્રની ઉત્પત્તી માટે નપુંસક ગણાય અને પુત્રીની માટે નપુંસક ન ગણાય તેમ કહી શકાય નહિ.

અર્થાત્ અવયવવાદીએ, બે સરખા અવયવ સિદ્ધ કર્યા પછી એક અવયવમાં નપુંસકતા કરાવી

તે પદાર્થ પ્રતિપાદન શૈલીને અનુકૂળ ન ગણાય. પ્રતિબંધી ન્યાય અગર અભ્યુપગમ સિદ્ધાંત એ જુદી ચીજ છે.

એ વર્ગે પૌષધ આદિને તિથિપ્રતિબદ્ધ તો માનેલાજ છે. અને તેથી તિથિ વૃદ્ધિ વખતે તેઓની ફરજ તેઓએ માનેલી પહેલી તિથિએ પૌષધ નિષેધ કરવાની ન રહે, તેમજ માસ વૃદ્ધિ વખતે પહેલો મહિનો ચોમાસી તપ, મહિનાના ઉપવાસ વિગેરેમાં ઉપયોગમાં લેવાનો નિષેધ કરવાની રહે.

વરસી છમાસી કે ચોમાસી તપ કરનારને વચમાં માસવૃદ્ધિ આવે તો પ્રથમમાસને નપું-સક ગણી તેને અવગણવાનું બનતું નથી. અર્થાત્ તેમાં તેનું તપ અને ક્રિયા અનુષ્ઠાન કરવાજ પડે છે. તેમજ માસ અને પડવા આદિ તિથિપ્રતિ-બધ્ધ કાર્યોમાં પણ નપુંસકતા ગણવામાં આવી નથી.

અમુક વસ્તુ અમુક કાર્યને અંગે અસમર્થ હોય, તોપણ તેજ વસ્તુ તેમાંથી અધિક કાર્યને અંગે અસમર્થ નજ થાય એવો નિયમ નથી. રસવેધથી તામ્ર રૂપું ન બને, તેથી સોનું પણ ન બને એમ તો નથીજ. તેમ નપુંસક પણ સંતા-નની ઉત્પત્તિ અંગે અસમર્થ છતાં પણ યુધ્ધ જેવા મહાન કાર્યોને અંગે અસમર્થ હોય છે એમ નહિ. એટલે વૃદ્ધિ પામેલી પૂર્ણિમા પોતાના કાર્યને અંગે અસમર્થ હોય તોપણ તેનાથી જૂદાં એવા પક્ખી અગર ચોમાસીના કાર્ય માટે અ-સમર્થ ગણાય નહિ. અને તેથીજ શાસ્ત્રકારે તેના નામનાજ કાર્યમાં નપુંસકતા કહી છે. જ્યારે આ નવો વર્ગ તો અન્ય કાર્યમાં પણ અસમર્થ ગણાવવા તૈયાર થાય છે. આથી એ વર્ગે પોતાની આચરણા ઉપર ધ્યાન આપ્યા સિવાય પોતાના પુરાવામાં માત્ર પાઠ લખીને સંતોષ ન માનવો જોઇએ.

આ સ્થાને શાસ્ત્રકાર બીજા અવયવને પર્વ તિથિના નામનું કાર્યકરનાર ગણતાં અનાદિ સિદ્ધ પરંપરા જણાવે છે. એટલે આ વર્ગને જે પરંપરા છોડવાનું થયું છે, તે કોઈપણ પ્રકારે ઉચીત નથી એમ સ્પષ્ટ થાય છે. જો કે પર્વ કે પર્વાનન્તર પર્વતિથિની હાનિ વૃદ્ધિ વખતે પૂર્વ કે પૂર્વત્તર અપર્વ તિથિની હાનિવૃદ્ધિ કરવાનું શાસ્ત્રના પાઠોથી પણ સિદ્ધ છે. અને સાથે પરં-પરાથી પણ સિદ્ધજ છે. માત્ર વિ. સં. ૧૯૯૧ પછી આ નવા વર્ગે પરંપરા અને શાસ્ત્ર બંનેને જલાંજલી આપીને આ નવો વર્ગ ઉભો કર્યો છે.

આ આખો અધિકાર પહેલી આઠમ કે પહેલી ચૌદશ વિગેરે તિથિઓમાં આઠમ કે ચૌદશનું કાર્ય કરવાના નિષેધને માટે છે. અર્થાત્ અન્ય તિથિના કાર્યોનો અહિં નિષેધજ નથી. અને આ નવો વર્ગ તો અન્ય પર્વતિથિના કાર્યનો પણ નિષેધ કરવા માટે આ પાઠને આગળ કરે છે. પરંતુ તેઓએ વૃદ્ધા પ્રથમ તિથિને માટે પોતાના કાર્યમાં કહેલું નપુંસકપણું અસમર્થપણું વિચારવું જરૂરી છે. એટલે પૂનમ કે અમાવાસ્યા વધેલી હોય તો તે પહેલી પૂનમ કે અમાવાસ્યાના કાર્યને અંગે નપુંસક થાય, પરંતુ ચૌદશ કે તેનાથી

અન્ય છે તેનું કાર્ય જે પક્ખી તેને માટે અસમર્થ ન થાય? તેમાં અસમર્થ કરવામાં આ ગ્રંથ કોઈપણ પ્રકારે ઉપયોગી થઈ શકે તેમ નથી. એટલે આ નવા વર્ગે આ પાઠ આપીને પોતાની અણસમજ જાહેર કરી છે.

શું તે વર્ગે બે ચોથ હોય તો પહેલી ચોથને દિવસે લોચ આદિ કરવાનું નહિ માને? તેમજ તેમના મતે બે પૂનમ હોય ત્યારે પહેલી પૂનમે હંમેશાં પૂનમે થતા વિહાર કરવાનું નહિ માને? અર્થાત્ નવા વર્ગને તો તે તિથિના નામનાં કાર્યને અંગે પણ નપુંસકપણું રહેવાનું નથી.

પાઠ ૨૨. अ.

**एवं च सति तिथिमासयोराद्ययोरंशयोः प्रथमा तिथ्यादिसंज्ञा स्यात्,**

**(श्री प्रवचन परीक्षा पृ ४०८)**

૨૨ પાઠનો શુદ્ધ અર્થ **ब**

એમ હોવાથી તિથિ અને માસના પ્રથમના અંશની પહેલી તિથિ વિગેરે સંજ્ઞા થાય.

પાઠ ૨૨ ના અર્થનું શુદ્ધ સ્પષ્ટીકરણ. **क.**

અનેક વખત જણાવી ગયા, તે પ્રમાણે ખરતર ગચ્છવાળાઓ પહેલી તિથિ અને પહેલા માસને સંપૂર્ણ માને છે, તેનું ખંડન કરવા માટે અહિં અંશપણાની કલ્પના કે સિદ્ધિ કરવામાં આવી છે.

વાસ્તવિક રીતે બન્ને માસ અને બન્ને તિથિઓ અંશરૂપ નથી, પણ અંશી રૂપ છે. કેમકે જો આમ ન હોય તો બે માસ અને બે તિથિ કોઇ પ્રકારે કહેવાયજ નહિ.

વળી તિથિના નિયમવાળાને બેય દિવસ તિથિના નિયમો અંશપણું હોય તો તો વાસ્તવિક રીતે ટાળવાજ પડે, પણ એ વર્ગ બે ચૌદશ હોય ત્યારે બે દિવસ બે પક્ખી કરવાને તૈયાર થતો નથી.

વળી બેયનું જો અંશપણું ગણવામાં આવે ને અંત્યાંશને પ્રમાણિક ગણવામાં આવે તો અન્ત્યપ્રદેશી નિન્હવની દશા પ્રાપ્ત થાય.

વાસ્તવિક રીતે શ્રી તપગચ્છવાળાઓ ટીપણામાં પર્વ તિથિ વધેલી હોય, ત્યારે પહેલા દિવસને તે પર્વતિથિ તરીકે કહેતા, માનતાકે આરાધતા નથીજ, કિન્તું '**वृद्धौ उत्तरा**૦'ના પ્રઘોષવડે પ્રથમ દિવસમાંથી પર્વપણાને દુર કરીને બીજા દિવસનેજ પર્વ તિથિ તરીકે કહે છે, માને છે અને આરાધે છે; એ નક્કર વાતને અંશે પણ બાધ કરે તેવું શાસ્ત્ર કે પરંપરાનું વચન એ વર્ગ આપી શકયો નથી.

પાઠ ૨૨ (ચાલુ)

**यत्कृत्यं प्रतिमासं नामग्राहं नियतकृत्यं तत् तस्मिन्नेव मासे विधेयं, नान्यत्रेति, विवक्षया तिथिवत् नाधिकमासोऽप्युपेक्षणीयः अन्यत्र तु गण्यतेऽपि, तथाहि—विवक्षितं हि पाक्षिकप्रतिक्रमणं तच्चतुर्दश्यां नियतं, सा च यद्यभिवर्द्धिता तदा प्रथमां परित्यज्य द्वितीयाऽपि कर्त्तव्या, दिनगणनायां तस्या अन्यासां वा वृद्धौ संभवन्तोऽपि षोडशदिनाः पञ्चदशैव भण्यन्ते, एवं क्षीणायां चतुर्दशापि दिनाः पञ्चदशैवेति बोध्यं, तद्वदत्रापि विवक्षितं कृत्यं सांवत्सरिकप्रतिक्रमणादि, तच्च**

मासमधिकृत्य भाद्रपदे नियतं, स च यद्यभिवर्द्धितस्तदा प्रथमं भाद्रपदं परित्यज्य द्वितीयोऽधिकर्त्तव्यः, दिनगणनायां त्वस्यान्यस्य वा मासस्य वृद्धौ संभवन्तोऽप्यशीतिदिनाः पञ्चाशदेव गण्यन्ते, यथा परस्याप्यभिमता पञ्चमास्यपि चतुर्मासीतयेति।

(श्री प्रवचन परीक्षा पृ. ४१०. ४११.

૨૨ (ચાલુ) પાઠનો શુદ્ધ અર્થ ब.

જે કૃત્ય દરેક મહિને નામ લઇને નિયમિત કર્યું હોય તે તે (માસ)માંજ કરવું; બીજા (માસ)માં નહીં (કરવું) એ વિવક્ષાએ તિથિની માફક ન્યુન કે અધિક માસ પણ ઉપેક્ષા કરવા લાયક છે, બીજે તો ગણાય પણ છે. તે આ પ્રમાણે વિવક્ષિત પક્ખી પ્રતિક્રમણ છે, તે ચૌદશમાં નિયત છે. હવે તે (ચૌદશ) જો વધી તો પહેલી છોડીને બીજી લેવી. દિવસોની ગણત્રીમાં તો ચૌદશની કે બીજી કોઇ પણ તિથિની વૃદ્ધિ થવાથી સોળ દિવસ થાય તો પણ પંદરજ કહેવાય. એવી રીતે ચૌદશ કે બીજી કોઇ પણ તિથિનો ક્ષય હોય તો પણ દિવસ પંદરજ કહેવાય. તેવી રીતે અહિં પણ સંવચ્છરી પડિકમણું વિગેરે વિવક્ષિત કાર્ય છે, તે માસને આશ્રીને ભાદરવામાં નક્કી થયેલું છે, તો તે ભાદરવો વધ્યો તો પહેલા ભાદરવાને છોડીને બીજો લેવો. દિવસની ગણત્રીમાં તો આ માસની કે બીજા કોઇ પણ માસની વૃદ્ધિ થવાથી એંશી દિવસ થાય તો પણ પચાસજ ગણવા. જેમ બીજાઓએ પણ પાંચ માસ થવા છતાં પણ ચોમાસીજ માનેલી છે.

૨૨ (ચાલુ) પાઠના અર્થનું શુદ્ધ સ્પષ્ટીકરણ क.

ખરતરગચ્છવાળાઓ અધિક મહિનામાં પ્રથમ માસને અને અધિકતિથિમાં પ્રથમ તિથિને સ્વીકારવાનું જણાવે છે, તેના પ્રત્યુત્તરરૂપે આ બધો અધિકાર અધિક તિથિ અને અધિક માસને તેમજ હીનતિથિને નહિ ગણવાને માટેનો છે. એટલે પહેલો મહિનો કે પહેલી તિથિ તે મહિના કે તે તિથિનાં કાર્યને નહિ કરવાનું જણાવે છે.

ચાલુ પ્રશ્ન તો આથી જુદીજ રીતનો છે. કેમકે શ્રી દેવસૂર ગચ્છની સમાચારીવાળાઓ જે તિથિ કે જે માસ વધ્યાં હોય તે તિથિ કે માસનું તે કાર્ય બીજા માસમાં ને બીજી તિથિમાંજ કરે છે. અને પ્રસ્તુત ચર્ચા તો પર્વ કે પર્વાનન્તર પર્વતિથિની હાનિવૃદ્ધિ વખતે કઇ પર્વતિથિ શાસ્ત્રાધારે કહેવી અને આરાધવી, એને અંગે છે. એટલે આ આખા પાઠનો અધિકાર પ્રસ્તુત ચર્ચામાં ઉપયોગી નથી.

રજુ કરાયેલા પાઠમાં **'द्वितीयाऽपि कर्तव्या'** એ પાઠ અશુદ્ધ છે. કેમકે ત્યાં **'अपि'** શબ્દ લઈને તો ત્યાં પહેલીનો પણ સમાવેશ થઇ જાય, અને તે કોઈપણ પ્રકારે શાસ્ત્રકારને તેના અધિકારથી સમજાય છે કે ઈષ્ટ નથી માટે **द्वितियाऽपि अधिकर्तव्या'** પાઠ લેવો. જે બીજી પ્રતિમાં મળે છે તેનો અર્થ બીજીને આદરવી એવો થાય છે.

જો કે જૈન શાસ્ત્રોમાં પાંચ પ્રકારના વર્ષ, પાંચ પ્રકારના મહિના અને પાંચ પ્રકારની તિથિ-

ઓ જણવાવામાં આવેલી છે, પરંતુ કર્મમાસ એકજ એવા માસ છે કે જે પૂર્ણઅંશવાળા છે. એથી એક કર્મમાસને વ્યવહારના અંગ તરીકે ગણવામાં આવેલા છે, અને તે અપેક્ષાએજ સર્વ પંદર દિવસનો પક્ષ અને બે પક્ષના માસ, ચાર માસની ઋતુ (વર્ષાદિ) અને ત્રણ ઋતુનું વર્ષ એમ ગણત્રી કરાવી છે. અને તે કર્મ માસ અને વર્ષને બરોબર રાખવા માટેજ તિથિ અને દિવસની હાનિ-વૃદ્ધિ કરાય છે.

જ્યોતિષ્કરંડક વિગેરે શાસ્ત્રકારો કર્મમાસની જરૂરજ વ્યવહારને અંગે જણાવે છે. જગતનો વ્યવહાર પણ એમજ છે. એકમને દિવસે જન્મેલા બાળકને બીજા પખવાડીઆની એકમે તેને આવ્યાને પંદર દિવસ થયા એમજ લોકો કહે છે. પછી ભલે તે પક્ષમાં તેરથી માંડીને સોળ દિવસ સુધી થયા હોય.; તેવી રીતે વ્યવહારથી એક કાર્તિકથી બીજા કાર્તિક મહીને બાર મહિનાજ થયા ગણે છે, પછી ભલે તે વર્ષ અધિક મહિનાવાળું હોય, જેમ વ્યવહારમાં ઉપર પ્રમાણે થાય છે, તેમ ધર્મની ક્રિયાઓમાં પણ પક્ષ, ચોમાસું અને વર્ષ એ ત્રણેને અંગે ૧૫, ૧૨૦, ૩૬૦ દિવસો ગણવા, કહેવા અને માનવામાં આવે છે.

આ વસ્તુસ્થિતિ માત્ર સમજવા માટે છે. ચાલુ ચર્ચાને અંગે આ વસ્તુને અવકાશ નથી. આગળ આપેલા પાઠોમાં એ વર્ગ તરફથી જેવી રીતે વિષયનું લક્ષ રખાયું નથી, તેવી રીતે અહિ પણ વિષયનું લક્ષ રખાયું નથી. એવો એક પણ પાઠ હજી રજુ થયો નથી, કે જેને આધારે 'પર્વતિથિના ક્ષયની વખતે અપર્વ તિથિ માનીને અને અપર્વ તિથિ કહીને પર્વતિથિની આરાધના કરવી' એવું સાબીત કરનારો કે તેવી સૂચના પણ કરનારો હોય. તેમજ એવો એકેય પાઠ રજુ કરવામાં નથી આવ્યો, કે જેને આધારે પર્વતિથિની વૃદ્ધિ વખતે પહેલા દિવસને પર્વતિથિ તરીકે કહેવી અને માનવી. ને એ રીતે પર્વતિથિ તરીકે માન્યા છતાં ને શાસ્ત્રમાં ફરજિયાત પર્વતિથિ ન આરાધે તો પ્રાયશ્ચિત આવે, તેમ ઠેર ઠેર જણાવ્યા છતાં પર્વતિથિના નામે લીધેલા નિયમો ન પાળવા તે પ્રતિજ્ઞા ભંગ કેમ ન ગણાય ?

આશ્ચર્યની વાત તો એ છે કે ક્ષયની વખત આખો દિવસ પર્વતિથિ ન માન્યા છતાં નવો વર્ગ નિયમ ભંગમાં નિયમ ભંગ ગણીને પ્રાયશ્ચિત ગણે છે. અને વૃદ્ધિની વખતે પર્વ તિથિ કહેવા અને માનવા છતાં તિથિના નામે લીધેલા નિયમો ન પાળવાનું વિધાન કરે છે.

પાઠ ૨૫. अ.

**अथ तिथीनां वृद्धौ हानौ च का तिथिः स्वीकार्येत्यत्रोभयोः साधारणं लक्षणमुत्तरार्द्धेनाह 'जं जा जंमि' त्ति यद्-यस्माद् या तिथिर्यस्मिन् आदित्यादिवारलक्षणदिवसे समाप्यते, स एव दिवसो-वारलक्षणः प्रमाणमिति-तत्तिथित्वेनै-स्वीकार्यः, (श्री तत्वतरंगिणी पृ १२)**

૨૫ પાઠનો શુદ્ધ અર્થ. ब.

તિથિઓની વૃદ્ધિમાં અને હાનિમાં કઈ તિથિ લેવી, એ માટે (ખરતરગચ્છવાળાના પ્રશ્નમાં) બેયનું આધારણ લક્ષણ ઉત્તરાર્ધથી કહે છે જે

માટે જે તિથિ જે રવિવાર આદિ દિવસે સમાપ્ત થાય તે વાર તે તિથિપણે માનવો.

એ વર્ગના પાઠ ૨૫ના અર્થનું શુદ્ધ સ્પષ્ટીકરણ ક

આ પાઠ ખરતરગચ્છવાળાઓ ચૌદશના ક્ષયે પૂનમ માને છે, તેના નિષેધ માટે છે; તથા બેવડી તિથિ હોય ત્યારે પહેલી તિથિ માને છે; તેના નિષેધને માટે છે. અર્થાત્ મીમાંસકને અંગે કાંચનોપલ સંયોગનું દ્રષ્ટાન્ત અપાય અથવા તો નાસ્તિકને અંગે પૃથ્વી આદિનું કઠીનપણું આદિ લઈને સમજાવાય, તેવી રીતે માત્ર ખરતરોની માન્યતાએ ખરતરોને સન્માર્ગે લાવવા માટે આ વસ્તુ કહેવામાં આવી છે.

જો આ વસ્તુને સ્વતંત્ર સિદ્ધાંત તરીકે લઇએ તો, આજ ગ્રન્થકાર આજ ગ્રન્થમાં સમાપ્તિવાળા ઉદયને તિથિના વ્યવહારનું કારણ ગણવા માંગે છે, વળી સમાપ્તિને પણ કારણ ગણવા માંગે છે તે વ્યાપક તરીકે બન્નેમાથી એક પણ લઈ શકાય નહિ.

પાઠ ૨૬. અ.

तथा वर्षामध्येऽश्विनचैत्रचातुर्मासिकवार्षिका-ष्टाह्निकाचतुर्मासिकत्रयसांवत्सरपर्वादिदिवसा अर्हज्जन्मादिपञ्चकल्याणकदिवसाश्चापि पर्व-तिथित्वेन विज्ञेयाः (धर्मसंग्रह. वृ. पृ. २३१)

૨૬ પાઠનો શુદ્ધ અર્થ વ

વર્ષની અંદર આસો–ચૈત્ર (નીઓળી, ચોમાસી તથા સંવચ્છરીની અઠ્ઠાઇઓ; ત્રણ ચોમાસી અને સંવત્સરી પર્વ આદિના દિવસો તેમજ અરિહંત ભગવાનના જન્મ આદિ પાંચ કલ્યાણકના દિવસો પર્વતિથિપણે જાણવા.

એ વર્ગના પાઠ ૨૬ના અર્થનું શુદ્ધ સ્પષ્ટીકરણ ક.

શાસ્ત્રકારોએ જેમ તિથિઓ બે પ્રકારની ગણી છે '૧ પર્વતિથિ, ૨ અપર્વતિથિ' તેમ પર્વ તિથિ પણ બે પ્રકારે ગણી છે. ૧ ફરજિયાત ૨ મરજીયાત.

તેમાં અષ્ટમી, ચતુર્દશી, પૂર્ણિમા અને અમાવાસ્યા એ તિથિઓ ફરજિયાત છે. અર્થાત્ અધિકાર પ્રમાણે સાધુ અથવા શ્રાવક તે અષ્ટમી આદિ તિથિની આરાધના ન કરે તો પ્રાયશ્ચિત આવે. અને તેથીજ તેને ફરજિયાત તિથિ તરીકે કહીએ છીએ.

ત્યારે બીજી કલ્યાણક આદિ તિથિઓ આરાધ્ય છતાં પણ ફરજિયાત નથી, પરંતુ મરજિયાત છે. કારણ કે તે ન આરાધાય તો પ્રાયશ્ચિત નથી.

વળી અષ્ટમી ચતુર્દશી વિગેરે પર્વતિથિઓને સંઘમાં ઘણો ભાગ આરાધવા લાયક હોય છે, અને તેથી તેને માટે વ્યવહારની નિયતતા કરવાની જરૂર હોય છે. જ્યારે કલ્યાણકઆદિ તિથિ આરાધનારો વર્ગ જુજજ હોય છે. અને તેથી તેને માટે વ્યવહારનું પરાવર્તન કરવાનું ભાગ્યેજ હોય છે.

આજ કારણ આગળ રાખીને શાસ્ત્રકારોએ ચતુર્દશીના ક્ષયે તેરશના વ્યપદેશનો અભાવ અને અષ્ટમીના ક્ષયે સપ્તમીને દિવસે અષ્ટમી માનવાનું જણાવ્યું છે. (પછી ભલે તે તે અપર્વ તિથિ કલ્યાણક પર્વ રૂપ પણ હોય.)

એ વાત તો સ્હેજે સમજાય તેવી છે કે સપ્તમી અને તેરશની તિથિ એ કલ્યાણક નથી, એમ તો નથીજ. પ્રસિદ્ધ કલ્યાણક તિથિ સંઘના ઘણા ભાગને આરાધવાની હોય, તેથી તેની હાનિ વૃદ્ધિ વ્યવહારમાં પ્રયોજિકા બને. પરંતુ ફરજિયાત અષ્ટમી આદિ પર્વતિથિઓને અંગે તો નિયમિત વ્યવહાર કરવોજ પડે. એટલે કલ્યાણક તિથિઓને પર્વતિથિ કહેવાના ઓઠા નીચે ફર-ફરજિયાત પર્વ તિથિઓના વ્યવહારને ઉડાવવાનું કાર્ય એ વર્ગ સાધી શકે તેમ નથી.

પાઠ ૨૭ अ.

**आराध्यत्वे च पञ्चदशी कल्याणकतिथ्योरप्य विशेषः** (श्री तत्वतरंगिणी. पृ. ५.)

પાઠ ૨૭ નો શુદ્ધ અર્થ ब

આરાધ્યપણામાં પંચદશી અને કલ્યાણક તિથિનો ફરક નથી.

એ વર્ગના પાઠ ૨૭ના અર્થનું શુદ્ધ સ્પષ્ટીકરણ क.

આ વચનથી નવો વર્ગ ફરજિયાત પર્વતિથિને જેવી બણાવવા માંગે છે, પરંતુ તે વર્ગે ધ્યાન રાખવું જોઈએ કે– શાસ્ત્રકારોએ જગો જગો પર અષ્ટમી, ચતુર્દશી આદિને ચતુષ્પર્વી આદિ તરીકે ફરજિયાત તિથિ જણાંવી છે, જ્યારે બીજ વિગેરે તિથિઓ અને કલ્યાણક તિથિઓ તે ચતુષ્પર્વી તરીકે તેમજ ફરજિયાત તરીકે નથી જણાવી.

વળી સોનું અને લોહું એ બેમાં ધાતુપણાનો ફરક નથી, એટલે માત્ર દેખાડીને બન્નેની કીંમત સરખી કરાવવા માંગે, તેવી રીતે અહિં ફરજિયાત અને મરજિયાતપણાનો–(આરાધ્યપણાને લઈને તો ફરજિયાત તથા મરજિયાત બન્ને સરખા છે. પણ ફરજિયાત પર્વતિથિની આરાધના ન થાય તો પ્રાયશ્ચિત લાગે. અને મરજિયાતમાં તે ન લાગે તેનો) ફરક છતાં આરાધ્યપણા માત્રને અંગે જણાવેલી સરખાવટ આગળ કરી ફરજિયાત પર્વ તિથિઓના વ્યવહારને ઉઠાવવાને તૈયાર થવાનું કાર્ય નવા વર્ગે તૈયાર કર્યું છે, એ કોઈપણ પ્રકારે શોભતું નથી.

પાઠ ૨૮ अ

**पर्वतिथिपालनं च महाफलं शुभायुर्बन्धहेतुत्वादिना। यदागमः–"भयवं! बीअपमुहासु पंचसु तिहीसु विहिअं धम्माणुट्ठाणं किं फलं होइ? गोयमा! बहुफलं होइ। जम्हा एआसु तिहीसु पाएणं जीवो परभवाउं समज्जिणइ, तम्हा तवोविहाणाई धम्माणुट्ठाणं कायव्वं। जम्हा सुहाउअं समज्जिणइत्ति"। आयुषि बद्धे तु दृढधर्माराधनेऽपि बद्धायुर्न टलति।" (श्री श्राध्धविधि पृ- १५३)**

પાઠ ૨૮ નો શુદ્ધ અર્થ ब

પર્વતિથિનું પાલન શુભાયુષ્ય બાંધવાના કારણપણા આદિથી મહા ફળદાયી છે. જે માટે શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

હે ભગવાન! બીજ વગેરે પાંચ તિથિઓમાં કરેલું ધર્માનુષ્ઠાન કયા ફળને આપનારૂં થાય?

હે ગૌતમ! ઘણા ફળવાળું થાય. જે માટે એ તિથિમાં પ્રાયઃ કરીને જીવ પરભવનું આયુષ્ય બાંધે. તેટલામાટે તપસ્યા વિગેરે ધર્માનુષ્ઠાન કરવું જેથી શુભઆયુષ્ય ઉપાર્જન થાય.

આયુષ્ય બંધાઈ ગયા પછી તો દ્રઢધર્મા-

ચ્યવન કર્યું હોય તો પણ બંધાયેલું આયુષ્ય ન ટળે.

એ વર્ગના પાઠ ૨૮નાં અર્થનું શુદ્ધ સ્પષ્ટીકરણ. ક.

શાસ્ત્રકારોએ કેવળજ્ઞાનીઓના કહેલા આરાધનો જે દર્શાવ્યા છે, તેને અંગે હેતુદર્શનની જરૂર નથીજ હોતી. કેમકે–સર્વજ્ઞના વચનની પ્રમાણિકતા એજ તે અનુષ્ઠાનની પ્રમાણિકતા હોય છે. પરંતુ જે બાબતમાં શાસ્ત્રમાં સ્પષ્ટ વાકયો હોતાં નથી, તેવી બાબતોને માટે હેતુની કલ્પનાને સ્થાન રહે છે. અને તેથીજ અષ્ટમી, ચતુર્દશી, પુર્ણિમા અને અમાવાસ્યા કે ફરજિયાત પર્વતિથિઓ છે, તેને અંગે મતભેદ પણ નથી. અને તેથી તેની આરાધ્યતા તો સર્વથા સિદ્ધજ છે, પરંતુ બીજ આદિ તિથિઓની આરાધના કેઇ ગચ્છવાળાઓને વિવાદાસ્પદ છે. માટે અદગ્ધદહન ન્યાયથી એ મરજિયાત પર્વતિથિની આરાધનાની સિદ્ધિ માટે આ આયુષ્યવાળું પ્રમાણ છે.

આ વસ્તુ ન સમજતાં જેઓ બીજ આદિ મરજિયાત પર્વતિથિઓ આયુષ્યબંધનું કારણ છે, પણ પૂનમ વિગેરે તિથિઓ તેવા કશાય શુભ લાભનું કારણ નથી, એમ કહેવા જાય તેના જેવો તો જગતમાં મુળ સિંચવાનું છોડીને પાંદડાને સિંચનારાજ હોય.

કોઈ પણ જગોપર કોઈપણ શાસ્ત્રમાં અષ્ટમી, ચતુર્દશી આદિની માફક બીજ આદિમાં ઉપવાસ આદિ કે પૌષધઆદિ ન કરવામાં આવે તો પ્રાયશ્ચિત જણાવવામાં આવેલુંજ નથી, એટલે સ્પષ્ટ છે કે મરજિયાત પર્વતિથિની સિદ્ધિને માટેજ આ ગ્રન્થનો અધિકાર છે.

જો કે આ અધિકાર આયુષ્યના ત્રીજા ભાગને અરુન્ધતી ન્યાયે આગળ કરીને કહેવામાં આવેલો છે, એટલે નિર્મુળ નથી. પરંતુ તેથી તે ફરજિયાત પર્વતિથિઓ કહેવાય નહિ. અને તેથી તેના નામે ફરજિયાત પર્વતિથિને ધકકો લગાડાય નહિ.

આ પાઠ રજુ કરવાનો એ વર્ગનો આશય પૂનમની આરાધના ઉડાડવાનો છે. પણ તેમણે ખ્યાલ રાખવો જોઇએ કે ફરજિયાત પર્વતિથિઓની આરાધના તો મુખ્ય છે, પણ બીજ આદિ તિથિને ન માનનાર ઇતરગચ્છીઓને આયુષ્યબંધનું કારણ દર્શાવીને તે તિથિઓ પણ આરાધવા લાયક છે, તે જણાવવા માટે છે.

આથી પૂનમની ફરજિયાત આરાધનામાં જરાપણ ફરક પડતો નથી.

૨૯. પાઠ. अ

बीआ पंचमी अट्ठमी, एगारसी चउदसी पणतिहीओ। एआओ सुहतिहीओ, गोयमगणहारिणा भणिआ॥१॥" (શ્રી શ્રાદ્ધવિધિ. પૃ. ૧૬૨)

૨૯ પાઠનો શુદ્ધ અર્થ. ब.

બીજ, પાંચમ, આઠમ, અગિયારશ અને ચૌદશ, આ પાંચ તિથિઓ ગૌતમ ગણધર મહારાજે શુભ તિથિઓ તરીકે કહેલી છે.

એ વર્ગના પાઠ ૨૯ના અર્થનું શુદ્ધ સ્પષ્ટીકરણ

क

અષ્ટમી, ચતુર્દશી, પૂર્ણિમા અને અમાવાસ્યાની તિથિઓ તો ફરજીઆત પર્વતિથિઓ શ્રી સુયગડાંગ વિગેરેમાં જણાવેલી હોવાથી તેને માટે જિનોક્તપણાનું વિધાન સાક્ષાત્ હતું. અને તેથી તેને અંગે કંઈપણ સિદ્ધિ કરવાની જરૂર ન હતી. પરંતુ બીજ વિગેરે બે બે તિથિના આંતરે આવતી ત્રીજી તિથિની આરાધના માટે જ્ઞાપક સિદ્ધપણું જણાવનાર આ વચન છે.

'આચારોપદેશ'કાર પણ આયુષ્યના ત્રીજા ત્રીજા ભાગે આયુષ્યના બંધને આગળ કરીનેજ આ બીજ આદિકની આરાધના જણાવે છે. અર્થાત્ આ બીજ આદિની આરાધનાને આયુષ્યબંધના વિભાગની સાથે સંબંધ જોડવામાં આવ્યો છે. અને તે દ્વારાએ તેનું પર્વતિથિપણું જણાવાયું છે. અને તેથી ફરજિયાત અને સર્વ અશુભકર્મની નિર્જરાનું કારણ એવી અષ્ટમી આદિ ફરજિયાત પર્વતિથિઓની આરાધના બાધિત થતી નથી, ઓછી થતી નથી; તેમજ અલ્પફળવાળી પણ થતી નથી. અર્થાત્ અરજિયાત પર્વતિથિના નામે અષ્ટમી આદિ ફરજિયાત પર્વતિથિની સંજ્ઞા અને વિધાનમાં બાધકતા ઉભી કરીને પરિસંખ્યાન આદિની અવ્યવસ્થા કરવી, એ કોઈપણ પ્રકારે શાસ્ત્ર અને ધર્મની શ્રદ્ધાવાળાને શોભતું નથી.

તેમજ એ પણ એ વર્ગે વિચાર્યું હોત કે 'સૂયગડાંગ વિગેરેમાં જણાવેલ અષ્ટમી, ચતુર્દશી પૂર્ણિમા અને અમાવાસ્યા વિગેરે તિથિઓ ન આરાધવામાં આવે તો પ્રાયશ્ચિત્ત લાગે તેવી તિથિઓને આ ગાથામાં કેમ રજૂ કરી નથી? તો તે વર્ગ આપોઆપ તેનો ખુલાસો પામી શકત. સૂયગડાંગ' મૂલ સૂત્ર ગ્રન્થ છે. તેની સાથે આ **बीया पंचमी०** ગાથાનો શો સમન્વય છે. તે તેમણે વિચારવું જોઈતું હતું, ને તેનો વિચાર થતાં એ વર્ગને આપોઆપ સમજાત કે આયુષ્ય બંધને આગળ કરીનેજ આ બીજ આદિકની આરાધના માટે જણાવ્યું. નહિ કે ફરજિયાત આરાધવા યોગ્ય ચતુષ્પર્વીના બાધ માટે આ વચન છે.

શાસ્ત્રનો પૂર્વાપર પરામર્શ કર્યા વિના એમ ઠોકાવનાર ખરેખર શાસ્ત્રની અવ્યવસ્થા કરવા સાથે વિરાધક બને છે.

પાઠ ૩૦—अ

**लौकिकटिप्पनामिप्रायेण दीक्षोपस्थापनादिषु तिथिववादिकरणसंघ्यागतादिनक्षत्रप्रथमादिनक्षत्रचन्द्रग्रहचारादिशुद्धमुहूर्तादानं पर्युषणापर्वकरणं च (श्री विचारामृतसंग्रह मु. पृ. १६)**

પાઠ ૩૦નો શુદ્ધ અર્થ—ब

લૌકિક ટીપણાના અનુસારે દીક્ષા, વડી દીક્ષા વિગેરેની તિથિ, બવ વિગેરે કરણ, સંધ્યાગતાદિ નક્ષત્ર, પ્રથમઆદિ નક્ષત્ર, ચંદ્ર અને ગ્રહચાર આદિ મુહુર્ત લેવું. અને પર્યુષણાપર્વનું કરવું (થાય છે.)

એ વર્ગનાજ પાઠ ઉલ્ટા અર્થનું શુદ્ધ સ્પષ્ટીકરણ

૭

આ પાઠ ખરતરગચ્છવાળા કે જેઓ પરંપરા માનવાને તૈયાર નથી, પણ માત્ર જૈન સૂત્રોના વાક્યોને પૂર્વાપર પરામર્શ વિના માનવા તૈયાર છે, તેવાઓને આપત્તિ તરીકે જણાવવામાં આવે તો ઠીક છે. અને આ વર્ગ તો શાસ્ત્ર લેખો અને પરંપરા બન્નેને ઉડાવવા તૈયાર થયેલો છે. તેને આ પાઠ કોઈ પણ પ્રકારે ઉપયોગી નથી.

વળી આ પાઠ તો તેની સામેજ ધરી શકાય કે, જેઓ તિથિ આદિના વ્યવહારને માટે લૌકિક ટીપણાને આધાર તરીકે પણ લેતા ન હોય. શ્રી દેવસૂરસંઘ, પર્વ કે પર્વાનન્તર પર્વ તિથિઓની હાનિવૃદ્ધિનું જ્ઞાન તો લૌકિક ટીપ્પણાને આધારે જ કરે છે, અને જેમ અન્યમતવાળા પણ ગણિત રીતિથી થયેલ તિથિ ઉપર આરાધના માટે સંસ્કાર કરીને કથન અને આરાધના કરે છે, તેવીજ રીતે શ્રી દેવસૂર તપાગચ્છ પણ સંસ્કાર કરીને આરાધના કરે છે. કોઈ પણ મનુષ્ય જન્માષ્ટમી કે દેવશયની એકાદશીને ટીપ્પણામાં બેવડાયેલી દેખીને જન્માષ્ટમી બે દહાડે કે દેવશયની એકાદશી બે દહાડે છે, એમ કહેવા કે માનવા તૈયાર થઈ શકેજ નહિ. તેમજ અષ્ટમીનો ક્ષય હોય તો પણ સપ્તમીને દહાડે સપ્તમી અને એકાદશીનું વ્રત કરવા તૈયાર થતો નથી, અને થાય પણ નહિ. ફક્ત એ નવો વર્ગજ 'કહેવું કંઈ અને માનવું કંઈક' એવી રીતની ભિન્ન પ્રવૃત્તિ આજ છ સાત વર્ષથી જુદી પડી કરવા લાગ્યો છે.

તેમજ એ પણ વિચારવું આવશ્યક છે કે, એ વર્ગને ખરેખર લૌકિક ટીપણું સંસ્કાર વગરજ કબુલ હોય તો તેમાં કંઈ પણ ફેરફાર કર્યા વિના માનવું જોઈએ. ને તેમણે લૌકિક ટીપ્પણામાં તેર અને પાંચ મહિના વખતે સંવત્સરી પડિક્કમણામાં તેર મહિના અને ચૌમાસીમાં પંચણ્હમાસાણં વિગેરે કહેવું બોલવું જોઇએ. પણ તેમ કરતા નથી. એ લૌકિક ટીપણાને સંસ્કાર વગર તેઓ માનતા હોય તો તેમ કરવું જોઇએ. આમ સંસ્કાર કરીને કેટલીક જગ્યાએ માનવું ને કેટલીક જગ્યાએ સંસ્કાર કરીને ન માનવું એમ જે કરવું નિતિ પર્વારાધનમાં કામ ન આવે.

આથી ઉપરનું વિધાન આધાર રૂપે લૌકિક ટીપણું લેવું, પણ તેમાં જૈન શાસ્ત્ર વિહિત સંસ્કાર કરી લેવું આરાધન કરવું. તે તેની સાથે સંગત કરવું ને તે સંગત ન કરો તો તિથિ અને પર્વ સંબંધીના બીજા બધાં વિધાનો 'લૌકિક ટીપણાને મુખ્ય લો તો' નિરર્થક છે' તે વિચારવું જોઇએ. તે શાસ્ત્રોના વિધાનો નિરર્થક તો કહી શકાયજ નહિ.

### પાઠ ૩૧—अ

अत एव लौकिके लोकोत्तरे च टिप्पनकः व्यवहारप्रवृत्तिरपि प्रतिपदादितिथिक्रमेणैव व्युच्छिन्नेऽपि जैनटिप्पनके संप्रति टिप्पनकप्रवृत्तिरेव तत्साक्षिणी (श्री प्रवचन परीक्षा पृ. १९०)

### ૩૧. પાઠનો શુદ્ધ અર્થ—ब

આથીજ લૌકિક અને લોકોત્તરમાં ટીપ્પણાના વ્યવહારની પ્રવૃત્તિ પણ પડવા આદિ તિથિના ક્રમેજ થાય છે. જૈનશાસ્ત્રનું ટીપણું વિચ્છેદ થયા છતાં પણ વર્તમાન કાળની ટીપણાંની પ્રવૃત્તિ તેની સાક્ષી છે.

એ વર્ગના પાઠ ૩૧ના અર્થનું શુદ્ધ સ્પષ્ટીકરણ क

પડવા આદિ તિથિનો ક્રમ જે ન માનતા હોય તેની સામેજ આ પાઠ કામ લાગે એવો છે, પરંતુ સંસ્કાર કરવા માટે લૌકિક ટીપણાનો ઉપયોગ કરનારા માટે આ પાઠ અંશે પણ વિરોધ કરનારો નથી.

### પાઠ ૩૧ अ

यत्तु जैनटिप्पनकानुसारेण श्रावणभाद्रपदवृद्धावपि आषाढवृद्धिरेव गण्यन्ते इति तन्न युक्तं, जैनटिप्पनकस्य व्युच्छिन्नत्वात्, संप्रति चैत्रटिप्पनकेनैव व्यवहारप्रवृत्तिर्, तदनङ्गीकारे दीक्षा प्रतिष्ठादिमुहूर्त्तपरिज्ञानं दूरे, मासवृद्धिरपि कथंज्ञायते? तस्माच्छ्रावणभाद्रपदवृद्धिर्नाषाढतया व्यवहर्तव्या किन्तु श्रावणादितयेति" ।

(श्री प्रवचन परीक्षा मु. पृ. ४४१.)

### પાઠ ૩૧ નો શુદ્ધ અર્થ ब

જૈન ટીપણાને અનુસારે શ્રાવણ અને ભાદરવાની વૃદ્ધિ છતાં પણ અષાઢનીજ વૃદ્ધિ ગણવી એવું જે જો કોઈ કરે તો તે યોગ્ય નથી; કારણ કે જૈન ટીપણાનો વિચ્છેદ હોવાથી વર્તમાનમાં ચૈત્રટીપણાને આધારે વ્યવહારની પ્રવૃત્તિ છે. અને જો તે ન લેવામાં આવે તો દીક્ષા, પ્રતિષ્ઠા આદિ મુહૂર્તોનું જ્ઞાન તો દૂર રહે' પણ માસ વૃદ્ધિ પણ કેમ જણાવાય? તેટલા માટે શ્રાવણ ભાદરવાની વૃદ્ધિનો વ્યવહાર કરવો. અર્થાત્— શ્રાવણ ભાદરવાની વૃદ્ધિ હોય તો અષાઢપણે વ્યવહાર ન કરવો. કિન્તુ શ્રાવણ આદિ (ભાદરવા) પણેજ વ્યવહાર કરવો,

એ વર્ગના પાઠ ૩૧ના અર્થનું શુદ્ધ સ્પષ્ટીકરણ क

આ પાઠ તો તેઓનેજ બાધક છે કે જેઓ શ્રાવણ ભાદરવો વધ્યો હોય છતાં બે અષાઢ માનતા હોય. અને તેમાં જૈન શાસ્ત્રના કારણને આગળ કરતા હોય, પરંતુ શ્રીયે પૂર્વાંના સંસ્કારથી શ્રી દેવસૂર તપગચ્છવાળાઓ, જે પર્વ કે પર્વાનન્તર અપર્વ તિથિની હાનિ વૃદ્ધિ વખતે પૂર્વ કે પૂર્વતર અપર્વ તિથિની હાનિ વૃદ્ધિ માનીને પર્વ તિથિનો વ્યપદેશ કરે, માને અને આરાધે છે, તેને તો અંશ માત્ર પણ આ પાઠ બાધાકારક નથી.

તત્ત્વમાં કહેવું જોઈએ કે ક્ષયે પૂર્વા૦ના પ્રઘોષને આધારે અષ્ટમી આદિ તિથિની હાનિ વખતે સપ્તમી આદિ ન માનતાં અષ્ટમી આદિ માનીનેજ આરાધના કરાય તેમજ અષ્ટમી આદિની વૃદ્ધિની વખતે બેય સપ્તમી વિગેરે માનીનેજ બીજે દિવસે અષ્ટમીની આરાધના કરવા એ શાસ્ત્ર અને પરંપરાથી સંગત થવા સાથે ન્યાય અને યુક્તિથી સંગતજ છે. અને તેવીજ રીતે પૂર્ણિમા કે અમાવાસ્યા કે ભાદરવા શુદ પાંચમ જેવી તિથિ કે જે પર્વાનન્તર પર્વની તિથિ છે, તેની હાનિ વૃદ્ધિ વખતે તેનાથી પૂર્વતર એટલે તેરશ કે ત્રીજની હાનિ-વૃદ્ધિ કરીને પર્વતિથિ કહેવી, માનવી અને આરાધવી એ પરંપરા શાસ્ત્ર સંમત અને યુક્તિ યુક્તજ છે.

એટલે આ નવા વર્ગને એવું જ્ઞાન જાગે અને સત્ય માર્ગમાં આવે એવો રસ્તો તેઓને મળે, એમ ઇચ્છવું સર્વ પ્રકારે યોગ્ય છે.

---

## આ. મ. શ્રી સાગરાનંદ સૂરીશ્વરજીએ આ. મ. શ્રી સમર્થચંદ સૂરિના<br>મુદ્દા શાસ્ત્રપાઠ નિરૂપણનું કરેલું<br>ખંડન સમાપ્ત

આ. મ. શ્રી વિજયરામચંદ્રસૂરિજીએ કરેલ ખંડનની નકલ હમોએ મંગાવી હતી છતાં હમોને ન મળવાથી તેમના તરફથી થયેલ ખંડન હમો પ્રગટ કરી શક્યા નથી. —તંત્રી

# શુદ્ધિપત્રક

| પાનું | લીટી | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૮૫ | ૧૨ | પણ અપર્વ તિથિ | પણ પહેલી અપર્વ તિથિ |
| ૮૬ | ૩ | પોતાનું કુલ | પોતાનું ફલ |
| ,, | ૬ | દિવસ છે | દિવસ ગણાય છે. |
| ,, | ૯ | ગણાય છે કે નહિં. | ગણાય છે કે નહિં ? |
| ,, | ૨૬ | થાય કે નહિં ? | થાય કે નહિ ? અને તેવે જો ઉલ્લંઘન કર્યું હોય તો તેવા ઉલ્લંઘનને દોષપાત્ર કહેવાય કે નહિ ? |
| ૮૭ | ૨ | તિથિ ગ્રહણ...કરવાં | તિથિ ગ્રહણ કરવાની આજ્ઞા કરાઇ છે કે તેવી આજ્ઞા કરવામાં |
| ૮૮ | ૨૭ | મન્તવ્ય | મન્તવ્ય કેવી કેવી |
| ૮૯ | ૬ | મુદ્દાના વિવરણમાં | મુદ્દાના વિવેચનના પ્રસંગમાંજ અમોએ બન્નેના મંતવ્યોમાંની મુખ્ય મુખ્ય બીનાઓ રજુ કરવાનું ઉચિત ધાર્યું છે કે જેથી પ્રત્યેક મુદ્દાના વિવરણમાં |
| ,, | ૮ | મંતવ્યોમાંથી | મંતવ્યોમાંની |
| ,, | ૨૪ | સૂર્યોદય માનવાનું | સૂર્યોદય માનવા સાથે અષ્ટમીનો પણ સમાપ્તિ સૂચક સૂર્યોદય માનવાનું |
| ૯૦ | ૧૧ | અપર્વ તિથિની તથા | અપર્વ તિથિની વૃદ્ધિ કરવી પૂર્વની અપર્વ તિથિની તથા |
| ૯૦ | ૨૭ | પણ સર્વ | પણ પર્વ |
| ૯૧ | ૭ | મંતવ્ય છે કે | મંતવ્ય છે. આચાર્યશ્રી આચાર્યશ્રીસાગરાનન્દસૂરિજીનું આ વિષયમાં એવું મંતવ્ય છે કે |
| ૯૨ | ૮ | પર્વ તિથિઓતે | પર્વ તિથિઓને |
| ,, | ૨૫ | પર્વ તિથિઓનો ક્ષય ....માનવાને | પર્વ તિથિઓનો ક્ષય પણ માનવાને |
| ,, | ૩૦ | કહેવાને....આચાર્યશ્રી | કહેવાને પણ આચાર્યશ્રી |
| ,, | ૨૮ | ક્ષયના પ્રસંગમાં ઉત્તર | ક્ષયના પ્રસંગમાં પૂર્વા |
| ૯૩ | ૫ | આધાધાર | આધાધાર |
| ૯૪ | ૨ | તિથિ....અમુક | તિથિનું અમુક |
| ૯૫ | ૧૨ | ચતુર્દશીના | ચતુર્દશીના |

| | | | |
|---|---|---|---|
| ૯૫ | ૧૯ | અમાસે....પણ | અમાસે ચતુર્દશીને પ્રમાણ કરવાનું હોય [illegible] થાનું ? પહેલી પુનમે કે પહેલી અમાસે પણ |
| ૯૫ | ૨૬ | દત્તાંજલિ દીધા જેવુંજ થાય એમ નહિં પણ | દત્તાંજલિ ક્યાનુંજ |
| ૯૬ | ૨૦ | यतोहमस्मा० | यतोऽहमस्मा० |
| ૯૬ | ૨૫ | तदारादकोऽपि | तदाराधकोऽपि |
| ૯૮ | ૨ | ચતુર્દશીમાં....પૂર્ણિમાનું આરાધન | ચતુર્દશીમાં ચતુર્દશી અને પૂર્ણિમાએ બન્નેનું વિદ્યમાનપણું હોવાના કારણે ચતુર્દશીમાં પૂર્ણિમાનું પણ આરાધન |
| ૯૮ | ૮ | તપાગચ્ચીય | તપાગચ્છીય |
| ૯૮ | ૧૮ | ભવનો | ભાવનો |
| ૯૯ | ૨ | પૂર્ણિમાએ–ચતુંર્શીએ | પૂર્ણિમાએ ચતુર્દશીનો અને ચતુર્દશીએ |
| ” | ૪ | તેઓથી | તેઓશ્રી |
| ” | ૬ | ગ્રન્થકારશ્રીએ ચતુર્દશીનું | ગ્રંથકારશ્રીએ ચતુર્દશીના ક્ષયે તેરસે ચતુર્દશીનું |
| ” | ૮ | કર્યો છે | કર્યો છે કે |
| ” | ૧૧ | તેની પૂવા | તેની પૂર્વા |
| ” | ૧૪ | ગ્રન્થકારશ્રીએ | ગ્રંથકારશ્રીએ |
| ” | ૧૮ | શાસ્ત્રધારો | શાસ્ત્રાધારો |
| ” | ૧૯ | ચૌદશેજ ચૌદશેજ ચૌદશ | ચૌદશેજ ચૌદશ |
| ” | ૧૯ | પૂનમ એ એ બન્નેયની | પૂનમ એ બન્નેની |
| ૧૦૦ | ૨ | ખતરગચ્છીએ | ખરતરગચ્છીએ |
| ” | ૧૧ | ક્ષયે આદશ | ક્ષયે ચૌદશ |
| ” | ૧૪ | કલ્યાણક તિથિના | કલ્યાણક તિથિમાં અદ્યતન અને પ્રાચિન ઉભય કલ્યાણક તિથિઓનું વિદ્યમાનપણું હોવાના કારણે ઇષ્ટાપત્તિજ છે. પ્રાચિના કલ્યાણક તિથિના |
| ” | ૨૨ | કલ્યાણક પર્વતિથિઓને | કલ્યાણક પર્વતિથિઓનો |
| ૧૦૧ | ૨ | પૂનમના તપાગચ્છીય | પૂનમના ક્ષયે તેરશે ચૌદશ અને ચૌદશે પૂનમ કરવાની કોઈ રીતિ તે વખતે શ્રી તપાગચ્છીય |

| | | | |
|---|---|---|---|
| ,, | ૧૬ | પૃષા | મૃષા |
| ,, | ૨૦ | માનનાનું | માનવાનું |
| ,, | ૨૨ | શાસ્ત્રધારોને | શાસ્ત્રાધારોને |
| ,, | ૨૫ | પ્રાચીન | પ્રાચીના |
| ૧૦૨ | ૫ | આજ્ઞા ભંગાદ | આજ્ઞાભંગાદિ |
| ૧૦૨ | ૧૬ | લાગેજ....એવું | લાગે કે નહિ આ મુદ્દાના સંબંધમાં અમારૂં મન્તવ્ય એવું છે કે પૂર્વની તિથિને પછીની તિથિના દિવસે માનવામાં આવે, તો તેથી વિનષ્ટ કાર્યનું ભાવિ કારણ માન્યાનો દોષ પણ લાગેજ એવું |
| ૧૦૨ | ૧૭ | કારણ કાર્યનું | કારણકે કારણ કાર્યનું |
| ,, | ૧૮ | પછીજ | પછીથીજ |
| ,, | ૧૯ | ૧૦ મી....ગાથા | ૧૦ મી અને ૧૧ મી ગાથા |
| ૧૦૩ | ૬ | મા....વી | માનવી |
| ,, | ,, | કલ્પિત | કલ્પિતપણે બીજી |
| ૧૦૪ | ૨ | વાત તે પુષ્ટિ | વાતને પુષ્ટિ |
| ,, | ૩ | ક્ષયના ક્ષયના બદલામાં | ક્ષયના બદલામાં |
| ,, | ૪ | તેની | તે |
| ,, | ૧૦ | क्षीणतिथिभिविध्धा | क्षीणतिथिभिर्विध्धा |
| ,, | ૧૯ | અવ્યા છે | આવ્યા છે |
| ૧૦૫ | ૫ | દિવસે....નકકી | દિવસે સમાપ્તિને પામેલી હોય તે પર્વ તિથિની આરાધના તે પર્વતિથિના બીજા સૂર્યોદયવાલા દિવસે નકકી |
| ,, | ૧૮ | शेषतिथिनामुदयः | शेषतिथिनामुदयः |
| ૧૦૬ | ૧ | પર્વ પર્વ તિથિની | પૂર્વ તિથિની |
| ,, | ૩ | મુષાવાદ | મૃષાવાદ |
| ,, | ૫ | પૂર્વાન્તરા | પૂર્વતર |
| ,, | ૬ | મુષાવાદ | મૃષાવાદ |
| ,, | ૧૬ | કબુલ રાખો | કબુલ રાખીને |
| ૧૦૭ | ૧ | મનાતો નથી | મનાતો નથી |

| | | | |
|---|---|---|---|
| ,, | ૪ | આરધના | આરાધના |
| ,, | ૮ | સાતમો....અને | સાતમો આઠમો અને |
| ,, | ૨૫ | प्रथमोमास | प्रथमो मासो |
| ,, | ૨૬ | सापत्वं | स्वापत्यं |
| ૧૦૮ | ૨૧ | નિપજાવી....શકે કે | નિપજાવી શકવાને પણ અસમર્થ હોય તો તે અન્યના તેથી પણ વધારે સમર્થ ફળને નિપજાવી શકે કે |
| ,, | ૨૨ | પણશે ભન | પણ શોભન |
| ૧૦૯ | ૩ | તેમ....બારમા | તેમ બારમા મુદ્દાના નિરાકરણનું પણ મળે છે. બારમા |
| ,, | ૬ | બોલાય,...સ્પષ્ટપણે | બોલાય એવું સ્પષ્ટપણે |
| ,, | ૧૮ | માસ ગણ....ય | માસ ગણાય |
| ,, | ૨૦ | પ્રથમાવય....સ્વરૂપ | પ્રથમાવયવ સ્વરૂપ |
| ૧૧૦ | ૬ | मधिक्र | मधिकृत्य |
| ,, | ૧૧ | કોપ પણ | કોઈ પણ |
| ૧૧૦ | ૧૨ | બદલે—બે એકમ | બદલે તે વૃદ્ધા તિથિની પહેલાં જે પહેલી અપર્વ તિથિ હોય તેને બે એકમ |
| ,, | ૧૬ | પ્રથમાવય સ્વરૂપ | પ્રથમાવયવ સ્વરૂપ |
| ,, | ૧૬ | દ્વિતીયાવય | દ્વિતીયાવયવ |
| ૧૧૧ | ૭ | તિથિદિ | તિથિદિન |
| ,, | ૧૬ | હોય સર્વ | હોય તે સર્વ |
| ,, | ૨૫ | શ્રી ત્ | શ્રીમત્ |
| ,, | ૨૬ | પર્વજે–ભા | પર્વજે ભા. શુ. ૫માં હતું તે પૂર્ણિમાએ હતી તે આષાઢ કાર્તિક અને ફાગણની ભા. |
| ૧૧૨ | ૩ | ફાલ્ગુનની—શુકલા | ફાલ્ગુનની પાક્ષિકને તેરશે નિશ્ચિત કર્યું નહિ આથી તે વખતથી આષાઢ, કાર્તિક અને ફાલ્ગુનની શુકલા |
| ,, | ૫ | હોમ | હોત |
| ,, | ૬ | નિથિએ | તિથિએ |
| ,, | ૭ | કરવુંજ પડત પણ તેમ | |
| | | કરવુંજ પડત પણ તેમ કર્યું | કરવુંજ પડત પણ તેમ કર્યું |

| | | | |
|---|---|---|---|
| ,, | ૧૦ | પવોના | પર્વોના |
| ,, | ૧૫ | ઉલ્લંઘન કર્યું | ઉલ્લંઘન થાય કે નહિં અને તેને જો ઉલ્લંઘન કર્યું |
| ૧૧૩ | ૭ | દ્વિતીયાવય | દ્વિતીયાવયવ |
| ,, | ૧૯ | પવર | પ્રવર |
| ૧૧૫ | ૮-૧૩-૧૬ | પંચાગ | પંચાંગ |
| ૧૧૯ | ૯–૧૦ ૧૧–૧૨ | સમાલોચના | સમાલોચના–પૂર્વની તિથિને પછીની તિથિના દિવસે બીજા નામથી તિથિ તરીકે માની હોય અને બીજી તિથિનું કાર્ય થાય તો કારણ કાર્ય ભાવનું અસંગતપણું થાય અને દોષ લાગે, અન્યથા નહિ |
| ૧૧૬ | ૧૧ | પવ | પર્વ |
| ,, | ૧૪ | સગરનન્દ સૂરિજી | સાગરાનન્દ સૂરિજી |
| ,, | ૧૫ | એમ નહિ–ભવ્યત્વ | એમ નહિ તેમજ ભવ્યત્વ |
| ૧૧૭ | ૫ | તેની ઉપર | તે ઉપર |
| ,, | ૯ | સજ્ઞામાં | સંજ્ઞામાં |
| ,, | ૧૫ | મુદ્દાજ | મુદ્દોજ |
| ૧૧૮ | ૧ | અવો છે | એવો છે |
| ૧૨૦ | ૨૮ | ગણુવું જોઇએ | ગણવું જોઇએ |
| ,, | ૧૨ | પ્રર્તાવેલું છે | પ્રવર્તાવેલું છે |
| ૧૨૫ | ૧૯ | પહેલો જે | પહેલાં જે |
| ૧૩૫ | ૧ | તિથ્યો | તિથ્યો |
| ,, | ૩ | ષ઼્ઠતપોऽमिग्रहीति | षष्ठतपोऽमिग्रहीति |
| ૧૩૫ | ૨૨ | ઓદશનું | ચૌદશનું |
| ૧૪૩ | ૧ | षष्टतपोडमिग्रहीति | षष्ठतपोऽमिग्रहीति |
| ૧૪૫ | ૩ | પર્વતિથ | પર્વતિથિ |
| ૧૪૫ | ૨૩ | તાત્પર્યાથ | તાત્પર્યાર્થ |
| ૧૪૬ | ૨૩ | अयरा | अवरा |
| ૧૪૭ | ૧૯ | પૂવોર્ધ | પૂર્વાર્ધ |
| ૧૪૯ | ૧૮ | ટીપ્પાની | ટીપ્પણાની |

| | | | |
|---|---|---|---|
| ૧૪૯ | ૨૦ | પાડ | પાઠ |
| ૧૫૧ | ૬ | તો સ્વભાવિક છે | તે સ્વભાવિક છે |
| ,, | ૨૧ | संपूण्णति | संपुण्णति |
| ૧૫૨ | ૫ | घेतवा | घेतव्वा |
| ,, | ૫ | बहुतरभूत्तावि | बहुतरभूतावि |
| ,, | ૬ | तम्मुत्तिबहुला | तम्मुत्तिबहुला |
| ,, | ૧૪ | ખરતરગચ્છવાળાએ | ખરતરગચ્છવાળાઓ |
| ૧૫૬ | ૧૭ | ચાદશના | ચૌદશના |
| ૧૫૭ | ૫ | तिथिनां | तिथीनां |
| ૧૬૦ | ૨ | ચાદશ | ચૌદશ |
| ૧૬૧ | ૬ | પર્વાંન્તર | પર્વાનન્તર |
| ૧૬૨ | ૧૯ | મુદ્દાજ | મુદ્દોજ |
| ૧૬૬ | ૧૧ | ઓરાધતા | આરાધતા |
| ૧૬૮ | ૨ | ગાણુ | ગૌણુ |
| ૧૬૮ | ૧૬ | પોતા | પોતાના |
| १७० | ७ | द्वतिया | द्वीतीया |
| १७३ | १९ | युक्य | युक्त |
| २०० | ८ | यास्थात् | या स्यात् |
| २०० | १२ | सुना यञ्चा | सु नायञ्चा |
| २०० | १४ | नियममहणं | नियम महणं |
| २०० | २९ | लोकुनुगैरिह | लोकानुगैरिह |
| ૨૦૩ | ૨૬ | ગન્થ | ગન્ધ |
| २०४ | २८ | तहि | तर्हि |
| २१९ | २० | शराध्यत्वेन | राराध्यत्वेन |
| २२० | १३ | कयण | क्यण |

# તંત્રોની નોંધ

જૈન સમાજમાં તિથિવિષયક ચર્ચાથી ભાગ્યેજ કોઇ અજાણ હશે. તિથિ ચર્ચા સંબંધી જે જે લખાણો પરસ્પર થયા, સામ સામા અપાયા અને છેવટે બંને તરફથી મુદ્દાઓ તેનું નીરૂપણ તથા ખંડનનું લખાણ શેઠ કસ્તુરભાઇ ઉપર નિર્ણીત સમયે મોકલી આપ્યું, તે સમગ્ર બીના તો જગ જાહેર થઇ ચૂકેલ છે, જેથી તે સંબંધી અત્યારે વિશેષ લખવું જરૂરી નથી, પરંતુ તે લખાણોમાં શી શી હકીકત છે તે જાણવાની ઇચ્છા ઘણાઓને થવાથી હમોએ તે તમામ લખાણ પ્રગટ કરવા માટે આ પત્રમાં શરૂઆત કરી. અને ચાલુ વર્ષના ત્રીજા અંકમાં મૂળ મુસદ્દો, આ. મ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજી તરફથી રજુ કરેલા મુદ્દાઓ તથા મુદ્દાઓ ઉપર વીવેચન તથા શાસ્ત્ર પાઠો અર્થ સાથે તેમજ શાસ્ત્ર પાઠોની અનુક્રમણીકા પ્રગટ કરી ગયા છીએ. ત્યાર પછી આ ચાલુ સમુહ અંકમાં બાકીનો તમામ ચર્ચા વિષય પ્રગટ કરીએ છીએ. માત્ર નક્કી થયેલ સરત મુજબ નીરૂપણ ઉપર થયેલ ખંડનોની આપ લે કરવાની ન હતી, જેથી આ. મ. શ્રી વિજયરામચંદ્રસૂરિજીએ કરેલ ખંડન જે હમોએ મોકલવા માટે આગળના અંકમાં વિનંતી કરી હતી, પરંતુ તે નકલ ન મળવાથી હમો પ્રગટ કરી શકયા નથી. તે સિવાય બંને તરફથી તમામ લેખીત ચર્ચા હમો આ અંકમાં સંપૂર્ણતયા પ્રગટ કરી છે. ચાલુ આ મોટા અંકમાં આ. મ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી તરફના ૨૫ મુદ્દાઓ, તેની ઉપર નીરૂપણ, ત્યાર પછી તે ૨૫ મુદ્દાઓ ઉપર તેમણે આપેલા શાસ્ત્રપાઠો ઉપર તેમજ વીવેચન ઉપર આ. મ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજીએ કરેલી સમાલોચના (ખંડનો) તેમજ તે વર્ગે આપેલા શાસ્ત્રપાઠોના અર્થો તેમણે ન આપેલા હોવાથી તેમનાજ પાઠોના શુદ્ધ અર્થો તથા શુદ્ધ વીસ્તૃત સ્પષ્ટીકરણ આ. મ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજીએ કરેલું, તે છેવટે પ્રગટ કર્યું છે જેને अ, ब, क, સંજ્ઞા આપેલી છે. છેવટે ઉતાવળને અંગે કેટલીક અશુદ્ધિઓ રહી જવા પામેલ છે તેથી શુદ્ધિપત્રક આપેલું છે. શુદ્ધિ પત્રકમાં આપેલી શુદ્ધિ સિવાય પણ કેટલીક જીણી કાના માત્રાની અશુદ્ધિ સ્વયં સુધારીને વાંચવા ભલામણ કરીએ છીએ.

હવે આ તિથિ વિષયક ચર્ચા સંબંધી લખાણ શરૂઆતથી છેડે સુધી વાંચનાર સુજ્ઞવર્ગ સહેલાઇથી સમજી શકશે કે લૌકિક ટીપ્પણ પૂર્વાચાર્યોના વચનથી સંસ્કાર કરી તિથિની સંજ્ઞા નકકી કરવા પૂર્વક ઉપયોગમાં લેવાનું છે. જેને માટે મૂળ આગમો તેમજ બીજા શાસ્ત્રો પરંપરા જીત અને લૌકિક પર્વો પણ તેવીજ રીતે સંજ્ઞા કાયમ કરીને અન્મતવાળાઓ પાળે છે, એ સર્વ પ્રબળ પ્રમાણો–પુરાવાઓથી અત્રે શાસન પક્ષ તરફથી સાબીત કરવામાં આવેલ છે. આટલું વાંચી શાંતિથી વીચારીને પુર્વાચાર્યોની જે પ્રણાલીકા અત્યાર સુધી અવિચ્છિન્નપણે ચાલી આવી

છે. તેમજ અત્યારે પણ નવીન અલ્પ વર્ગ બાદ કરીને દેવસૂર તપાગચ્છનો મોટો ચતુર્વિધ સંઘ તેજ પ્રમાણે માને ચાલે અને આરાધે છે, તેજ પ્રમાણે વર્તે છે અને વર્તશે એજ શુભેચ્છા.

શરૂઆતમાં તો સિદ્ધચક્ર નિયમિતપણે ચાલે એ આશયથી રફતે રફતે તિથિ ચર્ચાનો વિષય પ્રગટ કરવો તેવો વિચાર હતો. પરંતુ તેમ ટુકડે ટુકડે તે વિષય વાંચવાથી આગળ પાછળના સંબંધ વગર ચર્ચાનો વિષય મગજમાં ખ્યાલ ન રહે, તે કારણથી સળંગ ચર્ચા હમો સમૂહ અંકો એકઠા છપાવી દળદાર પુસ્તક રૂપે પ્રગટ કરીએ છીએ. આથી હમારા ગ્રાહકોને નિયમીત વાંચનમાં અસંતોષ થયો હશે, પરંતુ દળદાર અંક પ્રગટ કરવામાં વિલંબ થાય તે વસ્તુ સ્વાભાવિક છે. આ વર્ષમાં માસિકના જેટલા ફર્મા આપવા જોઈએ તે કરતાં પણ વધારે ફર્મા હમોએ આપ્યા છે. જેથી હવે જો જરૂર હશે તોજ ચાલુ વર્ષમાં સિદ્ધચક્રનો અંક વધારા તરીકે બહાર પડશે નહીંતર માસિકના નવા વર્ષથી હવે નિયમિત રીતે આ. મ. શ્રી. સાગરાનંદસૂરીશ્વરજીના વ્યાખ્યાનો આપવા હમોએ નિર્ધાર કર્યો છે.

બીજું હમોએ જૈનવર્તમાન, શાસન સુધાકર પત્રોમાં આ અંકની કીંમત દોઢ રૂપીયો છપાવી છે. પરંતુ પાછળથી ધાર્યા કરતાં કદ મોટું થવાથી ફર્મા વધી જવાથી કીંમત રૂા. ૨) રાખી છે.

જે ગ્રાહક મહાશયોએ અત્યાર સુધી ચાલુ વર્ષનું લવાજમ મોકલી આપ્યું નથી તેઓએ લવાજમના રૂપીઆ મનીઓર્ડરથી મોકલવા કૃપા કરવી. ગ્રાહક સિવાય આ તિથિ વિષયક અતિઉપયોગી પુસ્તક સંગ્રહ યોગ્ય હોવાથી જલ્દી મંગાવી લેવું. કારણકે હમોએ ગ્રાહક સિવાયની. જુજજ નકલો છપાવી છે.

અમદાવાદમાં પણ નકલો મળી શકે તેવો પ્રબંધ કર્યો છે. જે હમો થોડા વખતમાં બીજા પેપરોમાં જાહેર કરીશું.

—તંત્રી

ધી "જૈન વિજયાનંદ પ્રિં. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા૦ પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રીસિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ બાવાસીધી, ગોપીપુરા સુરતમાંથી પ્રગટ કર્યું.

# જીતવ્યવહારનું પ્રાબલ્ય

શ્રી ભગવતીજી અને ઠાણાંગજીઆદિ સુત્રોના મૂલપાઠથી શ્રીશ્રમણસંઘમાં આગમ, શ્રુતાદિ વ્યવહારોની માફક જીત નામના પાંચમા વ્યવહારનું પ્રમાણિક-પણું સિદ્ધ થયેલું છે. શ્રીવ્યવહારસુત્ર અને તેના ભાષ્યથી તથા જીતકલ્પના ભાષ્યથી જીતવ્યવહારના મૂલરૂપ વૃત્ત અને અનુવૃત્ત નામના વ્યવહારની સાથે જીતવ્યવહારની ઉત્પત્તિ અને પ્રવૃત્તિ જણાવવામાં આવેલી છે.

શ્રીધર્મરત્ન પ્રકરણમાંતો એટલી બધી જીતવ્યવહારની પ્રબલતા જણાવવામાં આવી છે, કે જેથી આગમમાં સ્પષ્ટપણે કહેવાયેલા અને મહાત્માપુરૂષોએ આચરેલ વ્યવહાર કરતાં પણ જીતવ્યવહારને આધારેજ ચોથની સંવત્સરી, ચૌદશનીચૌમાસી, ચોલપટ્ટાનું બાંધવું, કપડાનું ઓઢવું, ઝોલીની બે ગાંઠો, તરપણી દોરાઆદિ કરાય છે તેની પ્રમાણિકતા જણાવી છે.

શ્રીવ્યવહાર સૂત્રની વૃત્તિમાં આચરણા જીત અને ઉચિત એ ત્રણે પદોને એક અર્થવાળા જણાવ્યા છે. એટલે જીત અને આચરણાના જુદા શબ્દોથી મુંઝાવાનું નથી.

વળી ભાષ્યકાર મહારાજ પ્રાયશ્ચિત્તને માટે જીતની જરૂર જણાવાને યોગનો વિધિ પણ જીતવ્યવહાર છે એમ સ્પષ્ટ જણાવે છે. એટલે જેમ પ્રાયશ્ચિતને માટે જીતવ્યવહાર છે, તેમ વિધિ વિધાનોને માટે પણ જીતવ્યવહાર છે એમ સ્પષ્ટ થાય છે.

તા. કઃ—શાસ્ત્રોમાં જે વસ્તુ ન કહેલી હોય અથવા બીજી રૂપે કહેલી હોવા છતાં જુદારૂપે પરંપરાથી ચાલી આવતી હોય તે પણ જીત વ્યવહાર ગણાય અને જૈન વર્ગને માનનારો વર્ગ તે આચરણાને આગમના કથન જેટલી પ્રમાણિક માને એમ શ્રીધર્મરત્ન પ્રકરણમાં સ્પષ્ટપણે કહેલું છે. પરંતુ શાસ્ત્રથી વિરૂદ્ધ ચાલનારો વર્ગ જ્યારે શાસ્ત્ર અને પ્રમાણોને શાસ્ત્રાભાસ અને પ્રમાણાભાસ કહીને ઉત્થાપક બનવા સાથે અને શાસ્ત્રાનુસારિણીજ પરંપરાને પણ લોપી દેનાર બને છે.